અનુયોગદ્વારાચારસૂત્રકૃતસ્થાનસમવાયાઙ્ગસારસઙ્કલનાત્મિકા

# સૂત્રાર્થમુક્તાવલિઃ

(ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ)

ખંડ : ૧




: ગ્રંથકાર :
જૈનરત્ન-વ્યાખ્યાનવાચસ્પતિ-કવિકુલકિરીટ-
સૂરિસાર્વભૌમ-જૈનાચાર્ય
**શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**


नमोऽतु तस्मै जिनशासनाय
પરમાત્મા મહાવીર પ્રભુના
અગિયાર ગણધર ભગવંત

શ્રી આચારાંગ સૂત્ર
શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
શ્રી સમવાયાંગ સૂત્ર

શ્રી પરમપાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર
શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
શ્રી અંતકૃતદશાંગ સૂત્ર

શ્રી અનુત્તરોવવાઈદશાંગ સૂત્ર
શ્રી પ્રશ્ન વ્યાકરણાંગ સૂત્ર
શ્રી વિપાકાંગ સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી જીવાભિગમ સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર

શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી નિરયાવલિકા સૂત્ર
શ્રી કલ્પાવતંસિકા સૂત્ર

શ્રી પુષ્પિતા સૂત્ર
શ્રી પુષ્પચુલિકા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર
શ્રી ચઉસરણ પયન્ના



શ્રી આઉરપચ્ચક્ખાણ પયન્ના
શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના
શ્રી ભત્તપરિન્ના પયન્ના
શ્રી તંદુલવેયાલિય પયન્ના

શ્રી ગણિવિજ્જા પયન્ના
શ્રી ચંદાવિજય પયન્ના
શ્રી દેવેન્દ્રથુઈ પયન્ના
શ્રી મરણસમાધિ પયન્ના

શ્રી સંથારા પયન્ના
શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
શ્રી બૃહત્કલ્પ સૂત્ર
શ્રી વ્યવહાર સૂત્ર

શ્રી જીતકલ્પ સૂત્ર
શ્રી નિશીથ સૂત્ર
શ્રી મહાનિશીથ સૂત્ર
શ્રી આવશ્યક સૂત્ર

શ્રી દશવૈકાલિક સૂત્ર
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
શ્રી પિંડ નિર્યુક્તિ સૂત્ર
શ્રી નંદી સૂત્ર
શ્રી અનુયોગદ્વાર સૂત્ર

॥ દેવાધિદેવ શત્રુંજયમંડન શ્રી આદીશ્વરાય નમઃ ॥ ॥ પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

હ્રીં ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ ॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥ હ્રીં

॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી ગ્રંથમાલાયાઃ

અનુયોગદ્વારાચારસૂત્રકૃતસ્થાનસમવાયાઙ્ગસારસઙ્કલનાત્મિકા

# સૂત્રાર્થમુક્તાવલિઃ

**(ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ)**

**ખંડ : ૧**

: સંકલન :

જૈનરત્ન-વ્યાખ્યાનવાચસ્પતિ-કવિકુલકિરીટ-સૂરિસાર્વભૌમ-જૈનાચાર્ય

**શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

: સંપાદન :

**ગણિવર વિક્રમસેનવિજય**

**સૂત્રાર્થમુક્તાવલિઃ (ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ) : ખંડ-૧**

પ્રકાશક : શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન - છાણી
શ્રી ૐકાર જૈન તીર્થ - પદમલા (ભદ્રંકરનગર)

પ્રકાશન : વી.સં. ૨૫૪૨ / વિ.સં. ૨૦૭૨
ઈ.સ. ૨૦૧૬ / લબ્ધિ સં. ૫૪

મૂલ્ય : ૧૫૦૦/- ₹ (પંદરશો રૂપિયા)

પ્રાપ્તિસ્થાન : **રાજેશભાઈ એન. શાહ**
કાપડના વ્હેપારી, મેઈન બજાર,
પો. છાણી-૩૯૧૭૪૦ (ગુજરાત)

**શ્રીૐકાર જૈન તીર્થ**
પદમલા, વાયા-છાણી, જિ. વડોદરા

**નમ્ર વિનંતી**

આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ છે.
પૂ. ગુરુભગવંતોને તથા જ્ઞાનભંડાર માટે ભેટ પ્રાપ્ત થશે...
શ્રાવકોએ કિંમત જ્ઞાનખાતામાં મૂકી ગ્રંથ પ્રાપ્ત કરવો.

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ૦૯૮૯૮૪૯૦૦૯૧

# પ્રકાશકીય

શ્રી છાણીનગરમાં **લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**ના શ્રી **ભુવનતિલકસૂરિ ગ્રંથમાળા** તથા શ્રી **ભદ્રંકરસૂરિ ગ્રંથમાળા**ના ઉપક્રમે પૂજ્ય આચાર્ય ભગવંતોના દિવ્યાશિષ તથા પૂજ્યોના શુભાશિષના બળે સંસ્થા દિનપ્રતિદિન શાસનમાં ઉપયોગી ગ્રંથો પ્રકાશિત કરી રહી છે. આજે આનંદ થાય છે કે પૂ. દાદાગુરુદેવે ૬૦ વર્ષ પહેલા રચના કરેલ સૂત્રાર્થમુક્તાવલી જેમાં પાંચ આગમોનો સાર તે ગ્રંથ પર પૂ. દાદાગુરુદેવશ્રીના જ સમુદાયના પૂ. ગુરુભગવંતો તથા પૂ. સાધ્વીજી ભગવંતોએ પૂ. ગણિવર વિક્રમસેનવિ. મ.ની વિનંતીથી ગુજરાતી ભાવાનુવાદ કર્યો, તે ગ્રંથનું સંપાદન પૂ. ગણિવરશ્રીએ જ સંભાળ્યું અને તે કાર્ય સરળતાને પામ્યું.

જેમની પુનિત નામે અમે અમારી સંસ્થા પ્રકાશનો કરી રહ્યા છીએ તે જ પૂ. આચાર્યદેવની કૃતિઓના પ્રકાશનનું સૌભાગ્ય અમને સાંપડે છે તે અમારા માટે ગર્વનો વિષય છે.

આ પહેલાં આજ પૂ. આચાર્યદેવની કૃતિઓ શ્રીતત્ત્વન્યાયવિભાકર (મૂલ અને સટીક ગુજ. અનુવાદ) પ્રકાશન વાચકોની સેવામાં રજૂ કર્યું હતું.

આ ગ્રંથમાં આગમો પૈકી શ્રી **અનુયોગદ્વારસૂત્ર, આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર, સ્થાનાંગસૂત્ર** અને **સમવાયાંગસૂત્ર** આમ પાંચ આગમોના સારનું સંકલન થયું છે. શ્રી જિનાગમના ઉપદેશામૃતનું પાન કરી શકે એ એક માત્ર હેતુએ આ ગ્રન્થનું સંકલન કરાયું છે.

આ ગ્રંથ પ્રકાશનમાં પૂ. ગુરુભગવંતો તથા પૂ. સાધ્વીજી ભગવંતોની પ્રેરણાથી જ્ઞાનદ્રવ્યની આવકમાંથી શ્રી સંઘોએ ઉદારતાથી લાભ લીધો તેથી જ આવું સુંદર પ્રકાશન કરી શક્યા છીએ. ઉદારતાથી લાભ લેવા બદલ અમો શ્રી સંઘના આભારી છીએ.

આ ગ્રંથ પ્રકાશનના અવસરે અમારી સંસ્થા પર સદાય શુભાશિષ વરસાવનારા પૂ. સૂરિમંત્ર આરાધક આચાર્યશ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**, પૂ. આચાર્યશ્રી **મહાસેનસૂરિજી મ.**ના ચરણોમાં વંદના. સંસ્થાને વિશેષ પ્રગતિપથ પર ચાલુ રાખવામાં પ્રેરકબળ પૂરૂ પાડનારા **પૂ. ગણિવરશ્રી**ના ચરણોમાં વંદના...

ગ્રંથ પ્રકાશનમાં પ્રેસકોપી, પ્રુફ સુધારણા આદિમાં સહયોગી પૂ. સાધ્વીજી ભગવંત સરસ્વતીશ્રીજી મ. ગ્રુપના ચરણોમાં વંદના. ગ્રંથનું પ્રિન્ટીંગ કાર્ય કિરીટભાઈ / શ્રેણિકભાઈ આદિએ ખૂબ જ જ્ઞાનભક્તિથી સંભાળ્યું તે બદલ ધન્યવાદ સહ અનુમોદના... લ.ભુ.જૈ.સા.સ.નું સંચાલન પુષ્પકાંતભાઈ તથા રાજેશભાઈ સુચારૂ સંભાળીને સંસ્થાને આગળ વધારી રહ્યા છે. તે બદલ તેઓશ્રીની શ્રુતભક્તિની અનુમોદના.

આ ગ્રંથ દ્વારા આગમોનું અમીપાન કરી જ્ઞાનભક્તિના સહયોગી બની શીઘ્ર સંસારની આસક્તિ તોડી મુક્તિ નજદિક થાય એ જ મંગલ ભાવના...

• • •

# प्रास्ताविकम्

अयि धीरधिषणावधारितभगवद्वीतरागभारतीसुधासारार्था धीराः !

भवतां करकमलयोर्विनिवेश्यमानेयं गीर्वाणवाणीमूर्तिमयी त्रिजगद्वन्द्यार्हदागमापारपारावारसमुद्धृतामल-मुक्ताजालजटिला सूत्रव्याख्यारूपा सूत्रार्थमुक्तावली निःशङ्कममन्दानन्दसन्दोहमुपजनयिष्यतीत्यत्र नास्ति शङ्कालेशोऽपि मे ।

सेयमनुयोगसहिताङ्गचतुष्टयसारार्था न साकल्येन भगवदर्हद्वचनामृतानुकारिणी नवा निजमतिवैभवप्रसरोद-ञ्चत्पदार्थनिकरकरम्बिता कलिमलमलीमसेऽतिकराले साम्प्रतिके काले निरुद्धसञ्चारप्राये मागधवाक्प्रसरे केवलं जगतीतलं गीर्वाणवाणीपरिकर्मितबहुलविचक्षणविस्तीर्णमपि परमपुरुषार्थानन्यसाधारणसाधनचारित्ररत्नैकागार-तीर्थपतिप्रवचनसुधास्रोतस्विनीसमुच्छलत्तरङ्गशीतलकणनिकरप्रसारणात् पावयितुकामेन प्रायोवैराग्योज्जीवयि-तृमणिगणं श्रीप्रवचनतद्व्याख्याऽऽकरमध्यविशोभमानमुच्चित्य शब्दतस्तत्त्वार्थसूत्रभाष्यवदतिसंक्षिप्तां दर्शनान्तरीयपुराणादिवदतिविस्तृताञ्च शैलीं परिहाय 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्य' इतिवत् सूत्रानुवदनसम्भविष्णुदोषाध्वपतनं साधु परिहरता मया सूत्रतद्व्याख्यारूपेणामरवचःसंस्कृतजनतासुगमावगाहन-क्षमेण पथा सङ्कलिता । चेदेतावतापि दोषभाजनं दोषगृध्नवोऽभिमन्येयुर्न तर्हि प्रवचनपदान्युपादाय विधाय च संस्कृतच्छायां तद्व्याख्यातारोऽपि ततो मुक्ता भवेयुरिति यत्किञ्चिदेतत् । असामर्थ्यादविहितविधयः सुधियः साधवोऽप्यनेन ग्रन्थेन निःशङ्कमङ्गोक्तवस्तुव्रातान् विज्ञाय तावदर्थसूचकैतत्सूत्रराशीन् सुलभतया कण्ठगतान् विधातुं कुशला भवन्त्वित्याशयेनानतिसंक्षेपविस्तरं सूत्रनिकुरुम्बमरीरचम् । एतेन च भगवद्वचनामृतम-धुररसास्वादनेन पुनःपुनश्चेतसः स्याद्वाददार्ढ्यमपि प्रतिष्ठापितमित्ययमपि मे महान् लाभोऽसंदिग्ध एव ।

तदेवमयं ग्रन्थः स्याद्वादामृतपिपित्सूनां मुमुक्षूणां वादविज्ञानबुभुत्सूनां परीक्षकाणां विद्वदग्रेसराणाञ्च मनोविनोदाय बोभवीत्विति रत्नत्रयीरमणं निखिलवेद्यधिषणं जगदभ्यर्हितचरणं दीनैकशरणं परमसुखाभरणं भगवन्तमभ्यर्थयन्नुपरमामि ।

लालबाग जैन उपाश्रय,

भुलेश्वर, मुंबई-४ — विजयलब्धिसूरिः

कार्तिक पूर्णिमा, २००३


સાહિત્ય
સર્જક
ગુરુદેવ...

# પ્રાસ્તાવિકમ્

સ્થિર બુદ્ધિ વડે અવધારીત કરાયેલો છે. વીતરાગ ભગવાનની વાણીરૂપી અમૃતના સારનો અર્થ જેના વડે એવા હે ધીર પુરૂષો...!

આપના કરકમલમાંથી નીકળતી, દેવની વાણીનો સાક્ષાત્કાર કરતી, ત્રણ જગતને વંદ્ય, અરિહંત પરમાત્માના આગમરૂપ અપાર સમુદ્રમાંથી ઉદ્ધરેલી, નિર્મલ મોતીના સમૂહથી જટિલ, સૂત્ર અને વ્યાખ્યાન સ્વરૂપ એવી આ સૂત્રાર્થમુક્તાવલી નિઃશંક રીતે ઘણા આનંદના સમૂહને ઉત્પન્ન કરશે. એ પ્રમાણે અહીં મને શંકાનો અંશ પણ નથી.

તે આ સૂત્રાર્થમુક્તાવલી અનુયોગ સહિત ચાર અંગના સારનો અર્થ જેમાં છે. તેવી અરિહંત ભગવાનના વચનામૃતને સકલપણાવડે અનુસરનારી નથી. વળી પોતાના મતિવૈભવના પ્રસરવાથી ઉંચે જતા = (ઘણા) પદાર્થના સમૂહથી યુક્ત એવી પણ નથી. કજીયા અને મલથી મલિન થયેલા અતિ ભયંકર હમણાંના કાળમાં દેવવાણીના ફેલાવારૂપ રોકાયેલો છે. પ્રાયઃ કરીને સંચાર જેમાં તેવા કલિયુગમાં દેવવાણીથી પરિકર્મિત અને ઘણા વિચક્ષણ વડે વિસ્તારાયેલો એવા આ જગતીતલે (જગતમાં) પણ પરમ પુરૂષાર્થનું અનન્ય-સાધારણ કારણરૂપ, ચારિત્રરત્નના એક ઘરરૂપ, તીર્થંકરના પ્રવચનરૂપ અમૃતની નદીમાંથી ઉછળતા તરંગના શીતલ કણના સમૂહના ફેલાવવાથી પવિત્ર કરવાની ઈચ્છા જેની છે. તેવા (મારા વડે) પ્રાયઃ કરીને વૈરાગ્યને જીવાડનારા મોતીનો સમૂહ જેમાં છે એવા તેમજ શ્રી પ્રવચન અને તેની વ્યાખ્યારૂપ ખાણની મધ્યમાં શોભતા એવા (પદાર્થોને) ચૂંટીને શબ્દથી તત્ત્વાર્થસૂત્રભાષ્યની જેમ અતિ સંક્ષિપ્ત અને બીજા દર્શનરૂપ પુરાણાદિની જેમ અતિ વિસ્તૃત શૈલીને છોડીને 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः' એ પ્રમાણેની જેમ સૂત્રને બોલતા સંભવિત (સંભવનારા) દોષોના રસ્તાના પતનને સારી રીતે ત્યાગ કરતા એવા મારા વડે સૂત્ર અને તેની વ્યાખ્યા સ્વરૂપ, દેવવચનવડે સંસ્કાર કરાયેલી જનતાને સારી રીતે અવગાહન કરવામાં સમર્થ એવા રસ્તા વડે સંકલિત કરાયેલી છે.

જો આટલા વડે પણ દોષ જોનારા લોકો દોષનું ભાજન જ માનતા હોય તો પ્રવચનપદોને ગ્રહણ કરીને અને સંસ્કૃત છાયાને કરીને તેનું વ્યાખ્યાન કરનારાઓ તેનાથી મુક્ત નહિ થાય. એ પ્રમાણે. આ બધું તો યત્કિંચિત્ છે.

સામર્થ્યના અભાવે નથી કરાઈ વિધિ જેના વડે એવા બુદ્ધિમાન સાધુઓ પણ આ ગ્રંથ વડે શંકા રહિતપણે અંગમાં કહેલી વસ્તુના સમૂહને જાણીને તેટલો અર્થ બતાવનાર આ સૂત્રરાશીને સુલભપણાવડે કંઠસ્થ કરવા માટે કુશલ થાઓ. તે આશય વડે અતિ સંક્ષિપ્ત પણ નહીં અને અતિ વિસ્તારવાળું પણ નહીં એવા સૂત્રના ગુચ્છાને મેં રચ્યો છે. આ ભગવાનના વચન અમૃતરૂપ મધુર રસના આસ્વાદન વડે વારંવાર ચિત્તમાં સ્યાદ્વાદના દઢપણાને પણ પ્રતિષ્ઠિત કરાયું છે. એ પ્રમાણે આ પણ મને મહાન લાભ છે. તેમાં શંકા નથી.

ત્યારે એ પ્રમાણે (આ ગ્રંથ) સ્યાદ્વાદરૂપી અમૃતને પીવાની ઈચ્છાવાળા મુમુક્ષુઓના વાદવિજ્ઞાનને જાણવાની ઈચ્છાવાળા પરીક્ષકોના અને વિદ્વાનોમાં અગ્રેસર એવાના મનના આનંદ માટે આ ગ્રંથ વારંવાર થાઓ. (ઉપયોગી થાઓ) એ પ્રમાણે. રત્નત્રયી વડે મનોહર, સકલ જાણવા યોગ્ય પદાર્થને જાણવામાં બુદ્ધિ જેની છે એવા, જગત વડે પૂજાયેલા છે - ચરણ જેના એવા, ગરીબોના એક શરણરૂપ, પરમ સુખના આભરણરૂપ એવા ભગવાનને પ્રાર્થના કરતાં વિરમું છું.

લાલબાગ જૈન ઉપાશ્રય
ભુલેશ્વર, મુંબઈ-૪
કાર્તિક પૂર્ણિમા-૨૦૦૩

**- વિજય લબ્ધિસૂરિ**

• • •

## આગમ મહિમા

**'सुअस्स भगवओ'**

શ્રુતજ્ઞાન એ જ ભગવાન

**'नमो नमो नाणदीवायरस्स'**

શ્રુતજ્ઞાનના પ્રકાશથી જીવ અજ્ઞાનના અંધકારને હટાવે છે...

आगमोना नंदनवनुं नजराणुं

## યત્કિંચિત્

આત્માને માનનાર પ્રત્યેક વ્યક્તિ આત્મિક સુખની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે અને તે પોતાના આત્માને દોષરહિત અને પવિત્ર બનાવીને જન્મ-મરણના ચક્રથી મુક્ત થવાની ઈચ્છા રાખે છે. મુક્તિ-પ્રાપ્તિ માટે વિશિષ્ટ સાધના આવશ્યક છે. સંયમ, ઈન્દ્રિયનિગ્રહ, તપસ્યા, ધ્યાન, સ્વાધ્યાય આ બધા વિશિષ્ટ સાધનાના માર્ગ છે. વિધિપૂર્વક અને વ્યવસ્થિત સાધના કરવા માટે ગુરુનું માર્ગદર્શન અત્યન્ત જરૂરી છે અને ગુરુ જે માર્ગદર્શન સાધક અથવા શિષ્યને આપે છે તેનો આધાર શાસ્ત્રો જ હોય છે. માટે સાધનાની શુદ્ધિ, પરિપૂર્ણતા, સફળતા અને ધ્યેય પ્રાપ્તિ અર્થે શાસ્ત્રજ્ઞાન જ પ્રમુખ આધાર છે.

**"આત્મા ઉપર શાસન કરતા શીખવાડે તેનું નામ જ શાસ્ત્ર"**

જૈન પરંપરામાં શાસ્ત્રોને આગમ કહેવામાં આવે છે. આપણા આગમોના પ્રણેતા તીર્થંકરો પોતે મહાન સાધક હતા. સર્વ કષાયોનો નાશ કરીને, અજ્ઞાન અવિદ્યાને દૂર કરીને, રાગ-દ્વેષથી સર્વથા મુક્ત થઈને, સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી, વિશ્વના તમામ પ્રાણીઓની હિતકામનાથી તેઓ ધર્મનું કથન કરે છે. તેમનું પ્રવચન જીવમાત્રના કલ્યાણ માટે જ હોય છે.

**"सव्व जीव रक्खणदयट्ठयाए पावयणं भगवया सुकहियं"**

**સંસારના ચર-અચર સમસ્ત જીવોની રક્ષા અને દયાની ભાવનાથી પરમાત્મા પ્રવચન આપે છે.**

**-શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર**

આપણા આગમોમાં આત્મા-પરમાત્મા વિશે સૂક્ષ્મ ચર્ચા, પ્રત્યેક પ્રાણીના કલ્યાણમાર્ગનો ઉપદેશ, જીવોત્થાનની પ્રબલ પ્રેરણા, આત્માની શાશ્વત સત્તાનો ઉદ્‌ઘોષ, સર્વોચ્ચ વિશુદ્ધિનો માર્ગ, સંયમસાધના, આત્મ આરાધના, ઈન્દ્રિય નિગ્રહનો ઉપદેશ, આત્માના સંપૂર્ણ વિકાસની વૈજ્ઞાનિક પ્રક્રિયા તથા માનવના સર્વતોમુખી વિકાસ અને ઉન્નયનની વિચારણા આદિ બાબતો વિશિષ્ટ રૂપે દર્શાવવામાં આવી છે.

આપણા આગમોમાં માત્ર આધ્યાત્મિક જ નહીં પરંતુ વૈજ્ઞાનિક બાબતો, પરમાણુવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, આયુર્વેદશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર આદિ ભૌતિકશાસ્ત્રની પણ વાતો કરવામાં આવી હતી.

આગમ શબ્દ आ ઉપસર્ગપૂર્વક गम् ધાતુથી બન્યો છે. आ અર્થાત્ પૂર્ણ અને गम् અર્થાત પ્રાપ્તિ આગમ અર્થાત્ પૂર્ણતાની પ્રાપ્તિ. રત્નાવતારીકામાં પણ કહ્યું છે કે- 'જેનાથી પદાર્થ રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તેનું નામ આગમ.'

શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાનુસાર વર્તમાનકાળે આગમો પીસ્તાળીશ છે. આ પીસ્તાળીશ આગમોનું ૬ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ ૧૧ અંગસૂત્ર છે. ત્યારબાદ ૧૨ ઉપાંગસૂત્રો છે. પછીના ૧૦ પયન્નાસૂત્ર છે. ત્યાર બાદ ૬ છેદસૂત્ર છે. પછી ૪ મૂળસૂત્રો છે અને અંતે ૨ ચૂલિકા.

આ આગમનું ઉદ્યાન. 'તેમાં લટાર મારતા. આ સુગંધના દરબારમાં પ્રવેશતા, તન તરબતર થઈ જાય છે. મન મહેકથી ભરાઈ જાય છે. પ્રાણપુલકિત થાય છે. હૈયું હરખાઈ જાય છે. નોખી-અનોખી સ્ફૂર્તિ આવી જાય છે. કારણ અહીં **આગમ** ઉદ્યાન કેવું છે. ?

'उज्जाणं नंदणोवमं'

ગુણોના ગુલાબ, મૈત્રી ભાવનાના મોગરા મહેકે છે, પ્રેમ અને પ્રેરણાના પારિજાતક, ચારિત્રની ચમેલી, જયણાના જાસુદ, ગુણદષ્ટિના ગુલમહોર, કરૂણાના કેસુડા, ચેતનાના ચંપા ઠેર-ઠેર ખીલી ઉઠ્યા છે.

આ...હા...! અહીં ફેલાયું છે સૌંદર્યનું સામ્રાજ્ય, ખુશ્બુનો ખજાનો એવું આ આગમનું ઉદ્યાન અદ્‌ભુત છે. જેમાં ફૂલોને સ્પર્શીને વહેતો વાયુ શીતળ-સુગંધી આલ્હાદક મલયાચલના અનિલ જેવો લાગે છે. આ આગમ ઉદ્યાન એટલે આત્મામાં વસંતઋતુનું સંગીત.

જેમાં વીતરાગ પ્રભુએ વર્ણવેલા, સર્વજ્ઞે સમજાવેલા, કેવળીએ કથેલા... ગણધરોએ ગુંથેલા... આચાર્યોએ આચરેલા, વાણીના ફૂલડાનો સંગ્રહ.

પોતાના મન્દમતિક્ષયોપશમવાળા શિષ્યોને ભણાવનારા ગુરુભગવંતો ઘણા હોઈ શકે. કિન્તુ આગમના ગંભીર અર્થોને સરળતાથી સમજણ પડે એ માટે પોતાના શિષ્યો માટે ગ્રંથનું નવીન સર્જન કરનારા જો વિરલ મહાપુરુષ હોય તો તે બહુશ્રુતગીતાર્થ સૂરિસાર્વભૌમ આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા** છે. વિદ્વજ્જનોને આ ગ્રંથ એવો ઉપાદેય લાગ્યો અને **ગણિવૈરાગ્યવિ.મ.** વિશેષ ગ્રંથના અનુવાદ અંગે સૂચન કર્યું. અનુવાદના આ વિશાળ કાર્યને પૂર્ણ કરવા અમારા સમુદાયના વિદ્વાન મહાત્માઓને એ અંગે નમ્રનિવેદન કરતા સહર્ષ રીતે અનુવાદ કરી આપવા સહકાર અને સંમતિ આપનારા પૂજ્ય વિદ્વદ્વર્ય આ.ભ.શ્રી **અમિતયશસૂરિ.મ.**, પૂજ્ય વિદ્વદ્વર્ય આ.ભ.શ્રી **અજિતયશસૂરિ.મ.** મુનિશ્રી **સિદ્ધસેનવિજય.મ.** તથા વિદુષી સા.વ.શ્રી **રત્નચૂલાશ્રીજી** તથા વિદુષી સા.વ.શ્રી **સુવર્ણપદ્માશ્રીજી**ઓએ વિનંતીને માન્ય રાખી ભાવાનુવાદ કરી આપ્યો તે બદલ તેઓના ઋણી છીએ. ગ્રંથના પ્રુફ સુધારણામાં સાધ્વી સરસ્વતીરૂપે સહયોગ આપ્યો તે બદલ તેઓની અનુમોદના.

સકલ વિશ્વના ઝવેરાતની જે કિંમત તેના કરતાં વિશેષ-મૂલ્યવાન એવા અણમોલા પાંચ આગમોનો સંગ્રહ, પાંચ પ્રકારના ફૂલોની ગુંથેલી માળા એટલે **સૂત્રાર્થમુક્તાવલી.**

આ માળાને કંઠ ઉપર ઠવી આકંઠ આગમોના અમૃતનું પાન કરો, આગમોના સિન્ધુમાં ડુબકી લગાવી પાંચ મોતીને પ્રાપ્ત કરી જ્ઞાનભક્તિની શક્તિ જગાડી મુક્તિ નજદિકમાં આવે એજ મંગલ ભાવના.

લબ્ધિભુવન સાહિત્ય સદન-છાણી સંભાળવામાં રાજેશ શાહનો અપૂર્વ સહયોગ રહે છે સાથે પ્રિન્ટીંગ કાર્યમાં સંપૂર્ણ જવાબદારી સમજી કિરીટભાઈ, શ્રેણિકભાઈએ જે કાર્ય કરી રહ્યા તે બદલ ધન્યવાદ સહ અનુમોદના.

ગ્રંથનું સંપાદન કરતા જિનાજ્ઞાવિરૂદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્. ગ્રંથમાં કંઈ ક્ષતિ રહી હોય તો વિદ્‌વદ્‌જનોએ સુધારીને વાંચન કરવા વિનંતી.

- ગ.**વિક્રમસેનવિજય**

॥ श्री पार्श्वनाथाय नमः ॥

॥ श्री लब्धि गुरवे नमः ॥

श्रुतज्ञानप्रसारना आधारस्तंभ

पूज्य सूरिमंत्रआराधक आचार्यदेव

श्रीमद्विजय **पुण्यानंदसूरीश्वरजी म.सा.**नी

प्रेरणाथी



नमो नमो नाणदीवायरस्स

—: अनुमोदक :—

# श्री जैन श्वेताम्बर तपागच्छ संघ

गढसिवाणा, ( राजस्थान )

## શ્રુતપ્રેમીની અનુમોદના

શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ

**શ્રી સર્વોદયનગર**

**શ્રાવિકા સંઘની**

**જ્ઞાનખાતાની**

**ઉપજમાંથી...**

સર્વોદયનગર
મુલુંડ-વેસ્ટ, મુંબઈ

શ્રી મહાવીરસ્વામિને નમઃ

પૂ. સાધ્વીવર્યા **સુધાંશુયશાશ્રીજી મ.**ની
પ્રેરણાથી

**શ્રી વર્ધમાન હાઈટસ્ સંઘ**

ભાયખલા, મુંબઈ

-•-

**જ્ઞાનપ્રેમી ગુરુભક્તો**

મુંબઈ

શ્રી શાંતિનાથાય નમઃ

**શ્રી શાંતિનાથ**
**જૈન શ્વે.મૂ. સંઘ પેઢી**

શાહુપુરી,
હીરાભવન,
વ્યાપારી પેઠ,
કોલ્હાપુર

શ્રી મહાવીરસ્વામિને નમઃ

**શ્રી શાહપુરી**

**શ્રાવિકા સંઘની**

**જ્ઞાનખાતાની**

**ઉપજમાંથી...**

સુભદ્રાભવન,
વ્યાપારી પેઠ, શાહુપુરી,
કોલ્હાપુર

॥ श्री वासुपूज्यस्वामिने नमः ॥

॥ पू. लब्धि-भुवन-भद्रंकरसूरि गुरुभ्यो नमः ॥

नमो नमो नाणदीवायरस्स



ॐकारतीर्थ स्थापक, सूरिमंत्र आराधक, दक्षिणभूषण,

पू. आचार्य श्रीमद्विजय **पुण्यानंदसूरीश्वरजी म.सा.** आदिठाणा-५

तथा

पू. साध्वीवर्या कल्पनंदिताश्रीजी आदिठाणा-४नी

पावननिश्रामां ज्ञाननी आराधना निमित्ते

**ज्ञानद्रव्यनो कीधो सद्उपयोग...**

**जीवनमां वधार्यो शुभउपयोग...**

**अनुमोदना...**

## श्री राजस्थानी जैन श्वेताम्बर मूर्तिपूजक संघ

बावने गली, इचलकरंजी

## श्री राजस्थानी जैन श्राविका संघनी

ज्ञानद्रव्यनी उपजमांथी

अनुमोदनीय सहयोग...

॥ નમો નમો જિણશાસનસ્સ ॥ ॥ નમો નમો નાણદીવાયરસ્સ ॥

આત્મામાં વધાર્યો શુભ યોગ
જ્ઞાનદ્રવ્યનો કિધો સદ્ઉપયોગ...

**શ્રી સુમતીનાથ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ**
રત્નાગિરિ, કોંકણ



**શ્રી મણિધારી જિનચંદ્રસૂરિ દાદાવાડી સંઘ**
ઈચલકરંજી

સાધ્વીવર્યા જિનેન્દ્રશ્રીજીની પ્રેરણાથી
શ્રી ધાનેરાભવન, પાલિતાણા

સાધ્વીવર્યા પદ્મલતાશ્રીજીની પ્રેરણાથી
શ્રી દાંતરાઈ ધર્મશાળા, પાલિતાણા

**સાધ્વીવર્યા સૌમ્યરત્નાશ્રીજીની પ્રેરણાથી**
શ્રી શિવમ્ એપા., નવાવાડજ સંઘ, અમદાવાદ



સાધ્વીવર્યા **સરસ્વતીશ્રીજી** મ.ના શિષ્યા
સાધ્વી **વિરતિપૂર્ણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
**શ્રી સૌભાગ્ય લક્ષ્મીવૃદ્ધિ શ્વે.મૂ. જૈન સંઘ**
વાઘોડિયા રોડ, વડોદરા

સાધ્વીવર્યા **સરસ્વતીશ્રીજી** મ.ના પ્રશિષ્યા
**સા. હર્ષપ્રજ્ઞાશ્રીજી, સા. વૈરાગ્યરસાશ્રીજી, સા. મોક્ષરસાશ્રીજી** મ.ની પ્રેરણાથી
**શ્રી ન્યુસમા જૈન સંઘ - વડોદરા**
**શ્રી પુણ્યપવિત્ર જૈન સંઘ - વડોદરા**
**શ્રી કલિકુંડ જૈન સંઘ - હરણી, વડોદરા**

॥ શ્રી શત્રુંજય તીર્થાધિપતિ આદીશ્વરાય નમઃ ॥
॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥
॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ॐ

# શ્રી અનુયોગદ્વારસૂત્ર મુક્તાસરિકા

શુભાશિષ :

પૂ. ૐકારતીર્થસ્થાપક સૂરિમંત્રઆરાધક આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

પૂ. આચાર્યશ્રી મહાસેનસૂરીશ્વરજી મ.સા.

: ભાવાનુવાદ :

**ગણિવર વિક્રમસેનવિજય**

**મુનિ સિદ્ધસેનવિજય**

## શ્રી અનુયોગદ્વાર સૂત્ર (મૂળ ૨૦૦૦ શ્લોક પ્રમાણ)
## કુલ ૧૩૧૬૫ શ્લોક

- આ સૂત્ર એ સર્વ આગમોની માસ્ટર ચાવીરૂપ છે. આ આગમના અભ્યાસથી આગમોને સમજવાની પદ્ધતિ મળે છે. કેમકે પદાર્થોના નિરૂપણની વ્યવસ્થિત સંકલના સ્વરૂપ શૈલી એ જ આ આગમની આગવી વિશિષ્ટતા છે. પ્રાસંગિક મહત્ત્વની માહિતીઓ પર પ્રકાશ પાડ્યો છે.
- સૂત્રોના ૪ નિક્ષેપ, સ્કંધના ૪ નિક્ષેપ, આવશ્યકના ૬ અધ્યયન તથા ઉપક્રમના ૬ નિક્ષેપોનું વર્ણન.
- આનુપૂર્વીના ૧૦ વેધ તથા તેના વિવિધ વિષયોનું વર્ણન.
- દ્રવ્યપ્રમાણના ૬ ભેદ, સમાસના ૭ ભેદ, તદ્ધિતના ૮ ભેદ તથા ધાતુના અનેક ભેદોનું વર્ણન.
- પ્રમાદના ૪ ભેદ, કાલપ્રભાવના ૨ ભેદ તેમજ સમયની વ્યાખ્યા.
- ૨૪ દંડકો તથા ૫ શરીરોની વિચારણા.
- દ્રષ્ટાંત સહિત નયપ્રમાણના ૩ ભેદોનું વર્ણન.
- સંખ્યા-પ્રમાણના ૮ ભેદો તથા તેની વ્યાખ્યા.
- સંખ્યા, અસંખ્યાત તથા અનંતની વ્યાખ્યાઓ.
- સ્વસમય, પરસમય તથા ઉભયસમયના નયોની વ્યાખ્યા, આવશ્યકના ૬ અર્થાધિકાર, ૬ સમાવતાર તથા ૭ નયોની વિશેષ વ્યાખ્યાઓ.

• • •

# अथअनुयोगद्वार मुक्तासरिकायाम् विषयानुक्रमणिका


विषयाः

मङ्गलाचरणम्
एतद्ग्रन्थावतरणम्
पञ्चज्ञानवर्णनम्
तद्व्याख्यानम्
सूत्रेणानुबन्धचतुष्टयसूचनवर्णनम्
उद्देशादयः श्रुतस्यैवेत्यभिधानम्
मत्यादीनामुद्देशाद्यभावे हेत्वभिधानम्
मत्यादेर्लोकोपकारित्वमुपचारत इति व्यावर्णनम्
व्याख्यालक्षणानुयोगस्य मतिज्ञानादौ सम्भवशङ्कानिराकरणम्
मतिज्ञानादीनामुद्देशानपेक्षत्ववर्णनम्
उद्देशादयो यावच्छ्रुतस्येति कथनम्
साकल्यप्रकटनम्
द्वादशद्वारगर्भानुयोगस्वरूपवर्णनम्
अनुयोगशब्दव्याख्या
सूत्रस्याणुत्वसमर्थनम्
सूत्रस्यपश्चाद्भावित्ववर्णनम्
चतुर्द्वारघटितानुयोगलक्षणसूत्राभिधाने निमित्तप्रदर्शनम्
अत्रार्थतः कतिचनद्वारसङ्ग्रहप्रकटनम्
विधिद्वारघटितं सूत्रम्
अनुयोगविधानवर्णनम्
समर्थविनेयस्य त्रिवारं मन्दमतेस्तु सप्तवारमनुयोगेऽपि न गुरु रागद्वेषाविति व्यावर्णनम्
प्रवृत्तिद्वारसूचनं तत्र भङ्गचतुष्टयऽभिधानम्
अनुयोगयोग्यपरिषद्वर्णनम्

विषयाः

परिषत्त्रैविध्यवर्णनम्
दुर्विदग्धपरिषदाऽयोग्यत्ववर्णनम्
इतरयोर्योग्यताप्रकाशनम्
अनुयोगकर्तृगुणाभिधानम्
अनुयोगस्य निक्षेपविधानम्
सप्तविधानुयोगनिक्षेपस्वरूपप्रकाशनम्
उपक्रमलक्षणम्
तस्यावश्यके समन्वयनम्
तस्य भेदद्वयप्रदर्शनम्
इतरोपक्रमभेदाः
तन्निदर्शनम्
आवश्यके नामावश्यकसमन्वयविधानम्
स्थापनोपक्रमप्रदर्शनम्
द्रव्योपक्रमभेदाः
आगमतो द्रव्योपक्रमसमर्थनम्
नोआगमतो द्रव्योपक्रमभेदाः
अतीतचेतनशरीरस्य तत्समर्थनम्
आगामिचेतनाशरीरस्य तदुपदर्शनम्
उभयव्यतिरिक्तद्रव्योपक्रमभेदाः
क्षेत्रोपक्रमस्वरूपम्
कालोपक्रमस्वरूपम्
सभेदं भावोपक्रमवर्णनम्
शास्त्रीयोपक्रमभेदवर्णनम्
भेदानां स्वरूपवर्णनम्
आनुपूर्वीदशभेदप्रदर्शनम्
दशविधनामभेदाः

विषया:

एकादिनामप्रकारवर्णनम्
एकनामस्वरूपम्
द्विनामस्वरूपम्
त्रिनामस्वरूपम्
नाम्नश्चातुर्विध्यवर्णनम्
नाम्नः पञ्च भेदाः
नाम्नः षड् भेदाः
सान्निपातिकोपक्रमभेदाः
नाम्नः सप्तविधत्वप्रदर्शनम्
तस्यैवाष्टविधत्वनिरूपणम्
तस्यैव नवविधत्वख्यापनम्
तस्यैव च दशविधत्वाभिधानम्
दशान्तर्गतसंयोगनामभेदाः
प्रमाणनामभेदाः
भावप्रमाणनामभेदवर्णनम्
शास्त्रीयोपक्रमान्तर्गतप्रमाणभेदाः
द्रव्यक्षेत्रकालप्रमाणानां भेदप्रदर्शनम्
कालेन द्रव्यादीनां परिच्छेदाभिधानम्
प्रमेयभूतद्रव्यादेःप्रमाणता समर्थनम्
धान्यमानादेः स्वरूपप्रदर्शनम्
रसमानप्रमाणकथनम्
उन्मानादेः स्वरूपम्
क्षेत्रस्य विभागवर्णनम्
अङ्गुलत्रैविध्यनिरूपणम्
आत्माङ्गुलस्वरूपम्
उत्सेधाङ्गुलस्वरूपम्
परमाणुद्वैविध्यम्
प्रमाणाङ्गुलस्वरूपम्
कालस्य विभागाभिधानम्
समयावलिकादिभेदः

विषया:

औपमिकमाननिरूपणम्
पल्योपमस्वरूपम्
सागरोपमस्वरूपम्
भावप्रमाणवर्णनम्
भावप्रमाणभेदाः
गुणप्रमाणभेदाः
गुणप्रमाणान्तर्गतानुमानभेदाः
उपमानभेदाः
आगमभेदाः
दर्शनगुणप्रमाणभेदाः
चारित्रगुणप्रमाणभेदाः
नयप्रमाणस्वरूपम्
प्रस्थकदृष्टान्ताभिधानम्
नैगमादिमतेन प्रस्थकाभिधानम्
वसतिदृष्टान्तवर्णनम्
नैगमादिमतेन वसत्यभिधानम्
प्रदेशदृष्टान्तवर्णनम्, नैगमादिमतेन प्रदेशकथनञ्च
संख्याप्रमाणवर्णनम्
तस्य नामस्थापनाद्रव्यभेदाः
औपम्यसंख्यास्वरूपम्
परिमाणसंख्यानिरूपणम्
ज्ञानसंख्यानिरूपणम्
गणनसंख्याभिधानम्
भावसंख्याप्ररूपणम्
वक्तव्यताद्वारवर्णनम्
स्वसमयवक्तव्यतास्वरूपम्
परसमयवक्तव्यतास्वरूपम्
उभयसमयवक्तव्यतास्वरूपम्
नैगमसङ्ग्रहव्यवहारैर्वक्तव्यताविचारः
ऋजुसूत्रशब्दनयाभ्यां तद्विचारः

विषयाः

परसमयवक्तव्यताया नास्तित्वसमर्थनम्
आवश्यकाश्रयेणार्थाधिकारभेदप्रदर्शनम्
प्रथमाद्यध्यनेष्वर्थाधिकारसूचनम्
शास्त्रीयान्तर्गतसमवतारभेदाः
उभयव्यतिरिक्तसमवतारे
आत्मसमवतारादिभेदनिरूपणम्
क्षेत्रकालसमवतारभेदनिरूपणम्
भावसमवतारभेददर्शनम्
आनुपूर्व्यन्तर्गतद्रव्यानुपूर्व्यभिधानम्
आनुपूर्व्या नामादिभेदाः
औपनिधिकीस्वरूपम्
अनौपनिधिक्या आनुपूर्वीत्वसमर्थनम्
द्रव्यार्थिकनयमतेनानौपधिकीनिरूपणम्
नैगमव्यवहारसम्मतानौपनिधिकीभेदाः
तत्रार्थपदप्ररूपणतास्वरूपम्
आनुपूर्व्यानानुपूर्व्यवक्तव्यताभिधानम्
द्व्यणुकस्कन्धस्यावक्तव्यतासमर्थनम्
आनुपूर्व्यादिद्रव्याणामल्पबहुत्वाभिधानम्
भङ्गसमुत्कीर्त्तनतास्वरूपम्
भङ्गपदर्शनतास्वरूपम्
भङ्गसमुत्कीर्त्तनतायामेकादिपदमाश्रित्य
भङ्गोपदर्शनतायाञ्च तद्वाच्याश्रयेण प्रत्येकं
भङ्गषट्काभिधानम्
आनुपूर्व्यादिद्रव्याणां समवतारकथनम्
अनुगमस्वरूपम्
तेषां सत्पदप्ररूपणयाऽनुगमप्रदर्शनम्
द्रव्यप्रमाणाश्रयेण तद्वर्णनम्
क्षेत्राश्रयेण तद्वर्णनम्
स्पर्शनाद्वारेण तदभिधानम्
कालद्वारेण तन्निरूपणम्

विषयाः

अन्तरद्वारेण तत्प्ररूपणम्
भागद्वारेण तज्जल्पनम्
भावद्वारेण तद्वर्णनम्
अल्पबहुत्वद्वारेण तत्प्रदर्शनम्
सङ्ग्रहसंमतानौपनिधिकीभेदाः
पूर्वस्मादर्थपदप्ररूपणादेर्भेदकथनम्
अत्राल्पबहुत्वाभावकथनम्
नैगमव्यवहारसङ्ग्रहसंमतभङ्गप्रदर्शनम्
औपनिधिकीद्रव्यानुपूर्वीस्वरूपम्
पूर्वानुपूर्व्यादिस्वरूपाणि
अनानुपूर्वीसमन्वयो धर्मास्तिकायादिसमुदाये
भङ्गस्वरूपानयनप्रकारः
पदत्रयाश्रयेण भङ्गप्रदर्शनम्
द्रव्यानुपूर्वीसादृश्यं क्षेत्रकालानुपूर्व्योरित्याख्यानम्
तत्तात्पर्यवर्णनपूर्वकं क्षेत्रस्यानौपनिधिकी-
भेदान्तर्गतानुगमप्रदर्शनम्
द्रव्यप्रमाणद्वारप्रदर्शनम्
क्षेत्रद्वारम्
स्पर्शनाद्वारकालद्वारे
अन्तरद्वारम्
भागद्वारम्
भावद्वारम्
अल्पबहुत्वद्वारम्
औपनिधिकीक्षेत्रानुपूर्वीवर्णनम्
कालानुपूर्व्या वर्णनम्
तत्र द्वारवर्णनम्
आनुपूर्वीद्रव्यस्य नैकसमयस्थितिकत्वमिति वर्णनम्
जघन्योत्कृष्टचिन्ता कस्येति वर्णनम्
अन्तरद्वारवर्णनम्
उत्कर्षेण समयद्वयस्थितिकत्वं जघन्येनैकः समय
आनुपूर्वी द्रव्यस्येति समर्थनम्

| विषयाः |
| --- |
| अल्पबहुत्वद्वारनिरूपणम् |
| उत्कीर्तनानुपूर्वीस्वरूपम् |
| नामोच्चारणपदप्रयोजनम् |
| गणनानुपूर्वीवर्णनम् |
| संस्थानानुपूर्वीवर्णनम् |
| सामाचार्यानुपूर्व्यभिधानम् |
| ओघादितद्भेदाः |
| इच्छाकारादिस्वरूपम् |
| भावानुपूर्वीस्वरूपम् |
| अनुयोगलक्षणान्तर्गतनिक्षेपद्वारभेदाः |
| ओघनिष्पन्नप्रदर्शनम् |
| सामायिकस्य निक्षेपकारणम् |
| सूत्रालापकनिष्पन्नस्य स्वरूपम् |
| अनुयोगान्तर्गतानुगमस्वरूपम् |
| निर्युक्त्यनुगमस्वरूपम् |

| विषयाः |
| --- |
| सूत्रस्य व्याख्याविधिसमीपकरणप्रकारः |
| सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमस्वरूपम् |
| अस्खलितादिस्वरूपवर्णनम् |
| सूत्रस्य द्वात्रिंशद्दोषप्रदर्शनम् |
| अष्टगुणभिधानम् |
| तथाविधिसूत्रोच्चारणफलप्रदर्शनम् |
| फलान्तरप्रदर्शनम् |
| व्याख्यालक्षणम् |
| अनुगमान्तर्गतनयद्वारवर्णनम् |
| नयानां प्रयोजनप्रदर्शनम् |
| अध्ययनं कथं विचार्यमिति शंकनम् |
| मुक्तेरुभयनयसाध्यतावर्णनम् |
| अनुयोगसारस्य फलप्रदर्शनम् |
| प्रथममुक्तासरिकोपसंहारः |


• • •

**શ્રી અનુયોગદુવારમાં, ચઉ અનુયોગ વિચાર ।**
**શ્રદ્ધા ભાસન રમણતા, કરી પૂજો નરનાર ॥૧॥**
**ધન્ય ધન્ય આગમ જિનતણું, બોધિબીજ ભંડાર ।**
**નાણ ચરણ રયણે ભર્યું, શાશ્વત સુખ દાતાર ॥૨॥**

(૧) શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ચાર અનુયોગનો વિચાર છે (આગળ ઉપર લખેલા છે) તેના અભ્યાસથી શ્રદ્ધા, જ્ઞાન ચારિત્ર પ્રાપ્ત કરવા માટે શ્રી પ્રભુની પૂજા કરો.

(૨) બોધિબીજની પ્રાપ્તિ જેના વડે થાય છે અને જ્ઞાન, ચારિત્રરૂપી રત્નથી ભરેલું ને શાશ્વત સુખને આપનારા શ્રી જિનેશ્વર ભગવંતના આગમને ધન્ય છે.

ॐ अर्हम् ।

श्री आत्मकमललब्धिसूरीश्वरेभ्यो नमः ।

जैनाचार्यश्रीमद्विजयलब्धिसूरिसङ्कलिता सटीका

# सूत्रार्थमुक्तावलिः ।

वाचा निर्मलया सुधामधुरया यो मोक्षशिक्षामदात्,
यस्याभूत् पदपङ्कजं तरिनिभं संसारवारांनिधौ ।
ध्वस्ताशेषदुरन्तकर्मपटलं लोकैकपूज्यं प्रभुम्,
श्रीनाभेयजिनं दयैकनिलयं भक्त्या सदा नौमि तम् ॥१॥

न्यायव्याकरणार्हदागमलसद्वैदग्ध्यदीक्षागुरुम्,
भूमीकल्पतरुं समस्तजनतासङ्गीतकीर्त्तिं यतिम् ।
ध्यात्वा श्रीकमलाख्यसूरिमनघं सञ्चिन्त्य सूत्राम्बुधिम्,
कुर्वे बालहिताय सङ्ग्रहमयीं सूत्रार्थमुक्तावलिम् ॥२॥

અમૃત સમાન મધુર નિર્મલ વાણી વડે જેમણે મોક્ષની શિક્ષા આપી હતી, જેઓના ચરણકમલ સંસારરૂપી સમુદ્રમાં નાવડી (જહાજ) સમાન છે, દુઃખે કરીને અંત કરી શકાય એવા સઘળા કર્મોનો જેમણે નાશ કર્યો છે. તેમજ લોકમાં એકમાત્ર પૂજનીય અને દયાના એક સ્થાન સમાન એવા તે નાભિરાજાના પુત્ર ઋષભજિનની હંમેશા ભક્તિથી હું સ્તુતિ કરું છું.

ન્યાય, વ્યાકરણ અને અર્હદાગમની વિધ્વત્તાથી શોભતા (દીક્ષા આપનારા) શ્રી ગુરુ, (ભૂમિ માટે) પૃથ્વી માટે કલ્પવૃક્ષ સમાન, સમસ્ત લોકોના સમુદાય વડે સારી રીતે ગવાયેલી છે. કીર્તિ જેમની એવા, ઈન્દ્રિયોનો સંયમ કરનારા, નિર્દોષ પવિત્ર એવા આ.શ્રી.કમલસૂરિ ભગવંતનું ધ્યાન કરીને, સૂત્રરૂપી સમુદ્રનું સમ્યક્ ચિંતન કરીને બાલજીવોના હિત માટે સંગ્રહ સ્વરૂપ એવી સૂત્રાર્થ મુક્તાવલીને હું કરું છું.

अथ न्यायप्रकाशसमलङ्कृततत्त्वन्यायविभाकरादिग्रन्थेभ्यो विदितस्वपरसमयसाराणां सुनिर्मलचरणधर्मविभूषितानामनूढयोगानां भगवदर्हद्वचनस्यानुयोगकरणाभिलाषुकाणां विनेयानामनायासेन तत्र प्रवृत्तिसम्पादनार्थं पूर्वमहर्षिभिरतिगम्भीरतयोपक्रमादिद्वारै-र्विचारितत्वेऽपि तेषां अल्पप्रज्ञानामसुज्ञानत्वेन सौलभ्यतया तद्बुबोधयिषयोपक्रमादिद्वारवर्णनपुरस्सरं मूलकृताऽनुपमागमभक्तिजनितौत्सुक्येनानुयोगं कर्त्तुमारभमाणेन परमनिःश्रेयसनिदानं प्रत्यूहव्यूहनिध्वंसकं ज्ञानमादावुपनिबध्यते--

**मतिश्रुतावधिमनःपर्यवकेवलानि पञ्च ज्ञानानि ॥१॥**

मतीति, मननं मतिः, मन्यते इन्द्रियमनोद्वारेण नियतं वस्तु परिच्छिद्यतेऽनयेति वा मतिः, योग्यदेशावस्थितवस्तुविषय इन्द्रियमनोनिमित्तावगमविशेषः । श्रवणं श्रुतमभिलापप्राप्तार्थग्रहणस्वरूप उपलब्धिविशेषः, श्रूयते तदिति श्रुतं प्रविशिष्टार्थ-प्रतिपादनफलं वाग्योगमात्रं भगवन्मुखान्निसृष्टं आत्मीयश्रवणकोटरप्रविष्टं क्षायोपशमिकभावपरिणामाविर्भावकारणं श्रुतमित्युच्यते कारणे कार्योपचाराच्च श्रुतज्ञानम् । शृणोतीति वा श्रुतमात्मनि तदनन्यत्वात् । अवधानवधिरात्मनस्साक्षादर्थग्रहणमिन्द्रियादिनिरपेक्षम्, अव्ययत्वेनानेकार्थत्वादव-अधोऽधो विस्तृतं धीयते परिच्छिद्यते रूपवद्वस्तु येन ज्ञानविशेषेणत्यवधिः, रूपवद्वस्तु येन ज्ञानेन अव मर्यादया एतावत्क्षेत्रं एतावन्ति द्रव्याण्येतावन्तं कालं पश्यतीत्यादिपरस्परनियमितक्षेत्रादिरूपया धीयते परिच्छिद्यत इत्यवधिः, अवधिज्ञानावरणविलयविशेषसमुद्भवो भवगुणप्रत्ययः रूपिद्रव्यविषयो ज्ञानविशेषः । काययोगसहकारेण संज्ञिजीवैर्मनोवर्गणाभ्यो गृहीत्वा मनस्त्वेन परिणमितानि द्रव्याणि मनांसि, तेषां चिन्तनानुगुणा ये पर्यायाः परिणामस्तेषु ज्ञानं मनःपर्यवज्ञानमिति ज्ञानशब्देन सह वैयधिकरण्यमङ्गीकृत्य व्युत्पत्तिः, मनसा मन्यमानमनोद्रव्याणां वा पर्यवः परिच्छेदो मनःपर्यव इति ज्ञानेन सामानाधिकरण्यमङ्गीकृत्य, मनःपर्यवावरणविलयविलसितश्चारित्रवतो मानुषक्षेत्रवर्त्तिप्राणिमनःपरिचिन्तितार्थप्रकटनरूपो ज्ञानविशेषः। इन्द्रियादिसाहाय्यानपेक्षित्वाच्छेषछाद्मस्थिकज्ञाननिवृत्तेर्वा केवलमेकसहायमनितरसाधारणमप्रतिपाति निखिलज्ञेयग्राहिज्ञानविशेषः केवलमिति, पञ्चेति, न न्यूनानि नाप्यधिकानि, ज्ञानानीति, ज्ञायते वस्तु परिच्छिद्यत एभिरिति ज्ञानानि, आवरणद्वयक्षयक्षयोपशमाविर्भूता आत्मपर्यायविशेषास्सामान्यविशेषात्मके वस्तुनि विशेषांशग्राहकाः सामान्यांशग्राहकाश्चेत्यर्थः । अनेन सूत्रेण प्रबलान्तरायनिकरनिराकरणनिबन्धनं मङ्गलमनुष्ठितं, ज्ञानस्याशेषक्लेशविनाशनहेतुत्वेन परममङ्गलरूपत्वात् । अनुयोगविषयी-भूतस्यात्रोल्लेखात् द्वितीयसूत्रे च

श्रुतस्यैवोद्देशसमुद्देशानुज्ञानुयोगानां वक्ष्यमाणतया श्रुतस्यानुयोगकरणमेव विषयस्तत्प्रकार-परिज्ञानं श्रोतुः प्रयोजनमव्यवहितं, परम्परं तु मोक्षावाप्तिः कर्त्तुश्च साक्षात्फलं सत्त्वानुग्रहः व्यवहितन्तु मोक्ष एव, प्रतिपाद्यप्रतिपादकभावश्च सम्बन्ध इति ॥१॥

હવે ન્યાય પ્રકાશ નામથી અલંકૃત થયેલ એવા તત્ત્વન્યાયવિભાકર આદિ ગ્રંથોમાંથી સ્વ પર સિદ્ધાંતના સારને જાણનારા, અત્યંત નિર્મલ વિભૂષિત થયેલા. જેમણે યોગોદ્‌વહન નથી કર્યો અને એવા અર્હદ્‌ના વચનોનો અનુયોગ કરવાની ઈચ્છાવાળા શિષ્યોને સરળતાથી વિના તેમાં પ્રવૃત્તિ કરાવવા માટે પૂર્વ મહર્ષિઓ વડે અતિગંભીરતાથી ઉપક્રમ વિગેરે દ્વારોથી આ તત્ત્વન્યાયના પદાર્થો ઉપર વિચારેલું હોવા છતાં પણ અલ્પ પ્રજ્ઞાવાળાઓને સુલભપણે તેઓને બોધ કરાવવાની ઈચ્છાથી ઉપક્રમ વિગેરે દ્વારોના વર્ણનપૂર્વક અનુપમ એવા આગમની ભક્તિથી જન્ય ઉત્સુકતાથી અનુયોગનો પ્રારંભ કરતા એવા મૂલગ્રંથકાર વડે પરમસુખના કારણરૂપ એવા તેમજ વિઘ્નના સમૂહનો નાશ કરનાર એવા જ્ઞાનનું શરૂઆતમાં પ્રતિપાદન કરાય છે. (બતાવાયા છે.) વિચારવું તે મતિ અથવા મન્ય તે એટલે કે ઈન્દ્રિય અને મન દ્વારા નિયત વસ્તુ જેના વડે જણાય તે મતિજ્ઞાન યોગ્ય દેશમાં રહેલા પદાર્થ વિષયક વિષયવાળો ઈન્દ્રિય અને મન થકી બોધ વિશેષ તે મતિજ્ઞાન છે.

સાંભળવું તે શ્રુત પ્રાપ્ત થયેલ અર્થના ગ્રહણ સ્વરૂપ પાંચ એવો બોધ વિશેષ તે શ્રુત કહેવાય છે.

અમુક ચોક્કસ પ્રકારના અર્થને કહેવાના ફળવાળું, વચનયોગ સ્વરૂપ, ભગવાનના મુખમાંથી નીકળેલું, પોતાના કર્ણરૂપ વિવરમાં બખોલમાં પ્રવેશેલું, તેમજ ક્ષાયોપશમિક ભાવના પરિણામને પ્રગટ કરવામાં કારણભૂત જે છે તે શ્રુત કહેવાય છે અને તે જ કારણમાં કાર્યનો ઉપચાર થવાથી શ્રુતજ્ઞાન કહેવાય છે. અથવા બીજી વ્યાખ્યા સંભળાય તે શ્રુત અને તે આત્મા જોડે અભિન્ન છે. અવધારણ ધારણ કરવું તે અવધિ, ઈન્દ્રિયોથી નિરપેક્ષ બનીને આત્માનું જે સાક્ષાત્ પદાર્થ ગ્રહણ કરવું તે અવધિ, 'અવ તે' અવ્યય હોવાથી અનેક અર્થવાળો છે. તેથી 'અવ' બરાબર નીચે (અધસ્) જે જ્ઞાન વિશેષથી રૂપ વાળી વસ્તુ (રૂપીવસ્તુ) નીચે નીચે વિસ્તારથી જણાય તે અવધિજ્ઞાન, અવનો મર્યાદા અર્થ થતો હોવાથી જે જ્ઞાન વિશેષથી રૂપી વસ્તુને મર્યાદિત વડે એટલે કે નિયત ક્ષેત્ર, નિયત દ્રવ્યો, નિયત કાળથી જણાય છે. તે પરસ્પર નિયમિત ક્ષેત્ર રૂપે જણાય તે અવધિ અવધિજ્ઞાનાવરણના અમુક પ્રકારના ક્ષયથી ઉત્પન્ન થયેલું ભવપ્રત્યય અને ગુણ પ્રત્યયવાળું, રૂપી દ્રવ્ય વિષયકવાળું જ્ઞાન તે અવધિજ્ઞાન.

સંજ્ઞી જીવો કાયયોગના સહકારથી મનોવર્ગણામાંથી જે દ્રવ્યને (પુદ્‌ગલને) ગ્રહણ કરીને મનરૂપે પરિણમાવે તે મન કહેવાય. તેઓના ચિંતનને અનુસરતા પર્યાયો તે મનઃપર્યાય, તે મનના પર્યાયો વિશે થતું જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન.

અહીં જ્ઞાન શબ્દની સાથે વ્યધિકરણને આશ્રયીને મનઃપર્યવજ્ઞાનની વ્યુત્પત્તિ કરી છે. એટલે કે પર્યાય શબ્દનો અર્થ પરિણામ કરેલા છે અને તેની સાથે જ્ઞાન શબ્દનો સમાસ કર્યો છે. અથવા મનથી થતો બોધ જણાતા મનોદ્રવ્યોનો બોધ તે મનઃપર્યવજ્ઞાન. તે પ્રમાણે અહીં જ્ઞાનપદની સાથે સમાનાધિકરણને આશ્રયીને મનઃપર્યવ જ્ઞાનની વ્યુત્પત્તિ કરી છે એટલે કે પર્યવ શબ્દનો જ બોધ જ્ઞાન અર્થ કરેલ છે. મનઃપર્યવજ્ઞાનાવરણના નાશથી વિલાસને પામેલું એવું ચારિત્રવાળા વ્યક્તિને મનુષ્યક્ષેત્રમાં રહેલા પ્રાણીઓના મનથી ચિંતવાયેલ અર્થના પ્રકટન સ્વરૂપ એવું જે જ્ઞાનવિશેષ તે મનઃપર્યવજ્ઞાન.

ઈન્દ્રિય વગેરેની સહાયની અપેક્ષાથી રહિત હોવાથી અથવા તો બીજા (કેવલજ્ઞાન સિવાયના) છાદ્મસ્થિક જ્ઞાનોની નિવૃત્તિ થઈ હોવાથી એકલું, કોઈના પણ આધાર વિનાનું, બીજા જ્ઞાનોથી સાવ ભિન્ન. બીજા જેવું સાધારણ નહીં, પાછું નહિ જનારૂં એવું જે સઘળા જ્ઞેય પદાર્થોને ગ્રહણ કરનારું જ્ઞાન વિશેષ તે કેવલજ્ઞાન છે. આ પાંચ છે એટલે કે (પાંચથી) ન્યૂન પણ નહિ અને અધિક પણ નહિ. જેના વડે વસ્તુ જણાય તે જ્ઞાન કહેવાય. સામાન્ય અને વિશેષાત્મક વસ્તુના વિશે વિશેષ અંશને ગ્રહણ કરનારા અને સામાન્ય અંશને ગ્રહણ કરનાર (જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય) રૂપ બે આવરણના ક્ષય અથવા ક્ષયોપશમથી પ્રગટ થયેલા આત્માના પર્યાય વિશેષ તે જ્ઞાન કહેવાય છે.

પ્રબલ અંતરાયના (વિઘ્નોના) સમૂહનું ખંડન કરવામાં કારણ ભૂત એવું મંગળ આ સૂત્રથી કરેલ છે. કારણ કે, જ્ઞાન એ સઘળા ક્લેશોનો નાશ કરવામાં કારણભૂત હોવાથી પરમમંગલ સ્વરૂપ છે. (આ વાક્યથી મંગલ દર્શાવ્યું.)

શ્રુતનો અનુયોગ કરવો એ જ અહીં વિષય છે. (વિષયદર્શન) કારણ કે અહિંયા અનુયોગના વિષયભૂત એવા શ્રુતનો અને બીજા સૂત્રમાં શ્રુતના જ ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા અનુયોગ કહેવાના છે અને તેના પ્રકારોનું જ્ઞાન કરવું એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે અને મોક્ષની પ્રાપ્તિ પરંપર પ્રયોજન છે.કર્ત્તાનું અનંતર પ્રયોજન જીવો પર ઉપકાર છે અને પરંપર પ્રયોજન મોક્ષ જ છે. (પ્રયોજન દર્શાવ્યું) પ્રતિપાદ્ય અને પ્રતિપાદક એ સંબંધ છે. ગ્રંથ પ્રતિપાદક છે અને તેમાં બતાવેલ વિષય પ્રતિપાદ્ય છે. (સંબંધ દર્શાવ્યો.)

શું પાંચે ય જ્ઞાનનો અનુયોગ કરાય છે ? અથવા પાંચમાંથી કોઈ એકનો કરાય છે. ત્યાં પણ જો પાંચમાંથી એકાદનો અનુયોગ કરાય છે તો કોનો અનુયોગ કરાય છે. મતિનો-શ્રુતનો-અવધિનો-મનઃપર્યવનો-કેવલજ્ઞાનનો કરાય છે એમ શંકા હોતે છતે કહે છે.

ननु किं पञ्चानामेव ज्ञानानामनुयोगः क्रियते किं वाऽन्यतमस्य कस्यापि, तत्रापि किं मतेः श्रुतस्यावधेर्मनःपर्यवस्य केवलस्य वेत्याशङ्कायामाह –

**श्रुतस्यैवोद्देशसमुद्देशानुज्ञाऽनुयोगाः ॥२॥**

श्रुतस्यैवेति, भवन्तीति शेषः । एवशब्देन मत्यादिज्ञानचतुष्टयस्यावशिष्टस्य व्युदासः । इदमध्ययनादि त्वया पठितव्यमिति गुरुवचनविशेष उद्देशः, तस्मिन्नेव शिष्येणाहीनादिलक्षणोपेतेऽधीते गुरोर्निवेदिते स्थिरपरिचितं कुर्विदमिति गुरुवचनविशेष एव समुद्देशः, तथाकृत्वा गुरोर्निवेदिते सम्यगिदं धारयान्यांश्चाध्यापयेति तद्वचनविशेष एवानुज्ञा, अनुयोगश्च व्याख्यानमिति । ननु तदितरज्ञानादिचतुष्टयस्य व्यावृत्तिकरणात्तत्र नानुयोगः प्रवर्त्तत इत्युक्तं भवति, तत्र किं कारणम्, उच्यते असंव्यवहार्यं तदिति, यद्धि लोकस्योपकारकं तदेव व्यवहारनयेन संव्यवहार्यम्, श्रुतमेव च भवति वस्तुषु हेयोपादेयेषु प्रवृत्तिनिवृत्तिबोधनद्वारेण लोकस्य साक्षादुपकारि । न च केवलादिज्ञानचतुष्टयदृष्टार्थस्यैव श्रुतेनोपदेशात्तस्य कथमनुपकारित्वमिति वाच्यम्, तथापि तस्य गौणवृत्त्योपकारित्वात्, न हि शब्देन विना तत् स्वस्वरूपमपि बोधयितुं समर्थममुखरत्वात् । अथानुयोगो व्याख्यानं तच्च ज्ञानादिचतुष्टयेऽपि प्रवर्त्तत एवेति चेन्न, व्याख्यानस्यापि तत्तज्ज्ञानप्रतिपादकसूत्रसंदर्भेष्वेव प्रवृत्तेः। नन्वनुयोगस्यैवोपक्रान्तत्वादुद्देशादिकं किमर्थमुपात्तमिति चेदुच्यते, यत्रैवोद्देशादयः क्रियन्ते तत्रैवानुयोगस्तद्द्वाराण्युपक्रमादीनि च प्रवर्तन्ते नान्यत्र, क्रियन्ते चोद्देशादयः श्रुतज्ञाने न तु ज्ञानचतुष्टये, तस्य गुर्वनधीनत्वेनोद्देशाद्यविषयत्वात् । नानार्थत्वाद्दुरूहत्वाद्विविधमंत्राद्यतिशयसम्पन्नत्वाद्धि प्रायः श्रुतज्ञानं गुरूपदेशमपेक्षते, ज्ञानचतुष्टयन्तु तत्तदावरणक्षयक्षयोपशमाभ्यां विना गुरूपदेशापेक्षं जायमानत्वेन नोद्देशादिक्रममपेक्षत इति ॥२॥

શ્રુતજ્ઞાનના જ ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા-અનુયોગ હોય છે. એવ શબ્દથી મતિ વિગેરે શેષ ચાર જ્ઞાનનો વ્યવચ્છેદ કરાયો. 'આ અધ્યયન તમારે ભણવું જોઈએ.' એવા પ્રકારનું ગુરુનું વચન તે ઉદ્દેશ કહેવાય, તેમજ શિષ્ય વડે અહિનાદિલક્ષણથી યુક્ત ભણાયે છતે, ગુરુને જણાવ્યે છતે 'આને તમે સ્થિર પરિચિત કરો' એવા પ્રકારનું ગુરુવચન તે સમુદ્દેશ, તેમ કરીને (સ્થિર પરિચિત કરીને) ગુરુને જણાવે છતે 'આને સારી રીતે તમે ધારણ કરો અને બીજાને ભણાવો' એવું ગુરુનું વચન તે અનુજ્ઞા અને તેનું વ્યાખ્યાન તે અનુયોગ.

શ્રુતજ્ઞાનથી ઈતર ચાર જ્ઞાનનો વ્યવચ્છેદ કરવાથી તેમાં અનુયોગ પ્રવર્ત્તતો નથી, તેવું તાત્પર્ય થાય છે તો તેમાં શું કારણ ? તે અસંવ્યવહાર્ય છે. (અસંવ્યવહાર્ય એટલે શું ?) જે લોકોને ઉપકારક હોય તે વ્યવહારનયથી સંવ્યવહાર્ય છે. માત્ર શ્રુતજ્ઞાન જ હેય-ઉપાદેય વસ્તુઓને વિશે પ્રવૃત્તિ નિવૃત્તિને જણાવવા દ્વારા લોકોને સાક્ષાત્ ઉપકારી થાય છે. કેવલ વિગેરે ચાર જ્ઞાન વડે જોવાયેલા પદાર્થનો જ શ્રુતજ્ઞાન વડે ઉપદેશ થતો હોવાથી તે કેવલાદિ જ્ઞાનચતુષ્ટયનું અનુપકારીપણું કેવી રીતે થાય એમ ન કહેવું ? કારણ કે, તે કેવલજ્ઞાનાદિ ચતુષ્ટય ગૌણવૃત્તિથી

ઉપકારી છે, શબ્દ વિના તે (તે ચાર) મુંગા હોવાથી સ્વયંના સ્વરૂપને જણાવવા સમર્થ નથી, અનુયોગ એટલે કે વ્યાખ્યાન અને તે તો કેવલજ્ઞાનાદિ ચારમાં પ્રવર્ત્તે છે જ, તો પછી તે ચાર વિષે પણ અનુયોગ કહી શકાય ? તમારી વાત બરાબર નથી. કારણ કે, તે તે જ્ઞાનના પ્રતિપાદક એવા સૂત્રોના સંદર્ભમાં જ વ્યાખ્યાનની પ્રવૃત્તિ થાય છે. અહીંયા અનુયોગના વિષયને પ્રારંભ કર્યો છે તો ઉદ્દેશ વિગેરેનું ગ્રહણ શા માટે કરેલું છે ? તેનો ઉત્તર જણાવે છે કે જ્યાં ઉદ્દેશ વિગેરે કરાય છે ત્યાં જ અનુયોગ અને તેના ઉપક્રમ વિગેરે દ્વારો પ્રવર્ત્તે છે. અન્યત્ર નહિ અને ઉદ્દેશ વિગેરે શ્રુતજ્ઞાનમાં જ કરાય છે. પરંતુ જ્ઞાન ચતુષ્ટયમાં નહિ, કારણ કે તે જ્ઞાનચતુષ્ટય ગુરુને આધીન ન હોવાથી ઉદ્દેશાદિના વિષય થતા નથી. હવે જુદા જુદા અર્થવાળું હોવાથી વિવિધ મંત્રો વિગેરે અતિશયોથી સંપન્ન હોવાથી શ્રુતજ્ઞાન પ્રાયઃ કરીને ગુરુના ઉપદેશની અપેક્ષા રાખે છે. જ્ઞાન ચતુષ્ટય તો ગુરુના ઉપદેશની અપેક્ષા વિના તેના તેના આવરણ ક્ષય અથવા ક્ષયોપશમથી થતું હોવાના કારણે ઉદ્દેશાદિ ક્રમની અપેક્ષા રાખતા નથી.

પ્રશ્ન : શ્રુતજ્ઞાન અંગાંતર્ગત અને અંગબાહ્ય એમ બે પ્રકારનું છે. આચારાંગ સૂત્ર વિગેરે અગાંતર્ગત અને ઉત્તરાધ્યયનસૂત્ર વિગેરે અંગબાહ્ય છે. તેથી આ બન્નેમાં કોના ઉદ્દેશ વિગેરે પ્રવર્ત્તે છે ? તે વાત અહીં કહે છે.

ननु श्रुतज्ञानं द्विविधमङ्गान्तर्गतमङ्गबहिर्भूतञ्चेति, अङ्गान्तर्गतमाचारादि, अङ्गबहिर्भूतञ्चोत्तराध्ययनादि, तदत्र कस्योद्देशादयः प्रवर्त्तन्त इत्यत्राह --

**ते सकलस्यापि श्रुतस्य ॥३॥**

त इति, उद्देशसमुद्देशानुज्ञानुयोगा इत्यर्थः प्रवर्त्तन्त इति शेषः । तथा च न केवलमङ्गान्तर्गतस्य न वाऽङ्गबहिर्भूतस्योद्देशादयः प्रवर्त्तन्ते, अपि तु सकलस्यापि श्रुतस्येति भावः । सकलस्यापीत्यनेन प्रतिशास्त्रं प्रत्यध्ययनं प्रत्युद्देशकं प्रतिपदञ्च ते प्रवर्त्तन्ते न पुनः समुदायरूपश्रुतस्यैवेति सूच्यते ॥३॥

તે ઉદ્દેશાદિ બધા પણ સર્વ શ્રુતના હોય છે - ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા-અનુયોગ સઘળા શ્રુતના પ્રવર્ત્તે છે. (પ્રવર્ત્તન્તે એવી ક્રિયા શેષ છે.) તેથી ફલિતાર્થ આવો થાય છે કે ઉદ્દેશાદિ વિગેરે ચારે ફક્ત અંગઅંતર્ગત તથા અંગ બહિરતનો નહિ પણ બધા શ્રુતનો પ્રવર્ત્તે છે.

હવે 'સકલસ્યાપિ' એવા પદથી સૂચિત કરાય છે કે દરેક શાસ્ત્ર તેના અધ્યયન તેના - ઉદ્દેશ - તેના પદ પ્રત્યે તે ઉદ્દેશ વિગેરે પ્રવર્ત્તે છે. પણ સમુદાય રૂપ શ્રુતના નહિ.

પ્રારંભ કરાયેલ અનુયોગ બાર દ્વારથી મિશ્ર છે અને તે બાર દ્વાર આ પ્રમાણે ૧-નિક્ષેપ, ૨-એકાર્થ, ૩-નિર્યુક્તિ, ૪-વિધિ, ૫-પ્રવૃત્તિ, ૬-કર્તૃ, ૭-વિષયદ્વાર, ૮-ભેદ, ૯-લક્ષણ, ૧૦-પરિષત્, ૧૧-સૂત્ર, ૧૨-અર્થ.

ત્યાં પહેલા દ્વારને બતાવવા માત્રથી અનુયોગના સ્વરૂપનું વર્ણન કરતા અર્થથી પણ કેટલાક દ્વારોને સંગ્રહિત કરે છે.

ननूपक्रान्तोऽनुयोगो हि द्वादशद्वारसंमिश्रः, द्वाराणि च निक्षेपैकार्थनिरुक्तिविधिप्रवृत्तिकर्तृविषयद्वारभेदलक्षणपरिषत्सूत्रार्थरूपाणि, तत्र प्रथमं द्वारप्रदर्शनमुखेनानुयोगस्वरूपं वर्णयन्नर्थतोऽपि कतिचन द्वाराणि सङ्गृह्णाति--

**उपक्रमनिक्षेपानुगमनयैरनुयोगः ॥४॥**

उपक्रमेति, उपक्रमादयो वक्ष्यमाणस्वरूपाः द्वादशविधद्वारान्तर्गतद्वाररूपास्तैरनुयोगः, सूत्रस्य स्वकीयेनाभिधेयेनानुयोजनं सूत्रस्य निजार्थविषये संयोज्य प्रतिपादनलक्षणव्यापारो वा । अर्थापेक्षया सूत्रमणु लघु सूत्रस्य बह्वर्थत्वात् । अणुना सूत्रेण सहार्थस्य योगोऽनुयोगोऽथवा प्रथममर्थं चेतसि व्यवस्थाप्य पश्चात्सूत्रस्य भावादनु पश्चाद्भाविना सूत्रेणार्थस्य योगोऽनुयोग इति निरुक्तिरनुयोगस्य । ननु सूत्रस्य कथमणुत्वं पश्चाद्भावित्वञ्च तथार्थस्य महत्त्वम्, न हि बहुवस्त्राद्याधारभूता पेटिका तदपेक्षयाऽणुभूता भवितुमर्हति, न वा सूत्राभावेऽर्थस्य प्रकाशः, लोकेऽपि प्रथमं सूत्रं ततो वृत्तिस्ततो वार्तिकं वा भाष्यं वेति क्रमो दृश्यते, न चार्थो महान् एकस्यैवाऽर्थस्य क्वचिद्बहुभिस्सूत्रैर्वर्णनादिति चेन्न, पेटिकान्तर्गतैकवस्त्रादेवानेकासां पेटिकानां बन्धदर्शनेन पेटिकास्थानीयस्य सूत्रस्य वस्त्रस्थानीयादर्थादणुत्वात्, अर्हद्भाषितस्यैवार्थस्य गणधरैस्सूत्रणात्सूत्रस्य पश्चाद्भावित्वम्, लौकिका अपि हि शास्तारः प्रथमतोऽर्थं दृष्ट्वा सूत्रं कुर्वन्ति, अर्थं विना सूत्रस्यानिष्पत्ते । सकलस्यापि श्रुतस्येत्यनेन विषयद्वारोऽप्युक्त एव । व्याख्यानार्थकेनानुयोगशब्देनार्थ-भाषणरूपस्य पर्यायशब्दस्य लाभोऽवसेयः । व्याख्यायामत्यन्तोपयोगित्वेन च द्वारस्य तद्घटितमेव सूत्रमादृतम् । तत्रापि यथा ह्यकृतद्वारं कृतैकादिद्वारं वा नगरमनधिगमनीयं दुरधिगमञ्च भवति निर्गमप्रवेशादावसुकरत्वात्, चतुर्द्वारं तु सुखाधिगमं कार्याविनाशकञ्च सम्पद्यते तथैवार्थाधिगमोपायद्वारशून्यमशक्याधिगमं प्रकृतविषयं स्यात्, एकादिद्वारानुगतमपि दुरधिगमं भवेत् सपरिकरचतुर्द्वारानुगतन्तु सुखाधिगमं भवतीति द्वारचतुष्टयघटितमेव लक्षणं स्वीकृतम् । तथाऽनु पश्चात् संहितापदपदार्थपदविग्रहपूर्वकं प्रश्नानां योगः समाधानमनुयोग इति व्युत्पत्त्याश्रयेण लक्षणमपि प्रकटीकृतं तथा च पूर्वसूत्रे विषयोऽत्र चैकार्थनिरुक्तिद्वारलक्षणानि प्रदर्शितानि ॥४॥

ઉપક્રમ-નિક્ષેપ-અનુગમ-નયો વડે અનુયોગ...

કહેવાતા સ્વરૂપવાળા એવા ઉપક્રમ વિગેરે બાર પ્રકારના દ્વારની અંતર્ગત દ્વાર સ્વરૂપ છે અને તેઓ વડે અનુયોગ થાય છે.

પોતાના અર્થ સાથે જોડવું તે અનુયોગ છે અથવા તો સૂત્રને પોતાના અર્થના વિષયમાં જોડીને પ્રતિપાદન સ્વરૂપ વ્યાપાર તે અનુયોગ છે. અર્થની અપેક્ષાએ સૂત્ર (અણુ) લઘુ હોય છે. કારણ કે, નાના સૂત્રના ઘણા અર્થ હોય છે. નાના એવા સૂત્રની સાથે અર્થનો યોગ થવો તેનું નામ અનુયોગ છે. અથવા પહેલા અર્થને ચિત્તમાં સ્થાપીને પછી થનારા એવા સૂત્રની સાથે તે અર્થનો યોગ થવો તે અનુયોગ અને આ અનુયોગની નિવૃત્તિ છે.

સૂત્રનું અણુપણું એટલે લઘુપણું પશ્ચાદ્ ભાવિપણું કેવી રીતે હોઈ શકે ? તેમજ અર્થની વિશાળતાપણું કેવી રીતે હોઈ શકે ? ઘણા વસ્ત્રના આધારભૂત પેટી તે વસ્ત્રોની અપેક્ષાએ લઘુ હોવાને યોગ્ય નથી અથવા સૂત્રના અભાવમાં અર્થનો પ્રકાશ હોતો નથી અને લોકમાં પણ પહેલા સૂત્ર ત્યાર પછી વૃત્તિ ત્યાર પછી વાર્તિક અથવા ભાષ્ય એવો ક્રમ દેખાય છે. પૂર્વપક્ષ છે. એક જ અર્થ ક્યારેક ઘણા બધા સૂત્રોથી જણાવાતો હોવાથી અર્થ જ મહાન છે એવું ન કહેવું કારણ કે, અરિહંત ભગવંતો વડે કહેવાયેલા અર્થને જ ગણધર ભગવંતો ગુંથતા હોવાથી સૂત્રનું પશ્ચાદ્ ભાવિપણું છે. લૌકિક શાસ્ત્રકારો પણ પ્રથમ અર્થને જોઈ સૂત્ર કરે છે કારણ કે અર્થ વિના સૂત્રની નિષ્પત્તિ થતી નથી, 'સકલસ્યાપિ' પદથી વિષયદ્વાર પણ કહેવાયેલો છે.

વ્યાખ્યાન અર્થવાળા અનુયોગ શબ્દથી વ્યાખ્યા કરનારા પર્યાય શબ્દનો લાભ જાણવો અને દ્વારની વ્યાખ્યા કરવામાં અત્યંત ઉપયોગી હોવાથી તેનાથી (દ્વારથી) ઘટિત જ સૂત્ર આદરાયું છે. (બનાવાયું છે.)

ત્યાં પણ જે રીતે નહિ કરાયેલા દ્વારવાળું અથવા કરાયેલા એકાદિ દ્વારવાળું એક નગર નહિ જઈ શકાય તેવું, દુઃખે કરીને જઈ શકાય તેવું થાય છે. કારણ કે, નીકળવામાં અને પ્રવેશ કરવા વિગેરેમાં સુખકર થતું નથી. ચાર દ્વારવાળું નગર તો સુખે કરીને જઈ શકાય તેવું બને, કાર્યનું અવિનાશક થાય છે. તેવી રીતે જો અર્થને જાણવામાં ઉપાયભૂત એવા દ્વારથી શૂન્ય હોય તો પ્રસ્તુત વિષય અશક્ય બોધવાળું થાય અને એકાદિ દ્વારથી યુક્ત પણ દુઃખે કરીને બોધ કરી શકાય તેવું થાય, વળી પરિકર સહિત એવા ચાર દ્વારથી યુક્ત તો સુખે કરીને જાણી શકાય છે. એટલે ચાર દ્વારથી યુક્ત જ લક્ષણ સ્વીકારાયું છે.

તે આ રીતે પશ્ચાત્ એટલે કે સંહિતા પદ-પદાર્થ અને પદવિગ્રહપૂર્વક પ્રશ્નોનો યોગ એટલે સમાધાન તે અનુયોગ કહેવાય છે. આમ વ્યુત્પત્તિના આશ્રયથી લક્ષણ પણ પ્રગટ કરાયું, તેથી આ રીતે પૂર્વસૂત્રમાં વિષય અને આ સૂત્રમાં એકાર્થ, નિરુક્તિ, દ્વાર અને લક્ષણ આ ચાર પ્રદર્શિત કરાયા.

अथ विधिद्वारमादर्शयति --

**सूत्रार्थनिर्युक्तिमिश्रनिरवशेषकथनं तद्विधिः ॥५॥**

सूत्रार्थेति, प्रथमं सूत्रार्थस्य ततो निर्युक्तिमिश्रस्य ततो निरवशेषस्य कथनमनुयोगस्य विधिरित्यर्थः । तत्र ग्रहणधारणसमर्थान् शिष्यान् प्रति प्रथमं सूत्रस्य सामान्येनार्थः यावदध्ययनपरिसमाप्ति कथनीयः, ततो द्वितीयस्यां परिपाट्यां निर्युक्तिमिश्रितः पीठिकया सूत्रस्पर्शिकनिर्युक्त्या च समन्वितो यावदध्ययनपरिसमाप्ति कथनीयः । तृतीयस्यां च पदपदार्थचालनाप्रत्यवस्थानादिभिर्निरवशेषोऽनुयोगोवक्तव्य इति भावः । मन्दमतीन् प्रति तु यथाप्रतिपत्ति सप्तवाराननुयोगः कर्त्तव्यः, न चैतावतातिसृभिः परिपाटीभिरेकान् ग्राहयतो रागस्सप्तभिरपरान् ग्राहयतो द्वेषश्च प्रसज्यते, एकविधपरिपाट्या सर्वेभ्यः सूत्रार्थस्य निरवयवेन सम्प्रदर्शयितुमशक्यत्वात्, न वाऽतिपरिणामकानपरिणामकांश्च परिहरतो द्वेषः, परोक्षज्ञानी ह्याचार्यस्सूत्रार्थौ वदन् विनेयानां विनयाविनयकरणादिनाऽभिप्रायमुपलभ्यापात्रभूतेभ्यः शिष्येभ्यः श्रुताशातनादिना मा विनश्येयुरित्यनुकम्पया न सूत्रार्थौ कथयति न तु द्वेषेणेति, एवमन्येऽपि विधयोऽनुयोगद्वारादितोऽवसेयाः । एतेनानुयोगे प्रवृत्तिरपि सूचिता, आचार्यस्य शिष्यस्य चोद्यमित्वभावे ईदृशविधेरप्रवृत्तेः, अत्र चत्वारो भङ्गाः, उद्यमी आचार्य उद्यमिनः शिष्याः, आचार्योऽनुद्यमी उद्यमिनश्शिष्याः, उद्यमी आचार्यः अनुद्यमिनश्शिष्याः, आचार्योऽनुद्यमी अनुद्यमिनश्च शिष्या इति, तत्र प्रथमे भङ्गेऽनुयोगस्य प्रवृत्तिः, चरमे तु नैव भवति, मध्यमयोस्तु कस्यचित्कथञ्चिद्भवत्यपीति ॥५॥

હવે વિધિ દ્વારને બતાવે છે.

પહેલા સૂત્રાર્થ ત્યાર પછી નિર્યુક્તિથી મિશ્ર અને ત્યાર પછી સંપૂર્ણ કથન કરવું તે અનુયોગની વિધિ છે. ત્યાં ગ્રહણ અને ધારણ માટે શિષ્યો પ્રતિ અધ્યયનની સમાપ્તિ સુધી પહેલા સૂત્રનો સામાન્યથી અર્થ કહેવો, ત્યાર પછી બીજી પરિપાટીમાં અધ્યયનની સમાપ્તિ સુધી નિર્યુક્તિ મિશ્રિત અને પીઠિકા દ્વારા સૂત્રને સ્પર્શનાર એવી નિર્યુક્તિથી યુક્ત કહેવું અને ત્રીજી પરિપાટીમાં પદ-પદાર્થ, ચાલના એટલે કે સમાધાન માટે શંકા કરવી, પૂર્વ પક્ષ કરવો, પ્રત્યવસ્થાન એટલે કે શંકાનું સમાધાન કરવું, ઉત્તર પક્ષ કરવો વિગેરેથી સંપૂર્ણ અનુયોગ કહેવા યોગ્ય છે.

મંદમતીવાળા શિષ્યો પ્રતિ તો જેવી રીતે બોધ થતો હોય તેમ સાત વાર અનુયોગ કરવા યોગ્ય છે. આવું કરવાથી કેટલાક શિષ્યોને ત્રણ પરિપાટીથી ગ્રહણ કરાવતા રાગનો પ્રસંગ થાય અને કેટલાક શિષ્યોને સાત પરિપાટીથી ગ્રહણ કરાવતા દ્વેષનો પ્રસંગ થાય, એક પ્રકારની પરિપાટીથી સર્વ શિષ્યોને નિરવયવપણાથી સૂત્રાર્થનું પ્રદર્શન કરવું અશક્ય છે અથવા તો અતિ પરિણામ લાવનારા એટલે કે હોંશિયાર શિષ્યોનો અને પરિણામ નહિ લાવનારા એટલે મંદમતિવાળા શિષ્યોનો ત્યાગ કરતા દ્વેષ ન થાય.

ખરેખરે સૂત્રને-અર્થને કહેતા એવા પરોક્ષ જ્ઞાની આચાર્ય વિનય-અવિનય કરવા વિગેરેથી શિષ્યોના અભિપ્રાયને મેળવીને અપાત્રભૂત એવા શિષ્યોને શ્રુતની આશાતના વિગેરેથી નષ્ટ ન થાય એવી અનુંકપાથી સૂત્ર-અર્થને કહેતા નથી, પરંતુ દ્વેષથી નહિ. આ પ્રમાણે બીજી પણ વિધિઓ અનુયોગ દ્વાર વિગેરેમાંથી જાણવી. આના દ્વારા અનુયોગમાં પ્રવૃત્તિ બતાવી.

આચાર્ય અને શિષ્યના ઉદ્યમીપણાના સદ્ભાવમાં આવી વિધિની પ્રવૃત્તિ ન થતી હોવાથી અત્રે ચાર ભાંગા છે.

(૧) ઉદ્યમી આચાર્ય ઉદ્યમી શિષ્ય, (૨) આચાર્ય અનુદ્યમી શિષ્ય ઉદ્યમી, (૩) ઉદ્યમી આચાર્ય અનુદ્યમી શિષ્ય, (૪) આચાર્ય અનુદ્યમી શિષ્ય અનુદ્યમી. તેમાં પ્રથમ ભાંગામાં અનુયોગની પ્રવૃત્તિ થાય વળી ચરમભાંગામાં થતી જ નથી અને મધ્યમ ભાંગામાં કોઈક રીતે, અને ક્યારેક થાય છે.

सम्प्रति परिषद्द्वारमाचष्टे –

**ज्ञायकाज्ञायकपरिषदौ तद्योगे ॥६॥**

ज्ञायकेति, संक्षेपेण त्रिप्रकारा हि परिषत्, ज्ञायकाज्ञायकदुर्विदग्धभेदात् । या परिषत् कुपथप्रवृत्तपाखण्डमतेन न दग्धान्तःकरणा गुणदोषविशेषपरिज्ञानकुशला सतामपि दोषाणामपरिग्राहिका केवलं गुणग्रहणपरायणा सा ज्ञायकपरिषत् । या ताम्रचूडकंठीरवकुरङ्गपोतवत् प्रकृत्या मुग्धस्वभावा असंस्थापितजात्यरत्नमिवान्तर्विशिष्टगुणसमृद्धा सुखप्रज्ञापनीया च साऽज्ञायकपरिषत् । या तु तत्तद्गुणज्ञपार्श्वोपगमनेन कतिपयपदान्युपजीव्य पाण्डित्याभिमानिनी किञ्चिन्मात्रमर्थपदं सारपल्लवमात्रं वा श्रुत्वा तत ऊर्ध्वं निजपाण्डित्यख्यापनायाभिमानतोऽवगणयति पाठकम्, अर्थं कथ्यमानञ्चात्मनो बहुज्ञतासूचनायाग्रे त्वरितं पठति सा दुर्विदग्धपरिषत् । तिसृणाममूषां परिषदां मध्ये ज्ञायकाज्ञायकपरिषदावनुयोगयोग्ये, तृतीया त्वयोग्या तत्राचार्यपरिश्रमस्य निष्फलीभवनात्, दुरन्तसंसारोपनिपातसम्भवाच्च, सा हि पदमर्थं वाऽवज्ञया शृणोति पाण्डित्याभिमानेन च महीयसोऽवमन्यते, अवज्ञया च संसारेऽभिष्वक्ता जायत इति । या तु प्रथमा सा अवितथादिगुणसमृद्धा राजहंसः क्षीरमिव गुणानास्वादयति, कचिदनुपयोगप्रभवान् दोषान् परित्यजति तस्मात्तस्या योग्यत्वम् । द्वितीया तु प्रकृत्या मुग्धा यथाऽरण्यादानीय मृगादिशावा यथारुचि भद्रकाः क्रूरा वा क्रियन्ते तथा या परतीर्थिकैरभाविता प्रकृत्या मुग्धा यथा भण्यते तथा करोति, यथा वा रत्नमसंस्कृतं यादृशोऽभिप्रायस्तादृशं घटित्वा क्रियते, एवमेषापि यथा रोचते तथा क्रियत इति सापि योग्येति

भावः । उपलक्षणतया तु अनुयोगकर्त्ता मूलोत्तरगुणशतकलितः, यो हि मूलगुणादिषु सुस्थितस्तस्य वचनं घृतपरिषिक्तपावक इव दीप्यते, गुणहीनस्य तु स्नेहेन विहीनः प्रदीप इव न शोभते वचनम् । आनुपूर्वीनामप्रमाणादिको भेदोऽग्रे वक्ष्यते । नामस्थापनाद्रव्य-क्षेत्रकालवचनभावभेदेन सप्तविधोऽनुयोगस्य निक्षेपः, इंद्रादिनाम्नो व्याख्यानं नामानुयोगः यस्य वा वस्तुनोऽनुयोग इति नाम क्रियते तन्नाममात्रेणानुयोगो नामानुयोगः, स्थापनाया व्याख्यानं यत्रैवानुयोगं कुर्वन्नाचार्यादिः काष्ठादौ स्थाप्यते तत्स्थापनानुयोगः । द्रव्यस्य व्याख्यानं द्रव्ये वा निषद्यादौ स्थितस्यानुयोगो द्रव्यानुयोगः, द्रव्यक्षेत्रकालभावैर्जीवद्रव्यस्या-जीवद्रव्यस्य वाऽनुयोगः द्रव्यानुयोगः । जम्बूद्विपादिलक्षणक्षेत्रव्याख्यानं क्षेत्रानुयोगः । उत्पलपत्रशतभेदादिदृष्टान्तैः समयादेर्व्याख्यानं कालानुयोगः । कदा कश्चिदाचार्यादिस्साध्यादिना सकृद्वचनेन बहुभिर्वा वचनैरभ्यर्थितोऽनुयोगं करोति तदा स वचनानुयोगः । कथं नामैते शिष्याः सूत्रार्थसंग्राहकाः सम्पत्स्यन्ते, तथा कथं नु नाम गीतार्थीभूत्वाऽमी वस्त्राद्युत्पादनेन गच्छस्योपग्रहकारका भविष्यन्ति ममाप्येतान् वाचयतः कर्मनिर्जरा भविष्यति, तथा श्रुतपर्यवजातं ममापि वृद्धि यास्यति, श्रुतस्य वा अव्यवच्छित्तिर्भविष्यतीत्येवं सङ्ग्रहादिभिः पञ्चभिरभिप्रायैर्द्वित्र्यादिभिर्वा श्रुतं सूत्रार्थतो वाचयतो भावानुयोग इत्येवं भाव्यम् ।

હમણા પરિષદ્ દ્વારને કહે છે.

સંક્ષેપથી પરિષદ્ જ્ઞાયક-અજ્ઞાયક-દુર્વિદગ્ધ ભેદથી ત્રણ પ્રકારની છે. કુમાર્ગે પ્રવૃત્ત થયેલા પાંખડિઓના મતથી જેમનું અંતઃકરણ બળ્યું નથી એવી, ગુણ અને દોષનું જ્ઞાન કરવામાં કુશલ, સજ્જનોના પણ દોષોને નહિ ગ્રહણ કરનારી, કેવલ ગુણ ગ્રહણ કરવામાં તત્પર એવી જે પર્ષદા તે જ્ઞાયક પર્ષદા છે.

કુકડા-સિંહ અને હરણના બચ્ચાની જેમ જે પ્રકૃતિથી ભોળા સ્વભાવવાળી હોય, સંસ્કાર નહિ કરાયેલ જાત્યરત્નની જેમ આંતરિક વિશિષ્ટ ગુણોથી સમૃદ્ધ અને સુખે કરીને જે જાણી શકે તે અજ્ઞાયક પર્ષદા છે.

તે તે ગુણોને જાણનારા પાસે જવા દ્વારા કેટલાક પદોને જાણીને પંડિતપણાનું અભિમાન કરનારી કંઈક માત્ર અર્થપદને સાંભળીને અથવા માત્ર સારના વિસ્તારને સાંભળીને અને તેનાથી પોતાનું પંડિતપણું બતાવવા માટે જે અભિમાનથી ઉપાધ્યાય ભગવંતની અવગણના કરે છે અને પોતાના બહુજ્ઞતાને સૂચવવા માટે કહેવાતા અર્થને જે આગળ આગળ જલ્દીથી બોલે છે તે દુર્વિદગ્ધ પરિષત્ છે.

આ ત્રણ પરિષદમાં પહેલી-બીજી પર્ષદા અનુયોગને યોગ્ય છે અને આચાર્ય તો પરિશ્રમ નિષ્ફળ થવાના કારણે અને દુઃખે કરીને અંત કરી શકાય એવા સંસારમાં પડવાનો સંભવ હોવાથી ત્રીજી પર્ષદા અયોગ્ય છે.

તે દુર્વિદગ્ધ પર્ષદા પદ અથવા અર્થને અવજ્ઞાથી સાંભળે છે અને પંડિતપણાના અભિમાનથી મોટાનો તિરસ્કાર કરે છે અને અવજ્ઞાથી સંસારમાં અત્યંત રાગવાળી થાય છે.

જે વળી પહેલી પર્ષદા છે તે અવિતત ગુણોથી સમૃદ્ધ જેમ રાજહંસ ક્ષીરનું, ગુણોનું આસ્વાદન કરે છે અને ક્યાંક ઉપયોગના અભાવના કારણે દોષોનો ત્યાગ કરે છે તેથી તે યોગ્ય છે.

બીજી તો સ્વભાવથી ભોળી છે. જેમ જંગલમાંથી લાવીને હરણ વિગેરેના બચ્ચાઓ રૂચિ પ્રમાણે ભદ્રક પ્રકૃતિવાળા અથવા ક્રૂર કરાય છે. તે પ્રમાણે ભાવિત નહિ થયેલી પ્રકૃતિથી મુગ્ધ એવી જે પર્ષદા જેમ પરતીર્થિકી વડે કહેવાય છે તેમ કરાય છે અથવા અસંસ્કારિત રત્નો વિશે જેવા પ્રકારનો અભિપ્રાય હોય તેવા પ્રકારના ઘડીને કરાય છે. તે પ્રમાણે આ પર્ષદા પણ જેમ ગમે છે તેમ કરાય છે. એટલે તે પણ યોગ્ય છે. ઉપલક્ષણથી અનુયોગ કરનારો સેંકડો એવા મૂલ ઉત્તર ગુણોથી યુક્ત હોય છે. જે વ્યક્તિ મૂલગુણ વિગેરેમાં સુસ્થિત હોય તેનું વચન ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ છે. પરંતુ ગુણહીન વ્યક્તિનું વચન સ્નેહથી રહિત દીવાની જેમ શોભતું નથી.

આ આનુપૂર્વી આદિના ભેદો આગળ કહેવાશે.

નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-વચન-ભાવ ભેદથી અનુયોગનો નિક્ષેપ સાત પ્રકારે છે.

ઈન્દ્રાદિ નામનું કથન તે નામ અનુયોગ અથવા જે વસ્તુનું અનુયોગ એવું નામ કરાય છે તેના નામ માત્રથી અનુયોગ થવો તે નામ અનુયોગ.

સ્થાપનાનું કથન-અનુયોગો કરતા એવા આચાર્યાદિ જે કાષ્ઠાદિમાં સ્થપાય તે સ્થાપના અનુયોગ.

દ્રવ્યનું કહેવું તે દ્રવ્યાનુયોગ અથવા આસન આદિ દ્રવ્યમાં રહેલાનો અનુયોગ તે દ્રવ્યાનુયોગ.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી જીવ અથવા અજીવ દ્રવ્યનો અનુયોગ તે દ્રવ્યાનુયોગ, જંબુદ્વીપ વિગેરે ક્ષેત્રનું વ્યાખ્યાન કરવું તે ક્ષેત્રાનુયોગ, કમલના સો પાંદડાના દૃષ્ટાંતોથી સમય વિગેરેનું વ્યાખ્યાન કરવું તે કાલાનુયોગ.

સાધુ વિગેરે વડે એક વચન વડે અથવા ઘણા વચન વડે પ્રાર્થના કરાયેલા એવા કોઈક આચાર્યાદિ જ્યારે અનુયોગને કરે ત્યારે તે વચનાનુયોગ.

આ શિષ્યો સૂત્રાર્થના સંગ્રાહક કેવી રીતે થશે ? તેમજ આ શિષ્યો ગીતાર્થ થઈને વસ્ત્રાદિને મેળવવા દ્વારા ગચ્છને ઉપકારક કેવી રીતે થશે ? આ (શિષ્યોને)કહેતા એવા મને પણ કર્મનિર્જરા કેવી રીતે થશે ? તેમજ મારો પણ શ્રુતના પર્યાયનો સમૂહ વૃદ્ધિને કેવી રીતે પામશે ? અથવા તો શ્રુત વ્યવચ્છેદનો અભાવ કેવી રીતે થશે ? તે પ્રમાણે સંગ્રહ વિગેરે પાંચે અભિપ્રાયોથી અથવા બે ત્રણ અભિપ્રાયોથી સૂત્રાર્થથી શ્રુતને કહેતા વ્યક્તિને ભાવાનુયોગ હોય છે એ પ્રમાણે જાણવું.

એથી આ પ્રમાણે પરિકર સહિત અનુયોગનું નિરૂપણ કરીને આવશ્યકને આશ્રયીને આગળ અર્થાધિકારના ભેદ બતાડેલ હોવાથી આવશ્યકના અનુયોગને કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર ભગવંત ઉપક્રમ વિના આવશ્યકના અનુયોગનો તો અસંભવ હોવાથી પહેલા ઉપક્રમના સ્વરૂપને જ કહે છે.

तदेवं सपरिकरमनुयोगं निरूप्याग्रेऽर्थाधिकारभेदस्यावश्यकमधिकृत्य प्रदर्शितत्वेनावश्यकस्यानुयोगं कर्त्तुकामस्तस्य तावदन्तरेणोपक्रममसम्भवादुपक्रमस्वरूपमेवादावाह--

**व्याकरिष्यमाणपदार्थनामनिर्देश उपक्रमः ॥७॥**

व्याकरिष्यमाणेति, उपक्रम्यतेऽस्माद्विनीतविनेयविनयादित्युपक्रमः, विनेयेनाराधितो हि गुरुरग्रे यदा कदाचिद्व्याकरिष्यमाणं शास्त्रादिपदार्थमत एव दूरस्थं इदानीमिदं शास्त्रादि व्याकरोमीति समीपमुपनीय निक्षेपयोग्यं करोति स उपक्रम इति भावः । यथा सम्प्रति आवश्यकस्यानुयोगः क्रियत इति निर्देशः, निर्देशे कृते च सति तन्निक्षेपयोग्यं भवति नेतरथेति ॥७॥

પ્રગટ કરાતા પદાર્થોનો નામ નિર્દેશ તે ઉપક્રમ-સૂત્ર જે વિનિત શિષ્યના વિનયથી આરંભ કરાય તે ઉપક્રમ, શિષ્ય વડે આરાધાયેલ ગુરુ ભગવંત આગળ જ્યારે ક્યારે પણ શાસ્ત્રાદિના પદાર્થોને પ્રગટ કરશે, આથી જ દૂર રહેલા એવા આ શાસ્ત્રાદિને પ્રગટ કરું છું એમ કહીને સમીપ લાવીને નિક્ષેપ યોગ્ય કરે છે તે ઉપક્રમ કહેવાય. જેમ અત્યારે આવશ્યકનો અનુયોગ કરાય છે. તે નિર્દેશ છે અને નિર્દેશ કરાયે છતે નિક્ષેપ યોગ્ય થાય છે. અન્યથા નહિ. તેના પ્રકારને કહે છે.

तस्य प्रकारमाह --

**शास्त्रीयेतरभेदाभ्यां द्विविधस्सः ॥८॥**

शास्त्रीयेति, शास्त्रीयः शास्त्रानुगतः, इतरो लोकप्रसिद्धः, स उपक्रमः ॥८॥

તે ઉપક્રમ શાસ્ત્રીય અને ઈતર એવા બે ભેદથી છે.

શાસ્ત્રને અનુસરેલ તે શાસ્ત્રીય, ઈતર એટલે લોક પ્રસિદ્ધ બે પ્રકારે ઉપક્રમ છે.

इतरोपक्रमस्य भेदानाह -

**इतरो नामस्थापनाद्रव्यक्षेत्रकालभावैष्षोढा ॥९॥**

इतर इति, लोकप्रसिद्धोपक्रम इत्यर्थः, नामरूप उपक्रमो नामोपक्रमः यस्य कस्यचिज्जीवस्याजीवस्य वा तदुभयस्य वा जीवानां वाऽजीवानां वोभयेषां वा उपक्रम इति यन्नाम क्रियते स नामोपक्रमः, नाम्ना य उपक्रमः सोऽपि नामोपक्रमः, यस्य जीवादिवस्तुन उपक्रम इति नाम क्रियते तद्वस्तु नाममात्रेणोपक्रमरूपत्वान्नामोपक्रम उच्यते, एवमेव नामावश्यकमपि भाव्यम् । तत्र लोके यथा जीवस्य स्वपुत्रादेर्देवदत्तयज्ञदत्तादि नाम करोति तथा कश्चिदावश्यकमित्यपि नाम करोति स्वाभिप्रायवशात् । जीवस्यावासभूताचित्तबहुकोटराकीर्णवृक्षादिस्सर्पादेरावासभूतत्वेन व्यपदेशादजीवस्यावश्यकनाम भवति, आवासकावश्यक-शब्दयोरेकार्थत्वात्, इष्टकापाकाद्यग्निर्मूषिकावास इत्युच्यते, अग्नौ मूषकाणां संमूर्च्छनादतोऽसंख्येयानामग्निजीवानामावासकनाम भवति, पक्ष्यावासभूतनीडस्य बहुभिस्तृणैर्निष्पन्नत्वाद्बहूनामजीवानामावासकनाम भवति, गृहदीर्घिकाऽशोकवनिकाद्युपशोभितः प्रासादादिप्रदेशो राजादेरावास उच्यते तत्र जलवृक्षादयस्सचेतनाः इष्टकाकाष्टादयश्चाजीवास्तन्निष्पन्नमुभयमिति तस्यावासकनाम भवति, सम्पूर्णनगरादिकं राजादीनामावास इति कृत्वा तत्र बहूनां जीवाजीवोभयेषामावासकनाम भवतीति । क्रियाक्रियावतोरभेदोपचारादुपक्रमतत्कर्त्तृलौकिकसाध्वादेरभेदेन काष्टकर्मचित्रकर्माक्षवरराटकादावेको वाऽनेके वोपक्रमक्रिया वा लौकिकसाध्वादयः सद्भावस्थापनयाऽसद्भावस्थापनया वा स्थाप्यन्ते स स्थापनोपक्रमः, एवं स्थापनावश्यकमपि भाव्यम् । सम्प्रत्युपक्रमोपयोगशून्याः साध्वादिदेहादयो द्रव्योपक्रमः, द्विविधस्सः, आगममाश्रित्य नोआगममाश्रित्य च । यस्य कस्यचिदुपक्रमस्वरूपं शिक्षितं गुरुभिः, अविस्मरणेन चेतसि स्थितं परावर्त्तनया शीघ्रोपस्थितिकत्वाज्जितं अहीनाक्षरानत्यक्षरादिरूपतया स्थितं स जीवस्तदुपयोगे यदा न वर्त्तते तदा आगममाश्रित्य द्रव्योपक्रम उच्यते, नन्वागमतोऽस्य कथं द्रव्योपक्रमत्वम्, आगमस्य ज्ञानरूपत्वेन भावत्वादिति चेन्न, आगमकारणभूतस्यात्मनस्तदधिष्ठितस्य देहस्योपयोगशून्यतदुच्चारणरूपशब्दस्यैव चात्र सत्त्वेनागमस्य साक्षादसत्त्वात्, कारणे कार्योपचाराद्धि तेषामागमरूपत्वम्, द्रव्यञ्च विवक्षितभावस्य कारणं भवतीत्यागममाश्रित्य द्रव्योपक्रम उक्त इति । नोआगमतो द्रव्योपक्रमस्त्रिविधः ज्ञशरीरभव्यशरीरतदुभयव्यतिरिक्तभेदात्, ज्ञशरीरभव्यशरीरतदुभयव्यतिरिक्तभेदास्सर्वथाऽऽगमाभावमाश्रित्य द्रव्योपक्रमः, तत्रोपक्रमपदाभिधेयं जानानस्य यच्छरीरं जीवेन परित्यक्तं

तदतीतोपक्रमभावस्य कारणत्वात्तदानीं सर्वथाऽऽगमरहितत्वान्नोआगमतो ज्ञशरीरद्रव्योपक्रमः । यद्यपि व्यपगतचेतनस्य शरीरस्य न द्रव्योपक्रमत्वम्, उपक्रमकारणस्यैव द्रव्योपक्रमत्वात्, कारणञ्च चेतनाधिष्ठितमेव भवति, अन्यथाऽतिप्रसङ्गात्तथापि प्रक्षिप्तापसारितघृतस्य घटस्य घृतघट इति व्यपदेश इवातीतपर्यायानुवृत्त्यभ्युपगमपरनयानुवृत्त्याऽतीतोपक्रमकारणत्व-पर्यायमपेक्ष्य द्रव्योपक्रमत्वमस्योच्यत इत्यदोषः । विवक्षितपर्याययोग्यो भव्यः, आगामिकाले हि जिनोपदिष्टेन भावेनोपक्रम इत्येतत्पदमसौ शिक्षिष्यते तज्जीवाधिष्ठितं शरीरं तदानीं तत्र वपुष्यागमाभावेन नोआगमतो भव्यशरीरद्रव्योपक्रमः । यद्यप्यत्र शरीरे आगमाभावेन तत्कार-णत्वमपि नास्ति, अतिप्रसङ्गेन कार्याभावे वस्तुनः कारणत्वासम्भवस्तथापि भविष्यत्यपि घृताधारत्वपर्याये घटे घृतघटोऽयमिति व्यपदेशवदिदानीमपि भविष्यत्पर्यायानुवृत्त्यभ्युपगम-परनयानुवृत्त्या तथोच्यत इति, एवं द्रव्यावश्यकमपि भाव्यम् । ज्ञशरीरभव्यशरीरव्यति-रिक्तद्रव्यावश्यकन्तु लौकिककुप्रावचनि-कलोकोत्तरिकरूपभेदत्रयवत्, अनुयोगद्वारादिभ्यस्त-त्स्वरूपमवसेयम् । तदुभयव्यतिरिक्तद्रव्योपक्रमः सचित्ताचित्तमिश्रद्रव्यविषयभेदात् त्रिविधः, द्विपदचतुष्पदापदभेदत आद्योऽपि भेदस्त्रिविधः, नटनर्त्तकादीनां द्विपदानां घृताद्युपयोगेन यद्बलवर्णादिकरणं सोऽवस्थितस्यैव वस्तुनो गुणविशेषाधानरूपत्वात् परिकर्मविषयस्सचित्त-द्रव्योपक्रमः । यस्त्वेषां खड्गादिभिर्नाश एव सम्पाद्यते तदा वस्तुनाशविषयस्सचित्त-द्रव्योपक्रमः । अश्वादिचतुष्पदानां शिक्षागुणविशेषकरणं परिकर्मविषयः, खड्गादिभिस्त्वेषां नाशोपक्रमणं वस्तुनाशविषयः सचित्तद्रव्योपक्रमः । वृक्षादीनामपदानां वृक्षायुर्वेदोपदेशा-द्वार्धक्यादिगुणापादनं तत्फलानाञ्च गर्त्तप्रक्षेपकोद्रवपलाल-स्थगनादिनाऽऽश्वेव पाकादिकरणं परिकर्मविषयः शस्त्रादिभिश्च मूलत एव विनाशनं वस्तुनाशविषयस्सचित्तद्रव्योपक्रमः । खण्डाद्यचित्तद्रव्याणामुपायविशेषतो माधुर्यादिगुणविशेषकरणं सर्वथा विनाशकरणञ्चाचित्त-द्रव्योपक्रमः । अश्वादीनां कुङ्कुमादिभि-र्मण्डितानां स्थासकादिभिर्विभूषितानां यच्छिक्षादिगुण-विशेषकरणं खड्गादिभिर्विनाशकरणं वा स मिश्रद्रव्योपक्रमः, अश्वादीनां सचेतनत्वात्स्थास-कादीनामचेतनत्वाच्च । हलकुलिशादिभिः क्षेत्राणि यद्बीजवपनादियोग्यतामानीयन्ते स परिकर्मविषयः क्षेत्रोपक्रमः तान्येव यदा विनाश्यन्ते स वस्तुनाशविषयः क्षेत्रोपक्रमः, गजेन्द्रमूत्रपुरीषादिदग्धेषु हि क्षेत्रेषु बीजानामप्ररोहणाद्विनष्टानि क्षेत्राणीति व्यपदिश्यन्ते, न चायं द्रव्योपक्रम एव क्षेत्रादिगतपृथिव्यादिद्रव्याणामेव परिकर्मविनाशकरणादिति वाच्यम्, क्षेत्रस्याकाश-रूपत्वेनामूर्त्तत्वात्तस्य मुख्यतयोपक्रमासम्भवेन तदाधेयद्रव्योपक्रमस्यैव तत्रो-

पचारात्, मञ्चाः क्रोशन्तीत्यादावाधेयधर्मोपचारस्य मञ्चाद्याधारे दर्शनात् । ताम्रादिमयघटिकया शङ्कुच्छायादिना नक्षत्रचारादिना वा एतावत्पौरुष्यादिकालोऽतिक्रान्त इति यत्परिज्ञानं स परिकर्मविषयः कालोपक्रमः, यथावत्तत्परिज्ञानस्यैवात्र परिकर्मरूपत्वात् । यच्च नक्षत्रादिचारैः कालस्य विनाशनं स वस्तुनाशविषयः कालोपक्रमः, अनेन ग्रहनक्षत्रादिचारेण कालो विनाशितो न भविष्यन्त्यधुना धान्यादिसम्पत्तय इति व्यवहारात् । आगमतो नोआगमतश्च भावोपक्रमो द्विविधः, उपक्रमशब्दार्थस्तत्रोपयुक्तश्चागमतो भावोपक्रमः । प्रशस्ताप्रशस्तभेदेन नोआगमतो भावोपक्रमः, अत्र परकीयाभिप्रायस्य यथावत् परिज्ञानं भावोपक्रमः । ब्राह्मण्या वेश्ययाऽमात्येन च यत्परकीयभावस्य यथावत् परिज्ञानलक्षणमुपक्रमणं कृतं सोऽप्रशस्तभावोपक्रमस्संसारफलत्वात् । श्रुतादिनिमित्तं गुर्वादीनां यद्भावोपक्रमणं स प्रशस्तभावोपक्रमः, गुरुभावोपक्रमस्यैव मुख्यव्याख्याङ्गत्वात्, तेन व्याख्याने यदेवोपकारि तदेव वक्तव्यम्, गुरुभावोपक्रमस्त्वप्रस्तुतो व्याख्यानानुपकारित्वादिति शङ्का व्युदस्ता ॥९॥

ઈતર ઉપક્રમના બે ભેદોને કહે છે.

ઈતર ઉપક્રમના નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ એમ છ પ્રકારે-

લોક પ્રસિદ્ધ ઉપક્રમ નામ વિગેરે છ પ્રકારે છે. નામરૂપ ઉપક્રમ તે નામ ઉપક્રમ, જે કોઈ જીવના અથવા અજીવના અથવા તે બન્નેના અથવા જીવોના અથવા અજીવોના અથવા તે બન્નેના ઉપક્રમ એવું જે નામ કરાય છે તે નામ ઉપક્રમ, નામથી જે ઉપક્રમ તે પણ નામ ઉપક્રમ, જે જીવાદિ વસ્તુનું નામ કરાય છે તે વસ્તુ નામમાત્રથી ઉપક્રમ સ્વરૂપ હોવાથી નામ ઉપક્રમ કહેવાય છે. આ પ્રમાણે જ નામ આવશ્યક વિચારવું.

ત્યાં લોકમાં જેવી રીતે એવા પોતાના પુત્ર વિગેરેનું દેવદત્ત-યજ્ઞદત્ત વિગેરે નામને કરે છે. તેવી રીતે કોઈ આવશ્યક એવા પણ નામને કરે છે. કારણ કે નામને કરવું તે પોતાના અભિપ્રાયને વશ છે.

જીવ એવા અચિત્ત ઘણી બખોલોથી વ્યાપ્ત એવા વૃક્ષાદિ જીવ એવા સર્પાદિના આવાસભૂત હોવાથી વ્યપદેશથી (કથનથી) અજીવનું આવશ્યક નામ થાય છે. કારણ કે, આવાસક અને આવશ્યક જ શબ્દો એકાર્થ છે.

ઈંટના પાક વિગેરેનું ભૂમિ (ઉંદર) મૂષિકાવાસ એ પ્રમાણે કહેવાય છે. અગ્નિમાં ઉંદરોની ઉત્પત્તિ થતી હોવાથી અસંખ્ય એવા અગ્નિ જીવોનું આવાસક એવું નામ થાય છે.

પક્ષીના આવાસભૂત એવો માળો ઘણા ઘાસના તણખલાથી બનેલો હોવાથી ઘણા એવા અજીવોનું આવાસક નામ થાય છે.

ઘરની વાવડી, અશોક વન વિગેરેથી શોભેલ એવો પ્રાસાદ (રાજમહેલ) આદિનો પ્રદેશ તે રાજાદિનો આવાસ કહેવાય છે. ત્યાં જલ-વૃક્ષ સચેતન છે અને ઈંડા-કાષ્ઠ વિગેરે અજીવ છે. તે બન્નેથી નિષ્પન્ન તે ઉભય થાય છે એટલે ઉભયનું આવાસક નામ થાય છે.

સંપૂર્ણ નગરાદિ રાજાદિનો આવાસ છે એવા અભિપ્રાયથી ઘણા જીવોનું-અજીવોનું-ઉભયનું આવાસક નામ થાય છે.

ક્રિયા અને ક્રિયાવાળાનો અભેદ ઉપચાર થતો હોવાથી ઉપક્રમ અને તેના કરનાર લૌકિક સાધુ વિગેરેનો અભેદથી કાષ્ટકર્મ-ચિત્રકર્મ-અક્ષ-વરાટક વિગેરેમાં, એક અથવા અનેક, અથવા ઉપક્રમ ક્રિયા અથવા લૌકિક સાધુ વિગેરે સદ્ભાવ અથવા અસદ્ભાવ સ્થાપનાથી સ્થપાય છે. તે સ્થાપના ઉપક્રમ, તે પ્રમાણે સ્થાપના આવશ્યક વિચારવું.

હમણાં ઉપક્રમના ઉપયોગથી શૂન્ય એવા સાધુ વિગેરેના દેહ આદિ તે દ્રવ્ય ઉપક્રમ, તે આગમને આશ્રયીને અને નોઆગમ આશ્રયીને તેમ બે પ્રકારે છે.

ગુરુ વડે જે કોઈને ઉપક્રમનું સ્વરૂપ શીખવાડાયું, પરાવર્તનથી શીઘ્ર ઉપસ્થિત થતું હોવાથી, અવિસ્મરણથી ચિત્તમાં સ્થિર થયેલું, અહીનાક્ષર-અનત્યક્ષર વિગેરે સ્વરૂપથી સ્થિર થયેલું. જ્યારે તે જીવ તેના ઉપયોગમાં વર્તતો નથી ત્યારે આગમને આશ્રયીને દ્રવ્ય ઉપક્રમ કહેવાય.

આગમથી આનો દ્રવ્ય ઉપક્રમ કેવી રીતે થાય. કારણ કે આગમ તો જ્ઞાન સ્વરૂપ હોવાથી ભાવ સ્વરૂપ છે.

આગમના કારણ ભૂત એવા આત્માની, તેનાથી અધિષ્ઠિત એવા દેહની અને ઉપયોગથી શૂન્ય એવા આગમના ઉચ્ચારણ શબ્દની અહીં વિદ્યમાનતા હોવાથી આગમની સાક્ષાત્ વિદ્યમાનતા નથી. પરંતુ કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી, તેઓ આગમ સ્વરૂપ જ છે અને દ્રવ્ય એ વિવક્ષિત ભાવનું કારણ થાય છે. એટલે આગમને આશ્રયિને દ્રવ્ય ઉપક્રમ કહેવાયો.

નોઆગમને આશ્રયિને દ્રવ્ય ઉપક્રમ, જ્ઞશરીર, ભવ્ય શરીર અને તદુભયથી વ્યતિરિક્ત એવા ત્રણ પ્રકારે છે. જ્ઞશરીર, ભવ્ય શરીર-તદુભય વ્યતિરેક આગમના અભાવને આશ્રિયને દ્રવ્ય ઉપક્રમ છે. ત્યાં ઉપક્રમ પદના અભિધેયને જાણતા એવા આત્માનું જે શરીર જીવ વડે ત્યજાયું તે શરીર અતીત ઉપક્રમભાવનું કારણ હોવાથી ત્યારે સર્વથા આગમ રહિત હોવાના કારણે નોઆગમ આશ્રયીને જ્ઞશરીર દ્રવ્ય ઉપક્રમ કહેવાય છે. જો કે ગયેલા ચેતનાવાળા શરીરનું દ્રવ્ય ઉપક્રમત્વ છે નહિ. કારણ કે, ઉપક્રમનું કારણ જ દ્રવ્ય ઉપક્રમ છે અને કારણ તો ચેતનાથી અધિષ્ઠિત હોય છે. અન્યથા (ચેતનાથી અધિષ્ઠિત ન હોય એવું પણ શરીર કારણ હોઈ શકે તો) અતિ પ્રસંગ આવે છે. તો પણ નાંખીને કહાયું છે. ઘી જેમાંથી એવા ઘડાને ઘીનો વ્યપદેશ કરાય છે. એની જેમ અતીત પર્યાયોને અનુસરવાનું અને અભ્યુપગમ (સ્વીકારવાળા) પર નયની અનુવૃત્તિથી,

ભૂતકાળમાં થઈ ગયેલા ઉપક્રમ કારણત્વ નામના પર્યાયને અપેક્ષિને આ ચેતના રહિત શરીરનું દ્રવ્ય ઉપક્રમ કહેવાય છે એટલે દોષ નથી.

વિવક્ષિત પર્યાયને યોગ્ય તે ભવ્ય, ભવિષ્યકાળમાં જિનેશ્વર વડે કહેવાયેલા ભાવથી ઉપક્રમ એવા આ પદને શીખશે, તેથી ત્યારે તે શરીરમાં આગમનો અભાવ હોવાથી જીવથી અધિષ્ઠિત એવું શરીરનો આગમને આશ્રયીને ભવ્ય શરીર દ્રવ્ય ઉપક્રમ કહેવાય છે.

જો કે આ શરીરમાં આગમનો અભાવ હોવાથી તેનું કારણત્વ પણ નથી. કાર્ય ન હોય તો પણ કારણ માનવામાં આવે તો અતિ પ્રસંગ થાય, તેથી કાર્યના અભાવમાં વસ્તુના કારણત્વમાં અસંભવ છે. તો પણ ભવિષ્યમાં થનારા એવા પણ ઘીના આધારપણાના પર્યાયવાળા એવા ઘડામાં આ ઘીનો ઘડો છે. એવો વ્યપદેશ (કથન) થઈ શકે છે. તેમ અહીં પણ ભવિષ્ય પર્યાયોને અનુસરવાના સ્વીકારવાળા પર નયની અનુવૃત્તિથી તેવી રીતે કહી શકાય છે. આ પ્રમાણે દ્રવ્ય આવશ્યક વિચારવું.

જ્ઞશરીર અને ભવ્ય શરીર ઉભયથી વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યક તો લૌકિક કુપ્રાવચનિક અને લોકોત્તરી એમ ત્રણ ભેદવાળું છે અને તેનું સ્વરૂપ અનુયોગ ભેદ દ્વારથી જાણવું, તદ્ વ્યતિરિક્ત ઉભય ઉપક્રમ સચિત્ત, દ્રવ્ય, અચિત્ત દ્રવ્ય અને મિશ્ર દ્રવ્યના ભેદથી ત્રણ પ્રકારનું છે. ત્યાં આદ્ય એવું પણ સચિત્ત દ્રવ્ય દ્વિપદ-ચતુષ્પદ અને અપદના ભેદથી ત્રણ પ્રકારનું છે.

નટ-નર્તક વિગેરેને દ્વિપદોને ઘી વિગેરેના ઉપયોગથી જે બલ વર્ણ વિગેરેમાં ફેરફાર કરવો તે અવસ્થિત (અમુક પ્રકારે રહેલી) એવી વસ્તુનું અમુક પ્રકારના ગુણોના આધાન (આરોપણ) સ્વરૂપ હોવાથી પરિકર્મવાળું સચિત્ત દ્રવ્ય ઉપક્રમ કહેવાય છે.

વળી આ દ્વિપદોનો ખડ્ગ વિગેરેથી નાશ કરાય છે ત્યારે તે વસ્તુના નાશ વિષયવાળું સચિત્ત દ્રવ્ય ઉપક્રમ કહેવાય. એ જ પ્રમાણે અશ્વાદિ ચતુષ્પદોને શિક્ષાગુણથી વિશેષ કરવું તે પરિકર્મ વિષયવાળો સચિત્ત દ્રવ્ય ઉપક્રમ કહેવાય. વળી ખડ્ગ વિગેરેથી તેનો નાશ કરવો તે વસ્તુના નાશ વિષયવાળો સચિત્ત દ્રવ્ય ઉપક્રમ છે.

અપદ એવા વૃક્ષાદિમાં વૃક્ષના આયુર્વેદના ઉપદેશથી વૃદ્ધ વિગેરે ગુણોનું આપાદાન કરવું અને ખાડામાં નાંખવું, કોદ્રવના નામના ધાન્યના પરાળમાં (ધાન્ય વગરના અનાજની સોટીના ડુંડામાં) ઢાંકવા વિગેરેથી જલ્દીથી તેના ફળોનો પાક વિગેરે કરવું તે પરિકર્મ વિષયવાળું સચિત્ત દ્રવ્ય ઉપક્રમ કહેવાય અને શસ્ત્ર વિગેરે મૂળથી નાશ કરવું તે વસ્તુના નાશ વિષયવાળું સચિત્ત દ્રવ્ય ઉપક્રમ કહેવાય.

ટુકડા વિગેરે અચિત્ત દ્રવ્યનું ઉપાય વિશેષથી મધુરતા વિગેરે વિશેષ ગુણોનું કરવું અને સર્વથા વિનાશ કરવો તે અચિત્ત દ્રવ્ય ઉપક્રમ, કંકુ આદિથી શણગારાયેલા અને અલંકારાદિથી

શણગારાયેલા એવા ઘોડા વિગેરેનું જે શિક્ષા વિશેષ ગુણોનું કરવું અને ખડ્ગ વિગેરેથી વિનાશ કરવો તે મિશ્ર દ્રવ્ય ઉપક્રમ, કારણ કે અશ્વ સચેતન અને અલંકાર વિગેરે અચેતન છે.

હળ (કુલિશ એક પ્રકારનું ઝાડ) વિગેરેથી ક્ષેત્રોને જે બીજ વાવવા યોગ્યતાને પમાડાય છે. તે પરિકર્મ વિષયવાળો ક્ષેત્ર ઉપક્રમ તે ક્ષેત્રો જ જ્યારે નાશ કરાય છે. ત્યારે વસ્તુના વિષયવાળું ક્ષેત્ર ઉપક્રમ.

હાથીઓના મૂત્ર-વિષ્ટા વિગેરેથી બળેલા ખેતરોમાં બીજ ઉગતા નહિ હોવાના કારણે ખેતરો નષ્ટ થયા એવું કહેવાય છે. ખેતર વિગેરેમાં રહેલા પૃથ્વી વિગેરે દ્રવ્યોનો જ પરિકર્મ અને વિનાશ કરવામાં આવતો હોવાથી આ દ્રવ્ય ઉપક્રમ જ કહેવાય એમ ન કહેવું. ખેતર તો આકાશ સ્વરૂપ છે એટલે અમૂર્ત હોવાથી મુખ્યતાયે તેના ઉપક્રમનો અસંભવ હોવાથી તે ક્ષેત્રના આધેયભૂત તેવા દ્રવ્યના ઉપક્રમનો જ આધારભૂત એવા ક્ષેત્રનો ઉપચાર કરે છે.

'મંચાક્રોશન્તિ' (માંચડાઓ અવાજ કરે છે.) ઈત્યાદિમાં આધેયભૂત એવા (માંચડા પર રહેલા લોકો) ધર્મના ઉપચારનું આધારભૂત એવા મંચાદિમાં દર્શન થાય જ છે. આ પ્રમાણે આધારમાં આધેયનો ઉપચાર થતો હોવાથી આધાર એવા ક્ષેત્રમાં આધેય એવા દ્રવ્ય ઉપક્રમનો ઉપચાર કરેલો છે.

તાંબા વિગેરે ઘડીયાળથી અથવા શંકુના પડછાયા વિગેરેથી (શંકુ-પડછાયાના માપ માટે લાકડાનો ખીલો) અથવા નક્ષત્રના સંચાર વિગેરેથી આટલો પોરિસી વિગેરેનો કાળ પસાર થયેલો છે. એમ જે જ્ઞાન થવું તે પરિકર્મ વિષયવાળો કાલ ઉપક્રમ. જેવા પ્રકારનું છે તેવા પ્રકારનું જ્ઞાન જ અહીં પરિકર્મ સ્વરૂપ છે અને જે નક્ષત્ર વિગેરેના સંચારથી કાલનો નાશ થવો તે વસ્તુ નાશ વિષયવાળો કાલ ઉપક્રમ, આ ગ્રહ નક્ષત્ર વિગેરેના સંચારથી કાલનો નાશ કરાયો તેથી હવે ધાન્ય વિગેરે સંપત્તિઓ થશે નહિ તેવો વ્યવહાર થાય જ છે.

આગમ-નોઆગમ-દ્રવ્ય ઉપક્રમ બે પ્રકારનો છે. ઉપક્રમ શબ્દાર્થજ્ઞ અને તેમાં ઉપયોગવાળો તે આગમત ભાવ ઉપક્રમ, પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી નો આગમત ભાવ ઉપક્રમ છે. અહીં બીજા અભિપ્રાયનું જેવું હોય તેવું જ્ઞાન થવું તે ભાવઉપક્રમ, બ્રાહ્મણીથી-વેશ્યાથી-પ્રધાનથી જે બીજાના ભાવનું યથાવત્ પરિજ્ઞાન સ્વરૂપ ઉપક્રમ કરાયું તે સંસારના ફળ સ્વરૂપ હોવાથી અપ્રશસ્ત સ્વરૂપ છે.

શ્રુતાદિ નિમિત્તે ગુરુ આદિના ભાવોનું જે ઉપક્રમ તે પ્રશસ્તભાવ ઉપક્રમ કહેવાય, ગુરુના ભાવનો ઉપક્રમ જ મુખ્ય વ્યાખ્યાનનો અંગ છે. તેથી વ્યાખ્યાનમાં જે ઉપકારી હોય તે જ કહેવું જોઈએ, વળી ગુરુભાવ ઉપક્રમ અપ્રસ્તુત છે, કારણ કે, વ્યાખ્યાનને અનુઉપકારી છે એ પ્રમાણે શંકા નિરસન (ખંડિત) થઈ.

अथ शास्त्रीयोपक्रमभेदानाह--

**आनुपूर्वीनामप्रमाणवक्तव्यताऽर्थाधिकारसमवतारभेदतष्षड्विधः शास्त्रीयः ॥१०॥**

आनुपूर्वीति, पूर्वस्यानु पश्चादनुपूर्वं तस्य भावेऽर्थे ष्यञन्तेनानुपूर्व्यशब्देन षित्वात्स्त्रीत्वे ङीषिकृते आनुपूर्वीति निष्पत्तिः त्र्यादिवस्तुसमूहः, आनुपूर्वी अनुक्रमः अनुपरिपाटीति पर्यायाः । जीवगतनामादिपर्यायाजीवगतरूपादिपर्यायानुसारेण प्रतिवस्तु भेदेन नमति तदभिधायकतया प्रवर्त्तत इति नाम वस्त्वभिधानमित्यर्थः । धान्यद्रव्यादि प्रमीयते परिच्छिद्यतेऽनेनेति प्रमाणं, असृतिप्रसृत्यादि, अथवा इदञ्चेदञ्च स्वरूपमस्य भवतीत्येवं प्रतिनियतस्वरूपतया प्रत्येकं प्रमीयते परिच्छिद्यते यत्तत्प्रमाणं अध्ययनादिषु प्रत्यवयवं यथासम्भवं प्रतिनियतार्थकथनं वक्तव्यता, यो यस्य सामायिकाद्यध्ययनस्यात्मीयोऽर्थस्तुदुत्कीर्त्तनमर्थाधिकारः । वस्तूनां स्वपरोभयेष्वन्तर्भावचिन्तनं समवतार इत्येवं शास्त्रीयोपक्रमः षट्प्रकार इत्यर्थः ॥१०॥

શાસ્ત્રીય ઉપક્રમના ભેદને કહે છે -

સૂત્ર-શાસ્ત્રીય ઉપક્રમ-આનુપૂર્વી-નામ-પ્રમાણ-વક્તવ્યતા-અર્થાધિકાર-સમવતાર ભેદથી છ પ્રકાર છે.

જે પૂર્વની પછી થાય તે આનુપૂર્વ કહેવાય, તેને ભાવ અર્થમાં યમ્ પ્રત્યય થતો હોવાથી આનુપૂર્વ્ય શબ્દ બને અને યઞ્ પ્રત્યય ષઈત્ હોવાના કારણે સ્ત્રી લિંગમાં ङી પ્રત્યય કરાયે છતે ત્રણ વિગેરે વસ્તુના સમૂહ અર્થવાળો આનુપૂર્વી એવો શબ્દ થાય. આનુપૂર્વી-અનુક્રમ-અનુપરિપાટી એ પર્યાયવાચી શબ્દો છે.

જીવમાં રહેલા નામ વિગેરે પર્યાયો અને અજીવમાં રહેલા રૂપ પર્યાયોના અનુસારે દરેક વસ્તુ ભેદથી અભિહિત થાય છે. એટલે કે તેના અભિધાયક રૂપે (કહેનાર નામરૂપે) પ્રવર્ત્તે છે. તેથી વસ્તુનું અભિધાન એવા અર્થવાળો નામ શબ્દ છે.

ધાન્ય વિગેરે મપાય (જણાય) તે પ્રમાણ, અશ્રુતિ વિગેરે સ્વરૂપ આનું છે એ પ્રમાણે પ્રતિનિયત સ્વરૂપપણે પ્રત્યેક વસ્તુ મપાય છે (જણાય છે.) તે પ્રમાણ,

અધ્યયન વિગેરે દરેક અવયવનું યથાસંભવ-ચોક્કસ અર્થનું કહેવું તે વક્તવ્યતા, જે સામાયિક વિગેરે અધ્યયનો જે પોતાનો અર્થ તેનું ઉત્કીર્ત્તન કરવું તે અર્થાધિકાર.

વસ્તુઓનો સ્વ-પર અને ઉભયમાં જે અંતર્ભાવનું ચિંતન કરવું તે સમવતાર તે પ્રમાણે છ પ્રકારનો શાસ્ત્રીય ઉપક્રમ છે.

इदानीमानुपूर्व्या दशविधत्वमाविष्करोति--

**नामस्थापनाद्रव्यक्षेत्रकालोत्कीर्त्तनागणनासंस्थानसामाचारीभावैरानुपूर्वी दशधा ।११।**

नामेति, नामानुपूर्वी स्थापनानुपूर्वी च पूर्वोदितनामस्थापनावश्यकसदृशी द्रव्यानुपूर्व्यपि यावत्तदुभयव्यतिरिक्तद्रव्यानुपूर्वी तद्वदेव ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तद्रव्यानुपूर्वी तु औपनिधिक्यनौपनिधिकीभेदतो द्विविधा, तस्याः क्षेत्रादीनाञ्च व्याख्याऽग्रे करिष्यते ॥११॥

હમણા આનુપૂર્વીના દશ પ્રકાર પ્રગટ કરે છે.

સૂત્ર-આનુપૂર્વી-નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ઉત્કીર્તન-ગણના-સંસ્થાન-સામાચારી-ભાવ વડે દશ પ્રકારની છે.

નામાનુપૂર્વી અને સ્થાપનાનુપૂર્વી પૂર્વે કહેલા નામ આવશ્યક અને સ્થાપના આવશ્યક સરખી છે. દ્રવ્યાનુપૂર્વી પણ તદુભય વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી આગળ બતાવી તેની જેમ જ છે. જ્ઞશરીર દ્રવ્યાનુપૂર્વી, ભવ્ય શરીર દ્રવ્યાનુપૂર્વીથી વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી તો ઔપનિધિકી અને અનૌપનિધિકી ભેદથી બે પ્રકારની છે. તેની અને ક્ષેત્રાદિની વ્યાખ્યા આગળ કરાશે.

सम्प्रति नामादिशास्त्रीयभेदानेवाह--

**एकद्वित्रिचतुःपञ्चषट्सप्ताष्टनवदशभेदैर्दशविधं नाम ॥१२॥**

एकेति, एकनाम द्विनाम त्रिनाम चतुर्नाम पञ्चनामेत्यादिभेदेन दशविधं नामेत्यर्थः ॥१२॥

હમણાં નામાદિ શાસ્ત્રીય ભેદોને જ કહે છે -

એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ-દશ ભેદોથી દશ પ્રકારના નામ છે.

એકનામ-બે-નામ-ત્રણનામ-ચારનામ-પાંચનામ ઇત્યાદિ ભેદથી દશ પ્રકારના નાંમ છે.

कथमेकादिनाम विज्ञेयमित्यत्राह--

**नाम्ना जीवाजीवाभ्यां द्रव्यगुणपर्यायैरागमलोपप्रकृतिविकारैर्नामिकनैपातिकाख्यातिकौपसर्गिकमिश्रैरोदयिकौपशमिकक्षायिक-क्षायोपशमिकपारिणामिकसान्निपातिकैष्षड्जर्षभगान्धारमध्यमपञ्चमधैवतनिषादैर्विभक्तिभिर्वीरशृङ्गाराद्भुतरौद्रव्रीडनकबीभत्सहास्य-करुणशान्तैर्गौणनोगौणाऽऽदानपदप्रतिपक्षपदप्रधानतानादिसिद्धान्तनामावयवसंयोगप्रमाणैर्नामभेदाः ॥१३॥**

नाम्नेति, येन केनचिदेकेनापि सता नाम्ना सर्वेऽपि विवक्षितपदार्था अभिधातुं शक्यन्ते तदेकनाम, यथा जीवाजीवभेदानां द्रव्याणां ज्ञानादिरूपादिगुणानां नारकत्वादीनामेकगुण-

कृष्णत्वादीनाञ्च पर्यायाणामभिधानानि यानि कानिचिल्लोके रूढानि तानि सर्वाणि नामत्वसामान्याव्यभिचारादेकेन नामशब्देनोच्यन्त इत्येतदेकनाम, जीवाजीवाभ्यामिति, विद्यमानं सर्वमपि वस्तु एकाक्षरेण नाम्ना ह्रीः श्रीरित्यादिरूपेणाभिधीयते लज्जाबुद्धिर्देवतेत्याद्यनेकाक्षरेण वा, अतो नामद्वयेनानेन विवक्षितनिखिलपदार्थस्याभिधानाद्द्विनामोच्यते, यद्वा जीवाजीवाभ्यामिति, यदस्ति वस्तु जगति तेन जीवनाम्नाऽजीवनाम्ना वा भवितव्यमिति जीवाजीवनामभ्यां विवक्षितसर्ववस्तुसंग्रहात् द्विनाम भवति एवं सामान्यनाम्ना विशेषनाम्ना च सर्वेषां संग्रहो भाव्यः । द्रव्यगुणपर्यायैरिति, द्रव्यगुणपर्यायभेदात् त्रिविधं हि वस्तु, द्रव्यं धर्मास्तिकायादयः, गुणाः वर्णगन्धादयः, पर्याया एकगुणकालत्वादयः, तथा च यत्किमपि नाम तेन सर्वेणापि द्रव्यनाम्ना गुणानाम्ना पर्यायनाम्ना वा भवितव्यं नातः परं किमपि नामास्ति ततस्सर्वस्याप्यनेन संग्रहात् त्रिनामैतदुच्यते । एवं द्रव्यादिनाम्नां सामान्यतस्त्रीपुंनपुंसकलिङ्गेषु त्रिप्रकारेषु वर्त्तमानत्वात् त्रिविधं नाम भाव्यम् । आगमलोपप्रकृतिविकारैरिति, आगमो नुम् सुडादिः, तेन निष्पन्नं नाम यथा पद्मानीत्यत्र 'नपुंसकस्य झलच' इत्यनेन नुमागमविधानात्तेन निष्पन्नं पद्मानीति नाम, संस्कार उपस्कार इत्यादीनि नामानि तु सुडागमेन । मनीषेत्वादिनामानि सकारादिलोपनिष्पन्नानि, सरसिजं कण्ठेकाल इत्यादीनि प्रकृतिभावनिष्पन्नानि, एवमग्नी एतावित्यादीन्यपि । वर्णस्यान्यथाकरणं विकारस्तेन निष्पन्नं दण्डाग्रं तस्करः षोडशेत्यादिनामानि दीर्घादिना वर्णविकारात् । तथा च वस्तुमात्रमागमनिष्पन्नेन लोपनिष्पन्नेन प्रकृतिभावसिद्धेन विकारजेन वा नाम्ना भवतीति चतुर्नामोच्यते । नामिकनैपातिकाऽऽख्यातिकौपसर्गिकमिश्रैरिति, यथा अश्व इत्यादि नामनिष्पन्नं, वस्तुवाचकत्वात्, खल्वित्यादि नैपातिकं निपातगणान्तर्गतत्वात्, धावतीत्यादि आख्यातिकं क्रियाप्रधानत्वात्, परीत्यादि औपसर्गिकं, उपसर्गेषु पठितत्वात्, संयत इत्यादि मिश्रं, उपसर्गनामसमुदायनिष्पन्नत्वात्, एतैरपि सर्वस्य पदार्थस्य क्रोडीकरणात् पञ्चनामत्वम् । औदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकपारिणामिकसान्निपातिकैरिति, अत्र नाम्न उपक्रमे तदभिधेयभावलक्षणार्थाभिधानं नामनामवतोरभेदोपचारादिति ज्ञेयम् । तत्रोदय एवौदयिकः ज्ञानावरणाद्यष्टविधकर्मप्रकृतीनां स्वस्वरूपेण विपाकतोऽनुभवनम्, उदयेन निष्पन्न औदयिक इति वा, उदयनिष्पन्नोऽयं नामपदार्थो जीवे उदयनिष्पन्नोऽजीवे उदयनिष्पन्नश्चेति द्विविधः, आद्यो नारकतिर्यङ्मनुष्यदेवपृथिवीकायादयः, द्वितीय औदारिकादिशरीराणि तद्व्यापारपरिणमितवर्णगन्धादयश्च । उपशम एवौपशमिकः, उपशमेन निष्पन्नो वौपशमिकः,

अष्टाविंशतिभेदभिन्नस्य मोहनीयस्योपशमश्रेण्यामुपशमः प्रथमः, अपरश्च क्रोधादीनामुपशान्ततायां ये व्यपदेशास्ते सर्वे । क्षय एव क्षायिकः क्षयेण निर्वृत्तो वा क्षायिकः, ज्ञानावरणादिकर्मप्रकृतीनामष्टानां सोत्तरभेदानां सर्वथापगमः प्रथमः, अपरस्तु क्षयनिष्पन्नस्तत्फलरूपः । क्षयोपशमावेव क्षायोपशमिकः क्षयोपशमाभ्यां वा निर्वृत्तः क्षायोपशमिकः, केवलज्ञानप्रतिबन्धकानां चतुर्णां घातिकर्मणां उदयप्राप्तानां क्षयः, अनुदीर्णानामुपशमरूपश्च क्षायोपशमिक आद्यः, द्वितीयस्तु मतिज्ञानलब्धिश्रुतज्ञानलब्ध्यवधिज्ञानलब्धिमनःपर्यवज्ञानलब्धिमत्यज्ञानलब्ध्यादयः । तेन तेन रूपेण वस्तूनां भवनं परिणामस्स एव पारिणामिकस्तेन निर्वृत्तो वा, साधनादिरूपेण पारिणामिको भावो द्विविधाः, आद्यो जीर्णत्वशब्दाब्दवृक्षसंध्यागंधर्वनगरादयः, धर्माधर्माकाशादयो द्वितीयः । औदयिकादिभावानां द्व्यादीनां मिलनं सन्निपातः स एव तेन वा निर्वृत्तस्सानिपातिकः, यथा द्विकसंयोगे दश, औदयिकौपशमिकनिष्पन्नः, औदयिकक्षायिकनिष्पन्नः, औदयिकक्षायोपशमिकनिष्पन्नः, औदयिक–परिणामिकनिष्पन्नः, औपशमिकक्षायिकनिष्पन्नः, औपशमिकक्षायोपशमिकनिष्पन्नः, औपशमिकपारिणामिकनिष्पन्नश्चेति, एवं क्षायिकक्षायोपशमिकनिष्पन्नः, क्षायिकपारिणामिकनिष्पन्नः, क्षायोपशमिकपारिणामिकनिष्पन्नश्चेति, एवं त्रिकसंयोगे दश, पञ्च चतुस्संयोगे, एकस्तु पञ्चकसंयोग इति षड्विंशतिरनुयोगद्वारे दृष्टव्यास्सर्वे । द्विकसंयोगेनवमभङ्गस्सिद्धस्य, परे नव द्विकयोगा न क्वचिज्जीवे सम्भवन्ति संसारिणो जघन्यतोऽपि गतिरौदयिकी क्षायोपशमिकानीन्द्रियाणि पारिणामिकं जीवत्वमित्येतत् त्रयस्य लाभात् किन्तु ते प्ररूपणामात्रमिति, एतैः षड्भिर्भावैर्धर्मास्तिकायादेः समस्तस्यापि वस्तुनस्सङ्ग्रहात् भावषट्कवाचकनामानि षडिति भावः ॥ षड्जर्षभगान्धारमध्यमपञ्चमधैवतनिषादैरिति, नासाकण्ठोरस्तालुजिह्वादन्तैष्षड्भिर्जातस्स्वरः षड्जः, नाभिसमुत्थः कण्ठशीर्षसमाहतो वृषभवन्नर्दतीति ऋषभः, हृत्कण्ठसमाहतनाभिसमुत्थनानागन्धवहवायुजन्यो गान्धारः, उरोहृत्समाहतनाभि–समुत्थनाभिप्राप्तवायुजन्यो मध्यमः, नाभिसमुत्थो हृत्कण्ठशिरोहतवायुजनितः पञ्चमः, पूर्वोदतस्वराननुसन्ध्यन् स्वरो धैवतः, यस्मिन् स्वरा निषीदन्ति सर्वांश्चाभिभवति स निषादः, जीवाजीवनिश्रितस्वरविशेषा एते, मृदंगाद्यजीवेषु षड्जादिव्युत्पत्त्यर्थाभावेऽपि तत्सादृश्यात्तत्त्वमवगन्तव्यम्, तदेवमेतैः षड्जादिभिः सप्तभिर्नामभिस्सर्वस्यापि स्वरमण्डलस्याभिधानात्सप्त नामोच्यते । विभक्तिभिरिति, विभज्यते प्रकटीक्रियतेऽर्थ आभिरिति विभक्तयस्ताभिरिति विग्रहः नामविभक्तयो ग्राह्या नाख्यातविभक्तयः, ते चाष्टविधाः लिङ्गार्थमात्रप्रतिपादनरूपे निर्देशे

प्रथमा विभक्तिर्भवति, अन्यतरक्रियायां प्रवर्त्तनेच्छोत्पादनरूपे उपदेशे द्वितीया, उपलक्षणमिदं करोतीत्यादावुपदेशमन्तरेणापि द्वितीयाया दर्शनात्, एवमग्रेऽपि, विवक्षितक्रियासाधकतमे करणे तृतीया, यस्मै सम्प्रदीयते तस्मिन् गवादिदानपात्रभूते सम्प्रदाने चतुर्थी, वियुज्यमानावधिभूतेऽपादाने पञ्चमी, स्वस्वामिभावादिसम्बन्धे षष्ठी, आधारार्थे सप्तमी, आमंत्रणार्थे संबोधनविभक्तिरिति, एतद्विभक्त्यन्तं नामाप्यष्टविधम्, न च विभक्तिमन्तरेणान्यन्नामास्ति, अतोऽनेन नामाष्टकेन सर्वस्य वस्तुनोऽभिधानद्वारा सङ्ग्रहणादष्टनाम । वीरशृङ्गाराद्भुतरौद्रव्रीडनकबीभत्सहास्यकरुणशान्तैरिति, एते काव्येषूपनिबद्धा रसाः तत्तत्सहकारिकारणसन्निधानोद्भूताश्चेतोविकारविशेषाः, उत्तमप्रकृतिपुरुषचरितश्रवणादि हेतुसमुद्भूतो दानाद्युत्साहप्रकर्षात्मको वीरः, कमनीयकामिनीविलोकनादिसम्भवो रतिप्रकर्षात्मकः शृङ्गारः, श्रुतं शिल्पं त्यागतपःशौर्यकर्मादि वा सकलभुवनातिशायि किमप्यपूर्वं वस्त्वद्भुतमुच्यते तद्दर्शनश्रवणादिभ्यो जातो रसोऽप्युपचाराद्विस्मयरूपोऽद्भुतः, रिपुजनमहारण्यादिदर्शनाद्युद्भवो विकृताध्यवसायरूपो रसो रौद्रः, लज्जनीयवस्तुदर्शनादिप्रभवो मनःसंकोचनादिस्वरूपो व्रीडनकः, शुक्रशोणितोच्चारप्रस्रवणादिदर्शनश्रवणादिप्रभवो जुगुप्साप्रकर्षस्वरूपो बीभत्सः, विकृतासम्बद्धपरवचनवेषालंकारादि–हास्यार्हपदार्थप्रभवो मनःप्रकर्षादिचेष्टात्मको हास्यः, प्रियविप्रयोगादिदुःखहेतुसमुत्थः शोकप्रकर्षस्वरूपः करुणो रसः, परमगुरुवचनश्रवणादिहेतुसमुल्लसित उपशमप्रकर्षात्मा शान्तो रसः । तथा चैतैर्नवभिर्नामभिर्विवक्षितस्य रसस्य सर्वस्याप्याभिधानान्नव नामेदमुच्यते । गौणनोगौणाऽऽदानपदप्रतिपक्षपदप्रधानतानादिसिद्धान्तनामवयवसंयोगप्रमाणैरिति, गुणैर्निष्पन्नं गौणं यथा क्षमणतपनादिपदानि, क्षमालक्षणतपनलक्षणादिगुणनिष्पन्नत्वात् सान्वर्थं पदमिति यावत्, .यत्तु न गुणनिष्पन्नं तन्नोगौणं, अन्वर्थाननुयायीति यावत्, यथा समुद्रसमुद्रादयः, समुद्रशब्दो हि कर्पूराद्याधारविशेषे वर्त्तते, स चाविद्यमानमुद्रः, समुद्रो जलराशौ वर्त्तते स चाङ्गुल्याभरणविशेषभूतमुद्रारहित इति । आदीयते तत्प्रथमतयोच्चारयितुमारभ्यते शास्त्राद्यनेनेत्यादानं तच्च तत्पदञ्चादानपदं, शास्त्रस्याध्ययनोद्देशकादेश्चादिपदमित्यर्थस्तेन हेतुभूतेन किमपि नाम भवति, यथा आवन्तीत्याचारस्य पञ्चमाध्ययनं तत्र ह्यादावेव 'आवन्ती केयावन्ती' त्यालापको विद्यत इत्यादानपदेनैतन्नाम, एवमन्यदपि भावनीयम् । विवक्षितधर्मस्य विपरीतः प्रतिपक्षस्तद्वाचकं पदं प्रतिपक्षपदं यथा शृगाली अशिवाऽपि अमाङ्गलिकशब्दपरिहारार्थं शिवा भण्यते, नोगौणं प्रवृत्तिनिमित्ताभावमात्रेणोक्तं, प्रतिपक्षपदन्तु प्रतिपक्षधर्मवाचकत्वसापेक्षमिति विशेषः ।

प्रधानस्य भावः प्रधानता तया नाम किमपि भवति, यथा अशोकवृक्षबहुलमल्पाम्रादिवृक्षयुतं वनमशोकवनमिति, गुणव्याप्तपदार्थवाचकं गौणपदं, अनेकतद्घटितपदार्थवाचकमिदमिति विशेषः । अनादिकालादारभ्येदं वाच्यमिदं वाचकमिति वाच्यवाचकभावेन सिद्धो यः परिच्छेदः सोऽनादिसिद्धान्तः तेन निष्पन्नं नाम, यथा धर्मास्तिकायादिपदं एतत्पदवाच्योऽर्थः कदाऽप्यन्यथात्वं न भजते, गौणपदप्रतिपाद्यस्तु पदार्थः प्रदीपादिर्दीपकलिकादि परित्यजन्नपि प्रदीपादिपदवाच्यो भवतीति विशेषः । नाम पितृपितामहादेर्वाचकमभिधानं तेन हेतुभूतेन पुत्रपौत्रादिनाम भवति, पित्रादेर्यद्बन्धुदत्तादि नामासीत् पुत्रादेरपि तदेव विधीयमानं नाम्ना नामोच्यते । अवयविन एकदेशोऽवयवस्तेन नाम, शृङ्गी द्विपदं चतुष्पदमित्यादि, इदमवयव-प्राधान्यतया प्रवर्त्तते गौणनाम तु सामान्यरूपतया प्रवर्त्तत इति भेदः । संयोगस्सम्बन्धः, स चतुर्विधो द्रव्यसंयोगः क्षेत्रसंयोगः कालसंयोगः भावसंयोगश्चेति, आद्यः सचित्ताचित्त-मिश्रद्रव्यभेदात्रिविधः गोमानित्यादि सचित्तद्रव्यसंयोगेन, छत्रीत्यादि अचित्तद्रव्यसंयोगेन, हालिक इत्यादि मिश्रद्रव्यसंयोगेन, हलस्याचेतनत्वाद्बलीवर्दानां सचेतनत्वात् । क्षेत्रसंयोगो यथा भारतो भरते जातत्वान्निवासाद्वा, ऐरवतो हैमवत इत्यादि, सुषमसुषमजः सुषमज इत्यादि कालसंयोगः, भावः पर्यायः, स च द्विधा प्रशस्तो ज्ञानादिस्तेन ज्ञानी दर्शनीत्यादि, अप्रशस्तः क्रोधादिस्तेन क्रोधी मानीत्यादिरिति भावसंयोगः संयोगप्रधानतया प्रवृत्तत्वादस्य गौणाद्भेदः । नामस्थापनाद्रव्यभावभेदेन प्रमाणं चतुर्विधम्, जीवादीनां प्रमाणमिति यन्नाम तन्नामप्रमाणं, नक्षत्रदेवताकुलपाषण्डगणादीनि वस्तून्याश्रित्य यस्य कस्यचिन्नामस्थापनं क्रियते सेह स्थापना, सैव प्रमाणं स्थापनाप्रमाणं तेन नाम भवति, यथा कार्तिकः कृत्तिकादत्त इत्यादि, कृत्तिकायां जातत्वात् कृत्तिकाभिर्दत्तत्वात्, एवं देवतादिप्रयुक्तान्यपि भाव्यानि । द्रव्यप्रमाणं धर्मास्तिकायादिनामानि षट्, तत्तद्द्रव्यरूपप्रमाणनिष्पन्नत्वात् । युक्तार्थ-त्वादिको गुणो भावः तेन वस्तुनः परिच्छिद्यमानत्वात्प्रमाणं तेन निष्पन्नं नाम भावप्रमाणम्, समासजतद्धितजधातुजनैरुक्तभेदात्तच्चतुर्विधम्, समासस्य सप्तविधत्वेन समासजं सप्तविधं दन्तोष्ठपुष्पित-कुटजकदम्बादिरूपम् । दोषिकस्सौत्रिक इत्यादि तद्धितजम् । भूरयं परस्मैपदी धातुः सत्तालक्षणार्थस्य वाचकत्वेन धातुजं नामेति, अभिधानाक्षरानुसारतो निश्चितार्थस्य वचनं निरुक्तं तत्र भवं नैरुक्तम्, तच्च मह्यां शेते महिष इत्यादिरूपम् । एतैर्दशभिर्नामभिस्सर्वस्यापि वस्तुनोऽभिधानद्वारेण सङ्ग्रहाद्दशनामेति दिक् ॥१३॥

કેવી રીતે એક વિગેરે નામ જાણવા તે અહીં કહે છે.

સૂત્ર-દશ નામના ભેદો ૧-એકનામ, ૨-જીવ, અજીવ, ૩-દ્રવ્ય,ગુણ,પર્યાય, ૪-આગમ, લોપ પ્રકૃતિ, વિકાર, ૫-નામિક નૈપાતિક, આખ્યાતિક, ઔપસર્ગિક, મિશ્ર, ૬-ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સાન્નિપાતિક, ૭-ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ, ૮-વિભક્તિ પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી, સંબોધન, ૯-વીર, શૃંગાર, અદ્ભુત, રૌદ્ર, વ્રીડનક, બીભત્સ, હાસ્ય, કરુણ, શાંત, ૧૦-ગૌણ, નોગૌણ, આદાનપદ, પ્રતિપક્ષપદ, પ્રધાનતા, અનાદિ સિદ્ધાંત, નામ, અવયવ, સંયોગ, પ્રમાણ.

નામ્નેતિ- જે કોઈ એક સત્ એવા એક પણ નામથી સર્વે પણ વિવક્ષિત પદાર્થો કહેવાને શક્ય થાય તે એક નામ, જીવ-અજીવ ભેદવાળા દ્રવ્યોના જ્ઞાનાદિ અને રૂપાદિ ગુણોના નારકત્વ અને કૃષ્ણત્વ વિગેરેના એક ગુણ પર્યાયોના જે કોઈ નામો લોકમાં રૂઢ છે તે સર્વે નામત્વ એવા સામાન્યને (સામાન્ય નામને) અવ્યભિચારી હોવાથી એક નામ શબ્દથી કહેવાય છે. તેથી આ એક નામ થયું.

જીવા જીવાભ્યામિતિ-વિદ્યમાન એવી સર્વે પણ વસ્તુ હ્રી શ્રી વિગેરે સ્વરૂપવાળા એક અક્ષરવાળા નામથી કહેવાય છે. અથવા લજ્જા-બુદ્ધિ-દેવતા વિગેરે અનેક અક્ષરવાળા નામથી કહેવાય છે. આથી એકાક્ષર કે અનેકાક્ષર એવા બે નામથી વિવક્ષિત સર્વ પદાર્થોનું કથન થતું હોવાથી દ્વિનામ કહેવાય છે અથવા તો જગતમાં જે વસ્તુ છે તે જીવ નામથી, અજીવ નામથી થવા યોગ્ય છે એટલે જીવ-અજીવ એવા બે નામથી વિવક્ષિત સર્વ વસ્તુનો સંગ્રહ થતો હોવાથી દ્વિનામ થાય છે એ પ્રમાણે સામાન્ય નામથી અને વિશેષ નામથી સર્વ પદાર્થોનો સંગ્રહ થઈ શકે છે.

દ્રવ્યગુણ પર્યાયૈરિતિ-દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદથી વસ્તુ ત્રણ પ્રકારની છે. ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્ય સ્વરૂપ છે. વર્ણ-ગંધ વિગેરે ગુણ સ્વરૂપ છે. એક-ગુણત્વ-કાલત્વ વિગેરે પર્યાય સ્વરૂપ છે અને તેવી રીતે જે કોઈ નામ છે. તે સર્વે પણ દ્રવ્ય નામથી-ગુણ નામથી-પર્યાય નામથી થવા યોગ્ય છે. આનાથી પર કોઈપણ નામ નથી, તેથી સર્વનો પણ આનાથી સંગ્રહ થઈ જતો હોવાથી ત્રિનામ એવું કહેવાય છે. આ પ્રમાણે દ્રવ્ય વિગેરે નામો સામાન્યથી સ્ત્રીલીંગ, પુલિંગ-નપુંસકલિંગ એવા ત્રણ પ્રકારના હોવાથી ત્રિનામ થાય છે.

આગમ-લોપ-પ્રકૃતિ વિકારૈતિ-નુમ્ સુડ્ વિગેરે આગમ છે. તેનાથી બનેલા નામ આગમનામ છે. જેવી રીતે 'पद्मानि' અહીં 'नपुंसकस्य झलच'એવા સૂત્રથી નુમ્ આગમ થતો હોવાથી તેનાથી પદ્માની એવું નામ બને છે. 'संस्कार-उपस्कार' વિગેરે સુડ્ આગમથી બને છે. 'મનિષા' ઇત્યાદિ નામો સકાર વિગેરેના લોપથી થાય છે. 'सरसिजं कण्ठे काल' વિગેરે

નામો પ્રકૃતિ (શબ્દના ભાવથી થયેલ છે.) એ પ્રમાણે अग्नी एतौ વિગેરે પ્રકૃતિ ભાવ નિષ્પન્ન શબ્દો છે. વર્ણનું અન્ય પ્રકારે કરવું તે વિકાર કહેવાય, તેનાથી થયેલ શબ્દ તે વિકારનામ दंडाग्रं, तस्कर, षोडश વિગેરે નામો તે દીર્ઘ વિગેરે વર્ણ વિકારથી થાય છે અને તેવી રીતે દરેક વસ્તુ આગમ નિષ્પન્ન, લોપ નિષ્પન્ન, પ્રકૃતિભાવ સિદ્ધ, વિકાર જ નામથી થાય છે. આ ચાર નામ કહેવાય છે.

'નામિક આદિ' અશ્વ ઈત્યાદિ શબ્દ સિદ્ધ નામ છે. કારણ કે, વસ્તુ પદાર્થના વાચક છે. 'ખલુ વિગેરે' શબ્દ નૈપાતિક છે. કારણ કે, નિપાત ગણમાં અંતર્ગત હોવાથી 'ધાવતિ' વિગેરે શબ્દો આખ્યાતિક છે. કારણ કે તેમાં ક્રિયા પ્રધાન છે. 'પરિ વિગેરે' શબ્દ ઔપસર્ગિક છે. કારણ કે, ઉપસર્ગમાં કહેલ છે. 'સંયત વિગેરે' શબ્દ મિશ્ર છે. કારણ કે, ઉપસર્ગ અને નામના સમુદાયથી નિષ્પન્ન છે. આ પાંચેય વડે સર્વ પદાર્થોને આલિંગન કરાતું હોવાથી એટલે કે આ પાંચ વડે સર્વ પદાર્થોનો સમૂહ કરાતો હોવાથી પંચ નામત્વ છે.

'ઔદયિકાદિ' - અહીં નામ અને નામવાળાનો અભેદ ઉપચાર હોવાના કારણે નામના ઉપક્રમમાં નામથી અભિધેય (કહેવા યોગ્ય) ભાવ સ્વરૂપ અર્થનું કથન છે એમ જાણવું.

ત્યાં ઉદય એટલે ઔદયિક-જ્ઞાનાવરણીય વિગેરે આઠ પ્રકારની કર્મ પ્રકૃતિઓનું પોતપોતાના સ્વરૂપથી, વિપાકથી, અનુભવવું અથવા ઉદયથી થયેલ તે ઔદયિક, ઉદયથી થયેલા એવા આ નામ પદાર્થ બે પ્રકારે છે. જીવને વિશે ઉદય નિષ્પન્ન અને અજીવને વિશે ઉદય નિષ્પન્ન. તેમાં પહેલી વ્યાખ્યા પ્રમાણે નારક-તિર્યગ્-મનુષ્ય-દેવ-પૃથ્વીકાય વિગેરે સ્વરૂપ છે અને બીજી વ્યાખ્યા ઔદારિક વિગેરે શરીર અને તેના વ્યાપારથી પરિણમેલ વર્ણ-ગંધ સ્વરૂપ છે.

ઉપશમ એ જ ઔપશમિક અથવા ઉપશમથી થયેલ ઔપશમિક, ૨૮ ભેદથી ભેદાયેલા એવા મોહનીય કર્મનો ઉપશમ શ્રેણીથી ઉપશમ કરવો તે પ્રથમ વ્યુત્પત્તિથી થયેલ ઔપશમિક ભાવ છે. ક્રોધ વિગેરે ઉપશાંતતામાં જે કથન થાય છે તે સર્વે ઉપશમિત છે. બીજી વ્યાખ્યાથી થયેલ ઔપશમિક ભાવ છે.

ક્ષય એ જ ક્ષાયિક અથવા ક્ષયથી થયેલ એ જ ક્ષાયિક, ઉત્તરભેદ સહિત જ્ઞાનાવરણીય વિગેરે આઠ કર્મ પ્રકૃતિઓનો સર્વથા નાશ થવો તે પ્રથમ ક્ષાયિક ભાવ, વળી ક્ષયથી થયેલ તેના ફળ છે. તે બીજો ક્ષાયિકભાવ,

ક્ષય અને ઉપશમ એ જ ક્ષાયોપશમિક અથવા ક્ષાયોપશમથી થયેલ તે ક્ષાયોપશમિક, કેવલજ્ઞાનને પ્રતિબંધ કરનારી, ઉદયમાં પ્રાપ્તિ થયેલી એવી ચાર ઘાતિકર્મ પ્રકૃતિઓનો ક્ષય અને ઉદયમાં નહિ પ્રાપ્ત થયેલાનો ઉપશમ તે ક્ષાયોપશમિક ભાવ તે પહેલી વ્યાખ્યાનો અર્થ,

બીજી વ્યાખ્યાનો અર્થ=મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનની લબ્ધિ મતિઅજ્ઞાનલબ્ધિ સ્વરૂપ છે.

વસ્તુનું તે તે રૂપે થવું તે પરિણામ છે અને તે જ પારિણામિક છે. અથવા તો પરિણામથી થયેલ તે પારિણામિક છે. સાદિ અને અનાદિ સ્વરૂપથી પારિણામિક ભાવ બે સ્વરૂપે છે. જીર્ણત્વ-શબ્દ-અબ્દવૃક્ષ-સંધ્યા-ગંધર્વનગર વિગેરે સાદિ સ્વરૂપ પારિણામિક ભાવ છે અને ધર્મ-અધર્મ-આકાશ વિગેરે અનાદિ સ્વરૂપ પારિણામિક ભાવ છે.

ઔદયિક વિગેરેમાંથી બે વિગેરે ભાવોનું મળવું તે સન્નિપાત છે. તે સાન્નિપાતિક અથવા તેનાથી થયેલ તે સાન્નિપાતિક, તેમાં દ્વિકના સંયોગથી દશ ભેદ થાય છે.

**: દશ ભેદ નામ :**

૧ - ઔદયિક ઔપશમિક નિષ્પન્ન
૨ - ઔદયિક ક્ષાયિક નિષ્પન્ન
૩ - ઔદયિક ક્ષાયોપશમિક નિષ્પન્ન
૪ - ઔદયિક પારિણામિક નિષ્પન્ન
૫ - ઔપશમિક ક્ષાયિક નિષ્પન્ન
૬ - ઔપશમિક ક્ષાયોપશમિક નિષ્પન્ન
૭ - ઔપશમિક પારિણામિક નિષ્પન્ન
૮ - ક્ષાયિક ક્ષાયોપશમિક નિષ્પન્ન
૯ - ક્ષાયિક પારિણામિક નિષ્પન્ન
૧૦ - ક્ષાયોપશમિક પારિણામિક નિષ્પન્ન

એ પ્રમાણે ત્રણના સંયોગમાં દશ, ચારના સંયોગમાં પાંચ, પાંચના સંયોગમાં એક એ પ્રમાણે છવ્વીસ અનુયોગ દ્વારથી જાણવા.

દ્વિક સંયોગમાં નવમો ભાંગો સિદ્ધને હોય છે. બીજા નવ દ્વિક સંયોગી ભાંગા કોઈ જીવમાં સંભવતા નથી, સંસારી જીવને જઘન્યથી પણ ઔદયિક ભાવની ગતિ,ક્ષયોપશમિક ભાવની ઇન્દ્રિય, પારિણામિક ભાવથી જીવત્વ એમ ત્રણનો લાભ થતો હોવાથી સર્વે ભાવો પ્રરૂપણા માત્ર સ્વરૂપ છે. આ છ ભાવોથી સમસ્ત એવા ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોનો સંગ્રહ થતો હોવાથી છ ભાવના વાચક નામો છ છે. તે પ્રમાણે ભાવ છે.

ષડ્જ વિગેરે સાત નામ છે. નાસિકા-કંઠ-છાતી-તાળુ-જીભ-દાંત આ છથી થયેલો સ્વર તે ષડ્જ સ્વર કહેવાય છે.

નાભિથી ઉઠેલો કંઠ શિર્ષમાં વાગેલો સ્વર ઋષભની જેમ નર્દન (અવાજ કરે છે) એટલે ઋષભ કહેવાય છે.

હૃદય અને કંઠમાં વાગેલ, નાભિથી ઉઠેલ જુદી જુદી ગંધને વહન કરનાર એવા વાયુથી જન્ય તે ગાંધાર સ્વર કહેવાય છે.

છાતી અને હૃદયમાંથી વાગેલ, નાભિથી ઉઠેલ, નાભિમાં પ્રાપ્ત થયેલું, વાયુથી જન્ય એવા સ્વર મધ્યમ સ્વર કહેવાય છે.

નાભિથી ઉઠેલો હૃદય-કંઠ-મસ્તકમાં વાગેલો, વાયુથી જન્ય તે સ્વર તે પંચમ સ્વર કહેવાય છે.

પૂર્વે કહેલા સ્વરોનું અનુસંધાન કરતો સ્વર ધૈવત સ્વર. જેમાં સ્વરો બેસી જાય છે અને બીજાનો પરાભવ કરે છે.તે નિષાદ. આ સ્વરો જીવ-અજીવ વડે નિશ્રા કરાયેલ છે. મૃદંગાદિ અજીવોમાં ષડ્જ વિગેરે વ્યુત્પત્તિ અર્થનો અભાવ હોવા છતાં તેના સાદશ્ય હોવાથી તેમાં (મૃદંગ આદિ અજીવોમાં) ષડ્જત્વ આદિ જાણવું (જાણવા યોગ્ય છે.) તેથી આ ષડ્જ વિગેરે સાત નામોથી સર્વ પણ સ્વર મંડલનું અભિધાન થતું હોવાથી સપ્ત નામ કહેવાય છે.

વિભક્તિઓ આઠ છે. - વિભાગ કરાય છે. એટલે કે જેના વડે અર્થ પ્રગટ કરાય છે તે વિભક્તિ કહેવાય છે. અહીં નામની વિભક્તિઓ લેવી. પરંતુ આખ્યાતની (ધાતુ) વિભક્તિઓ નહિ, એ આઠ પ્રકારની છે.

તેમાંથી લિંગ અને અર્થમાત્રના પ્રતિપાદન સ્વરૂપ નિર્દેશ હોય તો પ્રથમા વિભક્તિ થાય, અન્યતર ક્રિયામાં પ્રવર્ત્તવાની ઇચ્છા સ્વરૂપ ઉપદેશ હોય તો દ્વિતીયા વિભક્તિ, ઉપલક્ષણથી 'इदं करोति' ઇત્યાદિમાં ઉપદેશ વિના પણ દ્વિતીયાનું દર્શન થાય છે. એ પ્રમાણે આગળ પણ ઉપલક્ષણ જાણી લેવું.

વિવક્ષિત ક્રિયાનું સાધકતમ કરણ (સાધક) હોય તો તૃતીયા વિભક્તિ. જેને અપાય છે તે ગાય વિગેરેના દાનના પાત્રભૂત સંપ્રદાન હોય તો ચતુર્થી વિભક્તિ થાય.

વિયોગ કરાતાની મર્યાદા ભૂત અપાદાન હોય તો પંચમી વિભક્તિ, સ્વસ્વામિભાવ વિગેરે સંબંધમાં ષષ્ઠી વિભક્તિ, આધારનો અર્થ હોય તો સપ્તમી વિભક્તિ અને આમંત્રણ અર્થ હોય તો સંબોધન વિભક્તિ થાય છે. આ આઠ વિભક્તિના અંતવાળું નામ આઠ પ્રકારનું થાય છે અને વિભક્તિ સિવાય અન્ય કોઈ નામ નથી. આ કારણથી આ નામાષ્ટક વડે સર્વ વસ્તનું અભિધાન (કથન) દ્વારા સંગ્રહ થતો હોવાથી અષ્ટનામ છે.

- વીર આદિ નવ રસ - કાવ્યમાં જોડાયેલા તે તે સહકારી કારણોથી ઉત્પન્ન થયેલા મનના વિશેષ વિકાર સ્વરૂપ એવા રસો છે. ઉત્તમ પ્રકૃતિવાળા પુરુષ ચરિત્રના શ્રવણ વિગેરે કારણોથી થયેલ દાન વિગેરે ઉત્સાહપ્રકર્ષ સ્વરૂપ જે રસ તે વીર રસ.

- સુંદર સ્ત્રીને જોવા વિગેરેથી થયેલો રતિના પ્રકર્ષ સ્વરૂપ તે શૃંગાર રસ.

- સંભળાયેલું - શિલ્પ - ત્યાગ - તપ - શૌર્ય - કર્મ (કાર્ય) વિગેરે સકલ ભુવનમાં (અતિશયવાળું) આશ્ચર્યવાળી ચડિયાતી એવી કોઈપણ વસ્તુ અદ્ભુત કહેવાય, તેના દર્શન-શ્રવણ વિગેરેથી થયેલ રસ પણ ઉપચારથી વિસ્મય સ્વરૂપ હોવાથી અદ્ભુત રસ કહેવાય છે.

- શત્રુજન, મહાઅરણ્ય વિગેરેથી થયેલ વિકૃત અધ્યવસાય સ્વરૂપ જે રસ તે રૌદ્રરસ.

- લજ્જા પામવા યોગ્ય વસ્તુના દર્શન વિગેરેથી થયેલ મન સંકોચ સ્વરૂપ તે વ્રીડનકરસ.

- વીર્ય-લોહિ-મૂત્ર-પુરીષ વિગેરેના દર્શન-શ્રવણથી થયેલો જુગુપ્સાના (દુર્ગંછા) પ્રકર્ષ સ્વરૂપ તેવો રસ તે બીભત્સરસ.

- વિકૃત અસંબંધ પરવચન-વેષ-અલંકાર વિગેરેથી હાસ્યને યોગ્ય એવા પદાર્થથી થયેલ મનના પ્રકર્ષ વિગેરેની ચેષ્ટા સ્વરૂપ જે રસ તે હાસ્યરસ.

- પ્રિયાના વિયોગ વિગેરેના કારણથી થયેલ શોકના પ્રકર્ષ સ્વરૂપ તે કરૂણરસ.

- પરમ ગુરુના વચનના શ્રવણ વિગેરેથી થયેલ, ઉપશમના પ્રકર્ષ સ્વરૂપ એવો જે રસ તે શાંત રસ.

આ રીતે નવ નામથી વિવક્ષિત એવા સર્વરસનું પણ કથન થતું હોવાથી નવ નામ એવું કહેવાય છે.

ગૌણ વિગેરે દશ-ગુણોથી થયેલ તે ગૌણ, જેમ કે શ્રવણ - તપન વિગેરે પદો ક્ષમા સ્વરૂપ - તપ સ્વરૂપ વિગેરે ગુણોથી નિષ્પન્ન હોવાથી તે ગૌણ પદો છે. અન્વર્થ યુક્ત પદ છે. વળી જે ગુણ નિષ્પન્ન ન હોય તે નોગૌણ એટલે કે જે અન્વર્થનો અનુયાયિ ન હોય જેમ કે 'समुद्ग-समुद्र વિગેરે પદો.

સમુદ્ગ શબ્દ કર્પૂર આદિના આધાર વિશેષમાં પ્રવર્ત્તે છે અને તે મુદ્ગ એટલે મગની અવિદ્યમાનતા (અભાવવાળા) છે. સમુદ્ર શબ્દ જલરાશીમાં પ્રવર્ત્તે છે અને તે આંગળીના આભરણ વિશેષ મુદ્રા (વીંટી) રહિત હોય છે.

'आदीयते' એટલે કે જે પદથી શાસ્ત્ર વિગેરેનો ઉચ્ચાર કરવા માટે પહેલેથી જ આરંભ કરાય છે તે આદાન અને આદાન એવું પદ તે આદાનપદ,

શાસ્ત્રના અધ્યયનના ઉદ્દેશક વિગેરેનું જે આદિ પદ તે આદાનપદ છે. કારણભૂત એવા તેના વડે કોઈ અધ્યયન હોય છે. જેવી રીતે 'आवंती' એ પ્રમાણેના આચારનો પાંચમું અધ્યયન છે, તેમાં શરૂઆતમાં જ 'आवंती केयावंती' એ પ્રમાણે આલાવો છે. તેમ આદાનપદથી આ નામ છે આમ અન્યત્ર પણ જાણવું.

વિવક્ષિત ધર્મને જે વિપરિત હોય તે પ્રતિપક્ષ કહેવાય અને તેનું વાચક જે પદ તે પ્રતિ- પક્ષ પદ કહેવાય. અમંગલકારી એવા પણ 'શૃગાલિ' શબ્દ અમંગલિક શબ્દનો પરિહાર કરવા માટે શિવા કહેવાય છે. પ્રવૃત્તિ નિમિત્તના અભાવ માત્રથી નોગૌણ કહેવાયું છે એટલે ગૌણનો પ્રત્યક્ષ નથી. પ્રતિપક્ષ પદનો પ્રતિપક્ષ ધર્મના વાચકપણાને સાપેક્ષ હોય છે.

પ્રધાનતાથી કાંઈ પણ થાય છે. જેમ કે અશોકવૃક્ષની બહુલતાવાળું અને અલ્પ એવા આમ્રાદિના વૃક્ષો યુક્તવન તે અશોકવન કહેવાય છે. ગુણોથી વ્યાપ્ત એવા પદાર્થ વાચક જે પદ તે ગૌણ પદ કહેવાય છે. અનેક એવા ગુણોથી ઘટિત પદાર્થોનું આ વાચક છે એટલું વિશેષ છે.

અનાદિકાલથી માંડીને આ વાચ્ય છે, આ વાચક છે એવા વાચ્યવાચકભાવથી સિદ્ધ થયેલ જે બોધ તે અનાદિ સિદ્ધાંત અને તેનાથી થયેલ નામ તે અનાદિ સિદ્ધાંત નામ, જેમ કે ધર્માસ્તિકાય વિગેરે પદ આ પદથી વાચ્ય અર્થ ક્યારેય પણ અન્યથાપણાને પામતો નથી, ગૌણપદથી પ્રતિપાદ્ય એવો '**प्रदीप**' વિગેરે પદાર્થ તો દીપકલિકા વિગેરેને છોડીને પણ પ્રદીપ વિગેરે પદથી વાચ્ય થાય છે અને પિતા-પિતામહ વાચકનું તે નામ કહેવાય છે. હેતુ-ભૂત એવા તેનાથી પુત્ર-પૌત્ર વિગેરેનું નામ થાય છે, પિતા વિગેરેનું જે બંધુદત્ત વિગેરે નામ હતું, પુત્ર વિગેરેનું પણ તે જ કરાય છે. તે નામથી નામ કહેવાય છે.

અવયવિનો એક ભાગ તે અવયવ કહેવાય છે. જેમ કે શૃંગી-દ્વિપદ-ચતુષ્પદ વિગેરે આ નામો અવયવની પ્રધાનતાથી પ્રવર્ત્તે છે. ગૌણ નામ તો સામાન્યરૂપી પ્રવર્ત્તે છે. એટલે ભેદ છે.

સંયોગ એ સંબંધ છે, તે દ્રવ્ય સંયોગ ચાર પ્રકારે છે. આદ્ય એવો દ્રવ્ય સંયોગ, સચિત્ત-અચિત્ત-મિશ્ર દ્રવ્યના ભેદથી ત્રણ પ્રકારે છે. '**गोमान्**' ઇત્યાદિ પદ સચિત્ત દ્રવ્યોના, '**छत्री**' ઇત્યાદિ પદો અચિત્ત દ્રવ્યોના અને '**हालिक**' ઇત્યાદિ પદો મિશ્ર દ્રવ્યોના સંયોગથી પ્રવર્ત્તે છે. કારણ કે, હળ અચેતન, બળદો સચેતન, ક્ષેત્રના સંયોગથી પ્રવર્ત્તેલો શબ્દ તે ક્ષેત્ર સંયોગ જેમ કે ભરતમાં ઉત્પન્ન થયેલો હોવાથી અથવા ભરતમાં રહેતો હોવાથી ભારત કહેવાય છે. એ પ્રમાણે ઐરવત-હૈમવત પદો.

સુષમ સુષમમાં ઉત્પન્ન થયેલો તે '**सुषम सुषमज**' કહેવાય. એ પ્રમાણે સુષમજ વિગેરે પદો કાલ સંયોગ સ્વરૂપ છે. ભાવ એટલે પર્યાય તે પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી બે પ્રકારે, જ્ઞાન વિગેરે પ્રશસ્ત ભાવ પર્યાય, તેથી જ્ઞાની-દર્શની વિગેરે પદો પ્રશસ્ત ભાવ સ્વરૂપ છે. ક્રોધ વિગેરે અપ્રશસ્ત છે. તેથી ક્રોધી-માની વિગેરે અપ્રશસ્ત ભાવ સંયોગ છે.

સ્વરૂપ સંયોગની પ્રધાનતાથી આ શબ્દ પ્રવર્ત્તતો હોવાથી ગૌણપદથી ભિન્ન છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ ભેદથી પ્રમાણ ચાર પ્રકારનું છે. જીવાદિનું પ્રમાણ તે નામ પ્રમાણ, નક્ષત્ર-દેવતા-કુલ-પાષાણ-ગંડ વિગેરે વસ્તુઓને આશ્રયીને જે કોઈ નામની સ્થાપના કરાય તે અહીં સ્થાપના તે જ પ્રમાણ તે સ્થાપના પ્રમાણ, તેનાથી નામ થાય છે. જેમ કે કાર્તિક-કૃત્તિકાદત્ત વિગેરે, કૃત્તિકામાં ઉત્પન્ન થયેલો હોવાથી કાર્ત્તિક, કૃત્તિકા નક્ષત્રથી અપાયેલ હોવાથી કૃત્તિકાદત્ત એ પ્રમાણે દેવતા વિગેરેએ બનાવેલા નામો જાણવા.

ધર્માસ્તિકાય વિગેરે છ નામો છે તે તે દ્રવ્ય સ્વરૂપ પ્રમાણથી બનેલ હોવાથી દ્રવ્ય પ્રમાણ કહેવાય છે. '**युक्तार्थवात्**' યોગ્ય અર્થવાળો જે ગુણ તે ભાવ કહેવાય છે, અને જે ગુણોથી વસ્તુ જણાતી હોવાથી તે ગુણ પ્રમાણ ભૂત છે. તેનાથી બનેલ નામ તે ભાવ પ્રમાણ,

સમાસજ, તદ્ધિતજ, ધાતુજ, નૈરુક્તજ. તે ભાવ પ્રમાણ ચાર પ્રકારનું છે. સમાસ સાત પ્રકારનો હોવાથી સમાસ જ પણ દંત-ઓષ્ઠ-પુષ્પિત-કુટજ-કદંબ વિગેરે સાત પ્રકારનું છે. દોષિક-

સૌત્રિક ઇત્યાદિ તદ્ધિત છે. ભૂરયં પરસ્મૈપદી ધાતુ છે. સત્તા સ્વરૂપ અર્થનો વાચક હોવાથી ધાતુ જ નામ છે. અભિધાન (કથન)ના અક્ષરના અનુસારે મિશ્રિત કરેલા અર્થનું કહેવું તે નિરૂક્ત તેમાં થયેલ તે નૈરુક્ત અને તે 'मह्यां शेते' મહિષ ઇત્યાદિ સ્વરૂપ છે. આ ગૌણ વિગેરે દશ નામથી સર્વે પણ વસ્તુના કથન દ્વારા સંગ્રહ થતો હોવાથી દશ નામ છે. આ પ્રમાણે માત્ર દિશા સૂચન કરેલ છે.

अथ शास्त्रीयोपक्रमान्तर्गतं तृतीयं प्रमाणमाह --

**द्रव्यक्षेत्रकालभावैश्चतुर्विधं प्रमाणम् ॥१४॥**

द्रव्येति, असृतिप्रसृत्यादि प्रमाणं यद्वा धान्यद्रव्यादेः परिच्छेदः प्रमाणं, असृत्यादिकञ्च तद्धेतुत्वात् प्रमाणम्, तच्च द्रव्यविषयकत्वात्क्षेत्रविषयकत्वात्कालविषयकत्वाद्भावविषयकत्वाच्च चतुः प्रकारमित्यर्थः ॥१४॥

હવે શાસ્ત્રીય ઉપક્રમના અંતર્ગત ત્રીજા પ્રમાણને કહે છે -

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પ્રમાણ ચાર પ્રકારનું છે.

અસૃતિ પ્રસૃતિ વિગેરે પ્રમાણ છે અથવા તો ધાન્ય વિગેરેનો બોધ તે પ્રમાણ છે અને તેમાં અસૃતિ વિગેરે કારણભૂત હોવાથી તે પણ પ્રમાણ છે અને તે પ્રમાણ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ વિષયક હોવાથી ચાર પ્રકારનું છે. દ્રવ્યાદિ ચારેય પ્રમાણો પ્રદેશ સંબંધિ અને વિભાગ સંબંધીપણાથી બે પ્રકારના છે એમ કહે છે.

द्रव्यादिप्रमाणानां प्रदेशसम्बन्धित्वेन विभागसम्बन्धित्वेन द्वैविध्यमित्याह --

**प्रदेशविभागाभ्यां द्रव्यक्षेत्रकालानां परिच्छेदा द्रव्यादिप्रमाणानि ॥१५॥**

प्रदेशेति, सर्वसूक्ष्मो भागः प्रदेशः, स्वगतप्रदेशान् विहायापरो विशिष्टः प्रकारो विभागः ताभ्यां द्रव्यादेर्यः परिच्छेदः स्वरूपावगमः स द्रव्यादिप्रमाणरूपः, भावप्रमाणस्यान्यादृशत्वाद्द्रव्यक्षेत्रकालानामिति, द्रव्यादीत्यादिना क्षेत्रकालयोर्ग्रहणम् ॥१५॥

પ્રદેશ અને વિભાગથી દ્રવ્ય-ક્ષેત્ર-કાલના પરિચ્છેદો તે દ્રવ્યાદિ પ્રમાણ છે. સર્વ સૂક્ષ્મભાગ તે પ્રદેશ, પોતામાં રહેલા પ્રદેશોને છોડીને બીજો વિશિષ્ટ પ્રકાર તે વિભાગ છે. તે બન્ને વડે, દ્રવ્યાદિનો જે પરિચ્છેદ એટલે કે સ્વરૂપનો બોધ થાય છે તે દ્રવ્યાદિ પ્રમાણરૂપ છે. ભાવ પ્રમાણ અન્યો સરખો હોવાથી અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાલનાં એમ લખેલ છે (પરંતુ ભાવપણું ગ્રહણ કરેલું નથી.)

कथं द्रव्यादीनां ताभ्यां परिच्छेद इत्यत्राह --

**एकद्वित्र्याद्यणवः प्रदेशा मानोन्मानावमानगणिमप्रतिमानानि च विभागा द्रव्यस्य ॥१६॥**

एकेति, एकप्रदेशनिष्पन्नः परमाणुः, द्विप्रदेशनिर्वृत्तो द्विप्रदेशिकः प्रदेशत्रयघटितः त्रिप्रदेशिक इत्येवं यावदनन्तैः प्रदेशैस्सम्बद्धोऽनन्तप्रदेशिकः, ननु सर्वेषामेषां द्रव्यत्वेन प्रमेयत्वात्कथं प्रमाणत्वमिति चेन्मैवम्, प्रस्थकादिप्रमाणेन मितस्थ पुञ्जीकृतस्य द्रव्यादेर्लोके प्रस्थकादिरयं पुञ्जीकृतस्तिष्ठतीत्यादिव्यवहारेण द्रव्यस्यापि कर्मसाधनप्रमाणशब्दवाच्यत्वात्, तत्तत्प्रदेशनिष्पन्नत्वलक्षणं स्वरूपं करणव्युत्पत्त्या मुख्यं प्रमाणं द्रव्यन्तु तत्स्वरूपयोगादुपचारेण, भावव्युत्पत्तौ तु प्रमितिर्मुख्यं प्रमाणं, प्रमाणप्रमेये चोपचारत इति । धान्यमानादेस्स्वरूपन्तु न स्वगतप्रदेशाश्रयेण, किन्तु मानोन्मानादिपञ्चविधविभागेन, तत्र मानं धान्यविषयं रसविषयञ्च, धान्ये असृतिप्रसृत्यादिः, अवाङ्मुखहस्ततलरूपाऽसृतिः, तत्परिच्छिन्नं धान्यमपि तथा, असृतिद्वयनिष्पन्ना नावाकारताव्यवस्थापितप्राञ्जलकरतलरूपा प्रसृतिः, एवं सेतिकाकुडवप्रस्थकादयो विज्ञेयाः । रसो मद्यादिस्तद्विषयं मानं रसमानप्रमाणं, धान्यस्याद्रवत्वाच्छिखा भवति, रसस्य द्रवरूपत्वान्न शिखासम्भवः, अतो बहिःशिखाभावाद्धान्यमानाच्चतुर्भागवृद्धियुक्तं सेतिकादेर्यत्क्रियते तद्रसमानप्रमाणमुच्यते, षट्पञ्चाशदधिकशतद्वयपलमाना मणिकानाम रसमानं तस्या एव द्वात्रिंशत्तमभाग–वर्तित्वादष्टपलप्रमाणा द्वात्रिंशिका, मणिकाया एव षोडशभागवर्तित्वात् षोडशपलप्रमाणा षोडशिका इत्यादिमानमनुयोगद्वारेण भाव्यम् । यदुन्मीयते प्रतिनियतस्वरूपतया व्यवस्थाप्यते तदुन्मानम्, यथा पलस्याष्टमांशोऽर्धकर्षः, पलस्य चतुर्भागः कर्षः पलस्यार्धमर्धपलमित्यादि । अवमीयते परिच्छिद्यते हस्तादिना यत्तदवमानं खातादिः, चतुर्विंशत्यङ्गुलमानो हस्तस्तच्चतुर्भिर्दण्ड–धनुर्युगनालिकाक्षमुशलरूपाः षड् संज्ञा लभ्यन्ते, वास्तु हस्तेन मीयते कृषिकर्मादिविषयभूतं क्षेत्रं दण्डेन मीयते, मार्गविषये धनुरेव मानं, कूपादि नालिकया मीयते, एवं युगादिरपि यस्य यत्र व्यापारो रूढस्तस्य तत्र वाच्य इति नैकेन चरितार्थत्वादन्यतरोपादानं व्यर्थमिति भाव्यम् । गण्यते तद्गणिमं यथा एकं दशं शतं सहस्रं दशसहस्रं शतसहस्रं दशशतसहस्रं कोट्यादि । मेयस्य सुवर्णादेः प्रतिरूपं सदृशं मानं प्रतिमानं यथा गुञ्जा, सपादा गुञ्जा काकिणी, त्रिभागोनगुञ्जाद्वयेन निष्पाव इत्यादि ॥१६॥

'द्रव्यादि प्रमाणानि' એ પદમાં દ્રવ્યાદિ શબ્દમાં રહેલા આદિ શબ્દથી ક્ષેત્ર અને કાલનું ગ્રહણ કરવું.

પ્રદેશ અને વિભાગથી દ્રવ્યો વિગેરે ત્રણનો બોધ કેવી રીતે થાય તે કહે છે.

દ્રવ્યના પ્રદેશો એક-બે-ત્રણ અણુઓ છે અને દ્રવ્યોના વિભાગ માન-ઉન્માન-અવમાન-ગણિમ-પ્રતિમાન.

એક પ્રદેશથી બનેલો હોય તે પરમાણુ, બે પ્રદેશથી બનેલો હોય તે દ્વિપ્રદેશિક, ત્રણ પ્રદેશથી બનેલો હોય તે ત્રિપ્રદેશિક એ રીતે યાવત્ અનંત પ્રદેશથી બનેલો હોય તે અનંત પ્રાદેશિક આ સર્વે દ્રવ્ય સ્વરૂપ હોવાથી પ્રમેય સ્વરૂપ છે. તો તેઓનું પ્રમાણત્વ કેવી રીતે આવો પ્રશ્ન ન કરવો.

પ્રસ્થક વિગેરે માપથી પુંજ રૂપે (સમૂહરૂપે) કરાયેલ દ્રવ્યાદિનો લોકમાં આ પ્રસ્થક વિગેરે પુંજ કરાયેલ રહે છે, ઈત્યાદિ વ્યવહારથી દ્રવ્ય પણ કર્મ છે. સાધન જેનું એવા પ્રમાણ શબ્દથી વાચ્ય છે. તદ્ તદ્ પ્રદેશ નિષ્પન્નત્વ એવા સ્વરૂપવાળું દ્રવ્ય કરણ વ્યુત્પત્તિથી મુખ્ય પ્રમાણ છે. કારણ કે ઉપચારથી તેના સ્વરૂપનો યોગ થાય છે. વળી ભાવ વ્યુત્પત્તિમાં તો પ્રમિતિ મુખ્ય પ્રમાણ છે, કારણ કે પ્રમાણનો પ્રમેયમાં ઉપચાર થાય છે.

ધાન્યના માપ વિગેરે સ્વરૂપ તો પોતાનામાં રહેલા પ્રદેશના આશ્રયિને નહિ. પરંતુ માન-ઉન્માન વિગેરે પાંચ પ્રકારના વિભાગથી થાય છે ત્યાં ધાન્ય વિષયવાળું અને રસવિષયવાળું માન છે. ધાન્યમાં અસૃતિ-પ્રસૃતિ વિગેરે માન છે. નીચામુખવાળા હાથના તળીયા સ્વરૂપ માપ તે અસૃતિ, તેનાથી મપાયેલ ધાન્ય પણ અસૃતિ કહેવાય છે. બે અસૃતિથી નિષ્પન્ન નાવડીના આકારપણે રહેલ, સીધા બે હાથના તળીયારૂપ તે પ્રસૃતિ તે પ્રમાણે સેતિકા કુડવ-પ્રસ્થક વિગેરે જાણવા.

મદ્ય વિગેરે રસ છે તેના વિષયવાળું માપ રસમાન પ્રમાણ કહેવાય છે.

ધાન્ય-દ્રવ્ય (પ્રવાહી) સ્વરૂપ ન હોવાથી શિખા થાય છે, રસ સ્વરૂપ હોવાથી શિખા થતી નથી. આથી બાહ્ય શિખાનો અભાવ હોવાથી ધાન્યના માપથી ચાર ભાગ વૃદ્ધિથી યુક્ત સેતિકા વિગેરે કરાય છે તે રસમાન પ્રમાણ કહેવાય છે.

(૨૫૬) બસોછપ્પન પલના માપવાળું મણિકા નામનું રસનું માપ છે. તેનો જ મણિકાના જ બત્રીશમાં ભાગે રહેલ હોવાથી અષ્ટપલ માપવાળું '**द्वात्रिंशिका**' વાળું માપ છે. તે મણિકાનું સોળમાં ભાગે રહેલું હોવાથી ૧૬ પલ માપવાળું '**षोडशिका**' નામનું માપ છે. વિગેરે માપો અનુયોગદ્વારમાંથી જાણવા.

જે ચોક્કસ સ્વરૂપે વ્યવસ્થાપ્ય છે તે ઉન્માન, જેમ કે પલનો આઠમો ભાગ તે અર્ધકર્ષ, પલનો ચોથો ભાગ એટલે કર્ષ, પલના અડધાનો અડધો તે અર્ધપલ,

જે હાથ વિગેરેથી જે મપાય છે તે અવમાન, ખાઈ વિગેરે, ચોવીશ અંગુલના માપવાળો તે હાથ હોય છે. ચાર હાથથી દંડ-ધનુ-યુગ-નાલિકા-અક્ષ-મુશલ રૂપ છ સંજ્ઞા પ્રાપ્ત થાય છે. હાથ વડે ઘર મપાય છે. કૃષિ કર્મવાળું ક્ષેત્ર દંડથી મપાય છે. માર્ગના વિષયમાં ધનુષ્ય જ માપરૂપ છે. કુવાદિ વિગેરે નાલિકાથી મપાય છે. એ પ્રમાણે યુગ વિગેરે પણ જેને જ્યાં વ્યાપાર રૂઢ છે. તેને ત્યાં કહેવું, એક વડે ફલિતાર્થ ન થતો હોવાથી કોઈ એકનું ઉપાદાન વ્યર્થ છે એ પ્રમાણે વિચારવું.

જે ગણાય તે ગણિમ - જેમ કે એક-દશ-સો-હજાર-દશ હજાર-સો હજાર-(એક લાખ) સો સો હજાર (દશ લાખ) કોટિ (કરોડ) આદિ.

સુવર્ણ વિગેરેના મેયના સરખું માપ તે પ્રતિમાન જેવી રીતે ગુંજા-સવાગુંજા તે કાકિની ત્રીજા ભાગની ન્યુન એવા બે ગુંજાથી નિષ્પાવ થાય છે. હવે ક્ષેત્રના પરિચ્છેદને બતાવે છે-

अथ क्षेत्रस्य परिच्छेदकं दर्शयति --

**क्षेत्रान्तिमभागः प्रदेशः, अङ्गुलवितस्तिरत्निकुक्षिधनुर्गव्यूतयोजनश्रेणिप्रतरलोकालोका विभागाः क्षेत्रस्य ॥१७॥**

क्षेत्रेति, क्षेत्रस्य निर्विभागा ये भागास्तैरेकादिक्रमेण निष्पन्नं प्रदेशनिष्पन्नं, एकप्रदेशावगाढाद्यसंख्येयप्रदेशावगाढपर्यन्तं भावनीयम्, विभागे अङ्गुलं त्रिविधं, आत्माङ्गुलमुत्सेघाङ्गुलं प्रमाणाङ्गुलञ्चेति, तत्र ये यस्मिन् काले भरतसगरादयो मनुष्याः प्रमाणयुक्ता भवन्ति तेषां सम्बन्ध्यत्रात्मा गृह्यते, आत्मनोऽङ्गुलमात्माङ्गुलं इदञ्चानियतप्रमाणं, पुरुषाणां कालादिभेदेनानवस्थितमानत्वात्, एतदङ्गुलप्रमाणेन षडङ्गुलानि पादमध्यप्रदेशः इमौ युग्मीकृतौ वितस्तिः, द्वे वितस्ती रत्निः रत्निद्वयं कुक्षिः, कुक्षिद्वयनिष्पन्नं धनुरिति, षट् प्रमाणविशेषाः दण्डधनुर्युगनालिकाऽक्षमुशलाः, द्वे धनुःसहस्रे गव्यूतं चत्वारि गव्यूतानि योजनं, वक्ष्यमाणप्रमाणङ्गुलेन यद्योजनं तेनासंख्येया योजनकोटीकोट्यः संवर्त्तितसमचतुरस्रीकृतलोकस्यैका श्रेणिर्भवति, इयमेव श्रेणिस्तयैव गुणिता प्रतरः सोऽपि श्रेण्या गुणितो लोकः, अयमपि संख्येयेन राशिना गुणितस्संख्येया लोकाः, अनन्तैश्च लोकैरलोक इति, संवर्त्त्यलोकस्य घनीकरणमनुयोगद्वारादिभ्योऽवसेयम् । नारकादिशरीराणामुच्चैस्त्वनिर्णयार्थमङ्गुलमुत्सेधाङ्गुलम्, तच्चानेकविधंतत्कारणस्य उत्तरोत्तरमष्टभिर्गुणितस्य परमाणुत्रसरेणुरथरेणुवालाग्रलिक्षायूकायवानामनेकविधत्वात् । परमाणुर्हि द्विविधः, सूक्ष्मो व्यावहारिकश्च । सूक्ष्मश्च 'कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः । एकरसवर्णगन्धो द्विस्पर्शः कार्यलिङ्गश्चे'ति लक्षितः परमाणुर्निश्चय-नयाभिमतो निर्विभागः परमाणुः, यस्त्वेतैरनेकैर्जायते तं सांशत्वात् स्कन्धमेवायं नयो व्यपदिशति, नैश्चयिकोऽत्र परमाणुर्न विवक्षितः किन्तु व्यावहारिक एव । व्यवहारनयो हि तादृशानेकपरमाणुनिष्पन्नोऽपि यश्शस्त्रच्छेदाग्निदाहादिविषयो न भवति तमद्यापि तथाविधस्थूलताऽप्रतिपत्तेः परमाणुत्वेन व्यवहरति, एभिरष्टभिः श्लक्ष्णश्लक्ष्णिका, आभिरष्टाभिरूर्ध्वरेणुः, अष्टभिरेभिस्त्रसरेणु, अष्टाभिश्चैभिः रथरेणुरित्येवं द्रष्टव्यम् । प्रमाणाङ्गुलन्तु सहस्रगुणितादुत्सेधाङ्गुलप्रमाणाज्जातं, परमप्रकर्षरूपं

प्रमाणं प्राप्तमङ्गुलं वा प्रमाणाङ्गुलं नातःपरं बृहत्तरमङ्गुलमस्तीति, यद्वा समस्तलोकव्यवहार-राज्यादिस्थितिप्रथमप्रणेतृत्वेन प्रमाणभूतोऽस्मिन्नवसर्पिणीकाले तावद्युगादिदेवो भरतो वा तस्याङ्गुलं प्रमाणाङ्गुलम्, विशेषोऽत्रानुयोगद्वारादितो विज्ञेयः ॥१७॥

ક્ષેત્રનો અંતિમ ભાગ તે પ્રદેશ. અંગુલ-વિતસ્તિ-રત્નકુક્ષિ-ધનુ-ગવ્યૂત-યોજન-શ્રેણી-પ્રતર-લોક-અલોક વિગેરે ક્ષેત્રના વિભાગો છે.

ક્ષેત્રના નિર્વિભાજ્ય જે ભાગો તે એક વિગેરેના ક્રમથી બનેલ તે પ્રદેશ નિષ્પન્ન કહેવાય છે. એક પ્રદેશથી અવગાઢ વિગેરેથી માંડીને અસંખ્ય પ્રદેશના અવગાઢ (વ્યાપ્ત) સુધી વિચારવું. (અસંખ્ય પ્રદેશથી બનેલો તે અસંખ્યપ્રદેશ નિષ્પન્ન કહેવાય.) વિભાગમાં અંગુલ ત્રણ પ્રકારનું છે. આત્માંગુલ, ઉત્સેધ-અંગુલ-પ્રમાણ અંગુલ ત્યાં જે કાલે ભરત-સગર વિગેરે મનુષ્યો જે પ્રમાણ યુક્ત છે તેઓના સંબંધિ એ કાલે અહીં આત્મા ગ્રહણ કરાય છે (તે આત્માનું અંગુલ તે આત્માંગુલ) તે અનિયત પ્રમાણવાળું છે. કારણ કે, કાળ વિગેરેના ભેદથી પુરુષો અનિયત પ્રમાણવાળા છે. આ અંગુલના માપથી પગનો મધ્ય પ્રદેશ તે છ અંગુલ છે અને યુગ્મ કરાયેલ એવા બે પગના મધ્યપ્રદેશ (બારઅંગુલ) વિતસ્તિ, બે વિતસ્તિ એટલે (૨૪ અંગુલ) એક રત્ન, બે રત્નિ (૪૮ અંગુલ) એટલે એક કુક્ષિ, બે કુક્ષિ (૯૬ અંગુલ) એક ધનુષ, દંડ-ધનુ-યુગ-નાલિકા-અક્ષ-મુશલ આ છ વિશેષ પ્રમાણો છે. બે હજાર ધનુષનું ૧ ગાઉ થાય, ચાર ગાઉ બરાબર એક યોજન થાય છે. હવે કહેવાતા પ્રમાણાંગુલથી જે યોજન થાય છે. તે યોજનથી અસંખ્ય કોટાકોટી યોજન સ્વરૂપ એવી ચાર ખૂણાને સમાન કરીને બનાવાયેલ (સમચતુરસ્ર) લોકની એક શ્રેણી થાય છે. આ જ શ્રેણી શ્રેણી વડે ગુણાયેલ પ્રતર થાય છે. તે પ્રતર શ્રેણીથી ગુણાયેલો લોક થાય છે અને આ લોક પણ સંખ્યેય રાશિથી ગુણાયેલ સંખ્યાત લોક થાય છે અને અનંતલોકથી ગુણાયેલ તે અલોક થાય છે. બનેલા અલોકનું ઘની કરવું તે અનુયોગદ્વાર વિગેરેથી જાણવું.

નારક વિગેરેના શરીર ઉંચાઈના નિર્ણય માટે જે અંગુલ તે ઉત્સેધાંગુલ, તે અનેક પ્રકારનું છે, કારણ કે, તેના ઉત્તરોત્તર આઠથી ગુણાયેલ અને તેના કારણભૂત એવા પરમાણુ-ત્રસ-રેણુ-રથરેણુ-વાલાગ્ર-લિક્ષા-યૂકા-યવ અનેક પ્રકારના છે.

પરમાણુ બે પ્રકારે છે. સૂક્ષ્મ અને વ્યવહારિક 'અન્ત્યકારણ નિત્ય એક રસ અને એક ગંધ વર્ણવાળો, બે સ્પર્શવાળો અને કાર્યનાલિંગ સ્વરૂપ એવો સૂક્ષ્મ પરમાણુ હોય છે.' એવા શ્લોકથી ઓળખાવાયેલો પરમાણુ નિશ્ચયનયને માન્ય નિર્વિભાગી એવો સૂક્ષ્મ પરમાણુ છે અને વળી જે અનેક એવા આ સૂક્ષ્મ પરમાણુથી થાય છે. તેને આ નય (ફક્ત નિશ્ચયનય) અંશવાળો હોવાથી સ્કંધ જ કહે છે. અહીં નૈશ્ચયિક પરમાણુ (નિશ્ચયનયને અભિમત) એવો પરમાણુ વિવક્ષિત નથી, પરંતુ વ્યવહારિક (વ્યવહારિક નયને અભિમત) પરમાણુ ઇષ્ટ છે. તેવા પ્રકારના અનેક પરમાણુથી

નિષ્પન્ન એવો પણ જે શસ્ત્ર છેદ-અગ્નિદાહ વિગેરેનો વિષય થતો નથી. હજુ પણ તેવા પ્રકારની સ્થૂલતાને નહિ પામેલો હોવાના કારણે તેને વ્યવહારનય પરમાણુ તરીકે કહે છે.

આઠ પરમાણુથી એક શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા આઠ શ્લક્ષ્ણથી એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુથી એક ત્રસેરણુ, આઠ ત્રસરેણુથી એક રથરેણુ વિગેરે જાણવું.

હજાર ઉત્સેધાંગુલથી ગુણાયેલ એક પ્રમાણાંગુલ થાય છે અથવા પરમ પ્રકર્ષ સ્વરૂપ પ્રમાણને પામેલ એવું અંગુલ તે પ્રમાણાંગુલ, આનાથી મોટું અંગુલ છે નહિ અથવા તો સમસ્ત લોકના વ્યવહાર રાજ્ય વિગેરેની સ્થિતિના પ્રથમ પ્રણેતા તરીકે પ્રમાણભૂત આ અવસર્પિણી કાલમાં તો યુગાદિદેવ અથવા ભરત છે એના અંગુલ તે પ્રમાણાંગુલ, અહીં વિશેષ અનુયોગદ્વારમાંથી જાણવું.

अथ कालस्य परिच्छेदकं दर्शयति--

**निर्विभाज्यकालभागः प्रदेशः समयावलिकोच्छ्वासनिःश्वासप्राणस्तोकलवमुहूर्त्ताहोरात्रपक्ष- मासर्त्वयनसंवत्सरयुग-पूर्वाङ्गादयो विभागः कालस्य ॥१८॥**

निर्विभाज्येति, कालस्य निर्विभागा ये भागास्तैरेकादिक्रमेण निष्पन्नः परमाणुः स्कन्धो वा, एकसमयस्थितिकमारभ्य यावदसंख्येयसमयस्थितिकः प्रदेशनिष्पन्नो भाव्यः, समयेति, समयः परमसूक्ष्मः कालः, समयानां समुदायादावलिकैका, संख्येयावलिकाभिरुच्छ्वासः, संख्येयावलिकाभिश्च निःश्वासः तुष्टस्य जराऽपीडितस्य व्याध्यनभिभूतस्य च जन्तोरेक उच्छ्वासयुक्तो निःश्वास एकः प्राणः, सप्त प्राणा एकस्स्तोकः सप्त स्तोका एको लवः, सप्तसप्ततिलवा मुहूर्त्तः, त्रिंशता मुहूर्तैरहोरात्रं, पञ्चदशभिस्तैः पक्षः ताभ्यां द्वाभ्यां मासः, मासद्वयेन ऋतुः, ऋतुत्रयमानमयनं, अयनद्वयेन संवत्सरः पञ्चभिस्तैर्युगं, चतुरशीत्या लक्षैः पूर्वाङ्गं तदपि चतुरशीत्या लक्षैर्गुणितं पूर्वं, एवं पूर्वपूर्वराशिः चतुरशीतिलक्षैर्गुणितं उत्तरोत्तरं त्रुटिताङ्गत्रुटिताटटाङ्गाटटाववाङ्गाववहुहुकाङ्गहुहुकोत्पलाङ्गोत्पलपद्माङ्गपद्मनलिनाङ्गनलिनार्थनिपूराङ्गर्थनिपूरायुताङ्गायुतनयुताङ्गनयुतप्रयुताङ्गप्रयुतचूलिकाङ्गचूलिकाशीर्ष-प्रहेलिकाङ्गशीर्षप्रहेलिकारूपो भवति, एतावत्पर्यन्तं गणितस्य विषयः, अतः परं सर्वमौपमिकम्, उपमानमन्तरेण यत्कालप्रमाणमनतिशायिना गृहीतं न शक्यते तदौपमिकम् । तच्च द्विधा पल्योपमं सागरोपमञ्च, तत्र पल्यो धान्यपल्य इव स्यात्, तच्च वृत्तात्वाद्दैर्घ्यविस्ताराभ्यां प्रत्येकमुत्सेधाङ्गुलक्रमनिष्पन्नं योजनं, उच्चत्वेनापि तद्योजनं किञ्चिन्न्यूनयोजनषड्भागाधिकयोजनत्रयं परिधिः स पल्यः, तेनोपमा यस्मिन् तत्पल्योपमं, एतच्च त्रिविधं उद्धारपल्योपममद्धापल्योपमं क्षेत्रपल्योपमञ्चेति, एतेषां स्वरूपाणि अनुयोगद्वारादवसेयानि ।

पल्योपमानां दशभिः कोटाकोटीभिरेकं सागरोपमं भवति । दशसागरोपमकोटाकोटिमाना-त्ववसर्पिणी, तावन्मानैवोत्सर्पिणी, अनन्ता उत्सर्पिण्यवसर्पिण्यः पुद्गलपरावर्त्तः, अनन्तास्तेऽतीताद्धा, तावन्मानैवानागताद्धा अतीतानागतवर्त्तमानकालस्वरूपा सर्वाद्धेति ॥१८॥

કાલનું પરિચ્છેદક બતાવે છે -

નિર્વિભાજ્ય કાલનો ભાગ તે પ્રદેશ, સમય-આવલિકા-ઉચ્છ્વાસ-નિઃશ્વાસ-પ્રાણ-સ્તોક-લવ-મુહૂર્ત્ત-અહોરાત્ર-પક્ષ-માસ-ઋતુ-અયન્-સંવત્સરયુગ-પૂર્વાંગ વિગેરે કાલના વિભાગ છે.

કાલના નિર્વિભાજ્ય જે ભાગ તેનાથી એક વિગેરે ક્રમથી બનેલ પરમાણુ અથવા સ્કંધ થાય છે. એક સમયની સ્થિતિથી માંડીને યાવત્ અસંખ્ય સમયની સ્થિતિવાળો પ્રદેશથી નિષ્પન્ન જાણવો.

પરમ સૂક્ષ્મ કાલને સમય કહેવાય છે. સમયોના સમુદાયથી એક આવલિકા, સંખ્યાતી આવલિકાઓથી એક ઉચ્છ્વાસ, સંખ્યાતી આવલિકાઓથી એક નિઃશ્વાસ થાય છે અને હૃષ્ટપુષ્ટ, જરાથી નહિ પીડાયેલો અને વ્યાધિથી અપરાભૂત એવા જીવનો એક ઉચ્છ્વાસથી યુક્ત એવો નિઃશ્વાસ (શ્વાસોશ્વાસ) એ એક પ્રાણ થાય છે. સાત પ્રાણ બરાબર એક સ્તોક, સાત સ્તોક બરાબર એક લવ, સિત્યોત્તર લવ બરાબર એક મુહૂર્ત્ત, ત્રીસ મુહૂર્ત્ત બરાબર એક અહોરાત્ર, પંદર અહોરાત્ર બરાબર એક પક્ષ, તે બે પક્ષ વડે એક માસ, બે માસ વડે ઋતુ, ત્રણ ઋતુમાનથી એક અયન, બે અયન વડે સંવત્સર અને તે પાંચ સંવત્સર વડે યુગ, ૮૪ લાખ વડે પૂર્વાંગ, તેને પણ ૮૪ લાખ વડે ગુણવાથી પૂર્વ, એ પ્રમાણે પૂર્વ-પૂર્વ રાશિ ૮૪ લાખ વડે ગુણવાથી ઉત્તરોત્તર ત્રૂટિતાંગ, ત્રુટિતાટટાંગ, અટટાવવાંગ, અવવહુહુકાંગ, હુહુકોત્પલાંગ, ઉત્પલપદ્માંગ, પદ્મનલિનાંગ, નલિનાર્થનિપૂરાંગ, અર્થનિપૂરાયુતાંગ, અયૂતનયુતાંગ, નયુતપ્રયુતાંગ, પ્રયુતચૂલિતાંગ, ચૂલિકાશીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકારૂપ થાય છે.

અહીં સુધી ગણિતનો વિષય છે. આના પછી બધું ઔપમિક છે.

ઉપમાન વિના જે કાળનું પ્રમાણ તે જે કાળ અનતિશાયી વ્યક્તિ વડે ગ્રહણ કરવાને શક્ય નથી તે ઔપમિક અને તે બે પ્રકારનું પલ્યોપમ અને સાગરોપમ, ત્યાં પલ્ય એટલે ધાન્યના પલ્ય જેવું હોય છે અને તે ગોલ હોવાથી દીર્ઘતા અને વિસ્તારથી પ્રત્યેક ઉત્સેધાંગુલના ક્રમથી નિષ્પન્ન યોજન પ્રમાણ હોય અને ઉંચાઈમાં પણ તે યોજન પ્રમાણ, કાંઈક ન્યૂન એક યોજન છ ભાગથી અધિક, ત્રણ યોજનની પરિધિવાળો તે પલ્ય કહેવાય છે. તેની ઉપમા જેમાં છે તે પલ્યોપમ અને તે ત્રણ પ્રકારનું છે. ઉદ્ધાર પલ્યોપમ-અદ્ધાપલ્યોપમ-ક્ષેત્રપલ્યોપમ, આનું સ્વરૂપ અનુયોગદ્વારાદિમાંથી જાણવું.

દશ કોટાકોટી પલ્યોપમનો એક સાગરોપમ, દશ સાગરોપમ કોટાકોટી માન અવસર્પિણી, તે જ માનની ઉત્સર્પિણી, અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીનો એક પુદ્‌ગલ પરાવર્ત્ત, અનંતા તે અતીતાદ્ધા, તેટલા જ માનના અનાગતઅદ્ધા, અતીત-અનાગત-વર્તમાન સ્વરૂપ સર્વાદ્ધા, તે આ પ્રમાણે છે.

अथ भावप्रमाणमाचष्टे--

**गुणनयसंख्यारूपं भावप्रमाणम् ॥१९॥**

गुणेति, भावो वस्तुपरिणामः यथा ज्ञानादिर्वर्णादिश्च, प्रमीयते यत्तत्प्रमाणं भाव एव प्रमाणं भावप्रमाणम् । तच्च त्रिविधं गुणप्रमाणं नयप्रमाणं संख्याप्रमाणञ्चेति, प्रमीयते हि गुणैर्द्रव्यं, गुणाश्च गुणरूपतया, अतः प्रमाणता गुणानाम्, गुणप्रमाणञ्च जीवगुणप्रमाणम-जीवगुणप्रमाणमिति द्विविधम् । जीवस्य गुणा ज्ञानदर्शनचारित्राणि तद्रूपं प्रमाणमाद्यम्, तत्र ज्ञानरूपो गुणः प्रत्यक्षानुमानोपमानागमभेदतश्चतुर्विधः प्रत्यक्षमपि इन्द्रियनोइन्द्रियभेदेन द्विविधम्, ऐन्द्रियमपि पञ्चेन्द्रियापेक्षया पञ्चविधम् । नोइन्द्रियजञ्चावधिमनःपर्यवकेवल-रूपम्, इन्द्रियजस्य प्रत्यक्षत्वं व्यवहारापेक्षया विज्ञेयम् । अनुमानञ्च पूर्ववत् शेषवत् दृष्टसाधर्म्यवच्चेति त्रिविधम् । पूर्वदृष्टलिङ्गद्वारा गमकमनुमानं पूर्ववत्, यथा मत्पुत्रो-ऽयमनन्यसाधारणक्षतादिलक्षणविशिष्ट-लिङ्गोपलब्धेरिति, अत्र हि बाल्यावस्थायां कोऽपि स्वदेशात्कुत्रापि पलायितः, पुनः कालान्तरे युवा सन् कथमपि प्रत्यागः, तं तन्माता पूर्वदृष्टेन क्षतादिविशिष्टलिङ्गेनानुमिनोति पूर्ववदिदम् । न चायं हेतुस्साधर्म्यवैधर्म्य-दृष्टान्ताभावादगमक इति वाच्यम्, अन्यथाऽनुपपत्तिमात्रस्यैव गमकत्वेन तस्या अत्र सत्त्वात् । जिज्ञासितार्थादन्योऽर्थश्शेषः, सो यस्य गमकस्तच्छेषवत्, तच्च पञ्चविधं, यथा हेषाशब्देन कार्येण तत्कारणमश्वमनुमिनुते, विशिष्टमेघोन्नत्या कारणेन तत्कार्यस्य वृष्टेरनुमानम्, गन्धादिना प्रतिनियतेन गुणेन तद्धेतुः पुष्पादेरनुमानम्, विशिष्टशृङ्गाद्यवयवोपलम्भेनावयविनो महिषादेरनुमानम्, धूमबलाकाद्याश्रयेणाश्रयिणो वह्निजलादेरनुमानमिति । पूर्वोपलब्धार्थेन सह साधर्म्यं गमकतया यस्य तदनुमानं दृष्टसाधर्म्यवत्, पूर्वमर्थस्य सामान्यतो विशेषतो वा दृष्टत्वादिदं सामान्यदृष्टं विशेषदृष्टं चेति द्विविधम्, आद्यं तथा नालिकेरद्वीपादायातः कश्चित् कञ्चनैकं पुरुषं दृष्ट्वाऽनुमिनोति यथाऽयमेकः पुरुषः पुरिदृश्यमान एतदाकारविशिष्टस्तथाऽत्र बहवोऽपरिदृश्यमाना अपि पुरुषा एतदाकारसम्पन्ना एव, एतत्स्थानीयपुरुषत्वाविशेषात्, अन्याकारत्वे तादृक् पुरुषत्वहानिप्रसङ्गात्, गवादिवत् एवं यदि प्रथमं बहवः पुरुषा

वीक्षितास्तदा यथाऽमी परिदृश्यमानाः पुरुषा एतदाकारवन्तः तथाऽपरोऽप्येकः पुरुष एतदाकारवानेव, एतत्स्थानीयपुरुषत्वात्, अपराकारत्वे तद्धानिप्रसङ्गादश्वादिवदिति । द्वितीयं यथा कोऽपि कञ्चन पुरुषं क्वचिद्दृष्ट्वा तद्दर्शनाहितसंस्कारोऽसंजाततत्प्रमोषस्समयान्तरे बहुपुरुषसमाजमध्ये तमेव पुरुषविशेषमुपलभ्य मानयति यः पूर्वं मयोपलब्धस्स एवायं पुरुषः, तथैव प्रत्यभिज्ञायमानत्वात्, उभयाभिमतपुरुषवदिति । सदृशवस्तुग्राहकमुपमानं साधर्म्योपनीतवैधर्म्योपनीतभेदतो द्विविधम्, उभयमपि किञ्चित्साधर्म्येण वैधर्म्येण वोपनीतं, प्रायः साधर्म्येण तद्वैधर्म्येण वोपनीतं, सर्वसाधर्म्येण तथाविधवैधर्म्येण वोपनीतमिति त्रिविधम्, किञ्चित्साधर्म्येणोपमानोपमेयभावः मूर्त्तत्वेन मन्दरसर्षपयोः सोदकत्वमात्रेण समुद्रगोष्पदयोरित्यादि, प्रायस्साधर्म्येण गोगवययोः खुरककुदविषाणलाङ्गूलादिभ्यः, एषामुभयोस्समानत्वात्, सकम्बलत्वाद्गोः वृत्तकण्ठत्वाद्गवयस्य प्रायः साधर्म्यं बोध्यम्, सर्वसाधर्म्येण अर्हता अर्हत्सदृशं कृतमित्यादि । किञ्चिद्वैधर्म्यात् यादृशः शाबलेयो न तादृशो बाहुलेयो यथा चायं न तथेतर इत्यादि, अत्र च शेषधर्मैस्तुल्यत्वाद्भिन्ननिमित्तजन्मादिमात्रतस्तु वैलक्षण्यात् किञ्चिद्वैधर्म्यम्। प्रायोवैधर्म्याद्यथा वायसो न तथा पायसः, यथा च पायसो न तथा वायस इति, अत्र संचेतनत्वाचेतनत्वादिभिर्बहुभिर्धर्मैर्विसंवादात् शब्दगतवर्णद्वयेन सत्त्वादिमात्रतश्च साम्यात्प्रायो वैधर्म्यम् । सर्ववैधर्म्यन्तु न कस्यचित्केनापि सम्भवति, सत्त्वप्रमेयत्वादिभिस्सर्वभावानां समानत्वात्, तैरप्यसमानत्वेऽसत्त्वप्रसङ्गात्, किन्तु नीचेन नीचसदृशं गुरुघातादिकृतमित्युदाहरणम्, न च सादृश्यस्यैवेदं निदर्शनं न वैधर्म्यस्येति वाच्यम्, नीचोऽपि प्रायो नैवंविधं महापापमाचरति किं पुनरनीचस्ततस्सकलजगद्विलक्षणप्रवृत्तत्वविवक्षया वैधर्म्योक्तेः। लौकिकलोकोत्तरभेदेनागमो द्विविधः सूत्रार्थतदुभयागमभेदेन, आत्मागमानन्तरागमनपरम्परागमभेदेन वा त्रिविधस्सः । मिथ्यादृष्टिसंदृब्धो भारतादिर्लौकिकः, अर्हदादिभिः प्रोक्तो लोकोत्तरः । सूत्रमेव सूत्रागमः, तदर्थश्चार्थागमः सूत्रार्थोभयरूपस्तु तदुभयागमः । विना गुरूपदेशेनात्मन एवाऽऽगम आत्मागमो यथा तीर्थंकराणामर्थस्यागमः, स्वयमेव केवलेनोपलब्धेः । गणधराणां सूत्रस्यात्मागमः, स्वयमेव ग्रथितत्वात्, अर्थस्य त्वनन्तरागमोऽनन्तरमेव तीर्थकरादागतत्वात् । गणधरशिष्याणां जम्बूस्वामिप्रभृतीनां सूत्रस्यानन्तरागमः, अव्यवधानेन गणधरादेव श्रुतेः, अर्थस्य गणधरेण व्यवहितत्वात् परम्परागमः । तत ऊर्ध्वकालीनानां सर्वेषां सूत्रस्यार्थस्य नात्मागमो *नानन्तरागमो वा किन्तु परम्परागम एवेति । दर्शनावरणक्षयोपशमादिजं सामान्यमात्रग्रहणं*

दर्शनं तदेवात्मनो गुणस्तद्रूपं प्रमाणं दर्शनगुणप्रमाणं चक्षुरचक्षुरवधिकेवलदर्शनरूपचतुष्टय-भेदवत् । तत्तदावरणक्षयोपशमादिसमुद्भूतानि तत्तल्लब्धिमतो जीवस्य तत्तद्दर्शनरूपाण्येतानि । सावद्यविरतिरूपं चारित्रं तदेवात्मनो गुणस्तद्रूपं प्रमाणं सामायिकादिभेदात्पञ्चविधम् । प्रपञ्चितमेतत्सर्वं तत्त्वन्यायविभाकरे सटीके । अनन्तधर्मात्मकवस्तुन एकांशेन नयनं नयः स एव प्रमाणं नयप्रमाणं प्रस्थकदृष्टान्तेन वसतिदृष्टान्तेन प्रदेशदृष्टान्तेन च हेतुभूतेन त्रिविधम्, नैगमादयश्च विस्तरस्तत्त्वन्यायविभाकरे प्रपञ्चिताः, सामान्येन चात्राग्रे निरूपयिष्यन्ते । प्रस्थकदृष्टान्तश्च प्रस्थको धान्यमानहेतुद्रव्यविशेषः, यः कश्चित् पुरुषः प्रस्थकहेतुभूतकाष्ट-च्छेदाय कुठारकरो वनं गच्छन् पथि केनचित्पृष्टो क्व भवान् व्रजतीति प्रस्थकार्थं यामीति यद्ब्रवीति असौ नैगमव्यवहाराभ्यामविशुद्धाभ्यां प्रथमो वने उपचारः, न च प्रस्थकार्थं वने गच्छतः प्रस्थकेच्छाया मुख्यार्थस्याबाधितत्वाकथं प्रस्थकपदस्योपचार इति वाच्यम्, प्रस्थकयोग्यवृक्षप्राप्तिरूप-क्रियाविशिष्टवनस्यैव बोधात्, अधिकरणाकाङ्क्षोत्थापकक्क शब्द-सामर्थ्यात् । न च तर्हि सप्तम्यन्तप्रश्ने सप्तम्यन्तमेवोत्तरमुचितमिति, वाच्यं, तथापि प्रस्थकेऽहं व्रजामीत्यत्र प्रस्थकपदस्य वने उपचारस्यावश्यकत्वात् । वृक्षं छिन्दन्तं दृष्ट्वा किं भवान् छिनत्तीति प्रश्ने प्रस्थकं छिनद्मीत्युत्तरे प्रस्थकपदस्य छेदनयोग्ये काष्ट उपचारः काष्ठस्य प्रस्थकं प्रति कारणत्वात्, अयमुपचारः पूर्वस्माच्छुद्धः नैगमव्यवहारयोः, पूर्वस्मात् किञ्चिदत्रासन्नत्वाद्विशुद्धत्वम् । एवमेवाग्रेऽपि पूर्वपूर्वापेक्षया यथोत्तरस्य विशुद्धता भाव्या । एवं क्रमेण किं भवान् तक्ष्णोति, उत्किरति, उल्लिखति, करोतीति प्रश्नेषु प्रस्थकं तक्ष्णोमि उत्किरामि उल्लिखामि करोमीत्युत्तरेषु प्रस्थकपदस्य तक्षणादिक्रियायोग्यकाष्ठेषूपचारा भवन्ति, तथा च नैगमव्यवहारावतिशुद्धौ उत्कीर्णनामानं प्रस्थकपर्यायवन्तं प्रस्थकमाहतुः। सङ्ग्रहनयस्तु आसादितप्रस्थकपर्यायं धान्येन पूरितं प्रस्थकमाह, धान्यापूर्णमितरद्रव्याविशिष्टं विहाय नैगमोपदर्शितार्थ-संकोचकत्वेन स्वनाम्नोऽन्वर्थत्वसिद्धेः । अयं हि विशुद्धत्वात्कारणे कार्योपचारं कार्याकरणकाले च प्रस्थकञ्च नाङ्गीकुरुते, न चार्थक्रियाभावाभावाभ्यां द्रव्यभेदाभ्युपगमे ऋजुसूत्रमतानुप्रवेश इति वाच्यम्, नैगममतार्थसंकोचनाय क्वचित्तथोप-गमेऽपि सर्वत्र तथाभ्युपगमाभावेन तदनुप्रवेशाभावात् । इत्थञ्चार्थक्रियाकारितदकारि प्रस्थकव्यक्तिभेदार्थं क्रियाऽजनकप्रस्थकव्यक्तौ प्रस्थकत्व-सामान्यमपि नास्तीत्यभ्युप-गमेऽपि न कश्चिद्दोषः । ऋजुसूत्रस्य मानं मेयञ्च द्वयमेव प्रस्थकस्वरूपम्, तन्मेयधान्ये च समवहिते एव प्रस्थकव्यवहारादेकतरविनाभावे तत्परिच्छेदासम्भवात् । किञ्च मेयारूढः

प्रस्थकत्वेन व्यपदेश्य इति संग्रहनयमते मेयारूढः प्रस्थकारूढं मेयं वा तथेत्यत्र विनिगमकाभावादुभयत्रैव प्रस्थकपदशक्तेर्व्यासज्यवृत्तित्वं युक्तं, कथं तर्हि प्रस्थकेन धान्यं मीयत इति प्रयोगः, एकत्रोभयवाचकपदेनैकस्यानुपस्थापनादिति चेन्न, एतन्नयेन कथञ्चित् प्रस्थकपदशक्यतावच्छेदकस्य व्यासज्यवृत्तित्वेन विवक्षाभेदात्करणरूपानुप्रवेशस्यापि सम्भवात् । शब्दसमभिरूढैवम्भूतानां नयानां मते प्रस्थकस्वरूपपरिज्ञातृगतात्प्रस्थककर्तृगताद्वा प्रस्थकोपयोगाद्भिन्नं प्रस्थकं नास्ति, निश्चयमानात्मकप्रस्थकस्य जडवृत्तित्वोयोगात्, बाह्य-प्रस्थकस्याप्यनुपलम्भकालेऽसत्त्वेन उपयोगानतिरेकाश्रयणादिति । वसतिदृष्टान्तश्च-कुत्र भवान् वसतीति पृष्टेऽशुद्धनैगमव्यवहारवादी लोके वसामीति ब्रूते स्थितिपर्यायात्मक-वसतेरधर्मास्तिकायव्याप्ताकाशत्वरूपलोकत्वस्यैव निरूपकतावच्छेदकत्वात् । ततः शुद्धशुद्धतरशुद्धतमरूपा नैगमव्यवहारवादिनस्तु क्रमेण ऊर्ध्वाधस्तिर्यग्लोकभेदभिन्ने सर्वत्रापि किं भवान् वसतीत्यादिप्रश्ने तिर्यग्लोके जम्बूद्वीपे भारतक्षेत्रे तद्दक्षिणार्धे पाटलिपुरपत्तने गृहे वा वसामीति क्रमेणोत्तरयन्ति तथा गर्भगृहपर्यन्तवसतिविषया नैगमव्यवहारभेदाः, विशुद्ध-तरनैगम-व्यवहारयोस्तु वसन्नेव वसति नान्यथा, यत्र हि गृहादौ सर्वदा निवासित्वेनाऽसौ विवक्षितस्तत्र तिष्ठन्नेवैषस्तत्र वसतीति व्यपदिश्यते, यदि पुनः कारणवशतोऽन्यत्र रथ्यादौ वर्त्तते तदा तत्र विवक्षिते गृहादौ वसतीति न प्रोच्यतेऽतिप्रसङ्गादिति । तथा प्रयोगे क्वेत्याद्याकाङ्क्षाबाहुल्याबाहुल्यकृतमत्र विशुद्ध्यविशुद्धिवैचित्र्यम् विशुद्धतरत्वञ्च व्युपरता-कांक्षाप्रयोगकर्तृत्वात् । सङ्ग्रहस्तु संस्तारकारूढ एव वसतीत्यभ्युपैति, अन्यत्र वासार्थस्यै-वाघटमानत्वात्, चलनादिक्रियावत्त्वात्, मार्गादिप्रवृत्तवत्, ऋजुसूत्रनयश्च येष्वाकाशप्रदेशेषु देवदत्तोऽवगाढस्तेष्वेवायं तद्वान् समभ्युपैति, संस्तारके तद्वसत्यभ्युपगमे तु गृहकोणादावपि तदुपगमप्रसङ्गः, संस्तारकावच्छिन्नव्योमप्रदेशेषु च संस्तारक एवावगाढो न तु देवदत्तोऽपीति न तेष्वपि तद्वसतिभणनमुपपद्यते, संस्तारकगृहकोणादौ तद्वसतिव्यवहारस्तु प्रत्यासत्तिदोषाद् भ्रान्तिमूलक एवेति । तेष्वपि विवक्षितवर्त्तमानकाल एव वसतिः नातीतानागतयोः, विनष्टानुत्पन्नत्वेनैतन्मतेऽसत्त्वात् । शब्दनयास्त्रयः स्वस्मिन् वसतिं प्राहुः, मुख्याया वसतेः स्वप्रदेशेष्वेव सम्भवात्, आकाशप्रदेशानामपि परद्रव्यत्वेन तत्र स्वसम्बन्धस्य विचार्यमाण-स्याघटनात् । प्रदेशदृष्टान्तश्च-तत्र नैगमो धर्माधर्माकाश-जीवस्कन्धतद्देशानां षण्णां प्रदेशमाह-संग्रहो धर्मादीनां पञ्चानां न तु तद्देशानां, स्वदेशे स्वाभेदात्, यथा दासक्रीतः खरो मदीय एव, दासस्य मदीयत्वादिति, व्यवहारश्च यथा पञ्चानां वित्ते स्वामित्वं साधारणं न

तथा प्रदेशे पञ्चवृत्तित्वमिति पञ्चानां न प्रदेशः किन्तु पञ्चविधः प्रदेश इति वाच्यमिति मन्यते । ऋजुसूत्रो ब्रूते पञ्चविधः प्रदेश इति न सम्भवति, प्रत्येकं धर्मादिप्रदेशानां पञ्चविधत्वप्राप्तेः, शब्दाद्धि प्रकृते वस्तुव्यवस्था, शब्दाच्चैवमेव प्रतीतिर्भवति, एवञ्च सति पञ्चविंशतिविधः प्रदेशः प्राप्नोति तस्मात्प्रदेशो भजनीयः, स्याद्धर्मास्तिकायस्य प्रदेशः स्यादधर्मास्तिकायस्येत्यादि । शब्दनयश्च प्राह भजनाया विकल्परूपत्वेनैकतरमादाय विनिगन्तुमशक्यत्वाद्यो यदीयः प्रदेशः स तदीय एवेति व्यवस्थाया विलोपप्रसङ्गः, धर्मास्तिकायादिप्रदेशस्याधर्मास्तिकायादित्वेनापि भजनीयत्वप्रसङ्गात् किन्तु धर्मास्तिकाये यः प्रदेशः स धर्मास्तिकायात्मकः, धर्मास्तिकायात्मको यः प्रदेशस्स धर्मास्तिकाय इत्येवमधर्माकाशास्तिकाययोरपि, सोऽपि प्रदेशः सकलधर्मास्तिकायादव्यतिरिक्तो धर्मास्तिकायस्यैकद्रव्यत्वात् । जीवे यः प्रदेशो जीवात्मको वा यः प्रदेशस्स तु नोजीवः सकलजीवास्तिकायैकदेशवृत्तिः, तथा स्कन्धे यः प्रदेशः स्कन्धात्मको वा यः प्रदेशस्स नोस्कन्धः, एकजीवाद्यात्मकस्य समस्तजीवाद्यस्तिकाये वृत्त्यसम्भवात्, जीवानां स्कन्धानाञ्चानन्तत्वादिति । समभिरूढस्तु धर्मे प्रदेश इति कुण्डे बदरमित्यादेरिव भेदबुद्धिप्रसङ्गात् सप्तमीसमासाभिलापकं वचनं न ब्रूते । यद्यपि घटे रूपमित्यादावभेदेऽपि सप्तमी दृष्टा तथापि भेदेऽभेदे च सप्तमीदर्शनेनात्र संशयलक्षणो दोषो दुर्वार एव, एवञ्चाभेदप्रकारकबोधार्थं धर्मश्चासौ प्रदेशश्चेति समानाधिकरणः कर्मधारय एवावश्यमाश्रयणीयः । तत्पुरुषेऽभेदबोधाय पदलक्षणाया आवश्यकत्वात् कर्मधारये चाभेदय संसर्गविधयैव लाभाल्लक्षणाभावेन लाघवादिति । एवम्भूतनयस्य मते तु देशप्रदेशकल्पनारहितमखण्डमेव वस्तु सत्, देशप्रदेशकल्पना तु भ्रममात्रमिति । एते नयाः परस्परं निरपेक्षा दुर्नयाः, परस्परसापेक्षास्तु सुनया इति । संख्यानं संख्या सैव प्रमाणं संख्याप्रमाणम्, संख्याशब्देन संख्याशंखयोर्द्वयोरपि ग्रहणं प्राकृतमधिकृत्य समानशब्दाभिधेयत्वात्, एवञ्च तन्नामस्थापनाद्रव्यौपम्यपरिमाणज्ञानगणनाभाव–संख्याभेदादष्टविधम्, अत्र संख्यास्शंखा वा यत्र घटन्ते ते तत्र योजनीयाः । ज्ञशरीरभव्यशरीरद्रव्यशंखपर्यन्तं पूर्ववत्, व्यतिरिक्तन्तु एकभविकबद्धायुष्काभिमुखनामगोत्रभेदतस्त्रिविधम्, इह यो जीवो मृत्वाऽनन्तरभवे शंखेउत्पत्स्यते स तत्राबद्धायुष्कोऽपि जन्मदिनादारभ्य एकभविकः स शंख उच्यते, यत्र भवे वर्त्तते स एवैको भवः शंखेषूत्पत्तेरन्तरेऽस्तीति कृत्वा । शंखप्रायोग्यबद्धायुर्बद्धायुष्कः, शंखभवप्राप्तस्य जन्तोः येऽवश्यमुदयमागच्छतस्ते द्वीन्द्रियजात्यादिनीचैर्गोत्राख्ये अभिमुखे जघन्यतस्समयेनोत्कृष्टतोऽन्त-

र्मुहूर्तमात्रेणैव व्यवधानादुदयाभिमुखप्राप्ते नामगोत्रे कर्मणी यस्य सोऽभिमुखनामगोत्रः । उपमया वस्तुपरिच्छेद औपम्यसंख्या, इयमुपमानोपमेययोस्सत्त्वासत्त्वाभ्यां चतुर्धा, सत् सतोपमीयते, सदसतोपमीयते, असत्सतोपमीयते, असदसतोपमीयते इति, तीर्थकरवक्ष-आदेरुपमेयस्य कपाटदिनोपमानेन संख्यानमाद्यं, नैरयिकतिर्यग्योनिजमनुष्यदेवानामायूंषि पल्योपमसागरोपमैरुपमीयन्ते, पल्योपमादीनां कल्पनामात्रेण प्ररूपिततयाऽसत्त्वादिति द्वितीयम्, किसलयपत्रावस्थया वसन्तसमये पाण्डुपत्रावस्था उपमीयते तत्रोपमानं तत्कालभावित्वात्सत्, उपमेयञ्च भूतपूर्वत्वादसत्, सत्या पाण्डुपत्रावस्थया भविष्यत्वादसती किसलयपत्रावस्था यदोपमीयते तदा तृतीयो भेदः । असता खरविषाणेनासतश्शशविषाणस्योपमानं चतुर्थमिति । कालिकश्रुतपरिमाणसंख्यादृष्टिवादश्रुतपरिमाणसंख्यारूपेण द्विविधा परिमाणसंख्या प्रत्येकं पर्यवाक्षरादिसंख्याभेदेनानेकविधाऽनुयोग-द्वारादितो विज्ञेया । ज्ञानरूपा संख्या ज्ञानसंख्या, यो देवदत्तादियावच्छब्दादिकं जानाति स तावज्जानाति तज्जानन्नसावभेदोपचाराज्ज्ञानसंख्या । एतावन्त एते इति संख्यानं गणनसंख्या द्व्यादिसंख्या, एकस्तु न गणनसंख्यामवतरति, एकस्मिन् घटादौ दृष्टे घटादिवस्त्विदं तिष्टतीति प्रायःप्रतीतेः, न तु एकसंख्याविषयत्वेन, अल्पत्वाद्वा, आदानसमर्पणादिव्यवहारकाले हि एकं वस्तु प्रायो न कश्चिद्गणयतीति । सा च संख्येयकासंख्येयकानन्तकभेदवती, संख्येकं जघन्यादिभेदात् त्रिविधम् । असंख्येयकं परीतासंख्येयकं युक्तासंख्येयकं असंख्येयासंख्येयकमिति त्रिविधमपि प्रत्येकं जघन्यादि-भेदान्नवविधम्, अनन्तकं तु परीतानन्तकं युक्तानन्तकमनन्तानन्तकञ्चेति त्रिविधमपि प्रथमयोर्द्वयोर्जघन्यादित्रिभेदतोऽन्त्यस्य जघन्यानुत्कृष्टभेदद्वयतश्चाष्टविधम् । विस्तरत एषां स्वरूपमनुयोगद्वारादितोऽवसेयम् । भावशंखाश्च शंखप्रायोग्यं तिर्यग्गत्यादिनामकर्म नीचैर्गोत्र-कर्म च ये विपाकतो जीवा वेदयन्ति ते भावशंखाः, संख्याशब्देन शंखस्यापि ग्रहणाद्गुण-प्रमाणादस्य भेदेन कथनमिति दिक् ॥१९॥

હવે ભાવ પ્રમાણને કહે છે -

ગુણ-નય અને સંખ્યા સ્વરૂપ ભાવ પ્રમાણ છે.

વસ્તુનો પરિણામ તે ભાવ, જેમ કે જ્ઞાન વિગેરે - વર્ણ વિગેરે. જે મપાય તે પ્રમાણ, ભાવ એ જ પ્રમાણ છે. તેથી ભાવપ્રમાણ ત્રણ પ્રકારનું છે. ગુણ-નય-સંખ્યા પ્રમાણ ગુણો વડે દ્રવ્યો મપાય છે અને ગુણ સ્વરૂપ હોવાથી ગુણો કહેવાય છે. આ કારણથી પ્રમાણતા ગુણોમાં છે અને ગુણ પ્રમાણ એ જીવગુણ પ્રમાણ અને અજીવગુણ પ્રમાણ બે ભેદથી છે. જીવના જ્ઞાન-દર્શન-

ચારિત્ર ગુણો તે પહેલું જીવ પ્રમાણ, તેમાં જ્ઞાનરૂપ ગુણ તે પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-આગમ ભેદથી ચાર પ્રકારે, પ્રત્યક્ષ પણ ઇન્દ્રિય અને નોઈન્દ્રિય ભેદથી બે પ્રકારે, ઇન્દ્રિય પ્રત્યક્ષ પણ પાંચ ઇન્દ્રિયની અપેક્ષાએ પાંચ પ્રકારે છે. નોઈન્દ્રિય પ્રત્યક્ષ અવધિ-મનઃપર્યવ-કેવલ સ્વરૂપ છે. ઈન્દ્રિયથી થયેલા પ્રત્યક્ષપણું વ્યવહારની અપેક્ષાથી જાણવું અને અનુમાન પૂર્વવત્, શેષવત્, અદૃષ્ટ્ય સાધર્મ્ય ભેદથી ત્રણ પ્રકારનું છે. પૂર્વે જોવાયેલા લિંગ દ્વારા જણાવનાર અનુમાનને પૂર્વવત્ અનુમાન છે. જેમ કે આ મારો પુત્ર છે, કેમ કે અનન્ય સાધારણ બીજામાં ન ઘટે તેવા ઘા વિગેરે લક્ષણથી વિશિષ્ટ લિંગની ઉપલબ્ધિ થાય છે. અહીં બાલ્ય અવસ્થામાં કોઈ વ્યક્તિ પોતાના દેશમાંથી ક્યાંક નાસી ગયો હતો. વળી કાલાંતરે યુવાન થયે છતે કોઈપણ રીતે પાછો આવ્યો. તેને તેની માતા પૂર્વે જોવાયેલા ઘા વિગેરે વિશિષ્ટ લિંગથી અનુમાન કરે છે. આ પૂર્વવત્ અનુમાન છે.

આ હેતુ સાધર્મ્ય-વૈધર્મ્ય દૃષ્ટાંતતા અભાવવાળું હોવાથી અગમક છે એવું ન કહેવું. કારણ કે, અન્યથા અનુપપત્તિ એ જ ગમક છે અને તે જ અહીં વિદ્યમાન છે. (જિજ્ઞાસા કરાયેલ) અર્થથી અન્ય અર્થ તે શેષ, તે શેષ જેનો ગમક છે તે શેષવદ્ અનુમાન, તે પાંચ પ્રકારનું છે.

જેવી રીતે કાર્ય સ્વરૂપ એવા હેષા શબ્દથી તેના કારણ એવા અશ્વનું અનુમાન કરાય છે. કારણ સ્વરૂપ એવા વિશિષ્ટ મેઘની ઉન્નતિથી તેના કાર્ય સ્વરૂપ વૃષ્ટિનું અનુમાન થાય છે. ગંધ વિગેરે ચોક્કસ પ્રકારના ગુણથી તેનું કારણ પુષ્પાદિ અનુમાન થાય છે. વિશિષ્ટ શૃંગ વિગેરે અવયવોની ઉપલબ્ધિથી અવયવી એવા મહિષ વિગેરેનું અનુમાન થાય છે. ધૂમાડા અને બગલા વિગેરેના આશ્રયથી આશ્રયી એવા (આધાર) વહ્નિ-જલ વિગેરે અનુમાન થાય છે. પૂર્વે ઉપલબ્ધ કરેલા અર્થની સાથે ગમકપણાને (બોધક) કારણે જેને સાધર્મ્ય છે તે દૃષ્ટ સાધર્મ્યવત્ અનુમાન.

પૂર્વે અર્થને સામાન્યથી અથવા વિશેષથી જોયેલું હોવાથી આ સામાન્યદૃષ્ટ અને વિશિષ્ટ દૃષ્ટ એમ બે પ્રકારે છે. જેમ કે નાલિકેરથી આવેલો કોઈ પુરુષ, કોઈ એક પુરુષને જોઈને અનુમાન કરે કે આ દેખાતો એક પુરુષ જેવી રીતે 'एतद्' આકારથી વિશિષ્ટ છે. એવી રીતે અહીં દેખાતા એવા ઘણા પણ પુરુષો 'एतद्' આકારથી સંપન્ન હોય, કારણ કે, એમાં એતદ્ સ્થાનીય પુરુષત્વ અવિશેષ (સામાન્યપણે) રહેલું હોવાથી અન્ય આકારપણામાં તેવા પ્રકારના પુરુષત્વની હાનિનો પ્રસંગ આવતો હોવાથી, ગાય વિગેરેની જેમ, તે પ્રમાણે પહેલા ઘણા પુરુષો જોયેલા હોય તો આ દેખાતા પુરુષો જે રીતે 'एतद्' આકારવાળા છે તે રીતે આ બીજો એક પુરુષ 'एतद्' આકારવાન્ જ હોય. 'एतद् स्थानीय पुरुषत्व' હોવાથી અપર આકારપણામાં તેવા પ્રકારના એતદ્ પુરુષત્વની હાનિનો પ્રસંગ આવતો હોવાથી, અશ્વાદિની જેમ, આ પ્રમાણે પહેલું સામાન્ય દૃષ્ટ અનુમાન છે.

હવે બીજું વિશિષ્ટ દષ્ટ અનુમાન કહે છે. કોઈક પુરુષ, કોઈક પુરુષને ક્યાંક જોઈને (વિસ્મરણ) તેના દર્શનથી સ્થપાયેલ સંસ્કારવાળો તેના પ્રમોષથી રહિત સમયાન્તરે ઘણા પુરુષના સમૂહમાં તે જ પુરુષ વિશેષને મેળવીને માને છે કે જે પુરુષ પહેલા મારા વડે ઉપલબ્ધ કરાયો હતો (મને ઉપલબ્ધ થયો હતો) તે જ આ પુરુષ છે. તેવી જ રીતે ઓળખાતો હોવાથી (જણાતો હોવાથી) બેને અભિમત પુરુષની જેમ (કોઈ એક પુરુષ બે વ્યક્તિ ઓળખાતા હોય ત્યારે એક વ્યક્તિના કથનથી બીજાને પણ તે પુરુષ અભિમત થાય છે તે રીતે)

સદશ વસ્તુને ગ્રહણ કરનાર તે ઉપમાન કહેવાય છે. તે સાધર્મ્ય ઉપનીત, વૈધર્મ્ય ઉપનીત ભેદથી બે પ્રકારનું છે. બન્ને પણ કાંઈક સાધર્મ્ય ઉપનીત અથવા કાંઈક વૈધર્મ્ય ઉપનીત, પ્રાયઃ કરીને સાધર્મ્ય ઉપનીત અથવા પ્રાયઃ વૈધર્મ્ય ઉપનીત, સર્વ સાંધર્મ્યથી ઉપનીત તથા વૈધર્મ્યથી ઉપનીત એમ ત્રણ પ્રકારના છે. જેવી રીતે મેરુ અને સરસવનું મૂર્તપણાથી, તેમજ સમુદ્ર અને ગાયવાડાનું પાણીવાળા પણાથી સાધર્મ્ય છે. તેવી રીતે કાંઈક સાધર્મ્યથી ઉપમાન-ઉપમેયભાવ હોય છે. પ્રાયઃ સાધર્મ્યથી ઉપનીત ભેદમાં ગાય અને ગવય (રોઝ)નું ખુર-કકુદ-વિષાણ-લાંગુલ વિગેરેથી સાધર્મ્ય છે. આ અવયવો બન્નેને સમાન છે અને ગાય ગોદડીવાળી હોવાથી અને ગવય વૃત્તકંઠવાળી પ્રાયઃ સાધર્મ્ય જાણવું, સર્વ સાધર્મ્યથી ઉપનીતભેદમાં અરિહંત પરમાત્મા સરખું કરાયું, ઈત્યાદિ પ્રયોગો જણાય.

હવે કાંઈક વૈધર્મ્યથી ઉત્પન્ન ભેદમાં જેવા પ્રકારનું શાબલેય છે. (શબલથી થયેલ બરાબર કાર્તિકસ્વામી) તેવા પ્રકારનું બાહુલેય નથી. (ઘણાથી થયેલ બરાબર કાર્તિકસ્વામી) જેવી રીતે આ (બાહુલેય) છે તેવી રીતે ઇતર (શાબલેય) નથી. અહીં શેષધર્મથી તુલ્યપણું છે. ભિન્ન નિમિત્તવાળા જન્મ વિગેરે માત્રથી વિલક્ષણપણું હોવાથી કાંઈક વૈધર્મ્ય છે. પ્રાયઃ વૈધર્મ્યથી ઉપનીત ભેદમાં જેવી રીતે વાયસ (કાગડો) છે. તેવી રીતે પાયસ (ખીર) જેવી રીતે પાયસ છે. તેવી રીતે વાયસ નથી, અહીં સચેતન-(વાયસ) અચેતનપણું (પાયસ) વિગેરે ઘણા ધર્મોથી વિસંવાદ હોવાથી અને શબ્દમાં રહેલા બે વર્ણથી, તેમજ વિદ્યમાનતા વિગેરે ધર્મમાત્રથી સમાનપણું હોવાથી પ્રાયઃ કરીને વૈધર્મ્ય છે. સર્વ વૈધર્મ્ય તો કોઈકનું કોઈ સાથે સંભવતું નથી. સર્વે ભાવો સત્ત્વ-પ્રમેયત્વ વિગેરે ધર્મોથી તો સમાન હોય છે. તો સત્ત્વ-પ્રમેયત્વ વિગેરે ધર્મોથી પણ અસમાનપણું થાય તો અસત્ત્વપણાનો પ્રસંગ આવે, પરંતુ નીચ પુરુષ વડે નીચ સરખું ગુરુઘાત વિગેરે કાર્ય કરાયું એ પ્રમાણે ઉદાહરણ છે. 'આ ઉદાહરણ સાદશ્યનું છે વૈધર્મ્યનું નથી', એવું ન કહેવું. નીચ પુરુષ પ્રાયઃ કરીને આવા પ્રકારનું મહાપાપ આચરતો નથી, તો વળી અનીચ પુરુષ (સત્પુરુષ) શું આચરે ? 'सकल जगत् विलक्षण प्रवृत्तत्व' (આખા જગતથી વિલક્ષણ પ્રવૃત્તિવાળાપણું) આ ધર્મની વિવક્ષાથી વૈધર્મ્ય કહેલ છે.

લૌકિક-લોકોત્તર ભેદથી આગમ બે પ્રકારનું છે અથવા સૂત્ર-અર્થ-તદુભય-આગમના ભેદથી અથવા આત્માગમ-અનંતરાગમ-પરંપરાગમ ભેદથી તે આગમ ત્રણ પ્રકારે છે.

મિથ્યાદષ્ટિથી રચાયેલ ભારત વિગેરે (ભરત વિગેરેથી કરાયેલ) આગમ તે લૌકિક આગમ, અરિહંત પરમાત્મા વિગેરેથી કહેવાયેલ તે લોકોત્તર આગમ, સૂત્ર જ સૂત્ર આગમ સ્વરૂપ છે. તેનો અર્થ તે અર્થાગમ સ્વરૂપ છે અને સૂત્ર અર્થ ઉભય તે તદુભય આગમ સ્વરૂપ છે. ગુરુના ઉપદેશ વિના આત્માથી જે આગમ થાય તે આત્માગમ જેવી રીતે તીર્થંકરોને અર્થનું આગમ (જ્ઞાન), કારણ કે સ્વયં કેવલજ્ઞાનથી ઉપલબ્ધ થાય છે. ગણધરોને સૂત્રનું આત્માગમ થાય છે. કારણ કે, સ્વયં રચેલ છે, અને તેઓને અર્થનું જ્ઞાન અનંતરાગમ સ્વરૂપ છે. કારણ કે, અનંતર જ (તરત જ) તીર્થંકરથી પ્રાપ્ત થયેલ છે. ગણધરના શિષ્યોને જંબૂસ્વામી વિગેરેને સૂત્રનું અનંતરાગમ હોય છે. વ્યવધાન વિના ગણધર પાસેથી સાંભળેલું હોવાથી અને તે જ ગણધરના શિષ્યો એવા જંબૂસ્વામી વિગેરેને અર્થનું જ્ઞાન તે પરંપરાગમ સ્વરૂપ છે. કારણ કે, ગણધર ભગવંતથી વ્યવહિત છે. તેનાથી આગળના કાળમાં રહેલા સર્વને સૂત્રનો અને અર્થનો આત્માગમ અથવા અનંતરાગમ નથી કિન્તુ પરંપરાગમ જ છે.

દર્શનાવરણીય કર્મ વિગેરેના ક્ષયોપશમથી થયેલ સામાન્ય માત્રનું ગ્રહણ તે દર્શન અને તે જ આત્માના ગુણ સ્વરૂપ હોવાથી તદ્રૂપ પ્રમાણ તે દર્શન ગુણ પ્રમાણ છે અને તે ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવલ દર્શનરૂપ ભેદથી ચાર પ્રકારનું છે. તે તે આવરણના ક્ષયોપશમ વિગેરેથી ઉત્પન્ન થયેલા તે તે લબ્ધિવાળા જીવને તે તે દર્શન સ્વરૂપ છે. (એટલે કે ચક્ષુદર્શનાવરણીય ક્ષયોપશમ વિગેરેથી ઉત્પન્ન થયેલ ચક્ષુદર્શન લબ્ધિવાળા જીવને ચક્ષુદર્શન સ્વરૂપ છે ઇત્યાદિ જાણવું.)

સાવદ્યથી વિરતિ (અટકવા સ્વરૂપ) તે ચારિત્ર છે અને તે આત્માના ગુણ સ્વરૂપ હોવાથી તદ્રૂપ પ્રમાણ સામાયિક આદિના ભેદથી પાંચ પ્રકારનું છે.

ન્યાયપ્રકાશના નામથી યુક્ત એવા તત્ત્વન્યાય વિભાકર ગ્રંથમાં આ સર્વનું વિસ્તૃત વર્ણન કરેલું છે.

અનંત ધર્માત્મક વસ્તુ એક અંશથી જાણવો તે નય, નય જ પ્રમાણ છે. જ્યાં તે નય પ્રમાણ અને તે હેતુભૂત એવા પ્રસ્થક-વસતિ અને પ્રદેશના દૃષ્ટાંતથી ત્રણ પ્રકારનું છે. નૈગમ વિગેરે નયો તત્ત્વન્યાય વિભાકર ગ્રંથમાં વિસ્તારથી વર્ણન કરેલ છે અને અહીં આગળ સામાન્યથી નિરૂપણ કરશે અને પ્રસ્થકનું દૃષ્ટાંત આ પ્રમાણે છે - ધાન્યને માપવામાં કારણભૂત દ્રવ્ય વિશેષ તે પ્રસ્થક કહેવાય છે. જે કોઈ પુરુષ પ્રસ્થકના કારણભૂત એવા લાકડાના છેદ માટે કુઠાર (કુહાડો) છે. જેના હાથમાં એવા વનમાં જતો માર્ગમાં કોઈક વડે પૂછાયો, આપ ક્યાં જાઓ છો ? ત્યારે પેલો પુરુષ 'પ્રસ્થક' માટે જાઉં છું એમ જે કહે છે તે અશુદ્ધ એવા નૈગમ અને વ્યવહારથી વનમાં પ્રથમ ઉપચાર છે. 'પ્રસ્થકને માટે જતાં એવા વ્યક્તિને પ્રસ્થકની ઈચ્છા એ મુખ્ય અર્થને અબાધિત હોવાથી પ્રસ્થક પદનો ઉપચાર કેવી રીતે છે ?' એવું ન કહેવું.

પ્રસ્થક યોગ્ય વૃક્ષની પ્રાપ્તિ સ્વરૂપ ક્રિયાથી વિશિષ્ટ એવા વનનો જ બોધક હોવાથી, અધિકરણની આકાંક્ષાનું ઉત્થાપન કરનાર (આકાંક્ષાને ઉઠાડનાર) એવા શબ્દનું સમર્થપણું હોવાથી 'તો પછી સપ્તમ્યંત પ્રશ્ન હોવાથી સપ્તમ્યંત ઉત્તર ઉચિત છે', એવું ન કહેવું, તો પણ **'प्रस्थके अहं व्रजामि'** આ પ્રયોગમાં વનમાં પ્રસ્થકપદનો ઉપચાર આવશ્યક છે. વૃક્ષને છેદતો જોઈને. આપ શું છેદો છો ? એવા પ્રશ્નમાં પ્રસ્થકને છેદું છું એવો ઉત્તર થાય તો પ્રસ્થકપદનો છેદન યોગ્યે એવા કાષ્ઠમાં ઉપચાર થાય છે. કારણ કે, કાષ્ઠ એ પ્રસ્થક પ્રત્યે કારણ છે. નૈગમ અને વ્યવહારનો આ ઉપચાર પૂર્વ કરતા શુદ્ધ છે. કારણ કે, પૂર્વ કરતાં અહીં કાંઈક નજદિકપણું છે. તેથી વિશુદ્ધપણું છે. આ પ્રમાણે જ આગળ પણ પૂર્વ-પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર વિશુદ્ધતા જાણવી. એ ક્રમથી આપ શું છોલો છો ? આપ શું એકઠું કરો છો ? આપ શું કોતરો છો ? આપ શું કરો છો ? એ પ્રમાણેના પ્રશ્નમાં પ્રસ્થકને છોલું છું - એકઠું કરૂં છું - કોતરું છું એવા ઉત્તરોમાં પ્રસ્થક પદનો **'तक्षण'** વિગેરે ક્રિયાનો યોગ્ય એવા કાષ્ઠમાં ઉપચાર થાય છે. આ પ્રમાણે અતિ શુદ્ધ નૈગમ અને વ્યવહાર ઉત્કીર્ણ નામવાળાને અને પર્યાયવાળાને પ્રસ્થક કહે છે.

સંગ્રહનય તો જેને પ્રસ્થકના પર્યાયને પ્રાપ્ત કર્યું છે. તેવા ધાન્યથી પૂરાયેલ દ્રવ્ય વિશેષને પ્રસ્થક કહે છે. ધાન્યથી અપૂર્ણ ઇતર દ્રવ્યથી અવિશિષ્ટને છોડીને નૈગમથી બતાવેલ અર્થનો સંકોચ કરનાર હોવાથી પોતાના નામના અન્વર્થપણાથી સિદ્ધિ થાય છે. આ સંગ્રહનય વિશુદ્ધ હોવાથી કારણમાં કાર્યના ઉપચારને અને કાર્યને નહિ કરવાના કાળે પ્રસ્થકને સ્વીકારતો નથી, 'અહીં અર્થ-ક્રિયાના ભાવાભાવથી દ્રવ્યના ભેદનો સ્વીકાર છે. તેથી ઋજુસૂત્ર મતનો પ્રવેશ થાય છે,' એવું ન કહેવું.

નૈગમ મત વડે મનાયેલ અર્થના સંકોચ માટે ક્યાંક તેવો સ્વીકાર હોતે છતે પણ સર્વત્ર તેવા સ્વીકારનો અભાવ હોવાથી ઋજુસૂત્ર મતનો અનુપ્રવેશ થતો નથી. આજે આ પ્રમાણે અર્થ ક્રિયાને કરનાર અને અર્થ ક્રિયાને નહિ કરનાર એવા પ્રસ્થક વ્યક્તિના ભેદ માટે ક્રિયાના અજનક એવા પ્રસ્થક વ્યક્તિમાં પ્રસ્થકત્વ સામાન્ય પણ નથી, એવા સ્વીકારમાં કોઈ દોષ નથી, ઋજુસૂત્રને તો માન (માપ) અને મેય (માપવા યોગ્ય) પ્રસ્થક સ્વરૂપ છે. તેનાથી માપવા યોગ્ય ધાન્ય (પ્રસ્થકથી) ધારણ કરે છતે પ્રસ્થકનો વ્યવહાર થતો હોવાથી બન્નેમાંથી એકના અભાવમાં એના બોધનો અસંભવ થાય છે અને વળી માપવા યોગ્ય પદાર્થથી આરૂઢ થયેલો પ્રસ્થક શબ્દરૂપે વ્યપદેશ કરવા યોગ્ય છે. એટલે સંગ્રહનયના મતે મેય જેમાં આરૂઢ છે તે અથવા પ્રસ્થક જેમાં આરૂઢ છે તે મેય હોવાથી પ્રસ્થક શબ્દથી વાચ્ય છે. એ પ્રમાણે અહીં વિનિગમકનો અભાવ હોવાથી બન્ને સ્થળે પ્રસ્થક શબ્દની શક્તિ હોવાથી વ્યાસજ્ય યુક્તિપણું યુક્ત છે. તો પ્રસ્થક વડે ધાન્ય મપાય છે એવો પ્રયોગ કેવી રીતે થાય ? કારણ કે, એક જ સ્થળે ઉભયના વાચક એવા પદથી એકનું ઉત્થાપન ન થઈ શકે, આવી શંકા ન કરવી. કારણ કે, વ્યાસજ્યવૃત્તિપણું હોવાથી આ નયથી કેવી પણ

રીતે પ્રસ્થકપદની શક્યતાનો અવછેદક એવા કરણરૂપ અનુપ્રવેશનું પણ વિવક્ષાભેદથી સંભવ છે. શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત નયના મતે પ્રસ્થકના સ્વરૂપને જાણનારમાં રહેલ હોવાથી અથવા પ્રસ્થકને કરનારમાં રહેલ હોવાથી પ્રસ્થકના ઉપયોગથી ભિન્ન પ્રસ્થક નથી. નિશ્ચય સ્વરૂપવાળા પ્રસ્થકનો જડવૃત્તિપણાનો અયોગ હોવાથી બાહ્ય પ્રસ્થક પણ અનુપલબ્ધિના કાળે અસત્પણાથી, ઉપયોગના અતિરેકનો આશ્રય કરતો હોવાથી.

હવે વસતિ દૃષ્ટાંત કહે છે -

આપ ક્યાં રહો છો ? એ પ્રમાણે પુછાયે છતે અશુદ્ધ નૈગમ-વ્યવહારવાદી લોકમાં રહું છું એમ કહે છે. કારણ કે, અધર્માસ્તિકાયથી વ્યાપ્ત આકાશત્વસ્વરૂપ લોકત્વની જ નિરૂપકતાનો અવછેદક સ્થિતિ પર્યાયાત્મક વસતિ છે. તેથી શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ સ્વરૂપવાળા નૈગમ વ્યવહારવાદીઓ તો ક્રમે કરીને ઉર્ધ્વ-અધો-તિર્યગ્લોકના ભેદથી ભેદાયેલ સર્વત્ર આપ ક્યાં રહો છો ? ઇત્યાદિ પ્રશ્નમાં તિર્યગ્લોકમાં-જંબૂદ્વીપમાં-ભરતક્ષેત્રમાં, તેના દક્ષિણાર્ધ ભાગમાં અથવા પાટલીપુત્રનગરમાં અથવા ઘરમાં રહું છું એવા ક્રમથી ઉત્તર આપે છે. તેવી રીતે ગભારા પર્યન્ત વસતિના વિષયવાળા નૈગમ-વ્યવહારના ભેદો છે. વિશુદ્ધતર નૈગમ વ્યવહારમાં તો રહેતો વ્યક્તિ જ વસતિ છે. અન્યથા નહીં, જે ઘર વિગેરેમાં હંમેશા નિવાસપણાથી આ વિવક્ષિત છે તે ઘર વિગેરેમાં જ રહેતો એવો આ ત્યાં રહે છે તેમ વ્યપદેશ કરાય છે. જો વળી કારણવશથી અન્ય શેરી વિગેરેમાં રહે છે. ત્યારે તે વિવક્ષિત ઘર વિગેરેમાં રહે છે એવું અતિ પ્રસંગ થતો હોવાથી કહેવાતું નથી.

અહીં તેવા પ્રકારના પ્રયોગમાં ક્વ ઇત્યાદિ આકાંક્ષાના બાહુલ્ય-અબાહુલ્યથી કરાયેલ વિશુદ્ધિ-અવિશુદ્ધનું વિચિત્રપણું અને વિશુદ્ધિતરપણું છે. વ્યુપરત આકાંક્ષાના પ્રયોગને કરનાર હોવાથી.

સંગ્રહનય તો સંથારામાં રહેલો જ રહે છે એમ સ્વીકારે છે. કારણ કે, તેમાંથી અન્ય ઠેકાણે વસ્ ધાતુનો વસવું એ અર્થ ઘટતો નથી, અન્યત્ર ચલનાદિ ક્રિયાવાન્ પુરુષ હોય છે. માર્ગાદિમાં થયેલા પુરુષની જેમ.

ઋજુસૂત્રનય જે આકાશ પ્રદેશમાં દેવદત્ત રહેલો તે આકાશ પ્રદેશમાં જ આ દેવદત્ત વસતિ ક્રિયાવાન્ છે એમ સ્વીકારે છે. સંથારામાં તે વસતિના સ્વીકારમાં તો ઘરના ખૂણા વિગેરેમાં વસતિ સ્વીકાર ક્રિયામાં પ્રસંગ થશે. સંથારાથી અવચ્છિન્ન આકાશ પ્રદેશોમાં સંથારો જ અવગાઢ છે. પરંતુ દેવદત્ત નહિ તે આકાશ પ્રદેશોમાં પણ તે વસતિનું કથન ઘટતું નથી, કારણ કે, સંથારામાં તે વસતિનું જો કથન કરાય તો ઘરના ખૂણા વિગેરે તદ્વસતિ વ્યવહાર તો પ્રત્યાસક્તિના દોષથી ભ્રાંતિમૂલક છે. તેઓમાં પણ વિવક્ષિત વર્તમાનકાલમાં વસતિ છે. અતીત-અનાગતકાલમાં નહિ. કારણ કે, અતીતકાલ નષ્ટ થયેલો હોવાથી અને અનાગત અનુપપન્ન હોવાથી ઋજુસૂત્રના મતે

અસત્ત્વ છે. શબ્દનય વિગેરે ત્રણ પોતાનામાં વસતિ કહે છે. કારણ કે, મુખ્ય એવી વસતિનો સ્વ પ્રદેશોમાં જ સંભવ છે. આકાશ પ્રદેશો પણ પરદ્રવ્ય હોવાથી તેમાં વિચારાતો એવો સ્વસંબંધ ઘટતો નથી.

હવે પ્રદેશ દૃષ્ટાંત કહે છે - તેમાં નૈગમનય ધર્મ-અધર્મ-આકાશ-જીવ-સ્કન્ધ અને તેના દેશો આ છ પ્રદેશ કહે છે, સંગ્રહનય ધર્મ વિગેરેને પાંચને પ્રદેશ કહે છે. પરંતુ તેના દેશોને નહિ, કારણ કે, સ્વદેશમાં સ્વનો અભેદ હોવાથી જેવી રીતે દાસ વડે ખરીદાયેલો ગધેડો મારો જ છે. કારણ કે, દાસ મારો હોવાથી.

વ્યવહારનય જેવી રીતે ધનમાં પાંચ વ્યક્તિનું સ્વામિત્વ સાધારણ હોઈ શકે છે. તેવી રીતે પ્રદેશમાં પંચવૃત્તિત્વ હોઈ શકતું નથી. કારણ કે, દરેક દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. તેથી **'पंचाणां प्रदेश'** એટલે કે પાંચનો પ્રયોગ એવો ન થઈ શકે. પરંતુ પાંચ પ્રકારના પ્રદેશ એ પ્રમાણે કહેવું તેમ મનાય છે.

ઋજુસૂત્ર કહે છે. **'पंचविध प्रदेशः'** પાંચ પ્રકારનો પ્રદેશ એવું સંભવતું નથી, કારણ કે, પ્રત્યેક એવા ધર્માદિના પ્રદેશોને પંચવિધત્વની પ્રાપ્તિ થાય છે. ખરેખર પ્રસ્તુતમાં (ઋજુસૂત્ર નયમાં) શબ્દથી વસ્તુની વિવક્ષા થાય છે અને શબ્દથી આ પ્રમાણે (પ્રત્યેક એવા ધર્માદિ પ્રદેશોના પંચવિધત્વની પ્રાપ્તિ થાય તે રીતે.) જ પ્રતિતી થાય છે. આ પ્રમાણે હોતે છતે પ્રદેશ પચ્ચીસ પ્રકારના થાય જે અયુક્ત છે. તેથી પ્રદેશ ભજનીય છે. ભાગ કરવા યોગ્ય છે. (ધર્મના પ્રદેશો-અધર્મના પ્રદેશો એ પ્રમાણે ભાગથી ભાગ કરવા યોગ્ય છે.) એટલે કે ધર્માસ્તિકાયના પ્રદેશો થાય, અધર્માસ્તિકાયના પ્રદેશો થાય, શબ્દનય કહે છે - ભજના વિકલ્પ સ્વરૂપ હોવાથી પાંચમાંથી કોઈ એકને લઈને (આ પ્રદેશ કોનો છે ? ધર્મા-અધર્માસ્તિકાયનો છે એ પ્રમાણે) વિનિગમન કરવા માટે અશક્ય છે માટે જે પ્રદેશ જેનો છે એ પ્રદેશ તેનો જ છે. તેવી વ્યવસ્થાનો લોપ થવાનો પ્રસંગ આવશે. ધર્માસ્તિકાય આદિના પ્રદેશ, અધર્માસ્તિકાય વિગેરે સ્વરૂપ પણ વિકલ્પપણાના પ્રસંગને પામતો હોવાથી, પરંતુ ધર્મા. જે પ્રદેશ છે તે ધર્મા. સ્વરૂપ છે અને જે પ્રદેશ ધર્મા. સ્વરૂપ છે તે ધર્મામાં છે. એ પ્રમાણે અધર્મા. આકાશમાં પણ જાણવું. તે પ્રદેશ પણ સકલ ધર્માથી અવ્યતિરિક્ત છે. કારણ કે, ધર્મા. એક દ્રવ્ય સ્વરૂપ હોવાથી જીવમાં જે પ્રદેશ છે અથવા તો જે જીવાત્મક પ્રદેશ છે. તે નોજીવ છે. કારણ કે, સકલ જીવાસ્તિકાય એક દેશમાં રહેલ છે. તેવી રીતે સ્કન્ધમાં જે પ્રદેશ છે અથવા સ્કન્ધાત્મક પ્રદેશ છે તે નોસ્કન્ધ છે. સમસ્ત જીવાદિ અસ્તિકાયમાં અને જીવાદિ સ્વરૂપવાળા પ્રદેશની વૃત્તિનો અસંભવ હોવાથી જીવો અને સ્કન્ધો અનંત હોવાથી.

સમભિરૂઢ નય કહે છે. **'कुंडे बदरं'** (કુંડમાં બોર છે) ઈત્યાદિ પ્રયોગની જેમ (કુંડે સપ્તમ્યંતની જેમ બદરં પ્રથમાંત છે. તેથી બન્ને ભિન્ન છે એવી ભેદ બુદ્ધિ થાય છે એની જેમ.) ધર્મેપ્રદેશઃ (ધર્મમાં પ્રદેશ છે.) તે પ્રયોગમાં પણ ભેદબુદ્ધિનો પ્રસંગ હોવાથી (ધર્મભિન્ન છે, પ્રદેશ

ભિન્ન છે તેવી બુદ્ધિનો પ્રસંગ હોવાથી.) સપ્તમ્યન્ત સમાસને કહેનાર એવું વચન ન કહેવું, જો કે 'घटे रूपम्' ઘટમાં રૂપ છે. ઈત્યાદિમાં અભેદ હોવા છતાં પણ સપ્તમી જોવાયેલ છે. (ઘટ અને રૂપ વચ્ચે અભેદ છે તો પણ સપ્તમી જોવામાં આવે છે.) છતાં પણ ભેદ અને અભેદ બન્નેમાં સપ્તમીનું દર્શન થતું હોવાથી અહીં ધર્મેપ્રદેશ એ પ્રયોગમાં ધર્મ અને પ્રદેશ ભિન્ન છે કે એ વિષયમાં સંશયનો દોષ દુઃખે કરીને નિવારી શકાય છે. તેથી આ પ્રકારે અભેદ બતાવવા માટે **'धर्मेश्चासौ प्रदेशश्च'** એ પ્રમાણે સમાનાધિકરણ કર્મધારય જ આશ્રય કરવા યોગ્ય છે. તત્પુરુષ સમાસમાં અભેદના બોધ માટે પદની લક્ષણા આવશ્યક છે અને કર્મધારય સમાસમાં સંસર્ગના પ્રકારથી અભેદનો લાભ થતો હોવાથી લક્ષણનો અભાવ થવા વડે લઘુપણું થાય છે.

એવંભૂત નયના મતે તો દેશ-પ્રદેશ-કલ્પનાથી રહિત અખંડ વસ્તુ જ સત્ છે. દેશ અને પ્રદેશની કલ્પના તો ભ્રમ માત્ર છે. પરસ્પર નિરપેક્ષ એવા આ નયો દુર્નય થાય છે. વળી પરસ્પર સાપેક્ષ હોય તો સુનય થાય છે.

ગણતરી કરવી તે સંખ્યા, તે પ્રમાણ સ્વરૂપ છે. તે પ્રમાણ સ્વરૂપ સંખ્યા શબ્દથી સંખ્યા અને શંખા એમ બન્નેનું ગ્રહણ છે. પ્રાકૃતને આશ્રયીને સમાન શબ્દના અભિધેયને ગ્રહણ કરેલું હોવાથી છે. તે પ્રમાણ આઠ ભેદથી છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ઔપમ્ય-પરિમાણ-જ્ઞાન-ગણના-ભાવ ભેદથી આઠ પ્રકારે.

અહીં સંખ્યા અથવા શંખા જ્યાં ઘટે છે તે ત્યાં જોડવા. નામ આવશ્યક અને સ્થાપના આવશ્યક તેમજ જ્ઞશરીર, દ્રવ્યશંખ, ભવ્ય શરીર દ્રવ્ય શંખ સુધી સર્વ પૂર્વવત્ જાણવું અને તદુભય વ્યતિરિક્ત દ્રવ્યશંખ તો એક ભવિક, બદ્ધ આયુષ્ક અને અભિમુખ નામ ગોત્રના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં એક ભવિક શંખ તે આ પ્રમાણે. જે જીવ મરીને તરત પછીના ભવમાં શંખ તરીકે ઉત્પન્ન થનાર છે. તે વર્તમાનનો ભવ અબદ્ધાયુષ્ક હોવા છતાં પણ જન્મદિનથી માંડીને એક ભવિક શંખ કહેવાય છે. જે ભવમાં વર્ત્તે છે તે એક ભવમાં ઉત્પત્તિને અંતરે રહેલ છે એટલે તે એક ભવિક શંખ કહેવાય છે.

શંખ પ્રાયોગ્ય બંધાયેલા આયુષ્યવાળો બદ્ધાયુષ્ક કહેવાય છે.

શંખના ભવને પામેલા એવા જે જીવને નામ અને ગોત્ર અભિમુખ છે તે જીવ અભિમુખ નામગોત્ર કહેવાય. શંખના ભવને પામેલ એવા જીવને જે બે કર્મ અવશ્ય ઉદયમાં આવે છે. દ્વિઈન્દ્રિય જાતિ વિગેરે અને નીચગોત્ર નામવાળા એવા તે બે કર્મો જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી અંતમુહૂર્ત્ત માત્ર જ વ્યવધાને રહેલા હોવાથી ઉદયના અભિમુખપણાને પામેલા નામ અને ગોત્ર એવા બે કર્મ જે જીવને છે તે અભિમુખ નામગોત્ર કહેવાય.

ઔપમ્ય-ઉપમાથી વસ્તુનો બોધ થવો તે ઔપમ્ય સંખ્યા અને આ ઉપમાન-ઉપમેયના સત્ત્વ-અસત્ત્વથી ચાર પ્રકારનું છે.

(૧) સત્ પદાર્થ સત્ પદાર્થ વડે ઉપમા કરાય છે.

(૨) સત્ પદાર્થ અસત્ પદાર્થ વડે ઉપમા કરાય છે.

(૩) અસત્ પદાર્થ સત્ પદાર્થ વડે ઉપમા કરાય છે.

(૪) અસત્ પદાર્થ અસત્ પદાર્થ વડે ઉપમા કરાય છે. ઉપમેય એવા તીર્થંકરના વક્ષ આદિને ઉપમાન એવા કપાટ વિગેરેથી જાણવું તે પહેલો ભેદ છે.

નારક-તિર્યગ્-મનુષ્ય-દેવોના આયુષ્ય પલ્યોપમ-સાગરોપમ વડે ઉપમિત કરાય છે, પલ્યોપમ વિગેરે કલ્પના માત્ર હોવાથી અસત્ છે (અને નારક-તિર્યંચ વિગેરેનું આયુષ્ય સત્ છે.) તેથી બીજો ભેદ.

કિસલયપત્રની અવસ્થાથી વસંતઋતુના સમયે પાંડુપત્રની અવસ્થા ઉપમિત કરાય છે. ત્યાં ઉપમાન તત્કાલ ભાવિ હોવાથી સત્ છે અને ઉપમેય ભૂતપૂર્વ હોવાથી અસત્ છે. સત્ એવી પાંડુપત્રની અવસ્થાથી ભવિષ્યમાં થનાર હોવાના કારણે અસત્ એવી કિસલય પત્ર અવસ્થા જયારે ઉપમિત કરાય છે તે ત્રીજો ભેદ.

અસત્ એવા ખર-વિષાણ વડે અસત્ શશવિષાણનું ઉપમાન કરવું તે ચોથો ભેદ.

કાલિક શ્રુત-પરિમાણ સંખ્યા અને દૃષ્ટિવાદ શ્રુત પરિમાણ સંખ્યારૂપથી બે પ્રકારની પરિમાણ સંખ્યા છે. બન્ને પણ પર્યવાક્ષરાદિ સંખ્યાના ભેદથી અનેક પ્રકારની છે, તે અનુયોગદ્વાર વિગેરેમાંથી જાણવી.

જ્ઞાનરૂપ સંખ્યા તે જ્ઞાન સંખ્યા, જે દેવદત્ત વિગેરે જેટલા શબ્દ વિગેરેને જાણે છે તે તેટલા જાણે છે. તેને જાણતો એવો આ અભેદ ઉપચારથી જ્ઞાન સંખ્યા છે.

આ આટલા છે એ પ્રમાણે સંખ્યા તે ગણના સંખ્યા, બે વિગેરે સ્વરૂપ છે. એક તો ગણનાની સંખ્યામાં અવતરતી નથી. પરંતુ એક ઘટ વિગેરે જોવાયે છતે આ ઘટ વિગેરે વસ્તુ છે એમ પ્રાયઃ પ્રતીતિ થાય છે. પરંતુ એકની સંખ્યાનું વિષયત્વ હોતું નથી અથવા તો અલ્પ હોવાથી લેવા-આપવા વ્યવહારકાળે પણ એક વસ્તુ પ્રાયેઃ કોઈ ગણતું નથી, તે સંખ્યેય-અસંખ્યેય-અનંત ભેદવાળી છે.

સંખ્યક વિગેરે જઘન્ય ભેદથી ત્રણ પ્રકારે છે. અસંખ્યેયક પરિતા સંખ્યેયક, યુક્તા સંખ્યેયક, અસંખ્યેયા સંખ્યેયક આ ત્રણે પ્રકાર પણ દરેક જઘન્યાદિ ત્રણ ભેદના હોવાથી (અસંખ્યેયક) નવ પ્રકારે થાય છે અને વળી અનંતકના પરિતાનંતક-યુક્તા પરિનંતક, અનંતાપરિનંતક એમ ત્રણ પ્રકારે છે. એમાં પહેલા બેના જઘન્યથી ત્રણ ભેદ અને અન્ત્યના જઘન્ય અને અનુત્કૃષ્ટ ભેદથી અનંતક આઠ પ્રકારે છે. વિસ્તારથી આનું સ્વરૂપ અનુયોગ દ્વારથી જાણવું અને ભાવશંખા તે શંખપ્રાયોગ્ય છે, તિર્યગ્ગતિ વિગેરે નામકર્મ અને નીચગોત્ર કર્મને જે જીવો વિપાકથી ભેદે છે તે

ભાવશંખા, સંખ્યા શબ્દથી શંખનું ગ્રહણ થતું હોવાથી ગુણ પ્રમાણથી શંખ ભેદથી કથન છે તે પ્રમાણે દિશા સૂચન છે.

अथ क्रमायातं वक्तव्यताद्वारमाचष्टे--

**स्वपरोभयसमयभेदतस्त्रिविधा वक्तव्यता ॥२०॥**

स्वेति, अध्ययनादिषु प्रतिनियतार्थकथनं वक्तव्यता, स्वसमयः स्वसिद्धान्तः, तस्याऽऽख्यानं यथा पञ्चास्तिकायाः धर्मादिरूपा इति, तथा प्रज्ञापनं यथा गत्यपेक्षाकारणं धर्मास्तिकाय इत्यादि, तत्प्ररूपणं यथा सोऽसंख्यातप्रदेशात्मकादिस्वरूप इत्यादि, तथा दृष्टान्तद्वारेण दर्शनं यथा गतिमतां मत्स्यादीनां गत्युपष्टम्भकं जलमित्यादि, एवमुपनयद्वारेण निदर्शनम्-यथा तथैवैषोऽपि गतिमतां जीवपुद्गलानां गत्युपष्टम्भक इत्यादि, इत्येवंरूपतो यथासम्भवमर्थकथनं स्वसमयवक्तव्यता, परसमयवक्तव्यता तु यस्यां परसमय आख्यायते प्रज्ञाप्यते प्ररूप्यते दर्श्यते निदर्श्यते सा । यथा नास्तिकानामाप्तेन पृथिव्यादिपञ्चमहाभूता लोके विद्यन्ते नान्ये, त एव कायाकारपरिणताश्चिद्रूपजीवव्यपदेशमश्नुवते नातिरिक्तः कश्चित्परलोकगामी जीवः भूतानामेषां विनाश एव जीवस्य विनाश इत्यादिरूपेण कथनं परसमयवक्तव्यता । स्वसमयः परसमयश्च यत्राख्यायते यथा गृहमावसन्तो गृहस्थाः, वनमावसन्तस्तापसा आरण्याः प्रव्रजिताश्च शाक्यादयः, मतमिदमस्मदीयमाश्रितास्सर्वदुःखेभ्यो विमुच्यन्त इति सांख्यादयो यदा प्रतिपादयन्ति तदेयं परसमयवक्तव्यता भवति, यदा तु जैनस्तदा स्वसमयवक्तव्यता, ततश्चासौ स्वसमयपरसमयवक्तव्यतोच्यत इति भावः ॥२०॥

હવે ક્રમથી આવેલ વક્તવ્યતા દ્વારને કહે છે -

સ્વ સમય-પરસમય-ઉભય સમયના ભેદથી ત્રણ પ્રકારની વ્યક્તવ્યતા છે.

અધ્યયન વિગેરે પ્રતિનિયત અર્થનું કથન તે વ્યક્તવ્યતા, સ્વ સમય એટલે કે સ્વ સિદ્ધાંત તેનું કથન કરવું તે સ્વ સિદ્ધાંત વક્તવ્યતા જેવી રીતે પંચાસ્તિકાય ધર્મ વિગેરે સ્વરૂપ છે, તેવું જાણવું જેવી રીતે ગતિમાં અપેક્ષા કારણભૂત એવો ધર્માસ્તિકાય છે. ઇત્યાદિ તેની પ્રરૂપણા કરવી તે અસંખ્યાત પ્રદેશાત્મક સ્વરૂપ છે, વિગેરે તેવી રીતે દષ્ટાંત દ્વારા દર્શન કરવું તે આ રીતે ગતિમાન્ એવા મત્સ્ય વિગેરેને ગતિ કરવામાં સહાયભૂત જલ છે, વિગરે હવે ઉપનય દ્વારા નિદર્શન કર્યું, જેવી રીતે જળ વિગેરે છે, તેવી રીતે આ પણ (ધર્માસ્તિકાય) ગતિવાળા એવા જીવ પુદ્ગલોને ગતિમાં ઉપષ્ટંભક છે વિગેરે, સ્વરૂપથી સંભવ હોય તે રીતે અર્થનું કથન કરવું તે સ્વ સમય વક્તવ્યતા. જે વ્યક્તવ્યતાના કથનમાં પર સિદ્ધાંત કહેવાય છે, જણાવાય છે, પ્રરૂપણ કરાય છે, બતાડાય છે અને નિદર્શન કરાય છે, તે પર સમય વક્તવ્યતા. જેવી રીતે નાસ્તિકોના

મતથી પૃથ્વી વિગેરે પંચમહાભૂત લોકમાં છે. બીજા કોઈ નહિ અને તેઓ જ ગતિના આકારે પરિણામ પામેલા ચિત્ સ્વરૂપવાળા જીવના બીજા દેશને પામે છે. અન્ય કોઈ પરલોકગામી જીવ છે નહિ, આ પાંચ મહાભૂતોનો વિનાશ એટલે જ જીવનો વિનાશ છે. ઇત્યાદિ સ્વરૂપથી કથન કરવું તે પરસમય વક્તવ્યતા. સ્વ સમય અને પરસમય જ્યાં કહેવાય છે તે ઉભય સમય વક્તવ્યતા છે. જેમ કે ઘરમાં રહેતા ગૃહસ્થો કહેવાય છે. વનમાં રહેતા તાપસો આરણ્યો, પ્રવ્રજિત થયેલા શાક્યાદિ છે. અમારા આ મતને આશ્રિત લોકો સર્વ દુઃખોથી વિમુક્ત થાય છે. એ પ્રમાણે સાંખ્ય વિગેરે જ્યારે પ્રતિપાદન કરે છે ત્યારે આ પરસમય વક્તવ્યતા થાય છે. જ્યારે વળી જૈન આ પ્રતિપાદન કરે છે ત્યારે સ્વસમય વક્તવ્યતા છે. તેથી આ સ્વસમય-પરસમય વક્તવ્યતા છે એ પ્રમાણે ભાવ છે.

अथ नयैर्वक्तव्यतां विचारयति--

**नैगमसङ्ग्रहव्यवहाराणां त्रिविधा वक्तव्यता ॥२१॥**

नैगमेति, नैगमस्यानेकगमत्वाद् व्यवहारस्य लोकव्यवहारपरत्वात् सङ्ग्रहस्य सामान्यवादिनैगमान्तर्गतत्वाच्च वक्तव्यतायास्त्रैविध्यमप्येते स्वीकुर्वन्तीति भावः ॥२१॥

હવે નયોથી વક્તવ્યતાને વિચારે છે -

નૈગમ-સંગ્રહ અને વ્યવહારથી વક્તવ્યતા ત્રણ પ્રકારે છે. નૈગમ અનેકગમ સ્વરૂપ હોવાથી, વ્યવહાર લોકવ્યવહારમાં તત્પર હોવાથી અને સંગ્રહ સામાન્યવાદી એવા નૈગમમાં અંતર્ગત હોવાથી વક્તવ્યતાના ત્રિવિધપણાને એ સ્વીકારે છે.

ऋजुसूत्रादिकमाश्रित्याह--

**ऋजुसूत्रस्य द्विविधा शब्दनयस्य त्वेका ॥२२॥**

ऋजुसूत्रस्येति, विशुद्धतरो हि ऋजुसूत्रः स्वसमयपरसमयवक्तव्यतारूपां द्विविधामेव वक्तव्यतामिच्छति, तृतीयभेदस्य द्विविधेष्वेवान्तर्भावसम्भवेनासत्त्वान्न त्रैविध्यं वक्तव्यताया इति, शब्दनयस्य तु शब्दसमभिरूढैवंभूतरूपस्य शुद्धतमत्वेनैकविधत्वमेव वक्तव्यतायास्सम्मतत्वम् । नास्त्येवात्मेत्याद्यनर्थप्रतिपादकत्वेन परसमयस्यानर्थकत्वेन नास्त्येव परसमयवक्तव्यता, आत्मन एव ह्यभावे कस्य नास्तीति प्रतिषेधः क्रियते, अत्यन्तानुपलब्ध्या नास्त्येवाऽऽत्मेत्यपि न सम्यक्, तद्गुणस्य ज्ञानादेरुपलब्धेः युक्तिविरोधाच्चैकान्तक्षणभङ्गादेरसद्भूतत्वमेव, इत्येवमेतेषां मिथ्यादर्शनत्वेन नास्ति परसमयवक्तव्यता, स्यात्पदलाञ्छनसापेक्षत्वे चैषां स्वसमयवक्तव्यतान्तर्भाव एवेति ॥२२॥

ઋજુસૂત્ર વિગેરેને આશ્રયિને કહે છે -

ઋજુસૂત્ર નયને વક્તવ્યતા બે પ્રકારે છે અને શબ્દનયને તો એક પ્રકારે છે.

ઋજુસૂત્ર વિશુદ્ધતર હોવાથી સ્વસમય વક્તવ્યતા અને પરસમય વક્તવ્યતાને જ ઇચ્છે છે. ત્રીજો ઉભય સમય વક્તવ્યતા ભેદ બન્ને પ્રકારમાં જ અંતર્ભાવિના સંભવથી અસત્ થાય છે. તેથી વક્તવ્યતા ત્રિવિધ નથી. વળી શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત સ્વરૂપવાળો એવો શબ્દનય ગુરુતમ હોવાથી તેને વક્તવ્યતાનું એકવિધપણું સંભવે છે. 'આત્મા છે જ નહિ' વિગેરે અનર્થનું પ્રતિપાદન કરનારો હોવાથી પર સમય અનર્થક છે. તેથી પર સમય વક્તવ્યતા નથી. ખરેખર આત્માના જ અભાવમાં નાસ્તિ એ પ્રમાણેનો પ્રતિષેધ કોને કરાય ? અત્યંત અનુપલબ્ધિથી આત્મા જ નથી. એ પ્રમાણે પણ સમ્યક્ નથી, કારણ કે, તેના ગુણ સ્વરૂપ એવા જ્ઞાનાદિની ઉપલબ્ધિ થાય છે અને યુક્તિથી વિરોધ છે. એકાંતક્ષણભંગી વિગેરે અસત્ છે. આ પ્રમાણે આ મિથ્યાદર્શન હોવાથી પર સમય વક્તવ્યતા નથી અને સ્યાત્ પદ સ્વરૂપ લાંછનથી સાપેક્ષપણામાં આ બધાનો સ્વસમય વક્તવ્યતામાં અંતર્ભાવ થાય જ છે.

अथावश्यकमाश्रित्यार्थाधिकारं निरूपयति--

**सावद्यविरत्युत्कीर्त्तनगुणवत्प्रतिपत्तिस्खलितनिन्दाव्रणचिकित्सागुणधारणाभिरावश्यकस्यार्था-धिकाराष्षट् ॥२३॥**

सावद्यविरतीति, यो यस्य सामायिकाध्ययनस्यात्मीयोऽर्थस्तदुत्कीर्त्तनविषयोऽर्थाधिकारः, आवश्यकस्य षड्विधार्थाधिकारयोगात् षडध्ययनानि, तत्र सामायिकलक्षणं प्रथममध्ययनं, तत्र प्राणातिपातादिसर्वसावद्ययोगविरतिरर्थाधिकारः, क्रोधादयश्चत्वारोऽवद्यं, तेषां सर्वावद्यहेतुतया कारणे कार्योपचारात्, तेनावद्येन सह यो योगो व्यापारस्तस्माद्विरतिरित्यर्थः । चतुर्विंशतिस्तवरूपं द्वितीयमध्ययनं, तत्र तीर्थंकराणां गुणोत्कीर्त्तनमर्थाधिकारः, प्रधानकर्मक्षयकारणत्वात् लब्धबोधिविशुद्धिहेतुत्वात् पुनर्बोधलाभफलत्वात् सावद्ययोग-विरत्युपदेशकत्वेनोपकारित्वाच्च । तृतीयं वन्दनाध्ययनं तत्र गुणवत्प्रतिपत्तिरर्थाधिकारः, व्रतपिण्डविशुद्ध्यादिरूपमूलोत्तरगुणवतो वन्दनादिकरणं पुष्टालम्बनेऽगुणवतोऽपि वन्दनादिकरणञ्चेति । चतुर्थे प्रतिक्रमणे स्खलितनिन्दाऽर्थाधिकारः, मूलोत्तरगुणेषु प्रमादाचीर्णस्य प्रत्यागतसंवेगस्य जन्तोर्विशुद्ध्यमानाध्यवसायस्याकार्यमिदमिति भावयतो निन्देत्यर्थः । कायोत्सर्गाख्ये पञ्चमेऽध्ययने व्रणचिकित्साऽर्थाधिकारः, चारित्रपुरुषस्य योऽयमतिचाररूपो भावव्रणस्तस्य दशविधप्रायश्चित्तभेषजेन चिकित्साप्रतिपादनमित्यर्थः । षष्ठे तु प्रत्याख्यानाध्ययने गुणधारणाऽर्थाधिकारः, निरतिचारं मूलोत्तरगुणप्रतिपत्तिधारणाप्ररूपणमित्यर्थः । अर्थाधिकारः प्रतिपदमनुवर्त्तते, वक्तव्यता तु देशादिनियतेति विशेषः ॥२३॥

હવે આવશ્યકને આશ્રયિને અર્થાધિકારનું નિરૂપણ કરે છે -

સાવદ્યવિરતિ-ઉત્કીર્ત્તન-ગુણવત્પ્રતિપત્તિ-સ્ખલિતનિંદા-વ્રણચિકીત્સાગુણધારણા આ છ ભેદથી આવશ્યકના અર્થાધિકારો છ છે.

જે અર્થાધિકાર સામાયિક અધ્યયના પોતાના અર્થને ઉત્કીર્ત્તનના વિષયવાળો છે, છ પ્રકારના અર્થાધિકારના યોગથી આવશ્યકના છ અધ્યનનો છે. ત્યાં સામાયિક સ્વરૂપ પ્રથમ અધ્યયન તેમાં પ્રાણાતિપાત વિગેરેને સર્વ સાવદ્ય યોગથી વિરતિ સ્વરૂપ અર્થાધિકાર છે. ક્રોધ વિગેરે ચાર અવદ્ય છે. જે કારણથી તે ચારે ય સર્વ અવદ્યના કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરેલ છે. તે અવદ્ય સહિત યોગ=વ્યાપારને સાવદ્યયોગ તેનાથી વિરતિ તે સાવદ્યયોગ વિરતિ.

- ચતુર્વિંશતિ સ્તવરૂપ બીજું અધ્યયન છે, તેમાં તીર્થંકરોના ગુણોનું ઉત્કીર્ત્તન સ્વરૂપ અર્થાધિકાર છે. કારણ કે તે કર્મક્ષયનું પ્રધાન કારણ છે. પ્રાપ્ત થયેલ બોધિની વિશુદ્ધિનું કારણ છે. પુનર્બોધિલાભના ફળવાળું છે. સાવદ્ય યોગથી વિરતના ઉપદેશ તરીકે ઉપકારી છે.

- ત્રીજું વંદન અધ્યયન છે. તે ગુણવત્ પ્રતિપત્તિથી અર્થાધિકાર છે. વ્રત-પિંડવિશુદ્ધિ સ્વરૂપ મૂલ અને ઉત્તરગુણવાળાને વંદન વિગેરે કરવું. શ્રેષ્ઠ (પુષ્ટ) આલંબનમાં અગુણવાળાને પણ વંદન કરવું.

- ચોથા આવશ્યક એવા પ્રતિક્રમણમાં સ્ખલિત એવા અર્થાધિકાર છે. વિશુદ્ધ અધ્યવસાયવાળાને આ અકાર્ય છે. એ પ્રમાણે વિચાર એવા મૂલ-ઉત્તરગુણમાં પ્રમાદને આચરેલા, ફરી આવેલા સંવેગવાળા એવા પ્રાણીની (પોતાની) નિંદા સ્વરૂપ છે.

- કાર્યોત્સર્ગ નામના પાંચમા અધ્યયનમાં વ્રણ ચિકિત્સા અર્થાધિકાર છે. ચારિત્ર પુરુષને આ અતિચાર સ્વરૂપ ભાવવ્રણ છે. તેની દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત રૂપી ઔષધથી ચિકીત્સાનું પ્રતિપાદન કરવા સ્વરૂપ છે.

- છઠ્ઠા પ્રત્યાખ્યાન નામના અધ્યયનમાં ગુણધારણા અર્થાધિકાર છે. નિરતિચાર એવા મૂલ-ઉત્તરગુણોની સ્વીકાર સ્વરૂપ ધારણાની પ્રરૂપણા છે.

અર્થાધિકાર દરેક પદમાં અનુસરે છે. વક્તવ્યતા તો દિશાદિમાં નિયત છે એટલું વિશેષ છે.

अथान्तिमं शास्त्रीयभेदं समवतारमाह--

**नामादिभिस्समवतारः षड्धा ॥२४॥**

नामादिभिरिति, आदिना स्थापनाद्रव्यक्षेत्रकालभावानां ग्रहणम् । अविरोधेन वर्त्तनं *समवतारः, वस्तूनां स्वपरोभयेष्वन्तर्भावचिन्तनमिति यावत् स षोढा नामादिभिः । भव्य-*शरीरद्रव्यसमवतारं यावत्प्राग्वदूहनीयं । तदुभयव्यतिरिक्तश्चात्मसमवतारपरसमवतारतदु-

भयसमवतारभेदतस्त्रिविधः । अयं भावः, निखिलानि द्रव्याण्यात्मसमवतारेण निश्चयतश्चिन्त्यमानानि आत्मभावे स्वकीयस्वरूप एव वर्त्तन्ते, तेषां ततोऽव्यतिरेकात्, व्यवहारतस्तु परसमवतारेण परभावे समवतरन्ति यथा कुण्डे बदराणि, तदुभयसमवतारेण च स्वात्मभावे परस्मिंश्च वर्त्तते, यथा कटकुड्यदेहलीपट्टादिसमुदायात्मके गृहे स्तम्भो वर्त्तते, आत्मभावे च तथैव दर्शनात् । कुण्डे बदराणीत्यत्र परभावे समवतारवर्णनं स्वात्मभावे वर्त्तमानताया विवक्षामकृत्वैव, कुण्डादौ वर्त्तमानानां बदरादीनां स्वात्मन्यपि वृत्तेः। शुद्धस्तु परसमवतारो नास्त्येव तस्माद्वस्तुतस्तदुभयव्यतिरिक्तद्रव्यसमवतारो द्विविध एव । क्षेत्रसमवतारोऽपि आत्मतदुभयभेदेन द्विविधः, भरतादीनां लोकपर्यन्तानां क्षेत्रविभागानां यथापूर्वं लघुप्रमाणस्य यथोत्तरो बृहत्क्षेत्रे समवतारो भाव्यः, अत्रापि सर्वेषां क्षेत्रविभागानां स्वस्वरूपेऽवस्थानमात्मसमवतारः, एवं कालसमवतारोऽपि द्विविधो लघुभूतसमयादिकालविभागस्य बृहति कालविभागे आवलिकादौ समवतारः स्वपरसमवतारः स्वस्मिन्नेव समवतारस्तु आत्मसमवतारः । भावसमवतारोऽपि द्विविधः, क्रोधस्य माने समवतारो विनाऽहंकारं क्रोधासंभवा, मानवानेव किल कुप्यति, मानस्य मायायां, क्षपणकाले मानदलिकस्य मायायां प्रक्षिप्य क्षपणात्, मायाया लोभे, अस्या अपि तथात्वात्, लोभस्य रागे, लोभात्मकत्वाद्रागस्य, रागस्य मोहे, तस्य मोहविशेषत्वात्, मोहस्याष्टसु कर्मप्रकृतिषु, मोहस्य कर्मप्रकारत्त्वात्, तासामपि औदयिकादिषड्भावेषु, तासां तद्भाववृत्तित्वात्, भावाश्च जीवे, तदाश्रितत्वात्, जीवोऽपि जीवास्तिकाये, तद्भेदत्वात्, सोऽपि समस्तद्रव्यसमुदाये समवतरति द्रव्यभेदत्वात् । एते सर्वेऽप्यात्मसमवतारेणात्मभावेषु समवतरन्तीति ॥२४॥

અંતિમ શાસ્ત્રીય ભેદ એવા સમવતારને કહે છે -

નામ વિગેરેથી સમવતાર છ પ્રકારે છે.

નામ વિગેરેમાં આદિ શબ્દથી સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવનું ગ્રહણ કરવું.

આ વિરોધથી વર્ત્તવું તે સમવતાર, વસ્તુઓને સ્વ-પર અને ઉભયમાં આંતર્ભાવનું ચિંતન તે સમવતાર છે. તે નામ વિગેરેના ભેદથી છ પ્રકારે છે. ભવ્ય શરીર દ્રવ્ય સમવતાર સુધી પહેલાની જેમ જાણવું. તદુભય વ્યતિરિક્ત સમવતાર ત્રણ ભેદથી છે. આત્મસમવતાર, પરસમવતાર અને ઉભય સમવતાર આ ભાવ છે.

સર્વ દ્રવ્યો આત્મ સમવતારથી નિશ્ચયથી વિચારતા આત્મભાવોમાં પોતાના સ્વરૂપે જ રહે છે. (વર્ત્તે છે.) કારણ કે, તે સર્વ દ્રવ્યો આત્માથી અવ્યતિરિક્ત છે. વ્યવહારથી તો પરસમવતારથી

પર ભાવમાં સમવતરે છે. જેવી રીતે કુંડમાં બોર અને તદુભય સમવતારથી સ્વ આત્મભાવમાં અને પરમાં વર્ત્તે છે. જેવી રીતે છત વિગેરેના સમુદાય સ્વરૂપ એવા ઘરમાં થાંભલો છે. આત્મભાવમાં પણ તેવી રીતે દેખાય છે. કુંડે બદરાણિ એ પ્રયોગમાં પરભાવમાં સમવતારનું વર્ણન સ્વઆત્મભાવમાં વર્ત્તમાનની વિવક્ષાને નહિ કરીને જ થાય છે. કુંડ વિગેરેમાં રહેલ બદરી વિગેરેનું પોતાનામાં વૃત્તિ હોવાથી શુદ્ધ સમવતાર છે જ નહિ તે કારણથી વાસ્તવિક રીતે તો ઉભય વ્યતિરિક્ત સમવતાર બે પ્રકારે જ છે.

ક્ષેત્ર સમવતાર પમ આત્મ અને તદુભયના ભેદથી બે પ્રકારે છે. ભરત વિગેરે લોક વિગેરે ક્ષેત્ર વિભાગોનું પૂર્વ-પૂર્વ એવા લઘુ પ્રમાણનું ઉત્તરોત્તર એવા બૃહત્ ક્ષેત્રમાં સમવતાર વિચારવો, અહીં પણ સર્વ ક્ષેત્ર વિભાગોનું સ્વરૂપમાં અવસ્થાન તે આત્મ સમવતાર જાણવો. આ પ્રમાણે કાલસમવતાર પણ બે પ્રકારે છે. લઘુ એવા સમય વિગેરે કાલ વિભાગનો બૃહદ્ એવા આવલિકા વિગેરેમાં સમવતાર થવો તે સ્વ પર સમવતાર, પોતાનામાં જ સમવતાર થવો તે આત્મ સમવતાર, ભાવ સમવતાર પણ બે પ્રકારે છે. ક્રોધનો માનમાં સમવતાર થયો, કારણ કે અહંકાર વિના ક્રોધનો અસંભવ છે. ખરેખર માનવાળો વ્યક્તિ કોપ કરે છે. એ રીતે માનનો માયામાં સમવતાર થયો, ક્ષય થવાના કાલે માનના દલિકને માયામાં નાંખીને ક્ષય થતો હોવાથી, એ પ્રમાણે માયાનો લોભમાં, આ વિષયનુ પણ તેવી રીતે જાણવું (ક્ષય થવાના કાલે માયાના દલિકને લોભમાં નાંખીને ક્ષય કરવો.) એ પ્રમાણે લોભનો રાગમાં સમવતાર કારણ કે રાગ એ લોભાત્મક છે. એ પ્રમાણે રાગનો મોહમાં સમવતાર, રાગ એ મોહ વિશેષ જ છે. મોહનો આઠ કર્મ પ્રકૃતિઓમાં સમવતાર, કારણ કે, મોહ એ કર્મનો પ્રકાર છે. આઠ કર્મ પ્રકૃતિઓનો પણ ઔદયિક વિગેરે ષડ્ભાવમાં સમવતાર, કારણ કે તે આઠ પ્રકૃત્તિઓ ઔદયિક વિગેરે ભાવમાં રહેલી છે. ઔદયિક આદિ ભાવો જીવમાં સમવતરે છે. કારણ કે ઔદયિકાદિ ભાવો જીવના આશ્રિત છે. જીવ પણ જીવાસ્તિકાયમાં સમવતરે છે. જીવ-જીવાસ્તિકાયનો ભેદ છે. જીવાસ્તિકાય પણ સમસ્ત દ્રવ્ય સમુદાયમાં સમવતરે છે. કારણ તે જીવાસ્તિકાય દ્રવ્યનો ભેદ છે. આ સર્વે પણ આત્મ સમવતારથી આત્મભાવમાં સમવતરે છે.

આ પ્રમાણે શાસ્ત્રીય છ પ્રકારવાળા એવા ઉપક્રમનું નિરૂપણ કરીને આનુપૂર્વીના ભેદની અંદર રહેલા દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ કરવા આરંભ કરે છે.

इत्थं शास्त्रीयं षड्विधं निरूप्यानुपूर्वीभेदान्तर्गतां द्रव्यानुपूर्वीं निरूपयितुमुपक्रमते--

**औपनिधिक्यनौपनिधिकीभेदा व्यतिरिक्तद्रव्यानुपूर्वी ॥२५॥**

औपनिधिकीति, प्रसिद्धे नामस्थापनानुपूर्व्यौ, द्रव्यानुपूर्व्यपि आगमतो नोआगमतश्च, यस्य कस्यचिदानुपूर्वीतिपदं शिक्षितं स्थितं जिवादि च स च जीवोऽनुपयुक्तस्तदा स द्रव्यानुपूर्वी आगमतः, नोआगमतो द्रव्यानुपूर्वी च ज्ञशरीरभव्यशरीरतदुभयव्यतिरिक्त-

भेदतस्त्रिविधा, आनुपूर्वीपदाभिज्ञस्य जीवविमुक्तं शरीरमतीतानुपूर्वीभावस्य कारणत्वात्सम्प्रति सर्वथाऽऽगमरहितत्वाच्च नोआगमतो ज्ञशरीरद्रव्यानुपूर्वी, आगमिनि काले जिनोपदिष्टेन भावेनानुपूर्वीतिपदं शिक्षिष्यते, इदानीन्तु तत्र वपुषिआगमाभावेन नोआगमतो भव्यशरीरद्रव्याऽऽनुपर्वी । एतदुभयव्यतिरिक्ता च द्रव्यानुपूर्वी औपनिधिक्यनौपधिकी चेति द्विधा, निधानं निधिर्निक्षेपो न्यासो विरचना प्रस्तारः स्थापनेति पर्यायाः, उप सामीप्येन निधिरुपनिधिः विवक्षित एकस्मिन्नर्थे पूर्वं व्यवस्थापिते तत्समीप एवापरापरस्य पूर्वानुपूर्व्यादिक्रमेण यन्निक्षेपणं स उपनिधिः, सः प्रयोजनं यस्या आनुपूर्व्याः सौपनिधिकी, सामायिकाध्ययनादिवस्तूनां पूर्वानुपूर्व्यादिप्रस्तारप्रयोजनाऽऽनुपूर्वी अनौपनिधिकीत्युच्यते । पूर्वानुपर्व्यादिक्रमेणाविरचनं प्रयोजनं यस्या इत्येनौपनिधिकी, यस्यां पूर्वानुपूर्व्यादिक्रमेण विरचना न क्रियते सा त्र्यादिपरमाणुनिष्पन्नस्कन्धविषया आनुपूर्वी अनौपनिधिकीत्युच्यते । ननु परिपाटिरानुपूर्वी, अनौपनिधिकी चानुपूर्वी त्र्यणुकादिकोऽनन्ताणुकावसान एकैकः स्कन्धोऽभिप्रेतः, न च स्कन्धगतत्र्यादिपरमाणूनां नियता काचित् परिपाटिरस्ति, तेषां विशिष्टैकपरिणामपरिणतत्वात्, तथाच कथमत्रानुपूर्वीत्वमिति चेत्सत्यम्, तेषामादिमध्यावसानभावेन नियतपरिपाट्या व्यवस्थापनयोग्यतासद्भावात्, तदाश्रयेणानुपूर्वीत्वाविरोधात् ॥२५॥

ઔપનિધિકી અને અનૌપનિધિકી એવા બે ભેદવાળી જ્ઞશરીર-ભવ્ય શરીરથી વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી છે.

નામ-સ્થાપના-આનુપૂર્વી પ્રસિદ્ધ છે. દ્રવ્યાનુપૂર્વીના આગમત અને નોઆગમત બે ભેદ છે. જે કોઈને આનુપૂર્વી એવું પદ શીખવાડાયું અને જીવાદિ સ્થિર થયું અને તે જીવ ઉપયોગ રહિત હોય ત્યારે આગમત દ્રવ્યાનુપૂર્વી છે અને નોઆગમત દ્રવ્યાનુપૂર્વી જ્ઞશરીર-દ્રવ્યશરીર અને તદુભય વ્યતિરિક્ત ભેદથી ત્રણ પ્રકારે છે. આનુપૂર્વી પદને જાણનારા વ્યક્તિનું, જીવથી મુકાયેલું એવું શરીર અતીતાનુપૂર્વી ભાવનું કારણ હોવાથી અને હમણા સર્વથા આગમરહિત હોવાથી નોઆગમથી દ્રવ્યાનુપૂર્વી છે. આગામિ કાળમાં જિન વડે ઉપદેશાયેલા ભાવથી આનુપૂર્વી એવું પદ શીખશે અત્યારે તો એ શરીરમાં આગમનો અભાવ હોવાથી નોઆગમ ભવ્ય શરીર દ્રવ્યાનુપૂર્વી છે. આ બન્નેથી વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી ઔપનિધિકી અને અનૌપનિધિકી બે ભેદવાળી છે.

નિધાન-નિધિ-નિક્ષેપ-ન્યાસ-વિરચના-પ્રસ્તાર-સ્થાપના આ બધા પર્યાયવાચિ શબ્દો છે. સમીપપણાથી સ્થાપવું તે ઉપનિધિ, વિવક્ષિત એવા એક અર્થમાં પૂર્વે સ્થપાયેલ છતે તેના સમીપમાં જ અપરઅપર પૂર્વાનુપૂર્વી ક્રમથી જે સ્થાપવું તે ઉપનિધિ તે ઉપનિધિ પ્રયોજન છે જે આનુપૂર્વીનું તે ઔપનિધિકી, સામાયિક અધ્યયન વિગેરે વસ્તુઓની પૂર્વાનુપૂર્વી વિગેરે સ્થાપનાના પ્રયોજનવાળી આનુપૂર્વી તે અનૌપનિધિકી કહેવાય છે.

પૂર્વાનુપૂર્વી વિગેરે ક્રમથી રચવાનું જેનું પ્રયોજન છે તે અનૌપનિધિકી, જે આનુપૂર્વીમાં પૂર્વાનુપૂર્વી ક્રમથી રચના કરાતી નથી, ત્રણ વિગેરે પરમાણુથી નિષ્પન્ન સ્કંધના વિષયવાળી આનુપૂર્વી અનૌપનિધિકી એમ કહેવાય છે. આનુપૂર્વી એટલે પરિપાટી, અનૌપનિધિકી આનુપૂર્વી ત્ર્યણુક વિગેરે અનંતાનુક સુધીના એક એક સ્કન્ધરૂપે અભિપ્રેત છે. સ્કન્ધની અંદર રહેલ ત્રણ વિગેરે પરમાણુની નિયત કોઈ પરિપાટી છે નહિ, કારણ કે, તેઓ વિશિષ્ટ એક પરિણામથી પરિણત થયેલ છે. તેથી તેવી રીતે અહીં આનુપૂર્વીત્વ તેવી રીતે થાય, તમારી વાત સત્ય છે.

આદી-મધ્ય અને અનંતાભાવથી નિયત પરિપાટીથી તેઓમાં વ્યવસ્થાપનની યોગ્યતાનો સદ્ભાવ છે. તેના આશ્રયથી આનુપૂર્વીત્વનો વિરોધ નથી.

अथ बहुतरवक्तव्यत्वादादावनौपनिधिकीमाह--

**अनौपनिधिकी द्वेधा नैगमव्यवहारयोः सङ्ग्रहस्य च ॥२६॥**

अनौपनिधिकीति, अस्यां आनुपूर्व्यां नयवक्तव्यताश्रयणाद्द्रव्यास्तिकनयमतेन नैगम-व्यवहारसंमता सङ्ग्रहसंमता चेति द्वैविध्यं भवतीति भावः, पर्यायविचारस्याप्रकान्तत्वेन पर्यायास्तिकमतेन तस्या अनिरूपणादिति ॥२६॥

હવે ઘણું કહેવાનું હોવાથી પહેલા અનૌપનિધિકી કહે છે -

નૈગમવ્યવહારની અનૌપનિધિકી અને સંગ્રહની અનૌપનિધિકી એમ અનૌપનિધિકી બે પ્રકારે છે.

આ આનુપૂર્વી નયવક્તવ્યતાના આશ્રયથી દ્રવ્યાસ્તિકાય નયના મતે નૈગમ-વ્યવહારને સંમત અને સંગ્રહને સંમત એમ બે પ્રકાર છે. પર્યાય વિચાર પ્રસ્તુત નહિ હોવાથી પર્યાયાસ્તિક મતે તેનું નિરૂપણ નથી.

तत्र नैगमव्यवहारसम्मतामाद्यामाह--

**प्रथमाऽर्थपदप्ररूपणताभङ्गसमुत्कीर्त्तनताभङ्गोपदर्शनतासमवतारानुगमभेदात् पञ्चधा ॥२७॥**

प्रथमेति, नैगमव्यवहारसम्मताऽनौपनिधिकी द्रव्यानुपूर्वीत्यर्थः । पञ्चधेति, अर्थपद-प्ररूपणता भङ्गसमुत्कीर्त्तनता भङ्गोपदर्शनता समवतारोऽनुगमश्चेति पञ्चविध इत्यर्थः, उक्त-द्रव्यानुपूर्व्या उक्तनयद्वयमतेन स्वरूपस्य निरूपणादिति भावः ॥२७॥

ત્યાં નૈગમવ્યવહાર સંમત એવી પહેલા અનૌપનિધિકી કહે છે.

અર્થ પદ પ્રરૂપણતા-ભંગ સમુત્કીર્તનતા-ભંગ ઉપદર્શનતા-સમવતાર અને અનુગમના ભેદથી નૈગમવ્યવહાર સંમત અનૌપનિધિકી પાંચ પ્રકારે છે.

નૈગમ વ્યવહાર સંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનો નૈગમ અને વ્યવહાર એ બે નયના સ્વરૂપથી નિરૂપણ કરેલ છે. સૂત્રમાં દર્શાવેલ પાંચ પ્રકારે અર્થપદ પ્રરૂપણતાને કહે છે.

अर्थपदप्ररूपणतामाह--

**संज्ञासंज्ञिकथनमर्थपदप्ररूपणता ॥२८॥**

संज्ञेति, आनुपूर्व्यादिपदं संज्ञा संज्ञी त्र्यणुकस्कन्धादि:, तयो: कथनं यथा परमाणुत्रयघटितस्त्रिप्रदेशक: स्कन्ध: आनुपूर्वीत्युच्यते चतु:प्रदेशिकस्स्कन्ध आनुपूर्वीत्युच्यते, एवमेव दशप्रदेशिक: स्कन्ध: संख्येयप्रदेशिकोऽसंख्येयप्रदेशिकोऽनन्तप्रदेशिकश्च स्कन्ध आनुपूर्वीत्युच्यते, परमाण्वन्तरासक्त: परमाणुरेकोऽनानुपूर्वीत्युच्यते द्विप्रदेशिकश्चावक्तव्यकमित्युच्यते बहवस्त्रिप्रदेशिकादय: स्कन्धा आनुपूर्व्य:, बहवश्चैकाकिन: परमाणवोऽनानुपूर्व्य:, बहवो द्व्यणुकस्कन्धा अवक्तव्यकानीत्येवंरूपासंज्ञासंज्ञिसम्बन्धकथनमर्थपदप्ररूपणतेति भाव: । आदिमध्यान्तरूपानुक्रमस्य यत्र सम्भवस्स एवानुपूर्वीशब्दवाच्य:, स च त्रिप्रदेशिकादिस्कन्धरूप एव, नैक: परमाणुस्तत्रादिमध्यान्तव्यवहाराभावात्, नापि द्व्यणुकस्कन्ध:, तत्रापि मध्यव्यवहाराभावात्, आदित्वं हि यस्मात् परमस्ति न पूर्वं तत्त्वम् । अन्तत्वं च यस्मात् पूर्वमस्ति न परं तत्त्वम् । मध्यत्वञ्चाद्यन्तयोरन्तरत्वम् । यद्यपि द्व्यणुकस्कन्धे सम्पूर्णगणनानुक्रमाभावेऽपि परमाणुद्वयस्य परस्परं पूर्वपश्चाद्भावस्य सत्त्वेनानुपूर्वीत्वप्रसङ्गशङ्का स्यात्तथापि मध्यस्य कस्यचिदभावेनासांकर्येण पूर्वपश्चाद्भावोऽसिद्ध एव, परस्परापेक्षया पूर्वपश्चाद्भावस्य सत्त्वादेव न द्व्यणुकस्कन्धस्यानानुपूर्वीत्वमपि, तस्मादानुपूर्वीत्वेनानानुपूर्वीत्वेन वा वक्तुमशक्यत्वेनावक्तव्यक एव द्व्यणुकस्कन्ध: । यद्यपि च संज्ञासंज्ञिसंबन्धकथनरूपाया एकवचनमाश्रित्य त्रिप्रदेशिकादिस्कन्ध आनुपूर्वीत्येवमभिधानादेवार्थपदप्ररूपणाया निष्पन्नत्वात्त्रिप्रादेशिका: स्कन्धा आनुपूर्व्य इत्यादिबहुवचननिर्देशो व्यर्थस्तथापि आनुपूर्व्यादिद्रव्याणां प्रतिभेदमनन्तव्यक्तिख्यापनार्थं नैगमव्यवहारयोरित्थंभूताभ्युपगमप्रदर्शनार्थञ्च तन्निर्देश: । अत्र त्र्यणुक-चतुरणुकादीन्यानुपूर्वीद्रव्याण्यनानुपूर्व्यवक्तव्यकद्रव्येभ्यो बहूनि, तेभ्योऽनानुपूर्वीद्रव्याण्यल्पानि, तेभ्योऽप्यवक्तव्यकद्रव्याण्यल्पतराणीति बोध्यम् । अर्थपदप्ररूपणताया भङ्गसमुत्कीर्त्तन प्रयोजनं, अकृते संज्ञासंज्ञिनिरूपणे संज्ञामन्तरेण निर्विषयाणां भङ्गानां निरूपयितुमशक्यत्वादिति ॥२८॥

સંજ્ઞાસંજ્ઞિનું કથન તે અર્થપદ પ્રરૂપણતા છે.

આનુપૂર્વી વિગેરે પદ તે સંજ્ઞા છે અને ત્ર્યણુક સ્કન્ધ વિગેરે તે સંજ્ઞી છે અને તે બન્નેનું કથન જેમ કે ત્રણ પરમાણુથી ઘટિત તે ત્રિપ્રદેશિક સ્કન્ધ આનુપૂર્વી એમ કહેવાય છે. એ પ્રમાણે ચતુપ્રદેશકઃ આનુપૂર્વી કહેવાય છે. એ જ પ્રમાણે દશ પ્રદેશિકઃ સ્કન્ધ, સંખ્યેક પ્રદેશિક, અસંખ્યેક પ્રદેશિક-અનંત પ્રદેશિક સ્કન્ધ આનુપૂર્વી કહેવાય છે. બીજા પરમાણુથી રહિત એકલો પરમાણુ તે અનાનુપૂર્વી કહેવાય છે અને દ્વિપ્રદેશિક અવક્તવ્યક કહેવાય છે. ઘણા ત્રિપ્રદેશિક સ્કન્ધો તે આનુપૂર્વી કહેવાય છે અને ઘણા એકલા પરમાણુઓ તે અનાનુપૂર્વીઓ કહેવાય છે અને ઘણા દ્વયણુક સ્કંધો તે 'अवक्तव्यकानि' અવક્તવ્યકો કહેવાય છે. એ પ્રમાણે સંજ્ઞા-સંજ્ઞીનું કથન તે અર્થપદ પ્રરૂપણતા છે. જ્યાં આદિ-મધ્ય-અંત સ્વરૂપ અનુક્રમનો સંભવ છે તે જ આનુપૂર્વી શબ્દથી વાચ્ય છે અને તે ત્રિપ્રદેશિક સ્કંધ વિગેરે સ્વરૂપ જ છે. પરંતુ એક પરમાણુ નહિ, કારણ કે, એક પરમાણુમાં આદિ-મધ્ય-અંતના વ્યવહારનો અભાવ છે. એમ દ્વયણુક સ્કન્ધપણ નહિ, કારણ કે ત્યાં પણ મધ્યમ વ્યવહારનો અભાવ છે. જેનાથી પરમાં કોઈ છે. પરંતુ પૂર્વમાં કોઈ નથી તે આદિ અને તદ્રૂપણુ તે આદિત્વ અને જેનાથી પૂર્વમાં કોઈ છે. પણ પરમાં કોઈ નથી તે અંત, તદ્રૂપણુ તે અનંતત્વ આદિ અને અંત એ બન્નેની વચ્ચેપણું તે મધ્યત્વ, જો કે સંપૂર્ણ ગણના અનુક્રમના અભાવવાળા એવા પણ દ્વયણુક સ્કન્ધમાં બે પરમાણુઓનો પરસ્પર પૂર્વ પશ્ચાદ્ વિદ્યમાન ભાવ હોવાથી આનુપૂર્વીત્વના પ્રસંગની શંકા થાય તો પણ કોઈ મધ્યનો અભાવ હોવાથી અસાંકર્યથી પૂર્વ-પશ્ચાદ્ભાવ પ્રસિદ્ધ જ છે અને પરસ્પરની અપેક્ષાથી પૂર્વ પશ્ચાદ્ભાવ વિદ્યમાન હોવાથી દ્વયણુક સ્કન્ધનું અનાનુપૂર્વીત્વ પણ નથી. તે કારણથી આનુપૂર્વીરૂપે અથવા અનાનુપૂર્વીરૂપે કહેવાને અશક્ય હોવાથી દ્વયણુક સ્કન્ધ અવક્તવ્યક જ છે.

જો કે એક વચનને આશ્રયિને ત્રિપ્રદેશિક સ્કન્ધ આનુપૂર્વી એ પ્રમાણે કહેવાથી જ સંજ્ઞા-સંજ્ઞિના કથનના સ્વરૂપવાળી અર્થ પદ પ્રરૂપણતા નિષ્પન્ન થઈ જતી હોવાથી ત્રિપ્રદેશિક સ્કન્ધોએ આનુપૂર્વીઓ કહેવાય છે. ઇત્યાદિ બહુવચનનો નિર્દેશ વ્યર્થ છે, તો પણ આનુપૂર્વી દ્રવ્યોના દરેક ભેદ અનંત વ્યક્તિ સ્વરૂપ છે. એમ કહેવા માટે અને નૈગમ વ્યવહારમાં આ પ્રમાણેનો સ્વીકાર બતાડવા માટે બહુવચનનો નિર્દેશ છે.

અહીં ત્ર્યણુક-ચતુરણુક વિગેરે આનુપૂર્વી દ્રવ્યો-અનાનુપૂર્વી અને અવક્તવ્યકથી ઘણા છે તે આનુપૂર્વી દ્રવ્યોથી અનાનુપૂર્વી દ્રવ્યો અલ્પ છે અને અનાનુપૂર્વી દ્રવ્યો કરતા પણ અવક્તવ્યક દ્રવ્યો અલ્પતર છે એમ જાણવું.

અર્થ પદ પ્રરૂપણતાનું પ્રયોજન ભંગ સમુત્કીર્તન છે. કારણ કે સંજ્ઞા-સંજ્ઞિનું નહિ કરાયે છતે સંજ્ઞા વિના વિષયવિનાના ભંગોની નિરૂપણ કરવાને અશક્ય છે.

केयं भङ्गसमुत्कीर्त्तनतेत्यत्राह -

**पदसम्बन्धिप्रत्येकसंयुक्तविकल्पवर्णनं भङ्गसमुत्कीर्त्तनता ॥२९॥**

पदसम्बन्धीति, आनुपूर्व्यनानुपूर्व्यवक्तव्यकपदनिष्पन्नानां सम्भविनां प्रत्येकभङ्गानां द्व्यादिसंयोगजभङ्गानाञ्च समुच्चारणं भङ्गसमुत्कीर्त्तनतेत्यर्थः, तत्फलन्तु भङ्गोपदर्शनता, वाचकमन्तरेण वाच्यस्य कथयितुमशक्यत्वादिति ॥२९॥

આ ભંગ સમુત્કીર્તન શું છે તે કહે છે -

પદોથી થયેલા દરેક સંયુક્ત વિકલ્પોનું વર્ણન તે ભંગ સમુત્કીર્તનતા છે. આનુપૂર્વી-અનાનુપૂર્વી - અવક્તવ્યક પદથી થયેલા દરેક ભાંગાઓનું અને દ્વિ વિગેરે ભાંગાઓના સંયોગથી ભાંગાઓનું સમુચ્ચારણ=વર્ણન તે ભંગ સમુત્કીર્તનતા છે. ભંગ સમુત્કીર્તનતાનું ફળ ભંગોપદર્શનતા છે. કારણ કે વાચક વિના વાચ્ય કહેવાને અશક્ય છે.

अथ भङ्गोपदर्शनतां प्रतिपादयति--

**वर्णितभङ्गानामर्थेन प्रत्येकं प्रदर्शनं भङ्गोपदर्शनता ॥३०॥**

**वर्णितेति**, पूर्वं समुत्कीर्तितानां भङ्गानां स्ववाच्येन त्र्यणुकाद्यर्थेन सह प्रत्येकमुपदर्शनं भङ्गोपदर्शनता, भङ्गसमुत्कीर्त्तनतायां हि पदमाश्रित्यैव केवलं प्रत्येकं वा द्व्यादिसंयोगजा वा भङ्गाः कथ्यन्ते, यथाऽस्त्यानुपूर्वी, अस्त्यनानुपूर्वी अस्त्यवक्तव्यकं, सन्त्यानुपूर्व्यः, सन्त्यनानुपूर्व्यः सन्त्यवक्तव्यकानीति प्रत्येकं षड्भङ्गाः । अस्त्यानुपूर्वी चानानुपूर्वी च, अस्त्यानुपूर्वी चानानुपूर्व्यश्च, संत्यानुपूर्व्यश्चानानुपूर्वी च, सन्त्यानुपूर्व्यश्चानानुपूर्व्यश्चेत्यादि । भङ्गोपदर्शनतायाञ्चैत एव भङ्गाः स्ववाच्यैरर्थैरुच्यन्ते यथात्रिप्रदेशिकः स्कन्ध आनुपूर्वी, परमाणुपुद्गलोऽनानुपूर्वी, द्विप्रदेशिकोऽवक्तव्यकः, त्रिप्रदेशिका आनुपूर्व्यः, परमाणुपुद्गला अनानुपूर्व्यः, द्विप्रदेशिका अवक्तव्यकाः, त्रिप्रदेशिकश्च परमाणुपुद्गलश्चानुपूर्वी चानानुपूर्वी च । त्रिप्रदेशिकश्च परमाणुपुद्गलाश्चानुपूर्वी चानानुपूर्व्यश्च, त्रिप्रदेशिकाश्च परमाणुपद्गलश्चानुपूर्व्यश्चानानुपूर्वी च । त्रिप्रदेशिकाश्च परमाणुपुद्गलाश्चानुपूर्व्यश्चानानुपूर्व्यश्चेत्यादि । एवंरूपेण भङ्गानां सार्थानां वर्णनं भङ्गप्रदर्शनतेति भावः ॥३०॥

હવે ભંગ ઉપદર્શનતાને કહે છે -

વર્ણન કરાયેલા ભંગોનું દરેક અર્થથી પ્રદર્શન તે ભંગોપદર્શનતા, પૂર્વે સમુત્કીર્તન કરાયેલા=વર્ણન કરાયેલા ભાગોનું સ્વવાચ્ય એવા ત્ર્યણુકાદિ અર્થ સાથે પ્રત્યેકનું ઉપદર્શન તે ભંગોપદર્શનતા, ભંગ સમુત્કીર્તનમાં કેવલ પ્રત્યેક પદને આશ્રયિને અથવા દ્વિ વિગરે સંયોગથી

ભાંગા કહેવાય છે. જેમ કે આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે, અવક્તવ્યક છે. આનુપૂર્વીઓ છે - અનાનુપૂર્વીઓ છે - અવકતવ્યકો છે, આ પ્રમાણે પ્રત્યેક એવા છ ભાંગા છે.

આનુપૂર્વી અને અનાનુપૂર્વી છે. આનુપૂર્વી અને અનાનુપૂર્વીઓ છે.

આનુપૂર્વીઓ અને અનાનુપૂર્વી છે. આનુપૂર્વીઓ અને અનાનુપૂર્વીઓ છે.

અને ભંગ ઉપદર્શનતાથી આ જ ભાંગાઓ સ્વવાચ્ય અર્થથી કહેવાય છે. (પોતાનાથી વાચ્ય) જેમ કે ત્રિપ્રદેશિક સ્કન્ધ આનુપૂર્વી છે.

ત્રિપ્રદેશિક સ્કન્ધો આનુપૂર્વીઓ છે. પરમાણુ પુદ્‌ગલો અનાનુપૂર્વીઓ છે. દ્વિપ્રદેશિક સ્કન્ધો અવ્યક્તવ્યકો છે.

પરમાણુ પુદ્‌ગલ અનાનુપૂર્વી છે.

દ્વિ પ્રદેશિક સ્કન્ધ અવક્તવ્યક છે.

ત્રિપ્રદેશિક સ્કન્ધ અને પરમાણુ પુદ્‌ગલ તે આનુપૂર્વી અને અનાનુપૂર્વી છે.

ત્રિપ્રદેશિક સ્કન્ધ અને પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વી અને અનાનુપૂર્વીઓ છે.

ત્રિપ્રદેશિક સ્કન્ધો અને પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વીઓ અને અનાનુપૂર્વી છે.

ત્રિપ્રદેશિક સ્કન્ધો અને પરમાણુ પુદ્‌ગલો આનુપૂર્વીઓ અને અનાનુપૂર્વીઓ છે.

આ સ્વરૂપથી અર્થ સહિત ભાંગાઓનું વર્ણન તે ભંગોપદર્શનતા છે.

अथ समवतारमाख्याति--

**तेषां स्वपरस्थानान्तर्भावचिन्तनप्रकारः समवतारः ॥३१॥**

तेषामिति, आनुपूर्व्यादिद्रव्याणामित्यर्थः, आनुपूर्व्यादिद्रव्याणि सर्वाणि स्वस्वजातावेवाविरोधेन वर्त्तन्ते न पुनः स्वजातिमुल्लंघ्य, तथात्वे विरोधादेवञ्चानेकदेशवृत्तीन्यप्यानुपूर्वीद्रव्याणि निखिलान्यानुपूर्वीद्रव्येष्वेव वर्त्तन्ते, अनानुपूर्वीद्रव्याण्यनानुपूर्वीद्रव्येष्वेव, अवक्तव्यकद्रव्याणि चावक्तव्यकद्रव्येष्वेव वर्त्तन्त इति विचिन्तनं समवतार इति भावः ॥३१॥

હવે સમવતારને કહે છે -

તેઓનો (ભાંગાઓનો) સ્વસ્થાન અને પરસ્થાનમાં અંતર્ભાવના ચિંતનનો પ્રકાર તે સમવતાર છે.

'तेषाम्' આનુપૂર્વી વિગેરે દ્રવ્યોને સર્વે આનુપૂર્વી વિગેરે દ્રવ્યો પોતપોતાની જાતિમાં વિરોધ વિના રહે છે. પરંતુ પોતાની જાતિ ઉલ્લંઘીને નહિ, તે પ્રમાણે હોવામાં વિરોધ હોવાથી અનેક દેશવૃત્તિ એવા પણ આનુપૂર્વી દ્રવ્યો સઘળા આનુપૂર્વી દ્રવ્યોમાં જ રહે છે. અનાનુપૂર્વી દ્રવ્યો તે

અનાનુપૂર્વી દ્રવ્યોમાં જ રહે છે. અવક્તવ્યક દ્રવ્યો અવક્તવ્યક દ્રવ્યોમાં જ રહે છે તે પ્રમાણે ચિંતવવું તે સમવતાર કહેવાય છે.

अथ वक्ति सम्प्रत्यनुगमम्--

**अनुयोगद्वारैस्तद्विचारणमनुगमः ॥३२॥**

अनुयोगद्वारैरिति, सत्पदप्ररूपणाद्रव्यप्रमाणक्षेत्रस्पर्शनाकालान्तरभागभावाल्पबहुत्वरूपैरानुपूर्व्यादिद्रव्याणां प्ररूपणमनुगम इत्यर्थः । आनुपूर्व्यनानुपूर्व्यवक्तव्यकशब्दाभिधेयानि त्र्यणुकादिस्कन्धपरमाणुद्व्यणुकानि नियमेन सन्ति, न तु पदान्येतानि शशशृङ्गादि-पदवदसदर्थविषयाणीति पर्यालोचना सत्पदप्ररूपणा । एकस्मिन्नप्याकाशप्रदेशे आनुपूर्व्यादिद्रव्याणि प्रत्येकमनन्तानि प्राप्यन्ते किं पुनस्सर्वलोके, तस्मात् संख्येयासंख्येययोर्निषेधात्रिष्वपि स्थानेष्वनन्तत्वमेवेति विचारो द्रव्यप्रमाणम् । पुद्गलपरिणामस्याचिन्त्यत्वाद-संख्येयप्रदेशात्मके लोकेऽनन्तद्रव्यस्थितिर्न विरुद्धा प्रदीपप्रभावत् । आनुपूर्वीद्रव्यमेकमाश्रित्य किञ्चिल्लोकस्य संख्याततमं भागं किञ्चित्तदसंख्येयभागं किञ्चिद्बहून् तत्संख्येयभागान् अन्यच्च बहून् तदसंख्येयभागानवगाह्य तिष्ठति, अनन्तानन्तपरमाणुप्रचयनिष्पन्नम-चित्तमहास्कन्धलक्षणमानुपूर्वीद्रव्यन्तु समुद्घातवर्त्तिकेवलिवत्सकललोकावगाहि । आनुपूर्वीद्रव्याणि नानाद्रव्यापेक्षया नियमेन सर्वलोक एव भवन्ति न संख्येयादिभागेषु, सूक्ष्मपरिणामपरिणतानन्तानुपूर्वीद्रव्यरहितस्यैकस्यापि लोकाकाशप्रदेशस्याभावात् । अनानुपूर्वीद्रव्यं एकद्रव्यापेक्षया लोकस्यासंख्येयभाग एव वर्त्तते, तस्य परमाणुरूपत्वेनैकाकाशप्रदेशावगाढत्वात्, एवमेकद्रव्यापेक्षयाऽवक्तव्यकद्रव्यमपि, द्व्यणुकस्कन्धात्मकत्वेन तस्यैकप्रदेशावगाढत्वाद्विप्रदेशावगाढत्वाद्वा । नानाद्रव्याणि प्रतीत्य त्वेते नियमेन सर्वलोक एवेति विचिन्तनं क्षेत्रद्वारम् । एकद्रव्यापेक्षयाऽऽनुपूर्वीद्रव्यं संख्येयभागमसंख्येयभागं संख्येयान् भागानसंख्येयान् भागान् सर्वलोकं वा स्पृशति, अनेकद्रव्यापेक्षया तु नियमेन सर्वलोकं स्पृशति, एकद्रव्यापेक्षयाऽनानुपूर्वीद्रव्यं न संख्येयादिभागं स्पृशति किन्त्वसंख्येयभागमेव, नानाद्रव्यापेक्षया तु नियमेन सर्वलोकम्, एवमवक्तकद्रव्यमपि । परन्तु स्पर्शना षड्दिक्कैः प्रदेशैस्तद्बहिरपि भवति तथा च परमाणुद्रव्यमाश्रित्य परमाणुद्रव्यमेकस्मिन्नेवाकाशप्रदेशेऽवगाढं स्पर्शना तु तस्य सप्तप्रादेशिकी, एवमन्यत्रापि भाव्यमिति स्पर्शनाद्वारम् । एकद्रव्यापेक्षयाऽऽनुपूर्वीद्रव्यस्य जघन्यत एकस्समयोऽवस्थितिकालः, तदूर्ध्वमेकस्य परमाण्वादेस्संयोगे वियोगे वा परिणामान्तरप्राप्तेः, यदा च तदेवानुपूर्वीद्रव्यं तद्भावेऽसंख्यातं कालं स्थित्वा ततः परमाण्वादिभिर्वियुज्यते

तदोत्कृष्टतोऽसंख्येयोऽवस्थितिकालः, उत्कृष्टाया अपि पुद्गलसंयोगस्थितेसंख्येयकालमानत्वेन नानन्तं कालं तस्यावस्थितिः । अनेकद्रव्यापेक्षया च सर्वाद्धा स्थितिरानुपूर्वीद्रव्यरहित-कालस्याभावात् । अनानुपूर्व्यवक्तव्यकद्रव्येष्वप्येवमेव कालो विज्ञेय इति कालद्वारम्। आनुपूर्वीद्रव्यस्यैकद्रव्यापेक्षया समयोऽन्तरं जघन्येन, उत्कर्षेण त्वनन्तः कालः प्राप्यते आनुपूर्वीत्वपरित्यागपुनर्लाभयोरन्तरे । यदानुपूर्वीद्रव्यं भिन्नं भित्वा च तदीयाः परमाणवो-ऽन्येषु परमाणुद्व्यणुकत्र्यणुकादिस्कन्धेषु अनन्ताणुकस्कन्धपर्यन्तेषु अनन्तस्थानेषूत्कृष्टान्तराधि-कारादसकृत् प्रतिस्थानमुत्कृष्टां स्थितिमनुभवन्तः पर्यटन्ति, कृत्वा चेत्थं पर्यटनं कालस्या-नन्तत्वात् विस्रसादिपरिणामतो यदा तैरेव परमाणुभिस्तदेवानुपूर्वीद्रव्यं निष्पद्यते तदाऽनन्त उत्कृष्टान्तरकालः प्राप्यते कालस्यानन्तत्वादिति, नानाद्रव्यापेक्षया नास्त्यन्तरम्, अनन्ता-नन्तानुपूर्वीद्रव्यैर्लोकस्य सर्वदाऽशून्यत्वात् । अनानुपूर्वीद्रव्यस्यैकद्रव्यापेक्षया जघन्ये-नैकस्समयोऽन्तरम्, उत्कर्षेणासंख्येयः कालः, तदेवानानुपूर्वीद्रव्यमन्येन परमाणुद्व्यणुकादिना केनचिद्द्रव्येण संयुज्यासंख्येयं कालं स्थित्वा यदा पुनस्तदेव स्वरूपं भजति तदाऽसंख्यात उत्कृष्टान्तरकालो लभ्यत इति, नानाद्रव्यापेक्षया नास्त्यन्तरम् । अवक्तव्यकद्रव्यस्यैक-द्रव्यापेक्षया जघन्येनैकस्समयः उत्कर्षेणानन्तः कालोऽन्तरं भवति, नानाद्रव्यापेक्षया तु नास्त्यन्तरं, लोकेसर्वदैव तद्भावादित्यन्तरद्वारम् । आनुपूर्वीद्रव्याणि सर्वाणि शेषद्रव्येभ्यो नियमेनासंख्येयैर्गुणैरधिकानि, शेषद्रव्याणि तु तदसंख्येयभागे वर्त्तन्ते, अनानुपूर्वीद्रव्याण्य-वक्तव्यकद्रव्याणि च शेषद्रव्याणामसंख्यातकम एव भागे वर्त्तन्ते न संख्याततमादिभागेष्वति भागद्वारम् । आनुपूर्वीद्रव्याणि सादिपारिणामिके भाव एव भवन्ति न तु औदयिकादिभावेषु, नाप्यनादिपारिणामिकभावे वा, आनुपूर्वीत्वपरिणतेरनादित्वासम्भवात्, विशिष्टैकपरिणामेन पुद्गलानामसंख्येयकालमात्रमवस्थानात्, एवमेवानानुपूर्व्यवक्तव्यकद्रव्याण्यपीति भावद्वारम् । अवक्तव्यकद्रव्याणि द्रव्यार्थतापेक्षयाऽन्येभ्यो निखिलेभ्यः स्तोकानि, अनानुपूर्वीद्रव्याणि विशेषाधिकानि, वस्तुस्थितिस्वभावात् । आनुपूर्वीद्रव्याणि च तेभ्योऽप्यसंख्येयगुणानि, आनुपूर्वीद्रव्येषु त्र्यणुकादिस्कन्धानामेकोत्तरवृद्ध्याऽनन्ताणुकस्कन्धपर्यन्तानामनन्तस्थानावाप्तेः । अनानुपूर्वीद्रव्येषु परमाणुलक्षणस्यैकस्यैव स्थानस्यावक्तव्यकद्रव्येषु द्व्यणुकलक्षणस्य चैकस्यैव स्थानस्य प्राप्तेः । प्रदेशार्थतया चानानुपूर्वीद्रव्याणि सर्वेभ्यः स्तोकानि, परमाणोः स्वव्यतिरिक्तप्रदेशान्तरशून्यत्वात्, तेन पुद्गलास्तिकायस्य सर्वसूक्ष्मभागरूपस्य प्रदेशत्वेऽपि न क्षतिः, तेभ्योऽवक्तव्यकद्रव्याणि विशेषाधिकानि, द्विप्रदेशत्वात् । आनुपूर्वीद्रव्याणि

त्ववक्तव्यकद्रव्येभ्योऽनन्तगुणानि, संख्यातप्रदेशिकानामसंख्यातप्रदेशिकानामनन्ताणुकानां स्कन्धानां प्रदेशेषु विवक्षितेषु महाराशित्वेनानन्तगुणत्वात् । उभयार्थतामाश्रित्यावक्तव्यकद्रव्याणि सर्वस्तोकानि, द्रव्यार्थतया अप्रदेशार्थतया च विशिष्टान्यनानुपूर्वीद्रव्याणि तेभ्यो विशेषाधिकानि, आनुपूर्वीद्रव्याणि द्रव्यार्थतयाऽसंख्येयगुणानि प्रदेशार्थतयाऽनन्तगुणानीति अल्पबहुत्वद्वारम् । तदेवमनुयोगद्वारैरानुपूर्व्यादिद्रव्याणां विचारोऽनुगम इति भावः । इत्येवमुक्ता नैगमव्यवहारसम्मताऽनौपनिधिकी द्रव्यानुपूर्वी ॥३२॥

હવે હમણા અનુયોગ કહે છે.

અનુયોગના દ્વારોથી તેની (આનુપૂર્વી દ્રવ્યોની) વિચારણા તે અનુગમ કહેવાય છે.

સત્પદ પ્રરૂપણા - દ્રવ્ય પ્રમાણ - ક્ષેત્ર-સ્પર્શના-કાલ-અંતર-ભાગ-ભાવ-અલ્પબહુત્વ સ્વરૂપ નવ અનુયોગ દ્વારથી આનુપૂર્વી દ્રવ્યો વિગેરેની પ્રરૂપણા કરવી તે અનુગમ છે. આનુપૂર્વી-અનાનુપૂર્વી-અવક્તવ્યક શબ્દથી અભિધેય એવા અનુક્રમે ત્ર્યણુકાદિ સ્કન્ધો, પરમાણુ, દ્વયણુકો નિયમથી છે. પરંતુ આ પદો 'શશ શૃંગ' પદની જેમ અસત્ અર્થના વિષયવાળા નથી એવા વિચારણા તે સત્પદ પ્રરૂપણા.

અને એક પણ આકાશ પ્રદેશમાં આનુપૂર્વી દ્રવ્યો પ્રત્યેક અનંત પ્રાપ્તિ થાય છે. વળી તો સર્વલોકમાં શું ? તેથી સંખ્યેય અને અસંખ્યેયનો નિષેધ હોવાથી ત્રણેય પણ સ્થાનોમાં અનંતપણું છે. એ પ્રમાણેનો વિચાર તે દ્રવ્ય પ્રમાણ દ્વાર.

પુદ્ગલનો પરિણામ અચિન્ત્ય હોવાથી અસંખ્ય પ્રદેશ સ્વરૂપવાળા અનંતદ્રવ્યની સ્થિતિ (પ્રદીપ પ્રભાની જેમ) વિરુદ્ધ નથી. આનુપૂર્વી દ્રવ્ય એક દ્રવ્ય આશ્રયિને લોકના કોઈક સંખ્યાતમા ભાગને અવગાહીને, કોઈ દ્રવ્ય લોકના અસંખ્યાત્મક ભાગને અવગાહીને, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય ઘણા સંખ્યાતા ભાગોને અવગાહીને અને અન્ય એક આનુપૂર્વી દ્રવ્ય લોકના ઘણા અસંખ્યાતા ભાગોને અવગાહીને રહે છે.

વળી અનંતાનંત પરમાણુના સમૂહથી નિષ્પન્ન અચિત્ત મહાસ્કન્ધ સ્વરૂપ આનુપૂર્વી દ્રવ્ય તો સમુદ્ઘાતમાં રહેતા કેવલીની જેમ સકલ લોકનું અવગાહી છે. આનુપૂર્વી દ્રવ્યો જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ નિયમથી સર્વલોકમાં જ છે. સંખ્યાતા આદિ ભાગોમાં નહિ, સૂક્ષ્મ પરિણામથી પરિણત થયેલા અનંતા આનુપૂર્વી દ્રવ્યોથી રહિત એવો એક પણ લોકાકાશના પ્રદેશનો અભાવ હોવાથી અનાનુપૂર્વી દ્રવ્ય એક દ્રવ્યની અપેક્ષાએ લોકના અસંખ્યાત્મક ભાગમાં જ રહે છે. કારણ કે, તે પરમાણુ સ્વરૂપ હોવાથી એક આકાશ પ્રદેશમાં અવગાઢ છે. આ પ્રમાણે એક દ્રવ્યની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્ય પણ જાણવું.

દ્વયણુક સ્કન્ધાત્મક હોવાથી તે એક પ્રદેશ અવગાઢ છે અથવા દ્વિપ્રદેશ અવગાઢ છે. જુદા દ્રવ્યોને આશ્રયિને આ નિયમથી સર્વલોકમાં જ છે. એ પ્રમાણેની વિચારણા તે ક્ષેત્રદ્વાર.

એક દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો સંખ્યેય ભાગને, અસંખ્યેય ભાગને, સંખ્યાતા ભાગોને, અસંખ્યાતા ભાગોને અથવા સર્વલોકને સ્પર્શે છે. વળી અનેક દ્રવ્યોની આપેક્ષાએ નિયમથી સર્વલોકને સ્પર્શે છે. એક દ્રવ્યની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાતાદિ ભાગને સ્પર્શતો નથી. કિન્તુ અસંખ્યાત ભાગને સ્પર્શે છે. વળી જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ નિયમથી સર્વ લોકને સ્પર્શે છે. આ પ્રમાણે અવક્તવ્યક દ્રવ્યપણ કહેવું.

પરંતુ સ્પર્શના છ દિશામાં રહેલા પ્રદેશો વડે તેની બહાર પણ હોય છે. તેમજ પરમાણુદ્રવ્યને આશ્રયિને પરમાણુદ્રવ્ય એક જ આકાશ દ્રવ્યમાં અવગાઢ છે. તેની સ્પર્શના સપ્ત પ્રદેશિકી છે. તે પ્રમાણે અન્યત્ર વિચારવું, આ સ્પર્શના દ્વાર છે.

એક દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યોનો જઘન્યથી એક સમય અવસ્થિતિ કાલ છે. કારણ કે, તેનાથી આગળ એક પરમાણુ વિગેરેનું સંયોગ અથવા વિયોગ થવામાં પરિણામાન્તરની પ્રાપ્તિ થાય છે અને જ્યારે તે જ આનુપૂર્વી દ્રવ્યો તે પોતાના ભાવમાં અસંખ્યકાળ સુધી રહીને ત્યાર પછી પરમાણુ વિગેરેથી વિયુક્ત થાય છે ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્ય સમય અવસ્થિતિ કાલ છે. ઉત્કૃષ્ટ એવી પણ પુદ્ગલ સંયોગની સ્થિતિ એ અસંખ્યકાલ સ્વરૂપ હોવાથી અનંતકાળ તેની અવસ્થિતિ નથી. અનેક દ્રવ્યોની અપેક્ષાએ 'સર્વાદ્ધા' (સર્વકાલ સ્થિતિ છે.) કારણ કે, આનુપૂર્વી દ્રવ્યથી રહિત એવા કાળનો અભાવ છે. અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોમાં પણ આ પ્રમાણે જ કાળ જાણવો. આ પ્રમાણે કાલદ્વાર છે.

એક દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યનું અંતર જઘન્યથી એક સમય છે. વળી ઉત્કૃષ્ટથી આનુપૂર્વીત્વના પરિત્યાગ અને પુનર્લાભના અંતરમાં અનંતકાળ પ્રાપ્ત થાય છે. જ્યારે ભિન્ન એવા આનુપૂર્વી દ્રવ્યોને ભેદીને તેના પરમાણુઓ અન્ય પરમાણુ ધ્વ્યણુક-ત્ર્યણુક વગેરે સ્કન્ધોમાં અનંતાણુક સ્કન્ધ સુધીના અનંત સ્થાનોમાં ઉત્કૃષ્ટ અંતરનો અધિકાર હોવાથી (વિચાર હોવાથી) ઘણી વખત દરેક સ્થાનોમાં ઉત્કૃષ્ટ સ્થિતિને અનુભવતા રહે છે અને આ પ્રમાણે પર્યટન કરીને કાલના અનંતપણાને કારણે વિસ્રસાદિ (કુદરતી) પરિણામથી જ્યારે તે જ પરમાણુઓ વડે તે જ આનુપૂર્વી દ્રવ્યો નિષ્પન્ન થાય છે. ત્યારે અનંત એવો ઉત્કૃષ્ટ અંતર્કાલ પ્રાપ્ત થાય છે. કારણ કે, કાલ અનંત છે. જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી. અનંતાનંત આનુપૂર્વી દ્રવ્યથી લોક હંમેશા અશૂન્ય છે. (શૂન્ય નથી.) એક દ્રવ્યની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યનું અંતર જઘન્યથી એક સમય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કાળ છે. તે જ અનાનુપૂર્વી દ્રવ્ય બીજા એવા પરમાણુ દ્વયણુક વિગેરે કોઈ દ્રવ્યની સાથે સંયોગ પામીને અસંખ્યાત કાલ સુધી રહીને જ્યારે ફરીથી તે જ (અનાનુપૂર્વી) દ્રવ્યના સ્વરૂપને ભજે છે ત્યારે ઉત્કૃષ્ટ અંતરકાલ અસંખ્યાતા પ્રાપ્ત થાય છે. જુદા દ્રવ્યની અપેક્ષાએ અંતર નથી.

એક દ્રવ્યની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યનું અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાલ છે. જુદા દ્રવ્યની અપેક્ષાએ અંતર નથી. કારણ કે લોકમાં તે હંમેશા વિદ્યમાન હોય છે. એ પ્રમાણે અંતર્દ્વાર છે.

સર્વ આનુપૂર્વી દ્રવ્યો શેષ દ્રવ્યો કરતા નિયમથી અસંખ્યેય ગુણા અધિક છે. વળી શેષ દ્રવ્યો તો તેના અસંખ્યાત્મક ભાગે વર્તે છે અને અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો શેષ દ્રવ્યોના અસંખ્યાતમાં ભાગે જ વર્ત્તે છે. સંખ્યાતમાં વિગેરે ભાગોમાં નહિ. આ પ્રમાણે ભાગદ્વાર છે.

આનુપૂર્વી દ્રવ્યો સાદિ પારિણામિક ભાવે જ છે. પરંતુ ઔદયિકાદિ ભાવોમાં નહિ અથવા તો અનાદિ પારિણામિક ભાવમાં પણ નહિ, કારણ કે, આનુપૂર્વીત્વની પરિણતિનું અનાદિપણું હોઈ શકે નહિ. કારણ કે, વિશિષ્ટ એક પરિણામ વડે પુદ્ગલો અસંખ્યાતા કાલ માત્ર જ રહે છે. આ પ્રમાણે જ અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો પણ છે. એ પ્રમાણે ભાવ દ્વાર.

દ્રવ્યાર્થ પર્યાયની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યો બીજા સર્વ દ્રવ્યોથી થોડા છે. અનાનુપૂર્વી દ્રવ્યો વિશેષાધિક છે. કારણ કે, પદાર્થની સ્થિતિનો સ્વભાવ તે પ્રમાણે છે અને આનુપૂર્વી દ્રવ્યો તેઓ કરતા પણ અસંખ્યગુણ છે. કારણ કે, આનુપૂર્વી દ્રવ્યોમાં એકોત્તર વૃદ્ધિની અનંતાણુક સ્કન્ધ સુધીના એવા ત્ર્યણુક વિગેરે સ્કન્ધોમાં અનંત સ્થાનની પ્રાપ્તિ થાય છે અને પ્રદેશાર્થપણાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો સર્વથી થોડા છે. કારણ કે, પરમાણુ પોતાનાથી વ્યતિરિક્ત એવા પ્રદેશથી શૂન્ય છે. તેથી સર્વ સૂક્ષ્મ ભાગ સ્વરૂપ એવા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશત્વમાં પણ ક્ષતિ નથી. તેના કરતા અવક્તવ્યક દ્રવ્યો વિશેષાધિક છે. કારણ કે બે પ્રદેશ સ્વરૂપ છે. વળી આનુપૂર્વી દ્રવ્યો અવક્તવ્યક દ્રવ્યો અનંતગુણ છે. કારણ કે, સંખ્યાત પ્રદેશવાળા - અસંખ્યાતપ્રદેશવાળા અને અનંતપ્રદેશવાળા સ્કન્ધો વિવક્ષિત પ્રદેશોમાં મહારાશિરૂપે અનંતગુણ છે. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ એમ ઉભયાર્થની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યો સર્વથી થોડા છે અને દ્રવ્યાર્થતાથી અને અપ્રદેશાર્થતાથી વિશિષ્ટ એવા અનાનુપૂર્વી દ્રવ્યો અવકતવ્યક દ્રવ્યો કરતા વિશેષાધિક છે. આનુપૂર્વી દ્રવ્યો દ્રવ્યાર્થતાથી અસંખ્યેય ગુણ અને પ્રદેશાર્થતાથી અનંતગુણ છે. આ પ્રમાણે અલ્પ બહુત્વ દ્વાર છે.

તેથી આ પ્રમાણે અનુયોગદ્વારોથી આનુપૂર્વી દ્રવ્યોનો વિચાર તે અનુગમ છે. તેથી આ પ્રમાણે નૈગમ-વ્યવહારને સંમત એવી અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી કહેવાય છે.

अथ सङ्ग्रहसम्मतां तामाह--

**एवमेव सङ्ग्रहसम्मतापि ॥३३॥**

एवमेवेति, पञ्चभिरर्थपदप्ररूपणतादिभिरियं द्रव्यानुपूर्व्यपि विचार्यत इति पूर्वसदृशत्वं भाव्यम् । परन्तु सङ्ग्रहस्य सामान्यवादित्वेन सर्वेऽपि त्रिप्रदेशिका एकैवाऽऽनुपूर्वी,

सर्वेऽपि चतुष्प्रदेशिका एकैवानुपूर्वी, एवं यावदनन्तप्रदेशिकास्तावद्वाच्यम्, इदञ्चाविशुद्ध-सङ्ग्रहमतेन । विशुद्धसङ्ग्रहमतेन तु सर्वेषां त्रिप्रदेशिकानामनन्ताणुकपर्यन्तानां स्कन्धा-नामानुपूर्वीत्वसामान्याव्यतिरेकादखिलाऽप्येकैवानुपूर्वीति, एवमेवानानुपूर्व्यवक्तव्यकयोर्भाव्यम्, एवञ्चैतन्मते सर्वत्र बहुवचनाभाव एव । भङ्गाश्च प्रत्येकमेकवचनान्तास्त्रय एवं, द्विक-संयोगास्त्रयः, त्रिकसंयोग एक इति सप्तैवानुपूर्व्यादिपदानां भङ्गा बोध्याः । एत एवार्थकथन-पुरस्सरास्सप्तभङ्गोपदर्शनताः । समवतारश्च स्वस्वजातावेवैते वर्त्तन्ते न स्वजातिं व्यभि-चरन्तीति । आनुपूर्व्यादिद्रव्याणि नियमेन सन्ति, तेषामेकैको राशिः न संख्येयादिप्रमाणानि, सर्वलोकव्यापीनि, न तु संख्येयभागादिवर्त्तीनि । सर्वलोकमेव स्पृशन्ति, न संख्येयादि-भागम्, सर्वाद्धाऽवस्थितिकालः, नास्ति चान्तरम्, त्रयाणां राशीनामेको राशिस्त्रिभाग एव वर्त्तते । सादिपारिणामिकभाव एव वर्त्तन्ते त्रीण्यपि द्रव्याणि । अल्पबहुत्वन्तु न सङ्गहमते सम्भवति, सामान्यस्य सर्वत्रैकत्वादित्येवमनुगमो भाव्यः ॥३३॥

હવે સંગ્રહનય સંમત એવી અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી કહે છે.

આ પ્રમાણે જ સંગ્રહ સંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી છે.

અર્થ પદ પ્રરૂપણતા વિગેરે પાંચ ભેદથી આ દ્રવ્યાનુપૂર્વી પણ વિચારાય છે એ પ્રમાણે પૂર્વ સદશપણું વિચારવું. પરંતુ સંગ્રહનય સામાન્યવાદિ હોવાથી સર્વે પણ ત્રિપ્રાદેશિક સ્કન્ધો એક જ આનુપૂર્વી છે. સર્વે પણ ચતુઃ પ્રાદેશિક સ્કન્ધો એક જ આનુપૂર્વી છે. એ પ્રમાણે અનંત પ્રાદેશિક સ્કન્ધો સુધી તેવી રીતે જ કહેવું અને આ વિશુદ્ધ સંગ્રહ મતથી છે. વળી વિશુદ્ધ સંગ્રહમતથી તો અનંતાણુક સુધીના સર્વે ત્રિપ્રદેશિક વિગેરે સ્કન્ધો એ આનુપૂર્વીત્વ એવા, સામાન્ય એવા અવ્યતિરિક્ત શબ્દથી સર્વે પણ એક જ આનુપૂર્વી છે. આ પ્રમાણે જ અનાનુપૂર્વી અને અવક્તવ્યતામાં વિચારવું અને આ મતમાં સર્વત્ર બહુવચનનો અભાવ જ છે.

ભાંગાઓ પ્રત્યેક ત્રણે એક વચનાન્ત જ છે. દ્વિક સંયોગવાળા ત્રણ છે. ત્રિકસંયોગવાળો એક જ છે. આ પ્રમાણે આનુપૂર્વી પદના સાત જ ભાંગાઓ જાણવા, આથી જ અર્થકથનપૂર્વક ભંગોપદર્શનતા સાત છે અને સમવતાર પોતપોતાની જાતિમાં વર્ત્તે છે. સ્વજાતિમાં વ્યભિચાર કરતા નથી. આ આનુપૂર્વી દ્રવ્યો નિયમથી છે. તેઓનો એક રાશિ સંખ્યેય વિગેરે પ્રમાણ સ્વરૂપ નથી. સર્વ લોક વ્યાપી છે. વળી સંખ્યેય ભાગાદિવર્ત્તિ પણ નથી. સર્વ લોકને સ્પર્શે છે. સંખ્યેયાદિ ભાગને નહિ, અવસ્થિતિ કાળ સર્વાદ્ધા છે અને અંતર નથી. ત્રણેય રાશિનો એક રાશિ ત્રિભાગે જ વર્ત્તે છે. ત્રણે પણ દ્રવ્યો સાદિ પારિણામિક ભાવમાં જ વર્ત્તે છે. સંગ્રહમતમાં અલ્પબહુત્વ સંભવતું નથી, કારણ કે, સર્વ ઠેકાણે સમાનપણે એક સ્વરૂપ છે. આ પ્રમાણે અનુગમ જાણવો.

कस्य नयस्य कियन्तो भङ्गास्संमता इत्यत्राह -

**षड्विंशतिभङ्गा नैगमव्यवहारयोस्सप्त भङ्गास्सङ्ग्रहस्य ॥३४॥**

षड्विंशतीति, एकवचनान्तेनानुपूर्व्यादिपदत्रयेण त्रयो भङ्गाः, बहुवचनान्तेनापि तेन पदत्रयेण त्रयो भङ्गा इति षड्भङ्गा असंयोगजाः, संयोगपक्षे तु पदत्रयस्यास्य त्रयो द्विकसंयोगाः, एकैकस्मिन् द्विकसंयोगे एकवचनबहुवचनाभ्यां चतुर्भङ्गीसद्भावेन त्रिष्वपि द्विकयोगेषु द्वादशभङ्गाः सम्पद्यन्ते, त्रिकयोगस्त्वत्रैक एव, तत्र चैकवचनबहुवचनाभ्यामष्टौ भङ्गाः सर्वेऽप्यमी षड्विंशतिः नैगमव्यवहारयोरिष्टाः, संग्रहेण बहुवचनानङ्गीकारेण तद्घटितभङ्गपरिहारेण सप्तैव भङ्गा इष्यन्त इति भावः ॥३४॥

કયા નયને કેટલા ભાંગા સંમત છે તે કહે છે -

નૈગમ અને વ્યવહારનયને છવ્વીસ ભાંગા અને સંગ્રહનયને સાત ભાંગા સંમત છે.

એક વચનાંત એવા  આનુપૂર્વી વિગેરે ત્રણ પદથી ત્રણ ભાંગા, બહુવચનાંત એવા તે આનુપૂર્વી વિગેરે ત્રણ પદથી ત્રણ ભાંગા, આ પ્રમાણે આ સંયોગ જ છ ભાંગા થયા.

વળી સંયોગના પક્ષમાં આ ત્રણ પદના દ્વિક સંયોગવાળા ત્રણ ભાંગા, એકેક દ્વિક સંયોગમાં એક વચન અને બહુવચન વડે ચતુર્ભંગી થવાથી ત્રણેય પણ દ્વિક સંયોગમાં બાર ભાંગા થાય છે. વળી ત્રિકસંયોગવાળો એક જ ભાંગો છે. ત્યાં એક વચન અને બહુવચનથી આઠ ભાંગા થાય છે. આ સર્વે પણ છવ્વીસ ભાંગા નૈગમ અને વ્યવહારનયને ઈષ્ટ છે. સંગ્રહનયથી બહુવચનનો સ્વીકાર નહિ હોવાથી બહુવચનથી ઘટિત એવા ભાંગાઓનો ત્યાગ કરવા વડે સાત જ ભાંગા થાય છે. આ પ્રમાણે ભાવ છે.

अथौपनिधिकीं द्रव्यानुपूर्वीमाह --

**पूर्वानुपूर्वीपश्चानुपूर्व्यानुपूर्वीरूपतस्त्रिधौपनिधिकी द्रव्यानुपूर्वी ॥३५॥**

पूर्वानुपूर्वीति, विवक्षितधर्मास्तिकायादिद्रव्यसमुदाये पूर्वस्मात्प्रथमादारभ्यानुक्रमेण विरचनं यस्यां सा पूर्वानुपूर्वी, यथा धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायो जीवास्तिकायः पुद्गलास्तिकायोऽद्धासमय इति, आगमे इत्थमेव पठितत्वात्, माङ्गलिकत्वाद्धर्मस्यादौ तत्प्रतिपक्षत्वात्ततोऽधर्मस्य ततस्तदाधारत्वादाकाशस्यामूर्त्तत्वसामान्यात्ततो जीवस्य ततस्तदुपयोगित्वात्पुद्गलस्य जीवाजीवपर्यायाच्च ततोऽद्धासमयस्येति वाऽयमेव क्रमः पूर्वानुपूर्वी नान्यथा । पाश्चात्यादारभ्य व्युत्क्रमेणानुक्रमविरचना यस्यां सा पश्चानुपूर्वी यथा प्रोक्तसमुदायस्याद्धाकालः पुद्गलास्तिकायो जीवास्तिकाय आकाशास्तिकायोऽधर्मास्तिकायो धर्मास्तिकाय इति व्युत्क्रमः ।

विवक्षितपदानां प्रोक्तक्रमद्वयोल्लंघनेन परस्परासदृशैः सम्भवद्भिर्भङ्कैर्विरचनं यस्यां साऽनानुपूर्वी, सा च विवक्षितसमुदायघटकक्रमन्यस्तपदार्थसंख्यानामन्योऽन्यं गुणनेन लब्धसंख्यासदृशभङ्गेष्वाद्यन्तभङ्गपरित्यागेनावशिष्टैर्भङ्गैर्भवति यथा विवक्षितसमुदायो धर्माधर्माकाशजीवपुद्गलाद्धासमयरूपः तद्घटकक्रमविन्यस्तपदार्थसंख्या एकद्वित्रिचतुःपञ्चषड्रूपाः, तासां परस्परं गुणनं एकेन द्विके गुणिते द्वौ, ताभ्यां त्रिके गुणिते षट् तैश्चतुष्कके गुणिते चतुर्विंशतिः तया पञ्चके गुणिते विंशोत्तरं शतं तेन षट्कस्य गुणने विंशत्यधिकसप्तशतानि भवन्ति, इयन्तो भङ्गास्तत्र प्रथमभङ्गस्य पूर्वानुपूर्वीत्वेन चरमभङ्गस्य पश्चानुपूर्वीत्वेन तयोस्त्यागेनावशिष्टैरष्टादशोत्तरसप्तशतरूपैर्भङ्गैरनानुपूर्वी भवति, एवमेवान्यसमुदायेष्वपि भाव्यम् । भङ्गकस्वरूपानयनं यथा-पूर्वानुपूर्व्या अधः प्रस्तुतभङ्गकरचनव्यवस्थानतिक्रमेणैकादीनि पदानि यथाज्येष्ठं न्यसेत् यो हि यस्यादौ भवति स तस्य ज्येष्ठः यथा द्विकस्याव्यवहितपूर्ववर्त्त्येकको ज्येष्ठो द्विकस्य, यो यदीयज्येष्ठाव्यवहितपूर्ववर्त्ती स तस्यानुज्येष्ठः, यथा त्रिकस्यैकः, यश्च यदीयानुज्येष्ठाव्यवहितपूर्ववर्त्ती स तस्य ज्येष्ठानुज्येष्ठ इत्येवमन्यत्रापि भाव्यम् । व्यवस्थाभेदश्च न कार्यः, व्यवस्थाभेदो हि तदा भवति यदा तस्मिन्नेव भङ्गके निक्षिप्ताङ्कसदृशोऽपरोऽङ्क आपतेत् निक्षिप्ताङ्कस्य पुरतो यथासम्भवमुपरितनाङ्कसदृशानेवाङ्कान् पूर्वक्रमेण स्थापयेत् पूर्वक्रमश्च पूर्वानुपूर्व्या यथा दृष्टास्तथा यस्संख्यया लघुः स प्रथमं स्थाप्यते वस्तुतया महांश्च पश्चादिति । अत्र त्रीणि पदान्याश्रित्य भङ्गका दर्श्यन्ते, तेषां हि परस्पराभ्यासे षड्भङ्गका भवन्ति, तत्र पूर्वानुपूर्वी प्रथमो भङ्गो यथा १२३ इति, अस्याधस्तात् भङ्गकरचने क्रियमाणे एककस्य ज्येष्ठाभावात् द्विकस्यैककरूपज्येष्ठस्य सत्त्वात्स एव तस्याऽधो निक्षिप्यते, तस्य पुरत उपरितनाङ्कतुल्यत्वात्त्रिको दीयते तस्य पृष्ठतस्तु स्थापितशेषो द्विको दीयत इति २१३ भङ्गोऽयं निष्पन्नः, अत्राद्यस्य द्विकस्यैको ज्येष्ठो वर्त्तते परन्तु स न निक्षिप्यते तस्याग्रत उपरितनाङ्कतुल्याङ्कस्य विन्यसनापत्त्या तत्र च सदृशाङ्कपातेन व्यवस्थाभेदप्रसङ्गात् । ततो द्वितीयाङ्कस्यैकस्य ज्येष्ठाभावात्तृतीयाङ्कस्य त्रिकस्य ज्येष्ठो द्विकस्तदधो निक्षिप्यते, अत्र चाग्रभागस्य तावदसम्भव एव पदत्रयाश्रयेण भङ्गकरणात्, तस्मात्पृष्ठतः स्थापितशेषावेककत्रिकौ क्रमतो निक्षिप्येते पूर्वक्रमेण, यथा च १३२ भङ्गोऽयं जातः, अत्रापि एककस्य ज्येष्ठो नास्ति, त्रिकस्यास्ति द्विकः परं न स्थाप्यते, अग्रे सदृशाङ्कपातेन व्यवस्थाभेदप्रसङ्गादतोऽस्यैवानुज्येष्ठ एककः स्थाप्यते, तत उपरितनाङ्कतुल्यो द्विकः, पृष्ठतः स्थापितशेषस्त्रिको दीयत इति

३२१ चतुर्थो भङ्गो जातः, एवमेव २३१, ३२१ पञ्चमषष्ठभङ्गावपि भाव्यौ, भङ्गेष्वेषु षट्सु प्रथमः पूर्वानुपूर्वी चरमः पश्चानुपूर्वी मध्यमाश्चत्वारोऽनानुपूर्व्य इति भाव्यम्, इति द्रव्यानुपूर्वी ॥३५॥

હવે ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી કહે છે.

પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વી સ્વરૂપથી ત્રણ પ્રકારે ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી છે.

વિવક્ષિત ધર્માસ્તિકાય આદિ સમુદાયમાં પ્રથમથી આરંભીને અનુક્રમથી રચના જેમાં છે તે પૂર્વાનુપૂર્વી, જેવી રીતે ધર્માસ્તિકાય-અધર્મા-આકાશા-જીવાસ્તિ-પુદ્ગલાસ્તિકાય-અદ્ધાસમય એ પ્રમાણે આગમમાં કહેલ છે. ધર્મ માંગલિક હોવાથી આદિમાં છે. ત્યાર પછી અધર્મ છે, કારણ કે, ધર્મનો પ્રતિપક્ષ છે. ત્યાર પછી આકાશ છે. કારણ કે, ધર્માધર્મના આધાર સ્વરૂપ છે, ત્યાર પછી જીવ છે. કારણ કે, અમૂર્તત્વનું સમાનપણું છે, ત્યાર પછી પુદ્ગલ છે. કારણ કે, જીવને ઉપયોગી છે. ત્યાર પછી અદ્ધા સમય છે. કારણ કે, જીવાજીવના પર્યાય સ્વરૂપ છે અથવા તો આ જ ક્રમથી પૂર્વાનુપૂર્વી છે. અન્ય રીતે નહિ.

પાછળથી આરંભીને ઉલટા ક્રમથી અનુક્રમની વિરચના જેમાં છે તે પશ્ચાનુપૂર્વી જેવી રીતે ઉપર રહેલા સમુદાયનો ઉલટો ક્રમ અ.પુ.જી.આ અધર્મા અને ધર્માસ્તિકાય એ પ્રમાણે ઉલટો ક્રમ છે.

કહેલા બે ક્રમના ઉલ્લંઘન વડે પરસ્પર અસમાન એવા સંભવતા ભાંગાઓ વડે વિવક્ષિત પદોની વિરચના જેમાં છે તે અનાનુપૂર્વી, વિવક્ષિત સમુદાયના ઘટક એવા ક્રમમાં સ્થપાયેલ સંખ્યાઓને પરસ્પર ગુણવા વડે પ્રાપ્ત થયેલ સંખ્યાની સમાન ભાંગાઓમાં પહેલા અને છેલ્લા ભાંગાના ત્યાગ વડે શેષ ભાંગાઓથી આ અનાનુપૂર્વી થાય છે. જેમ કે વિવક્ષિત સમુદાય તે ધર્મા વિગેરે સ્વરૂપ છે. તેનો ઘટક એવા ક્રમમાં સ્થપાયેલ પદાર્થની સંખ્યા તે એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ સ્વરૂપ છે. તેઓને પરસ્પર ગુણવું તે આ રીતે એક વડે બે ગુણાયે છતે બે, બે વડે ત્રણ ગુણાયે છતે છ, છ વડે ચાર ગુણાયે છતે ચોવીશ, ચોવીશ વડે પાંચ ગુણાયે છતે એકસોવીશ, એકશોવીસને છ વડે ગુણાયે છતે ૭૨૦ (સાતસો વીશ) ભાંગા થાય છે.

ભાંગાના સ્વરૂપને આ રીતે લાવવું, પૂર્વાનુપૂર્વીથી નીચે પ્રસ્તુત ભાંગાની રચનારી વ્યવસ્થાને ઓળંગ્યા વિના એક વિગેરે પદો જયેષ્ઠના અનુક્રમથી સ્થાપવા. જે જેની આદિમાં હોય તે તેનો જયેષ્ઠ થાય. જેવી રીતે બેની અવ્યવહિત પૂર્વવર્તી એક છે. તો એક એ બેનો જયેષ્ઠ છે. જે જેના જયેષ્ઠના અવ્યવહિત પૂર્વવર્તી હોય તે તેનો અનુજયેષ્ઠ થાય. જેવી રીતે એક એ ત્રણનો અનુજયેષ્ઠ છે. (કારણ કે ત્રણના જયેષ્ઠ એવા બેની અવ્યવહિત પૂર્વવર્તિ એક છે.) જે જેના અનુજયેષ્ઠની પૂર્વવર્ત્તી છે. તે તેના જયેષ્ઠાનુજયેષ્ઠ છે. એ પ્રમાણે આગળ પણ વિચારવું અને વ્યવસ્થાભેદ ન કરવો.

વ્યવસ્થાભેદ ત્યારે જ થાય છે. જયારે તે જ ભાંગામાં નંખાયેલા એક સરખો બીજો અંક આવી પડે, નંખાયેલા અંકની આગળ સંભવ પ્રમાણે ઉપરના અંક સરખા જ અંકોને પૂર્વક્રમથી સ્થાપવા અને પૂર્વક્રમ પૂર્વાનુપૂર્વીમાં જેવી રીતે જોવાયેલો છે. તેવી રીતે સંખ્યાથી લઘુ હોય તે પ્રથમ સ્થપાય છે અને વાસ્તવિક રીતે મોટો પછી હોય છે. અહીં ત્રણ પદોને આશ્રયિને ભાંગા બતાવાય છે. તેઓનો પરસ્પર અભ્યાસ કરાયે છતે છ ભાંગા થાય છે. તેમાં પૂર્વાનુપૂર્વી પ્રથમ ભાંગો આ પ્રમાણે છે. ૧૨૩ આની નીચે ભાંગાની રચના કરાયે છતે અંકનો જયેષ્ઠ નહિ હોવાના કારણે અને દ્વિકનો જયેષ્ઠ એક હોવાથી તે એક જ બેની નીચે સ્થાપક છે. તેની આગળ ઉપર રહેલો અંક તુલ્ય હોવાથી ત્રણ અપાય છે. તેને પાછળથી સ્થપાયેલથી (૧ અને ૩થી) શેષ એવા ૨ અપાય છે. તેથી ૨૧૩ આ પ્રમાણે ભાંગો થાય. અહીં આદ્ય એવા બેના જયેષ્ઠ તરીકે એક છે. પરંતુ તે એક સ્થપાતો નથી. કારણ કે તેને આગળ ઉપરિતન અંક એવા એકના તુલ્ય અંકની સ્થાપનાની આપત્તિ થાય છે અને ત્યાં સદૃશ અંકના પાતથી વ્યવસ્થા ભેદનો પ્રસંગ થાય છે, તેનાથી આગળ બીજા અંક એવા ૧નો જયેષ્ઠ નહિ હોવાથી ૩ની અંક એવા ૩નો જયેષ્ઠ એવો ૨ તે ૩ની નીચે સ્થપાય છે. અને અહીં હવે આગળના ભાગનો અસંભવ જ છે.

કારણ કે, ૩ પદને આશ્રયિને ભાંગા કરવાના છે. તેથી પાછળના ભાગથી સ્થપાયેલથી (૨થી) શેષ એવા એક અને ત્રણ ક્રમે કરીને પૂર્વક્રમથી સ્થપાય છે. તેથી ૧૩૨ આ ભાંગો થયો, અહીં પણ એકનો જયેષ્ઠ નથી. (બીજા અંક એવા) ત્રણનો જયેષ્ઠ છે. પરંતુ સ્થપાતો નથી. કારણ કે, આગત સદૃશ અંકના પાત વડે વ્યવસ્થા ભેદનો પ્રસંગ થાય છે. આથી આનો જ અનુજયેષ્ઠ એવો એક (૩ની નીચે) સ્થપાય છે. તેનાથી આગળ ઉપરના અંકનો તુલ્ય એવો ૨ સ્થપાય છે અને હવે પાછળ ભાગથી સ્થપાયેલ (૧ અને ૨થી) શેષ એવો ૩ સ્થપાય છે. તેથી ૩૧૨ એવો ચોથો ભાંગો થાય છે. આ પ્રમાણે ૨૩૧-૩૨૧ એવો પાંચમો અને છઠ્ઠો ભાંગો વિચારવો, છ ભાંગામાં પ્રથમ પૂર્વાનુપૂર્વી અને છેલ્લો પશ્ચાનુપૂર્વી અને મધ્યના ચાર અનાનુપૂર્વીઓ છે એમ વિચારવું. આ પ્રમાણે દ્રવ્યાનુપૂર્વી છે.

द्रव्यानुपूर्वीव्याख्यां क्षेत्रकालानुपूर्व्योरप्यतिदिशति--

**एवमेव क्षेत्रकालानुपूर्व्यौ ॥३६॥**

एवमेवेति, द्रव्यानुपूर्वीव्याख्यावदेवेत्यर्थः, तथा च क्षेत्रानुपूर्व्यप्यौपनिधिक्यनौपनिधिकीभेदाद्विविधा, अनौपनिधिकी चार्थपदप्ररूपणतादिभिः पञ्चधा भवति, त्र्यादिक्षेत्रप्रदेशावगाहपर्यायवविशिष्टत्र्यणुकादिद्रव्यस्कन्धः क्षेत्रानुपूर्वी, असंख्यातप्रदेशावगाहनाविशिष्टश्चा-*संख्याताणुकस्कन्धोऽनन्ताणुको वा द्रव्यस्कन्धो भवति, एकप्रदेशावगाढः परमाणुसंघातः*

स्कन्धसंघातश्च क्षेत्रतोऽनानुपूर्वी, प्रदेशद्वयावगाढो द्विप्रदेशिकादिस्कन्धः क्षेत्रतोऽवक्तव्यकम् । बहुवचननिर्देशभङ्गसमुत्कीर्त्तनतादिविचारः पूर्ववत् । अनुगमे च सत्पदप्ररूपणाद्वारमपि पूर्ववत्, द्रव्यप्रमाणद्वारे-आनुपूर्वीद्रव्याण्यसंख्यातानि, त्र्यादिप्रदेशावगाढद्रव्यस्यैव क्षेत्रत आनुपूर्वीत्वेनासंख्यातप्रदेशात्मके लोके त्र्यादिप्रदेशविभागानामसंख्याततत्वात्, तुल्यप्रदेशावगाढानां बहूनामपि क्षेत्रावगाहापेक्षयैकत्वात् । एवमनानुपूर्वीद्रव्याण्यप्यसंख्येयानि, लोके प्रदेशानामसंख्याततत्वात्, अवक्तव्यकद्रव्याण्यपि तथा, द्विप्रदेशात्मक-विभागानामप्यसंख्याततत्वात् । क्षेत्रद्वारे स्कन्धद्रव्याणां विचित्रत्वादेकद्रव्यापेक्षया कश्चित्स्कन्धो लोकस्य संख्येयं भागमवगाह्य तिष्ठति कश्चिदसंख्येयमन्यः संख्येयानपरोऽसंख्येयान् कश्चित्तु देशोनलोकव्यापी च, क्षेत्रत आनुपूर्व्यास्सकललोकव्यापित्वेऽनानुपूर्व्यवक्तव्यकद्रव्याणां निरवकाशत्वप्रसङ्गः, न चेष्टापत्तिः, लोकस्य सदाऽऽनुपूर्व्यनानुपूर्व्यवक्तव्यकद्रव्यैरशून्यत्वस्य शास्त्रानुमतत्वादतो देशोनेति । द्रव्यानुपूर्व्यां द्रव्याणामेवानुपूर्व्यादिभाक्त्वेन द्रव्याणाञ्च परस्परं भिन्नानामपि एकत्रापि क्षेत्रेऽवस्थानसम्भवान्न सर्वलोकव्यापित्वं तस्य विरुध्यते, नानाद्रव्यापेक्षया सर्वलोकव्यापित्वमानु-पूर्व्यादिद्रव्याणां, त्र्यादिप्रदेशावगाढद्रव्यभेदतोऽत्रानुपूर्वीणां नानात्वम् । एकद्रव्यापेक्षयाऽनानुपूर्वीद्रव्यं लोकस्यासंख्येयभागवर्त्त्येव, एकप्रदेशावगाढस्यैवानानुपूर्वीत्वात् । नानाद्रव्यापेक्षया समस्तलोकव्यापित्वम्, एवमवक्तव्यकद्रव्यमपि । स्पर्शनाद्वारमप्येवमेव, कालद्वारे-त्र्यादिप्रदेशावगाढद्रव्यरूपाऽऽनुपूर्वी एकद्रव्यापेक्षया जघन्येनैकस्समय उत्कर्षेणासंख्येयः कालः तिष्ठति, नानाद्रव्यापेक्षया तु सर्वकालमेव भवति । त्र्यादिप्रदेशावगाढद्रव्यभेदानां सर्वदा सद्भावात्, एवमनानुपूर्व्यवक्तव्यकद्रव्येष्वपि भाव्यम् । अन्तरद्वारे-एकद्रव्यापेक्षयाऽऽनुपूर्वीद्रव्यं किमपि यदा समयमेकं विवक्षितक्षेत्रादन्यत्रावगाहं प्रतिपद्य पुनरपि केवलमन्यद्रव्यसंयुक्तं वा तेष्वेव विवक्षितत्र्याद्याकाशप्रदेशेष्ववगाहते तदैकानुपूर्वीद्रव्यस्य समयो जघन्योऽन्तरकालः प्राप्यते । तदेव यदाऽन्येषु क्षेत्रेष्वसंख्येयं कालं परिभ्रम्य केवलमन्यद्रव्यसंयुक्त वा समागत्य पुनरपि तेष्वेव विवक्षितत्र्याद्याकाशप्रदेशेष्ववगाहते तदोत्कृष्टतोऽसंख्येयोऽन्तरकालः प्राप्यते । न च द्रव्यानुपूर्व्यामिव कुतो नानन्तकालः प्राप्यत इति वाच्यम्, तत्र द्रव्यविशेषणां विवक्षितद्रव्यातिरिक्तानामनन्तत्वात् तैश्च सह क्रमतस्संयोगादनन्तकालप्राप्तेः, अत्र तु विवक्षितक्षेत्रावगाहक्षेत्रादन्यक्षेत्रस्यासंख्येयत्वात् । नानाद्रव्यापेक्षया नास्त्यन्तरमेवमेवानानुपूर्व्यवक्तव्यकद्रव्याणां भाव्यम् । भागद्वारे-आनुपूर्वीद्रव्याणि शेषद्रव्येभ्योऽसंख्येयैर्भागैरधिकानि शेषद्रव्याणि तु तेषामसंख्येयभागे वर्त्तन्ते,

अवक्तव्यकानि स्तोकानि, द्विकसंयोगानां तत्र स्तोकत्वात्, अनानुपूर्व्योऽपि स्तोका एव लोकप्रदेश-संख्यामात्रत्वात् । भावद्वारे-आनुपूर्व्यादीनि सर्वाणि द्रव्याणि सादिपारिणामिकभाव एव सन्ति । अल्पबहुत्वद्वारमिदं द्रव्यार्थतया प्रदेशार्थतया उभयार्थतया च विचार्यते, तत्रानुपूर्व्यां विशिष्टद्रव्यावगाहोपलक्षितात्र्यादिनभः प्रदेशसमुदायाः द्रव्याणि, समुदायारम्भकास्तु प्रदेशाः । अनानुपूर्व्यां त्वेकैकप्रदेशावगाहिद्रव्योपलक्षितास्सकलनभःप्रदेशाः प्रत्येकं द्रव्याणि, प्रदेशास्तु न सम्भवन्ति, एकैकप्रदेशद्रव्ये प्रदेशान्तरायोगात् । अवक्तव्यकेषु तु यावन्तो लोके द्विकसंयोगास्संभवन्ति तावन्ति प्रत्येकं द्रव्याणि तदारम्भकास्तु प्रदेशा इति । अवक्तव्यकद्रव्याणि द्रव्यार्थतया सर्वस्तोकानि, अनानुपूर्वीद्रव्याणि विशेषाधिकानि, आनुपूर्वीद्रव्याणि चासंख्येयगुणानि । अप्रदेशार्थतया सर्वस्तोकान्यनानुपूर्वीद्रव्याणि, प्रदेशार्थतयाऽवक्तव्यकद्रव्याणि विशेषाधिकानि, आनुपूर्वीद्रव्याणि चासंख्येयगुणानि । उभयार्थतया तु-अवक्तव्यकद्रव्याणि द्रव्यार्थतया सर्वस्तोकानि प्रदेशार्थतया च विशेषाधिकानि । अनानुपूर्वीद्रव्याणि द्रव्यार्थतयाऽप्रदेशार्थतया च विशेषाधिकानि, आनुपूर्वीद्रव्याणि द्रव्यार्थतया प्रदेशार्थतया चासंख्येयगुणानि इतीयमनौपनिधिकी क्षेत्रानुपूर्वी नैगमव्यवहारसम्मता ॥ एवमेव संग्रहाभिमतद्रव्यानुपूर्व्यनुसारेण सङ्ग्रहाभिमतक्षेत्रानुपूर्व्यपि क्षेत्रप्राधान्याद्भाव्या । औपनिधिकी क्षेत्रानुपूर्व्यपि पूर्वानुपूर्व्यादिरूपेण त्रिविधा, पूर्वानुपूर्वी चाधोलोकस्तिर्यग्लोक ऊर्ध्वलोक इति क्षेत्रानुपूर्व्यधिकारात्, एतेषाञ्च क्षेत्रविशेषत्वात् । अधोलोकस्य जघन्यपरिणामवद्द्रव्ययोगाज्जघन्यतया गुणस्थानेषु प्रथमं मिथ्यादृष्टिगुणस्थानस्येवादावुपन्यासः, ततो मध्यमपरिणामवद्द्रव्यत्वान्मध्यमतया तिर्यग्लोकस्य तदुपरिष्टात् उत्कृष्टपरिणामिद्रव्यत्वादूर्ध्वलोकस्योपन्यास इति पूर्वानुपूर्वीत्वसिद्धिः । पश्चानुपूर्वी चोर्ध्वलोकस्तिर्यग्लोकोऽलोक इति, अनानुपूर्व्यान्तु पदत्रयस्य पूर्वोक्तक्रमेण षड्भङ्गा भवन्ति तत्र प्रथमचरमपरित्यागेन माध्यमिकाश्चत्वारो भङ्गा अनानुपूर्व्यः । एवमधआदिलोकेष्वपि प्रत्येकं रत्नप्रभादिपृथिवीमादाय पूर्वानुपूर्व्यादय ऊहनीयाः । कालानुपूर्व्यनौपनिधिकी नैगमव्यवहारसम्मता अर्थप्ररूपणादिविषये द्रव्यानुपूर्वीवदेव, समयत्रयादि-रूपकालपर्यायविशिष्टद्रव्याणि आनुपूर्व्यः, समयत्र्यादीनामेव मुख्यमिहानुपूर्वीत्वं तद्विशिष्टद्रव्यस्य त्वभेदोपचारात् पर्यायपर्यायिणोः कथञ्चिदभेदात् । अत्रापि द्रव्यस्यानन्तसमयस्थितिर्नास्ति स्वाभाव्यात्, तेन यावदसंख्येयसमयविशिष्टद्रव्यमानुपूर्वी भवति । एकसमयस्थितिकं परमाण्वाद्यनन्ताणुकस्कन्धपर्यन्तं द्रव्यमनानुपूर्वी द्विसमयस्थितिकं तादृशं द्रव्यमवक्तव्यकम् । द्रव्यद्वारे आनुपूर्वीद्रव्याण्य-

संख्येयान्येव नानन्तानि, समयक्रमादिरूपस्थितेरेकैकरूपत्वात् द्रव्यास्यात्र गौणत्वाच्च त्रिसमयस्थितिकानामनन्तानामपि द्रव्याणामेकानुपूर्वीद्रव्यत्वात्, एवं चतु:समयलक्षणस्थित्यादीनामपि भाव्यं यावदसंख्येसमयलक्षणस्थितिम् । एवमनानुपूर्व्यवक्तव्यकद्रव्याण्यपि प्रत्येकमसंख्येयानि वाच्यानि । क्षेत्रद्वारे एकद्रव्यापेक्षया लोकस्य संख्येयभागेऽसंख्येयभागे संख्येषु भागेष्वसंख्येयेषु भागेषु देशोने वा लोकेऽवगाहते । अचित्तमहास्कन्धस्तु सर्वलोकव्याप्यपि तद्व्यापितयैकमेकसमयमवतिष्ठते तत ऊर्ध्वमुपसंहारात् । एकसमयस्थितिकञ्चानुपूर्वीद्रव्यं न सम्भवति, तस्य त्र्यादिसमयस्थितिकत्वात्, तस्मात्त्र्यादिसमयस्थितिकमन्यद्द्रव्यं नियमादेकेनापि प्रदेशेन ऊन एव लोकेऽवगाहते । अनानुपूर्वीद्रव्यन्तु क्षेत्रानुपूर्व्या कालानुपूर्व्याञ्च एकं द्रव्यं लोकस्यासंख्येयभाग एव वर्त्तते यद्धि कालत एकसमयस्थितिकं तत्क्षेत्रतोऽप्येकप्रदेशावगाढमेवेहानानुपुर्वीत्वेन विवक्ष्यते, तच्च लोकासंख्येयभाग एव भवति, नानाद्रव्याणि तु सर्वत्र लोके, एकसमयस्थितिकद्रव्याणां सर्वत्र सत्त्वात् । अवक्तव्यकद्रव्यचिन्तायां क्षेत्रानुपूर्व्यामिवैकद्रव्यं लोकस्यासंख्येयभाग एव स्यात्, अथवा द्विसमयस्थितिकं द्रव्यं स्वभावादेव लोकस्यासंख्येयभाग एवावगाहते न परत: । स्पर्शनाद्वारे-एकद्रव्यापेक्षयाऽऽनुपूर्वीद्रव्यं जघन्येन त्रीणि समयानि यावद्वर्त्तते जघन्यतोऽपि त्रिसमयस्थितिकस्यैवानुपूर्वीत्वेनोक्तत्वात्, उत्कर्षेणासंख्येयं कालं वर्त्तते, तत्कालात् परत एकेन परिणामेन द्रव्यस्यावस्थानाभावात् । नानाद्रव्याणि तु लोकस्य प्रतिप्रदेशं सर्वदा तैरशून्यत्वात्सर्वकालं भवन्ति । अनानुपूर्वीद्रव्याणि चैकद्रव्यापेक्षया जघन्योत्कृष्टचिन्तामुत्सृज्यैकं समयं नानाद्रव्याणि प्रतीत्य सर्वदा भवन्ति । एकद्रव्यापेक्षया जघन्योत्कृष्टचिन्तामुत्सृज्यावक्तव्यकद्रव्याणि द्वौ समयौ नानाद्रव्यापेक्षया सर्वकालं भवन्ति, न हि एकसमयस्थितिकस्यैवानानुपूर्वीत्वे द्विसमयस्थितिकस्यैव चावक्तव्यकत्वेऽभ्युपगम्यमाने जघन्योत्कृष्टचिन्ता सम्भवति । अन्तरद्वारे-एकद्रव्यापेक्षयाऽऽनुपूर्वीद्रव्यस्य जघन्येनान्तरमेक: समय:, त्र्यादिसमयस्थितिकस्य द्रव्यस्य तत्परिणाम-परित्यागेन परिणामान्तरेण समयमेकं स्थित्वा पुनस्तत्परिणामप्राप्तौ त्र्यादिसमयस्थितिकत्वेन जघन्यतया समयस्यैवान्तरप्राप्तै: । उत्कर्षेण तु द्वौ समयौ, मध्ये द्विसमयं स्थित्वा पुनस्तस्यैव परिणामस्य प्राप्ते: मध्ये त्र्यादिसमयं यावत्सत्त्वे तु तत्राप्यानुपूर्वीत्वमनु-भवेदित्यन्तरमेव न भवेत् । नानाद्रव्याणान्तु नास्त्यन्तरम्, लोकस्य कदापि तच्छून्यत्वाभावात् । अनानुपूर्वीद्रव्यस्य चान्तरं द्वौ समयावेकद्रव्यापेक्षया, एकसमयस्थितिकं हि द्रव्यं यदा परिणामान्तरेण समयद्वयमनुभूय पुनस्तमेवैकसमयस्थितिकं

परिणाममासादयति तदा समयद्वयं जघन्येनान्तरकालः, यदि परिणामान्तरेणैकसमयमेव तिष्ठेत्तदाऽन्तरमेव न स्यात्, तत्राप्यनानुपूर्वीत्वात् । अथ समयद्वयात् परतस्तिष्ठेत्तदा जघन्यत्वं न स्यात् । उत्कर्षेण त्वसंख्येयं कालं, तावन्तं कालं परिणामान्तरेण मध्ये स्थित्वा पुनरेकसमयस्थितिकपरिणामावाप्तेः, नानाद्रव्याणान्तु नास्त्यन्तरम् । अवक्तव्यकद्रव्यस्य तु द्विसमयस्थितिकं किञ्चिदवक्तव्यकद्रव्यं परिणामान्तरेण समयमेकं स्थित्वा पुनस्तमेव पूर्वपरिणामं यदाश्रुते तदा जघन्योऽन्तरकालः समयः, असंख्येयं कालं स्थित्वा पुनस्तद-वाप्तेरुत्कृष्टान्तरकालः असंख्यातः, नानाद्रव्यान्तरन्तु नास्त्येव । भागद्वारे-आनुपूर्वीद्रव्याणि शेषद्रव्येभ्योऽसंख्येयैर्भागैरधिकानि द्रव्यक्षेत्रानुपूर्व्योरिव, शेषद्रव्याणि त्वानुपूर्वीद्रव्याणाम-संख्येयभाग एव वर्त्तन्ते । भावद्वारे-त्रयाणामपि सादिपारिणामिकभाववर्त्तित्वम् । अल्प-बहुत्वद्वारे सर्वस्तोकान्यवक्तव्यकद्रव्याणि द्विसमयस्थितिकद्रव्याणां स्वभावत एव स्तोकत्वात्, अनानुपूर्वीद्रव्याणि तु तेभ्यो विशेषाधिकानि, एकसमयस्थितिकद्रव्याणां निसर्गत एव पूर्वेभ्यो विशेषाधिकत्वात् । आनुपूर्वीद्रव्याणान्तु पूर्वेभ्योऽसंख्यातगुणत्वमिति नैगमव्यवहार-मतेनानौपनिधिकी कालानुपूर्वी । सङ्ग्रहमतेन सा क्षेत्रानुपूर्व्यामिव वाच्या । कालानुपूर्वी चौपनिधिकी पूर्वानुपूर्वी पश्चानुपूर्वी अनानुपूर्वी चेति त्रिधा, पूर्वानुपूर्वी समयावलि-कोच्छ्वासनिःश्वासादयः। सर्वाद्धाऽनागताद्धाऽतीताद्धादिरूपा पश्चानुपूर्वी । एवमनानुपूर्व्यपि भाव्या ॥३६॥

ક્ષેત્રાનુપૂર્વી અને કાલાનુપૂર્વીમાં પણ દ્રવ્યાનુપૂર્વીની વ્યાખ્યાનો અતિદેશ કરે છે.

આ પ્રમાણે જ ક્ષેત્રાનુપૂર્વી - કાલાનુપૂર્વી છે.

આ પ્રમાણે જ એટલે દ્રવ્યાનુપૂર્વી વ્યાખ્યાની જેમ જ ક્ષેત્રાનુપૂર્વી-ઔપનિધિકી અથવા અનૌપનિધિકી બે પ્રકારની છે. અનૌપનિધિકી એ અર્થ પદ પ્રરૂપણતા વિગેરેથી પાંચ પ્રકારે છે. ત્રણ વિગેરે ક્ષેત્ર પ્રદેશના અવગાહના પર્યાય વિશિષ્ટ એવો ત્ર્યણુક વિગેરે સ્કન્ધ તે ક્ષેત્રાનુપૂર્વી છે. અસંખ્યાતા પ્રદેશની અવગાહનાથી વિશિષ્ટ અસંખ્યાત અણુવાળો સ્કન્ધ અથવા અનંત અણુવાળો દ્રવ્ય સ્કન્ધ થાય, એક પ્રદેશમાં અવગાઢ પરમાણુના સમૂહરૂપ અને સ્કન્ધના સમૂહરૂપ ક્ષેત્રથી અનાનુપૂર્વી છે. બે પ્રદેશમાં અવગાઢ દ્વિપ્રદેશક વિગેરે સ્કન્ધો તે ક્ષેત્રથી અવક્તવ્યક છે. બહુવચનનો નિર્દેશ - ભંગ સમુત્કીર્તન વિગેરે વિચાર એ બધું પૂર્વની જેમ જાણવું અને અનુગમમાં સત્પદ પ્રરૂપણા દ્વાર પૂર્વની જેમ જાણવું.

દ્રવ્ય પ્રમાણ દ્વારમાં આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત છે. કારણ કે, ત્રણ પ્રદેશથી અવગાઢ દ્રવ્ય ક્ષેત્રથી આનુપૂર્વી સ્વરૂપ હોવાના કારણે અસંખ્યાત્મક-પ્રદેશાત્મક લોકમાં ત્રણ વિગેરે પ્રદેશ ભાંગો

અસંખ્યાત થાય છે. કારણ કે, તુલ્ય પ્રદેશોમાં અવગાઢ એવા ઘણાનું પણ ક્ષેત્રની અવગાહનાની અપેક્ષાએ એકપણું છે. આ પ્રમાણે અનાનુપૂર્વી દ્રવ્યો અસંખ્ય છે. કારણ કે, લોકમાં પ્રદેશ અસંખ્ય છે. અવક્તવ્યક દ્રવ્યો પણ તેવી રીતે જાણવા. કારણ કે, દ્વિપ્રદેશાત્મક વિભાગો પણ અસંખ્યાત્મક છે. ક્ષેત્રદ્વારમાં સ્કન્ધ દ્રવ્યો વિચિત્ર હોવાથી એક દ્રવ્યની અપેક્ષાએ કોઈ સ્કન્ધ લોકના સંખ્યાતમ ભાગને અવગાહીને રહે છે. કોઈક દ્રવ્ય અસંખ્યાત ભાગને અવગાહીને રહે છે. કોઈક દ્રવ્ય ઘણા સંખ્યાતા ભાગોને અવગાહીને રહે છે. કોઈક દ્રવ્ય ઘણા અસંખ્યાતા ભાગોને અવગાહીને રહે છે અને વળી કોઈક દ્રવ્ય દેશોન- વ્યાપિ હોય છે. કારણ કે, ક્ષેત્રથી આનુપૂર્વી સકલલોક વ્યાપિપણામાં અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના નિરવકાશપણાનો પ્રસંગ થાય છે, જે ઈષ્ટ નથી.

કારણ કે, હંમેશા આનુપૂર્વી - અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોથી અશૂન્ય એવો લોક શાસ્ત્રને અનુમત છે. આથી દેશોનલોક વ્યાપિ કહેલ છે.

દ્રવ્યાનુપૂર્વીમાં દ્રવ્યો જ આનુપૂર્વી સ્વરૂપ છે અને પરસ્પર ભિન્ન એવા દ્રવ્યોનું એક ક્ષેત્રમાં અવસ્થાનનો સંભવ છે. તેથી સર્વલોક વ્યાપિપણું વિરુદ્ધ નથી. જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ આનુપૂર્વી વિગેરે દ્રવ્યોનું સર્વલોક વ્યાપ્યત્વ છે. ત્રણ વિગેરે પ્રદેશમાં અવગાઢ તેવા દ્રવ્યોના ભેદથી અહીં આનુપૂર્વીનું નાનત્વ છે.(વિવિધપણું) એક દ્રવ્યની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત્મક ભાગ વર્ત્તિ છે. કારણ કે, અનાનુપૂર્વી એક પ્રદેશ જ અવગાઢ છે. જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો સમસ્ત લોક વ્યાપિ છે. એ પ્રમાણે અવક્તવ્યક દ્રવ્યનું પણ જાણવું. સ્પર્શનાદ્વાર પણ એ જ પ્રમાણે જાણવું.

કાલદ્વારમાં ત્રણ વિગેરે પ્રદેશથી અવગાઢ દ્રવ્ય સ્વરૂપ એવી આનુપૂર્વી એક દ્રવ્યની અપેક્ષા એ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાલ રહેલ છે અને જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ તો સર્વકાલ જ હોય છે. કારણ કે, ત્રણ પ્રદેશથી અવગાઢ દ્રવ્યોના ભેદોનો હંમેશા સદ્ભાવ હોય છે. આ પ્રમાણે આનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોમાં પણ જાણવું.

અંતરદ્વારમાં એક દ્રવ્યની અપેક્ષાએ કોઈ આનુપૂર્વી દ્રવ્ય જ્યારે એક સમય સુધી વિવક્ષિત ક્ષેત્રથી અન્ય ક્ષેત્રમાં અવગાહને સ્વીકારીને ફરીથી પણ કેવળ આનુપૂર્વી દ્રવ્ય અથવા અન્ય દ્રવ્યથી સંયુક્ત, આનુપૂર્વી દ્રવ્ય તે જ વિવક્ષિત એવા ત્રણ આકાશપ્રદેશોમાં અવગાહે છે. ત્યારે એક આનુપૂર્વી દ્રવ્યોનો જઘન્ય અંતરકાલ સમય તરીકે પ્રાપ્ત થાય છે જ. તે જ આનુપૂર્વી દ્રવ્યો જ્યારે અન્ય ક્ષેત્રમાં અસંખ્યકાલ સુધી ભમીને કેવલ આનુપૂર્વી દ્રવ્યો (અન્ય દ્રવ્ય સંયુક્ત આનુપૂર્વી દ્રવ્યો) આવીને ફરીથી તે જ વિવક્ષિત ત્રણ વિગેરે આકાશ પ્રદેશોમાં અવગાહે છે. ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્ય અંતરકાલ પ્રાપ્ત થાય છે. દ્રવ્યાનુપૂર્વીની જેમ અનંતકાલ શા માટે પ્રાપ્ત થતો નથી ? તેવી શંકા અયોગ્ય છે. કારણ કે, વિવક્ષિત દ્રવ્યોથી અતિરિક્ત એવા દ્રવ્ય વિશેષો અનંત છે અને

તેઓની સાથે ક્રમથી સંયોગ થતો હોવાથી અનંત-અનંતકાલ પ્રાપ્તિ થાય છે અને અહીં (ક્ષેત્રાનુપૂર્વીમાં) તો વિવક્ષિત ક્ષેત્ર એવા અવગાહ ક્ષેત્રથી અન્ય ક્ષેત્ર અસંખ્યેય છે. જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યનું આ પ્રમાણે વિચારવું.

ભાગદ્વારમાં આનુપૂર્વી દ્રવ્યો શેષ દ્રવ્યોથી અસંખ્યાતા ભાગોથી અધિક છે અને શેષદ્રવ્યો તો એ આનુપૂર્વી દ્રવ્યોના અસંખ્યાતામા ભાગે વર્તે છે.

અવક્તવ્યક દ્રવ્ય થોડા છે. કારણ કે, બેના સંયોગવાળા થોડા છે. આનુપૂર્વી દ્રવ્યો પણ થોડા જ છે. કારણ કે, લોકના પ્રદેશોની સંખ્યામાત્ર સ્વરૂપ છે.

ભાવદ્વારમાં આનુપૂર્વી સર્વ દ્રવ્યો સાદિ પારિણામિક ભાવે જ છે.

હવે અલ્પબહુત્વદ્વાર દ્રવ્યાર્થતા-પ્રદેશાર્થતા અને ઉભયાર્થતાથી વિચારાય છે. તે આનુપૂર્વીમાં વિશિષ્ટ એવા દ્રવ્યોના અવગાહથી ઉપલક્ષિત એવા ત્રણ વિગેરે આકાશપ્રદેશોના સમુદાયો તે આનુપૂર્વી દ્રવ્ય સ્વરૂપ છે. વળી પ્રદેશો તો સમુદાય આરંભક છે.

અનાનુપૂર્વીઓમાં તો એકેક પ્રદેશને અવગાહી એવા દ્રવ્યોથી ઉપલક્ષિત સઘળા આકાશપ્રદેશો પ્રત્યેક અનાનુપૂર્વી દ્રવ્ય સ્વરૂપ છે. પ્રદેશો તો સંભવતા નથી. કારણ કે, એકેક પ્રદેશ દ્રવ્યમાં પ્રદેશાન્તરનો યોગ છે. અવક્તવ્યમાં તો લોકમાં જેટલા દ્વિકના સંયોગ સંભવે છે. તેટલા પ્રત્યેક અવક્તવ્યક દ્રવ્ય સ્વરૂપ છે અને પ્રદેશો તો અવક્તવ્યક દ્રવ્યના આરંભક છે. અવક્તવ્યક દ્રવ્યો દ્રવ્યાર્થતાથી સર્વથી ઓછા છે. અનાનુપૂર્વી દ્રવ્યો વિશેષાધિક છે અને આનુપૂર્વી દ્રવ્યો સંખ્યાતા ગુણ છે.

અપ્રદેશાર્થતાથી અનાનુપૂર્વી દ્રવ્યો સર્વ ઓછા છે. પ્રદેશતાર્થતાથી અવક્તવ્યક દ્રવ્યો વિશેષાધિક છે અને આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત ગુણ છે. ઉભયાર્થથી તો અવક્તવ્યક દ્રવ્યો દ્રવ્યાર્થતાથી સર્વસ્તોક અને પ્રદેશાર્થતાથી વિશેષાધિક છે. આનુપૂર્વી દ્રવ્યો દ્રવ્યાર્થતાથી અને પ્રદેશાર્થતાથી અસંખ્યાતા ગુણ છે. આ પ્રમાણે આ અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી નૈગમ-વ્યવહાર નયને સંમત છે અને આ પ્રમાણે જ સંગ્રહનયને અભિમત દ્રવ્યાનુપૂર્વીના અનુસારે સંગ્રહનયને અભિમત ક્ષેત્રાનુપૂર્વી પણ ક્ષેત્રની પ્રધાનતાથી વિચારવી.

ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી પણ પૂર્વાનુપૂર્વી ભેદથી ત્રણ પ્રકારે છે અને તે પૂર્વાનુપૂર્વી આ પ્રમાણે છે. અધોલોક-ઉર્ધ્વલોક-તિર્યગ્લોક - કારણ કે, આ ક્ષેત્રાનુપૂર્વીનો અધિકાર છે. આ (અધોલોક વિગેરે) ક્ષેત્ર વિશેષ છે.જેમ ગુણ સ્થાનકમાં પહેલું મિથ્યાદૃષ્ટિ ગુણ સ્થાનક તેની જેમ જઘન્ય પરિણામવાળા દ્રવ્યોના યોગથી જઘન્યપણું હોવાના કારણે અધોલોકનો આદિમાં ઉપન્યાસ (સ્થાપના) છે. ત્યાર પછી મધ્યમ પરિણામવાળા દ્રવ્યવાળો હોવાથી મધ્યમપણું હોવાના કારણે તિર્યગ્લોકનો ઉપન્યાસ (સ્થાપના) છે. તેનાથી આગળ ઉત્કૃષ્ટ પરિણામવાળા દ્રવ્યો હોવાના કારણે દ્રવ્યલોકનો ઉપન્યાસ (સ્થાપના) છે. આ પ્રમાણે પૂર્વાનુપૂર્વીત્વની સિદ્ધિ થઈ અને

પશ્ચાનુપૂર્વી આ પ્રમાણે છે. ઉર્ધ્વ-અધો-તિર્યગ્લોક, અનાનુપૂર્વીમાં તો ત્રણપદના પૂર્વે કહેલા ક્રમથી  છ ભાંગા થાય છે. ત્યાં પહેલા અને છેલ્લાના ત્યાગ વડે મધ્યમના ચાર ભાંગાઓ અનાનુપૂર્વી છે. એ પ્રમાણે અધોલોક વિગેરે લોકમાં પણ પ્રત્યેક એવા રત્નપ્રભા પૃથ્વીને લઈને પૂર્વાનુપૂર્વી વિગેરે વિચારવા યોગ્ય છે.

અનૌપનિધિકી કાલાનુપૂર્વી નૈગમ અને વ્યવહારને સમ્મત એવી અનૌપનિધિકી કાલાનુપૂર્વી અર્થ પ્રરૂપણા વિગેરે વિષયમાં દ્રવ્યાનુપૂર્વીની જેમ જ છે. ત્રણ સમય વિગેરે સ્વરૂપ કાલના પર્યાયથી વિશિષ્ટ દ્રવ્ય તે આનુપૂર્વી દ્રવ્ય છે. કારણ કે, અહીં ત્રણ સમય વિગેરેનું જ મુખ્ય આનુપૂર્વીપણું છે. તેનાથી વિશિષ્ટ એવા દ્રવ્યોનો તો અભેદ ઉપચાર કરેલ છે. કારણ કે, પર્યાય અને પર્યાયિથી કાંઈક કથંચિદ્ અભિન્ન છે. અહીં પણ દ્રવ્યની અનંત સ્થિતિ નથી, કારણ કે, તેવો સ્વભાવ છે. તેથી અસંખ્ય સમયથી વિશિષ્ટ દ્રવ્ય જ આનુપૂર્વી છે. પરમાણુ વિગેરે અનંત અણુ દ્વારા સ્કંધ સુધીના દ્રવ્યો એક સમયની સ્થિતિવાળા હોય તો આનુપૂર્વી હોય છે અને બે સમયની સ્થિતિવાળા તેવા પ્રકારના દ્રવ્યો અવક્તવ્યક છે.

દ્રવ્યદ્વારમાં આનુપૂર્વી દ્રવ્યો અસંખ્ય જ છે, અનંત નથી, કારણ કે, સમયના ક્રમ વિગેરે વાળી સ્થિતિ એક-એક સ્વરૂપ છે અને દ્રવ્ય અહીં ગૌણ છે. તેથી ત્રણ સમયની સ્થિતિવાળા અનંત એવા પણ દ્રવ્યો એક આનુપૂર્વી સ્વરૂપ છે. એ પ્રમાણે ચાર સમય સ્થિતિવાળા, અસંખ્ય સમયની સ્થિતિવાળા સુધીના દ્રવ્યોનું વિચારવું. આ પ્રમાણે આનુપૂર્વી અવક્તવ્યક દ્રવ્યો પ્રત્યેક અસંખ્યાતા કહેવા.

ક્ષેત્રદ્વારમાં એક દ્રવ્યની અપેક્ષાએ લોકના સંખ્યાત્મક ભાગમાં, અસંખ્યાત્મક ભાગમાં, સંખ્યાતા ભાગોમાં, અસંખ્યાતા ભાગોમાં અથવા દેશોન લોકમાં અવાગાહીને રહે છે.

સર્વ લોક વ્યાપિ એવો અચિત્ત મહાસ્કન્ધ તો તેનો વ્યાપ્ત હોવાથી એક-એક સમય સુધી રહે છે. કારણ કે, તેનાથી આગળ ઉપસંહાર છે. એક સમય સ્થિતિવાળું આનુપૂર્વી દ્રવ્ય સંભવતું નથી. કારણ કે, ત્રણ વિગેરે સમયની સ્થિતિવાળું છે. તેથી ત્રણ વિગેરે સમયની સ્થિતિવાળું અન્ય દ્રવ્ય નિયમથી એક એવા પણ પ્રદેશની સાથે ન્યૂન એવા લોકમાં અવગાહીને રહે છે. આનુપૂર્વી દ્રવ્યનો ક્ષેત્રાનુપૂર્વી અને કાલાનુપૂર્વી દ્રવ્યોમાં એક દ્રવ્ય (એક દ્રવ્યની અપેક્ષાએ) લોકના અંખ્યાત્મક ભાગમાં જ રહે છે. કારણ કે, કાલથી એક સમયની સ્થિતિવાળું ક્ષેત્રને એક પ્રદેશમાં અવગાઢ જ, અહીં અનાનુપૂર્વી તરીકે વિવક્ષિત છે. પણ તે લોકના અસંખ્યાત ભાગમાં જ હોય છે. જુદા જુદા દ્રવ્યો તો (જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ તો) સર્વલોકના છે. કારણ કે, એક સમયની સ્થિતિવાળા દ્રવ્યો સર્વત્ર વિદ્યમાન છે. અવક્તવ્યક દ્રવ્યની વિચારણામાં ક્ષેત્રાનુપૂર્વીની જેમ એક દ્રવ્ય લોકના અસંખ્યાત્મક ભાગમાં જ હોય અથવા બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય સ્વભાવથી લોકના અસંખ્યાત્મક ભાગમાં જ અવગાહે છે. વધારે નહિ.

સ્પર્શનાદ્વારમાં એક દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્ય જઘન્યથી ત્રણ સમય સુધી રહે છે. કારણ કે, જઘન્યથી પણ ત્રણ સમયની સ્થિતિવાળો જ આનુપૂર્વી રૂપે કહેલો છે. ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ રહેલો છે. કારણ કે, તે કાલથી આગળ (વધારે) એક પરિણામ વડે દ્રવ્યના અવસ્થાન (સ્થિતિ)નો અભાવ છે. જુદા જુદા દ્રવ્યો તો લોકના દરેક પ્રદેશમાં હંમેશા હોય છે. કારણ કે, લોક હંમેશા તેઓથી અશૂન્ય હોય છે અને અનાનુપૂર્વી દ્રવ્યો એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય-ઉત્કૃષ્ટ વિચારણાને મૂકીને એક સમય સુધીની અને જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ હંમેશા હોય છે. અવક્તવ્યક દ્રવ્યો એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય ઉત્કૃષ્ટની વિચારણાને મુકીને બે સમય સુધી અને જુદા જુદા દ્રવ્યોની અપેક્ષાએ હંમેશા હોય છે. કારણ કે, એક સમયની સ્થિતિવાળો અનાનુપૂર્વી રૂપે અને બે સમયની સ્થિતિવાળો અવક્તવ્યક રૂપે સ્વીકારતો હોવાથી જઘન્ય-ઉત્કૃષ્ટની વિચારણા સંભવતી નથી. અંતર દ્વારમાં એક દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યનું જઘન્ય અંતર એક સમય છે. કારણ કે, ત્રણ વિગેરે સમયની સ્થિતિવાળું દ્રવ્ય તેના પરિણામના ત્યાગથી જ અન્ય પરિણામ વડે એક સમય રહીને ત્રણ વિગેરે સમયની સ્થિતિવાળારૂપે ફરીથી તે પરિણામની પ્રાપ્તિમાં જઘન્યરૂપે એક સમય જ અવાન્તર (અન્ય) પ્રાપ્તિ થાય છે. ઉત્કૃષ્ટથી બે સમય, કારણ કે વચ્ચે બે સમય સુધી રહીને ફરીથી જે તે પરિણામની પ્રાપ્તિ થાય છે. વચ્ચે ત્રણ વિગેરે સમય સુધી રહેવામાં તો ત્યાં પણ આનુપૂર્વીપણાને અનુભવે એટલે અંતર જ ન થાય, જુદા-જુદા દ્રવ્યોનું તો અંતર નથી. કારણ કે, લોક ક્યારેય પણ તેનાથી શૂન્ય હોતો નથી અને અનાનુપૂર્વી દ્રવ્યોનું અંતર એક દ્રવ્યની અપેક્ષાએ બે સમય છે. એક સમયની સ્થિતિવાળું દ્રવ્ય જ્યારે પરિણામાંતર વડે બે સમય અનુભવીને ફરીથી તે જ એક સમયની સ્થિતિવાળા પરિણામને પ્રાપ્ત કરે છે, ત્યારે બે સમય જઘન્યથી અંતરકાલ છે. જો પરિણામાંતર વડે એક સમય જ રહે તો અંતર જ ન થાય, કારણ કે, ત્યાં પણ અનાનુપૂર્વીપણું છે. હવે બે સમયથી વધારે રહે ત્યારે જઘન્યપણું ન થાય. ઉત્કૃષ્ટથી તો અસંખ્યકાલ છે, કારણ કે, તેટલા કાલ સુધી પરિણામાંતર વડે વચ્ચે રહીને ફરીથી એક સમયની સ્થિતિવાળા પરિણામની પ્રાપ્તિ થાય છે. જુદા-જુદા દ્રવ્યોનું તો અંતર નથી. અવક્તવ્યક દ્રવ્યોનું જઘન્ય અંતર એક દ્રવ્યની અપેક્ષાએ એક સમય છે. બે સમયની સ્થિતિવાળું કોઈક અવક્તવ્યક દ્રવ્ય પરિણામાંતર વડે એક સમય રહીને ફરીથી તે જ પૂર્વ પરિણામને જ્યારે પ્રાપ્ત કરે છે ત્યારે જઘન્ય અંતરકાલ એક સમય થાય છે. અસંખ્યકાલ સુધી રહીને ફરીથી તેની પ્રાપ્તિ થતી હોવાથી ઉત્કૃષ્ટ અંતરકાલ અસંખ્યાત છે, જુદા-જુદા દ્રવ્યોનું અંતર નથી જ.

ભાગદ્વારમાં દ્રવ્યાનુપૂર્વી-ક્ષેત્રાનુપૂર્વીની જેમ અહીં કાલાનુપૂર્વીમાં આનુપૂર્વી દ્રવ્યો શેષ દ્રવ્યોથી અસંખ્યાત ભાગોથી અધિક છે. શેષ દ્રવ્ય તો આનુપૂર્વી દ્રવ્યોના અસંખ્યાત ભાગે જ વર્ત્તે છે.

ભાવદ્વારમાં ત્રણેય પણ સાદિ પારિણામિક ભાવે રહેલ છે. અલ્પબહુત્વદ્વારમાં અવક્તવ્યક દ્રવ્યો સર્વ સ્તોક છે. કારણ કે, બે સમયની સ્થિતિવાળા દ્રવ્યો સ્વભાવથી જ થોડા હોય છે. વળી અનાનુપૂર્વી દ્રવ્યો તેઓ કરતા વિશેષાધિક છે. કારણ કે, એક સમયની સ્થિતિવાળા દ્રવ્યો સ્વભાવથી પૂર્વ એવા અવક્તવ્યક દ્રવ્યો કરતા વિશેષાધિક છે. વળી આનુપૂર્વી દ્રવ્યો પૂર્વ એવા અનાનુપૂર્વી દ્રવ્યો કરતા અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે નૈગમ-વ્યવહાર મતથી અનૌપનિધિકી કાલાનુપૂર્વી છે. વળી સંગ્રહમતથી તે અનૌપનિધિકી કાલાનુપૂર્વી ક્ષેત્રાનુપૂર્વીની જેમ જાણવી. ઔપનિધિકી કાલાનુપૂર્વી-પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી એમ ત્રણ પ્રકારે છે. પૂર્વાનુપૂર્વી સમયાવલિકા-ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વિગેરે સ્વરૂપ છે. પશ્ચાનુપૂર્વી સર્વ કાલ-અનાગતકાલ-અતીતકાલ વિગેરે સ્વરૂપ છે. એ પ્રમાણે અનાનુપૂર્વી જાણવી.

अथोत्कीर्त्तनानुपूर्वीमाह--

**ऋषभादीनां पूर्वपश्चाद्व्युत्क्रमतो नामोच्चारणमुत्कीर्त्तनानुपूर्वी ॥३७॥**

ऋषभादीनामिति, ऋषभः पूर्वमुत्पन्नत्वादादावुच्चार्यते ततोऽजितः ततस्सम्भवस्ततोऽभिनन्दनस्ततः सुमतिस्ततः पद्मप्रभ इत्येवं क्रमेण नामोच्चारणं पूर्वानुपूर्व्युत्कीर्त्तनानुपूर्वी । वर्द्धमानः पार्श्वः अरिष्टनेमिः नमिः मुनिसुव्रतो मल्लिरित्यादिपश्चादारभ्य प्रतिलोममुच्चारणं पश्चानुपूर्व्युत्कीर्त्तनानुपूर्वी । उक्तक्रमद्वयमुल्लंघ्य परस्परासदृशसम्भवद्भङ्गैः ऋषभादिनामोच्चारणमनानुपूर्व्यत्कीर्त्तनानुपूर्वी । नामोच्चारणमित्युक्त्या औपनिधिकीद्रव्यानुपूर्वीतो भेदः सूचितः, तत्र हि केवलं पूर्वानुपूर्व्यादिभावेन द्रव्याणां विन्यासमात्रं क्रियते, अत्र च तेषामेव तथैव नामोच्चारणमिति ॥३७॥

હવે ઉત્કીર્ત્તનાનુપૂર્વીને કહે છે.

ઋષભ વિગેરેનું પૂર્વી-પશ્ચાદ્ અને વ્યુત્ક્રમથી નામનું ઉચ્ચારણ તે ઉત્કીર્ત્તન આનુપૂર્વી છે.

ઋષભ તે પૂર્વે ઉત્પન્ન થયેલા હોવાથી આદિમાં ઉચ્ચારાય છે ત્યાર પછી અજિત, ત્યાર પછી સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ એ ક્રમથી નામનું ઉચ્ચારણ તે પૂર્વાનુપૂર્વી ઉત્કીર્ત્તના છે. પૂર્વી છે. વર્ધમાન-પાર્શ્વ-અરિષ્ટનેમિ-નમી-મુનિસુવ્રત-મલ્લિ વિગેરે એ પ્રમાણે પાછળથી આરંભથી ક્રમ પૂર્વક ઉચ્ચારણ પશ્ચાનુપૂર્વી ઉત્કીર્ત્તનાનુપૂર્વી છે. ઉપર કહેલા બન્ને ક્રમને ઉલ્લંઘીને પરસ્પર સંભવતા અસમાન ભાંગા વડે ઋષભ વિગેરે નામોચ્ચારણ તે અનાનુપૂર્વી ઉત્કીર્ત્તનાનુપૂર્વી છે. નામનું ઉચ્ચારણ એવું કહેવાથી ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીથી ભેદ બતાવેલ છે. ખરેખર ત્યાં પૂર્વાનુપૂર્વી ભાવથી દ્રવ્યોની સ્થાપના માત્ર કરાય છે અને અહીં તેઓનું જ નામ ઉચ્ચારણ છે.

अथ गणनानुपूर्वीमाह--

**तथैवेकादिसंख्याभिधानं गणानानुपूर्वी ॥३८॥**

तथैवेति, पूर्वपश्चाद्व्युत्क्रमत इत्यर्थः, एकं द्वे त्रीणि चत्वारीत्येवंक्रमेणाभिधानं पूर्वानुपूर्वीगणनानुपूर्वी, दशकोटिशतानि कोटीशतं दशकोटयः कोटिरित्येवं वर्णनं पश्चानुपूर्वीगणनानुपूर्वी, उक्तक्रमद्वयातिरेकेण सम्भवद्भिर्भङ्गैः संख्यानमनानुपूर्वीगणनानुपूर्वीत्यर्थः ॥३८॥

હવે ગણનાનુપૂર્વીને કહે છે.

તે પ્રમાણે જ એક વિગેરે સંખ્યાનું કહેવું તે ગણનાનુપૂર્વી છે.

તે પ્રમાણે જ એટલે કે પૂર્વ-પશ્ચાદ્ અને વ્યુત્ક્રમથી એમ ગણનાનુપૂર્વી ત્રણ પ્રકારે છે. ૧-૨-૩-૪ એવા ક્રમથી કહેવું તે પૂર્વાનુપૂર્વી ગણનાનુપૂર્વી છે. ૧૦૦૦ કરોડ - ૧૦૦ કરોડ - ૧૦ કરોડ - કરોડ એ પ્રમાણે વર્ણન કરવું તે પશ્ચાનુપૂર્વી ગણનાનુપૂર્વી છે. કહેવાયેલા બન્ને ક્રમને ઉલ્લંઘીને સંભવતા ભાંગાઓ વડે સંખ્યા કહેવી તે અનાનુપૂર્વી ગણનાનુપૂર્વી છે.

सम्प्रति संस्थानानुपूर्वीमाह--

**एवमेव पञ्चेन्द्रियसंस्थानानुपूर्वी ॥३९॥**

एवमेवेति, पूर्वपश्चाव्युत्क्रमत इत्यर्थः, आकृतिविशेषाः संस्थानानि, समचतुरस्रन्यग्रोधमण्डलसादिकुब्जवामनहुण्डरूपाणि षट्, तत्र सर्वप्रधानत्वात्समचतुरस्रस्यादावुपन्यासः, शेषाणान्तु यथाक्रमं हीनत्वाद्द्वितीयादित्वमित्थमेव पूर्वानुपूर्वी, शेषभावना पूर्ववत् । संस्थानानि, जीवाजीवसम्बन्धित्वेन द्विधा भवन्ति, इह च जीवसम्बन्धीनि तत्रापि पञ्चेन्द्रियसम्बन्धीनि विवक्षितानीति पञ्चेन्द्रियेति विशेषितम् ॥३९॥

હવે સંસ્થાનાનુપૂર્વી કહે છે.

તે પ્રમાણે પંચેન્દ્રિય જીવોની સંસ્થાનાનુપૂર્વી છે.

એ પ્રમાણે એટલે કે, પૂર્વ પશ્ચાદ્ વ્યુત્ક્રમથી પંચેન્દ્રિય સંસ્થાનાપૂર્વી ત્રણ પ્રકારે છે. આકૃતિ વિશેષ તે સંસ્થાન છે. સમચતુરસ્ર-ન્યગ્રોધમંડલ-સાદિ-કુબ્જ-વામન-હુંડક વિગેરે છ રૂપે છે. ત્યાં સર્વ કરતા પ્રધાન હોવાના કારણે સમચતુરસ્રનો આદિમાં ઉપન્યાસ છે અને શેષ ક્રમપૂર્વક હીત હોવાથી દ્વિતીય તરીકે ઉપન્યાસ છે. આ પ્રમાણે જ પૂર્વાનુપૂર્વી છે. શેષ ભાવનાને પૂર્વ પ્રમાણે જાણવી, સંસ્થાનો જીવ સંબંધી અને અજીવ સંબંધી એમ બે પ્રકારે છે અને અહીં જીવ સંબંધી સંસ્થાનોનો કથન છે. તેમાં પણ પંચેન્દ્રિય સંબંધિ સંસ્થાનો વિવક્ષિત છે તેથી પંચેન્દ્રિય એવા શબ્દથી સંસ્થાનાનુપૂર્વી વિશિષ્ટ કહેલ છે.

सामाचार्यानुपूर्वीमाचष्टे--

**ओघदशविधपदविभागसामाचार्यपि तथा ॥४०॥**

ओघेति, समाचरणं समाचारस्तस्य भावः सामाचारी, त्रिधा सा ओघदशविधपदविभागभेदात् । ओघनिर्युक्त्यभिहितार्थरूपा ओघसामाचारी । इच्छाकारादिदशविधा सामाचारी दशविधसामाचारी । निशीथकल्पाद्यभिहितप्रायश्चित्तपदविभागविषया पदविभागसामाचारी । दशविधा सामाचारी च विवक्षितक्रियाप्रवृत्त्यभ्युपगमात्करणमिच्छाकारः, अकृत्ये विषये यन्मयाऽऽचरितमसदेतदित्येवमसत्क्रियानिवृत्त्यभ्युपगमो मिथ्याकारः, अविकल्पगुर्वाज्ञाभ्युपगमस्तथाकारः, ज्ञानाद्यालम्बनेनोपाश्रयाद्बहिरवश्यं गमने समुपस्थितेऽवश्यं कर्त्तव्यमिदमतो गच्छाम्यहमित्येवं गुरुं प्रति निवेदनमावश्यकी, बहिःकर्त्तव्यव्यापारेष्ववसितेषु पुनस्तत्रैव प्रविशतः साधोः शेषसाधूनामुत्रासादिदोषपरिजिहीर्षया बहिर्व्यापारनिषेधेनोपाश्रयप्रवेशसूचनान्नैषेधिकी,भदन्त ! करोमीदमित्येवं गुरोः प्रच्छनमाप्रच्छना, ग्रामादौ प्रेषितस्य गमनकाले पुनः प्रच्छनं प्रतिप्रच्छना, पूर्वानीताशनादिपरिभोगविषये साधूनामुत्साहना छन्दना, दास्यामीत्येवमद्याप्यगृहीतेनाशनादिना साधूनामामंत्रणं निमंत्रणा, त्वदीयोऽहमित्येवं श्रुताद्यर्थमन्यदीयसत्ताभ्युपगम उपसम्पत् ॥४०॥

હવે સામાચારી આનુપૂર્વીને કહે છે.

ઓઘ દશવિધ અને પદવિભાગની સામાચારી પણ તે પ્રમાણે છે.

આચરણ કરવું તે સમાચાર અને તેનો ભાવ તે સમાચારી (એટલે કે આચરણ કરવાપણું) તે સામાચારી ઓઘ-દશવિધ અને પદ વિભાગના ભેદથી ત્રણ પ્રકારે છે. ઓઘનિર્યુક્તિમાં કહેલ અર્થ સ્વરૂપવાળી ઓઘ સામાચારી છે. ઈચ્છાકાર વિગેરે દશ પ્રકારની સામાચારી તે દશવિધ સામાચારી, નિશીથકલ્પ વિગેરેમાં કહેલ પ્રાયશ્ચિત્ત પદ વિભાગના વિષયવાળી પદ વિભાગ સમાચારી છે. દશવિધ સામાચારી આ પ્રમાણે છે. ૧-વિવક્ષિત ક્રિયામાં પ્રવૃત્તિનો સ્વીકાર કર્યા પછી કરવું તે ઈચ્છાકાર. ૨-અકૃત્ય વિષયમાં જે મારા વડે આ અસત્ આચરાયું છે. એ પ્રમાણેનો અસત્ ક્રિયાથી નિવૃત્તિનો સ્વીકાર તે મિથ્યાકાર છે. ૩-વિચાર્યા વિના ગુરુની આજ્ઞાનો સ્વીકાર તે તથાકાર. ૪-જ્ઞાનાદિના આરંભથી ઉપાશ્રયથી બહાર અવશ્ય ગમન ઉપસ્થિતિ થયે છતે. 'આ અવશ્ય કરવા યોગ્ય છે તેથી હું જાઉં છું' - આવું ગુરુ પ્રતિ નિવેદન કરવું તે આવશ્યકી. ૫-બહાર કરવા યોગ્ય વ્યાપારો પૂર્ણ થયે છતે ફરીથી પ્રવેશ કરતા સાધુને શેષ સાધુઓને ઉત્રાસ વિગેરે દોષોને ત્યાગ કરવાની ઈચ્છાથી બહિર્વ્યાપારના નિષેધ વડે ઉપાશ્રયમાં પ્રવેશનું સૂચન થતું હોવાથી નૈષેધિકી. ૬-હે ભદન્ત ! હું આ કરું એ પ્રમાણે ગુરુને પૂછવાનું તે આપૃચ્છના. ૭-ગામ

વિગેરેમાં મોકલાયેલને ભ્રમણકાળે ફરીથી પૂછયું તે પ્રતિપૃચ્છા. ૮-પૂર્વ લાવેલા અશન વિગેરેના પરિભોગ વિષયમાં સાધુઓને ઉત્સાહ કરવો તે છંદના. ૯-હું આપીશ એ પ્રમાણે હજુ સુધી નહિ ગ્રહણ કરેલા સાધુઓને આમંત્રણ કરવું તે નિમંત્રણ. ૧૦-હું તમારો છું એ પ્રમાણે શ્રુતાદિને માટે બીજાની સત્તા (નિશ્રા)નો સ્વીકાર તે ઉપસંપદા.

अथ भावानुपूर्वीमाह--

**औदयिकादिभावानुपूर्व्यप्येवम् ॥४१॥**

औदयिकादीति, औदयिकादयो हि भावास्तेषामानुपूर्वी पूर्वपश्चाद्व्युत्क्रमतस्त्रिधा, नारकादिगतिरौदयिको भावस्तत्सत्त्वे शेषभावा यथासम्भवं प्रादुर्भवन्तीति प्रधानत्वादादावुपन्यासः, ततः शेषपञ्चकमध्ये स्तोकविषयत्वादौपशमिकस्य ततो बहुविषयत्वात्क्षायिकस्य ततो बहुतरविषयत्वात् क्षायोपशमिकस्य ततो बहुतमविषयत्वात् पारिणामिकस्य ततोऽप्येषामेव भावानां द्विकादिसंयोगसमुत्थत्वात् सान्निपातिकस्य पूर्वानुपूर्व्यामुपन्यास इत्युपक्रमद्वारम् ॥४१॥

હવે ભાવાનુપૂર્વી સામાચારી કહે છે -

ઔદયિકાદિ ભાવાનુપૂર્વી પણ આ પ્રમાણે છે.

ઔદયિકાદિ ભાવો છે અને તેમની આનુપૂર્વી-પૂર્વ પશ્ચાદ્ અને વ્યુત્ક્રમથી ત્રણ પ્રકારની છે. નારકાદિ ગતિને ઔદયિક ભાવ છે તે હોતે છતે શેષ ભાવો સંભવ પ્રમાણે પ્રગટ થાય છે. તેથી પ્રધાન હોવાને કારણે આદિમાં ઉપન્યાસ છે. ત્યાર પછી શેષ પાંચમાં ઔપશમિક ભાવ. સ્તોક વિષયવાળો હોવાથી તેનો ઉપન્યાસ છે. ત્યાર પછી ક્ષાયિક-બહુ વિષય હોવાના કારણે ક્ષાયોપશમિકનો ત્યાર પછી બહુતમ વિષય હોવાના કારણે પારિણામિકનો ઉપન્યાસ છે અને આ જ ભાવોના દ્વિક વિગેરે સંયોગ કારણે પારિણામિક પછી સાન્નિપાતિકનો ઉપન્યાસ છે. આ ઉપન્યાસ પૂર્વાનુપૂર્વી છે. આ પ્રમાણે ઉપક્રમ દ્વાર કહેવાય.

अथ निक्षेपद्वारमाह--

**ओघनामसूत्रालापकनिष्पन्नभेदो निक्षेपः ॥४२॥**

ओघेति, ओघः सामान्यमध्ययनादिकं श्रुताभिधानं तेन निष्पन्नः, नामश्रुतस्यैव सामायिकादिविशेषाभिधानं तेन निष्पन्नो नामनिष्पन्नः, सूत्रालापकाः 'करेमि भंते ! सामाइअ'मित्यादिकास्तैर्निष्पन्नः सूत्रालापकनिष्पन्न इत्येवं त्रिविधो निक्षेपः ॥४२॥

હવે નિક્ષેપદ્વારને કહે છે.

ઓઘનિષ્પન્ન-નામ નિષ્પન્ન અને સૂત્ર આલાપક નિષ્પન્ન એવા ત્રણ ભેદવાળો નિક્ષેપ છે.

ઓઘ એટલે સામાન્ય એટલે કે સામાન્ય રીતે અધ્યયન વિગેરે શ્રુતનું કહેવું અને તેનાથી નિષ્પન્ન હોય તે ઓઘનિષ્પન્ન કહેવાય. નામ શ્રુતનું જ સામાયિક વિગેરે વિશેષ કથન તેનાથી નિષ્પન્ન તે નામ નિષ્પન્ન, 'કરેમિ ભંતે' ઇત્યાદિ જે સૂત્ર આલાપકો છે. તેઓથી નિષ્પન્ન તે સૂત્ર આલાપક નિષ્પન્ન આ પ્રમાણે ત્રણ પ્રકારનો નિક્ષેપ છે.

ओघनिष्पन्नमाह--

**अध्ययनाक्षीणायक्षपणालक्षणः प्रथमः ॥४३॥**

अध्ययनेति, सामायिकचतुर्विंशतिस्तवादिश्रुतविशेषाणां सामान्यनामानि अध्ययनादीनि चत्वारि, यदेव हि सामायिकमध्ययनमुच्यते तदेवाक्षीणं निगद्यते, इदमेवाऽऽयः प्रतिपाद्यते, एतदेव क्षपणाऽभिधीयते एवं चतुर्विंशतिस्तवादिष्वपि चिन्तनीयम् । एषां नामादि-निक्षेपोऽनुयोगद्वारतो विज्ञेयः ॥४३॥

હવે ઓઘ નિષ્પન્નને કહે છે.

અધ્યયન-અક્ષીણ-આય-ક્ષપણા-સ્વરૂપ ચાર પ્રકારે પ્રથમ ઓઘનિષ્પન્ન છે.

સામાયિક-ચતુર્વિંશતિ સ્તવ વિગેરે શ્રુત વિશેષના સામાન્ય નામો અધ્યયન વિગેરે ચાર છે. જે સામાયિક છે તે જ અધ્યયન કહેવાય છે. તે જ અક્ષીણ કહેવાય છે. આ જ આય તરીકે પ્રતિપાદન કરાય છે, આ જ ક્ષપણા કહેવાય છે, આ પ્રમાણે ચતુર્વિંશતિ વિગેરેમાં પણ વિચારવું અને આના નામાદિ નિક્ષેપ અનુયોગદ્વારમાંથી જાણવા.

अथ नामनिष्पन्नमाह--

**सामायिकादिर्नाम ॥४४॥**

सामायिकादिरिति, आदिना चतुर्विंशतिस्तवादीनां ग्रहणम्, सामायिकस्य नामस्थापना-द्रव्यभावभेदाच्चतुर्विधो निक्षेपः, नामस्थापने स्पष्टे, द्रव्यमपि भव्यशरीरद्रव्यसामायिकं यावत्स्पष्टमेव, उभयव्यतिरिक्तश्च पत्रकपुस्तकलिखितम्, नोआगमत इदम् । भावसामायिकन्तु आगमतो ज्ञातोपयुक्तश्च । नोआगमतश्च यस्य मूलगुण उत्तरगुणेऽनशनादौ च सर्वकालं व्यापारात् सन्निहित आत्मा तस्य सामायिकं भवति, यस्सर्वभूतेषु त्रसेषु स्थावरेषु च मैत्रीभावात्समः, यश्च स्वात्मनो हननादिजं दुःखं न प्रियं तथा सर्वजीवानामिति चेतसि भावयित्वा समस्तानपि जीवान्न स्वयं हन्ति नान्यैर्घातयति घ्नतश्चान्यान्न समनुजानीते

सर्वजीवेषु च तुल्यं वर्त्तते तस्य सामायिकं भवति, यस्य च न कश्चिद्द्वेष्यः प्रियो वा सर्वत्र सममनस्कत्वात् तस्य सामायिकं भवति । यदि द्रव्यमन आश्रित्य श्रमणः सुमना भवेत् भावेन च पापमना न भवति स्वजने परजने मानापमानयोश्च समो भवति तदा श्रमणो भवेत् । अत्र च ज्ञानक्रियारूपं सामायिकाद्यध्ययनं नोआगमतो भावसामायिकम्, ज्ञानक्रियासमुदाये आगमस्यैकदेशवृत्तित्वात्, नोशब्दस्य च देशवचनत्वात्, तथा च सामायिकवतः साधोरपि नोआगमतो भावसामायिकत्वम्, सामायिकतद्वतोरभेदोपचारात् ॥४४॥

હવે નામનિષ્પન્ન કહે છે -

સામાયિક આદિ નામ નિષ્પન્ન છે.

સામાયિક આદિ નામ છે, આદિ શબ્દથી ચતુર્વિંશતિ આદિ ગ્રહણ કરવું, સામાયિકના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ ભેદથી ચાર પ્રકારનો નિક્ષેપ છે. નામ અને સ્થાપના સ્પષ્ટ છે. દ્રવ્ય નિક્ષેપ પણ ભવ્ય શરીર દ્રવ્ય સામાયિક સુધી સ્પષ્ટ જ છે અને ઉભયથી વ્યતિરિક્ત તે પત્ર પુસ્તકમાં લખાયેલ છે. નોઆગમત આ છે. વળી ભાવ સામાયિક તો આગમતથી અને જ્ઞાતોપયુક્ત છે. નોઆગમથી જેને મૂલગુણમાં અને અનશન વિગેરે ઉત્તરગુણમાં સર્વકાલ વ્યાપાર હોવાથી સન્નિહીત એવો આત્મા હોય છે. તેને સામાયિક હોય છે અને સર્વ ભૂત એવા ત્રસ અને સ્થાવરો પર મૈત્રી ભાવ હોવાથી જે સમ છે, જેવી રીતે પોતાના આત્માને હનન આદિથી થયેલું દુઃખ પ્રિય નથી, તેવી રીતે સર્વ જીવોને પણ પ્રિય ન હોય એ પ્રમાણે ચિત્તમાં વિચારીને જે સમસ્ત એવા પણ જીવો સ્વયં હણતો નથી, બીજા વડે હણાવતો નથી, હણતા એવા અન્યોને સમ્યક્ અનુજ્ઞા કરતો નથી અને સર્વ જીવોને વિશે તુલ્ય વર્ત્તે છે, તેને સામાયિક હોય છે અને સર્વત્ર સમાન મનવાળો હોવાથી જેને કોઈ દ્વેષ્ય નથી અથવા પ્રિય નથી તેને સામાયિક હોય છે. જો દ્રવ્ય મનને આશ્રયિને શ્રમણ સારા મનવાળો હોય અને ભાવથી પાપમનવાળો ન હોય, સ્વજન-પરજન-માન-અપમાન વિશેષ સમ હોય ત્યારે શ્રમણ થાય, અહીં જ્ઞાનક્રિયા સ્વરૂપ સામાયિક આદિ અધ્યયન તે નોઆગમથી ભાવ સામાયિક છે. કારણ કે, જ્ઞાન ક્રિયા સમુદાયમાં આગમ એકદેશવૃત્તિ છે અને નો શબ્દ તે દેશવચન સ્વરૂપ છે. તેવી રીતે સામાયિકવાળા સાધુને પણ નોઆગમતથી ભાવસામાયિકત્વં છે. કારણ કે, સામાયિક અને સામાયિકવાળાનો અભેદ ઉપચાર કરેલો છે.

अथ सूत्रालापकनिष्पन्नमाह--

**सूत्रालापकानां नामादिभिर्निक्षेपस्सूत्रालापकनिक्षेपः ॥४५॥**

सूत्रेति, 'करोमि भदन्त ! सामायिक'मित्यादीनां सूत्रालापकानां नामस्थापनादिभेदभिन्नो यो न्यासः स सूत्रालापकनिष्पन्नो निक्षेप इत्यर्थ इति निक्षेपद्वारम् ॥४५॥

હવે સૂત્ર આલાપક નિષ્પન્ન કહે છે.

સૂત્રના આલાપકનો નામ વિગેરેથી નિક્ષેપ કરવો તે સૂત્ર આલાપક નિક્ષેપ.

'કરેમિ ભદન્ત સામાયિક' ઇત્યાદિ સૂત્રના આલાવોની નામ-સ્થાપના વિગેરે ભેદથી ભેદાયેલ એવી જે સ્થાપના તે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપ છે. આ પ્રમાણે નિક્ષેપ દ્વાર થયું.

अथ तृतीयमनुयोगद्वारमनुगममाख्याति--

**सूत्रनिर्युक्तनुगमभेदोऽनुगमः ॥४६॥**

सूत्रेति, सूत्रव्याख्यानं सूत्रविभजना चेति द्विविधोऽनुगमः, नितरां युक्ताः सूत्रेण सह लोलीभावेन सम्बद्धाः निर्युक्ता अर्थाः, तेषां युक्तिः स्फुटरूपतापादनं एकस्य युक्तशब्दस्य लोपान्निर्युक्तिः नामस्थापनादिप्रकारैः सूत्रविभजनेत्यर्थः, तद्रूपोऽनुगमो निर्युक्तनुगम इत्यर्थः ॥४६॥

હવે ત્રીજા અનુયોગદ્વાર એવા અનુગમને કહે છે.

સૂત્રાનુગમ અને નિર્યુક્તિ અનુગમ એવા બે ભેદવાળો અનુગમ છે.

સૂત્રાનુગમ બે પ્રકારે છે. સૂત્ર વ્યાખ્યાન-સૂત્ર વિભજના, 'नितरां युक्ता' – निर्युक्ताः એટલે કે. સૂત્રની સાથે એકમેક થવાથી સંબંધિત થયેલા અર્થો તે નિર્યુક્ત અર્થ કહેવાય, તેઓની યુક્તિ એટલે કે સ્પષ્ટરૂપપણાને પામવું તે નિર્યુક્ત મુક્તિ અને એક યુક્ત શબ્દનો લોપ થવાથી નિર્યુક્તિ શબ્દ થાય એટલે કે નામ-સ્થાપના વિગેરે પ્રકારોથી સૂત્રોની વિભજના એવો અર્થ થાય, તદ્રૂપ અનુગમ તે નિર્યુક્તિ અનુગમ.

तत्र निर्युक्त्यनुगममाह --

**निक्षेपोपोद्घातसूत्रस्पर्शिकनिर्युक्तिनुगमलक्षणो द्वितीयः ॥४७॥**

निक्षेपेति, पूर्वं नामस्थापनादिभेदेनावश्यकादिपदानां यद्व्याख्यानं कृतं तेन निक्षेप-निर्युक्त्यनुगमः प्रोक्त एव, उपोद्घातनिर्युक्त्यनुगमश्च व्याख्येयस्य सूत्रस्य व्याख्याविधि-समीपीकरणमुपोद्घातस्तस्य निर्युक्तिस्तद्रूपोऽनुगमः । तथाहि प्रथमं सामान्याभिधानरूपः उद्देशो वक्तव्यः, यथा अध्ययनमिति, तथा विशेषाभिधानरूपो निर्देशः, यथा सामायिक-मिति, ततः कुतः सामायिकं निर्गतमित्येवंरूपो निर्गमो वक्तव्यः, तथा तदुत्पत्तिक्षेत्रकालौ, ततः कुतः पुरुषान्निर्गतमिति वक्तव्यं तथा केन कारणेन गौतमादयो भगवतः समीपे सामायिकं शृण्वन्तीत्येवं कारणं वाच्यम्, तथा केन प्रत्ययेन भगवतोपदिष्टमिदम्, केन वा प्रत्ययेन गणधरास्तदुपदिष्टं तच्छृण्वन्तीत्येतद्वक्तव्यम्, ततो लक्षणं सम्यक्त्वसामायिकस्य

तत्त्वश्रद्धानं लक्षणं श्रुतसामायिकस्य जीवादिपरिज्ञानं चारित्रसामायिकस्य सावद्यविरतिः देशविरतिसामायिकस्य तु विरत्यविरतिस्वरूपं मिश्रमिति, एवं नैगमादयो नया वाच्याः, तेषां च समवतारो यत्र सम्भवति तत्र दर्शनीयः, तथा कस्य व्यवहारादेः किं सामायिकमनुमतमित्यभिधानीयम्, तथा किं सामायिकं कतिविधं कस्य तत्, क वा केषु द्रव्येषु कथं कियच्चिरं कालं तद्भवति कियन्तस्तस्य युगपत् प्रतिपद्यमानकाः पूर्वप्रतिपन्ना वा लभ्यन्त इति वक्तव्यम्, ततः सान्तरं तथा कियन्तं कालं सामायिकप्रतिपत्तारो निरन्तरं लभ्यन्त इति वाच्यम्, कियतो भवानुत्कृष्टतस्तदवाप्यत इति तथा एकस्मिन्नानाभवेषु वा पुनः पुनः सामायिकस्य कत्याकर्षा इति, तथा कियत्क्षेत्रं ते स्पृशन्तीति, तथा निश्चिता निरुक्तिश्च वक्तव्या, तथा चोपोद्घातनिर्युक्तिः समर्थिता भवति, अस्याञ्च प्रस्तुताध्ययनस्याशेषविशेषेषु विचारितेषु सत्सु सूत्रं व्याख्यानयोग्यमानीतं भवति, ततः प्रत्यवयवं सूत्रव्याख्यानरूपायाः सूत्रस्पर्शिकनिर्युक्तेरवसरः सम्पद्यते, सूत्रञ्च सूत्रानुगमे सत्येव भवति सोऽप्यवसरप्राप्त एवेति ॥४७॥

ત્યાં નિર્યુક્તિ અનુગમને કહે છે.

નિક્ષેપ-ઉપોદ્ઘાત-સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ સ્વરૂપ ત્રણ ભેદવાળો બીજો નિર્યુક્તિ અનુગમ છે.

પહેલા નામ-સ્થાપના વિગેરે ભેદથી આવશ્યક વિગેરે પદોનું જે વ્યાખ્યાન કરાયું હતું. તેના દ્વારા નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ કહેવાય જ છે. વ્યાખ્યાન કરવા યોગ્ય સૂત્રની વ્યાખ્યા વિધિ સમીપીકરણ તે ઉપોદ્ઘાત છે અને તેની નિર્યુક્તિ તે ઉપોદ્ઘાત નિર્યુક્તિ અને કથનના સ્વરૂપવાળો તદ્રૂપ અનુગમ તે ઉપોદ્ઘાત નિર્યુક્તિ અનુગમ છે. તે આ રીતે, પહેલા સામાન્ય ઉપદેશ કહેવા યોગ્ય છે. જેમ કે અધ્યયન, તે પ્રમાણે વિશેષ અભિધાન કરવું તે નિર્દેશ છે, જેમ કે સામાયિક, ત્યાર પછી સામાયિક ક્યાંથી નીકળ્યું એવા સ્વરૂપવાળો નિર્ગમ કહેવા યોગ્ય છે. ત્યાર પછી તેના ઉત્પત્તિ ક્ષેત્ર અને કાળ ત્યાર પછી ક્યા પુરુષથી નીકળ્યું તે કહેવા યોગ્ય છે. ત્યાર પછી કયા કારણથી ગૌતમસ્વામી વિગેરે ભગવાનની પાસે સામાયિકને સાંભળે છે તે પ્રમાણે કારણ કહેવું, ત્યાર પછી કઈ પ્રતીતિથી ભગવાન વડે આ ઉપદેશાયેલ છે અથવા તો કઈ પ્રતીતિથી ભગવાન વડે ઉપદેશાયેલ એવા તેને ગણધરો સાંભળે છે તે કહેવા યોગ્ય છે, ત્યાર પછી લક્ષણ કહેવા યોગ્ય છે. જેમ કે, સમ્યક્ત્વ સામાયિકનું તત્ત્વની શ્રદ્ધા સ્વરૂપ, શ્રુત સામાયિકનું જીવાદિના પરિજ્ઞાન સ્વરૂપ, ચારિત્રનું સાવદ્ય વિરતિ સ્વરૂપ, દેશવિરતિ સામાયિક વિરતિ-અવિરતિ મિશ્ર એ પ્રમાણે લક્ષણ કહ્યું છે. એ પ્રમાણે નૈગમ વિગેરે નયો કહેવા અને તેઓનો સમવતાર જ્યાં સંભવે ત્યાં દેખાડવો તથા વ્યવહાર આદિ કયા નયને સામાયિકાદિ શું અનુમત

છે તે કહેવું, તથા કયું સામાયિક કેટલા પ્રકારે કોને અભિમત છે, તે કહેવું અથવા કયા કયા દ્રવ્યમાં કેવી રીતે કેટલા લાંબા કાળ સુધી હોય છે, તેને એક સાથે સ્વીકારનાર કેટલા હોય છે અથવા પૂર્વે સ્વીકારેલા કેટલા હોય છે. એ કહેવું ત્યાર પછી અંતર સહિત અને અંતર વિના કેટલા કાળ સુધી સામાયિકને સ્વીકારનારા હોય છે તે કહેવું કેટલા ભવો સુધી ઉત્કૃષ્ટ રીતે પ્રાપ્ત કરાય છે, ત્યાર પછી એક ભવમાં અથવા જુદા જુદા ભવમાં ફરી ફરી સામાયિકના કેટલા આકર્ષો થાય છે, ત્યાર પછી કેટલા ક્ષેત્રોને તેઓ સ્પર્શે છે, તે પ્રમાણે નિશ્ચિત નિર્યુક્તિ કહેવા યોગ્ય છે. આ પ્રમાણે ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ સમર્પિત થાય છે અને આ ઉપોદ્‌ઘાત નિર્યુક્તિમાં પ્રસ્તુત એવા અધ્યયનમાં સર્વ વિષયો વિચારાયે છતે સૂત્ર વ્યાખ્યાનની યોગ્યતાને પમાડેલું થાય છે. એટલે કે, સૂત્ર વ્યાખ્યાનને યોગ્ય થાય છે. તેથી દરેક અવયવે સૂત્રવ્યાખ્યાન સ્વરૂપ એવી સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનો અવસર પ્રાપ્ત થાય છે અને સૂત્રનું અનુગમ થયે છતે સૂત્ર થાય છે. તેથી તે સૂત્રાનુગમ પણ અવસર પ્રાપ્ત જ છે.

अथ सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगममाह--

**अस्खलितामिलिताव्यत्याम्रेडितप्रतिपूर्णघोषादिशुद्धं सूत्रमुच्चारणीयम् ॥४८॥**

अस्खलितेति, सूत्रानुगमे समस्तदोषविप्रमुक्तं लक्षणयुक्तञ्च सूत्रमस्खलितादि यथा भवेत्तथोच्चारणीयम्, तथाहि उपलशकलाद्याकुलभूभागे लाङ्गलमिव स्खलति यत्तत् स्खलितं न तथाऽस्खलितम् । अनेकशास्त्रसम्बन्धीनि सूत्राण्येकत्रमीलयित्वा यत्र पठति तन्मीलितम-सदृशधान्यमेलकवत्, अथवा परावर्त्तमानस्य यत्र पदविच्छेदो न प्रतीयते तन्मीलितं न तथाऽमीलितम् । एकस्मिन्नेव शास्त्रेऽन्यान्यस्थाननिबद्धान्येकार्थानि सूत्राण्येकस्थाने समानीय पठतो व्यत्याम्रेडितम्, अथवा आचारादिसूत्रमध्ये स्वमतिचर्चितानि तत्सदृशानि सूत्राणि कृत्वा प्रक्षिपतो व्यत्याम्रेडितम्, अस्थानविरतिकं वा, न तथाऽव्यत्याम्रेडितम् । सूत्रतो बिन्दुमात्रादिभिरनूनम्, अर्थतश्चाध्याहाराकांक्षादिरहितं प्रतिपूर्णम् । उदात्तादिघोषैरविकलं प्रतिपूर्णघोषम् । आदिना कण्ठोष्ठविप्रमुक्तं बालमूकभाषितवद्यदव्यक्तं न भवति तथा गुरुप्रदत्तवाचनया प्राप्तं न तु कर्णाघाटकेन शिक्षितं न वा पुस्तकात्स्वयमेवाधीतमेवं विशेषणयुतं शुद्धं द्वात्रिंशद्दोषविरहितमष्टाभिर्गुणैरुपेतमल्पग्रन्थं महार्थं लक्षणयुतं सूत्र-मुच्चारणीयम्, उक्तञ्च 'अल्पग्रन्थं महार्थं द्वात्रिंशद्दोषविरहितं यच्च । लक्षणयुक्तं सूत्रमष्टभिश्च गुणैरुपेत'मिति, दोषाश्च 'अ[१]नृतमुप[२]घात[३]जनकं नि[४]रर्थकम[५]पार्थकं [६]छलं द्रुहि[७]लम् । निः[८]सारमधि[९]कमू[१०]नं पुनरु[११]क्तं व्याहतम[१२]युक्तम् । [१३]क्रमभिन्नवच[१४]नभिन्नं वि[१५]भक्तिभिन्नञ्च लि[१६]ङ्गभिन्नञ्च । अ[१७]नभिहितम[१८]पदमेव च स्व[१९]भावहीनं व्यवहि[२०]तञ्च । [२१]कालयति[२२]-

च्छविदोषः स[२३]मयविरुद्धं वचन[२४]मात्रञ्च । अर्था[२५]पत्तिदोषो ज्ञेयो[२६]ऽसमास[२७]दोषश्च । उपमा[२८]-रूपकदोषो निर्दे[२९]श[३०]पदा[३१]र्थ[३२]सन्धिदोषश्च । एते च सूत्रदोषा द्वात्रिंशद्भवन्ति ज्ञातव्या' इति, गुणाश्च 'निर्दोषं सारवन्तञ्च हेतुयुक्तमलङ्कृतम् । उपनीतं सोपचारं मितं मधुरमेव चे'ति । एतेषां स्वरूपाण्यन्यत्रावलोकनीयानि ॥४८॥

હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમને કહે છે -

અસ્ખલિત-અમિલિત-અવ્યત્યાગ્રેડિત-પ્રતિપૂર્ણ ઘોષ વિગેરે શુદ્ધ એવું સૂત્ર ઉચ્ચારવું જોઈએ.

સૂત્ર અનુગમમાં સર્વદોષથી મુક્ત અને લક્ષણથી યુક્ત એવું સૂત્ર અસ્ખલિત વિગેરે જેવી રીતે થાય તેવી રીતે ઉચ્ચારવું જોઈએ તે આ રીતે, માટીના ટુકડા વિગેરેથી વ્યાપ્ત પૃથ્વી ભાગમાં જેમ પૂછડું સ્ખલિત થાય છે. તેની જેમ જે સ્ખલના પામે તે સ્ખલિત કહેવાય અને તેવું ન હોય તે અસ્ખલિત કહેવાય.

અનેક શાસ્ત્ર સંબંધિ સૂત્રો એક સ્થાને મેળવીને જ્યાં પાઠ કરે છે તે મિલિત, અસદશ ધાન્ય મેળવનારની જેમ અથવા પરાવર્ત્તન કરનારને જ્યાં પદ વિચ્છેદ પ્રતીત થતો નથી, તે મિલિત અને તેવું ન હોય તે અમિલિત.

એક જ શાસ્ત્રમાં અન્ય અન્ય સ્થાને રહેલ એક અર્થવાળા સૂત્રોને એક સ્થાને લાવીને ભણતાને વ્યત્યાગ્રેડિત કહેવાય અથવા આચારાદિ સૂત્રમાં પોતાની મતિથી વિચારાયેલ તેના સરખા સૂત્ર કરીને રાખનારને વ્યત્યાગ્રેડિત કહેવાય અથવા અસ્થાનથી વિરતિવાળો તે વ્યત્યાગ્રેડિત કહેવાય. તેવા પ્રકારનો ન હોય તે અવ્યત્યાગ્રેડિત કહેવાય.

સૂત્રથી બિંદુ માત્રા વિગેરેથી અન્યૂન અને અર્થથી અધ્યાહાર-આકાંક્ષા વિગેરેથી રહિત હોય તે પ્રતિપૂર્ણ કહેવાય અને ઉદાત્ત વિગેરે સ્વરૂપથી (અવાજ) ન્યૂન ન હોય અથવા રહિત ન હોય તે પ્રતિપૂર્ણ ઘોષ આદિ શબ્દથી બાળક અથવા મુંગા વડે બોલાયેલની જેમ કંઠ-ઓષ્ઠથી મુક્ત થયેલું અવ્યક્ત હોતું નથી તથા ગુરુ વડે અપાયેલ વાચનાથી પ્રાપ્ત થયેલ હોય... શિખાયેલ ન હોય અથવા પુસ્તકમાંથી સ્વયં ભણાયેલું ન જ હોય. તેવા પ્રકારના વિશેષથી યુક્ત-શુદ્ધ-બત્રીશ દોષ રહિત - આઠ ગુણથી યુક્ત-અલ્પ ગ્રંથવાળું-મહાઅર્થવાળું લક્ષણ યુક્ત એવું સૂત્ર ઉચ્ચારવું જોઈએ. બત્રીશ દોષ આ પ્રમાણે- અનૃત-ઉપઘાતજનક નિરર્થક-અપાર્થક-છલ-દ્રુહિલ-નિઃસાર-અધિક-ઉન-પુનરુક્તં-વ્યાહત-અયુક્ત-ક્રમભિન્ન-વચનભિન્ન-વિભક્તિભિન્ન-લિંગભિન્ન-અનભિહિત-અપદં-સ્વભાવહીન વ્યવહિત-કાલયતિ-છવિદોષ-સમય-વિરુદ્ધ-વચનમાત્ર-અર્થાપત્તિદોષ-જ્ઞેય-અસમાસદોષ-ઉપમારુક દોષ-નિર્દેશ-પદાર્થ-સંધિદોષ.

'अल्पग्रंथ महार्थं द्वात्रिंशद्दोष विरहितं यच्च ।
लक्षणयुक्तं सूत्रमष्टभिश्च गुणैरुपेत'मिति ॥

ગુણો આ પ્રમાણે "निर्दोष सारवंतञ्च, हेतुयुक्तमलंकृतम् ।
उपनीतं सोपचारं, मितं मधुरमेव चे'ति ॥"

આ દોષો-ગુણોનું સ્વરૂપ અન્યત્ર જાણવા યોગ્ય છે.

अस्य फलमाह--

**एतेन स्वपरसमयपदज्ञानं बन्धमोक्षसामायिकनोसामायिकपदज्ञानञ्च ॥४९॥**

एतेनेति, एवंविधसूत्रोच्चारणेनेत्यर्थः, एतेन हि पदमिदं स्वसमयगतजीवाद्यार्थ-प्रतिपादकमिदञ्च परसमयगतप्रधानेश्वराद्यार्थ-प्रतिपादकमिति विज्ञास्यते, तथा परसमयपदं प्राणिनां कुवासनाहेतुत्वेन बन्धपदमितरत्तु सद्बोधकारणत्वान्मोक्षपदमिति ज्ञानं जायते, अथवा प्रकृतिस्थित्यनुभावप्रदेशलक्षणबन्धस्य प्रतिपादकमिदं पदमिदञ्च कृत्स्नकर्मक्षयलक्षणमोक्ष-प्रतिपादकमिदं सामायिक-प्रतिपादकमिदन्तु तद्व्यतिरिक्तानां नारकतिर्यगाद्यर्थानां प्रतिपादक-मिति विज्ञास्यते ॥४९॥

આનું ફળ કહે છે.

આના વડે સ્વ-પર સમય પદ જ્ઞાન અને બંધ-મોક્ષ સામાયિકનો સામાયિક પદ જ્ઞાન થાય છે.

સૂત્રમાં 'एतेन' પદનો અર્થ આવા પ્રકારના સૂત્ર ઉચ્ચારણ વડે એવો થાય છે. આના વડે આવું જણાશે કે આ પદ સ્વશાસ્ત્રમાં રહેલ જીવાદિ અર્થનો પ્રતિપાદક છે અને આ પદ પરશાસ્ત્રમાં રહેલ પ્રધાન-ઈશ્વર વિગેરે અર્થનો પ્રતિપાદક છે. તેમજ પર સમય પદ તે પ્રાણિઓને કુવાસનાનું કારણ હોવાથી બંધ પદ છે. વળી બીજો સદ્બોધનું કારણ હોવાથી સત્પદ છે એવું જ્ઞાન થાય છે અથવા પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ સ્વરૂપ બંધનું પ્રતિપાદક આ પદ છે અને કૃત્સ્ન કર્મક્ષય સ્વરૂપ મોક્ષનું પ્રતિપાદક આ પદ છે. વળી આ પદ સામાયિકનું પ્રતિપાદક છે. વળી આ પદ તેનાથી વ્યતિરિક્ત નારક-તિર્યંચ વિગેરેનું પ્રતિપાદક છે તેમ જણાશે.

फलान्तरमाह--

**अनधिगतस्य पदस्य व्याख्यानम् ॥५०॥**

अनधिगतस्येति, सूत्रे समुच्चारित एव केषाञ्चिद्भगवतां साधूनां यथोक्तनीत्या केचिदर्थाधिकाराः परिज्ञाता भवन्ति, केचित्तु क्षयोपशमवैचित्र्यादनधिगता भवन्ति ततस्ते-षामनधिगतानामर्थाधिकाराणामधिगमार्थ पदेन पदस्य व्याख्या भवति, तल्लक्षणञ्च 'संहिता च पदञ्चैव पदार्थः पदविग्रहः । चालना च प्रसिद्धिश्च षड्विधं विद्धि लक्षणम् ॥' इति, तत्रास्खलितपदोच्चारणं संहिता, यथा 'करोमि भयान्त ! सामायिक'मित्यादि । पदन्तु

करोमीत्येकं पदं भयान्त ! इति द्वितीयं सामायिकमिति तृतीयमित्यादि । पदार्थस्तु करोमीत्यभ्युपगमो भयान्त ! इति गुर्वामंत्रणं समस्यायः सामायिकमित्यादिकः । पदविग्रहः समासः, स चानेकपदानामे-कत्वापादनविषयो यथा भयस्यान्तो भयान्त इत्यादि, सूत्रस्यार्थस्य वाऽनुपपत्त्युद्भावनं चालना, तस्यैवानेकोपपत्तिभिस्तथैव स्थापनं प्रसिद्धिः, एवं षड्विधं व्याख्याया लक्षणम्, तत्र सपदच्छेदसूत्रवर्णने सुत्रानुगमः, सूत्रालापकानां नामस्थापनादिनिक्षेपे कृते सूत्रालापकनिक्षेपः, पदार्थपदविग्रहादिषु सर्वेषु कृतेषु सूत्रस्पर्शिकनिर्युक्तिः कृतार्था भवति । नैगमादिनयानामपि प्रायः स एव पदार्थादिविचारो विषय इति वस्तुतस्ते सूत्रस्पर्शिकनिर्युक्त्यन्तर्भाविनः । तदेवंविधिना सूत्रे व्याख्यायमाने सूत्रं सूत्रानुगमादयश्च युगपत्समाप्यन्ते ॥५०॥

ફળાન્તર કહે છે -

અનધિગત પદનું વ્યાખ્યાન થાય છે.

સૂત્ર ઉચ્ચારાયે છતે કેટલાક સાધુ ભગવંતોને યથોક્ત રીતિથી કેટલાક અર્થાધિકારો જ્ઞાત થાય છે. વળી કેટલાક ક્ષયોપશમ વિચિત્રતાથી અનધિગત હોય છે. તેથી એ અનધિગત અર્થાધિકારોના અધિગમને માટે પદથી પદની વ્યાખ્યા થાય છે અને તેનું લક્ષણ આ છે. 'સંહિ[1]તા ચ [2]પદં ચૈવ, પ[3]દાર્થઃ પદવિ[4]ગ્રહઃ, ચા[5]લના ચ પ્રસિ[6]દ્ધિશ્ચ, ષડ્વિધં વિદ્ધિ લક્ષણમ્ ॥' આ પ્રમાણે બોધનું લક્ષણ છ પ્રકારે છે. ત્યાં અસ્ખલિત પદોનું ઉચ્ચારણને સંહિતા, તે આ રીતે, 'करोमि भयान्त सामायिकम्' વિગેરે છે. પદ આ પ્રમાણે હોય છે. 'करोमि' એક પદ છે. 'भयान्त' બીજું પદ છે. 'सामायिक' ત્રીજુ પદ છે. પદાર્થ આ પ્રમાણે છે. 'करोमि' એ સ્વીકાર સ્વરૂપ છે. 'भयान्त' એ ગુરુના આમંત્રણ સ્વરૂપ છે અને સમતાના લાભ સ્વરૂપ 'सामायिक' છે. પદવિગ્રહ એટલે સમાસ અને તે અનેક પદોને એકત્ર પ્રાપ્ત કરાવવાનો વિષયવાળો છે. તેવી રીતે 'भयास्यन्त इति भयान्त' સૂત્રનું અથવા અર્થનું અનુપપત્તિથી ઉદ્ભાવન કરવું તે ચાલના, તેનું જ અનેક ઉપપત્તિથી તેવી રીતે સ્થાપના કરવી તે પ્રસિદ્ધિ. આ છ પ્રકારે વ્યાખ્યાનું લક્ષણ છે. ત્યાં પદચ્છેદ સહિત સૂત્રના વર્ણમાં સૂત્રાનુગમ છે. સૂત્રના આલાપકોનું નામ-સ્થાપના નિક્ષેપ કરાયે છતે સૂત્ર આલાપક નિક્ષેપ, પદાર્થો-પદ વિગ્રહ વિગેરે સર્વ કરાયે છતે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ કૃતાર્થ થાય છે. નૈગમ વિગેરે નયોનો પણ પ્રાયઃ તે જ પદાર્થ આદિના વિચારવાળો વિષય છે. તેથી તે વાસ્તવિક રીતે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિના અંતર્ભાવિ છે. તેથી આ પ્રમાણે વિધિથી સૂત્ર વ્યાખ્યાન કરાયે છતે સૂત્ર અને સૂત્રાનુગમ વિગેરે એક સાથે સમાપ્ત થાય છે.

अथ नयद्वारमाह--

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरूढैवम्भूता मूलनयाः ॥५१॥**

नैगमेति, महासत्तासामान्यविशेषादिज्ञानैरनेकैर्यो वस्तूनि परिच्छिनत्ति स नैगमः, क्रोडीकृतसामान्यविषयः सङ्ग्रहः, सर्वद्रव्यविषये सामान्याभावाय यो यतते स व्यवहारः, नासौ सामान्यमिच्छति लोकव्यवहारानङ्गत्वात्, तत्प्रधानत्वात्तस्य, वर्त्तमानकालभावि-वस्तु-ग्रहणशील ऋजुसूत्रः, अयमतीतानागतवस्तुतिरस्कारप्रवणः, लिङ्गवचनभेदेनैकशब्दवाच्यानमपि भेदाभ्युपगन्ता शब्दः, लिङ्गाद्यभेदे तु बहूनामपि शब्दानामेकमेव वाच्यमसौ मन्यते, प्रवृत्तिनिमित्तभेदेन भिन्नाभिधेयाभ्युपगन्ता समभिरूढः, यथेन्द्रशक्रादिपदवाच्यानाम्, शब्दप्रतिपाद्यक्रियां कुर्वद्वस्तुविषय एवम्भूतनयः, यदा योषिन्मस्तकाद्यारूढतया जलाहरणक्रियावान् भवति तदैवासौ घटो नान्यदेति। तदेवं मूलभूताः सप्त नयाः, एषां विस्तृतविचार उत्तरोत्तरभेदप्रभेदा अन्यत्रावलोकनीयाः । नयानां प्रयोजनञ्चोपक्रमेणोपक्रान्तस्य निक्षेपेण च यथासम्भवं निक्षिप्तस्यानुगमेनानुगतस्य सामायिकाद्यध्ययनादेर्विचारणम् । तथा नयैः क्वचित्कश्चित् सूत्रविषयः समस्ताध्ययनविषयश्च विचार्यते, न तु प्रतिसूत्रं नयविचारनियमः, येन 'न नया समोयरंति इहमि'त्यादिना विरोधो भवेत् ॥५१॥

હવે નય દ્વારને કહે છે -

નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ૠજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત મૂલ નયો છે.

૧-મહાસત્તા સામાન્ય વિશેષ વિગેરે અનેક જ્ઞાનોથી જે અનેક વસ્તુઓનો જાણે છે તે નૈગમ છે.

૨-સમૂહ રૂપે કરાયે છતે સામાન્ય વિષય જેના વડે, તે સંગ્રહ.

૩-સર્વ દ્રવ્યના વિષયમાં સામાન્યના અભાવ માટે જે પ્રયત્ન કરે છે તે વ્યવહાર. આ વ્યવહાર નય સામાન્યને ઈચ્છતો નથી. કારણ કે, સામાન્ય એ લોક વ્યવહારનું અંગ નથી અને વ્યવહાર નય તે લોક વ્યવહાર પ્રધાન છે.

૪-વર્ત્તમાનકાળમાં થનાર વસ્તુને ગ્રહણ કરવાના સ્વભાવવાળો તે ૠજુસૂત્ર નય છે. આ ૠજુસૂત્ર નય અતીત-અનાગત વસ્તુનો તિરસ્કાર કરવામાં તત્પર છે.

૫-લિંગ અને વચનના ભેદથી એક શબ્દથી વાચ્ય એવા પણ પદાર્થોનું ભેદ સ્વીકારનાર શબ્દ નય છે. લિંગાદિના અભેદમાં તો ઘણા પણ શબ્દોના એક જ વાચ્યને આ નય માને છે.

६-પ્રવૃત્તિ નિમિત્તના ભેદથી ભિન્ન અભિધેયને સ્વીકાર સમભિરૂઢ નય છે. જેવી રીતે ઈન્દ્ર-શક્ર વિગેરે પદોથી વાચ્ય એવા પદાર્થને ભિન્ન સ્વીકારે છે.

૭-શબ્દથી પ્રતિપાદ્ય એવી ક્રિયાને કરનાર એવી વસ્તુના વિષયવાળો એવંભૂત નય છે. જ્યારે સ્ત્રીના મસ્તક ઉપર આરૂઢ થયેલ હોવાથી જલને ધારણ કરવાની ક્રિયાવાળો હોય છે. ત્યારે જ આ ઘટ છે, અન્ય નહિ, (તેથી આ પ્રમાણે મૂલભૂત સાત નયો છે. આ સાત નયોનો વિસ્તૃત વિચાર-ઉત્તરોત્તર ભેદ-પ્રભેદ અન્ય ગ્રંથમાંથી જાણવા યોગ્ય છે. ઉપક્રમથી ઉપક્રાંત થયેલ અને નિક્ષેપથી યથા સંભવ નિક્ષિપ્ત થયેલ અને અનુગમથી અનુગત થયેલ એવા સામાયિકાદિ અધ્યયન વિગેરેની વિચારણા કરવી તે નયોનું પ્રયોજન છે. તેવી રીતે નયો વડે ક્યાંક કોઈક સૂત્રનો વિષય અને ક્યાંક સમસ્ત અધ્યયનનો વિષય વિચારાય છે. પરંતુ દરેક સૂત્રમાં નયના વિચારનો નિયમ નથી, તેથી 'न नया समोयरंति इहम्' ઇત્યાદિ વડે વિરોધ થાય.

ननु किं नयैर्विचार्यमाणमध्ययनं सर्वैरेव नयैर्विचार्यं किंवा कियद्भिरेव, नाद्यः, तेषामसंख्येयत्वेन तैर्विचारस्य कर्तुमशक्यत्वात्, यावन्तो हि वचनमार्गास्तावन्त एव नयाः । न द्वितीयः संख्यातीतत्वान्नयानां कतिभिर्विचार्यमाणे एभिरपि कथं न विचार्यमिति पर्यनुयोगप्रसङ्गात् । न च तेषामसंख्येयत्वेऽपि सकलनयसङ्ग्राहिभिर्नयैर्विचारो विधीयत इति वाच्यम्, सङ्ग्राहिनयानाम-प्यनेकविधत्वात्, तथाहि पूर्वविद्भिः सप्तनयशतानि सकल-नयसङ्ग्राहीण्युक्तानि यत्प्रतिपादकं सप्तशतारं नयचक्राध्ययनमासीत्, तेषां सङ्ग्राहकाः पुनरपि द्वादशनयाः यत्प्ररूपकमिदानीमपि द्वादशारं नयचक्रमस्ति, एतत्सङ्ग्राहिणोऽपि सप्त नैगमादिनयाः, तत्सङ्ग्राहिणौ द्रव्यपर्यायास्तिकौ नयौ ज्ञानक्रियानयौ वा निश्चयव्यवहारौ वा शब्दार्थनयौ वेति संग्राहकनयानामप्यनेकविधत्वात् पर्यनुयोगतादवस्थ्यमित्याशङ्कायामाह--

**ज्ञानक्रियोभयसाध्या मुक्तिरिति ॥५२॥**

ज्ञानेति, ज्ञानक्रियोभयसाध्यैव मुक्तिर्न पुनरेकेन केनचित्साध्या, साधकोऽपि ज्ञानक्रियाभ्यां द्वाभ्यामपि युक्तः साधुरेवेति स्थितपक्षः, न हि ज्ञानमात्रात् पुरुषार्थसिद्धिः क्वापि दृष्टा, पाकार्थिनामपि दहनपरिज्ञानमात्रादेव न हि पाकसिद्धिः किन्तु दहनानयनसंधुक्षणज्वालनादि-क्रियानुष्ठानादपि, न च तीर्थकरोऽपि केवलज्ञानमात्रान्मुक्तिं साधयति किन्तु यथाख्यात-चारित्रक्रियातोऽपि, क्रियाकालेऽपि ज्ञानावश्यम्भावितया तदनन्तरभावित्वलक्षणसाधकस्योभयत्र तुल्यतया न क्रियामात्रात् पुरुषार्थसिद्धिः प्रत्येकं च तयोर्देशोपकारित्वेन समुदाये संपूर्णा हेतुताऽस्तीति न काचित् क्षतिः । प्रकरणान्ते मङ्गलसूचनाय मुक्तिशब्दः, इतिशब्दश्चानु-योगद्वारशास्त्रसारस्य समाप्तिसूचकः उपक्रमादिद्वारचतुष्टयस्य निरूपणादिति संक्षेपः ॥५२॥

*अनुयोगसार एषः प्रदर्शितो बालमतितुष्ट्यै ।*
प्रौढधियामप्यस्माल्लाभश्चेद्यन्तु तं तेऽपि ॥

इति श्रीतपोगच्छनभोमणिश्रीमद्विजयानन्दसूरीश्वरपट्टालङ्कारश्रीमद्विजयकमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजयलब्धिसूरिणा सङ्कलितायां सूत्रार्थमुक्तावल्यामनुयोगलक्षणा प्रथमा मुक्तासारिका वृत्ता ।

નયો વડે વિચારાતું અધ્યયન શું, સર્વ નયોથી વિચારાય છે કે કેટલાક નયોથી ત્યાં આદ્ય પક્ષ યુક્તિ નથી. કારણ કે નયો અસંખ્ય હોવાથી સર્વ નયો વડે વિચાર કરવાનો અયોગ્ય છે. જેટલા વચનના માર્ગો છે. તેટલા જ નયો છે. દ્વિતીય પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે નયો સંખ્યાતીત હોવાથી કેટલા વડે વિચારાયે છતે આ નયો વડે પણ કેમ ન વિચારવું, એમ પ્રશ્નનો પ્રસંગ થાય છે. તેઓ અસંખ્યેય હોવા છતાં સઘળા નયનો સંગ્રહ કરનાર એવા નયોનો વિચાર કરાય છે એવું ન કહેવું, કારણ કે, સંગ્રહ કરનાર નયો પણ અનેક પ્રકારના છે. તે આ રીતે પૂર્વના જાણનારાઓએ સકલ નયોનો સંગ્રહ કરનાર (સાતસો) ૭૦૦ નયો કહ્યા છે. જેઓનું પ્રતિપાદક ૭૦૦ આરાવાળું નયચક્રાધ્યયન હતું. ફરી પણ તેઓનો સંગ્રહ કરનાર બાર (૧૨) નયો છે કે જેનો પ્રરૂપક બાર આરાવાળો નયચક્ર અત્યારે પણ છે અને આ બારનું પણ સંગ્રહ કરનાર નૈગમ વિગેરે સાત નયો છે. તે સાત પણ સંગ્રહ કરનાર દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક અથવા જ્ઞાનનય-ક્રિયાનય અથવા નિશ્ચય-વ્યવહાર અથવા શબ્દનય-અર્થનય એમ બે બે છે. એ પ્રમાણે સંગ્રહ કરનારા નયો અનેક પ્રકારના હોવાથી પ્રશ્નો થવા તે તદવસ્થ છે. એવી શંકામાં કહે છે.

મુક્તિ, જ્ઞાન અને ક્રિયા ઉભયથી સાધ્ય છે.

મુક્તિ તે જ્ઞાન અને ક્રિયા ઉભયથી સાધ્ય જ છે. પરંતુ કોઈ એકથી સાધ્ય નથી, સાધક પણ જ્ઞાન અને ક્રિયા બન્નેથી પણ યુક્ત હોય તો જ સારો છે, એ પ્રમાણે સ્થિર પક્ષ છે. જ્ઞાન માત્ર હોવાથી પુરુષાર્થની સિદ્ધિ ક્યાંય પણ જોવાઈ નથી, રસોઈના અર્થીઓને પણ અગ્નિના જ્ઞાનમાત્રથી જ રસોઈની સિદ્ધિ થતી નથી, 'दहनानयन संधुक्षण ज्वलन' વિગેરેની ક્રિયાના અનુષ્ઠાનથી પણ પાકની સિદ્ધિ થાય છે.

તીર્થંકર પણ કેવલજ્ઞાન માત્રથી મુક્તિને સાધતા નથી કિન્તુ યથાખ્યાતચારિત્રની ક્રિયાથી પણ મુક્તિને સાધે છે. ક્રિયા કાળે પણ જ્ઞાન અવશ્યંભાવી હોવાથી તે બંનેના પછી થનાર સ્વરૂપ સાધકને બંનેમાં તુલ્યપણું છે. માત્ર ક્રિયાથી પુરુષાર્થની સિદ્ધિ થતી નથી અને પ્રત્યેક એવા તે બન્ને દેશોપકારી હોવાથી સમુદાયમાં સંપૂર્ણ હેતુતા છે. તેથી કોઈ ક્ષતિ નથી.

પ્રકરણના અંતે મંગલ સૂચવવા માટે મુક્તિ શબ્દ છે. ઇતિ શબ્દ તે અનુયોગદ્વાર શાસ્ત્રના સારભૂત એવા અનુયોગસારનો સમાપ્તિ સૂચક છે. કારણ કે, ઉપક્રમ વિગેરે ચાર દ્વારનું નિરૂપણ કરેલું છે એ સંક્ષેપ.

બાલ જીવોના મતિની તુષ્ટિને માટે આ યોગસાર બતાડાયેલ છે. જો આનાથી પ્રૌઢ બુદ્ધિવાળાઓને લાભ હોય તો તેઓ પણ તે અનુયોગસારને પામે, (જાણે)

ચરણકમલમાં સ્થપાયેલ છે. ભક્તિનો સમૂહ જેમના વડે એવા તપાગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજીના પટ્ટધર પૂ. શ્રીમદ્‌વિજયકમલસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરિ વડે સંકલિત કરાયેલ 'સૂત્રાર્થ મુક્તાવલિ'માં અનુપેટી સ્વરૂપ પહેલી મોતીમાળા બનાવાઈ.

-: प्रशस्तिः :-

कविकुलकीरिट जैनरत्नव्याख्यान वाचस्पति श्रीमद्विजयलब्धिसूरीश्वर पट्टप्रभावक पू.आ. श्रीमद्विजयभुवनतिलकसूरीश्वर पट्टशिष्य पू.संस्कृत विशारद आ.श्रीमद्विजय भद्रंकरसूरीश्वर पट्टधर सूरीमंत्र आराधक पू.आ.पुण्यानंदसूरीश्वर शुभाशिषेन पू.जिनभक्तिरसिक आ.श्रीमद्विजय अरुणप्रभसूरीश्वर दीव्यकृपायां तत्शिष्य-प्रशिष्य-श्रुतभक्तिस्वरुप अेमव् गणि विक्रमसेनविजय मुनि सिद्धसेनविजयेन सूत्रार्थमुक्तावलीअनुयोग लक्षणा समन्विता मुक्ता सारिका बालजीव बोधेन गुर्जरानुवाद कृतम् ।

ઇતિ શુભંભવતુ ।

કવિનાકુલમાં મુગટ સમાન, ગુરુદેવના હસ્તે જૈનરત્નવ્યાખ્યાનવાચસ્પતિ પદને વરેલા તપાગચ્છમાં અગ્રેસર પૂ.આ.લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટપ્રભાવક શિષ્ય સંગીતકલામાં પ્રવીણ પૂ.આ.ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.પટ્ટધર સંસ્કૃતવિશારદ પૂ.મહોપાધ્યાય યશોવિજય મ.સા.ના અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષત્ ગ્રંથના ટીકાકાર આ.શ્રીમદ્‌વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. પટ્ટધર પૂ.સૂરીમંત્રઆરાધક આ.શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.ના શુભાશિષવડે પૂ.જિનભક્તિરસિક આ.શ્રીમદ્‌વિજય અરુણપ્રભસૂરીશ્વરજી મ.સા.ની દીવ્ય કૃપાના બળે તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય ગણિ વિક્રમસેનવિજય તથા મુનિ સિદ્ધસેનવિજયે સૂત્રાર્થમુક્તાવલિમાં અનુયોગદ્વારસૂત્રના લક્ષણથી યુક્ત પહેલી મોતીની માળાનો શ્રુતભક્તિથી અને બાલજીવોના બોધને માટે ગુર્જરભાષામાં અનુવાદ કર્યો.

• • •

॥ કલિકાલકલ્પતરૂશ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શાશ્વતતીર્થમંડનશ્રી આદીશ્વરાય નમઃ ॥
॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ૐ

# શ્રી આચારાંગસૂત્ર
# મુક્તાસરિકા

: શુભાશિષ :
પૂ. ૐકારતીર્થમાર્ગદર્શક સૂરિમંત્ર આરાધક આચાર્યદેવ
**શ્રીમદ્વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

: ભાવાનુવાદ :
પૂજ્ય દાદાગુરુદેવ આચાર્ય શ્રીમદ્વિજય **લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**ના
પૂજ્ય આચાર્યશ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તિની
પૂ. સરલસ્વભાવી સાધ્વીવર્યા **પદ્મલતાશ્રીજી મ.**ના
શિષ્યા જ્ઞાનાનંદી પૂ.સાધ્વી **સુવર્ણપદ્માશ્રી મ.**

## શ્રી આચારાંગ સૂત્ર (૨૫૫૪ શ્લોક પ્રમાણ)
## (શ્રી શીલાંકાચાર્ય કૃત ટીકા - ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ)

આ આચારાંગસૂત્ર જીવનશુદ્ધિના સ્તરને ઊંચુ લાવવા માટે ખાસ સૂત્ર છે. દરેક જીવો સાથે આત્મિયભાવ ઊભો કરવો અને તે માટે છ પ્રકારના જીવોની જયણા કરવા દ્વારા આચારની શુદ્ધિ શી રીતે કરવી ? તેની સમજૂતી આ સૂત્ર આપે છે. હાલતા-ચાલતા જીવોનો જીવ તરીકે સ્વીકાર કરવો સહેલો છે પણ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિ પણ જીવ છે એવી સચોટ દલીલો સાથે આ આગમમાં સિદ્ધિ કરવામાં આવી છે. એમાં તર્ક અને શ્રદ્ધાનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે.

### પ્રથમ શ્રુતસ્કંધ

**અધ્યયન-૧, શસ્ત્રપરિક્ષા, ઉદ્દેશ-૭**

- પૂર્વભવ-પરભવ બાબતનું સંપૂર્ણ વિવરણ.
- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય-ત્રસકાય આદિ જીવોનું અસ્તિત્વ, તેની હિંસાનું વિષમફળ, હિંસામાં અંધ થયેલાનું ઉદાહરણ તથા હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ.
- સમ્યકત્વી જીવનું લક્ષણ-ફળ.
- ત્યાગી મુનિના જીવનની વાતો.

**અધ્યયન-૨, લોકવિજય, ઉદ્દેશ-૬**

- સંસાર ભ્રમણનું મૂળ કારણ-નિવૃત્તિ-આત્મોપદેશ.
- અનિત્ય, અશરણ આદિ ભાવનાઓનું વર્ણન.
- અહિંસાનું વિસ્તૃત વર્ણન.
- મદનિષેધ. (૮ પ્રકારના મદ કરવા નહીં તથા કરવાથી થતા નુકસાનો)
- ભોગની ભયંકરતા, ભોગોથી થનારા રોગો, કામ-ઈચ્છાની ભયંકરતા.
- આહાર કેવો લેવો ? ક્યારે લેવો ? કયો લેવો ? આ બાબતોનું વિસ્તૃત વર્ણન.
- અમમત્વ (કોઈ પણ વસ્તુ-વ્યક્તિ ઉપર મોહ-મમત્વ રાખવું નહીં.)નો ઉપદેશ.

**અધ્યયન-૩, શીતોષ્ણીય, ઉદ્દેશ-૪**

- સોળ પ્રકારના ભાવોનું વિવરણ.
- જન્મ, જરા, મૃત્યુ આદિનું વર્ણન તથા અહિંસાનો ઉપદેશ.
- પ્રમાદથી થતા નુકસાનો, અપ્રમાદથી થતા લાભો.
- કષાયની ભયંકરતા, કષાયો દ્વારા થતા ભીષણ નુકસાનો.

**અધ્યયન-૪, સમ્યક્ત્વ, ઉદ્દેશ-૪**

- ધર્મની દઢતા, ધર્મનો ઉપદેશ, ધર્મથી થતા વિવિધ લાભો.
- ભોગીના જન્મ-મરણ અને યોગીના જન્મ-મરણ.
- રત્નત્રયીની આરાધનાથી થતા લાભો.
- કર્મબંધના કારણો તથા કર્મક્ષયના ઉપાયો.

**અધ્યયન-૫, લોકસાર, ઉદ્દેશ-૫**

- હિંસાથી થતી હિંસકગતિ, કુશાગ્રબિંદુનું ઉદાહરણ.
- મોહથી જન્મ-મરણ, સંશયથી સંસારજ્ઞાન, આસક્તિથી નરક.
- પરિગ્રહથી થતા નુકસાનો તથા અપરિગ્રહથી થતા લાભો.
- સમતા એ ઉત્કૃષ્ટ ધર્મ છે, તથા સંયમના ૪ ભાંગા.
- અયોગ્ય ને હિતશિક્ષા આપવાથી થતું નુકસાન.
- સ્વસિદ્ધાંત પરસિદ્ધાંતનું જ્ઞાન તથા મુક્ત આત્માનું સ્વરૂપ.

**અધ્યયન-૬, ધૂત, ઉદ્દેશ-૬**

- શરીરમાં ઉત્પન્ન થતા મુખ્ય ૧૬ રોગો તથા ધૂતવાદનું વર્ણન.
- કુશીષ્ય, બાલ શિષ્ય, પાપશ્રમણ આદિની વાતો.
- કષાયવિજયના અને ઉપસર્ગ સહનના લાભો.

**અધ્યયન-૭, મહાપરિક્ષા, ઉદ્દેશ-૭**

- આ અધ્યયન અનુપલબ્ધ છે.

**અધ્યયન-૮, વિમોક્ષ, ઉદ્દેશ-૮**

- ભિક્ષુનો વ્યવહાર તથા આશુપ્રજ્ઞ મુનિનું વર્ણન.
- ઔદેશીક આદિ ૬ દોષોનું વર્ણન.

- એક પાત્ર-વસ્ત્રધારી શ્રમણનો આચાર તથા ઈંગીતમરણનું મહત્ત્વ.
- દીક્ષા, સમતા, અપરિગ્રહ, દિનચર્યા, એકચર્યા આદિ વાતો.
- ભક્તમરણ, ઈંગીતમરણ તથા પાદોપગમનમરણની વિધિ.

## દ્વિતીય શ્રુતસ્કંધ

### પ્રથમ ચૂલિકા

**અધ્યયન-૧, પિંડૈષણા, ઉદ્દેશ-૧૦**

- આહાર માટેના વિધાનો, પરઠવવાની વાત અને વિહાર સંબંધી વિધિ-નિષેધની વાત.
- સામૂહિક ભોજ, મૃતક ભોજ, ઉત્સવ ભોજ આદિના વિધિ-નિષેધની વાતો.
- કઈ ૭ બાબતોમાં આહાર લેવાનો નિષેધ છે તેનું વર્ણન.
- આહારની વિસ્તૃત વિધિ, પાણી વાપરવાની વિધિ આદિનું વિસ્તૃત વર્ણન.
- કયા સમયે, કયા ક્ષેત્રનો, કયા ઘરનો આહાર ન લેવો તેનું વર્ણન.
- માંસાહારી ઘરના આહાર ત્યાગની વાત.
- અપ્રાસુક (કેરી આદિ સચિત્ત) લેવાનો નિષેધ.
- અલ્પખાદ્ય અને અધિક ત્યાજ્ય પદાર્થોનું વર્ણન. (શેરડી આદિ)
- ગ્લાન મુનિ માટે ૭ પ્રકારની પિંડૈષણા, ૭ પ્રકારની પાણૈષણા.

**અધ્યયન-૨, શય્યૈષણા, ઉદ્દેશ-૭**

- ઉપાશ્રય આદિમાં ઉતરવાના તથા વિવિધ સ્થાનોમાં ઉતરવાના વિધિ-નિષેધની વિસ્તૃત માહિતી.
- શય્યાતર ઘર સંબંધી વિગતો, ૪ સંસ્તારક પડીમાનો નિષેધ.

**અધ્યયન-૩, ઈર્યા, ઉદ્દેશ-૩**

- ચોમાસાના વિશેષ વિધાનો તથા વિહાર નિષેધનું વર્ણન.
- નાવમાં બેઠા પછી આવતા ઉપસર્ગો તથા વિવિધ વિહાર માર્ગોની વાત.
- ગુરુ, આચાર્ય, ઉપાધ્યાય, પદસ્થ, વડીલ સાથે વિવેકપૂર્વક બોલવાની વાત.

**અધ્યયન-૪, ભાષાજાત, ઉદ્દેશ-૨**

- ૧૬ પ્રકારના વચનોનો વિવેકપૂર્વક ઉપયોગ કેવી રીતે કરવો તેની વાત.

- ૪ પ્રકારની ભાષા તથા તેના ત્રૈકાલિક રૂપનું વર્ણન.
- રોગી, મનુષ્ય, પશુ આદિ સંબંધી સાવદ્ય-નિરવદ્ય ભાષાપ્રયોગનું વર્ણન.

**અધ્યયન-૫, વસ્ત્રૈષણા, ઉદ્દેશ-૨**

- ૬ પ્રકારના વસ્ત્ર, ૪ પ્રકારની ચાદર, ૪ વસ્ત્ર પડીમા આદિની વિસ્તૃત ચર્ચા.
- ભિક્ષા સમયે, સ્વાધ્યાય સ્થાનમાં, શૌચ સ્થાનમાં લઈ જવાના વસ્ત્રોનું વિધાન.

**અધ્યયન-૬, પાત્રૈષણા, ઉદ્દેશ-૧**

- ૩ પ્રકારના પાત્રનું વિધાન તથા નિર્ગ્રંથ મુનિ માટે પાત્ર વિધાન.
- ૪ પાત્ર પડીમા આદિનું વર્ણન.

**અધ્યયન-૭, અવગ્રહ પ્રતિમા, ઉદ્દેશ-૨**

- અદત્તાદાનનો નિષેધ, સાથીમુનિઓની વસ્તુ આજ્ઞાપૂર્વક લેવાનું વિધાન.
- સોય, કાતર આદિ પરત આપવાની વિધિ.
- ૭ અવગ્રહ પડીમા આદિનું વર્ણન.

## દ્વિતીય ચૂલિકા

**અધ્યયન-૮, સ્થાન, ઉદ્દેશ-૧**

- ૪ પ્રકારની સ્થાન પડીમા (ધ્યાન યોગ્ય જગ્યા)નું વર્ણન.

**અધ્યયન-૯, નિષિધીકા, ઉદ્દેશ-૧**

- સ્વાધ્યાય માટેના સ્થાનનું વર્ણન તથા બેસવાની વિધિ.

**અધ્યયન-૧૦, ઉચ્ચર પ્રશ્રવણ, ઉદ્દેશ-૧**

- સ્થંડીલભૂમિમાં જવાના વિધિ-નિષેધ તથા બેસવાની વિધિ.

**અધ્યયન-૧૧, શબ્દ, ઉદ્દેશ-૧**

- વાદ્ય તથા સંગીત સાંભળવા જવાનો નિષેધ.
- વાજિંત્ર વાગતા હોય તેવા ૧૪ સ્થાનમાં જવાનો નિષેધ.

**અધ્યયન-૧૨, રૂપ, ઉદ્દેશ-૧**

- કિલ્લો, દરિયાકાંઠો, બગીચો, વિવાહસ્થળ, કલહસ્થળ, વધસ્થળ આદિ સ્થળોએ અવલોકનનો નિષેધ.

**અધ્યયન-૧૩, પરક્રિયા, ઉદ્દેશ-૧**

- પગ પ્રમાર્જન મર્દન, માલીશ આદિ શરીરના ૧૩ વિષયોનું વર્ણન.
- ચિકિત્સાની વિગતો.

**અધ્યયન-૪, અન્યોન્યક્રિયા, ઉદ્દેશ-૧**

- સાધુ પાસે પગપ્રમાર્જન આદિ વાતો.

## તૃતીય ચૂલિકા

**અધ્યયન-૧૫, ભાવના, ઉદ્દેશ-૧**

- પ્રભુ મહાવીરના ૫ કલ્યાણક તથા કુટુંબિજનોના ૩-૩ નામ.
- ૫ મહાવ્રતની ૫ ભાવનાઓનું વર્ણન.

## ચતુર્થ ચૂલિકા

**અધ્યયન-૧૬, વિમુક્તિ, ઉદ્દેશ-૧**

- મુનિને હાથી-પર્વત-સર્પ-સમુદ્ર આદિ વિવિધ ઉપમાઓ.
- અંતકૃત મુનિ-મોક્ષગામી મુનિનું વર્ણન.

• • •

**આચારાંગે વખાણીયા, અરિહંતાજી**
**સુઅખંધ દોય તે ખાસ, ભગવંતાજી**
**પણવીસ અજઝયણા ભલાં, અરિહંતાજી**
**કરે અન્નાણનો નાશ, ભગવંતાજી**

**અર્થ :-** પહેલું સૂત્ર તે આચારાંગ સૂત્ર છે. તેમાં બે શ્રુતસ્કંધ = ભાગ છે, અને તેના પચીસ અધ્યયન છે, જે અજ્ઞાનનો નાશ કરે છે.

# अथाचारमुक्तासरिकायाम् विषयानुक्रमणिका


विषयाः

आचारस्यानुयोगकरणे कारणकथनम्
भावाचारस्य विशेषाभिधानम्
आचारस्य निक्षेपविधानम्
आचालनिक्षेपः
आगालनादीनां निक्षेपाः
आचारस्य प्रवर्तनाभिधानम्
प्रथमाङ्गतासमर्थनम्
गणित्वकथनम्
परिमाणाभिधानम्
समवतारवर्णनम्
सारवर्णनम्
आचारग्रन्थस्य विभागप्रदर्शनम्
श्रुतस्य निक्षेपः
स्कन्धनिक्षेपः
प्रथमश्रुतस्कन्धाध्ययनानि
शस्त्रनिक्षेपः
परिज्ञाभेदाः
लोकविजयाद्यध्यनानां स्वरूपाणि
प्रथमाध्यनयोद्देशविषयवर्णनम्
नोसंज्ञिसद्भावव्यवस्थापनम्
नोसंज्ञिशब्दार्थः
विवक्षितप्रज्ञापकभावदिशोः प्रदर्शनम्
संज्ञावद्धर्म्येव नास्तीत्याशङ्कनम्
तदस्तित्वसमर्थनम्
आत्मनः प्रत्यक्षविषयत्वसाधनम्

विषयाः

अहंप्रत्यविषयो न शरीरादिरिति वर्णनम्
अहंकारप्रतिसन्धानस्याभ्रान्ततासाधनम्
ज्ञानस्य देहधर्मत्वेऽनुपपत्तिप्रकाशनम्
भूतचैतन्यवादिनं प्रत्याक्षेपः
व्यतिरेकबुद्ध्यापि देहभिन्नत्वस्थापनम्
शरीरात्मनोर्भेदाभेदवर्णनम्
अर्हदागमेनैवाऽऽत्मसिद्धिरिति निरूपणम्
केषाञ्चिद्विशिष्टसंज्ञाऽस्तीत्यभिधानम्
कथं दिगागमनं जानातीत्यत्र हेत्वभिधानम्
स्वभावपदविवक्षितमतिभेदाः
तत्र हेत्वन्तराभिधानम्
ईदृशसंज्ञावानेव विवेकीत्यभिधानम्
एवशब्दव्यावर्त्यकथनम्
परिज्ञेयक्रियाप्रदर्शनम्
क्रियाभेदाभिधानम्
क्रियाणां परित्यागमादर्शयति
तद्भावार्थवर्णनम्
पृथिवीनिरूपणम्
पृथिव्या निक्षेपकरणम्
तस्याः प्ररूपणा
लक्षणप्रदर्शनम्
पृथ्वीकाये उपयोगादीनामसिद्धत्वशङ्कानिरासः
तत्परिमाणनिरूपणम्
तदुपभोगविचारः
तच्छस्त्रप्रतिपादनम्
वेदनावर्णनम्

विषयाः

वधवर्णनम्
निवृत्तिवर्णनम्
पृथिवीकायसमारम्भविरत्यभिधानं
पृथिवीकायिकानां वेदनानुभवसमर्थनं
अप्कायनिरूपणम्
अस्य प्ररूपणालक्षणादिवर्णनम्
अप्कायस्य जीवत्वसाधनम्
परिभोगयोग्यापो वर्णनम्
सचित्ताद्यप्कायभेदाः
नयेनाप्कायस्य सचित्तादिभेदाः
साधुयोग्याप्कायवर्णनम्
शाक्यादीनामज्ञताऽऽविष्कारः
तेजःकायिकादिनिरूपणम्
तेजस्काययोनिसंख्या
वायुकायप्ररूपणा योनिसंख्या च
वनस्पतिकायप्ररूपणा
तस्य योनिसंख्या
तेजस्कायलक्षणम्
वायुकायलक्षणम्
वनस्पतिकायलक्षणम्
तस्य ज्ञानवत्त्वसमर्थनम्
साधारणजीवानामाहारविशेषवर्णनम्
तेजस्कायपरिमाणवर्णनम्
वायुकायपरिमाणवर्णनम्
वनस्पतिकायपरिमाणवर्णनम्
तेजआदीनामुपभोगादिवर्णनम्
परिज्ञातविपाको जीवविमर्दनान्निवर्त्ततेति वर्णनम्
क्रियैव न हेतुरपि तु ज्ञानमपीति विशेषणबलात् सूचनम्
सूचनान्तरप्रदर्शनम्

विषयाः

शङ्काद्वैविध्यवर्णनम्
त्रसकायस्वरूपकथनम्
त्रसकायप्ररूपणा
त्रसकायलक्षणम्
त्रसकायपरिमाणम्
त्रसकायोपभोगः
अष्टविधयोनिभाक्त्वकथनम्
एतेषां हिंसाकारणवर्णनम्
कषायविषयलोकस्य जेयत्वख्यापनम्
लोकनिक्षेपः
औदयिकभावलोकग्रहणे कारणवर्णनम्
विजयनिक्षेपः
औदयिकभावपदविवक्षितार्थवर्णनम्
संसारतत्कारणकथनम्
संसारकषायकामानामिति क्रमोपन्यासे कारणवर्णनम्
मोहनीयस्य भेदाः तद्बन्धहेतवश्च चारित्रमोहनीयभेदाः
कामशब्दाभिप्रेतचारित्रमोहवर्णनम्
संसारस्य निक्षेपविधानम्
कषायस्य निक्षेपः
मूलस्य निक्षेपारचनम्
संसारमूलकषायोन्मूलनाकरणे दोषः
कषायिणो वर्तनवर्णनम्
प्रशास्तस्थानमाह
दुर्लभावसरप्रदर्शनम्
अवसरनिक्षेपः
कर्मभावावसरकालमानम्
नोकर्मभावावसरप्रदर्शनम्
संयमिनः संयमशैथिल्ये संयमदार्ढ्यवर्णनम्
अरतिनिवर्तनकथनम्
साधो रतिसम्भवकथनम्
अज्ञानस्य ज्ञानेन परिहाराभिधानम्

विषयाः

लोभस्यालोभेन परिहारवर्णनम्
जात्यादिमदपरिहारवर्णनम्
समितेर्वर्णनम्
साधूनामन्धत्वानन्धत्वकथनम्
भोगासक्तिपरिहाराभिधानम्
विषयविपाकज्ञानशून्यानां दशावर्णनम्
विवेकिनो भोगान् दुःखत्वेन जानन्तीति वर्णनम्
तीरपारशब्दार्थ
व्रतिनां शरीरपोषणायैवाहारग्रहणमित्यभिधानम्
संरम्भसमारम्भारम्भवर्णनम्
कालज्ञताऽभिधानम्
संयमोपकरणेष्वपि मूर्छाभाववर्णनम्
ममताऽभाववर्णनम्
एकत्रसमारम्भोऽष्टादशपापकर्मनिदानमितिवर्णनम्
आज्ञानुवर्त्तिनः कथनम्
उपदेशकताऽभिधानम्
तत्फलप्रदर्शनम्
विजितलोकस्य परीषहसहनवर्णनम्
साधोस्सदाजागृतत्ववर्णनम्
सुप्तताभेदनिरूपणम्
सुप्तस्य धर्मसम्भवव्यवस्थापनम्
द्रव्यसुप्तस्य धर्माभावसमर्थनम्
मोहनीयनिद्रासुप्तस्य दोषप्रदर्शनम्
धर्मजागरणजागृतस्य फलवर्णनम्
शीतोष्णयोर्निक्षेपविधानम्
जीवस्यानेकविधशीतोष्णरूपवगुणवर्णनम्
विशिष्टमुनेर्मत्यादिपर्यायवत्ताव्यपदेशभावकथनम्
भावनिद्रासुप्तस्य दोषाभिधानम्
अग्रमूलव्याख्या
परीषहसहत्वेऽपि संयमस्यावश्यकत्ववर्णनम्

विषयाः

नैश्चयिकमुनिनिरूपणम्
केवलपापकर्माण्याचरतो मुनित्वाभाववर्णनम्
व्यवहारनयेन तदभिधानम्
तिर्यगाद्याश्रयेणाऽऽगतेर्वर्णनम्
आत्मनो योग्यमित्रवर्णनम्
मित्राभासकथनम्
कषायवमनावश्यकत्वाभिधानम्
अनुक्षणं प्रमादिनः कर्मचयनवर्णनम्
वर्द्धमानशुभाध्यवसायिनो दोषाभाववर्णनम्
क्षपकश्रेणियोग्यतावर्णनम्
एककर्माभावे बह्वभाववर्णनम्
बहुस्थितिविशेषक्षपणे
मोहनीयविशेषक्षपणमपीत्यभिधानम्
उपशमाश्रयेण तद्वर्णनम्
तीर्थकरवचनश्रद्धालुतावर्णनम्
अतीतानागतकालयोस्तीर्थकरानन्त्यवर्णनम्
वर्त्तमानतीर्थकृतः प्रज्ञापकापेक्षया समयक्षेत्रभाविन
उत्कर्षेण सप्तत्युत्तरशतं जघन्येन
विंशतिरित्यभिधानम्
सम्यक्त्वस्य चतुर्विधनिक्षेपः
दर्शनज्ञानचारित्रभेदाः
कर्मबन्धनिर्जरास्थानज्ञानवर्णनम्
एकस्यैव विषयस्य बन्धनिर्जरास्थानत्ववर्णनम्
संयमासंयमस्थानयोः समतावर्णनम्
ज्ञानावरणीयबन्धनिमित्तप्रदर्शनम्
दर्शनावरणीयबन्धनिमित्तप्रदर्शनम्
वेदनीयबन्धहेतुकथनम्
मोहनीयबन्धहेतुकथनम्
आयुषो बन्धहेतुः
नामकर्मबन्धकाः
गोत्रबन्धकाः

विषयाः

अन्तरायबन्धहेतवः

पाषण्डिकानां विरुद्धवादित्ववर्णनम्

तपोविधानाभिधानम्

मूलप्रकृत्युदयस्थानत्रयाद्यभिधानम्

उत्तरप्रकृतीनामुदयस्थाननिरुपणम्

उदयस्थानविज्ञानपूर्वकमेकत्वभावनया भावितस्तपो विदध्यादिति वर्णनम्

अविकलं तपः सत्संयमिन एवेत्यभिधानम्

तनुकर्मणोः धूननाभिधानम्

मुनित्वाभावनिमित्ताभिधानम्

सारवर्णनम्

ज्ञानामोहयोरुत्पत्तावन्योन्याश्रयं प्रदर्श्य निवारणम्

एकचर्याभेदाः

मुनिभावहेतुप्रदर्शनम्

सन्धिप्रदर्शनम्

मुनेः संसारासारभावनादिवर्णनम्

अष्टविधकर्मक्षपयितृवर्णनम्

उत्थितानिपातित्वभङ्गचतुष्टयम्

अशेषकर्मक्षये भवव्यवस्था

एकचर्याऽयोग्यवर्णनम्

श्रुतवयोभ्यामव्यक्ततानिर्णयः

एकाकिविहारे दोषाः

क्वचिद्दुर्वादिना प्रेषितस्य नियमवर्णनम्

कर्मबन्धवैचित्र्यप्रदर्शनम्

आचार्यान्तेवासिनोः स्वरूपम्

आचार्यस्य ह्रदकल्पत्वेन ह्रदभेदप्रदर्शनम्

एकस्मिन्नेवाचार्ये ह्रदभेदसंघटनां विधाय अनेकेषु तत्संघटना प्रदर्शयति

शिष्येण विचिकित्साविधुरेण भाव्यमिति विचिकित्सायां दोषप्रदर्शनद्वारा वर्णनम्

विषयाः

शिष्यस्य श्रद्धालुता भवेदिति वर्णनम्

आचार्यसंसेवनफलप्रदर्शनम्

परतीर्थिकोपदेशस्यासारतावर्णनम्

कर्मधूननवर्णनम्

उत्थितस्य भङ्गवर्णनम्

कर्मगुरूणां वेदनाभिधानम्

गतिषु वेदनानिरूपणं संक्षेपेण ततः कर्त्तव्यवर्णनम्

कर्मधूननोपयोग्युपकरणशरीरधूननाभिधानम्

कृतकर्मधूननस्त्राता भवतीत्यभिधानम्

क्षुद्रकशिष्याचार्यदूषणम्

धर्मोत्थितभेदप्रदर्शनम्

प्रावादुकयोगपरिहारेणाहारनियमं दर्शयति

प्रावादुकानां विविधनिरूपणाभिधानम्

तद्वादानां लेशेन निरसनम्

धर्मस्य स्वाख्याततत्वं भगवद्दर्शन एवेति कथनम्

दुष्टाहारादिपरित्यागवर्णनम्

वैहानसाद्याश्रयणमाह

उपधिपरित्यागस्य तपोविशेषत्वख्यापनम्

अल्पसत्त्वस्य कालक्षेपासहिष्णोरपसर्गितस्याप- वादिकमरणाभिधानम्

वैहानसादिमरणमपि नैकान्तेन प्रतिषिद्धमिति वर्णनम्

भक्तप्रत्याख्यानादि मरणविशेषप्रकाशनम्

वस्त्रत्रयद्वयवतामभिधानम्

भक्तप्रत्याख्यायिनो निरूपणम्

इत्वरमरणविधायिनो नियमप्रदर्शनम्

पादपोगमनाभिलाषुकस्य नियमख्यापनम्

श्रीमहावीरचर्याविधिस्मरणप्रकटनम्

संक्षेपेण तच्चरितवर्णनम्

तस्य वसत्यादिविधानवर्णनम्

विषया:

षण्मासं लाटदेशविहरणाभिधानम्
तस्याहारादिकरणनियमस्य प्रकाशनम्
पूर्वोक्तार्थाविशेषाभिधाव्यग्रश्रुतस्कन्धारम्भ:
अग्रनिक्षेपनिरूपणम्
पञ्चचूडान्तर्गतपिण्डैषणाया अभिधानम्
आहारग्रहणनिमित्ताभिधानम्
उत्सर्गतो ग्रहणायोग्याहारवर्णनम्
अपवादे तन्नियमप्रदर्शनम्
अगारिगृहप्रदेशे नियमविशेषवर्णनम्
अन्यतीर्थिकादिभि: प्रवेशे दोषप्रदर्शनम्
विचारभूम्यादावपि नियमविशेषातिदेशनम्
अविशुद्धकोट्यभिधानम्
ग्राह्याहारप्रकाशनम्
आहारग्रहणायोग्यक्षेत्राद्यभिधानम्
पुर:पश्चात्संखडिविशेषाभिधानम्
संखडिगतस्य दोषाविष्करणम्
गच्छनिर्गतानां गमननियमाभिधानम्
जिनकल्पिकद्वैविध्यम्
अच्छिद्रपाणेरुपकरणनियमकथनम्
छिद्रपाणेस्तन्नियमप्रकटनम्
तत्र सामाचारीविशेषाख्यानम्
भिक्षाविषये नियमनिरूपणम्
गृहिणि गोदोहादौ क्रियमाणे सति
भिक्षोर्नियमवर्णनम्
मातृस्थानप्राप्तिकारणप्रदर्शनम्
पिहितद्वारे नियमविशेष:
स्थानविशेषेषु स्थितिनिषेधनम्
उदकादिसंसृष्टाद्याहारग्रहणनिषेधनम्
मालाऽऽहृतादिनिषेधनम्
पानकविषये नियमविधानम्
कन्दसर्षपादेरग्रहणनियमनम्

विषया:

पुन:पाकाभिसन्धावग्राह्यताऽभिधानम्
संस्तुतावासपरित्यागाभिधानम्
परिष्ठापनाऽऽपृच्छ्य कार्येत्यभिधानम्
संस्तुतविषये नियम:
ग्लानार्थं दत्ताहारविषये नियम:
योग्यप्रतिश्रयाभिधानम्
अयोग्योपाश्रयनिरूपणम्
दुष्टप्रतिश्रयनिवासे दोषा:
अधिकरणादिदोषार्होपाश्रयत्याग:
अकल्प्यनवविधवसत्यभिधानम्
नवविधा वसतय:
चरकादिभिर्वासे विधि:
गृहाधिपानुज्ञातकालं यावद्वासनियम:
गृहस्थचर्यासम्बद्धवसतिपरित्याग:
फलकादिसंस्तारकनियमा:
उद्दिष्टादिचतुर्विधाभिग्रहप्रकटनम्
अनाकुलग्रामवासकथनम्
भावविषयेर्याभेदौ
आलम्बनकालमार्गयतनाभेदेन गमनवर्णनम्
वर्षाकालविधानयोग्यग्रामवर्णनम्
कार्तिकचातुर्मासिकेऽतिक्रान्ते स्थितिनियम:
नौसन्तरणानियम:
नौव्यापारकरणनिषेध:
उदके प्लवमानस्य विधि:
उदकादुत्तीर्णस्य नियम:
गमननियमाभिधानम्
अपरकृतगवादिप्रश्नविशेषे नियमकथनम्
अन्तराले दर्पितवृषभाद्यागमने
गच्छनिर्गतस्य विधि:
भाषानियमनिरूपणम्
सोदाहरणं षोडशविधवचननिरूपणम्

| विषयाः |
|---|
| वस्त्रैषणाधिकारः |
| वस्त्रनिक्षेपः |
| द्रव्यवस्त्रेणात्र विचार इत्यभिधानम् |
| निषेध्यवस्त्रकथनम् |
| तद्ग्रहणनियमाभिधानम् |
| धावननियमजल्पनम् |
| पात्रैषणावर्णनम् |
| तत्रावग्रहकथनम् |
| अवग्रहनिक्षेपः |
| ग्रहणभावावग्रहस्थसाधोर्वृत्तिवर्णनम् |
| प्रतिमाभिरवग्रहं गृह्णीयादित्यभिधानम् |
| कायोत्सर्गादिविधानयोग्यस्थानप्रकटनम् |
| तत्र चतुर्विधप्रतिमानिरूपणम् |
| परक्रियानिषेधकथनम् |

| विषयाः |
|---|
| परनिक्षेपः |
| महाव्रतानां भावनावर्णनम् |
| भावनानिक्षेपः |
| प्रशस्ताप्रशस्तभावनाभिधानम् |
| दर्शनभावनाभिधानम् |
| ज्ञानभावनाभिधानम् |
| चरणभावनाभिधानम् |
| तपोवैराग्यभावनानिरूपणम् |
| द्वितीयव्रतभावनाः |
| तृतीयव्रतभावनाः |
| चतुर्थपञ्चव्रतभावनाः |
| अनित्यभावनाभिधानम् |
| मूलोत्तरगुणाश्रयेण वर्णनम् |
| आचारसारोपसंहरणम् |


• • •

**અષ્ટ પ્રકારે પૂજીયે, જિનઆગમ ધરી ભાવ;**
**અષ્ટ ગતિને પામવા, જ્ઞાન છે અભિનવ દાવ**

**અર્થ :-** શ્રી જિનઆગમની ભાવપૂર્વક આઠ પ્રકારે પૂજા કરવી જોઈએ. જ્ઞાનની પૂજાથી આઠમી ગતિ મોક્ષને પામી શકાય છે. આઠમી ગતિ - મોક્ષને પામવા માટે જ્ઞાન એ શ્રેષ્ઠ ઉપાય છે.

# अथ आचारमुक्तासरिका

तदेवमवसितेऽनुयोगनिरूपणे सम्प्रति चरणकरणानुयोगं वक्तुकामेनाऽऽचारानुयोगः प्रारभ्यते-

**अथाऽऽचारसारानुयोगः ॥ १ ॥**

**अथेति**, सामान्यतोऽनुयोगनिरूपणोत्तरकालमित्यर्थः । यद्यप्यनुयोगश्चतुर्विधो भवति धर्मकथागणितद्रव्यचरण-करणानुयोगभेदात् तथापि चरणकरणानुयोगभूतस्याऽऽचारादेरनुयोगः क्रियते प्रधानत्वात्, इतरेषां तदर्थत्वात् । आचारेति, आ मर्यादया कालादिनियमादिलक्षणया चारश्चरणमाचारो मोक्षार्थमनुष्ठानविशेषः, तत्प्रतिपादकग्रन्थोऽप्याचारः, आचार इति ग्रन्थस्य विशेषनाम, तस्य सारतया प्रभूतार्थसङ्ग्रहरूपतयाऽनुयोगो व्याख्यानं क्रियत इति शेषः, अशेषविशेषाविरोधेन सामान्यरूपतया व्यावर्णने कृते सुकोमलमतीनां तत्रानायसतः प्रवेशः सम्पद्यत इति भावः । अनेन च सूत्रेण व्याचिख्यासितशास्त्रस्य समीपानयनरूपोपक्रमः कृतो भवतीति ॥ १ ॥

નિરૂપણ પુરૂ થયા પછી હમણાં ચરણકરણાનુયોગને કહેવાની ઈચ્છાપૂર્વક આચારનો અનુયોગ (શબ્દાર્થ) શરૂ કરાય છે...

**સૂત્રાર્થ :- હવે આચારના સારરૂપ અનુયોગ છે.**

**ભાવાર્થ :-** અથ એ પ્રમાણે અવતરણ કરે છે.

હમણાં અર્થાત્ સામાન્ય રીતે અનુયોગનાં નિરૂપણ પછીના કાળમાં એ પ્રમાણેનો ભાવાર્થ છે.

જો કે અનુયોગ ચાર પ્રકારે છે. (૧) ધર્મકથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ (૪) ચરણકરણાનુયોગ, તો પણ મુખ્ય હોવાથી અહીં ચરણકરણાનુયોગરૂપ આચારાદિનો અનુયોગ કરાય છે. પ્રધાનપણું હોવાથી, બીજા આના અર્થપણે હોવાથી...!

आचार = આચાર, आ (અર્થાત્) મર્યાદાપૂર્વક કાલ વિગેરે નિયમાદિ લક્ષણ વડે चार = ચારિત્ર અને આચાર મોક્ષના અર્થના અનુષ્ઠાન વિશેષ છે. તેને જણાવનાર ગ્રન્થ પણ આચાર કહેવાય છે. (કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી "आचार" એ પ્રમાણે ગ્રન્થનું વિશેષ નામ છે.)

અનુયોગ ઘણા અર્થના સંગ્રહરૂપ હોવાથી તેના સારપણાથી તેનું વ્યાખ્યાન કરાય છે. એ પ્રમાણે શેષ બીજા વિશેષનો વિરોધ નહીં હોવાથી સામાન્યરૂપે વર્ણન કરતા છતા સુકોમળ બુદ્ધિવાળાઓનો તેમાં અનાયાસે પ્રવેશ થાય એ પ્રમાણેનો ભાવ છે.

આ (પ્રથમ) સૂત્ર વડે વ્યાખ્યાન કરવાની ઈચ્છારૂપ શાસ્ત્રની સમીપ લઈ જવારૂપ સંબંધ કરાયો છે. એ પ્રમાણે. ॥૧॥

अथ तस्य निक्षेपं सूचयन्नाह-

**एकार्थप्रवर्त्तनप्रथमाङ्गत्वगणिपरिमाणसमवतारसारैर्भावाचारस्य विशेषः ॥ २ ॥**

**एकार्थेति**, एकार्थाः पर्यायशब्दाः, यथाऽऽचाराऽऽगालाऽऽकराऽऽश्वासाऽऽदर्शाङ्गाऽऽचीर्णाऽऽजात्यामोक्षा भावाचारस्य । भावाचारस्येत्यनेन नामस्थापनाद्रव्याचाराणामेते न पर्याया इत्युक्तं भवति, तथाहि आचारस्य नामस्थापनाद्रव्यभावभेदतश्चतुर्धा निक्षेपो भवति, नामाचारस्थापनाचारौ प्रसिद्धौ तथा ज्ञशरीरभव्यशरीरलक्षणद्रव्याचारभेदोऽपि । उभयव्यतिरिक्तस्तु द्रव्याचारो नामनधावनवासनशिक्षापणसुकरणाविरोधीनि यानि लोके द्रव्याणि तद्रूपः । नामनं ह्यवनतिकरणं तत्प्रति च द्रव्यं द्विविधं भवति, आचारवदनाचारवच्च, तिनिशलतादिकं ह्याचरितभावं तेन रूपेण परिणमति न त्वेरण्डादिद्रव्यम्, हरिद्रारक्तं वस्त्रं धावनं प्रत्याचारवत्, सुखेन प्रक्षालनात्, कृमिरक्तरागमनाचारवत्, तद्भस्मनोऽपि रागानपगमात् । वासनं प्रति कवेलुकाद्याचारवत् सुखेन पाटलकुसुमादिभिर्वास्यमानत्वात्, वैडूर्याद्यनाचारवत् अशक्यत्वात् । शिक्षां प्रति शुकसारिकाद्याचारवत् च सुखेन मानुषभाषादिसम्पादनात्, शकुन्ताद्यनाचारवत् । सुकरणं प्रति सुवर्णादिकमाचारवत् सुखेन तस्य कटकादिकरणात्, अनाचारवघ्दटलोहादिकम् । अविरोधं प्रत्याचारवन्ति गुडदध्यादीनि, रसोत्कर्षादुपभोगगुणत्वाच्च, विपर्ययादनाचारवन्ति तैलक्षीरादीनि । पाखण्डिकादिकर्तृकपञ्चरात्राद्याचारो लौकिको भावाचारः, अलौकिकस्तु स ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारभेदात् पञ्चविधः, तत्र ज्ञानाचारोऽपि कालविनयबहुमानोपधानानिह्नवव्यञ्जनार्थतदुभयभेदतोऽष्टविधः, निःशङ्कितत्वं निष्कांक्षितत्वं निर्विचिकित्सताऽमूढदृष्टित्वमुपबृंहः स्थिरीकरणं वात्सल्यं प्रभावना चेत्यष्टविधो दर्शनाचारः । तिस्रो गुप्तयः पञ्च समितयश्चेति चरणाचारोऽष्टधा, द्वादशधा तपआचारः, वीर्याचारस्त्वनेकधा, इत्येवं पञ्चविधाचारप्रतिपादकोऽयं ग्रन्थविशेषश्च भावाचारः । आचाल्यतेऽनेनातिनिबिडं कर्मादीत्याचालः तदुभयव्यतिरिक्तद्रव्याचालस्तु वायुः, भावाचालश्च ज्ञानादिपञ्चविधः । आगालनं समप्रदेशावस्थानमित्यागालः, उभयव्यतिरिक्तद्रव्यागालो-

ऽत्रोदकादेर्निम्नप्रदेशावस्थानम् । ज्ञानादिकस्तु भावागालो रागादिरहितात्मन्यवस्थानात् । आगत्य तस्मिन् कुर्वन्तीत्याकरः, उभयव्यतिरिक्तद्रव्याकरो रजताकरादिः, ज्ञानादिरेव भावाकरः, अत्र निर्जरादिरत्नानां लाभात् । आश्वसन्त्यस्मिन्नित्याश्वासः, उभयव्यतिरिक्तश्च यानपात्रद्वीपादिः, ज्ञानादिरेव भावाश्वासः । आदृश्यतेऽस्मिन्नित्यादर्शः, उभयव्यतिरिक्तद्रव्यादर्शश्च दर्पणादिः, ज्ञानादिश्च भावादर्शः । अज्यते व्यक्तीक्रियतेऽस्मिन्नित्यङ्गम्, शिरोबाह्वादिकमुभयव्यतिरिक्तद्रव्याङ्गं भावाङ्गं ज्ञानादि । आचीर्णमासेवितमिदन्तु षोढा निक्षेप्यम्, उभयव्यतिरिक्तद्रव्याचीर्णं सिंहादेस्तृणादिपरिहारेण पिशितभक्षणम्, क्षेत्राचीर्णं बाह्लीकेषु सक्तवः कोङ्कणेषु पेया, कालाचीर्णं सरसश्चन्दनपङ्कादिः, ज्ञानादिकमेव भावाचीर्णम् । आ जायन्तेऽस्यामित्याजातिः, उभयव्यतिरिक्तद्रव्याजातिर्मनुष्यादिजातिः, भावाजातिश्च ज्ञानादिनिदानभूतोऽयं ग्रन्थः । आमुच्यन्तेऽस्मिन्नित्यामोक्षणम्, उभयव्यतिरिक्तद्रव्यात्मकञ्च निगडादेर्मोक्षणम्, भावामोक्षस्तु कर्माष्टकोद्वेष्टनमशेषम्, एतत्साधकश्चायमेवाचार इति । तदेवं भावाचारस्य किञ्चिद्विशेषेणैकार्थप्रतिपादकत्वाच्छक्रपुरन्दरादिशब्दवत्पर्यायत्वं विज्ञेयम् । आचारोऽयं कदा भगवता विनिर्मित इत्यस्य निर्णयाय प्रवर्त्तनाविशेषो वाच्यः, स च तीर्थकराणां निखिलानां तीर्थप्रवर्त्तनादौ आचारार्थः प्रथमतया अभवत् भवति भविष्यति च, तत इतरेऽङ्गार्थाः, गणधरैरप्यनयैवाऽऽनुपूर्व्या स सूत्रतया ग्रथ्यते । अत्र मोक्षोपायभूतचरणकरणप्रतिपादनेन प्रवचनसारभूतत्वादितराङ्गाध्ययनयोग्यतापादकत्वाच्च । द्वादशाङ्गेष्वस्य प्रथमाङ्गत्वमित्यपरो विशेषो बोध्यः । तथाऽयमाचारो गणित्वकारणानां प्रधानं गणिस्थानम् अध्ययनादस्य क्षान्त्यादिरूपाणां चरणकरणात्मकानां वा श्रमणधर्माणां परिज्ञानादिति गणित्वं विशेषः । अस्याध्ययनतः पदतश्च परिमाणं क्रमेण नवब्रह्मचर्याभिधानाध्ययनात्मकत्वमष्टादशसहस्रपदात्मकत्वम् पदपरिमाणेन च चतुश्चूलिकात्मकद्वितीयश्रुतस्कन्धप्रक्षेपाद्बहुत्वं निशीथाख्यपञ्चमचूलिकाप्रक्षेपाद्बहुतरत्वमनन्तगमपर्यायात्मकतया बहुतमत्वञ्च बोध्यम् । उपक्रमान्तर्गत-समवतारश्चात्रेत्थम्-पञ्चचूलिकार्थो नवसु ब्रह्मचर्याध्ययनेषु तेषां पिण्डितार्थः शस्त्रपरिज्ञायां तदर्थः षट्स्वपि कायेषु षड्जीवनिकायार्थः पञ्चस्वपि व्रतेषु तानि च सर्वद्रव्येषु पर्यायाणाञ्चानन्तभागे समवतारः, प्रथमव्रतस्य षड्जीवनिकायाश्रितत्वाद्द्वितीयचरमव्रतयोः सर्वद्रव्याश्रितत्वात् शेषमहाव्रतानाञ्च तदेकदेशाश्रितत्वान्महाव्रतानां सर्वद्रव्येष्ववतारः, सर्वस्याः संयमस्थानश्रेणेः ज्ञानदर्शनचारित्रपर्यायैः परिपूर्णत्वेन सर्वाकाशानन्तगुणप्रमाणत्वेन व्रतानाञ्च चारित्रमात्रोपयोगित्वात् पर्यायानन्तभागवृत्तित्वमवसेयम् । कस्य कः सार इति चेदित्थम्-

अङ्गानामाचारस्तस्यानुयोगार्थस्तस्य यथास्वं विनियोगस्तस्य चरणं तस्य च निर्वाणं तस्यापि चाव्याबाधस्थितिः सार इति ॥ २ ॥

હવે તેના નિક્ષેપને સૂચવતાં કહે છે -

**સૂત્રાર્થ :- એકાર્થ, પ્રવર્ત્તન, પ્રથમ અંગત્વ, ગણિ, પરિમાણ, સમવતારના સાર વડે ભાવાચારનું વિશેષપણું છે.**

**ભાવાર્થ** :- એક અર્થવાળા પર્યાયવાચી શબ્દો. જેમ આચાર, આગાલ, આકર, આશ્વાસ, આદર્શ, આંગ, આચીર્ણ, આજાત્ય, આમોક્ષ ભાવ આચારના (પર્યાયવાચી શબ્દો છે.) ભાવાચારના (પર્યાયવાચી શબ્દો) એ પ્રમાણે (કહેવાથી) આના વડે નામ-સ્થાપના-દ્રવ્ય આચારોના આ પર્યાયવાચી નથી એ પ્રમાણે કહેલ છે. તે આ પ્રમાણે... આચારના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ચાર પ્રકારનો નિક્ષેપ છે. નામ આચાર, સ્થાપનાચાર તે બે પ્રસિદ્ધ છે. તેમજ જ્ઞશરીર ભવ્યશરીરના લક્ષણરૂપ દ્રવ્યાચાર ભેદ પણ પ્રસિદ્ધ છે. બંનેથી જુદો દ્રવ્યાચાર નામન, ધાવન, વાસન, શિક્ષાપન, સુકરણ આ વિરોધી જે દ્રવ્યો લોકમાં છે તે રૂપ છે. नामनं = નમાવવું. તે દ્રવ્ય બે ભેદે છે. (૧) આચારશીલ, (૨) અનાચારશીલ. નેતરની સોટી વિ.ને નમાવવાના સ્વભાવરૂપે થાય છે, તે રૂપે પરિણમે છે. તે આચારશીલ અને એરંડા વિ. દ્રવ્યને નમાવાતું નથી તે અનાચારશીલ.

धावनं = ધોવું. હળદરથી રંગાયેલા વસ્ત્રને ધોવું તે આચારવત્ કારણ કે સુખપૂર્વક ધોઈ શકાય. (જ્યારે) કીરમજીના રંગથી રંગાયેલું અનાચારવત્ કારણ કે સુખપૂર્વક ધોઈ શકાય (જ્યારે), કીરમજીના રંગથી રંગાયેલું અનાચારવત્ કારણ કે રાખમાંથી પણ રંગ જતો નથી. वासनं = સુગંધિત કરવું. કવેલુક આદિ તે આચારશીલ. સુગંધી ફૂલ આદિ વડે વાસિત કરેલ હોવાથી, ગુલાબી રંગના પુષ્પ આદિ વડે વાસિત કરી શકાતું નથી. વૈડુર્યઆદિ અનાચારશીલ. અશક્યપણું હોવાથી. शिक्षा = પોપટ, મેના આદિ તે આચારવત્, કારણ કે તેને સુખપૂર્વક મનુષ્ય ભાષાદિ શીખવી શકાય છે. કાબર વિ. પક્ષી અનાચારવત્ (ભાષા શીખવી શકાતી નથી.) सुकरणं = સુખપૂર્વક કરી શકાય. (સારી રીતે કરવું.) સુવર્ણ આદિ આચારવત્ કારણ કે તેના કડા આદિ સુખપૂર્વક કરાતા હોવાથી, ઘડો, લોઢું વિ. અનાચારવત્. अविरोधं = વિરોધ વિનાનું. ગોળ, દહીં વિ. આચારવત્ કારણ કે રસવાળા થવાથી ઉપભોગ (ખાવા યોગ્ય) અને ગુણવાળા થવાથી (જ્યારે) તેલ અને દૂધ બેનો વિપર્યાય હોવાથી (વિપરિત દ્રવ્ય.) અનાચારવત્ છે. પાખંડી આદિએ કરેલ પંચરાત્રિ આદિ આચાર તે લૌકિક ભાવાચાર, (અને) જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચારના ભેદથી પાંચ પ્રકારનો આચાર તે અલૌકિક ભાવાચાર. તેમાં જ્ઞાનાચાર પણ (૧) કાલ (૨) વિનય (૩) બહુમાન (૪) ઉપધાન (૫) અનિન્હવ (૬) વ્યંજન (૭) અર્થ (૮) તદુભય (વ્યંજન/અર્થ). એમ આઠ પ્રકારનો છે. દર્શનાચાર - (૧) શંકા રહિત

(૨) ઈચ્છારહિતપણું (૩) જુગુપ્સા રહિત (૪) અમૂઢદૃષ્ટિ (૫) ઉપબૃંહણા (ધર્મની પ્રશંસા) (૬) સ્થિરીકરણ (૭) વાત્સલ્ય (૮) ધર્મપ્રભાવના. એમ આઠ પ્રકારનો છે. ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ એ આઠ પ્રકારનો ચારિત્રાચાર છે. બાર પ્રકારનો તપાચાર છે. (અને) વીર્યાચાર અનેક પ્રકારનો છે. આ પ્રમાણે પાંચ આચારોને જણાવતો ગ્રંથ તે ભાવાચાર છે.

જેનાથી અતિ ગાઢ કર્મ આદિને ચલાયમાન કરાય તે આચાલ... તદુભયવ્યતિરિક્ત દ્રવ્ય (જ્ઞશરીર અને ભવ્ય શરીરથી.) (જુદું દ્રવ્ય) તે દ્રવ્યાચાલ, તે પવન અને ભાવાચાલ તે જ્ઞાનાદિ પાંચ પ્રકારનો છે. આગાલ = સમપ્રદેશમાં રહેવું તે. જ્ઞશરીર, ભવ્યશરીર બંનેથી જુદો તે દ્રવ્ય આગાલ. અહીં પાણી વિ. નીચા પ્રદેશમાં રહે છે તે દ્રવ્ય આગાલ અને જ્ઞાનાચાર આદિ ભાવ આગાલ. રાગાદિ રહિત આત્મામાં રહેવાનું હોવાથી, આકાર = તેમાં આવીને કરે છે તે આકર. (ખોદવાનું) જ્ઞશરીર, ભવ્યશરીરથી ભિન્ન તે દ્રવ્ય આકર. ચાંદીની ખાણ વિ. જ્ઞાનાદિ એ જ ભાવ આકર છે. ત્યાં નિર્જરા આદિ રત્નોનો લાભ હોવાથી. આશ્વાસ = જેમાં આશ્વાસન અપાય છે તે આશ્વાસ. જ્ઞશરીર અને ભવ્યશરીરથી જુદા એવા વહાણ-દ્વીપ આદિ તે દ્રવ્ય આશ્વાસ. જ્ઞાનાચાર આદિ ભાવ આશ્વાસ. આદર્શ = જેમાં દેખાય તે આદર્શ. જ્ઞશરીર અને ભવ્યશરીર તે દ્રવ્ય આદર્શ, દર્પણ વિ. જ્ઞાનાચાર આદિ ભાવ આદર્શ. અંગ = જેનામાં પ્રગટ કરાય તે અંગ. જ્ઞશરીર-ભવ્યશરીરથી ભિન્ન મસ્તક, હાથ, આદિ તે દ્રવ્ય અંગ છે. જ્ઞાનાચાર આદિ ભાવ અંગ કહેવાય છે. આચીર્ણ = સેવવું (ઉપયોગ કરવો) તે આચીર્ણ. તે નામાદિ-છ નિક્ષેપા છે. જ્ઞશરીર અને ભવ્યશરીરથી ભિન્ન સિંહાદિનું ઘાસ વિ. છોડીને માંસ ભક્ષણ કરવું. તે દ્રવ્ય આચીર્ણ. ક્ષેત્ર આચીર્ણ = બાહ્લીક દેશમાં સાથવો અને કોંકણ દેશમાં રાબ પીવાય છે. કાલ આચીર્ણ = રસ સહિત (સુંદર) ચન્દન, કાદવ આદિ. જ્ઞાનાચાર આદિ. ભાવ આચીર્ણ છે. આજાતિ = જેમાં ઉત્પન્ન થાય તે આજાતિ, જ્ઞશરીર, ભવ્યશરીરથી ભિન્ન મનુષ્ય આદિ તે દ્રવ્ય આજાતિ. અને જ્ઞાનાચાર આદિના કારણભૂત આ ગ્રન્થ તે ભાવ આજાતિ. જેમાંથી સર્વથા મૂકાય તે આમોક્ષ. જ્ઞશરીર-ભવ્યશરીરથી ભિન્ન દ્રવ્યાત્મક આમોક્ષ તે બેડી વિ.થી છૂટવું તે અને ભાવ આમોક્ષ તે આઠે કર્મને મૂળમાંથી કાઢવા તે. આ સાધક અને આ જ આચાર છે એ પ્રમાણે...!

તે આ પ્રમાણે ભાવાચારનું કંઈક વિશેષથી એકાર્થ પ્રતિપાદન (બતાવતા.) કરતા હોવાથી... શક્ર, પુરન્દર વિ. શબ્દની જેમ પર્યાયવાચી જાણવા. આ આચાર ભગવાન વડે ક્યારે નિર્માણ કરાયો (સ્થપાયો) એના નિર્ણય માટે પ્રવર્ત્તના દ્વાર વાંચવું. અને તે આચાર અર્થ સર્વે તીર્થંકરોના તીર્થપ્રવર્ત્તનની શરૂઆતમાં જ પહેલેથી હતો, હોય છે અને હશે જ. ત્યાર પછી બીજા અંગના અર્થો કહે છે. ગણધરો વડે પણ આના વડે જ આનુપૂર્વીથી તે સૂત્રરૂપે ગૂંથે છે. (રચના કરે છે.) અહીં મોક્ષના ઉપાયભૂત ચરણ-કરણના જણાવવા વડે પ્રવચનસારપણું હોવાથી અને બીજા અંગ અધ્યયન યોગ્યતા જણાવનાર હોવાથી બાર અંગોમાં આને પ્રથમ અંગ તરીકે કહ્યું છે. બીજા વિશેષ જાણવા યોગ્ય છે. તેમજ આ આચાર ગણિપણાના કારણમાં મુખ્ય ગણિના સ્થાનરૂપ છે.

આના અધ્યયનથી ક્ષાન્તિ આદિ સ્વરૂપ ચરણકરણના અથવા શ્રમણધર્મના જ્ઞાનાદિથી ગણિપણું વિશેષ છે. આના અધ્યયનથી અને પદથી પરિમાણ... ક્રમપૂર્વક નવ બ્રહ્મચર્ય નામ અધ્યયન સ્વરૂપ છે. અને પદનું પ્રમાણ અઢાર હજાર પદ સ્વરૂપ છે. અને પદના પરિમાણ વડે ચોથી ચૂલિકાસ્વરૂપ દ્વિતીય શ્રુતસ્કંધ ઉમેરવાથી અધિકપણું, નિશિથસૂત્રની પાંચમી ચૂલિકા ઉમેરવાથી તેનાથી અધિકતર અને અનંત ગમ-પર્યાયના સ્વરૂપ વડે અધિકતમ થાય છે. (જાણવું)

ઉપક્રમને અંતર્ગત સમાવેશ (સમવતાર) અહીં આ પ્રમાણે છે. પાંચ ચૂલિકાનો અર્થ નવબ્રહ્મચર્યઅધ્યયનમાં તેનો સમુહ અર્થ છે. શસ્ત્રપરિજ્ઞામાં તે અર્થ છ જીવનિકાયમાં સમાવિષ્ટ થાય છે. છ જીવનિકાયનો અર્થ પાંચે વ્રતોમાં અને તેનો (પાંચ મહાવ્રતોનો) સર્વ દ્રવ્યોનાં, સર્વપર્યાયોનાં અનંતમા ભાગે સમાવિષ્ટ થાય છે. પ્રથમ વ્રતના ષડ્જીવનિકાય આશ્રયરૂપ થવાથી બીજા અને છેલ્લા વ્રતોમાં સર્વ દ્રવ્યોને આશ્રયરૂપ હોવાથી અને શેષ મહાવ્રતોનો તેના એક દેશ આશ્રયરૂપ હોવાથી મહાવ્રતોનો સર્વ દ્રવ્યોમાં સમાવેશ છે. સર્વ સંયમસ્થાનની શ્રેણિના જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયો વડે પરિપૂર્ણ હોવાથી સર્વ લોકાકાશના અનંતગુણ પ્રમાણતા વડે અને વ્રતોના અને ચારિત્રને ઉપયોગિપણાથી પર્યાય અનંતમે ભાગે છે એમ જાણવું. કોનો શું સાર છે ? તે જણાવે છે. અંગોનો આચાર. તેનો અનુયોગ અર્થ, તેનો યથાશક્તિ વિનિયોગ, તેનું આચરણ, તેનું નિર્વાણ અને તેની પણ અવ્યાબાધ સ્થિતિ સાર છે એ પ્રમાણે. ॥૨॥

अस्याचारग्रन्थस्य प्रविभागमाह-

**अस्य द्वौ श्रुतस्कन्धावाचारतदग्रभेदात् ॥ ३ ॥**

**अस्येति** आचारश्रुतस्येत्यर्थः, श्रूयते तदिति श्रुतं प्रतिविशिष्टार्थप्रतिपादनफलं वाग्योगमात्रं भगवता निसृष्टमात्मीयश्रवणकोटरप्रविष्टं क्षायोपशमिकभावपरिणामाविर्भाविकारणं श्रुतमित्युच्यते, तत्प्रतिपादकग्रन्थोऽपि श्रुतम्, श्रुतग्रन्थसिद्धान्तप्रवचनाज्ञोपदेशागमादीनि श्रुतैकार्थिकनामानि, स्कन्दति शुष्यति क्षीयते पुष्यते च पुद्गलसंयोगवियोगाभ्यामिति स्कन्धोऽणुसमुदायः, श्रुतरूपौ स्कन्धौ श्रुतस्कन्धो, तथाचाचाररूप एकः श्रुतस्कन्धः आचाराग्ररूपोऽपरः श्रुतस्कन्ध इति भावः । श्रुतस्य चतुर्धा निक्षेपः, तत्र नामस्थापने प्रसिद्धे, आगमतो द्रव्यश्रुतं श्रुतोपयोगेऽवर्त्तमानः श्रुतपदाभिधेयाऽऽचारादिशिक्षावान् । नोआगमतो ज्ञशरीरभव्यशरीरे स्फुटे, उभयव्यतिरिक्तञ्च द्रव्यश्रुतं पत्रकपुस्तकादिलिखितम्, अस्य भावश्रुतसाधनत्वाद्द्रव्यत्वमागमकारणभूतात्माद्यभावान्नोआगमत्वं बोध्यम् । भावश्रुतमपि आगमतो नोआगमतश्च द्विभेदम्, श्रुतपदार्थज्ञस्तत्र चोपयुक्त आगमतो भावश्रुतं श्रुतोपयोगसद्भावात् । नोआगमतस्तल्लौकिकलोकोत्तरभेदेन द्विविधम्, मिथ्यादृष्टिभिः स्वच्छन्दमतिबुद्धि-

विकल्पितं भारतादिकं लौकिकम् । लोकप्रधानैरर्हद्भिः प्रणीतं द्वादशाङ्गं लोकोत्तरम्, अनेनैव च भावश्रुतेनात्राधिकारः । स्कन्धनिक्षेपोऽपि यावद्द्रव्यशरीरं स्फुट एव, उभयव्यतिरिक्तद्रव्यस्कन्धस्तु सचित्ताचित्तमिश्रभेदेन त्रिविधः, तत्राद्यस्तुरगगजकिन्नरकिम्पुरुषादिरूपोऽनेकविधः, तुरगादीनां विशिष्टैकपरिणामपरिणतत्वात्स्कन्धता भाव्या । द्विप्रदेशादिस्कन्धा अचित्तद्रव्यस्कन्धाः । मिश्रश्च हस्त्यश्वरथपदातिसन्नाहखड्गकुन्तादिसमुदायात्मकसेनाया अग्रमध्यपश्चिमस्कन्धरूपोऽनेकविधः, एषु हस्त्यादीनां सचित्तत्वात् खड्ग्रादीनामचित्तत्वात् मिश्रता । यद्वा कृत्स्नाकृत्स्नानेकद्रव्यस्कन्धभेदादुभयव्यतिरिक्तद्रव्यस्कन्धस्त्रिविधः, हयस्कन्धगजस्कन्धादयः कृत्स्नस्कन्धाः, तदन्यबृहत्तरस्कन्धाभावात्, जीवतदधिष्ठितशरीरावयवलक्षण समुदायोऽत्र कृत्स्नस्कन्धत्वेन विवक्षितः । न च हयादिस्कन्धो न कृत्स्नस्कन्धरूपस्तदपेक्षया गजस्कन्धस्य बृहत्तरत्वादिति वाच्यम्, शरीरानुगतजीवस्यासंख्येयप्रदेशात्मकत्वेन समुदायस्यैव चात्र हयादिस्कन्धत्वेन विवक्षणात् सर्वत्र जीवस्यासंख्येयप्रदेशात्मकतया तुल्यत्वात्, यदि जीवप्रदेशपुद्गलसमुदायानां सामस्त्येन वृद्धिर्भवेद्गजादिस्कन्धस्य तदा भवेद्वृद्धिः, तदेव नास्तीति । द्विप्रदेशिकाद्यावदनन्तप्रदेशिकस्कन्धं सर्वे स्कन्धा अकृत्स्नस्कन्धाः, सर्वान्तिमानन्तप्रदेशात्मकस्कन्धं विहाय सर्वेषामकृत्स्नत्वात् । यस्य कस्यचित्स्कन्धस्य नखदन्तकेशादिरूपो देशो जीवप्रदेशैर्विरहितस्तस्यैव च यो देशः पृष्ठोदरचरणादिलक्षणो जीवप्रदेशैर्व्याप्तो देशयोस्तयोर्विशिष्टैकपरिणामपरिणतयोर्देहरूपो यस्समुदायः सोऽनेकद्रव्यस्कन्धः, सचेतनाचेतनानेकद्रव्यात्मकत्वात्, जीवप्रदेशाव्याप्तदेशस्याप्यत्र विवक्षणात् कृत्स्नस्कन्धापेक्षया वैलक्षण्यम् । स्कन्धपदार्थाभिज्ञस्तत्र चोपयुक्तो भावस्कन्ध आगममाश्रित्य । नोआगममाश्रित्य तु प्रस्तुताचाराङ्गस्य नवानामध्ययनानां चूलिकानाञ्च समुदायस्य परस्परसम्बद्धतया यो विशिष्टैकपरिणामस्तेन निष्पन्नः श्रुतस्कन्धो भावस्कन्ध इति ॥ ३ ॥

આ આચાર ગ્રંથના પેટા વિભાગને કહે છે.

**सूत्रार्थ :- આ આચારાંગના બે શ્રુતસ્કંધ છે. આચાર અને આચારાંગના ભેદથી.**

**ભાવાર્થ :-** अस्य = શ્રુતનો આચાર એ પ્રમાણે અર્થ... જે સંભળાય તે શ્રુત. દરેક વિશિષ્ટ અર્થ જણાવનાર માત્ર વચનયોગ છે. પરમાત્માના મુખથી નીકળેલું, પોતાના કાનમાં પ્રવેશેલું, ક્ષાયોપશમિકભાવને, પરિણામને પ્રકટ કરવામાં કારણભૂત તે શ્રુત કહેવાય છે. તેને જણાવનારો ગ્રંથ પણ શ્રુત કહેવાય. શ્રુત, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, ઉપદેશ, આગમ આદિ શ્રુતના એકાર્થિક (પર્યાયવાચી) નામ છે. પુદ્ગલના સંયોગ અને વિયોગથી ગળી જાય છે, સુકાઈ જાય છે, ક્ષય થાય છે, પુષ્ટ થાય છે, પુદ્ગલના સંયોગ વિયોગથી એ પ્રમાણે અણુઓનો સમૂહ તે સ્કંધ

કહેવાય છે. તે શ્રુતસ્વરૂપ સ્કંધ - તે શ્રુતસ્કંધ બે પ્રકારે છે. અને તે આ પ્રમાણે (૧) આચારરૂપ શ્રુતસ્કંધ (૨) આચારના અગ્રસ્વરૂપ શ્રુતસ્કંધ ! શ્રુતના ચાર પ્રકારે નિક્ષેપ છે. તેમાં નામ-સ્થાપના પ્રસિદ્ધ છે. શ્રુતપદના નામ વડે આચારાદિ શીખેલા હોવા છતાં શ્રુત ઉપયોગમાં નહિ વર્તતા હોવાથી આગમથી દ્રવ્યશ્રુતનો આગમથી જ્ઞશરીર અને ભવ્યશરીરમાં પ્રગટ છે. અને ઉભયવ્યતિરિક્ત (બંનેથી રહિત) દ્રવ્યશ્રુત પત્ર, પુસ્તક આદિ લખેલા હોય છે. આનું (દ્રવ્યશ્રુતનું) ભાવશ્રુત સાધન હોવાથી દ્રવ્ય આગમના કારણભૂત હોવાથી આત્માદિના અભાવરૂપનો આગમપણું જાણવું. ભાવશ્રુત પણ આગમથી અને નો આગમથી બે ભેદે છે. શ્રુત (સાંભળેલા) પદાર્થને જાણવા અને તેમાં ઉપયોગ રાખવો તે આગમથી ભાવશ્રુત. શ્રુતના ઉપયોગનો સદ્ભાવ હોવાથી. નો આગમથી ભાવશ્રુતના બે ભેદ (૧) લૌકિક (૨) અલૌકિકના ભેદથી. મિથ્યાદષ્ટિઓ વડે સ્વચ્છંદ મતિયુક્ત બુદ્ધિથી કલ્પેલું જે ભારત આદિ તે લૌકિક. લોકમાં પ્રધાન એવા અરિહંત ભગવાન વડે સિદ્ધ કરાયેલ (બનાવેલું) દ્વાદશાંગી તે લોકોત્તર. અને આ ભાવશ્રુત વડે અહીં અધિકાર છે. (આચારાંગમાં) સ્કંધના નિક્ષેપમાં પણ ભવ્યશરીર સુધી પ્રગટ જ છે. ઉભયવ્યતિરિક્ત દ્રવ્યસ્કંધ સચિત્ત-અચિત્ત અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં સચિત્ત (દ્રવ્યસ્કંધ) ઘોડા, હાથી, કિન્નર, કિંપુરૂષ આદિ સ્વરૂપ અનેક પ્રકારનો. ઘોડા આદિને એક વિશિષ્ટ પરિણામ પરિણત હોવાથી તેઓમાં સ્કંધતા જાણવી... દ્વિપ્રદેશ આદિ સ્કંધને અચિત્ત દ્રવ્યસ્કંધ અને હાથી, ઘોડા, રથ, સૈનિક, લશ્કર, તલવાર, ભાલા આદિના સમુદાય સ્વરૂપ સેનાના આદિ, મધ્યમ અને છેલ્લા સ્કંધસ્વરૂપ મિશ્રસ્કંધ અનેક પ્રકારનો છે. આમાં હાથી આદિનું સચિત્તપણું અને તલવાર આદિનું અચિત્તપણું હોવાથી મિશ્રતા છે.

જ્યારે કૃત્સ્ન, અકૃત્સ્ન અનેક દ્રવ્યસ્કંધના ભેદથી ઉભયવ્યતિરિક્ત દ્રવ્યસ્કંધ ત્રણ પ્રકારે છે. અશ્વસ્કંધ, ગજસ્કંધ આદિ કૃત્સ્નસ્કંધો, તેથી બીજા મોટા સ્કંધનો અભાવ હોવાથી. જીવ તેમાં રહેલ હોવાથી શરીરના અવયવના લક્ષણના સમૂહરૂપ અહીં કૃત્સ્નસ્કંધ વડે વિવક્ષિત કરાયેલ છે. અશ્વ આદિની અપેક્ષાએ ગજસ્કંધનું બૃહત્તરપણું (મોટાપણું) હોવા છતાં અશ્વાદિસ્કંધ કૃત્સ્નસ્કંધ નથી એમ ન કહેવું. કારણ કે અહીં શરીરમાં રહેલ જીવના અસંખ્ય આત્મપ્રદેશ વડે અને અશ્વાદિ સ્કંધપણા વડે સમુદાયની જ વિવક્ષા હોવાથી અને સર્વત્ર જીવના અસંખ્ય આત્મપ્રદેશ વડે તુલ્યતા હોવાથી. (અશ્વાદિ સ્કંધ કૃત્સ્નસ્કંધ નથી એમ ન કહેવું.) જો જીવપ્રદેશ અને પુદ્ગલના સમુદાયનું સામ્યપણું હોવાથી વૃદ્ધિ થાય તો ગજાદિસ્કંધની પણ વૃદ્ધિ થાત. પણ તેવું નથી જ. દ્વિપ્રદેશીક આદિની જેમ અનંતપ્રદેશિક સ્કંધને સર્વે સ્કંધો અકૃત્સ્નસ્કંધો છે, સર્વ છેલ્લા અનંત આત્મપ્રદેશ સ્વરૂપ સ્કંધને છોડીને સર્વેના અકૃત્સ્નપણું હોવાથી, (કૃત્સ્ન સ્કંધ કહેવાશે.) જેનો કોઈક સ્કંધનો નખ-દાંત-વાળ આદિરૂપ દેશ જીવપ્રદેશ વડે રહિત છે તેનું અને જે દેશ પીઠ, ઉદર, પગ આદિ લક્ષણો જીવપ્રદેશથી વ્યાપ્ત છે તે તે બે દેશનાં વિશિષ્ટ પરિણામથી પરિણત દેહરૂપ જે સમુદાય તે અનેક દ્રવ્ય સ્કંધ. તે સચેતન, અચેતન અને અનેક દ્રવ્યાત્મકપણે હોવાથી, જીવપ્રદેશથી રહિત

દેશની પણ વિવક્ષા હોવાથી કૃત્સ્નસ્કંધની અપેક્ષાથી ભિન્નતા છે. આગમને આશ્રયીને સ્કંધ પદાર્થના જ્ઞાતા અને (તેના જ્ઞાનમાં) ઉપયોગવાળા તે ભાવસ્કંધ (કહેવાય) છે. નો આગમ આશ્રયીને તો પ્રસ્તુત આચારાંગના નવમા અધ્યયનની ચૂલિકાના અને સમુદાયનો પરસ્પર સંબંધ હોવાથી જે વિશિષ્ટ પરિણામ, તેના વડે ઉત્પન્ન શ્રુતસ્કંધ તે ભાવસ્કંધ છે. એ પ્રમાણે. ॥૩॥

अथाद्यश्रुतस्कन्धाध्ययनान्याह–

**शस्त्रपरिज्ञालोकविजयशीतोष्णीयसम्यक्त्वलोकसारधूतमहापरिज्ञाविमोक्षोपधानश्रुतभेदाद्ब्रह्मचर्यश्रुतस्कन्धस्याद्यस्य नवाध्ययनानि ॥ ४ ॥**

**शस्त्रपरिज्ञेति,** शस्यन्ते हिंस्यन्तेऽनेन प्राणिन इति शस्त्रं खड्गादि, तस्य जीवशंसनहेतोः परिज्ञा, ज्ञानपूर्वकं प्रत्याख्यानं यत्रोच्यते सा शस्त्रपरिज्ञा जीवास्तित्वतद्धिंसादिपरिहारप्रतिपादनपरा । शस्त्रनिक्षेपे व्यतिरिक्तं द्रव्यशस्त्रं खड्गाद्यग्निविषादिकम् । भावशस्त्रं दुष्प्रयुक्तमन्तःकरणं वाक्कायौ विरत्यभावश्च, जीवोपघातकारित्वात् । द्रव्यपरिज्ञा च ज्ञपरिज्ञा प्रत्याख्यानपरिज्ञेति द्विविधा, उभयविधापि आगमनोआगमभेदद्वयवती, आगमतो ज्ञाताऽनुपयुक्तः । नोआगमतो ज्ञशरीरभव्यशरीरोभयव्यतिरिक्तभेदतस्त्रिधा, उभयव्यतिरिक्ता ज्ञपरिज्ञा च यो यत्सचित्तादि द्रव्यं जानीते सा परिच्छेद्यद्रव्यप्राधान्याद्द्रव्यपरिज्ञा । उभयव्यतिरिक्तप्रत्याख्यानपरिज्ञापि देहोपकरणपरिज्ञानम्, उपकरणं रजोहरणादि, साधकतमत्वात् । भावपरिज्ञा द्विविधा ज्ञपरिज्ञा प्रत्याख्यानपरिज्ञा चेति, आगमतस्तु पूर्ववत्, नोआगमतो ज्ञपरिज्ञा ज्ञानक्रियारूपमिदमेवाध्ययनम् । प्रत्याख्यानपरिज्ञा च मनोवाक्कायकृतकारितानुमतिभेदात्मिका प्राणातिपातनिवृत्तिः । भावलोकस्य रागद्वेषलक्षणस्य विजयो निराकरणं यत्राभिधीयते स लोकविजयः, शब्दादिविषयलोकस्य वा विजयस्य प्रतिपादनपरः । शीतञ्चोष्णञ्च शीतोष्णे ते अधिकृत्य कृतमध्ययनं शीतोष्णीयं शीतोष्णादिस्पर्शजनितवेदनादिप्रतिपादकपरम् । तत्त्वार्थश्रद्धानरूपसम्यक्त्वदार्ढ्यप्रतिपादनपरमध्ययनं सम्यक्त्वम् । चतुर्दशरज्ज्वात्मकस्य लोकस्य सारः परमार्थस्तत्प्रतिपादकमध्ययनं लोकसारः । धूतं सङ्गानां त्यजनं तत्प्रतिपादकमध्ययनं धूतम् । महती प्रतिज्ञा अन्तःक्रियालक्षणा सम्यग्विधेया यत्र प्रतिपाद्यते तदध्ययनं महापरिज्ञा, अध्ययनमिदं सम्प्रति व्यवच्छिन्नमतो नोच्यते । विमोक्षः परित्यागोऽसमनोज्ञाकल्पिकादीनां तत्प्रतिपादकमध्ययनं विमोक्षः । उप मोक्षं प्रति सामीप्येन दधातीत्युपधानं महावीरासेवितस्योपधानस्य तपसः प्रतिपादकं श्रुतं ग्रन्थ उपधानश्रुतमेतेषां द्वन्द्वः, तान्येव भेदो विशेषस्तस्मादाद्यस्य प्रथमश्रुतस्कन्धस्याध्ययनानि नव भवन्ति, आद्यस्य पर्यायान्तरमाह–

ब्रह्मचर्यश्रुतस्कन्धस्येति, नवस्वप्यध्ययनेषु कुशलानुष्ठानरुपब्रह्मचर्यस्य प्रतिपादनादाचाराङ्ग-प्रथमश्रुतस्कन्धस्य ब्रह्मचर्यसंज्ञेति भावः । अध्ययनानीति, विशिष्टार्थध्वनिसन्दर्भरूपाणीत्यर्थः, अधिगम्यन्ते परिच्छिद्यन्तेऽर्था जीवादय एभिरित्यध्ययनानीति व्युत्पत्तेरिति । सूत्रेणानेन अध्ययनानामन्वर्थाभिधानप्रतिपादकेनोपक्रमान्तर्गतार्थाधिकारः सूचितः, तत्र प्रथमाध्यायस्य सप्तोद्देशाः, प्रथमोद्देशे सामान्यतो जीवास्तित्वमभिधीयते, शेषेषु षट्सु विशेषेण पृथिवी-कायाद्यस्तित्वं सर्वेषां चान्ते बन्धस्य विरतेश्च प्रतिपादनमिति उद्देशार्थाधिकारोऽपि विज्ञेयः ॥४॥

હવે પહેલા શ્રુતસ્કંધના અધ્યયનોને કહે છે.

**સૂત્રાર્થ :- શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, લોકસાર, ધૂત, મહાપરિજ્ઞા, વિમોક્ષ, ઉપધાન, શ્રુતના ભેદથી પહેલા બ્રહ્મચર્ય શ્રુતસ્કંધના નવ અધ્યયનો છે.**

**ભાવાર્થ :-** આના વડે પ્રાણીની હિંસા કરાય છે તે ખડ્ગ આદિ શસ્ત્ર કહેવાય છે. તે જીવના વધના હેતુનું જ્ઞાન. (પરિજ્ઞા). જેમાં જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન કહેવાય છે તે શસ્ત્રપરિજ્ઞા જીવાસ્તિ (જીવના અસ્તિત્વ)ની હિંસાદિના નિષેધને પ્રતિપાદન કરનાર છે. શસ્ત્ર નિક્ષેપમાં વ્યતિરિક્ત દ્રવ્યશસ્ત્ર તલવાર, અગ્નિ, વિષ આદિ છે. ભાવશસ્ત્ર તે દુષ્ટ ધ્યાનરૂપ મન તેમજ વાણી-કાયાની વિરતિનો અભાવ (અવિરતિ) જીવનો ઉપઘાત કરનાર હોવાથી (ભાવશસ્ત્ર) દ્રવ્યપરિજ્ઞા બે પ્રકારે. (૧) જ્ઞપરિજ્ઞા (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા. બંને પ્રકાર પણ આગમ-નો આગમભેદથી બે પ્રકારે. આગમથી શસ્ત્ર પરિજ્ઞાનો જાણકાર છતાં ઉપયોગ રહિત હોય. નો આગમથી ત્રણ પ્રકારે (૧) જ્ઞશરીર (૨) ભવ્યશરીર (૩) ઉભયવ્યતિરિક્તના ભેદથી. ઉભયવ્યતિરિક્ત જ્ઞપરિજ્ઞા, જે સચિત્ત આદિ દ્રવ્યને જાણે છે તે છેદીને દ્રવ્યનું પ્રાધાન્યપણું તે દ્રવ્ય પરિજ્ઞા. ઉભયવ્યતિરિક્ત પ્રત્યાખ્યાન પરિજ્ઞા તે પણ દેહ-ઉપકરણનું ચારે તરફનું જ્ઞાન, ઉપકરણ, રજોહરણાદિ, સાધકપણું માનેલ હોવાથી. ભાવપરિજ્ઞા બે પ્રકારની, જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એ પ્રમાણે. આગમથી પૂર્વની જેમ. નો આગમથી જ્ઞપરિજ્ઞા તે જ્ઞાન-ક્રિયાસ્વરૂપ આ જ અધ્યયન અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા મન-વચન-કાયાથી કરવું-કરાવવું અનુમોદનરૂપ પ્રાણાતિપાતથી નિવૃત્તિ. (અટકવું). રાગ-દ્વેષના લક્ષણરૂપ ભાવલોકનો વિજય તેનું સ્વરૂપ જેમાં જણાવાયું છે. તે લોકવિજય - શબ્દાદિ વિષય લોકનો અથવા વિજયના પ્રતિપાદન સ્વરૂપ છે. શીત-ઉષ્ણ અને શીતોષ્ણને આગળ કરીને કરેલું અધ્યયન શીતોષ્ણીય અધ્યયન. શીત-ઉષ્ણાદિ સ્પર્શથી ઉત્પન્ન વેદનાદિ પ્રતિપાદન કરનાર છે. જીવાદિ નવતત્ત્વોની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ. તેની દૃઢતાને જણાવનાર શ્રેષ્ઠ અધ્યયન તે સમ્યક્ત્વ અધ્યયન છે. ચૌદ રાજલોક પ્રમાણ લોકનો સાર. તેના પરમાર્થને જણાવનાર અધ્યયન તે લોકસાર. બાહ્ય સંગનો ત્યાગ કરવો તેનું પ્રતિપાદન કરનાર અધ્યયન તે ધૂત અધ્યયન. આંતરિક ક્રિયારૂપ મોટી પ્રતિજ્ઞા સારી રીતે જેમાં જણાવાઈ છે તેનું પ્રતિપાદન કરનાર (જણાવનાર.)

અધ્યયન તે મહાપરિજ્ઞા અધ્યયન. આ અધ્યયન હમણાં વિચ્છેદ પામેલું હોવાથી તેનું વર્ણન કરતા નથી. અમનોજ્ઞ (અસુંદર) અને અકલ્પ્ય આદિનો ત્યાગ. તેનું પ્રતિપાદન કરનાર અધ્યયન તે વિમોક્ષ અધ્યયન. उप = નજીક, મોક્ષની નજીક આત્માને સ્થાપન કરે તે ઉપધાન... શ્રી મહાવીરસ્વામી વડે કરાયેલું. (સેવાયેલું) ઉપધાન. અર્થાત્ તપને પ્રતિપાદ કરનાર શ્રુત = ગ્રન્થ તે ઉપધાનશ્રુત. આનો દ્વન્દ્વ સમાસ છે. તેના ભેદો વિશેષ હોવાથી પહેલા શ્રુતસ્કંધના અધ્યયનો નવ છે. પહેલાના પર્યાય અંતરને કહે છે. બ્રહ્મચર્ય શ્રુતસ્કંધના નવે અધ્યયનોને વિષે મોક્ષ (કુશલ.)ના અનુષ્ઠાન (કારણ)રૂપ બ્રહ્મચર્ય (બ્રહ્મ = આત્મા, ચર્ય = તેમાં રમણતા.)નું વર્ણન હોવાથી આચારાંગનું પહેલું શ્રુતસ્કંધ બ્રહ્મચર્યની સંજ્ઞાને પામ્યું છે. (બ્રહ્મચર્ય શ્રુતસ્કંધ નામ છે.) એ પ્રમાણે અધ્યયનો એટલે વિશિષ્ટ અર્થ, શબ્દ, સંદર્ભ સ્વરૂપ હોય તે. આનાથી જીવાદિ પદાર્થોનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે અધ્યયનોની વ્યુત્પત્તિ અર્થ છે. આ સૂત્ર વડે (ચોથા) અધ્યયનોના પરસ્પર સંબંધપૂર્વકના ક્રમને અનાર્ગત અર્થાધિકાર જણાવાયો છે. તેમાં પ્રથમ અધ્યાયના સાત ઉદ્દેશા. પ્રથમ ઉદ્દેશામાં સામાન્યથી જીવ અસ્તિત્વને જણાવાયેલ છે. બાકીના છમાં વિશેષથી પૃથિવીકાય આદિ અસ્તિત્વને અને સર્વેના અંતે બંધ અને વિરતિનું પ્રતિપાદન છે એ પ્રમાણે ઉદ્દેશાર્થરૂપ અધિકાર જાણવો. ॥૪॥

तत्र शस्त्रपरिज्ञां स्फुटीकर्तुमाह—

**केचिदिह नोसंज्ञिनः प्रज्ञापकभावदिगागमनावेदनात् ॥ ५ ॥**

**केचिदिति,** प्रथमोद्देशार्थाधिकारानुसारेण नोसंज्ञिन इति विधेयानुसारेण वा केचित्पदेन प्राणिनां ग्रहणम् तथा च ज्ञानावरणीयावृताः केचित्प्राणिन इत्यर्थः, इह-संसारे, नोसंज्ञिन इति, नोसंज्ञा-प्रतिविशिष्टसंज्ञानिषेधोऽस्त्येषामिति नोसंज्ञिनः प्रतिविशिष्टसंज्ञाविधुराः, एवञ्च नोशब्देन केषाञ्चिज्ज्ञानरूपा संज्ञा न जायत इति देशस्यैव निषेधो न संज्ञामात्रस्य, सर्वप्राणिनामाहारादिदशसंज्ञायाः शास्त्रे प्रतिपादनादिति भावः । संज्ञानिक्षेपश्चतुर्विधः, उभयव्यतिरिक्तद्रव्यसंज्ञा सचित्ताचित्तमिश्रभेदतस्त्रिधा, सचित्तेन हस्तादिनाऽचित्तेन ध्वजादिना मिश्रेण प्रदीपादिना पानभोजनादिसंज्ञाः भाव्याः संज्ञानं संज्ञाऽवगम इति कृत्वा । ज्ञानसंज्ञाऽनुभवनसंज्ञा चेति भावसंज्ञा द्विविधा, मतिज्ञानादिपञ्चविधा ज्ञानसंज्ञा, स्वकृतकर्मोदयादिसमुत्थाऽनुभवसंज्ञा च आहारभयपरिग्रहमैथुनसुखदुःखमोहविचिकित्साक्रोधमानमायालोभशोकलोकधर्मौघसंज्ञाभेदेन षोडशधा भवति, प्रकृते च ज्ञानसंज्ञया विचारः । केषाञ्चिन्न सा संज्ञेत्यत्र हेतुमाह प्रज्ञापकेति, प्रज्ञापिका भावरूपाश्च या दिशस्ताभ्य आगमनस्य स्वयमवेदनादित्यर्थः, प्रज्ञापको व्याख्याता तदाश्रयेण या दिक् सा प्रज्ञापकदिक् प्रज्ञापको यस्या दिशोऽभिमुखस्तिष्ठति सा पूर्वा, शेषास्त्वाग्नेय्यादिका दिशो नियमात्तस्यैव प्रज्ञापकस्य प्रदक्षिणातोऽनुगन्तव्याः, ताश्च

दिग्विदिक्तदन्तरालरूपा ऊर्ध्वाधोरूपाश्चेत्यष्टादशविधाः । सम्मूर्छनकर्मभूम्यकर्मभूम्यन्तरद्वीपजा मनुष्या द्वित्रिचतुःपञ्चेन्द्रियास्तिर्यञ्चः पृथिव्यप्तेजोवायुकायिका अग्रमूलस्कन्धपर्वबीजास्तथा देवनारका इत्यष्टादशभावैर्भवनात्तथाविधा जीवा भावदिशः, आभिरत्र प्रज्ञापकभावदिग्भिरधिकारः । तथाचाहममुष्या दिशः पूर्वस्या दक्षिणायाः पश्चिमाया उत्तराया वा समागतोऽस्मि पूर्वस्मिन् जन्मन्यहं किं देव आसं मनुष्यो वा तिर्यङ् वा नारको वा, मृत्वा चास्माज्जन्मान्तरे किं देवो वा मनुष्यो वा तिर्यङ् वा नारको वा भविष्यामीत्यादिप्रज्ञापकभावदिगागमनादिपरिज्ञानं केषाञ्चिन्न जायते ज्ञानावरणीयकर्मप्रभावात्, यथा कोऽपि मदिरातिपानमदघूर्णितलोललोचनोऽव्यक्तमनोविज्ञानो रथ्यामार्गनिपतितः केनचिद्गृहमानीतो मदात्यये कुतोऽहमागत इति न जानाति तथायमपीति भावार्थः ॥ ५ ॥

હવે શસ્ત્રપરિજ્ઞાને પ્રગટ કરવા માટે કહે છે.

**સૂત્રાર્થ :- કેટલાક પ્રજ્ઞાપક ભાવદિશામાંથી કઈ દિશામાંથી મારૂં આગમન થયું તે જાણકારી નથી તેથી તેવા જીવો નોસંજ્ઞી છે.**

**ભાવાર્થ :-** પહેલા ઉદ્દેશના અર્થના અધિકાર અનુસાર 'नो संज्ञिनः' એ પ્રમાણે વિધેયના અનુસારથી અથવા 'केचित्' પદથી પ્રાણિઓનું ગ્રહણ છે. અને તે જ્ઞાનાવરણીય કર્મથી આવૃત્ત છે. તે કેટલાક પ્રાણિઓ એ પ્રમાણે અર્થ છે. અહીં સંસારમાં નોસંજ્ઞિનઃ (નો સંજ્ઞા) પદથી પ્રતિવિશિષ્ટ સંજ્ઞાનો જેઓને નિષેધ છે તે નોસંજ્ઞિ. પ્રતિવિશિષ્ટ સંજ્ઞાથી રહિત જીવો લેવા. અને નોશબ્દથી કેટલાકને જ્ઞાનસ્વરૂપ સંજ્ઞા નથી એ પ્રમાણે દેશથી જ નિષેધ છે. સંજ્ઞામાત્રનો નિષેધ નથી. સર્વ પ્રાણીઓને આહાર આદિ દશ સંજ્ઞાઓનું પ્રતિપાદન હોવાથી એ પ્રમાણે ભાવ છે. સંજ્ઞાનિક્ષેપ ચાર પ્રકારનો છે. ઉભયવ્યતિરિક્ત દ્રવ્યસંજ્ઞા સચિત્ત, અચિત્ત, મિશ્રના ભેદથી ત્રણ પ્રકારની છે. સચિત્ત તે હાથ આદિ વડે, અચિત્ત તે ધજા આદિ વડે અને મિશ્ર તે દીપાદિ વડે. ખાવું-પીવું વિ. સંજ્ઞા વિચારથી. संज्ञानं સમ્યગ્જ્ઞાનને સંજ્ઞા એ પ્રમાણે કરીને (વ્યાખ્યા) જાણવી... ભાવસંજ્ઞા - (૧) જ્ઞાન સંજ્ઞા અને (૨) અનુભવ સંજ્ઞા એમ બે પ્રકારે છે. મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારની (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન) જ્ઞાન સંજ્ઞા છે. પોતે કરેલા કર્મના ઉદયથી ઉત્પન્ન થતી સંજ્ઞા-અનુભવ સંજ્ઞા અને તે આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, સુખ, દુઃખ, મોહ, વિચિકિત્સા (સંદેહ), ક્રોધ, માન, માયા, લોભ, શોક, લોક, ધર્મ અને ઓઘ એ પ્રમાણે ૧૬ પ્રકારે (અનુભવ સંજ્ઞા) છે. જ્ઞાન સંજ્ઞાનો વિચાર છે. કેટલાક જાણકારો અહીં તે સંજ્ઞા નથી એના કારણને જણાવતાં કહે છે કે, જે જાણકારોની ભાવરૂપ દિશા, તેનાથી આગમનનું વેદન સ્વયંને નહીં હોવાથી (જાણ નહીં હોવાથી) એ પ્રમાણે. જાણકારો અને વ્યાખ્યાતાઓની જે દિશા તે પ્રજ્ઞાપક દિશા. પ્રજ્ઞાપક જે દિશા સન્મુખ ઉભો રહે છે તે પૂર્વ (પૂર્વદિશા). બાકીની આગ્નેયી વિ.

દિશા (અગ્નિ ખૂણો) નિશ્ચે તે પ્રજ્ઞાપકની પ્રદક્ષિણાથી (જમણી દિશાથી જાણવી અને તે દિશા-વિદિશા અંતરાલસ્વરૂપ છે. (વચ્ચે રહેલી છે.) ઉર્ધ્વ અને અધોરૂપ ૧૮ દિશા સમજવી. (અહીં શીલાંકાચાર્યકૃત ટીકાના આધારે ૧૮ દિશાના નામ - પૂર્વ પૂર્વદક્ષિણ, દક્ષિણ, દક્ષિણ પશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમ ઉત્તર, ઉત્તર, ઉત્તરપૂર્વ, સામુત્થાણી, કપિલા, ખેલિજ્જા, અહિધર્મા, પર્યાધર્મા, સાવિત્રિ, પ્રજ્ઞા, વિત્રિ તેમજ ઉર્ધ્વ અને અધો એમ ૧૮ પ્રજ્ઞાપક દિશા છે.) સમૂર્ચ્છન, કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતરદ્વીપમાં થયેલા મનુષ્યો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાય આદિ. અગ્ર, મૂલ, સ્કંધ, પર્વબીજો તથા દેવ-નારકો એ પ્રમાણે ૧૮ પ્રકાર વડે હોવાથી તેવા પ્રકારના જીવો ભાવદિશા જાણવી. અહીં પ્રજ્ઞાપકની ભાવદિશા વડે આ અધિકાર જાણવો. અને તે આ પ્રમાણે (કહે છે.) હું આ દિશા પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાંથી આવ્યો છું. અથવા પૂર્વજન્મમાં હું શું દેવ હતો? મનુષ્ય, તિર્યંચ કે નારક હતો? અને આ જન્મથી મરીને જન્માંતરમાં હું શું દેવ-મનુષ્ય-તિર્યંચ અથવા નારક થઈશ? એ પ્રમાણે પ્રજ્ઞાપકની ભાવદિશાના આગમન આદિ જ્ઞાનને કેટલાક જ્ઞાનાવરણીય કર્મના પ્રભાવથી જાણતા નથી. જેમ કોઈ મદિરાના અતિપાનથી ચક્કર આવવાથી, બેશુદ્ધ અને ચપલ નેત્રવાળો મનોવિજ્ઞાનને નહીં જાણતો શેરીના માર્ગમાં પડેલો કોઈકે ઘરે લાવેલો મદ ઉતરી જતાં હું ક્યાંથી આવ્યો એ પ્રમાણે જાણતો નથી, તે પ્રમાણે અહીં પણ ભાવાર્થ છે. ॥૫॥

ननु विशिष्टसंज्ञानिषेधस्तदोपपत्स्यते सामान्यसंज्ञावद्धर्मी प्रमाणपथमारूढो यदा भवेत, तत्रैव मानं न पश्यामः, न हि स प्रत्यक्षगम्यः, स्वभावतो विप्रकृष्टत्वेनातीन्द्रियत्वात्, अत एव तदव्यभिचारिकार्यादिहेतुसम्बन्धग्रहणासम्भवान्नानुमानगम्यः, नाप्युपमानगम्यः, तस्यातीन्द्रियत्वेन सामान्यग्रहणासम्भवात्, न वाऽऽगमवेद्यः, तेन सह पदशक्तिग्रहासम्भवात्, नाप्यर्थापत्त्या, तमन्तरेण सकलार्थोपपत्तेः, एवञ्चानुपलब्धिविषयत्वात्तदभाव एव सिद्ध्यतीत्याशङ्कायामाह-

**अस्त्यात्माऽसाधारणाहम्प्रत्ययात् ॥ ६ ॥**

**अस्तीति,** तथा चात्मनि प्रमाणं नास्तीति न, किन्तु प्रत्यक्षेणाहम्प्रत्ययेन स विषयीक्रियत इति गावः । न ह्ययमहम्प्रत्ययो लिङ्गजश्शब्दजो वा, तदनुसन्धानमन्तरेणापि जायमानत्वात्, एवञ्चात्मा प्रत्यक्षविषयः, तद्गुणस्य ज्ञानस्य स्वसंवित्तिसिद्धत्वात्, विषयव्यवस्था हि स्वसंवेदननिष्ठा घटपटादीनामपि रूपादिगुणप्रत्यक्षादेवाध्यक्षविषयत्वमिति तत्सिद्धिरनुमानादपि । ननु शरीरादिविषय एवाहम्प्रत्ययो भवत्वित्याशङ्कायामुक्तमसाधारणेति, यदि ह्यहम्प्रत्ययः पृथिव्यादौ भवेत् तर्ह्यहं पृथिवी अहमाप इत्याद्याकारः प्रत्ययो भवेत्, न चैवम्, न च सामान्यतो मा भूत्, विशेषतस्तु गौरोऽहं कृष्णोऽहमिति भवत्येवेति वाच्यम्, अहङ्कारस्य प्रतिसन्धातृविषयत्वात्, शरीरस्य च भेदेनाप्रतिसन्धातृत्वात् भवति हि प्रतिसन्धानं योऽहं

सुखसाधनं स्रक्चन्दनादिकमुपलभ्य तदुपादित्सुः प्रयतमानस्तदुपात्तवान् सोऽहं सुखी, येऽहं दुःखसाधनमहिकण्टकादिकमुपलभ्यापि न परिहृतवान् सोऽहं दुःखीत्यादिरूपम् । विरुद्ध्यते चैतदनेकाश्रितत्वे, चैत्रमैत्रसुखादिषु तद्दर्शनात्, शरीराणाञ्च प्रत्यहं परिणतिभेदेन भिन्नत्वात् । न च यथाऽहं गौरः स्थूलो ह्रस्व ओसं सोऽहमिदानी श्यामः कृशो दीर्घ इति शरीरगुणा अपि प्रतिसन्धीयन्त एवेति वाच्यम्, तस्य भ्रान्तत्वात् । प्रकृतमपि प्रतिसन्धानं भ्रान्तमिति चेन्न, स्मर्तुरभ्रान्तेः, अन्येन दृष्टस्यान्येन स्मरणासम्भवात्, अन्यथाऽतिप्रसङ्गात् । किञ्च ज्ञानस्य शरीरधर्मत्वे तत परैरपि प्रत्यक्षेण गृह्येत, ये हि प्रत्यक्षविषयाश्शरीरगुणास्ते स्वेनेव परैरपि गृह्यन्ते यथा रूपादयः, ज्ञानन्तु प्रत्यक्षमपि सन्न परप्रत्यक्षग्राह्यं तस्मान्न शरीरगुणः, ततोऽन्यस्य गुणेनैतेन भाव्यं स एवात्मा । किञ्चैवं भूतचैतन्यवादी प्रष्टव्यः पञ्चभूतात्मके शरीरे किं सर्वाणि चेतयन्ते किं वैकमिति, आद्ये सर्वेषां समत्वात् परस्परमसम्बन्धापत्तिः । द्वितीये त्वितरेण विनापि लोष्टादिपृथिव्यादेश्चैतन्यं स्यात् न हि तस्य चैतन्येऽन्यदपेक्षणीयमस्ति तथा च येयं शरीरगता पृथिवी सा न चेतयते पृथिवीत्वाल्लोष्टवदित्यनुमानम्, एवं जलादावपि, तत् कथं समुदायस्य चैतन्यं भवेत् । तथा व्यतिरेकबुद्धिरपि दृश्यते ममेदं शरीरं कृशमिति षष्ठ्याऽस्मदर्थस्य शरीरव्यतिरेकात्, शरीरस्य च परविषयेदङ्कारास्पदत्वात्, अभेदावगमस्य च संसर्गदोषवशेन भ्रान्त्याप्युपपत्तेः, पूर्वाभ्यस्तस्मृत्यनुबन्धेन च विना जातस्य हर्षभयशोक-सम्प्रतिपत्त्यनुपपत्तेः । जातिस्मराश्च केचिदद्यत्वेऽपि देहान्तररहोवृत्तं वृत्तान्तं सम्बोधयन्त उपलभ्यन्त इत्युपलब्धिसिद्धः शरीरात्मनोर्भेदः । यद्यपि चानेन प्रकारेण शरीरात्मनोर्विस्पष्टो भेदो न सिद्ध्येत्तथापि तावदभेदोऽपि न विस्पष्टः किन्तु कथञ्चिद्भेदाभेद एवेति । एवं योऽहं रूपमद्राक्षं सोऽहं स्पृशामीति, योऽहमग्रहीषं सोऽहं स्मरामीतीन्द्रियाभावेऽपि प्रत्यभिज्ञानादेको ज्ञाता इन्द्रियादिव्यतिरिक्तः सिद्धः । हेयोपादेयपरिहारोपादानप्रवृत्त्या च परात्मसिद्धिः । एवं भगवत्प्रणीतागमेनैव विशिष्टसंज्ञानिषेधद्वारेणाहमित्यात्मोल्लेखिप्रत्यये न चात्मसिद्धिर्भाव्या, नान्यागमेन, तस्यानाप्तप्रणीतत्वेनाप्रामाण्यात् । एवमशीत्युत्तरशतभेदा क्रियावादाः चतुर-शीतिविकल्पा अक्रियावादाः सप्तषष्टिभेदा अज्ञानिकवादा द्वात्रिंशद्भेदा वैनयिकवादाश्च निराकर्त्तव्या इति ॥ ६ ॥

શંકા - અહીં વિશેષ સંજ્ઞાનો નિષેધ કરાયો છે તે ત્યારે યોગ્ય ગણાશે, જયારે સામાન્ય સંજ્ઞાવાળો ધર્મી સિદ્ધાંતના માર્ગ ઉપર આરૂઢ થાય. તેમાં પ્રમાણ દેખાતું નથી. પ્રત્યક્ષ પણ જણાતું *નથી. સ્વભાવથી અતિન્દ્રિયપણું હોવાથી દૂરપણાથી (સ્વાભાવિક રીતે દૂરપણાથી) આથી જ તે*

અવ્યભિચાર કાર્ય આદિ હેતુ. સંબંધગ્રહણનો અસંભવ હોવાથી અનુમાનગમ્ય પણ નથી, સામાન્ય ગ્રહણનો અસંભવ હોવાથી અને અતિન્દ્રિયપણું હોવાથી ઉપમાનગમ્ય પણ નથી. તેની સાથે પદશક્તિગ્રહણનો અસંભવ હોવાથી તે આગમવેદ્ય નથી. તેની પછી સઘળા અર્થની ઉપપત્તિ હોવાથી, અર્થાપત્તિથી પણ નથી જણાતું. એ પ્રમાણે અનુપલબ્ધિવિષયપણાથી તેનો અભાવ જ સિદ્ધ થાય છે એ પ્રમાણેની આશંકામાં કહે છે.

**સૂત્રાર્થ :- અસાધારણ अहम् પ્રત્યયથી આત્મા છે.....॥६॥**

**ભાવાર્થ :-** વળી, આત્માનું પ્રમાણ નથી એવું નથી, પરંતુ તે अहम् પ્રત્યયવડે પ્રત્યક્ષપણે વિષયભૂત કરાય છે. એ પ્રમાણેનો ભાવ છે. अहम् પ્રત્યય લિંગથી કે શબ્દથી થયેલો નથી, તેના અનુસંધાન વિના પણ થતો હોવાથી, એ પ્રમાણે આત્મા પ્રત્યક્ષવિષય છે. તેનો (આત્માનો) જ્ઞાનગુણ સ્વસંવિત્ (પોતે જ પ્રકાશરૂપ, એટલેકે પોતેજ-પોતાને જણાવે બીજાની જરૂર ન પડે) સિદ્ધપણે હોવાથી (આત્મા પ્રત્યક્ષ વિષય છે.) કોઈપણ વિષયની વ્યવસ્થા પોતાની અનુભૂતિને આધારે થાય છે. જેમ ઘટ-પટ આદિ પદાર્થના રૂપાદિગુણનું પ્રત્યક્ષ થવાથી જ પ્રત્યક્ષના વિષયભૂત થાય છે. તેની સિદ્ધિ અનુમાનથી પણ થાય છે. (હેતુ સ્વસંવિત્ સિદ્ધત્વ મળી ગયો હોવાથી) કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ મળી ગયું છે. (તેથી શક્ય છે.)

શરીરાદિ વિષય જ अहम् પ્રત્યય થાઓ એ પ્રમાણેની આશંકામાં કહે છે. (એ પ્રમાણે કોઈ કહેતું હોય તો) તેને માટે સૂત્રમાં અસાધારણ પદ આપેલું છે... જો 'અહમ પ્રત્યય' પૃથ્વી આદિમાં થાય તો હું પૃથ્વી છું, પાણી છું વિ. રૂપ અહમ્ પ્રત્યય થવો જોઈએ. પણ, આવું થતું નથી. આમ સામાન્યથી ન થાય પણ વિશેષથી હું ગોરો છું. હું કાળો છું ઈત્યાદિ પ્રત્યય થાય છે જ એ પ્રમાણે કહેવું નહીં. કારણ કે અહંકારના કર્તાનો વિષય હોવાથી (દરેકને ભિન્ન ભિન્ન) પ્રત્યય થવાથી... અને શરીરના ભેદ વડે અપ્રતિસન્ધાતૃ હોવાથી (અંગીકાર નહીં થવાથી) જેમ પુષ્પમાળા, ચંદનલેપ આદિ સુખસાધનને મેળવીને તેને મેળવવાની ઈચ્છાવાળો પ્રયત્નપૂર્વક તેને મેળવતાં હું સુખી છું. એવું જે અંગીકાર કરે છે. (કરાય છે.) અને સર્પ, કાંટો આદિ દુઃખના સાધનને પ્રાપ્ત કરીને પણ તે નહીં છૂટવાથી હું દુઃખી છું. (એ પ્રમાણે સ્વીકારાય છે.) આ અનેકને આશ્રયપણે હોવાથી વિરોધી છે. ચૈત્ર-મૈત્રના સુખ આદિમાં તેનું દર્શન નહીં થવાથી, અને પ્રાણીઓનું હંમેશાં પરિણતિભેદે ભિન્નપણું હોવાથી. વળી જેમ હું પહેલાં ગોરો, જાડો, નાનો હતો. હમણાં કાળો, પતલો, લાંબો છું. એ પ્રમાણે શરીરના ગુણો પણ બદલાય જ છે. એ પ્રમાણે ન કહેવું. તેની ભ્રાન્તિરૂપ હોવાથી. (અર્થાત્ અહમ્ પ્રત્યય બદલાતો નથી.)

પ્રસ્તુતમાં જે અનુસંધાન છે તે ભ્રાન્તિ છે એવું નથી. કારણ કે સ્મરણ કરનારને ભ્રાન્તિ નહીં હોવાથી, બીજા વડે જોયેલાનું સ્મરણ અન્યને થતું નથી. જો એવું થાય તો અતિવ્યાપ્તિનો દોષ આવે. પરંતુ, આ જ્ઞાનનું શરીર ધર્મપણે બીજાઓ વડે પણ ગ્રહણ કરાય છે. ખરેખર જે પ્રત્યક્ષ

વિષયો શરીરના ગુણો છે તે પોતાની જેમ જ બીજાઓ વડે ગ્રહણ કરાય છે, જેમ રૂપાદિ, વળી જ્ઞાન પ્રત્યક્ષ હોવા છતાં પણ પરપ્રત્યક્ષ ગ્રાહ્ય નથી. તેથી શરીરનો ગુણ નથી. તેથી બીજાના આ ગુણો વડે તે આત્મા છે એમ વિચારવું. પંચભૂતમાંથી ચૈતન્ય પ્રગટ થાય છે એવું માનનારાઓને પૂછવું જોઈએ કે પંચભૂતમાં ઉત્પન્ન થયેલા શરીરમાં પાંચેભૂત મળીને ચૈતન્ય પ્રગટ કરે છે કે એક ભૂત સ્વતંત્રપણે ચૈતન્યસ્વરૂપ થાય છે ? પ્રથમમાં (પક્ષમાં) પાંચે સાથે મળીને ચૈતન્ય પ્રગટ થાય છે એમ કહીએ તો પરસ્પર સંબંધ નહીં થવાની આપત્તિ આવશે. બીજા પક્ષમાં એક (૨) સ્વતંત્રપણે ચૈતન્ય થાય છે. આવું માનીએ તો બીજા ચારભૂતની અવિદ્યમાનતા છતાં પણ પૃથ્વીના ઢેફા વિ.નું ચૈતન્ય થાય. કારણ કે તેના ચૈતન્યમાં બીજાની (જલાદિ.)ની અપેક્ષા રહેતી નથી. અને જો એમ કહેશો કે - તે એક જ હોવાથી ચૈતન્યરૂપ ન થાય. તો આ શરીરમાં રહેલી જે પૃથ્વી તેમાં પૃથ્વીત્ત્વ હોવાથી ચેતનરૂપ નહીં થાય ઢેફાની જેમ એવું અનુમાન થશે. પાણી વિ. માટે પણ (એવું થશે.) (જો એક સ્વતંત્રમાં ચૈતન્ય ઉત્પન્ન નથી થતું તો.) તે સમુદાયરૂપે પણ ચૈતન્ય કેવી રીતે થાય ? ન થાય. વળી શરીર અને આત્મા બંને ભિન્ન છે એવી બુદ્ધિ પણ દેખાય છે આ મારું શરીર પતલું થયું. (કારણ કે - ષષ્ઠિ વિ. સંબંધમાં થાય છે. તેથી સંબંધીઓમાં ઓછામાં ઓછા બે વ્યક્તિ હોવા જ જોઈએ. તે છે શરીર અને આત્મા) અહીં અસ્મદ્ શબ્દના અર્થથી શરીર જુદું છે તેવું સિદ્ધ થાય છે. શરીરનું જે પરવિષયક આવા પ્રકારનું પદ (સ્થાન) હોવાથી તેવા અભેદજ્ઞાન અને સંસર્ગ દોષવડે ભ્રાન્તિરૂપ થાય છે. (ભ્રાન્તિની ઉપપત્તિ થાય છે.) અને પૂર્વે પ્રાપ્ત કરેલ સ્મૃતિના અનુબંધ વિના થયેલ હર્ષ, ભય, શોકની હમણાં અનુપપત્તિ થશે. અને કેટલાક જાતિસ્મરણવાળા આજે પણ પૂર્વના શરીરમાં રહેલા ગુપ્ત વૃત્તાન્તને સારી રીતે મેળવતાં શરીર અને આત્માના ભેદની બુદ્ધિ સિદ્ધ થાય છે. જો કે આ પ્રકાર વડે શરીર/આત્માનો સ્પષ્ટ બોધ સિદ્ધ થતો નથી તો પણ તેવો અભેદપણ સ્પષ્ટ નથી. પરંતુ કાંઈક ભેદાભેદ જ છે. એ પ્રમાણે જે હું આ રૂપ જોવું છું તેને હું સ્પર્શ કરું છું એ પ્રમાણે, જે હું આ ગ્રહણ કરું છું તે હું યાદ કરું છું એ પ્રમાણે ઈન્દ્રિયના અભાવમાં પણ જણાય છે. (પ્રત્યભિજ્ઞાનથી) તેથી એક જ્ઞાતા ઈન્દ્રિયાદિથી રહિત સિદ્ધ થાય છે. છોડવા લાયક ને છોડવું આદરવા લાયકને આદરવું વિ. પ્રવૃત્તિથી બીજા આત્માની સિદ્ધિ થાય છે. એવી રીતે ભગવંત વડે પ્રકાશેલા આગમ વડે જ વિશેષ સંજ્ઞાના નિષેધ દ્વાર વડે अहम् પ્રત્યય વડે આત્માનો ઉલ્લેખ કરનાર આત્માની સિદ્ધિ જાણવી. બીજા આગમ વડે નહીં, તે બીજા આગમ તીર્થંકર સિવાયના (અનાપ્ત વડે) કહેવાયેલા હોવાથી આત્માની સિદ્ધિ જાણવી. બીજા આગમ વડે નહીં, તે બીજા આગમ તીર્થંકર સિવાયના (અનાપ્ત વડે) કહેવાયેલા હોવાથી પ્રમાણરૂપ નથી. એ પ્રમાણે ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ વિકલ્પો અક્રિયાવાદીના, ૬૩ ભેદ અજ્ઞાનવાદીના અને ૩૨ ભેદો વૈનયિકવાદીના દૂર કરવા જોઈએ એ પ્રમાણે. ॥૬॥

ननु केषाञ्चित्संज्ञा न जायत इत्युक्तं तेन केषाञ्चिद्विशिष्टसंज्ञा भवतीत्युक्तं भवति सा च *संज्ञा कथं तेषामुत्पत्स्यत इत्यत्राह–*

**कश्चित्तज्जानाति स्वभावात् परोपदेशाद्वा ॥ ७ ॥**

**कश्चिदिति,** कश्चिदनादिसंसारे परिभ्रमन् विशिष्टक्षयोपशमादिमान् तत् प्रज्ञापकदिग्विदिगागमनं भावदिगागमनञ्च जानाति, तथा च कश्चिद्विशिष्टक्षयोपशमी प्राणी कस्या दिशोऽहमागतोऽस्मि पूर्वस्मिन् जन्मनि कोऽहं देवो वा मनुष्यो वा तिर्यग्वा नारको वाऽभूवम्, जन्मनोऽस्माद्वा प्रेत्य किं देवो वा मनुष्यो वा तिर्यग् वा नारको वा भविष्यामीत्येतदवगच्छतीति भावः । कथमवगच्छतीत्यत्राह–स्वभावादिति, स्वस्य योऽयं भावो मतिः स्वभावः, आत्मानन्यभूतेन ज्ञानेनेत्यर्थः, एतेन मतिरात्मस्वभावः, न तु वैशेषिकाणामिव व्यतिरिक्ता समवायेन तत्र समवैतीत्यावेदितम्, युक्तयोऽत्र सम्मतितत्त्वसोपानादौ विलोक्याः । यद्यपि स्वभावभूता मतिरात्मनः सदा सन्निहिता तथापि प्रबलतरज्ञानावरणावृतत्वादनारतं न विशिष्टावबोधः । अत्र मतिश्चतुर्विधा ग्राह्या, अवधिमनःपर्यवकेवलज्ञानजातिस्मरणभेदात्, तत्रावधिज्ञानी मनःपर्यवज्ञानी च संख्येयानसंख्येयान् वा भवान् केवली नियमतोऽनन्तान् जातिस्मर्ता नियमतस्संख्येयान् जानाति, तदेवं चतुर्विधया निजस्वभावभूतया मत्या कश्चिदात्मनो विशिष्टदिगत्यागती जानाति । ननु किं यो जानाति स स्वभावेनैव जानाति उतान्येनापि केनचित्कारणेनेत्यत्राह परोपदेशाद्वेति, स्वस्मादन्यः परः तीर्थकृत् तद्व्यतिरिक्तातिशयज्ञानी वा तस्योपदेशाज्जीवान् पृथिव्यादीन् प्रतिविशिष्टदिगागमनं शरीराधिष्ठातारं कथञ्चिद्भिन्नमात्मानं भवान्तरसंक्रान्तिमन्तमसर्वगं भोक्तारममूर्त्तमविनाशिनं शरीरमात्रव्यापिनञ्च जानातीति भावः । ईदृक्षज्ञानसंज्ञावन्तोऽल्पा एवेति सूचयितुं कश्चिदि-त्येकवचनान्तपदमुपात्तम् ॥ ७ ॥

કેટલાક જીવોને સંજ્ઞા હોતી નથી અને કેટલાક વિશિષ્ટ સંજ્ઞાવાળા હોય છે. તો તેઓને તે સંજ્ઞા કેવી રીતે થાય છે. તે માટે કહે છે -

**સૂત્રાર્થ :- કોઈ જીવ હું કઈ દિશાથી આવ્યો છું ઈત્યાદિ સ્વભાવથી કે પરોપદેશથી જાણે છે.**

ભાવાર્થ :- कश्चिदिति અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતા કોઈક વિશિષ્ટ ક્ષયોપશમવાળા પ્રજ્ઞાપકો-જાણકારો દિશા-વિદિશા અને ભાવદિશાના આગમનને જાણે છે. તેમજ કોઈક વિશિષ્ટ ક્ષયોપશમી પ્રાણીઓ (જીવો) કઈ દિશાથી હું આવ્યો છું. પૂર્વજન્મમાં હું કોણ હતો દેવ અથવા મનુષ્ય અથવા તિર્યંચ કે નારક ? આ જન્મ પછી પરલોકમાં હું શું દેવ-મનુષ્ય-તિર્યંચ અથવા નારક થઈશ. એ પ્રમાણે જાણે છે એવો ભાવ છે. કેવી રીતે જાણે છે તે કહે છે - સ્વભાવથી. પોતાનો જે આ ભાવ-મતિ તે સ્વભાવ. અર્થાત્ આત્માથી જુદું નહીં (એકમેક થયેલ) જ્ઞાન વડે જાણે છે. આના વડે મતિજ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. વૈશેષિકોના મત મુજબ આત્માથી જુદું,

સમવાય સંબંધથી તેમાં રહેલું નથી એ પ્રમાણે જણાવ્યું છે. અહીં (આ વિષયમાં) દલીલો-યુક્તિઓ વિ. સમ્મતિતત્ત્વસોપાન આદિમાં જોવી. જો કે સ્વભાવભૂત એવી જાતિ આત્માની સાથે જ સદાય રહેલી હોવા છતાં પણ, પ્રકૃષ્ટ જ્ઞાનાવરણના આવરણથી સતત વિશિષ્ટ બોધ થતો નથી. અહીં મતિ ચાર પ્રકારની ગ્રહણ કરવી. અવધિ-મનઃપર્યવ, કેવલજ્ઞાન અને જાતિસ્મરણના ભેદથી, તેમાં અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની અનુક્રમે સંખ્યાતા કે અસંખ્યાતા ભવોને અને કેવલીઓ નિશ્ચે અનંતા ભવોને તેમજ જાતિસ્મરણવાળાને નિશ્ચે સંખ્યાતા ભવોને જાણે છે. તેથી આ રીતે ચાર પ્રકારની પોતાના સ્વભાવભૂત મતિ વડે કોઈક જીવો વિશેષ દિશાથી પોતાની ગતિ કે આગતિને જાણે છે. ननु(શંકા) જે (ગતિ વિ.) જાણે છે તે સ્વાભાવિક રીતે જાણે છે કે નથી જાણતા અથવા વિતર્કવાળા કેટલાક બીજાઓ વડે કોઈક કારણ વડે કહે છે કે પરઉપદેશથી જાણે છે ? પોતાની બીજા અથવા તીર્થંકરથી જુદા અતિશયજ્ઞાની હોય તેના ઉપદેશથી જીવોને (પૃથ્વી આદિ), વિશિષ્ટ દિશાથી આગમનને, શરીરમાં રહેલાને અને કોઈક શરીરથી ભિન્ન આત્માને તથા બીજા ભવમાં જનારા ભોગી, અરૂપી, અવિનાશીને શરીરમાત્રને વ્યાપીને રહેનારા આત્માને જાણે છે. આવા પ્રકારના જ્ઞાનસંજ્ઞાવાળા જીવો અલ્પ છે એવું જણાવવા માટે कश्चित् એવું એક વચનાંત પદ મૂકેલું છે. ॥૭॥

ईदृशसंज्ञावत्त्वे जीवस्य किमायातमित्यत्राह-

**स एव विवेकी ॥ ८ ॥**

**स एवेति,** यो ह्यसाधारणाहम्प्रत्ययतोऽविच्छिन्ननारकतिर्यगादिसन्तानपातिनं द्रव्यार्थतो नित्यं पर्यायार्थतया चानित्यमात्मानं जानाति स्वभावात् परोपदेशाद्वा स एव वस्तुतो विवेकी, विवेकः आत्मतद्बहुत्वतत्कर्मतत्क्रियापरिज्ञानं तद्वानित्यर्थः, एवशब्देनानात्मैकविभुकालयदृच्छादिवादिव्यावृत्तिः, सर्वथा जडनित्यविभ्वनित्यात्मनो भवान्तरसंक्रान्त्याद्यसम्भवात्, तथा च य एवात्मानात्मविवेकज्ञः स एव परमार्थतः प्राणिगणान् जानाति य एव च दिगागमनादिपरिज्ञानेनात्मवेत्ता प्राणिगणज्ञश्च स एव कर्मज्ञः, मिथ्यात्वादिभिर्हि जीवाः प्रथमं गत्यादियोग्यानि कर्माण्यादाय पश्चाद्विरूपासु तासु तासु योनिषु सञ्चरन्ति, एवमात्मनः प्राणिसंघातस्य कर्मणश्च य एव परमार्थतो वेत्ता स एव तत्तत्कर्मनिमित्तक्रिया जानाति, क्रियायाः कर्मबन्धहेतुत्वादिति भावः ॥ ८ ॥

આવા પ્રકારના સંજ્ઞાવાળા જીવોને શું પ્રાપ્ત થાય છે, તે કહે છે.

**સૂત્રાર્થ :- તે જ વિવેકી છે.**

**ભાવાર્થ :-** જે જીવ વિશેષથી અહમ્ પ્રત્યયથી અવિચ્છિન્ન નારક-તિર્યંચ આદિ રૂપ પરંપરાથી આવેલા પોતાને દ્રવ્યાર્થિક નયથી નિત્ય અને પર્યાયાર્થિક નયથી અનિત્ય જાણે છે, સ્વભાવથી કે પરોપદેશથી જાણે છે, તે જ વાસ્તવિક રીતે 'વિવેકી' છે. (વિવેકની વ્યાખ્યા કરતાં કહે છે) આત્માનું બહુત્વ, તેને લાગેલ કર્મ અને તેને (આત્માને) કરવાલાયક ક્રિયા વિ.નું જ્ઞાન તે વિવેક. અને (તદ્વાન) તેનાવાળો = વિવેકી એવો આત્મા છે. एव શબ્દથી જેઓ આત્માને નહિ માનનારા, એક માનનારા, વિભુ માનનારા, અનિયત કાલાદિ માનનારાઓનું વ્યાવર્તન થાય છે. કારણ કે સર્વથા જડ, નિત્ય, વિભુ એવા અનિત્યઆત્માને ભવાંતરમાં જવાનો અસંભવ છે. તેમજ જે આત્મા અને અનાત્માના વિવેકને જાણનાર છે તે જ પરમાર્થથી પ્રાણીઓના સમૂહને જાણે છે. અને જે દિશામાંથી આગમન વિ. જ્ઞાન વડે આત્માને જાણે છે. અને પ્રાણીઓની સંખ્યા જાણે છે તે જ કર્મને જાણે છે, મિથ્યાત્વ વિ.થી જીવો પહેલાં ગતિ આદિને યોગ્ય કર્મોને ગ્રહણ કરીને પછીથી વિવિધ પ્રકારની તે તે યોનિમાં જાય છે, આ રીતે જે આત્મા પ્રાણીઓના સમૂહનો અને કર્મનો પરમાર્થથી જાણકાર છે તે જ તે કર્મમાં નિમિત્તરૂપ ક્રિયાને જાણે છે. ક્રિયા કર્મબંધનું કારણ હોવાથી, એ પ્રમાણે ભાવ છે. ॥૮॥

अथ कालत्रयसंस्पर्शिना मतिज्ञानेनापि तद्भव एवात्मसद्भावं प्रदर्शयन् परिज्ञातव्यक्रियाभेदान् दर्शयति-

**कालकरणयोगक्रिया: परिज्ञातव्या: ॥ ९ ॥**

**कालेति,** अतीतानागतवर्त्तमानलक्षणकालेत्यर्थ:, करणेति, कृतकारितानुमोदनरूपकरणेत्यर्थ:, योगेति, मनोवाक्कायरूपयोगेत्यर्थ:, एतन्निमित्तका: क्रियाविशेषा अवश्यं परिज्ञातव्या:, यो हि प्राणी आत्मानं क्रियाश्च न जानाति सोऽविज्ञातात्मक्रियात्वेन जीवोपमर्द्दनादिक्रियासु प्रवृत्तोऽष्टविधकर्मबन्धकस्तदुदयप्रभावेण नानादिग्विदिक्षु सञ्चरन्नानाविधयोनी: सन्धावति, विरूपरूपाश्च स्पर्शाननुभवतीति भाव: । अत्र क्रिया: सप्तविंशतिभेदा:, यथा भूतवर्त्तमानभविष्यत्कालापेक्षया कृतकारितानुमतिभिर्नव विकल्पा:, अकार्षमहमचीकरमहम्, कुर्वन्तमहमनुजिज्ञासिषमिति भूतकालापेक्षया करणै: त्रयो विकल्पा: करोमि कारयामि कुर्वन्तमनुजानामीति वर्त्तमानकालापेक्षया करणैस्त्रय:, करिष्यामि कारयिष्यामि कुर्वन्तमनुज्ञास्यामीति भविष्यत्कालापेक्षया च करणैस्त्रय:, एत एव प्रत्येकं मनोवाक्कायैश्चिन्त्यमाना: सप्तविंशतिविकल्पा भवन्ति, एतावत्य एव क्रिया लोक कर्मोपादानभूता:, नान्या:, एतावत्य एव च परिज्ञेया: । एवं यौवनावस्थायामिन्द्रियवशीभूतो विषयमदोन्मत्तमानसस्तत्तदकार्यानुष्ठानपरायणोऽस्य देहादेरानुकूल्यमकार्षमकार्यादौ वा प्रवर्त्तमानमन्यं प्रवृत्तिमचीकरं कुर्वन्तं वाऽनुज्ञातवान् सोऽहमित्याद्यनुभवेन त्रिकालस्पर्शिदेहादिव्यतिरिक्तात्मनो भूतवर्त्तमानभविष्यत्काल-

परिणतिरूपस्यैकस्यास्तित्वमवगम्यते, क्रियापरिणामेनात्मनः कथञ्चित् परिणामित्वस्वीकारात्, ईदृक्षात्मास्तित्वावगमो नैकान्तक्षणिकनित्यत्ववादिनां सम्भवति, प्रमाणैरेवमेव तदवगतेरेकान्त-क्षणिकादिरूप आत्मा खपुष्पसदृश एवेति ते नात्मवादिनो न कर्मवादिनो न वा क्रियावादिन इति भावः ॥ ९ ॥

હવે ત્રણે કાલને જણાવનાર (સ્પર્શ કરતા) મતિજ્ઞાન વડે પણ તે જ ભવમાં આત્માની સત્તા (સદ્ભાવ)ને બતાવતાં જાણવા યોગ્ય ક્રિયાના ભેદોને જણાવે છે.

**સૂત્રાર્થ :- કાલ, કરણ, યોગ, ક્રિયાઓ જાણવા યોગ્ય છે.**

**ભાવાર્થ :-** અતીત (ભૂત), ભવિષ્ય અને વર્ત્તમાન સ્વરૂપકાલ (૩ ભેદે) છે. કરવું, કરાવવું, અનુમોદવું તે રૂપ (ત્રણ) કરણ છે મનોયોગ, વચનયોગ, કાયયોગરૂપ યોગ છે (ત્રણ.) આના નિમિત્તરૂપ ક્રિયાઓ અવશ્ય જાણવી જોઈએ, જે પ્રાણી આત્મા અને ક્રિયાને જાણતો નથી તે આત્મા અને ક્રિયાને નહીં જાણતો હોવાથી જીવ વધ આદિ ક્રિયામાં પ્રવૃત્ત થયેલો આઠ પ્રકારના કર્મબંધ કરે છે. તેના ઉદયના પ્રભાવે વિવિધ પ્રકારની દિશા-વિદિશામાં ભટકતો વિવિધ પ્રકારની યોનિમાં જાય છે અને વિચિત્ર પ્રકારના રૂપ અને સ્પર્શનો અનુભવ કરે છે. એ પ્રમાણે ભાવ છે. (રહસ્યાર્થ છે.)

હવે ૨૭ ક્રિયાના ભેદો (જાણવા.), જેમકે - ભૂત, વર્ત્તમાન, ભવિષ્યકાલની અપેક્ષાથી. કરવું, કરાવવું, અનુમોદવું તે નવ વિકલ્પો, મેં કર્યું, મેં કરાવ્યું, અને મેં કરતાની અનુમોદના કરી એ પ્રમાણે ભૂતકાલની અપેક્ષાથી ત્રણ કરણથી ત્રણ વિકલ્પો. હું કરું છું, કરાવું છું, કરતાને અનુમોદું છું. એ પ્રમાણે વર્તમાનકાલની અપેક્ષાના કરણ વડે ત્રણ વિકલ્પો, હું કરીશ, કરાવીશ, કરતાનું અનુમોદન કરીશ એ પ્રમાણે ભવિષ્યકાલના કરણ વડે ત્રણ વિકલ્પો. આ નવ ભાંગા મન, વચન, કાયા વડે ચિંતવતાં ૨૭ વિકલ્પો થાય છે. આટલી જ ક્રિયાઓ લોકમાં કર્મબંધના કારણભૂત છે. બીજી નહીં, અને આટલી જ જાણવા યોગ્ય છે.

એ પ્રમાણે યૌવન અવસ્થામાં ઈન્દ્રિયોને વશ થવાથી વિષયોથી ઉન્મત્ત થયેલું મન તે તે અકાર્યના અનુષ્ઠાનમાં તત્પર. આ દેહાદિની અનુકૂલતા માટે મેં આ કર્યું અથવા અકાર્ય આદિમાં બીજાને પ્રવર્ત્તાવ્યા. (પ્રવૃત્તિ કરાવી.) અથવા પ્રવૃત્તિ કરનારની અનુમોદના કરી તે જ હું છું. આદિ અનુભવ વડે ત્રણે કાલસ્પર્શી દેહાદિથી ભિન્ન આત્માની ભૂત, ભવિષ્ય, વર્ત્તમાનકાલની એક પરિણતિસ્વરૂપ અસ્તિત્વ જાણી શકાય છે. ક્રિયાના પરિણામથી આત્માને, કથંચિદ્ પરિણામીરૂપ સ્વીકારેલ હોવાથી, આવા પ્રકારના આત્માનું અસ્તિત્વ એકાંત ક્ષણિક, અને નિત્ય માનનારાઓને સંભવિત નથી. પ્રમાણ વડે જ સિદ્ધ થાય છે. તેથી એકાંત ક્ષણિકાદિ સ્વરૂપ આત્માને માનનારાઓની વાત 'આકાશ પુષ્પ' જેવી જ છે તેથી તેઓ નથી આત્મવાદી, નથી કર્મવાદી કે નથી ક્રિયાવાદી એ પ્રમાણે ભાવ છે. ॥૯॥

ननु परिज्ञा हि द्विविधा ज्ञप्रत्याख्यानपरिज्ञाभेदात्, तत्रैतावता ग्रन्थेन ज्ञपरिज्ञयाऽऽत्मनो बन्धस्य चास्तित्वमेतावद्भिरेव क्रियाविशेषैर्ज्ञातं भवति ज्ञात्वा च तत्र विधेयं किमित्यत्राह-

**एतत्प्रत्याख्याता मुनिः ॥ १० ॥**

**एतदिति,** ज्ञपरिज्ञया विज्ञातानां क्रियाविशेषाणां संसारपरिभ्रमणनिदानानां कर्मबन्धकानां प्रत्याख्यानपरिज्ञया यः प्रत्याख्याता स मुनिः, मन्यते मनुते वा जगतस्त्रिकालावस्थामिति मुनिः, ज्ञानावरणीयादिकर्मोपादानहेतुक्रियाविशेषाणां परिज्ञानपूर्वं प्रत्याख्यानेन दिगादिभ्रमणान्मोक्षः, अपरिज्ञातात्मादिस्वरूपा हि जीवा दिगादिषु नानाविधयोनिषु पुनः पुनः परिधावंति सरूपविरूपस्पर्शादीन् विपाकेन संवेदयन्ति जीवोपमर्दादौ प्रवर्त्तन्ते येनाष्टविधकर्मबन्धो भवतीति भावः, अनेन प्रघट्टकेन ज्ञानक्रिये मोक्षाङ्गभूते उक्ते, ताभ्यां विना मोक्षासम्भवादिति ॥ १० ॥

પરિજ્ઞા, જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાના ભેદથી બે પ્રકારે છે. તેમાં અહીં સુધીના ગ્રંથથી જ્ઞપરિજ્ઞા વડે આત્માનો બંધ અને અસ્તિત્વ, આટલા જ પ્રકારની ક્રિયાઓ વડે જણાવ્યું છે. હવે તે જાણીને તેમાં શું કરવું ? તે જણાવતાં કહે છે.

**સૂત્રાર્થ :- આનું પચ્ચક્ખાણ કરનાર હોય તે મુનિ છે.**

**ભાવાર્થ** :-જ્ઞપરિજ્ઞા વડે જાણેલી સંસાર પરિભ્રમણના કારણરૂપ, કર્મબંધના હેતુરૂપ ક્રિયાઓને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી જે પચ્ચક્ખાણ કરે છે તે મુનિ છે. અથવા જે જગતની ત્રણે કાલની અવસ્થાને માને છે. (જાણે છે.) તે મુનિ છે. જ્ઞાનાવરણીય આદિ કર્મબંધના કારણરૂપ ક્રિયાની જાણકારીપૂર્વક પચ્ચક્ખાણ કરવાથી દિશા-વિદિશાના ભ્રમણથી આત્માની મુક્તિ થાય છે. જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી તેવા જીવો દિશા વિ.માં અનેક પ્રકારની યોનિમાં વારંવાર પડે છે. (પરિભ્રમણ કરે છે.) સારા અને ખરાબ સ્પર્શ આદિના વિપાક વડે સહન કરે છે. જીવહિંસા આદિમાં પ્રવૃત્તિ કરે છે. જેથી આઠે પ્રકારના કર્મબંધ થાય છે. (કરે છે.) આ સૂત્ર વડે (પ્રઘટ્ટ વડે.) જ્ઞાન અને ક્રિયા મોક્ષના કારણરૂપ જણાવ્યા છે. કારણ કે તેના વિના મોક્ષનો અસંભવ હોવાથી એ પ્રમાણે. ॥૧૦॥

नन्वपरिज्ञातकर्मणो मुनित्वाभावादविरतत्वं पृथिव्यादिसंज्ञापरिवर्त्तनशीलत्वमुक्तं तत्र के पृथिव्यादयो जीवाः किं वा तत्र प्रमाणमित्यत्राह-

**निक्षेपप्ररूपणालक्षणपरिमाणोपभोगशस्त्रवेदनावधनिवृत्तिभिर्विचार्या पृथिवी ।११।**

**निक्षेपेति,** निक्षिप्यते शास्त्रमध्ययनोद्देशादिकञ्च नामस्थापनाद्रव्यादिभेदैर्व्यवस्थाप्यतेऽनेनास्मिन्नस्माद्वेति निक्षेपः, प्रकर्षेण प्रभेदादिकथनतो रूपणा स्वरूपवर्णना प्ररूपणा, लक्ष्यते

तदन्यव्यावृत्त्याऽवधार्यते वस्त्वनेनेति लक्षणम्, परिमाणमियत्तावर्णनम्, उपेत्य-अधिकमुपयुज्यमानतया भुज्यत इत्युपभोग:, शस्यते हिंस्यतेऽनेन प्राणिन इति शस्त्रं जीवोपघातकारि खड्गादिकम्, वेदनं वेदना, स्थितिक्षयादुदयप्राप्तस्य कर्मण उदीरणाकरणेन चोदयभावमुपनीतस्यानुभवनम् । वधो हननं शिरश्छेदादीषिसमुद्भूता पीडा, निवृत्तिरारम्भनिवर्त्तनम्, एभि: पृथिवी विचार्यत इत्यर्थ:, तथाहि निक्षेपस्तावन्नामस्थापनयो: प्रसिद्धत्वाद्द्रव्यपृथिवीं आगमनोआगमभेदतो विचार्या, आगमतो ज्ञाताऽनुपयुक्त:, पृथिवीपदार्थज्ञस्य जीवापेतं शरीरं नोआगमतो द्रव्यपृथिवी, तथा भाविपृथिवीपदार्थज्ञत्वेन भव्यो बालादि:, उभयव्यतिरिक्तश्च द्रव्यपृथिवीजीव एकभविको बद्धायुष्कोऽभिमुखनामगोत्रश्च, भावपृथिवीजीवस्तु य उदीर्णं पृथिवीनामादिकर्म वेदयति स: । प्ररूपणा-सूक्ष्मबादररूपेण पृथिवीजीवा द्विविधा: सूक्ष्मबादरनामकर्मोदयासादितस्वरूपा न त्वापेक्षिका बदरामलकयोरिव । समुद्गकपर्याप्तप्रक्षिप्तगन्धावयववत् सकललोकव्यापिन: सूक्ष्मा:, प्रतिनियतदेशचारिणो बादरा: श्लक्ष्णखरभेदेन द्विभेदा: चूर्णितलोष्टकल्पमृदुपृथिव्यात्मका जीवा उपचारात् श्लक्ष्णा तत्कायिका वा श्लक्ष्णपृथिवीकायिका:, ते च कृष्णनीललोहितहारिद्रशुक्लमृत्तिकारूपा: पञ्चविधा: वर्णभेदाश्रयेण, देशविशेषे पाण्डुमृत्तिकेति प्रसिद्धा या धूलीरूपा पृथिवी तदात्मका: पङ्कापरपर्यायपनकमृत्तिकात्मकाश्च जीवा इति सप्तविधा अपि, काठिन्यविशेषमापन्ना पृथिवी खरा तदात्मकास्तत्कायिका वा जीवा: खरबादरपृथिवीकायिका:, ते च शुद्धशर्करावालुकोपलशिलालवणादिभेदेन षट्त्रिंशद्भेदा:, सप्तयोनिलक्षणप्रमाणा पृथिवी भावनीया । लक्षणम्-उपयोगादीन्येतेषां लक्षणानि, तत्रोपयोगो ज्ञानदर्शनरूपोऽव्यक्तोपयोगशक्तिरूप:, स्त्यानद्र्ध्युदयात् । योग: औदारिकतन्मिश्रकार्मणात्मक: कायलक्षण एक एव न मनोवचोरूपौ । अनभिलक्ष्याध्यवसाय:, अष्टविधकर्मोदयभाक्त्वं तद्बन्धभाक्त्वं कृष्णनीलकापोततेजोलेश्यानुगतत्वं दशविधसंज्ञावत्त्वं सूक्ष्मोच्छ्वासनि:श्वासानुगतत्वं सूक्ष्यकषायवत्त्वञ्च, एवंविधलक्षणै: पृथिव्या: सचित्तत्वं मनुष्यादिवत् । न चोपयोगादीनां पृथिवीकायेषु व्यक्ततयाऽप्रतीतेरुक्तलक्षणान्यसिद्धानि न साध्यसाधनसमर्थानीति वाच्यम्, चेतनाचिह्नस्य समानजातीयाश्मलतोद्भेदादेरुपलम्भतस्तत्राव्यक्तचेतनाया: सद्भावात्, मदिरातिपानमत्तस्य श्वासोच्छ्वासादिचेतनाचिह्नेनाव्यक्तचेतनासद्भाववत् । परिमाणम्-पृथिवीकायिका बादरपर्याप्ता बादरापर्याप्ता:, सूक्ष्मपर्याप्तास्सूक्ष्मापर्याप्ताश्चेति चतुर्विधा:, तत्र बादरपर्याप्तास्संवर्त्तितलोकप्रतरासंख्येयभागवर्त्तिप्रदेशराशिप्रमाणा:, शेषास्त्रयोऽपि प्रत्येकमसंख्येयलोकाकाशप्रदेशराशि प्रमाणा भवन्ति, ततो बादरापर्याप्ता

असंख्येयगुणाः, सूक्ष्मपर्याप्तास्ततोऽसंख्येयगुणाः ततः सूक्ष्मापर्याप्ता असंख्येयगुणाः । उपभोगः-चंक्रमणोर्ध्वस्थाननिषीदनत्वग्वर्त्तनकृतकपुत्रककरणोच्चारणप्रश्रवणोपकरणनिक्षेपालेपनप्रहरण-भूषणक्रयविक्रयकृषीकरणभण्डकघट्टनादिषूपभोगविधिर्मनुष्यादीनां पृथिवीकायेन भवति । कारणैरेभिर्विमूढचेतसो निजसुखमन्वेषयन्तः परदुःखान्यजानानाः पृथिवीजीवान् हिंसन्ति । शस्त्रम्-तद्धि द्रव्यभावभेदतो द्विविधम्, द्रव्यशस्त्रमपि द्विविधम्, समासविभागभेदात्, हलकुलिकविषकुद्दालादिकं समासतो द्रव्यशस्त्रम् । स्वपरकायोभयभेदेन विभागद्रव्यशस्त्रं त्रिविधम्, पृथिव्याः पृथिव्येव स्वकायशस्त्रम्, उदकादि परकायशस्त्रम्, भूदकं मिलितञ्चोभय-शस्त्रम् । भावशस्त्रन्तु दुष्प्रयुक्तमनोवाक्कायाः, अङ्गप्रत्यङ्गेषु पादादिकेषु छेदनभेदनादिना यथा नरस्य वेदना, भवन्ति तदनुरूपा वेदनाः पृथिवीकायिकानामपीति वेदना । वधश्च प्रकारान्तरेणापि निर्लेपनिर्गन्धित्वादिकरणसम्भवेन ये स्वात्मानमनगारवादिनः कुतीर्थिका यतिवेषधारिणो गुदापाणिपादप्रक्षालनार्थं पृथिवीजन्तुविपत्तिमहर्निशं कुर्वन्ति न ते निरवद्यानुष्ठानरूपेष्वनगार-गुणेषु प्रवर्त्तन्ते ते गृहस्थतुल्या एव, कलुषितहृदयत्वेन सदोषत्वेऽपि निर्दोषताभिमानात्, वधोऽयं कृतकारितानुमतिभिर्भवति, तद्व्यापादने चान्यानप्यप्कायप्रभृतीन् व्यापादयति, उदुम्बरवटफलभक्षणप्रवृत्तस्य तदन्तर्गतत्रसजन्तुभक्षणवत् । निवृत्तिस्तुपृथिवीजीवान् तद्वधं बन्धञ्च विज्ञाय ये यावज्जीवं कृतकारितानुमतिभिः पृथिवीसमारम्भात् व्युपरमन्ति तेषाम-नगाराणां भवतीति ॥ ११ ॥

અપરિજ્ઞાત કર્મવાળા મુનિપણાનો અભાવ, અવિરતિપણું-પૃથ્વી આદિસંજ્ઞા પરિવર્તનશીલપણું કહેવાયું છે ત્યાં પૃથ્વી આદિ જીવો ક્યા? અથવા તેનું પ્રમાણ શું? એ પ્રમાણે કહે છે.

**સૂત્રાર્થ :- નિક્ષેપ, પ્રરૂપણા, લક્ષણ, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર, વેદના, વધ, નિર્વૃત્તિ આદિ (દ્વાર) વડે પૃથ્વીનું અસ્તિત્વ વિચારવું જોઈએ.**

**ભાવાર્થ :-** (૧) **નિક્ષેપ** - શાસ્ત્ર, અધ્યયન, ઉદ્દેશાદિક નામ-સ્થાપના-દ્રવ્ય આદિ ભેદ વડે, જેના વડે, જેમાં કે જેનાથી નિક્ષેપ = વ્યવસ્થિત કરાય તે નિક્ષેપ. (૨) **પ્રરૂપણા** - અનેક પેટાભેદ જણાવવા દ્વારા પ્રકર્ષથી સ્વરૂપનું વર્ણન કરવું તે. (૩) **લક્ષણ** - પદાર્થને તેનાથી અન્ય પદાર્થથી જુદો પાડવો તે લક્ષણ. (૪) **પરિમાણ** - નિશ્ચિત સંખ્યાનું વર્ણન તે પરિમાણ. (૫) **ઉપભોગ** - અનેક વખત ભોગ્ય વસ્તુ તરીકે ઉપયોગમાં લઈ શકાય તે ઉપભોગ. (૬) **શસ્ત્ર** - જેના દ્વારા પ્રાણીઓની હિંસા થાય તે ખડ્ગાદિ. (૭) **વેદના** - વેદવું - જે કર્મોની સ્થિતિ ક્ષીણ થઈ છે. તે ઉદયમાં આવેલ કર્મની ઉદીરણા કરીને ઉદય દ્વારા અનુભવ કરવો તે. (૮) **વધ** - મસ્તક વિ.ના છેદ થવાથી ઉત્પન્ન થયેલી પીડા. (૯) **નિવૃત્તિ** - આરંભ સમારંભનો ત્યાગ તે. આ નિક્ષેપ વિ.

નવદ્વાર વડે પૃથ્વી જીવની વિચારણા થાય છે. પૃથ્વી શબ્દનો નિક્ષેપ આ પ્રમાણે છે. નામ-સ્થાપના સ્પષ્ટ જ છે. દ્રવ્ય પૃથ્વી આગમથી અને નોઆગમથી વિચારવા. આગમથી પૃથ્વી શબ્દનો જ્ઞાતા તે સમયે અનુપયુક્ત હોય. નોઆગમથી પૃથ્વી પદાર્થને જાણનારાનું જીવરહિત જે શરીર તે દ્રવ્ય પૃથ્વી છે. તેમજ ભવિષ્યમાં પૃથ્વી પદાર્થને જાણનાર બાલ આદિ તે ભવ્ય શરીરરૂપ દ્રવ્ય પૃથ્વી અને ઉભય વ્યતિરિક્ત જે પૃથ્વીકાયના જીવે આવતા ભવનું આયુષ્ય બાંધ્યું છે તેવો નામ-ગોત્રને અભિમુખ થયેલો, ભાવ પૃથ્વી જીવ તે ઉદયમાં આવેલા પૃથ્વીકાય નામકર્મ આદિને ભોગવે તે.

**પ્રરૂપણા દ્વાર** - સૂક્ષ્મ અને બાદરરૂપે પૃથ્વીના જીવો બે પ્રકારે. સૂક્ષ્મ બાદર નામકર્મના ઉદયને આશ્રયીને પૃથ્વીકાયના ભેદો છે. બોર-આમળાની જેમ અપેક્ષિત નથી. (બોરની અપેક્ષાએ આમળું મોટું છે. અને આંબળાની અપેક્ષાએ બોર નાનું છે. આ રીતે સૂ.બા.નો વ્યવહાર નથી. સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો ડબ્બામાં સંપૂર્ણ રીતે (ઠસોઠસ) ભરેલા સુગંધી દ્રવ્યની જેમ સંપૂર્ણ લોકમાં વ્યાપીને રહેલા છે. બાદરકાયના જીવો અમુક જ સ્થાને વ્યાપીને રહેલા શ્લક્ષ્ણ અને ખર એ બે ભેદે છે. દળેલા લોટ સરખા કોમળ પૃથ્વીકાયના જીવો ઉપચારથી શ્લક્ષ્ણ કહેવાય છે. અથવા તેના જેવું (તે લોટ) જે પૃથ્વીકાયનું શરીર તે શ્લક્ષ્ણ પૃથ્વીકાય કહેવાય છે. અને વર્ણના ભેદથી તે (શ્લક્ષ્ણ) પૃથ્વીકાયના જીવો કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ એમ પાંચ પ્રકારનો છે. અમુક સ્થાનમાં "पाण्डुमृत्तिका" એવા નામથી પ્રસિદ્ધ જે ધૂળસ્વરૂપે છે. અને કાદવના બીજા નામરૂપ "पनकमृत्तिका" નામની જે માટી છે તેના જીવો. એમ બે ભેદ ગણતાં સાત પ્રકારની પણ શ્લક્ષ્ણ પૃથ્વી થાય છે. વિશેષ કઠિનરૂપને પામેલી જે પૃથ્વી તે ખર પૃથ્વી કહેવાય છે. અથવા તો તે ખર પૃથ્વીકાયનું જે શરીર તે ખરબાદર પૃથ્વીકાય કહેવાય છે. અને તે શુદ્ધ કાંકરા, રેતી, પથ્થર, શિલા, મીઠું વિ. ભેદ વડે ૩૬ પ્રકારે છે. સાત લાખ યોનિ પ્રમાણ પૃથ્વીને વિચારવી.

**લક્ષણ દ્વાર** - પૃથ્વીકાય આદિ જીવોનું 'ઉપયોગ' તે લક્ષણ છે. (ઓળખાણ છે.) થીણદ્ધિ નિદ્રાનો ઉદય હોવાથી અવ્યક્ત શક્તિરૂપ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ હોય છે. ઔદારિક અને (તેને મિશ્રકાર્મણ સ્વરૂપ) ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે. કાયસ્વરૂપ એક જ છે. મન-વચનસ્વરૂપ યોગ નથી હોતો. કારણ કે તેઓનો અધ્યવસાય નહીં જાણી શકાતો હોવાથી (સ્પષ્ટ નહિં હોવાથી.) આઠ કર્મનો ઉદય હોવાથી, તેનો બંધ થવાથી, કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યા હોવાથી, દશ પ્રકારની સંજ્ઞા હોવાથી, સૂક્ષ્મ ઉચ્છ્વાસ, નિશ્વાસ (શ્વાસોશ્વાસ)ની ક્રિયા હોવાથી, અને સૂક્ષ્મ કષાય હોવાથી, આવા પ્રકારના લક્ષણો વડે પૃથ્વીનું મનુષ્યાદિની જેમ સચિત્તપણું છે. (અસ્તિત્વ છે.)

**શંકા** - પૃથ્વીકાયમાં ઉપયોગાદિના લક્ષણો સિદ્ધ નહીં થાય. કારણ કે જે લક્ષણો બતાવ્યા છે તે પ્રગટરૂપે સિદ્ધ નથી થતાં. (સાધ્ય-સાધનથી સમર્થન (સ્પષ્ટતા) નથી એમ ન કહેવું.)

**સમાધાન** - જેમ અત્યંત મદિરા પીધેલા મનુષ્યના શ્વાસોચ્છ્વાસ આદિ ચેતનાના ચિહ્ન વડે અવ્યક્ત ચેતનાના સદ્‌ભાવની (જેમ) જણાય છે. (અર્થાત્ બેભાન થાય છે ત્યારે શ્વાસોચ્છ્વાસાદિ ક્રિયા પણ મંદ અથવા તો અવ્યક્તરૂપે જણાય છે. છતાં તેમાં ચેતના = જીવનું અસ્તિત્વ સિદ્ધ થાય છે તેમ) વળી એકસરખા પથ્થર તેનાથી ઉત્પન્ન થયેલ (વેલડી)વિ.ની પ્રાપ્તિ થાય છે તેમાં અવ્યક્તરૂપે ચેતનાનો સદ્‌ભાવ છે. (અર્થાત્ એક વેલડીમાંથી બીજા પર્ણાદિની ઉત્પત્તિ થાય છે.) અન્યથા પથ્થર, વેલડી વિ.ની વૃદ્ધિ સંભવિત નથી.

**પરિમાણ દ્વાર** - પૃથ્વીકાય જીવો સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મ અપર્યાપ્તા, બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા એમ ચાર પ્રકારે છે. ત્યાં બાદર પર્યાપ્તા પૃથ્વી જીવો સંવર્તિત લોકના જે પ્રતર છે તેના અસંખ્યેય ભાગમાં રહેલા જે પ્રદેશ તેની સંખ્યા પ્રમાણ છે. અને બાકીના ત્રણ દરેક અસંખ્યેય લોકાકાશપ્રદેશની રાશિ (સમૂહ) પ્રમાણ છે. તેનાથી બાદર પર્યાપ્તા અસંખ્યેય ગુણા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા અસંખ્યેય ગુણા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા અસંખ્યેય ગુણા છે.

**ઉપભોગ દ્વાર** - જવું (ચાલવું), ઊંચે સ્થાન બેસવું, શરીરને વિલેપન કરવું (શણગારવું) પુત્ર પ્રાપ્તિ વડીનીતિ, લઘુનીતિ, કોઈપણ ચીજવસ્તુ (ઉપકરણ) મૂકવી. લેપ કરવો, કપડાં, આભૂષણ વિ.ની લેવડ-દેવડ કરવી, ખેતી કરવી, વાસણ બનાવવા વિ.માં જે મનુષ્ય આદિના ઉપભોગરૂપ છે તે પૃથ્વીકાય વડે થાય છે. તેથી પોતાના સુખને શોધતાં (જોતાં) બીજાના દુઃખોને નહીં જાણતા મૂઢ જીવો આ કારણો વડે પૃથ્વીકાયજીવોની હિંસા કરે છે.

**શસ્ત્ર દ્વાર** - શસ્ત્ર-દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. દ્રવ્ય શસ્ત્ર પણ બે પ્રકારે છે. (૧) સમાસ અને (૨) વિભાગના ભેદથી. હળ, ધૂમાડા જેવા કાંતિવાળા નાગનું ઝેર, કોદાળી વિ. સમાસથી દ્રવ્ય શસ્ત્ર છે. (૧) સ્વકાયશસ્ત્ર (૨) પરકાયશસ્ત્ર (૩) ઉભયકાય શસ્ત્રના વિભાગથી દ્રવ્યશસ્ત્ર ત્રણ પ્રકારે છે. પૃથ્વીકાયનું પૃથ્વી એ જ સ્વકાય શસ્ત્ર (૧) પાણી (ઉદક) એ પૃથ્વીકાય માટે પરકાયશસ્ત્ર (૨) અને પૃથ્વી અને પાણી બંને મળીને પૃથ્વી માટે ઉભયકાયશસ્ત્ર છે. તેમજ મન-વચન-કાયાનો દુરુપયોગ તે ભાવશસ્ત્ર છે.

**વેદના દ્વાર** - અંગ, ઉપાંગ, પગ આદિમાં છેદન-ભેદન વડે જેમ મનુષ્યને વેદના થાય છે. તેવી જ વેદના (છેદન-ભેદનથી) પૃથ્વીકાય આદિને પણ થાય છે તે વેદના દ્વાર.

**વધ દ્વાર** - વધ તેને બીજા પ્રકાર વડે પણ નિર્લેપ અને નિર્ગન્ધપણાદિના કારણનો સંભવ હોવાથી જે પોતાના આત્માને અણગાર કહેનારા, કુતીર્થિક યતિવેષધારણ કરનારા ગુદા, હાથ, પગને ધોવાને માટે પૃથ્વીકાય જીવોને હંમેશાં દુઃખી કરે છે તે નિરવદ્ય અનુષ્ઠાનરૂપ અણગારના ગુણોમાં પ્રવર્ત્તતા નથી તે ગૃહસ્થ સમાન જ છે. કારણ કે કલુષિત હૃદયપણાવડે સદોષપણું હોવા છતાં નિર્દોષતાનો ગર્વ હોવાથી. આ વધ કરવું, કરાવવું અને અનુમોદવું ની બુદ્ધિ વડે થાય છે તેની હિંસા કરવાથી બીજા પણ અપકાય વિ.ની હિંસા કરે છે. ઉદુમ્બર, વડના ફળને ખાનાર તેની અંદર રહેલ ત્રસ જીવોનું પણ ભક્ષણ કરે તેની જેમ.

**निवृत्ति द्वार** - પૃથ્વીકાય આદિ જીવોને તેના વધ અને બંધનને જાણીને જે યાવજ્જીવ કરવા, કરાવવા, અનુમોદવારૂપ પૃથ્વીકાયના સમારંભથી પાછા ફરેલા છે તેઓને (અણગારોને) સાધુઓને નિવૃત્તિ દ્વાર થાય છે. ॥૧૧॥

एतदेव परिज्ञयोपसंहरति–

**पृथिवीकायसमारम्भणं कर्मबन्धाय तद्विरतो मुनिः ॥ १२ ॥**

**पृथिवीकायेति,** कृतकारितानुमतिभिर्यः पूर्वव्यावर्णितशस्त्रविशेषैर्निजपरिपेलवजीविता-दिरक्षणार्थं पृथिवीकायसमारम्भणमपरानेकप्राणिसमारम्भणाविनाभाविनं योगैर्विदधाति सोऽष्टविधकर्मबन्धको भवति, कर्मबन्धायेति सामान्येनोक्तेः पृथिवीकायसमारम्भोऽष्टविधस्यापि कर्मणो बन्धस्य निमित्तमिति सूचितम् । ननु ये न पश्यन्ति शृण्वन्ति जिघ्रन्ति गच्छन्ति च ते कथं वेदनामनुभवन्तीति ज्ञातव्यम्, मैवम्, यथाहि कश्चिज्जात्यन्धो बधिरो मूकः कुष्ठी प-ङ्गुरनभिनिर्वृत्तपाण्याद्यवयवविभागो मृगापुत्रवत् पूर्वकृताशुभकर्मोदयाद्धिताहितप्राप्तिपरिहार-विमुखोऽतिकरुणां दशामुपगतस्तमेवंविधमन्धादिगुणोपेतं कश्चित्कुन्ताग्रेण भिंद्यात् छिन्द्यात् स च भिद्यमानाद्यवस्थां न पश्यति न शृणोति मूकत्वान्नोच्चै रारटीति किमेतावता तस्य वेदनाभावो जीवाभावो वा शक्यो विज्ञातुमेवं पृथिवी जीवा अपि, तस्मादस्ति तेषां वेदना एवञ्च पृथिवीकायसमारम्भणं बन्धहेतुरेवेति ज्ञात्वा प्रत्याख्यानपरिज्ञया ततो निवृत्तो यः स एव मुनिः, उभयविधपरिज्ञाशालित्वात्, निःशङ्कमनगारगुणपालनाच्च ॥ १२ ॥

આ જ વસ્તુનો પરિજ્ઞા વડે ઉપસંહાર કરે છે.

**સૂત્રાર્થ :- પૃથ્વીકાય જીવોનો સમારંભ કરવો તે કર્મબન્ધ માટે થાય છે તેનાથી સાધુ અટકેલો છે.**

**ભાવાર્થ :-** કરવું, કરાવવું, અનુમોદવું વિ. વડે પૂર્વે જે જણાવેલ છે તે શસ્ત્રાદિથી વિરત એવા જીવિતાદિથી રક્ષણ કરવા માટે અનેક બીજા પણ જીવોના આરંભ-સમારંભ વિના અશક્ય એવા પૃથ્વીકાયના સમારંભને યોગ (મન-વચન-કાયા વડે) જે કરે છે. તે આઠ પ્રકારના કર્મને બાંધે છે. (મૂલ સૂત્રમાં) કર્મબંધ માટે એમ જે સામાન્ય નિર્દેશ છે તે માત્ર પૃથ્વીકાયના સમારંભ આઠ કર્મના બંધનું નિમિત્ત છે એમ જણાવ્યું છે. **શંકા** - પૃથ્વીકાયના જીવો જે જોતાં નથી, સાંભળતા નથી, સૂંઘી શકતા નથી, ચાલી શકતા નથી તેઓ વેદનાનો અનુભવ (કરે છે એ પ્રમાણે જણાવ્યું તે આ પ્રમાણે) કેવી રીતે કરી શકે ? **સમાધાન** - જેમ કોઈ જન્માંધ, બહેરો, મૂંગો, કોઢી, પાંગળો, હાથ વિ. શરીરના અવયવો જેને નથી. એવા પ્રાણી પણ મૃગાપુત્રની જેમ પૂર્વકૃત અશુભ કર્મના ઉદયથી, હિત-અહિત (પ્રાપ્તિના ત્યાગથી વિમુખ) પણ નહીં જાણતો. અતિકરૂણદશાને પામેલ પણ કોઈ તેને તલવારથી ભેદે અથવા છેદે તો તે ભેદાતી અવસ્થા છે. તે જોતો નથી, સાંભળતો

નથી, મૂંગો હોવાથી રડતો નથી. (બૂમાબૂમ કરતો નથી.) એટલા માત્રથી શું તે જીવને વેદનાનો અથવા તો જીવ અભાવ જાણવાને શક્ય નથી ? એ પ્રમાણે પૃથ્વી જીવો પણ, (તેઓમાં પણ વેદનાનો અનુભવ છે.) એ પ્રમાણે પૃથ્વીકાયનો સમારંભ કર્મબંધનો હેતુ છે જ. આવું જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનાથી અટકે છે (પાછો ફરે છે) તે જ મુનિ છે. (જાણવા અને પાલનરૂપ) બંને પરિજ્ઞાવાળો હોવાથી અને નિશંકપણે સાધુયોગ્ય ગુણોને પાળતો હોવાથી. (તે જ મુનિ છે.) ॥૧૨॥

अथ यथावसरमप्कायस्य निरुपणमारचयति–

**प्ररूपणालक्षणपरिमाणोपभोगशस्त्रैरप्कायस्य विशेषः ॥ १३ ॥**

**प्ररुपणेति,** विशेष इति, पृथिवीकायजीवस्वरूपाधिगमनिमित्तद्वारनवकाविशेषेऽपि केचिद्विशेषा एभिरस्य सन्तीति भावः, तथाहि प्ररूपणा तावत्–अप्कायजीवास्सूक्ष्मबादररूपेण द्विविधाः, सूक्ष्माः सर्वलोकव्यापिनः । बादराः पञ्चविधाः शुद्धोदकावश्यायहिममहिकाहरतनुभेदात्, तडागसमुद्रनदीप्रभृतिगतमवश्यायरहितं शुद्धोदकम्, रजन्यां यः स्नेहः पतति सोऽवश्यायः, शिशिरसमये शीतपुद्गलसम्पर्कात् कठिनीभूतं जलं हिमम्, गर्भमासादिषु सायं प्रातर्वा धूमिकापातो महिका, वर्षाशरत्कालयोर्हरिताङ्कुरमस्तकस्थितो जलबिन्दुर्भूमिस्नेहसंपर्कोद्भूतो हरतनुरिति । एते बादराकायाः पर्याप्तापर्याप्तभेदेन द्विविधाः, वर्णगन्धादीनसम्प्राप्ता अपर्याप्ताः, पर्याप्तास्तु वर्णगन्धस्पर्शादेशैः सहस्राग्रशो भिद्यन्ते, ततश्च संख्येयानि योनिप्रमुखाणि शतसहस्राणि भेदानां भवन्ति, संवृतयोनयश्चैते, सा च योनिः सचित्ताचित्तमिश्रभेदात्त्रिधा, पुनश्च शीतोष्णोभयभेदान्त्रिविधा एवं गण्यमाना योनीनां सप्तलक्षा भवन्ति । परिमाणम्–पृथिवीवत् परन्तु बादरपृथिवीकायपर्याप्तकेभ्यो बादराप्कायपर्याप्तका असंख्येयगुणाः, बादरपृथिवीकायापर्याप्तकेभ्यो बादराप्कायापर्याप्तका असंख्येयगुणाः, सूक्ष्मपृथिवीकायापर्याप्तकेभ्यः सूक्ष्माप्कायापर्याप्तका विशेषाधिकाः, सूक्ष्मपृथिवीकायपर्याप्तकेभ्यः सूक्ष्माप्कायपर्याप्तका विशेषाधिका इति विशेषः । लक्षणम्–ननु नाप्कायो जीवस्तल्लक्षणायोगात् प्रश्रवणादिवत्, मैवम्, सचेतना आपः, शस्त्रानुपहतत्वे सति द्रवत्वात्, प्रश्रवणादौ व्यभिचारवारणाय सत्यन्तम्, हस्तिशरीरोपादानभूतकललवत्, अनुपहतद्रवत्वादण्डकमध्यस्थितकललवदित्यनुमानेन तल्लक्षणायोगादिति हेतोरसिद्धेः, तथाऽऽपो जीवशरीराणि, छेद्यत्वभेद्यत्वादिभ्यः, सास्नाविषाणादिसंघातवदित्येवमपां शरीरत्वे सिद्धे सचेतना हिमादयः क्वचिदप्कायत्वात् इतरोदकवत्, सचेतना आपः क्वचित् खातभूमिस्वाभाविकसम्भवात्,

दर्दुरवदित्येवंविधलक्षणयोगित्वादप्काया भवन्ति जीवाः । उपभोगः स्नानपानधावनभक्तकरण-सेकयानपात्रोडुपगमनागमनादिः, एतदुपभोगेच्छया जीवा अप्कायवधे प्रवर्त्तन्ते करणत्रयैः । शस्त्रमपि कोशादिना उत्सेचनगालनधावनादिकं समासतो द्रव्यशस्त्रम्, विभागतो द्रव्यशस्त्रं स्वकायशस्त्रलक्षणं नादेयं जलं तडागस्य, परकायशस्त्रं मृत्तिकास्नेहक्षारादि, उभयशस्त्रन्तु उदकमिश्रितमृत्तिकाऽम्भसः, भावशस्त्रञ्चासंयमः प्रमत्तस्य दुष्प्रणिहितमनोवाक्कायलक्षणः ॥१३॥

હવે પ્રસંગવશાત્ અપ્કાયનું નિરૂપણ કરે છે.

**સૂત્રાર્થ :- પ્રરૂપણા, લક્ષણ, પરિમાણ, ઉપભોગ, શસ્ત્રો વડે અપ્કાયનું વિશેષ જણાવે છે. (નિરૂપણ કરે છે.)**

**ભાવાર્થ** :- પ્રરૂપણા વિ. પૃથ્વીકાય કરતાં અપ્કાયની વિશેષતા છે. પૃથ્વીકાય જીવના સ્વરૂપની વિચારણામાં જણાવેલ નવ દ્વાર સિવાય પણ (હોતે છતે) અપ્કાય જીવોના આ બીજા ભેદ છે. તે આ પ્રમાણે.

**પ્રરૂપણા દ્વાર** - ત્યાં સૂક્ષ્મ-બાદર એમ બે ભેદે અપ્કાયના જીવો છે. સૂક્ષ્મ અપ્કાય સર્વલોક વ્યાપી છે. (૧૪ રાજલોકમાં વ્યાપીને રહેલ છે.) બાદર અપ્કાય જીવો પાંચ પ્રકારે છે. (૧) શુદ્ધ પાણી (૨) અવશ્યાય (૩) હિમ (૪) મહિકા (૫) હરતનુના ભેદથી. (૧) તળાવ, સમુદ્ર, નદી વિગેરેનું જે અવશ્યાય રહિત જે પાણી તે શુદ્ધ ઉદક કહેવાય છે. (૨) રાત્રિમાં જે સ્નિગ્ધ પાણી જેવું પડે છે તે અવશ્યાય કહેવાય છે. (૩) શીયાળામાં (શિશિરઋતુ) ઠંડા પુદ્‌ગલોના સંપર્કથી થયેલું જે કઠણ પાણી તે હિમ કહેવાય છે. (૪) અમુક વખત પ્રાતઃકાલે અથવા સંધ્યાકાલે ધૂમ્મસ જેવું જે પડે તે મહિકા કહેવાય છે. (૫) વર્ષાઋતુ અને શરદઋતુમાં લીલી વનસ્પતિ ઉપર રહેલું પાણીનું ટીપું અને સ્નેહાળ (સ્નિગ્ધ) ભૂમિના સંપર્કથી ઉત્પન્ન થતું પાણીનું ટીપું તે હરતનુ કહેવાય છે. એ પ્રમાણે... આ બાદર અપ્કાય જીવો પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદે છે. જે જીવોને વર્ણ-ગંધ વિ. પ્રાપ્ત થયેલું નથી તે અપર્યાપ્તા અને પર્યાપ્તા જીવોના વર્ણ-ગંધ આદિ હજારો ભાંગાઓથી ભેદ પડે છે. (યુક્ત છે.) અને તેથી સંખ્યાતી યોનિ પ્રમાણ (હોવાથી.) લાખો ભેદો થાય છે. આ સંવૃત્ત યોનિવાળા છે. અને તે યોનિ (સંવૃત્તયોનિ) સચિત્ત-અચિત્ત-મિશ્રના ભેદથી ત્રણ પ્રકારની છે. વળી (તેમજ) શીત-ઉષ્ણ-ઉભયના ભેદથી ત્રણ પ્રકારે છે એ પ્રમાણે ગણતા યોનિની (સંખ્યા) સાત લાખ થાય છે. (અપ્કાયની સાત લાખ યોનિ થાય છે.)

**પરિમાણ દ્વાર** - પૃથ્વીકાયની જેમ, પરંતુ બાદર પૃથ્વીકાય પર્યાપ્તાથી બાદર અપ્કાય પર્યાપ્તા જીવો અસંખ્યાત ગુણા છે, બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા જીવોથી બાદર અપ્કાય અપર્યાપ્તા જીવો અસંખ્યાત ગુણા છે. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તાથી સૂક્ષ્મ અપ્કાય અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે, સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તા જીવોથી સૂક્ષ્મ અપ્કાય પર્યાપ્તા જીવો વિશેષાધિક છે એટલું વિશેષ છે.

**લક્ષણ દ્વાર - શંકા :** અપ્કાયના જીવોમાં ઝરણા વિ.ની જેમ અપ્કાય જીવોનું લક્ષણનો અયોગ હોવાથી (ઘટતું ન હોવાથી.) જીવરૂપ નથી ! **સમાધાન :** એવું નથી, અપ્કાય જીવો સચેતન છે. શસ્ત્ર વિ.નો ઘાત નહીં હોતે છતે દ્રવત્વયુક્ત હોવાથી... ઝરણા વિ.માં અતિ વ્યાપ્તિ દૂર કરવા 'શસ્ત્રાનુપહતત્વે' પદ છે. હાથીના શરીરમાં કારણભૂત (શુક્ર અને રૂધિરનું મિશ્રણ) કલલની જેમ, શસ્ત્ર આદિથી નહીં હણાયેલું દ્રવપણાથી, ઈંડામાં રહેલ કલલની જેમ એ પ્રમાણેના અનુમાનથી તેના લક્ષણનો અયોગ થવાથી (એ પ્રમાણે) દ્રવત્વાત્ હેતુનું અસિદ્ધત્વ છે. તેમજ છેદન-ભેદન આદિથી પાણીનું શરીર સજીવ છે. ગાયના શરીરની જેમ સાસ્ના, શિંગડા વિ.નો સમૂહ છે તેમ અપ્કાયના જીવોનું શરીરપણું શુદ્ધ પાણીની જેમ, હિમ આદિ સચેતન સિદ્ધ છે. અપ્કાય હોવાથી. ક્યારેક સચેતન પાણી ભૂમિ ખોદવાથી સ્વાભાવિક રીતે નીકળે છે માટે. (અપ્કાય સચેતન છે.) જેમ દેડકો. દેડકાના (મંડુક)ના ચૂર્ણમાંથી દેડકા ઉત્પન્ન થાય છે. તેમ ખોદવા વિ.થી જમીનમાંથી પણ અપ્કાય જીવો પ્રાપ્ત થાય છે. (નીકળે છે.)

**ઉપભોગ દ્વાર** - સ્નાન, પાન, દોડવું (પાણીમાં) રસોઈ કરવી, પાણી સિંચવું. નાની હોડી દ્વારા પાણીમાં જવું-આવવું આદિ રૂપ ક્રિયા તે પાણીનો ઉપભોગ (વપરાશ) છે. આ સર્વ ઉપભોગની ઈચ્છાથી જીવો ત્રણ કરણ વડે (મન-વચન-કાયા વડે) અપ્કાયના વધમાં પ્રવર્ત્તે છે.

**શસ્ત્ર દ્વાર** - તલવાર આદિ વડે ઉંચે લાવવું, ગાળવું, દોડવું વિ.રૂપ દ્રવ્યશસ્ત્ર સમાસથી છે. વિભાગથી દ્રવ્યશસ્ત્ર સ્વકાયશસ્ત્રના લક્ષણરૂપ તળાવ નદી સંબંધી પાણી. (નદીનું પાણી તળાવના પાણી માટે સ્વકાયશસ્ત્ર રૂપ) છે. માટી, ચીકાશ, ખાર વિ. પરકાયશસ્ત્ર છે. પાણીમાં મિશ્ર થયેલી માટીવાળું પાણી તે ઉભયકાય શસ્ત્ર છે. તેમજ પ્રમત્ત જીવના દુષ્પ્રણિધાનયુક્ત મન-વચન-કાયાનો યોગ તે ભાવશસ્ત્ર છે. ॥૧૩॥

ननु यद्यप एव जीवास्ततस्तत्परिभोगे सत्यवश्यं साधूनामपि प्राणातिपातदोषप्रसङ्ग इत्याशङ्कायामाह-

**अचित्तोदकमेव परिभोग्यम् ॥ १४ ॥**

**अचित्तेत्ति,** अप्कायो हि त्रिविधः सचित्ताचित्तमिश्रभेदात्, तत्र निश्चयव्यवहाराभ्यां सचित्तो द्विधा, घनोदधिघनवलयादयो निश्चयतस्सचित्ताः-एकान्तेन सचित्ताः अवटवापीतडागादिस्था व्यवहारनयमतेन सचित्ताः, अनुद्धृतेषु दण्डषूकालेषु यदुष्णोदकं तन्मित्रम्, प्रथमे दण्डे जायमाने कश्चित्परिणमति कश्चिन्नेति मिश्रः, द्वितीये प्रभूतः परिणमति स्तोकोऽवशिष्ट इति मिश्रः, तृतीये तु सर्वोऽप्यचित्तो भवति, तथा वृष्टौ पतितमात्रं यज्जलं ग्रामनगरादिषु प्रभूततिर्यङ्मनुष्यप्रचारसम्भविषु भूमौ वर्त्तते तद्यावन्नाद्याप्यचित्तीभवति तावन्मिश्रम्, ग्रामनगरादिभ्योऽपि बहिर्यदि स्तोकं मेघजलं निपतति तदानीं तदपि पतितमात्रं मिश्रम्,

तण्डुलोदकमप्यबहुप्रसन्नं मिश्रमिति । तत्राचित्तोऽप्कायः साधूनां परिभोगयोग्यो न सचित्तादिरूपः, अचित्तता च स्वभावाच्छस्त्रसम्बन्धाच्च, तत्र यः स्वभावादचित्तीभवति सोऽपि साधूनां परिभोगाय न कल्पते, किन्तु बाह्यशस्त्रसम्पर्काद्वर्णादिभिः परिणामान्तरमापन्नं, शस्त्रं ह्युत्सेचनागालनोपकरणधावनादि स्वकायादि पूर्ववस्थाविलक्षणवर्णाद्यापत्तयो वा, अग्निपुद्गलानुगतत्वाद्धि जलमीषत्पिङ्गलं धूमगन्धि विरसमुष्णञ्च जायते, तच्चोद्वृत्तत्रिदण्डम् । एवंविधावस्थासादितजलोपभोग एव साधूनां योग्यः, नान्यादृशः । शाक्यादयस्तु अप्कायभोगप्रवृत्ता नियमतोऽप्कायं द्रव्यभावशस्त्रैर्विहिंसन्ति तदाश्रितानन्यांश्च, ततस्तेषां प्राणातिपातादयोऽवश्यम्भाविनः, अत एवैते ज्ञपरिज्ञया न परिज्ञातसमारम्भाः, येन तु ज्ञपरिज्ञया समारम्भाः परिज्ञाताः प्रत्याख्यानपरिज्ञया च परिहृताः स एव परिज्ञातकर्मा भवतीति ॥ १४ ॥

જો પાણી જ જીવ છે તો તેનો પરિભોગ કરે છતે સાધુઓને પણ અવશ્ય પ્રાણાતિપાતના દોષનો પ્રસંગ આવે, એવી શંકામાં કહે છે.

**સૂત્રાર્થ :- અચિત્તપાણી જ વાપરવું જોઈએ.**

**ભાવાર્થ :-** સચિત્ત, અચિત્ત, મિશ્રના ભેદથી અપ્કાય જીવો ત્રણ પ્રકારે છે. ત્યાં સચિત્ત અપ્કાય-નિશ્ચય અને વ્યવહાર એમ બે ભેદે છે. ઘનોદધિ, ઘનવલય આદિ નિશ્ચયથી એકાંતે સચિત્ત જીવો છે. કૂવા, વાવ, તળાવ આદિમાં રહેલું પાણી વ્યવહારનય મતે સચિત્ત છે. મૂળથી દૂર નહીં કરેલું (બરાબર નહીં ઉકાળેલું, ઉકાળો નથી આવ્યો એવું) જે ગરમ પાણી તે મિશ્ર, પહેલા ઉકાળા થયે છતે કાંઈક પરિણમે છે - અચિત્ત થાય છે. કોઈ નથી થતું તેથી મિશ્ર, બીજા ઉકાળામાં ઘણું પરિણમેલું (અચિત્ત થયેલું) થોડું બાકી રહેલું તેથી મિશ્ર. ત્રીજા ઉકાળામાં સર્વે પણ અચિત્ત થાય છે. તેમજ વરસાદમાં પડેલું જેટલા પ્રમાણનું પાણી ગામ, નગર આદિમાં ઘણા તિર્યંચ, મનુષ્ય આદિની અવર-જવરની સંભવનાવાળી ભૂમિમાં રહેલું છે તે જ્યાં સુધી શરૂઆતમાં અચિત્ત થતું નથી. ત્યાં સુધી મિશ્ર છે. ગામ, નગર આદિની પણ બહાર જે થોડું વરસાદનું પાણી પડે છે. ત્યારે તે પડેલું માત્ર પાણી મિશ્ર છે. થોડું નિર્મલ એવું ચોખાનું પાણી પણ મિશ્ર છે. (થોડા સમય સુધી પલળેલું), ત્યાં અચિત્ત પાણી સાધુઓના ઉપભોગ યોગ્ય છે સચિત્તાદિરૂપ નહીં. સ્વભાવથી અને શસ્ત્ર સંબંધથી એમ બે પ્રકારે અચિત્તતા છે. ત્યાં જે સ્વભાવથી અચિત્ત થાય છે તે પણ સાધૂઓના ઉપભોગ માટે કલ્પતું નથી, પરંતુ બાહ્ય શસ્ત્ર સંપર્કથી વર્ણાદિ વડે પરિણામ પામે છે. (બદલાયા કરે છે.) અથવા શસ્ત્ર ઉપરથી પડવું, આગાલન કરવું, ઉપકરણ લેવું, દોડવું વિ. સ્વકાય આદિ પૂર્વવસ્થાથી વિલક્ષણ વર્ણાદિની અપત્તિ થાય છે. અગ્નિના પુદ્ગલોનું તે તરફ જવાથી પાણી કાંઈક પીળું પડેલું (પિંગલ વર્ણવાળું) કે ધૂમાડાથી યુક્ત જે વિરસ થયેલું છે તેવું અથવા ત્રણ ઉકાળાપૂર્વક ગરમ થયેલું પાણી જ સાધુઓના વાપરવાલાયક થાય છે. બીજું નહીં...

શાક્ય આદિ મતવાળા અપ્કાયના ભોગમાં પ્રવૃત્ત થયેલા નિશ્ચે અપ્કાય જીવને દ્રવ્ય અને ભાવશસ્ત્ર વડે હણે છે. અને તેને આશ્રયીને રહેલા બીજા જીવોને પણ હણે છે. તેથી તેઓને પ્રાણાતિપાત આદિ નક્કી છે. આથી જ એઓ 'જ્ઞપરિજ્ઞા' વડે અપ્કાયના સમારંભને જાણતા નથી, જેના વડે (જ્ઞપરિજ્ઞા) જણાયો છે. અને 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા' વડે પરિહાર કરાયો છે તે જ 'પરિજ્ઞાત કર્મો' (સાધુ) છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૧૪॥

अमुमेव न्यायमन्यत्राप्यतिदिशति-

**तेजोवायुवनस्पतिकायान् विजानीयात् ॥ १५ ॥**

**तेज इति,** एतेऽपि अप्काय इव प्ररूपणालक्षणपरिमाणोपभोगशस्त्रैर्विशिष्टतया विज्ञेया इत्यर्थः, तथा हि तेजसः प्ररूपणा-तेजस्कायाः सूक्ष्मबादररूपेण द्विविधाः, एवं वायुवनस्पतिकाया अपि, सूक्ष्माः सर्वलोकव्यापिनः, अङ्गाराग्न्यर्चिर्ज्वालामुर्मुरभेदतः पञ्चविधाः बादरतेजस्कायाः, एते स्वस्थानाङ्गीकरणान्मनुष्यक्षेत्रेऽर्धतृतीयेषु द्वीपसमुद्रेष्वव्याघातेन पञ्चदशसु कर्मभूमिषु व्याघाते सति पञ्चसु विदेहेषु नान्यत्र, उपपाताङ्गीकरणे तु लोकासंख्येयभागवर्तिनः, यत्र बादराः पर्याप्तकास्तत्रैव बादरा अपर्याप्तका अपि, तन्निश्रया तेषामुत्पद्यमानत्वात्, तदेवं सूक्ष्मा बादराश्च प्रत्येकं पर्याप्तकापर्याप्तकभेदेन द्विधा भवन्ति, एते च वर्णादिभिः सहस्राग्रशो भिद्यमानाः संख्येययोनिप्रमुखशतसहस्रभेदपरिमाणा भवन्ति, तत्रैषां संवृता योनिरुष्णा च सचित्ताचित्तमिश्रभेदात्त्रिधा, सप्त चैषां योनिलक्षा भवन्ति । सूक्ष्मवायुजीवाश्च सर्वलोकव्यापितया दत्तकपाटसकलवातायनद्वारगेहोन्तर्धूमवत्स्थिताः । बादरा एते पञ्चविधाः, उत्कलिकामण्डलिकागुञ्जाघनशुद्धवातभेदान्, सप्त च वायुकायानां योनिलक्षा भवन्ति । सूक्ष्मवनस्पतयश्च सर्वलोकापन्ना अचक्षुर्ग्राह्या एकाकारा एव, प्रत्येकसाधारणभेदतो बादरवनस्पतिकाया द्विविधाः. पत्रपुष्पफलमूलादीन् प्रति प्रति एको जीवो येषान्ते प्रत्येकजीवाः, वृक्षगुल्मगुच्छलतावल्लीपर्वगतृणवलयहरितौधिजलरुहकुहणभेदेन द्वादशविधाः । परस्परानुविद्धानन्तजीवसंघातरूपशरीरावस्थानाः साधारणा अनेकभेदाः, समासेन तु सर्वेऽप्येते अग्रमूलस्कन्धपर्वबीजबीजरुहसम्मूर्च्छनजभेदात् षोढा भवन्ति । प्रत्येकतरुजीवाः पर्याप्तकाः संवर्त्तितचतुरस्रीकृतलोकश्रेण्यसंख्येयभागवर्त्त्याकाशप्रदेशराशितुल्यप्रमाणाः बादरतेजःकायपर्याप्तकराशेरसंख्येयगुणाश्च । अपर्याप्तकास्तेऽसंख्येयलोकप्रदेशप्रमाणाः, एतेऽपि बादरतेजःकायजीवराशेरसंख्येयगुणाः । साधारणाः सूक्ष्मबादरपर्याप्तकापर्याप्तकभेदेन चतुर्विधा अपि पृथक् पृथगनन्तानां लोकानां यावन्तः प्रदेशास्तावन्त इति, परन्तु साधारणबादरपर्याप्तकेभ्यो

बादरापर्याप्तका असंख्येयगुणाः तेभ्यः सूक्ष्मा अपर्याप्तका असंख्येयगुणास्तेभ्योऽपि सूक्ष्मपर्याप्तका असंख्येयगुणाः, योनिश्च वनस्पतीनां संवृता, सा च सचित्ताचित्तमिश्रभेदेन त्रिधा, शीतोष्णमिश्रलक्षणभेदत्रयवती च, एवं प्रत्येकतरूणां योनिभेदानां दशलक्षाः साधारणानाञ्च चतुर्दशलक्षा इति । लक्षणं तेजस्कायस्य, यथाहि रात्रौ खद्योतकादेर्देहपरिणामो जीवप्रयोगनिर्वृत्तशक्तिराविष्कृतास्ति एवमङ्गारादीनामपि प्रतिविशिष्टा प्रकाशादिशक्तिर्जीवप्रयोगविशेषाविर्भावितेत्यनुमीयते यथा ज्वरोष्मा जीवप्रयोगं नातिवर्त्तते जीवाधिष्ठितशरीरानुपात्येव भवति एषैवोपमा आग्नेयजन्तूनाम्, न हि मृता ज्वरिणः क्वचिदप्युपलभ्यन्ते, एवमन्वयव्यतिरेकाभ्यामग्नेः सचित्तता भाव्या, एवं छेद्यत्वादिहेतुभ्योऽपि । वायोर्लक्षणञ्च, सचेतनो वायुः, अपरप्रेरिततिर्यगनियमितगतिमत्त्वाद्गवाश्वादिवदिति, तिर्यगेव गमननियमाभावादनियमितेति विशेषणोपादानाच्च न परमाणुषु व्यभिचारः, तेषां नियमितगतिमत्त्वात्, जीवपुद्गलयोरनुश्रेणिगतिश्रवणात्, एष वायू रूपरसगन्धस्पर्शात्मकोऽपि सूक्ष्मपरिमाणात् परमाणोरिव चक्षुरविषयोऽपि न तस्याभावोऽचेतनत्वं वा, अन्यथा चक्षुरविषयशरीराणां स्वशक्तिमहिम्ना तथाविधरूपकारिणां देवादीनामप्यभावोऽचेतनत्वञ्च स्यात्, न चैतदिष्टमिति । वनस्पतिलक्षणमपि-यथा हि मनुष्यशरीरं जातं बालकुमारादिपरिणामविशेषवत् प्रस्फुटचेतनाकमुपलभ्यते तथेदमपि वनस्पतिशरीरम्, यतो जातः केतकतरुर्बालको युवा वृद्धश्च संवृत्त इति जात्यादिधर्मत्वमनुभूयते, समानेऽप्युत्पत्त्यादिधर्मकत्वे मनुष्यादिशरीरमेव सचेतनं न वनस्पतिशरीरमित्यभ्युपगमो न युज्यते, तथा यथा मनुष्यादिशरीरं ज्ञानवत्तथा वनस्पतिशरीरमपि, धात्रीपुन्नागादीनां हि स्वापविबोधसद्भावः अधोनिखातद्रविणराशेः स्वप्ररोहेणावेष्टनं प्रावृड्जलधरनिनादश्रवणशिशिरवायुसंस्पर्शनादङ्कुरोदयः कामिनीचरणताडनादशोकतरोः पल्लवकुसुमोद्गमः, एवं सुरभिसुरागण्डूषसेकाद्बकुलस्य, स्पष्टप्ररोहिकादीनाञ्च हस्तसंस्पर्शात् सङ्कोचिकादिका क्रियाविशेषा दृश्यन्ते, न ह्येते ज्ञानमन्तरेण घटन्त इति । तत्र सूक्ष्माश्चक्षुरग्राह्या जीवाः केवलमरक्तद्विष्टभगवदाज्ञारूपागमादेव प्रत्येतव्याः । अनन्तकायानां जीवानामाहारप्राणापानग्रहणमेकमेव भवति, एकस्मिन् ह्याहारितवति उच्छ्वसिते निःश्वसिते वा सर्वेऽप्यागृहीताहारोच्छ्वासनिःश्वासा भवन्ति बहुभिर्वाऽऽहारादिग्रहणे कृते तदेकस्यापि भवति एवलक्षणास्साधारणजीवा भवन्ति, परिमाणं तेजस्कायस्य क्षेत्रपल्योपमासंख्येयभागमात्रवृत्तिप्रदेशराशिपरिमाणा ये बादरपर्याप्तानलजीवास्ते बादरपृथिवीकायपर्याप्तकेभ्योऽसंख्येयगुणहीनाः, बादरापर्याप्तसूक्ष्मपर्याप्तसूक्ष्मापर्याप्तानलजीवाः पृथिवीवद्भाव्याः किन्तु बादरपृथिवीकायापर्याप्तकेभ्यो

बादराग्न्यपर्याप्तका असंख्येयगुणहीनाः सूक्ष्मपृथिवीकायापर्याप्तकेभ्यः सूक्ष्माग्नेयापर्याप्तका विशेषहीनाः, सूक्ष्मपृथिवीकायापर्याप्तकेभ्यः सूक्ष्माग्नेयपर्याप्तका विशेषहीना इति । बादरपर्याप्तका वायवस्संवर्त्तितलोकप्रतरासंख्येयभागवर्त्तिप्रदेशराशिपरिमाणाः, शेषास्त्रयश्च प्रत्येकमसंख्येयलोकाकाशप्रदेशपरिमाणाः, तथापि बादराप्कायपर्याप्तकेभ्यो बादरवायुपर्याप्तका असंख्येयगुणाः, बादराप्कायापर्याप्तकेभ्यो बादर- वायुकायापर्याप्तका असंख्येयगुणाः सूक्ष्माप्कायापर्याप्तकेभ्यः सूक्ष्मवाय्वपर्याप्तका विशेषाधिकाः, सूक्ष्माप्कायपर्याप्तकेभ्यः सूक्ष्मवायुकायपर्याप्तका विशेषाधिका इति । वनस्पतिकायपरिमाणञ्च यथा कश्चित्सर्वधान्यानि प्रस्थकुडवादिना मित्वाऽन्यत्र प्रक्षिपेत्तथा यदि कश्चित्साधारण-जीवराशिं लोककुडवेन मित्वाऽन्यत्र निक्षिपेत्तत एवं मीयमाना अनन्तलोका भवन्ति । पर्याप्तबादरनिगोदाश्च संवर्त्तितचतुरस्त्रीकृतसकललोकप्रतरासंख्येयभागवर्त्तिप्रदेशराशिपरिमाणाः, प्रत्येकशरीरबादरवनस्पतिपर्याप्तकजीवेभ्योऽसंख्येयगुणाश्च । अपर्याप्तकबादरनिगोदा अपर्याप्तकसूक्ष्मनिगोदाः पर्याप्तकसूक्ष्मनिगोदाश्च प्रत्येकमसंख्येयलोकाकाशप्रदेशपरिमाणाः क्रमशो बहुतरास्तेभ्योऽनन्तगुणाः साधारणजीवा इति । तेजस **उपभोगः**-दहनप्रतापनोद्द्योतकरणौदनादिरन्धनस्वेदनाद्यनेकप्रयोजनेषु मनुष्याणां बादरतेजःकाय उपयुज्यते, एतन्निमित्तं गृहिणस्सततमारम्भप्रवृत्ता जीवान् व्यापादयन्ति । व्यजनभस्त्राध्माताभिधारणोत्सिञ्चनफूत्करणादिभिर्वायुकाय उपयुज्यते तदर्थञ्च मनुष्यास्तदारम्भप्रवृत्तास्तान् हिंसन्ति । पत्रफलाद्याहार व्यजनाद्युपकरणखट्वादिशयनयानशिबिकादिभिर्वनस्पतिकायस्योपभोगः, एतत्प्रयोजनाय सुखैषिणः प्रत्येकसाधारणवनस्पतिजीवान् बहून् विहिंसन्ति धूल्युदकाग्निवायुवनस्पतित्रसादयस्तेजस्कायस्य समासतो द्रव्यशस्त्रम्, स्वकायरूपं विभागशस्त्रमग्निकाय एवाग्निकायस्य, यथा तार्णाग्निः पार्णाग्नेः । परकायरूपन्तूदकादि, उभयरूपमपि तुषकारीषादिव्यतिमिश्रोऽग्निरपराग्नेः । भावशस्त्रं दुष्प्रणिहितमनोवाक्कायलक्षणासंयम इति । वायुकायस्य व्यजनसूर्यचामरादयः परकायशस्त्रम्, प्रतिपक्षवातः स्वकायशस्त्रम् । दुष्प्रणिहितमनोवाक्कायलक्षणं भावशस्त्रम् । वनस्पतेः कुद्दालवासीपरश्वादयः समासतो द्रव्यशस्त्रम्, लगुडादि स्वकायशस्त्रम्, पाषाणवह्न्यादि परकायशस्त्रं दात्रकुठारादिरूपमुभयशस्त्रञ्च विभागतो द्रव्यशस्त्रं विज्ञेयम्, दुष्प्रणिहितमनोवाक्कायरूपासंयमो भावशस्त्रमिति ॥१५ ॥

આ જ દલીલ (ન્યાય.) બીજે સ્થળે પણ બતાવે છે.

**સૂત્રાર્થ :-** તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાયને જાણવા જોઈએ... (જીવરૂપે.)

**ભાવાર્થ :-** આ પણ (તેઉકાય આદિ) અપ્કાયની જેમ પ્રરૂપણા, લક્ષણ, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર વિ. વડે જાણવા યોગ્ય છે. એ પ્રમાણે અર્થ છે.

**તેઉકાયની પ્રરૂપણા** - તેઉકાય જીવો સૂક્ષ્મ અને બાદરરૂપે બે પ્રકારે છે. એ પ્રમાણે વાઉકાય, વનસ્પતિકાય પણ બે ભેદે છે. તેમાં જે સૂક્ષ્મ તેઉકાય છે તે સર્વલોકને વ્યાપીને રહેલા છે. અંગારા, અગ્નિ, જ્યોત, જ્વાલા અને તણખાના ભેદથી પાંચ પ્રકારના બાદર તેઉકાય જીવો છે.

આ પોતાના સ્થાનને અંગી કરવાથી મનુષ્ય ક્ષેત્રમાં અઢીદ્વીપમાં-સમુદ્રમાં અવ્યાઘાતપણે પંદર કર્મભૂમિમાં હોય છે અને વ્યાઘાત થાય તો પાંચ મહાવિદેહમાં હોય છે. બીજે સ્થળે નહીં.

આ જીવોનું ઉત્પત્તિસ્થાન લોકના અસંખ્યાતમા ભાગે છે. જ્યાં બાદર જીવો પર્યાપ્તા છે ત્યાં જ બાદર અપર્યાપ્તા જીવો પણ છે. તેઓનું ઉત્પત્તિ તેની નિશ્રાથી થતી હોવાથી. (અપર્યાપ્તા જીવો) પર્યાપ્તા જીવોને આશ્રયી સંભવે છે. તેમાં સૂક્ષ્મ અને બાદર જીવો પર્યાપ્તા-અપર્યાપ્તાના ભેદ વડે બે પ્રકારના છે. અને આ વર્ણાદિ વડે હજાર ભાંગા વડે સંખ્યાતી યોનિથી લાખો ભેદયુક્ત થાય છે. અને ત્યાં સંવૃત્ત ઉષ્ણયોનિ સચિત્ત-અચિત્ત-મિશ્રના ભેદ વડે ત્રણ પ્રકારની છે. આમ આની (તેઉકાયની) સાત લાખ યોનિ છે.

જેમ ઘરમાં દરેક દરવાજા તથા બારી બંધ હોવા છતાં ઘરની અંદર રહેલા ધૂમાડાની જેમ રહેલા છે. (ધૂમ રહી શકે છે.) તેમ સૂક્ષ્મ વાયુકાયજીવો સર્વલોકવ્યાપી છે. બાદર વાયુકાય આ પાંચ પ્રકારનો છે. (૧) ઊંચે ભમતો (૨) ગોળ ફરતો (૩) ગુંજારવ કરતો (૪) ઘન (ઘટ્ટ)વાયુ (૫) શુદ્ધવાયુના ભેદથી અને વાયુકાયની સાત લાખ યોનિ થાય છે. સૂક્ષ્મ વનસ્પતિના જીવો સર્વલોકવ્યાપી ચક્ષુથી ગ્રહણ નહીં કરાતા એક સ્વરૂપવાળા છે. બાદર વન-કાય જીવો પ્રત્યેક-સાધારણના ભેદથી બે પ્રકારના છો. પત્ર, પુષ્પ, ફલ, મૂલ આદિને દરેકને (એક-એક) જીવ જેમાં છે તે પ્રત્યેક જીવો છે. વૃક્ષ, થડ અને શાખા વિનાનું વૃક્ષ (ગુલ્મ), નહીં ખીલેલી કુંપળનો ગુચ્છો (ધાન્યનો છોડ), વેલડી, વેલો, ગાંઠ, તણખલું, વલય, લીલી વનસ્પતિ, ઔષધિ, પાણીમાં ઊગતી વનસ્પતિ, કુણાવૃક્ષ વિ.ના ભેદ વડે બાર ભેદે છે. એક જ શરીરની અંદર એકમેક થઈને રહેલા સાધારણ વનસ્પતિકાયના જીવોના પણ અનેક ભેદો છે. સંક્ષેપથી આ સર્વે પણ અગ્રમૂલ, સ્કંધ, પર્વ, બીજ, વૃક્ષ અને સમૂર્ચ્છિમ એમ છ ભેદે છે. પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાયના જીવો ઘનીકૃત ચૌદ રાજલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશની સંખ્યા પ્રમાણવાળા અને બાદર પર્યાપ્તા તેઉકાય જીવો કરતાં અસંખ્યાત ગુણા છે. સાધારણ વનસ્પતિકાય જીવો સૂક્ષ્મ-બાદર-પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર ભેદે છે. અને તે ચારેય અલગ (૨) ગણતાં અનંતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. પણ, તફાવત એટલો છે કે સાધારણ બાદર પર્યાપ્તા જીવો કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. તેના કરતાં સૂક્ષ્મ પર્યાપ્તા જીવો અસંખ્યાતગુણા છે. વનસ્પતિકાય જીવોની સંવૃત્ત યોનિ છે. જે સચિત્ત, અચિત્ત અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે. અને શીત-ઉષ્ણ-શીતોષ્ણ એમ પણ ત્રણ ભેદે છે. આમ, પ્રત્યેક ભેદ-પ્રભેદ ગણતાં પ્રત્યેક વનસ્પતિકાય જીવોની દશ લાખ યોનિ છે. તથા સાધારણ વનસ્પતિકાય જીવોની ચૌદ લાખ યોનિ છે.

**લક્ષણ દ્વાર** - તેઉકાયનું લક્ષણ આ પ્રમાણે છે. જેમ રાત્રિમાં આગીયા વિ.નું તેજ જીવની શક્તિને કારણે પ્રકાશે છે તે જ રીતે અંગારા વિ.માં પણ પોતપોતાની જે પ્રકાશ આદિ જીવ પ્રયોગની શક્તિ વિશેષ છે તે અનુમાન કરાય છે. જેમ તાવની ગરમી, જીવ પ્રયોગ વિના સંભવિત નથી. જે શરીરમાં જીવ હોય છે તેવા શરીરમાં જ તાવ હોય છે. મરેલામાં ક્યારેય હોતો નથી. તે જ દૃષ્ટાંત પ્રમાણે અગ્નિકાયની સિદ્ધિ થાય છે. આ રીતે અન્વય અને વ્યતિરેક દૃષ્ટાંતથી અગ્નિમાં જીવનું અસ્તિત્વ જાણવું. તે જ રીતે છેદ્યત્વ વિ. હેતુઓ પણ સમજવા. વાયુકાય જીવનું લક્ષણ આ પ્રમાણે છે. વાયુકાય જીવો સચેતન છે. બીજાથી નહીં પ્રેરાયેલા અર્થાત્ સ્વયં તિર્યગ્ અનિયમિત ગતિથી યુક્ત છે. ગાય, ઘોડા આદિની જેમ તિર્છીગતિમાં અનિયમિત એ પદના ગ્રહણથી પરમાણુમાં વ્યભિચાર નથી. કારણ કે પરમાણુની ગતિ નિયમિત છે. જીવ અને પુદ્ગલની અનુશ્રેણી ગતિ શાસ્ત્રમાં કહેલી છે. વાયુકાય ચક્ષુના વિષયભૂત નથી. છતાં પણ રૂપ-રસ-ગંધ-સ્પર્શથી યુક્ત સૂક્ષ્મ પરિમાણવાળા પરમાણુની જેમ સદ્ભાવ હોવાથી અર્થાત્ તેનો સદ્ભાવ છે. અને તેનું સચેતનપણું છે. અન્યથા પોતાની શક્તિ વિશેષથી આંખોથી ન દેખી શકાય તેવું રૂપ કરનારા દેવાદિમાં પણ અચેતનપણું સિદ્ધ થાય. અને તે ઈષ્ટ નથી.

**વનસ્પતિકાય લક્ષણ** - જેમ ઉત્પન્ન થયેલું મનુષ્યનું શરીર બાળક, કુમાર આદિ અવસ્થા પામે છે - તેમ આ વનસ્પતિકાયનું શરીર પણ અનેક અવસ્થાઓ પામે છે. જે કારણથી ઉગેલું કેતકવૃક્ષ બાલ, યુવા, વૃદ્ધ, સંવૃત્ત એ પ્રમાણે જાતિ આદિ ધર્મપણાને અનુભવે છે. ઉત્પત્તિ આદિ ધર્મપણાનો ક્રમ સરખો હોવા છતાં મનુષ્ય આદિ શરીર જ સચેતન છે. વનસ્પતિનું શરીર નહીં આવું માનવું યોગ્ય નથી. જેમ મનુષ્યાદિ શરીર જ્ઞાનયુક્ત છે તેમ વનસ્પતિ શરીર પણ છે. ધાત્રી, પુન્નાગ આદિ વૃક્ષોનું સૂઈ જવું, જાગૃત થવું આદિનો સદ્ભાવ છે. પોતાની નીચે દાટેલા ધનના ચરૂને પોતાના મૂળીયા વીંટવા, વરસાદમાં મેઘની ગર્જનાને સાંભળવાથી અને શિશિરઋતુમાં ઠંડા પવનના સ્પર્શથી થતો અંકુશનો ઉદ્ગમ, સ્ત્રીના પગની લાત વડે અશોકવૃક્ષના પલ્લવ અને પુષ્પ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સુગંધિત દારૂના કોગળા દ્વારા બકુલ વૃક્ષનું પલ્લવિત થવું. આ રીતે સ્પષ્ટ અંકુશ આદિનું અને હાથના સ્પર્શથી સંકોચ આદિ ક્રિયા વિશેષ દેખાય છે. તે જ્ઞાન વિના ઘટતું નથી. તે સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો અચક્ષુગ્રાહ્ય છે. જે રાગ-દ્વેષ વિનાના પ્રભુજીના આગમનથી જ જાણવા (ખાતરી કરવા) યોગ્ય છે. અનંતકાય જીવોના આહાર, શ્વાસોશ્વાસ વિ. ક્રિયા એક સાથે જ થાય છે. એક જીવ આહાર કરે, શ્વાસોશ્વાસ લે, કે નિઃશ્વાસ કરે ત્યારે સર્વ જીવો આહાર, શ્વાસ, નિશ્વાસયુક્ત થાય છે. અથવા તો ઘણા જીવો આહારાદિ લે તો એક જીવને પણ તેમાંથી બધું મળી રહેશે. આવા લક્ષણયુક્ત સાધારણ જીવો છે.

**પરિમાણ દ્વાર** - તેઉકાય જીવનું પરિમાણ - તેઉકાય જીવો ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્રમાં રહેલા પ્રદેશની રાશિ પ્રમાણ પરિમાણવાળા જે બાદર પર્યાપ્તા તેઉકાય જીવો છે તે બાદર પૃથ્વીકાય પર્યાપ્તા કરતાં અસંખ્યાત ગુણહીન છે. બાદર પર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મ

અપર્યાપ્તા તેઉકાયના જીવો પૃથ્વીકાયની જેમ જાણવા. પરંતુ, બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા જીવો કરતાં બાદર તેઉકાય પર્યાપ્તા અસંખ્યાતગુણહીન છે. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા કરતાં સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા વિશેષહીન છે. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા કરતાં સૂક્ષ્મ અગ્નિકાય પર્યાપ્તા વિશેષહીન છે. બાદરપર્યાપ્તા વાયુકાયજીવો સંવર્ત્તિતલોકના પ્રતરના અસંખ્યાત ભાગમાં રહેલ પ્રદેશની રાશિ પ્રમાણ પરિમાણવાળા છે. શેષ ત્રણે વાયુકાય દરેકને અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ પરિમાણવાળા છે તો પણ બાદર અપ્કાય પર્યાપ્તા કરતાં બાદર વાયુકાય પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. બાદર પર્યાપ્તા અપ્કાય કરતાં બાદર વાયુકાય અપર્યાપ્તા જીવો અસંખ્યાતગુણા છે. સૂક્ષ્મ પર્યાપ્તા અપ્કાય કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તા વાયુકાય વિશેષાધિક છે. સૂક્ષ્મ અપ્કાય પર્યાપ્તા કરતાં સૂક્ષ્મ વાયુકાય પર્યાપ્તા વિશેષાધિક છે.

**વનસ્પતિકાયનું પરિમાણ** - જેમ કોઈ વ્યક્તિ પાલી-કુડવ આદિ માપ વડે સર્વ ધાન્યોને માપીને બીજામાં નાંખે. તેમ જો કોઈક સાધારણ વનસ્પતિ જીવોને ચૌદરાજલોક પ્રમાણ કુડવ (બેપસલી) વડે માપીને બીજે નાંખે. આ પ્રમાણે માપતાં અનંતલોક થાય છે અને પર્યાપ્તા બાદર નિગોદના જીવો ઘનીકૃત સંવર્તિત સકલ લોકના જે પ્રતર છે તેના અસંખ્યાત ભાગમાં રહેલ પ્રદેશ પ્રમાણ રાશિવાળા છે. બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવો કરતાં અસંખ્યાત ગુણા છે. અપર્યાપ્તા બાદર નિગોદ, અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદ, પર્યાપ્તા સૂક્ષ્મનિગોદ. આ દરેક જીવો અસંખ્યાત-લોકાકાશ પ્રદેશ પ્રમાણ અનુક્રમે બહુતર એટલે કે અનંતગુણા-સાધારણ વનસ્પતિકાયના જીવો છે.

**તેજસ ઉપભોગ** - બાળવું (અગ્નિ), તેજ, ઉદ્યોત કરવો, ભાત આદિ રાંધવું, ગરમી આદિ અનેક પ્રયોજનોમાં મનુષ્યો બાદર તેજસ્કાયનો ઉપયોગ કરે છે. આ કારણોસર ગૃહસ્થીઓ હંમેશાં તે જીવો આરંભમાં પ્રવૃત્ત થયેલા જીવોને મારે છે. પંખો, ધમણ, ધમાવનાર, ઉંચે ફેંકવું, ફૂંકવું વિ. કરવા વડે વાયુકાયનો ઉપયોગ કરે છે અને તેને માટે તેના આરંભમાં પ્રવૃત્ત થયેલા તે જીવોને મારે છે. વાયુકાયની વિરાધના (હિંસા) કરે છે. પત્ર, ફલ, આહાર, પંખો, આદિ ઉપકરણ તથા ખાટલા વિ. શયન, જવા માટેની પાલખી વિ. વનસ્પતિકાયનો ઉપભોગ છે. આ કારણસર સુખના અભિલાષી જીવો પ્રત્યેક તથા સાધારણ વનસ્પતિકાય જીવોની ઘણી હિંસા કરે છે. ધૂલી, પાણી, અગ્નિ, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય વિગેરે સમાસથી તેઉકાય જીવ માટે દ્રવ્યશસ્ત્રરૂપ છે. સ્વકાયરૂપ વિભાગશસ્ત્ર, અગ્નિકાય પોતે જ અગ્નિકાય માટે છે. તૃણનો અગ્નિ, પાંદડાના અગ્નિ માટે શસ્ત્રરૂપ છે. પરકાયશસ્ત્ર તે તેઉકાય માટે પાણીના જીવો છે. ફોતરા, લીંડી બંનેથી મિશ્ર થયેલો અગ્નિ તે ઉભયકાય શસ્ત્રરૂપ છે. મન-વચન-કાયાનું જે દુષ્પ્રણિધાનરૂપ અસંયમ તે ભાવશસ્ત્ર છે. પંખો, સૂર્પ, ચામર આદિ વાયુકાય માટે પરકાય શસ્ત્ર છે. પ્રતિપક્ષભૂત પવન તે સ્વકાયશસ્ત્ર છે. મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાનરૂપ અસંયમ તે ભાવશસ્ત્ર છે. વનસ્પતિકાય માટે કોદાળી, કુહાડો, પરશુ આદિ સમાસથી દ્રવ્યશસ્ત્ર છે. લાકડી વિ. સ્વકાયશસ્ત્ર છે. પત્થર, અગ્નિ

વિ. પરકાયશસ્ત્ર છે. દાતરડું, કુઠારા વિ. રૂપ વિભાગથી ઉભયકાય દ્રવ્યશસ્ત્ર છે. મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાનરૂપ અસંયમ તે ભાવશસ્ત્ર છે. ॥૧૫॥

अथ सुखाभिलाषिणो जीवानां दुःखमुदीरयन्ति तन्मूले च दुःखगहने संसारसागरे परिभ्रमन्तीत्येवं विदिततद्दुष्टविपाको निखिलजीवविमर्दनादत्यन्तं निवर्त्तेतेत्याह-

**प्राप्य प्रव्रज्यामवबुध्य जीवान् समारम्भान्निवर्त्तेत ॥ १६ ॥**

**प्राप्येति,** सर्वज्ञोपदिष्टमार्गानुसारेण प्रव्रज्यां परित्यक्ताखिलसावद्यारम्भकलापः सन् तेजस्कायादिप्राणिदुःखं तत्समारम्भं वा न करिष्यामीत्येवं संयमक्रियामवाप्येत्यर्थः, न केवलं क्रियामात्रेण मोक्षावाप्तिरपि तु विशिष्टमोक्षकारणभूतज्ञानादपीत्याशयेनोक्तमवबुध्य जीवानिति, यथावत् जीवगणान् ज्ञात्वेत्यर्थः, पूर्वोदितहेतुभिरम्भस्कायादिजीवान् विज्ञायेति भावः, अथवा यथाऽसद्वेद्यकर्मोदयात् स्वस्य प्राप्तं स्वानुभवेनातिकटु दुःखं सद्वेद्यकर्मोदयात् सुखकरं सुखं वेत्ति तथा एतेऽपि जीवाः सुखाभिलाषिणो दुःखोद्वेजिनश्चेति सुखदुःखाभ्यां जीवानवबुध्येत्यर्थः, यस्य हि स्वात्मन्येवंविधं ज्ञानं समस्ति स एव हि परत्रापि नानाविधोपक्रमजनितं स्वपरसमुत्थं योगाश्रयं सुखं दुःखं वाऽनुमिनोति यस्त्वेवं स्वात्मानमेव न जानाति स कथं परत्र जानीयात्, यश्च परत्र जानाति स स्वात्मानमपि यथावदवैति, परस्पराव्यभिचारादिति भावः । ज्ञपरिज्ञया विज्ञाते जीवगणे यद्विधेयं तदाह-समारम्भान्निवर्त्तेतेति, सर्वस्मादारम्भात् करणत्रयैरुपरमेत्, स चोपरमभाक् य आर्हतप्रवचने निरतो नान्यत्र, तथा च शाक्यादयो यथाप्रतिज्ञं निरवद्यानुष्ठायित्वाभावान्नोपरतव्यपदेशभाजः । प्रव्रज्याप्रतिपत्त्युत्तरकालमपि ज्ञानक्रियोक्तेर्निःशङ्कितत्वसुदृढश्रद्धावत्त्वमपि भवेदिति सूचितम्, यादृशेन ज्ञानेन श्रद्धया च प्रव्रज्यां प्रपन्नः तां तथैव संरक्षेत, न तु शाक्यादिदर्शनवैभवादिना जैनेन्द्रे शासने शङ्कितो भवेत्, देशसर्वभेदेन हि द्विविधा शङ्का, किमस्त्यार्हतो मार्गो न वेति सर्वशङ्का, पृथिवीकायादयो जीवा विद्यन्ते न वेति देशशङ्का, उभयविधाऽपीयं शङ्काऽनर्थकारिणी, तस्मान्मौनीन्द्रवचनेन पृथिवीकायादिज्जीवान् विज्ञाय सश्रद्धो यावज्जीवं समारम्भनिवृत्तो भवेत्, यतः प्रव्रज्याप्रतिपत्तिकाले प्रायः प्रवृद्धपरिणामित्वेऽपि संयमश्रेणिं प्राप्तो वर्द्धमानपरिणामो हीयमानपरिणामोऽवस्थितपरिणामो वा भवेत् तत्र वृद्धिकालो हानिकालो वा समयो जघन्यत उत्कर्षेणान्तमौहूर्त्तिकः, अवस्थितिकालश्च द्वयोर्वृद्धिहानिलक्षणयोर्यवमध्यवज्रमध्ययोरष्टौ समयाः, तत ऊर्ध्वमवश्यं पातात्, तस्मात्प्रव्रज्याप्राप्त्युत्तरकालं श्रुतसागरमवगाहमानः संवेगवैराग्य-

भावनाभावितान्तरात्मा प्रवर्द्धमानपरिणाम एव भवेत्, शङ्कामवधूय निखिलाननगारगुणान् परिरक्षेदिति भावः ॥ १६ ॥

હવે સુખના અભિલાષી જીવોને દુઃખ પહોંચાડે છે. અને તેના કારણો ઘણા દુઃખથી ભયંકર સંસારરૂપી સાગરમાં પરિભ્રમણ કરે છે તેથી જેણે તેનો દુઃખદાયી વિપાક જાણ્યો છે તેવા જીવો સર્વ જીવોને દુઃખ આપવાથી અટકે છે. તેનું સ્વરૂપ જણાવે છે.

**સૂત્રાર્થ :- પ્રવ્રજ્યા લઈને, તે જીવોને જાણીને તે જીવોના સમારંભથી અટકે છે.**

**ભાવાર્થ :-** સર્વજ્ઞ કથિત માર્ગ મુજબ જેણે છોડી દીધા છે સર્વસાવદ્ય સમારંભ એવો પ્રાણી દીક્ષાને લઈને તેઉકાય આદિ જીવોને દુઃખ દેવું અથવા તો તેનો સમારંભ નહીં કરૂં ઇત્યાદિ સંયમરૂપ ક્રિયાને પ્રાપ્ત કરે છે. ફક્ત ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પણ, મોક્ષના કારણરૂપ વિશેષ જ્ઞાનની પણ જરૂર છે. તેથી જ જેમ છે. તે રીતે જીવના અસ્તિત્વને જાણીને આ પ્રમાણે કહેલું છે. પહેલાં જે અપ્કાય આદિ જીવોનું અસ્તિત્વ અનેક કારણો વડે જણાવ્યું - ઇત્યાદિ ભાવાર્થ છે. અથવા અશુભ કર્મના ઉદયથી મળેલું જે પોતાને દુઃખ અને શુભ કર્મના ઉદયથી મળેલ સુખ જેમ પોતે જાણી શકે છે. તેમ સુખને ઈચ્છનારા આ જીવો છે. અને દુઃખથી કંટાળેલા છે.

આ રીતે સુખ-દુઃખ વડે જીવોને જાણે છે. ખરેખર જેને પોતાના આત્મામાં આવા પ્રકારનું જ્ઞાન (સુખ-દુઃખનું) કરી શકે છે. તે જ બીજાના પણ વિવિધ પ્રકારના ઉપક્રમથી થયેલ, સ્વ-પરથી થયેલ ત્રણ યોગ આશ્રયીને થયેલ સુખ અથવા દુઃખનુ અનુમાન કરી શકે છે. કારણ કે જે આવા પ્રકારના પોતાના સુખ-દુઃખને જાણતા નથી, તે બીજાના કેવી રીતે જાણી શકે ? અને જે બીજાના સુખ-દુઃખ જાણે છે તે પોતાના અવશ્ય જાણી શકે છે. આ રીતે પરસ્પરના સુખ-દુઃખનું જ્ઞાન દોષરહિત થાય છે. એ પ્રમાણે ભાવાર્થ છે.

જ્ઞપરિજ્ઞા વડે જીવોને જાણે છતે જે કરવા યોગ્ય છે તે કહે છે... સર્વ સમારંભથી અટકવું જોઈએ. સર્વ પ્રકારના આરંભથી ત્રણ કરણ વડે અટકવું જોઈએ અને જે અટકેલો છે તે અરિહંત પરમાત્માના શાસનમાં રત છે (શાસનને પામેલો છે) બીજો નહિ...! અને શાક્ય આદિએ જે સ્વીકારેલ નિરવદ્ય અનુષ્ઠાનનો અભાવ હોવાથી છળ-કપટથી અટકેલા નથી.

દીક્ષા લીધા પછી પણ જ્ઞાન-ક્રિયામાં કહેલી શંકા રહિતપણું અને દઢશ્રદ્ધા પણ થાય, થવી જોઈએ એ પ્રમાણે અહીં સૂચન કરાયું છે. (બતાવાયું છે.) જેવા પ્રકારના જ્ઞાન અને શ્રદ્ધા વડે દીક્ષાને સ્વીકારી છે તેવી જ રીતે તેનું રક્ષણ કરવું જોઈએ. (પાલન કરવું જોઈએ.) શાક્ય આદિના વૈભવ વિ. વડે (તે જોઈને.) જિનેશ્વરના શાસનમાં શંકા ન કરવી જોઈએ. શંકા બે પ્રકારની છે. દેશથી અને સર્વથી. શું અરિહંત પરમાત્માનો માર્ગ (ધર્મ) સત્ય છે કે નહીં ? તે **સર્વશંકા.** પૃથ્વીકાય આદિ જીવો ખરેખર છે કે નહીં ? તે **દેશશંકા.**

બંને પ્રકારની પણ આ શંકા અનર્થકારી છે. તેથી જ પરમાત્માના વચનથી પૃથ્વીકાયાદિ જીવોને જાણીને શ્રદ્ધાપૂર્વક જીવનપર્યંત તેના સમારંભથી અટકવું જોઈએ...! પ્રવ્રજ્યાના સ્વીકાર સમયે અત્યંત વધતા પરિણામ હોય છે. સંયમશ્રેણીને પ્રાપ્ત થયેલો વર્ધમાન-હીયમાન અથવા અવસ્થિત પરિણામવાળો હોઈ શકે છે. ત્યાં વર્ધમાન અથવા હીયમાનનો સમય જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત છે અને વૃદ્ધિ-હાનિ બંનેનો અવસ્થિતકાલ યવમધ્યનો અને વજ્રમધ્યનો ૮ સમય છે (જઘન્ય) તેનાથી વધારે થતાં અવશ્ય પડે છે. તે કારણથી પ્રવ્રજ્યા પ્રાપ્તિ પછી શ્રુતસાગરમાં મગ્ન થનારો, સંવેગ અને વૈરાગ્યભાવથી ભાવિત જેનો અંતરઆત્મા છે. તેવો સાધુ અત્યંત વધતા પરિણામવાળો જ થાય.

શંકાને દૂર કરીને સાધુ યોગ્ય સર્વગુણોનું સારી રીતે રક્ષણ કરવું જોઈએ. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૧૬॥

अथ पृथिवीजलवह्निवायुवनस्पतिकायनिरूपणोत्तरं क्रमप्रसिद्धं त्रसकायस्वरूपमाह–

**एवं त्रसानष्टविधयोनिभाजो विचिन्त्य परिपालयेत् ॥ १७ ॥**

**एवमिति,** पूर्वमभिहितद्वारैरित्यर्थः तत्र तावत्-त्रसन्ति उष्णाद्यभितप्ताः सन्तोऽभिलषित-स्थानादुद्विजन्ते गच्छन्ति च छायाद्यासेवनार्थं स्थानान्तरमिति त्रसाः, अनया च व्युत्पत्त्या त्रसनामकर्मोदयवर्त्तिन एव त्रसा भवन्ति, त्रसन्त्यभिसन्धिपूर्वकमनभिसन्धिपूर्वकं वा ऊर्ध्वमधस्तिर्यक्षु चलन्तीति त्रसाः, तेजोवायू द्वीन्द्रियादयश्च । प्ररूपणा-लब्धिगतित्रसभेदेनासौ द्विविधः, तेजोवायू लब्ध्या त्रसौ तौ नेह विवक्षितौ, तयोः पूर्वं निरूपितत्वात् गतित्रसाश्च नारकतिर्यङ्मनुष्यामरभेदेन चतुर्विधाः, प्रत्येकं पर्याप्तापर्याप्तभेदभाजो नामकर्मोदयप्रभावेणा-सादितगतयः, सर्वे जीवा मिलित्वा चतुरशीतिलक्षयोनिकाः । सर्वेषां जीवानान्त्वेका कोटीकोटी सप्तनवतिश्च शतसहस्राणि पञ्चाशत्सहस्राणि कुलकोटीनां परिमाणं भवतीति । लक्षणं-दर्शनज्ञानचारित्राणि देशविरतिर्लब्धिदशकं साकारानाकारोपयोगो योगोऽध्यवसायः पृथग्लब्ध्युदयः कर्माष्टकोदय इत्येवमादयः । परिमाणञ्च क्षेत्रतः संवर्त्तितलोकप्रतरासंख्येय-भागवर्त्तिप्रदेशराशिपरिमाणास्त्रसकायपर्याप्तकाः एते च बादरतेजस्कायपर्याप्तकेभ्योऽसंख्येय-गुणाः, त्रसकायपर्याप्तकेभ्यस्त्रसकायिकापर्याप्ता असंख्येयगुणाः, कालतः प्रत्युत्पन्नत्रसकायिकाः सागरोपमलक्षपृथक्त्वसमयराशिपरिमाणा जघन्यपदे, उत्कृष्टपदेऽपि सागरोपमलक्षपृथक्त्व-परिमाणा एव, उद्वर्त्तनमुपपातश्च जघन्येनैको द्वौ त्रयो वा, उत्कृष्टतस्तु प्रतरस्यासंख्येय-भागप्रदेशपरिमाण एव । त्रसेषु सततमुत्पत्तिर्निष्क्रमो वा जीवानां जघन्येनैकं समयं द्वौ त्रीन् वेत्यादि, उत्कर्षेणावलिकासंख्येयभागमात्रं कालं सततमेव निष्क्रमः प्रवेशो वा । एकजीवा-

पेक्षया तु-एकजीवो हि त्रसभावेन जघन्यतोऽन्तर्मुहूर्तमासित्वा पुनः पृथिव्याद्येकेन्द्रियेषूत्पद्यते, प्रकेर्षेणाधिकं सागरोपमसहस्रद्वयं सततं त्रसभावेनावतिष्ठत इति । उपभोगो मांसचर्मकेश-रोमनखपिच्छदन्तस्नाय्वस्थिविषाणादिभिस्त्रसजीवसम्बन्धिभिर्भवति । शस्त्रमप्यस्य स्वकाय-परकायोभयद्रव्यभावभेदभिन्नमनेकप्रकारम् । शेषद्वाराणि पृथिवीवत् । अष्टविधयोनिभाज इति, अण्डपोतजरायुरससंस्वेदसम्मूर्च्छनोद्भिदुपपातजभेदेनाष्टविधं जन्म त्रसानाम्, तत्राण्डजाः पक्ष्यादयः, पोतजा हस्त्यादयः, जरायुजा गोमनुष्यादयः, रसजास्तक्रादौ पायुकृम्याकृतयोऽतिसुक्ष्मजीवाः, संस्वेदजा मत्कुणादयः, सम्मूर्च्छनजाः शलभपिपीलिकादयः, उद्भिज्जाः पतङ्गखञ्जरीटादयः, उपपातजा देवा नारकाश्च, त्रसाः सर्वे एतेष्वेवाष्टविधेषु जन्मसु निपतन्ति, एते त्रसाः सर्वजनप्रत्यक्षसमधिगम्यास्त्रैकालिकाश्च । अर्चामन्त्रसाधनाजिनमांसशोणितपित्त-वसापिच्छापुच्छवालाद्यर्थमातुरा हिताहितप्राप्तिपरिहारशून्यमनस एतान् हिंसन्ति, अतस्त्रास-परिगतमनस एत इति विज्ञाय प्रत्याख्यानपरिज्ञया संवृतो सदाऽनगारगुणान् रक्षेत् ये तु परित्यक्तानगारगुणा विषयप्रवृत्तास्ते न जीवानपेक्षन्ते रागद्वेषकलुषितलोचनत्वात्, अतस्ते नारकादिचतुर्विधगत्यन्तःपातिनः । तदेवं षड्जीवनिकायशस्त्रं करणैर्योगैर्न समारभेत, अन्यथा प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहक्रोधमानमायालोभप्रेमद्वेषकलहाभ्याख्यानपैशुन्य-परपरिवादरत्यरतिमायामृषामिथ्यादर्शनशल्यरूपाष्टादशविधपापभाक् स्यादिति भावः ॥ १७ ॥

હવે પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિકાયના નિરૂપણ પછી ક્રમથી પ્રસિદ્ધ એવા ત્રસકાયનું સ્વરૂપ કહે છે.

**સૂત્રાર્થ :- આ પ્રમાણે આઠ યોનિવાળા ત્રસકાયને જાણીને તેની રક્ષા કરવી જોઈએ.**

**ભાવાર્થ :-** પૂર્વોક્ત દ્વારો વડે સ્થાવર જીવોનું નિરૂપણ કર્યું. પછી ત્રસકાયની વ્યાખ્યા કરે છે. જે પોતે ગરમી આદિ વડે તપ્ત થયેલા હોય ત્યારે પોતે જે સ્થાનમાં છે તે સ્થાનથી કંટાળે છતે છાયા આદિના સેવન માટે બીજા સ્થાને જાય છે તે ત્રસકાય જીવો છે. આ વ્યુત્પત્તિ વડે ત્રસ-નામકર્મના ઉદયથી યુક્ત હોય છે તે જ ત્રસજીવો છે. તે જીવો ઇચ્છાપૂર્વક અથવા ઈચ્છાવિના ઉપર, નીચે, અથવા તિર્છી દિશામાં ચાલે છે તે તેઉકાય, વાઉકાય, બેઈન્દ્રિય આદિ ત્રસ જીવો છે.

**પ્રરૂપણા દ્વાર** - લબ્ધિત્રસ અને ગતિત્રસ એમ બે પ્રકારના ત્રસ જીવો છે. તેજો, વાયુ, લબ્ધિત્રસ જીવોની વિવક્ષા પૂર્વે કહેવાયેલી હોવાથી અહીં કરતા નથી અને ગતિ ત્રસકાય જીવો નારક, તિર્યંચ, મનુષ્ય, દેવના ભેદ વડે ચાર પ્રકારના છે. જેણે નામકર્મના ઉદયથી (તેના પ્રભાવથી) મેળવેલી ગતિઓ છે તે દરેક પર્યાપ્તા, અપર્યાપ્તા બે ભેદ છે. સર્વે મળીને જીવો ચોરાશી લાખ યોનિ પ્રમાણ છે. આ સર્વે જીવોની એક કરોડ, ૯૭ લાખ, ૫૦ હજાર કુલકોટી પરિમાણ થાય છે.

**લક્ષણ દ્વાર** - દર્શન, જ્ઞાન, ચારિત્ર, દેશવિરતિ, દશ લબ્ધિ, સાકાર ઉપયોગ, અનાકારોપયોગ, મન-વચન-કાયારૂપ યોગ અધ્યવસાય, અલગ અલગ રીતે પ્રાપ્ત થયેલ આઠ કર્મનો ઉદય એ પ્રમાણે ત્રસકાય જીવનું સ્વરૂપ છે.

**પરિમાણ દ્વાર** - ક્ષેત્રથી સંવર્ત્તિત ચૌદ રાજલોકના જે પ્રતર છે તેના અસંખ્યાત ભાગમાં રહેલ પ્રદેશના પ્રમાણયુક્ત પર્યાપ્તા ત્રસકાય જીવો છે અને આ જીવો પર્યાપ્તા બાદર તેઉકાય જીવો અસંખ્યાતગુણા છે. ત્રસકાય પર્યાપ્તાથી ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. **કાલથી** - જઘન્યપદમાં ઉત્પન્ન થયેલા ત્રસકાય જીવો ૭ થી ૯ સાગરોપમના સમય પ્રમાણવાળા છે અને ઉત્કૃષ્ટપદમાં પણ તેટલા જ સમય પ્રમાણવાળા છે. આ જીવોનું ઉદ્દ્વર્ત્તન અને ઉપપાત જઘન્યથી એક બે અથવા ત્રણ છે અને ઉત્કૃષ્ટથી તો પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રદેશ પરિમાણવાળા જ છે. ત્રસ જીવોની સતત ઉત્પત્તિ અથવા (અને) નાશ જઘન્યથી એક, બે અથવા ત્રણ સમય છે. ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ માત્ર જ છે. કાલથી તો પ્રતિસમય નાશ અને ઉત્પત્તિ છે. એક જીવની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્તકાળ ત્રસપણામાં રહીને ફરી પાછો પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ સુધી નિરંતર ત્રસપણામાં રહી શકે છે.

**ઉપભોગ દ્વાર** - ઉપભોગ માંસ, ચામડુ, વાળ, રોમ, નખ, પીંછા, દાંત, સ્નાયુ, હાડકાં, શીંગડા આદિ ત્રસ જીવોમાં હોય છે. આ જીવોને શસ્ત્ર પણ સ્વકાયશસ્ત્ર, પરકાયશસ્ત્ર, ઉભયકાયશસ્ત્ર રૂપ તેમ દ્રવ્ય અને ભાવના ભેદથી અનેક પ્રકારે છે. શેષ દ્વાર પૃથ્વીકાય જીવોની જેમ જાણવા... અષ્ટવિધયોનિવાળા આ પ્રમાણે (ત્રસજીવની આઠ યોનિ જણાવે છે.) (૧) અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સમૂર્ચ્છનજ, ઉદ્ભિન્નજ, ઉપપાતજ. આ આઠ પ્રકારના ત્રસજીવોના જન્મ છે. તેમાં પક્ષી આદિ **અંડજ** છે, હાથી વિ. **પોતજ**, ગાય-મનુષ્ય આદિ **જરાયુજ,** છાશ વિ.માં થતા ગુદાના કૃમિની આકૃતિવાળા અતિ સૂક્ષ્મજીવો **રસજ,** માંકડ વિ. **સંસ્વેદનજ,** પતંગીયા, કીડી વિ. **સમ્મૂર્ચ્છનજ,** ખંજનપક્ષી વિ. પક્ષી **ઉદ્ભિન્નજ,** દેવો અને નારકો **ઉપપાતજ,** સર્વે પણ ત્રસ જીવો આ આઠ પ્રકારે જ ઉત્પન્ન થાય છે. આ ત્રસ જીવો સર્વેને પ્રત્યક્ષ જ છે. ત્રણે કાલ રહેલા સારી રીતે જાણવા યોગ્ય છે. પૂજા (ભોગ ચડાવવો.) મન્ત્રસાધના (વધ કરવો), ચામડી, માંસ, રૂધિર, પિત્ત, ચરબી (પાંખ), પૂંછડા, વાળ, આદિ માટે આતુર એવા જે લોકો હિતની પ્રાપ્તિ અહિતના પરિહાર (ત્યાગથી) શૂન્ય મનવાળા આ ત્રસ જીવોની હિંસા કરે છે. આથી આ જીવો ત્રાસયુક્ત મનવાળા થાય છે, એવું જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞાવડે સંવૃત્ત થયેલો હંમેશા અણગારના ગુણોનું રક્ષણ કરે (કરવું જોઈએ.) જેઓ વિષયમાં પ્રવૃત્ત થયેલા તેઓ જીવોની અપેક્ષા રાખતા નથી, કારણ કે રાગ-દ્વેષથી કલુષિત દૃષ્ટિ થયેલી હોવાથી તેવા જીવોએ સાધુને યોગ્ય ગુણોને છોડી દીધેલા છે. આથી તેવા જીવો નરક વિ. રૂપ ચાર ગતિમાં ભટકે છે.

તેથી કરીને ષડ્જીવનિકાયના શસ્ત્રનો ત્રણ યોગ અને ત્રણ કરણથી સમારંભ ન કરવો જોઈએ નહીં તો પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ, અરતિ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્યરૂપ અઢાર પાપસ્થાનકના પાપયુક્ત થાય છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૧૭॥

तदेवं सामान्यतो विशेषतश्च जीवास्तित्वं प्रसाध्य बन्धं विरतिञ्च वर्णयित्वा तच्छ्रद्धानस्य तद्रक्षापरिणामिनोऽधिगतमहाव्रतस्य मुनेश्चारित्राङ्गं रागादिकषायलोकस्य शब्दादिविषयलोकस्य वा विजयं वक्तुमुपक्रमते-

**औदयिकभावलोक औपशमिकादिभावलोकेन विजेयः ॥ १८ ॥**

**औदयिकेति,** लोको हि पञ्चास्तिकायात्मकः, स च नामस्थापनाद्रव्यक्षेत्रकालभवभावपर्यवभेदैरष्टभिर्निक्षिप्यते, तत्र नामस्थापने सुप्रसिद्धे, द्रव्यलोको जीवाजीवरूपः, क्षेत्रलोक आकाशमात्रम्, काललोकः समयावलिकादिः, भवलोको नारकादिः, स्वस्मिन् स्वस्मिन् भवे वर्त्तमानो यथा मनुष्यलोको देवलोक इत्यादि । भावलोकस्तु औदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकपारिणामिकसान्निपातिकरूपः, पर्यायलोको द्रव्याणां पर्यायमात्ररूपः, अत्र त्वौदयिकभावलोको ग्राह्य इत्येतत्सूचनायैव औदयिकभावलोक इत्युक्तम्, तन्मूलो हि संसारोऽतस्तद्विजयः कर्त्तव्यः, विजयश्च नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदैष्षड्भिर्निक्षेप्यः, तत्र नामस्थापने प्रसिद्धे, व्यतिरिक्तद्रव्यविजयो द्रव्येण द्रव्यात् द्रव्ये वा विजयो यथा कटुतिक्तकषायादिना श्लेष्मादेर्नृपतिमल्लादेर्वा, क्षेत्रविजयः षड्भरतखण्डादेः, यस्मिन् क्षेत्रे विजयः प्ररूप्यते स वा, कालविजयः कालेन विजयो यथा षष्टिभिर्वर्षसहस्रैर्भरतेन भारतं जितम्, कालस्य प्राधान्यात्, यस्मिन् वा काले विजयो व्याख्यायते सः । भावविजयः औदयिकादेर्भावस्य भावान्तरेणौपशमिकादिना विजयः, अत्र चानेनैवाधिकारः, एवञ्चौदयिकभावपदेन तथाविधकषायो ग्राह्यः, औदयिकभावकषायलोकस्यौपशमिकादिभावलोकेन विजयः कर्त्तव्यः, तथाविधलोकस्य संसारकारणत्वेन तज्जये झटिति तस्मान्मुच्यत इति भावः ॥१८॥

આ રીતે સામાન્ય અને વિશેષ બંને રીતે જીવના અસ્તિત્વની સિદ્ધિ કરીને કર્મબંધ અને તેની વિરતિનું વર્ણન કરીને તેની શ્રદ્ધાપૂર્વક તે જીવોની રક્ષાના પરિણામથી જેમણે મહાવ્રત સ્વીકાર્યા છે તેવા ચારિત્રવાન મુનિનું શરીર રાગાદિ કષાયરૂપ લોક અથવા શબ્દાદિ વિષયરૂપ લોકના વિજયને કહેવા માટે શરૂઆત કરે છે.

**સૂત્રાર્થ :- ઔદયિક ભાવલોક ઔપશમિક આદિ રૂપ ભાવલોક વડે જીતવા યોગ્ય છે.**

**ભાવાર્થ :-** ઔદયિક ઇત્યાદિ... પાંચ અસ્તિકાય સ્વરૂપ લોક છે. અને તે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ, પર્યાયના ભેદ વડે વિચારી શકાય છે. તેમાં **નામ-સ્થાપના** સુપ્રસિદ્ધ છે, **દ્રવ્યલોક** - જીવ-અજીવ રૂપ, **ક્ષેત્રલોક** - આકાશ પ્રમાણ, **કાલલોક** - સમય-આવલિકા વિ, **ભવલોક** - નરકાદિ, પોતપોતાના ભવમાં વર્ત્તતા, જેમ મનુષ્યલોક, દેવલોક વિગેરે **ભાવલોક** - ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સાન્નિપાતિકરૂપ. **પર્યાયલોક** - દ્રવ્યોના પર્યાયરૂપ. અહીં આચારાંગ સૂત્રમાં ઔદાયિક ભાવલોક ગ્રહણ કરાયો છે તે સૂચવવા માટે જ "औदयिकभावलोक" એ પ્રમાણેનું ગ્રહણ કર્યું છે. (મૂળ સૂત્રમાં). તેના મૂળ રૂપ સંસાર છે. આથી એનો વિજય કરવો જોઈએ, અને વિજય નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના છ ભેદો વડે નિક્ષેપ કરાય છે તેમાં નામ-સ્થાપના પ્રસિદ્ધ છે. વ્યતિરિક્ત દ્રવ્યનો વિજય, દ્રવ્ય વડે, દ્રવ્યથી કે દ્રવ્યમાં વિજય તે દ્રવ્યવિજય. જેમ કડવો, તુરો, તીખો આદિ વડે કફનો વિજય થાય છે. રાજાનો વિજય અથવા મલ્લ પુરૂષ વિ.નો વિજય થાય છે. ક્ષેત્રવિજય - છ ખંડ રૂપ ભરતનો વિજય તે ક્ષેત્રવિજય. અથવા તો જે ક્ષેત્રને વિષે વિજયની પ્રરૂપણા કરાય છે તે ક્ષેત્ર વિ. કાલવિજય - કાલ વડે વિજય જેમ ૬૦ હજાર વર્ષ ભરત વડે ભારત જીતાયું. કાલની પ્રધાનતાથી, કાલવિજય કહેવાય છે. અથવા જે કાલમાં (વડે) વિજયની વ્યાખ્યા કરાય છે તે કાલવિજય/ ભાવવિજય - ઔદયિક આદિ ભાવનો ઔપશમિક આદિ બીજા ભાવ વડે જે વિજય કરવો તે ભાવવિજય છે. આ પ્રસ્તુત આચારાંગમાં તેનો જ અધિકાર છે. આ રીતે "औदयिकभाव" એ પદ વડે તથાપ્રકારના કષાયનું ગ્રહણ કરેલું છે. ઔદયિક ભાવરૂપ કષાયલોકનો ઔપશમિકાદિ ભાવલોક વડે વિજય કરવો જોઈએ. તે કષાયરૂપલોક સંસારનું કારણ છે અને તેનો વિજય કરવાથી સંસારથી જલ્દી છૂટી શકાય છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૧૮॥

ननु विजितकषायलोकत्वात्त्वरया संसारान्मुच्यत इत्युक्तं तत्र कोऽसौ संसारः किं वा तत्कारणमित्यत्राह–

**संसारकषायकामानां मोहनीयं मूलम् ॥ १९ ॥**

**संसारेति,** परम्परया संसारस्य कषायाणां कामानाञ्च मोहनीयं प्रधानं कारणं तथा संसारस्य कषायाः तेषां कामाः तेषाञ्च मोहः कारणम्, एतत्सूचनाय तथा क्रमोपन्यासः, भवति हि इष्टेतरशब्दादिविषयरूपाः कामाः कषायाणां मूलम्, शब्दादीनामिष्टानिष्टानां प्राप्तौ रागद्वेषाभिहतचेतसः कषायाणां प्रादुर्भावात्, ते च कषायाः संसारस्य कारणम्, कषाया हि कर्मस्थितेर्मूलम्, सत्याञ्च तस्यां संसारोऽवश्यम्भावीति, तस्माच्छब्दादिविषयोद्भूताः कषायाः कर्मस्थितिद्वारेण संसारस्य मूलम् । कर्मणश्च कषाया मूलम्, मिथ्यात्वाविरतिप्रमादकषाययोगानां बन्धहेतुत्वात्, अष्टविधस्यापि कर्मणो मोहनीयान्तर्गताः कषायाः कारणम्, कामानाञ्च

मोहनीयम्, कामोऽनङ्गरूपः, तद्गुणाः शब्दादयोऽपि कामपदवाच्याः, वेदोदयप्रयुक्तो हि कामो वेदश्च मोहनीयान्तर्गत एवेति मोहनीयं संसारस्याद्यं कारणम् । मोहनीयन्तु दर्शनचारित्रमोहनीयभेदेन द्विविधम्, अर्हत्सिद्धचैत्यतपःश्रुतगुरुसाधुसंघप्रत्यनीकतया दर्शनमोहनीयस्य कर्मणो बन्धः, येन जीवोऽनन्तसंसारसमुद्रान्तःपात्येवावतिष्ठते । तीव्रकषायबहुरागद्वेषमोहाभिभूतो देशसर्वविरत्युपघातकारिचारित्रमोहनीयं कर्म बध्नाति, दर्शनमोहनीयञ्च मिथ्यात्वमिश्रसम्यक्त्वभेदतस्त्रिविधम्, चारित्रमोहनीयन्तु षोडशकषायनवनोकषायभेदात् पञ्चविंशतिविधम् । तत्र कामाः शब्दादयः पञ्च चारित्रमोहः,त एवात्र विवक्षिताः, तेषां कषायस्थानत्वात्, संसारतरोर्हि शारीरमानसोपचिततीव्रतरदुःखप्राप्तिफलस्य प्रियविप्रयोगाप्रियसम्प्रयोगार्थहानिनानाव्याधिकुसुमस्य दारिद्र्याद्यनेकव्यसनोपनिपातपत्रगहनस्य गर्भनिषेककललार्बुदमांसपेश्यादिजन्मजरामरणशाखस्य नरकतिर्यङ्नरामरगतिस्कन्धस्याष्टप्रकारं कर्म कारणम् तस्यापि च कर्मणः क्रोधादिकषाया मूलमिति भावः । अथ संसारस्य निक्षेपः व्यतिरिक्तद्रव्यसंसारो द्रव्यसंसृतिरूपः, क्षेत्रसंसारो द्रव्यसंचाराधारक्षेत्रम्, कालसंसारो द्रव्यसंसरणकालः, भवसंसारो नारकतिर्यङ्नरामरगतिचतुर्विधानुपूर्व्युदयाद्भवान्तरसंक्रमणम्, भावसंसारस्तु औदयिकादिभावपरिणतिः संसृतिस्वभावा, नामस्थापनाद्रव्योत्पत्तिप्रत्ययादेशरसभावभेदेनाष्टधा कषायस्य निक्षेपः, नामस्थापने स्पष्टे, व्यतिरिक्तद्रव्यकषायाः कर्मद्रव्यनोकर्मद्रव्यकषायभेदेन द्विधाः, आदित्सितात्तानुदीर्णोदीर्णाः पुद्गला द्रव्यप्राधान्यात् कर्मद्रव्यकषायाः, नोकर्मद्रव्यकषायास्तु बिभीतकादयः, शरीरोपधिक्षेत्रवास्तुस्थाण्वादयो येषामाश्रयेण कषायाणामुदयस्ते उत्पत्तिकषायाः, कषायाणां बन्धकारणभूता मनोज्ञेतरशब्दादयः प्रत्ययकषायाः, कृत्रिमकृतभ्रुकुटीभङ्गादय आदेशकषायाः, रसकषायस्तु मधुराम्लकटुतिक्तकषायपञ्चकान्तर्गतः कषायः, भावकषायाः शरीरोपधिक्षेत्रवास्तुस्वजनप्रेष्यार्चादिनिमित्ताविर्भूताः शब्दादिकामगुणकार्यभूतकषायकर्मोदयादात्मपरिणामविशेषाः क्रोधमानमायालोभाः प्रत्येकमनन्तानुबन्ध्यादिभेदतः षोडशविधाः, विवेचिताश्चैते मत्कृततत्त्वन्यायविभाकरे । नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदान्मूलस्य षोढा निक्षेपः, उभयव्यतिरिक्तद्रव्यमूलञ्चौदयिकोपदेशादिमूलभेदेन त्रिविधम्, वृक्षादेर्मूलत्वेन परिणतद्रव्याणि औदयिकद्रव्यमूलानि, आतुराय चिकित्सकोपदिष्टं रोगविनाशनसमर्थं मूलं पिप्पलीमूलादिरूपमुपदेशद्रव्यमूलम्, वृक्षादिमूलोत्पत्तिप्रथमकारणं स्थावरनामगोत्रप्रकृतिप्रत्ययान्मूलनिर्वर्त्तनोत्तरप्रकृतिप्रत्ययाच्च यन्मूलमुत्पद्यते तदादिमूलम्, औदारिकशरीरत्वेन मूलनिर्वर्त्तकानामुदयिष्यतां पुद्गलानां कार्मणं शरीरमाद्यं कारणमिति यावत् । मूलोत्पत्तेस्तद्व्याख्याया

वाऽऽधारभूतं क्षेत्रं क्षेत्रमूलम्, तदुत्पत्तिव्याख्यानयोर्निमित्तभूतः कालः कालमूलम् । भावमूलन्तु त्रिविधम्-औदयिकभावमूलमुपदेष्टृमूलमादिमूलञ्चेति, नामगोत्रकर्मो- दयाद्वन-स्पतिकायमूलमनुभवन्मूलजीव एवौदयिकभावमूलम्, यैः कर्मभिः प्राणिनो मूलत्वेनोत्पद्यन्ते तेषामुपदेष्टा मोक्षसंसारयोरादिमूलस्योपदेष्टा सामान्येनोपदेष्टा वाऽऽचार्य उपदेष्टृभावमूलम्, मोक्षस्य ज्ञानदर्शनचारित्रतपऔपचारिकरूपेण पञ्चप्रकारो विनयः आदिमूलम्, विषयकषायाः संसारस्यादिमूलम् ॥ १९ ॥

જિતાયેલા કષાયલોકથી જલ્દીથી સંસારથી મુક્ત થાય છે એ પ્રમાણે કહ્યું છે તો ત્યાં સંસાર શું છે ? તેનું શું કારણ તે બતાવતા કહે છે.

**સૂત્રાર્થ :- સંસાર, કષાય, કામનું મૂલ મોહનીય છે.**

**ભાવાર્થ :-** પરંપરાએ સંસારનું, કષાયનું, કામોનું પ્રધાનકારણ મોહનીય છે. તેમજ સંસારનું કારણ કષાયો, તેનું કારણ કામો અને તેનું કારણ મોહ છે. એમ સૂચવવાને માટે આ ક્રમ બતાવ્યો છે. ખરેખર ઈષ્ટ અને અનિષ્ટ શબ્દ આદિ વિજયરૂપ કામ એ કષાયોનું મૂળ છે. ઈષ્ટ, અનિષ્ટ શબ્દાદિની પ્રાપ્તિથી રાગ-દ્વેષથી હણાયેલા ચિત્તથી કષાયોની ઉત્પત્તિ થાય છે. અને તે કષાયો સંસારનું કારણ છે, કષાયો કર્મસ્થિતિનું મૂલ છે. કર્મસ્થિતિ હોતે છતે તેઓને સંસાર અવશ્ય થાય છે. અર્થાત્ કર્મસ્થિતિ હોય તો તેને ભોગવવા માટે સંસારમાં રહેવું જ પડે. તેથી શબ્દાદિ વિષયોથી ઉત્પન્ન થયેલા કષાયો કર્મસ્થિતિબંધ દ્વાર વડે કષાયો સંસારનું મૂલ છે અને કર્મોનું મૂળ કષાયો છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એ બંધ હેતુ હોવાથી આઠે પ્રકારના કર્મબંધમાં મોહનીયને અંતર્ગત કષાયો કારણભૂત છે. કામનું કારણ મોહનીય કર્મ છે. કામ એટલે વિષય (અનંગ-કામદેવ) રૂપ છે. તેના ગુણ શબ્દાદિ પણ કામ શબ્દથી સમજવા જોઈએ. વેદનીયના ઉદયથી કામ થાય છે. વેદ એ મોહનીયમાં સમાવેશ પામેલ જ છે. તેથી જ મોહનીયકર્મ એ સંસારનું મુખ્ય કારણ છે. (મૂલ છે.)

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ મોહનીય કર્મ બે ભેદે છે. અરિહંત, સિદ્ધ, ચૈત્ય, તપ, શ્રુત, ગુરૂ, સાધુ અને સંઘ પ્રત્યે શત્રુતા (શત્રુભાવ) રાખનાર જીવ દર્શનમોહનીય કર્મ બાંધે છે. જેના કારણે અનંત એવા સંસાર સમુદ્રની અંદર જીવ ડૂબેલો જ રહે છે. તીવ્ર કષાય, અત્યંત રાગ, દ્વેષ, મોહથી પરાભવ પામેલા જીવ-દેશવિરતિને સર્વવિરતિને ઉપઘાત કરનાર ચારિત્રમોહનીય કર્મ બાંધે છે. મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીયના ભેદથી દર્શનમોહનીયના ત્રણ ભેદ છે. ૧૬ કષાય, નવ નોકષાયના ભેદથી ચારિત્રમોહનીય પચ્ચીશ ભેદે છે. ત્યાં કામ શબ્દાદિ પાંચ ચારિત્રમોહનીય છે. અને તેની જ અહીં વિવક્ષા છે. કારણ કે તે પાંચ કષાયના સ્થાનભૂત છે. શારીરિક, માનસિકથી ઉત્પન્ન થયેલું તીવ્રતર દુઃખનું પ્રાપ્તિરૂપ ફળ, પ્રિય વિયોગ, અપ્રિય સંયોગ, ધનહાનિ, વિવિધ પ્રકારના વ્યાધિરૂપ ફૂલ દારિદ્રતા આદિ અનેક આપત્તિઓરૂપ

પાંદડા જેમાં ખરે તેવું તેમજ ગર્ભરચના, કલલ, અર્બુદ, માંસપેશી આદિ જન્મ, જરા, મરણરૂપ શાખા છે. જેની એવું તેમજ નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિરૂપ સ્કંધ = થડરૂપ જેમાં છે એવા સંસારરૂપ વૃક્ષનું કારણ આઠ કર્મ છે. અને તેનું (કર્મનું) મૂળ કષાયાદિ છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે.

હવે સંસારનો નિક્ષેપ કરે છે. વ્યતિરિક્ત દ્રવ્યસંસાર - દ્રવ્ય સંસૃતિસ્વરૂપ (સહજ સંસારરૂપ છે.) ક્ષેત્ર સંસાર-દ્રવ્ય સંસારનો આધાર તે (ક્ષે.સં.) દ્રવ્ય સંસારમાં જે પસાર થતો સમય તે 'કાલ સંસાર, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ અને તે ચારે પ્રકારની આનુપૂર્વીના ઉદયથી બીજા ભવમાં સંક્રમ થવો (જન્મ લેવો.) તે ભાવ સંસાર...! વળી, ઔદયિકાદિ ભાવ પરિણતિરૂપ સંસારનો સ્વભાવ તે ભાવસંસાર...! નામ, સ્થાપના, દ્રવ્ય, ઉત્પત્તિ, પ્રત્યય, આદેશ, રસ, ભાવ એમ આઠ પ્રકારે કષાયનો નિક્ષેપ, નામ-સ્થાપના તો સ્પષ્ટ જ છે, ગ્રહણ કરવાની ઈચ્છાથી, ગ્રહણ કરેલા, ઉદીરીત કર્મ, ઉદયમાં નહીં આવેલા પુદ્‌ગલો દ્રવ્ય જેમાં પ્રધાન છે, તેથી તે કર્મ દ્રવ્યકષાય બહેડા આદિ (કષાયેલા રસયુક્ત) દ્રવ્ય તે નોકર્મદ્રવ્યકષાય...! શરીર, ઉપધિ, સ્થાન, વાસ્તુ, થાંભલો આદિ જેના આશ્રયથી કષાયોનો ઉદય તે ઉત્પત્તિ કષાયો, કષાયના બંધમાં કારણભૂત ગમતા કે નહીં ગમતા શબ્દો વિ. પ્રત્યય કષાય છે. કૃત્રિમ રીતે ભવાં ચડાવવા વિ. આદેશ કષાય છે. મધુર, આમ્લ, કટુ, તિક્ત, કસાયેલો (તૂરો.) એ પાંચ કષાયની અંતર્ગત જે કષાયરસ તે રસકષાય, શરીર, ઉપધિ, ક્ષેત્ર, વાસ્તુ, સ્વજન, દાસ, પૂજા આદિના નિમિત્તથી થતા શબ્દાદિ કામગુણ છે તેનાથી થતાં કષાય કર્મના ઉદયથી આત્મપરિણામ વિશેષ, ક્રોધ, માન, માયા, લોભ. દરેકના અનંતાનુબંધી આદિ ભેદથી ૧૬ પ્રકારના છે. આનું વિવેચન મારા વડે કરાયેલ તત્ત્વન્યાયવિભાકર ગ્રંથમાં વિવેચન છે. (પૂ.આ.દે.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.) (વિસ્તારથી છે.)

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના ભેદથી 'મૂલ'ના '૬' પ્રકાર બતાવ્યા છે. (નિક્ષેપ છે.) ઉભયવ્યતિરિક્ત દ્રવ્યમૂલ ઔદયિક, ઉપદેશ અને આદિમૂલ એમ ત્રણ ભેદે છે. વૃક્ષ આદિના મૂલ વડે પરિણત જે દ્રવ્ય "ઔદયિક દ્રવ્ય મૂલ" છે. બિમારને વૈદ્ય વડે રોગના નાશ માટે બતાવેલ કીડી વિ.ના મૂલરૂપ જે દ્રવ્ય તે "ઉપદેશ દ્રવ્ય મૂલ." સ્થાવર નામ-ગોત્ર કર્મની જે પ્રકૃતિ તેના કારણે જે વૃક્ષાદિના મૂલની ઉત્પત્તિમાં પ્રથમ કારણભૂત છે. અને જેનાથી મૂલ ઉત્પન્ન થાય છે તે "આદિ દ્રવ્ય મૂલ" છે. ઔદારિક શરીરરૂપ મૂલ બનાવવામાં ઉદય પામતાં એવા કાર્મણ શરીરગત પુદ્‌ગલો તે દ્રવ્યમૂલ ઉત્પત્તિમાં શરીર મુખ્ય કારણ છે. આ પ્રમાણેનો ભાવાર્થ છે. મૂલની ઉત્પત્તિ અથવા તેની વ્યાખ્યાના આધારભૂત જે ક્ષેત્ર (સ્થાન.) તે "ક્ષેત્રમૂલ" કહેવાય છે. તેની ઉત્પત્તિના વ્યાખ્યાનમાં નિમિત્તભૂત જે કાલ તે "કાલ મૂલ" કહેવાય છે. ભાવમૂલ ત્રણ પ્રકારે - ઔદયિક ભાવમૂલ, ઉપદેશ ભાવમૂલ અને આદિમૂલ...! નામ-ગોત્ર કર્મના ઉદયથી વનસ્પતિકાયરૂપ મૂલને અનુભવ કરતો જે મૂલમાં રહેલો જે જીવ તે જ "ઔદાયિક ભાવમૂલ છે !" પ્રાણીઓ જે કર્મવડે મૂલ તરીકે ઉત્પન્ન થાય છે. તેવું ઉપદેશ કરનાર મોક્ષ અને સંસારના

આદિ કારણરૂપ મૂલને ઉપદેશ કરનારા અથવા તો સામાન્ય રીતે ઉપદેશ કરનારા આચાર્ય ભગવંત તે "ઉપદેષ્ટૃભાવમૂલ" છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ઔપચારિક રૂપ પાંચ પ્રકારનો વિનય મોક્ષનું આદિ કારણ છે. તે "આદિ ભાવમૂલ" છે. વિનય અને કષાય સંસારનું "આદિમૂલ" છે. ॥૧૯॥

अथ संसारस्य नारकादिगतिरूपस्य कषायमूलत्वात्तदुन्मूलनमवश्यं विधेयमन्यथा दोषमाह—

**स्वजनादिषु रागद्वेषाभ्यां जन्मादिप्राप्तिः ॥ २० ॥**

**स्वजनेति,** यो ह्यात्मा शब्दादिविषये वर्त्तते स कषाये वर्त्तत इति तस्य गुणानुरागितया तद्प्राप्तौ विनाशे वा कांक्षाशोकाभ्यां कायिकमानसदुःखेनात्यन्तमभिभूतस्तत्र तत्रोत्पन्नो रागाद्याक्रान्तो मातापित्रादिलक्षणस्वजनादावनुरज्यते, स्वभावादुपकारकर्त्तृत्वाद्वा, एतेषां क्षुत्पिपासादिवेदना मा भूदिति कृषिवाणिज्यसेवादिकां प्राण्युपघातमयी क्रियां विदधाति; तद्विघ्नकर्त्तरि जन्तौ तेषां वाऽकार्यानुष्ठातृत्वे द्वेष आविर्भवति, तदेवं मातापित्राद्यर्थं कषायेन्द्रियविषयप्रवृत्तोऽर्थोपार्जनरक्षणनिरतोऽहर्निशमशुभाध्यवसायपरिणतः समन्तात्सन्तप्यमानः काले कर्त्तव्यमकाले करोति, अवसरेऽपि न विधत्ते, अकर्त्तव्यं च करोति, तथा च दुःखमेव केवलमनुभवति, विक्षिप्तमनस्कत्वात्, धनधान्यहिरण्यद्विपदचतुष्पदराज्यभार्यादिसंयोगार्थित्वाच्च । अर्थातिलुब्धश्चातिक्रान्तार्थोपार्जनसमर्थवया अपि सम्भृतसंभारोऽपि प्रबलजलधारावर्षनिरुद्धाखिलप्राणिसञ्चारायां प्रावृषि महानदीजलपूरानीतकाष्ठानि जिघृक्षुः शुभपरिणामनिवृत्तो मम्मण इव तदुपार्जने प्रवर्त्तते, तथा निर्गतकर्त्तव्याकर्त्तव्यविवेचनोऽतिमात्रार्थलोभदृष्टित्वादैहिकामुष्मिकदुर्विपाककारिणीर्गलकर्त्तनचौर्यादिक्रियाः करोति, तदेवं मातापित्रादिस्वजनेष्वनुरक्तो धनगृद्धः स्वपरकायादिभेदभिन्नैश्शस्त्रैर्निःशंकं पृथ्वीकायादिप्राणिसमारम्भप्रवृत्तो जन्ममरणादीनि प्राप्नोति, अतिक्रान्तयौवनश्च यदा जरामवाप्नोति देशतस्सर्वतो येन्द्रियैः परिहीयमाणश्शिथिलीभूतनिखिलावयवो विपरीतबुद्धिः पराधीनो भवति तदा त एव स्वजनादयस्तमवधीरयन्ति न च तं शुश्रूषन्ते, सर्वैश्चावनीतो वचनमात्रेणापि केनाप्यननुवर्त्तमानोऽतिदुःखितो यावदायुःशेषं कष्टतरां दशामनुभवतीति ॥ २० ॥

નરકાદિ ગતિરૂપ સંસાર કષાયના કારણે છે. તેથી કષાયને મૂળથી દૂર કરવા અત્યંત જરૂરી છે. નહીં તો દોષરૂપ થાય છે, તે જણાવે છે.

**सूत्रार्थ :-** સ્વજન આદિને વિષે રાગ-દ્વેષથી જન્મ આદિની પ્રાપ્તિ થાય છે.

**ભાવાર્થ** :- જે આત્મા શબ્દાદિ વિષયમાં વર્તે છે, તે કષાયમાં વર્તે છે એ પ્રમાણે, અને શબ્દાદિનું અનુરાગીપણું થવાથી.,તે ન મળે તો કાંક્ષા (ઈચ્છા) અથવા તો તેનો વિનાશ થાય તો શોક, તેના વડે કાયિક, માનસિક દુઃખ વડે અત્યંત પરાભવ પામેલો જીવ તેમાં ઉત્પન્ન થાય છે. રાગાદિથી આક્રાન્ત થયેલો જીવ માતા-પિતા આદિ સ્વજન ઉપર સ્વભાવથી અથવા ઉપકાર કરનાર હોવાથી રાગવાળો થાય છે. એઓને ભૂખ-તરસ આદિ દુઃખ ન થાઓ એમ (વિચારી) ખેતી, વ્યાપાર સેવા આદિ પ્રાણઘાત થનારી ક્રિયાને કરે છે. તેમાં વિઘ્ન કરનાર અથવા તેઓમાં અકાર્ય કરનાર (નડતરરૂપ) થાય તે પ્રાણી ઉપર દ્વેષ થાય છે. તે આ રીતે માતા-પિતાદિ માટે કષાય, ઈન્દ્રિયના વિષયમાં પ્રવૃત્ત જીવ અર્થ ઉપાર્જન, તેના રક્ષણમાં રક્ત હંમેશા અશુભ અધ્યવસાયવાળો, ચારે બાજુથી તપ્ત થયેલો કાલે (સમયે) કરવા યોગ્ય કાર્ય અકાલે કરે છે, અવસરે કરવા યોગ્ય કરતો નથી. અને અકર્તવ્ય કરે છે. આ રીતે વિક્ષિપ્ત ચિત્તયુક્ત તે ફક્ત દુઃખનો જ અનુભવ કરે છે અને ધન, ધાન્ય, સોનુ, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, ભાર્યા આદિના સંયોગની ઈચ્છા હોવાથી (આવી અવસ્થા થઈ છે.) અર્થનો (પૈસાનો) અતિલોભ અને અર્થ ઉપાર્જન માટે જેની ઉંમર વીતી ગઈ છે. એવા અત્યંત અર્થથી (ધનથી) યુક્ત પણ પુષ્કળ વર્ષાના કારણે સર્વ પ્રાણીઓની અવર-જવર ઘટી ગઈ છે. તેવી વર્ષાઋતુમાં વિશાળ નદીના પુરમાં તણાતું લાકડું ગ્રહણ કરવાથી ઈચ્છાવાળો શુભ પરિણામથી અટકી ગયેલો છે. તેવા મમ્મણ શેઠની જેમ જીવ ધનઉપાર્જન માટે પ્રવૃત્તિ કરે છે. આ રીતે નિકળી ગયો છે. કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક જેનામાંથી અને અતિલોભને કારણે આ લોક-પરલોકમાં મળનાર દુઃખરૂપફલને કરનારા ગલકર્તન (પ્રાણી વધ), ચોરી આદિ કરે છે. તેમજ માતા-પિતાદિ સ્વજનમાં અનુરક્ત (રાગી થયેલો) ધનમાં આસક્ત, સ્વકાય, પરકાયશસ્ત્રથી પૃથ્વીકાયાદિ જીવના આરંભમાં પ્રવૃત્તિ કરીને જન્મ-મરણાદિ પ્રાપ્ત કરે છે. જ્યારે યૌવનવય પૂર્ણ થાય છે અને ઘડપણ આવે છે. ત્યારે ઈન્દ્રિયથી હીન થયેલો અને નબળા અવયવવાળા તેમજ વિપરીત બુદ્ધિથી યુક્ત તે જીવ જ્યારે પરાધીન થાય છે, ત્યારે તે સ્વજનાદિ તેનું અપમાન કરે છે. તેની સેવા કરતા નથી... એ રીતે સર્વથી અપમાનિત, વચનથી પણ કોઈનાય દ્વારા અનુસરણ નહીં કરતો. અતિ દુઃખિત જીવનથી જ્યાં સુધી આયુષ્ય બાકી છે ત્યાં સુધી અત્યંત દુઃખી અવસ્થાને અનુભવે છે. ॥૨૦॥

तदेवमप्रशस्तं स्थानमुक्त्वा प्रशस्तमाह–

**तस्मात्प्राप्तावसर आत्मार्थं प्रयतेत ॥ २१ ॥**

**तस्मादिति,** यतो जन्ममरणप्रवाहेण जरया चाभिभूतो महादुःखमनुभवति जीवस्तस्मादित्यर्थः, प्राप्तावसर इति, आर्यक्षेत्रसुकुलोत्पत्तिबोधिलाभसर्वविरत्यादिकं संसारे पुनरतीव दुर्लभमवसरं लब्ध्वेत्यर्थः, विवेकिभिः प्रोक्तावसरमवाप्य यावदिन्द्रियैः क्षीयमाणशक्तिकैर्व्याकुलं जराजीर्णं न स्वजनादयः परिवदन्ति यावच्चानुकम्पया न पोषयन्ति रोगाभिभूतञ्च न

परित्यजन्ति तावदात्मार्थं यत्नो विधेयः, आत्मनोऽर्थः, स च ज्ञानदर्शनचारित्रात्मकः, अन्यस्त्वनर्थ एव, अवसरो द्रव्यक्षेत्रकालभावभेदभिन्नः, तत्र द्रव्यावसरो जङ्गमत्वपञ्चेन्द्रियत्वविशिष्टजातिकुलरूपबलारोग्यायुष्कादिको मनुष्यभवः संसारोत्तरणसमर्थचारित्रावाप्तियोग्यः, देवनारकभवयोः सम्यक्त्वश्रुतसामायिके एव, तिर्यक्षु च कस्यचिद्देशविरतिरेव । क्षेत्रावसरो यस्मिन् क्षेत्रे चारित्रप्राप्तिः, तत्र सर्वविरतिसामायिकस्याधोलौकिकग्रामसमन्वितं तिर्यक्क्षेत्रमेव, तत्राप्यर्धतृतीयद्वीपसमुद्राः, तत्रापि पञ्चदशसु कर्मभूमिषु, तत्रापि भरतक्षेत्रमपेक्ष्यर्धषड्विंशेषु जनपदेष्वित्यादिकः क्षेत्ररूपोऽवसरः, अन्यस्मिंश्च क्षेत्रे आद्ये एव सामायिके । कालावसरः कालरूपः स चावसर्पिण्यां सुषमदुस्समादुस्समसुषमादुस्समासु तिसृषु समासु, उत्सर्पिण्यान्तु तृतीयचतुर्थारकयोः सर्वविरतिसामायिकस्य प्रतिपाद्यमानकापेक्षया, पूर्वप्रतिपन्नासु सर्वत्र सर्वासु समासु । भावावसरश्च कर्मभावनोकर्मभावावसरभेदेन द्विविधः, कर्मभावावसरः कर्मणामुपशमक्षयोपशमान्यतरावाप्तावसर उच्यते, तत्रोपशमश्रेण्यां चारित्रमोहनीय उपशमितेऽन्तर्मौहूर्त्तिक औपशमिकचारित्रक्षणो भवति, तस्यैव मोहनीयस्य क्षयेणान्तर्मौहूर्त्तिक एव छद्मस्थयथाख्यातचारित्रक्षणो भवति, क्षयोपशमेन तु क्षायोपशमिकचारित्रावसरः, स चोत्कृष्टतो देशोनपुर्वकोटिं यावत् । सम्यक्त्वक्षणस्त्वजघन्योत्कृष्टस्थितावायुषो वर्त्तमानस्य शेषाणान्तु कर्माणां पल्योपमासंख्येयभागन्यूनान्तःसागरोपमकोटीकोटिस्थितिकस्य जन्तोर्भवति । नोकर्मभावक्षणस्तु आलस्यमोहावर्णवादस्तम्भाद्यभावे सम्यक्त्वाद्यवाप्त्यवसरः, आलस्याद्युपहतस्य संसारसंतरणयोग्यमनुष्यभवप्राप्तावपि बोध्यादेरप्राप्तेः । तदेवं विषयकषायमातापित्रादिकमात्मनेऽहितमुत्सृज्य ज्ञानदर्शनचारित्रात्मके आत्मानमधिष्ठापयेदिति भावः ॥ २१॥

હવે અપ્રશસ્ત સ્થાનને કહીને પ્રશસ્ત સ્થાન જણાવે છે.

**સૂત્રાર્થ :- તેથી - (તે કારણથી) જેને અવસર પ્રાપ્ત થયો છે. આ મનુષ્ય જન્મ મળ્યો છે. તેવા જીવે આત્મા માટે પ્રયત્ન કરવો જોઈએ.**

**ભાવાર્થ** :- તેથી જન્મ-મરણ અને ઘડપણના પ્રવાહથી પરાભવ પામેલ જીવ મહાદુઃખને અનુભવે છે તેથી અવસર પ્રાપ્ત થયો છે. આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, બોધિની પ્રાપ્તિ, સર્વવિરતિ વિ. સંસારમાં અતીવ દુર્લભ અવસર પામીને જ્યાં સુધી ઈન્દ્રિયો ક્ષય થઇ નથી, શક્તિઓ વ્યાકુળ થઈ નથી. ઘડપણથી પરાભૂત સ્વજનાદિથી થયા નથી. દયાપૂર્વક પોષણ કરતા નથી અને રોગથી પરાભૂત થયેલાને છોડી દેતા નથી. ત્યાં સુધી આત્માને માટે પ્રયત્ન કરવો જોઈએ. પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર એ આત્માનો અર્થ છે. બીજું બધું અનર્થરૂપ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી

અવસર ચાર ભેદે છે તેમાં **દ્રવ્ય અવસર** - સંસારથી પાર કરાવવા સમર્થ, ચારિત્રની પ્રાપ્તિને યોગ્ય જંગમપણું પાંચ ઈન્દ્રિયથી પરિપૂર્ણતા, વિશિષ્ટ જાતિ, કુલ, રૂપ, બલ, આરોગ્ય, આયુષ્ય આદિ યુક્ત મનુષ્ય જન્મ, દેવ-નારક ભવમાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક જ, અને તિર્યંચમાં કોઈકને જ દેશવિરતિ હોય છે. (આ સર્વે દ્રવ્ય અવસર જાણવા.) **ક્ષેત્રાવસર** - જે ક્ષેત્રમાં ચારિત્રની પ્રાપ્તિ થાય તે...! ત્યાં સર્વવિરતિ સામાયિકના અધોલૌકિક ગામથી યુક્ત (કુબડી વિજય / મેરૂના રૂચક પ્રદેશથી શરૂ થતું) જે અઢીદ્વીપ અને સમુદ્રરૂપ તિર્ચ્છાલોક અને તેમાં પણ ૧૫ કર્મભૂમિમાં તેમાય ભરતક્ષેત્રની અપેક્ષાએ સાડા પચ્ચીશ દેશમાં વિ. ક્ષેત્રરૂપ અવસર, બીજા ક્ષેત્રમાં પહેલા બે સામાયિક છે. અવસર્પિણીમાં સુષમ દુઃસમ, દુઃસમ સુષમા, દુઃસમા આ ત્રણ આરા અને ઉત્સર્પિણીના ત્રીજા-ચોથા આરામાં સર્વવિરતિ સામાયિક ગ્રહણ કરનારની અપેક્ષાએ કાલઅવસર છે. અને ભાવઅવસર -કર્મભાવ, નોકર્મભાવ અવસરના ભેદથી બે પ્રકારનો છે. કર્મભાવઅવસર કર્મના ઉપશમ કે ક્ષયોપશમ રૂપ ભાવાવસર કહે છે. તેમાં ઉપશમશ્રેણીમાં ચારિત્રમોહનીય ઉપશાંત કરે ત્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ ઔપશમિક ચારિત્રનો અવસર હોય છે. તે જ મોહનીયકર્મનો ક્ષય થતાં અંતર્મુહૂર્ત પ્રમાણ જ યથાખ્યાતચારિત્રનો સમય છદ્મસ્થને હોય છે. મોહનીયકર્મના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે. તેજ ક્ષાયોપશમિક ચારિત્ર અવસર છે. અને તે ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી હોઈ શકે છે. સમ્યક્ત્વની અજઘન્ય અને અનુત્કૃષ્ટ સ્થિતિ વર્તમાનમાં આયુષ્ય હોય ત્યાં સુધીની જાણવી. અને શેષ કર્મની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જીવની જાણવી. આળસ, મોહ, અવર્ણવાદ, અભિમાન આદિના અભાવમાં સમ્યક્ત્વ આદિ મળે છે. પ્રાપ્તિનો અવસર છે. આળસ વિ.થી હણાયેલો (હોય તો.) સંસાર તરવા યોગ્ય મનુષ્યભવ હોય તો પણ સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થતી નથી. તેથી આ મુજબ વિષય, કષાય, માતા-પિતા આદિ પોતાના અહિતકારીને છોડીને, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્માના હિતકારી અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ એ પ્રમાણે ભાવ છે. ॥૨૧॥

अथावाप्तसंयमस्य कदाचिन्मोहनीयोदयात् प्रसक्तायामरतौ अज्ञानकर्मलोभोदयाद्वा संयमस्य शैथिल्यप्रसङ्गेऽरत्यादिव्युदासेन तद्दार्ढ्यं सम्पादनीयमित्याशयेनाह-

**संयमरत्याऽरतिमज्ञानं ज्ञानेन लोभमलोभेन परिहरेत् ॥ २२ ॥**

**संयमरत्येति,** सम्प्राप्तचारित्रावसरो नारतिं विदध्यात्, स्वजनादिसमुद्भाविता मोहोदयात् कषायाभिष्वङ्गजनिता **पञ्चविधाचारविषयाऽरतिः** तां संयमरत्या परिहरेत्, दशविधसामाचारीविषयकरत्या निवर्त्तयेत्, न चेयं रतिः किञ्चिद्बाधायै । संयमे चारतिरध्यात्मदोषैरज्ञानलोभादिभिर्भवतीत्याशयेनाहाज्ञानं ज्ञानेनेत्यादि, ननु विदितसंसारस्वभावस्य साधोर्नारति-

सम्भवः, सम्भवे वा नासौ विदिततत्त्व इति ज्ञानारत्योः शीतोष्णस्पर्शवत्सहानवस्थानलक्षणो विरोधः, अज्ञानी हि मोहाभिभूतमानसत्वाद्विषयाभिष्वङ्गतः संयमे रत्यभावं कुर्यान्न तु ज्ञानीति चेन्न, सम्प्राप्तचारित्रं प्रत्येवोपदेशात्, चारित्रावाप्तिश्च यद्यपि न ज्ञानं विना तथापि न ज्ञानारत्योर्विरोधोऽपि तु रत्यरत्योरेव, अरत्या संयमरतेरेव बाध्यमानत्वात्, तस्माज्ज्ञानिनोऽपि चारित्रमोहोदयात्संयमे स्यादेवारतिः, ज्ञानस्याज्ञानं प्रत्येव बाधकत्वात्, न तु संयमारतिं प्रति। संयमारतिनिवृत्तश्चाष्टप्रकारेभ्यः कर्मभ्यस्संसारबन्धनेभ्यो विषयाभिष्वङ्गस्नेहादिभ्यो वा मुक्तो भवति। अज्ञानं ज्ञानेनेति, न ज्ञानमज्ञानं सम्यग्ज्ञानादितरज्ज्ञानमनवबोधो वा, संशयविपर्ययादि-रूपमिथ्याज्ञानं वा मिथ्यात्वसंवलितशास्त्रसंस्कारो वा, मोहनीयोदयात्तदापन्नाः केचिद-वाप्तचारित्रा अपि परीषहोपसर्गैः स्पृष्टाः कर्त्तव्याकर्त्तव्यज्ञानविधुरा निखिलद्वन्द्वप्रतिद्वन्द्वि संयमात् परावर्त्तन्ते मिथ्यात्वमोहनीयावृतत्वात् कण्डरीकादय इव। परे तु निजधिषणा-परिकल्पितवृत्तयोऽनेकैरुपायैर्लोकादर्थं संजिघृक्षवो वयं संसारोद्विग्ना मुमुक्षवोऽपरिग्रहिणो यथार्थभाषिण इत्येवं ख्यापयन्तश्शाक्यादयो गैरिकचीवरादिकं प्रतिपद्य ततो लब्धान् कामानासेवन्ते, ते विषयाभिषक्ता मोहेऽज्ञानमदे निमग्नाः केनापि कारणेन परिहृतनिकेतन-कलत्रसुतसम्पद्विभवा अपरिग्रहत्वाहिंसकत्वादि प्रतिज्ञायापि कामोपायाद्यारम्भेषु वर्त्तन्ते, ते न गृहिणो नापि प्रव्रजिताः, निर्गतगृहवाससौख्यत्वात् यथोक्तसंयमाभावाच्च, किन्तूभयभ्रष्टा भवन्ति, तदेतदज्ञानं षड्विधजीवोपघातकारिशस्त्रं विषयकषायाद्यप्रशस्तमूलञ्च ज्ञपरिज्ञया सम्यग्विज्ञाय प्रत्याख्यानपरिज्ञया परिहरेत्। सर्वकषायेषु लोभस्य प्राधान्यादाहलोभमलोभेनेति, सर्वसङ्गानां हि लोभो दुस्त्यजः क्षपकश्रेण्यन्तर्गतस्यापगताशेषकषायस्यापि खण्डशः क्षिप्य-माणस्यापि तस्यानुबध्यमानत्वात्, अतः केनचिल्लोभादिना सहापि प्रव्रज्यामुपगतेन पुनर्लोभादि-परिग्रहो नैव कार्यः, अलोभेन लोभं निन्दन् सः प्राप्तानपि कामान्न सेवेत। लोभजयेन हि जीवः सन्तोषमुत्पादयति, लोभवेदनीयं कर्म न बध्नाति, पूर्वनिबद्धञ्च कर्म निर्जरयति, तस्मादलोभेन लोभं निन्दन् प्राप्तानपि कामादीन्न सेवेत, यो हि शरीरादावपि निवृत्तलोभः स कामाभिष्वङ्गवान्न भवति, यस्तु लोभे प्रवर्त्तते स कार्याकार्यविचारवैधुर्येणार्थैकदत्तदृष्टिः पापोपादानमास्थाय सर्वाः क्रिया ऐहिकामुष्मिकोपघातकारिणीः करोति, अलोभ न पश्यति जुगुप्सते च, लोभविपाकापर्यालोचनया च लोभमभिलषति, ततश्चाहोरात्रं परितप्यमानो-ऽर्थलोभी शस्त्रे प्रवर्त्तते, प्राप्नोति च जन्मजरामरणादिप्रपञ्चमतः सञ्ज्वलनसंज्ञकमपि लोभं विनीयाकर्मा भवेत्, लोभक्षये मोहनीयक्षये चावश्यं घातिकर्मक्षयान्निरावरणज्ञानसंभवेन भवोपग्राहिकर्मापगमादकर्मताप्राप्तेरिति॥ २२॥

સંયમ લીધેલાને પણ કદાચ મોહનીય કર્મના ઉદયથી અત્યંત અરતિ થાય. અથવા અજ્ઞાનકર્મ, લોભના ઉદયથી સંયમના શૈથિલ્ય પ્રસંગે અરતિ આદિ દૂર કરવા વડે સંયમની દઢતા કેળવવી જોઈએ. એ આશયથી કહે છે.

**સૂત્રાર્થ :- સંયમની રતિ વડે અરતિને, અજ્ઞાનને જ્ઞાન વડે, લોભને અલોભ વડે દૂર કરવો જોઈએ.**

**ભાવાર્થ** :- પ્રાપ્ત થયેલ ચારિત્રમાં અરતિ ન કરવી જોઈએ. સ્વજનાદિના મોહના ઉદયથી ઉત્પન્ન થયેલ સ્વજન આદિના ઉત્પાદન થયેલ મોહના ઉદયથી કષાયના રાગથી ઉત્પન્ન થયેલી પંચપ્રકારના આચાર વિષયમાં અરતિ તેને સંયમની રતિ વડે દૂર કરવી જોઈએ. અર્થાત્ દશ પ્રકારની સામાચારીના પાલનરૂપ આનંદ વડે (રતિ વડે) તે અરતિ દૂર કરવી જોઈએ. તે રતિ કંઈ પણ બાધારૂપ નથી...! અને સંયમમાં અરતિ પોતાના દોષરૂપ અજ્ઞાન, લોભ આદિ વડે થાય છે એ આશયથી અજ્ઞાનને જ્ઞાન વડે આદિનું કથન છે.

**શંકા** - જે મુનિઓએ સંસારનો સ્વભાવ જાણ્યો છે તેને અરતિ હોય તો તે મુનિએ સંસારનું સત્યસ્વરૂપ જાણ્યું ન કહેવાય. જેમ શીત અને ઉષ્ણ સ્પર્શ એક સાથે રહી ન શકે તેમ જ્ઞાન-અરતિ સાથે રહી શકે એ વાત ઘટતી નથી. કારણ કે મોહથી યુક્ત મનવાળો અજ્ઞાની જીવ વિષયાદિની ઈચ્છાથી સંયમમાં રતિનો અભાવ ન કરી શકે પરંતુ જ્ઞાની ન કરી શકે, એવું નથી.

**સમાધાન** - આ વાત તમારી બરાબર નથી. હમણાં (પ્રસ્તુતમાં) "संयमरत्या" સૂત્રમાં જે વાત લખી છે તે ચારિત્ર લીધેલા માટે જ જણાવી છે. જો કે જ્ઞાન વિના ચારિત્રની પ્રાપ્તિ શક્ય નથી. તો પણ જ્ઞાન અને અરતિ બન્ને પરસ્પર વિરોધી નથી. પરંતુ, રતિ અને અરતિ એ બન્ને પરસ્પર વિરોધ છે. તેમજ અરતિ વડે સંયમની રતિ દૂર થાય છે. તેથી જ જ્ઞાનીને પણ ચારિત્ર મોહનીયના ઉદયથી સંયમમાં અરતિ થઈ શકે જ છે. જ્ઞાન એ અજ્ઞાનનો વિરોધી છે. પણ, સંયમની અરતિનું વિરોધ નથી. સંયમની અરતિથી વિરામ પામેલો જીવ સંસારના કારણરૂપ આઠ કર્મ વડે તેમજ વિષયને કારણે થયેલ સ્નેહાદિથી મુક્ત થાય છે. ફક્ત સમ્યગ્જ્ઞાનથી ભિન્ન જ્ઞાન તે જ અજ્ઞાનરૂપ છે. તેવું નથી. પરંતુ સંશય-વિપર્યાય આદિરૂપ મિથ્યાજ્ઞાનને અથવા મિથ્યાત્વ સહિત શાસ્ત્રમાં જે સંસ્કાર, તે પણ અજ્ઞાનરૂપ છે. ચારિત્ર પામેલા કેટલાક જીવો પણ પરિષહ-ઉપસર્ગ વડે યુક્ત મોહનીયના ઉદયથી કર્તવ્ય-અકર્તવ્યના જ્ઞાનથી રહિત થયેલા, સમસ્ત રતિ-અરતિ (દ્વન્દ્વ)ના વિરોધિ (પ્રતિદ્વન્દ્વિ) એવા સંયમથી મિથ્યાત્વ મોહનીયને વશ થયેલા જીવો સંયમથી કંડરીક આદિની જેમ પાછા ફરે છે.

પોતાની બુદ્ધિથી પરિકલ્પિત વૃત્તિવાળા અનેક ઉપાય વડે લોકો પાસેથી ધન મેળવવાની ઈચ્છાપૂર્વક અમે સંસારથી ઉદ્વેગ પામેલા, મોક્ષની ઈચ્છાવાળા, અપરિગ્રહી, સત્યવાદી છીએ. એ પ્રમાણે કહેતા શાક્યાદિ ગૈરિક વસ્ત્ર આદિને મેળવીને તેના દ્વારા મળેલા કામોને સેવે છે.

વિષયાસક્ત તેઓ મોહમાં-અજ્ઞાનમાં ડૂબેલા છોડ્યા છે. ઘર, સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ એવા તે જીવો કોઈપણ કારણ વડે અપરિગ્રહત્વ, અહિંસાદિકની પ્રતિજ્ઞા ગ્રહણ કરેલી છે છતાં પણ કામના ઉપાય અને તેના આરંભ આદિમાં રહે છે. તેવા શાક્યાદિ ગૃહસ્થ પણ નથી અને સાધુ પણ નથી. ઘરના સુખને છોડ્યું છે અને યોગ્ય સંયમનો પણ અભાવ હોવાથી ઉભયભ્રષ્ટ થયેલા છે. તેથી આ આ જ્ઞાન છ જીવનિકાયને પીડાકારી શસ્ત્ર અને વિષય કષાય આદિ અપ્રશસ્ત કારણો જ્ઞપરિજ્ઞાથી સારી રીતે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરવા જોઈએ. દૂર કરવું જોઈએ. સર્વ કષાયોમાં લોભનું પ્રાધાન્ય કહે છે. લોભને અલોભ વડે દૂર કરવો જોઈએ. જેને બધુ જ મળ્યું છે તેવાઓને પણ લોભ દુઃખે કરીને ત્યજવા યોગ્ય બને છે. ક્ષપકશ્રેણીમાં રહેલા જીવને-સર્વ કષાય દૂર કર્યા છે. કષાયના અંશ-લોભને પણ ખંડિત કર્યો છે છતાં તેનો અનુબંધ ચાલુ રહી શકે છે.

આથી કરીને કાંઈક લોભ આદિની સાથે દીક્ષા ગ્રહણ કરી હોય તો તે લોભ આદિનો પરિગ્રહ ફરીથી ન કરવો જોઈએ. અલોભ વડે લોભની નિંદા કરતો તે પ્રાપ્ત થયેલા કામોને પણ સેવતો નથી. (ન સેવવા જોઈએ.) ખરેખર લોભના જયથી જીવ સંતોષ પામી શકે છે. લોભ વેદનીય કર્મને બાંધતો નથી. અને પૂર્વે બાંધેલાને નિર્જરે છે. તેથી અલોભ વડે લોભની નિંદા કરતો પ્રાપ્ત થયેલા કામાદિને સેવવા ન જોઈએ. ખરેખર જે શરીર આદિમાં પણ લોભ કરતા નથી. તે કામની ઈચ્છાવાળા થતા નથી. જે લોભમાં પ્રવર્તે છે તે કાર્ય-અકાર્યના વિચારથી રહિત ધનમાં જ જેની દૃષ્ટિ લાગેલી છે તેવા જીવો પાપના કારણરૂપ આલોક-પરલોકને ઉપઘાત કરનારી સર્વક્રિયા કરે છે. અલોભને જોતો નથી અને જુગુપ્સા-નિંદા કરે છે. વળી, લોભથી મળનારા ફલને જોતો નથી, વિચારતો નથી. અને લોભને ઈચ્છે છે. તેથી રાત-દિવસ પરિતૃપ્ત થયેલો ધનનો લોભી શસ્ત્રમાં પ્રવૃત્ત થાય છે. અને જન્મ-જરા-મરણાદિ પરંપરાવાળો થયેલો છતે સંજવલન લોભને પણ દૂર કરીને કર્મ રહિત થવું જોઈએ. લોભક્ષયથી અને મોહનીયના ક્ષયથી ઘાતીકર્મ ક્ષયથી નક્કી નિરાવરણ જ્ઞાન (કેવલજ્ઞાન)ના સંભવથી ભવોપગ્રાહી કર્મ દૂર થવાથી અકર્મ અવસ્થા પામે છે. મેળવે છે. ॥૨૨॥

अथ जात्याद्युपेतेन साधुना मदादयो न कार्या इत्येवं वर्णयति-

**सम्प्राप्योच्चावचादिकं तोषखेदौ न विधेयौ ॥ २३ ॥**

**सम्प्राप्येति,** उच्चनीचगोत्रजातिकुलरूपबलादिकमवाप्य कथञ्चित् हेयोपादेयतत्त्वज्ञो न हर्षं खेदं वा विदध्यात्, तद्धयनादौ संसारे परिभ्रमता प्राणिना तत्तत्कर्मायत्तानि उच्चावचादिस्थानान्यनुभूतान्येव, यदि तान्यननुभूतानि स्युस्तदा युज्येतापि कदाचित्तत्र सन्तोषखेदौ, तानि चानेकशः प्राप्तपूर्वाण्यतस्तल्लाभालाभयोर्नोत्कर्षापकर्षौ कार्यौ, तदुक्तं 'सर्वसुखान्यपि बहुशः प्राप्तान्यटता मयात्र संसारे । उच्चैःस्थानानि तथा तेन न मे विस्मयस्तेषु ॥ अवमानात्परि-

भ्रंशाद्वधबन्धधनक्षयात् । प्राप्ता रोगाश्च शोकाश्च जात्यन्तरशतेष्वपि ॥' इति, तदेवमुच्चनीचगोत्रादिषु समचेतसा सर्वे प्राणिनः सुखमभिलषन्ति दुःखं जुगुप्सन्ते, शुभप्रकृतित्वात्, तस्माच्छुभनामगोत्रायुराद्याः कर्मप्रकृतीरभिलषन्ति अशुभाश्च नाकांक्षन्त इति शुभाशुभकर्माणि विचिन्त्यात्मौपम्यमाचरता परित्यक्तोच्चैर्गोत्रोद्भावितमानेन भूतानामप्रियमनाचरताऽऽत्मा पञ्चमहाव्रतेषु संस्थाप्यः, तत्पालनाय च समित्यादिभिः समितेन भाव्यम्, तत्रेर्यासमितिः प्राणव्यपरोपणव्रतपरिपालनाय, भाषासमितिरसदभिधाननियमसंसिद्धये, एषणासमितिरस्तेयव्रतपरिपालनाय, आदाननिक्षेपोत्सर्गसमिती च समस्तव्रतप्रकृष्टस्याहिंसाव्रतस्य संसिद्धये, तदेवं भावतः प्राणिनां सातादिकमनुपश्येत्, एवमेवान्धत्वकाणत्वादावपि भावनीयम्, तत्र द्रव्यान्धा एकद्वित्रीन्द्रियादयो मिथ्यादृष्टयः, उपहतनयनाश्च सम्यग्दृष्टयो द्रव्यान्धाः, अनुपहतनयनास्ते न द्रव्यतो न वा भावतोऽन्धाः, एवमन्यत्रापि, यस्तूच्चैर्गोत्राद्यभिमानी नीचैर्गोत्रकृतदीनभावो वा स न जानाति कर्त्तव्यं नावबुध्यते कर्मविपाकं संसारासारतां नावगच्छति हिताहिते न गणयति, अतो मूढस्तत्रैवोच्चनीचगोत्रादिके विपर्यासमनुभवन् सत्त्वोपमर्दिकाः क्रिया विदधत् जन्मजरामरणप्रवाहपतितो दुरन्तदुःखभाग्भवतीति भावः ॥ २३ ॥

હવે જાતિ આદિથી યુક્ત સાધુ વડે મદ વિ. ન કરાય તેનું વર્ણન કરે છે.

**સૂત્રાર્થ :- ઉચ્ચ કે નીચપણું પામીને સાધુએ આનંદ કે ખેદ ન કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર, જાતિ, કુલ, રૂપ, બલ આદિને પામીને કાંઈક હેય-ઉપાદેયને જાણનાર હર્ષ કે શોક ન કરવો જોઈએ. અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરતાં જીવ વડે તે-તે કર્મથી આવેલા ઉચ્ચ, નીચ આદિ અવસ્થાનો અનુભવ કરાયો છે. જો અનુભવ ન કરાયો હોય તો હર્ષ કે ખેદ કરવો યોગ્ય છે. તે વસ્તુ અનેક વખત મેળવી છે તેથી મળે તો હર્ષ ન મળે તો ખેદ ન કરવો જોઈએ. અન્ય ગ્રંથમાં પણ જણાવ્યું છે કે આ સંસારમાં ભટકતા મારા વડે અનેકવાર ઉચ્ચસ્થાન તથા સર્વસુખો પ્રાપ્ત કરાયા છે. તેથી તેમાં મને કોઈ આશ્ચર્ય નથી. તેમજ સેંકડો જન્મમાં અપમાન, સ્થાન ભ્રષ્ટતા, વધ, બંધ, ધનનો ક્ષય થવાથી રોગ-શોક ઈત્યાદિ પણ પ્રાપ્ત કરાયા છે. એ પ્રમાણે...! ઉચ્ચ અથવા નીચ ગોત્રાદિમાં સર્વપ્રાણીઓ એક સરખી મતિ વડે સુખને જ ઈચ્છે છે. દુઃખને નિંદે છે. કારણ કે સુખ એ શુભ પ્રવૃત્તિ છે. તેથી જ સર્વજીવો નામ-ગોત્ર અને આયુષ્યની શુભ પ્રકૃતિની જ ઈચ્છા રાખે છે. અને અશુભની રાખતા નથી. આ રીતે, શુભાશુભ કર્મનો વિચાર કરીને ઉચ્ચ ગોત્રના માનને છોડીને પોતાના આત્મા જેવા જ બીજા આત્મા છે. માટે બીજા જીવોનું અપ્રિય ન આચરતા પોતાનો આત્મા પંચમહાવ્રતમાં સ્થિર કરવો જોઈએ અને તેના પાલન માટે પાંચ સમિતિથી યુક્ત થવું જોઈએ. બીજા જીવની હિંસા ન કરવી તે વ્રતના પાલન માટે ઈર્યાસમિતિ છે. ખોટું ન બોલવું તે નિયમ માટે ભાષાસમિતિ છે. અચૌર્ય

વ્રત પાલન માટે એષણા સમિતિ છે. સર્વવ્રતોમાં ઉત્કૃષ્ટ વ્રતરૂપ અહિંસાના પાલન માટે આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ છે. તેથી ભાવપૂર્વક બીજા જીવોની શાતા માટે વિચારવું જોઈએ.

એ રીતે અંધપણું, બહેરાપણું વિ. વિચારવું. ત્યાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ મિથ્યાદષ્ટિ જીવો દ્રવ્યથી અંધ છે અને જેના નેત્રો ચાલ્યા ગયા છે તેવા સમ્યગ્દષ્ટિ જીવો દ્રવ્ય અંધ છે. જેને નેત્ર છે, એવા સમ્યગ્દષ્ટિ જીવો દ્રવ્યાન્ધ કે ભાવાન્ધ નથી. એ રીતે બીજામાં પણ સમજવું. જે ઉચ્ચગોત્ર આદિનો અભિમાની છે. અથવા નીચગોત્રથી દીન છે. તે જીવ કર્ત્તવ્યને જાણતો નથી. કર્મવિપાકને, સંસારની અસારતાને જાણતો નથી. હિત કે અહિતને ગણકારતો નથી. આ કારણથી જ મૂર્ખ એવો જીવ ઉચ્ચગોત્ર-નીચગોત્ર આદિ વિપરિતતા અનુભવવા છતાં પ્રાણીના નાશરૂપ ક્રિયાઓને કરતો જન્મ-જરા-મરણરૂપ દુઃખને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૨૩॥

अथ भोगासक्तिर्न कार्येत्याह–

**भोगा दुःखाय तन्न तीरपारयायी सज्जेत ॥ २४ ॥**

**भोगा इति,** भोगाः कामादयस्तत्साधनभूता वनिताहिरण्यपशुव्रीह्यादयश्च, ते दुःखाय भवन्ति, तत्प्राप्तावप्राप्तौ च दुःखमेव, शब्दादिविषयविपाकज्ञानशून्या हि विषयाननुशोचन्ति कथमस्यामप्यवस्थायां वयं न भोगान् भुंक्ष्महे कीदृशी वा दशास्माकं यतः प्राप्ता अपि विषया नोपभोगायेति, यथा ब्रह्मदत्तादयः, न चैवं सर्वेषामध्यवसायः, सनत्कुमारादिना व्यभिचारात्, किन्त्वनवगततत्त्वानामेव, विवेकिनस्तु तान् दुःखसाधनभूतानेव मन्यन्ते, स्त्र्यादयोऽपि दुःखात्मका एव, तदासक्तस्य कर्मोपचयो रोगाद्युत्पत्तिस्ततो मरणं ततोऽपि नरकभवस्तस्मादपि निर्गत्य निषेककललार्बुदपेशीव्यूहगर्भप्रसवादयो महान्तः क्लेशाः आविर्भवन्ति, तथा प्रिय-जीवितार्थमुपार्जनक्लेशमविगणय्य रक्षणपरिश्रममनालोच्य तरलताञ्चानवधार्य धनसंचयं कुर्वते, तदप्यन्तरायोदयान्न तेषामुपभोगाय भवति, दायादा विलुम्पन्ति चौरा अपहरन्ति राजानो वाऽवच्छिन्दन्ति गृहदाहेन वा दह्यते, एभिश्च महादुःखमनुभवन्ति, तथा यैरेवार्थाद्युपा-यैर्भोगोपभोगो भवति कर्मपरिणतिवैचित्र्यात् कदाचित्तैरेव तन्न भवति, तथा स्त्रीकृतभ्रूवि-क्षेपादिविभ्रमैर्मुग्धाः क्रूरकर्मानुष्ठातारो नरककटुविपाकफलमप्यवगणय्य वशीभूताः स्वयमपि विनष्टाः स्त्रिय उपभोगायतना एताभिर्विना शरीरस्थितिरेव न भवतीत्याद्युपदेशप्रदानेन परानपि विनाशयन्ति, तदेवमेतान् मोहहेतून् विचिन्त्य तीरपारयायी मुनिस्तत्र नाभिषक्तिं कुर्यात्, तीरं मोहनीयक्षयः, पारं शेषघातिक्षयः, यद्वा तीरं घातिचतुष्टयापगमः पारं भवोपग्राह्यभावः, तत्प्राप्त्यभिलाषुको मुनिरित्यर्थः, भोगापेक्षाविधुरः पञ्चमहाव्रतारूढः आत्मस्वरूपनिखिला-

वारककर्मप्रध्वंससमुज्ज्वलदखिलवस्तुजालसमुद्भासिज्ञानानन्तसुखसाधनाय संयमानुष्ठानाय जुगुप्सा न कार्या, अलाभादौ न वा खेदमुपेयात्, लाभान्तरायोऽयं मम, अनेन चालाभेन कर्मक्षपणायोद्यतस्य मे तत्क्षपणसमर्थं तपो भावीति विचिन्तयेत्, न वाऽपर्याप्तमुपलभ्य दातारं निन्देत्, समुपलब्धपरिपूर्णभिक्षादिलाभो नोच्चावचालापैः स्तुतिं विदध्यादिति ॥ २४ ॥

હવે ભોગમાં આસક્તિ ન કરવી જોઈએ તે કહે છે.

**સૂત્રાર્થ :- ભોગો દુઃખદાયક છે. તેથી સંસાર સમુદ્રના તીરને (પારને) પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાએ ભોગમાં-આસક્ત ન થવું જોઈએ.**

**ભાવાર્થ :-** કામ વિ. ભોગ છે. તેના કારણભૂત સ્ત્રી, સોનું, પશુ, ધાન્ય આદિ સર્વ દુઃખને માટે થાય છે તેની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બંને દુઃખરૂપ જ છે. શબ્દાદિ વિષયોના દુઃખને નહીં જાણતા (વિચારતા) જીવો ખરેખર વિષયો સેવે છે. આવી ભોગવવાલાયક અવસ્થામાં અમે ભોગ કેમ ન ભોગવીએ ? અથવા તો અમારી કેવી દશા કે મળેલા ભોગોને (વિષયો) પણ ભોગવી શકતા નથી. બ્રહ્મદત્તાદિની જેમ. બધા જીવોને આવા અધ્યવસાય નથી હોતા. સનતકુમાર આદિમાં વ્યભિચાર (દોષ) આવે છે. કારણ કે જેમને તત્ત્વનું જ્ઞાન નથી તેવા જીવોને આવા વિચાર આવે છે. (સનતકુમાર આદિ નહીં કારણ કે તેઓ તો મળેલા ભોગને પણ છોડે છે.) વિવેકી જીવો તો ભોગોને દુઃખના કારણરૂપ જ માને છે. સ્ત્રી આદિને પણ દુઃખના કારણ જ માને છે. તેમાં આસક્ત જીવ-કર્મ બાંધે છે. તેનાથી રોગાદિ થાય છે. તેથી મૃત્યુ અને તેથી નરકાદિ ગતિ મળે છે. તેમાંથી નીકળીને ગર્ભરચના, શુક્ર અને રૂધિરનું મિશ્રણ (ગર્ભવેષ્ટન ચર્મ), વ્યાધિ, સ્નાયુ (માંસપિંડી)નો સમુદાય ગર્ભપ્રસવ આદિ ઘણા ક્લેશો ઉત્પન્ન થાય છે. તેમજ પ્રિય એવા જીવન માટે ધન મેળવવામાં દુઃખને ગણકાર્યા વિના તેના રક્ષણના પરિશ્રમને પણ વિચાર્યા વિના, ધનની ચંચળતાને નહિ ગણકારીને ધન ભેગું કરે છે. તે પણ અંતરાય કર્મના ઉદયથી તેઓના ઉપભોગ માટે થતા નથી, પુત્રો નાશ કરે છે. ચોરો ચોરી જાય છે. રાજાઓ છીનવી લે છે અથવા ઘરમાં આગ લાગવાથી બળી જાય છે. અને એનાથી ઘણું દુઃખ થાય છે. અનુભવે છે. તેમજ જે ધનાદિના કારણે ભોગોપભોગ થાય છે. ક્યારેક કર્મપરિણતિની વિચિત્રતાથી તે જ ધનાદિ વડે તે ભોગોપભોગ થતા નથી. તેમજ સ્ત્રીએ કરેલા ભ્રૂવિક્ષેપાદિ ભાવ વડે મોહાયેલા, ક્રૂર કર્મકરનારા, સ્ત્રીને વશ થયેલા જીવો નરકના ખરાબ વિપાકરૂપ ફળને નહીં ગણકારીને પોતે નાશ પામે છે. બીજાઓને પણ આ સ્ત્રીઓ ઉપભોગના સ્થાનરૂપ છે. તેના વિના શરીર સ્થિતિ નથી. ઈત્યાદિ ઉપદેશ આપવા વડે વિનાશ કરે છે...! તેથી જ આ મોહહેતુ (કારણોને)ને વિચારીને સંસારથી પાર પામવાની ઈચ્છાવાળા મુનિ ત્યાં (તેમાં) આસક્તિ ન કરવી જોઈએ. (तीरपार શબ્દનો તાત્પર્યાર્થ જણાવે છે.) तीरं =મોહનીય કર્મનો ક્ષય, पारं = બાકીના ચાર ઘાતીકર્મનો નાશ. અથવા તો तीरं = ચાર ઘાતીકર્મનો નાશ. पारं = ભવોપગ્રાહી કર્મનો અભાવ. તેને અર્થાત્ કર્મક્ષયને મેળવવાની

ઈચ્છાયુક્ત મુનિ હોય છે. ભોગની અપેક્ષાથી રહિત, પાંચ મહાવ્રતમાં આરૂઢ, આત્મસ્વરૂપનું સર્વપ્રકારે આવરણ કરતાં, કર્મનાશથી ઝળહળતું, સર્વ વસ્તુના સમૂહને પ્રકાશિત કરનારું, જ્ઞાન દેનારું, અનંત સુખના (ને સાધના માટે) કારણરૂપ સંયમ અનુષ્ઠાન માટે (ને વિષે.) જુગુપ્સા ન કરવી જોઈએ. અથવા અલાભ આદિ થાય તો ખેદ ન કરવો જોઈએ. આ મારું લાભાંતરાય કર્મ છે. આ અલાભથી કર્મક્ષય કરવામાં તત્પર મને તે કર્મ દૂર કરવામાં સમર્થ તપ થશે, આવું વિચારવું જોઈએ. અથવા તો જરૂરિયાત કરતાં ઓછું મેળવીને દાતાની નિંદા ન કરવી જોઈએ. અથવા તો પૂર્ણભિક્ષાદિ મળે તો જોરદાર બોલવાપૂર્વક (નાના-મોટા અવાજ વડે) સ્તુતિ-વખાણ ન કરવા જોઈએ. ॥૨૪॥

अथ परिहृतभोगाभिलाषो व्रती दीर्घसंयमयात्रार्थं शरीरपरिपोषणाय लोकनिश्रया विहरेत्, निराश्रयस्य देहसाधनलाभासम्भवात्, तदभावे च धर्मस्याप्यसम्भवादतो वृत्तिनियममाह-

**शस्त्रोपरतः कालज्ञो भिक्षुश्शुद्धमाहारादि गृह्णीयात् ॥ २५ ॥**

**शस्त्रोपरत इति,** पूर्वोदितनानाशस्त्रकर्मसमारम्भरहित इत्यर्थः, एतेन पाकादि न स्वयं करोति न कारयति न वाऽन्यमादिशतीति सूचितम्, करणत्रयैः समारम्भनिवृत्तत्वात् अनवगतवस्तुयाथार्थ्यैः सुखदुःखप्राप्तिपरिहाराय जीवोपमर्दकैर्द्रव्यादिभेदभिन्नैः शस्त्रैः कायिकाधिकरणिकादिरूपाः कृषिवाणिज्यादिरूपा वा क्रियाः संरम्भसमारम्भारम्भलक्षणा अनुष्ठीयन्ते । तत्र संरम्भः इष्टानिष्टप्राप्तिपरिहाराय प्राणातिपातादिसङ्कल्पावेशः, तत्साधनसन्निपातकायवाग्व्यापारजनितपरितापनादिलक्षणः समारम्भः, दण्डत्रयव्यापारापादितचिकीर्षितप्राणातिपातादिक्रियानिर्वृत्तिरारम्भः । कालज्ञ इति, सर्वाः प्रत्युपेक्षणादयः क्रियाः कर्त्तव्ये काले परस्पराबाधया करोति कर्त्तव्यावसरं वेत्ति विधत्ते चैवंविधः परमार्थदर्शी कालज्ञो भिक्षुर्धर्मोपकरणमपि करणत्रयैः क्रयविक्रयादिनाऽगृह्णानश्शुद्धमुद्गमादिदोषरहितमाहारादि गृह्णीयात्, शरीरपोषणार्थमभ्यवहरेत् तथा कालज्ञः-भिक्षार्थमुपसर्पणाद्यवसरवेदी काले समुपस्थितप्रश्नानामुत्तरदानकुशलः, यथा गोचरप्रदेशादौ पृष्टो भिक्षादोषान् सुखेनैवाचष्टे, एवं केनचित् किमिति भवतां सर्वजनाचीर्णं स्नानं न सम्मतमिति ग्रीष्ममध्याह्नतीव्रतरतरणिकरसंसर्गाद्गलत्स्वेदबिन्दुकः साधुः पृष्टो यतीनां सर्वेषां प्रायः कामाङ्गत्वाज्जलस्नानं प्रतिषिद्धमित्याद्युत्तरं ददाति, तदेवं कालज्ञोऽकल्प्यं ज्ञपरिज्ञया परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया च परिहृत्य निर्दुष्टमाहारं यावता गृहीतेन गृही पुनरारम्भे न प्रवर्त्तेत यावन्मात्रे चात्मनो विवक्षितकार्यनिष्पत्तिस्तावन्मात्रमेव गृह्णीयात्, न तु यावल्लाभं तावत्, लाभालाभयोश्च मदशोकौ न कुर्यात् । संयमोपकरणातिरिक्तञ्च वस्त्रपात्रादिकं न गृह्णीयात्, संयमोपकरणान्यपि

न मूर्च्छया धारयेत्, अपि तु संयमोपकारितया बिभृयात्तादृशस्यापरिग्रहरूपत्वात्, परिग्रहश्च दूरतः परिहर्त्तव्यस्तत्परिहरणञ्च न विना निदानोच्छेदेन, निदानन्तु शब्दादिपञ्चगुणानुगामिनः कामाः, तत्र प्रमादवता न भाव्यमिति ॥ २५ ॥

હવે જેણે ભોગની ઈચ્છા તજી છે. તેવો સાધુ લાંબાકાળ સુધી સંયમની સાધના માટે, શરીરના પોષણ માટે લોકોની નિશ્રામાં (લોકોની વસ્તિમાં) વિચરે. કારણ કે આશ્રય વિનાને દેહને રક્ષણ યોગ્ય વસ્તુ મળી શકે નહીં અને તેના વગર ધર્મનું પણ અસંભવપણું થાય. તેથી તેની વૃત્તિના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- (પૃથ્વીકાય આદિ...) શસ્ત્રથી અટકેલ, સમયજ્ઞ, ભિક્ષુએ શુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા જોઈએ.**

**ભાવાર્થ :-** પૂર્વે કહેલ વિવિધ પ્રકારના શસ્ત્રકર્મના સમારંભથી રહિત એ પ્રમાણે અર્થ છે. આના વડે (આ જણાવવા વડે) સાધુએ સ્વયં પાકાદિ ન કરે-કરાવે અથવા બીજાને કરવાને આદેશ ન કરે એ પ્રમાણે સૂચન કરાયું છે. કારણ કે સાધુ ત્રણ કરણ વડે આરંભ-સમારંભથી અટકેલ છે. જેઓએ પદાર્થનું સત્ય સ્વરૂપ જાણ્યું નથી. એવા જીવો સુખની પ્રાપ્તિ તેમજ દુઃખથી છૂટવા માટે. જીવોના નાશ કરનાર દ્રવ્યાદિના ભેદથી યુક્ત શસ્ત્રો વડે આરંભ-સમારંભરૂપ કાયિકી, અધિકરણીકી આદિ અથવા તો ખેતીવાડી આદિરૂપ ક્રિયાઓને કરે છે. તેમાં સંરંભ અર્થાત્ ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહાર માટે પ્રાણાતિપાત આદિને સંકલ્પપૂર્વક કરવું. તે પ્રાણાતિપાતાદિના કારણરૂપ તેની સાથે જોડાયેલ શરીર અને વાણીના વ્યાપારથી થયેલી જે પીડા વિ.રૂપ સમારંભ છે. ત્રણ દંડના વ્યાપારાદિથી કરાયેલી પ્રાણાતિપાતાદિ ક્રિયા તે આરંભ કહેવાય છે કાલજ્ઞ ઈત્યાદિ મૂળને સ્પષ્ટ કરે છે. પડિલેહણાદિ સર્વ ક્રિયા એક બીજાને બાધા ન પહોંચે તે રીતે. તેના યોગ્ય સમયે કરે અર્થાત્ યોગ્ય સમય જાણે અને તે જ રીતે વર્તે. પરમાર્થદર્શી કાલજ્ઞ સાધુ ધર્મનાં ઉપકરણ પણ ત્રણ કરણ તથા ક્રય-વિક્રય આદિથી રહિત ગ્રહણ કરે અને આહારાદિ પણ ઉદ્ગમાદિ દોષથી રહિત ગ્રહણ કરે. તેમજ શરીરના પોષણ માટે ખાવું જોઈએ. તથા ભિક્ષા સમય થાય ત્યારે અવસરને જાણનાર સાધુ ભિક્ષા માટે ગયેલો હોય ત્યાં કોઈક કાંઈક પ્રશ્ન પૂછે તો તેના જવાબ દેવા કુશલ રહેવું.

દા.ત. ગોચરી ગયેલા સાધુને કોઈ ગોચરીના દોષોને પૂછે તો સારી રીતે કહેવા. કોઈ આ પ્રમાણે કહે કે સર્વ લોકો સ્નાન કરે છે તમે કેમ નથી કરતા ? ગ્રીષ્મઋતુના ભરબપોરે અત્યંત તીવ્ર સૂર્યના કિરણોના સંસર્ગથી જેના શરીરમાંથી પરસેવાના ટીપા જરી રહ્યા છે એવા સાધુને પૂછે (તમે સ્નાન કેમ નથી કરતાં ?) તો કહે કે પ્રાયઃ કામનું = વિકારનું કારણ જલસ્નાન છે તેથી તેનો નિષેધ કરેલો છે. એ પ્રમાણે કહે છે. જવાબ આપે છે. તેથી કાલને જાણનાર (સમયજ્ઞ) સાધુ અકલ્પ્યને જ્ઞપરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરીને નિર્દોષ એવા આહારને

ગૃહસ્થ વડે ઘરવાળા માટે ફરીથી ન કરવું પડે. આરંભ ન કરવો પડે. તેટલો જ લે, અને પોતાની જરૂરિયાત પુરતો જ લે. જેટલું મળે તેટલું જ લે. લાભ થાય-સારૂં મળે તો અભિમાન ન કરવું. ન મળે તો શોક ન કરવો જોઈએ. સંયમના ઉપકરણથી ભિન્ન વસ્ત્ર-પાત્ર આદિ ગ્રહણ ન કરવા જોઈએ. સંયમના ઉપકરણોમાં પણ મૂર્ચ્છા ન કરવી. પરંતુ, સંયમમાં ઉપકારી છે તેવું વિચારી ગ્રહણ કરવા. કારણ કે મૂર્ચ્છા રહિત ગ્રહણ કરેલા ઉપકરણ અપરિગ્રહ (કહેવાય છે.) રૂપ છે. પરિગ્રહ તો દૂરથી જ ત્યાગ કરવા યોગ્ય છે. નિયાણા રહિત થયા વિના પરિગ્રહથી દૂર થવાતું નથી. વળી શબ્દાદિ પાંચને અનુસરવામાં કારણરૂપ કામ નિયાણારૂપ છે. તેથી તેમાં પ્રમાદવાળા ન થવું જોઈએ. ભૂલ ન થવી જોઈએ. નિયાણું ન કરવું જોઈએ. ॥૨૫॥

संयमदेहयात्रार्थलोकमनुसरन् कामादिविपाकवेत्ता ज्ञातसंसारस्वभावो ज्ञानाद्यपवर्गैककारणं सम्यग्जानानो भावतो ग्रहणयोग्यसम्यग्दर्शनज्ञानचारित्राण्यादाय सर्वं सावद्यं कर्म न मयाऽनुष्ठेयमित्येवं कृतप्रतिज्ञोऽष्टादशपापकर्मसमारम्भात् करणत्रयैर्निवृत्तः कर्मक्षयप्रत्यूहस्य प्राणिनां शारीरमानसदुःखोत्पादनस्य मूलभूतमात्मीयताग्रहं परित्यजेदित्याह–

**निर्ममत्वः प्राणिपीडारम्भे न यतेत ॥ २६ ॥**

**निर्ममत्व इति,** ममेदमिति मतिरहितः, परिग्रहफलज्ञो हि परिग्रहं दूरीकरोति, ममेदमित्यध्यवसायस्तु द्रव्यतो भावतश्च परिग्रहनिबन्धनः, येन त्वेतपरिग्रहाध्यवसायमलिनं ज्ञानमपनीतं स एव वस्तुतो बाह्याभ्यन्तरपरिग्रहपरित्यागी, तस्य च जिनकल्पिकस्येव नगरादिसम्बन्धिपृथ्वीसम्बन्धेऽपि निष्परिग्रहतैव, चित्तस्य परिग्रहकालुष्याभावात्, अत एवासौ विदितसप्तभयः संयमानुष्ठानपरायणः कदाचिन्मोहनीयोदयाद्यदि संयमेऽरतिरसंयमे विषयेषु वा रतिराविर्भवेत्तदा न विमनीभूतो विषयेषु रज्यति, न वाऽमनोज्ञान् द्वेष्टि, एष एव परिग्रहान्मुक्तो भवौघं तरति, तस्माद्विषयशरीररूपबलादौ न ममत्वं विदध्यात् । ममत्वं हि कर्मक्षयविघ्नभूतायाः प्राणिपीडाया मूलम्, तदाविष्टश्च पृथिवीकायादिसमारम्भं करोति, एकत्र च समारम्भे प्रवृत्तस्यापरकायसमारम्भोऽष्टादशप्रकारपापकर्माणि वाऽवश्यं वर्त्तन्त एव, यथा कुम्भकारशालोदकप्लावनदृष्टान्तेनैककायसमारम्भेणापरकायसमारम्भो भवति, प्रतिज्ञालोपाच्चानृतः, व्यापाद्यमानप्राणिना स्वात्मनो व्यापादकायाप्रदानात्तीर्थकरेणाननुज्ञातत्वाच्चादत्तादानम्, सावद्योपादानाच्च परिग्रहः, तस्माच्च मैथुनरात्रिभोजने प्रसज्येते, तस्मात् परिग्रहात् साक्षात् परम्परया वा भयं सम्पनीपद्यत इति विचिन्त्य तत्राग्रहं परिहृत्य संयमानुष्ठाने सम्यक् प्रयतेतेति भावः ॥ २६ ॥

સંયમ તથા દેહના નિર્વાહ માટે લોકને અનુસરતો કામાદિના ફળને જાણતો, સંસાર સ્વરૂપનો જ્ઞાતા, મોક્ષના એક કારણભૂત એવા સમ્યગ્જ્ઞાનને જાણતો, ભાવથી ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને ગ્રહણ કરીને, સર્વ સાવદ્યક્રિયા મારે ન કરવી એવી પ્રતિજ્ઞાવાળો, ત્રણ કરણ વડે અઢાર પાપ કર્મના સમારંભથી અટકેલો (આવા સાધુએ) કર્મક્ષય થવામાં વિઘ્નરૂપ પ્રાણીઓના શારીરિક-માનસિક દુઃખના ઉત્પત્તિના મૂળરૂપ-કારણભૂત એવી આત્મીયતાને-પોતાનાપણાના આગ્રહને મમત્વભાવને ત્યાગ કરવો જોઈએ. વિ. કહે છે.

**સૂત્રાર્થ :- મમત્વરહિત આત્માઓએ પ્રાણીઓની પીડાસ્વરૂપ (કારક) આરંભમાં પ્રયત્ન ન કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** આ મારૂં છે એવું બુદ્ધિરહિત, પરિગ્રહના ફળને જાણનારો પરિગ્રહને દૂર કરે છે. "આ મારું" એ પ્રમાણેનો અધ્યવસાય દ્રવ્ય-ભાવ પરિગ્રહના કારણરૂપ છે. જેના વડે આ મલિન જ્ઞાનરૂપ પરિગ્રહનો અધ્યવસાય દૂર કરાયો છે તે જ ખરેખર બાહ્ય-અભ્યંતર પરિગ્રહનો ત્યાગી છે. અને આવા સાધનો ચિત્તમાં પરિગ્રહની કાલુષતા (મલિનતા)નો અભાવ હોવાથી જિનકલ્પીની જેમ ગામ સંબંધી કે પૃથ્વી સંબંધી પણ નિષ્પરિગ્રહતા જ છે. આથી જ આપ્તભયને જાણ્યો છે જેણે એવો, સંયમ અનુષ્ઠાનમાં તત્પર, સાધુને કદાચ મોહનીયના ઉદયથી જો સંયમમાં અરતિ (અને) કે અસંયમરૂપ વિષયોમાં રતિ થાય તો ત્યારે તે દુષ્ટમનવાળો (વિચલિત મનવાળો) વિષયોમાં આનંદ પામતો નથી. અથવા ખરાબ વિષયોમાં દ્વેષ કરતો નથી. આ જ પરિગ્રહથી મુક્ત થયેલો સંસાર-સમુદ્રને તરે છે. તેથી વિષય, શરીર, રૂપ, બલ આદિમાં મમત્વ ન કરવું જોઈએ. ખરેખર કર્મક્ષયમાં અંતરાયરૂપ પ્રાણિપીડાનું મુખ્ય કારણ મમત્વ છે. અને તેનાથી યુક્ત (મમત્વથી યુક્ત) પૃથ્વીકાય આદિ સમારંભ કરે છે. અને એક પૃથ્વીના સમારંભમાં પ્રવૃત્ત જીવ બીજા કાય (અપ્‌કાયના સમારંભથી અઢાર પ્રકારના પાપકર્મમાં અથવા અવશ્ય વર્તે જ છે. જેમ કુંભારશાલામાં (માટીમાં) પાણી છાંટવું. આ દૃષ્ટાંત વડે એક કાયના સમારંભમાં પરકાય સમારંભ થાય છે. પ્રતિજ્ઞાના લોપથી મૃષાવાદ લાગે છે. જે પ્રાણીની હિંસા કરાય છે તેને, તથા તીર્થંકરોએ પ્રાણીની હિંસાની અનુમતિ નથી આપી તેથી અદત્તાદાન લાગે છે. સાવદ્યનું કારણ હોવાથી પરિગ્રહ દોષ લાગે છે. આ બધા દ્વારા મૈથુન તેમજ રાત્રિ ભોજનનો પણ પ્રસંગ આવી પડે છે. તેથી જ પરિગ્રહ દ્વારા સાક્ષાત્ કે પરંપરાએ (પાપનો) ભય થાય જ છે. આવું વિચારીને પરિગ્રહનો આગ્રહ છોડી સંયમ અનુષ્ઠાનમાં સારી રીતે યત્ન કરવો જોઈએ...! ॥૨૬॥

अयमेव मुक्तिगमनयोग्यः परोपदेशकश्चेत्याह–

**अयमेवाज्ञानुवर्त्त्युपदेशकश्च ॥ २७ ॥**

**अयमेवेति,** धनधान्यादिभी रागद्वेषादिभिश्चातिक्रान्तः साधुः कषायतृणपटलदावानल-कल्पाया असिधाराकल्पायाश्च भगवदाज्ञाया अनुवर्त्तनशीलः, आज्ञाप्यते जन्तुगणो हितप्रवृत्तौ

यया साऽऽज्ञा, सा च द्रव्यार्थातिदेशादनाद्यनिधना जीवानुपरोधिनी हितकारिण्यकुशलदुरवगमा च, एतज्ज्ञानवर्त्ती साधुर्दृढधर्मा जितेन्द्रियकषायो भवति, अत एवोपदेशकः, तीर्थकरावेदित-प्राणिदुःखकारणवेदी धर्मकथालब्धिसम्पन्नः स्वपरसमयविदुद्युक्तविहारी यथावादी तथाकारी देशकालादिक्रमज्ञो ज्ञपरिज्ञयोपादानकारणपरिज्ञानं निरोधकारणपरिच्छेदञ्च स्वीकरोत्युदाहरति च, प्रत्याख्यानपरिज्ञया च परिहरति परिहारयति च, तथा मानुषस्य यद्दुःखं प्रवेदितं यस्य च दुःखस्य परिज्ञां कुशल उदाहरति तद्दुःखं कर्मकृतं तत्कर्माष्टप्रकारं तदाश्रवद्वाराणि च ज्ञपरिज्ञया परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया प्रत्याख्याय तदाश्रवद्वारेषु सर्वैः प्रकारैर्योगत्रिककरणत्रिकैर्न वर्त्तेतेति सर्वशः परिज्ञाय कथयति, ईदृशं सर्वशः परिज्ञानं केवलिनो गणधरस्य चतुर्दश-पूर्वविदो वा, एवंविध उपदेशको न मोक्षमार्गादन्यत्र रमते, अरक्तद्विष्टत्वा– देवानुग्रहबुद्ध्या द्रमकचक्रवर्त्यादिरेकरूपतया सति ग्रहणसामर्थ्य उपदेशो दीयते अयमेव चाष्टप्रकारेण कर्मणा बद्धानां जन्तूनां प्रतिमोचकः, पुण्यापुण्यवतोर्धर्मकथासमदृष्टित्वाद्विधिज्ञत्वाच्छ्रोतृविवेचक-त्वाच्च । एवंविधो धर्मकथाविधिज्ञो बद्धप्रतिमोचकः कर्मापनयनिपुणः सत्पथव्यवस्थितः कुमार्गं निराचिकीर्षुः सर्वसंवरचारित्रोपेतो मुनिः केवलिभिर्विशिष्टमुनिभिर्वा यदनारब्धं तन्नारभते यच्च मोक्षाङ्गमाचीर्णं तत्करोतीति ॥ २७ ॥

(આ રીતે પરિગ્રહનો ત્યાગી મુનિ જ) આ જ મોક્ષમાં જવાની યોગ્યતાવાળો તથા બીજાને ઉપદેશ દેવાને લાયક છે. તે જણાવતાં કહે છે.

**સૂત્રાર્થ :- આજ્ઞાનુવર્ત્તિ અને ઉપદેશક આ જ છે.**

**ભાવાર્થ :-** ધન-ધાન્ય આદિનાં મમત્વ તેમજ રાગ-દ્વેષાદિથી અટકેલ સાધુ જ કષાયરૂપી ઘાસના સમુહને બાળવામાં દાવાનલ તુલ્ય તેમજ તલવારની ધાર તુલ્ય ભગવાનની આજ્ઞાને અનુવર્ત્તન (પાલન કરવાના)ના સ્વભાવવાળો છે. જેના દ્વારા પ્રાણિસમૂહ હિતની પ્રવૃત્તિમાં આજ્ઞા કરાય તે આજ્ઞા કહેવાય છે. અને તે આજ્ઞા દ્રવ્યાર્થિકનયથી (આદેશથી) અનાદિ અનંત, જીવોને અનુપરોધ (પીડા નહીં) કરનારી, હિતકારિણી, અકુશલને દૂર કરનારી છે. આવા જ્ઞાનવાળો સાધુ દઢધર્મવાળો, ઈન્દ્રિયોને જીતનારો અકષાયી થાય છે. આથી જ ઉપદેશ દેવા યોગ્ય છે. તીર્થંકર પરમાત્માએ જણાવેલ પ્રાણીઓના દુઃખના કારણનો જાણકાર, ધર્મકથાલબ્ધિથી યુક્ત, સ્વ-પર શાસ્ત્રનો જ્ઞાતા ઉદ્યુક્તવિહારી જેવો ઉપદેશ આપે, પોતે આપે છે તે પ્રમાણે સ્વયં આચરણ કરતો. દેશ-કાળ આદિના ક્રમને જાણનાર, જ્ઞપરિજ્ઞાવડે ઉપાદાન (મૂળ) કારણને જાણી અને તે તે પાપક્રિયાનો નિરોધકારણ (અટકાવનાર કારણ)ને જાણે છે. સ્વીકારે છે અને બીજાને સમજાવી શકે છે. પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પાપનો પરિહાર (ત્યાગ) કરે છે અને બીજા પાસે કરાવે છે. તેમજ

મનુષ્યલોક સંબંધી જે દુઃખ કહેલું છે તે દુઃખનાં કારણને કુશળતાપૂર્વક સમજાવે છે. તે દુઃખ કર્મના કારણે છે (કરેલા કર્મને.) તે કર્મ આઠ પ્રકારને અને તેના આશ્રવદ્વાર (આવવાના કારણ.)ને જ્ઞપરિજ્ઞાવડે જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞાવડે ત્યાગ કરીને તે આશ્રવ દ્વારોમાં ત્રણ યોગ, ત્રણ કરણ વિ. સર્વ પ્રકારે પ્રવૃત્તિ ન કરવી જોઈએ. એ પ્રમાણે સર્વ જાણીને કહે છે.

આવું સર્વાંશ જ્ઞાન કેવલી, ગણધર કે ચૌદપૂર્વીને હોય છે. આવા પ્રકારનો ઉપદેશક મોક્ષમાર્ગ સિવાય બીજે રમણ કરતો નથી. સ્વયં રાગ-દ્વેષ રહિત હોવાથી બીજાના ઉપકારની બુદ્ધિથી જ કહે છે. તેથી જ ભિક્ષુક હોય કે ચક્રવર્તી બંને સમાનપણે (એકરૂપપણે) ગ્રહણ કરી શકે તેવો ઉપદેશ આપે છે અને આવો ઉપદેશક જ પ્રાણીઓને આઠ કર્મને બાંધતા અટકાવી શકે છે. (આઠ કર્મથી છોડાવી શકે છે.) પુણ્યશાલી, અપુણ્યશાલી બંનેમાં ધર્મ જણાવવાની સમાનદષ્ટિ તેમજ સાંભળનારા જીવોની વિવેચન શક્તિને જાણતા હોવાથી (કર્મથી છોડાવી શકે છે.) આ પ્રમાણે ધર્મકથા કઈ રીતે કહેવી તેને જાણનાર, આઠ પ્રકારના કર્મથી બંધાયેલા જીવોને છોડાવનાર, કર્મને દૂર કરવામાં ચતુર, સત્યપથ પર રહેલો, કુમાર્ગને દૂર કરવાની ઈચ્છાવાળો, સર્વસંવરરૂપ ચારિત્રથી યુક્ત મુનિ, કેવલજ્ઞાનીઓ વડે અથવા વિશિષ્ટ મુનિઓ વડે જેનો આરંભ નથી કરાયો, તેનો આરંભ નથી કરતો અને મોક્ષના કારણભૂત જે આચરણ કરાયું છે તેનું આચરણ કરે છે. ॥૨૭॥

अथ व्रतिनः संयमव्यवस्थितस्य विजितकषायादिलोकस्य मुमुक्षोरनुकूलप्रतिकूलपरीषहसम्भवे तेऽविकृतचेतसा सोढव्या इत्याख्याति-

**सुप्तजाग्रद्दोषगुणज्ञः शीतोष्णसहः कर्ममोचकः ॥ २८ ॥**

**सुप्तेति,** साधुर्हि निरन्तरं जागृतः, सज्ज्ञानवत्त्वान्मोक्षमार्गाविचलत्वादनवरतं हिताहितप्राप्तिपरिहारव्यापृतत्वाच्च, सुप्तश्च द्रव्यतो भावतश्चेति द्विविधः, निद्राप्रमादवान् द्रव्यसुप्तः, मिथ्यात्वाज्ञानमयमहानिद्राव्यामोहितो भावसुप्तः, मिथ्यादृष्टिस्तु सततं भावसुप्तः, सद्विज्ञानानुष्ठानविकलत्वात्, निद्रया तु भजनीयः, द्रव्यनिद्रोपगतोऽपि क्वचिद्द्वितीयपौरुष्यादौ साधुः सततं जागरूक एव भावतः, अपगतमिथ्यात्वादिनिद्रयाऽवाप्तसम्यक्त्वादिबोधत्वादेवञ्च धर्मं प्रतीत्य सुप्तजाग्रदवस्थे उक्ते। द्रव्यनिद्रासुप्तस्य तु धर्मः स्याद्वा न वा, भावतो जागरणे निद्रासुप्तस्यापि धर्मः स्यादेव, भावतोऽजाग्रतो निद्राप्रमादावष्टब्धान्तःकरणस्य न स्यादपि, द्रव्यभावसुप्तस्य तु न स्यादेव। कथं द्रव्यसुप्तस्य धर्मो न भवतीति चेदुच्यते, द्रव्यसुप्तो हि निद्रया भवति, सा च दुरन्ता, स्त्यानर्द्धित्रिकोदये भवसिद्धिकस्यापि सम्यक्त्वावाप्तेरभावात्, तद्बन्धश्च मिथ्यादृष्टिसास्वादनयोरनन्तानुबन्धिबन्धसहचरितः, क्षयस्त्वनिवृत्तिबादरगुणस्थान-

कालसंख्येयभागेषु कियत्स्वपि गतेषु सत्सु भवति, निद्राप्रचलयोरप्युदयो दुरन्त एव, बन्धोपरमस्त्वपूर्वकरणकालसंख्येयभागान्ते भवति, क्षयश्च क्षीणकषायद्विचरमसमये, उदयस्तूपशमकोपशान्तमोहयोरपि भवतीत्यतो दुरन्तो निद्राप्रमादः । योऽज्ञानोदयाद्दर्शनमोहनीयमहानिद्रासुप्तः स महादुःखमनुभवति, अज्ञानं हि दुःखहेतुत्वाद्दुःखम्, अज्ञानञ्च मोहनीयं नरकादिभवव्यसनोपनिपातायेह च बन्धवधशारीरमानसपीडायै, अयञ्च भोगलिप्सुर्जीवोपमर्दादिकषायहेतुकं कर्मोपादाय नरकादियातना स्थानेषूत्पद्यते, ततः कथञ्चिदुत्थाय निखिलक्लेशोन्मूलनदक्षं धर्मकारणमार्यक्षेत्रादौ मनुष्यजन्म प्राप्य पुनरपि तत्तदारभते येन येनाधोऽधो व्रजति न संसारान्मुच्यते, यस्त्वमुं लोकाचारं ज्ञात्वा शस्त्रोपरतो धर्मजागरणेन जागृतश्शब्दादीन् कामगुणान् दुःखैकहेतून् ज्ञपरिज्ञया विदित्वा प्रत्याख्यानपरिज्ञया प्रत्याचष्टे सोऽयमात्मवेत्ता जन्मजरामरणशोकव्यसनोपनिपातात्मकसंसारलक्षणस्य भावावर्त्तस्य शब्दादिकामगुणविषयाभिलाषात्मकभावस्रोतसश्च कारणं रागद्वेषसङ्गं ज्ञात्वा परिहरति, तदेवं सुप्तजाग्रद्दोषगुणज्ञो बाह्याभ्यन्तरग्रन्थरहितश्शीतोष्णरूपौ परीषहावत्यन्तं सहमानः कर्मक्षपणायोद्यतस्य परीषहाणामुपसर्गाणां वा कठोरतां साहाय्यं मन्यमानस्तान् पीडाकारित्वेन न गृह्णाति । तत्र शीतोष्णयोर्नामस्थापनाद्रव्यभावभेदेन प्रत्येकं चतुर्धा निक्षेपः, ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तं द्रव्यशीतं हिमतुषारकरकादिकम् द्रव्यप्राधान्याच्छीतकारणद्रव्यस्य शीतत्वोक्तिः । जीवाश्रितत्वपुद्गलाश्रितत्वाभ्यां भावशीतं द्वेधा, पुद्गलस्य शीतं गुणो भावशीतं पुद्गलाश्रितम्, गुणप्राधान्यविवक्षणात्, एवमुष्णमपि भाव्यम् । जीवस्य तु शीतोष्णरूपोऽनेकविधो गुणः, तद्यथा औदयिकादयष्षड्भावाः तत्रौदयिक उष्णः, कर्मोदयाविर्भूतनारकादिभवकषायजन्यत्वात्, औपशमिकश्शीतः, कर्मोपशमावाप्तसम्यक्त्वविरतिरूपत्वात्, क्षायिकोऽपि शीत एव, क्षायिकसम्यक्त्वचारित्रादिरूपत्वात् । अथवा स्त्रीसत्कारपरीषहौ शीतौ भावमनोऽनुकूलत्वात्, शेषास्तु विंशतिरुष्णा मनसः प्रतिकूलत्वात् तथा धर्मेऽर्थे वाऽनुद्यमः शीतलः, तपस्युद्यम उष्णमिति ब्रुवते, उपशान्तकषायः शीतो भवति, क्रोधादिपरितापोपशमात्, सप्तदशभेदः संयमश्शीतः, जीवानामभयकरणशीलत्वात्, एतद्विपरीतोऽसंयमं उष्णः, निर्वाणसुखं शीतं समस्तकर्मोपतापाभावात्, एतद्विपरीतं दुःखमुष्णमिति । तथा च यो मुनिः प्रमादरहितश्शब्दरूपादिविषयेषु रागद्वेषरहितो गुप्तात्मा शस्त्राशस्त्रवेदी तत्प्राप्तिपरिहारविधायी ज्ञानावरणीयादिकर्मणश्शस्त्रभूतस्य तपसोऽनुष्ठानकुशलत्वादशस्त्रभूतसंयमानुष्ठानकुशलस्तस्याश्रवनिरोधादनादिभवोपात्तकर्मणां क्षयो भवति, तथा चायं मतिश्रुतावधिमनःपर्यायवान्

मन्दमतिस्तीक्ष्णः, चक्षुर्दर्शनी, अचक्षुर्दर्शनी, निद्रालुः सुखी दुःखी वा, मिथ्यादृष्टिः सम्यग्दृष्टिः सम्यङ्मिथ्यादृष्टिः, स्त्रीपुमान्नपुंसकः, कषायी, सोपक्रमायुष्को निरुपक्रमायुष्कोऽल्पायुः, नारकस्तिर्यग्योनिक एकेन्द्रियो द्वीन्द्रियः पर्याप्तकोऽपर्याप्तकः सुभगो दुर्भगः, उच्चैर्गोत्रो नीचैर्गोत्रः कृपणस्त्यागी निरुपभोगो निर्वीर्य इत्येवं न कर्मनिमित्तव्यपदेशभाग्भवति । तस्माज्ज्ञानावरणादिकर्म प्रत्युपेक्ष्य तद्बन्धं तत्सत्ताविपाकापन्नाः प्राणिनो यथा भावनिद्रया शेरते तथाऽवगम्याकर्मतोपाये भावजागरणे यतितव्यम्, भावनिद्रासुप्तो हि कामभोगाभिलाषी महारम्भपरिग्रहपरिकल्पितजीवनोपायः कामासक्तस्तदुपादानजनितकर्मणा परिपूर्णो गर्भाद्-गर्भान्तरमुपयाति संसारचक्रवालेऽरघट्टघटीयन्त्रन्यायेन, स प्राणिनं हत्वाऽपि क्रीडेति मन्यते, एते पशवो मृगयायै सृष्टाः, मृगया च सुखिनां क्रीडायै भवतीत्येवं वदन्नात्मनो वैरमेव वर्धयते, तस्माज्जागरूकस्सम्यग्दर्शनज्ञानचारित्राणि परमं मोक्षपदमिति ज्ञात्वा पापानुबन्धिकर्म न करोति न कारयति न वाऽनुमन्यते अत आत्मनोऽग्रमूले पृथक्कुर्यात्, भवोपग्राहिकर्म-चतुष्टयमग्रम्, घातिकर्मचतुष्टयं मूलम्, मोहनीयं वा मूलं शेषाणि त्वग्रम्, मोहनीयवशाच्छेष-प्रकृतिबन्धात्, मिथ्यात्वं वा मूलं शेषं त्वग्रम् । यद्वाऽसंयमः कर्म वा मूलं संयमतपसी मोक्षो वाऽग्रम्, एते अग्रमूले दुःखसुखकारणतयाऽवधारयेत् सोऽयं तपस्संयमाभ्यां रागादीनि बन्धनानि तत्कार्याणि वा कर्माणि छित्त्वा निष्कर्मा निर्गतावरणः सर्वज्ञानी सर्वदर्शी च भवति स एव संसारात् प्रमुच्यत इति भावः ॥ २८ ॥

હવે સંયમમાં વ્યવસ્થિત (સ્થિર) કષાયાદિલોકને જીતનારા મુમુક્ષુ એવા સાધુએ અનુકૂલ કે પ્રતિકૂલ ઉપસર્ગ આવે તો પણ શુદ્ધમન વડે તે સહન કરવા જોઈએ તે જણાવે છે...!

**સૂત્રાર્થ :- સુપ્ત આત્માના દોષને તેમજ જાગૃત આત્માના ગુણને જાણતો મુનિ શીત-ઉષ્ણ પરિષહને સહન કરતો કર્મથી છૂટનારો થઈ શકે છે...!**

**ભાવાર્થ :-** સાધુ નિરંતર જાગૃત હોય, (વિસ્તારથી જણાવે છે.) કારણ કે સાધુ સમ્યગ્જ્ઞાનપૂર્વક અવિચલ મોક્ષમાર્ગને વિષે હંમેશાં હિતની પ્રાપ્તિ, અહિતના ત્યાગમાં પ્રવૃત્ત છે. સૂતેલો બે પ્રકારે દ્રવ્ય અને ભાવથી નિદ્રારૂપ પ્રમાદથી સૂતેલો જીવ તે **"દ્રવ્યસુપ્ત"** મિથ્યાત્વ. અજ્ઞાનમય, મહાનિદ્રાથી મૂંઝાયેલો જીવ તે **"ભાવસુપ્ત"** મિથ્યાદૃષ્ટિ જીવ તો હંમેશાં ભાવસુપ્ત જાણવો. કારણ કે તે સમ્યગ્જ્ઞાનયુક્ત ક્રિયાથી રહિત હોય છે.

સાધુ માટે નિદ્રાનો (દ્રવ્ય નિદ્રાનો) વિકલ્પ આ રીતે છે. ભાવથી સતત જાગૃત સાધુ ક્યારેક રાત્રિની બીજી પોરિસીમાં દ્રવ્યનિદ્રાયુક્ત હોય છે ત્યારે તે સાધુ મિથ્યાત્વ આદિ ભાવ નિદ્રાથી રહિત અને સમ્યકત્વ આદિ બોધ = જાગૃતિથી યુક્ત હોવાથી આવા ધર્મને આશ્રયીને જ મુનિની

સુપ્ત તેમજ જાગ્રત અવસ્થા એકી સાથે જણાવી છે. દ્રવ્યનિદ્રામાં સૂતેલાને ધર્મ હોય અથવા ન પણ હોય. ભાવથી જાગ્રત જીવને નિદ્રામાં સૂતેલો હોય છતાં પણ ધર્મ જ થાય. ભાવથી અજાગ્રત નિદ્રા-પ્રમાદને આશ્રયીને અંતઃકરણથી યુક્ત છે તેને પણ ધર્મ ન હોય. અને દ્રવ્યથી અને ભાવથી સુપ્તજીવને તો ધર્મ અશક્ય જ છે. **શંકા** - દ્રવ્યથી સૂતેલાને ધર્મ કેમ ન હોય ? (એના સમાધાનમાં) તે કહે છે. **સમાધાન** - નિદ્રા વડે જીવ દ્રવ્યસુપ્ત થાય છે. તેનો પાર પામવો મુશ્કેલ છે. થીણદ્ધિ, પ્રચલા, પ્રચલાપ્રચલા, આ ત્રણ નિદ્રાનો ઉદય તદ્‌ભવ મોક્ષગામી જીવને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા દેતો નથી. અને થીણદ્ધિત્રિકનો બંધ મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણસ્થાનક સુધી અનંતાનુબંધિની સાથે રહેલો છે. (સહચારી છે.) અને થીણદ્ધિત્રિકનો ક્ષય તો અનિવૃત્તિ બાદર ગુણસ્થાનકના સંખ્યાતા ભાગમાંથી પણ કેટલાક ભાગ પૂર્ણ થાય ત્યાર પછી થાય છે. નિદ્રા-પ્રચલાનો ઉદય પણ દુરંત જ છે. દુઃખપૂર્વક થઈ શકે છે. આ બંનેનો બંધ અપૂર્વકરણના કાલના સંખ્યાતા ભાગ પછી અટકે છે. ક્ષય ક્ષીણકષાય ગુણસ્થાનકના દ્વિચરિમ સમયે થાય છે. અને ઉદય તો ઉપશમક અને ઉપશાંત મોહ ગુણસ્થાનક સુધી પણ હોય છે. આથી જ નિદ્રારૂપ પ્રમાદને દુરન્ત કહેવાય છે. જેનો અંત દુર છે તે, દુઃખે કરીને જેનો અંત આવે છે તે...! અજ્ઞાનના ઉદયથી જે જીવ દર્શનમોહનીય કર્મની મહાનિદ્રામાં સૂતેલો છે. તે મહાદુઃખને અનુભવે છે, દુઃખનું કારણ હોવાથી અજ્ઞાન જ દુઃખરૂપ છે અને અજ્ઞાન આ લોકમાં બન્ધ, વધ, આદિ શારીરિક પીડા આપનારું તેમજ માનસિક પીડા આપનારું છે અને પરલોકમાં નરકાદિ ભવરૂપ સંકટમાં પાડવા માટે છે. ભોગાલિભાષી આ જીવ જીવોને પીડા દેવારૂપ કષાય હેતુરૂપ કર્મબંધ કરીને નરક વિ. પીડાકારક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. તે નરકાદિમાંથી અનેક પ્રયત્નપૂર્વક કેમે કરીને નીકળેલો જીવ. સર્વ સંક્લેશ જડમૂળથી દૂર થાય તેવા, ધર્મના સાધનરૂપ આર્યક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામીને ફરીથી તેવું કરે છે. (તેવી ક્રિયા કરે છે.) જેનાથી નીચી-નીચી ગતિમાં જાય છે. પણ સંસારથી છૂટતો નથી. પરંતુ, જે જીવ 'લોકાચાર'ને જાણીને પૃથ્વીકાય આદિ હિંસાના શસ્ત્રથી ઉપરત (વિરમેલો) છે તે ધર્મ જાગૃતિથી જાગૃત શબ્દાદિ કામ-ગુણો દુઃખના કારણ છે. એવું જ્ઞપરિજ્ઞાવડે જાણીને, પ્રત્યાખ્યાનપરિજ્ઞાવડે તેનું પચ્ચક્ખાણ કરે છે. તેને જ સાચું આત્મજ્ઞાન થાય છે. (થયેલું છે.) અને તેવા આત્મજ્ઞાની જીવ જન્મ-જરા-મરણ-શોક-રૂપ વિ. સંકટના સ્થાનભૂત સંસારરૂપ ભાવસ્રોતના કારણ રાગ-દ્વેષના સંગને જાણીને તેને છોડે છે. તે આ રીતે સુપ્ત અવસ્થાના દોષ અને જાગૃત અવસ્થાના ગુણને જાણનાર, બાહ્ય-અભ્યંતર ગ્રંથીથી રહિત મુનિ અત્યંત શીતોષ્ણ પરિષહને સહન કરતી વખતે પણ કર્મક્ષય માટે તત્પર મુનિ પરિષહ કે ઉપસર્ગની કઠોરતાનો તો સહાયક છે. તેવું માનતો તેને પીડારૂપ નથી જાણતો. (ગ્રહણ કરતો નથી.) તેમાં શીતોષ્ણ પરિષહ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ચાર પ્રકારે નિક્ષેપ થાય છે. જ્ઞશરીર-ભવ્યશરીરથી ભિન્ન એવું હિમ, ઝાકળ, કરા વિ. દ્રવ્યશીત છે. અહીં દ્રવ્યની પ્રધાનતા ગણીને શીત લાગવામાં કારણરૂપ દ્રવ્યને જ 'શીત' તરીકે વિવક્ષા કરી છે. **'જીવાશ્રિત'** અને

**'પુદ્ગલાશ્રિત'** એમ બે પ્રકારે ભાવશીત છે. ગુણની પ્રધાનતા વિવક્ષા કરીએ ત્યારે પુદ્ગલનો જે શીતગુણ તે પુદ્ગલાશ્રિત દ્રવ્યશીત છે. એ રીતે ઉષ્ણમાં પણ સમજવું. જીવનો તો શીતોષ્ણરૂપ ગુણ અનેક પ્રકારે છે. તે ઔદયિકાદિ છ ભાવથી ઘટિત થઈ શકે છે. તેમાં કર્મના ઉદયથી મળેલ નરકાદિ ભવકષાયના કારણે મળે છે તે ઔદયિક ઉષ્ણપરિષહ જાણવો. કર્મના ઉપશમથી મળતા સમ્યક્ત્વની પ્રાપ્તિની જે રુકાવટ તે ઔપશમિક શીત સમજવી.

ક્ષાયિક સમ્યક્ત્વ કે ચારિત્ર આદિને જે અટકાવવું તે ક્ષાયિક શીત સમજવો.

અથવા બીજી રીતે વિચારીએ તો સ્ત્રી અને સત્કાર પરિષહ મનને અનુકૂલ છે તેથી 'શીત પરિષહ' છે. શેષ વીશ પરિષહ મનને પ્રતિકૂલ હોવાથી 'ઉષ્ણ પરિષહ' જાણવા. તથા લોકમાં ધર્મ કે અર્થ પુરૂષાર્થમાં અનુદ્યમીને શીતલ-ઠંડો કહેવાય છે. તપમાં ઉદ્યત ને ઉષ્ણ કહેવાય છે. ક્રોધાદિ પરિતાપનો ઉપશમ થયેલો છે માટે ઉપશાંત કષાયને 'શીત' કહેવાય છે. જીવોને અભયદાન દેવારૂપ હોવાથી સત્તર પ્રકારનું સંયમ તે શીત છે. તેનાથી વિપરીત અસંયમ ઉષ્ણ છે. સર્વ કર્મની પીડાના અભાવરૂપ મોક્ષનું સુખ તે શીતલ છે. તેનાથી વિપરિત સાંસારિક દુઃખ તે ઉષ્ણ છે. તેમજ જે મુનિ પ્રમાદ રહિત શબ્દ રૂપાદિ વિષયોમાં રાગ-દ્વેષ રહિત છે, ગુપ્તાત્મા છે, શસ્ત્ર અશસ્ત્ર જાણનાર, તેમજ તેની પ્રાપ્તિના ત્યાગ કરનાર જ્ઞાનાવરણીય આદિ કર્મ માટે શસ્ત્રભૂત તપનું કુશલ અનુષ્ઠાન કરે છે. તેના અશસ્ત્રરૂપ જે સંયમનું અનુષ્ઠાન છે. તેના આશ્રવનો નિરોધ કરીને અનાદિભવમાં બાંધેલા કર્મનો ક્ષય કરે છે.

આ રીતે કર્મના ક્ષયથી તે સાધુ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનથી યુક્ત થાય છે. તેથી મંદમતિ-ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, નિદ્રાળુ, સુખી કે દુઃખી, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ, સ્ત્રી, પુરૂષ, નપુંસક, કષાયી, સોપક્રમ આયુષ્યયુક્ત, નિરૂપક્રમ આયુષ્ય યુક્ત, અલ્પાયુ, નારકી, તિર્યંચ, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત, સુભગ-દુર્ભગ, ઉચ્ચગોત્ર-નીચગોત્ર, કંજુસ, ત્યાગી, ઉપભોગ રહિત, શક્તિહીન, આ સર્વ અવસ્થા જે જે કર્મથી પ્રાપ્તિ થાય છે. તેવી તેવી અવસ્થા તેને મળતી નથી. (કર્મના કારણરૂપ છળ-કપટવાળો થતો નથી.)

આ જ્ઞાનાવરણીય આદિ કર્મ જાણીને તેના બંધ, તેની સત્તા, તેના વિપાકથી યુક્ત પ્રાણીઓ જેમ ભાવનિદ્રા વડે ઊંઘે છે. તેમ આ બધી કર્મસ્થિતિને જાણીને અકર્મ અવસ્થા મેળવવા માટે ભાવજાગરણ માટે પ્રયત્ન કરવો જોઈએ. ભાવનિદ્રાસુપ્ત જીવ કામભોગનો અભિલાષી હોવાથી, કામમાં આસક્ત, મહાઆરંભ પરિગ્રહથી જીવન વીતાવવાવાળો હોવાથી બાંધેલા કર્મથી એક ગર્ભથી બીજાગર્ભને વિષે જાય છે. અને સંસારરૂપ ચક્રમાં અરઘટ્ટ (રહેંટ)ની જેમ (ના ન્યાય વડે) પરિભ્રમણ કરે છે. તેવો જીવ પ્રાણીને હણીને પણ રમત કરી એ પ્રમાણે માને છે. આ પશુઓનું સર્જન શિકાર માટે થયું છે, અને સુખી જીવોને શિકાર તે ક્રીડારૂપ છે. આવું બોલતાં વૈરભાવને જ વધારે છે. તેથી જાગ્રત થઈને સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો શ્રેષ્ઠ માર્ગ છે. આવું

જાણીને પાપાનુબંધી કર્મ કરે નહીં. કરાવે નહીં. કરતાને અનુમોદના ન કરે. આથી આત્માથી અગ્ર અને મૂલને અલગ કરવું જોઈએ. (કર્મથી રહિત થવું જોઈએ.) ભવોપગ્રાહી ચાર કર્મને 'અગ્ર' કહેવાય છે. ચાર ઘાતીકર્મને 'મૂલ' કહેવાય છે. અથવા તો મોહનીય કર્મ 'મૂલ' અને શેષ કર્મ 'અગ્ર' રૂપ છે. મોહનીયના વશથી (કર્મ હોય તો.) બાકીની પ્રકૃતિઓનો બંધ થાય છે. અથવા તો મિથ્યાત્વ તે 'મૂલ' અને શેષ તે 'અગ્ર'રૂપ છે.

અથવા જે અસંયમરૂપ ક્રિયા તે મૂલ અને સંયમ, તપ, મોક્ષ તે 'અગ્ર' રૂપ છે. આ રીતે અગ્ર અને મૂલ, દુઃખ-સુખના કારણવડે (બંને રીતે) જાણી શકાય છે.

તે આ મુનિ તપ, સંયમ વડે રાગાદિ બંધનને અને તેના કાર્યોને અથવા તેનાથી થતા કર્મોને છેદીને નિષ્કર્મા, આવરણરહિત, સર્વજ્ઞાની, સર્વદર્શી થાય છે. તેવો જ મુનિ સંસારથી મુક્ત થાય છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૨૮॥

अथ संयमानुष्ठाय्येव मुनिर्न केवलं परीषहोपसर्गादिदुःखसहः पापकर्मानुष्ठायी वेत्याह—

**सन्धिज्ञो मुनिर्विज्ञाय गत्यागती रागद्वेषाभ्यां न लिप्येत ॥ २९ ॥**

**सन्धिज्ञ इति,** सन्धिर्विवरमवसरो वा, तं जानातीति सन्धिज्ञः, स सम्यक्त्वावाप्तिलक्षणं सम्यग्ज्ञानावाप्तिरूपं चारित्रमोहनीयक्षयोपशमात्मकं वा कर्मविवरं धर्मानुष्ठानस्यावसरं विज्ञाय जीवव्रातस्य दुःखोत्पादनानुष्ठानं न विदध्यात्, सर्वत्रात्मौपम्यं समाचरेत्, निखिला हि प्राणिनो दुःखं द्विषन्ति सुखमभिलषन्ति चातस्तेषां न करणत्रयैर्व्यापादको भवेत् । एवं समताव्यवस्थित आगमपर्यालोचनयाऽऽत्मानं विविधैरुपायैरिन्द्रियप्रणिधानाप्रमादादिभिः प्रसन्नं विदध्यात् आत्मप्रसन्नता च संयमस्थस्य भवति, अयमेव च मुनिर्नैश्चयिकः, न तु पापकर्माकरणमात्रतया मुनिः, तत्र मुनित्वस्यानिमित्तत्वात् परस्परतो भयेन लज्जया वा हि पाप कर्म न करोत्यपरः, न तु मुनित्वात्, अद्रोहाध्यवसायो हि मुनिः, स च तत्र नास्ति, अपरोपाध्यावेशात्, शुभान्तः-करणपरिणामव्यापारापादितक्रियस्यैव मुनिभावो नान्यथेति निश्चयनयाभिप्रायः । व्यवहार-नयापेक्षया तु यो हि सम्यग्दृष्टिरुत्क्षिप्तपञ्चमहाव्रतभारस्तद्वहने प्रमाद्यन्नप्यपरसमानसाधु-लज्जया गुर्वाद्याराध्यभयेन गौरवेण वा केनचिदाधाकर्मादि परिहरन् प्रत्युपेक्षणादिकाः क्रियाः करोति, यदि च तीर्थोद्भासनाय मासक्षपणातापनादिका जनविज्ञाताः क्रियाः करोति तत्र तस्य मुनिभाव एव कारणम्, तद्व्यापारापादितपारम्पर्ये शुभाध्यवसायोपपत्तेरिति । तदेवं शब्दादि-विषयपञ्चकेषु विगतरागद्वेषोऽत एव गुप्त आगतिगतिपरिज्ञाता रागद्वेषाभ्यामनपदिश्यमानो न क्वाप्यस्यादिना छेद्यते कुन्तादिना भिद्यते पावकादिना वा दह्यते, किन्तु रागद्वेःषा-भावात्सिद्ध्यत्येव । आगतिर्हि तिर्यङ्मनुष्ययोश्चतुर्धा, चतुर्विधनरकादिगत्यागमनसद्भावात्,

देवनारकयोर्द्वेधा, तिर्यङ्मनुष्यगतिभ्यामेवागमनसद्भावात्, मनुष्येषु पञ्चधा, तत्र मोक्षगति-सद्भावात् । तदेवमागतिगतिपरिज्ञानाद्रागद्वेषपरित्यागः तदभावाच्च छेदनादिसंसारदुःखाभावः । यस्तु कुतो वयमागताः क्व यास्यामः किं वा तत्र नः सम्पत्स्यत इति न विचारयति तस्य संसार एव रतिः स्यात् ॥ २९ ॥

ફક્ત પરિષહ-ઉપસર્ગ આદિ દુઃખ સહન કરે તે જ મુનિ નથી. પરંતુ સંયમનું અનુષ્ઠાન કરે છે. અથવા પાપ અનુષ્ઠાન (આચરણ) કરે છે તે મુનિ છે ? તેવી શંકાના સમાધાનમાં કહે છે.

**સૂત્રાર્થ :- સંધિજ્ઞ એવો મુનિ ગતિ-આગતિ જાણીને રાગ-દ્વેષ વડે લિપ્ત થતો નથી.**

**ભાવાર્થ :-** સંધિ એટલે કાણું અથવા અવસર. તેને જે જાણે છે તે સંધિજ્ઞ. તે મુનિ સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ, સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિરૂપ અથવા ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ રૂપ કર્મ વિવરણને કે ધર્માનુષ્ઠાનના અવસરને જાણીને જીવગણને દુઃખ થાય તેવી ક્રિયા ન કરે. સર્વ સ્થળે પોતાના આત્મા સરખું આચરણ કરવું જોઈએ. સર્વે પ્રાણીઓ દુઃખના દ્વેષી છે. સુખના ઈચ્છુક છે. તેથી ત્રણ કરણ વડે તે જીવોની હિંસા ન કરવી જોઈએ. આ રીતે સમતામાં રહેલા, આગમની વિચારણા વડે આત્માને ઈન્દ્રિયદમન, અપ્રમાદ આદિ વડે આત્માને પ્રસન્ન કરવો જોઈએ અને આત્મપ્રસન્નતા સંયમમાં રહેલાને જ થાય છે. અને નિશ્ચયનયથી આ જ મુનિ છે, પરંતુ પાપકર્મ નહીં કરવા માત્રથી મુનિ નથી. તેમાં મુનિપણાનું નિમિત્ત ન હોવાથી...! (પાપ કર્મમાં રક્તને મુનિપણું નથી હોતું.) જે બીજો પરસ્પર લજ્જા કે ભયથી પાપકર્મ કરતો નથી પરંતુ મુનિપણું હોવાથી નહીં, કારણ કે અદ્રોહ અધ્યવસાયથી યુક્ત મુનિ હોય છે અને તે ત્યાં નથી. બીજી ઉપાધિના આવેશથી (તે સિવાયની ઉપાધિ હોવાથી.) શુભ મનના પરિણામ રૂપ વ્યાપારથી જે કરે તેમાં જ મુનિપણું છે. અન્યથા નહીં. આ પ્રમાણે નિશ્ચયનયનો અભિપ્રાય છે.

વ્યવહારનયની અપેક્ષાએ તો જે સમ્યગ્દૃષ્ટિ છે. પરંતુ, પાંચ મહાવ્રતના ભારને વહન કરવામાં પ્રમાદી તેમજ અસમર્થ છે. તેથી પાંચ મહાવ્રતને મૂકી દીધા છે છતાં, સાથે રહેલા સાધુની શરમથી, ગુરૂ ભ.વિ. પૂજ્યોના ભયથી, અહંકારથી વિ. કોઈપણ કારણથી આધાકર્મી આદિને ત્યાગતો પડિલેહણ આદિ ક્રિયા કરે છે. તીર્થપ્રભાવના માટે માસક્ષમણ, આતાપના લેવી વિ. લોકો દેખી શકે તેવી ક્રિયાઓ પણ કરે છે. તેમાં તેનો મુનિભાવ જ કારણરૂપ છે. કારણ કે આ બધી જ ક્રિયાઓ કરવાથી શુભ અધ્યવસાયની પ્રાપ્તિની સંભાવના છે. આવા પ્રકારનો મુનિ શબ્દાદિ પાંચ પ્રકારના વિષયમાં રાગ-દ્વેષ રહિત છે. તેથી જ ગુપ્તેન્દ્રિય છે. ગતિ-આગતિને જાણનાર છે. રાગ-દ્વેષ વડે નહીં ઘેરાયેલો ક્યારે પણ તલવાર આદિથી છેદાતો નથી, ભાલા વિ.થી ભેદાતો નથી, અગ્નિ વિ.થી બળતો નથી. પરંતુ, રાગ-દ્વેષનો અભાવ હોવાથી મોક્ષને પ્રાપ્ત કરે જ છે.

નરક આદિ ચારે ગતિમાંથી આવવાની સંભાવના હોવાથી તિર્યંચ અને મનુષ્યની આગતિ ચાર પ્રકારે છે. તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિમાંથી જ આગમનનો સંભવ છે માટે દેવ-નારકની આગતિ બે પ્રકારે છે. મનુષ્યમાં પાંચ પ્રકારે કારણ કે ત્યાં મોક્ષગતિનો સદ્ભાવ છે.

આ રીતે આગતિ-ગતિને જાણીને રાગ-દ્વેષનો ત્યાગ કરવો. તેના અભાવથી છેદનાદિ સંસારના દુઃખનો અભાવ થાય છે. જે જીવ અમે ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? અથવા અમારું શું થશે ? એ પ્રમાણે વિચારતો નથી તે જીવની સંસારમાં જ રતિ છે. એમ જાણવું. ॥૨૯॥

य एवं निष्प्रत्यूहं मोक्षमार्गानुष्ठाता स एवात्मनो मित्रमित्याह–

**स एव समदर्श्यात्मनो मित्रं क्रोधादीन् वमितेति सर्वज्ञोपदेशः ॥ ३० ॥**

**स एवेति,** यो रागद्वेषविप्रमुक्तो विषयसुखभोगादिकं पूर्वमनुभूतं न स्मरति न वाऽनागतमभिवाञ्छति भगवद्वचनामृतपानादतिक्रान्तसंसारमिवानागतमपि संसारं मन्यते स पूर्वोपचितकर्मक्षपणाय प्रवृत्तो धर्मध्यायी शुक्लध्यायी वेष्टाप्राप्तिविनाशजनितमानसविकार-लक्षणाऽरतिविषेशेऽभिलषितार्थप्राप्तिजनितानन्दस्वरूपे रतिविशेषे चोपसर्जनप्राये तदाग्रहमति-रहितस्तावनुचरति, तस्य च मुमुक्षोस्संयमानुष्ठानमात्मसामर्थ्यात् फलवद्भवति न परोपरोधेन, परो हि मित्रादिः स्यात्, स च मित्रादिः संसारसाहाय्योपकारितया मित्राभास एव, वास्तविकोपकारिमित्रन्तु पारमार्थिकात्यन्तिकैकान्तिकसुखादिगुणोपेतः सन्मार्गपतित आत्मैव, तस्यैव तादृशसुखोत्पादनिमित्तत्वात्, बाह्यश्च मित्रामित्रविकल्पोऽदृष्टोदयनिमित्तत्वादौपचारिकः । यो हि सन्मार्गानुष्ठाता स कर्मणां तदाश्रवद्वाराणाञ्चापनेता, बाह्यविषयाभिष्वङ्गाय प्रवर्त्तमान-मात्मानमेवाभिगृह्य धर्मध्यानादिना दुःखाद्विमोचनात् । तस्मादासेवनापरिज्ञया संयम-मवेत्यानुतिष्ठेत् गुरुसमक्षपरिगृहीतप्रतिज्ञां परिपालयेत्, तदेवं भगवदाज्ञोपस्थितो मेधावी दुःखेनोपसर्गजेन व्याधिजेन वा स्पृष्टोऽपि न व्याकुलमतिस्तद्दूरीकरणाय यतेत, इष्टविषयावाप्तौ रागस्यानिष्टप्राप्तौ च द्वेषस्य सम्भवात्, एवंविधश्च विवेकी चतुर्दशजीवस्थानान्यतरव्य-पदेशार्हाल्लोकात् प्रमुच्यते, अत एवाचिरात् स्वपरापकारिक्रोधादीन् वमिता भवति, तस्यैव च पारमार्थिकश्रमणभावः, तदुक्तम् 'श्रामण्यमनुचरतः कषाया यस्योत्कटा भवन्ति । मन्ये इक्षुपुष्पवन्निष्फलं तस्य श्रामण्यम् ॥ यदर्जितं चारित्रं देशोनयाऽपि पूर्वकोट्या । तदपि कषायितमात्रो हारयति नरो मुहूर्त्तेन' ॥ इति । तदेवं कषायवमनमवश्यं कार्यम्, तदौत्कट्ये श्रामण्यस्य नैष्फल्यादिति यथावस्थितवस्तुवेदिनो भगवत उपदेशः, कषायवमनमन्तरेण तीर्थकृतोऽपि न निरावरणाखिलपदार्थसाक्षात्कारकारिपरमज्ञानावाप्तिः, तदभावे च मोक्ष-

सुखाभावः, एवमन्येनापि मुमुक्षुणा तदुपदेशवर्त्तिना तन्मार्गानुयायिना कषायवमनं विधेयमिति भावः ॥ ३० ॥

જે હંમેશાં મોક્ષમાર્ગની સાધના કરે છે તે જ આત્માનો મિત્ર છે. તે કહે છે.

**સૂત્રાર્થ :- સમદર્શી એવો તેજ (સાધુ) આત્માનો મિત્ર છે અને ક્રોધાદિને વમનારો છે. એવું સર્વજ્ઞનું કથન છે.**

**ભાવાર્થ :-** રાગ-દ્વેષથી મુક્ત મુનિ પૂર્વે ભોગવેલા વિષયસુખ ભોગાદિને યાદ નથી કરતો. પરમાત્માના વચનરૂપી અમૃતપાનથી જેમ પૂર્વનો સંસાર હતો તેમ અનાગત = ભવિષ્યકાળના સંસારને પણ માને છે. તેથી તે અનાગત સુખને ઈચ્છતો નથી. ધર્મ-શુક્લ ધ્યાનમાં રક્ત, તે મુનિ પૂર્વોપાર્જિત કર્મનો ક્ષય કરવા માટે, ઈષ્ટવસ્તુ ન મળે અથવા તો તેનો વિનાશ થાય અને તેના દ્વારા થતા માનસિક જે ફેરફાર રૂપ અરતિમાં અથવા તો ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિથી થતાં આનંદરૂપ રતિમાં, આ રતિ-અરતિ બંને છોડવાલાયક છે. તેથી તે બન્નેમાં આગ્રહ રહિત, તે બન્ને પરિસ્થિતિમાં રહે છે તેવા મુમુક્ષુનું પોતાની આત્મશક્તિ વડે સંયમ અનુષ્ઠાન સફળ થાય છે. પરંતુ, બીજાના ઉપકારીપણાથી નહીં. અહીં 'પર' શબ્દથી મિત્રાદિ જાણવા. તે મિત્રાદિ સંસારના સહાયરૂપ-ઉપકારી છે. માટે મિત્ર નહીં કિન્તુ મિત્રાભાસ રૂપ જ છે. ખરેખર ઉપકારી તો પારમાર્થીક, આત્યન્તિક, એકાન્તિક સુખાદિ ગુણયુક્ત સન્માર્ગ સ્થિતિ આત્મા જ મિત્ર છે. આવો મિત્રરૂપ આત્મા જ મોક્ષ સુખ મેળવવામાં કારણ છે. બાહ્ય મિત્ર કે શત્રુ તે ભાગ્યના વશથી મળે છે. જે ઔપચારિક મિત્ર કહેવાય છે.

બાહ્ય વિષયની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થતી આત્માને જ એકદમ ત્યાંથી પકડીને ધર્મધ્યાનાદિ દ્વારા દુઃખથી છૂટકારો અપાવે છે તેથી કર્મ તેમજ તેના આશ્રવ દ્વારોને દૂર કરતો, સન્માર્ગમાં રહેલો તેજ ખરેખર મુનિ છે. આ સેવન પરિજ્ઞાથી સંયમને જાણીને તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. ગુરુસાક્ષીએ જે પ્રતિજ્ઞા લીધી છે. તેનું પાલન કરવું જોઈએ. આ રીતે પરમાત્માની આજ્ઞાયુક્ત, બુદ્ધિમાન મુનિ વ્યાધિ કે ઉપસર્ગથી આવેલા દુઃખ વડે વ્યાકુલમતિ યુક્ત થઈને તે દુઃખને દૂર કરવા માટે પ્રયત્ન કરતો નથી.

ઈષ્ટ વસ્તુ મળે તો રાગ તેમજ અનિષ્ટ વસ્તુથી દ્વેષ થવાનો સંભવ છે. આ રીતે વિવેકી થયેલો જીવ ચૌદ જીવસ્થાનકમાંથી કોઈપણ એક જીવસ્થાનથી જાણવાલાયક લોકથી છૂટે છે. આ કારણથી જ સ્વ-પરનો અપકાર કરનાર ક્રોધાદિનું વમન કરે છે. ખરી રીતે તેનું જ સાધુપણું છે. तदुक्तं श्रामण्यमनुचरतः ............ मुहूर्तेन इति ।

સાધુ જીવન જીવવા છતાં પણ જેના કષાયો ઉત્કટ (અત્યંત) હોય છે તેનું સાધુજીવન શેરડીના ફૂલની જેમ નિષ્ફળ છે, તેમ હું માનું છું. દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી જે ચારિત્ર પાળ્યું છે, તેને ફક્ત મુહૂર્તના કષાય વડે મનુષ્ય હારી જાય છે. એ પ્રમાણે.

કષાયની ઉગ્રતા હોય તો સાધુપણું નિષ્ફળ જાય છે. તેથી કષાયનું વમન નિશ્ચે કરવું જોઈએ. આવી સત્ય હકીકતને જાણનાર ભગવાનનો ઉપદેશ છે. કષાયના વમન વિના તીર્થંકરને પણ, આવરણ રહિત, સંપૂર્ણ પદાર્થનો સાક્ષાત્કાર કરાવતું પરમજ્ઞાન = કેવલજ્ઞાન થતું નથી. અને કેવલજ્ઞાન વિના મોક્ષ સુખ પણ મળતું નથી, આ રીતે તે તીર્થંકરના ઉપદેશ વિના મોક્ષસુખ પણ મળતું નથી.

આ રીતે તે તીર્થંકરના ઉપદેશમાં રહેલા, તેમના માર્ગને અનુસરતા, અન્ય મુમુક્ષુ વડે પણ કષાયનું વમન કરવું જોઈએ. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૩૦॥

यस्तु प्रमादी स द्रव्यतः सर्वात्मप्रदेशैः क्षेत्रतः षड्दिग्व्यवस्थितं कालतोऽनुसमयं भावतो हिंसादिभिः कर्मोपचिनोति, अत एव तस्येह परत्र च महाभयम्, आत्महितेषु जाग्रतोऽप्रमत्तस्य तु नास्त्यैहिकादामुष्मिकाद्वा भयं, अप्रमत्तता च कषायाभावात्, तदभावाच्चाशेषमोहनीयाभावस्ततोऽशेषकर्मक्षय इत्याह–

**वर्द्धमानशुभाध्यवसायस्यैकाभावे बह्वभावान्मोक्षः ॥ ३१ ॥**

**वर्द्धमानेति,** प्रवर्द्धमानशुभाध्यवसायस्येत्यर्थः, अनेन मर्यादावस्थितस्तीर्थकरप्रणीतागमानुसारेण यथोक्तानुष्ठानविधायी श्रद्धावानप्रमत्तयतिरबद्धायुष्कः क्षपकश्रेणियोग्यो नापर इति सूचितम् । एकाभाव इति, एकस्यानन्तानुबन्धिनः क्रोधस्याभाव इत्यर्थः, अभावश्चोपशमेन क्षयेण वा भवति, अत्र तु क्षयेण विज्ञेयो मोक्ष इत्युक्तेः । बह्वभावादिति, बहूनां मानादीनां क्षयेणाभावादित्यर्थः । तथा च यः प्रवर्द्धमानशुभाध्यवसायोऽनन्तानुबन्धिनमेकं क्रोधं क्षपयति स बहूनपि मानादीनप्रत्याख्यानादीन् वा स्वभेदान् क्षपयति, मोहनीयं वैकं यः क्षपयति स शेषा अपि प्रकृतीः क्षपयति । उपलक्षणेनात्रायमर्थोऽपि भाव्यः, यो बहून् स्थितिविशेषान् क्षपयति सोऽनन्तानुबन्धिनमेकं मोहनीयं वा क्षपयति, तथा ह्येकोनसप्ततिभिर्मोहनीयस्य स्थितिकोटीकोटीभिः क्षयमुपगताभिर्ज्ञानावरणीयदर्शनावरणीयवेदनीयान्तरायाणामेकोनत्रिंशद्भिर्नामगोत्रयोरेकोनविंशतिभिश्शेषैककोटीकोट्यापि देशोनया मोहनीयस्य क्षपणार्हो भवति नान्य इति । एवमेवोपशमश्रेण्याश्रयेण य एकोपशमकस्स बहूपशमको यो बहूपशमकस्स एकोपशमको भाव्यः । तदेवमात्मव्यतिरिक्तपुत्रधनादेः संयोगं ममत्ताप्रयुक्तं शारीरदुःखादिहेतुं तद्धेतुकर्मोपादानकारणं वा विहाय मुमुक्षवोऽनेकभवकोटिदुर्लभं रत्नत्रयमुपलभ्याप्रमत्ता मोक्षं यान्ति, तत्रावासद्योग्यक्षेत्रकालस्य लघुकर्मणस्तेनैव भवेन मोक्षप्राप्तिः, यथाशक्तिप्रतिपालितसंयमास्त्वपरे आयुषः क्षये सौधर्मादिदेवलोकमवाप्य ततः पुण्यशेषतया कर्मभूम्यार्यक्षेत्रसुकुलोत्पत्त्यारोग्यश्रद्धासंयमादिकमवाप्य विशिष्टतरं स्वर्गमनुत्तरोपपातिकपर्यन्तमधितिष्ठन्ति, ततश्च्युता अवाप्तमनुष्यादिसंयमभावा अशेषकर्मक्षये मोक्षमुपयान्तीति भावः ॥ ३१॥

જે પ્રમાદી જીવ છે તે દ્રવ્યથી સર્વ આત્મપ્રદેશો વડે, ક્ષેત્રથી છએ દિશામાં રહેલા, કાલથી પ્રતિસમય, ભાવથી હિંસા વગેરે પૂર્વક કર્મ બાંધે છે. આથી જ તેવા જીવને આ લોક, પરલોક બન્ને સ્થળે મહાભય છે. અપ્રમત્તતા હોવાથી અને કષાયનો અભાવ છે માટે આત્મહિતમાં જાગૃત અપ્રમત્તને આલોક કે પરલોક બંનેથી ભય નથી. આ ભયના અભાવથી સંપૂર્ણ મોહનીય કર્મનો અભાવ થાય છે. અને પછી સર્વ કર્મનો ક્ષય થાય છે. તે જણાવતાં કહે છે.

**સૂત્રાર્થ :- વધતાં એવા શુભ અધ્યવસાયના એકના અભાવમાં (એક અનંતાનુબંધી ક્રોધના અભાવથી.) (અનંતા-માનાદિ) અનેકનો અભાવ થવાથી મોક્ષ મેળવે છે.**

**ભાવાર્થ :-** વધતા એવા શુભ અધ્યવસાયના એ પ્રમાણે અર્થ, આ જણાવવા વડે તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલા આગમની મર્યાદા પ્રમાણે. જે યથોક્ત ક્રિયા કરે છે. તેવો શ્રદ્ધાળુ, અપ્રમત્તયતિ, અબદ્ધાયુષ્ક, ક્ષપકશ્રેણી યોગ્ય થાય છે, બીજો નહિ. એ પ્રમાણે સૂચવાયું છે. એકનો અભાવ તે આ પ્રમાણે એક અનંતાનુબંધી ક્રોધનો અભાવ થાય છે. તેનો અભાવ ઉપશમ વડે અથવા ક્ષયથી થાય છે. અહીં અનંતાનુબંધી ક્રોધનો ક્ષયથી મોક્ષ જાણવો (થાય છે.) એ પ્રમાણે કહ્યું. 'બહુના અભાવ' એ મૂળ પદથી 'માન' આદિના ક્ષયથી બહુનો પણ અભાવ થાય છે. તેમજ જે વધતાં શુભ અધ્યવસાય વડે એક અનંતાનુબંધી ક્રોધનો ક્ષય કરે છે. તે ઘણા માનાદિ અથવા અપ્રત્યાખ્યાનાદિનો (પોતાના ભેદોનો-પ્રત્યાખ્યાનીય, સંજ્વલન) પણ ક્ષય કરે છે. અથવા તો જે એક મોહનીયને ખપાવે છે તે શેષ પ્રકૃતિનો પણ ક્ષય કરે છે. ઉપલક્ષણથી અહીં આ અર્થ વિચારવા યોગ્ય છે. જે ઘણી સ્થિતિને ખપાવે છે તે એક અનંતાનુબંધી અથવા મોહનીયને ખપાવે છે. તેમજ જેણે ૬૯ કોડાકોડી પ્રમાણ મોહનીય કર્મની સ્થિતિનો ક્ષય કર્યો છે. તેમજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય કર્મની ૨૯ ઓગણત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણની સ્થિતિનો ક્ષય કર્યો છે. વળી નામ અને ગોત્રની ઓગણીશ કોડાકોડી સાગરોપમ સ્થિતિનો ક્ષય કર્યો છે. એટલે કે જેની મોહનીય કર્મની સ્થિતિ ઘટીને દેશોન કોડાકોડી સાગરોપમની થઈ છે તે જીવ ક્ષપકશ્રેણીને યોગ્ય થાય છે, બીજો જીવ નહીં. એ જ રીતે ઉપશમશ્રેણીને આશ્રયીને પણ જે એક મોહનીયાદિ પ્રકૃતિનો ઉપશમક થાય છે. તે બહુ = અનેક પ્રકૃતિનો ઉપશમક થવાને લાયક છે. તે આ રીતે ગમતાના કારણે થયેલો જે પુત્ર-ધનઆદિનો આત્માથી ભિન્ન જે સંયોગ. જે શરીરના દુઃખાદિના કારણરૂપ અથવા ઉપાદાન કારણ છે. તેના કારણભૂત જે કર્મને-છોડીને મુમુક્ષુ આત્માઓ અનેક કોટિ ભવમાં દુર્લભ રત્નત્રયીને મેળવીને, અપ્રમત્ત સાધુઓ મોક્ષમાં જાય છે. આ અપ્રમત્ત ગુણસ્થાન મળ્યા પછી પણ યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વિ. મળે, અને લઘુકર્મી જીવ હોય તો જ તે ભવમાં જ તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. બીજા જે જીવો યથાશક્તિ સંયમનું પાલન કરે છે. તેવા જીવો આયુષ્યનો ક્ષય થાય. ત્યારે સૌધર્માદિ દેવલોકને મેળવીને ત્યાંથી ખૂબ પુણ્યથી કર્મભૂમિ, આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, આરોગ્ય, શ્રદ્ધા, સંયમ આદિ મેળવીને અત્યંત વિશેષ સ્વર્ગ, અનુત્તર સુધીનું પણ મેળવે

છે. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ, સંયમ વિ. ભાવો પામીને, સર્વકર્મનો ક્ષય કરી મોક્ષમાં જાય છે. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૩૧॥

अथ सम्यग्दर्शनादीनाह-

**तीर्थकरवचनश्रद्धालुर्धीरो न लोकैषणां कुर्यात् ॥ ३२ ॥**

**तीर्थकरेति,** तीर्थं कुर्वन्तीति तीर्थकराः, तेषां वचने श्रद्धालुरप्रकम्पितरुचिमान्-अवाप्तसम्यक्त्व इत्यर्थः, भगवान् यद्वस्तु यथैवाभिहितवान्, तद्वस्तु तथैवास्ते नापरप्रोक्तवचसामिव तद्वचो बाधितमेवं श्रद्दधान इति यावत् । तत्र तीर्थकरा अतीता अनन्ताः कालस्यानादित्वात्, अनागता अप्यनन्ताः, तत्कालस्यानन्तत्वात्, तेषाञ्च सर्वदैव भावात्, वर्त्तमानतीर्थकृतः प्रज्ञापकापेक्षयाऽनव स्थिताः, तथाप्युत्कृष्टजघन्यपदिन इत्थम्, उत्कृष्टेन समयक्षेत्रसम्भविनस्सप्तत्युत्तरं शतम्, यथा पञ्चस्वपि विदेहेषु प्रत्येकं द्वात्रिंशत्, प्रत्येकं द्वात्रिंशत्क्षेत्रात्मकत्वात्, पञ्चस्वपि भरतेषु पञ्च, एवमैरवतेष्वपि, एवं सप्तत्यधिकं शतमिति । जघन्यतश्च पञ्चसु महाविदेहेषु प्रत्येकं चत्वारस्तीर्थकरा इति विंशतिः । भरतैरावतयोस्त्वेकान्तसुषुमादावभाव एवेति । एते सर्व एव परप्रश्नावसरे सामान्यतो वा सदेवमनुजायां सभायामर्धमागधया सर्वसत्त्वभाषानुगामिन्या भाषया जीवादिसप्तपदार्थान् सम्यग्दर्शनादीनि मोक्षमार्गाणि मिथ्यात्वादीन् बन्धहेतून् सदसदनेकान्तात्मकं तत्त्वं पृथिव्यादिप्राणिगणांश्च प्ररूपयन्ति, तत्सर्वं सत्यमेवेति विहितश्रद्धानो धीरः-तथाविधसंसर्गादिनिमित्तोत्थापितमिथ्यात्वोऽपि श्रुतचारित्रात्मकं धर्ममवगम्यापरित्यक्तसम्यक्त्वो लोकैषणामिष्टेषु शब्दादिषु प्रवृत्तिमनिष्टेषु हेयबुद्धिञ्च न कुर्यात्, लोकैषणायाः सावद्यानुष्ठानप्रवृत्तिमूलत्वात् । ये चाविदितपरमार्था इन्द्रियार्थेषु प्रलीनास्ते पुनः पुनर्जन्मादिदुःखभाजो भवन्ति, तस्मादप्रमत्तः सन् निद्राविकथादिप्रमादरहितोऽक्षिनिमेषोन्मेषादावपि सदोपयुक्तः कर्मरिपुन्मूलनाय यत्नं प्रकुर्यादिति भावः । नामस्थापनाद्रव्यभावभेदेन सम्यक्त्वं चतुर्धा निक्षेप्यम्, नामस्थापने प्रसिद्धे, ज्ञशरीरभव्यशरीरभिन्नं द्रव्यसम्यक्त्वञ्चापूर्वनिर्वर्त्तितं रथादि, भग्नरथादेरवयवसंस्कारः, गुणान्तराधानाय विहितो द्रव्यसंयोगः, यत्प्रयुक्तं द्रव्यं लाभहेतुत्वादात्मनः समाधानाय भवति तद्द्रव्यं, यच्च परित्यक्तं भारादि तत्, भग्नदध्यादिभाण्डशकलानि, छिन्नमांसादिश्च यथाक्रमं कृतसंस्कृतसंयुक्तप्रयुक्तोपयुक्तपरित्यक्तभिन्नछिन्नद्रव्यसम्यगुच्यते तत्तन्मनःसमाधानहेतुत्वात् । दर्शनज्ञानचारित्रभेदाद्भावसम्यक् त्रिविधम्, दर्शनचरणे अपि प्रत्येकमौपशमिकक्षायोपशमिकक्षायिकभेदेन त्रिविधं भवति, उपशमश्रेण्यामौपशमिकं दर्शनं, सम्यक्त्वपुद्गलोपष्टम्भ-

जनिताध्यवसायः क्षायोपशमिकदर्शनम्, दर्शनमोहनीयक्षयात् क्षायिकदर्शनम् । तथोपशमश्रेण्यामौपशमिकचारित्रं कषायक्षयोपशमात् क्षायोपशमिकं चारित्रं चारित्रमोहनीयक्षयात् क्षायिकचारित्रमिति, ज्ञानन्तु क्षायोपशमिकं क्षायिकञ्चेति द्विविधम्, चतुर्विधज्ञानावरणीयक्षयोपशमान्मत्यादिचतुर्विधं क्षायोपशमिकज्ञानम्, समस्तघातिक्षयात् क्षायिकं केवलज्ञानमिति । इदं सम्यग्दर्शनमन्तरेण यमनियमाद्याचरतां स्वजनधनभोगान् परित्यजतामपि न कर्मक्षयः, अतस्तज्जिगीषुः सम्यग्दर्शने प्रयतेतेति ॥ ३२ ॥

હવે સમ્યગ્દર્શનાદિના સ્વરૂપને કહે છે.

**સૂત્રાર્થ :- તીર્થંકરના વચનમાં શ્રદ્ધાલુ અને ધીર પુરૂષોએ લોકૈષણા ન કરવી જોઈએ.**

ભાવાર્થ :- તીર્થને કરે છે તે તીર્થંકરો કહેવાય છે. તેમના વચનમાં નિશ્ચલ, રૂચિયુક્ત, શ્રદ્ધાળુ જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. એવું કહેવાય છે. ભગવાને જે વસ્તુ જે રીતે જણાવી છે તે વસ્તુ તે રીતે જ છે. પરંતુ, બીજાએ કહેલું વચન જેમ બાધિત થાય છે તેમ પરમાત્માનું વચન બાધિત થતું નથી. આવી શ્રદ્ધાયુક્ત હોય છે. તેમાં કાલનું અનાદિપણું હોવાથી અતીત (ભૂતકાળના) તીર્થંકરો અનંતા છે, હવે પછીના ભવિષ્યકાલનો પણ અંત નથી. તેથી ભાવિકાળમાં પણ અનંતા તીર્થંકરો થશે. તેથી તીર્થંકરનો સદ્ભાવ હંમેશ માટે છે. પ્રજ્ઞાપકની અપેક્ષાએ વર્તમાન તીર્થંકર અનવસ્થિત છે. તેમાં ઉત્કૃષ્ટા અને જઘન્ય તીર્થંકર આ રીતે જાણવા. અઢીદ્વીપમાં ઉત્કૃષ્ટપણે, ૧૭૦ જીનેશ્વર આ રીતે થાય છે. પાંચ મહાવિદેહમાં ૩૨ ક્ષેત્ર (વિજય) છે. તેથી તે પાંચેયમાં ૩૨ તીર્થંકર ૩૨ x ૫ = ૧૬૦ અને પાંચ ભરત અને પાંચ ઐરાવત એમ ૧૦ તેથી કુલ '૧૭૦' જિનેશ્વર ઉત્કૃષ્ટા થાય. જઘન્યથી પાંચે'ય મહાવિદેહમાં '૪' તીર્થંકર તો હોય જ. તેથી ૫ x ૪ = ૨૦ તીર્થંકર થાય છે. એકાન્તે સુષમા વિ. સમયમાં ભરત, ઐરવતમાં તીર્થંકર (સાક્ષાત્)નો અભાવ જ હોય છે. આ બધું જ કોઈક પૂછે ત્યારે અથવા સામાન્ય રીતે પણ દેવ, મનુષ્યાદિની સભામાં સર્વજીવો પોતપોતાની ભાષામાં સમજી શકે છે. તેવી ભાષાપૂર્વક, અર્ધમાગધી ભાષાથી, જીવાદિ સાતે પદાર્થો, સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગ, મિથ્યાત્વાદિ કર્મબંધનો હેતુ, સત્-અસત્ વિ. અનેક ભાંગારૂપ તત્ત્વ, પૃથ્વીકાયાદિ જીવોના સ્વરૂપની પ્રરૂપણા કરે છે. આ સર્વપ્રરૂપણા સત્ય જ છે એ પ્રમાણેની શ્રદ્ધાયુક્ત હોય તે ધીર છે. (કહેવાય છે.) આવો ધીર આત્મા સંસર્ગાદિજન્ય મિથ્યાત્વ કદાચ આવવાનો સંભવ થાય (પ્રસંગ આવી જાય) તો પણ શ્રુત, ચારિત્રરૂપ ધર્મને જાણીને સમ્યક્ત્વનો ત્યાગ નથી કરતો અને લોકૈષણા અર્થાત્ ઈષ્ટ શબ્દાદિમાં પ્રવૃત્તિ, અનિષ્ટમાં હેય બુદ્ધિ નથી કરતો. કારણ કે લોકૈષણા એ સાવદ્ય પ્રવૃત્તિમાં કારણરૂપ છે. જે જીવોએ આ પરમાર્થ જાણ્યો નથી. તેવા જીવો ઈન્દ્રિયના વિષયોમાં લીન થઈને વારંવાર દુ:ખી થાય છે. તેથી અપ્રમત્ત થઈને નિદ્રા-વિકથા આદિ પ્રમાદ રહિત થઈને આંખના પલકારા ખોલવા કે બંધ કરવામાં પણ સદા ઉપયોગવંત કર્મશત્રુને મૂળથી દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રમાણેનો

ભાવાર્થ છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એમ સમ્યક્ત્વના ચાર નિક્ષેપા છે. નામ-સ્થાપના તો પ્રસિદ્ધ જ છે. જ્ઞશરીર, દ્રવ્યશરીરથી ભિન્ન દ્રવ્ય સમ્યક્ત્વ છે. તે જણાવે છે.

**કૃતદ્રવ્ય સમ્યક્ત્વ** - નવા રથ આદિ બનાવવા સમાન કૃતદ્રવ્ય સમ્યક્ત્વ છે.

**સંસ્કારદ્રવ્ય સમ્યક્ત્વ** - ભાંગી ગયેલા રથના અવયવો સમાન સંસ્કારદ્રવ્ય સમ્યક્ત્વ છે.

**સંયુક્તદ્રવ્ય સમ્યક્ત્વ** - બીજા ગુણ પૂર્ણ કરવા માટે કરાયેલ દ્રવ્ય સંયોગ સમાન સંયુક્ત દ્રવ્ય સમ્યક્ત્વ છે.

**પ્રયુક્ત-ઉપયુક્તદ્રવ્ય સમ્યક્ત્વ** - પ્રયુક્ત કરાયેલું જે આત્માને લાભનું કારણ હોય તેવા સમાધાન માટે જે થાય તે સમાન પ્રયુક્ત-ઉપયુક્ત સમ્યક્ત્વ છે.

**પરિત્યક્તદ્રવ્ય સમ્યક્ત્વ** - છોડી દીધેલા ભાર આદિ સમાન પરિત્યક્ત સમ્યક્ત્વ છે.

**ભિન્નદ્રવ્ય સમ્યક્ત્વ** - ભાંગી ગયેલા દહીં અથવા તો વાસણના ટુકડા સમાન ભિન્નદ્રવ્ય સમ્યક્ત્વ છે.

**છિન્નદ્રવ્ય સમ્યક્ત્વ** - છેદન કરાયેલા માંસાદિ સમાન છિન્ન દ્રવ્ય સમ્યક્ત્વ છે.

તે તેના મનના સમાધાનનો હેતુ હોવાથી દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી ભાવ સમ્યક્ત્વ ત્રણ પ્રકારે છે. દર્શન અને ચારિત્ર પણ, દરેકના ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભેદ વડે ત્રણ પ્રકારે છે. ઉપશમશ્રેણીમાં ઔપશમિક દર્શન છે. સમ્યક્ત્વ પુદ્ગલની પ્રાપ્તિથી થયેલ અધ્યવસાય તે ક્ષાયોપશમિક દર્શન છે. દર્શન મોહનીયના સંપૂર્ણ ક્ષયથી ક્ષાયિક દર્શન થાય છે. તે જ રીતે ઉપશમશ્રેણીમાં ઔપશમિક ચારિત્ર છે. કષાયના ક્ષયોપશમથી ક્ષાયોપર્શમક ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ બે ભેદે છે. ચાર પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મત્યાદિ ચાર પ્રકારનું જે જ્ઞાન થાય તે ક્ષાયોપશમિક જ્ઞાન છે. સંપૂર્ણ ઘાતીકર્મના ક્ષયથી ક્ષાયિક એવું કેવલજ્ઞાન થાય છે. આ સમ્યગ્દર્શન વિના વ્રતનિયમ પાળતા સ્વજન-ધન અને ભોગોને છોડે છે છતાં કર્મક્ષય થતો નથી. આથી કર્મને જીતવાની ઈચ્છાવાળાએ સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૩૨॥

अथ शस्त्रपरिज्ञया परिज्ञातजीवाजीवपदार्थेन मुमुक्षुणा संसारमोक्षकारणे निर्णेतव्ये, सम्यक्त्वस्य सप्तपदार्थश्रद्धानरूपत्वात्, अतस्तन्निर्णयायाह–

**बन्धनिर्जरास्थानानि विज्ञाय निर्विकल्पो न प्रमाद्येत् ॥ ३३ ॥**

**बन्धेति,** कर्मबन्धस्थानानि तन्निर्जरास्थानानि च संसारमोक्षकारणानि, स्रगादीनि हि सुखकारणतया सामान्यजनैः परिगृहीतानि कर्मबन्धहेतुत्वादास्रवरूपाणि भवन्ति, तान्येवावगत-तत्त्वानां सम्परित्यक्तविषयाणां वैराग्यजनकतया कर्मनिर्जरास्थानानि भवन्ति, तथा यान्ये-

वार्हत्साधुतपश्चरणदशविधचक्रवालसामाचार्यनुष्ठानादीनि निर्जरास्थानानि, तान्येव कर्मोदयात् प्रतिरुद्धशुभाध्यवसायस्य दुर्गतिमार्गप्रवृत्तस्य जन्तोर्महाशातनावतः सातर्द्धिरसगौरवप्रवणस्य पापोपादानकारणानि भवन्ति, सर्ववस्तूनामनेकान्तात्मकत्वात् । एवञ्च यावन्ति कर्मनिर्जरार्थं संयमस्थानानि तावन्त्येव कर्मबन्धनायासंयमस्थानानि भवन्ति । तदेवमास्रवद्वारायातेन कर्मणा बन्धं तपश्चरणादिना तत्प्रमोक्षञ्च विशेषेणगमानुसारेण जानीयात्–तत्र तावज्ज्ञानस्य ज्ञानिनश्च प्रत्यनीकतया निह्नवेनान्तरायेण प्रद्वेषेणात्यन्ताशातनया विसंवादेन च ज्ञानावरणीयं कर्म बध्यते, एवं दर्शनादेरपि प्रत्यनीकादिना दर्शनावरणीयं कर्म जीवानुकम्पनतया बहूनां जीवानामदुःखोत्पादनात्सातवेदनीयं कर्म तद्वैपरीत्येनासातवेदनीयमनन्तानुबन्धिन उत्कटत्वात् तीव्रदर्शनचारित्रमोहनीयान्मोहनीयं कर्म, महापरिग्रहेण पञ्चेन्द्रियवधात् कुणिमाहारेण नरकायुष्कम्, मायावित्वेनानृतभाषणात् कूटतुलाकूटमानव्यवहारात्तिर्यगायुष्कम्, प्रकृतिविनीत–तया सानुक्रोशतयाऽमात्सर्यान्मनुष्यायुष्कम्, सरागसंयमेन देशविरत्या बालतपसाऽकामनिर्जरया देवायुष्कम्, कायमनोभाषर्जुतयाऽविसंवादनाच्छुभनाम, विपर्ययादशुभनाम, जातिकुलबलरूपतपःश्रुतलाभैश्वर्यमदाभावादुच्चैर्गोत्रम्, जात्यादिमदात् परपरिवादाच्च नीचैर्गोत्रम् दानलाभभोगोपभोगवीर्यान्तरायविधानादान्तरायिकं कर्म बध्यते, एत आश्रवाः । बाह्याभ्यन्तरभेदं तपो निर्जरा, इत्येवमादीनि भगवदागमानुसारेण विज्ञाय निर्विकल्पो यत्सर्वज्ञो ब्रवीति तदेव चतुर्दशपूर्वविदादयो वदन्ति न तु पाषण्डिकादय इव विरुद्धं वदन्ति, पाषण्डिनो हि स्वदर्शनानुरागितयाऽपरदर्शनमपवदन्तः परस्परं विवदन्ते, तत्र सांख्या आत्मानं सर्वव्यापिनं निष्क्रियं निर्गुणं चैतन्यलक्षणं पञ्चविंशतितत्त्वज्ञानान्मोक्षभाजं वदन्ति, वैशेषिकास्तु द्रव्यादिषट्पदार्थपरिज्ञानान्मोक्षं ज्ञानादिगुणसमवायिनमात्मानं परस्परनिरपेक्षसामान्यविशेषात्मकञ्च तत्त्वमङ्गीकुर्वन्ति, शाक्यास्तु परलोकयायिनमात्मानमेकं नाभ्युपयन्ति सामान्यविरहि क्षणिकं वस्तु स्वीकुर्वन्ति, मीमांसकास्तु मोक्षसर्वज्ञाभावाभ्यां व्यवस्थिताः । केचित्पृथिव्याद्येकेन्द्रियजीवानपवदन्ति, अपरे वनस्पतीनामचेतनतामाहुः, एते सर्वे वादाः परस्परविरुद्धाः प्रमाणशून्याश्च, एते सर्वे तीर्थिकाः सावद्ययोगारम्भिणो नरकादियातनास्थानेषु भूयो भूयो दुःखमनुभवन्ति, तस्माद्दुर्लभं सम्यक्त्वं चारित्रपरिणामं वा प्राप्य दृढचेतास्तदनुष्ठाने प्रमादं न कुर्यादिति ॥ ३३ ॥

હવે શસ્ત્રપરિજ્ઞા વડે જાણ્યા છે જેણે જીવ-અજીવ પદાર્થ એવા મુમુક્ષુ વડે સંસાર અને મોક્ષના કારણનો નિર્ણય કરવો જોઈએ. કારણ કે જીવાદિ સાત પદાર્થની જે શ્રદ્ધારૂપ હોવાથી તે સમ્યક્ત્વ છે. આથી તેના નિર્ણય માટે કહે છે.

**સૂત્રાર્થ :- બંધ અને નિર્જરાના સ્થાન જાણીને નિર્વિકલ્પ સાધુએ પ્રમાદ ન કરવો જોઈએ.**

**ભાવાર્થ** :- કર્મ બંધના સ્થાન સંસારના અને કર્મનિર્જરાના સ્થાન મોક્ષના કારણભૂત છે. ફૂલની માળા વિગેરે ખરેખર સુખના સાધનરૂપ સામાન્યજન વડે ગ્રહણ કરાયેલી હોય તે કર્મબંધમાં કારણભૂત હોવાથી આશ્રવરૂપે થાય છે.

તે જ ફૂલની માળાનું (આવતી કાલે કરમાઈ જશે વિ. તેના નાશનું સ્વરૂપ વિચારવાથી.) સાચું સ્વરૂપ જેણે જાણ્યું છે. તેવા છોડ્યા છે સર્વ વિષયસુખો તેવા માટે વૈરાગ્યનું કારણ અને કર્મનિર્જરાનું સ્થાન થાય છે. તેમજ જે અરિહંત પરમાત્માએ ફરમાવેલો સાધુધર્મ, તપ, ચારિત્ર, દશવિધ ચક્રવાલ સામાચારી આદિ અનુષ્ઠાન નિર્જરાના સ્થાનક છે. તે જ નિર્જરાના સ્થાનો કર્મના ઉદયને લીધે જેના શુભ અધ્યવસાય અટકી ગયા છે. દુર્ગતિના માર્ગમાં જે પ્રવૃત્તિ કરે છે, શાતાગારવ-ઋદ્ધિગારવમાં કુશળ, મહા આશાતના કરનાર પ્રાણીને પાપના મુખ્ય કારણરૂપ થાય છે. આ સર્વ જે જણાવ્યું તે સર્વ વસ્તુ તે અનેકાંતરૂપે છે. માટે ભિન્ન ભિન્ન રીતની વિચારધારા ઘટી શકે છે. આવું છે માટે જેટલા કર્મનિર્જરાના કારણરૂપ સંયમસ્થાનક છે. તેટલા જ કર્મબંધના કારણરૂપ અસંયમસ્થાનકો પણ છે. આ રીતે આશ્રવ દ્વારા આવેલા કર્મના બંધ. તપ, ચારિત્ર આદિ વડે તેનો મોક્ષ. આગમાનુસારે વિશેષ પ્રકારે જાણવો. જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે શત્રુભાવ રાખવો, છૂપાવવું. અંતરાય કરવો, દ્વેષ કરવો ઈત્યાદિ અત્યંત આશાતના કરવાથી અને અવર્ણવાદ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એ જ રીતે દર્શનાદિની પ્રત્યનીકતાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે. જીવોની દયા, ઘણા જીવોને સુખ આપવું. તેનાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. તેનાથી વિપરિત કરનારને અશાતા વેદનીય કર્મ બંધાય છે. અનંતાનુબંધી કષાયની ઉત્કટતાથી તેમજ અત્યંત દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીયના ઉદયથી મોહનીય કર્મ બંધાય છે. મહાપરિગ્રહ, પંચેન્દ્રિયનો વધ, કુણિમાહારથી નરકાયુષ્ય બંધાય છે. માયાવી થઈને ખોટું બોલવાથી, ખોટા તોલ-ખોટા માપના વ્યવહારથી તિર્યંચાયુષ્ય બંધાય છે. સ્વાભાવિક રીતે વિનયી, દયા સહિત, ઈર્ષ્યા રહિત જીવોને મનુષ્યાયુષ્ય બંધાય છે. સરાગસંયમ, દેશવિરતિ, અજ્ઞાનતપ અને અકામ નિર્જરાથી દેવાયુષ્ય બંધાય છે. મન-વચન-કાયાનાં શુભયોગથી શુભ નામકર્મ અને તેનાથી વિપરિત અશુભ હોય તો અશુભ નામકર્મ બંધાય છે. જાતિ, કુલ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્ય આદિ આઠ પ્રકારના મદ (અભિમાન) ન કરવાથી ઉચ્ચ ગોત્ર અને જાતિ આદિ આઠ મદ કરવાથી અને બીજાની નિંદા કરવાથી નીચગોત્ર બંધાય છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, અંતરાય આટલા રૂપે અંતરાયકર્મ બંધાય છે. આ સર્વ આશ્રવ કર્મબંધના કારણરૂપ છે. બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે તપ તે નિર્જરા છે. આ સઘળું સ્વરૂપ પરમાત્માના આગમને આધારે, શંકા રહિત સર્વજ્ઞ જે કહે છે તે જ ચૌદપૂર્વધર આદિ કહે છે. પરંતુ, પાખંડી આદિની જેમ વિરૂદ્ધ નથી કહેતા. પાખંડીઓ પોતાના દર્શનમાં રાગયુક્ત છે. તેથી પરદર્શનીઓની નિંદા કરતાં પરસ્પર વિવાદ કરે છે. તે પાખંડીઓમાં સાંખ્યદર્શનના અનુયાયીઓ આત્માને નિષ્ક્રિય, નિર્ગુણ,

ચૈતન્યસ્વરૂપથી યુક્ત માને છે. અને '૨૫' તત્ત્વના જ્ઞાનથી આત્માનો મોક્ષ કહે છે. વૈશેષિકો દ્રવ્યાદિ છ પદાર્થના જ્ઞાનથી મોક્ષ માને છે. તેમજ આત્માને જ્ઞાનાદિગુણથી સમવાય સંબંધયુક્ત, પરસ્પર નિરપેક્ષ સામાન્ય વિશેષ ઉભયાત્મક તત્ત્વનો અંગીકાર કરે છે.

શાક્યમતવાળા પરલોક જનાર આત્માને એક નથી માનતો પરંતુ, સામાન્ય વિરહી ક્ષણિક વસ્તુને સ્વીકારે છે. મીમાંસકો તો મોક્ષ અને સર્વજ્ઞપણું આ બેના અભાવને જ સ્વીકારે છે. કેટલાક દર્શનકારો એકેન્દ્રિયાદિ પૃથ્વી આદિ જીવોને નથી માનતા. કેટલાક દર્શનકારો વનસ્પતિમાં જીવ નથી એમ કહે છે. આ સઘળા વાદ પરસ્પર વિરૂદ્ધ તેમજ પ્રમાણ વિનાનાં છે. સાવદ્યયોગમાં પ્રવૃત્ત. આ બધા મતયુક્ત જીવો નરકાદિ પીડાના સ્થાનોમાં વારંવાર દુઃખનો અનુભવ કરે છે. તેથી, દુર્લભ સમ્યક્ત્વ, અથવા ચારિત્રનો ભાવ મેળવીને દૃઢચિત્ત વડે તેનું આચરણ કરવામાં પ્રમાદ ન કરવો જોઈએ એ પ્રમાણે ભાવાર્થ છે. ।।૩૩।।

सम्यक्त्वज्ञानविरतीनां सत्त्वेऽपि निरवद्यतपोऽनुष्ठानमन्तरेण न पूर्वोपात्तकर्मणः क्षयो भवतीत्याह–

**विदित्वा दुःखं कर्मज्ञो भावितचेतास्तपसा तनुं शोषयेत् ॥ ३४ ॥**

**विदित्वेति,** कृषिवाणिज्यादिसावद्यक्रियानुष्ठानं वाचामगोचरदुःखानुभवहेतुरिति तथा क्रोधादिना दन्दह्यमानस्य तज्जनितकर्मविपाकात् सप्तमनरकपृथिवीसम्भवशीतोष्णवेदना-कुम्भीपाकादियातनास्थानेष्वागामिनं दुःखञ्च परिज्ञया विज्ञाय निष्प्रतिकर्मशरीरः कर्मण उदयप्रकारैर्बद्धकर्मफलभूतैरागामिकर्मबन्धकारणैश्चानेकप्रकारतां परिज्ञाय, यथा मूलप्रकृतीनां त्रीण्युदयस्थानानि, अष्टविधं सप्तविधं चतुर्विधमिति, अष्टौ कर्मप्रकृतीर्यौगपद्येन वेदयतो-ऽष्टविधं तच्च कालतोऽभव्यानामनाद्यपर्यवसितम्, भव्यानान्त्वनादिपर्यवसितं सादिसपर्य-वसितञ्चेति । मोहनीयोपशमे क्षये वा सप्तविधम्, घातिक्षये चतुर्विधमिति । उत्तरप्रकृतीनाञ्च ज्ञानावरणीयान्तराययोः पञ्चप्रकारमेकमुदयस्थानम्, दर्शनावरणीयस्य द्वे, दर्शनचतुष्क-स्योदयाच्चत्वारि, अन्यतरनिद्रया सह पञ्च । वेदनीयस्य सामान्येनैकमुदयस्थानं सातमसातं वा, न द्वयोर्युगपदुदयो विरोधात् । मोहनीयस्य दश नवाष्ट सप्त षट् पञ्च चत्वारि द्वे एकञ्चेति सामान्येन नवोदयस्थानानि । नाम्नो विंशतिरेकविंशतिश्चतुर्विंशतिः पञ्चविंशतिः षड्विं-शतिस्सप्तविंशतिरष्टाविंशतिरेकोनत्रिंशत् त्रिंशदेकत्रिंशन्नवाष्टौ चेति द्वादशोदयस्थानानि । गोत्रस्यैकमेवोच्चनीचयोरन्यतत्सामान्येनोदयस्थानमिति ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यानपरिज्ञया परिहर्तुकामः संसारस्वभावैकत्वभावनया "संसार एवायमनर्थसारः कः कस्य कोऽत्र स्वजनः परो वा । सर्वे भ्रमन्तः स्वजनाः परे च भवन्ति भूत्वा न भवन्ति भूयः ॥ विचिन्त्य-

मेतद्भवताऽहमेको न मेऽस्ति कश्चित्पुरतो न पश्चात् । स्वकर्मभिर्भ्रान्तिरियं ममैव अहं पुरस्तादहमेव पश्चात् ॥ सदैकोऽहं न मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् । न तं पश्यामि यस्याहं नासौ भावीति यो मम" ॥ इत्येवं भावितमनाः कष्टतपश्चरणादिना शरीरं कृशयेत्, तपोऽग्निना हि ज्ञानदर्शनचारित्रोपयोगेन सदोपयुक्तः कर्मकाष्ठं दहतीति ॥ ३४ ॥

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર હોય છતાં પણ નિરવદ્ય તપના આચરણ વગર પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય થતો નથી. તે જણાવે છે.

**સૂત્રાર્થ :- આ રીતે કર્મબંધને દુ:ખરૂપ જાણીને, ભાવિત ચિત્તયુક્ત સાધુએ તપ વડે શરીરને સૂકાવવું જોઈએ. (દુર્બલ કરવું જોઈએ.)**

**ભાવાર્થ :-** કૃષિ વાણિજ્ય આદિ સાવદ્ય ક્રિયાના અનુષ્ઠાનથી ન કહી શકાય તેવા દુ:ખનો અનુભવ થાય છે. તે જ રીતે ક્રોધાદિથી વારંવાર બળતો, તેનાથી થતાં કર્મના વિપાકથી, સાતમી નરકમાં થતા શીત-ઉષ્ણની વેદના, કુંભીપાક વિ. દુ:ખ સ્થાનોમાં ભવિષ્યકાળમાં થનારા દુ:ખને જાણીને તથા જે ભોગવ્યા વિના છૂટકો જ નથી તેવા કર્મના ઉદયના પ્રકાર. બાંધેલા કર્મનું ફળ, ભવિષ્યમાં બંધાવાના કારણ આદિ અનેક પ્રકારને જાણીને એટલે કે મૂળ પ્રકૃતિના ત્રણ ઉદયસ્થાનો - આઠ, સાત, ચાર છે. આઠે પ્રકૃતિ એક સાથે ભોગવતા જીવને આઠે મૂલપ્રકૃતિઓનો ઉદય એકી સાથે હોય છે. આ કર્મનો ઉદય અભવ્ય જીવને અનાદિ અપર્યવસિત કાલ સુધી હોય છે. ભવ્યોને આ કર્મનો ઉદય અનાદિ અપર્યવસિત અને સાદિ અપર્યવસિત એમ બે પ્રકારે હોય છે. તે નીચે મુજબ - મોહનીય કર્મનો ઉપશમ કે ક્ષય થાય તો સાત પ્રકારે, ઘાતિકર્મ ક્ષય થતે ચાર પ્રકારે...! આ મૂળ પ્રકૃતિ કહી. હવે ઉત્તર પ્રકૃતિ જણાવે છે.

ઉત્તર પ્રકૃતિમાં જ્ઞાનાવરણીય અને અંતરાય એ બંનેનું પાંચ પ્રકારનું એક ઉદયસ્થાનક છે. દર્શનાવરણીયના બે, દર્શન ચતુષ્કનો ઉદય હોય તો ચારનું એક, અને પાંચ નિદ્રામાંથી એક સમયે એક નિદ્રાનો જ ઉદય હોઈ શકે તેથી. ૪ + ૧ = ૫નું બીજું ઉદયસ્થાનક હોય છે. વેદનીય કર્મમાં શાતા-અશાતા બંને વિરોધી છે માટે સામાન્યથી એકનો જ ઉદય હોય તેથી એક જ ઉદયસ્થાનક ઘટી શકે. મોહનીયના ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૨ અને ૧ એમ સામાન્યથી નવ ઉદયસ્થાનક હોય છે. નામકર્મના ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૯, ૮ એમ બાર ઉદયસ્થાનક છે. ગોત્ર કર્મનું ઉચ્ચ અથવા નીચ એક જ ઉદયસ્થાનક છે. આ રીતે જ્ઞપરિજ્ઞાથી જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તે કર્મબંધને છોડવાની ઈચ્છા રાખવી જોઈએ. કેમકે કર્મનો બંધ એ જ ઉદય માટે કારણરૂપ છે. સંસાર સ્વભાવ અને એકત્વભાવના વડે આ વિચારવું જોઈએ. ખરેખર આ સંસાર જ અનર્થરૂપ છે. કોણ અહીં કોનો-કયો-સ્વજન અથવા પરજન છે ? આ સંસારમાં ભમતાં સર્વ સ્વજનો પર થાય છે અને પર છે તે સ્વજન થાય છે. હું એકલો છું કોઈ મારી આગળ નથી અને કોઈ મારી પાછળ નથી એમ વિચારીને પોતાના કર્મથી (મારું-

તારું આવી) ભ્રાન્તિ થાય છે. હું જ મારી આગળ અને હું જ મારી પાછળ છું...! હંમેશાં હું એકલો જ છું. મારું કોઈ નથી. હું કોઈનો નથી. હું તેને નથી જોઈ શકતો. જેનો હું છું અને આ મારો થશે. એમ તે સામો વ્યક્તિ પણ જોઈ કે જાણી શકતો નથી.

આ રીતે મનને ભાવિત કરીને કષ્ટકારી તપશ્ચર્યા તથા ચારિત્ર પાલનાદિ વડે શરીરને કૃશ કરવું જોઈએ. તપરૂપી અગ્નિ વડે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં હંમેશા ઉપયોગથી સદા કર્મરૂપી કાષ્ઠને બાળે છે. ॥૩૪॥

सत्संयमस्याविकलं तपो नान्यस्येत्यभिप्रायेणाह–

**अप्रमत्तोऽविकृष्टादिना तनुं कर्म वा धुन्वीत ॥ ३५ ॥**

**अप्रमत्त इति,** पापोपादानभूतं धनधान्यादिकं हिंसाद्यास्रवद्वारं वा बाह्यं रागद्वेषात्मकं विषयपिपासारूपं वाऽऽन्तरं च कर्मस्रोतो दूरीकृत्य कर्मक्षपणायासंयमपरित्यागयत एव संयमी प्रथमप्रव्रज्यावसरेऽविकृष्टेन तपसा तत अधीतागमः परिणतार्थसद्भावो विकृष्टतपसा ततश्चाध्यापितविनेयव्रजः सङ्क्रामितार्थसारो मासार्धमासक्षपणादिभिस्तनुं धुन्वीत, दर्पकारि-मांसशोणितमेदःप्रभृतीनां ह्रासं विदध्यात्, अथवा कर्म धुन्वीत, अपूर्वकरणादिकेषु सम्यग्दृष्ट्यादिकेषु गुणस्थानकेषु, उपशमश्रेण्यां क्षपकश्रेण्यां शैलेश्यवस्थायां वा क्रमतः कर्म कृशीकुर्यात् । न हीदं मिथ्यात्वाविरतिप्रमादकषाययोगिनौ रागद्वेषमोहाभिभूतान्तःकरणस्य धनधान्यादिसंयोगानुवृत्तस्यानवगतमोक्षोपायस्य कदापि सम्यक्त्वे सम्भवति, यस्य हि पूर्वं भविष्यति वा बोधिलाभस्तस्यैव वर्त्तमानकालेऽपि भवति, आस्वादितसम्यक्त्वस्य कदाचिन्मिथ्यात्वोदयात् प्रच्युतौ ततोऽपार्धपुद्गलपरावर्त्तेनापि कालेनावश्यं तत्सद्भावात्, प्रच्युतसम्यक्त्वस्य पुनरसंभवासम्भवादिति ॥ ३५ ॥

શુદ્ધ સંયમનું તપ જ સફળ છે. બીજાનું નહીં એ અભિપ્રાયથી કહે છે.

**સૂત્રાર્થ :- અપ્રમત્તતાથી અવિકૃષ્ટ તપ વડે શરીર અથવા કર્મને પતલા (ઓછા) કરવા જોઈએ.**

**ભાવાર્થ :-** પાપના કારણભૂત ધનધાન્યાદિક અથવા હિંસાદિ આશ્રવ દ્વારને અને રાગ-દ્વેષરૂપ અથવા તો વિષયની અભિલાષારૂપ આંતરિક કર્મસ્રોતને દૂર કરીને કર્મ ક્ષય માટે અસંયમભાવને છોડનારો હોવાથી જ તે સંયમી દીક્ષા લેતી વખતે જ અવિકૃષ્ટ તપથી (અવિકૃષ્ટ તપ વડે.) (શક્તિ નહીં છતાં ખેંચીને તપ કરવાથી.) ત્યાર પછી આગમને ભણવા દ્વારા સત્ય અર્થને જાણીને વિકૃષ્ટ તપ વડે (ઉત્કૃષ્ટ તપ વડે) ત્યાર પછી શિષ્ય વર્ગને અર્થનો સાર સમજાવીને માસક્ષમણ, પાસક્ષમણ વિ. વડે શરીરને ધુણાવે (તપાવે.) અર્થાત્ અભિમાન કરનારા લોહી, માંસ, મેદ

વિ.નો ક્ષય કરવો જોઈએ. અથવા તો કર્મને તપાવવા જોઈએ. (धुन्वीत) અપૂર્વકરણાદિમાં, સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકમાં ઉપશમશ્રેણીમાં, ક્ષપકશ્રેણીમાં, અથવા તો શૈલેશી અવસ્થામાં ક્રમપૂર્વક કર્મને કૃશ (ઓછા) કરવા જોઈએ.

આ સમ્યક્ત્વ ખરેખર મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગવાળાને, રાગ-દ્વેષ-મોહથી પરાજીત મનવાળાને ધન-ધાન્ય આદિ સંયોગમાં રહેલાને જેણે મોક્ષનો ઉપાય જાણ્યો નથી એવાને સંભવિત થતું નથી...!

જેને (જે જીવને) પહેલાં સમ્યક્ત્વ હોય અથવા તો ભવિષ્યમાં બોધલાભ થવાનો હોય તેને જ વર્તમાનકાળમાં પણ સમ્યક્ત્વ હોય છે. જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવા જીવને કદાચ મિથ્યાત્વનો ઉદય થાય તો પણ અર્ધપુદ્ગલ પરાવર્તનકાલ સુધીમાં નક્કી તે સમ્યક્ત્વ પાછું મેળવે છે. સમ્યક્ત્વથી પડેલા જીવને ફરીથી સમ્યક્ત્વની અપ્રાપ્તિનો અસંભવ હોવાથી એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૩૫॥

इत्थं सम्यक्त्वं ज्ञानञ्च प्रतिपाद्य तदुभयस्य चारित्रफलत्वाच्चारित्रस्य प्रधानमोक्षाङ्गत्वाच्च लोके सारभूतत्वमिति प्रदर्शनाय प्रथमं मुनित्वाभावनिदानमाह–

**असारज्ञोऽर्थादपि प्राणिघो विषय्येकचर्यो वा न धर्मज्ञः ॥ ३६ ॥**

**असारज्ञ इति,** संसारोऽयमसारो जीवितमपि कुशाग्रे जलबिन्दुरिव क्षणसम्भावितस्थितिकमिति लोकस्य सारो धर्मस्स च ज्ञानसारो ज्ञानं संयमसारं संयमस्यापि निर्वाणं सारभूतमिति च यो न जानाति स कामादीनां दुस्त्यजत्वाद्विषयाभिलाषुकतया अर्थात्–धर्मार्थकामलक्षणं प्रयोजनमुत्प्रेक्ष्य प्राणिघः षड्जीवनिकायान् दण्डकशाताडनादिभिर्घातयति, धर्मबुद्ध्या हि शौचार्थं पृथ्वीकायं समारभते अर्थार्थं कृषिवाणिज्यादि करोति, कामार्थमाभरणादि, अपिशब्दादनर्थात्–प्रयोजनमनुद्दिश्यैव स्वभावेन मृगयाद्याः प्राण्युपघातकारिणीः क्रियाः करोति क्षये चायुषो मृत्वा पुनर्जायते पुनर्म्रियत इत्येवं संसारोदन्वति मज्जनोन्मज्जनान्न मुच्यते । यस्तु मोहाभावाद्विशिष्टज्ञानोत्पत्त्या मिथ्यात्वकषायविषयाभिलाषरहितो भवति स न चतुर्गतिकं संसारं पुनः पुनरुपैति, न च मोहोऽज्ञानं मोहनीयं वा तस्य चाभावो विशिष्टज्ञानोत्पत्त्या, विशिष्टज्ञानोत्पत्तिरपि मोहाभावादितीतरेतराश्रयप्रसङ्गेन कथं विशिष्टज्ञानोत्पत्त्या कर्मशमनार्थं प्रवृत्तिर्भवेदिति वाच्यम् संशयो हि द्विविधोऽर्थसंशयोऽनर्थसंशयश्चेति, तत्रार्थो मोक्षो मोक्षोपायश्च, मोक्षे तु तावन्न संशयः, मोक्षोपाये च संशयेऽपि प्रवृत्तिर्भवत्येव अर्थसंशयस्य प्रवृत्त्यङ्गत्वात् । अनर्थोऽपि संसारस्तत्कारणञ्च तत्र सन्देहेऽपि निवृत्तिः स्यादेव, अनर्थसंशयस्य निवृत्त्यङ्गत्वात् । यश्च सन्देहं जानाति तस्य च हेयोपादेयप्रवृत्तिः संसार-

परिज्ञानञ्च भवति, अन्यथा तस्य संसारपरिज्ञानकार्यविरत्यनुपलम्भः स्यात्, योऽपि संसारार्णवतीरं प्राप्य सम्यक्त्वं लब्ध्वाऽपि मोक्षैकहेतुं विरतिपरिणामं सफलतामनीत्वा विषयी सन् रमते प्रव्रज्यामभ्युपेत्याप्यप्रशस्तामेकचर्यामासेवते स इन्द्रियानुकूलवर्त्ती तीर्थिको वा गृहस्थो वा कषाय्यास्रवसक्तो न श्रुतचारित्राख्यधर्मवेदी न रागद्वेषविरतः साधुरुच्यते, तत्रैकचर्या-एकाकिनश्चरणम्, प्रशस्तेतरभेदेन द्विविधा सा, प्रत्येकं द्रव्यभावभेदतो द्वेधा, द्रव्यतोऽप्रशस्ता गृहस्थपाषण्डिकादेर्विषयकषायनिमित्तमेकाकिनो विहरणम् भावतस्त्वप्रशस्ता न विद्यते रागद्वेषविरहप्रयुक्ताया भावत एकचर्याया अप्रशस्तत्वासम्भवात् । प्रशस्ता तु द्रव्यतः प्रतिमाप्रतिपन्नस्य गच्छनिर्गतस्य स्थविरकल्पिकस्य चैकाकिनः सङ्घादिकार्यनिमित्तान्निर्गतस्य, भावतस्तु रागद्वेषविरहाद्भवति, द्रव्यतो भावतश्चैकचर्याऽनुत्पन्नज्ञानानां तीर्थकृतां प्रतिपन्नसंयमानाम्, अन्ये तु चतुर्भङ्गपतिताः । सारस्य चतुर्विधनिक्षेपेषु भावसारः प्रधानतया सिद्धिः तत्साधनानि ज्ञानदर्शनचारित्रतपांसि, तस्मात् किमेतन्मदारब्धमनुष्ठानं निष्फलं सफलं वेति संदेहनिमित्तमर्हत्प्रोक्तातिसूक्ष्मातीन्द्रियविषयसंशयं विहायानन्यचेतसा परमसारं ज्ञानादिकं ग्राह्यमिति ॥ ३६ ॥

આ રીતે સમ્યક્ત્વ અને જ્ઞાનને બતાવીને તે બંનેનું ફળ ચારિત્ર છે. અને તે ચારિત્ર મોક્ષનું મુખ્ય અંગ છે. તે બતાવવા માટે પ્રથમ સાધુપણાના અભાવનું કારણ કહે છે.

**સૂત્રાર્થ** :- સંસારની અસારતા જાણનારો મુનિ કારણ હોય કે ન હોય છતાં પ્રાણિઓની હિંસા કરનાર, વિષયમાં આસક્ત થાય અથવા એકલો વિચરે તેવો મુનિ ધર્મને જાણનાર નથી.

**ભાવાર્થ** :- આ સંસાર અસાર છે જીવન પણ ઘાસના તણખલાના અગ્રભાગ ઉપર રહેલ પાણીના બિંદુની જેમ ક્ષણમાત્ર રહી શકે તેવું અસાર છે. આ લોકમાં સારભૂત ધર્મ છે. ધર્મનો સાર જ્ઞાન, જ્ઞાનનો સાર સંયમ અને સંયમનો સાર મોક્ષ છે. એ પ્રમાણે જે જીવ જાણતો નથી. તે જીવ દુઃખે કરીને ત્યજી શકાય એવા કામાદિ વિષય અભિલાષુકપણાથી અર્થાત્ ધર્મ-અર્થ-કામના લક્ષણરૂપ પ્રયોજનને જોઈને (ઉપેક્ષા કરીને) પ્રાણીની હિંસા કરતો તે જીવ ષડ્જીવનિકાયને (પ્રાણીઓના સમૂહરૂપ ષડ્જીવનિકાયને) દંડ, દોરી આદિ વડે મારે છે. ધર્મબુદ્ધિ વડે પવિત્રતા માટે પૃથ્વીકાયનો સમારંભ કરે છે. ધનને માટે ખેતીવાડી વિ. કરે છે. કામ માટે ઘરેણા વિ. કરે છે.

અહીં अपि શબ્દથી અનર્થથી (એ પ્રમાણે છે.) કોઈપણ પ્રયોજન વિના સ્વભાવથી શિકારાદિ પ્રાણીઓની હિંસા કરવાની ક્રિયા કરે છે. અને આયુષ્ય ક્ષયે છતે ફરીથી જન્મે છે. અને મરે છે. આ રીતે સંસારરૂપી સાગરમાં ડૂબવું-ઉંચે આવવું, એનાથી તે મૂકાતો નથી. (છૂટતો નથી.) જે જીવ મોહના અભાવથી વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ વડે મિથ્યાત્વ, કષાય, વિષય અભિલાષા રહિત થાય છે તે ચતુર્ગતિરૂપ સંસારમાં ફરી ફરીને (વારંવાર) ઉત્પન્ન થતો નથી.

**શંકા** - મોહ એ અજ્ઞાન છે. અને તે જ મોહનીયકર્મ છે. આ મોહનીય કર્મનો અભાવ વિશિષ્ટ જ્ઞાનોત્પત્તિ વડે થાય છે. વિશિષ્ટ જ્ઞાનોત્પત્તિ પણ મોહના અભાવથી થાય છે. આ પ્રમાણે અન્યોન્યાશ્રય દોષ આવશે. (એક બીજાને પરસ્પર સાપેક્ષ હોવાથી.) આથી વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિથી કર્મના શમન માટે પ્રવૃત્તિ થાય છે. એવું કેવી રીતે કહી શકાય ?

**સમાધાન** - ખરેખર તો સંશય બે ભેદે છે. (૧) અર્થ સંશય (૨) અનર્થ સંશય...! તેમાં અર્થ સંશય એટલે મોક્ષ અને મોક્ષનો ઉપાય. આ સંશયમાં મોક્ષનો સંશય તો નથી જ, મોક્ષના ઉપાયમાં શંકા હોય તો પણ પ્રવૃત્તિ થાય જ છે. કારણ કે અર્થનો સંશય હોય તો પ્રવૃત્તિમાં કારણ થઈ શકે છે. અનર્થ સંશય પણ સંસાર અને તેના કારણરૂપ છે તેમાં શંકા હોય તો નિવૃત્તિ થાય જ છે. કારણ કે અનર્થ સંશય = કારણ વગરનો સંશય નિવૃત્તિના કારણરૂપ છે.

જે જીવ સંદેહ રાખે છે તેને હેયોપાદેય પ્રવૃત્તિ અને સંસારનું જ્ઞાન હોય છે. નહીંતર તેને સંસારમાં જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જે જીવ સંસારરૂપી સમુદ્રના પારને પામીને સમ્યક્ત્વ મળ્યા પછી પણ મોક્ષનાં જ એક કારણભૂત વિરતિના પરિણામને સફળ નહીં કરતો વિષયી થઈને રમણ કરે છે. દીક્ષા લઈને પણ અપ્રશસ્ત જીવનચર્યા સેવે છે. તે ઈન્દ્રિયની અનુકૂળતા ચાહતો દીક્ષિત હોય કે ગૃહસ્થ છતાં પણ કષાયયુક્ત, આસ્રવયુક્ત, જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મને નહીં જાણતો, રાગ-દ્વેષથી નહીં અટકેલો, સાધુ કહેવાતો નથી.

અહીં એકચર્યા એટલે કે એકાકી વિહાર કરવો. તે પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે ભેદે છે. તેમાં દ્રવ્યથી અપ્રશસ્ત ગૃહસ્થ, પાખંડી વિ.નું વિષય-કષાયના નિમિત્તે એકલા વિચરવું.

ભાવથી અપ્રશસ્ત-રાગ દ્વેષથી રહિતપણું છે. તે ભાવથી એકલા વિચરવું. તેમાં અપ્રશસ્તપણાનો અસંભવ છે. દ્રવ્યથી પ્રશસ્ત એકચર્યા-ગચ્છમાંથી-સંઘાદિના કોઈક કાર્ય પ્રસંગે એકલો નીકળે છે. સ્થવિરકલ્પી સાધુ છે. ભાવથી રાગ-દ્વેષ રહિત એકાકી સાધુ છે. દ્રવ્યથી અને ભાવથી તીર્થંકર પરમાત્માને જ્યાં સુધી કેવલજ્ઞાન થતું નથી ત્યાં સુધીનું જે ચારિત્ર છે તે એકચર્યા સમજવી.

બીજા જીવો ઉપર મુજબ ચતુર્ભંગીવાળા સમજવા.

સાર શબ્દનો ચાર પ્રકારે નિક્ષેપ છે. તેમાં ભાવસાર એટલે મોક્ષ અને તેના કારણરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ છે.

આવા કારણસર મારૂં આ કરેલું અનુષ્ઠાન નિષ્ફળ છે કે સફળ ? આવા અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા અતિસૂક્ષ્મ ઈન્દ્રિયથી ન જાણી શકાય. (અતીન્દ્રિય) છતાં પણ શંકા છોડીને અનન્ય ચિત્તે પરમ સારભૂત જ્ઞાનાદિકને ગ્રહણ કરવું જોઈએ. ॥૩૬॥

अथ मुनिभावहेतुमाह-

**अनारम्भस्सन्धिज्ञस्सहिष्णुरपरिग्रहस्तपसा संयमं पालयेत् ॥ ३७ ॥**

**अनारम्भ इति,** न विद्यते आरम्भो यस्य सोऽनारम्भः, यतयो हि निखिलारम्भनिवृत्ताः, सावद्यानुष्ठानप्रवृत्तेषु गृहस्थेषु साधवो देहसाधनार्थमनवद्यारम्भजीविनो निर्लेपा एव पङ्काधारपङ्कजवत् । एवम्भूतो यतिरार्यक्षेत्रसुकुलोत्पत्तीन्द्रियनिर्वृत्तिश्रद्धासंवेगलक्षणं मिथ्यात्वक्षयानुदयलक्षणं वा सम्यक्त्वावाप्तिहेतुकर्मविवरलक्षणं वा शुभाध्यवसायसन्धानलक्षणं वा सन्धिं स्वात्मनि व्यवस्थापितमभिसन्धाय क्षणमपि प्रमादमकुर्वन् पापारम्भाद्विरतः परिहृतमृषावादः परस्वमगृह्णन् यथा गृहीतप्रतिज्ञानिर्वहणायोद्यतः परीषहोपसर्गकृतशीतोष्णादिदुःखस्पर्शैरनाकुलः संसारासारभावनादिभिस्तथाऽसातवेदनीयविपाकजं दुःखं मयैव सोढव्यं पश्चादप्येतन्मयैव सहनीयं न हि संसारोदरे तादृशः कोऽपि विद्यते यस्यासातवेदनीयविपाकापादितरोगातङ्कादयो न भवेयुः, केवलिनोऽपि मोहनीयादिघातिचतुष्टयक्षयादुत्पन्नज्ञानस्य वेदनीयसद्भावेन तदुदयाद्रोगादिसम्भवात्, यतश्च तीर्थकरैरप्येतद्बद्धस्पृष्टनिधत्तनिकाचनावस्थायातं कर्मावश्यं वेद्यम्, अन्यथा तन्मोक्षासम्भवादित्यादिविचारणया तथा शरीरमिदमौदारिकं सुचिरमप्यौषधाद्युपबृंहितं निःसारतरं सर्वथा सदा विशरारु मृन्मयघटादपि, सुपोषितमपि च वेदनोदये शिरउदरचक्षुःप्रभृत्यवयवाः स्वत एव विनश्यन्ति, अतोऽस्योपरि कोऽनुबन्धः का वा मूर्च्छा, नास्य कुशलानुष्ठानव्यतिरेकेण सार्थक्यमिति भावयन्ननाकुलमतिरसंयतलोकवित्तादिकं धनधान्यादिरूपं मूल्यतः प्रमाणतोऽणु वा महद्वा परिग्रहो महते भयायेति परिज्ञया विज्ञाय परिहर्त्ता यः स एव मुनिः, तस्मिन्नेव परमार्थतो ब्रह्मचर्यं नवविधब्रह्मचर्यगुप्तिसद्भावात्, तस्माद्यावज्जीवं परिग्रहाभावाद्यत् क्षुत्पिपासादिकमागच्छति तन्मोक्षैकदृष्टिरुपेक्ष्य विविधतपोऽनुष्ठानविधिना संयमं परिपालयेदिति ॥ ३७ ॥

હવે મુનિપણાના કારણને કહે છે.

**સૂત્રાર્થ :- આરંભરહિત, શુભ અધ્યવસાયની આત્મામાં સ્થાપનારૂપ સંધિને જાણનાર, સહિષ્ણુ, અપરિગ્રહી એવા મુનિએ તપ વડે સંયમ પાળવું જોઈએ.**

**ભાવાર્થ** :- જેને આરંભ નથી તે અનારંભ કહેવાય છે. સાધુઓ ખરેખર સર્વ આરંભથી વિરામ પામેલા છે. સાવદ્ય ક્રિયામાં પ્રવૃત્ત એવા ગૃહસ્થ કરતાં દેહની રક્ષા માટે અનવદ્ય એવા આરંભથી જીવતાં કાદવ જ જેનો આધાર છે. છતાં તેમાં જેમ કાદવ લેપાતું નથી. તેમ મુનિઓ નિર્લેપ થઈને જ રહે છે.

આવા પ્રકારનો મુનિ-આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, ઈન્દ્રિયના વિષયથી નિર્વૃત્તિ, શ્રદ્ધા અને સંવેગરૂપ અથવા તો મિથ્યાત્વના ક્ષયથી મિથ્યાત્વના અનુદયરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણ મિથ્યાત્વ, કર્મના અભાવરૂપ અથવા તો શુભ અધ્યવસાયના જોડાણરૂપ સંધિને પોતાના આત્મામાં સારી રીતે સ્થાપન કરીને, એક ક્ષણનો પણ પ્રમાદ કર્યા વિના, પાપારંભથી અટકેલો, મૃષાવાદને છોડીને, અદત્તાદાન ગ્રહણ નહીં કરતો. જેવી રીતે પ્રતિજ્ઞા (મહાવ્રત) લીધા છે તેવી જ રીતે પાળવામાં તત્પર, પરિષહ, ઉપસર્ગ, શીત, ઉષ્ણ આદિ દુ:ખકારી સ્પર્શ વડે આકુળતા રહિત, સંસારઅસાર છે વિ. ભાવના વડે અશાતા વેદનીય કર્મ હમણાં મારા વડે સહન કરાવું જોઈએ (મારે સહન કરવું જોઈએ.) અને પછી પણ સહન કરવું પડશે. ખરેખર ! સંસારની અંદર એવું કોઈ નથી જેને અશાતા વેદનીયના વિપાકથી પ્રાપ્ત થયેલા રોગ-પીડા ન હોય ! કેવલિને પણ મોહનીય આદિ ઘાતીકર્મના ક્ષયથી (ઘાતીચતુષ્ટયના ક્ષયથી) ઉત્પન્ન કેવલજ્ઞાનની વિદ્યમાનતા છતાં વેદનીયનો સદ્ભાવ હોવાથી તેના ઉદયથી રોગ આદિનો સંભવ છે. આ કારણથી તિર્થંકરોને પણ બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત (નિકાચના વડે)થી ઉદયમાં આવેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે. આ કર્મ ભોગવાય નહીં તો તેનાથી મુક્તિ થતી નથી. ઈત્યાદિ વિચારણા વડે તેમજ આ ઔદારિક શરીર લાંબાકાળ સુધી દવા વિગેરે વડે સંસ્કારિત કરાયેલું હોય તો પણ, અત્યંત સાર રહિત, સર્વ રીતે, હંમેશાં, માટીના ઘડા કરતાં પણ નાશવંત સ્વભાવવાળું છે. સારી રીતે પુષ્ટ કરેલું પણ આ શરીર જ્યારે વેદનાનો ઉદય થાય ત્યારે માથું, પેટ, આંખ વિ. અવયવો સ્વતઃ જ (સ્વયં જ) નાશ પામે છે. આ કારણથી આ શરીર પર રાગ કોણ કરે ? અને મૂર્ચ્છા કેવી ? (કોણ કરે.) સારી ક્રિયા વિના આ શરીરની સાર્થકતા નથી. એ પ્રમાણે ભાવના કરતો. આકુળતા રહિત બુદ્ધિવાળો, અસંયત એવા લોક સંબંધિ જે ધન-ધાન્યરૂપ વિત્તાદિ છે તે મૂલ્યથી કે પ્રમાણથી ઓછો કે વધારે પરિગ્રહ મોટા ભય માટે થાય છે એ પ્રમાણે પરિજ્ઞા વડે જાણીને તેનો ત્યાગ કરનાર જે છે તે જ મુનિ છે અને પરમાર્થથી તેમાં જ નવબ્રહ્મચર્યની ગુપ્તિનો સદ્ભાવ હોવાથી તેનાથી જાવજ્જીવ પરિગ્રહના અભાવ થવાથી ક્ષુધા, પિપાસા (ભૂખ-તરસ) આદિ આવે છે તો જેની મોક્ષ તરફ જ નજર છે તેવા મુનિઓ તેને ગણકાર્યા વિના વિવિધ તપ-અનુષ્ઠાન વિધિપૂર્વક સંયમનું પાલન કરવું જોઈએ એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૩૭॥

अथाष्टविधकर्मक्षपयितारमाह–

**उत्थितानिपाती सुशीलो दुर्लभं शरीरादिमाप्य कर्म परिहरेत् ॥ ३८ ॥**

**उत्थितानिपातीति,** पूर्वं संयमानुष्ठानेनोत्थितः पश्चात् कर्मपरिणतिवैचित्र्येण निपाती निपतनशीलो नन्दिषेणवत्, गोष्ठामाहिलवदिति उत्थितनिपाती, यश्च नैवं-उत्थितः सन् प्रवर्धमानपरिणामो न निपाती सिंहतया निष्क्रान्तः सिंहतया विहारी च गणधरादिवत्स उत्थितानिपाती, अनुत्थितः सन् निपतनशीलश्च न सम्भवति, निपतनस्योत्थानाभावेऽसम्भवात्,

ये तु सम्यग्विरतिविरहिणो गृहस्थाश्शाक्यादयो वा ते न पूर्वोत्थायिनो न वा पश्चान्निपातिनः, उत्थानस्यैवाभावादिति चतुर्विधं भङ्गं भगवदुक्तं विदित्वा तदाज्ञानुसरणशीलः सदसद्विवेकी सदा गुर्वाज्ञापरिपालकः सदाचारानुष्ठाय्यष्टादशसहस्रसंख्यं शीलं संयमं वा विज्ञाय तदनुवर्त्यक्षिनिमेषकालमात्रमपि प्रमादेन विरहितो गम्भीरसंसारार्णवपतितस्य भवकोटिसहस्रेष्वपि दुष्प्रापं भावयुद्धार्हमौदारिकशरीरं तत्रापि मनुजत्वादिकं लब्ध्वा प्राप्य च मोक्षैकगमनहेतुं भगवदुक्तं धर्मं पूर्वोदितहेतुभिर्बद्धं कर्म तदुपादानं च सर्वतः परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया सर्वतः परिहरेत्, भावयुद्धार्हं हि शरीरं लब्ध्वा कश्चित्तेनैव भवेनाशेषकर्मक्षयं विधत्ते मरुदेवीस्वामिनीव, कश्चित्सप्तभिरष्टाभिर्वा भवैर्भरतवत्, कश्चिदपार्धपुद्गलपरावर्त्तेन घोरार्हत्तच्छासनाशातनकृन्नरवत् । यस्तु कर्मोदयवशात् तथाविधं शरीरं धर्मं प्राप्यापि च्युतो हिंसानृतस्तेयादौ प्रवृत्तो गर्भादियातनास्थानेषु पुनः पुनर्गच्छति, तस्मात्पापोपादानप्रवृत्तमात्मानं संयम्य निर्ममत्वो निर्विण्णो भवेदिति ॥ ३८ ॥

હવે આઠે પ્રકારના કર્મ ખપાવનાર (મુનિનું) સ્વરૂપ કહે છે.

**સૂત્રાર્થ :- સંયમના અનુષ્ઠાન માટે (સાધના માટે) ઉઠેલો (ઉભો થયેલો-નીકળેલો) પતિત નહીં થયેલો, સુશીલ મુનિએ દુર્લભ એવા શરીરાદિ પામીને કર્મને દૂર કરવા જોઈએ.**

**ભાવાર્થ :-** જે પહેલાં સંયમ અનુષ્ઠાનમાં ઉપર ચડેલો અને પાછળથી કર્મ પરિણતિની વિચિત્રતાથી પતન પામેલો, પડવાના સ્વભાવવાળો તે નંદિષેણની જેમ અથવા ગોષ્ઠામાહિલની જેમ ઉત્થિતનિપાતી છે. અને જે એવો નથી. તે ઊંચે ચડેલો છતાં વધતા પરિણામવાળો પડેલો નથી. સિંહની જેમ નીકળેલો અને સિંહની જેમ વિચરતો (પાળતો) હોય તો ગણધર આદિની જેમ ઉત્થિતાનિપાતી (ઉત્થિત અનિપાતી), સંયમ અનુષ્ઠાનમાં ઉપર નહીં ચડેલો છતો પડવાના સ્વભાવવાળો તેવો સંભવતો નથી. ઉત્થાનના અભાવમાં નિપતનનો અસંભ હોવાથી અનુત્થિત નિપાતી ભાંગો સંભવતો નથી. અને જે સમ્યગ્ચારિત્ર રહિત ગૃહસ્થો અથવા શાક્યાદિ છે તેઓ પૂર્વે ચડેલા નથી. અને પાછળથી પતન નથી પામવાના. ઉત્થાનનો જ અભાવ હોવાથી આ પ્રમાણે ચાર પ્રકારના ભગવંતે કહેલા ભાંગાને જાણીને તેમની આજ્ઞાનુસાર વર્તવાના સ્વભાવવાળો, સદ્-અસદ્ના વિવેકવાળો, હંમેશાં ગુર્વાજ્ઞાનું પાલન કરનાર, સદાચારનું પાલન કરનાર, અઢાર હજાર શીલાંગરથને અથવા સંયમને જાણીને તેમાં વર્તતો આંખના પલકારાના કાળ માત્રમાં પણ પ્રમાદ નહીં કરનારો, અતિ ઊંડા સંસારરૂપ સમુદ્રમાં પડેલાને અબજો ભવોમાં પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવું, ભાવયુદ્ધ માટે યોગ્ય ઔદારિકશરીરને, તેમાં પણ મનુષ્યપણું આદિ પામીને અને મોક્ષમાં એક કારણરૂપ ભગવંતે કહેલા ધર્મને મેળવીને પૂર્વે કહેલા કર્મના હેતુ વડે બંધને અને તેના કારણને સર્વ પ્રકારે જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞા વડે સર્વ પ્રકારે છોડવું જોઈએ.

(ત્યાગ કરે.) ખરેખર ભાવયુદ્ધને યોગ્ય શરીરને મેળવીને કોઈક મરૂદેવી માતાની જેમ તેના વડે જ (તે જ.) ભવ વડે બાકીના કર્મક્ષયને કરે છે. (તેજ ભવમાં કર્મક્ષય કરે છે.) કોઈક ભરતની જેમ સાત / આઠ ભવમાં કર્મ નાશ કરે છે. કોઈક અરિહંત પરમાત્માના શાસનની ભયંકર આશાતના કરનાર મનુષ્યની જેમ અર્ધપુદ્ગલપરાવર્ત વડે (કાળે) મોક્ષે જાય છે. વળી કર્મના ઉદયથી તેવા પ્રકારના શરીર અને ધર્મને મેળવીને પછી તેનાથી પતિત થયેલો ગર્ભ વિ. પીડાકારક સ્થાનોમાં વારંવાર જાય છે. આવા કારણોથી (તેથી.) પાપના કારણોમાં પ્રવૃત્ત આત્માને કાબૂમાં રાખી નિર્મમત્વ અને નિર્વેદયુક્ત થવું જોઈએ. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૩૮॥

अथैकचरस्य मुनित्वाभावे कारणमाह–

**अव्यक्तस्य नैकचर्या संयमात्मविराधनाप्रसङ्गात् ॥ ३९ ॥**

**अव्यक्तस्येति,** अव्यक्तता हि श्रुतेन वयसा च, श्रुताव्यक्तता गच्छगतानां तन्निर्गतानाञ्च, तत्र गच्छगतः श्रुताव्यक्तोऽर्थतोऽनवगताचारप्रकल्पः, तन्निर्गतश्च नवमपूर्वतृतीयवस्तु येनानधिगतं सः । वयसा चाव्यक्तो गच्छगतानामाषोडशवर्षम्, तन्निर्गतानां तु त्रिंशतः प्राक्, एवञ्च यश्श्रुतवयोभ्यामव्यक्तस्तस्यैकचर्या न कल्पते, संयमात्मविराधनाप्रसङ्गात् । यश्च श्रुतेनाव्यक्तो वयसा च व्यक्तस्तस्याप्येकचर्या न कल्पते, अगीतार्थत्वेनोभयविराधनासद्भावात्, श्रुतेन व्यक्तस्य वयसा चाव्यक्तस्यापि नैकचर्या, बालतया सर्वपरिभवास्पदत्वात् । यत्सूभयव्यक्तः स सति कारणे प्रतिमामेकाकिविहारित्वमभ्युद्यतविहारं वा प्रतिपद्यते, कारणाभावेऽस्याप्येकचर्या नानुमता, तस्यां गुप्तीर्यादिविषयानेकदोषसम्भवात्, एकाकिन ईर्यापथशोधनप्रवृत्तस्य श्वाद्युपयोगाभावात्तत्र चोपयुक्तस्येर्यापथशोधनप्रवृत्त्यनुपपत्तेः, एवं समित्यादावपि भाव्यम्, तथाऽजीर्णवातादिव्याध्युत्पत्तौ संयमात्मविराधनायाः प्रवचनहीलनायाश्च प्रसङ्गः, तदा गृहस्थैः प्रतिजागरणे क्रियमाणेऽज्ञानतया षट्कायोपमर्दनसम्भवेन संयमबाधा, अन्यथाऽऽत्मविराधना, अतिसारादौ मूत्रपुरीषजम्बालान्तर्वर्त्तित्वात् प्रवचनहीलना स्यात्, गच्छान्तर्वर्त्तने चोद्यतविहारी सीदन्तमपरं बालवृद्धादिकमप्युद्यमयति, यथोदके तरन् समर्थो विलग्नं काष्ठादिकमपि तारयति । तदेवं गच्छान्तर्वर्त्तिनोऽव्यक्तस्य बहवो गुणाः, अव्यक्तस्यैकचरस्य तु बहवो दोषा इति विभाव्याऽऽगमानुसारितया सदा गच्छान्तर्वर्त्ती भवेत्, न तु गच्छान्तर्वर्त्ती क्वचित्प्रमादस्खलिते चोदितः सदुपदेशमवगणय्य सद्धर्ममपर्यालोच्य कषायविपाककटुकतामविचार्य परमार्थमनवधार्य कुलपुत्रतां पृष्ठतः कृत्वा वाङ्मात्रादपि कोपनिघ्नः सुखैष्यगणितापत्तिर्गच्छान्निर्गच्छेदिति ॥ ३९ ॥

હવે એકલવિહારીને સાધુપણાનો અભાવ છે તે કારણને જણાવે છે.

**સૂત્રાર્થ :- અવ્યક્તને એકલવિહારીપણું સંયમ અને આત્માની વિરાધનાનો પ્રસંગ હોવાથી યોગ્ય નથી.**

**ભાવાર્થ :-** અવ્યક્તપણું જ્ઞાન અને વય વડે એમ બે ભેદો છે. જ્ઞાનનું અવ્યક્તપણું ગચ્છમાં રહેલાનું અને ગચ્છમાંથી નીકળેલાનું (એમ બે ભેદો) તેમાં ગચ્છમાં રહેલાનું શ્રુત અવ્યક્તત્વ તે આચાર પ્રકલ્પને અર્થથી નહીં જાણતો શ્રુતઅવ્યક્તત્વ જાણવો. નવમા પૂર્વની ત્રીજી વસ્તુ જેના વડે ભણાઈ નથી તે ગચ્છમાંથી નીકળેલ શ્રુતઅવ્યક્ત જાણવો. અને વય વડે અવ્યક્ત ૧૬ વર્ષમાં ગચ્છમાં રહેલો હોય તે. અને ગચ્છમાંથી નીકળેલાને ત્રીશ વર્ષ પહેલાંનો છે અને આ પ્રમાણે સંયમ અને આત્મવિરાધનાનો પ્રસંગ હોવાથી જે શ્રુત અને વયથી અવ્યક્ત હોય તેને એકાકીવિહાર કલ્પતો નથી. અગીતાર્થપણાને કારણે ઉભય વિરાધનાની શક્યતા હોવાથી જ્ઞાન વડે અવ્યક્ત અને વયથી વ્યક્ત છે તેવા સાધુને પણ એકાકીવિહાર કલ્પતો નથી. અગીતાર્થપણાને કારણે ઉભયવિરાધનાની શક્યતા હોવાથી જ્ઞાન વડે અવ્યક્ત અને વયથી વ્યક્ત છે તેવા સાધુને પણ એકાકીવિહાર કલ્પતો નથી. બાલપણાને કારણે સર્વથી પરિભવની આપત્તિ હોવાથી શ્રુત વડે વ્યક્ત અને વય વડે અવ્યક્તને પણ એકાકીવિહાર અકલ્પ્ય છે અને જે સાધુ શ્રુત અને વયથી (બન્નેથી) વ્યક્ત છે. તેને કારણે પ્રતિમા (કાયોત્સર્ગ) એકાકીવિહારીપણું અથવા ઉદ્યતવિહાર કરવો કલ્પે છે. કારણના અભાવે આવા સાધુને પણ એકાકીવિહારીપણું સંમત નથી. એકાકીવિહાર ગુપ્તિ અને ઈર્ષ્યા સમિતિ સંબંધી અનેક દોષોનો સંભવ હોવાથી, કારણ કે એકાકીવિહારી સાધુ જો વસતિની શુદ્ધિ જોવા જાય તો કૂતરા વિ.ના ઉપદ્રવનો સંભવ. (એના ઉપયોગનો અભાવ થાય.) અને કૂતરા વિ.ને સંભાળવા જાય તો વસતિ સારી રીતે ઈર્યાપથ વિ. (વસતિ) સારી રીતે જોવાનું શક્ય નથી થતું. એવી જ રીતે સમિતિમાં સ્વયં વિચારી લેવું...! તેમજ અજીર્ણ, વાયુ આદિ વ્યાધિ (રોગ) થાય તો સંયમવિરાધના-આત્મવિરાધના અને પ્રવચન હીલનાનો પ્રસંગ આવે છે. ત્યારે ગૃહસ્થવડે રાત્રે જાગતાં સેવા કરતાં અજ્ઞાનતાથી ષટ્કાયજીવની વિરાધનાનો સંભવ હોવાથી, સંયમવિરાધના અને ગૃહસ્થ સેવા ન કરે તો આત્મવિરાધના થાય. અતિસાર આદિમાં મૂત્ર, સ્થંડીલ, કફમાં ખરડાયેલો થાય તો પ્રવચનહીલના થાય. ગચ્છમાં વર્ત્તતો અથવા ઉદ્યતવિહારી જો બિમાર પડે તો બીજા સાધુઓ સીદાતા સાધુને જોઈને બાલ-વૃદ્ધાદિને પ્રેરણા કરે છે તમે આમની સેવા કરો. તેથી જેમ પાણીમાં તરવામાં સમર્થ વ્યક્તિ પોતાને જોડાયેલ કાષ્ઠાદિને પણ તરે છે તેમ ગચ્છમાં બધાં જ સાધુનું પોષણ થઈ જાય, આ સઘળું જોતાં અવ્યક્ત એવો પણ જો ગચ્છમાં રહે તો ઘણા ગુણ છે. અવ્યક્ત અને એકાકી હોય તેમાં અનેક દોષો રહેલાં છે. એ પ્રમાણે જાણીને આગમના અનુસારે હંમેશાં ગચ્છમાં જ રહેવું જોઈએ.

ગચ્છમાં રહેલ સાધુથી ક્યારેક ભૂલ થાય તો બીજા પ્રેરણા કરે ત્યારે તેમના ઉપદેશની *અવગણના કરીને સાચા ધર્મનો વિચાર કર્યા વગર, કષાયના વિપાકરૂપ કડવા ફળને વિચાર્યા*

વગર, સાચા તત્ત્વને જાણ્યા વિના, પોતાના કુલની ખાનદાનીને એક બાજુ કરીને, ફક્ત કોઈના વચન માત્રથી પણ કોપથી પરાભવ પામેલો સુખની ઈચ્છાવાળો આપત્તિની અવગણના કરીને સાધુએ ગચ્છથી જુદું નીકળવું ન જોઈએ એવો ભાવાર્થ છે. ॥૩૯॥

गुर्वादिना कार्यार्थं क्वचित्प्रेषितोऽपि सद्वर्त्तनः स्यादित्याह-

**गुरुप्रेषितोऽपि क्रियासूपयुक्तोऽप्रमादी स्यात् ॥ ४० ॥**

**गुरुप्रेषित इति,** सदा गुरुकुलवासी गुर्वभिप्रायानुवर्त्तनशीलः क्वचित्कार्यादौ गुरुभिः प्रेषितो गच्छन् हस्तपादादिसङ्कोचनतो निखिलाशुभव्यापाराद्विनिवर्त्तमानोऽवयवांस्तन्निक्षेपस्थानानि च रजोहरणादिना परिमृजेत्, उपविशन्नपि भूम्यामेकमूरुं व्यवस्थाप्य द्वितीयमुत्क्षिप्य तिष्ठेत्, निश्चलस्थानासहिष्णुत्वे च भूमिं प्रत्युपेक्ष्य प्रमार्ज्य च सङ्कोचनप्रसारणे विदध्यात्, स्वपन्नपि मयूरवच्छयीत, अपरप्राणिभयात् सचेतन एकपार्श्वशायी भवेत्, एवं सर्वाः क्रियाः परिवर्त्तनादिकाः सम्प्रेक्षणपरिमार्जनपुरस्सराः कुर्यात्तदेवं सोपयोगं क्रियामाचरतः कदाचित् सम्पातिमादयः प्राणिनः कायसंस्पर्शमुपगता विमुक्तप्राणा यदि भवेयुस्तदाऽनाकुट्टिकया कृतत्वादैहिकभवक्षपणार्हं कर्म बध्नाति, कर्मबन्धं प्रति वैचित्र्यात्, शैलेश्यवस्थायां हि मशकादीनां कायसंस्पर्शेन प्राणत्यागेऽपि बन्धोपादानकारणयोगाभावान्नास्ति बन्धः, उपशान्तक्षीणमोहसयोगिकेवलिनां स्थितिनिमित्तकषायाभावात्सामयिकः, अप्रमत्तयतेर्जघन्यतोऽन्तर्मुहूर्त्तमुत्कृष्टतश्चान्तःकोटीकोटिस्थितिरिति, प्रमत्तस्य त्वनाकुट्टिकयाऽनुपेत्य प्रवृत्तस्य क्वचित्पाण्याद्यवयवसंस्पर्शात् प्राण्युपतापनादौ जघन्यतः कर्मबन्धः स च तेनैव भवेन क्षिप्यते, उत्कृष्टतश्च प्राक्तन एव विशेषिततरः, आगमोक्तकारणमन्तरेणोपेत्य प्राण्युपमर्देन विहितं परिज्ञया परिज्ञाय दशविधप्रायश्चित्तान्यतरेण तत्कर्म परिहरेन्न तु प्रमाद्येत, स एव चाप्रमत्तः प्रमादविपाकस्यातीतानागतवर्त्तमानकर्मविपाकस्य वा द्रष्टृत्वात्, उपशान्तकषायत्वात् समितत्वाच्च, अयमेवम्भूताऽप्रमत्तो गुरुसमीपवासी प्रमादजकर्मणोऽन्तं विधत्ते स्त्र्यादिपरीषहप्रसङ्गेऽपि सम्यग्दृष्टित्वाकार्याकरणप्रवृत्तत्वादिपर्यालोचनया निष्प्रकम्पो भवति, आहारहान्या कायोत्सर्गादिना विषयेच्छानिवृत्तिं करोतीति ॥ ४० ॥

ગુરૂ આદિ વડે કોઈક કાર્યને માટે એકલો મોકલ્યો હોય તો પણ વર્ત્તન સારું રાખવું તે જણાવતાં કહે છે.

**સૂત્રાર્થ :- ગુરૂએ મોકલેલ પણ ક્રિયામાં ઉપયોગી અને અપ્રમાદી થાય.**

**ભાવાર્થ** :- હંમેશા ગુરુકુળમાં રહેલો, ગુરુના અભિપ્રાય મુજબ વર્ત્તનાર સાધુ કોઈક કાર્ય માટે ગુરુ વડે મોકલેલો એવો મુનિ હાથ-પગ આદિ સંકોચીને, સમસ્ત અશુભ વ્યાપારથી અટકેલો, અવયવો અને અવયવોને સ્થાપન કરવાના સ્થાનને રજોહરણાદિથી પ્રમાર્જે... બેસતી વખતે પણ એક સાથળ ભૂમિ પર અને બીજો સાથળ ઊંચે રાખે, જો આવી રીતે નિશ્ચલ બેસવામાં (ઊભા પગે બેસવામાં) અસહિષ્ણુ હોય તો ભૂમિને પૂંજીને પછી જ સંકોચન અને પ્રસારણ પગનું કરવું. સૂવે તો પણ મોરની જેમ સૂવે...!

બીજા પ્રાણીના વિરાધનાનો ભય રાખીને (હોવાથી) એક પડખે સૂવે એ જ રીતે પરિવર્ત્તન એક સ્થળેથી બીજે સ્થળે જવું ઈત્યાદિ સર્વ ક્રિયા કરવા છતાં અચાનક સંપાતિમ જીવ કાયાને સ્પર્શે અને મરી પણ જાય છતાં કર્મબંધની વિચિત્રતાને કારણે ઈરાદાપૂર્વક વિરાધના નથી કરી તેથી જ આ ભવમાં ક્ષય થાય. તેવું કર્મ જ બાંધે છે. શૈલેશી અવસ્થામાં મચ્છર આદિનો કાયસ્પર્શ થાય (મરી જાય તો પણ) તે જીવને કર્મ બંધનું મુખ્ય કારણ યોગ નથી તેથી કર્મનો બંધ થતો નથી. ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવલી, ગુણસ્થાનકવાળા જીવને કર્મની સ્થિતિ બાંધવામાં મુખ્ય કારણ જે કષાય તેનો અભાવ છે તેથી એક સમયમાં ભોગવાય તેટલો જ સામાયિક બંધ થાય છે. અપ્રમત્ત યતિને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અંતઃકોડાકોડી સ્થિતિ હોય છે. પ્રમત્તને તો ઈરાદા વિના ઉપભોગ વિનાનો છતો પ્રવૃત્ત થયેલો ક્યારેક હાથ અવયવના સ્પર્શથી પ્રાણીને સંતાપ આદિમાં જઘન્યથી કર્મબંધ થાય તો તે જ ભવમાં ક્ષય પણ થઈ શકે છે અને ઉત્કૃષ્ટથી થાય તો અંતઃકોડાકોડી સાગરોપમથી પણ અધિક થઈ શકે છે.

આગમમાં જે પૂર્વોક્ત કારણ જણાવ્યા છે તે કારણ સિવાય જો કોઈપણ જીવની વિરાધના થાય તો જ્ઞપરિજ્ઞાવડે જાણીને દશ પ્રકારના જે પ્રાયશ્ચિત્ત જણાવ્યા છે તેમાંથી કોઈ પણ (ગુરૂ દ્વારા) પ્રાયશ્ચિત્ત લઈને તે કર્મ દૂર કરવું જોઈએ. પરંતુ પ્રમાદ ન કરવો જોઈએ. આવો અપ્રમાદી સાધુ જ અતીત-અનાગત કે વર્તમાન ત્રણેકાળમાં કર્મના ફળને જોનારો છે. ઉપશાંત કષાયયુક્ત છે. પાંચ સમિતિથી પણ યુક્ત છે. અને આવો અપ્રમત્ત સાધુ જ ગુરૂનિશ્રામાં હોય ત્યારે પણ પ્રમાદથી થયેલા કર્મનો નાશ કરે છે. સ્ત્રી આદિ અનુકૂલ પરિષહમાં પણ સમ્યગ્દૃષ્ટિ હોવાથી અકાર્ય નહીં કરતો, ચિંતનપૂર્વક વ્રત પાલનમાં નિશ્ચલ રહે છે. તેમજ આહારના નિયમન-કાયોત્સર્ગ આદિ વડે વિષયઈચ્છાથી વિરમે છે. ॥૪૦॥

अथाव्यक्तस्यैकचर्यायामपायादाचार्यसेवित्वस्यावश्यकतयाऽऽचार्यान्तेवासिनोः स्वरूपमाह–

**निर्विचिकित्सः श्रद्धालुर्ह्रदकल्पमाचार्यमनुगच्छेत् ॥ ४१ ॥**

**निर्विचिकित्स इति,** ह्रदकल्पमिति, ह्रदो हि चतुर्विधः, तत्र प्रथमः परिगलत्पर्यागलत्स्रोताः, यथा सीतासीतोदाप्रवाहह्रदः, अपरः परिगलदपर्यागलत्स्रोता यथा पद्मह्रदः, इतरश्च

न परिगलत्स्रोता: पर्यागलत्स्रोताश्च, यथा लवणोदधि:, अन्यस्तु न परिगलत्स्रोता न वा पर्यागलत्स्रोता:, यथा मनुष्यलोकाद्बहिस्समुद्र: एवमाचार्योऽपि श्रुतमधिकृत्य प्रथमभङ्गपतित: श्रुतस्य दानाद्ग्रहणाच्च, साम्परायिककर्मापेक्षया द्वितीयभङ्गपतित:, कषायोदयाभावेन ग्रहणाभावात्, कायोत्सर्गादिना क्षपणोपपत्तेश्च । आलोचनामङ्गीकृत्य तृतीयभङ्गपतित:, आलोचनाया अप्रतिश्रावितत्वात् । कुमार्गं प्रति चतुर्थभङ्ग: पतित:, कुमार्गस्य प्रवेशनिर्गमाभावात् । एकाचार्यमङ्गीकृत्यैतद्भङ्गयोजना बोध्या । धर्मिभेदाङ्गीकारेण तु स्थविरकल्पिकाचार्या: प्रथमभङ्गपतिता:, द्वितीयभङ्ग:पतितस्तीर्थकृत् तृतीयभङ्गस्थस्तु यथासन्दिक:, तस्य च क्वचिदर्थापरिसमाप्तावाचार्यादेर्निर्णयार्थं गमनात्, प्रत्येकबुद्धास्तूभयाभावाच्चतुर्थभङ्गस्था:, अत्र प्रथमभङ्गपतितो ग्राह्य:, एवंविधं पञ्चविधाचारसमन्वितमष्टविधाचार्यसम्पदुपेतं ह्रदकल्पं निर्मलज्ञानपरिपूर्णं प्राणिगणानां स्वत: परतश्च रक्षकमाचार्यमनुसरेत्, कथम्भूतो विनेय इत्यत्राह निर्विचिकित्स इति, युक्त्युपपन्नेऽप्यर्थे मोहोदयान्मतिविभ्रमो विचिकित्सा, यथा कृषीवलक्रिया सफला निष्फला च दृष्टा तथैव महानयं तप:क्लेश: सफलो निष्फलो वेति संशयो मिथ्यात्वांशानुवेधाज्ज्ञेयगहनत्वाच्च भवति, विदितसंसारस्वभावानां परित्यक्तसमस्तसङ्गानां साधूनां विषयेऽस्नानादिप्रयुक्ता निन्दाऽपि विचिकित्सा, चित्तविक्षेपहेतुत्वात्, एवमादिविचिकित्सा यस्य भवेन्नासावाचार्यैरुच्यमानां बोधिं सम्यक्त्वाख्यां लभते, तस्माद्विचिकित्सारहित: स्यात्, तद्रहितो गृहस्थो यतिर्वाऽऽचार्योक्तं सम्यक्त्वमवधारयति, अज्ञानोदयादप्रतिपद्यमानोऽपि निर्विण्ण एवं भावयति, नाहं भव्यो न मे संयतभावोऽस्ति, व्यक्तार्थस्याप्याचार्योक्तेरनवगमादिति, तच्चाचार्यस्समाधत्ते अयि साधो मा विषादं कार्षी:, भव्य एव भवान्, भव्यत्वाविनाभाविग्रन्थिभेदप्रयुक्तसम्यक्त्वस्य त्वयाऽभ्युपगमात्, अभव्यस्य भव्यत्वाभव्यत्वशङ्काया असम्भवात्, द्वादशकषायक्षयोपशमाद्यन्यतमसात्तप्रयुक्तविरतिपरिणते: प्राप्तत्वाच्च, कथ्यमानपदार्थानवगतिस्तु तज्ज्ञानावरणीयकर्मप्रयुक्ता, तस्मात्तत्र श्रद्धानलक्षणसम्यक्त्वमवलम्बस्वेति । स्वपरसमयवेद्याचार्याभावे सूक्ष्मव्यवहितातीन्द्रियपदार्थेषूभयसिद्धदृष्टान्तसम्यग्घेत्वभावे ज्ञानावरणीयसद्भावेन सम्यग्ज्ञानाभावेऽपि 'तदेव सत्यं नि:शङ्कं यज्जिनै: प्रवेदित' मिति विचिकित्साविरहित: श्रद्धानं विदध्यादत उक्तं निर्विचिकित्स: श्रद्धालुरिति, तत्र कस्यचित्प्रव्रज्यावसरे तदेव सत्यमिति यथोपदेशं प्रवर्त्तमानस्यानन्तरमपि प्रवर्धमानकण्डकस्य शङ्कादिराहित्यं भवति, कस्यचित्तु पूर्वं श्रद्धानुसारित्वेऽपि प्रव्रज्याप्रतिपत्त्यनन्तरमान्वीक्षिक्याद्यध्ययनत एकनयावलम्बनतोऽनन्तधर्मात्मके भगवदुक्ते पदार्थजाते

यद्ययं नित्यः कथमसावनित्योऽनित्यश्चेत्कथं नित्यः, अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावनित्यत्वस्य प्रतिक्षणविशरारुतालक्षणानित्यत्वेन परस्परपरिहारस्थितिलक्षणविरोधादित्यादिरूपोऽसम्यग्भावो मिथ्यात्वांशोदयात्समुन्मिषति, स च नैवं विचिन्तयति सर्वं वस्त्वनन्तधर्मात्मकम्, सर्वनयसमूहात्मकञ्च भगवद्दर्शनमतिगहनमल्पधियां श्रद्धागम्यमेव, न तु हेतुगम्यम्, एकनयाभिप्रायेणैव हेतो प्रवृत्तेस्तस्यैकधर्मसाधकत्वात्, सर्वधर्मप्रसाधकस्य च हेतोरसम्भवादिति । तस्मादेवंविधां शङ्कां विधूय जिनोपदेशं श्रद्दधानः सदाऽऽचार्यमार्गमनुगच्छेदिति ॥ ४१ ॥

હવે અવ્યક્ત અને એકાકી વિહારમાં નુકસાન છે. તેથી આચાર્ય આદિની સેવામાં (નિશ્રામાં) રહેવું આવશ્યક હોવાથી આચાર્ય અને શિષ્યના સ્વરૂપને કહે છે.

**સૂત્રાર્થ :- દુર્ગંછા રહિત એવો મુનિ શ્રદ્ધાપૂર્વક હ્રદ (સરોવર અથવા પાણીનો સ્રોત) સમાન આચાર્ય ભગવંતની નિશ્રામાં રહેવું જોઈએ.**

**ભાવાર્થ :-** હ્રદ કલ્પનું સવિસ્તર વર્ણન કરે છે. હ્રદ (સરોવર અથવા પાણીનો સ્રોત) તે ચાર પ્રકારે છે. (૧) જે હ્રદ પાણી આપે પણ છે અને પોતે પાણી ગ્રહણ પણ કરે છે. તેવા પાણીના સ્રોત. દા.ત. સીતા-સીતોદા વિ. નદીના પ્રવાહરૂપ હ્રદ, (૨) પોતે પાણી આપે છે પણ નવું પાણી બીજા પાસેથી (દ્વારા) ગ્રહણ કરતા નથી, તેવા પદ્મદ્રહ આદિ પાણીના સ્રોતરૂપ હ્રદ (૩) પોતે પાણી આપતા નથી પણ ગ્રહણ કરે છે, જેમકે, લવણસમુદ્ર વિ. પાણીના સ્રોત (હ્દ). (૪) પોતે પાણી આપતા પણ નથી. અને લેતા પણ નથી. તે જેમકે મનુષ્યલોકની બહાર રહેલા સમુદ્ર વિ. છે. તેવી જ રીતે આચાર્યમાં પણ શ્રુતને અધિકૃત કરનાર આચાર્ય ભ. પહેલા ભંગમાં, શ્રુતનું ગ્રહણ અને દાન બંને કરે છે. માટે સામ્પરાયિક કર્મની અપેક્ષાથી (દસમા ગુણસ્થાનકવર્તી) મુનિ તે બીજા ભંગમાં, કારણ કે તેમને કષાયનો ઉદય નથી તેથી નવું શ્રુત ભણતા (ગ્રહણ) નથી કરતા પણ આપે છે ખરા. કાયોત્સર્ગ આદિ વડે કર્મ ક્ષયની ઉપપત્તિ હોવાથી આલોચના કરનાર મુનિ ત્રીજા ભાંગે છે. કારણ કે તેમાં શ્રુતનું દાન ઘટતું નથી. માત્ર પ્રાયશ્ચિત્તરૂપ હોવાથી (ગ્રહણ હોવાથી) કુમાર્ગમાં રહેલ આ.ભ. ચોથા ભાંગે છે. કારણ કે કુમાર્ગના પ્રવેશથી બહાર નીકળવાનો અભાવ છે તેથી શ્રુતનું દાન કે ગ્રહણ શક્ય નથી માટે.

એક આચાર્ય ભગવંતને આશ્રયીને આ ભંગરચના સમજાવી. (હવે સર્વે આ.ભ.ને આશ્રયીને) ધર્મીરૂપ ભેદ લઈએ તો સ્થવિરકલ્પી આ.ભ. પ્રથમ ભાંગે છે. તીર્થંકરો બીજા ભાંગે છે. યથાસંદિક આ.ભ. ત્રીજા ભાંગે છે. કારણ કે યથાસંદિકને કદાચ સંદેહ થાય તો અર્થના નિર્ણય માટે આ.ભ. પાસે જાય છે. પ્રત્યેકબુદ્ધ આ.ભ.ને દાન અને ગ્રહણ બંનેનો અભાવ હોવાથી ચોથા ભાંગે છે. અહીં પહેલા ભાંગામાં રહેલ આ.ભ.ગ્રહણ કરવા. આ રીતે પાંચ પ્રકારના આચારથી યુક્ત, આઠ પ્રકારની સંપદાથી યુક્ત, હ્રદ તુલ્ય નિર્મલ જ્ઞાનથી પરિપૂર્ણ, પોતે અને બીજા દ્વારા પ્રાણીઓની રક્ષા કરનારા આ.ભ. પાસે રહેવું જોઈએ. કેવા પ્રકારનો શિષ્ય

તે અહીં કહે છે. યુક્તિથી યુક્ત (યુક્તિ સંગત) અર્થમાં પણ મોહના ઉદયથી મતિવિભ્રમ (સંશય) થાય તે વિચિકિત્સા કહેવાય. જેમ ખેડૂતની ક્રિયા સફળ પણ થાય અને ક્યારેક નિષ્ફળ પણ જાય. તે જ રીતે અત્યંત મુશ્કેલીથી કરેલો આ તપ સફળ થશે કે નિષ્ફળ જશે આવી શંકા મિથ્યાત્વના કારણે અને જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થની ગહનતાથી થાય છે.

જેમણે સમસ્ત સંસારનું સ્વરૂપ જાણ્યું છે એવા સર્વ સંગથી રહિત સાધુની સ્નાનાદિ નહીં કરવાના કારણે (ચિત્તમાં વિક્ષેપરૂપ) નિન્દા તે પણ વિચિકિત્સા કહેવાય છે. આવી વિચિકિત્સાથી યુક્ત મુનિ આચાર્ય વડે જણાવાતા સમ્યક્ત્વરૂપ બોધિને પ્રાપ્ત નથી કરી શકતા. આથી જ મુનિએ વિચિકિત્સા રહિત થવું જોઈએ. તેનાથી (વિચિકિત્સાથી) રહિત ગૃહસ્થ કે યતિ આચાર્ય વડે કહેવાયેલા સમ્યક્ત્વને સ્વીકારે છે. પૂ. આચાર્ય ભગવંતે જણાવેલા સ્પષ્ટ અર્થને નહીં જાણતો, નહીં સમજતો અથવા તો અજ્ઞાનના ઉદયથી સ્વીકાર નહીં કરતો એવો દુ:ખી મુનિ આ પ્રમાણે વિચારે કે હું ભવ્ય છું કે નહીં ? મને સંયતભાવ નથી, ત્યારે આચાર્ય ભ. તેને સમાધાન આપે છે. કે અરે...! સાધુ તું ખેદ ન કર, તું ભવ્ય જ છે. ભવ્યત્વની સાથે જ રહેતાં ગ્રન્થિભેદ થયેલા સમ્યક્ત્વનો તમે સ્વીકાર કર્યો છે. અભવ્ય જીવને તો હું ભવ્ય છું કે અભવ્ય ? આવી શંકાનો અસંભવ છે અને બાર કષાય (૪ અનંતાનુબંધી, ૪ અપ્રત્યાખ્યાનીય, ૪ પ્રત્યાખ્યાનીય એમ બાર કષાય)ના ક્ષયોપશમ આદિમાંથી કોઈપણ એકના જોડાણથી વિરતિના પરિણામની પ્રાપ્તિ હોવાથી. કોઈપણ પદાર્થ સમજમાં ન આવવું તે જ્ઞાનાવરણીય કર્મના કારણે થાય છે. તેથી તે પદાર્થમાં શ્રદ્ધાના લક્ષણ રૂપ (શ્રદ્ધા રાખવારૂપ) સમ્યક્ત્વનો તમે સ્વીકાર કરો... સ્વ-પર શાસ્ત્રને જાણનાર આચાર્યના અભાવમાં સૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થને સ્વ-પર શાસ્ત્ર મુજબ સિદ્ધ કરવાના બંને તરફના દૃષ્ટાંતનો અભાવ હોય અથવા તો પોતાના જ્ઞાનાવરણીય કર્મનો સદ્ભાવ હોય ત્યારે પણ સમ્યગ્જ્ઞાન થતું નથી. છતાં પણ 'तदेव सत्यं निःशकं यज्जिनैः प्रवेदितमिति' - તેજ પદાર્થ શંકા વિનાનો તેમજ સત્ય છે. જે જીનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો છે. આ પ્રમાણે વિચિકિત્સા રહિત મુનિ શ્રદ્ધાને પ્રાપ્ત કરે છે. તેથી જ મૂળ સૂત્રમાં કહ્યું છે કે निर्विचिकित्सः श्रद्धालुरिति - કેટલાક જીવોને દીક્ષા લેતી વખતે તે જ સત્ય છે - ઈત્યાદિ ઉપદેશ મુજબ વધતા પરિણામ વડે શંકાદિથી રહિતપણું થાય છે. કેટલાક જીવોને શ્રદ્ધા હોય તો પણ દીક્ષા લીધા પછી આન્વીક્ષિકી આદિના ભણવાથી એક નયને આશ્રય કરવાથી પરમાત્માએ બતાવેલ અનંત ધર્માત્મક વસ્તુમાં જો એક પદાર્થ નિત્ય હોય તો તે જ અનિત્ય કેવી રીતે હોઈ શકે અને જો એક પદાર્થ અનિત્ય હોય તો તે પદાર્થ નિત્ય કેવી રીતે હોઈ શકે ? કારણ કે જેની ઉત્પત્તિ પણ નથી અને જેનો ક્યારેય વિનાશ નથી (અસ્થિર) આવો નિત્યનો સ્વભાવ છે. જ્યારે અનિત્યનું લક્ષણ "પ્રતિક્ષણ નાશ પામનારું" આવું છે. આ રીતે પરસ્પર વિરોધી નિત્યત્વ અને અનિત્યત્વ એક જ પદાર્થમાં કઈ રીતે ઘટી શકે ? આવો સમ્યગ્પણાનો ભાવ. મિથ્યાત્વના આંશિક ઉદયથી ઉત્પન્ન થાય છે. પરંતુ, તે સર્વ વસ્તુ અનંત

ધર્માત્મક છે આવું વિચારતો નથી. તેમજ સર્વનયથી યુક્ત પરમાત્માનું દર્શન અતિગહન છે. અલ્પ બુદ્ધિવાળાને તે શ્રદ્ધા ગમ્ય છે. પરંતુ, હેતુગમ્ય નથી. કારણ કે હેતુ એકાદ ધર્મને જ સાધી શકે છે. તેથી હેતુ એક નયઆશ્રિત હોય છે. સર્વધર્મસાધક હેતુનો સંભવ જ નથી. તેથી આવી શંકા છોડીને જિનોપદેશ પર શ્રદ્ધા રાખીને હંમેશા આચાર્યના માર્ગનું અનુસરણ કરવું જોઈએ. ॥૪૧॥

अथ तथाविधाऽऽचार्यसंसेवनात् कुमार्गपरित्यागो रागद्वेषाभावश्चावश्यम्भावीत्याह–

**तद्युक्तोऽनभिभूतो विवेकी निरास्त्रवोऽकर्मा भवति ॥ ४२ ॥**

**तद्युक्त इति,** दुर्गतिप्राप्तिहेतुसावद्यस्वमनीषिकापरिकल्पितानुष्ठानविकलः सर्वकार्येषु तद्युक्तः– आचार्यानुमत्यनुवर्त्तनशीलोऽनुकूलप्रतिकूलोपसर्गैः परतीर्थिकैर्वाऽनभिभूतोऽत एव विवेकी सर्वज्ञोपदेश एव प्राणिभृतामिह लोके परमसुखसाधनसमर्थत्वात्सारभूतो नान्यः कश्चिन्मातापितृकलत्रमित्रपुत्रादिः, तस्य दुर्गतिसाधनत्वेनासारत्वात्, न वा परतीर्थिकोपदेशाः सारभूताः, परस्परविरुद्धप्रवादत्वेन मिथ्यात्वमूलत्वात्, न हि तनुभुवनादिकमीश्वरकृतमिति वैशेषिकप्रवादो युक्तियुक्तः अभ्रेन्द्रधनुरादीनां विस्रसापरिणामजनितानां तद्व्यतिरेकीश्वरकारण-कल्पनायामतिप्रसङ्गात्, घटादीनां दृष्टकारणव्यापारापादितजन्मनामदृष्टव्यापारेश्वरकल्पने रास-भादेरपि कारणत्वं स्यादिति, तथा प्रकृतिः करोति पुरुषोऽकर्त्तोपभुङ्क्त इति सांख्यप्रवादोऽपि युक्तिशून्यः, अचेतनायाः प्रकृतेरात्मोपकाराय क्रियाप्रवृत्त्यसम्भवात्, नित्यायाः प्रवृत्त्य-सम्भवाच्च, पुरुषस्याप्यकर्तृत्वे संसार उद्वेगो मोक्ष उत्साहो भोक्तृता च न स्यादिति, सर्वं क्षणिकं सत्त्वादिति बौद्धवादोऽपि न युक्तः, निरन्वयविनाशितायां हेतुफलभावानुपपत्तेः, सन्तानिव्यतिरेकेण सन्तानस्याभावादेकसन्तानान्तर्भावेण तदुपपत्तिरिति कल्पनाया अप्य-सम्भवादिति । बार्हस्पत्यवादस्तु भूतमात्राभ्युपगमेनात्मपुण्यपापपरलोकादीनामभावादत्यन्तगर्ह्य एवेत्येवं सारासारविवेकी स्वस्य वा तथाविधविवेचनाशक्त्यभाव आचार्याद्युपदेशाद्यथाव-स्थितवस्तुविवेक्यणिमाद्यष्टविधैश्वर्यदर्शनादपि परतीर्थिकानिन्द्रजालकल्पानवधारयन् लघुकर्मा-ऽणुमात्रमप्यनुल्लंघिततीर्थकराद्युपदेशो निरास्रवः–आस्रवद्वारनिरोधं विदधानः सदा कर्मरिपून्मूलने पराक्रमेत, येनाकर्मा भवति, घातिकर्मरहितो भवति, तदभावाच्च केवलज्ञानी केवलदर्शनी च भवति, स एव संसारार्णवपारवर्त्ती विदितवेद्यश्चेति ॥ ४२ ॥

હવે તેવા પ્રકારના આચાર્યની સેવાથી કુમાર્ગનો ત્યાગ અને રાગ-દ્વેષનો અભાવ નિશ્ચે થાય છે તે કહે છે.

**સૂત્રાર્થ :- તે આચાર્ય ભગવંતની નિશ્રાથી યુક્ત (ઉપસર્ગ કે પરિષહોથી) પરાભૂત નહીં થયેલો, વિવેકી, આશ્રવ રહિત મુનિ અકર્મા થાય છે.**

ભાવાર્થ :- દુર્ગતિની પ્રાપ્તિનું કારણરૂપ પોતાની મતિકલ્પનાયુક્ત અનુષ્ઠાન નહિ કરતો સર્વકાર્યોમાં આ.ભ.ની નિશ્રામાં રહેલો મુનિ અનુકૂલ કે પ્રતિકૂલ ઉપસર્ગો વડે કે પરતીર્થિકો વડે પરાભવ પામતો નથી. માટે જ વિવેકયુક્ત સર્વજ્ઞ પરમાત્માનો ઉપદેશ જ પ્રાણીઓને આલોકમાં પરમસુખના = મોક્ષસુખના સાધનરૂપ હોવાથી (આ સંસારમાં) સારભૂત છે. બીજું નહીં; કોઈ માતા-પિતા-પત્નિ-મિત્ર-પુત્ર વિ. દુર્ગતિના સાધનભૂત હોવાથી અસાર છે. પરસ્પર વિરૂદ્ધ બોલનારા અને મિથ્યાત્વ સહિત એવા પરતીર્થિકો પણ સારભૂત નથી.

ખરેખર ! આપણું શરીર, આલોક (ઘર વિ.) આદિ પદાર્થોનું ઈશ્વરે સર્જન કર્યું છે. આવું વૈશેષિકો માને છે તે યુક્તિ સંગત નથી. કારણ કે જે મેઘધનુષ છે તે વિસ્રસા પરિણામથી = સ્વાભાવિક રીતે જ બને છે તેવાં અનેક સ્થળે ઈશ્વરનું કર્તૃત્વ નથી માટે અતિવ્યાપ્તિ દોષ આવે છે.

અને ઘટાદિમાં કુલાલાદિનો વ્યાપાર (પ્રયત્ન) દેખાય જ છે. તેથી જો અદષ્ટ એવા ઈશ્વરનું તેમાં કર્તૃત્વ માનીએ તો રાસભાદિ પણ કારણરૂપ થવા જોઈએ. આવી આપત્તિ આવે છે.

તે જ રીતે પ્રકૃતિકર્ત્તા છે. અને અકર્ત્તા એવો પુરૂષ તેનો ભોક્તા છે. આવું સાંખ્યદર્શનનું માનવું પણ યુક્તિ સંગત નથી. અચેતન (જડ) એવી પ્રકૃતિને ચેતનવંત આત્માના ઉપકાર માટે કરવાની કોઈ સંભાવના નથી. અને નિત્ય એવી પ્રકૃતિને કોઈ પ્રવૃત્તિ કરવાનો સવાલ જ નથી રહેતો. તેથી અકર્ત્તા એવા પુરૂષને સંસાર, સંસારથી ઉદ્વેગ-ઉત્સાહ-ઉપભોક્તૃત્વ, મોક્ષ આદિ સંગત નથી.

સર્વ વસ્તુ ક્ષણિક છે. આવું બૌદ્ધોનું માનવું પણ યુક્તિસંગત નથી. કોઈપણ વસ્તુ સર્વથા નાશ પામે તો તેનો કાર્યકારણભાવ સંગત નથી થતો. પરંપરાયુક્ત વસ્તુનો અભાવ માનવામાં પરંપરાનો અભાવ થાય છે તેથી એક પરંપરા તેમાં પાછળ-પાછળની પરંપરા અંતર્ભૂત થાય છે. તેવી કલ્પનાનો પણ સંભવ રહેતો નથી. બૃહસ્પતિનો એવો વાદ પાંચ ભૂતમાત્રથી જ જીવ થાય છે. તેનો નાશ થતાં જીવનું કોઈ જ અસ્તિત્વ રહેતું નથી. તેથી આત્મા પુણ્ય, પાપ, પરલોક આદિનો અભાવ થશે. જે અતિનિંદનીય છે. આ પ્રમાણે સાચા અને ખોટામાં વિવેકી એવો મુનિ પોતાની તેવા પ્રમાણે વ્યાખ્યા કરવાની શક્તિનો અભાવ હોય તો આચાર્ય આદિના ઉપદેશથી યથાવસ્થિત વસ્તુમાં વિવેકી અણિમાદિ આઠ સિદ્ધિના ઐશ્વર્યને અથવા તો પરતીર્થિ વડે કરાયેલ ઈન્દ્રજાલ વિ.નો પણ નહીં ગણકારતો, લઘુકર્મીજીવ અણુમાત્ર પણ જીનેશ્વરના ઉપદેશનું ઉલ્લંઘન કરતો નથી. તેથી જ આશ્રવદ્વારને રોકતો, હંમેશાં કર્મશત્રુને દૂર કરવામાં ઉદ્યમવંત થાય છે. તેથી કર્મ રહિત થાય છે. ઘાતીકર્મ રહિત પણ થાય છે. તેના અભાવથી કેવલજ્ઞાની અને કેવલદર્શી થાય છે. તેવો મુનિ જ સંસારસાગરનો પારગામી બને છે. એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૪૨॥

तदेवं लोके सारभूतौ संयममोक्षावभिधाय कर्मधूननोपायं सर्वज्ञप्रतिपादितमाह-

**स कर्मगुरूणां वेदनाः प्रोच्योत्थितानां कर्मधूननमाचष्टे ॥ ४३ ॥**

**स इति,** यो ह्यकर्मा विदितनिखिलवेद्यो भवोपग्राहिकर्मसद्भावेन मनुष्यभावव्यवस्थितोऽष्टविधकर्मधूननमावेदयति, न तु तथा यथा शाक्यानां कुड्यादिभ्यो वैशेषिकाणाञ्चोलूकभावेनोपदेशः । स एवेत्यनुक्तत्वादतीन्द्रियज्ञानिनो निखिलप्रकारैर्विज्ञातजीवादिपदार्थाः श्रुतकेवलिनो वा धर्ममाचक्षत इत्यपि सूचितम् । कानुद्दिश्येत्यत्रोक्तमुत्थितानामिति, धर्माचरणार्थं समुत्थितानामित्यर्थः, यद्वा द्रव्यतो भावतश्चोत्थिता भवन्ति, द्रव्यतश्शरीरेण भावतो ज्ञानादिभिः, तत्र समवसरणस्थाः स्त्रिय उभयथा उत्थिताः शृण्वन्ति, पुरुषास्तु द्रव्यतो भाज्याः, भावोत्थितानान्तु धर्ममावेदयति, उत्तिष्ठासूनाञ्च देवानां तिरश्चाञ्च, येऽपि कौतुकादिना शृण्वन्ति तेभ्योऽप्याचष्टे । किं कृत्वा, कर्मगुरूणां वेदनाः प्रोच्य, साक्षाद्भगवति सकलसंशयापहर्त्तरि धर्ममावेदयति सति ये प्रबलमोहनीयोदयात् संयमादवसीदन्ति ते कर्मगुरवः, लघुकर्माणस्तु तीर्थकृदुक्तं धर्मं प्रतिपद्य तदनुष्ठानायोद्यन्ते नापरे, कर्मगुरवो हि धर्मानुष्ठानसमर्थमनुष्यार्यक्षेत्रसुकुलोत्पत्तिसम्यक्त्वाद्युपलभ्यापि मोहोदयाच्छब्दादिविषयेष्वासक्ता निखिलदुःखनिकेतनमगारवासं शारीरमानसदुःखसन्तप्ता अपि राजकृतोपद्रवसहा अपि हुताशनदग्धसर्वस्वा अपि न परित्यजन्ति तत्रैवावस्थिताः प्राप्ते दुःखे हा तात, हा मातः, हा दैव इत्येवं करुणं रुदन्तोऽपि दुःखविधूननदक्षं मोक्षसाधनं वा संयमानुष्ठानं न गृह्णन्ति, तथा नानाव्याध्याद्युपसृष्टाः परत्रापि नरकादिषु महतीर्वेदना अनुभवन्ति, गतयो हि नारकतिर्यङ्नरामरलक्षणाश्चतस्रः, तत्र नरकगतौ चतस्रो योनिलक्षाः पञ्चविंशतिकुलकोटिलक्षाः त्रयस्त्रिंशत्सागरोपमाण्युत्कृष्टा स्थितिः, वेदनाः परमाधार्मिकपरस्परोदीरितश्रोत्रच्छेदननेत्रनिष्कासनहस्तपादोत्पाटनहृदयदहनाद्यनुक्षणदारुणदुःखानां वाचामगोचरा नारकाणां भवन्ति, तिर्यग्गतौ पृथिवीकायादिजन्तूनां स्वपरशस्त्रप्रयुक्ता महत्यः शीतोष्णादिका वेदना भवन्ति । मनुष्यगतौ वेदना ईदृशा यथा "दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिहभवे गर्भवासे नराणां, बालत्वे चापि दुःखं मललुलिततनुस्त्रीपयःपानमिश्रम् । तारुण्ये चापि दुःखं भवति विरहजं वृद्धभावोऽप्यसारः रे संसारे मनुष्या वदत यदि सुखं स्वल्पमप्यस्ति किञ्चित् ॥ बाल्यात्प्रभृति च रोगैर्दष्टोऽभिभवश्च यावदिह मृत्युः । शोकवियोगायोगैर्दुर्गतदोषैश्च नैकविधैः ॥ क्षुत्तृड्हिमोष्णानिलशीतदाहदारिद्रयशोकप्रियविप्रयोगैः । दौर्भाग्यमौर्ख्यानभिजात्यदास्यवैरूप्यरोगादिभिरस्वतंत्रः ॥" इत्यादि । देवगतावपि च्यवनवियोगक्रोधेर्ष्यादिप्रयुक्ता नानाविधा

वेदना भवन्ति । तदेवं चतुर्गतिपतिताः संसारिणः कर्मविपाकमनेकविधमनुभवन्ति तत्साव-द्यानुष्ठानानां महाभयं विज्ञाय तदुन्मूलनाय यत्नो विधेयः । ये तु धर्मश्रवणयोग्यावस्था धर्मकथादिकमासाद्य सदसद्विवेकं जानाना अधीताचारादिशास्त्रास्तदर्थभावनया परिवृद्धचरण-परिणामास्ते मुनयो यथाक्रमं शैक्षकगीतार्थक्षपकपरिहारविशुद्धिकैकाकिविहारिजिनकल्पिका भवन्ति । तस्माद्विदितवेद्यः संसारपराङ्मुखो महापुरुषमार्गानुयायी नानाविधं करुणाजनकं मातापित्रादिस्वजनविहितमाक्रन्दनं निशम्यापि महादुःखागारे गृहावासे रतिं नैव विदध्यात् । न वा दुर्लभं चरणञ्चावाप्य यौगपद्येन क्रमेण वोदीर्णान् दुःसोढान् परीषहाननधिसहमानो भोगार्थं वा धर्मोपकरणपरित्यागेन देशविरत्यादिभावावलम्बनं कुर्यात्, भोगार्थं त्यागेऽप्यन्तरायोद-यात्तत्क्षणमेवान्तर्मुहूर्त्तादिना कालेन वा शरीरवियोगसम्भवात्, ततश्च पुनरनन्तेनापि कालेन पञ्चेन्द्रियत्वप्राप्तिर्दुर्लभा भवति, अतोऽशुद्धपरिणामो भूत्वा धर्मोपकरणसमन्वितोऽनुकूल-प्रतिकूलपरीषहानुदीर्णान् विज्ञाय भावनाभावितस्सम्यक्तितिक्षमाणः परिव्रजेत्, कर्म च मूलोत्तरप्रकृतिभेदेन विज्ञाय तद्धूननसमर्थतपोविशेषेण क्षपयेत्, तदपि कर्मधूननं नोपकरण-शरीरधूननमन्तरेण भवति, उपकरणञ्च धर्मोपकरणातिरिक्तं ग्राह्यम्, धर्मोपकरणभूत-वस्त्रादेर्जीर्णतादिसम्भवे तत्सन्धानादावार्त्तध्यानरहितो भविष्यत्ताध्यवसायी कदाचित्परुषतृण-शीतोष्णादिस्पर्शप्राप्तावपि द्रव्यत उपकरणलाघवं भावतः कर्मलाघवं बुध्यमानः सम्यगधिसहेत, तदेवमधिसहमानः कर्मक्षपणायोत्थितः संसारकारणरागद्वेषकषायसन्ततेः क्षान्त्यादिना क्षयं कृत्वा समतां भावयेत्, यथा जिनकल्पिकः कश्चिदेकं कल्पं द्वौ वा त्रीन् बिभर्त्ति, स्थविरकल्पिको वा मासार्धमासक्षपकस्तथा विकृष्टाविकृष्टतपश्चारी प्रत्यहं भोजी कूरगडुको वा, एते सर्वेऽपि तीर्थकृद्वचनानुसारतः परस्परानिन्दया समत्वदर्शिन इति, तदेवंविधो मुनिः सर्वसङ्गेभ्यो मुक्तः सर्वसावद्यानुष्ठानेभ्यो विरतोऽनुक्षणं विशुद्धचरण-परिणामितया विष्कंभितमोहनीयोदयत्वाल्लघुकर्मा प्रतिक्षणमुत्तरोत्तरं संयमस्थानकण्डकं सन्दधानो यथाख्यातचारित्राभिमुखोऽरत्यभिभवानास्पदः स्वस्य परस्य च त्राता भवति, यथा हि सांयात्रिका उदधेरुत्तितीर्षव आसन्दीनं सिंहलादिरूपमवाप्याश्वसन्ति, तथा भावसन्धाना-योत्थितं साधुमवाप्यापरे प्राणिनः समाश्वसन्ति, यथा वा आदित्यादयः स्थपुटाद्यावेदनतो हेयोपादेयहानोपादानवतां सहकारिणो भवन्ति तथा ज्ञानसन्धानायोत्थितः परीषहोपसर्गा-क्षोभ्यतयाऽऽसन्दीनः साधुर्विशिष्टोपदेशदानतोऽपरेषामुपकरोति । तथा च भगवदुपदिष्टं धर्मं कुतर्काद्यप्रधृष्यं प्रति भावसन्धानोद्यताः संयमारतेः प्रणोदका मोक्षनेदिष्ठा भोगाननवकांक्षन्तः

सम्यगुत्थिता भवन्ति । ये च तथा विज्ञानाभावान्नाद्यापि सम्यगुत्थितास्ते यावद्विवेकिनो भवन्ति तावदाचार्यादिभिस्तत्परिपालनया सदुपदेशदानेन परिकर्मितमतयो विधेयाः, यथाविध्याचारादिकं तानध्यपयेच्चारित्रञ्च ग्राहयेत् तत्र केचित् क्षुद्रकाः शिष्या आचार्यादिभिः श्रुतज्ञानं लब्ध्वा बहुश्रुतीभूताः प्रबलमोहोदयादपनीतसदुपदेशा उत्कटमदत्वाज्ज्ञानादित्रयोपशमं त्यक्त्वा ज्ञानलवगर्विताः प्रसङ्गे मादृश एव कश्चिच्छब्दार्थनिर्णयाय समर्थो न सर्व इति, आचार्योऽपि बुद्धिविकलः किञ्जानातीति च स्वौद्धत्यमाविष्कुर्वंति, अपरे तु ब्रह्मचर्ये उषित्वा आचारार्थानुष्ठायिनोऽपि तामेव भगवदाज्ञां न बहुमन्यमानाः सातगौरवबाहुल्याच्छरीरबाकुशिकतामालम्बन्ते ते गौरवत्रिकान्यतमदोषाज्ज्ञानादिके मोक्षमार्गे सम्यगवर्त्तमानाः कामैर्दग्धाः सदसद्विवेकभ्रष्टाः सम्यग्दर्शनविध्वंसिनः स्वतो विनष्टा अपरानपि शङ्काद्युत्पादनेन सन्मार्गाद्भ्रंशयन्ति, एते च प्राकृतपुरुषाणामपि गर्ह्या भवन्ति, तस्मादेतान् विज्ञाय मर्यादावस्थितो विषयसुखनिष्पिपासः कर्मविदारणसहिष्णुर्भुत्वा सर्वज्ञप्रणीतोपदेशानुसारेण सर्वकालं परिक्रामयेत्, पण्डितो गौरवत्रिकाप्रतिबद्धो निर्ममो निष्किञ्चनो निराश एकाकिविहारितया साधुविहरणयोग्येष्वर्धषड्विंशतिदेशेषु विहरन् तिर्यङ्नरामरविहितभयादिहास्यादिचतुष्टयप्रयुक्तानुकूलप्रतिकूलान्यतरोभयोपसर्गानक्षोभ्यो नरकादिदुःखभावनयाऽवन्ध्यकर्मोदयापादितं पुनरपि मयैव सोढव्यमित्याकलय्य सम्यक् तितिक्षेत । प्राणिगणेषु दयां कुर्वन्नरक्तद्विष्टो यावज्जीवं द्रव्यादिभेदैराक्षेपण्यादिकथाविशेषैः प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहरात्रिभोजनविरतिविशेषैर्वा यथायोग्यं विभज्य धर्ममुत्थितेषु-चतुर्यामोत्थितेषु-पार्श्वनाथशिष्येषु स्वशिष्येषु सदोत्थितेषु वाऽनुत्थितेषु श्रावकादिषु धर्मं श्रोतुमिच्छत्सु पर्युपास्तिं कुर्वत्सु वा यथाऽऽत्मनो बाधा न भवेत्तथा प्रवदेत् । एवं मरणकाले समुपस्थिते संसारस्य कर्मण उत्थितभारस्य वा पर्यन्तगामी मुनिरनुद्विग्नो द्वादशवर्षसंलेखनयाऽऽत्मानं संलिख्य गिरिगह्वनरादिस्थण्डिलपादपोपगमनेङ्गिन्तमरणभक्तपरिज्ञान्यतरावस्थोपगतशरीरस्य जीवेन सार्धं यावद्भेदो भवति तावदाकांक्षेत् समताम् । इत्थमेव कर्मधूननं भगवानुपदिदेशेति॥ ४३ ॥

આ રીતે લોકમાં સારરૂપ સંયમ અને મોક્ષનું પ્રતિપાદન કર્યા પછી સર્વજ્ઞ પ્રભુએ બતાવેલ કર્મને દૂર કરવાનો ઉપાય જણાવે છે.

**સૂત્રાર્થ :-** **તે ભારેકર્મીની વેદનાને જણાવીને ઉત્થિત (જાગૃત) મુનિ માટે કર્મધૂનન જણાવે છે.**

**ભાવાર્થ :-** જે અકર્મા થયેલા (કેવલજ્ઞાની) છે તેમણે બધી જ વેદનાને જાણી છે. તેવા જીનેશ્વર જેમનાં ભવોપગ્રાહી કર્મ અર્થાત્ અઘાતીકર્મ બાકી છે. તેવા મનુષ્યભવમાં રહેલા પરમાત્મા આઠ પ્રકારના કર્મને દૂર કરવાનું કહે છે.

स एव એ પ્રમાણે સૂત્રમાં एव કાર (જકાર) નથી જણાવ્યો પરંતુ स નિર્દેશ કર્યો છે તેથી અતીન્દ્રિયજ્ઞાની કેવલી અથવા સર્વપ્રકારે જાણ્યા છે જીવાદિ પદાર્થ જેમણે એવા શ્રુતકેવલી પણ ધર્મને કહે એ પ્રમાણે જણાવ્યું છે... કોને ઉદ્દેશીને ધર્મ કહેશે ? આના જવાબમાં સૂત્રમાં જણાવ્યું છે કે **'उत्थितानां'** એટલે કે ધર્મના આચરણ માટે ઉઠેલા (જાગૃત થયેલા) એવા જીવો માટે આ કર્મધૂનન જણાવે છે. ઉત્થિત બે પ્રકારે હોય છે. (૧) દ્રવ્યથી (૨) ભાવથી. શરીરથી ઉત્થિત (જાગૃત) તે દ્રવ્ય ઉત્થિત, જ્ઞાનાદિથી ઉત્થિત (જાગૃત) તે ભાવ ઉત્થિત, તેમાં સમવસરણમાં રહેલી સ્ત્રીઓ ઊભા ઊભા ભગવાનની વાણી સાંભળે છે તેથી દ્રવ્યથી (શરીરથી) અને ભાવથી (જ્ઞાનાદિથી) એમ બન્ને રીતે ઉત્થિત થઈને સાંભળે છે (કર્મધૂનનનું સ્વરૂપ) પુરૂષો દ્રવ્ય-ભાવથી ઉત્થિત થઈને સાંભળે છે. ભાવથી ઉત્થિતને ધર્મ જણાવાય છે. ઊભા થયેલા છે પ્રાણો જેના એવા દેવો અને તિર્યંચો અને જેઓ વળી કૌતુક આદિ વડે સાંભળે છે તેઓને પણ (કર્મધૂનનનું સ્વરૂપ) કહે છે. શું કરીને, કર્મના ભારેપણાની વેદના કહીને કહે છે.

સકલ સંશય દૂર કરનાર, સાક્ષાત્ ભગવાન જ્યારે ધર્મને જણાવે છે ત્યારે પણ જે પ્રબલ મોહનીયના ઉદયથી જે જીવ સંયમથી સીદાય છે (દૂર રહે છે) તે જીવો ભારેકર્મી જાણવા... લઘુકર્મી જીવો તો તીર્થંકર પરમાત્માએ જણાવેલ ધર્મને સ્વીકારીને તેના અનુષ્ઠાનમાં આચરણ માટે ઉદ્યમ કરે છે. બીજા જીવો નહીં. કર્મથી ભારે જીવો. ખરેખર ! ધર્મ અનુષ્ઠાન માટે યોગ્ય મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, સમ્યક્ત્વ આદિ સર્વ પણ મેળવ્યા છતાં મોહના ઉદયથી શબ્દાદિ વિષયોમાં આસક્ત સમસ્ત દુઃખના સ્થાનરૂપ સંસારવાસને શારીરિક-માનસિક પીડા હોય, રાજાએ કરેલા ઉપદ્રવ સહન કરતા હોય, અગ્નિમાં જેમનું સર્વસ્વ બળી ગયું હોય. છતાં પણ તે (સંસારવાસને) છોડતા નથી. ત્યાં જ રહેલા જ્યારે દુઃખ પડે ત્યારે હે પિતા ! હે માતા ! હે દેવ ! આવી રીતે કરૂણ રૂદન કરવા છતાં પણ દુઃખ દૂર કરવામાં કુશળ, મોક્ષના સાધનરૂપ, સંયમ અનુષ્ઠાનને ગ્રહણ કરતા નથી. તેવી જ રીતે આલોકમાં વિવિધ પ્રકારના વ્યાધિથી યુક્ત થાય છે. પરલોકમાં પણ નરકાદિમાં મોટી (ઘણી) વેદના અનુભવે છે.

નરક-તિર્યંચ, મનુષ્ય અને દેવ એવા લક્ષણવાળી ચાર ગતિઓ છે. ત્યાં નરકમાં ચાર લાખ યોનિ, પચ્ચીશ લાખ કુલકોટી, તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) છે. પરમાધામીકૃત તથા એકબીજા દ્વારા થતી (પરસ્પર) થતી કાન છેદવા, આંખના ડોળા બહાર કાઢી નાખવા, હાથ-પગ ભાંગવા, હૃદય બાળવું વિ. પ્રતિક્ષણે ભયંકર દુઃખોવાળા નારકીના જીવોને શબ્દથી ન કહી શકાય તેવી વેદના હોય છે. તિર્યંચગતિમાં પૃથ્વીકાય આદિ પ્રાણીઓને સ્વ-પર શસ્ત્ર દ્વારા થયેલી શીત-ઉષ્ણ આદિ ઘણી જ વેદના હોય છે...! મનુષ્યગતિમાં વેદના આવા પ્રકારની છે.
**"दुःखंस्त्रीकुक्षिमध्ये, स्वल्पमप्यस्तिकिञ्चित् ।"**

આ મનુષ્ય જન્મમાં સ્ત્રીની કુક્ષિને વિષે ગર્ભમાં રહેવું તે જ પ્રથમ દુઃખ છે. બચપનમાં પણ મલ આદિથી ખરડાયેલું શરીર અને સ્ત્રીનું સ્તનપાન કરવું તે દુઃખ છે. તરૂણ અવસ્થામાં પણ

પ્રિયજનના વિરહ આદિનું દુઃખ છે. વૃદ્ધત્વ, તે પણ અસાર છે. આથી કરીને હે માનવો જવાબ આપો કે સંસારમાં થોડુંક પણ સુખ છે ? અર્થાત્ નથી જ. (વળી અન્ય શ્લોક દ્વારા મનુષ્ય જન્મની અસારતા જણાવે છે.) "**बाल्यात्प्रभृति च दोषैश्च नैकविधैः ॥ क्षुत्तृड्हिमोष्णा रोगादिभिरस्वतंत्रः ॥**"

બચપનથી જ રોગી હોય અથવા તો બચપનમાં જ મૃત્યુ આવી જાય ત્યાં સુધી રોગ વધી જાય. અથવા તો શોક-વિયોગ, દુઃખે કરીને જાણી શકાય. એવા અનેક પ્રકારનાં દોષ વડે દુઃખી હોય, અથવા ભૂખ, તરસ, ગરમી, હવા (વધારે પડતી) ઠંડી, દાહ રોગ, દરિદ્રતા, શોક, પ્રિયજન વિયોગ, દૌર્ભાગ્ય, મૂર્ખપણું, અધમ એવું નોકરપણું, વિરૂપતા, રોગાદિ વડે અસ્વતંત્ર છે. (મનુષ્ય પરતંત્ર છે.) દેવગતિમાં પણ ચ્યવનની, વિયોગની, ક્રોધ, ઈર્ષ્યા આદિ દ્વારા વિવિધ પ્રકારની વેદના થાય છે. આ રીતે ચારે ગતિમાં રહેલા સંસારી જીવો કર્મના ફલસ્વરૂપે અનેક પ્રકારના દુઃખ અનુભવે છે. તેથી મહાભયકારી સાવદ્ય અનુષ્ઠાનોને જાણીને, તેને દૂર કરવા યત્ન કરવો જોઈએ.

ધર્મશ્રવણને યોગ્ય અને ધર્મકથાને સાંભળીને સાચા-ખોટાના વિવેકને જાણતાં જે મુનિઓ-આચાર આદિ શાસ્ત્રને ભણેલા અને તેના અર્થની ભાવના વડે વધતા એવા ચારિત્રના પરિણામવાળા તે મુનિઓ અનુક્રમે શૈક્ષક, ગીતાર્થ, ક્ષપક, પરિહારવિશુદ્ધિ, એકાકીવિહારી, જિનકલ્પી થાય છે. જાણવા યોગ્ય (સંસાર સ્વરૂપ)ને જાણ્યો છે એવો, સંસારથી પરાઙ્મુખ, મહાપુરૂષના માર્ગનો અનુયાયી, વિવિધ પ્રકારના કરૂણાજનક માત-પિતાદિ સ્વજનના કરેલા આક્રંદને સાંભળીને પણ મહાદુઃખના સ્થાનરૂપ ઘરવાસમાં આનંદ ન જ કરવો જોઈએ. (માનવો જોઈએ) અથવા તો દુર્લભ એવું ચારિત્ર મેળવીને પણ એકી સાથે કે અનુક્રમે આવેલા દુઃસહ પરિષહને સહન ન થાય ત્યારે ભોગસુખ માટે અથવા ધર્મના ત્યાગપૂર્વક દેશવિરતિ આદિ ભાવનું આલંબન કરવું જોઈએ. (સર્વવિરતિ ન છોડવી જોઈએ.) ભોગ માટે સંયમ છોડે અને અંતરાયના ઉદયથી ભોગ ન ભોગવવા મલે, કાં તો અંતમુહૂર્ત્તમાં જ આયુષ્ય પૂર્ણ થાય. તો શરીરનો જ વિયોગ થવાનો સંભવ હોવાથી અને ત્યાર પછી અનંતકાલે પણ પંચેન્દ્રિયની પ્રાપ્તિ દુર્લભ જ થાય છે. આથી જ અશુદ્ધ પરિણામ કદાચ થાય તો પણ ધર્મોપકરણથી યુક્ત રહીને આવેલા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગને જાણીને, સારી ભાવનાથી ભાવિત થઈને સારી રીતે સહન કરતાં પ્રવ્રજ્યાનું પાલન કરવું જોઈએ. મૂલ અને ઉત્તર પ્રકૃતિના ભેદથી કર્મને જાણીને તેને દૂર કરવા માટે યોગ્ય એવા વિશેષ તપ વડે કર્મ ખપાવે ! તે કર્મધૂનનનું સ્વરૂપ અતિ સૂક્ષ્મતાથી જણાવે છે.

ઉપકરણ અને શરીરના ધૂનન = ત્યાગ વિના કર્મધૂનન શક્ય નથી. ઉપકરણ ધૂનનમાં ધર્મોપકરણ સિવાયના બાહ્ય ઉપકરણ ગ્રહણ કરવા ધર્મ ઉપકરણરૂપ વસ્ત્ર આદિના જીર્ણ થવા આદિના સંભવમાં તેને સાંધવું છે આદિ આર્ત્તધ્યાનથી રહિત થાય. ક્યારેક બરછટ ઘાસ, શીતોષ્ણ આદિ સ્પર્શની પ્રાપ્તિમાં પણ દ્રવ્યથી ઉપકરણ લાઘવ અને ભાવથી કર્મ લાઘવને સમજતા પરિષહાદિ સારી રીતે સહન કરે. (દ્રવ્યથી સહાયક બીજા ઉપકરણ રહિત તે દ્રવ્યલાઘવ, મારા

કર્મ ઓછા થાય છે તેવું માનવું, તે ભાવથી કર્મ લાઘવ) તેને જ સહન કરતાં કર્મક્ષય માટે જાગૃત થયેલ મુનિ સંસારના કારણભૂત રાગ-દ્વેષ-કષાયની પરંપરાને ક્ષાન્તિ આદિ વડે ક્ષય કરીને સમતા રાખે. જેમ જિનકલ્પી કોઈક સાધુ એક, બે અથવા ત્રણ કલ્પને ધારણ કરે. અને સ્થવિરકલ્પી મુનિ માસક્ષમણ, પાસક્ષમણ અથવા વિગઈ સહિત કે વિગઈ રહિત તપ કરે અથવા તો કુરગડુ મુનિની જેમ દરરોજ આહાર પણ કરે. તીર્થંકરની આજ્ઞા અનુસારે આ સર્વે પણ પરસ્પર નિંદા નહીં કરતા અને સમદર્શી હોય છે.

આવા મુનિ સર્વસંગથી અને સર્વ સાવદ્ય અનુષ્ઠાનથી અટકેલા, પ્રતિક્ષણ વિશુદ્ધ ચારિત્રનાં પરિણામથી, મોહનીય કર્મનો ઉદય અટકાવવાથી, લઘુકર્મીક થયેલા પ્રતિક્ષણે ઉત્તરોત્તર ચડતાં સંયમસ્થાન કંડકને પ્રાપ્ત કરતાં અત્યંત પરાભવ રહિત થઈ યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિને સન્મુખ થયેલો પોતાનો અને પરનો (બીજાનો) રક્ષક થાય છે, જેમ સમુદ્રથી પાર ઉતરવાની ઈચ્છાવાળા નાવિકો નાવને સિંહલાદિ દ્વીપને પ્રાપ્ત કરીને આશ્વાસન પામે છે. તેવી રીતે ભાવ સન્ધાન માટે ઉત્થિત સાધુને મેળવીને બીજા પ્રાણીઓ આશ્વાસન પામે છે.

જેમ સૂર્ય વિ. ઘટાદિને જણાવવાથી હેય, ઉપાદેય, હાન, ઉપાદાન માટે પ્રવૃત્ત જીવોને સૂર્ય સહકારી-સહાયક થાય છે. તેમ જ્ઞાન-સન્ધાન માટે ઉત્થિત પરિષહ આદિથી અક્ષોભિત ભાવ સમાન સાધુ વિશિષ્ટ ઉપદેશના દાનથી બીજાને પણ ઉપકાર કરે છે. તેમજ કુતર્ક આદિ વડે નહીં જીતાયેલા એવા ભગવંતે ઉપદેશેલા ધર્મની તરફ ભાવસન્ધાનમાં તત્પર, સંયમમાં અરતિ દૂર કરનારા, મોક્ષની નજીક રહેલા, ભોગોની ઈચ્છા વિનાના મુનિઓ સમ્યગ્ ઉત્થિત (જાગૃત) કહેવાય છે. અને વળી જે વિશિષ્ટ જ્ઞાનના અભાવે આજ સુધી સમ્યગ્ ઉત્થિત નથી. પણ વિવેકી છે તેવા મુનિઓને આચાર્ય આદિ વડે તેના પરિપાલન માટે સદુપદેશના દાન દ્વારા શાસ્ત્રયુક્ત બુદ્ધિ કરાય. વિધિપૂર્વક આચારાંગ આદિને ભણાવવું અને ચારિત્ર ગ્રહણ કરાવવું જોઈએ. તેમાં કેટલાક તુચ્છ શિષ્યો આચાર્ય આદિ વડે શ્રુતજ્ઞાન પામીને બહુશ્રુત થયેલા પ્રબળ મોહના ઉદયથી સદુપદેશને નહીં ગણકારતા, અત્યંત અભિમાની થવાથી જ્ઞાનાદિ ત્રણના ઉપશમને છોડીને જ્ઞાનના અંશમાત્રથી અભિમાની થયેલા અવસરે મારા જેવો કોઈ શબ્દ અર્થના નિર્ણય માટે સર્વ સમર્થ નથી જ એ પ્રમાણે બુદ્ધિરહિત, અભિમાની આચાર્ય પણ શું જાણે છે ? વિ. દ્વારા પોતાની ઉદ્ધતાઈ પ્રગટ કરે છે. બીજા કેટલાક મુનિઓ બ્રહ્મચર્યમાં રહેલા, આચારના અર્થને કરતા છતાં પણ પરમાત્માની આજ્ઞાને બહુ નહીં માનતા. શાતાગૌરવની બાહુલતાથી શરીરની બાકુશિકતા (સુખશીલતા)નું આલંબન કરે છે. ત્રણ ગારવમાંથી એકાદ ગારવના દોષથી તેવા મુનિ જ્ઞાનાદિ મોક્ષમાર્ગમાં સારી રીતે રહેતા નથી. કામ વડે બળાયેલા, સાચા-ખોટાના વિવેકથી ભ્રષ્ટ કરે છે. આવા જીવો સામાન્ય માણસોને પણ નિંદા કરવા લાયક થાય છે. તેથી આ સર્વ જાણીને મર્યાદામાં રહીને વિષય સુખની તૃષ્ણા રહિત, કર્મ દૂર કરવામાં સહનશીલ થઈને સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશ મુજબ સર્વકાળે પરાક્રમયુક્ત રહેવું જોઈએ.

ત્રણ ગૌરવમાં અપ્રતિબદ્ધ, નિર્મમ, નિષ્કિંચન, નિરાશ એવો તે પંડિત સાધુને વિચરવાલાયક સાડા પચ્ચીશ દેશમાં એકાકીપણે વિચરતા તિર્યંચ-મનુષ્ય-દેવાદિથી કરાયેલ, ભય વિ., હાસ્ય વિ. ચારથી થયેલ, અનુકૂલ કે પ્રતિકૂલ બેમાંથી એક અથવા બંને પ્રકારના ઉપસર્ગથી ચલાયમાન નહીં થતો.

મેં બાંધેલા નક્કી (નિકાચિત) કર્મથી આવતું દુઃખ અહીંયા નહીં ભોગવું તો નરકાદિમાં ફરીથી પણ ભોગવવું જ પડશે વિ. વિચારણાપૂર્વક સારી રીતે સહન કરે.

રાગ-દ્વેષ રહિત થઈ, પ્રાણીઓને વિષે દયા ધારણ કરતો તે મુનિ યાવજ્જીવ દ્રવ્યાદિ ભેદ વડે અને આક્ષેપણી આદિ કથા વિશેષથી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન આદિથી અટકવારૂપ યથાયોગ્ય ધર્મ ચાર મહાવ્રતયુક્ત પાર્શ્વનાથના શિષ્યને, પોતાના શિષ્યને હંમેશાં ઉત્થિતને અથવા નહિ ઉત્થિત એવા શ્રાવકાદિમાં ધર્મ સાંભળવાની ઈચ્છાવાળા હોય તો અથવા તો પોતાની સેવા કરતા હોય અથવા સેવા ન પણ કરતા હોય તો પણ જેમ પોતાને સંયમ આદિમાં બાધા ન પહોંચે તે રીતે સ્વનું સંભાળીને ઉપદેશ આપે. આ રીતે યાવજ્જીવ કર્યા બાદ મરણ સમય આવે ત્યારે, સંસારના અથવા કર્મના ભારથી, છેડે પહોંચેલ મુનિ ઉદ્વિગ્નતા, રહિત થઈ બાર વર્ષની સંલેખનાપૂર્વક આત્માને સંલેખીને પર્વતની ગુફા વિ.ની શુદ્ધભૂમિમાં પાદપોપગમન, ઈંગિત મરણ, ભક્તપરિજ્ઞા આદિમાંથી કોઈપણ એક અનશન દ્વારા શરીરની સાથેથી જીવ જ્યાં સુધી જુદો ન પડે ત્યાં સુધી સમતાની ઈચ્છા રાખે -

આ રીતે કર્મધૂનનને ભગવાન ઉપદેશે છે એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૪૩॥

तदेवं कर्मधूननमभिधाय तत्सफलतासस्पादकमन्तकालेऽपि सम्यङ्निर्याणमभिधातुकामः कुशीलानां प्रावादुकशतानां सङ्गं दर्शनविशुद्ध्यै विहायाधाकर्मादेश्च परित्यागं कुर्यादित्याह-

**प्रावादुकयोगमुज्झित्वा सदोषमाहारादि नादद्यात् ॥ ४४ ॥**

**प्रावादुकेति,** प्रकृष्टो वादो येषान्ते प्रावादुकाः शाक्यादयः, तेषां योगः सम्बन्धस्तम्, अशनपानखादिमस्वादिमवस्त्रपात्रादिप्रदानादानादिभिस्तेषां योगं सम्यग्विजह्यात्, ते हि सावद्यारम्भार्थिनो विहारारामतडागकूपकरणौद्देशिकभोजनादिभिर्धर्मं वदन्तः करणैः प्राणिसमारम्भिणोऽन्यदीयमदत्तं द्रव्यं तद्विपाकमविगणय्याददानाः केचित्परलोकमपवदन्तः, केचिल्लोकं नवखण्डपृथिवीलक्षणं सप्तद्वीपात्मकं वा प्रकाशयन्तः, अन्ये उत्पादविनाशयोराविर्भावतिरोभावात्मकतया लोकस्य नित्यतां सरित्समुद्रादेर्निश्चलतामाविष्कुर्वन्तः, इतरे च लोकस्य सादिसपर्यवसितत्वमीश्वरकर्तृकत्वञ्चाभिदधानाः परे यादृच्छिकत्वमन्ये भूतविकारजत्वमपरे चाव्यक्तप्रभवत्वं लोकस्य जल्पन्तः स्वतो नष्टा अन्यानपि विनाशयन्ति, एते

ह्येकान्तग्रहग्रसिता न स्वाभिमतं साधयितुं पारयन्ति, अस्तित्वस्य नास्तित्वस्य वा साधकस्यैकान्तिकमतेऽसम्भवात्, यदि ह्येकान्तेनैव लोकोऽस्ति तर्ह्यस्तिना सह नियतसामानाधिकरण्याद्यदस्ति तल्लोकः स्यात्, तथा च तत्प्रतिपक्षोऽप्यलोकोऽस्तीत्यतो लोक एवालोकः स्यात्, व्याप्यसद्भावे व्यापकसद्भावस्यावश्यम्भावित्वात्ततश्चालोकाभावप्रसङ्गेन तत्प्रतिपक्षस्य लोकस्यापि सुतरामभावः स्यात् । लोकत्वस्यास्तित्वव्यापकत्वे च घटपटादेरपि लोकत्वं स्यात्, व्याप्यस्य व्यापकसद्भावनान्तरीयकत्वात् । एवं नास्ति लोक इति ब्रुवन् भवान् किमस्ति नास्ति वेति पर्यनुयुक्तो यद्यस्तीति पक्षमङ्गीकरोति तर्हि स च यदि लोकान्तर्गतस्तर्हि नास्ति लोक इति नैव वक्तुं शक्येत यदि तु बहिर्भूतस्तर्हि खरविषाणवदसद्भूतत्वात् कस्योत्तरं दातव्यं भवेदित्येवमेकान्तवादाः सर्वे स्वयमभ्यूह्य निराकार्याः, निराकृताश्च मदीयतत्त्वन्यायविभाकरसम्मतितत्त्वसोपानयोर्विशदतया । एवञ्च वस्तूनां स्वपरद्रव्यक्षेत्रकालभावतः सदसदात्मकत्वे भगवदुक्तेऽभ्युपगम्यमाने न कश्चिद्दोषसंसर्गः समुन्मिषति । इत्थमेव च धर्मः स्वाख्यातो भवति, न त्वेकान्तवादिनां धर्मः स्वाख्यातः, ते हि न समनोज्ञाः, जीवाजीवतत्त्वपरिज्ञानपूर्वकानुष्ठानवतामेव समनोज्ञत्वात्, न हि वनवासादिना तैस्संमतेन कश्चिद्धर्मः, अरण्यग्रामादीनां धर्मेऽनिमित्तत्वात्, किन्तु तत्त्वं परिज्ञाय व्रतविशेषाणामनुष्ठानादेव, तदेवं प्रावादुकसंसर्गं त्यक्त्वा विशुद्धसम्यक्त्वः सर्वसावद्याकरणाय कृतप्रतिज्ञो भिक्षुर्भिक्षायायपरकारणाय वा विहरेत्, तथाविधं ग्रामादेर्बहिर्वा यत्र कुत्रचिद्वसन्तं विहरन्तं वा यतिमुपगम्य कश्चिद्गृहपतिः साध्वाचारानभिज्ञ एषु संपरित्यक्तनिखिलारम्भेषु निक्षिप्तमक्षयमतोऽहमेतेभ्यो दास्यामीत्यभिसन्धाय भोः श्रमण अहं संसारार्णवं समुत्तितीर्षुः, युष्मन्निमित्तमशनपानादिकं भूतोपमर्दनक्रयणादिना सङ्गृहीतं स्वगृहादाहृत्य तुभ्यं ददामि, गृहादिकमपि युष्मदर्थं रचयामि संस्करोमि वेत्येवं यदि निमंत्रयेत्तदा सूत्रार्थविशारदः साधुर्मदर्थं प्राण्युपमर्दादिना विहितं न मे कल्पते, एवम्भूतानुष्ठानाद्विरतत्वादतो भवदीयमेवम्भूतं वचनं नाद्रिय इति निराकुर्यात्, तथा प्रच्छन्नदोषमाहारादिकं साध्वर्थमारचितं स्वमत्या परव्यावर्णनया तीर्थकृदुपदिष्टोपायेनान्येन वा केनचित्प्रकारेण विदित्वा नाहरेत् । एवं नरकादिगतियातनाभिज्ञं संयमविधिवेदिनमुचितानुचितावसरज्ञमान्तप्रान्ताहारतया निस्तेजस्कमतिक्रान्तसोष्मयौवनावस्थं सम्यक् त्वक्त्राणाभावाच्छीतस्पर्शपरिवेपमानगात्रं कश्चिद्गृहपतिः शीतस्पर्शासहिष्णु मत्वा भक्तिकरुणालिङ्गितचेता यदि ब्रूयात्, मुने किमिति सुप्रज्वालितमाशुशुक्षणिं न सेवस इति, तदा महामुनिरग्निकायज्वालनं स्वतो ज्वलितादिसेवनं न कल्पत इति प्रतिबोधयेदिति ॥ ४४ ॥

તે કર્મધૂનનના ઉપાયને જણાવીને તેની સફળતા પ્રાપ્ત કરવા માટે અંતકાળમાં પણ સારી રીતે નિર્યામણા (પસાર થવું) ને કહેવાને ઈચ્છતા (ગ્રંથકાર અથવા ભગવાન) ખરાબ-આચરણ કરતા, પ્રાવાદુકશતાનાં = શાક્યાદિ સેંકડોના સંગને દર્શનશુદ્ધિને માટે છોડીને આધાકર્મ આદિનો પણ ત્યાગ કરવો જોઈએ તે કહે છે.

**સૂત્રાર્થ :- શાક્ય આદિના યોગને છોડીને સદોષ આહારાદિ ન ખાવા જોઈએ.**

**ભાવાર્થ** :- જેઓનો પ્રકૃષ્ટવાદ છે તે પ્રાવાદુક = શાક્યાદિ. તેઓનો યોગ એટલે સંપર્ક તેને છોડવો જોઈએ. અશન-પાન-ખાદિમ-સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર આદિ દેવું-લેવું આદિ વડે તેઓનો સંપર્ક સારી રીતે છોડવો જોઈએ. સાવદ્ય આરંભના અર્થી તેઓ બગીચા, તળાવ, કૂવા કરવા, પોતાના માટે ભોજન આદિ કરવામાં ધર્મ છે એમ કહેતા ત્રણ કરણ વડે પ્રાણીઓનો સમારંભ કરાવતો, બીજાએ નહીં આપેલ દ્રવ્યને પણ અદત્તાદાનનાં ફળને નહીં ગણકારતા. કેટલાક પરલોક નથી તેવું કહેતા, કેટલાક આલોક નવખંડ પૃથ્વી અને સાત સમુદ્ર સુધી છે તેવું જણાવતાં, બીજા કેટલાક ઉત્પાદ-વિનાશરૂપ આવિર્ભાવ અને તિરોભાવરૂપ લોકની નિત્યતાને અને નદી સમુદ્રાદિની નિશ્ચલતાને જણાવતાં, કેટલાક લોકો લોકને ઈશ્વરકર્તૃક તેમજ સાદિ (આદિ સહિત) સપર્યવસિત (અંત સહિત) એવો અનિત્ય છે એમ કહેતાં, વળી બીજા કેટલાક લોકને સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન-વિનાશ થતો માનનારા, કેટલાક વળી પાંચભૂતના ફેરફારથી ઉત્પન્ન-વિનાશ થતાં લોકને માનતા, કેટલાક જેની ઉત્પત્તિ જણાતી નથી. એવા સ્વરૂપયુક્ત લોકને કહેતા. પોતે તો નષ્ટ થયેલા જ છે. પરંતુ, બીજાને પણ નષ્ટ કરે છે. અસ્તિત્વ કે નાસ્તિત્વના સાધક હેતુનો ઐકાન્તિક મતમાં સંભવ નથી માટે. એકાન્તરૂપગ્રહથી ગ્રસિત થયેલો લોકો પોતાના ઈચ્છિતને સાધવા માટે શક્તિમાન થતા નથી. જો એકાન્તે જે अस्ति રૂપ છે તે જ લોક છે એમ માનીએ તો તેની સાથે સામાનાધિકરણ અર્થાત્ यद् अस्ति तल्लोकः स्यात् એવી વ્યાપ્તિ થાય. પરંતુ એવું નથી લોકનો પ્રતિપક્ષી (વિરૂદ્ધ) અલોક પણ છે જ. વ્યાપ્ય હોય તો વ્યાપક હોય જ. તેથી અલોકનો પણ અભાવ થશે. અને તેની સાથે તેના પ્રતિપક્ષ લોકનો પણ સુતરાં અભાવ થશે. અને 'લોકત્વ' જો 'અસ્તિત્વ'નું વ્યાપક હોય તો ઘટપટાદિ પણ લોકરૂપ થશે, કારણ કે વ્યાપ્ય તે વ્યાપકને વિષે અંતર્ભૂત હોય છે. આ રીતે 'नास्ति लोकः' લોક નથી (શૂન્યવાદ) અને બોલતાં તમને લોક છે કે નહીં એ પ્રમાણે પૂછીએ તો જો अस्ति પક્ષ સ્વીકારો તો તે લોક લોકની અંદર છે. એમ કહો તો લોક નથી. એવું કહેવા માટે શક્ય નથી. જો લોકથી બહાર नास्ति लोकः છે એવું કહેશો તો खर विषाण ની જેમ તેનો કોઈ સદ્ભાવ જ નથી. તેનો કોને જવાબ આપવો ? આવું બધું અસમંજસ થતું હોવાથી આવા એકાંતવાદના સર્વ પણ મતને પોતે સ્વયં શોધી શોધીને દૂર કરવા જોઈએ.

આવા એકાન્તવાદીઓને મારા વડે કરાયેલ 'તત્ત્વન્યાયવિભાકર' અને 'સમ્મતિતત્ત્વસોપાન' એ બંને ગ્રંથમાં છણાવટપૂર્વક નિરાશ કરાયા છે (અહીં પૂ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા. સ્વકૃત અન્ય

બે ગ્રંથનો સ્વયં ઉલ્લેખ કર્યો છે. જે બંને ગ્રંથ ન્યાયથી પરિપૂર્ણ અત્યંત સૂક્ષ્મતાયુક્ત છે.) આ રીતે પરમાત્માએ કહેલ सत् (अस्तित्व) અને असत् (नास्तित्व) બંને રૂપ વસ્તુનો સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સ્વીકારીએ તો કોઈ પણ દોષ ઉઠતો નથી. આવો ધર્મ જ સ્વાખ્યાત (સારી રીતે કહેવાયેલો) છે. એકાંતવાદીનો નહીં તે 'સમનોજ્ઞ' નથી (એકાંતવાદીઓ) જીવ-અજીવતત્ત્વની જાણકારીપૂર્વક ક્રિયા કરનારને જ સમનોજ્ઞ (પંડિત) કહેલ છે. તેમને સંમત વનવાસ સ્વીકારવાથી ધર્મ નથી. જંગલ હોય કે ગામ તેનાથી ધર્મને કોઈ અસર નથી. પરંતુ તત્ત્વ (વસ્તુનું સાચું સ્વરૂપ) જાણીને વ્રતવિશેષનું આચરણ તે જ ધર્મ છે.

આવા પ્રાવાદુકના (શાક્યાદિના) સંગને છોડીને વિશુદ્ધ સમકિતી, સર્વસાવદ્યક્રિયા ન કરવાની પ્રતિજ્ઞા યુક્ત મુનિ ભિક્ષાને માટે અથવા બીજા કારણે વિચરે.

આવા મુનિ ગામની અંદર કે બહાર રહેતા હોય અથવા વિહાર કરતા હોય ત્યારે જેને સાધુનો આચાર ખબર નથી તેવો કોઈક ગૃહસ્થ સર્વ આરંભ જેમણે ત્યજેલા છે. તેવા મુનિને દેવાથી અક્ષય (મારી ઋદ્ધિ-સિદ્ધિ) થશે. તેથી હું તેમને દઉં. આવું વિચારીને કહે હે મુનિ ! સંસાર સાગરને પાર કરવા ઈચ્છતો હું તમને તમારા નિમિત્તે અશનાદિક, પ્રાણીની વિરાધના અથવા તો ખરીદી કરીને મેળવેલું પોતાના ઘરેથી લાવીને તમને આપું છું. ઘર વિ. પણ તમારા માટે નવું બનાવું અથવા છે તેને સમારકામ કરીને આપું. આ રીતે નિમંત્રણ કરે ત્યારે સૂત્રાર્થનાં પંડિત મુનિ 'મારા માટે પ્રાણીની હિંસા વિ.થી થયેલું મને કલ્પતું નથી.' આવા અનુષ્ઠાનથી હું વિરમેલો છું તેથી તમારૂં આવું વચન સ્વીકારતો નથી. આ પ્રમાણે કહીને તેનું નિરાકરણ કરે. (તેને દૂર કરે.) તેમજ જેના દોષ પ્રગટ દેખાતા નથી. તેવા પણ આહારાદિને સાધુ માટે બનાવેલું છે એમ પોતાની બુદ્ધિથી બીજાના કહેવાથી અથવા તીર્થંકર પરમાત્માએ બતાવેલા ઉપાયથી અથવા તો બીજા કોઈપણ પ્રકારે જણાય કે આ આહારાદિ મારા માટે કરેલા છે તો તે વાપરે નહીં.

આ રીતે નરકાદિગતિની પીડાને જાણતા, સંયમ વિધિને જાણતા, ઉચિત-અનુચિત અવસરને જાણતા, આંત-પ્રાંત આહારના કારણે (નિરસ ખાવાથી) તેજ રહિત અને શારીરિક ગરમીવાળી યૌવનાવસ્થા જેની જતી રહી છે. તેવા ચામડીને રક્ષણ કરતા, સારાવસ્ત્રના અભાવયુક્ત શીતસ્પર્શથી ધ્રૂજતાં શરીરવાળા મુનિને કોઈક ગૃહસ્થ ભક્તિ અને દયાથી યુક્ત મનવાળો તે શીત સ્પર્શને સહન ન કરી શકતા મુનિને જો કહે કે હે મુનિ ! આ પેટાવેલા અગ્નિને તમે સેવતા નથી? ત્યારે તે મહામુનિ અગ્નિકાયને પોતાની જાતે બાળવું અથવા બીજાએ જ્વલિત કર્યું હોય તેને સેવવું તેમને કલ્પતું નથી. એમ તે ગૃહપતિને સમજાવે. ॥૪૪॥

सति कारणे मरणविशेषावलम्बनं कार्यमित्याह-

**अल्पसत्त्वः कारणे वैहानसादिकमाश्रयेत् ॥ ४५ ॥**

**अल्पसत्त्व इति,** मुनेर्हि द्वादशधोपधिर्भवति, सापि प्रमाणतः परिमाणतो मूल्यतश्चाल्पा, शीतापगमे शरीरोपकरणकर्मणि लाघवमापादयन्नेककल्पपरित्यागी द्विकल्पपरित्यागी कल्पत्रय-परित्यागी वा मुखवस्त्ररजोहरणमात्रोपधिर्भवति, कायक्लेशस्य तपोविशेषत्वात्, यस्त्विदं भगवदुपदिष्टं न सम्यग् जानात्यल्पसत्त्वतया स रोगातङ्कैश्शीतस्पर्शादिभिर्वा स्त्र्याद्युपसर्गैर्वा-ऽऽक्रान्तोऽसहिष्णुर्भक्तपरिज्ञेङ्गितमरणपादपोपगमनानामुत्सर्गतः कार्यत्वेऽपि कालक्षेपा-सहिष्णुतया तदनवकाशादापवादिकं वैहानसं गार्द्धपृष्ठं वा मरणमाश्रयति । ननु वैहानसादिमरणं बालमरणतयाऽनन्तनैरयिकभवग्रहणनिदानमुक्तमागमे तत्कथमत्र तस्याभ्युपगम इति चेदुच्यते, स्याद्वादिनां हि न किञ्चिदेकान्तेन प्रतिसिद्धमभ्युपगतं वा मैथुनमेकं परिहृत्य, किन्तु द्रव्यक्षेत्रकालादिविशेषाश्रयेण यत्प्रतिषिध्यते तदेवाभ्युपगम्यते, कालज्ञस्य मुनेरूत्सर्गो-ऽप्यगुणाय, अपवादोऽपि गुणाय भवति, दीर्घकालं संयमं परिपाल्य संलेखनाविधिना कालपर्यायेण भक्तपरिज्ञादिमरणं गुणभूतमपीदृगवसरे वैहानसादिमरणं गुणाय, अस्यापि कालपर्यायत्वात्, बहुकालपर्यायेण यावन्मात्रकर्मणः क्षयस्तावतामत्राल्पेनापि कालेन क्षयात्, अनेनापि वैहानसादिमरणेनानन्ताः सिद्धाः सेत्स्यन्ति चात इदं विगतमोहानां कर्तव्यतया-ऽऽश्रयोऽपायपरिहारितया हितश्चेति ॥ ४५ ॥

કારણ હોતે છતે મરણ વિશેષનું આલંબન લેવું જોઈએ તે જણાવે છે.

**સૂત્રાર્થ :- અલ્પશક્તિવાળા મુનિ કારણે "વૈહાનસાદિક" મરણનો આશ્રય લઈ શકે.**

**ભાવાર્થ :-** મુનિને બાર પ્રકારની ઉપધિ હોય છે. તે પણ પ્રમાણથી અને માપથી, મૂલ્યથી અલ્પ હોય છે. ઠંડી ઓછી થાય ત્યારે શરીર ઉપકરણ કર્મમાં લાઘવ લાવવું જોઈએ. એક વસ્ત્રનો ત્યાગ, બે વસ્ત્રનો ત્યાગ, અથવા ત્રણ વસ્તુનો ત્યાગ કરીને મુહપત્તિ અને રજોહરણ માત્ર ઉપધિયુક્ત થાય છે. કારણ કે કાયક્લેશ તે સૌથી મોટું તપ છે. પરમાત્મા વડે જણાવાયેલું આ જે સારી રીતે જાણતો નથી. એવો અલ્પસત્ત્વશાળી રોગ, પીડા, શીતસ્પર્શાદિ અથવા તો સ્ત્રી આદિના ઉપસર્ગમાં પણ અસહિષ્ણુ હોય છે. તો વળી ભક્તપરિજ્ઞા, ઇંગિનીમરણ, પાદપોપગમન અણસણ આદિ ઉત્સર્ગથી સાધુને કરવું જોઈએ. છતાં પણ તે અણસણ ઘણા સમયે પૂર્ણ થાય તેવું છે. માટે અસહિષ્ણુપણાએ કરીને તેમાં અણશણનો સ્વીકાર તે કરી શકતો નથી. તેથી જ વૈહાનસ કે ગાર્દ્ધપૃષ્ઠ મરણને સ્વીકારે છે. **શંકા** - વૈહાનસાદિ મરણ "બાલમરણ" છે. તેથી આગમમાં નૈરયિકાદિ અનંતભાવનું કારણ જણાવ્યું છે. તો તેનો સ્વીકાર કેવી રીતે કરી શકાય ? **સમાધાન** - સ્યાદ્વાદીઓને એકાન્તે કોઈનો નિષેધ અથવા તો કોઈપણનો સ્વીકાર એક મૈથુનને છોડીને નથી. પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિથી જે વસ્તુનો નિષેધ તેનો જ સ્વીકાર પણ કરાય છે. શાસ્ત્રજ્ઞ મુનિને ઉત્સર્ગમાર્ગ દોષને માટે અને અપવાદમાર્ગ પણ ગુણને માટે થાય છે. દીર્ઘસમય સુધી સંયમ

પાળ્યા પછી સંલેખનાપૂર્વક સમયના પર્યાયરૂપ ભક્તપરિજ્ઞાદિ મરણ સારૂં હોવા છતાં પણ આવા અવસરે વૈહાનસાદિ મરણ પણ ગુણરૂપ થાય છે. કારણ કે આવું મરણ પણ કાલના પર્યાય (બદલવારૂપ) રૂપ છે. ઘણા કાલે જે કર્મનો ક્ષય તે જ કર્મનો અલ્પ સમયમાં પણ ક્ષય થાય છે. આ વૈહાનસાદિ મરણ વડે અનંતા આત્મા સિદ્ધ થાય છે. અનંતા આત્મા સિદ્ધ થશે. આથી જ મોહરહિત મુનિઓને આ (વૈહાનસાદિ) કર્ત્તવ્યતાથી આશ્રય કરવા લાયક છે. તેમજ અપાયરહિત હોવાથી હિતકારી પણ છે. ॥૪૫॥

अथ भक्तप्रत्याख्यानादिमरणविशेषानाह–

**कृताभिग्रहविशेषोऽशक्तौ भक्तप्रत्याख्यानादिकं कुर्यात् ॥ ४६ ॥**

**कृतेति,** वस्त्रत्रयेण व्यवस्थितः स्थविरकल्पिको जिनकल्पिको वा भवेत्, पात्रतृतीयेन कल्पद्वयेन संयमे व्यवस्थितस्तु नियमेन जिनकल्पिकपरिहारविशुद्धिकयथालन्दिकप्रतिमाप्रतिपन्नानामन्यतमो भवेत् तत्र यस्य भिक्षोरेवंविधः प्रकल्पो भवति यथा विकृष्टतपसा कर्त्तव्याशक्तो वातादिक्षोभेण वा यदा ग्लानस्तदाऽनुक्तैरुचितकर्त्तव्यसमर्थैस्तव वयं वैयावृत्त्यं यथोचितं कुर्म इति समुपस्थितैरनुपारिहारिककल्पस्थितादिभिः क्रियमाणं वैयावृत्त्यमभिकाङ्क्षयिष्यामीति स तमाचारमनुपालयन् कुतश्चिद्ग्लायमानोऽपि प्रतिज्ञालोपमकृत्वा समाहितान्तःकरणवृत्तिः शरीरपरित्यागाय भक्तप्रत्याख्यानं कुर्यात् । यश्च धृतिसंहननादिबलोपेतो लघुकर्मा सपात्रैकवस्त्रधारी न मे संसारे कश्चिद्वस्तुत उपकारकर्तृत्वेनास्ति नाहमप्यन्यस्य दुःखापनयनसमर्थः, प्राणिनां स्वकृतकर्मफलेश्वरत्वात्, न वा नरकादिदुःखत्राणतयाऽऽत्मनश्शरण्यो द्वितीयोऽस्तीत्यतो यद्रोगादिकमुपतापकारणमापद्यते तन्मयैव कृतमपरशरणनिरपेक्षो मयैव सोढव्यमित्येकत्वभावनाध्यवसाय्याहारोपकरणलाघवं गतोऽपचितमांसशोणितो ग्लानो भवति स रूक्षतपस्सन्तप्तं शरीरं यथेष्टकालावश्यकक्रियाव्यापारासमर्थं मन्यमानश्चतुर्थषष्ठाचाम्लादिकयाऽऽनुपूर्व्याऽऽहारं संक्षिपेत्, नात्र द्वादशसंवत्सरसंलेखनानुपूर्वी ग्राह्या, ग्लानस्य तावन्मात्रकालस्थितेरभावात्, अतस्तत्कालयोग्ययाऽऽनुपूर्व्या द्रव्यसंलेखनार्थमाहारं निरुन्ध्यात् । षष्ठाष्टमदशमद्वादशादिकयाऽऽनुपूर्व्याऽऽहारं संवर्त्त्य कषायान् प्रतनून् कृत्वा नियमितकायव्यापारः प्रतिदिनं साकारभक्तप्रत्याख्यायी बलबति रोगावेगेऽभ्युद्यतमरणोद्यमं विधाय शरीरसन्तापरहितः स्थण्डिलविशेषे तृणान्यास्तीर्य पुर्वाभिमुखसंस्तारकगतः करतलललाटस्पर्शिधृतरजोहरणः कृतसिद्धनमस्कारः स्वकृतत्वग्वर्तनादिक्रियो यावज्जीवं चतुर्विधाहारनियममित्वरमरणं कुर्यात् । यस्तु प्रतिमाप्रतिपन्नोऽहमन्येषां प्रतिमाप्रतिपन्ना नामेव

किञ्चिद्दास्यामि तेभ्यो वा ग्रहीष्यामीत्येवमाकारमभिग्रहं गृह्णीयात् स सचेलोऽचेलो वा भिक्षुः शरीरपीडायां सत्यामसत्यां वाऽऽयुःशेषतामवगम्योद्यतो मरणाय ग्लायामि खल्वहमिदानीं न शक्नोमि रूक्षतपोभिश्शरीरमानुपूर्व्या वोढुं तस्मादाहारं संवर्त्तय इत्याद्यभिप्रायविशेषः स्थण्डिलविशेषे तृणानि परिस्तीर्य तदारुह्य सिद्धसमक्षं स्वत एव पञ्चमहाव्रतारोपणं करोति, ततश्चतुर्विधमप्याहारं प्रत्याख्याय पादपोपगमनाय शरीरं प्रत्याचष्टे, उत्तप्यमानकायोऽपि मूर्च्छन्नपि मरणसमुद्घातगो वा भक्ष्यमाणमांसशोणितोऽपि क्रोष्ट्रादिभिर्महासत्त्वतयाऽऽशंसित-महाफलविशेषस्ततो द्रव्यतो भावतोऽपि शुभाध्यवसायस्थानान्न स्थानान्तरं यायादिति दिक् ॥४६॥

હવે ભક્તપ્રત્યાખ્યાન આદિ મરણ વિશેષને કહે છે.

**સૂત્રાર્થ :- કરેલા અભિગ્રહ વિશેષમાં અશક્ત મુનિએ ભક્તપ્રત્યાખ્યાનાદિક અનશન કરવું જોઈએ.**

**ભાવાર્થ** :- ત્રણ વસ્તુયુક્ત સ્થવિરકલ્પી કે જિનકલ્પી હોય. ત્રણ પાત્ર, બે કલ્પ વડે સંયમમાં રહેલો મુનિ નિશ્ચે જિનકલ્પિક, પરિહારવિશુદ્ધિક, યથાલન્દિક અથવા પ્રતિમાયુક્ત આ સઘળામાંથી કોઈપણ એક સંયમયુક્ત હોય છે. આ બધા સંયમવંત મુનિમાં કોઈક મુનિને આવો અવસર ઉપસ્થિત થાય કે તે વિસ્તારયુક્ત તપ કરવામાં અશક્ત હોય. અથવા વાયુ વગેરેના ક્ષોભથી બિમાર હોય ત્યારે પોતે કહ્યું ન હોય છતાં પણ યોગ્ય કર્ત્તવ્યમાં સમર્થ અન્ય મુનિઓ કહે કે અમે તારૂં યથોચિત વૈયાવચ્ચ કરીશું એ પ્રમાણે આવેલા અનુપારિહારિક કલ્પમાં રહેલા મુનિઓ વડે કરાતું વૈયાવચ્ચની ઈચ્છા રાખીશ. એમ વિચારી તે પોતે સ્વીકારેલ આચારનું પાલન કરતો, કોઈ પણ કારણથી પીડા પામતો હોવા છતાં પણ, પ્રતિજ્ઞાને ભંગ નહિ કરીને સમાધિયુક્ત મનવાળો શરીર ત્યાગ માટે ભક્તપ્રત્યાખ્યાન અનશન કરે...! વળી, જે મુનિ ધીરજ, શક્તિ, સંઘયણ આદિ બલયુક્ત છે, લઘુકર્મી છે, પાત્ર તથા એક વસ્ત્રધારી છે, છતાં પણ તેની આ રીતની ભાવના થાય. "પોતે કરેલા કર્મના ફળ પોતાને જ મલે છે." તેથી હકીકતમાં કોઈ પણ જીવ સંસારમાં મને ઉપકાર કરનાર નથી. અને હું પણ કોઈ જીવનું દુઃખ કરવા સમર્થ નથી. નરકાદિ દુઃખથી રક્ષક પોતાને શરણ કરવા લાયક બીજો કોઈ જ નથી. તેથી જ જે રોગાદિક પીડાકારી સ્થિતિ આવી પડી છે તે મારા વડે જ કરાયેલી છે. બીજાના શરણની અપેક્ષા રહિત થઈ મારે જ સહન કરવું જોઈએ. એમ એકત્વભાવનાને ભાવતાં (૨) અધ્યવસાય યુક્ત આહાર તથા ઉપકરણની અલ્પતાયુક્ત, અલ્પ માંસ-લોહીથી યુક્ત, ગ્લાન થાય ત્યારે તપથી લુખ્ખુ અને સંતપ્ત શરીરને ઈચ્છિત સમયે આવશ્યક ક્રિયા કરવામાં અસમર્થ પોતાને માનતો ઉપવાસ કરે, છઠ્ઠ અથવા આયંબિલ આદિ અનુક્રમ વડે આહારનો સંક્ષેપ કરે. આવા અવસરે બાર વર્ષની સંલેખના *જે આનુપૂર્વી યુક્ત છે તે ન કરવી. કારણ કે ગ્લાનનું આયુ અથવા તો ધીરજ તેટલા કાળ સુધીની*

સંભવિત નથી. આથી તે કાલને (અલ્પ સમયને) યોગ્ય અનુક્રમથી દ્રવ્ય સંલેખના કરવા માટે આહાર ઉપર કંટ્રોલ કરે...!

જે પ્રતિમાધારી મુનિ હોય તે 'હું પ્રતિમાધારી સાથે લેવડ-દેવડનો વ્યવહાર કરીશ. આવો અભિગ્રહ ગ્રહણ કરે'. તેવો સાધુ સચેલક હોય કે અચેલક હોય, જ્યારે તેવા સાધુને શારીરિક પીડા હોય કે ન પણ હોય છતાં પણ પોતાનું આયુષ્ય અલ્પ છે. તેવું જાણીને લાંબાકાળે થતા મરણથી હું પીડાઉં છું. ખરેખર હવે હું આ તપથી રૂક્ષ શરીરને લાંબાકાળ સુધી ટકાવી રાખીને ક્રમપૂર્વક અનશન કરવા માટે સમર્થ નથી. તેથી આહારને અલ્પ કરી શુદ્ધ ભૂમિમાં ઘાસ પાથરીને તેના ઉપર આરૂઢ થઈને સિદ્ધો સમક્ષ પોતે જ પાંચ મહાવ્રતોનું આરોપણ (ફરીથી) કરે. ત્યાર પછી ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરીને શરીરને પાદપોપગમન અનશન કરવાનો આદેશ આપે, તે અનશન વખતે શરીર ઉપર તડકો પડે છતાં, મૂર્છિત થવા છતાં, મરણતુલ્ય વેદના થાય. શીયાળ આદિ તેના શરીરનું માંસ વિ. ખાય છતાં પણ મહાપરાક્રમી થઈ, ઈચ્છિત જે મહાફલ (મોક્ષ) તેના માટે દ્રવ્યથી અને ભાવથી પણ શુભ અધ્યવસાયમાં જ રહીને એક સ્થાનેથી બીજે સ્થાને ન જાય. એ પ્રમાણેનું દિશાસૂચન છે. ॥૪૬॥

अथ सर्वतीर्थकृत् कल्पानुसारेण तीर्थकृत्तपःकर्मव्यावर्णनात्मकोपधानश्रुताभिधानाया-भ्युद्यतमरणावस्थितो भगवतस्तीर्थकृतः समवसरणस्थस्य प्राणिहिताय धर्मदेशनां विदधतो ध्यानं कुर्यादित्येतत्प्रतिपादनार्थं च श्रीवीरवर्धमानस्वामिनश्चर्यादिकमाचष्टे–

**श्रीमहावीरचर्याविधिमनुस्मरेत् ॥ ४७ ॥**

**श्रीमहावीरेति,** भगवान् श्रीवर्धमानस्वामी उद्यतविहारं प्रतिपद्य सर्वालङ्कारं परित्यज्य पञ्चमुष्टिकं लोचं विधाय हेमन्ते मार्गशीर्षकृष्णदशम्यां प्राचीनगामिन्यां छायायां प्रवज्या गृहीत्वेन्द्रक्षिप्तैकदेवदूष्ययुतः कृतसामायिकप्रतिज्ञ आविर्भूतमनःपर्यायज्ञानोऽष्टविधकर्मक्षयार्थं तीर्थप्रवर्त्तनार्थञ्चोत्थायानन्तरमेव विहरन् मुहूर्त्तशेषे दिवसे कुण्डग्रामात्कुर्मारग्राममवाप्य नानाविधाभिग्रहोपेतो घोरान् परीषहोपसर्गानधिसहमानो महासत्त्वतया म्लेच्छानप्युपशमं नयन् द्वादशवर्षाणि साधिकानि छद्मस्थो मौनव्रती तपश्चचार, देवदूष्यं मध्यस्थवृत्त्यैवावधारितं न तु भोगलज्जादीच्छया, साधिकसंवत्सरकालं तद्वस्त्रमासीत्, ततस्तद्व्युत्सृज्याचेलोऽभूत्, ईर्यासमित्या गच्छन् वसतिषु वा व्यवस्थितो बालकवनितादिभिः क्रियमाणोपसर्गोऽपि वैराग्यमार्गव्यवस्थितो धर्मध्यानं शुक्लध्यानं वा ध्यायति, कुतश्चिन्निमित्ताद्गृहस्थैः पृष्टोऽपृष्टो वा न वक्ति न वा मोक्षपथमतिवर्त्तते ध्यानं वा, अभिवादयतो नाभिभाषते नाप्यनभिवादयद्भ्यः कुप्यति, अनार्यदेशादौ पर्यटन्ननार्यैः कृतप्रतिकूलोपसर्गोऽपि नान्यथाभावं याति तथा

पृथिव्यादीनि चित्तवन्तीत्यभिज्ञाय तदारम्भं परिवर्ज्य विहरति स्म, नापि मृषावादादिक-मङ्गीचकार, तदेवं हिंसादिपरिहारेण स परमार्थदर्श्यभूत्, आधाकर्मादिसेवनयाऽष्टविधकर्मणो बन्धं दृष्ट्वा नासौ तत्सेवते परवस्त्रपात्रादीन्न वाऽऽसेवते नास्य रसेषु गार्द्ध्यम्, नापि काष्ठादिना गात्रस्य कण्डूव्यपनोदं विधत्ते मार्गादौ केनचित्पृष्टो न ब्रूते मौनेन गच्छत्येव केवलम्, अध्वनि शिशिरे सति बाहू प्रसार्यैव पराक्रमते न तु शीतार्दितः सङ्कोचयति नापि स्कन्धेऽवलम्ब्य तिष्ठतीत्येवं चर्यां भगवतो विज्ञायान्येऽपि मुमुक्षवः साधवोऽशेषकर्मक्षयाय गच्छेयुरिति ॥४७॥

હવે સર્વતીર્થંકરોના આચારના અનુસરણપૂર્વક તીર્થંકર ભગવંતે કર્મને દૂર કરવાના વર્ણનપૂર્વક જે તપ કરેલ તે તપના સ્વરૂપ ઉપધાનશ્રુત તેને કહેવાને માટે (પૂર્વક) મરણ આવે છતે તીર્થંકર ભગવાન મહાવીરે સમવસરણમાં રહીને પ્રાણીઓના હિત માટે ધર્મદેશનાને કરતાં જે ધ્યાન કર્યું તે જણાવવા માટે શ્રી વર્ધમાનસ્વામિની ચર્યાદિ કહે છે.

**સૂત્રાર્થ :- શ્રી મહાવીરસ્વામીની ચર્યાવિધિ (દિનચર્યા) યાદ કરવી જોઈએ.**

**ભાવાર્થ** :- ભગવાનશ્રી મહાવીરસ્વામીએ સર્વ અલંકારોનો ત્યાગ કરી, પંચમુષ્ટિ લોચ કરીને, ઉદ્યતવિહાર સ્વીકારીને, હેમંતઋતુની માગશર વદ દસમે પૂર્વદિશામાં છાયા ગયે છતે પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને, ઈન્દ્રે આપેલ (દીધેલ) ફક્ત એક દેવદૂષ્ય વસ્ત્ર સાથે, સામાયિકની પ્રતિજ્ઞાપૂર્વક ઉત્પન્ન થયેલા મનઃપર્યવજ્ઞાનથી યુક્ત થઈ, આઠ કર્મના નાશ માટે તેમજ તીર્થસ્થાપના કરવા માટે તરત જ વિહાર કરતાં દિવસનું જ્યારે એક મુહૂર્ત્ત બાકી રહ્યું ત્યારે ક્ષત્રિયકુંડ ગ્રામથી કુર્મારગામમાં જઈને અનેક પ્રકારના અભિગ્રહથી યુક્ત, ઘોર ઉપસર્ગ પરિષહને સહન કરતાં મહાસત્ત્વથી યુક્ત મ્લેચ્છોને પણ ક્ષમાભાવ પમાડતાં સાડા બાર વર્ષ સુધી મૌનપૂર્વક છદ્મસ્થ અવસ્થામાં તપની આચરણા કરી, ભોગ, લજ્જા આદિ ઈચ્છાથી નહીં. પરંતુ, મધ્યસ્થ વૃત્તિથી જ દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કર્યું. તે વસ્ત્ર એક વર્ષ ઉપરાંત રહ્યું. તે વસ્ત્ર છોડ્યા પછી ભગવાન અચેલક રહ્યા.

ઈર્યાસમિતિપૂર્વક વિહાર કરતાં અથવા તો વસતિમાં રહેલા પ્રભુ બાળક-સ્ત્રી આદિ વડે કરાતા ઉપસર્ગમાં પણ વૈરાગ્યમાર્ગમાં સ્થિર રહીને ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં રહે છે. કોઈપણ કારણસર ગૃહસ્થો પૂછે અથવા ન પણ પૂછે છતાં ભગવાન બોલતા નથી. મોક્ષમાર્ગ કે ધ્યાનનું ઉલ્લંઘન કરતા નથી. નમસ્કાર કરનારની સાથે બોલતા નથી. નહીં કરનાર ઉપર ગુસ્સે થતા નથી. અનાર્ય દેશમાં વિચરતા હોય ત્યારે અનાર્ય વડે ઉપસર્ગ કરાય છતાં પણ સ્વભાવમાં સ્થિર રહે છે. તેમજ પૃથ્વીકાયાદિ સજીવ છે તેવું જાણીને તેના આરંભને ત્યજીને વિચરતા હતા. મૃષાવાદાદિકને પણ સ્વીકારતા નહતા. આ રીતે હિંસાદિનો ત્યાગ કરવાથી તે વર્ધમાનસ્વામી પરમાર્થદર્શી થયા. આધાકર્મી આદિના આસેવનથી આઠ પ્રકારના કર્મનો બંધ થાય છે. તે જોઈને તેઓ આધાકર્માદિનું સેવન કરતા નથી. બીજાના વસ્ત્ર-પાત્ર આદિ પણ વાપરતા નથી.

શ્રી વર્ધમાનસ્વામીને રસમાં આસક્તિ નથી. શરીરમાં ખણજ આવે તો પણ લાકડા આદિ વડે ખણતા નથી. રસ્તા વિગેરેમાં કોઈક પૂછે છતાં જવાબ દેતા નથી. માત્ર મૌનપૂર્વક ચાલે છે.

રસ્તામાં શિયાળામાં પણ હાથ લાંબા કરવાપૂર્વક ચાલે છે. પરંતુ ઠંડીની પીડામાં પણ હાથ સંકોચતા નથી. અથવા તો ખભા ઉપર હાથ રાખતા નથી.

આ રીતની દિનચર્યા પરમાત્માની જાણીને મોક્ષમાં જવાની ઈચ્છાવાળા સાધુઓએ સમસ્ત કર્મના નાશ માટે પ્રયત્ન કરવો જોઈએ. ॥૪૭॥

तस्य वसत्यादिविधानमाह–

**चरमपौरुषीप्राप्तिस्थान एवाप्रमादी समो ध्याता ॥ ४८ ॥**

**चरमेति,** अभिग्रहविशेषाभावाद्यत्रैव शून्यगृहे वा सभायां वा प्रपायां वाऽऽपणेषु वा श्मशाने वृक्षमूले वा चरमपौरुषी भवति तत्रैवाऽनुज्ञाप्य स्थितो जगत्त्रयवेत्ता स मुनिर्निश्चितमनाः प्रकर्षेण त्रयोदशवर्षं यावत्समस्तां रात्रिं दिनमपि यतमानो निद्रादिप्रमादरहितो यथा भगवतो द्वादशसंवत्सरेषु मध्येऽस्थिकग्रामे व्यन्तरोपसर्गान्ते कायोत्सर्गव्यवस्थितस्यैवान्तर्मुहूर्त्तं यावत् स्वप्नदर्शनाध्यासिनः सकृन्निद्राप्रमाद आसीत् ततोऽपि चोत्थायात्मानं कुशलानुष्ठाने प्रवर्त्तयति, यत्रापीषच्छय्याऽऽसीत्तत्रापि न स्वापाभ्युपगमपूर्वकं शयितः, तथा निद्राप्रमादाद्व्युत्थितचित्तः संसारपातायायं प्रमाद इत्येवमवगच्छन्नप्रमत्तः संयमोत्थानेनोत्थाय यदि तत्रान्तर्व्यवस्थितस्य कुतश्चिन्निद्राप्रमादः स्यात्ततस्तस्मान्निष्क्रम्यैकदा शीतकालरात्र्यादौ बहिश्चंक्रम्य मुहूर्त्तमात्रं निद्राप्रमादापनयनार्थं ध्याने स्थितवान्, तदेवं वसतिस्थानेषु सोऽहिनकुलादिकृतान् गृध्रादिकृतान् चौरादिकृतान् ग्रामरक्षकादिकृताननुकूलप्रतिकूलरूपान् भीमानुपसर्गान् समितस्सदाऽधिसहते, दुष्प्रणिहितमानसैः को भवानिति पृष्ट उत्तराप्रदानेन कषायितैर्यदि दण्डमुष्ट्यादिताडनतोऽनार्यत्वमाद्रियते तदा ध्यानोपगतचित्तः सन् सम्यक्तितिक्षते, कदाचिद्भिक्षुरस्मीत्येतावन्मात्रं भगवतोत्तरितं निशम्य मोहान्धा यदि तूर्णमस्मात्स्थानान्निर्गच्छेति ब्रूयुस्ततो भगवानचियत्तावग्रह इति कृत्वा निर्गच्छति, यदि वा न निर्गच्छति किन्तु सोऽयमुत्तमो धर्म इति कृत्वा कषायितेऽपि तस्मिन् गृहस्थे स तूष्णीम्भावव्यवस्थितो न ध्यानात् प्रच्यवते । तथा लाढेषु वज्रभूमिशुभ्रभूमिस्वरूपेण द्विरूपेषु विहरंस्तज्जानपदाचरितान् बहून् प्रतिकूलानुपसर्गान् समतया सहमानः षण्मासावधि कालं स्थितवान् । एवं कासश्वासादिद्रव्यरोगाणां देहजानां भगवतोऽभावेऽप्यसद्वेदनीयादिभिर्भावरोगैः स्पृष्टोऽस्पृष्टोऽप्यवमौदर्यं विधत्ते, न वा श्वभक्षणादिभिरागन्तुकद्रव्यरोगैः स्पृष्टोऽपि द्रव्यौषधाद्युपयोगतः

पीडोपशमं प्रार्थयति, आहारादिकमपि षष्ठेनाष्टमेन दशमेन द्वादशेन वा कदाचिच्छरीरसमाधिं प्रेक्षमाणो भुंक्ते ग्रासैषणादोषपरिहारेण बुभुक्षार्थिनां केषामपि पथि वृत्तिव्यवच्छेदमकुर्वन्न-न्वेषितं ग्रासं सम्यग्योगप्रणिधानेनासेवते, न त्वलब्धेऽपर्याप्तेऽशोभने ग्रास आत्मानमाहार-दातारं वा जुगुप्सते, लाभेऽलाभे वा स उत्कटुकाद्यासनस्थोऽन्तःकरणविशुद्धिं प्रेक्षमाणो लोकत्रयवर्त्तिभावपदार्थान् द्रव्यपर्यायनित्यानित्यादिरूपतया धर्मेण शुक्लेन वा ध्यायति, न वा मनोऽनुकूलेषु रागं प्रतिकूलेषु द्वेषं करोति, छद्मस्थोऽपि सकृदपि न कषायादिकं विधत्ते, स्वयमेव तत्त्वमभिसमागम्य विदितसंसारस्वभावः स्वयम्बुद्ध आत्मकर्मक्षयोपशमोपशम-क्षयलक्षणया शुद्ध्या मनोवाक्कायात्मकं योगं सुप्रणिहितं विधाय शान्तो मायादिरहितः समितो गुप्तश्च शुक्लध्यानात्कृतघातिक्षयः केवली सन् तीर्थप्रवर्त्तनायोद्यतवानिति, भगवदाचीर्णं नवब्रह्मचर्य्यं सञ्चिन्त्यापरेणापि मुमुक्षुणात्महितार्थं पराक्रम्येतेति ॥ ४८ ॥

તેમના (શ્રી વર્ધમાનસ્વામિની) વસતિ આદિના વિધાનને કહે છે.

**સૂત્રાર્થ :- છેલ્લી પોરિસીમાં મળેલા સ્થાને જ અપ્રમાદી થઈ સમભાવમાં ધ્યાન કરતા રહે છે.**

**ભાવાર્થ :-** વિશેષ અભિગ્રહ ન હોવાથી, શૂન્ય ઘરમાં, સભામાં, પરબ ઉપર, દુકાન, સ્મશાન અથવા તો વૃક્ષ નીચે જયાં પણ છેલ્લી પોરિસી થાય ત્યાં જ રજા મેળવીને, નિશ્ચલમનપૂર્વક, ત્રણ જગતના જ્ઞાતા, શ્રી વર્ધમાનસ્વામી લગભગ તેર વર્ષ (સાડા બાર વર્ષ) સુધી સંપૂર્ણ રાત-દિવસ જયણાપૂર્વક તેમજ નિદ્રાદિ રહિત હતા. (ફક્ત શૂલપાણિના ઉપસર્ગમાં મુહૂર્ત્ત નિદ્રા આવી તે પ્રસંગ જણાવે છે.)

બાર વર્ષ દરમ્યાન એક વખત ભગવાન અસ્થિકગ્રામમાં હતા. ત્યારે વ્યંતર શૂલપાણિના ઉપસર્ગ પછી કાયોત્સર્ગમાં રહેલા જ પ્રભુને અંતર્મુહૂર્ત્ત જેટલી સ્વપ્ન જોવાપૂર્વકની નિદ્રા આવી આટલો જ પ્રમાદ થઈ ગયો ત્યારે તેમાંથી તરત જ આત્માને જાગૃત કરીને ફરીથી કુશલાનુષ્ઠાનમાં પ્રવર્ત્તન કરાવ્યું. જ્યાં થોડી પણ અનુકૂલ શય્યાદિ મળ્યું. ત્યાં પણ સૂવાના ઈરાદાથી સૂતા નહીં. નિદ્રારૂપ પ્રમાદથી જાગૃત ચિત્તવાળા થઈ. આ પ્રમાદ સંસારમાં પાડવાવાળો છે. એવું જાણતાં સંયમ જાગૃતિમાં અપ્રમત્તપણાથી જાગૃત થઈને જો તે અનુકૂલ શય્યામાંથી (વસતિમાંથી) બહાર આવી. કોઈક વખત શિયાળાની રાત્રિમાં પણ બહાર નીકળીને મુહૂર્ત્ત પ્રમાદ કાળ નિદ્રારૂપ પ્રમાદને દૂર કરવા ધ્યાનમાં રહ્યા. તે વસતિ સ્થાનોમાં તે વર્ધમાનસ્વામી સર્પ, નોળીયો, ગીધ, ચૌરાદિ, ગ્રામરક્ષક આદિ વડે કરાયેલા અનુકૂલ તેમજ પ્રતિકૂળ ભયંકર ઉપસર્ગોને સમભાવપૂર્વક હંમેશા સહન કરે છે. દુષ્ટ વૃત્તિવાળા લોકો તમે કોણ છો ? એમ પૂછે ત્યારે જવાબ ન દેવાથી ગુસ્સે થયેલા તે લોકો લાકડી, ઘુમ્મા વિગેરેથી મારીને અનાર્યપણાને સ્વીકારે તો પણ ધ્યાનને પ્રાપ્ત ચિત્તપૂર્વક તેઓ સારી રીતે સહન કરે છે. *ક્યારેક 'હું ભિક્ષુ છું' એટલો જ ભગવાન જવાબ*

આપે તે સાંભળીને મોહાંધ એવા તે લોકો કહે કે આ જગ્યાથી બહાર નીકળો તો અચિયત્ત અવગ્રહ છે એમ જાણી ભગવાન નીકળી જતા. અથવા તો ન નીકળે ને ગૃહસ્થ ગુસ્સો કરે તો પણ આ પણ ઉત્તમધર્મ છે એ પ્રમાણે કરીને મૌનપૂર્વક ધ્યાનથી ચલાયમાન થતા નથી.

લાઢભૂમિ, વજ્જભૂમિ, શુભ્રભૂમિ આદિમાં વિચરતાં તે ગામના લોકો વડે કરાતા ઘણા જ પ્રતિકૂળ ઉપસર્ગોને સમતાથી સહન કરતાં છ મહિના સુધી રહ્યા. જો કે ખાંસી, શ્વાસ આદિ દેહથી થતા દ્રવ્ય રોગનો અભાવ છે ભગવાનને છતાં પણ અશુભવેદનીય આદિ ઉદયને કારણે થતાં ભાવરોગ વડે યુક્ત હોય કે અયુક્ત હોય છતાં પણ પોતાને ભૂખ હોય તેનાથી ઓછું ભોજન કરતાં કૂતરાદિ બચકા ભરે ઈત્યાદિ આવી પડતાં દ્રવ્યરોગના સમયે પણ દ્રવ્યૌષધથી પીડાને દૂર કરવા ઈચ્છતા નથી. છઠ્ઠ, અઠ્ઠમ, દશમ (૪), દુવાલસ (૫) આદિ કરવાપૂર્વક ક્યારેક આહારાદિકને પણ શરીરની સમાધિ રહે તે માટે ગ્રહણ કરે છે. તે આહાર પણ ગ્રાસૈષણાદિ દોષ વિના કોઈપણ ભૂખ્યાની આજીવિકાનું ખંડન નહીં કરતાં મેળવી ભિક્ષા સારી રીતે ઉપયોગ પ્રણિધાનપૂર્વક ગ્રહણ કરે છે. આહાર ન મળે અથવા ઓછો મલે, ખરાબ મળે તો પણ પોતાની આહારની કે દાતારની નિંદા કરતા નથી. આહાર મળે કે ન મળે તો પણ તે વર્ધમાન સ્વામી ઉત્કટુકાદિ આસનમાં રહીને અંતઃકરણની વિશુદ્ધિને જોતા, ત્રણલોકમાં રહેલા સદ્ભૂત પદાર્થોને, દ્રવ્ય, પર્યાય, નિત્ય-અનિત્ય આદિ સ્વરૂપ વડે ધર્મ કે શુક્લ ધ્યાન વડે વિચારે છે. મનને અનુકૂલ પ્રત્યે રાગ અને પ્રતિકૂલ પ્રત્યે દ્વેષ કરતા નથી. છદ્મસ્થ હતા તે છતાં એક વખત પણ કષાયાદિ નથી કરતાં.

પોતાની જાતે જ તત્ત્વ જાણીને, સંસારનો સ્વભાવ જેણે જાણ્યો છે તેવા સ્વયં બુદ્ધ ભગવાન આત્મા અને કર્મના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયરૂપ શુદ્ધિ વડે મન-વચન-કાયારૂપ યોગને સુપ્રણિહિત કરીને, શાંત, માયાદિથી રહિત, પાંચ સમિતિથી યુક્ત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, શુક્લધ્યાનથી ઘાતીકર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાની બનીને તીર્થ પ્રવર્ત્તાવવા માટે યત્ન કર્યો એ પ્રમાણે.

ભગવાન વર્ધમાનસ્વામીએ જે નવબ્રહ્મચર્યની ગુપ્તિનું આચરણ કર્યું તેનું સ્વરૂપ વિચારીને બીજા આત્મહિતાર્થી મુમુક્ષુઓએ પણ પરાક્રમયુક્ત બનવું જોઈએ. એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૪૮॥

अथाग्रश्रुतस्कन्धं पूर्वोक्तार्थविशेषाभिधायिनमारभते–

**अथाग्रश्रुतस्कन्धः ॥ ४९ ॥**

**अथेति,** नवब्रह्मचर्याध्ययनात्मकप्रथमश्रुतस्कन्धसारार्थवर्णनानन्तरमित्यर्थः, अग्रश्रुतस्कन्ध इति, अग्रस्य नामादिभिर्निक्षेपे कर्त्तव्ये नामस्थापनयोः प्रसिद्धत्वाद्द्रव्यनिक्षेपेऽपि ज्ञशरीरभव्यशरीरद्रव्यनिक्षेपस्य स्फुटत्वाच्च व्यतिरिक्तं द्रव्याग्रं सचित्ताचित्तमिश्रभेदेन त्रिविधं भाव्यम् । एतेषां यदग्रं तद्द्रव्याग्रम् । अवगाहनाग्रं यद्यस्य द्रव्यस्याधस्तादवगाढं तदवगाहनाग्रं

यथा मनुष्यक्षेत्रे मन्दरवर्जानां पर्वतानामुच्छ्रयचतुर्भागो भूमाववगाढ इति, मन्दराणान्तु योजनसहस्रमिति । आदेशाग्रञ्च यत्र परिमितानामादेशो दीयते यथा त्रिभिः पुरुषैः कर्म कारयति तान् वा भोजयतीति । कालाग्रमधिकमासकः । क्रमाग्रं परिपाट्या यदग्रं तत्, एतद्द्रव्यक्षेत्रकालभावतो भवति, एकाणुकाद्व्यणुकं ततस्त्र्यणुकमित्यादि द्रव्याग्रम् । एकप्रदेशावगाढाद्द्विप्रदेशावगाढं ततस्त्रिप्रदेशावगाढमित्यादि क्षेत्राग्रम् । एकसमयस्थितिकाद्द्विसमयस्थितिकं ततस्त्रिसमयस्थितिकमित्यादि कालाग्रम्, एकगुणकृष्णाद्द्विगुणकृष्णं ततस्त्रिगुणकृष्णमित्यादि भावाग्रमिति । गणनाग्रमेको दश शतं सहस्रमित्यादि । सञ्चयाग्रं सञ्चितस्य द्रव्यस्य यदुपरि तत्सञ्चयाग्रं यथा ताम्रोपस्करस्योपरि शङ्खः । भावाग्रन्तु प्रधानप्रभूतोपकाराग्रभेदेन त्रिविधम्, आद्यं सचित्तादिभेदेन त्रिविधं सचित्तमपि द्विपदादिभेदात्त्रिधा, तत्र द्विपदेषु तीर्थकरश्चतुष्पदेषु सिंहः, अपदेषु कल्पवृक्षः, अचित्तं वैडूर्यादि, मिश्रं तीर्थकर एवालङ्कृतः । प्रभूताग्रन्त्वापेक्षिकम्, यथा जीवपुद्गलसमयद्रव्यप्रदेशपर्यवेषु यथोत्तरमग्रम्, पर्यायाग्रन्तु सर्वाग्रम् । उपकाराग्रञ्च पूर्वोक्तस्य विस्तरतोऽनुक्तस्य च प्रतिपादनादुपकारे यद्वर्त्तते तत्, यथा दशवैकालिकस्य चूडे, द्वितीयो वा श्रुतस्कन्ध आचारस्य, स एवात्र च सारतया व्याख्यायत इति ॥ ४९ ॥

પૂર્વોક્ત અર્થ જે બાકી હતો તેને જણાવતાં 'અગ્રશ્રુતસ્કંધ' હવે કહે છે.

**સૂત્રાર્થ :- હવે અગ્રશ્રુતસ્કંધનું વર્ણન કરે છે.**

**ભાવાર્થ :-** એ પ્રમાણે કહેવા દ્વારા આ વાત જણાવે છે કે નવબ્રહ્મચર્ય અધ્યયનરૂપ પ્રથમ શ્રુતસ્કંધના સારભૂત અર્થના વર્ણન પછી તરત જ એ પ્રમાણે अथ શબ્દનો ભાવાર્થ છે. अग्रश्रुतस्कन्ध એ પ્રમાણે કહીને શરૂઆત કરે છે. अग्र શબ્દનો નામાદિથી નિક્ષેપ કરતી વખતે નામ-સ્થાપના તો પ્રસિદ્ધ છે. જ્ઞશરીર, ભવ્યશરીર પણ પ્રગટ જ છે. તદ્વ્યતિરિક્ત જે દ્રવ્યાગ્ર છે તે સચિત્ત, અચિત્ત, મિશ્ર એમ ત્રણ ભેદે છે. આ બધાનું જે અગ્ર તે દ્રવ્યાગ્ર છે. 'અવગાહનાગ્ર (ક્ષેત્ર)' જે તે દ્રવ્યનું નીચેનું ભૂમિમાં ફેલાવવારૂપ જે ક્ષેત્ર તે અવગાહનાગ્ર. જેમકે મનુષ્યક્ષેત્રમાં સર્વ પર્વતો પોતપોતાની અવગાહનાથી ચોથા ભાગે ભૂમિમાં છે મેરૂપર્વત એક હજાર યોજન પૃથ્વીમાં છે. 'આદેશાગ્ર' જ્યાં પરિમિત પ્રમાણવાળાને જ આદેશ દેવાય તે - જે ત્રણ પુરૂષો પાસે કામ કરાવે છે. અથવા તો ત્રણ પુરૂષોને જમાડે છે. 'કાલાગ્ર' અધિક માસ 'ક્રમાગ્ર' અનુક્રમમાં જે મુખ્ય હોય તે. આ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી अग्र થાય છે. એકાણુક (પરમાણુ)થી દ્વયણુક, ત્યારબાદ ત્ર્યણુક એ સર્વે દ્રવ્યાગ્ર છે. એક પ્રદેશાવગાહી કરતાં દ્વિપ્રદેશાવગાહી તેનાથી અધિક ત્રિપ્રદેશાવગાહી એ સર્વ ક્ષેત્રાગ્ર છે. એક સમયની સ્થિતિવાળું, બે સમયની સ્થિતિવાળું, ત્રણ સમયની સ્થિતિવાળું અણુ તે કાલાગ્ર છે. એકગુણ કૃષ્ણથી, દ્વિગુણ કૃષ્ણ તેનાથી ત્રિગુણ કૃષ્ણ

ઈત્યાદિ ભાવાગ્ર છે. ગણતરીમાં (સંખ્યામાં) 'અગ્ર' એક, દશ, સો, હજાર ઈત્યાદિ સંચયાગ્ર છે. એકઠા કરેલા (સંચિત કરેલા) દ્રવ્યની ઉપર બીજુ સંચિતદ્રવ્ય. જેમકે તાંબાના શણગાર ઉપર (વસ્તુ પર) મૂકેલો શંખ પ્રધાનાગ્ર, પ્રભૂતાગ્ર, ઉપકારાગ્રના ભેદથી ભાવાગ્ર ત્રણ પ્રકારે છે. પ્રથમ પ્રધાનાગ્ર તે સચિત્તાદિ ભેદ વડે ત્રણ પ્રકારે છે. સચિત્ત પણ દ્વિપદાદિ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં દ્વિપદમાં તીર્થંકર પ્રધાન (શ્રેષ્ઠ) ચતુષ્પદમાં સિંહ પ્રધાન અને અપદમાં પ્રધાન કલ્પવૃક્ષ છે. અચિત્ત પ્રધાનમાં વૈડૂર્યરત્ન આદિ છે, મિશ્ર પ્રધાનમાં અલંકૃત થયેલા તીર્થંકર છે. 'પ્રભૂતાગ્ર' તે આપેક્ષિક છે. જેમ જીવ-પુદ્ગલ-સમય-દ્રવ્ય-પ્રદેશ-પર્યાય વિગેરેમાં અનુક્રમે કરીને 'અગ્ર' (પ્રધાન-શ્રેષ્ઠ) હોય છે તે 'પર્યાયાગ્ર' તે સર્વથી શ્રેષ્ઠ છે.

'ઉપકારાગ્ર' તે પૂર્વોક્તનો જે વિસ્તાર અને પૂર્વે અનુક્તનું જે કથન તેનાથી જે ઉપકારી બને તે ઉપકારાગ્ર. જેમ દશવૈકાલિકની બે ચૂલિકા, આચારાંગનો બીજો શ્રુતસ્કંધ તે જ આ રીતે અત્યારે આચારાંગનો દ્વિતીય શ્રુતસ્કંધ સારપણાવડે કરીને વ્યાખ્યા કરાય છે. એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૪૯॥

तस्य पञ्च चूडा भवन्ति पिण्डैषणाया आरभ्यावग्रहप्रतिमापर्यन्तं प्रथमचूडा सप्तसप्तकैका द्वितीया, भावना तृतीया, विमुक्तिश्चतुर्थी, आचारप्रकल्पो निशीथः पञ्चमीति तत्र प्रथमां वक्तुं पिण्डैषणामाह–

**कारणैराहारार्थी प्राण्यादिसंसक्तं रजोऽवगुण्ठितमार्द्रं नाहरेत् ॥५०॥**

**कारणैरिति,** वेदनावैयावृत्त्येर्यासंयमप्राणप्रत्ययधर्मचिन्तानान्यतमैः कारणैरित्यर्थः, कारणैरेभिर्मूलोत्तरगुणधारी नानाविधाभिग्रहरतो भावभिक्षुराहारग्रहणं करोति, अहमत्र भिक्षां लप्स्य इति भिक्षालाभप्रतिज्ञया गृहस्थगृहानुप्रविष्टस्तत्र चतुर्विधमप्यशनाद्याहारं प्राणिपनकजीवसंस्पृष्टं गोधूमादिबीजैर्दूर्वाङ्कुरादिहरितैः संसक्तं सचित्तेन रजसा परिवेष्टितं शीतजलक्लिन्नमीदृशञ्चान्यदप्यनेषणीयं लब्धं सदपि नोत्सर्गतो गृह्णीयात्, अपवादतस्तु दुर्लभद्रव्यं साधारणद्रव्यलाभरहितं सरजस्कादिभावितं वा क्षेत्रं दुर्भिक्षादिकालं ग्लानादिभावं ज्ञात्वाऽल्पबहुत्वं पर्यालोच्य गीतार्थो गृह्णीयात्, कदाचिदनाभोगात्संसक्तादिकं गृहीतञ्चेत्तदा तदादायाण्डादिदोषरहिते आरामादिके स्थण्डिले गत्वा प्रत्युपेक्षणप्रमार्जनादिविधिना तत्परिष्ठापयेदिति ॥ ५० ॥

તેની (ઉપકારાગ્રની) પાંચ ચૂલિકા છે. પિણ્ડૈષણા, અધ્યયનથી માંડીને (લઈને) અવગ્રહપ્રતિમા અધ્યયન સુધીની પ્રથમ ચૂલિકા, સપ્તસપ્તકૈકા નામની બીજી, ભાવના અધ્યયન ત્રીજી અને વિમુક્તિ અધ્યયન ચોથી ચૂલિકા, નિશીથસૂત્રની આચાર પ્રકલ્પ એ પાંચમી ચૂલિકા. આ પાંચમાંથી પહેલી પિણ્ડૈષણાને જણાવે છે.

**સૂત્રાર્થ :-** **સાધુને આહાર કરવાના છ કારણમાંથી કોઈપણ કારણસર જ આહારનો અર્થી સાધુ, પ્રાણિ (જીવ) આદિથી સંસ્કૃત, સચિત્તરજથી ખરડાયેલું અથવા તો જલથી ભીનું એવું ભોજન ન કરે.**

**ભાવાર્થ :-** (૧) ક્ષુધાવેદના સહન ન થાય ત્યારે, (૨) વૈયાવચ્ચ કરવા માટે (૩) ઈર્યા-સમિતિના પાલન માટે (૪) સંયમ પાલન માટે (૫) પ્રાણ રક્ષણ માટે (૬) ધર્મચિંતન માટે, આ છ કારણમાંથી કોઈપણ કારણ હોય ત્યારે અનેક પ્રકારના અભિગ્રહમાં રક્ત-ભાવસાધુ આહાર ગ્રહણ કરે છે. 'મને અહીં ભિક્ષા મળશે' એવા ભિક્ષાના લાભના આશયપૂર્વક ગૃહસ્થના ઘરમાં પ્રવેશેલ મુનિ જો અશનાદિ ચારે પ્રકારનો આહાર-પ્રાણિ-લીલફૂગ વિ. જીવો વડે સ્પર્શાયેલો હોય, ઘઉં આદિ બીજ અથવા તો દુર્વા (ઘાસ) અંકુરા આદિ વનસ્પતિ વડે યુક્ત હોય. અથવા તો સચિત્તરજથી યુક્ત હોય કે કાચાપાણીથી ભીનું હોય તેવા પ્રકારનું અનેષણીય મળે છતાં પણ ઉત્સર્ગથી ગ્રહણ ન કરે. અપવાદ માર્ગે તો દ્રવ્યથી દુર્લભ દ્રવ્ય હોય, ક્ષેત્રથી જે ક્ષેત્રમાં સાધારણ (સામાન્ય) દ્રવ્યનો લાભ તેનો પણ અભાવ હોય. રજ વિ.થી યુક્ત હોય તો પણ, કાલથી દુર્ભિક્ષાદિકાલ હોય તો અને ભાવથી ગ્લાનાદિ માટે લેવાનું હોય તો, તેમાં ઓછો કે વધારે દોષ વિ. જાણી-વિચારીને ગીતાર્થ મુનિ લઈ શકે. ક્યારેક ભૂલથી સંસ્કૃત આદિ દ્રવ્ય લઈ લીધું હોય તો તે લઈને અંડાદિ દોષ રહિત બગીચા વિ.ની શુદ્ધભૂમિમાં જઈ ચારે બાજુ નજર કરી દૃષ્ટિ પ્રમાર્જના કરી વિધિપૂર્વક તે આહાર પરઠવે. ॥૫૦॥

अगारिगृहप्रवेशे किं कश्चिन्नियमोऽस्ति न वा, अस्तीत्याह-

**तीर्थिकगृहस्थापरिहारिकैर्न प्रविशेत् ॥ ५१ ॥**

**तीर्थिकेति**, अन्यतीर्थिकैः सरजस्कादिभिः गृहस्थैः पिण्डोपजीविभिर्धिग्जातिप्रभृतिभिः पार्श्वस्थावसन्नकुशीलयथाच्छन्दरूपैरपरिहारिकैः सहागारिगृहं न प्रविशेत्, उपलक्षणेन पूर्वं प्रविष्टो वा न निष्क्रामेदित्यपि विवक्षितम् । अन्यतीर्थिकैर्गृहस्थैर्वा सह प्रवेशे ते पृष्ठतो वा गच्छेयुरग्रतो वा, अग्रतो यदि साध्वनुमत्या गच्छेयुस्तर्हि तत्कृतेर्याप्रत्ययः कर्मबन्धः प्रवचनलाघवञ्च स्यात्, तेषां वा स्वजात्युत्कर्षो भवेत् । अथ पृष्ठतो गच्छेयुस्तर्हि तत्प्रद्वेषः, दातुर्वाऽभद्रकस्य स्यात्, लाभं संविभज्य दात्रा प्रदानादवमौदर्यादौ दुर्भिक्षादौ प्राणवृत्तिर्न स्यादित्यादयो दोषा भवेयुः, अपरिहारिकेण सह प्रवेशेऽनेषणीयभिक्षाग्रहणाग्रहणकृता दोषाः स्युः, अनेषणीयग्रहणे हि तत्प्रवृत्तिरनुज्ञाता भवेत्, अग्रहणे तु तैः सह क्लेशादयो दोषाः स्युरतो दोषानेतान् विज्ञाय साधुर्गृहपतिकुलं न तैः सह प्रविशेन्नापि निष्क्रामेत्, एवं तैः सह *विचारभूमिं स्वाध्यायभूमिं वा न यायादिति ॥ ५१ ॥*

ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવાનો કોઈ નિયમ છે કે નહીં ? તેના જવાબમાં નિયમ છે એમ કહે છે.

**સૂત્રાર્થ :- અન્ય તીર્થિક, ગૃહસ્થ, અપરિહારીકની સાથે (ગૃહસ્થના ઘરમાં) પ્રવેશ ન કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** અન્યતીર્થિક, સચિત્ત રજ આદિથી યુક્ત ગૃહસ્થ, ભિક્ષાર્થી જીવન જીવતા, હલકી જાતિવાળા, પાર્શ્વસ્થ, અવસન્ન-કુશીલ-યથાછંદરૂપ અપરિહારિકની સાથે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ ન કરવો જોઈએ. અહીં ઉપલક્ષણથી એમ સમજવું કે જો આ સઘળા મુનિની પહેલાં ગૃહસ્થના ઘરમાં ભિક્ષાદિ હેતુથી ગયેલા હોય તો તેઓ બહાર ન આવે ત્યાં સુધી સાધુએ તે ગૃહસ્થના ઘરમાં ન જવું. અન્યતીર્થિક કે સરજસ્ક ગૃહસ્થોની સાથે સાધુ પ્રવેશ કરે તો, કાં તો તે સાધુની પછી, કાં તો પહેલાં પ્રવેશ કરે. જો સાધુની અનુમતિથી પહેલા પ્રવેશ કરે તો તેઓને તેનાથી ઈર્યાપ્રત્યયિક કર્મબંધ થાય. અને પ્રવચન લાઘવ પણ થાય અથવા તો તેમને પોતાની જાતનું અભિમાન આવે કે અમે મોટા છીએ તેથી મુનિએ પણ પ્રથમ અમને જવા કહ્યું, તેથી જ પ્રવચન લાઘવ પણ સંગત છે. હવે, જો પાછળથી તેઓ પ્રવેશ કરે તો તેમને પ્રદ્વેષ થાય કાં તો સરલતા રહિત દાતાને પણ દ્વેષ થાય, બંનેને ભાગ કરીને જો દાતા આપે, તો પેટ ન ભરાય તેટલું મળે અથવા દુષ્કાળ આદિ હોય તો પ્રાણ ધારણ કરવું શક્ય ન બને વિ. અનેક દોષનો સંભવ છે.

અપરિહારિકની સાથે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે તો અનેષણીય ભિક્ષાનું ગ્રહણ કરે અથવા ન કરે તો પણ દોષનો સંભવ છે. તેમાં જો અનેષણીય ભિક્ષા તેમની સામે લે તો તેઓને એમ થાય કે આ સાધુ આવી દોષિત ભિક્ષા લે છે. તો અમે પણ લઈ શકીએ. અને જો દોષિત આહાર ગ્રહણ ન કરે તો તેમની સાથે બોલચાલ થાય ઈત્યાદિ દોષ જાણીને તેઓની સાથે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ પણ ન કરે. અને નીકળે પણ નહીં. એ જ રીતે આવા સાધુની સાથે વિચારભૂમિ (સ્થંડિલ) કે સ્વાધ્યાયભૂમિમાં પણ ન જાય અર્થાત્ તેમનાથી ભિન્ન સ્થાનમાં જઈ શકે. ॥૫૧॥

अविशुद्धिकोटिमाह-

**श्रमणब्राह्मणातिथिकृपणबन्दिप्रयानुद्दिश्य समारम्भेण वा कृतमग्राह्मम् ॥५२॥**

**श्रमणेति,** पञ्चविधास्ते निर्ग्रन्थशाक्यतापसगैरिकाजीविका इति, ब्राह्मणाः प्रसिद्धाः, अतिथयो भोजनकालोपस्थायिनोऽपूर्वा वा, दरिद्राः कृपणा बन्दिप्राया एतान् बहून् द्वित्राः श्रमणाः पञ्चषा ब्राह्मणा इत्यादिरूपेण प्रविगणय्य यत्कृतमाहारादि तथा प्राणिसमारम्भेण वा विहितमप्रासुकमनेषणीयं मन्यमानो लाभे सत्यपि न गृह्णीयात् ॥ ५२ ॥

અવિશુદ્ધિકોટિ (અકલ્પ્ય આહાર)ને જણાવે છે.

**સૂત્રાર્થ :-** **શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, બન્દીપ્રાય વિ.ને ઉદ્દેશીને અથવા સમારંભ વડે કરેલું (બનાવેલ આહારને) સાધુએ ગ્રહણ ન કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ,ગૈરિક, આજીવિક એમ પાંચ પ્રકારના શ્રમણો છે. બ્રાહ્મણો તો પ્રસિદ્ધ જ છે ભોજનકાલમાં આવનારા અથવા તો અચાનક આવે તે અતિથિ કહેવાય છે. દરિદ્ર, કૃપણ અથવા તો કેદી જેવા આવા ઘણા બે-ત્રણ શ્રમણો, પાંચ-છ બ્રાહ્મણો ઈત્યાદિ અનેક ભાંગા વડે ગણીને જે કરેલ આહારાદિ તેમજ જે ભોજન પ્રાણીના સમારંભપૂર્વક બનાવેલું હોય તે અપ્રાસુક-અનેષણીય માનતો મળે છતાં પણ ગ્રહણ ન કરે. ॥૫૨॥

ग्राह्यमाहारमाह–

**अन्यकृतं बहिर्निर्गतमात्मीकृतं परिभुक्तमासेवितमनिन्द्यकुलेषु प्रासुकमेषणीयं ग्राह्यम् ॥ ५३ ॥**

**अन्येति,** यतो ह्यन्येन कृतमन्यार्थं वा कृतं तेनैव कृतं तद्गृहान्निर्गतमनिर्गतं वा दात्रा स्वीकृतमस्वीकृतं वा दात्रैव परिभुक्तमपरिभुक्तं वाऽऽस्वादनेन तेनैव सेवितमसेवितं वा यद्यप्रासुकमनेषणीयञ्च भवति तर्ह्यनिन्द्यकुलजातमपि तत् साधूनामग्राह्यमतः प्रासुकमेषणीयमेवान्यार्थकृतबहिर्निर्गतात्मीकृतपरिभुक्तासेवितलक्षणमाहारादि लाभे सति ग्राह्यं भवति, यत्र कुलेषु प्रतिदिनं स्वपरपक्षेभ्यो दीयते भक्तादि नित्यलाभाच्च सर्वो यत्र भिक्षार्थं प्रविशति तत्र साधुर्न भक्ताद्यर्थं प्रविशेत् बहुभ्यो दातव्यमिति हि ते पाकं कुर्युस्तथा च षट्कायवधः, अल्पे च पाके तदन्तरायः कृतः स्यादिति । तथा चोद्गमोत्पादनग्रहणैषणासंयोजनाप्रमाणेङ्गालधूम्रकारणैः सुपरिशुद्धपिण्डग्रहणात्साधोर्ज्ञानाचारसमग्रता दर्शनचारित्रतपोवीर्याचारसम्पन्नता च स्यात् । तत्र चर्मकारदास्यादि जुगुप्सितकुलानि निंद्यकुलानि, तद्विपर्ययभूतेषु राजराजन्यारक्षिकेक्ष्वाकुक्षत्रियवैश्यादिकुलेषु प्रासुकमेषणीयं लभ्यमानमाहारादि ग्राह्यमिति ॥ ५३ ॥

ગ્રાહ્ય આહારને કહે છે -

**સૂત્રાર્થ :-** **બીજાને માટે કરેલું, બહાર નીકળેલું, પોતાને માટે કરેલું, ખાધેલું, ચાખેલું, અનિંદ્યકુલોમાં પ્રાસુક અને એષણીયને ગ્રહણ કરવું.**

**ભાવાર્થ :-** બીજાએ અથવા બીજા માટે જે કરાયું હોય તે અન્યકૃત તેવું ભોજન ઘરની અંદર હોય કે બહાર, દાતાએ સ્વીકાર્યું હોય કે ન સ્વીકાર્યું હોય, દાતાએ ખાધું હોય કે ન ખાધું હોય, તે ચાખ્યું હોય કે ન ચાખ્યું હોય, તે જો અપ્રાસુકને અનેષણીય હોય, તો અનિંદ્યકુલમાં થયેલું હોય

છતાં પણ સાધુઓને ગ્રહણ કરવાલાયક નથી. આથી પ્રાસુક, એષણીય, બીજા માટે કરેલું, બહિર્નિર્ગત, પોતાને માટે કરેલું, ખાધેલું, ચાખેલું, ઈત્યાદિ સ્વરૂપવાળું ભોજન આદિ મલે ત્યારે ગ્રહણ કરે છે. જે ઘરમાં હંમેશાં પોતાના અથવા બીજાના પક્ષને દેવાય છે અને હંમેશાં પોતાના અથવા બીજા ભિક્ષુઓ જ્યાં દરરોજ ભિક્ષા માટે જાય છે. તેવા કૂલોમાં ભોજન આદિ માટે સાધુ પ્રવેશ ન કરે, કારણ કે ઘણાને દેવું છે. એવું વિચારી તેઓ છ જીવનિકાયના વધપૂર્વક રસોઈ કરે અથવા તો રસોઈ ઓછી પડે તો તે યાચકોને અંતરાય પડે તેથી તેવી ભિક્ષા સાધુએ લેવી નહીં.

તેમજ ઉદ્ગમ, ઉત્પાદ, ગ્રહણૈષણા, સંયોજના-અંગાર-ધૂમ્ર ઈત્યાદિ દોષથી રહિત લાવે તથા વાપરે અને આવા શુદ્ધ પિંડને ગ્રહણ કરે તો સાધુને જ્ઞાનાચારની સંપૂર્ણતા મળે છે. તેમજ દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારથી પણ તે યુક્ત થાય છે. ચમાર, નોકર આદિ જુગુપ્સનીય કુલને નિંદ્યકુલ કહેવાય છે. તેનાથી વિપરિત રાજ્ય, સેનાપતિ, ઈક્ષ્વાકુ-ક્ષત્રિય-વૈશ્ય આદિ કુલમાંથી મળતો પ્રાસુક એષણીય આહારાદિ ગ્રહણ કરે. ॥૫૩॥

पुनराहारग्रहणयोग्यक्षेत्रादीन्याह–

**यत्र सङ्खडिस्तत्र न गच्छेत् ॥ ५४ ॥**

**यत्रेति,** पितृपिण्डेन्द्रस्कन्धरुद्रमुकुन्दयक्षनागभूतस्तूपचैत्यादिनानाविधोत्सवस्थानेषु न गच्छेदाहाराद्यर्थं सर्वेभ्यः श्रमणनाब्राह्मणादिभ्यो दीयत इति मन्यमानः, यत्र वा सर्वेभ्यो न दीयते तत्रापि जनाकीर्णमिति मन्यमानः । एवंभूते सङ्खडिविशेषे न प्रविशेत्, तथा सङ्खण्ड्यन्ते विराध्यन्ते प्राणिनो यत्र सा सङ्खडिः, ग्रामनगरखेटककुनगरपत्तनादिक्षेत्रेषु यत्र प्राणिविराधना भवेत् प्रकर्षेणार्धयोजनमात्रे क्षेत्रे, तां सङ्खडिमवेत्य सङ्खडिप्रतिज्ञया न तत्र गमनमालोचयेत्, तत्र गच्छतो ह्यवश्यमाधाकर्मौद्देशिकमिश्रजातक्रीतकृतोद्यतकाच्छेद्यानि सृष्टाभ्याहृतान्यतमदुष्टाहारादि लाभो भवेत्, स च कर्मोपादानात्मक एव । एवं जातनामकरणविवाहादिका पुरस्सङ्खडिः, मृतसङ्खडिः पश्चात्सङ्खडिः, तथाविधं भक्तं कदाचिदेकचरो भिक्षुरतिलोलुपतयाऽऽस्वादयेत् शिखरिणीदुग्धादि पिबेत्तदा तदशनपानादिकं छर्दि विदध्यात् कदाचिच्चापरिणततया विशूचिकाशूलादीनाशुजीवितापहारिणो रोगान् समुत्पादयेदित्यैहिको दोषः, दुर्गतिगमनादय आमुष्मिका दोषा भवेयुः । तथा कश्चिच्छ्रावकः प्रकृतिभद्रको वा साधुप्रतिज्ञया वसतीः सङ्कटद्वारा महाद्वारा विपरीता वा, प्रवाताः शय्याः शीतभयान्निर्वाताः, ग्रीष्मकाले च विपरीता वा, उपाश्रयस्य च संस्कारं बहिर्मध्ये वा हरितादीनि छित्त्वा विदध्यात् तत्रानेकदोषां सङ्खडिं विदित्वा साधुर्न प्रविशेत् । सङ्खडिगतस्य बहवो दोषाः सम्भवन्ति, यथा सङ्खडिभूत भक्ताद्यभ्यवहारी साधुर्विवक्षितोपाश्रयालाभे सङ्खडिभूतमुपाश्रयमन्यद्वा गृहस्थ-

परिव्राजिकादिभिर्मिश्रीभूतं स्थानमासाद्य मिश्रीभावमापन्नोऽन्यमना मत्त आत्मस्मृतिविधुर आत्मानं गृहस्थमिव मन्यते, ततः कदाचिद्विकृतमनोभिः स्त्र्यादिभीरहोवासाय प्रार्थितो मिथुनभावमभ्युपगच्छेत् । एवमन्यान्यपि कर्मोपादानकारणानि भवेयुस्तस्मान्निर्ग्रन्थः सङ्खडिं विदित्वा सङ्खडिप्रतिज्ञया तत्र गन्तुं न पर्यालोचयेत्, विस्तरोऽन्यत्र द्रष्टव्यः ॥ ५४ ॥

વળી આહાર ગ્રહણ યોગ્ય ક્ષેત્રાદિનું સ્વરૂપ જણાવે છે.

**સૂત્રાર્થ :- જ્યાં સંખડિદોષ હોય ત્યાં ન જવું જોઈએ.**

**ભાવાર્થ :-** પિતૃપિંડ (શ્રાદ્ધ) ઈન્દ્ર મહોત્સવ, કાર્તિક મહોત્સવ, રૂદ્ર મહોત્સવ, મુકુન્દ-નાગ-યક્ષ-ભૂત-સ્તૂપ-ચૈત્ય આદિ મહોત્સવના સ્થાનોમાં જ્યાં સર્વ શ્રમણ-બ્રાહ્મણને અપાય છે. એમ માનતો, અથવા તો સર્વને નથી દેવાતું છતાં અનેક માણસો એકઠા થયા છે. એમ માનતો સાધુ આહારાદિ માટે ત્યાં ન જાય. આવું સંખડિ વિશેષ હોય ત્યાં સાધુ ન જાય...!

જેમાં જીવો સારી રીતે ખંડિત થાય છે. વિરાધિત થાય છે તેને સંખડી કહેવાય છે. ગામ, નગર, ખેટક, પત્તન આદિ ક્ષેત્રને વિષે જ્યાં વિરાધના થાય તેવા સંખડીવાળા ક્ષેત્રને ઉત્કૃષ્ટથી અર્ધોયોજન પ્રમાણ છોડી દે. તે સંખડિ દોષને જાણીને ત્યાં ભિક્ષા માટે જવાનું વિચારે પણ નહીં. ત્યાં ભિક્ષા માટે જતાં અવશ્ય આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, ક્રીત, કૃત, ઉદ્યોતક, આચ્છેદ્ય, સૃષ્ટ, અભ્યાહૃત આદિ ભિક્ષાના દોષોમાંથી કોઈપણ દોષથી દોષિત આહાર મળે અને તે કર્મબંધનું કારણ થાય જ...!

એ જ રીતે જન્મ-નામકરણ-વિવાહ આદિ પ્રસંગે જે (પહેલાં) જમણ કરાય છે તે "પુરઃ સંખડિ" કહેવાય. મરેલાની પછી જમણ કરાય તે "પશ્ચાત સંખડિ" કહેવાય. તેવા પ્રકારના આહારને એકલવિહારી સાધુ રસની લોલુપતાથી કદાચ વાપરે, અથવા તો શિખંડ-દૂધ વિ. પીએ તો તે આહાર-પાણી તેના શરીરમાં શરદી ઉત્પન્ન કરે. અથવા ક્યારેક પચે નહીં તો સ્થંડિલ-શૂલ આદિ જે જલ્દીથી જીવનનો પણ નાશ કરે તેવા રોગો ઉત્પન્ન થાય. તે આલોકના દોષરૂપ છે. અને પરલોકમાં દુર્ગતિમાં જવું પડે ઈત્યાદિ દોષ ઉત્પન્ન થાય છે.

અથવા તો કોઈ ભદ્ર પરિણામી શ્રાવક સાધુને માટે વસતિ-સાંકડા દરવાજા યુક્ત, મોટા દરવાજા યુક્ત અથવા મધ્યમ દરવાજા યુક્ત કરે. ઠંડી વસતિ હોય તો શીયાળામાં હવા ન આવે તેવું કરી દે. ઉનાળમાં હવા આવી શકે તેવી વ્યવસ્થા કરી દે. તેમાં અનેક દોષરૂપ સંખડિ જાણીને સાધુ (તેવા ઉપાશ્રયમાં) પ્રવેશ ન કરે. (હવે બીજા અનેક શ્રમણ-બ્રાહ્મણાદિ છે. તેવી વસતિમાં રહેલા સંભવિત દોષ જણાવે છે.) જે અન્ય સારો ઉપાશ્રય ન મળે ને સાધુ સંખડિભૂત સ્થાનમાં ભોજનાદિ કરે અથવા ગૃહસ્થ-પરિવ્રાજક વિ. જે સ્થાનમાં રહેલા છે તેવા સંયુક્ત સ્થાનમાં રહેલો કદાચ મતિ વિભ્રમ આદિથી કે ઉન્મત્ત થયેલો, પોતે સાધુ છે એવું ભૂલી ગયેલો પોતાને ગૃહસ્થ

જેવો માને છે. ત્યાં ક્યારેક વિકૃત મનથી - સ્ત્રી આદિ સાથે ગુપ્તવાસ માટે પ્રાર્થના કરાયેલો સાધુ મિથુનભાવ પણ મેળવી શકે એ રીતે અન્ય પણ કર્મબંધના કારણો સંભવે. તેથી નિર્ગ્રન્થ સંખડિની પ્રતિજ્ઞા હોવાથી સંખડિ છે. એવું જાણીને તેવા સંખડિયુક્ત સ્થાનમાં જવાનો વિચાર ન કરે. આનો વિસ્તાર અન્ય ગ્રંથથી જાણવો. ॥૫૪॥

अथ गच्छनिर्गतानाश्रित्य गमननियममाह-

**गच्छनिर्गतो धर्मोपकरणमादाय प्रविशेत् ॥ ५५ ॥**

**गच्छनिर्गत इति,** गृहपतिकुलादौ प्रवेष्टुकामो जिनकल्पिकादिर्धर्मोपकरणं सर्वमादाय पिण्डपातप्रतिज्ञया प्रविशेत्, तत्रोपकरणमनेकधा द्व्यादिरूपेण जिनकल्पिको हि द्विविधः छिद्रपाणिरछिद्रपाणिश्च, तत्राछिद्रपाणेः शक्त्यनुरूपाभिग्रहविशेषाद्विविधं रजोहरणमुखवस्त्रिकारूपमुपकरणं कस्यचित्त्वक्त्राणार्थं क्षौमपटपरिग्रहात्त्रिविधमपरस्योदकबिन्दुपरितापादिरक्षणार्थमौर्णिकपटपरिग्रहाच्चतुर्विधमसहिष्णुतरस्य द्वितीयक्षौमपटपरिग्रहात् पञ्चविधमिति, छिद्रपाणेस्तु जिनकल्पिकस्य सप्तविधपात्रनिर्योगसमन्वितस्य रजोहरणमुखवस्त्रिकादिग्रहणक्रमेण यथायोगं नवविधो दशविध एकादशविथो द्वादशविधश्चोपधिर्भवति । एवं ग्रामादेर्बहिर्विहारभूमिं विचारभूमिं वा गच्छन् सर्वमुपकरणमादाय गच्छेत्, तत्रैषा सामाचारी गच्छनिर्गतेन तदन्तर्गतेन वा गच्छता साधुनोपयोगो दातव्यः, तत्र यदि महति क्षेत्रे वृष्टिरन्धकारोपेतं धूमिकोपेतं महावातसमुद्धूतरजोपेतं वा क्षेत्रं स्यात्ततो जिनकल्पिको न गच्छत्येव, तस्य यावत् षण्मासं पुरीषोत्सर्गनिरोधसामर्थ्यात्, इतरस्तु सति कारणे यदि गच्छेन्न सर्वमुपकरणं गृहीत्वा गच्छेदिति ॥५५॥

હવે ગચ્છમાંથી નીકળેલા (વિશિષ્ટ મુનિઓને) ગોચરી જવાનો વિધિ કહે છે.

**સૂત્રાર્થ :- ગચ્છમાંથી નીકળેલ (મુનિ) ધર્મોપકરણને લઈને (ગૃહસ્થના ઘરમાં ગોચરી માટે) પ્રવેશ કરે.**

**ભાવાર્થ :-** ગૃહસ્થના ઘરમાં-ગોચરી માટે પ્રવેશ કરવા ઈચ્છતા જિનકલ્પિક આદિ ધર્મોપકરણ (ઉપધિ.) સર્વને લઈને પ્રવેશ કરે, તેમાં બે વગેરે પ્રકારે ઉપકરણ અનેક રીતે છે. જિનકલ્પિકના બે ભેદ છે. (૧) છિદ્રપાણિ (૨) અછિદ્રપાણિ. તેમાં અછિદ્રપાણિમાં શક્તિ અનુરૂપ વિશેષ અભિગ્રહ હોવાથી રજોહરણ-મુહપત્તિરૂપ બે ઉપકરણ હોય. કોઈકને વળી ચામડીના રક્ષણ માટે રેશમી વસ્ત્રનો પરિગ્રહ હોય તો ત્રણ, વળી કોઈકને પાણીના ટીપા વિ. પડતા હોય તેમાંથી બચવા માટે ઉનના વસ્ત્રનો પરિગ્રહ હોય તો ચાર વસ્ત્ર, વળી તેના કરતાં પણ અસહિષ્ણુ હોય તો બીજું એક રેશમી વસ્ત્ર રાખે. તો પાંચ પ્રકારનાં વસ્ત્ર હોય. છિદ્રપાણિ - તે જિનકલ્પિકને સાત પ્રકારના

પાત્રની સાથે રજોહરણ-મુહપત્તિ એ નવવિધ ઉપધિ તથા ઉપર જે અછિદ્રપાણિને ગણાવી તેમ એક-એક વસ્તુ તેમાં ભેળવતાં દશ પ્રકારની, અગ્યાર તેમજ બાર પ્રકારની ઉપધિ હોય છે. આ જ રીતે ગ્રામાદિથી બહાર વિહાર કરે કે સ્થંડિલ જાય તો પણ પોતાનાં સર્વ ઉપકરણ સાથે લઈને જાય. ગચ્છથી નીકળેલા એવા સાધુ માટે આ સમાચારી કહી, ગચ્છમાં રહેલો સાધુ તેને વિચારભૂમિ જવું હોય તો ઉપયોગપૂર્વક જવું. તેમાં જો વરસાદ અત્યંત ઘેરાયેલો હોય કે ધૂંધળું વાતાવરણ હોય તો અથવા ધૂળ રહિત વાવાઝોડું હોય, (જિનકલ્પિક તો છ મહિના સુધી સ્થંડિલ રોકી શકવાની શક્તિવાળો હોય તેથી ન જ જાય.) પરંતુ, ગચ્છવાસી તો કારણે જો જાય તો સર્વ ઉપકરણ લઈને ન જાય. ॥૫૫॥

भिक्षाविषये नियममाह-

**उपयुक्तः कृतगोदोहादि विदित्वाऽप्राप्तमातृस्थानोऽपिहितद्वारं निर्गतश्रमणं गृहञ्च प्रविशेत् ॥ ५६ ॥**

**उपयुक्त इति,** भिक्षार्थं गृहपतिकुलं रथ्यां ग्रामादिकं प्रविविक्षुर्मार्गे सोपयोगः स्यात्, गच्छतस्तस्य हि मार्गे वप्रप्राकारतोरणार्गलादीनि स्युः, असंयतो भूत्वा च गमने मार्गस्य विषमतया प्रस्खलनपतनादिप्रसङ्गेन जीवविराधनायाः कायस्य चोच्चारप्रस्रवणश्लेष्म-सिंघाणकाद्युपलिप्ततायाश्च प्रसङ्गः, तथा च संयमात्मविराधना भवेत्, कदाचित्कर्दमा-द्युपलिप्तोऽपि चित्तवद्भिः पृथ्वीशकलादिभिर्न शोधयेत्, याचनयाऽल्परजस्कं तृणादिकमवाप्य एकान्तस्थण्डिले शोधयेत् । कृतेति, यत्र क्षीरिण्यो गावो दुह्यन्ते तत्र तदा न प्रविशेत्, अन्यथा श्रद्धया तदानीमागतं यतिं विलोक्य गृहपतिरस्मै प्रभूतं ददामीति वत्सकपीडां विदध्यात्, त्रसेयुर्वा गावो विलोक्य तम्, आदिना च यत्राहार उपस्क्रियमाणो भवति तदा तत्र नो यायात्, त्वरया पाकाय ते कृतप्रयत्ना भवेयुस्ततः संयमविराधनाप्रसङ्गः स्यादित्यपि ग्राह्यम्, एकान्ते चावस्थितो निवृत्तगोदोहनादि विदित्वा ततस्तत्र गोदोहिकानन्तरं यायात् । अप्राप्तअमाया-मातृस्थान इति, यः कश्चित्साधुर्जङ्घाबलपरिक्षीणतया मासकल्पविहारितया वैकत्रैव क्षेत्रे तिष्ठन्ननुग्रामं गच्छतः प्राघूर्णिकान् यद्येवं वदेत्, क्षुल्लकोऽयं ग्रामः सूतकादिना सन्निरुद्धो-ऽल्पगृहभिक्षादो वा, भवन्तो भिक्षाचर्यार्थं बहिर्ग्रामं व्रजतेति, तथा यो भिक्षुरहं भिक्षाकाला-दर्वागेव भ्रातृव्यश्वशुरादिसम्बन्धिगृहं भिक्षार्थं प्रवेक्ष्यामि तत्र सरसं भक्तं पेयञ्च गृहीत्वा भुक्त्वा पीत्वा पतद्ग्रहं संलिख्य प्रमृज्य च प्राप्ते भिक्षावसरेऽविकृतवदनः प्राघूर्णिकभिक्षुभिः साकं पिण्डप्रतिज्ञया गृहपतिकुलं प्रवेक्ष्यामीत्येवमभिसन्धत्ते स मातृस्थानं मायाशल्यं प्रतिषिद्धं संस्पृशति, एवं यत्राग्रपिण्डाद्यर्थं श्रमणब्राह्मणादयो वयमत्र लप्स्यामह इति त्वरितं

त्वरितमुपसंक्रामन्ति तत्राहमपि त्वरितमुपसंक्रमामीति विचिन्तयन् भिक्षुर्मातृस्थानं स्पृशति, अतो नैवं कुर्यात् । अपिहितद्वारमिति, यस्य गृहपतेर्द्वारं कपाटादिना पिहितं तद्गृहं द्वारमननुज्ञयोघ्दाट्य न प्रविशेन्न वा प्रत्युपेक्षणप्रमार्जनव्यतिरेकेणोघ्दाटयेत्, अन्यथा गृहपतेः प्रद्वेषस्य वस्तुनो नाशे साधौ शङ्कायाः पश्चादिप्रवेशस्य च प्रसङ्गेन संयमात्मविराधना स्यात् । ग्लानादिकारणे सति तु स्थगितद्वारिस्थः शब्दं कुर्यात्, स्वयं वा यथाविधि उघ्दाट्य प्रविशेत् । तथा निर्गतश्रमणमिति, स्वतः पूर्वं प्रविष्टान् श्रमणादीन् विज्ञाय दातृप्रतिग्राहकासमाधानान्तरायभयादेकान्ते व्यवस्थितो भवेत्, तत्र च यदि दाता चतुर्विधमाहारमादाय दत्त्वा च बहवो यूयं भिक्षार्थमुपस्थिताः, व्याकुलतया नाहमिदं विभज्य दातुं समर्थोऽतो निखिलार्थं युष्मभ्यं मया दत्तमिदं स्वरुच्यैकत्र भुङ्ग्ध्वं विभज्य वा गृह्णीध्वमिति ब्रूयात्तदा तदाहारादिकमुत्सर्गतो न ग्राह्यम्, सति कारणे गृह्यमाणं श्रमणाद्यन्तिके गत्वा गृहपत्युक्तं निवेदयन्तं यदि कश्चित् श्रमणस्त्वमेवास्माकं परिभाजयेति ब्रूयात्तदाऽसति कारणे नैवं कुर्यादिति ॥ ५६ ॥

ભિક્ષાવિષયક નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- કરેલ છે ગાય દોહવા આદિ જ્યાં ત્યાં ઉપયોગવાળો, અમાયી (માયારહિત) સ્થાનને જાણીને જેમના ઘરમાંથી સાધુ નીકળી ગયેલ છે. તેવા ખુલ્લા બારણાવાળા ઘરમાં (ભિક્ષા માટે) મુનિ પ્રવેશ કરે.**

**ભાવાર્થ** :- ગૃહસ્થના ઘરમાં, શેરીમાં કે ગ્રામાદિમાં ભિક્ષા માટે પ્રવેશ કરવાની ઈચ્છાવાળો મુનિ ઉપયોગયુક્ત રહે, ભિક્ષા માટે જતાં તેને રસ્તામાં કોટ-કાંગરા (ગઢ) તોરણ-સાંકળ વિ. આવે તો સાવધાનીપૂર્વક જાય. જો અસંયત બનીને રસ્તામાં ચાલે ને રસ્તો ઊંચો-નીચો આવે અને પગ ડગી જાય તો પડી પણ જાય. ત્યારે જીવવિરાધના (પોતાના જીવની અથવા પોતે પડવાથી નીચે રહેલ ત્રસજીવ દબાય તો તેની પણ) નીચે જમીન પર જો સ્થંડિલ, માત્રુ, શ્લેષ્મ, કફ વિ. પડેલું હોય તો તેનાથી પોતાનું શરીર પણ ખરડાય. આ રીતે સંયમ વિરાધના અને આત્મવિરાધના બન્નેનો સંભવ છે. જો કદાચ કાદવ વિ. પોતાના શરીરને લાગી જાય તો સચિત્ત પૃથ્વીકાયના ટુકડા, પથ્થર આદિથી તેની શુદ્ધિ ન કરે પરંતુ, અલ્પરજયુક્ત તણલખું માંગીને એકાંતમાં શુદ્ધ ભૂમિમાં જઈને શુદ્ધિ કરે...!

જ્યાં દૂધાળી ગાયો દોહવાની હોય ત્યાં (ત્યારે) મુનિ ભિક્ષા માટે પ્રવેશ ન કરે. કારણ કે તે વખતે આવેલા મુનિને જોઈને વાછરડું વિચારે કે આ ગૃહસ્થ આ સાધુને ઘણું દૂધ આપશે (તેથી મને અલ્પ મળશે) અથવા તો મુનિને જોઈને ગાય ભડકે, આદિ પદથી જ્યાં આહાર બનતો હોય તેવા સ્થાનમાં પણ સાધુએ તેવા વખતે પ્રવેશ ન કરે. કારણ કે મુનિ માટે તેઓ જલ્દી રસોઈ બનાવે તો સંયમ વિરાધનાનો પ્રસંગ આવે.

તેથી એકાંતમાં ઊભો રહીને ગો દોહન આદિ પતી ગયું જાણે. પછી જ ત્યાં ભિક્ષા માટે પ્રવેશ કરે. જંઘાબલ ક્ષીણ થવાથી કોઈક સાધુ માસકલ્પ કરી અથવા તો સ્થિરવાસ કરીને રહેલા હોય તેવા સાધુ એક ગામથી બીજે ગામ વિચરતા એવા મહેમાન મુનિને એમ કહે કે - આ ગામ નાનું છે. અથવા તો સૂતક આદિથી ઘણા ઘર અટકેલા છે. તેથી ભિક્ષા માટે થોડા ઘર છે. તેથી તમો ભિક્ષા માટે બીજા ગામમાં જાવ અને જે હું ભિક્ષુક-ભિક્ષાના સમય કરતાં પહેલાં જ ભત્રીજા, સસરા કે સંબંધીના ઘરે ભિક્ષા માટે હું પ્રથમ પ્રવેશ કરીશ. પછી ત્યાં રસયુક્ત અન્ન-પાણી ગ્રહણ કરી ખાઈ-પીને પાત્રું ધોઈને પ્રમાર્જીને જ્યારે ગોચરીનો સમય થાય ત્યારે મુખનો ભાવ બદલ્યા વિના (અર્થાત્ પોતે વાપરી લીધું છે તેવાં (મુખના હાવભાવ છૂપાવીને) આગંતૂક સાધુ સાથે ગોચરી વહોરવા ગૃહસ્થના ઘરે જઈશ. આવું વિચારે તેવા મુનિએ નિષેધ કરેલ એવા માયાશલ્યનો (માતૃસ્થાનનો) સ્પર્શ કર્યો કહેવાય અર્થાત્ ઉપરોક્ત બંને રીતે માયા ન કરવી જોઈએ. અથવા તો બીજી રીતે પણ માયા થવાની સંભાવના છે, કે જ્યાં અગ્રપિંડ આદિ માટે શ્રમણ, બ્રાહ્મણ આદિ અનેક અહીં ભિક્ષા અમે મેળવીશું એ પ્રમાણે જલ્દી જલ્દી જતાં હોય, ત્યાં હું પણ જલ્દી જાઉં એ પ્રમાણે વિચારતો સાધુ માયાને સ્પર્શે છે. આથી આવું ન જ કરવું જોઈએ. દ્વાર ઉઘાડા હોય તે આ પ્રમાણે, જે ગૃહસ્થના દ્વાર કમાડ વડે બંધ કરેલા છે તે દ્વારને ગૃહસ્થની રજા લીધા વિના ઉઘાડીને પ્રવેશ ન કરે. દૃષ્ટિ પડિલેહણ કે પ્રમાર્જન કર્યા વિના દરવાજો ઉઘાડે નહીં. નહીં તો ગૃહસ્થને સાધુ પ્રત્યે પ્રદ્વેષ થાય. વસ્તુ વિ.ની ચોરી થાય તો સાધુ ઉપર શંકા થાય. અથવા તો પશુ વિ. ઘરમાં ઘૂસી જાય આ રીતે સઘળા પ્રસંગ વડે સંયમવિરાધના અને આત્મવિરાધના થાય.

ગ્લાન આદિ માટે ભિક્ષા લેવી હોય તો ગૃહસ્થનું ઘર બંધ હોય તો અવાજ કરે (ખોલાવે) અથવા તો સ્વયં વિધિપૂર્વક ખોલીને પ્રવેશ કરે... તેમજ 'નિર્ગતશ્રમણ' આ પ્રમાણે પોતે પહેલા પ્રવેશેલા શ્રમણ આદિને જાણીને દાતા અને ભિક્ષા લેનાર બન્ને દ્વિધા (અસમાધાન) થાય, અંતરાય પડે વિ. ભયથી એકાંતમાં ઊભો રહે. અને ત્યાં જો દાતા ચારે પ્રકારના આહારને લઈને અને આપીને તમે ઘણા ભિક્ષાને માટે આવ્યા છો. તેથી વ્યાકુળતા વડે તેના ભાગ પાડીને આપવાને માટે હું સમર્થ નથી. આથી મારા વડે અપાયેલું આ (અન્ન) પોતાની રૂચિ પ્રમાણે તમે બધા ભેગા (એકઠા) થઈ અને ભાગ પાડીને એકઠા થઈ વાપરજો. આ ગ્રહણ કરો એ પ્રમાણે કહે ત્યારે તે આહાર આદિકને ગ્રહણ ન કરે. પરંતુ જો કારણ હોય તો તે બીજા શ્રમણાદિ પાસે જઈને ગૃહપતિએ કહેલી વાત જણાવે અને જો તેમાંથી કોઈક શ્રમણાદિ કહે કે હે સાધુ ! તમે જ અમને બધાને ભાગ પાડી આપો એ પ્રમાણે કહે ત્યારે કારણ વિના તેવું ન જ કરવું જોઈએ. ॥૫૬॥

नियमान्तरमाचष्टे-

**द्वारावलम्बनधावनोदकप्रक्षेपस्थानादिषु न तिष्ठेत् ॥ ५७ ॥**

**द्वारेति**, दातृगृहद्वारशाखावलम्बनेन न स्थेयात्, जीर्णत्वादितः पतनसम्भवात्संयमात्मविराधनासम्भवात्तथोपकरणधावनोदकप्रक्षेपस्थान आचमनप्रवाहभूमौ वा न तिष्ठेत्, प्रवचन-जुगुप्सासम्भवात्, परिदृश्यमानस्नानादिक्रिये स्थाने वा न तिष्ठेत्, दर्शनशङ्कया निःशङ्कं गृहस्थक्रियाऽनिवृत्त्या निरोधप्रद्वेषसम्भवात् । नापि गवाक्षभित्तिसन्धिचौरखातादिद्वारेणाङ्गुली-निर्देशेन कायनमनोन्नमनाभ्याञ्चालोकयेदन्यस्मै वा दर्शयेत्, हृतनष्टादौ वस्तुनि स्वस्मिन् शङ्कोत्पादप्रसङ्गात् । न वा गृहपतिमङ्गुलीचालनादिना भयमुपदर्श्य वाग्भिः स्तुत्वा वा याचेत, अलाभे वा परुषं वदेदिति ॥ ५७ ॥

(ગોચરી ગયેલ સાધુ માટે) બીજા નિયમ જણાવે છે.

**સૂત્રાર્થ :- દ્વાર આલંબન = બારશાખમાં, વાસણ ધોવાના, પાણી નાંખવાના સ્થાનોમાં (ગોચરી ગયેલ સાધુઓ) ઊભા ન રહેવું જોઈએ.**

**ભાવાર્થ :-** ગૃહસ્થને ત્યાં ભિક્ષા માટે ગયેલા મુનિએ બારશાખને ટેકો દઈને ન ઊભા રહેવું. કારણ કે તેમ ઊભા રહેવામાં બારશાખ જીર્ણ થઈ હોય તો પડી જવાનો સંભવ છે. તેથી વાગી જવાથી સંયમ અને આત્મવિરાધના થાય. તેવી જ રીતે વાસણ ધોવાના સ્થાનમાં અથવા તો પાણી નાંખવાનાં સ્થાનમાં, પાણી જ્યાંથી વહેતું હોય એવા ખાળ વિ. સ્થાન ઉપર પણ ઊભા ન રહેવું. શાસન હિલનાનો સંભવ હોવાથી, દેખાઈ જાય એવા ગૃહસ્થ સ્નાનાદિ કરતાં હોય ત્યાં ન ઊભા રહેવું. તેમ ઊભા રહેવાથી તેમને એમ લાગે કે આ.મ.સા. જોવા ઊભા છે. (અથવા તો) જોવાની શંકાથી (દૂર થવા માટે) ગૃહસ્થ સ્નાનક્રિયા અધૂરી હોય છતાં અટકી જાય તેવી (કાળ વિક્ષેપ થવાથી) સાધુ ઉપર દ્વેષ પણ થઈ શકે. ગવાક્ષ, ભીંતનો સાંધો, ચોરવડે પાડેલું ખાતર વિ. આંગળીથી અથવા શરીર ઊંચું-નીચું કરીને જોવું નહીં. બીજાને બતાવવું નહીં. કદાચ ગૃહસ્થના ઘરમાં ચોરી આદિ થાય તેમાં વસ્તુ જતી રહેતા સાધુ ઉપર શંકા જાય. ઘરના સ્વામીને અમુક વસ્તુ મને જોઈએ છે એમ આંગળીથી નિર્દેશ કરીને ન માંગવું. તેમજ કરાવીને કે વચન વડે સ્તુતિ કરીને પણ ન માંગવું. કદાચ ગૃહસ્થ ન આપે (અલાભ થાય) તો પણ કઠોર વચન ન બોલવા જોઈએ એ પ્રમાણે ભાવાર્થ છે. ॥૫૭॥

नियमान्तरमाह-

**उदकादिसंसृष्टं मालाहृतं मृत्तिकोपलिप्तं वीजनेन शीतमग्राह्यम् ॥ ५८ ॥**

**उदकादीति**, यदाहारादि साक्षादुदकादिना सचित्तेन संस्पृष्टं यच्च साधुभिक्षादानार्थं शीतोदकेनोष्णोदकेन वाऽत्रिदण्डोद्वृत्तेन पश्चाद्वा सचित्तीभूतेन तदैव हस्तौ प्रक्षाल्य दाता यदि

देयात् तद्विज्ञाय साधुस्तदप्रासुकमिति न गृह्णीयात्, आदिना रजःक्षारमृत्तिकाहरिताल-हिङ्गुलकमनःशिलाञ्जनलवणगेरुकादयः सचित्ता ग्राह्याः, एतैः संसृष्टहस्तादिना दीयमानमग्राह्यं भवति, असंसृष्टन्तु ग्राह्यम् । तथा साध्वर्थं सचित्तमचित्तं वा चित्तवत्यां शिलायां कुट्टयित्वा दीयमानं पृथुकादिकं लवणं वाऽग्राह्यम् । तथाऽग्न्युपरि व्यवस्थितमाहाराद्यपि । मालाहृतमिति, मञ्चकप्रासादहर्म्यतलाद्यूर्ध्वप्रदेशव्यवस्थितमधःकुसूलसंस्थानकोष्ठिकादिव्यवस्थितं वाऽऽहारादि मालाहृतमिति कृत्वा न गृह्णीयात्, साधुदानार्थं पीठमञ्चनिश्रेण्यादीनामाहरणायारोहेऽधोऽवनमने पतनादिप्रसङ्गेन सत्त्वहननपरितापनादिसम्भवात् । मृत्तिकोपलिप्तमिति, पिठरकादौ मृत्तिकया-ऽवलिप्तमाहारं लाभे सत्यपि न गृह्णीयात्, अशनादिभाजनोद्भेदनेन पृथ्वीकायादिसमारम्भात्, दत्त्वा च पुनरपि शेषरक्षायै तद्भाजनस्यावलिम्पनेन तस्यैव दोषस्य सम्भवात् । एवं पृथिवीकायादौ सचित्ते प्रतिष्ठितमपि तत्सङ्घट्टनादिभयान्न स्वीकुर्यात् । वीजनेन शीतमिति, अत्युष्णमोदनादिकं भिक्षुप्रतिज्ञया दाता यदि शूर्पव्यजनपल्लववस्त्रादिवीजनेन शीतीकुर्यात्तदिदं विज्ञाय यद्यभिकांक्षसि मे दातुं तत एवस्थितमेव ददस्व, मैवं कृथा इति वदेत्, तथापि तथा कृत्वा यदि दास्यति तदाऽनेषणीयमिति कृत्वा न परिगृह्णीयात् । तथा शङ्कितम्रक्षितनिक्षिप्तपि-हितसंहृतदायकदोषदुष्टोन्मिश्रापरिणतलिप्तछर्दितलक्षणदशैषणादोषदुष्टमाहारादि वर्जयेत् ॥५८॥

(ગોચરી ગયેલ મુનિ માટે) બીજા પણ નિયમ જણાવે છે -

**સૂત્રાર્થ :- (સચિત્ત) પાણી આદિને સ્પર્શેલું, માળ ઉપરથી લાવેલું, માટી વડે પેક કરેલું (લેપેલું) (કોઈપણ સાધન દ્વારા) પવન વડે ઠંડુ કરેલું ન લેવું જોઈએ.**

**ભાવાર્થ :-** જે આહાર આદિ સાક્ષાત્ સચિત્ત જલયુક્ત હોય અથવા તો સાધુને વહોરાવવા માટે કાચા પાણીથી યુક્ત કરે કે ગરમ પાણી પણ પૂરા ત્રણ ઉકાળાથી ઉકાળેલું ન હોય અથવા તો પાછળથી સચિત્ત થયેલું હોય, દાતા તે જ વખતે હાથ ધોઈને આપે તો તેવું અપ્રાસુક (અકલ્પનીય) જાણીને સાધુએ ગ્રહણ ન કરવું જોઈએ.

આદિ પદથી ધૂળ, ખારો, માટી, હડતાલ, હિંગલોક, પારો, પથ્થર, અંજન, મીઠું, ગેરુ વિ. સચિત્ત વસ્તુ ગ્રહણ કરવી. આ સર્વ સચિત્ત વસ્તુ છે. તેનાથી ખરડાયેલ હાથ અથવા ચમચા આદિથી અપાતું સાધુએ ન લેવું. નહીં ખરડાયેલું હોય તો લઈ શકાય. તેમજ સચિત્ત કે **અચિત્તવસ્તુ સચિત્ત અથવા સૂક્ષ્મ જીવયુક્ત પથ્થર** ઉપર કૂટીને (ખાંડીને) દેવાતા પૌંઆ કે મીઠું વિ. ન લેવું જોઈએ. તે જ રીતે ચાલુ ચૂલા પર મૂકેલું ન લેવું જોઈએ.

માંચડો, હવેલીની ઉપર મૂકેલું, સાંબેલાની નીચે કે ભોંયરામાં મૂકેલું અથવા કુસુલના નીચેના આકારની કોઠી આદિમાં રહેલું આહાર આદિ માલોપહૃત છે. માટે ન લેવું જોઈએ. કારણ કે

આવા સ્થાને રહેલી વસ્તુ લેવા માટે દાયક પાટીયું, માંચડો કે નિસરણી મૂકે ત્યારે ચઢતાં કે ઉતરતાં પડી જાય તો જીવવિરાધના તેમજ દાતાને વાગી જાય તો પીડા થવાનો સંભવ છે.

કોઠી વિ. માટીથી લેપ કરેલું હોય (પેક કરેલું) તેવો આહાર મળતો હોય છતાં ન લેવો. કારણ કે તેવા ભાજન ઉઘાડવામાં પૃથ્વીકાય આદિ જીવોનો સમારંભ થાય અને સાધુને વહોરાવ્યા પછી વધેલી જે વસ્તુ તેના રક્ષણ માટે ફરીથી લેપ કરે (પેક કરે) તો પણ તેવા જ દોષનો સંભવ છે.

આ જ રીતે પૃથ્વીકાય આદિ સચિત્ત ઉપર મૂકેલો આહાર પણ તે સચિત્ત કદાચ મીક્ષ થઈ જાય તેવા ભયથી ન લેવો. અતિ ગરમ ભાત વિગેરેને સાધુને દેવા માટે દાતા જો સુપડું, પંખો અથવા વસ્ત્રના છેડા વડે હવા નાંખીને ઠંડુ કરે તો સાધુ કહે કે જો મને દેવું છે (વહોરાવવું છે) તો જેમ છે તેમ જ વહોરાવી શકો છો. આ રીતે ઠંડુ ન કરો એમ કહે. તો પણ જો દાયક તેજ .રીતે આપે. તો અનેષણીય જાણીને ન ગ્રહણ કરવું જોઈએ. તે જ રીતે શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત, છર્દિત આ દશ જે એષણા દોષ છે તેનાથી દૂષિત આહારાદિ હોય તો તેનું વર્જન કરવું જોઈએ. ॥૫૮॥

अथ पानकविषये नियममाह–

**पानकमपि तथाविधमग्राह्यम् ॥ ५९ ॥**

**पानकमिति,** पिष्टोत्स्वेदनार्थमुदकं तिलधावनोदकं यद्वाऽरणिकादिसंस्विन्नधावनोदकं तण्डुलोदकमन्यतरद्वा तथाविधं निजस्वादयुतमपरिणतमविध्वस्तमप्रासुकमग्राह्यं भवति, तत्रापि तण्डुलोदके त्रयोऽनादेशाः, बुद्बुदविगमः, भाजनलग्नबिन्दुशोषः, तण्डुलपाको वेति यावदेवं तावत्तदग्राह्यमिति न मन्तव्यमपि तु यावदुदकं स्वच्छीभावं न गतं तावन्न ग्राह्यम्, एवंगुणविपरीतं तु ग्राह्यम्, तथा तिलतुषयवोदकान्यवश्यानारनालप्रासुकोदकानि तथाविधमन्यद्वा द्राक्षापानकादीनि पूर्वमेव दृष्ट्वा किञ्चित्पानकजातं मे दास्यसीति गृहस्थमापृष्टस्तेन त्वमेवेदं पानकजातं स्वकीयेन पतद्ग्रहेणोत्सिच्यापवृत्त्य वा पानकभाण्डकं गृहाणेत्युक्तो गृह्णीयात्, परो वा तस्मै दद्यात्, तदेवं लब्धं ग्राह्यम्, एवं यदि सचित्तपृथिवीकायादिषु साण्डेषु वा व्यवस्थापितं भिक्षूद्देशेन गलद्भिन्द्रादिभाजनेन शीतोदकेन मिश्रयित्वाऽऽहृत्य दाता देयात्तदा न प्रतिगृह्णीयात् । तत्र द्राक्षाबदराम्बिलिकादिपानकजातं तत्क्षणमेव संमर्द्य क्रियन्ते, आम्राम्बाडककपित्थादिपानकानि द्वित्रादिदिनसम्बन्धेन, तदेवंभूतं पानकजातं कुलुकात्मिकास्थिना त्वगाद्यवयवेन बीजेन वा युतं भिक्षूद्देशनिष्पादितं वस्त्रादिभिः सकृदसकृद्वा परिपीड्य निर्गाल्य चाहृतमुद्गमादिदोषदुष्टमग्राह्यं भवति । आधाकर्मौद्देशिकपूतिकर्ममिश्रस्थापना-

प्राभृतिकप्रादुष्करणक्रीतप्रामित्यपरिवर्त्तिताहृतोद्भिन्नमालाहृताच्छेद्यानिसृष्टाध्यवपूरकदोषान्विज्ञाय परिहरेत् ॥ ५९ ॥

હવે પાણીનાં વિષયમાં નિયમને કહે છે -

**સૂત્રાર્થ :- પાણી પણ તેવા પ્રકારનું અગ્રાહ્ય છે.**

**ભાવાર્થ :-** લોટવાળું ભાજન સાફ કરવા માટે વાપરેલું પાણી, તલ ધોયેલું પાણી, અથવા કાષ્ઠાદિ (અરણિક) ખરડાયેલ હોય તેને ધોયેલું પાણી, ચોખાનું પાણી અથવા તો તેવું બીજું કાંઈ પણ પોતાના સ્વાદથી રહિત, અપરિણત, જીવો જેમાંથી ચ્યવા નથી તેવું અપ્રાસુક ગ્રહણ ન કરવું જોઈએ. તેમાં પણ ચોખાના પાણીમાં ત્રણ પ્રકારનું અકલ્પ્ય છે. પરપોટા ન આવ્યા હોય તેવું, વાસણમાં લાગેલા પાણીના ટીપા હજુ રહ્યા હોય તેવું અથવા ચોખા બફાયા છે કે નહિ જ્યાં સુધી એ પ્રમાણે હોય ત્યાં સુધી અગ્રાહ્ય છે એ પ્રમાણે માનવા યોગ્ય નથી. પણ, જેટલું પાણી સ્વચ્છ થયું નથી. તેટલું ગ્રહણ ન કરવું જોઈએ. તે જ રીતે તલ, ફોતરા, જવનું પાણી, કાંજી વિ. પ્રાસુક પાણી તેમજ તેવા પ્રકારનું બીજું દ્રાક્ષનું પાણી આદિ (પૂર્વેની જેમ) પહેલાંથી જ જોઈને પાણી મને આપીશ ? એ પ્રમાણે ગૃહસ્થને પૂછે (ત્યારે) તેના વડે કહેવાય કે તમે પોતે જ પાણીને પાત્રા વડે ઊંચુ-નીચું કરીને ગ્રહણ કરો તો લઈ લેવું. અથવા તો બીજો તેને આપે. તેવું મળેલું ગ્રહણ કરવું જોઈએ. એ પ્રમાણે જો સચિત્ત પૃથ્વીકાય આદિ ઉપર કે અંડ (બીજ) સહિત વસ્તુ ઉપર મૂકેલું. સાધુના ઉદ્દેશથી ગળતા પાણીના ટપકા યુક્ત વાસણ વડે અથવા તો સચિત્ત જલ વડે મિશ્રિત કરીને દાતા લઈને આપે ત્યારે તે ગ્રહણ ન કરવું જોઈએ. તેમાં દ્રાક્ષ, બોર, આંબલી આદિનું પાણી તરત જ ચોળીને (મસળીને) કરો. કેરી, અમ્બાડ, કોઠું આદિનું પાણી બે-ત્રણ દિવસનું હોય તો એવું પાણી પણ ઠળીયા, છાલ, બીજ આદિથી યુક્ત હોય તેથી વસ્ત્રાદિ વડે એકવાર કે બે વાર મસળીને, ગાળીને સાધુ માટે કરેલું હોય તેવું ઉદ્‌ગમ આદિ દોષથી દુષ્ટ થયેલું ગ્રહણ ન કરવું જોઈએ. (ગ્રહણ યોગ્ય થતું નથી.) આધાકર્મિક, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્ર, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, પરિવર્તિત, આહૃત, ઉદ્‌ભિન્ન, માલાપહૃત, ઉચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક દોષને જાણીને તેવો આહાર ત્યાગવો જોઈએ. (તેવો આહાર ન લેવો જોઈએ.) ॥૫૯॥

आहाराश्रयेण पुनराह-

**कन्दसर्षपकन्दलीपिप्पलीमरिचाऽऽर्द्रकाऽऽमपत्रकादिकमपि ॥ ६० ॥**

**कन्देति**, जलजः स्थलजो वा कन्दः, सर्षपकन्दल्यः, पिप्पलीमरिचार्द्रकाणि तच्चूर्णानि च, आदिना फलसामान्यमपक्वमर्धपक्वं वाऽरणिकतन्दुलीयकादि तदेतत्सर्वमन्यद्वा शस्त्रानुपहतं न गृह्णीयात्, एवमेव वनस्पतिविशेषा उत्पलतन्नालादयोऽग्रस्कन्धमूलबीजादीनि चान्यतो द्रष्टव्यानि ॥ ६० ॥

આહારને આશ્રયીને વળી (ફરીથી) કહે છે.

**સૂત્રાર્થ :- કન્દ, સરસવ, કેળનું પાન, પીપર, મરચું, આદુ આદિના ભીના લીલા પાંદડા આદિથી યુક્ત આહાર પણ ન લેવો જોઈએ.**

**ભાવાર્થ :-** પાણી કે પૃથ્વી ઉપર થયેલો હોય તે કંદ, સરસવ, પીપર, મરચું, આદુ અને તેના ચૂર્ણ આદિ શબ્દથી કોઈપણ ફળ કાચું અથવા પાકું, અરણિક, ચોખા આદિ આ સર્વ પણ તેવું જ (સચિત્ત વસ્તુ) શસ્ત્રથી નહીં હણાયેલું ગ્રહણ ન કરવું જોઈએ. આજ રીતે વનસ્પતિ વિશેષ, કમળ, તેની નાળ આદિ અગ્રસ્કંધ, મૂળ, બીજ આદિ અન્ય શાસ્ત્રથી સમજી લેવા. ॥૬૦॥

आहारादौ श्राद्धभावनामाह-

**दत्त्वा पुनः पाकाभिसन्धो न ग्राह्यम् ॥ ६१ ॥**

**दत्त्वेति,** कश्चित् श्राद्धः प्रकृतिभद्रको वा साधव एतेऽष्टादशशीलाङ्गसहस्रधारिणो रात्रिभोजनविरमणषष्ठपञ्चमहाव्रतधारिणः पिण्डविशुद्ध्याद्युत्तरगुणोपेता इन्द्रियनोइन्द्रिय-संयमिनः पिहिताश्रवद्वारा नवविधब्रह्मगुप्तिगुप्ता अष्टादशविकल्पब्रह्मोपेताः, एतेषाञ्च न कल्पते भोक्तुं पातुं वाऽऽधार्कर्मिकमशनादि, अत आत्मार्थं विहितमशनादि सर्वमेतेभ्यो वितीर्य पुनर्वयमात्मार्थमन्यदशनादि निर्वर्तयिष्याम इति यद्यभिसन्दधाति तदेतत्कथमपि विदित्वा साधुः पश्चात्कर्मभयतोऽनेषणीयं मन्यमानो न प्रतिगृह्णीयात् ॥ ६१ ॥

આહાર આદિ માટે (વિષે) શ્રાવકના વિચારને કહે છે.

**સૂત્રાર્થ :- વહોરાવીને પછી ફરીથી રસોઈની અભિસંધિ (બનાવવાની) હોતે છતે તેવો આહારગ્રહણ ન કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** કોઈક સરલ પરિણામી શ્રાવક આવું વિચારે કે આ સાધુ મહાત્માઓ અઢાર હજાર શીલાંગરથના ધારક, પાંચ મહાવ્રત તેમજ છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રતયુક્ત, પિંડવિશુદ્ધિ વિ. ઉત્તરગુણયુક્ત, પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન તેમાં કાબૂ મેળવનારા, પાપના દરવાજા જેમણે બંધ કર્યા છે તેવા, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને (વાડને) ધારણ કરનારા, અઢાર પ્રકારના બ્રહ્મચર્ય ગુણથી યુક્ત છે. આવા મુનિઓને આધાકર્મી ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી. આથી અમારા પોતાને માટે કરેલું આ સર્વ ભોજન તેમને વહોરાવીને - આપણે આપણા માટે ફરીથી બીજું બનાવી દઈશું. આ પ્રમાણે જે શ્રાવક વિચારે તેની ગમે તે રીતે સાધુને ખબર પડી જાય તો પશ્ચાત્કર્મ દોષના ભયથી અનેષણીય એવી તે ગોચરી સાધુ ગ્રહણ ન કરે. ॥૬૧॥

नियमान्तरमाह-

**संस्तुतावासपरिहारेणान्यत्र शुद्धं ग्राह्यम् ॥ ६२ ॥**

**संस्तुतेति**, संस्तुताः-सम्बन्धिनस्ते द्विविधाः पूर्वसंस्तुताः पितृव्यादयः, पश्चात्संस्तुताः श्वशुरादयः, एवंविधानि गृहाणि भक्ताद्यर्थं न प्रविशेत्, यतो गृहस्थो तेभ्यः पूर्वमेवाशनादि भिक्षवे दानार्थं कुर्यात्, अतः कर्मोपदानमेतत्, किन्तु तथाविधं ग्रामादिकं प्रविष्टो भिक्षुः स्वजनकुलं विदित्वा केनचित्स्वजनेनाज्ञातं एवैकान्तमपक्रम्यानालोके तिष्ठेत्, प्राप्ते भिक्षावसरे तथाविधग्रामाद्यनुप्रविश्येतरकुलेभ्य उद्गमादिदोषरहितां वेषमात्रादवाप्तामुत्पादनादिदोषरहितां भिक्षामन्विष्य ग्रासैषणादोषरहितां तामाहारयेत् । तत्रोत्पादनादोषाः धात्रीदूतीनिमित्ताजीविकावनीपकचिकित्साक्रोधादि संस्तवविद्यामंत्रचूर्णयोगमूलपिण्डाः षोडश साधुसमुत्थाः, ग्रासैषणादोषाश्च संयोजनाप्रमाणाङ्गारधूम्रकारणदोषाः, कालेनानुप्रविष्टोऽपि भिक्षुः क्रियमाणमाधाकर्मिकमशनाद्याहृतमेव प्रत्याख्यास्यामीति मन्वानो न तूष्णीम्भावेनोपेक्षेत, मातृस्थानप्राप्तिप्रसङ्गात्, किन्तु संस्क्रियमाणं दातारं नाधाकर्मिक आहारो मे कल्पत इति वदन् प्रतिषेधयेत्, तथापि यदि कुर्यान्नो गृह्णीयादिति ॥ ६२ ॥

વળી બીજા નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- સંસ્તુત આવાસના ત્યાગ વડે (પૂર્વક) બીજેથી શુદ્ધ (આહારને) ગ્રહણ કરવો જોઈએ.**

**ભાવાર્થ :-** સંસ્તુતઃ = સંબંધિ (સંસારી) તે બે પ્રકારે. (૧) પૂર્વસંસ્તુત = પિતરાઈ સગા (પિયરીયા) (૨) પશ્ચાત્ સંસ્તુત = સાસરીયા-શ્વસુરપક્ષ. તે બંને પ્રકારના ઘરને વિષે ભોજનાદિ માટે પ્રવેશ ન કરવો જોઈએ. આવા ઘરમાં ગૃહસ્થ પ્રથમ જ સાધુને અશનાદિ વહોરાવે તેથી તે (રસોઈ બનતા થયેલી જે વિરાધના) કર્મબંધનું કારણ બને છે. પરંતુ, તેવા ગામમાં ગયેલ મુનિ સ્વજનોને ખ્યાલ ન આવે તેવી અજ્ઞાત તેમજ એકાંત જગ્યા. જ્યાં વધારે લોકોની અવર-જવર ન હોય તેવા સ્થાનમાં ઊભો રહે અને જ્યારે ગોચરીનો સમય થાય ત્યારે પોતાના સ્વજન સિવાયના કુલમાં ઉદ્ગમ આદિ દોષ રહિત સાધુને વેષમાત્રથી જ મળેલ ગોચરી (પોતાની કોઈપણ ઓળખાણ વિના મળેલી) ઉત્પાદનાદિ દોષ રહિત મેળવીને ગ્રાસૈષણાદિ દોષ રહિત તેવી ભિક્ષા વાપરે.

તેમાં ઉત્પાદના દોષ=ધાત્રી, દૂતી, નિમિત્ત, આજીવિકા, વનીપક, ચિકિત્સા, ક્રોધાદિ, સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ, મૂલપિંડ. આ સોળ દોષ જે સાધુથી થતા છે. અને સંયોજના, અપ્રમાણ, અંગાર, ધૂમ્ર, કારણાભાવ આ પાંચ ગ્રાસૈષણાના દોષ છે. ગૃહસ્થને ત્યાં કાલે જ ભિક્ષા માટે ગયેલો મુનિ ગૃહસ્થને ત્યાં આધાકર્મી આદિ ભોજન બનતું હોય તો મેં નિર્દેશનું પચ્ચક્ખાણ કર્યું છે. એમ માનીને મૌન ન રહે કારણ કે તેમ કરવાથી માયાનો પ્રસંગ આવે છે.

પરંતુ, તે વખતે આહાર બનાવતાં દાતારને કહે કે મને આધાકર્મી આહાર કલ્પતો નથી. તો પણ ગૃહસ્થ જો આરંભ-સમારંભ કરે તો તેવો આહાર સાધુએ ગ્રહણ ન કરવો જોઈએ. ॥૬૨॥

नियमान्तरमाह-

**सरसं विरसं वाऽधिकमनापृच्छ्य न परिष्ठापयेत् ॥ ६३ ॥**

सरसमिति, भिक्षुः सरसं विरसं वाऽऽहृतमाहारादि सर्वमभ्यवहरेत्, न तु सरसं भुक्त्वा विरसं त्यजेत्, मातृस्थानप्राप्तिप्रसङ्गात्, एवं पानकमपि, तथा लब्धं बह्वशनादि भोक्तुमसमर्थस्तत्परिगृह्य तत्रादूरे वा गतानां साधर्मिकादीनां समीपं गत्वा अयि श्रमणा ममैतदशनादि बहु पर्यापन्नं नाहं भोक्तुं समर्थोऽतो यूयं किञ्चिद्भुङ्ध्वमिति वदेत्, यावन्मात्रं भोक्तुं शन्कुमस्तावन्मात्रं भोक्ष्यामहे पास्यामह इति ते यदि वदेयुस्तदा तथा कार्यम् । न तुताननापृच्छ्य प्रमादितया परिष्ठापयेत्, मातृस्थानसंस्पर्शप्रसङ्गात् ॥ ६३ ॥

વળી બીજા નિયમ કહે છે.

**સૂત્રાર્થ :- રસ સહિત કે રસ રહિત (આહાર) વધુ હોય તો પૂછ્યા વિના પરઠવવો નહિ.**

**ભાવાર્થ :-** સરસ કે વિરસ જેવો પણ આહાર ભિક્ષામાં લાવેલો હોય તે સર્વ મુનિએ વાપરવો જોઈએ. પરંતુ, સરસ વાપરી લે અને વિરસ રાખી મૂકે (છોડી દે - પરઠવી દે) તેવું ન કરવું. માયાનો પ્રસંગ છે માટે, આવો જ વિધિ પાણી માટે પણ છે.

તે જ રીતે ગોચરી ઘણી વધી ગઈ હોય તે વાપરવા માટે અસમર્થ મુનિ ત્યાંથી બહુ દૂર કે બહુ નજીક નહીં એવા બીજા સાધર્મિકની (મુનિની) પાસે જઈને કહે કે હે મુનિ ભગવંતો મને આ ગોચરી આદિ બહુ જ વધી ગયું છે. હું ખાવા માટે સમર્થ નથી તમે કંઈક વાપરી લો. (મને લેવડાવો) આવું કહે ત્યારે તે મુનિઓ કહે કે અમે જેટલું વપરાશે તેટલું વાપરશું તેમજ પીશું. તે તેમને આપો. પરંતુ, તેમને પૂછ્યા વિના પ્રમાદિ (આળસુ) બનીને પરઠવે તો માયા (કપટ) કર્યું કહેવાય. ॥૬૩॥

नियमान्तरमाह-

**अनुज्ञातमात्रमेव संस्तुतेभ्यो दद्यात् ॥ ६४ ॥**

अनुज्ञातमात्रमेवेति, भिक्षुः पिण्डमादायाऽऽचार्याद्यन्तिकमुपसृत्य अयि पूज्या मम पुरःसंस्तुता यदन्तिके प्रव्रजितस्तत्सम्बन्धिनः पश्चात्संस्तुता यदन्तिकेऽधीतं श्रुतं वा तत्सम्बन्धिनोऽन्यत्रावासिता आचार्योपाध्यायप्रवर्त्तकस्थविरगणिगणधरगणावच्छेदका युष्मदनुज्ञयाऽहमेतेभ्यः प्रभूतं दास्यामीति विज्ञाप्य तैर्यावन्मात्रमनुज्ञातं तावन्मात्रमेव प्रयच्छेत्, न त्वनापृच्छ्य यस्मै रोचते तस्मै स्वमनीषिकया प्रभूतमल्पं वा प्रयच्छेत्, मातृस्थानसंस्पर्शप्रसङ्गात्, तथा गोचर्या पिण्डमादायाचार्याद्यन्तिके सर्वं यथावस्थितमेव दर्शयेत्, न तु पर्यटन्नेव रसगृध्नुतया सरसं सरसमभ्यवहृत्यान्तप्रान्तादिकं प्रतिश्रयमानयेत् ॥ ६४ ॥

અન્ય વિનયને કહે છે.

**સૂત્રાર્થ :- સંસ્તુતથી (વડીલ મુનિથી) અનુજ્ઞા મેળવીને (અન્ય મુનિને) આપવી જોઈએ.**

**ભાવાર્થ :-** સાધુ ગોચરી લાવ્યા પછી પૂર્વ સંસ્તુત = જેમની પાસે પોતે દીક્ષા લીધી છે. તેવા તેમજ પશ્ચાત્ સંસ્તુત = જેમની પાસે તે ભણે છે કે વાચના વિગેરે લે છે. તેવા મુનિઓ તેમજ અન્ય સ્થાને રહેલા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર, ગણિ, ગણધર, ગણાવચ્છેદક વિ.ની આજ્ઞા લઈને એમ કહે કે તમારી આજ્ઞાપૂર્વક હું આ સર્વ મુનિઓને ઘણું (ગોચરી આદિ) આપીશ. આ રીતે વડીલોને વિનંતી કરીને તેમની આજ્ઞા લઈને તેમને તથા તેમના નિશ્રાવર્તી અન્ય મુનિઓને તે વડીલોએ જેમ આજ્ઞા આપી હોય તેટલું જ આપે. પરંતુ, તેમને પૂછ્યા વિના જે મુનિને જેટલી ઈચ્છા છે તે મુનિને પોતાની મરજી મુજબ ઘણું કે થોડું ન આપે પોતાની મરજી મુજબ કરવાથી માયા કરી કહેવાય.

તે જ રીતે ગોચરીમાં જે જે ગોચરી મળી હોય તે સર્વ આચાર્યાદિની પાસે જેમ લાવ્યો હોય તેમ જ બતાવે. પરંતુ, રસલોલુપતાથી ગોચરીથી આવતા વચ્ચે જ સરસ ભોજન પોતે વાપરી લે અને અન્તપ્રાન્તાદિ (લુખું-સૂકું) ભોજન ઉપાશ્રયમાં લાવે - આવું કપટ ન કરે. ॥૬૪॥

नियमान्तरमाह–

**ग्लानार्थं दत्तं नान्यथा कार्यम् ॥ ६५ ॥**

**ग्लानार्थमिति,** एकः कश्चिद्भिक्षुस्तत्रैव वास्तव्येषु वा समागतेषु वा साम्भोगिकेष्वसाम्भोगिकेषु वा कस्यचिद् ग्लानतायां मनोज्ञमाहारजातमादाय ग्लानाय प्रयच्छतेत्युक्त्वा यदि तेषु कस्मैचिद् ददाति तदा स तद्गृहीत्वा तत्राध्युपपन्नोऽहमेक एव भोक्ष्य इति मनसि विधाय ग्लानस्यापथ्योऽयं पिण्ड इति धुद्ध्युत्पादनार्थं मनोज्ञं गोपित्वा वातादिरोगमुद्दिश्यायं पिण्डो भवदर्थं साधुना दत्तः किन्त्वयं रूक्षस्तिक्तः कटुः कषायोऽम्लो मधुरो वेत्यादिदोषदुष्टो न भवत उपकाराय वर्त्तत इति यदि ब्रूयात्तदा मातृस्थानं स स्पृशति, तदेतन्न कार्यम् । तथा यदि भिक्षुणा ग्लानाय प्रयच्छता न चेद्भुंक्ते स तदाऽस्मदन्तिक एव तदाहरत्वित्युक्तोऽन्तरेणान्तरायमाहरिष्यामीति कृतप्रतिज्ञो ग्लानायादत्त्वा स्वयमेवोपभुज्य भिक्षोर्ग्लानभक्तं गृहीत्वाऽनागमननिमित्ततया शूलाद्यन्तरायं निवेदयेत्तर्हि मातृस्थानसंस्पर्शः स्यात्, तन्न कार्यमपि तु ग्लानाय दद्याद्दातृसमीपं वाऽऽहरेदित्यवशिष्टनियमान्तराण्यन्यतो द्रष्टव्यानि ॥ ६५ ॥

વળી અન્ય નિયમ કહે છે.

**સૂત્રાર્થ :- ગ્લાન માટે (બિમાર માટે) આપેલું ભોજન પોતે ન વાપરે.**

**ભાવાર્થ** :- કોઈક મુનિને ત્યાં સાધુ કે બહારથી પધારેલ સાધુ પોતાના ગચ્છના (સાંભોગિક) કે પરગચ્છના (અસાંભોગિક) સાધુને વિષે એમ કહે કે અમુક બિમાર મુનિને આપજો. ત્યારે તે આહાર લઈને ત્યાં ગયેલો મુનિ એમ વિચારે કે હું એકલો જ વાપરીશ. તેથી ગ્લાનના મનમાં એમ બેસાડે કે આ આહાર તમારા માટે અપથ્યરૂપ છે. એમ કહીને પોતાને ઈચ્છિત આહાર છૂપાવે અને ગ્લાનાદિને કહે કે તમારા માટે વાયુ વિ. રોગ શમન માટે સાધુ વડે આપેલો આ આહાર રૂક્ષ, તીખો, કડવો, તુરો, ખાટો, મીઠો, ઈત્યાદિ કોઈ પણ દોષ દેખાડે. અને તે તબિયત માટે દુષ્ટ આહાર તમને ઉપકારી નહીં થાય. એવું જો કહે તો માયા કરી કહેવાય. તેથી આવું ન કરવું જોઈએ. તેમજ જે મુનિએ ગ્લાન માટે આહારાદિ આપ્યું છે તે મુનિએ જો એવું કહ્યું હોય કે જો ગ્લાનાદિ ન વાપરે તો અમને જ પાછું આપી દેજો. આવું કહ્યા છતાં વચ્ચે હું ગ્લાનને નહીં આપું. અને પોતે વાપરી લઈશ એમ વિચારી વાપરી લે. અને ગ્લાનનું જે મુનિએ આપ્યું તેમને એમ કહે કે શૂલ વિ. બિમારી રૂપ અંતરાયના લીધે હું આવી ન શક્યો. અને મેં વાપર્યું એમ માયા (કપટ) ન કરવું જોઈએ. પરંતુ, તે ગ્લાનને આપે અને તે ન વાપરે તો જે મુનિએ આપ્યું છે તેમને જ પાછું આપે. વળી અનેક નિયમો હજી બાકી છે તે અન્ય ગ્રંથથી જાણી લેવા. ॥૬૫॥

धर्माधारशरीरपरिपालनफलपिण्डग्रहणविधिमभिधायाल्पसागारिके प्रतिश्रये तस्योपभोक्तव्यतया प्रतिश्रयगुणदोषौ निरूपयति—

**योग्यः प्रतिश्रयः स्थानशय्यादियोग्यः ॥ ६६ ॥**

**योग्य इति**, उद्गमादिदोषविकल इत्यर्थः, साधुप्रतिज्ञया जीवानुपमर्द्य रचितं मूल्यतो गृहीतमन्यस्मादुच्छिन्नं भृत्यादेर्बलाद्गृहीतमनिसृष्टमभ्याहृतं पुरुषान्तरकृतादिरूपमुपाश्रयं गृहस्थो यदि साधवे ददाति तर्हि न तत्र स्थानादि कुर्यात्, तथा काष्ठादिभिः कुड्यादौ संस्कृतो वंशादिकम्बाभिरवबद्धो दर्भादिभिश्छादितो गोमयादिना लिप्तः सुधादिखरपिण्डेन मृष्टो भूमिकर्मादिना संस्कृतो दुर्गन्धापनयनार्थं धूपादिना धूपितोऽन्यार्थं कृतादिरूप उपाश्रयः स्थानादियोग्यो न भवति, तथा साधुप्रतिज्ञया पूर्वं यल्लघुद्वारं तन्महाद्वारं कृतञ्चेत् तथा मूलगुणदुष्टञ्चेत्तदपि गृहं न योग्यम्, पृष्ठवंशादिभिः साधुप्रतिज्ञया कृता वसतिर्मूलगुणदुष्टा, साधुप्रतिज्ञयोदकप्रसूतकन्दादीनां स्थानान्तरनयने निःसारणे वा तथाभूत उपाश्रयोऽयोग्यः एवं कृताशुचिनिःसारणं स्थानमपि, मूलगुणदुष्टमुपाश्रयं विहायान्ये पूर्वोदिता यदि पुरुषान्तरकृताऽऽसेवितादिलक्षणाः स्युस्तदा तत्र प्रत्युपेक्ष्य स्थानादि कुर्यात् । तथा तथाविधप्रयोजनमन्तरेण स्कन्धमञ्चमालाप्रासादहर्म्यतलादिरूपे प्रतिश्रये स्थानादि न विदध्यात्, सति प्रयोजने न तत्र शीतोदकादिना हस्तादिधावनमुच्चारादित्यागञ्च कुर्यात्, पतनादिसम्भवेन संयमात्मविराधना-

प्रसङ्गात्, तथा स्त्रीबालपश्वादिचेष्टाविलोकयोग्ये गृहस्थाकुलप्रतिश्रये स्थानादि न कुर्यात्, तेषां निश्शङ्कं भोजनादिक्रियाप्रवृत्त्यसम्भवात्, स्वयं वा रोगातङ्कपीडितो यदि स्यात्तदा गृहस्थः करुणया भक्त्या वा साधुशरीरं तैलादिनाऽभ्यज्ज्यात् सुगन्धिद्रव्यादिभिर्घृष्ट्वा तदपनयनायोद्वर्त्तयेत् प्रक्षालयेदग्निं प्रज्वाल्याऽऽतापयेद्वा, तदेतत् कर्मोपादानम् तथा गृहपत्यादीनां परस्परमाक्रोशादि श्रुत्वा मैवं कुर्वन्तु कुर्वन्तु वेत्येवं मन उच्चावचं कुर्यात् । एवमलङ्कृतां कन्यकां दृष्ट्वा ईदृशी तादृशी शोभनाऽशोभना मद्भार्यासदृशीत्यादिकां वाचं ब्रूयात् । तस्माद्बहुदोषसम्भवात्तथाभूते प्रतिश्रये स्थानादि न कार्यम् ॥ ६६ ॥

ધર્મના આધારરૂપ (ભૂત) શરીરનું પાલન કરવા માટે ગોચરી ગ્રહણની વિધિ કહીને હવે અલ્પગૃહસ્થ હોય તેના ઉપાશ્રયમાં રહેવું તેના ઉપભોગપણા વડે ઉપાશ્રયને આશ્રયીને ગુણ-દોષનું નિરૂપણ કરે છે.

**સૂત્રાર્થ :- (ઉદ્‌ગમ આદિ દોષ રહિત) ઉપાશ્રય તે યોગ્ય કહેવાય. તેવા સ્થાન-શય્યા આદિ યોગ્ય કહેવાય.**

**ભાવાર્થ :-** ગૃહસ્થ એ સાધુ માટે જીવોની વિરાધના કરીને બનાવેલો, પૈસા દઈને સાધુ માટે ખરીદેલો અથવા કોઈની પાસેથી ઉછીનો માંગીને લીધેલ, નોકરાદિ પાસેથી બળજબરીથી લીધેલો, બીજા પુરૂષો માટે કરેલો ઉપાશ્રય, આ સર્વમાંથી કોઈ પણ જાતનો ઉપાશ્રય ગૃહસ્થ જો સાધુને રહેવા માટે આપે તો તેવા સ્થાનમાં સાધુએ ન રહેવું જોઈએ. તેમજ લાકડા આદિ વડે ભીંતમાં સુશોભન કરેલો, વાંસ આદિ સોટી વડે બંધાવેલો (બોર્ડર કરેલો) ઘાસ આદિથી ઢાંકેલો, છાણાદિથી લીંપેલો, ચૂના આદિથી રંગેલો, પૃથ્વી પર ડિઝાઈન આદિથી સુશોભિત, દુર્ગંધ દૂર કરવા માટે ધૂપાદિથી સુગંધિત કરેલો, આ સર્વ વસ્તુ બીજા માટે પણ કરેલી હોય તો પણ તે ઉપાશ્રયમાં સાધુને સ્થાનાદિ યોગ્ય નથી. તેમજ સાધુને ઉદ્દેશીને પહેલાં જે વસતિનું દ્વાર નાનું હોય તેને મોટું કરે. તેમજ પૃષ્ઠવંશાદિથી સાધુને ઉદ્દેશીને જે વસતિ બનાવવામાં આવે તે મૂલગુણથી દુષ્ટ કહેવાય છે. તેવી વસતિ સાધુ માટે યોગ્ય નથી. સાધુને ઉદ્દેશીને પાણી અથવા ઉગેલા કંદને બીજા સ્થાનમાં લઈ જાય અથવા કાઢી નાંખે તો તેવો ઉપાશ્રય પણ સાધુ માટે અયોગ્ય છે. તે જ રીતે અશુદ્ધિ દૂર કરેલો ઉપાશ્રય પણ અયોગ્ય છે.

મૂલગુણથી દુષ્ટ ઉપાશ્રયને છોડીને બીજા જે પણ પૂર્વે દોષિત (કહેલા) ઉપાશ્રય જણાવ્યા તે જો બીજા માટે કરેલા અને બીજાએ વાપરેલા હોય તો ત્યાં દૃષ્ટિ પડિલેહણ કરી સમજી વિચારીને સ્થાનાદિ કરી શકે. તેમજ તેવા કોઈ વિશેષ કારણ વિના, ઓટલો, માંચડો, મેડો, મહેલ કે હવેલીની ઉપરના માળે જો ઉપાશ્રય હોય તો ત્યાં સ્થાનાદિ ન કરવા કદાચ ત્યાં રોકાવવું પડે તો પણ હાથ ધોવા કે ઉચ્ચારાદિનો ત્યાગ ન કરવો. કેમકે પાણી ઢોળાઈ જાય તો ત્યાં પડી જવાથી સંયમ વિરાધના તથા આત્મવિરાધના થવાનો સંભવ છે.

તેમજ સ્રી, બાલ, પશુ આદિની ચેષ્ટા દેખાતી હોય તેવા ગૃહસ્થથી વ્યાપ્ત-ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરવાં, તેઓ બેફીકરાઈથી ભોજન આદિ ક્રિયા ન કરી શકે માટે ત્યાં વાસ ન કરવો. કદાચ સ્વયં સાધુ રોગાતંકથી પીડિત હોય તો ગૃહસ્થ દયાથી કે ભક્તિથી સાધુના શરીરને તૈલાદિથી માલીશ કરે અથવા સુગંધી દ્રવ્ય આદિ ઘસીને, વળી પાછું તેને દૂર કરવા (ખંખેરે) અથવા જલથી ધોવે (ન્હવડાવે) અથવા અગ્નિ વડે બાળીને આતાપના લે, આ બધું કર્મબંધનું કારણ છે.

તેમજ મકાન માલિકના ઘરમાં પરસ્પર ઝઘડો થતો સાંભળીને આવું ન કરો. ન કરો એ પ્રમાણે બોલી જવાય અથવા તો બોલે નહીં તો મન ઊંચું-નીચું થઈ જાય. એ જ રીતે શણગારેલી છોકરીને જોઈને આ આવા પ્રકારની છે, આ તેવા પ્રકારની છે, આ સારી છે. આ ખરાબ છે. મારી પત્ની જેવી છે. ઈત્યાદિ વચન બોલે તેથી કરીને બહુ દોષનો સંભવ હોવાથી આવા ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરવા. ॥૬૬॥

सागारिकप्रतिबद्धवसतिदोषमाह–

**तत्राधिकरणान्तरायमनःपीडाव्यापत्तिशङ्कादिदोषाः ॥ ६७ ॥**

**तत्रेति**, अयोग्ये गृहस्थावबद्धे वसतौ वसतः साधोरित्यर्थः, केचन गृहस्थाश्शुचिप्रियाः, भिक्षवश्चास्नानतया दुर्गन्धाः, एवम्भूताश्च तथाविधगृहस्थानामतिशयेनानभिमताः, तथा च यत्र पूर्वं स्नानादिकं कृतवन्तस्तत्र साधूनामुपरोधात् पश्चात्कुर्वन्ति यद्वा पश्चात्कृतवन्तस्तत्पूर्वं कुर्वन्ति, एवमवसर्पणोत्सर्पणक्रियया साधूनामधिकरणदोषसम्भवः, यद्वा साधूपरोधात्ते गृहस्थाः प्राप्तकालमपि भोजनादिकं न कुर्युरित्यन्तरायमनःपीडादिदोषसम्भवः, अथवा त एव साधवो गृहस्थोपरोधात् प्रत्युपेक्षणादिकं कालातिक्रमेण कुर्युर्न कुर्युर्वा । तथा तत्र वसन् कदाचिदुच्चारादिना बाध्यमानोऽकालादौ समुघ्दाटितप्रतिश्रयश्छिद्रान्वेषिणमन्तःप्रविशन्तं चौरं दृष्ट्वा चौरोऽयं प्रविशति न वेति, अपलीयते न वेति वा, अतिपतति न वेति वा, वदति न वदतीति वा, अमुकेनापहृतमन्येन वेति वा साधोर्वक्तुमयोग्यं यदि वदति तदा चौरस्य व्यापत्तिः स्यात्, चौरो वा प्रद्विष्टः साधुं व्यापादयेत्, अनुक्तौ तु तमेव भिक्षुमस्तेनं स्तेन इत्याशङ्केयुरिति दोषसम्भवात्र तादृश्यां वसतौ स्थानादि विधेयमिति ॥ ६७ ॥

સાગારિક પ્રતિબદ્ધ વસતિના દોષને કહે છે.

**સૂત્રાર્થ :- તે વસતિમાં (રહેવાથી) અધિકરણ, અંતરાય, માનસિક પીડા, આપત્તિ, શંકા આદિ દોષ થાય છે.**

**ભાવાર્થ :-** ગૃહસ્થથી યુક્ત વસતિમાં રહેવાથી સાધુને જે દોષનો સંભવ છે તે દોષ જણાવે છે. સાધુ સ્નાનાદિ ન કરવાથી, કદાચ દુર્ગંધયુક્ત હોય અને કેટલાક ગૃહસ્થ ચોક્ખાઈ પ્રિય હોય તો તેવા ગૃહસ્થને સાધુ અત્યંત અપ્રિય થઈ પડે. તે જ રીતે સાધુ હોય તેથી ગૃહસ્થને પોતાના સ્નાનનો ટાઈમ આગળ-પાછળ કરવો પડે. એ જ રીતે ઊંચુ-નીચું મૂકવાની ક્રિયા પણ આગળ-પાછળ કરે તે રીતે અનેક દોષનો સંભવ છે.

અથવા સાધુના આગ્રહથી ભોજનનો સમય થવા છતાં ભોજન ન કરે. તેથી અંતરાય તેમજ માનસિક પીડા થાય. અથવા તો ગૃહસ્થને ત્યાં રહેતાં ક્યારેક સ્થંડિલ આદિની શંકા થતાં અકાલે ઉપાશ્રયનો દરવાજો ખોલે અને ચોર દરવાજો ખોલવાની રાહ જોતો જ હોય તેથી પ્રવેશ કરે. અને આવતા તે ચોરને જોઈને આ ચોર અહીં આવે છે કે નહીં ? છૂપાય કે નહીં ? ચોરી માટે પ્રવૃત્ત થાય છે કે નહીં ? કંઈ બોલે છે કે નહીં ? અમુક વ્યક્તિ વડે ચોરી કરાઈ છે કે બીજા વડે ? આવું ગૃહસ્થ પૂછે. અથવા તો સાધુ પોતે જ બોલે. તો તે ચોરને મુશ્કેલી થાય. અથવા તો ગુસ્સે થયેલો ચોર સાધુને મારી નાંખે. અથવા જો સાધુ જવાબ ન આપે તો ગૃહસ્થ સાધુને જ ચોરની શંકાથી જુએ. ઈત્યાદિ દોષનો સંભવ છે માટે આવી વસતિમાં સાધુ સ્થાનાદિ ન કરે. ॥૬૭॥

अकल्प्यवसतीराह-

**कालातिक्रान्तादिनवविधवसतयोऽकल्प्याः ॥ ६८ ॥**

**कालातिक्रान्तादीति,** कालातिक्रान्तोपस्थानाभिक्रान्तानभिक्रान्तवर्ज्यमहावर्ज्यसावद्य-महासावद्याल्पक्रियाभिधाना नव वसतयः, ग्रामादेर्बहिर्यत्र पान्था आगत्य तिष्ठन्ति तत्र, आराममध्यगृहेषु मठादिषु वा शीतोष्णकालयोर्मासकल्पमतिवाह्य वर्षासु वा चतुरो मासानतिवाह्य कारणं विना पुनस्तत्रैव वासे कालातिक्रमदोषः स्यात् तथा च स्त्र्यादिप्रतिबन्धः स्नेहादुद्गमादिदोषसम्भवो वा स्यात् । आगन्तुकागारादिषु ऋतुबद्धं वर्षां वाऽतिवाह्यान्यत्र मासमेकं स्थित्वा द्वित्रैर्मासैर्व्यवधानमकृत्वा पुनस्तत्रैव वासे उपस्थानक्रियादोषः । साधूनां कल्प्योपाश्रयज्ञानविधुरैः प्रतिश्रयदानस्य स्वर्गादिफलं कुतश्चिदवगतैः श्रद्दधानैर्गृहस्थैरनेकश्रमणोद्देशेन स्वार्थमपि यानशालासभाप्रपादियुक्तानि गृहाणि क्रियन्ते तानि पूर्वं चरक-ब्राह्मणादिभिरभिक्रान्तानि पश्चात्तत्र यदि साधवोऽवतरन्ति, एवंविधानि गृहाण्यभिक्रान्त-क्रियारूपाणि, इमान्यल्पदोषाणि । या च तथाविधा वसतिश्चरकादिभिरनवसेवितपूर्वा साऽनभिक्रान्तत्वादकल्प्या । निजार्थं प्रकल्पितानि गृहाणि साधुभ्यो दत्त्वा स्वार्थमन्यानि क्रियन्ते तानि वर्ज्यक्रियाभिधानान्यकल्प्यानि च । श्रमणाद्यर्थं निष्पादितायां वसतौ स्नानादि

कुर्वतो महावर्ज्याभिधाना वसतिर्भवति साऽकल्प्या विशुद्धकोटिश्च । या च निर्ग्रन्थशाक्यतापसगेरुकाजीविकेभ्य एव कृता सा सावद्यक्रियाभिधाना वसतिर्भवत्यकल्पनीया विशुद्धकोटिश्च । साधर्मिकोद्देशेन पृथिवीकायादिसंरम्भादिभिर्महापापकृत्यैः संस्तारकद्वारढक्कनादिप्रयोजनान्युद्दिश्य निर्मापितं यत्र च शीतोदकं त्यक्तपूर्वमग्निर्वा प्रज्वालितपूर्व- स्तथाविधवसतौ वासे चाधाकर्मिकवसत्यासेवनाद्रागद्वेषेर्यापथसाम्परायिकादिदोषान्महाक्रियाभिधाना वसतिर्भवति । निजार्थं गृहस्थैरुज्ज्वालिताग्निपूर्वा शीतोदकसिक्तपूर्वा वा वसतिरल्पक्रिया भवति तत्राभिक्रान्ताल्पक्रिये योग्ये, शेषा वसतयोऽयोग्याः ॥ ६८ ॥

અકલ્પ્ય વસતિ (ઉપાશ્રયોનું)નું સ્વરૂપ કહે છે.

**સૂત્રાર્થ :- કાલાતિક્રાન્ત આદિ નવવિધ વસતિ અકલ્પ્ય છે.**

**ભાવાર્થ** :- (૧) કાલાતિક્રાન્ત (૨) ઉપસ્થાન (૩) અભિક્રાન્ત (૪) અનભિક્રાન્ત (૫) વર્જ્ય (૬) મહાવર્જ્ય (૭) સાવદ્ય (૮) મહાસાવદ્ય (૯) અલ્પક્રિયા આ નવ પ્રકારની વસતિ અકલ્પ્ય છે. ગ્રામાદિની બહાર જ્યાં મુસાફર વિ. આવીને રહે છે. તેવા બગીચા, આશ્રમ, વિ.માં શીયાળા તેમજ ઉનાળામાં એક માસથી અધિક, ચોમાસામાં ચાર માસથી અધિક, કારણ વિના રહેવું તે કાલાતિક્રમ દોષ કહેવાય. આ દોષ લાગવાથી સ્ત્રી આદિ પર રાગ અને કોઈક સ્નેહથી ઉદ્ગમ આદિ દોષયુક્ત ભિક્ષા વહોરાવે. આવો સંભવ હોવાથી કાલાતિક્રમ થયા બાદ યોગ્ય વસતિમાં પણ સાધુએ ન રહેવું જોઈએ. પાન્થશાળા વિ.માં ચોમાસુ અથવા માસકલ્પ પૂર્ણ કરીને બીજે સ્થાને એક મહિનો રોકાઈને - બે કે ત્રણ માસ કે તેથી વધારે સમયનું વ્યવધાન રાખ્યા વિના એક જ મહિનામાં ફરીથી તેના તે જ સ્થાનમાં રહેવું તેમાં ઉપસ્થાન ક્રિયા દોષ લાગે છે. સાધુઓને કેવા સ્થાનમાં રહેવું કલ્પે તેવા જ્ઞાનથી રહિત, ઉપાશ્રય દેવાથી સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ ક્યાંકથી પણ જાણી ગયેલ શ્રદ્ધાળુ ગૃહસ્થોએ જે અનેક સાધુના ઉદ્દેશથી કે પોતાના માટે પણ યાનશાળા (વાહન મૂકવાની જગ્યા) સભાગૃહ, પરબ વિ. યુક્ત કર્યા હોય તેવા ઘરમાં ચરક, બ્રાહ્મણ આદિ પહેલાં રોકાઈ ગયેલા હોય તો તે "અભિક્રાન્ત વસતિ" કહેવાય અને ત્યાં સાધુ તેમના પછી રોકાય તો તેમને અભિક્રાન્ત ક્રિયારૂપ દોષ લાગે છે. આ બધા અલ્પદોષ યુક્ત ઉપાશ્રય છે.

અભિક્રાન્ત દોષયુક્ત વસતિમાં પૂર્વે અન્યલિંગી સાધુ રોકાયા ન હોય અને પ્રથમ સાધુ જ ત્યાં રોકાય તો 'અનભિક્રાન્ત દોષયુક્ત' અકલ્પ્ય વસતિ કહેવાય.

ગૃહસ્થે પોતાના માટે કરેલી વસતિ સાધુઓને રોકાવવા માટે આપીને પોતાના માટે નવું ઘર કરાવે તો તે 'વર્જ્યક્રિયા' નામક દોષ છે. શ્રમણાદિ માટે બનાવેલી વસતિમાં સ્થાનાદિગ્રહણ કરતાં 'મહાવર્જ્ય' નામે વસતિ છે. જે વિશુદ્ધ કોટિ અકલ્પ્ય છે. જે વસતિ નિર્ગ્રન્થ, તાપસ, ગેરૂક, આજીવિક માટે જ કરાય છે. તે 'સાવદ્યક્રિયા' રૂપ વસતિ વિશુદ્ધ કોટિની છે. જે અકલ્પ્ય છે.

સાધર્મિકના ઉદ્દેશથી પૃથ્વીકાયાદિના સમારંભપૂર્વક અત્યંત પાપ કરીને, સંથારો, દરવાજા આદિ પ્રયોજનપૂર્વક જે (વ્યવસ્થિત રીતે) બનાવેલ, તેમજ જ્યાં પહેલાં ઠંડુ પાણી છાંટી દીધું છે તેવી અથવા સાધુના આવતા પહેલાં અગ્નિ પેટાવીને ઉપાશ્રય ગરમ કરી દીધો છે. તેવી વસતિમાં રહેવાથી અર્થાત્ તેવી આધાકર્મિક વસતિના સેવનથી રાગ-દ્વેષ, ઈર્યાપથિકી ક્રિયા દોષ, સામ્પરાયિક = કષાયાદિ, દોષનો સંભવ હોવાથી 'મહાક્રિયા' નામે વસતિ થાય છે.

આ સઘળી વસતિમાં 'અભિક્રાન્ત' તેમજ 'અલ્પક્રિયા' વસતિ યોગ્ય છે. શેષ સઘળી અયોગ્ય છે. ॥૬૮॥

कारणान्तरेण चरकादिभिर्वासे विधिमाह-

**चरकादिभिर्वासे सूपयुक्तः स्यात् ॥ ६९ ॥**

**चरकादिभिरिति,** यदि साधुवसतौ शय्यातरेणान्येषामपि चरककार्पटिकादीनां कतिपयदिवसस्थायिनामवकाशो दत्तो भवेत्, तेषां वा पूर्वस्थितानां पश्चात्साधूनामुपाश्रयो दत्तो भवेत्तत्र कार्यवशाद्वसता रात्र्यादौ निर्गच्छता प्रविशता वा यथा चरकाद्युपकरणोपघातो न भवेत्तदवयवोपघातो वा तथा पुरो हस्तकरणादिकया गमनागमनादिक्रियया यतितव्यमिति ॥ ६९ ॥

કારણસર ચરકાદિની સાથે રહેવું પડે તો તેનો વિધિ કહે છે.

**સૂત્રાર્થ :- ચરકાદિની સાથે જો રહેવું પડે તો અત્યંત ઉપયોગયુક્ત થઈને રહે.**

**ભાવાર્થ :-** સાધુ જે વસતિમાં રહેલા છે તેમાં જો શય્યાતર ચરક, કાર્પટિક (કાપડીયા) આદિ અન્યને પણ થોડાક દિવસ માટે જગ્યા આપે. અથવા તો તેઓ રહેલા હોય ને પાછળથી સાધુને ઉપાશ્રય આપે તો તેવા સ્થાનમાં રહેતા રાત્રિને વિષે કોઈક કામથી બહાર જતાં વસતિમાં પ્રવેશ કરતાં ચરકાદિના ઉપકરણને ઉપઘાત ન થાય. તેમજ તેમના શરીરાદિ અવયવને ઉપઘાત ન થાય તે રીતે આગળ હાથ ફેલાવતાં ફેલાવતાં (આદિથી, પગ મૂકતાં પહેલાં નીચે પણ જરા પગની આગળ પાછળની જગ્યા ખાલી જણાય તો), (ગમન) અવર-જવર કરવાની ક્રિયામાં યત્ન કરવો જોઈએ. ॥૬૯॥

वसतियाचनाविषये आह-

**गृहाधिपानुज्ञप्तकालं यावद्वसेत् ॥ ७० ॥**

**गृहाधिपेति,** प्रतिश्रयं तदधिपश्चावेत्य विचार्य च साधुना पृष्टो गृहाधिपस्तन्नियुक्तो वा कदाचिदेवं ब्रूयात् कियन्तं कालं भवतामत्रावस्थानमिति, वसतिप्रत्युपेक्षकः साधुर्यदि कारणमन्तरेण ऋतुबद्धे मासमेकं वर्षासु चतुरो मासानवस्थानमिति ब्रूयात्तदा नैतावन्तं कालं

ममात्रावस्थानं वसतिर्वेति गृहपतिर्वदेत्तदा तथाविधकारणसद्भावे साधुर्यावत्कालमिहायुष्मा-नास्ते यावद्वा भवत उपाश्रयस्तावत्कालमेवोपाश्रयं ग्रहीष्यामस्ततो विहरिष्याम इति वदेत् साधुप्रमाणं पृष्टो वदेत् समुद्रसंस्थानीयाः सूरयः, नास्ति परिमाणम्, कार्यार्थिनां केषाञ्चि-दागमनसम्भवात् कृतकार्याणाञ्च गमनसम्भवादिति ॥ ७० ॥

વસતિની યાચનાના વિષયમાં કહે છે.

**સૂત્રાર્થ :- ઘરમાલિકે જેટલા સમય માટે અનુજ્ઞા આપી હોય તેટલા સમય માટે જ ત્યાં રહેવું જોઈએ.**

**ભાવાર્થ :-** ઉપાશ્રય તથા તેના સ્વામિની જાણકારી મેળવીને પોતે ત્યાં રહેવું છે તેવો વિચાર કરીને સાધુ વડે ઘરનો માલિક કે તેના વડે રખાયેલા જે નોકરાદિ પૂછાય ત્યારે તે ગૃહસ્થ એમ કહે કે આપને કેટલા સમય માટે રોકાવવું છે. ત્યારે વસતિ ગવેષક સાધુ કહે કે "કારણ વિના અન્ય ઋતુમાં એક મહિનો તેમજ વર્ષાઋતુમાં ચાર મહિનાનું અમારૂં રહેઠાણ હોય છે." ત્યારે મકાન માલિક કહે કે આટલા બધા સમય માટે મારી વસતિ નથી. તે વખતે ત્યાં રહેવું પડે તેવું જ હોય તો સાધુ કહે કે હે આયુષ્યમાન ! જ્યાં સુધી તમે ઉપાશ્રય આપશો. ત્યાં સુધી જ અમે રોકાઈશું પછી વિહાર કરી જઈશું. કદાચ સાધુની સંખ્યા પૂછે તો કહે કે આચાર્ય તો 'સમુદ્ર' જેટલા (ઘણા છે) તેનું કોઈ પ્રમાણ ન હોય. (નથી) કારણ કે કાર્ય માટે કેટલાક સાધુનું આગમન સંભવે છે. અને કાર્ય કરેલા (કાર્ય થતાં) જવાનો સંભવ હોવાથી. ॥૭૦॥

त्याज्यवसतिमाह-

**गृहस्थचर्यासम्बद्धवसतिस्त्याज्या ॥ ७१ ॥**

**गृहस्थेति**, यस्य प्रतिश्रयस्य चर्या मार्गो गृहपतिगृहे वर्तते तथाविधे बह्वपायसम्भवान्न स्थेयम्, यत्र गृहपत्यादयोऽन्योऽन्यं तैलकल्कादिभिर्देहमभ्यञ्ज्येयुस्तथाविधचर्यासम्बन्धि-वसतिरयोग्या, यत्र वा स्त्रियो मुक्तपरिधाना आसते किञ्चिद्रहस्यं रात्रिसम्भोगविषयं परस्परं कथयन्त्यकार्यसम्बद्धं वा मंत्रयन्ते तत्सम्बद्धे प्रतिश्रये स्वाध्यायक्षतिचित्तविप्लवादिदोष-सम्भवान्न स्थानादि विधेयम, तथा विकृतचित्रितभित्तिमद्वसतिरपि त्याज्या ॥७१ ॥

છોડવા યોગ્ય વસતિને કહે છે.

**સૂત્રાર્થ :- ગૃહસ્થચર્યા સંબદ્ધ વસતિ છોડવા યોગ્ય છે.**

**ભાવાર્થ :-** જે ઉપાશ્રયનો રસ્તો ઘર માલિકના ઘરમાં જ હોય તેવી ઘણા અપાયના કારણરૂપ વસતિમાં ઘર માલિક વિ. એક બીજાને તૈલાદિથી માલિશ કરતા હોય તેવી ચર્યા સંબંધી વસતિ અયોગ્ય છે. જે વસતિમાં સ્ત્રીઓ વસ્ત્ર રહિત બેસતી હોય, કોઈક ગુપ્ત વાતો કે રાત્રિના સંભોગના

વિષયક વાતો એકબીજાને કહેતી હોય અથવા ન કરવાલાયક કાર્યની મંત્રણા કરાતી હોય તેવા તત્સંબદ્ધ ઉપાશ્રયમાં સ્વાધ્યાયની ક્ષતિ, ચિત્ત ડામાડોળ થવું ઈત્યાદિ દોષનો સંભવ હોવાથી સ્થાનાદિ ન કરવાં, તેમજ વિકૃત (કામરાગાદિ) ઉપજાવે તેવા ચિત્રથી રંગેલી ભીંતવાળી વસતિ પણ છોડવા યોગ્ય છે. ॥૭૧॥

अथ फलकादिसंस्तारकमाश्रित्याह-

**अल्पाण्डसन्तानकलघुप्रातिहारिकावबद्धसंस्तारको यथाप्रतिमं ग्राह्यः ॥ ७२ ॥**

**अल्पेति,** संस्तारके हि साण्डे ससन्तानके गृहीते संयमविराधना दोषः, गुरौ सति तदुत्क्षेपणादावात्मविराधनादिदोषः, अप्रतिहारके तत्परित्यागादिदोषः, अनवबद्धे तद्बन्धनादिपलिमन्थदोष इत्यल्पाण्डाल्पसन्तानकलघुप्रतिहारिकावबद्धत्वात्सर्वदोषविप्रमुक्तत्वात् संस्तारकमभिग्रहविशेषैरन्विष्य गृह्णीयात्, तत्राभिग्रहश्चतुर्धा फलहकादीनामन्यतमद्ग्रहीष्यामि नेतरदित्युद्दिष्टाख्यः प्रथमः, यदेव प्रागुद्दिष्टं तदेव द्रक्ष्यामि ततो ग्रहीष्यामि नान्यदिति प्रेक्ष्याख्यो द्वितीयः, तदपि यदि तस्यैव शय्यातरस्य गृहे भवति ततो ग्रहीष्यामि नान्यत आनीय शयिष्य इति तस्यैवाख्यस्तृतीयः, तदपि फलहकादिकं यदि यथासंस्तृतमेवास्ते ततो ग्रहीष्यामि नान्यथेति यथासंस्तृतनामा चतुर्थः, आद्ययोः प्रतिमयोर्गच्छनिर्गतानामग्रहः, उत्तरयोरन्यतरस्याभिग्रहः, गच्छान्तर्गतानान्तु चत्वारोऽपि कल्पन्ते, आभिरन्यतरप्रतिमाभिः प्रतिपन्नस्तथाविधालाभे उत्कटुको वा निषण्णो वा पद्मासनादिना वा सर्वरात्रमास्ते । अन्यतरप्रतिमां प्रतिपन्नोऽपरप्रतिमाप्रतिपन्नं साधुं न हीलयेत्, जिनाज्ञामाश्रित्य सर्वेषां समाधिना वर्त्तमानत्वात् । प्रतिहारकसंस्तारकप्रत्यर्पणेच्छायां गृहकोकिलकाद्यण्डकसम्बद्धत्वेऽप्रत्युपेक्षणयोग्यत्वात्तत्र प्रत्यर्पयेत् ॥ ७२ ॥

હવે ફલકાદિ (પાટીયાદિ) સંથારાના વિષયને આશ્રયીને કહે છે.

**સૂત્રાર્થ :- અલ્પખંડ, અલ્પસંતાનક, લઘુ, પ્રાતિહારિક, અવબદ્ધ, સંથારો જેવી પ્રતિમા ધારણ કરી હોય તે રીતે લેવો જોઈએ.**

**ભાવાર્થ :-** અંડ સહિત કે સંતાન સહિત સંથારા ગ્રહણમાં સંયમવિરાધના થાય છે. બહુ ભારે સંસ્તારક લેવામાં પડિલેહણ વખતે આત્મવિરાધનાનો સંભવ છે. અપ્રતિહારકમાં તેને છોડવો વિ. દોષો છે. અનવબદ્ધ સંસ્તારકમાં તેને બાંધતી વખતે કષ્ટ થાય, તકલીફ પડે તેથી દોષ છે. એ પ્રમાણે અલ્પાણ્ડ, અલ્પસંતાનક, લઘુ, પ્રાતિહારિક, અવબદ્ધ આ સર્વ જાતનાં સંસ્તારક દોષ રહિત છે. અભિગ્રહ વિશેષથી તેવો સંસ્તારક ગવેષણા કરીને ગ્રહણ કરવો જોઈએ.

તેમાં અભિગ્રહ ચાર પ્રકારે છે. ફલકાદિમાંથી મેં જે વિચાર્યું છે તેવું મળશે તો જ ગ્રહણ કરીશ. બીજું નહીં તે 'ઉદ્દીષ્ટાખ્ય' પ્રથમ ભેદ છે. જે પહેલાં મારૂં ધારેલું હતું તેવું જોઈશ તો જ ગ્રહણ કરીશ. અન્યને નહીં. તે 'પ્રેક્ષ્યાખ્ય' બીજો અભિગ્રહ છે. તે 'પ્રેક્ષ્યાખ્ય' સંસ્તારક પણ તે જ ગૃહસ્થ પાસેથી લઈશ. બીજા પાસેથી મળે તો સૂવું નહીં. તે 'તસ્યૈવાખ્ય' ત્રીજો અભિગ્રહ. તે જ ફલકાદિમાં જેવી રીતે સંથારો કરેલો આપ્યો છે. તેવો જ મળશે તો લઈશ નહીંતર નહીં તે 'યથાસંસૃત' નામે ચોથો અભિગ્રહ છે.

પહેલા બે અભિગ્રહનો આગ્રહ ગચ્છથી નીકળેલા પ્રતિમાધારી સાધુઓને હોય છે. પછીના બે અભિગ્રહનો આગ્રહ ગચ્છવાસી પ્રતિમાધારીને હોય છે. ગચ્છમાં રહેલાને તો ચારે પ્રકારના સંસ્તારકનો અભિગ્રહ થઈ શકે છે. આવા અભિગ્રહધારી સાધુને જો તેવા સંસ્તારક ન મલે તો આખી રાત ઉત્કટુક, બેસીને કે પદ્માસન આદિમાં રહે. અમુક નિયમમાં રહેલા સાધુઓ બીજા નિયમમાં રહેલા સાધુની નિંદા ન કરવી જોઈએ. જિનાજ્ઞાને સ્વીકારીને સર્વે પણ સમાધિમાં રહેલા હોવાથી, સંથારો ગૃહસ્થને પાછો આપવાની ઈચ્છા થાય ત્યારે જો ગરોળી એ ઈંડા મૂક્યા હોય તો તેનું પડિલેહણ થઈ શકતું નથી. તેથી પાછો ન આપી શકાય. ॥૭૨॥

वसत्यन्वेषणार्थं यथाविधीर्यानियममाह–

**वर्षासु ग्रामान्तरेर्यां विहायानाकुले ग्रामे वसेत् ॥ ७३ ॥**

**वर्षास्विति,** भावविषयेर्या चरणेर्यासंयमेर्यारूपतो द्विधा, सप्तदशविधसंयमानुष्ठानमसंख्येयसंयमस्थानेष्वेकस्मात्संयमस्थानादपरसंयमस्थानं गच्छतो वा संयमेर्या, श्रमणस्य येन प्रकारेण भावगमनं निर्दोषं भवति तथाविधगमनं चरणेर्या, तच्च गमनमालम्बनकालमार्गयतनापदैरेकैकपदव्यभिचाराद्ये भङ्गास्तैः षोडशविधं भवति, प्रवचनसंघगच्छाचार्यादिप्रयोजनमालम्बनम्, साधूनां विहरणयोग्योऽवसरः कालः, जनैः पद्भ्यां क्षुण्णः पन्था मार्गः, उपयुक्तस्य युगमात्रदृष्टित्वं यतना । चतुर्भिरेभिः कारणैर्गच्छतः साधोर्गमनं परिशुद्धं भवति, यथाऽऽलम्बने दिवा मार्गेण यतनया गच्छतः, अकालेऽपि ग्लानाद्यालम्बनेन यतनया गच्छतः शुद्धमेव गमनम् । निर्व्याघातेनाप्राप्त एवाषाढचातुर्मासके तृणफलकडगलकभस्ममात्रकादिपरिग्रहः साधूनां सामाचारी, वर्षासूपगतासु पयोमुच्यभिप्रविष्टे च बहव इन्द्रगोपकादयो जीवा बहूनि बीजानि चाभिनवाङ्कुरितानि भवन्ति, मार्गाश्च तृणाकुलत्वादविज्ञाता बहुप्राणिनो भवन्ति, विज्ञायैव साधुर्न ग्रामान्तरं यायात्, यथावसरं प्राप्ते ग्रामे वर्षाकालं वसेत् । यत्र ग्रामादौ च स्वाध्यायभूमिर्बहिर्गमनभूमिर्वा महती न विद्यते न सुलभानि च पीठफलकशय्यासंस्तारकादीन्येषणीयः प्रासुकः पिण्डपातश्च चरकब्राह्मणाद्याकुलत्वात् तथाविधे

ग्रामादौ भिक्षाटनस्वाध्यायध्यानबहिर्गमनादिकार्याणां निरुपद्रवमसम्भवात् प्राज्ञो भिक्षुर्न तत्र वर्षाकालं विदध्यात् । अतिक्रान्ते च कार्तिकचातुर्मासिके यद्युत्सर्गतो न वृष्टिस्तदाऽन्यत्र प्रतिपद्येव गत्वा पारणकं कुर्यात्, यदि तु वृष्टिरस्ति तदा पञ्चदशसु दिनेषु गतेषु, एवमपि मार्गस्य साण्डादित्वे गमनागमनादिनाऽक्षुण्णत्वे च समस्तमेव मार्गशीर्षं तत्रैव वसेत्, तत ऊर्ध्वं यथा तथाऽस्तु न स्थेयात् । गच्छम् पुरतो भूभागं चतुर्हस्तप्रमाणं पश्यन् यतनया संयतो ग्रामान्तरं यायात् । व्रजंश्चानियतकालसञ्चाराणां धर्मसंज्ञोपदेशेनानार्यसंकल्पाद्दुर्निवर्त्यानामनार्याणां चौरशबरपुलिन्दादिम्लेच्छप्रधानानां स्थानानि सत्यन्यस्मिन् ग्रामादिके विहारे परिहृत्य व्रजेत्, अन्यथा चौरोऽयं चारोऽयमस्मच्छत्रुग्रामादागत इत्याक्रोशन्तस्ते तं ताडयेयुरपहरेयुर्व्यपरोपयेयुस्ततश्च संयमात्मविराधना स्यादिति ॥ ७३ ॥

વસતિની ગવેષણા માટે વિધિપૂર્વકના ઈર્યા (સમિતિના)ના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- વર્ષાઋતુમાં બીજા ગામમાં વસતિની ગવેષણા છોડીને અનુકૂળ ગામમાં રહેવું જોઈએ.**

**ભાવાર્થ :-** ભાવવિષયક ઈર્યા બે પ્રકારે છે. (૧) ચરણ ઈર્યા (૨) સંયમ ઈર્યા.

સત્તર પ્રકારનું સંયમ અથવા તો અસંખ્ય સંયમ સ્થાનકોમાંથી એક સંયમ સ્થાનથી બીજા સંયમ સ્થાનકમાં જવું તે સંયમ ઈર્યા કહેવાય છે. સાધુનું જે રીતે દોષ રહિત ભાવગમન યોગ્ય છે તે રીતે સંયમ સ્થાનકમાં ગમન કરવું તે ચરણ ઈર્યા કહેવાય છે.

તે ઈર્યા પૂર્વકનું ગમન તે આલંબન, કાલ, માર્ગ, યતના આદિ પદ વડે એક એક પદના વ્યભિચાર વડે જે ભાંગા થાય તેવા સોળ ભાંગા બને છે. પ્રવચન, સંઘ, ગચ્છ, આચાર્ય આદિના કારણે જવું તે 'આલંબન ગમન' (ઈર્યા) છે. સાધુને વિચરણ કરવા યોગ્ય સમય તે 'કાલ ગમન' છે. માણસોના પગલાં વડે યુક્ત જે રસ્તો તે 'માર્ગ ગમન' છે. ઉપયોગયુક્ત સાધુએ યુગમાત્ર દૃષ્ટિ (ધૂંસરા પ્રમાણ) જેમાં રાખી છે તે 'યતના ગમન' છે. આ બતાવતા ચાર કારણ વડે જતાં સાધુનું ગમન શુદ્ધ થાય છે. 'આલંબન ગમન'પૂર્વક જવાનું આવી પડે તો દિવસે માર્ગમાં જયણાપૂર્વક જાય તો શુદ્ધ ગમન છે. (અહીં આલંબન પૂર્વોક્ત રીતે દિવસે જવું તે કાલ શુદ્ધિ, માર્ગે જવું તે માર્ગ શુદ્ધિ અને યતનાપૂર્વક એમ ઉપરોક્ત ચારે ભાંગાનો સમન્વય છે.) ગ્લાન આદિ માટે અકાલે જવું પડે તો પણ તે ભાંગો શુદ્ધ બને છે.

કોઈપણ જીવને પીડા આપ્યા વગર મળેલું જે તૃણ, પાટીયું, ડગલ, રાખ, માત્રાનો પ્યાલો વિ. પરિગ્રહ અષાઢ ચોમાસામાં રાખવો તે સાધુની સામાચારી છે. વરસાદ આવી ગયા પછી પૃથ્વીને વિષે પાણી પ્રવેશી જાય ત્યારે અનેક ઈન્દ્રગોપ (ગોકળગાય) આદિ બહુ જીવો તેમજ નવા અંકુરિત થતાં બીજની ઉત્પત્તિ થાય છે. રસ્તા પર ઘાસ ઉગી જવાથી દેખાતી નથી. તેમજ ઘણા

જીવોની ઉત્પત્તિયુક્ત થઈ જાય છે. આવું જાણીને સાધુ વર્ષા બાદ એક ગામથી બીજે ગામ ન જાય. યોગ્ય સમય જાણીને જે ગામમાં રહ્યા હોય ત્યાં ચોમાસા સુધી રહે, જે ગામ આદિમાં સ્વાધ્યાય ભૂમિ - સ્થંડિલ ભૂમિ ઘણી (યથા સમયે જવા માટે અનેક) નથી. જ્યાં પીઠ, પાટીયું, શય્યા, સંથારા આદિ એષણીય ગોચરી, ચરક, બ્રાહ્મણ આદિ વધારે હોવાથી સુલભ નથી. તેવા ગામમાં ભિક્ષાટન, સ્વાધ્યાય, બહિર્ગમન આદિ કાર્યનો નિરૂપદ્રવ રીતે સંભવ નથી. માટે સાધુએ તેવા ગામમાં ચાતુર્માસ ન કરવું જોઈએ.

ચાતુર્માસ પૂર્ણ થયા પછી ઉત્સર્ગ માર્ગે કાર્તિક ચોમાસાના પડવાને દિવસે જ જો વરસાદ ન હોય તો અન્ય ગામમાં જઈને પારણું કરે, જો વરસાદ ચાલુ હોય તો પંદર દિવસ પછી વિહાર કરે, પંદર દિવસ પછી પણ અંડાદિથી યુક્ત, તેમજ લોકોની અવર-જવરથી યુક્ત માર્ગ હોય તો પૂરો માગસર મહિનો ત્યાં જ રહે. ત્યાર પછી પણ જો માર્ગાદિ અક્ષુણ્ણ (અવર-જવર રહિત) હોય કે વરસાદ પણ ચાલુ હોય તો પણ ગમે તેવી પરિસ્થિતિમાં પણ ત્યાં ન રહેવું જોઈએ.

જતાં એવા મુનિએ આગળની ચાર હાથ પ્રમાણ ભૂમિને દૃષ્ટિથી જોતાં તેમજ જયણાપૂર્વક મુનિ બીજા ગામમાં જાય. જતાં એવા મુનિને રસ્તામાં જેમના કાલાદિ ગમન માટે નિયત નથી. તેવા તેમજ ધર્મસંજ્ઞાના ઉપદેશ વડે અનાર્યપણાના સંકલ્પથી જેમને સમજાવી શકાતા નથી તેવા અર્થાત્ અનાડી-જડ જેવા ચોર, શબર, પુલિંદ, મ્લેચ્છ વિશેષ રહે છે. (શબર-પુલિંદ ભિલ્લની જાતિ છે.) તેવા સ્થાન જો આવતા હોય તો વિહારમાં તેવા ગામ છોડીને બીજા ગ્રામાદિમાંથી વિહાર કરીને જવું. અન્યથા (જો તેવા માર્ગમાંથી વિહાર કરીને સાધુ જાય તો) ગામવાળા લોકો આ મુનિ ચોર છે, ગુપ્તચર છે અથવા અમારા શત્રુના ગામથી આવેલો છે. એમ આક્રોશપૂર્વક તે મુનિને મારે, તેમનું અપહરણ કરે, મારી પણ નાંખે, તેથી સંયમ વિરાધના તેમજ આત્મવિરાધના થાય. એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૭૩॥

नौसन्तरणनियममाह-

**कारणे नावारूढः प्रोक्ताकरणतो जले प्रक्षिप्तः संयतः प्लवेत ॥ ७४ ॥**

**कारण इति,** गन्तव्यग्रामान्तराले नावा तार्यमुदकं यदि भवेन्न तु जानुदघ्नादिकमुदकं स्यात्तदाऽकारणे तत्तर्तुकामो गृहस्थैर्भिक्षुप्रतिज्ञया क्रीतामुच्छिन्नां वा स्थलाज्जलेऽवतारितां नावं नारोहेत्, कारणे त्वेतद्विपरीतां नावमुपलभ्यैकान्तमुपक्रम्य प्रतिलेखनादि विधायैकं पादं जलेऽपरं स्थले विधायारोहेत्, तत्रापि नाग्रभागम् । निर्यामकोपद्रवसम्भवात्, न वा नावारोहिणां पुरतः, प्रवर्त्तनाधिकरणसम्भवात् । तथा तत्रस्थो न नौव्यापारं परेण चोदितः कुर्यात् कारयेद्वा, अपि तु विशिष्टाध्यवसायो भवेत् । एवं कदाचिन्नाविकादिना दारकाद्युदकं पाययेत्युक्तस्तथा न कुर्यात्, तदकरणे च प्रद्विष्टेन तेनोपकरणेन गुरुरयं श्रमणस्तदेनं बाहुं

गृहीत्वा नाव उदके यूयं प्रक्षिपतेति कथ्यमानं वचनं विदित्वा क्षिप्रमेवासाराणि चीवराणि गुरुत्वान्निर्वाहितुमशक्यानि च पृथक्कृत्य तद्विपरीतानि निवेष्टयेत्, शिरोवेष्टनं वा कुर्यात्, येन संवृतोपकरणो निर्व्याकुलत्वात्सुखेनैव जलं तरति, तदेवं सन्नद्धस्तान् धर्मदेशनयाऽनुकूलयेत्, तथाप्यश्रुतेन तेन जले प्रक्षिप्तो मनोमालिन्यं नावलम्बेत् । उदके तु प्लवमानो हस्तादिकं हस्तादिना न संस्पृशेत्, मज्जनोन्मज्जने न कुर्यात्, यदि श्रमं यायात्तदा क्षिप्रमेवोपधिं तद्भागं वा त्यजेत् । एवमुदकादुत्तीर्णः संयत एवोदकार्द्रेण गलद्बिन्दुना कायेन सस्निग्धेन वोदकतीरे तिष्ठेत् तत्रेर्यापथिकीञ्च प्रतिक्रामेत्, तत्र चौरादिभीतिश्चेत्ततोऽप्कायोपमर्दनपरिहारेण गच्छेत् । जंघासन्तरणोदकेऽपि मुखवस्त्रिकयोर्ध्वकायमधःकायञ्च रजोहरणेन प्रमृज्य पादमेकं जले कृत्वाऽपरमुत्क्षिपन् जलमनालोडयन् गच्छेत्, उत्तीर्णश्चोदकात् कर्दमाविलपाद एव तदपनयनायाकृतप्रयत्नो यतनया गच्छेन्न तु कर्दमापनयनाय हरितादीनि छिन्द्यात्, मातृस्थानसंस्पर्शप्रसङ्गादिति ॥ ७४ ॥

નદી ઉતરવાના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- કારણે નાવમાં બેસીને જવું પડે તો કહેલી વિધિ એ નહીં કરતાં મુનિને પાણીમાં ફેંકેલા (નાંખેલા) ભીંજાય. (તેથી કહેલી વિધિપૂર્વક નદી પાર કરવી જોઈએ.)**

**ભાવાર્થ :-** સાધુને જે ગામ તરફ જવું છે ત્યાં જતાં રસ્તામાં નાવ વડે તરવા જેટલું વધારે પાણી (નદીમાં) ન હોય અને ઢીંચણ પ્રમાણ પાણી હોય તો ત્યાં કારણ વિના તરવાની ઈચ્છાવાળા મુનિ માટે ગૃહસ્થ વડે ખરીદેલી કે ઉછીની લીધેલી પૃથ્વી પરથી પાણીમાં લઈ જતી નાવમાં ન બેસે, પરંતુ જો નાવમાં બેસવું જ પડે તો તેનાથી વિપરિત (અર્થાત્ બીજા મુસાફરો જતા હોય તેવી) નાવને મેળવીને એકાંતમાં જઈને પડિલેહણ આદિ કરીને એક પગ પાણીમાં અને બીજો પગ પૃથ્વી પર મૂકીને નાવમાં ચડવું જોઈએ. તેમાં પણ આગળના ભાગમાં ન બેસવું. નાવિક તરફથી ઉપદ્રવનો સંભવ હોવાથી. વળી નાવમાં આગળ બેઠેલાની આગળ પણ ન બેસવું. કારણ કે કદાચ (હલેસા મારવા આદિ) અધિકરણનો પ્રસંગ આવી પડે. તેમજ ત્યાં રહેલો હોય ત્યારે બીજા કહે તો પણ નાવને યોગ્ય કંઈ પણ કામ કરવું નહીં કે કરાવવું નહીં પરંતુ, વિશિષ્ટ શુભ અધ્યવસાયપૂર્વક રહેવું.

આમ છતાં પણ નાવિક આદિ કહે કે બાળકને પાણી પીવડાવો તો તેવું ન કરવું. તે રીતે ન કરવાથી નાવિક ગુસ્સે થઈને કહે કે આ મુનિ (ઉપધિયુક્ત હોવાથી) વધારે વજનયુક્ત છે. તેથી આમને પાણીમાં નાંખી દો (તો નાવ જલ્દી ચાલશે) આવું વચન સાંભળીને જલ્દીથી અસારવસ્ત્ર ભારે હોવાથી ઉપાડવા માટે અશક્ય હોય તો તેને અલગ કરીને અને જે સારા વસ્ત્રો હોય તેને વીંટાળીને પાઘડી બાંધી દે. જેથી સંવૃત્ત ઉપકરણયુક્ત આકુલતા રહિત સુખપૂર્વક પાણીમાં તરી

શકે. આમ તૈયાર થઈને તે નાવિક તેમજ નાવમાં બેઠેલાને ધર્મદેશનાથી પોતાને અનુકૂલ કરે, તો પણ તેઓ તે સાંભળે નહીં, ને પાણીમાં નાંખી દે તો મનને મલિન ન કરે. પાણીમાં પલળતો મુનિ હાથને હાથ વડે સ્પર્શ ન કરે. ઉપર-નીચે ડૂબકી ન મારે, જો થાકી જાય તો તરત જ સર્વ ઉપધિ અથવા અમુક ઉપધિ છોડી દે. આ રીતે પાણીમાં તરીને ભીના, ટપકતાં પાણીવાળા શરીર વડે પાણીનાં કિનારે ઊભો રહે. ત્યાં ઈરિયાવહિયા કરે, જો તે સ્થળે ચોરાદિનો ભય હોય તો 'અપ્કાયની પીડા ન થાય' તેમ બીજા સ્થળે જાય.

જંઘા વડે તરી શકાય તેવા પાણીમાં પણ મુહપત્તિ વડે ઉપરનું શરીર તેમજ રજોહરણ વડે નીચેના શરીરનું પ્રમાર્જન કરીને વારાફરતી એક પગ પાણીમાં બીજો પગ પાણીથી ઊંચો એમ કરતાં પાણીને ડહોળ્યા વિના ગમન કરે, પાણીથી ઉતરીને કાદવથી ખરડાયેલ પગ હોય તો પણ તેને દૂર કરવા માટે પ્રયત્ન ન કરતો જયણાપૂર્વક જાય.

પરંતુ, કાદવ દૂર કરવા માટે લીલી વનસ્પતિ આદિ છેદે નહીં. અર્થાત્ તેના દ્વારા કાદવ સાફ ન કરે. આવું કરવાથી માયા કરવાનો પ્રસંગ હોવાથી (થાય) એ પ્રમાણેનો ભાવાર્થ છે. ॥૭૪॥

गमननियममाह-

**पक्ष्यादित्रासादिकमनुत्पादयन्नाचार्यादिभिर्विनयेन गच्छेत् ॥ ७५ ॥**

**पक्ष्यादीति,** ग्रामान्तरं व्रजन् मध्ये प्राकारकन्दरागिरिगृहस्तूपादीनि सरित्तडागादीनि च विलोक्य भृशं बाहुमुत्क्षिप्य प्रसार्याङ्गुलीः कायमवनम्योन्नम्य वा न दर्शयेत्, दग्धमुषितादौ साधावाशङ्कायास्तत्रस्थपक्षिसरीसृपमृगादीनां संत्रासस्य च प्रसङ्गात्, न त्वेको विहरेत् किन्त्वाचार्योपाध्यायादिभिर्गीतार्थैः सह हस्तादिसंस्पर्शो यथा न भवेत्तावन्मात्रायां भूमौ स्थितो व्रजेत्, व्रजंश्च तैः सह प्रातिपथिकेन किञ्चित् पृष्ट आचार्यादीनतिक्रम्य नोत्तरं दद्यात्, मध्ये वा वदेत् ॥ ७५ ॥

માર્ગમાં જવાના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- પક્ષી આદિને ત્રાસ ન થાય તેમ આચાર્ય આદિની સાથે વિનયપૂર્વક ગમન કરે.**

**ભાવાર્થ :-** એક ગામથી બીજે ગામ જતાં કાંગરા, ગુફા, પર્વત, સ્તૂપ આદિ કે નદી, તળાવ આદિ જોઈને હાથ ઊંચા કરીને કે આંગળીથી અથવા શરીર ઊંચું-નીચું કરીને ન બતાવવું. કારણ કે ત્યાં કાંઈક બળે કે ચોરી થાય તેમાં સાધુ પર શંકા થાય. તેમજ ત્યાં રહેલ આંગળી-હાથ વડે પૂર્વોક્ત વસ્તુ બતાવે છતાં તે ખેડૂત આદિ દ્વારા પક્ષી, સર્પ, જંગલી પશુ આદિને જ બતાવે છે તેવું અનુમાન થાય અથવા તો તે દેખાય તો) ત્રાસનો પ્રસંગ આવી જાય. તેમજ એકલો પણ વિહાર ન કરે. પરંતુ, આચાર્ય-ઉપાધ્યાયાદિ ગીતાર્થની સાથે તેમને પોતાના હાથ વિગેરે ન લાગે તેટલી દૂરની ભૂમિ પર રહેલો વિહાર કરે.

તેમની સાથે વિહાર કરતી વખતે અન્ય મુસાફર વડે કંઈક પૂછાય ત્યારે આચાર્યાદિનો અનાદર કરીને સ્વયં ઉત્તર ન આપે, અથવા તો તેઓ જવાબ આપતાં હોય તો વચ્ચે પણ ન બોલે. ॥૭૫॥

नियमान्तरमाह-

**गवादिप्रश्नमुपेक्षमाणो दर्पितवृषभादिदर्शनेऽविमनस्कः स्यात् ॥ ७६ ॥**

**गवादीति**, पथ्यागच्छता केनचित् किं भवता मार्गे कश्चिद्गोपशुमनुष्यकन्दमूलादिरुपलब्ध इति पृष्टे जानन्नपि नैव वदेत्, तूष्णीम्भावेनोपेक्षेत यदि वा नाहं जानामीति वदेत्, तथाऽन्तराले दर्पितं वृषभं सिंहं व्याघ्रादिकं पश्येन्न तद्भयादुन्मार्गेण गच्छेत्, न च गहनादिकमनुप्रविशेत्, नापि वृक्षादिकमारोहेत्, न वोदकं प्रविशेत्, नापि च शरणमभिकांक्षेत्, अपि त्वल्पोत्सुकोऽविमनस्कः संयत एव गच्छेत् एतच्च गच्छनिर्गतैर्विधेयम् गच्छान्तर्गतास्तु व्यालादिकं परिहरन्त्यपि । तथाऽटवीप्राये मार्गे गच्छन् स्तेनादय उपकरणपरिग्रहणेच्छया समागताश्चेत्तदा तद्भयादुन्मार्गगमनं न कुर्यात् नोपकरणादिकं वा प्रयच्छेत्, बलाद्ग्रहणे भूमौ निक्षिपेत्, धर्मोपदेशकथनेन याचेत तूष्णीम्भावेन वोपेक्षेतेति, अधिकमाचाराङ्गादौ ॥ ७६ ॥

વળી અન્ય નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- ગાય આદિના પ્રશ્નની ઉપેક્ષા કરતો તેમજ ભડકેલા બળદ વિ. હોય તો પણ આકુળ-વ્યાકુળ ન થાય.**

**ભાવાર્થ :-** રસ્તે જતાં કોઈક વડે પૂછાય કે તમારા વડે રસ્તામાં અમુક પશુ, મનુષ્ય, કંદ, મૂલ વિગેરે જોવાયું છે તો જાણતો હોય છતાં પણ જવાબ ન આપે. મૌનપૂર્વક તેના પ્રશ્નની ઉપેક્ષા કરે. અથવા તો હું નથી જાણતો તેમ પણ ન કહે. (મૃષાવાદનો પ્રસંગ આવે માટે) તેમજ વચ્ચે ઉન્મત્ત બળદ, સિંહ, વાઘ વિ. મળે તો તેના ડરથી ઉન્માર્ગમાં ન જાય. ઝાડીમાં ન ઘૂસે, વૃક્ષાદિ પર ચડે નહીં, પાણીમાં પ્રવેશ ન કરે, કોઈના શરણની ઈચ્છા ન કરે પરંતુ, ઉત્સુકતા તેમજ આકુળ-વ્યાકુળ રહિત થઈને જ સાધુ ગમન કરે.

આ વિધિ ગચ્છમાંથી નીકળેલા માટે કહ્યો. ગચ્છમાં હોય તો જંગલી જાનવરવાળો રસ્તો છોડી પણ શકે. તેમજ જંગલ વધુ ગાઢ હોય તેવા માર્ગે જતા ચોર વિ. ઉપકરણ (ઉપધિ) લેવાની (લૂંટવાની) ઈચ્છાથી આવી ગયા હોય તો તેમના ડરથી ઉન્માર્ગમાં ન જાય. અથવા તો ઉપકરણાદિ તેમને જાતે આપે નહીં.

જો તેઓ બળજબરીપૂર્વક લેવા કરે તો પૃથ્વી પર ફેંકી દે અને ધર્મનો ઉપદેશ દઈને પાછું માંગે અથવા તો મૌનપૂર્વક તેમની ઉપેક્ષા કરે આનો અધિક વિધિ આચારાંગ આદિમાં બતાવેલો છે. ॥૭૬॥

अथ भाषणनियममाह–

**विदितवचनविधानो भाषासमितो गर्ह्यसावधारणादिभाषां त्यजेत् ॥ ७७ ॥**

**विदितेति,** विज्ञातैकवचनादिषोडशविधवचनविभागः पूर्वसाधुभिरनाचीर्णपूर्वानभाषणयोग्यान् वागाचारान् विदित्वेति वेत्यर्थः तत्र षोडशविधवचनानि, यथा एकवचनं वृक्ष इति, द्विवचनं वृक्षाविति, बहुवचनं वृक्षा इति, स्त्रीवचनं वीणा कन्येत्यादि, पुंवचनं घटः पट इत्यादि, नपुंसकवचनं पीठं कुलमित्यादि, अध्यात्मवचनं हृदयगतपरिहारेणान्यद्भणिष्यतस्तदेव सहसा यदापतितम्, प्रशंसावचनं यथा रूपवती स्त्रीत्यादि, अप्रशंसावचनं यथेयं रूपहीनेत्यादि, प्रशंसाप्रशंसावचनं यथा कश्चिद्गुणः प्रशस्यः कश्चिन्निन्द्यो रूपवतीयमसद्वृत्तेत्यादि, अप्रशंसाप्रशंसावचनं यथाऽरूपवती स्त्री किन्तु सद्वृत्तेत्यादि, अतीत वचनं कृतवानित्यादि, वर्त्तमानवचनं करोतीत्यादि, अनागतवचनं करिष्यतीत्यादि, प्रत्यक्षवचनमेष देवदत्त इत्यदि, परोक्षवचनं स देवदत्त इत्यादि, अमीषां वचनानां मध्य एकार्थविवक्षायामेकवचनमेवार्थद्वयविवक्षायां द्विवचनमेवेत्येवं यथाविवक्षं ब्रूयात् । एवं भाषाश्चतस्रः, सत्या, यथा गौर्गौरेवाश्वोऽश्व एवेति यथार्थरूपा, मृषा अयथार्था, यथा गौरश्वोऽश्वो गौरित्यादिरूपा, सत्यामृषा यत्र किञ्चित्सत्यं किञ्चिच्च मृषा भवति, यथाऽश्वेन यान्तं देवदत्तमुष्ट्रेण यातीत्यभिधानम् । असत्यामृषा योच्यमाना न सत्या न मृषा नापि सत्यामृषा आमंत्रणाऽऽज्ञापनादिका साऽसत्यामृषेति, तत्र मृषा सत्यामृषा च तावत्साधुभिर्न वाच्या, सत्यामपि सावद्यां न भाषेत साधुः, तथाऽनर्थदण्डप्रवृत्तिलक्षणक्रियोपेतां चर्विताक्षरां चित्तोद्वेगकारिकटुकां निष्ठुरां मर्मोध्दाटिनीं कर्माश्रवकरी छेदनभेदनादिकारिणीञ्च सत्यामपि न ब्रूयात् किन्तु या भाषा सत्या या च मृषाऽपि कुशाग्रबुद्ध्या विचार्यमाणा सत्या भवति, यथा मृगदर्शने सत्यपि लुब्धकादेरपलापः, या चासत्यामृषा तामसावद्यां विचार्य भाषेत । क्रोधेन मानेन मायया लोभेन प्रयुक्तो न वदेत्, न वा सावधारणं वचो वदेत्, तथा नभोदेवो गर्जति देवः प्रवृष्टो देवो वर्षा पततु मा वा, शस्यं निष्पद्यतां मा वा, जयत्वसौ राजा मा वा, विभातु रजनी मा वा, उदेतु सूर्यो मा वेत्यादिरूपं वचनं न वदेत्, किन्त्वन्तरिक्षं मेघ इत्यादिकया कारणे सति भाषेत देशान्तरेऽवज्ञासूचकमपि वचो न वदेत्, आमंत्रयन्नशृण्वन्तं पुमांसं अमुक आयुष्मन्! श्रावक! धर्मप्रिय! इत्येवं वदेत्, तथा कुष्ठ्यादिरोगिणं कुष्ठी मधुमेहीत्येवं नामग्राहं न वदेत् न वा विकलावयवं काणः खञ्ज इत्येवमामंत्रयेत्, प्राकारादीनि भवता सुष्ठु कृतानि कर्त्तव्यमेवैतद्भवद्विधानामित्यादिरूपां भाषामधिकरणानुमोदनान्न भाषेत । किन्तु सति प्रयोजने

महारम्भकृतमेतत् सावद्यकृतमेतत् प्रयत्नकृतमेतदित्येवमसावद्यां भाषेत । तथा च क्रोधादिरहितोऽनुविचिन्त्य निष्ठाभाष्यत्वरितभाषी विवेकभाषी भाषासमित्युपेतो भाषां वदेत् ॥ ७७ ॥

હવે બોલવું કેવી રીતે તેનો નિયમ કહે છે.

**સૂત્રાર્થ :- કહેલા વચનના વિધિનો જાણકાર, ભાષા સમિતિથી યુક્ત મુનિ, નિંદ્ય, જકારવાળી ભાષા આદિ ભાષાને છોડે અર્થાત્ ન બોલે.**

**ભાવાર્થ :-** એકવચન આદિ સોળ પ્રકારના વચનના (વાણીના) ભેદ છે. તે જાણીને તથા પૂર્વ મુનિ વડે બોલવા માટે અનાચીર્ણ છે. તેવા વચન સંબંધી સર્વ આચારને જાણીને પછી સાધુએ બોલવું જોઈએ.

તેમાં વચનના ૧૬ ભેદ. 'वृक्ष' એ પદ એકવચનાંત છે. 'वृक्षौ' એ દ્વિવચનાંત પદ છે. 'वृक्षाः' એ બહુવચનાંત પદ છે. 'वीणा-कन्या' ઈત્યાદિ સ્ત્રીલિંગ છે. 'घटः घटाः' ઈત્યાદિ પુલિંગ છે. पीठं कुलम् ઈત્યાદિ નપું.લિંગ છે. જે મનમાં છે તે છૂપાવીને બીજું બોલવા જતાં અનાયાસે જ મનમાં રહેલી વાત બહાર આવી જાય તે 'અધ્યાત્મ વચન' અર્થાત્ 'आत्मनि इति अध्यात्मम्' આત્મામાં રહેલું વચન. 'રૂપાળી સ્ત્રી' ઈત્યાદિ 'પ્રશંસાવચન' છે. 'રૂપહીન સ્ત્રી' એ 'અપ્રશંસા વચન' છે. રૂપવતી છતાં સદ્‌ગુણ વિનાની આવું વચન 'પ્રશંસા પ્રશંસા' વચન છે. અર્થાત્ કાંઈક ગુણ પ્રશસ્ય કોઈક અપ્રશસ્યગુણ હોય તેવું વચન છે. અરૂપવતી છતાં સદ્‌ગુણયુક્ત. આ 'અપ્રશંસા-પ્રશંસા વચન' છે. કૃતવાન્ તેણે કર્યું આ 'અતીતકાલનું વચન' છે. करोति તે કરે છે ઈત્યાદિ 'વર્તમાનકાલીન વચન' છે. करिष्यति તે કરશે ઈત્યાદિ 'ભવિષ્યકાલીન વચન' છે. આ દેવદત્ત છે ઈત્યાદિ 'પ્રત્યક્ષ વચન' છે. તે દેવદત્ત છે એ પરોક્ષવચન છે. આ સર્વ વચનને વિષે જ્યારે એકવચનની વિવક્ષા હોય ત્યારે એકવચન, દ્વિવચનની વિવક્ષા હોય ત્યારે દ્વિવચન બોલવું જોઈએ.

ભાષા ચાર પ્રકારે છે. 'સત્ય' ગાયને ગાય અને ઘોડાને ઘોડો કહેવો તે સત્યભાષા કહેવાય છે. યથાર્થ વચનરૂપ છે. 'અસત્યા' ગાયને ઘોડો - ઘોડાને ગાય કહેવી તે યથાસ્વરૂપ ન બોલવું તે અસત્યભાષા 'સત્યામૃષા' જે ભાષામાં થોડુંક સત્ય થોડુંક મૃષા છે. જેમકે ઘોડા પર જતા દેવદત્તને દેવદત્ત ઊંટ પર જાય છે તેવું બોલવું તે ! 'અસત્યામૃષા' સાચી પણ નહીં અને ખોટી પણ નહીં. તેવી ભાષા જે આમંત્રણી ભાષા આજ્ઞાપની ભાષા કહેવાય છે. તેમાં મૃષા-સત્યામૃષા સાધુ વડે ન બોલવી જોઈએ. સત્યભાષા પણ સાવદ્ય હોય તેવી ન બોલવી જોઈએ. અનર્થદંડમાં કોઈ પ્રવૃત્તિ કરે તેથી અમુક અક્ષર ખાઈને બોલાતી, બીજાના ચિત્તને ઉદ્વેગકારી, કડવી, નિષ્ઠુર, બીજાના મર્મને ઉઘાડી પાડનારી, કર્મબંધ કરાવનારી, છેદન-ભેદન કરાવનારી, સત્યભાષા પણ ન બોલવી. પરંતુ, જે ભાષા સત્ય હોય અને જે વળી મૃષા હોય તો પણ તીક્ષ્ણ બુદ્ધિપૂર્વક વિચારવાથી (પરને હિતકારી હોવાથી) સત્ય લાગતી હોય તેવી બોલવી. જેમકે હરણને જોયો હોય

છતાં શિકારી પૂછે તો ખોટો જવાબ દેશે કે મેં હરણને નથી જોયું. અથવા ઉલટી દિશા બતાવી દેવી જેથી તે જીવનો બચાવ થઈ શકે. તેમજ જે અસાવદ્ય (અપાપકારી) ભાષા છે તે પણ વિચારીને જ બોલવી જોઈએ.

ક્રોધ-માન-માયા-લોભપૂર્વકનું વચન ન બોલવું જોઈએ. 'જકાર' યુક્ત ભાષા ન બોલવી. તેમજ આકાશમાં મેઘરાજા ગર્જના કરે છે. વરસાદ વરસ્યો, વરસાદ વરસે કે ન વરસે, ધાન્ય ઉત્પન્ન થાય કે ન થાય, આ રાજા જીતે કે ન જીતે, રાત પડે કે ન પડે, સૂર્ય ઉગે કે ન ઉગે ઈત્યાદિ વચન ન બોલવું જોઈએ. પરંતુ, જરૂર પડે તો આકાશ વાદળછાયું છે ખરું ! ઈત્યાદિ ભાષા બોલે. અમુક દેશમાં અમુક શબ્દ અવજ્ઞા સૂચક હોય તેવા વચન પણ ન બોલવા.

કોઈકને બોલાવે ત્યારે તે ન સાંભળે તો તેવા પુરૂષને અમુક (તેના નામપૂર્વક) આયુષ્યમાન ! શ્રાવક ! ધર્મપ્રિય ! ઈત્યાદિ બોલે. તેમજ કોઢરોગવાળીનો કોઢીયો, ડાયબિટીશવાળાને ડાયબિટીશવાળા એવા નામપૂર્વક ન બોલાવે. કાણાને કાણો, પાંગળાને પાંગળો કદી ન બોલાવે.

તમારા વડે (ઘરનો) કોટ સારો કરાયો, આવું તમારે કરવું જ જોઈતું હતું. ઈત્યાદિ રૂપ અધિકરણ (પાપ ક્રિયાની)ની અનુમોદનારૂપ વચન ન બોલવું જોઈએ. પરંતુ, જ્યારે બોલવું જ પડે ત્યારે આ ક્રિયા ખૂબ જ આરંભપૂર્વક કરાઈ છે. સાવદ્ય ક્રિયાપૂર્વક કરાઈ છે. પ્રયત્નપૂર્વક કરાઈ છે. ઈત્યાદિ અસાવદ્ય ભાષા બોલવી. ક્રોધ રહિત થઈ બોલ્યા પછી તેનું શું પરિણામ આવશે તેવું વિચારીને, સત્યભાષી, જલ્દીથી નહીં બોલતો, વિવેકયુક્ત, ભાષા સમિતિયુક્ત ભાષા બોલવી જોઈએ. ॥૭૭॥

अथ वस्त्रैषणामधिकृत्याह-

**कार्पासार्कतूलोर्णादिनिष्पन्नमदुष्टं वस्त्रं यथासामर्थ्यं धारयेत् ॥ ७८ ॥**

**कार्पासेति,** वस्त्रस्य नामादिश्चतुर्विधो निक्षेपः स्फुटे नामस्थापने, द्रव्यं त्रिधा, एकेन्द्रियनिष्पन्नं कार्पासिकादि, विकलेन्द्रियनिष्पन्नं चीनांशुकादि, पञ्चेद्रियनिष्पन्नं कम्बल-रत्नादि, भाववस्त्रन्त्वष्टादशशीलाङ्गसहस्राणि, अत्र द्रव्यवस्त्रेणाधिकारः, तत्र कार्पासादि-निष्पन्नमाधाकर्मादिदोषरहितं साधूद्देशेन क्रीतधौतादिदोषरहितञ्च वस्त्रं धारयेत्, तदन्वेषणाय नार्धयोजनात्परतो गमनाय मतिं कुर्यात् । यो निर्ग्रन्थो बलवानरोगी दृढकायो दृढधृतिश्च स एकं प्रावरणं त्वक् त्राणाय धारयेन्न द्वितीयम्, यदपरमाचार्यादिकृते बिभर्त्ति न तस्य स्वयं परिभोगं कुर्यात् । यः पुनर्बालो दुर्बलो वृद्धो वाऽसमर्थो रोगी वाऽल्पसंहननः स यथासमाधि द्व्यादिकमपि धारयेत् । जिनकल्पिकस्तु यथाप्रतिज्ञमेव धारयेत्, नास्ति तत्रापवादः । निर्ग्रन्थी तु चतस्रः संघाटिका धारयेत्, एकां द्विहस्तपरिमाणां यां प्रतिश्रये तिष्ठन्ती प्रावृणोति, द्वे

त्रिहस्तपरिमाणे, तत्रैकामुज्ज्वलां भिक्षाकाले, अपराञ्च बहिर्भूमिगमनावसरे, चतुर्हस्तविस्तरामपरां समवसरणादौ सर्वशरीरप्रच्छादिकां प्रावृणोति, तस्याश्च यथाकृताया संघाटिकाया अलाभेऽथ पश्चादेकमेकेन सार्धं सीव्येदिति ॥ ७८ ॥

હવે વસ્ત્રની યાચનાને આશ્રયીને કહે છે.

**સૂત્રાર્થ :-** **કપાસ, આકડાનું રૂ, ઊન આદિથી બનેલું નિર્દોષ વસ્ત્ર પોતાની શક્તિ મુજબ (શરીરને અનુકૂળ હોય તે મુજબ) ધારણ કરવું જોઈએ.**

**ભાવાર્થ :-** વસ્ત્રના નામાદિ ચાર ભાંગા છે. તેમાં નામ-સ્થાપના તો પ્રગટ જ છે. દ્રવ્ય વસ્ત્ર ત્રણ પ્રકારે છે. (૧) એકેન્દ્રિય જીવમાંથી બનેલ - કપાસ આદિથી બનેલું (૨) વિકલેન્દ્રિય જીવથી થયેલું ચાઈના સીલ્ક વિ. (૩) પંચેન્દ્રિય જીવથી બનેલું - કાંબળી (ઉનની ઘેટામાંથી) રત્નકંબલ (તે જાતના ઉંદર આદિથી બનેલું) અને ભાવવસ્ત્ર તે અઢાર હજાર શીલાંગ રથને ધારણ કરવારૂપ છે.

પ્રસ્તુતમાં દ્રવ્ય વસ્ત્રની વિચારણા છે. કપાસાદિથી બનેલું આધાકર્મીક આદિ દોષથી રહિત, સાધુ માટે ખરીદેલું કે ધોયેલું ન હોય તેવું દોષ રહિત વસ્ત્ર ધારણ કરવું. તેવા વસ્ત્રને મેળવવા માટે અર્ધા યોજનથી વધારે દૂર કરવા માટે વિચારવું નહીં.

જે મુનિ બળયુક્ત, નિરોગી, મજબૂત શરીરના બાંધાયુક્ત, અતિશય ધીરજવાળો છે. તે શરીરની રક્ષા માટે એક જ વસ્ત્ર ધારણ કરે. બીજું ધારણ ન કરે. બીજું જે વસ્ત્ર આચાર્યાદિને માટે ઉપાડે છે. તે પોતે ન પહેરે. વળી જે બાળ, દુર્બલ, વૃદ્ધ, અસહિષ્ણુ કે રોગી, અલ્પશરીર બળવાળો છે તે મુનિ તેની સમાધિ ટકી રહે તે રીતે બે કે તેથી વધારે પણ વસ્ત્ર ધારણ કરી શકે.

જિનકલ્પિક તો પોતે જે રીતે નિયમ લીધો હોય તે મુજબ પહેરે તેમના માટે અપવાદ નથી. પરંતુ, સાધ્વીજી તો ચાર સાડી પહેરે. એક બેહાથ પ્રમાણવાળી, જે ઉપાશ્રયમાં પહેરે, બે-ત્રણ હાથ પ્રમાણની તેમાં જે ઉજળી હોય તે ગોચરી વખતે અને બીજી સ્થંડિલ જતી વખતે પહેરે. સમવસરણ આદિ કે પ્રવચન આદિમાં જતી વખતે સર્વ શરીર ઢંકાય તેવી ચાર હાથ લાંબી બીજી પહેરે. સાધ્વીજીને આ બતાવેલી સાડી ન મલે તો તે એકમેકને સાથે સીવીને પણ પહેરે. (અર્થાત્ મર્યાદિત વસ્ત્ર પહેરવા જ જોઈએ.) ॥૭૮॥

निषेध्यवस्त्रमाह-

**बहुमूल्यान्यजिनप्रावरणानि चायोग्यानि ॥ ७९ ॥**

**बहुमूल्यानीति,** येषां मूल्यं महत्-यथा मूषकादिचर्मनिष्पन्नानि, सूक्ष्माणि वर्णच्छव्यादिभिश्च कल्याणानि, इन्द्रनीलवर्णकार्पासनिष्पन्नानि, क्वचिद्देशविशेषेऽजाः सूक्ष्मरोमवत्यो

भवन्ति तत्पक्ष्मनिष्पन्नानि गौडविषयविशिष्टकार्पासिकपट्टानि मलयजसूत्रोत्पन्नान्येवंविधानि महार्घमूल्यतया ऐहिकामुष्मिकापायभयाल्लाभे सति न प्रतिगृह्णीयात् । तथा सिन्धुविषय एव सूक्ष्मचर्माणः पशवस्तच्चर्मनिष्पन्नानि कृष्णनीलगौरमृगाजिनानि कनकनिभकान्तीनि कृतकनकरसपट्टानि कनकरसस्तबकाञ्चितानि व्याघ्रचर्माण्यन्यानि वा तथा प्रकाराण्यजिनप्रावरणानि लाभे सति न प्रतिगह्णीयात् ॥ ७९ ॥

(શાસ્ત્રમાં) નિષેધ કરેલા વસ્ત્રને કહે છે.

**સૂત્રાર્થ :- અતિ મોંઘા તેમજ ચામડામાંથી બનેલા વસ્ત્ર અયોગ્ય છે.**

**ભાવાર્થ** :- જે વસ્ત્ર ખૂબ મોંઘા છે જેમકે ઉંદર આદિની ચામડીમાંથી બનાવેલા, કલર તથા દેખાવથી સુશોભિત તેમજ સૂક્ષ્મ (ઝીણા) ઈન્દ્રનીલ વર્ણયુક્ત, કપાસથી બનાવેલા. કોઈક દેશમાં સૂક્ષ્મ રોમવાળી બકરીઓ હોય છે તે તેનાં રોમથી બનાવેલા, ગૌડ દેશના વિશિષ્ટ કપાસની પટ્ટીવાળા, ચંદનયુક્ત સુતરમાંથી બનાવેલા, આવા અનેક પ્રકારના જે મોંઘા (તેમજ હિંસાયુક્ત થવાનો પણ સંભવ છે.) આલોક તેમજ પરલોકમાં કષ્ટ થશે. તેવા ભયથી ગ્રહણ ન કરવા જોઈએ. સિંધુ દેશના પશુઓ ઝીણી ચામડીયુક્ત હોય છે. તેમની ચામડીમાંથી બનાવેલા, કાળા-લીલા-ગોરા હરણની ચામડીના, સોના જેવા ચમકવાળા, સોનાના રસની પટ્ટીવાળા, સોનાના રસથી કરેલા બુટ્ટાવાળા, વ્યાઘ્ર ચર્મના તેવા અનેક પ્રકારના બીજા પણ ચામડામાંથી બનાવેલ વસ્ત્ર મળતા હોય છતાં પણ ન લેવા જોઈએ. ॥૭૯॥

ग्रहणनियममाह-

**अभिग्रही विलोक्यानलास्थिराध्रुवाधारणीयानि शुद्धमादद्यात् ॥ ८० ॥**

**अभिग्रहीति,** सङ्कल्पितं याचिष्ये, दृष्टं सद्याचिष्ये, अन्तरपरिभोगेनोत्तरीयपरिभोगेन वा शय्यातरेण परिभुक्तप्रायं वस्त्रं ग्रहीष्ये, तदेवोत्सृष्टधार्मिकं ग्रहीष्यामीत्येवमभिग्रहविशेषैश्चतुर्भिर्वस्त्रान्वेषी साधुः पश्चात्कर्मानापादकं बीजकन्दहरिताद्यसंसक्तमल्पाण्डाल्पसन्तानकादिगुणविशिष्टं दात्रा तदैव दीयमानं वस्त्रमान्तप्रान्तेन प्रत्युपेक्ष्य गृह्णीयात्, अप्रत्युपेक्षितं न गह्णीयात्, कर्मोपादानमेतद्ग्रहणम्, यतस्तत्र किञ्चित्कुण्डलाद्याभरणजातं बद्धं भवेत्, सचित्तं वा किञ्चिद्भवेत् । तथा हीनादित्वादभीष्टकार्यासमर्थमनलम्, जीर्णमस्थिरं, स्वल्पकालानुज्ञापनादध्रुवम् अप्रशस्तप्रदेशखञ्जनकज्जलादिकलङ्काङ्कितत्वादधारणीयम्, एभिश्चतुर्भिः पदैः षोडशभङ्गा भवन्ति तत्रैक एव भङ्गः शुद्धः, अपरे पञ्चदशाशुद्धास्तथाविधं वस्त्रं दात्रा दीयमानमपि साधवे न कल्पते ॥ ८० ॥

વસ્ત્ર ગ્રહણના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- અનલ-અસ્થિર-અધ્રુવ-અધારણીય આદિ ભાંગા વડે જોઈને અભિગ્રહયુક્ત સાધુએ શુદ્ધ વસ્ત્રને લેવું જોઈએ.**

**ભાવાર્થ :-** મેં જેવું વિચાર્યું છે તેવું વસ્ત્ર માંગીશ, હું જેવું વસ્ત્ર જોઈશ તેવું માંગીશ. અંદર કે ઉપર શય્યાતરે પહેરેલું, અર્થાત્ પરિભુક્ત પ્રાયઃ વસ્ત્ર ગ્રહણ કરીશ. તે જ વસ્ત્ર શય્યાતરે કાઢી નાંખવા માટે અર્થાત્ કોઈને આપવા માટે રાખ્યું હોય તેવું ગ્રહણ કરીશ. આ પ્રમાણે ચાર અભિગ્રહપૂર્વક વસ્ત્રની ગવેષણા કરતો મુનિ જે વસ્ત્રને ગ્રહણ કર્યા પછી એમાં ફેરફાર નથી કરવો પડે તેવું અર્થાત્ સીધું પહેરી શકાય તેવું. બીજ-કંદ-લીલા વનસ્પતિ આદિથી રહિત, અલ્પખંડ, અલ્પસંતાનક આદિ ગુણથી યુક્ત, દાતા જે વખતે વહોરાવતો હોય તે જ વખતે ચારે બાજુથી પ્રતિલેખન કરીને ગ્રહણ કરે. પ્રતિલેખન (ઝીણવટથી તપાસ) કર્યા વગર ગ્રહણ ન કરે. જો પડિલેહણ કર્યા વિના ગ્રહણ કરે તો કર્મબંધનું કારણ બને છે. અથવા તો તે વસ્ત્રના છેડે કુંડલ આદિ આભૂષણ બાંધેલ હોય (તો ચોરીનો આરોપ આવે અથવા તો બીજી કોઈ તકલીફ પણ ઊભી થઈ શકે.) અથવા તો કોઈક સચિત્ત વસ્તુ હોય.

તેમજ હીન-એકદમ હલકું કપડું પહેરવા આદિ ઈચ્છિત કાર્ય માટે અયોગ્ય હોય તેને 'અનલમ્ વસ્ત્ર' કહેવાય.

અત્યંત જીર્ણ વસ્ત્ર લાંબુ ટકે નહીં તેવું 'અસ્થિર વસ્ત્ર' કહેવાય. જે વસ્ત્રની અનુજ્ઞા દાતા થોડા સમય માટે આપે તે 'અધ્રુવ વસ્ત્ર' કહેવાય. વસ્ત્રના અમુક એવા ભાગમાં અંજન વિગેરેનો ડાઘ લાગેલો હોય તેવું વસ્ત્ર જે પહેરવા યોગ્ય ન હોય તે 'અવધારણીય વસ્ત્ર' કહેવાય છે.

આ ચાર પદ વડે સોળ ભાંગા થાય છે તેમાં એક જ ભાંગો શુદ્ધ છે. બીજા પંદર અશુદ્ધ છે. તેવું શુદ્ધ વસ્ત્ર જે દાતા વડે અપાતું હોય તો સાધુને કલ્પે છે. ॥૮૦॥

ધાવનનિયમમાહ–

**गच्छान्तर्गतो यतनया प्रक्षाल्य प्रत्युपेक्षितस्थण्डिलादावातापयेत् ॥ ८१ ॥**

**गच्छान्तर्गत इति,** मलिनमपि दुर्गन्ध्यपि वस्त्रं गच्छनिर्गतो न प्रक्षालयेत्, गच्छान्तर्गतस्तु लोकोपघातसंसक्तिभयान्मलापनयार्थमेव प्रासुकोदकादिना यतनया धावनादि कुर्यात्, न त्वभिनववस्त्रं नास्तीति कृत्वा सुगन्धिद्रव्येणाघृष्य प्रघृष्य वा शोभनतामापादयेत्, आतापनमपि भूमावव्यवहितायां चलाचले स्थूणादौ वा तत्पतनभयतो न कुर्यात्, किन्तु स्थण्डिलादि चक्षुषा प्रत्युपेक्ष्य रजोहरणादिना प्रमृज्य चातापनादिकं कुर्यात् ॥ ८१ ॥

વસ્ત્ર ધોવાના નિયમને કહે છે.

**સૂત્રાર્થ :- ગચ્છમાં રહેલ મુનિ જયણાપૂર્વક ધોઈને, ભૂમિનું દષ્ટિ પડિલેહણ કરીને, વસ્ત્ર સૂકવે.**

**ભાવાર્થ :-** મેલું કે દુર્ગંધીયુક્ત વસ્ત્ર થઈ જાય છતાં પણ ગચ્છમાંથી નીકળેલ મુનિએ ધોવું ન જોઈએ. ગચ્છમાં રહેલ મુનિએ તો લોકોને પીડા તેમજ લોકોની સાથે (આસપાસ) રહેવું હોય તેથી (શાસન હીલનાના) ભયથી મેલ દૂર કરવા માટે જ (વિભૂષાદિ માટે નહીં) સૂઝતા પાણી વડે જયણાપૂર્વક ધાવનાદિ કરવું જોઈએ. મારી પાસે બીજું વસ્ત્ર નથી તેથી સુગંધી દ્રવ્ય વડે મસળી મસળીને વસ્ત્રને શોભાયુક્ત ન કરવું જોઈએ.

પૃથ્વીથી ઊંચે હાલતાં-ચાલતાં લાકડા વિ. પર દષ્ટિ પડિલેહણ કરી ઓઘાથી પૂંજીને સૂકવવું જોઈએ. ॥૮૧॥

अथ पटलकैर्विना पिण्डो न ग्राह्य इति यथा वस्त्रैषणा वर्णिता तथैव पात्रेण विना न ग्राह्य इत्यधुना पात्रैषणा वर्ण्यते-

**तद्वद्गृहीतपात्रो यतनया गृहपतिकुले शुद्धाहारादि याचेत ॥ ८२ ॥**

**तद्वदिति,** वस्त्रवदित्यर्थः, अर्धयोजनान्तर एव पात्रान्वेषी तारुण्यबलस्थिरसंहननाद्युपेतः शुद्धमलाबूदारुमृत्तिकादिपात्रमेकमेव बिभृयात्, न च द्वितीयम्, स च जिनकल्पिकादिः, इतरस्तु मात्रकसद्वितीयं पात्रं धारयेत्, तत्र सङ्घाटके सत्येकस्मिन् भक्तं द्वितीये पानकं, मात्रकन्त्वाचार्यादि प्रायोग्यकृतेऽशुद्धस्य वा भोजनस्य शुद्ध्यर्थम् । तानि च महार्घमूल्यानि लोहताम्रसीसकहिरण्यादिरूपाणी च न गृह्णीयात्, तथा रिक्तं पात्रं न दातव्यमतो मुहूर्त्तमात्रं स्थीयतामशनादिकं कृत्वा पात्रकं भृत्वा ददामीति दात्रोक्तो निषेधयेत्तथापि तथाकरणे पात्रं न गृह्णीयात्, दीयमानमपि पात्रकमन्तोपान्तेन प्रत्युपेक्ष्य गृह्णीयात्, तथा पिण्डपातप्रतिज्ञया गृहपतिकुलं प्रविविक्षुः पूर्वमेव पतद्ग्रहं भृशं प्रत्युपेक्ष्य प्रमृज्य च गृहपतिकुलं प्रविशेत्, अकृतप्रत्युपेक्षणप्रमार्जने पतद्ग्रहे द्वीन्द्रियादिप्राणिबीजरजः प्रभृतीनां पर्यापतनप्रसङ्गेन कर्मोपादानतासम्भवः । तत्र गत्वा पानकादिके याचिते शीतोदकादि यदि दद्यात्तदाऽप्रासुकमिति न गृह्णीयात्, कथञ्चिद्विमनस्कतादिना यदि प्रतिगृहीतं ततः क्षिप्रमेव तस्यैव दातुरुदकभाजने प्रक्षिपेत्, अनिच्छतः कूपादौ समानजातीयोदकेऽन्यत्र छायागर्तादौ वा प्रतिष्ठापनविधिना प्रतिष्ठापनं कुर्यात् आर्द्रस्य पतद्ग्रहस्य तदा मार्जनादि न कुर्यात्, ईषच्छुष्कस्य तु कुर्यादेवमन्यदपि भाव्यमधिकमन्यत्र ॥ ८२ ॥

હવે પલ્લા વિના ગોચરી ન વહોરાય. તેથી જેમ વસ્ત્રૈષણાનું વર્ણન કહ્યું તેમ હવે પાત્ર વિના ગોચરી કેવી રીતે વહોરાય ? ન વહોરાય. તેથી પાત્રૈષણાનું વર્ણન કરાય છે.

**સૂત્રાર્થ :- તેની જેમ (વસ્ત્રની જેમ) પાત્ર ગ્રહણ કરીને જયણાપૂર્વક ગૃહસ્થના ઘરમાં શુદ્ધ આહારાદિની યાચના કરવી જોઈએ.**

**ભાવાર્થ :-** વસ્ત્રની જેમ પાત્ર પણ અર્ધયોજનની અંદરથી જ તારૂણ્ય, બલ, સ્થિર, સંઘયણયુક્ત હોય તેવો મુનિ તુંબડી, લાકડું કે માટીનું શુદ્ધ પાત્ર જ એક જ ગ્રહણ કરે. બીજું પાત્ર ગ્રહણ ન કરે. તે જિનકલ્પિકાદિ માટેનો નિયમ કહ્યો.

જિનકલ્પિક સિવાયનો મુનિ 'માત્રક' સહિત બીજું પણ પાત્ર ધારણ કરી શકે. ત્યાં સંથારક હોય તો એક પાત્રમાં ભોજન અને બીજા પાત્રમાં પાણી વહોરે. માત્રક આચાર્યાદિ માટે અથવા તો અશુદ્ધભોજનની શુદ્ધિની માટે છે. લોઢું, તાંબુ, સીસુ, સોનું આદિનું મોંઘું પાત્ર ન લેવું જોઈએ. ગૃહસ્થ એવું કહે કે ખાલી પાત્ર ન દેવું જોઈએ. તેથી થોડીવાર ઊભા રહો. ભોજનાદિ કરીને ભોજનથી ભરેલું પાત્ર આપું છું. તો તેનો ભોજન બનાવવાનો નિષેધ કરે. છતાં પણ ગૃહસ્થ ન માને અર્થાત્ એમ જ કહે કે અમે ભરેલું પાત્ર જ દઈશું. તો તેવું પાત્ર ગ્રહણ ન કરે. (આધાકર્મિક આદિ દોષનો સંભવ છે માટે) શુદ્ધ પાત્ર આપે ત્યારે ચારે બાજુથી પડિલેહણ કરીને ગ્રહણ કરે. દૃષ્ટિ પડિલેહણ કર્યા વગર લીધેલા પાત્રમાં - બેઈન્દ્રિયાદિ પ્રાણી, બીજ, રજ વિગેરે યુક્ત પાત્ર હોય તો કર્મબંધનો સંભવ છે. ગૃહસ્થના ઘરે જઈને પાણી વિગેરેની યાચના કરી હોય તો અપ્રાસુક ન લેવું. જો ક્યારેક ધ્યાન ન રહે. અપ્રાસુક વહોરાઈ જાય તો તરત જ તે ગૃહસ્થના ભાજનમાં જ પાછું આપી દેવું. ભીના પાત્રાને ત્યાં લૂંછે નહીં. જરાક સૂકાઈ ગયા પછી લૂંછી શકાય. એ જ રીતે તેનો વિશેષ વિસ્તાર અન્ય સ્થળેથી જાણી લેવો. ॥૮૨॥

अथ पिण्डशय्यावस्त्रपात्रादीनामवग्रहमाश्रित्य भावात्तं निरूपयति-

**स्वीकृतादत्तानादानप्रतिज्ञो यथावग्रहस्तथैव कुर्यात् ॥ ८३ ॥**

**स्वीकृतेति,** नामस्थापनेऽवग्रहस्य प्रसिद्धे, द्रव्यक्षेत्रकालभावभेदेन चतुर्विधो देवेन्द्र-राजगृहपतिसागारिकसाधर्मिकभेदेन वा पञ्चविधोऽवग्रहः, तत्र द्रव्यावग्रहः सचित्तादिभेदतस्त्रिविधः, शिष्यादेः सचित्तः, रजोहरणादेरचित्तः, उभयस्य च मिश्रः । क्षेत्रावग्रहोऽपि तथैव त्रिविधः, यदि वा ग्रामनगरारण्यभेदात् । कालावग्रहस्तु ऋतुबद्धवर्षाकालभेदाद्द्विधा । भावावग्रहो द्विधा मतिग्रहणावग्रहभेदात्, मत्यवग्रहोऽप्यर्थव्यञ्जनावग्रहभेदतो द्विधा, अर्थावग्रह इन्द्रियनोइन्द्रियभेदात् षोढा व्यञ्जनावग्रहश्च चक्षुरिन्द्रियमनोवर्जश्चतुर्धा । अपरिग्रहस्य साधोर्यदा पिण्डवसतिवस्त्रपात्रग्रहणपरिणामो भवति तदा स ग्रहणभावावग्रहो भवति, तस्मिंश्च सति केन प्रकारेण मम शुद्धं वसत्यादिकं प्रातिहारिकमप्रातिहारिकं वा भवेदित्येवं यतितव्यम्,

देवेन्द्राद्यवग्रहः पञ्चविधोऽपि ग्रहणावग्रहेऽस्मिन् द्रष्टव्यः । तत्र परित्यक्तगृहपाशोऽकिञ्चनो ममताविधुरः साधुः परदत्तभोजी सन् पापं कर्म न करिष्यामीति समुत्थितोऽदत्तादानं प्रत्याख्यामीति कृतप्रतिज्ञो भवति, स दन्तशोधनमात्रमपि परकीयमदत्तं न गृह्णाति न वा परेण ग्राहयति नापि गृह्णन्तमपरं समनुजानाति दत्तप्रव्रज्यानां साधूनामप्युपकरणजातं नाननुज्ञातो गृह्णाति, याचितक्षेत्रावग्रहस्तत्पतिनाऽनुज्ञप्तो यावन्मात्रक्षेत्रकालाद्यवग्रहस्तावन्मात्रं वसति ततो विहरिष्यति च । आह्वानेन स्वयमेव वा समागतान् साधर्मिकसाम्भोगिकादीन् प्राघूर्णकान् स्वयमाहृतेनाशनादिना निमंत्रयेत्, न परानीतमशनाद्याश्रित्य । कार्यार्थं स्वोद्देशेनैव गृहपतिगृहगृहीतं सूच्यादिकमपरेषां साधूनां न समर्पयेत्, कार्यानन्तरञ्च तद्गृहपतये यथाविधि प्रत्यर्पयेत् । कारणवशेनापरब्राह्मणाद्युपभोगसामान्येऽगारादौ तदीशेन याचनयाऽवगृहीतेऽवग्रहे ब्राह्मणादीनां छत्राद्युपकरणजातं न बहिर्निष्क्रामयेत्, नापि ततोऽभ्यन्तरं प्रवेशयेत्, न वा सुप्तान् तान् प्रतिबोधयेत्, न वा तेषां मनसः पीडां विदध्यात् । कदाचिदाम्रवने याचितावग्रहस्तत्रस्थः सति कारण आम्रं बुभुक्षुः साण्डससन्तानकाद्यप्रासुकं न गृह्णीयात्, किन्त्वण्डराहित्यादिगुणोपेतं पाटितं खण्डितं प्रासुकं गृह्णीयात् । तथा सप्तभिः प्रतिमाभिरवग्रहं गृह्णीयात्तद्यथा आगन्तागारादौ पूर्वमेव विचिन्त्यैवम्भूतः प्रतिश्रयो ग्राह्यो नान्यथाभूत इति प्रथमा प्रतिमा । अहमन्येषां साधूनां कृतेऽवग्रहं याचिष्ये, अन्येषां वाऽवग्रहे गृहीते वत्स्यामीति द्वितीया, तत्राद्या सामान्येन, द्वितीया तु गच्छान्तर्गतानां साम्भोगिकानामसाम्भोगिकानाञ्चोद्युक्तविहारिणाम्, यतस्तेऽन्योऽन्यार्थं याचन्ते । अन्यार्थमवग्रहं याचिष्येऽन्यावगृहीते तु न स्थास्यामीति तृतीया, एषा त्वाहालन्दिकानाम्, आचार्यात्तेषां सूत्रार्थविशेषस्य कांक्षणादाचार्यार्थं याचनासद्भावात् । अहमन्येषां कृतेऽवग्रहं न याचिष्ये, अन्यावगृहीते च वत्स्यामीति चतुर्थी, इयं गच्छ एवाभ्युद्यतविहारिणां जिनकल्पाद्यर्थं परिकर्म कुर्वताम् । अहमात्मकृतेऽवग्रहमवग्रहीष्यामि न चापरेषां द्वित्रिचतुःपञ्चानामिति पञ्चमी, इयन्तु जिनकल्पिकस्य । यदीयमवग्रहमवग्रहीष्यामि तदीयमेवोक्कडादिसंस्तारकं ग्रहीष्यामि, अन्यथोत्कटुको वा निषण्णो वोपविष्टो वा रजनीं गमयिष्यामीति षष्ठी, एषा जिनकल्पिकादेः । पूर्वोक्तैव यथासंस्तृतमेव शिलादिकं ग्रहीष्यामीति नेतरदिति विशिष्टा सप्तमी । एवंविधाभिः प्रतिमाभिरवग्रहं गृह्णीयादिति ॥ ८३ ॥

પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર આદિના અવગ્રહને આશ્રયીને ભાવથી તેનું નિરૂપણ કરે છે.

**સૂત્રાર્થ :- જેણે અદત્તાદાન વ્રત ગ્રહણ કર્યું છે. તેવા મુનિએ જેટલો અવગ્રહ (અનુજ્ઞા મળી હોય) મળ્યો હોય તેવી રીતે જ રહેવું જોઈએ.**

**ભાવાર્થ** :- અવગ્રહની નામ-સ્થાપના પ્રસિદ્ધ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવના ભેદથી અવગ્રહ ચાર ભેદે છે. અથવા તો દેવેન્દ્રનો, રાજાનો, ઘરમાલિકનો, ભાડુઆતનો, સાધર્મિકનો (અન્ય સાધુ) એમ અવગ્રહ પાંચ ભેદે છે. તેમાં દ્રવ્ય અવગ્રહ સચિત્તાદિ ભેદથી ત્રણ પ્રકારે છે. શિષ્યાદિનો અવગ્રહ તે સચિત્ત, રજોહરણાદિનો તે અચિત્ત અને બંનેનો તે મિશ્ર અવગ્રહ છે. ક્ષેત્રાવગ્રહ પણ તે જ રીતે ત્રણ પ્રકારે છે. અથવા ગામ-નગર અને અરણ્ય એમ ત્રણ ભેદ છે. કાલાવગ્રહ-ઋતુબદ્ધ (શેષકાળ) અને વર્ષાકાળ એમ બે ભેદે છે. પાંચ ઈન્દ્રિય અને નોઈન્દ્રિય (મન) એમ છ ભેદે અર્થાવગ્રહ છે. ચક્ષુઈન્દ્રિય અને મન એમ બે રહિત બીજી ચાર ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ ચાર ભેદે છે. અપરિગ્રહી સાધુને જ્યારે પિંડ, વસતિ, વસ્ત્ર, પાત્ર લેવાનો પરિણામ થાય છે તે ગ્રહણભાવાગ્રહ. આ સઘળું ગ્રહણ કરવાનું આવે ત્યારે મને કેવા પ્રકારની વસતિ આદિ શુદ્ધ છે. પ્રાતિહારિક છે કે અપ્રાતિહારિક છે. ઈત્યાદિ વિચારણામાં યત્ન કરવો જોઈએ. દેવેન્દ્ર આદિ પાંચનો જે પૂર્વે અવગ્રહ જણાવ્યો તે પણ અહીં વસતિ આદિ ગ્રહણ વખતે જોઈ લેવો.

આ વિધિ જણાવ્યો તેનું કારણ જણાવતાં કહે છે. જેમને ઘરની માયાજાળ છોડી છે તેવા અપરિગ્રહી, મમતા રહિત, બીજાએ આપેલું વાપરનારા, એવા સાધુએ હું પાપ કર્મ નહીં કરૂં એવું વિચારી અદત્તાદાનના પચ્ચક્ખાણની પ્રતિજ્ઞા કરેલી છે. તેથી દાંત ખોતરવાની સળી જેટલું (નાની વસ્તુ) પણ બીજાની માલિકીનું, અદત્ત (સામા વ્યક્તિની - રજા વિના) નથી લેતો, બીજા પાસે લેવડાવતો નથી. જો બીજો કોઈ તે રીતે અનુજ્ઞા વિના લે તો તેની અનુમોદના પણ કરતો નથી.

જેમણે દીક્ષા લીધી છે. તેવા સાધુઓનો પણ (પરસ્પર એકબીજાની) ઉપકરણનો તેમની રજા લીધા વિના ગ્રહણ કરતો નથી. જેમણે ક્ષેત્રનો અવગ્રહ માંગેલો છે. તેથી તે જગ્યાના માલિકે જેટલા સમય સુધીની અનુજ્ઞા આપી છે તેટલા સમય સુધી જ તે ક્ષેત્રમાં રહે, પછી વિહાર કરે.

નિમંત્રણપૂર્વક બોલાવ્યા હોય અને આવ્યા હોય તેવા તથા પોતાની રીતે જ આવ્યા હોય તેવા, સાધર્મિક કે સાંભોગિક આદિ મહેમાનને પોતે લાવેલા ગોચરી આદિ માટે વિનંતી કરે. પરંતુ બીજા મુનિઓનું લાવેલું ગોચરી આદિ હોય તો પોતે આમંત્રણ ન આપે. પોતાને માટે જરૂરી સોય આદિ વસ્તુ જે ઘરમાલિકના ઘરેથી લાવ્યો હોય તે વસ્તુ બીજા સાધુઓને આપે નહીં. જેવું કાર્ય પૂરું થાય કે તરત જ તે વસ્તુ ઘરમાલિકને જેવી લાવ્યો હોય તેવી જ પાછી આપી દેવી જોઈએ ! બીજા બ્રાહ્મણાદિને પણ ગૃહસ્થે વસતિ આપી હોય એને કારણે સાધુને પણ તે જ વસતિમાં રહેવું પડે તો બ્રાહ્મણાદિના ઉપકરણોને બહાર ન મૂકે. અને બહાર પડેલા હોય તો અંદર પણ ન મૂકે. તેઓ સૂતાં હોય તો જગાડે નહીં. અથવા તો તેમના મનને દુઃખ

થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ ન કરે. ક્યારેક આમ્રવનમાં ગૃહસ્થની રજા લઈને રોકાયો હોય તે એને કારણે કેરી ખાવાની ઈચ્છા થાય તો અંડ તેમજ સંતાનસહિતની અપ્રાસુક કેરી ન ગ્રહણ કરે. પરંતુ અંડ આદિથી રહિત, પાડેલી, સુધારેલી, પ્રાસુક કેરી ગ્રહણ કરી શકે.

સાત પ્રતિમાપૂર્વક અવગ્રહ (ઉપાશ્રય રહેવાનું સ્થાન) ગ્રહણ કરે. મુસાફરખાનામાં પહેલેથી જ વિચારે કે આવા પ્રકારનો જ અવગ્રહ માંગીશ. તો તેનાથી વિપરિત અવગ્રહમાં ન રહે તે પ્રથમ પ્રતિમા છે. હું બીજા સાધુ માટે અવગ્રહ માંગીને તેમાં રહીશ અથવા તો બીજાઓએ પોતાને માટે લીધેલા અવગ્રહમાં રહીશ તે બીજી પ્રતિમા છે. આ બંને પ્રતિમામાં પહેલી પ્રતિમા સામાન્ય છે. (ગચ્છવાસી-ગચ્છનિર્ગત બંને માટે) બીજી પ્રતિમા ગચ્છવાસી માટે જ છે કેમકે તેઓ સાંભોગિક અથવા અસાંભોગિક બંને સાથે વિહાર કરે છે જે કારણથી તેઓ એક બીજા માટે યાચે છે. (જયારે ગચ્છ નિર્ગત એકાકી હોય છે.)

હું બીજા માટે અવગ્રહની યાચના કરીશ. બીજાએ યાચેલા અવગ્રહમાં નહીં રહું. આ ત્રીજી પ્રતિમા. આહાલન્દિક માટેની છે. તેઓ આચાર્ય પાસેથી સૂત્રના અર્થ વિશેષને મેળવવાની ઈચ્છાયુક્ત હોય છે. તેથી તે આચાર્ય આદિ માટે અવગ્રહ યાચનાનો સંભવ છે. હું બીજા માટે અવગ્રહ નહીં માગું. બીજાએ માંગેલા અવગ્રહમાં રહીશ આ ચોથી પ્રતિમા. ગચ્છમાં વિચરતા જિનકલ્પિક થવા માટેની ક્રિયા કરતાં મુનિઓ માટે છે. હું મારા પોતાને માટે અવગ્રહ માંગીશ. પરંતુ બીજા બે-ત્રણ-ચાર-પાંચ વિ. અનેક મુનિઓ માટે નહીં માંગુ. આ જિનકલ્પિક માટે છે. હું જેનો અવગ્રહ માંગીશ. તેમના જ સંથારાદિ માંગીશ તેમને ત્યાંથી નહીં મલે તો. ઉત્કટુકાસને, ॰બેસીને અથવા એમ જ બેઠા બેઠા રાત પસાર કરીશ. આ છઠ્ઠી પ્રતિમા જિનકલ્પિકાદિ માટેની છે.

પૂર્વોક્ત જ જે શય્યા તે વ્યવસ્થિત પાથરેલી જ હોય તેવી શીલાદિકને જ ગ્રહણ કરીશ. બીજી નહીં. આવી સાતમી પ્રતિમા છે. આવા પ્રકારની પ્રતિમા વડે અવગ્રહ ગ્રહણ કરવો જોઈએ. ॥૮૩॥

अथ कायोत्सर्गस्वाध्यायोच्चारप्रस्रवणादिकर्त्तव्ययोग्यस्थानवर्णनायाह-

**अभिग्रही योग्यवसतिस्थः साण्डादिभूमौ स्वाध्यायादि न कुर्यात् ॥ ८४ ॥**

**अभिग्रहीति,** कर्मोपादानभूतानि स्थानानि परित्यज्योर्ध्वस्थानाद्यर्थं स्थानमन्वेषयेत्, तच्च साण्डादिदोषरहितं भवेत्, तत्र च चतसृभिः प्रतिमाभिः स्थातुमिच्छेत्, तत्र प्रथमा प्रतिमा, यथा अचित्तं स्थानं उपाश्रयिष्यामि, अचित्तं कुड्यादिकमवलम्बयिष्ये कायेन, हस्तपादाद्या-कुञ्चनादिक्रियावलम्बनं करिष्ये तथा तत्रैव सविचारं स्तोकपादादिविहरणरूपं स्थानं समाश्रयिष्यामीति । द्वितीया चाऽऽलम्बनाकुञ्चनप्रसारणादिक्रियामवलम्बनञ्च करिष्ये न

पादविहरणमिति । तृतीया चाकुञ्चनप्रसारणमेव नावलम्बनपादविहरण इति । चतुर्थी तु त्रयमपि न करिष्य इति । एवम्भूतस्त्यक्तपरिमितकालकायो व्युत्सृष्टकेशश्मश्रुलोमनखः सम्यङ्निरुद्धं स्थानं स्थास्यामीति प्रतिज्ञाय कायोत्सर्गव्यवस्थितो मेरुवन्निष्प्रकम्पस्तिष्ठेत् । तथा यदि स्वाध्यायभूमिं गन्तुमभिकांक्षेत्तदा साण्डाद्यप्रासुकां भूमिं न परिगृह्णीयात्, स्वाध्यायभूमिं द्वित्राद्या यदि गच्छेयुस्तदा न परस्परं गात्रसंस्पर्शवक्त्रसंयोगाद्यनेकविधाः कन्दर्पप्रधानाः क्रिया विदध्युः । तथोच्चारप्रस्रवणादिना कदाचिद्बाध्यमानः स्वकीये तदभावे साधर्मिके वा याचिते पूर्वप्रत्युपेक्षिते पादपुंछनकसमाध्यादावुच्चारादिकं कुर्यात्, तथोच्चारप्रस्रवणशंकायां साधुः पूर्वमेव स्थण्डिलं गत्वा साण्डादिकेऽप्रासुके तत्र कुर्यात्, एकं बहून् वा साधर्मिकानुद्दिश्य तत्प्रतिज्ञया कदाचित् कश्चित्स्थण्डिलादि कुर्यात्तत् पुरुषान्तरस्वीकृतमस्वीकृतं वा मूलगुणदुष्टमुद्देशिकमिति तत् परिहरेत् । एवं क्रीतादिकं स्थण्डिलं शाल्यादिवपनयोग्यं घासादियुतं गर्त्तदरीदुर्गादिरूपं मानुषरन्धनादिस्थानं वेहानसगार्धपृष्ठादिरूपमारामदेवकुल-प्राकाराट्टालचत्वरश्मशानतीर्थस्थानपङ्किलप्रदेशादिरूपं च स्थण्डिलं परिहरेत् । कल्प्य-स्थण्डिले वर्त्तमानोऽनुकूलप्रतिकूलशब्दादिश्रवणेऽरक्तद्विष्टस्तच्छ्रवणादिप्रतिज्ञया न तत्र गच्छेत्, अन्यथाऽजितेन्द्रियत्वस्वाध्यायादिहानिरागद्वेषसम्भवात्, किन्तु साधुः स्वकीयं परकीयं वा पात्रकं गृहीत्वा स्थंडिलं वाऽनापातमसंलोकं गत्वोच्चारं प्रस्रवणं वा परिष्ठापयेदिति ॥ ८४ ॥

હવે કાઉસ્સગ્ગ, સ્વાધ્યાય, સ્થંડિલ, માત્રુ આદિ કરવા લાયક સ્થાનનું વર્ણન કરતાં કહે છે.

**સૂત્રાર્થ :- યોગ્ય વસતિમાં રહેલો અભિગ્રહી મુનિ અંડાદિયુક્ત ભૂમિમાં સ્વાધ્યાયાદિ ન કરે.**

**ભાવાર્થ :-** કર્મબંધ થાય તેવા સ્થાનને છોડીને કાઉસ્સગ્ગ આદિ માટેનું સ્થાન શોધે અને તે સ્થાન અંડાદિ દોષ રહિત હોવા જોઈએ. તેવા સ્થાનમાં ચાર પ્રતિમા વડે રહેવા માટેની ઈચ્છા રાખે. તેમાં **પહેલી પ્રતિમા** - અચિત્ત સ્થાનમાં ઉપાશ્રય કરીને રહીશ. શરીર વડે અચિત્ત ભીંતાદિને ટેકો દઈને ઊભો રહીશ. હાથ પગ ફેલાવવા. સંકોચવા આદિ ક્રિયા કરીશ. અને તે વસતિમાં જ થોડુંક થોડુંક પગ વડે ચાલવારૂપ અન્ય સ્થાનનો આશ્રય કરીશ. **બીજી પ્રતિમા** - ટેકો દેવો, હાથ-પગ હલાવવા આદિ ક્રિયાનું અવલંબન કરીશ. પરંતુ ચાલીશ નહીં. **ત્રીજી પ્રતિમા** - હાથ-પગ હલાવવાની ક્રિયા કરીશ. ટેકો દેવો, ચાલવું આદિ ક્રિયા નહીં કરૂં. **ચોથી પ્રતિમા** - પૂર્વોક્ત ત્રણેય ક્રિયા નહીં કરૂં. (અર્થાત્ સ્થિર રહીશ.)

એ પ્રમાણે અમુક સમય માટે શરીરનો પણ જેણે ત્યાગ કર્યો છે. એવો વાળ, દાઢી, નખ આદિ પણ વોસિરાવીને, સારી રીતે નિરૂદ્ધ (કાબુમાં રહેલો) હું સ્થાન પર રહીશ. એવી પ્રતિજ્ઞાપૂર્વક કાયોત્સર્ગમાં મેરૂપર્વતની જેમ નિશ્ચલ રહે.

તેમજ સ્વાધ્યાય ભૂમિમાં જવાની ઈચ્છા હોય તો અંડાદિથી યુક્ત ભૂમિમાં ન જવું. જો બે કે ત્રણ કે તેથી વધારે પણ સ્વાધ્યાય ભૂમિમાં જાય તો એકબીજાના શરીરને અડકવું. મુખનો સંયોગ કરવો. ઈત્યાદિ કામપ્રધાન - ક્રિયા ન કરે. તેમજ સ્થંડિલ માત્રુ આદિની શંકા હોય તો તેના માટેનું માત્રક જો પોતાની પાસે ન હોય તો સાધર્મિક પાસે યાચના કરે. પૂર્વે પ્રતિલેખન કરેલું. ઓઘારીયું આદિ પાથરીને સ્થંડિલાદિ કરે. સ્થંડિલ માત્રુની શંકા હોય તો પહેલેથી જ શુદ્ધ ભૂમિ પર જઈને અંડાદિ રહિત અચિત્ત જગ્યામાં કરે. એક અથવા ઘણા સાધર્મિકને ઉદ્દેશીને. જે શુદ્ધ ભૂમિ આદિની (ગૃહસ્થે) પ્રતિજ્ઞા કરી હોય. બીજા કોઈએ તે જગ્યા લીધી હોય કે ન લીધી હોય તે ઉદ્દેશિક (સાધુના નિમિત્તે બનાવેલી) હોવાથી મૂળ ગુણથી દુષ્ટ છે. તેથી તેઓ પરિહાર કરે. એ જ રીતે ખરીદેલી શુદ્ધ ભૂમિ - ડાંગર આદિ વાવવા યોગ્ય. ઘાસાદિથી યુક્ત, ખાડો, કિલ્લા વિ. રૂપ, મનુષ્યના કાણાવાળા ભાગ, વેહાનસ કે ગૃદ્ધપૃષ્ટ-અનશન કરી શકાય તેવું બગીચા આદિ દેરાસર, કિલ્લો, અગાસી, ચોતરો, સ્મશાન, તીર્થસ્થાન, કાદવવાળું સ્થાન ઈત્યાદિ રૂપ શુદ્ધ ભૂમિ ન સ્વીકારે. નિર્દોષ શુદ્ધભૂમિમાં પણ અનુકૂલ શબ્દાદિના શ્રવણમાં રાગ, પ્રતિકૂલના શ્રવણમાં દ્વેષ કર્યા વગર, તેમજ અનુકૂળ શબ્દાદિ સંભળાય તો સારૂં એવી પ્રતિજ્ઞા કર્યા વિના ત્યાં જાય. જો આવા રાગાદિ થાય તો અજિતેન્દ્રિયપણું, સ્વાધ્યાયાદિની હાનિ, રાગ-દ્વેષ થવાનો સંભવ છે. પોતાનું અથવા બીજાનું માત્રક (પાત્ર) લઈને અનાપાત અસંલોક શુદ્ધભૂમિ પર જઈને સ્થંડિલ-માત્રુ આદિ સાધુ પરઠવે. ॥૮૪॥

अथ परक्रियानिषेधमाह–

**परक्रियां कर्मनिमित्तां नाभिलषेत् ॥ ८५ ॥**

**परेति,** षोढास्य निक्षेपः, नामस्थापने प्रसिद्धे, द्रव्यक्षेत्रकालभावपराणि प्रत्येकं तदन्यादेशक्रमबहुप्रधानपरभेदेन षड्विधानि भवन्ति, तत्र द्रव्ये तावत्तत्परं तद्रूपतयैव वर्त्तमानं परं तत्परम्, यथा परमाणोः परः परमाणुः, अन्यरूपतया परमन्यपरं यथैकाणुकाद्व्यणुकत्र्यणुकादि, यस्यां कस्याञ्चित्क्रियायां यो नियुज्यते स आदेशपरः कर्मकरादिः, क्रमपरं तु द्रव्यादि चतुर्धा, तत्र द्रव्यतः क्रमपरमेकप्रदेशिकद्रव्याद्द्विप्रदेशिकद्रव्यमेवं द्व्यणुकात्त्र्यणुकमित्यादि, क्षेत्रत एकप्रदेशावगाढाद्द्विप्रदेशावगाढमित्यादि, कालत एकसमयस्थितिकाद्द्विसमयस्थितिकमित्यादि । भावत एकगुणकृष्णाद्द्विगुणकृष्णमित्यादि । यद्यस्माद्बहु तद्बहुपरम्, जीवेभ्यः पुद्गला अनन्तगुणा इत्यादि, प्रधानत्वेन परः प्रधानपरो यथा द्विपदानां तीर्थकरश्चतुष्पदानां सिंहः, अपदानामर्जुनसुवर्णादिः । एवं सामान्येन जम्बूद्वीपक्षेत्रात् पुष्करादिकं क्षेत्रं क्षेत्रपरम्, प्रावृट्कालाच्छरत्कालः कालपरः, औदयिकादौपशमादिर्भावपरः । विशेषेण प्रत्येकं षड्भेदाः स्वयमूह्याः । साधुरात्मनः क्रियमाणां कर्मसंश्लेषजननीं धर्मश्रद्धया परेणारचितां

रजोवगुण्ठितपादमार्जनतैलादिम्रक्षणोद्वर्त्तनशीतोदकादिधावनसुगन्धिद्रव्यालिम्पन विशिष्टधूपसन्धूपनकण्टकाद्युद्धरणादिलक्षणां क्रियां मनसा नाभिलषेन्न वाचा कारयेत् कायेन वा । तथा ग्लानस्य साधोरशुद्धेन शुद्धेन वा मंत्रादिसामर्थ्येन कश्चिद्व्याध्युपशमं यदि कर्तुमभिलषेत्तथा सचित्तकन्दमूलादिना वा तन्नाभिलषेत्, पूर्वकृतकर्मफलाधीना जीवाः, कर्मविपाकजां कटुकवेदनामनुभवन्तिति भावयन् समतया तामनुभवेत् तथा परस्परतः साधुना पूर्वोक्ता रजःप्रमार्जनादिकाः क्रियाः कृतप्रतिक्रियया न विधेयाः । परक्रियायामन्योन्यक्रियायाञ्च गच्छान्तर्गतैर्यतना कर्त्तव्या, गच्छनिर्गतानान्त्वेतया न प्रयोजनम् ॥ ८५ ॥

હવે કર્મબંધયુક્ત પરક્રિયાના નિષેધ કહે છે.

**સૂત્રાર્થ :- કર્મબંધના નિમિત્તરૂપ પરક્રિયાને ઈચ્છે નહીં.**

**ભાવાર્થ :-** पर શબ્દનો છ પ્રકારે નિક્ષેપ થાય છે. નામ-સ્થાપના તો પ્રસિદ્ધ જ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ 'पर' તે સ્વ-સ્વરૂપે પર અને અન્ય = અપર સ્વરૂપે पर એમ બે પ્રકાર તેમજ આદેશ, ક્રમ, બહુ અને પ્રધાન એમ ચાર થતાં કુલ છ પ્રકારે છે.

તેમાં દ્રવ્ય પરમાં તે સ્વરૂપ વર્તમાન જે પર તે 'તત્સ્વરૂપ પર' છે. જે એક પરમાણુને બીજો પરમાણુ -

અન્ય સ્વરૂપે પર તે 'અન્ય પર'. જે પરમાણુ માટે દ્વયણુક, ત્ર્યણુક આદિ કોઈક ક્રિયામાં બીજાને નિમણૂક કરવો તે 'આદેશ પર' છે. જે કર્મકર-નોકર આદિને શેઠ નિયુક્ત કરે છે.

દ્રવ્યાદિ ચાર ભેદે 'ક્રમ પર' છે. તેમાં એક પ્રદેશી, દ્રવ્યથી દ્વિપ્રદેશી. દ્રવ્યાદિ તે ક્રમ પર છે. ભાવથી ક્રમ પર તે એક ગુણા કૃષ્ણાદિ કરતાં દ્વિગુણ કૃષ્ણાદિ તે જાણવા !

જે જેનાથી ઘણા છે તે તેનાથી 'બહુ પર' કહેવાય છે.

જેમકે - જીવ કરતાં પુદ્ગલ અનંતગુણા તેથી પુદ્ગલ બહુ પર કહેવાય.

મુખ્યપણાને કારણે જે પર (શ્રેષ્ઠ) ગણાય છે. તે 'પ્રધાન પર' કહેવાય છે. દ્વિપદમાં તીર્થંકર પ્રધાન હોવાથી પર છે. ચતુષ્પદમાં સિંહ પ્રધાન હોવાથી પર છે. અપદને વિષે અર્જુન, સુવર્ણ પ્રધાન છે માટે પર છે.

એ જ રીતે સામાન્યતયા જંબૂદ્વીપ ક્ષેત્ર કરતાં (પ્રમાણાદિકમાં વિશાળ છે તેથી) પુષ્કરાદિ ક્ષેત્ર તે 'ક્ષેત્ર પર' છે વર્ષાઋતુ કરતાં શરદઋતુ તે 'કાલ પર' છે. ઔદયિકભાવ કરતાં ઔપશમિક ભાવ તે 'ભાવ પર' છે.

'પર' શબ્દના અહીં સામાન્યથી છ ભાંગા કહ્યા. વિશેષ રીતે થતાં 'છ ભાંગા' સ્વયં વિચારવા બીજા વડે ધર્મશ્રદ્ધાથી કરાતી તેમજ પોતાને માટે કર્મ બંધમાં કારણભૂત થતી એવી

ક્રિયાઓ જે ધૂળથી ખરડાયેલા પગ ધોવા, તૈલાદિનું માલિશ કરવું. ઉત્તમ ધૂપથી સુગંધિત કરવું. કાંટા વિ. લાગ્યું હોય તો કાઢવું. આ સઘળી ક્રિયાની મનથી ઈચ્છા ન રાખે. વચનથી કોઈની પાસે કરાવે નહીં અને કાયાથી કરે કે કરાવે નહીં...!

તેમજ ગ્લાન સાધુની વ્યાધિ શુદ્ધ કે અશુદ્ધ મંત્રાદિના સામર્થ્યથી કોઈક દૂર કરવા ઈચ્છે. અથવા સચિત્ત કંદ મૂલાદિ વડે તે દૂર કરવા ઈચ્છે. પરંતુ, સાધુ તેને ઈચ્છે નહીં. પરંતુ, સર્વ જીવો પૂર્વભવમાં કરેલા કર્મને આધીન છે. અને કર્મના ફળરૂપે થતી કટુવેદનાને અનુભવે છે. એમ વિચારતા સમતાપૂર્વક તે વેદનાને સહન કરે.

તેમજ પરસ્પરથી સાધુ વડે પૂર્વે કહેલ રજ પ્રમાર્જનાદિ ક્રિયા કરેલી પ્રતિક્રિયા વડે ન કરવી જોઈએ. ગચ્છમાં રહેલા સાધુ વડે પરક્રિયામાં અને અન્યોન્ય ક્રિયામાં જયણા (યતના) કરવી. ગચ્છથી નીકળેલાઓને તો આનું પ્રયોજન નથી. ॥૮૫॥

अथ महाव्रतपालनोपयोगिनीर्भावनाः प्राह–

**पञ्च पञ्चमहाव्रतानां भावना भाव्याः ॥ ८६ ॥**

**पञ्चेति,** चतुर्धाऽस्या निक्षेपः, नामस्थापने प्रसिद्धे, नोआगमतो व्यतिरिक्ता द्रव्यभावना जातिकुसुमादिद्रव्यैस्तिलादिद्रव्येषु या वासना सा, द्रव्येण द्रव्यस्य भावना सर्वापि ग्राह्या । प्रशस्ताप्रशस्तभेदतो भावभावना द्वेधा, प्राणिवधमृषावादादत्तादानमैथुनपरिग्रहक्रोधमानमाया-लोभेष्वकार्येषु पौनःपुन्यकरणतया प्रवृत्तिविषयाऽप्रशस्ता भावना । दर्शनज्ञानचारित्रतपो-वेराग्यादिषु प्रशस्ता भावना भवति, तत्र भगवतां प्रवचनस्याचार्यादीनां युगप्रधानानामृद्धिमतां चतुर्दशपूर्वविदामामर्षौषध्यादि प्राप्तऋद्धीनाञ्चाभिगमदर्शनगुणोत्कीर्त्तनपूजनस्तवनादिर्दर्शन-भावना, तयाऽनवरतं भाव्यमानया दर्शनशुद्धिर्भवति तथा तीर्थकृज्जन्मभूमिषु निष्क्रमण-चरणज्ञानोत्पत्तिनिर्वाणभूमिषु देवलोकभवनेषु मन्दरेषु नन्दीश्वरद्वीपादौ भौमेषु पातालभवनेषु च यानि शाश्वतचैत्यानि तेषु तथाऽष्टापदे श्रीमदुज्जयन्तगिरौ गजाग्रपदे दशार्णकूटवर्त्तिनि तक्षशिलायां धर्मचक्रेऽहिच्छत्रायां पार्श्वनाथस्यधरणेन्द्रमहिमास्थाने रथावर्त्ते पर्वते वज्रस्वामि-कृतपादपोपगमनस्थाने श्रीमद्वर्धमानमाश्रित्य चमरेन्द्रेण कृतोत्पतनस्थाने च यथासम्भवम-भिगमनवन्दनादितो दर्शनशुद्धिः । ज्ञानभावना च तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं तत्त्वञ्च जीवा-जीवादयो नव पदार्थास्ते च तत्त्वज्ञानार्थिना सम्यग्ज्ञातव्याः, तत्परिज्ञानं यथावस्थिता-शेषपदार्थाविर्भावके आर्हत प्रवचन एवोपलब्धम्, मोक्षाख्यं कार्यं सम्यग्दर्शनचारित्रलक्षणं करणं सम्यग्दर्शनाद्यनुष्ठाता साधुः कारको मोक्षावाप्तिलक्षणा क्रियासिद्धिश्चेहैव प्रवचन इत्येवं ज्ञानं तथाऽष्टप्रकारकर्मपुद्गलैः प्रतिप्रदेशमवष्टब्धो जीवः, मिथ्यात्वादयो बन्धहेतवः,

अष्टप्रकारकर्मवर्गणारूपं बन्धनं तत्फलं चतुर्गतिसंसारपर्यटनसातासाताद्यनुभवनरूपमन्यद्वा यत्किञ्चित्सुभाषितं तत्सर्वमिहैव प्रवचनेऽभिहितमिति ज्ञानविषया भावनाः सर्वा ज्ञानभावना। अहिंसालक्षणो धर्मः सत्यमदत्तादानं ब्रह्मचर्यं नवगुप्तिः परिग्रहविरतिश्चेहैव शोभनं नान्यत्रेति पञ्च महाव्रतभावनाः, वैराग्यभावनाऽप्रमादभावनैकाग्रभावनाप्रभृतयश्चरणमाश्रिताश्चरणभावनाः। निर्वृत्त्यादिना केन तपसा मम दिवसोऽवन्ध्यो भवेत्, कतरद्वा तपोऽहं विधातुं समर्थः, कतरच्च तपः कस्मिन् मम द्रव्यादौ निर्वहति, कस्मिन् द्रव्ये क्षेत्रे काले भावे वाऽहमेवम्भूतं तपः कर्तुं समर्थ इत्येवं पर्यालोचना तपोभावना। अनित्यत्वादिद्वादशविधा भावना वैराग्यभावना। इह तु चारित्रभावना सूत्रे प्रोक्ता, तत्र प्रथमव्रतस्येर्यायां समितेन भाव्यम् मनसा सुप्रणिहितेन भाव्यम्, प्राण्यपकारिणी वाङ् नाभिधातव्या, आदाननिक्षेपणायां समितेन भाव्यम् प्रत्युपेक्षितमशनादि भोक्तव्यमिति पञ्च भावनाः। द्वितीयव्रतस्यानुविचिन्त्य भाषिणा भवितव्यम्, क्रोधः सदा परित्याज्यः, लोभजयः कर्त्तव्यः, भयं त्याज्यम्, हास्यमपीति पञ्च भावनाः। तृतीयव्रतस्यानुविचिन्त्य शुद्धोऽवग्रहो याचनीयः, आचार्यादीननुज्ञाप्य भोजनं विधेयम्, अवग्रहं गृह्णता निर्ग्रन्थेन परिमित एवावग्रहो ग्राह्यः, अनवरतमवग्रहपरिमाणं विधेयम् अनुविचिन्त्य मितमवग्रहं साधर्मिकसम्बन्धिनं गृह्णीयादिति पञ्च भावनाः। चतुर्थव्रतस्य स्त्रीसम्बन्धिकथात्यागः, मनोहरतदिन्द्रियानवलोकनम्, पूर्वक्रीडितास्मरणम् अतिमात्रभोजनाद्यनासेवनं स्त्रीपशुपण्डकविरहितशय्यावस्थानमिति पञ्च भावनाः। पञ्चमव्रतस्य मनोज्ञशब्दरूपरसगन्धस्पर्शेषु गार्द्ध्यपरिहार इति पञ्च भावना विज्ञेयाः ॥ ८६ ॥

હવે મહાવ્રતના પાલનમાં ઉપયોગી ભાવનાઓને જણાવે છે.

**સૂત્રાર્થ :- પાંચ મહાવ્રતની પાંચ પાંચ ભાવનાનું ચિંતન (સાધુએ) કરવું જોઈએ.**

**ભાવાર્થ :-** ભાવના શબ્દનો ચાર પ્રકારે નિક્ષેપ થઈ શકે છે. નામ-સ્થાપના પ્રસિદ્ધ છે. નોઆગમથી ભિન્ન દ્રવ્યભાવના તે જાઈના ફૂલ વિ. સુગંધી દ્રવ્ય વડે તલ વિ. દ્રવ્યમાં જે સુગંધની વાસના (સ્થાપના) તે દ્રવ્યભાવના અર્થાત્ એક દ્રવ્ય વડે બીજા દ્રવ્યમાં થતો જે સંસ્કાર તે સર્વ દ્રવ્યભાવનામાં સમજવું.

પ્રશસ્તા અપ્રશસ્તા એમ બે ભેદે ભાવભાવના છે.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વિ. નહીં કરવા લાયક કાર્યમાં વારંવાર પ્રવૃત્તિ કરવી. તે અપ્રશસ્ત ભાવભાવના છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વૈરાગ્ય આદિમાં પ્રવૃત્ત થવું તે પ્રશસ્ત ભાવભાવના છે. પ્રશસ્ત ભાવભાવનામાં પૂજ્ય જિનેશ્વરદેવ, આગમ, આચાર્ય આદિ યુગપ્રધાન, જ્ઞાનાદિ ઋદ્ધિમાન, ચૌદપૂર્વી,

આમર્ષૌષધિ આદિથી યુક્ત ઋદ્ધિવાળા મુનિ ભગવંતનો વિનય, દર્શન, ગુણાનુવાદ, પૂજન, સ્તવન આદિ કરવું તે દર્શન ભાવભાવના કહેવાય છે. આ સર્વ ભાવના નિરંતર ભાવવાથી દર્શનશુદ્ધિ થાય છે.

દર્શનશુદ્ધિના અન્ય કારણ પણ જણાવે છે. તીર્થંકર પરમાત્માની જન્મભૂમિ, ચારિત્રભૂમિ, કેવલજ્ઞાન ઉત્પત્તિ ભૂમિ, નિર્વાણ ભૂમિ તેમજ દેવલોકમાં, મેરૂપર્વતના, નંદીશ્વરદ્વીપ આદિના પૃથ્વીતટના, પાતાલભવનનાં જે પણ શાશ્વત ચૈત્યો છે તે સઘળા તેમજ અષ્ટાપદ, ગિરનાર, ગજપદકૂટ, દશાર્ણકૂટ, તક્ષશિલા, ધર્મચક્રતીર્થ, ધરણેન્દ્રના મહિમા કરવારૂપ અહિછત્રાના, વજસ્વામીએ પાદપોપગમન અનશન કર્યું હતું. તેના રથાવર્ત પર્વતમાં, ચમરેન્દ્ર જ્યાં પરમાત્મા શ્રીવર્ધમાનસ્વામીના શરણમાં આવ્યો હતો તે સ્થાન, તે જ રીતે યથાયોગ્ય પરમાત્માના પૃથ્વીતલ પર રહેલા પ્રાચીન-અર્વાચીન સમસ્ત તીર્થને વિષે વિનય, દર્શન, પૂજન આદિથી દર્શનશુદ્ધિ થાય છે.

જ્ઞાનભાવના આં મુજબ છે. તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. જીવાદિ નવ પદાર્થ તે તત્ત્વ છે. તે નવ પદાર્થ તત્ત્વજ્ઞાનનાં ઈચ્છુક જીવે સારી રીતે જાણવા જોઈએ. તે જીવાદિ નવ પદાર્થનું જેવું સત્ય છે તેવું જ સાચું જ્ઞાન, સમસ્ત પદાર્થને પ્રગટ કરતા પરમાત્માના આગમમાં જ મળી શકે છે. તે જ્ઞાન આ રીતે છે. સમ્યગ્દર્શન તેમજ ચારિત્રરૂપ કરણ દ્વારા મોક્ષનું કાર્ય સિદ્ધ થાય છે. સમ્યગ્દર્શનાદિ ક્રિયાને કરનાર સાધુ છે. તેથી મોક્ષ પ્રાપ્તિરૂપ ક્રિયાની સિદ્ધિ અહીં જૈનાગમમાં જ છે. આવા પ્રકારની સાચી સમજણ તે જ્ઞાનભાવના જાણવી.

તેમજ આઠ પ્રકારના કર્મપુદ્ગલ વડે સંસારી જીવ દરેક પ્રદેશથી બંધાયેલો છે. મિથ્યાત્વાદિ બંધના કારણ છે. આઠ કર્મનું બંધન છે તેના ફળરૂપે ચાર ગતિરૂપ સંસારમાં ભમતાં જીવને શાતા (સુખ) અશાતા (દુઃખ) આદિનો અનુભવ થાય છે. ઈત્યાદિ અથવા તો બીજું પણ જે કંઈ સારૂં જણાવેલું છે. તે સર્વ આ જ જૈનાગમમાં કહેલું છે. તેના વિષયક જે ભાવના ભાવવી તે સઘળી જ્ઞાનભાવના કહેવાય છે.

અહિંસારૂપ ધર્મ, સત્ય બોલવું, અદત્તાદાનનું અગ્રહણ, બ્રહ્મચર્યની નવગુપ્તિનું પાલન, પરિગ્રહ વિરમણ, આ પાંચ મહાવ્રત આ જૈનશાસનમાં જ છે. અન્યત્ર નહીં. આ રીતે પાંચ મહાવ્રતના સ્વરૂપની વિચારણા કરવી. વૈરાગ્યભાવના, અપ્રમાદભાવના, એકાગ્રભાવના વિગેરે ચારિત્રને આશ્રયીને કરાતી ભાવના તે પણ ચારિત્ર (ચરણ) ભાવના છે. નિર્વૃત્તિ (આહારાદિ ત્યાગરૂપ) આદિ કયા તપ વડે મારો (આજનો) દિવસ સફળ થશે ? કયું તપ કરવા માટે મારી શક્તિ છે ? કયું તપ કરવામાં મને કેટલા દ્રવ્યાદિ વડે ચાલી શકશે ? કયા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવના હું આ રીતના તપ કરવા માટે શક્તિમાન છું ? ઈત્યાદિ વિચારવું તે તપભાવના છે.

અનિત્યત્વ વિગેરે બાર પ્રકારની ભાવના તે વૈરાગ્યભાવના છે. અહીં મૂલ સૂત્રમાં જે ચારિત્રભાવના જણાવી છે (પાંચ મહાવ્રત સંબંધી) તેમાં પ્રથમ વ્રતમાં (૧) ઈર્યાસમિતિયુક્ત રહેવું જોઈએ. (૨) મનથી સારા (અહિંસાના) પરિણામ રાખવા. (૩) કોઈ પણ પ્રાણીને દુઃખ ઉપજાવે તેવી વાણી પણ ન બોલવી. (૪) લેવું કે પરઠવવું તેમાં પણ ધ્યાન રાખવું. (૫) ભોજનાદિ ઈષ્ટ પડિલેહણ (જીવાદિ જોઈને) કરીને લેવું. આ પાંચ ભાવના છે.

બીજા મહાવ્રતમાં (૧) વિચારીને બોલવું. (૨) હંમેશા ક્રોધનો ત્યાગ કરવો. (૩) લોભ પર જય કરવો. (૪) ભયનો ત્યાગ કરવો. (૫) હાસ્યનો પણ ત્યાગ કરવો અર્થાત્ બે થી લઈને પાંચ સુધીના કોઈપણ કારણસર અસત્ય ન બોલવું. તેવી જે વિચારણા તેની ચારે ભાવના જાણવી.

ત્રીજા મહાવ્રતની (૧) વિચારીને શુદ્ધ જગ્યાની માંગણી કરવી. (૨) આચાર્ય આદીની અનુજ્ઞા (રજા) મેળવીને ભોજન કરવું. (૩) અવગ્રહ (સ્થાન) ગ્રહણ કરતી વખતે સાધુએ અમુક નક્કી જગ્યા જ ગ્રહણ કરવી. (૪) હંમેશા જગ્યાનું પરિમાણ કરવું. (અર્થાત્ અલ્પ જગ્યા આદિના અભિગ્રહાદિ ધારણ કરવા.) (૫) વિચારપૂર્વક અમુક જગ્યા સાધર્મિક માટે ગ્રહણ કરવી. આ પાંચ ભાવના છે.

ચોથા મહાવ્રતમાં (૧) સ્ત્રી સંબંધી કથા (વાત) ન કરવી. (૨) તેની (સ્ત્રીની) મનોહર ઈન્દ્રિય ન જોવી. (૩) પૂર્વે કરેલી કામક્રીડા યાદ ન કરવી. (૪) પ્રાણાતિરિક્ત ભોજન ન લેવું. (૫) સ્ત્રી-પશુ-નપુંસક રહિત વસતિમાં રહેવું ઈત્યાદિ પાંચ ભાવના છે.

પાંચ મહાવ્રતમાં મનોહર શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ પરના રાગને (મમત્વને) દૂર કરવો. ઈત્યાદિ પાંચ ભાવના છે. ॥૮૬॥

अथानित्यत्वभावनाश्रयेणाह–

**प्रवचनावगतानित्यत्वस्त्यक्तारम्भो दुष्प्रकम्प्यः ॥ ८७ ॥**

**प्रवचनेति,** चतसृष्वपि गतिषु प्राणिनो यत्र यत्रोत्पद्यन्ते तत्र तत्रानित्यभावमुपगच्छन्तीत्यादिकं मौनीन्द्रमनुत्तरं प्रवचनं निशम्य यथैव प्रवचनेऽनित्यत्वादिकमभिहितं तत्तथैव दृश्यत इति विचिन्त्य पत्यिक्तगृहपाशमारम्भादिसावद्यानुष्ठानं बाह्याभ्यन्तरं च परिग्रहं त्यक्त्वा सम्यग्यतमानं जिनागमगृहीतसारं परिशुद्धाहारादिना वर्त्तमानं साधुं न मिथ्यादृष्टयोऽसभ्यालापैः लोष्टप्रहारादिभिर्वा पीडामुत्पादयन्ति, न वा तैः साक्रोशशीतोष्णादिस्पर्शैः पीडितोऽपि ज्ञानित्वात्पूर्वकृतकर्मविपाकानुभवं मन्यमानो निष्कलङ्कमना ग्लायति ॥ ८७ ॥

હવે અનિત્યત્વ ભાવનાને આશ્રયીને કહે છે.

**સૂત્રાર્થ :- આગમથી અનિત્યત્વને જાણનારો છે. તેથી જ આરંભનો ત્યાગી અને (પરિષહાદિથી) અકંપિત સાધુ હોવો જોઈએ.**

**ભાવાર્થ :-** ચારેય ગતિમાં જીવો જે જે ગતિમાં ઉત્પન્ન થાય છે. તે તે ગતિમાં અનિત્યત્વ ભાવને પામે છે. ઈત્યાદિ પરમાત્માના આગમને સાંભળીને જેમ આગમમાં અનિત્યતા જણાવી છે. તેવી જ રીતે આ જગતમાં અનિત્યતા દેખાય છે. આવું વિચારીને ઘર સંબંધી મમત્વ તેમજ આરંભયુક્ત સાવદ્ય પ્રવૃત્તિ, બાહ્ય અભ્યંતર પરિગ્રહ આદિ છોડીને સારી રીતે જયણાપૂર્વક આગમમાં જણાવ્યા મુજબ શુદ્ધ આહારાદિથી જીવનચર્યા ચલાવતા મુનિને મિથ્યાદષ્ટિ જીવો જેમ તેમ બોલવું કે ઢેફા વિગેરેથી મારવું ઈત્યાદિપૂર્વક પીડા કરતા નથી. અથવા તો કદાચ તે અજ્ઞાની જીવો ગુસ્સાપૂર્વક શીત-ઉષ્ણાદિ સ્પર્શ વડે પીડા ઉપજાવે છતાં પણ પોતે જ્ઞાની હોવાથી પૂર્વકર્મના ફલથી આ દુઃખ આવ્યું છે તેવું માનતો મુનિ કલંક રહિત મનયુક્ત થઈ ગ્લાનિ ન પામે. ॥૮૭॥

मूलोत्तरगुणाश्रयेणाह–

**गीतार्थसहवासी ध्याता महाव्रती सितकामगुणास्पृष्टो निर्मलो भवतीति ॥ ८८ ॥**

**गीतार्थेति,** परीषहोपसर्गसह इष्टानिष्टविषयेषु माध्यस्थ्यमवलम्बमानो गीतार्थै सह वास्तव्यः पिहिताश्रवद्वारो विगततृष्णः क्षान्त्यादिप्रधानो धर्मध्यानव्यवस्थितः प्रवृद्धतपः-प्रज्ञायशाः कर्मान्धकारापनयनदक्षजगत्त्रयप्रकाशिमहाव्रतनित्यसम्बद्धः सितैर्गृहस्थैस्तीर्थान्तरीयैर्वा कामगुणैर्मनोज्ञशब्दादिभिश्चास्पृष्टः सत्कारानभिलाषी ज्ञानक्रियासमलङ्कृतो भिक्षुर्यथा सर्पः कञ्चुकं मुक्त्वा निर्मलीभवति तथाऽयमपि नरकादिभवाद्विमुच्यते । इतिशब्द आचाराङ्ग-समाप्तिद्योतकः ॥ ८८ ॥

મૂલ તેમજ ઉત્તરગુણને આશ્રયીને કહે છે.

**સૂત્રાર્થ :- ગીતાર્થ સાથે રહેનાર, ધ્યાનમાં રહેલો, મહાવ્રતથી યુક્ત, ગૃહસ્થો કે અન્યતીર્થીઓના મનોજ્ઞ શબ્દાદિ કામગુણો વડે નહીં સ્પર્શાયેલો નિર્મલ થાય છે એ પ્રમાણે.**

**ભાવાર્થ :-** પરિષહ ઉપસર્ગને સહન કરતા, ઈષ્ટ કે અનિષ્ટ વિષયમાં મધ્યસ્થભાવને સ્વીકારતો - ગીતાર્થની સાથે રહેવું જોઈએ. જેણે આશ્રવના દ્વાર બંધ કર્યા છે. તૃષ્ણા રહિત, ક્ષમાદિ ધર્મથી યુક્ત, ધર્મધ્યાનમાં રહેલો, અત્યંત (ઉગ્ર) તપસ્વી, બુદ્ધિશાળી, યશસ્વી, કર્મ-અંધકારને દૂર કરવામાં નિપુણ, ત્રણેય જગતને પ્રકાશિત કરનાર મહાવ્રતોની સાથે હંમેશાં જોડાયેલો, ગૃહસ્થ અથવા અન્યતીર્થિકો વડે કામગુણો-મનોજ્ઞ શબ્દ આદિ વડે પણ નહીં સ્પર્શેલો (નહીં ખેંચાયેલો) સત્કારને નહીં ઈચ્છતો, જ્ઞાન-ક્રિયાથી વિભૂષિત, એવો મુનિ જેમ સર્પ કાંચળી છોડીને નિર્મળ થાય છે તેમ આ (મુનિ) પણ નરકાદિ ભવમાંથી વિમુક્ત થાય છે.

આ સૂત્રમાં જે 'इति' શબ્દ છેલ્લે છે તે આચારાંગ સૂત્રની વિવેચનાની સમાપ્તિનો સૂચક છે. ॥૮૮॥

**सरिकैषा साधूनामाचाराङ्गाब्धिमन्थनोद्भूता ।**
**पीयूषनिभा भूयात् विधृता मृतिशून्यताजननी ॥**

આચારાંગરૂપી સમુદ્રને વલોવવાથી ઉત્પન્ન થયેલી, અમૃત સમાન આ (મોતીની) સેર જેમણે ધારણ કરી છે તે (મુનિઓને માટે) મરણનો અભાવ કરનારી થાઓ... (અક્ષયપદ-મોક્ષ આપનારી થાઓ.)

इति श्रीतपोगच्छनभोमणिश्रीमद्विजयानन्दसूरीश्वरपट्टालङ्कारश्रीमद्विजयकमलसूरीश्वर
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजय-
लब्धिसूरिणा सङ्कलितायां सूत्रार्थमुक्तावल्यामाचार-
लक्षणा द्वितीया मुक्तासरिका वृत्ता ।

એ પ્રમાણે શ્રી તપગચ્છરૂપી આકાશમાં સૂર્યસમાન વિજયાનંદસૂ.મ.ના પટ્ટાલંકાર શ્રી કમલસૂ.મ.ના ચરણકમલમાં ભક્તિપૂર્વક રહેલા, તેમના પટ્ટધર શ્રી લબ્ધિસૂરિ વડે સંકલિત કરાયેલી - સૂત્રાર્થ મુક્તાવલીમાં આચાર સ્વરૂપ બીજી મોતીની સેર ગુંથાઈ. (રચાઈ)

પરમપૂજ્ય જૈનરત્ન વ્યાખયાનવાચસ્પતિ, સૂરિસાર્વભૌમ, કવિકુલકીરિટ સૂત્રાર્થમુક્તાવલી ગ્રંથના રચયિતા આચાર્ય શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરિશ્વરજી મ.સા.ના પટ્ટધર ભુવનતિલક-ભદ્રંકરસૂરિ શિષ્ય આચાર્ય શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ.જ્ઞાની સાધ્વીવર્યા હંસાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સાધ્વી પદ્મલતાશ્રીના શિષ્યા પૂ.સાધ્વી સુવર્ણપદ્માશ્રીજી મ.સા. પૂ.દાદાગુરુદેવશ્રીના સ્વર્ગારોહણ અર્ધશતાબ્દીની પાવનસ્મૃતિમાં આચારાંગસૂત્રની બીજી મુક્તાસરિકાનો ગુજરાતી અનુવાદ જ્ઞાનભક્તિથી, ગુરુદેવની કૃપાથી સંપન્ન કર્યો.

● ● ●

॥ શ્રી અચિન્ત્યચિંતામણી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ દેવાધિદેવ શ્રી શાંતિનાથાય નમઃ ॥
॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ૐ

# શ્રી સૂત્રકૃતાંગસૂત્ર
# મુક્તાસરિકા

: ભાવાનુવાદ :
પૂજ્યપાદ કવિકુલકીરિટ સંસ્કૃતવિશારદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**ના
પટ્ટધર પૂ. તર્કન્યાયનિપુણ શાસનપ્રભાવક આચાર્યદેવ
**શ્રીમદ્‌વિજય વિક્રમસૂરીશ્વરજી મ.સા.**ના
પટ્ટધર પૂજ્યપાદ, દક્ષિણ દિવાકર, શાસનપ્રભાવક આચાર્યદેવ
**શ્રીમદ્વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.**ના
શિષ્યરત્ન પૂજ્ય જ્ઞાનાનંદી આચાર્યદેવ
શ્રીમદ્વિજય **અમિતયશસૂરીશ્વરજી મ.સા.**

## શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (૨૧૦૦ શ્લોક પ્રમાણ)
## શ્રી શીલાંકાચાર્ય કૃત ટીકા - ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ

આ સૂત્રકૃતાંગ સૂત્રમાં જગતના ષડ્દર્શન તથા વિવિધ દર્શનોની અપૂર્ણતા જણાવી સ્યાદ્‌વાદ સિદ્ધાંતની સ્થાપના કરી છે. સાધુના આચારોનું, નરકનાં દુઃખોનું વર્ણન છે. આ આગમના અધ્યયનથી દ્રઢ શ્રદ્ધાવાળા થવાય છે. ૩૬૫ પાખંડીઓ ભગવાનના સમવસરણમાં બેસે છે તેવું આપણે સાંભળીએ છીએ. એ પાખંડીઓના મતને આ આગમમાં વિસ્તારથી વર્ણવીને તે મિથ્યામત કેવી રીતે ખોટો છે તે સ્પષ્ટ દર્શાવ્યું છે.

### પ્રથમ શ્રુતસ્કંધ

**અધ્યયન-૧, સમય, ઉદ્દેશ-૪**

- આત્મા દ્વૈતવાદ, દેહાત્મવાદ, અકારકવાદ, આત્મષષ્ઠવાદ, અફૂલવાદનું વર્ણન.
- વાદીઓના નિષ્ફળ જીવનની વાતો.
- નિયતિવાદ, અજ્ઞાનવાદ, જ્ઞાનવાદ અને ક્રિયાવાદની વાતો.
- આધાકર્મ આહારનો નિષેધ, મુનિપણાના આચારની સમજણ.
- જગત્કર્તૃત્વવાદ, ત્રૈરાશિકવાદ, અનુષ્ઠાનવાદનું વર્ણન.
- અહિંસા, કષાયજય, પાંચ સમિતિ, પાંચ સંવરની વાતો.

**અધ્યયન-૨, વૈતાલીય, ઉદ્દેશ-૩**

- માનવભવની દુર્લભતા, આયુષ્યની અનિત્યતા, મોહવિજયની વાતો.
- નિંદા, પરિગ્રહ, મદ તથા મમત્વનો નિષેધ.
- સંવર-નિર્જરાથી મુક્તિ, ભગવાન અને અનુયાયીઓની સમાન પ્રરૂપણા.

**અધ્યયન-૩, ઉપસર્ગ, ઉદ્દેશ-૪**

- પ્રતિકૂળ ઉપસર્ગ, પરવાદિ વચનોની વાતો તથા યથાવસ્થિત અર્થપ્રરૂપણાની વાતો.

**અધ્યયન-૪, સ્ત્રીપરિજ્ઞા, ઉદ્દેશ-૨**

- અધ્યયનમાં સ્ત્રી પરિષહનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

**અધ્યયન-૫, નરકવિભક્તિ, ઉદ્દેશ-૨**

- નરકની વિષમ વેદનાનું વર્ણન.
- પાપી જીવો ૪ ગતિમાં ભ્રમણ કરે છે તેનું વર્ણન.

**અધ્યયન-૬, વીરસ્તુતી, ઉદ્દેશ-૧**

- આ અધ્યયનમાં પરમાત્મા મહાવીરના અનેક ઉપમાઓ દ્વારા ગુણાનુવાદ કરવામાં આવ્યા છે.

**અધ્યયન-૭, સુશીલ પરિભાષા, ઉદ્દેશ-૧**

- હિંસક માણસ દ્વારા જીવોની હત્યા અને ભવાંતરમાં ભોગવવાની વેદના.
- રાગ-દ્વેષથી નિવૃત્ત થઈ ઉપસર્ગ સહન કરી મોક્ષપ્રાપ્તિની વાત.

**અધ્યયન-૮, વીર્ય, ઉદ્દેશ-૧**

- આ અધ્યયનમાં વીર્યના ૨ ભેદો, બાલવીર્ય અને પંડિતવીર્યની વાત જણાવવામાં આવી છે.

**અધ્યયન-૯, ધર્મ, ઉદ્દેશ-૧**

- ધર્મના સ્વરૂપની પૃચ્છા, ઉપદેશ તથા મોક્ષપર્યંત કષાયત્યાગની વાતો.

**અધ્યયન-૧૦, સમાધિ, ઉદ્દેશ-૧**

- ધર્મ શ્રવણની પ્રેરણા, અંતે જન્મ-મરણની આશાને ત્યજનાર અને સમભાવ રાખનાર મુક્ત થાય છે તે વાત.

**અધ્યયન-૧૧, માર્ગ, ઉદ્દેશ-૧**

- મોક્ષ માર્ગ માટે પ્રશ્ન તથા જીવનપર્યંત શુદ્ધ આહાર લેવાનો ઉપદેશ.

**અધ્યયન-૧૨, સમવસરણ, ઉદ્દેશ-૨**

- અજ્ઞાનવાદી, વિનયવાદી, અક્રિયવાદિ તથા શૂન્યતાવાદી આ ૪ વાદીની વાત જણાવી અંતે અનાસક્ત રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

**અધ્યયન-૧૩, યથાતથ્ય, ઉદ્દેશ-૧**

- શીલ-અશીલનું રહસ્ય તથા હિંસા અને માયાના ત્યાગની વાતો.

**અધ્યયન-૧૪, ગ્રંથ, ઉદ્દેશ-૧**

- અપરિગ્રહ, બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન અને અપ્રમાદનો ઉપદેશ.
- સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ તથા યથાર્થ અર્થ કરવાવાળાને ભાવસમાધિની પ્રાપ્તિ.

**અધ્યયન-૧૫, આદાન, ઉદ્દેશ-૧**

- દર્શનાવરણીયના ક્ષયથી ત્રિકાળજ્ઞાન.
- રત્નત્રયીની આરાધનાથી ભવભ્રમણાનો અંત.

**અધ્યયન-૧૬, ગાથા, ઉદ્દેશ-૧**

- આ અધ્યયનમાં અણગારના ૪ પર્યાયો માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રન્થની વ્યાખ્યાઓ કરવામાં આવી છે.

## દ્વિતીય શ્રુતસ્કંધ

**અધ્યયન-૧, પુંડરીક, ઉદ્દેશ-૧**

- કમળના દ્રષ્ટાંતથી કર્મ-જીવ-વિષય-ધર્મ આદિની સમજણ.

**અધ્યયન-૨, ક્રિયાસ્થાન, ઉદ્દેશ-૧**

- ધર્મસ્થાન, અધર્મસ્થાન, ઉપશાંતસ્થાન તથા અનુપશાંત સ્થાનની સમજણ.
- ૧૩ ક્રિયાસ્થાનનું વર્ણન.
- ૧૨ ક્રિયાસ્થાન સેવનારનું ભવભ્રમણ અને ૧૩મા ક્રિયાસ્થાન સેવનારને સિદ્ધિગતિની વાત.

**અધ્યયન-૩, આદાન, ઉદ્દેશ-૧**

- ૪ પ્રકારના બીજ તથા વનસ્પતિની ઉત્પત્તિનું કારણ.

**અધ્યયન-૪, પ્રત્યાખ્યાન, ઉદ્દેશ-૧**

- અપ્રત્યાખ્યાની આત્મા દ્વારા હંમેશા થતું પાપકર્મોનું ઉપાર્જન.
- છ-કાય જીવોની હિંસાથી વિરક્ત મુનિ એકાંતે પંડિત કહેવાય છે એ વાત.

**અધ્યયન-૫, આચારસૂત્ર, ઉદ્દેશ-૧**

- અનાચારનું સેવન ન કરવાનો ઉપદેશ તથા મોક્ષપર્યંત ધર્મારાધનનો ઉપદેશ.

**અધ્યયન-૬, આર્દ્રકિય, ઉદ્દેશ-૧**

- આ અધ્યયનમાં ગોશાલક અને આર્દ્રકુમારના સંવરની વાત જણાવવામાં આવી છે.

**અધ્યયન-૭, નાલંદીપ, ઉદ્દેશ-૧**

- રાજગૃહી નગરીના ઉપનગર નાલંદામાં રહેતા ગાથાપતિના ધાર્મિક જીવનનું વર્ણન.

● ● ●

# अथ सूत्रकृतांगमुक्तासरिकायाम् विषयानुक्रमणिका


विषया:

सूत्रकृतसारावतरणविधानम्
प्रतिज्ञासूत्रम्
चतुर्धा सूत्रनिक्षेप:
चतुर्धा श्रुतज्ञानसूत्रभेदप्रदर्शनम्
सूत्रकृताङ्गविधातुः संस्मरणम्
तद्ध्यानं कर्तृत्वोपयोगि
कथं गणधरा: सूत्रकृताङ्गं कृतवन्त इत्यभिधानम्
स्वसमयाभिधानम्
सूत्रेऽस्मिन् परिग्रहस्यैवोपादाने फलवर्णनम्
विज्ञाय संयमेनेत्युक्त्या ज्ञानक्रिययोर्मोक्षसाधनतालाभ इति वर्णनम्
ज्ञानक्रियाशब्दयोर्व्याख्या
ज्ञानक्रिययोर्द्वैविध्यप्रदर्शनम्
बन्धनमपनयेदित्युक्तिफलप्रदर्शनम्
चार्वाकमतोपन्यास:
तत्तत्ववर्णनम्
भूतेष्वेव चैतन्यमिति तन्मतप्रदर्शनम्
तन्मतविध्वंसनम्
भूतपरिणामविशेषे चैतन्याभिव्यक्त्यसम्भवप्ररूपणम्
ततश्चैतन्योत्पत्तेरसम्भवप्रकाशनम्
भूतचैतन्यगुणत्वनिरास:
अनुमानप्रामाण्यव्यवस्थापनम्
अद्वैतमतप्रदर्शनम्
अर्थभेदासम्भवप्रदर्शनम्
अविद्याया अवास्तविकतानिरूपणम्

विषया:

अद्वैतमतप्रतिक्षेपारम्भणम्
अव्यवस्थाप्रदर्शनम्
आत्मन: सांशत्वे व्यवस्थाया असम्भव इति वर्णनम्
अविद्यानिराकरणम्
सांख्यमतप्रतिक्षेप:
सांख्यमते आत्मस्वरूपवर्णनम्
तत्र दोषोद्भावनम्
बौद्धमतनिराकरणम्
स्कन्धपञ्चकप्रदर्शनम्
क्षणिकतासाधनम्
अक्षणिकत्वेऽर्थक्रियाऽसम्भवसाधनम्
सहकार्यपेक्षाऽसम्भवप्रदर्शनम्
विनाशहेत्वसम्भवप्रकाशनम्
तन्मतखण्डनमतिरिक्तात्मसाधनम्
सर्वथा क्षणिकत्वासिद्धि:
क्षणिकपक्षेऽप्यर्थक्रियाऽसम्भववर्णनम्
विनाशस्य सहेतुकत्ववर्णनम्
नियतिवादनिराकरणम्
पूर्वपक्षे नियतिकृतत्वसमर्थनम्
तत्र दोषोद्भावनम्
प्रोक्तवादानामज्ञानवादत्वकथनम्
तेषां वादिनां संसारानुवर्त्तिसाधनम्
क्रियावादिमतनिराकरणम्
चतुर्विधकर्म नोपचीयते इति समर्थनम्
तन्निराकरणम्

विषयाः


ब्रह्मकृतजगदिति पूर्वपक्षविधानम्
प्रकृतिकृतमिति पूर्वपक्षारचनम्
एषां मतानां निराकरणाय जगन्नित्यतास्थापनम्
ब्रह्मादिनिराकरणम्
ईश्वरकर्तृत्वानुमाननिरासः
प्रधानकर्तृतानिरासः
वादिनामेषां दुःखपारगामित्वाभाववर्णनम्
गोशालकमतदूषणम्
एतेषां सङ्गपरित्यागवर्णनम्
मतान्तराणां सङ्ग्रहेण निरसनम्
पुरुषजीवाः सदा पुरुषा एवेति पक्षदूषणम्
मतान्तराणां निराकरणम्
बोधयोग्यतामाह
अकृतधर्माचरणानां फलमभिधत्ते
तीर्थान्तरीयाणामसद्वेदोदयकथनम्
आन्तरमानत्यागाभिधानम्
परनिन्दायां दोषप्रकटनम्
समतावलम्बनाभिधानम्
परीषहसहनाऽऽख्यानम्
तस्याज्ञानोपचितकर्मनाशकत्ववर्णनम्
लघुप्रकृतेरवस्थाप्रदर्शनम्
आत्मनोऽनुशासनप्रकारः
कामिनो न कश्चिच्छरणमित्यभिधानम्
अवसरभेदवर्णनम्
उदीर्णोपसर्गसहनोपदेशः
उपसर्गद्वैविध्यप्रदर्शनम्
औपक्रमिकोपसर्गभेदाः
अनुकूलोपसर्गाश्रयेणोपदेशः
स्त्र्यादिकृतोपसर्गाणामान्तरत्ववर्णनम्
मातापित्रादीनां प्रलापप्रकाशनम्
त्राणार्थं व्याकरणाद्यध्ययननिषेधनम्


विषयाः


साधोराचारे पराक्षेपप्रदर्शनम्
तत्स्फुटीकरणम्
तत्खण्डनम्
पक्षद्वयप्रसङ्गसमर्थनम्
स्खलितशीलस्य साधोः प्रज्ञापनम्
सुखेनैव सुखं भवतीति मतप्रदर्शनम्
विरूपादपि कार्यसिद्धेस्तन्मतनिराकरणम्
वैषयिकस्यासुखत्ववर्णनम्
स्त्रीसम्बन्धो न दोषायेति मतखण्डनम्
तत्पूर्वपक्षप्रदर्शनम्
तन्निराकरणप्रकारः
स्त्रीसंस्तवादिपरित्यागाभिधानम्
स्त्रीणां चेष्टावर्णनम्
तत्पाशबद्धेन न भाव्यमित्याख्यानम्
तत्पाशपतितस्य दुरवस्थाप्रदर्शनम्
स्त्रीवशिनो नरक एवेति वर्णनम्
चतसृषु पृथिवीषु परमाधार्मिककृतदुःखवर्णनम्
चतसृषु च स्वत एव दुःखमिति वर्णनम्
नानाविधनरकदुःखप्रदर्शनम्
नारकवेदना धर्माश्च भगवतोक्तमिति कथनम्
दीर्घकालं कायदण्डने तत्रैवोत्पाद इति निरूपणं
कुतीर्थिकगतिवर्णनम्
अक्षारस्नानादिना मोक्ष इति मतप्रतिक्षेपः
तन्मतप्रदर्शनम्
तत्र दोषप्रकाशनम्
द्रव्यभावाश्रयेण लवणत्यागस्य विकल्प्य-निराकरणम्
अलुब्धानाकुलविरतस्य सुशीलताकथनम्
वीर्यनिरूपणम्
वीर्यनिक्षेपप्रदर्शनम्
वीर्यस्य शारीरादिभेदाः

विषयाः

सम्भवसम्भाव्यभेदाः
आध्यात्मिकवीर्यभेदाः
बालपण्डितमिश्रवीर्यभेदाः
बालपण्डितवीर्ययोर्बहुधा वर्णनम्
तयोः फलवर्णनम्
तत्र कर्तव्यवर्णनम्
समाधिनिरूपणम्
दर्शनसमाधिवर्णनम्
ज्ञानसमाधिवर्णनम्
चारित्रसमाधिवर्णनम्
तपः समाधिवर्णनम्
अनिदानत्वकथनम्
साधूपदेशः
कश्चिद्भावसमाधिनोत्थाय पततीत्यभिधानम्
मार्गनिरुपणम्
भावमार्गभेदप्रकाशनम्
दर्शनज्ञानचारित्राणां भावमार्गत्वोक्तिः
अयं मार्गो जिनोक्त एव निर्मल इति वर्णनम्
कूपखननादानानुमतिप्रकटनम्
समवसरणचतुष्टयवर्णनम्
अज्ञानवादनिराकरणम्
अज्ञानमतानुवादः
तन्निराकरणारम्भः
सर्वज्ञाभावसाधकप्रमाणाभावसमर्थनम्
वैनयिकमतसमर्थनम्, तन्मतविध्वंसनम्
अक्रियावादिमतानुवादः, तन्मतदूरीकरणम्
सर्वशून्यतायां प्रमाणाभाववर्णनम्
श्रुतं व्यभिचरतीति पूर्वपक्षः, तन्निराकरणम्
ज्ञानक्रियाभ्यां मोक्ष इति वर्णनम्
अयमेव सर्वज्ञोपदेश इति वर्णनम्

विषयाः

श्रुतचारित्रिणोऽपि केचिद्विपरीतं प्ररूपयन्तीति वर्णनम्
मदस्थानानि वर्ज्यानीत्यभिधानम्
यथार्हं धर्मदेशना कार्येत्यभिधानम्
गुरुकुलवासकथनम्,
स्वच्छन्दवासे बहुदोषवर्णनम्
गुरुकुलवासस्य फलान्तरवर्णनम्
प्रमादस्खलितो दास्याप्युक्तो न क्रोधभागिति वर्णनम्
गुरुकुलदासिनः शास्त्रवेत्तृत्वं फलमिति वर्णनं
विभज्यवादिताकथनम्
भाषाविधिज्ञताऽभिधानम्
घातिकर्मक्षयकारित्वाभिधानम्
सत्यधर्मप्रणेतृत्वव्यावर्णनम्
परिनिष्ठितार्थताप्रकाशनम्
स्त्रीसङ्गपरित्यागफलप्रकटनम्
तीर्थकृद्भ्योऽन्येऽपि धर्मिणो निष्ठितार्था भवन्तीत्याख्यानम्
स एव ब्राह्मण इत्यभिधानम्,
स एव श्रमण इत्याख्यानम्
स एव भिक्षुरिति वर्णनम्
स एव निर्ग्रन्थ इत्यभिधानम्
शरीरभेदेन जीवाभावपूर्वपक्षः,
आत्माभाववादप्रत्याख्यानम्
भूतात्मक एव लोक इति पूर्वपक्षारचनम्,
तन्निराकरणम्
ईश्वरकर्तृतावादनिरूपणम्,
आत्माद्वैतवादेन विवर्तवर्णनम्
अनवस्थाप्रदर्शनेनेश्वरकर्तृतानिरासः
आत्माद्वैतपक्षप्रतिक्षेपणम्,
नियतिवादारम्भणम्

विषया:


तदभावतस्तन्निराकरणम्,
कामभोगेष्वसक्तताफलसंसूचनम्
विदितवेद्यस्य कर्त्तव्यतानिरूपणम्
मिताहारभोक्तृत्वविधानम्,
त्रयोदशकर्मस्थानवर्णनम्
धर्माधर्मस्थानद्वयप्रदर्शनम्
अधर्मस्थानगतानां त्रयोदशकर्मस्थानवर्णनम्
आद्यपञ्चकस्य दण्डसमादानसंज्ञाकरणम्
मृषावादादिकर्मस्थानस्वरूपाभिधानम्
आद्यद्वादशक्रियास्थानानि संसारकारणानीति कथनम्
ईर्यापथिकक्रियावर्णनम्,
तत्कृतकर्मबंधस्थित्यादिकथनम्
चतुर्दशासदनुष्ठाननिरूपणम्,
अनुगामुकादितद्भेदनिरूपणम्
उग्रविहारिताकथनम्, एकचर्याव्यावर्णनम्
स्थूलपरिग्रहनिवृत्तानां मिश्रतावर्णनम्
श्रमणोपासकताकथनम्,
प्रावादुकानां हिंसकत्ववर्णनम्
प्रावादुका नानामतय इति कथनम्
यत्र हिंसापूर्णता तत्रैव धर्म इति निरूपणम्
चतुर्विधवनस्पतेराहारवर्णनम्
पृथ्वीकायादयः स्वाधाराणां शरीरमिति जल्पनं
गर्भव्युत्क्रान्तमनुजानामाहारः
कर्मबन्धकोऽप्रत्याख्यातपापकर्मेति कथनम्


विषया:


अव्यक्तविज्ञानस्यापि कर्मबन्धप्रकाशनम्
संज्ञित्वासंज्ञित्वे न नियते इति समर्थनम्
अनाचारस्वरूपम्,
द्रव्यस्थानाद्यनन्ततानिरूपणम्
अध्यवसायात् कर्मबन्ध इत्याख्यानम्
आहारविषयाचारानाचारौ
सर्वत्रस्याद्वाद एवाचार इत्याख्यानम्
लोकजीवधर्माधर्मादीनामनेकान्ततास्थापनम्
तीर्थकृतो देशना दम्भप्रधानेति गोशालकप्रश्नः
आर्द्रकस्य तं प्रत्युत्तरप्रदानम्
शीतोदकपरिभोगो न दोषायेतिप्रश्ननिराकरणम्
परनिन्दात्मोत्कर्षयोः परिहरणम्
तत्रैव हेत्वन्तरप्रदानम्,
भगवतः प्रेक्षापूर्वकारित्ववर्णनम्
अकुशलचित्तादेवकर्मचयइतिपक्षनिराकरणम्
तत्र शाक्यपूर्वपक्षः, तन्मतदूषणम्
याज्ञिकादिमतनिराकरणम्
अणुव्रतदानेऽन्यप्राण्युपघातजः कर्मबन्धः स्यादित्याशङ्कनमुदकस्य
असद्भूतदोषोद्भावनमेतदिति गौतमस्योत्तरम्
भूतशब्दस्यानेकार्थप्रदर्शनम्
साधोरन्येषां न वधानुमतिर्व्रतभङ्गो वेति समर्थनम्
नगरदृष्टान्तानुपपत्तिप्रकाशनम्, उपसंहारः
सूत्रकृतसारोपसंहारः स्थानाङ्गसारे


• • •

# अथ सूत्रकृतमुक्तासरिका

अथ निखिलकर्मोच्छेदप्रयोजकार्हदुपदेशलक्षणद्वादशाङ्गादिरूपागमस्य पूज्यार्यरक्षित-सूरैरनुग्रहबुद्ध्या चरणकरणद्रव्यधर्मकथागणितानुयोगभेदेन चतुर्धा व्यवस्थापिततया चरण-करणप्राधान्येन व्यावर्णितस्याचाराङ्गस्य सारं पूर्वं वर्णयित्वा द्रव्यप्राधान्येन व्याख्यातस्य सूत्रकृताङ्गस्य समासेनैव सारमभिधातुमाह-

હવે સમસ્ત કર્મોના ઉચ્છેદના કારણરૂપ અરિહંતોના ઉપદેશરૂપ બાર અંગો આદિરૂપ આગમોને પૂજ્ય આર્યરક્ષિતસૂરિજી મહારાજે ઉપકાર કરવાની બુદ્ધિથી ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ રૂપ ચાર પ્રકારે વ્યવસ્થાપિત કર્યો એમાં ચરણકરણની પ્રધાનતાના કારણે વર્ણવેલા આચારાંગના રહસ્યને પહેલા વર્ણવી દ્રવ્યની પ્રધાનતાના વર્ણનરૂપ 'સૂયગડાંગ'ના (રહસ્યસારને) સંક્ષેપમાં કહેવા માટે કહે છે

**अथ सूत्रकृताङ्गस्य सारः ॥१॥**

**अथेति,** आचारसारव्यावर्णनानन्तरमित्यर्थः, उच्यत इति शेषः, सूत्रकृताङ्गस्य सारमभिधातुं प्रक्रमत इति -भावः, सूत्रानुसारेण तत्त्वावबोधः क्रियतेऽस्मिन्निति सूत्रकृतं तच्च तदङ्गञ्चेति शब्दव्युत्पत्तिः, गुणनिष्पन्नमिदं नाम । सूत्रनिक्षेपश्चतुर्धा नामस्थापनाद्रव्यभावभेदात्, नामस्थापने स्पष्टे, द्रव्यसूत्रञ्च वनीफलजकार्पासिकमण्डजवालजादिकं सूत्रम्, भावसूत्रं श्रुतज्ञानं स्वपरार्थसूचकत्वात्, इदं श्रुतज्ञानसूत्रं संज्ञासूत्रं सङ्ग्रहसूत्रं वृत्तनिबद्धं जातिनिबद्धं चेति चतुर्विधम् स्वसंकेतपूर्वकं निबद्धं संज्ञासूत्रं यथा यश्छेकः स सागारिकं न सेवेतेत्याद्य-लौकिकं, लोकेऽपि पुद्गलः संस्कारः क्षेत्रज्ञ इत्यादि । प्रभूतार्थसङ्ग्राहकं सङ्ग्रहसूत्रम्, यथा द्रव्यमित्युच्यमाने समस्तधर्माधर्मादिसङ्ग्रहः तथोत्पादव्ययध्रौव्यं सदित्यादि । नानाविधवृत्त-जातिनिबद्धं वृत्तनिबद्धं यथा बुद्धिजत्ति तिउट्टिज्जेत्यादि, जातिनिबद्धन्तु चतुर्धा, उत्तराध्ययन-ज्ञाताधर्मकथादिकं कथनीयमेकम् पूर्वर्षिचरितकथानकप्रायत्वात्तस्य । गद्यं ब्रह्मचर्याध्ययनादि, पद्यं छन्दोनिबद्धम्, गेयं स्वरसञ्चारेण गीतिकाप्रायनिबद्धम्, यथा कापालीयमध्ययनम् ॥१॥

સૂત્રાર્થ : હવે સૂત્રકૃતાંગનો સાર (રહસ્ય) કહે છે.

**ટીકાર્થ :** અથ આચારસાર વર્ણવ્યા પછી કહે છે. શેષ એટલે આચારાંગના સારને વર્ણવ્યા પછી સૂયગડાંગના સારને વર્ણવવા માટે પ્રયત્ન કરાય છે. એવો ભાવ છે. સૂત્રોના અનુસારે જેમાં તત્ત્વોનો બોધ કરાય તે સૂત્રકૃત તે તેનું અંગ સૂત્રકૃતાંગ. આ પ્રમાણે શબ્દ વ્યુત્પત્તિ કરવામાં આવી. આ પ્રમાણે સૂત્રકૃતાંગ ગુણનિષ્પન્ન નામ છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એમ ચારપ્રકારે સૂત્રના નિક્ષેપા છે. નામ, સ્થાપના નિક્ષેપા સ્પષ્ટ છે. દ્રવ્યસૂત્ર-વનીફૂલજ કપાસજ અંડજસૂત્ર વાલજ વિગેરે સૂત્ર છે. ભાવસૂત્ર-શ્રુતજ્ઞાન સ્વ-પરાર્થને જણાવનારૂ છે. અશ્રુતજ્ઞાન સંજ્ઞાસૂત્ર, સંગ્રહસૂત્ર, વૃત્તનિબદ્ધ, જાતિનિબદ્ધ એમ ચાર પ્રકારે છે.

સ્વસંકેત પૂર્વક બાંધેલ સૂત્ર સંજ્ઞા સૂત્ર જેમકે "પચ્છેક સ સાગારિક ન સેવેત્" વિગેરે અલૌકિક જે વિદ્વાન છે તે સાગારિક મૈથુનને સેવે નહીં લૌકિકમાં પણ પુદ્ગલ (માંસ) સંસ્કાર, ક્ષેત્રજ્ઞ વિગેરે.

ઘણા અર્થને સંગ્રહનારૂ સૂત્ર સંગ્રહસૂત્ર. જેમ દ્રવ્યમ્ એટલું બોલવા માત્રથી ધર્માધર્મ વિગિરે બધા દ્રવ્યોનો સંગ્રહ થઇ જાય છે. તથા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત સત્ વિગેરે. જુદા જુદા છંદો જાતિ બંધાયેલ વૃત નિબદ્ધ. જેમ બુદ્ધિજ્જત્તિ તિઉટ્ટિજ્જ વિગેરે, જાતિ નિબદ્ધ ચાર પ્રકારે છે. (૧) ઉત્તરાધ્યયન જ્ઞાતાધર્મકથા વગેરે કથનીય પૂર્વના મહર્ષિઓ દ્વારા બનાવેલ કથાનક પ્રાયઃ કરીને હોય છે. ગદ્યરૂપે બ્રહ્મચર્યાધ્યયન વગેરે રૂપ, પદ્ય છંદરૂપે રચાયેલ, ગેયસ્વર પ્રયોગ વડે ગવાતા ગીતોરૂપે રચાયેલ જેમ કાપાલીયઅધ્યયન. ॥૧॥

संक्षिप्यमाणग्रन्थस्य रचयितारं स्मरति—

**विशिष्टावस्थावन्तो निशम्यास्य कर्त्तारो गणधराः ॥२॥**

**विशिष्टेति,** लौकिकग्रन्थकर्त्रपेक्षया विलक्षणावस्थावन्त इत्यर्थः । तथाहि ग्रन्थरचना मनोवाक्कायव्यापारे शुभेऽशुभे वा ध्याने वर्त्तमाने क्रियते, लौकिकग्रन्थानां कर्मबन्धहेतुत्वा-त्तत्कर्त्तृणामशुभाध्यवसायित्वम्, प्रकृतं स्वसमयश्रुतञ्च शुभध्यानावस्थितैर्गणधरैः कृतम् ते हीदमजघन्योत्कृष्टकर्मस्थितिभृतो विपाकतो मन्दानुभावा ज्ञानावरणीयादिप्रकृतीर्बध्नन्तो-ऽनिकाचयन्तोनिधत्तावस्थामकुर्वन्तो दीर्घस्थितिकाः कर्मप्रकृतीर्ह्रस्वीयसीर्विदधाना उत्तरप्रकृती-र्बध्यमानासु संक्रामयन्त उदयवतां कर्मणामुदीरणामारचयन्तोऽप्रमत्तगुणस्थाः सातासातायूंष्यनु-दीरयन्तो मनुष्यगतिपञ्चेन्द्रियजात्यौदारिकशरीरतदङ्गोपाङ्गादिकर्मणामुदये वर्त्तमानाः पुंवेदिनः क्षायोपशमिके भावे वर्त्तमानाः क्षायिकज्ञानवर्त्तिभिर्जिनवरैर्वाग्योगेन तदुद्देशेनैव प्रभाषितमर्थं निशम्य वाग्योगेनैव स्वाभाविकया प्राकृतलक्षणया भाषया सूत्रकृताङ्गं कृतवन्तः, न तु लट्लिट्शप्प्रकृतिप्रत्ययविकारादिविशिष्टविकल्पेनानिष्पन्नया संस्कृतभाषया । ते च न प्राकृत-

पुरुषकल्पाः, अनेकयोगधरत्वात् । सूत्रकृताङ्गस्यास्यापि द्वौ श्रुतस्कन्धौ, त्रयोविंशत्यध्ययनात्मकः प्रथमश्रुतस्कन्धः, सप्ताध्ययनात्मको द्वितीयश्रुतस्कन्ध इति ॥२॥

**સંક્ષેપ કરાતા ગ્રંથના રચનારને યાદ કરે છે.**

**સૂત્રાર્થ : વિશેષાવસ્થામાં રહેલ (ત્રિપદી) સાંભળીને આના કર્ત્તા ગણધરો છે.**

**ટીકાર્થ :** લૌકિક ગ્રંથકર્ત્તાની અપેક્ષાએ કંઇક જુદી જ અવસ્થામાં રહેલા એવા, તે પ્રમાણે ગ્રંથરચના મનવચનકાયાની પ્રવૃત્તિરૂપ શુભાશુભ ધ્યાનમાં રહેલાઓ વડે કરાય છે. લૌકિક ગ્રંથો કર્મબંધના કારણરૂપ હોવાથી તેના કરનારને અશુભ વ્યવસાય રૂપે થાય છે. જયારે આ ગ્રંથ સ્વસિદ્ધાંતરૂપ શ્રુતરૂપ શુભધ્યાનમાં રહેલા ગણધરો વડે કરાયેલ છે. તેઓ અજઘન્ય અને ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિવાળા, વિપાકથી મંદરસવાળા, જ્ઞાનાવરણીય વગેરે પ્રકૃતિઓને બાંધતા અનિકાચિત, અનિદ્ધત્ત અવસ્થાને નહિ કરતા દીર્ઘ સ્થિતિવાળી કર્મપ્રકૃતિને ટૂંકી સ્થિતિવાળી કરે છે. બંધાતી ઉત્તર પ્રકૃતિઓમાં સંક્રમાવતા, ઉદયમાં આવેલા કર્મોને ઉદીરણામાં લાવતા અપ્રમત્ત ગુણસ્થાનકે રહેલા, શાતા, અશાતા આયુષ્યની ઉદીરણા નહીં કરતા, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ વગેરે કર્મોનો ઉદય ચાલતો હોય, પુરુષ વેદનો જયારે ક્ષાયોપશમિક ભાવ વર્તતો હોય, ક્ષાયિક ભાવ વર્તતો હોય ત્યારે જિનેશ્વરોએ વાગ્યોગ વડે તેમને જ ઉદ્દેશીને કહેલા અર્થોને સાંભળી વચનયોગ વડેજ સ્વાભાવિક પ્રાકૃત લક્ષણ ભાષા વડે જે રચેલું છે તેને સૂત્રકૃતાંગ સૂત્ર કહે છે. પરંતુ લિઙ્ગશપ્ પ્રકૃતિ પ્રત્યય વિકાર વગેરે વિશિષ્ટ વિકલ્પો વડે સંસ્કૃત ભાષા વડે નહીં બનેલ એવો નથી પણ - પ્રાકૃત એટલે સામાન્ય પુરુષ યોગ્ય નથી, અનેક યોગને ધારક હોવાથી. આ સૂયગડાંગ સૂત્રના પણ બે શ્રુતસ્કંધો ત્રેવીસ (૨૩) અધ્યયનો રૂપ છે. તેમાં પહેલો શ્રુતસ્કંધ ૧૬ અધ્યયન રૂપ અને સાત (૭) અધ્યયન રૂપ બીજો શ્રુતસ્કંધ છે. ॥૨॥

प्रथमाध्ययनस्य स्वपरसमयनिरूपणात्मकत्वात्स्वसमयमादौ निरूपयति-

**विज्ञाय परिग्रहबन्धनं संयमेनापनयेत् ॥३॥**

**विज्ञायेति,** जीवप्रदेशैरन्योऽन्यानुवेधरूपतया बद्ध्यते व्यवस्थाप्यते यत्तद्बन्धनं ज्ञानावरणीयाद्यष्टविधं कर्म तद्धेतवो मिथ्यात्वाविरत्यादयः परिग्रहारम्भादयो वा, परिग्रहरूपं बन्धनं परिग्रहबन्धनम्, परिग्रहाग्रहस्यैव परमार्थतोऽनर्थमूलत्वात्तस्यैवोपादानं कृतम्, स्तोकमपि तृणतुषकनकद्विपदादि परिग्रहं परिगृह्यान्यान्वा ग्राहयित्वा गृह्णतो वाऽन्याननुज्ञायाष्टविधकर्मणस्तत्फलादसातोदयादितो न मुच्यते, अप्राप्तनष्टेषु परिग्रहेषु कांक्षाशोकौ प्राप्तेषु रक्षणमुपभोगे चातृप्तिरपि स्यात्, एवमसन्तुष्टः परिग्रही तदर्जनतत्परोऽर्जितोपद्रवकारिषु द्विष्टो मनोवाक्कायेभ्यो जीवान् व्यापादयति, अन्यैरपि घातयति घ्नतांश्चानुमोदते, एवं मृषावादाद्यपि विदधाति

तस्मात्स्वजनादयो वित्तादयश्च सर्वं संसारान्तर्गतं यत्किञ्चिदपि शारीरमानसवेदनाक्रान्तस्य जीवस्य परिरक्षणाय समर्थमिति ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यानपरिज्ञया च प्रत्याख्याय संयमानुष्ठानलक्षणक्रियया तद्बन्धनमपनयेत् । विज्ञाय संयमेनापनयेदित्युक्त्या ज्ञानक्रियाभ्यामेव निःश्रेयसाधिगमो न ज्ञानमात्रात्क्रियामात्राद्वेति सूचितम्, तत्र ज्ञानं स्वपरावभासनरूपम्, क्रिया स्वरूपरमणरूपा, तत्र चारित्रवीर्यगुणैकत्वपरिणतिः क्रिया सा साधिका, तत्र जीवोऽनादिसंसारेऽशुद्धकायिक्यादिक्रियाव्यापारनिष्पन्नः परिभ्रमति, स एव विशुद्धसमितिगुप्त्यादिविनयवैयावृत्त्यादिसत्क्रियाकरणेन निवर्त्तते, अतः संसारक्षपणाय संवरनिर्जरात्मिका क्रिया कर्त्तव्या, तथा द्रव्यभावभेदेन ज्ञानं द्विविधम्, एवं क्रियापि, भावनारहितं वचनव्यापारमनोविकल्परूपं संवेदनज्ञानं द्रव्यज्ञानम्, तच्च भावज्ञानतत्त्वानुभवनलक्षणोपयोगस्य कारणम् योगव्यापारात्मिका द्रव्यक्रिया सापि स्वगुणानुयायिस्वगुणप्रवृत्तिरूपाया भावक्रियायाः कारणम् । ज्ञानस्य फलं विरतिस्तेन ज्ञानं विरतिकारणमतो ज्ञानपूर्विका क्रिया फलवतीत्येतत्सूचनाय विज्ञाय संयमेनेति पूर्वोत्तरकालनिर्देशः कृतः, न हि साधनप्रवृत्तिलक्षणक्रियारहितं ज्ञानं मोक्षलक्षणकार्यसाधकम्, गतिरहितपथज्ञवत्, आश्रयत्येव हि तत्त्वज्ञानी प्रथमसंवरकार्यरुचिर्देशसर्वविरमणलक्षणां क्रियाम्, चारित्रयुतोऽपि तत्त्वज्ञानी केवलज्ञानकार्यरुचिः शुक्लध्यानारोहणरूपां क्रियाम्, केवलज्ञान्यपि सर्वसंवरपूर्णानन्दकार्यावसरे योगनिरोधरूपां क्रियाम् । बन्धनमपनयेदित्यनेन च दुःखसाधनकर्मध्वंसः पुरुषार्थत्वान्मोक्ष इति सूचितम्, न तु दुःखध्वंसः, उत्पन्नस्य दुःखस्य क्षणिकत्वेन स्वयमेव ध्वंसादनुत्पन्नस्यानुत्पन्नत्वादेव तद्ध्वंसस्य चासाध्यत्वात्, सन्तानोच्छेदो मोक्ष इत्यपि निरस्तम्, तैः विनाशस्य निर्हेतुकत्वस्वीकारेण तदुपायोपदेशवैयर्थ्यात् । चैतन्यमात्रेऽवस्थानलक्षणा मुक्तिरपि न युक्ता, प्रकृत्याद्यसिद्धेः, तत्साधनतयाऽभीष्टप्रकृतिपुरुषविवेकासम्भवात् । आत्मविशेषगुणानामत्यन्तोच्छेदो मुक्तिरित्यपि न युक्तम्, कस्याप्यत्यन्तोच्छेदासम्भवात्, कथञ्चिदेवोच्छेदादिति ॥३॥

પ્રથમ અધ્યયન સ્વપર સિદ્ધાંત નિરૂપણાત્મક કહેવાથી પહેલા પોતાના સિદ્ધાંતનું નિરૂપણ કરે છે.

**સૂત્રાર્થ : પરિગ્રહ બંધનરૂપી જાણી તેને સંયમ વડે દૂર કરે.**

**ટીકાર્થ :** જીવપ્રદેશો સાથે એકમેક પરસ્પર રૂપે બંધાઇને રહેલા જે છે તે બંધન, જ્ઞાનાવરણીય વિગેરે આઠ પ્રકારના કર્મો, તેના હેતુઓ, મિથ્યાત્વ, અવિરતિ વગેરે અથવા પરિગ્રહ આરંભ વગેરે પરિગ્રહ રૂપ બંધનને પરિગ્રહ બંધન કહ્યું છે. પરિગ્રહને ગ્રહણ કરીને બીજા પાસે ગ્રહણ કરાવવો. ગ્રહણ કરતાં બીજાને અનુજ્ઞા આપી આઠ પ્રકારના કર્મો અને તેના ફળોના વિપાક રૂપ

અશાતા ઉદય વિગેરે રૂપ ફળોથી મૂકાતો નથી. નહીં પ્રાપ્ત થયેલ અને નાશ પામેલ પરિગ્રહને વિષે ઇચ્છા અને શોક કરવો, પ્રાપ્ત થયેલ માટે રક્ષણની વિચારણા, મળેલ પરિગ્રહ ભોગવવાથી અતૃપ્તિ થાય છે. એ પ્રમાણે અસંતુષ્ટ પરિગ્રહવાળો, તેને પ્રાપ્ત કરવા તૈયાર થયેલો, પ્રાપ્ત કરવામાં તેમાં વિઘ્ન કરનાર પર દ્વેષ કરતો મન, વચન, કાયા વડે જીવોનો નાશ કરે છે. બીજા પાસે મરાવે છે અને મરનારની અનુમોદના કરે છે. એ પ્રમાણે મૃષાવાદ વગેરે પણ કરે છે. માટે સ્વજન વગેરે અને પૈસા વગેરે સર્વ સંસારમાં રહેલ જે કંઇપણ શરીર સંબંધી કે મનસંબંધી વેદનાથી ઘેરાયેલો જીવની બધી રીતે રક્ષણ કરવા માટે સમર્થપણું જ્ઞ પરિજ્ઞાવડે જાણી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પચ્ચક્ખાણ કરી સંયમાનુષ્ઠાન રૂપ ક્રિયા વડે તે બંધનને દૂર કરે.

"વિજ્ઞાય સંયમેન અપનયેત્" એ પ્રમાણે કહેવા વડે જ્ઞાન અને ક્રિયા વડે નિઃશ્રેયસાધિગમો મોક્ષ પ્રાપ્તિ છે. પરંતુ ફક્ત જ્ઞાનમાત્રથી કે ક્રિયામાત્રથી નથી એટલે એમ સૂચન કર્યું છે. પોતાની કે પરની જાણકારી રૂપ જ્ઞાન છે અને સ્વરૂપ રમણતા રૂપ ક્રિયા છે. તેમાં ચારિત્ર વીર્યગુણની એકત્વે પરિણતિરૂપ ક્રિયા તે કાર્યસાધક છે.

તેમાંથી જીવ અનાદિ સંસારમાં અશુદ્ધ કાયિકી વગેરે ક્રિયાના વ્યાપારમાં એકરૂપ થઇને ભમે છે. તે જ વિશુદ્ધ સમિતિ ગુપ્તિ વગેરે વિનય વૈયાવચ્ચાદિ ક્રિયા કરવા વડે નિવર્ત્તે છે. આ સંસારના નાશ માટે સંવર નિર્જરારૂપ ક્રિયા કરવી જોઇએ. તથા દ્રવ્ય ભાવ ભેદ જ્ઞાન પણ બે પ્રકારે છે. એમ ક્રિયા પણ બે પ્રકારે છે. ભાવના રહિત વચન વ્યાપાર મનોવિકલ્પરૂપ સંવેદના જ્ઞાન તે દ્રવ્યજ્ઞાન. ભાવજ્ઞાનતત્ત્વાનુભવરૂપ ઉપયોગના કારણરૂપ છે. યોગ વ્યાપારાત્મક છે તે પણ દ્રવ્યક્રિયા સ્વગુણાનુસારે પોતાના ગુણની પ્રવૃત્તિરૂપ ભાવક્રિયાના કારણરૂપ છે.

પોતાના ગુણો 'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' એના વડે જ્ઞાન વિરતિનું કારણ છે. જ્ઞાનપૂર્વકની ક્રિયા જ ફળવતી છે. એ બતાવવા માટે 'વિજ્ઞાયસંયમેન' પદ વડે આગળ પાછળના કાર્યકારણ રૂપ સંબંધ બતાવ્યો છે. સાધન રૂપ ક્રિયા વગરનું જ્ઞાન મોક્ષ રૂપ કાર્ય સાધી શકતું નથી. ગતિ વગર માર્ગ ને જાણનાર મુસાફરની જેમ. તત્ત્વજ્ઞાની પહેલા સંવર કાર્યની રૂચિવાળો દેશસંવર વિરમણ અને સર્વ સંવરરૂપ વિરમણ ક્રિયાનો જ આશ્રય કરે છે. ચારિત્ર યુક્ત તત્ત્વજ્ઞાની જ્ઞાનરૂપ કાર્યની રૂચિવાળો પણ શુક્લધ્યાનારોહણ રૂપક્રિયાને સ્વીકારે છે. કેવલજ્ઞાની પણ સર્વસંવર પૂર્ણાનંદ કાર્ય વખતે યોગ નિરોધ રૂપ ક્રિયા કરે.... 'બન્ધનમપનયેત્' આ પદ વડે દુઃખનું સાધન કર્મ તેઓના નાશનો પુરુષાર્થ કરવાથી મોક્ષ થાય છે. એમ સૂચવ્યું છે. નહીં કે દુઃખધ્વંસ. ઉત્પન્ન થયેલ દુઃખ ક્ષણિક હોવાથી જાતે જ નાશ પામવાના કારણે ઉત્પન્ન થયેલમાંથી ન ઉત્પન્ન થયેલ હોવાથી તે ધ્વંસ અસાધ્ય હોવાથી સંતાનનો ઉચ્છેદ થવાથી મોક્ષ એ પણ દૂર થાય છે. કારણ વગર તે બધાનો વિનાશ થતો હોવાથી તે મોક્ષ પ્રાપ્તિનો ઉપદેશ વ્યર્થ થાય છે. ચૈતન્ય માત્ર અવસ્થા એજ મુક્તિ એ પણ યોગ્ય નથી. કારણકે પ્રકૃતિ આદિની અસિદ્ધિ થતી હોવાથી મોક્ષના સાધનરૂપે ઇચ્છિત પ્રકૃતિ પુરુષનો વિવેક અસંભવ છે. આત્માના વિશેષ ગુણોનો અત્યંત ઉચ્છેદ એ મુક્તિ એ પણ

યોગ્ય નથી. કોઈનો પણ અત્યંત અસંભવ છે. કોઈનો પણ અત્યંત ઉચ્છેદનો અસંભવ હોવાથી કંઈક જ ઉચ્છેદ થાય છે.... ॥૩॥

अथ भगवदुक्तजीवकर्मतद्धेतुतत्त्रोटनमोक्षातिक्रमेण निजमनीषिकोद्भावितसमयाभिनिविष्टानां मानवानां न संसारगर्भजन्मदुःखमारादिपारगत्वमिति सूचयितुं प्रथमतश्चार्वाकमतमुपन्यस्यति-

**विशिष्टपञ्चभूतपरिणाम एवात्मा तद्विनाशोऽन्यतमापायादित्येके ॥४॥**

**विशिष्टेति**, एके चार्वाकाः सर्वलोकव्यापीनि पञ्चमहाभूतानि पृथिव्यप्तेजोवाय्वाकाशलक्षणानि पदार्थत्वेनाभ्युपयन्ति न ततो व्यतिरिक्तं किञ्चिदपि, कठिनलक्षणा पृथिवी द्रव्यलक्षणा आपः, उष्णरूपं तेजः, चलनलक्षणो वायुः, शुषिरलक्षण आकाशः, एतानि प्रत्यक्षप्रमाणसिद्धानि, नैतेभ्यो व्यतिरिक्तः कश्चिदात्मादिरस्ति, तद्ग्राहकप्रमाणाभावात्, न वा प्रत्यक्षव्यतिरिक्तमनुमानादिकं प्रमाणं भवितुमर्हति, तत्रेन्द्रियेण साक्षादर्थसम्बन्धाभावात्, यच्च चैतन्यमुपलभ्यते तत्कायाकारपरिणतेषु भूतेष्वेव, पञ्चभूतानां समुदये शरीरेन्द्रियविषयसंज्ञा भवन्ति, तेभ्यश्च चैतन्यम् तथा च भूतकार्यत्वाद्यथा घटादयो न भूतव्यतिरिक्तास्तथा चैतन्यमपीति कायलक्षणविशिष्टपञ्चभूतपरिणाम एवात्मा, मृतादिव्यपदेशस्तु तत्परिणामे चैतन्याभिव्यक्तौ सत्यां तदूर्ध्वं तेषामन्यतमस्य विनाशे तत्परिणामविनाशाच्चैतन्यस्याप्यभावेन भवति, न तु व्यतिरिक्तजीवविनिर्गमनात् । केषाञ्चिल्लोकायतिकानामाकाशस्यापि भूतत्वेनाभ्युपगमात् पञ्चेत्युक्तम् ॥४॥

હવે ભગવાને કહેલ જીવકર્મ, કર્મના હેતુઓ તેને (કર્મને) તોડવાનું, મોક્ષનું અતિક્રમ, પોતાની બુદ્ધિ વડે ઉત્પન્ન કરેલ, સિદ્ધાંતો વડે પકડાયેલા સંસાર, ગર્ભ-જન્મ-દુ:ખ-શ્રમ વિગેરેથી પાર પામતા નથી, એ બતાવવા પહેલાં ચાર્વાક (નાસ્તિક) મત બતાવે છે.

**સૂત્રાર્થ : વિશિષ્ટ પાંચભૂતોનો પરિણામ એજ આત્મા છે. તે આત્માનો નાશ તે પાંચમાંથી કોઈપણ એક ભૂતનો નાશ થવાથી થાય છે.**

**ટીકાર્થ :** 'એકે' એ પદથી ચાર્વાકો એટલે નાસ્તિક સમજવા. તેઓ સર્વલોકે વ્યાપેલા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ રૂપ પાંચ મહાભૂતોને પદાર્થ રૂપે સ્વીકારે છે. તેના સિવાય બીજું કંઈ નથી. કઠીન રૂપે પૃથ્વીદ્રવ એટલે પ્રવાહી રૂપે પાણી, ઉષ્ણતા રૂપે તેજ એટલે અગ્નિ, ચલન રૂપે વાયુ, પોલાણ રૂપે આકાશ આ પાંચે પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. એના સિવાય બીજું આત્મા વગેરે કંઈપણ નથી. કારણકે તેના ગ્રાહક પ્રમાણનો અભાવ છે. પ્રત્યક્ષ સિવાય અનુમાન વગેરે પ્રમાણ બનવાની યોગ્યતા ધરાવતા નથી. કારણ કે તેઓમાં ઇન્દ્રિયોની સાથે પદાર્થોનો

સાક્ષાત્ સંબંધ થતો નથી. જે ચૈતન્ય પ્રાપ્ત થાય તે કાયાકારે પરિણમેલ પાંચ ભૂતોમાં પાંચના સમુહમાં જ શરીર ઇન્દ્રિયથી વિષય સંજ્ઞા થાય છે. તેઓમાંથી જ ચૈતન્ય જેમ ભૂતકાર્યના પણાથી અલગ ઘટ વગેરે પદાર્થો નથી. તેમ ચૈતન્ય પણ શરીર રૂપ વિશિષ્ટ પાંચ ભૂતના પરિણામ રૂપે જ આત્મા છે. મરણ વગેરેનો વ્યવહાર ભૂતોના પરિણામથી ચૈતન્ય પ્રગટીકરણ થાય છે. તેમાંથી કોઇપણ એકનો વિનાશ થવાથી ચૈતન્યનો અભાવ થાય છે. મૃત્યુ જીવ નામનો કોઇ જુદો પદાર્થ નીકળવાથી નથી થતું... કેટલાક લોકાયતિક એટલે નાસ્તિકો આકાશને પણ ભૂતરૂપે સ્વીકારતા હોવાથી પાંચ એ પ્રમાણે કહ્યું છે. ॥ ૪ ॥

तदेतन्मतं निराकरोति–

**तन्न, अभिव्यक्त्युत्पत्तिभ्यां ततश्चैतन्यासम्भवात् ॥५॥**

**तन्नेति**, विशिष्टपञ्चभूतपरिणाम आत्मा नेत्यर्थः, तत्र हेतुमाहाभिव्यक्तीति, तथाहि तत्र किं सतश्चैतन्यस्याभिव्यक्तिः, असतो वा, सदसद्रूपस्य वा, न प्रथमः, तस्यानाद्यनन्तत्वसिद्धिप्रसङ्गात्, तत्सिद्धिव्यतिरेकेण सर्वदा चैतन्यस्य सत्त्वासम्भवात्, पृथिव्यादिसामान्यवत्, तथा च परलोकिनोऽभावात् परलोकाभाव इत्यभ्युपगमो बाधितः स्यात् । न द्वितीयः, प्रतीतिविरोधात्, सर्वथाप्यसतः कस्यचिदभिव्यक्त्यप्रतीतेः । न तृतीयः, परमतप्रवेशप्रसङ्गात्, कथञ्चिद्द्रव्यतः सतश्चैतन्यस्य पर्यायतोऽसतश्च कायाकारपरिणतपृथिव्यादिपुद्गलैरभिव्यक्तेः परैरपि स्वीकारात्, ननु तत्र चैतन्यस्योत्पत्तिरभ्युपगम्यते न त्वभिव्यक्तिः, नातः पूर्वोक्तो दोषः, विशिष्टपरिणामः शरीरेन्द्रियादिलक्षणः कारकः, कारकत्वञ्चासतः स्वरूपनिर्वर्त्तकत्वमित्याशङ्कायां तत्रापि दोषमाविष्कर्तुमुक्तमुत्पत्तीति, तथा हि किं भूतानि चैतन्यं प्रत्युपादानकारणानि, सहकारिकारणानि वा, नाद्यः, यथा हि सुवर्णोपादाने किरीटादौ सुवर्णस्यान्वयस्तथा चैतन्ये भूतान्वयः स्यात्, न चैवम्, न हि भूतग्रामः पूर्वतनमचेतनस्वरूपं परित्यज्य चेतनाकारमादधानो धारणद्रवोष्णतेरणलक्षणेन रूपादिमत्तया वा भूतस्वभावेनन्वितः प्रमाणसिद्धः, अपि तु तथाविधस्वभावरहितमेव चैतन्यमन्तःसंवेदनेनानुभूयते, न च प्रदीपाद्युपादानेन कज्जलादिना प्रदीपाद्यनन्वयिना व्यभिचारः, रूपादिमत्त्वेन तस्यान्वयित्वदर्शनात् । पुद्गलविकाराणां रूपादिमत्त्वमात्राव्यभिचारात् । न च सत्त्वक्रियाकारित्वादिधर्मैर्भूतचैतन्ययोरन्वयित्वमस्तीति वाच्यम्, तथा सति जलानलादीनामपि तथाविधधर्मान्वयितयोपादानोपादेयभावप्रसङ्गात् । न द्वितीयः, उपादानकारणतयाऽन्यस्य कल्पनाप्रसङ्गात्, भूतानां सहकारित्वात्, अनुपादानस्य कस्यचिदपि कार्यस्यानुपलब्धेः । न च भूतेष्वेव कस्यचिदेकस्योपादानत्वमन्येषां सहकारित्वमिति वाच्यम्, विनिगमनाविरहेण सर्वेषामेवो-

पादानत्वस्यानुपादानत्वस्य वा प्रसङ्गात् । न च शब्दविद्युदादेरनुपादानस्याप्युपलम्भोऽस्तीति वाच्यम्, पटादिवत्तस्यापि कार्यत्वेन सोपादानत्वानुमानात् तस्मादुत्पत्त्याश्रयेणापि भूतेभ्यो न चैतन्यस्य सम्भवः । ततश्चैतन्यासम्भवादित्युक्त्य चैतन्यस्यान्यगुणत्वमावेदितम् तथा च चैतन्यं भूतानां न गुणः, प्रत्येकागुणत्वे सति तत्समुदायगुणत्वसम्भवान्न हि प्रत्येकं सिकतायाः स्निग्धतागुणरहितायाः स्निग्धतागुणवत उत्पत्तिर्दृश्यते, अथवा चैतन्यापेक्षया पृथिव्यादीनामन्यगुणत्वान्न चैतन्यं तत्समुदायगुणः, न ह्यन्यगुणानां समुदायेऽपूर्वगुणोत्पत्तिः क्वापि दृष्टा,अनुभूयते चैतन्यगुणः कायेऽतोऽन्यस्य द्रव्यस्य चैतन्यं गुणः स एव चात्मा । एतेनैव हेतुनेन्द्रियादीनामपि चैतन्यगुणत्वं प्रतिक्षिप्तम्, एतात्मकेभ्य इन्द्रियेभ्योऽभिव्यक्त्युत्पत्तिभ्यां चैतन्यासम्भवात् यदपि प्रत्यक्षव्यतिरिक्तं प्रमाणं न सम्भवतीत्युक्तं तदपि न युक्तम्, अनुमानादेरपि प्रतिनियतस्वविषयव्यवस्थायां प्रत्यक्षवदविसंवादकत्वेन प्रामाण्यसिद्धेः । अविसंवादकत्वादेव हि प्रत्यक्षस्यापि प्रामाण्यम्, तच्चेतरत्रापि तुल्यम् अनुमानादितो निर्णीतेऽर्थे विवादाभावात्, किञ्चानुमानस्याप्रामाण्ये प्रतीतिसिद्धसकलव्यवहारोच्छेदः स्यात् अविनाभूतात्प्रतिनियतादेवार्थात् प्रतिनियतमर्थमेव प्रतिपत्तारः प्रतियन्ति न त्वेकस्मादखिलम् । अतीन्द्रियार्थानुमानस्यैव प्रतिक्षेपे प्रत्यक्षतद्भिन्नानामतीन्द्रियाणां प्रामाण्येतरव्यवस्थाया असम्भवः स्यात्, परचेतोवृत्तीनाञ्च तद्व्यापारव्यवहारादिकार्यविशेषात् प्रतिपत्तिरपि न स्यात्, तस्मात्प्रत्यक्षव्यतिरिक्तप्रमाणानामपि सिद्धत्वादस्त्यात्मा, असाधारणतद्गुणोपलब्धेः, चक्षुरिन्द्रियवदित्याद्यनुमानतो भूतभिन्नस्य चैतन्यगुणाधारस्यात्मनः सिद्धिरिति भावः ॥५॥

તે આ મતનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ : આ વાત બરાબર નથી પ્રગટીકરણ તથા ઉત્પત્તિવડે ચૈતન્યતા અસંભવ છે....**

**ટીકાર્થ :** વિશિષ્ટ પાંચ ભૂતોનો પરિણામ એ "આત્મા" એ વાત બરાબર નથી. એમાં જે હેતુ કહ્યા છે કે પ્રગટીકરણ અને ઉત્પત્તિ દોષવાળા છે. એમાં (૧) શું સત્-સત્રૂપ છે કે અસત્રૂપ છે. ચૈતન્યની અભિવ્યક્તિ ઉત્પત્તિ સહસત્ રૂપે છે. પહેલો પક્ષ બરાબર નથી કેમકે ચૈતન્ય છે. અનાદિ અનંતપણાની સિદ્ધિ થવાનો પ્રસંગ આવશે. તેની સિદ્ધિ થયા વગર સર્વદા ચૈતન્યની સત્ત્વતાનો અસંભવ છે. પૃથ્વી વગેરે સામાન્યની જેમ...તથા પરલોકગામિ આત્માનો અભાવ હોવાથી પરલોકનો અભાવ સ્વીકાર બાધિત થાય છે.

બીજોપક્ષ : પ્રતીતિ થવામાં વિરોધ આવતો હોવાથી સર્વથા અસત્માંથી કોઇનું પણ પ્રગટીકરણ થતું નથી. ત્રીજોપક્ષ : પરમતમાં પ્રવેશવાનો પ્રસંગ આવે છે. કોઇ દ્રવ્યથી સત્ ચૈતન્યનું પર્યાયથી અસત્ કાયારૂપે પરિણમેલ પૃથ્વી વિગેરે પુદ્ગલોવડે પ્રગટીકરણ બીજાઓએ

પણ સ્વીકાર્યું છે. ચૈતન્યની ઉત્પત્તિ સ્વીકારાય પણ પ્રગટીકરણ નહીં આથી પૂર્વમાં રહેલો દોષ રહેતો નથી. વિશિષ્ટ પરિણામવાળા શરીર ઇન્દ્રિય વગેરે રૂપકારક અને કારકપણું અસત્‌માંથી સ્વરૂપ બનવાપણું હોઈ શકે એવી શંકામાં ત્યાં પણ દોષ જ થવા માટે ઉત્પત્તિ એમ કહ્યું છે.

તથા શું ભૂતો ચૈતન્યના પ્રતિ ઉપાદાન કારણ છે કે સહકારી કારણ છે ? પહેલું ઉપાદાન કારણ નથી કેમકે મુગટ વગેરે સુવર્ણના પર્યાયોમાં સોનું ઉપાદાન કારણ છે. તેમાં ચૈતન્યમાં ભૂતોના ઉપાદાન કારણ થવા જોઇએ પરંતુ તેય નથી.

ભૂતસમૂહ પહેલાનો અચેતન સ્વરૂપ છોડી ચેતનપણાના આકારને ધારણ કરતો નથી. ધારકતા, કઠિનતા, પ્રવાહીપણા, ઉષ્ણતા, ચલનપણા રૂપ રૂપીપણા રૂપે ભૂતોનો સ્વભાવથી યુક્ત પ્રમાણ સિદ્ધ છે. પરંતુ તેવા પ્રકારના સ્વભાવ રહિત જ આત્માનું ચૈતન્ય અન્તઃ સંવેદન વડે અનુભવાય છે. દિવા વગેરે ઉપાદાન વડે કાજળ વગેરેનો દીવા વગેરેની સાથે સંબંધ અન્વયીપણાનો વ્યભિચાર નથી. રૂપ વગેરે વાળાઓ સાથે તેનો અન્વયી દેખાય છે. પુદ્‌ગલ વિકારોની સાથે રૂપાદિ વાળાઓનો સંબંધ અવ્યભિચાર દેખાય છે. સત્ત્વક્રિયા કારિપણા વગેરે ધર્મોભૂત ચૈતન્યનો સંબંધ અન્વયીપણું છે. એમ કહેવું નહીં. કારણકે એમ કહેવાથી પાણી, અગ્નિ વગેરેનો પણ તેવા પ્રકારના ધર્મનો સંબંધપણા વડે ઉપાદાન ઉપાદેય ભાવનો પ્રસંગ થશે.

બીજો પણ નહીં, ઉપાદાન કારણપણાથી બીજાનો કલ્પનાનો પ્રસંગ આવશે. કારણ કે ભૂતોનો સહચારી હોવાથી ઉપાદાન વગરના કોઇપણ કાર્યની ઉપલબ્ધિ થતી નથી. ભૂતોમાં જ કોઇપણ એક પદાર્થનું ઉપાદાનપણું બીજાનું સહકારી પણ થઇ શકતું નથી. કાર્ય-કારણ વગર અન્વય અન્વયથી ભાવ વગર બધાજ પદાર્થોનો ઉપાદાનપણા અનુપાદાનપણે થવાનો પ્રસંગ આવશે. શબ્દ, વીજળી વગેરે પદાર્થો ઉપાદાન વગર પણ પ્રાપ્ત થાય છે. એમ બોલવું નહિ. વસ્ત્ર વગેરેની જેમ તેમનો પણ કાર્યપણાવડે ઉપાદાન સહિતપણાનું અનુમાન થાય છે. માટે ઉત્પત્તિ આશ્રયીને પણ ભૂતોમાંથી ચૈતન્ય ચેતનાનો સંભવ નથી. તેથી ચેતનતાનો અસંભવ હોવાથી એમ કહેવા વડે ચેતનતા બીજરૂપે જણાઈ આવે છે. આથી ચૈતન્યતા ભૂતોનો ગુણ નથી.

ગુણ રહિત દરેક અંશ હોય છે. તે તેનો સમુદાય ગુણ નહીં હોવાથી પ્રત્યેક રેતીના કણમાં ચીકાશ ગુણ રહિત હોવાથી ચીકાશ ગુણ વગરના પદાર્થની ઉત્પત્તિ દેખાય છે. અથવા ચૈતન્યની અપેક્ષાએ પૃથ્વી વગેરેના બીજા ગુણો રૂપ હોવાથી ચૈતન્ય ભૂતોના સમુદાયનો ગુણ નથી. બીજા ગુણોના સમુદાયમાં અપૂર્વ ગુણોની ઉત્પત્તિ કોઇએ પણ જોઇ નથી. ચૈતન્યગુણ શરીરમાં અનુભવાય છે. આથી બીજા પણ દ્રવ્યનો ચૈતન્ય ગુણ તેજ આત્મા છે. આજ હેતુ વડે ઇન્દ્રિય વગેરેના ચૈતન્ય ગુણપણાનો નિષેધ કર્યો છે. ભૂતાત્મક ઇન્દ્રિયોમાંથી ચૈતન્યની અભિવ્યક્તિ ઉત્પત્તિ અસંભવ છે. જોકે પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ પણ હોતું નથી. એમ કહેવું પણ યોગ્ય નથી. અનુમાન વગેરે પ્રમાણો પણ પોતાના નિયત થયેલા વિષયોની વ્યવસ્થામાં પ્રત્યક્ષની જેમ વિસંવાદપણા વગર પ્રમાણપણાની સિદ્ધિ થાય છે. અવિસંવાદકપણાથી જ પ્રત્યક્ષપણાની પણ

પ્રમાણતા છે. આજ વાત બીજા પ્રમાણોમાં સમાનપણે લાગુ પડે છે. અનુમાન વગેરેથી નિર્ણીત અર્થમાં વિવાદનો અભાવ હોય છે. જો અનુમાન પ્રામાણ્ય થાય તો પ્રતીતિ સિદ્ધ સકલ વ્યવહારનો ઉચ્છેદ થશે એ વિના ભૂત એટલે કારણ કાર્ય ભાવથી પ્રતિનિયત જ અર્થથી પ્રતિનિયત અર્થને જ સ્વીકારનારને જ જાણકારી થાય છે. પણ એક પ્રમાણમાંથી બધાનું જ્ઞાન થતું નથી. અતિન્દ્રિય અર્થોના અનુમાનનો જ વિરોધ કરવાથી પ્રત્યક્ષ અને તેનાથી જુદા અતિન્દ્રિય પદાર્થોનો પ્રામાણ્ય સિવાય બીજી વ્યવસ્થાનો અસંભવ છે. બીજાના મનમાં રહેલા એના વ્યાપાર વ્યવહાર વગેરે કાર્ય વિશેષનો સ્વીકાર થતો નથી. તેથી પ્રત્યક્ષ વગરના વ્યવહાર પ્રમાણનો પણ સિદ્ધ થવાથી આત્મા છે. કેમકે તેના અસાધારણ ગુણોની પ્રાપ્તિ થતી હોવાથી ચક્ષુરિન્દ્રિયની જેમ વગેરે અનુમાનોથી ભૂતોથી અલગ ચૈતન્ય ગુણોના આધારરૂપ આત્માની સિદ્ધિ થઇ એ ભાવ છે. ॥ ૫ ॥

अथाद्वैतवादनिराकरणाय तन्मतमाह-

**एक एवात्मा जलचन्द्रवन्नाना भासत इत्यपरे ॥६॥**

**एक एवेति,** यथाऽप्सु प्रतिबिम्बितश्चन्द्र एकोऽपि बहुधा भासते न त्वनेके चन्द्राः, तथैक एवात्मा पृथिव्यादिभूताद्याकारतया नाना दृश्यते, न च प्रत्यक्षबाधा, तस्याभेदग्राहकतयैव प्रवृत्तेः, न हि भेदोऽर्थानां सम्भवति, तद्भेदस्य देशकालाकारभेदैरसम्भवात्, न च स्वतोऽभिन्नस्यान्यभेदेन भेद उपपद्यते, न वाऽन्यभेदोऽन्यत्र सङ्क्रामति, देशादीनां भेदस्याप्यन्यदेशादिभेदाद्भेदेऽनवस्था भवेत्, तेषां भेदस्य स्वतस्त्वे भावभेदस्यापि स्वतःसम्भवेन देशादिभेदाद्भेदाभ्युपगमो निरर्थकः स्यात्, तस्मादेकरूप एवात्मा विद्यास्वभावोऽविद्यया च नाना प्रतिभासते, तन्निवर्त्तकानि शास्त्राणि । अविध्यापि ब्रह्मव्यतिरिक्ता तत्त्वतो नास्ति, रज्ज्वादौ सर्पवत्, अत एवासौ निवर्त्तते, तत्त्वतः सत्त्वे निवृत्त्यसम्भवात्, अविद्या च तत्त्वज्ञानलक्षणप्रागभावरूपा, सा चानादित्वेऽपि तत्त्वज्ञानलक्षणविद्योत्पत्तौ घटादिप्रागभाववन्निवर्त्तते अविद्या ब्रह्मणो भिन्नाऽभिन्ना वेत्यादिविकल्पस्य वस्तुविषयत्वादवस्तुभूतायामविद्यायां नावसरः, तथा च 'एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥' 'पुरुष एवेदं सर्वमि'त्याद्यागमवचनान्यप्युपपद्यन्त इति वेदान्तिनः ॥६॥

હવે અદ્વૈતવાદનું નિરાકરણ કરવા માટે તેનો મત કહે છે...

**સૂત્રાર્થ : એકજ આત્મા છે. તે પાણીમાં પડેલા ચંદ્રના પડછાયાની જેમ અલગ-અલગ દેખાય છે. એમ બીજા એટલે સાંખ્યો કહે છે.**

**ટીકાર્થ :** એક ચંદ્રમા હોય પણ પાણીમાં જેવી રીતે તેના અનેક રૂપ દેખાય છે. તેવી રીતે એકજ આત્મા પૃથ્વી આદિ ભૂતોના આકાર રૂપે જુદા-જુદા ભૂતોરૂપે દેખાય છે. અને એમાં પ્રત્યક્ષ

બાધા પણ નથી. કારણ કે તેની જ અભેદ રૂપે ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થતી હોવાથી પદાર્થો-અર્થોનો ભેદ હોતો નથી. કારણ કે તેના ભેદોનો દેશકાળ આકારે ભેદો વડે ભેદો થવાનો સંભવ નથી. અન્ય ભેદ બીજા સ્થળે જતો નથી. દેશ વગેરેના ભેદોનો પણ બીજા દેશ વગેરે ભેદોથી સંક્રમિત થતો નથી. ભેદો કરીએ તો અનવસ્થા થાય છે. તે ભેદનો પોતાપણામાં ભાવ ભેદના પણ જાતેજ થતા હોવાથી દેશાદિના ભેદથી ભેદનો સ્વીકાર નકામો થઈ જશે. તેથી આત્મા એકજ રૂપજ છે. વિદ્યા સ્વભાવમય છે. અવિદ્યા વડે જુદો જુદો દેખાય છે. તેના નિવર્ત્તક શાસ્ત્રો છે. અવિદ્યા પણ બ્રહ્મના કારણે છોડી તત્ત્વથી નથી. દોરી વગેરેમાં સર્પની માન્યતાની જેમ. આથીજ વાસ્તવિક રૂપે અવિદ્યાનું નિવર્ત્તન થાય છે. આથીજ વાસ્તવિકપણે સત્ત્વમાં નિવૃત્તિનો અસંભવ થાય છે. અને તત્ત્વજ્ઞાન લક્ષણ પ્રાગભાવ રૂપ અવિદ્યા તે અનાદિપણે પણ તત્ત્વજ્ઞાન લક્ષણ વિદ્ય ઉત્પત્તિમાં ઘટ વગેરેનો પ્રાગભાવની જેન નિવર્ત્તી જાય છે. અવિદ્યા બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે વગેરે.

વિકલ્પોનો વસ્તુવિષયપણે અવસ્તુ ભૂતપણામાં અવિદ્યામાં અવસર નથી કહ્યું છે કે "એક જ ભૂતાત્મા દરેક ભૂતે ભૂતે રહેલો છે. તે એક પ્રકારે કે બહુ પ્રકારે પાણીમાં રહેલ ચંદ્રની જેમ દેખાય છે."

"પુરુષ એટલે આત્મા જ આ બધું છે." એ પ્રમાણે આગમવચનોનો સ્વીકાર થાય છે. એમ વેદાંતીઓ કહે છે.... ॥૬॥

तदेतन्मतप्रतिक्षेपायाह–

**न, व्यवस्थाविलोपादविद्याया अनुपपत्तेश्च ॥७॥**

**नेति**, आत्माद्वैतो न युक्तियुक्त इत्यर्थः, तत्र हेतुमाचष्टे व्यवस्थाविलोपादिति आत्मन एकत्वे कश्चिदेव बद्धः कश्चिदेव मुक्तो न सर्वे, य एव च करोति स एव तत्फलमनुभवति न सर्वे, एवमादिव्यवस्थायाः परिदृश्यमानाया विलोपो भवेत्, एकस्य बन्धे मोक्षे वा सर्वे बद्धा मुक्ता वा भवेयुर्न चैवम्, तस्मान्नैक आत्मा, तथा प्रमाणमिदमेतच्चाप्रमाणमिति प्रमाणेतर-व्यवस्थाऽपि न स्याद्यदि भेदः प्रमाणबाधितो भवेत् । न च समारोपितभेदात्तद्भेदव्यवस्था सङ्गच्छते यथा पादे मे वेदना शिरसि मे सुखमित्यात्मनः समारोपितभेदनिमित्ता वेदनादिव्यवस्था, पादादीनां वेदनाद्यधिकरणानां भेदादात्मनि तथा व्यवस्थापनादिति वाच्यम्, आत्मनः सांशतायामेव तद्व्यवस्थोपपत्तेः, सर्वथा निरंशस्य च वस्तुनः क्वाप्यप्रसिद्धेश्च । तथा पदार्थानां भेद आकारभेदादेव, स चाकारभेदः स्वसामग्रीत उपजायमानोऽहमहमिकया प्रतीयमानेनात्मना प्रतीयत इति न तत्रानवस्थाया अवसरः । अथाविद्यां निरसितुमाहाविद्याया

इति, अविद्या यद्यवस्तुसती तर्हि नासौ प्रयत्ननिवर्त्तनीया, न ह्यवस्तुसन्तः कूर्मरोमादयः केनचिन्निवर्त्तनीया दृष्टाः । न चास्या वास्तविकत्वे सा निवर्त्तनीया न भवेदिति वाच्यम्, वस्तुभूतस्यैव घटादेर्निवृत्तिदर्शनात् प्रागभावदृष्टान्तेनास्या विच्छेदोऽपि न युक्तः, तुच्छस्वभावस्य प्रागभावस्यासिद्धेः, अत एव तत्त्वज्ञानप्रागभावरूपाऽविद्येत्यपि न सङ्गच्छते, तस्यं भेदज्ञानलक्षणकार्योत्पत्तौ सामर्थ्यासम्भवाच्च, न हि घटप्रागभावः कार्यमुत्पादयन् दृष्टः, केवलं घटवत् प्रागभावविनाशमन्तरेण तत्त्वज्ञानलक्षणं कार्यमेव नोत्पद्येत, एवं च भेदज्ञानं ततो न भवेदिति भेदप्रतिभासो न स्यात्, तस्मान्नैकात्मवादो युक्त इति भावः ॥७॥

હવે આ મત (સાંખ્ય)ના ખંડન માટે કહે છે.

**સૂત્રાર્થ : આ વાત બરાબર નથી, કા.કે. વ્યવસ્થાનો લોપ થવાથી અને અવિદ્યાની ઉપપત્તિ નથી.**

**ટીકાર્થ** :- આત્માનો અદ્વૈતવાદ યુક્તિ યુક્ત નથી. તેઓ એમાં કોઈ હેતુ કહેતા નથી. વ્યવસ્થાનો લોપ થતો હોવાથી આત્માના એકત્વપણામાં કોઇક જ બંધાય છે. અને કોઇક જ છૂટો થાય છે. પણ બધા નહીં. જે કરે છે. તેજ તેનું ફળ અનુભવે છે. બધા નહીં આ પ્રમાણેની વ્યવસ્થા દેખાય છે. તેનો લોપ (નાશ) થાય છે. એકનો બંધ અથવા પરોક્ષમાં બધાનો બંધ અથવા મોક્ષ થશે પણ એ થતું નથી. માટે એક આત્મા નથી. તથા આ પ્રમાણ છે. આ અપ્રમાણ છે. આ પ્રમાણે અન્ય પ્રમાણ વ્યવસ્થા પણ થતી નથી. જો પ્રમાણ બાધિત થતો હોય. સમારોપિત ભેદથી ભેદ વ્યવસ્થા સંગત નથી. જેમ પગમાં મને પીડા થાય છે. માથામાં મને સુખ થાય છે. એ પ્રમાણે અને મનનો સમારોપિત ભેદની-પિત્તથી વેદના વગેરે વ્યવસ્થા, પાદ વગેરેની અધિકરણો ભેદોથી આત્મામાં તેવી વ્યવસ્થા ના થતી હોવી જોઇએ એમ કહેવું. આત્માનો સારા તાપણામાંજ તેની વ્યવસ્થાની પ્રાપ્તિ થાય છે. સર્વથા નિરંશવ સતરંજ ગતિઓમાં ક્યાંય પ્રાપ્તિ થતી નથી. તથા પદાર્થો વગેરેના ભેદો આકારના ભેદોથી જ છે.

તે આકારે ભેદ પોતાની સામગ્રીથી જ ઉત્પન્ન થકો હું હું છું. એમ જણાતો પોતાની જાતેજ જણાતો નથી. એ પ્રમાણે ત્યાં અનવસ્થા નથી. હવે અવિદ્યાને દૂર કરવા માટે આહાર વિદ્યાને, જો અવિદ્યા અવસ્તુઅરૂપે હોયતો પછી આ પ્રયત્નજન્ય ન થાય. વસ્તુ વગર કાચબાના રોમની ઉત્પત્તિ કોઇએ પણ બનતી જોઇ નથી. અને એનું વાસ્તવિકપણે થવું સંભવે નહીં એમ નહીં કહેવું. વસ્તુ રૂપ ઘટની વગેરે નિવૃત્તિ દેખાવાથી પ્રાગભાવ દૃષ્ટાંત વડે એનો વિચ્છેદ પણ યુક્ત નથી. તુચ્છ સ્વભાવવાળા પ્રાગભાવની સિદ્ધિ ન થતી હોવાથી. આથી જ તત્ત્વજ્ઞાન પ્રાગભાવ રૂપ વિદ્યમાન હોવાથી સંગત થતું નથી. તેનું ભેદજ્ઞાન લક્ષણકાર્યને જ ઉત્પન્ન નથી કરતા. આ પ્રમાણે ભેદજ્ઞાન તેનાથી થતું નથી. આ પ્રમાણે ભેદ પ્રતિભાસ થતો નથી. માટે એકાત્મવાદ યોગ્ય નથી. એમ ભાવ છે.... ॥૭॥

सांख्यादिमतप्रक्षेपायाह–

**विभुरकर्त्ता स इति चेन्न, गत्यागत्यसम्भवात् ॥८॥**

**विभुरिति**, स आत्मा यतो विभुरमूर्त्तो नित्यश्चात एव न कर्त्ता, कुर्वन् हि कर्त्ता, आत्मा च विभुत्वादमूर्त्तत्वाच्चाकाशस्येव न परिस्पन्दलक्षणां क्रियां कर्त्तुमीष्टे परिस्पन्देन ह्यप्राप्तदेशसम्बन्धो भवति, यदा च स सर्वव्यापी तदा कथं तस्य परिस्पन्दसम्भवः, तस्मात् प्रकृतिः करोति पुरुषस्तु जपास्फटिकन्यायेनोपभुङ्क्त इति सांख्याः, तदेतन्मतं प्रतिक्षिपति **नेति**, यद्यात्माऽमूर्त्तो नित्यः सर्वव्यापी चात एव निष्क्रिय इत्यभ्युपगम्यते तर्हि तस्य नरकादिगतिः कथं भवेत्, तेन किञ्चिदप्यकृतत्वादकृतस्य तेन वेदनासम्भवात्, वेदनाया अपि क्रियारूपत्वेनाक्रियेऽसम्भवाच्च । अन्यकृतस्याप्यनुभवेऽकृतागमः स्यात्, एकेन कृतात्पातकात् पुण्याद्वा सर्वः प्राणिगणो दुःखितः सुखितो वा स्यात् । गमनाभावाद्यमनियमाद्यनुष्ठानं निरर्थकं भवेत्, एवं गत्यन्तरादागतिरपि नोपपद्यते । अक्रियत्वादेव भुजिक्रियाऽप्यसम्भविनी । न च भुजिक्रियामात्रेण तस्य सक्रियत्वेऽपि स्वल्पक्रियत्वान्निष्क्रिय एव यथैककार्षापणधनो न धनित्वव्यपदेशभागिति वाच्यम्, यतो दृष्टान्तोऽयं प्रतिनियतपुरुषापेक्षया वा समस्तपुरुषापेक्षया वा, नाद्यः सिद्धसाधनात्, सहस्रादिधनवदपेक्षयाऽस्य निर्धनत्वस्य सिद्धत्वात्, न द्वितीयोऽसिद्धेः, जरच्चीवरधार्यपेक्षया तस्य धनित्वात्, तथैव यद्यात्मापि विशिष्टसामर्थ्यवत्पुरुषक्रियापेक्षया निष्क्रियोऽभ्युपगम्यते तर्हि न काचित् क्षतिः, सामान्यापेक्षया तु क्रियावानेव, तस्मान्न सर्वथा निष्क्रियात्मवादो युक्त इति ॥८॥

સાંખ્ય વગેરે મત ખંડન કરતાં કહે છે.

**સૂત્રાર્થ : તે આત્મા વિભુ એટલે અરૂપી અને અકર્ત્તા છે. એ વાત બરાબર નથી કેમકે ગતિ (ગમન), આગતિ (આગમન)નો અસંભવ થાય છે.**

**ટીકાર્થ :** સઃ એટલે તે આત્મા જે કારણથી વિભુ એટલે અમૂર્ત્ત અરૂપી છે, અનિત્ય છે. આથી જ તે આત્મા વિભુ હોવાથી અરૂપીપણાના કારણે આકાશની જેમ પરિસ્પંદ લક્ષણ એટલે હલનચલન રૂપ ક્રિયા કરવા માટે સમર્થ થતો નથી. પરિસ્પંદ (હલનચલન) વડે ન મેળવેલ જગ્યાનો સંબંધ થાય છે. જ્યારે તે સંબંધ સર્વવ્યાપી થાય છે. ત્યારે તેનો પરિસ્પંદનાત્મક એટલે હલનચલન રૂપ થાય છે. તેથી પ્રકૃતિ કહે છે. અને પુરુષ તો જ્યાં સ્ફટીક ન્યાયથી ભોગવે છે. સ્ફટીક એટલે જાસુદનું ફૂલ. સ્ફટીક રત્નની જેમ આત્મા ભોગવે છે. એમ સાંખ્યો કહે છે. તેથી આ મતને ખંડન કરવા માટે કહે છે.

અને આ વાત બરાબર નથી. કારણ કે જો આત્મા અરૂપી, અનિત્ય સર્વવ્યાપી હોય છે. માટે નિષ્ક્રિય છે. એ પ્રમાણે સ્વીકારાય તો તેનું નરક વગેરે ગતિઓમાં ગમન કેવી રીતે સંભવે ? તે કારણથી કંઈપણ કર્યા વગર, ન કર્યા વગર તેના વડે વેદનનો સંભવ નથી. વેદન પણ ક્રિયા રૂપ પણે અક્રિયપણે સંભવી શકે. બીજાએ કહેલ અનુભવમાં પણ અકૃતાગમનાયનો દોષ થાય છે એક જણે કરેલ પાપથી કે પુણ્યથી બધા જીવો સુખી કે દુઃખી થાય છે. ગમનનો અભાવ થવાથી યમ નિયમ વગર અનુષ્ઠાનો નિરર્થક જશે. એ પ્રમાણે અક્રિયાપણાથી દીવી, ભુજિ ક્રિયા પણ અસંભવિત થશે. ભુજિ ક્રિયા માત્રથી તેનો સક્રિયાપણા હોવામાત્ર પણ થોડી પણ ક્રિયા નિષ્ક્રિય જ છે. એમ એક કાર્ષાપણ (નાણાનો સિક્કો) રૂપ ધન માત્ર હોવાથી ધનવાન રૂપે વ્યપદેશ થતો નથી એમ કહેવું જેથી આ દૃષ્ટાંત પ્રતિનિયત પુરુષ વિશેષ અપેક્ષા કે સમસ્ત પુરુષ અપેક્ષાએ છે ? પહેલો પક્ષ નહીં, કારણ કે સિદ્ધ સાધન હોવાથી હજાર આદિ ધનવાનની અપેક્ષાએ એનું નિર્ધનપણું સિદ્ધપણું થાય છે.

બીજો પક્ષપણ અસિદ્ધ હોવાથી ફાટેલ વસ્ત્ર પહેરેલાની જેમ તેનું ધનિકપણું હોય છે. તેની જેમ જે આત્મા પણ વિશિષ્ટ સામર્થ્યવાળા પુરુષની ક્રિયાની અપેક્ષાએ નિષ્ક્રિય પણ સ્વીકારાય છે કોઈપણ દોષ રહેતો નથી. સામાન્ય અપેક્ષાએ તો આત્મા ક્રિયાવાન જ છે. તેથી આત્મા સર્વથા નિષ્ક્રિયઆત્મવાદ સ્વીકારવો યોગ્ય નથી. ॥૮॥

अथ बौद्धमतं निराकरोति-

**पञ्चैव स्कन्धा नात्मेति चेन्न, कृतहानात्सर्वथाऽनित्यत्वासिद्धेश्च ॥९॥**

**पञ्चैवेति,** रूपवेदनाविज्ञानसंज्ञासंस्कारस्कन्धभेदेन पञ्चैव स्कन्धास्तत्त्वं नान्यः कश्चिदात्मा विद्यते, तत्र पृथिवीधात्वादयो रूपादयश्च रूपस्कन्धः, सुखा दुःखा अदुःखसुखा चेति वेदनास्कन्धः, रूपविज्ञानं रसविज्ञानमित्यादिविज्ञानं विज्ञानस्कन्धः, संज्ञानिमित्तोद्ग्राहणात्मकः प्रत्ययः संज्ञास्कन्धः, पुण्यापुण्यादिधर्मसमुदायः संस्कारस्कन्धः, एते च स्कन्धाः क्षणमात्रस्थायिनः, यत्सत् तत्क्षणिकमिति व्याप्तेः, स्वकारणेभ्यः पदार्थानां विनाशिस्वभावतयैवोत्पत्तेश्च, यदि चाविनाशिस्वभावो भावो भवेत्तदा सत्त्वव्यापिकायाः क्रमयौगपद्याभ्यामर्थक्रियाया असम्भवात्सत्त्वस्याप्यभावः स्यात् व्यापकाभावे व्याप्यसत्त्वासम्भवात्, तथा हि यदर्थक्रियाकारि तत्परमार्थतः सत्, यदि च भावोऽक्षणिको भवेत्तर्हि स किं क्रमेणार्थक्रिया करोति, युगपद्वा, प्रथमपक्षेऽपि किं यदैकार्थक्रियाकारित्वं तदाऽपरार्थक्रियाकारिस्वभावत्वमस्ति न वा, आद्ये क्रमकारित्वं न स्यात्, सहैव कर्त्तृत्वप्रसङ्गात्, यदि तथाविधस्वभावसत्त्वेऽपि तत्सहकार्यपेक्षयैव कार्यकारित्वात् क्रमकारित्वमित्युच्यते तर्हि किं

सहकारिणा तम्य कश्चिदतिशयः क्रियते न वा, प्रथमपक्षेऽपि पूर्वस्वभावपरित्यागेन, अपरित्यागेन वा, आद्ये स्वभावपरित्यागात्क्षणिकत्वं स्यात्, द्वितीये च सहकार्यपेक्षावैयर्थ्यम्, ततस्तत्रातिशयाभावात् । अकिञ्चित्कार्यपि सहकार्यपेक्ष्यत इति चेन्न, सकलजगतोऽपेक्ष्यत्वप्रसङ्गादविशेषात् । एकार्थक्रियाकालेऽपरार्थक्रियाकारिस्वभावत्वानभ्युपगमेऽपि तस्याक्षणिकत्वं कथं स्यात् । यदि च युगपदर्थक्रियाकारित्वं तस्य स्वभाव इति पक्षोऽङ्गीक्रियते तदा प्रथमक्षण एव सर्वासामर्थक्रियाणां भावाद्द्वितीयक्षणादावकर्तृतया क्षणिकत्वं तथापि स्यात्, कृतस्य च करणासम्भवात् पुनर्द्वितीयादिक्षणेषु ता एवाशेषाः क्रियाः करोतीति वक्तुमशक्यत्वात्, द्वितीयादिक्षणभाविकार्याणां प्रथमक्षण एव प्राप्तेश्च, तस्य तत्स्वभावत्वादतत्स्वभावत्वे चानित्यत्वापत्तेः, तस्मान्न स्वकारणेभ्योऽक्षणिकस्योत्पत्तिः किन्तु क्षणमात्रस्थायिन एव । ननु स्वकारणेभ्योऽनित्यस्यैवोत्पत्तिर्न तु द्वितीयक्षणविनाशिस्वभावस्य, तस्य च विनाशो यदा विनाशहेतुसमवधानं तदा, न तु द्वितीयक्षण एवेति चेन्न, विनाशहेत्वसम्भवात्, विनाशहेतुना हि घटादेः किं क्रियते, अभाव इति चेत्स किं पर्युदासरूपः प्रसज्यरूपो वा, आद्ये च भावाद्भावान्तरं घटाभावः स्यात्, तथा च मुद्गरादिना भावान्तरे क्रियमाणेऽपि घटस्तदवस्थ एव स्यात्, तेन तस्य किमप्यकरणात् । द्वितीये च विनाशहेतुरभावं करोतीत्युक्तेर्भावं न करोतीति क्रियाप्रतिषेध एव प्राप्तः, न तु घटस्य निवृत्तिः, तामपि करोतीति चेन्न निवृत्तेर्नीरूपत्वेन तुच्छत्वात्तत्र कारकव्यापारासम्भवात्, अन्यथा शशशृङ्गादावपि कारकव्यापारः स्यादिति विनाशहेतोरकिञ्चित्करत्वात् स्वहेतुत एव विनाशस्वभावानां भावानामुदय इति क्षणिकत्वं भावानामिति । एतेभ्यः पञ्चस्कन्धेभ्यो न व्यतिरिक्तः कश्चिदात्मा प्रमाणसिद्धः प्रत्यक्षस्य नीरूपेऽप्रवृत्तेः, अव्याभिचारिलिङ्गग्रहणाभावेनानुमानस्याप्यप्रवृत्तेश्च, नच प्रत्यक्षानुमानाभ्यां व्यतिरिक्तमर्थाविसंवादिप्रमाणान्तरमस्तीति **बौद्धाः** । तन्मतं निरसितुमाह **नेति**, पञ्चस्कन्धव्यतिरिक्तस्यात्मनोऽभावे स्वसंविदितस्य सुखदुःखानुभवस्यानुभविता वाच्यः, न तावज्ज्ञानस्कन्धस्यायमनुभवः, तस्य क्षणिकत्वेनातिसूक्ष्मतया सुखाद्यनुभवासम्भवात् क्रियाफलवतोः क्षणयोः परस्परमत्यन्तासम्बन्धात्कृतनाशा कृताभ्यागमप्रसङ्गाच्च, न च सन्तानापेक्षया नायं दोष इति वाच्यम्,ः सन्तानिभिन्नस्याक्षणिकस्य तस्याप्यसम्भवात् । न च पूर्वो क्षण उत्तरक्षणे वासनामाधाय विनङ्क्ष्यतीति वाच्यम्, यतः क्षणेभ्यस्सा यदि व्यतिरिक्ता न तर्हि तेषां वासकत्वम्, यद्यव्यतिरिक्ता तदा च क्षणिकत्वमेवेत्यात्माभावे सुखदुःखानुभवाभावप्रसङ्गः इति तदनुभवान्यथानुपपत्त्याऽस्त्यात्मा, एवं रूपादिपञ्चविषयानु-

भवोत्तरं संकलनाप्रत्ययोऽनुभूयमानो न स्यात्, स्वविषयादन्यत्रेन्द्रियाणामप्रवृत्तेरालयविज्ञानेन तदभ्युपगमे तस्य चाक्षणिकत्वे आत्मैव संज्ञान्तरेणाभ्युपगतः स्यात्, क्षणिकत्वे च तद्दोषतादवस्थ्यम् । अथ क्षणिकत्वसाधननिराकरणायाह **सर्वथानित्यत्वासिद्धेश्चेति,** क्रमयौगपद्याभ्यां नित्यस्यार्थक्रियाकारित्वं न घटत इति यदुक्तं तत्क्षणिकपक्षेऽपि समानमेव, क्रमेण यौगपद्येन वाऽर्थक्रियायां प्रवर्त्तमानस्य तस्याप्यवश्यं सहकारिकारणसव्यपेक्षस्यैव प्रवृत्तेः, अन्यथा सामग्र्या एव जनकत्वाभिधानमपार्थकं भवेत्, एवञ्च सहकारिणा न क्षणिके कश्चिदतिशयः कर्तुं पार्यते, क्षणस्याविवेकित्वेनानाधेयातिशयत्वात्, क्षणानां परस्परोपकार्योपकारकत्वानुपपत्त्या सहकारित्वाभावान्न प्रतिविशिष्टकार्योपपत्तिः । अनित्यस्य कारणेभ्य उत्पत्त्यङ्गीकारेऽपि तत्किमनित्यत्वं क्षणक्षयित्वेन परिणामानित्यतया वा, आद्ये क्षणिकत्वे कार्यकारणभावासम्भवः, न च पूर्वक्षणादुत्तरक्षणोत्पादे सति स भवतीति वाच्यम्, कार्यकालेऽसतो जनकत्वानुपपत्तेः, सत्त्वे च क्षणिकत्वानुपपत्तेः, किञ्च प्रथमक्षण एव यदि विनाशस्वभावत्वं तर्हि तदैव तस्य विनाशाद्द्वितीयक्षण इव प्रथमक्षणेऽपि स न स्यादिति किं कस्य कारणं कार्यं वा, द्वितीयक्षण एव विनाशाङ्गीकार उत्पत्तिकालेऽभवतः पश्चाच्च भवतोऽनन्तरक्षण एव तद्भावे किञ्चिन्नियामकं वाच्यम्, विनाशहेत्वभाव एव नियामक इति चेन्न, मुद्गरादिव्यापारानन्तरमेव घटादिविनाशदर्शनात् । न च तत्रोक्तो दोष इति वक्तव्यम्, पर्युदासपक्षे कपालाख्यभावान्तरकरणे घटादेः परिणामानित्यतया तद्रूपत्वात्तत्र मुद्गरादेर्व्यापारतया घटादीन् प्रति तस्याकिञ्चित्करत्वासिद्धेः । प्रसज्यप्रतिक्षेधपक्षेऽपि भावं न करोतीति प्रध्वंसाभावप्राप्त्या तत्र च कारकव्यापारप्रवृत्तेः, न हि सोऽभावमात्रं किन्तु वस्तुतोऽवस्थाविशेषः पर्यायः, तस्य च भावरूपत्वात् पूर्वोपमर्देन प्रवृत्तत्वाच्च य एव कपालादेरुत्पादः स एव घटादेर्विनाश इति कथं विनाशस्याहेतुकत्वम्, तदेवं क्षणिकस्यासम्भवात् परिणामानित्यपक्ष एव ज्यायान्, एवञ्च परिणामी ज्ञानाधारो भवान्तरयायी भूतेभ्यः कथञ्चिदन्य आत्मा स्वीकार्य इति ॥९॥

હવે બૌદ્ધમતનું નિકારણ કરે છે.

**સૂત્રાર્થ : પાંચસ્કંધો જ આત્મા છે. બીજા પ્રમાણ નહીં કારણ કે કરેલા કાર્યની હાની થતી હોવાથી, સર્વથા અનિત્યપણાની સિદ્ધિ ન થતી હોવાથી.**

**ટીકાર્થ** : રુપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા, સંસ્કાર સ્કંધના ભેદ વડે એ પાંચ જ સ્કંધો છે. તે આત્મા રૂપે છે, એના સિવાય બીજો કોઇ આત્મા નથી. એમાં પૃથ્વી ધાતુ વગેરે રુપ સ્કંધો છે. સુખ-દુઃખ, અદુખ સુખ એ પ્રમાણે વેદના સ્કંધ, રુપવિજ્ઞાન, રસવિજ્ઞાન વગેરે વિજ્ઞાન તે વિજ્ઞાન

સ્કંધ, સંજ્ઞા નિમિત્તે ઉદ્ગ્રાહણાત્મક પ્રત્યય સંજ્ઞા સ્કંધ. પુણ્ય અપુણ્ય વગેરે ધર્મ સમુદાય સંસ્કાર સ્કંધ આ પાંચ સ્કંધો ક્ષણમાત્ર સ્થાયી છે. યત્ સત્ તત્ ક્ષણિકમ્ એ પ્રમાણે વ્યાપ્તિ છે. પોતાના કારણો વડે પદાર્થોના વિનાશી સ્વભાવપણા વડે જ ઉત્પત્તિ હોવાથી હવે જો અવિનાશી સ્વભાવ ભાવ થાય ત્યારે સર્વવ્યાપીપણાના ક્રમસર કે યુગપત્ એટલે એકસાથે અર્થ ક્રિયાકારી હોય તે જ પરમાર્થથી સત્ છે. જો ભાવ અક્ષણિક હોય ત્યારે પોતે શું અર્થક્રિયાને ક્રમસર કરે છે કે (યુગપત્) એકલો એ કરે છે ? પહેલા પક્ષમાં પણ જે એક અર્થ ક્રિયાકારી પણું છે ત્યારે બીજા અર્થ ક્રિયાકારીપણાનો સ્વભાવપણું છે કે નહીં ?

પહેલા પક્ષના હિસાબે સહકાર્યપણું હોતું નથી... (ક્રમકારિપણું) સાથે જ કર્ત્તાપણાનો પ્રસંગ આવશે. જોવા પ્રકારના સ્વભાવ તે પણું હોવાથી કાર્યકારિત્વ સહકારીની અપેક્ષાએ જ કાર્યકારિપણું હોતે છતે પણ કહેવાય છે. તો પછી કેમ સહકારી વડે તેનું કંઇક અતિશય કરાય છે કે નહીં ? પહેલા પક્ષમાં પણ પૂર્વ સ્વભાવ છોડવા વડે કે ન છોડવા વડે. પહેલામાં સ્વભાવ છોડવાથી ક્ષણિકપણું થાય અને બીજા પક્ષમાં સહકારીની અપેક્ષાએ વ્યર્થ જ છે. તેથી ત્યાં અતિશયનો અભાવ હોવાથી અકિંચિત્કારી સહકારીની અપેક્ષા રાખે છે એવું નથી. સકલ જગતની અપેક્ષા પ્રસંગ વિશેષથી એ કાર્ય યા કાળમાં પણ અપરાર્થ ક્રિયાકાળ સ્વભાવપણાનો અસ્વીકારમાં પણ તેનો અક્ષણિકપણું શી રીતે થશે.

જો યુગપદ્ અર્થક્રિયાકારીપણું તેનો સ્વભાવ હોય એ પક્ષ સ્વીકારીએ તો પહેલી ક્ષણેજ બધી અર્થક્રિયાઓના ભાવથી, બીજી ક્ષણોમાં અકર્તાપણા ક્ષણિકપણું તો પણ હોય છે. કરેલાનું કરવું એ અસંભવ છે. ફરી બીજી વગેરે ક્ષણોમાં તે જ સમસ્ત ક્રિયાઓ કરે છે. એમ બોલવું અશક્ય હોવાથી બીજી વગેરે ક્ષણોમાં થનારા કાર્યોની પહેલી ક્ષણોમાં જ પ્રાપ્ત થનારાઓના, તેનો તે સ્વભાવપણામાં અતત્ સ્વભાવપણામાં અનિત્યત્વની આપત્તિ આવતી હોવાથી તેથી પોતાના કારણોમાંથી અક્ષણિકની ઉત્પત્તિ પરંતુ તે ક્ષણસ્થાયિન છે. જો સ્વકારણોમાંથી અનિત્યની જ ઉત્પત્તિ હોય છે. બીજી ક્ષણ વિનાશી સ્વભાવની ઉત્પત્તિ નથી. અને તેનો વિનાશ જ્યારે વિનાશ હેતુઓ સમવધાન સાથે રહેલા હોય ત્યારે હોય છે. પણ બીજી ક્ષણોમાં હોય એવું નથી. કારણકે વિનાશ હેતુનો અસંભવ હોય છે. વિનાશ હેતુ વડે ઘટ વગેરેને શું કરીએ ? અભાવ. તો અભાવ શું છે ? તે પર્યુદાસરૂપ કે પ્રસજ્યરૂપ છે. પ્રથમ પર્યુદાસ હોય તો તો ભાવથી ભાવાંતર રૂપ એટલે ઘટાભાવ થાય અને મુદ્ગર વગેરે વડે ભાવાંત્તર કર્યો છે. તે પણ ઘટતે અવસ્થામાં જ રહેશે. તેના વડે તેનું કંઇપણ કરાતું ન હોવાથી.

બીજા પક્ષમાં વિનાશ હેતુનો અભાવ કરે છે, એ પ્રમાણે કહેવાથી ભાવ કંઈપણ કરતો નથી એમ કહેવાથી ક્રિયાનો નિષેધ જ પ્રાપ્ત થાય છે. પણ ઘટની નિવૃત્તિ નહીં 'તે પણ કરે છે' એમ પણ ન કહેવું. કારણ નિવૃત્તિનું નિરૂપણાવડે, તુચ્છપણાવડે ત્યાં કારક-કારકપણાનો વ્યાપાર થશે. વિનાશ હેતુઓ અકિંચિત્કર થતાં હોવાથી પોતાના કારણોથી જ વિનાશ સ્વભાવોના ભાવોનો

ઉદયજ ક્ષણિક પણ ભાવોનું આ પાંચ સ્કંધોથી અલગ પ્રમાણસિદ્ધ કોઈપણ બીજો આત્મા નથી. કારણ કે પ્રત્યક્ષ અપ્રવૃત્તિ હોવાથી અવ્યભિચારી લિંગ ગ્રહણના અભાવ વડે અનુમાનની અપ્રવૃત્તિ હોવાથી, પ્રત્યક્ષ અનુમાન એ પ્રમાણને છોડી અર્થ અવિસંવાદી બીજું કોઈ પ્રમાણ નથી. એ પ્રમાણે બૌદ્ધો કહે છે. તેમ મને ખંડન કરવા માટે કહે છે.

પાંચ સ્કંધોને છોડી (સિવાય) બીજો કોઈ આત્મા નથી. એ પ્રમાણે હોવાથી પોતાના સંવેદનાના સુખ-દુઃખાનુભવનો અનુભવ કરનારનો (અભાવ) કોઈ નથી ત્યાં સુધી જ્ઞાનસ્કંધનો આ અનુભવ કરનાર પણ નથી. તેનું ક્ષણિકપણા વડે અતિસૂક્ષ્મપણાના કારણે સુખ વગેરેનો અનુભવનો અસંભવ હોવાથી ફળવતી ક્રિયાની બે ક્ષણોનો પરસ્પર અત્યંત અસંબંધ હોવાથી કૃતનાશ અકૃતાભ્યાગમનો પ્રસંગ આવતો હોવાથી સંતાનની અપેક્ષાએ આ દોષ છે. એમ કહેવું નહીં. સંતાનની ભિન્નતા અક્ષણિક તેનો પણ અસંભવ હોવાથી પૂર્વક્ષણ ઉત્તરક્ષણમાં વાસના રાખીને વિનાશ પામે છે. એમ પણ ન કહેવું. કારણ કે, ક્ષણોથી જો તે અલગ હોય તો તે તેનો વાસક છે. જો તે જુદુ ન હોય ત્યારે ક્ષણિકપણાના જ આત્મા અભાવમાં સુખ-દુઃખ ન અનુભવના અભાવનો પ્રસંગ આવશે. માટે તેના અનુભવની અન્યથા અનુપત્તિ વડે આત્મા છે. એ પ્રમાણે રૂપ વગેરે પાંચ વિષયોનો અનુભવ ઉત્તર સંકલના સંકલના પ્રત્યય અનુભવાતો નથી. પોતાના વિષયોથી બીજાસ્થાનોએ ઈન્દ્રિયોની (પ્રવૃત્તિ ન) અપ્રવૃત્તિ હોવાથી આલય વિજ્ઞાન વડે તેનો જ સ્વીકારવામાં, તેનો જ અક્ષણિકપણામાં આત્મા જ બીજા નામથી સ્વીકાર્યો છે. ક્ષણિકપણા તે દોષો તે રૂપમાં જ રહે છે.

હવે ક્ષણિકપણાના સાધનના નિરાકરણ માટે કહે છે. સર્વથા અનિત્યત્વની અસિદ્ધિ થતી હોવાથી ક્રમસર અને યુગપદ્ એટલે એક સાથે બંને વડે નિત્યની અર્થક્રિયાકારીપણું ઘટતું નથી એમ જે કહ્યું છે તે ક્ષણિક પક્ષમાં પણ સમાન જ છે. ક્રમસર કે યુગપત્ વડે એ બંને પક્ષ વડે અર્થક્રિયામાં પ્રવૃત્ત થતા તેમને પણ અવશ્ય સહકારી કારણની સાપેક્ષતાથી પ્રવૃત્તિ થાય છે. નહીં તો સામગ્રી વડે જ જનકપણાનું નામ નિરર્થક થશે. એ પ્રમાણે સહકારી વડે ક્ષણિકમાં કાંઈક વધારે અતિશય કરવા માટે સમર્થ થતા નથી. ક્ષણના અવિવેકીપણા વડે અનાધેય અતિશયપણાથી ક્ષણોનો પરસ્પર ઉપકારી ઉપકારકપણાના અનુપપત્તિ વડે સહકારીપણાના અભાવથી પ્રતિવિશિષ્ટ કાર્યની ઉત્પત્તિ થતી નથી. અનિત્યના કારણો વડે ઉત્પત્તિ સ્વીકારીએ છતાં પણ તે શું અનિત્યપણું ક્ષણક્ષયિપણા વડે પરિણામ અનિત્યપણા અથવા પહેલા ક્ષણિકપણામાં કાર્યકારણ ભાવનો અસંભવ છે. પૂર્વક્ષણથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ થયેલ છે. તે થાય છે એમ ન કહેવું. કાર્યકાલે ન હોવાથી જનકપણાની પ્રાપ્તિ થતી નથી. અને હોયે છતે ક્ષણિકપણાની પ્રાપ્તિ થતી નથી. પહેલી ક્ષણમાં જો વિનાશ સ્વભાવ હોય તો તે જ વખતે તેનો વિનાશ થવાથી બીજીક્ષણમાં જ પહેલી ક્ષણ તે થશે નહીં એમ કોણ કોનું કારણ અને કાર્ય છે. બીજી ક્ષણમાં જો વિનાશ સ્વીકારીએ તો ઉત્પત્તિ વખતે ન થાય અને પછી થાય. એટલે બીજી ક્ષણમાં જ તેનો સદ્ભાવ હોવાથી કોઈક એનો

નિયામક છે. એમ કહેવું. વિનાશ હેતુનો અભાવ એ જ નિયામક છે. એમ ન કહેવું. કારણ કે મુદ્ગર વગેરેની ક્રિયા પછી તરત જ ઘડા વગેરેનો વિનાશ થતો દેખાય છે. ત્યાં કહેલો દોષ નથી એમ ન કહેવું. પર્યુદાસ પક્ષમાં કયા અનામીનો ભાવાંતર કરણમાં ઘટ વગેરેમાં પરિણામની અનિત્યતારૂપે તત્રૂપ હોવાથી ત્યાં મુદ્ગર વગેરેના વ્યાપાર રૂપે ઘટ વગેરેના તરફ તેનું અકિંચિત્કરપણાની અસિદ્ધિ થાય છે. પ્રસજ્ય પ્રતિષેધ પક્ષમાં પણ ભાવ કરતો નથી પણ પ્રધ્વંસાભાવની પ્રાપ્તિ વડે તેમાં કારક વ્યાપારની પ્રવૃત્તિ થાય છે. તે અભાવ માત્ર નથી. પરંતુ વસ્તુતઃ અવસ્થા વિશેષ પર્યાય છે. તેનો ભાવરૂપપણે હોવાથી પૂર્વમાં ઉપમર્દનરૂપે પ્રવૃત્ત હોવા જે કપાલ વગેરેની ઉત્પત્તિ છે. તે જ ઘટ વગેરેનો વિનાશ છે. એ પ્રમાણે શી રીતે વિનાશ અહેતુકપણે છે. એમ શી રીતે કહેવાય ? તેથી આ પ્રમાણે ક્ષણિકનો અસંભવ હોવાથી પરિણામે અનિત્યપક્ષ જ મોટો છે. આ પ્રમાણે પરિણામી, જ્ઞાનાચારી ભવાંતરમાં જનારો, ભૂતોથી કથંચિત્ જુદો આત્મા છે. એમ સ્વીકારવો. ॥૯॥

तदेवं भूतवादं निराकृत्य नियतिवादव्युदासायाह-

**सुखाद्यनुभवे नियतिरेव कारणमिति चेन्न क्रियाप्रवृत्तिवैयर्थ्यात् ॥१०॥**

**सुखादीति,** योऽयं सुखदुःखाद्यनुभवः स नियतिकृत एव न तु पुरुषकारकृतो न वा कालादिकृतः, पुरुषकारस्य सर्वजीवसाधारणतया फलवैलक्षण्यं कस्यचित्फलाप्राप्तिश्च न भवेत्, तथा कालोऽपि तत एव न सुखादिकर्त्ता, कारणभेदाभावे कार्यभेदानुपपत्तेः, नापीश्वरः कर्त्ता, तस्य मूर्त्तत्वे प्राकृतपुरुषवत्सर्वकर्तृत्वानुपपत्तिः, अमूर्त्तत्वे निष्क्रियत्वादाकाशादिवदकर्त्तैव भवेत्, तथा तस्य रागादिमत्त्वेऽस्मदादिवन्न विश्वस्य कर्त्ता स्यात् विगतरागत्वे दरिद्रेश्वरादिविचित्रजगत्कर्तृत्वं न भवेत्, नापि स्वभावः कर्त्ता, तस्य पुरुषाद्भेदे पुरुषाश्रितसुखादिकर्तृत्वासम्भवात्, तस्माद्भिन्नत्वात्, अभेदे च पुरुषस्यैव कर्त्तृत्वप्राप्त्या तस्यासम्भवात् । नापि कर्म, यदि तत्सचेतनं तदैकदेहे चैतन्याद्व्यापत्तिः, अचेतनञ्चेदस्वतंत्रस्य कर्त्तृत्वानुपपत्तिर्दृषत्खण्डस्येव तस्मान्नियतिकृतमेवेति नियतिवादिनः, तन्निरस्यति **नेति,** परलोकसाधिकासु क्रियासु प्रवृत्तिर्न स्यात्, नियतिवादाश्रयणादिति भावः, तस्मात्सुखादयः केचिन्नियतिकृताः केचिच्चात्मपुरुषकारेश्वरादिप्रापिताः, अत एव पुरुषकारकृतत्वेऽपि तद्वैचित्र्यात्फलवैचित्र्यं भवत्येव, कार्यवैचित्र्ये कारणवैचित्र्यस्य निमित्तत्वात्; यस्य कस्यचित् फलाभावस्त्वदृष्टकृतस्तस्यापि कारणत्वात्, कालकृतत्वेऽपि न दोषः, विशिष्टकाले विशिष्टकार्योत्पाददर्शनात्, कर्मणोऽपि निमित्ततया कालस्यैकत्वेऽपि विचित्रजगदुत्पत्तिसम्भवात् । तथा तत्र तत्रोत्पत्तिद्वारेण सकलजगद्व्यापनादात्मा ईश्वरस्तस्य सुखदुःखोत्पत्तिकर्त्तृत्वं

निर्विवादमेवेतीश्वरस्य कर्तृत्वेऽपि क्षत्यभावः, तस्मात्केवलनियत्यादिवादा असम्यक्प्रवृत्तत्वान्नात्मदुःखविमोचकाः ॥१०॥

તે જ ભૂતવાદનું નિરાકરણ કરી નિયતિવાદનો વિનાશ કરવા માટે કહે છે.

**સૂત્રાર્થ :- સુખ વગેરેના અનુભવમાં નિયતિ જ કારણ છે. એ વાત બરાબર નથી.** કારણ કે **ક્રિયા પ્રવૃત્તિ વ્યર્થનીય છે. માટે.**

**ટીકાર્થ :-** જે આ સુખ-દુઃખ વગેરે અનુભવ થાય છે. તે નિયતિકૃત જ છે. નહીં કે પુરૂષકારકૃત એટલે પુરૂષાર્થજન્યકૃત કાલ વગેરેથી કૃત છે. પુરૂષાર્થ તો સર્વ જીવનો સાધારણ રૂપે સમાન હોવા છતાં ફળની વિલક્ષણતા દેખાય છે. કોઈને ફળની પ્રાપ્તિ નથી થતી. તથા કાળપણ તેનાથી જ સુખાદિકર્તા નથી. કારણભેદના અભાવમાં થાય. કાર્યભેદની અનુપપત્તિ પ્રાપ્ત થાય છે. ઈશ્વરપણ કર્ત્તા નથી કારણ કે તે ઈશ્વરના મૂર્ત્તત્વપણામાં પ્રાકૃત પુરૂષની જેમ સર્વકર્તૃત્વપણાની પ્રાપ્તિ થતી નથી. અમૂર્ત્તપણામાં નિષ્ક્રિયપણું હોવાથી આકાશ વગેરેની જેમ અકર્ત્તા જ થાય છે. તથા તેનો રાગાદિપણામાં અમારી જેમ જગતનો કર્ત્તા નથી થતો. વીતરાગપણામાં જ દરિદ્ર ઈશ્વર વગેરે વિચિત્ર જગતકર્ત્તાપણું ન થાય. કર્ત્તાપણાનો સ્વભાવ નથી કેમકે તેનો પુરૂષ ભેદમાં પુરૂષાશ્રિત સુખ વગેરેમાં કર્ત્તાપણાનો અસંભવ હોવાથી કેમકે તે તે તેનાથી ભિન્ન હોય છે. જો અભેદપણું હોય તો પુરૂષની જેમ કર્ત્તાપણાની પ્રાપ્તિ થવાથી તેનો અસંભવ થાય છે.

કર્મ પણ નહીં કેમકે જો તે અચેતન હોય તો એક શરીરમાં બે ચેતનપણાની પ્રાપ્તિ થવાની આપત્તિ આવશે. જો અચેતન હોય તો અસ્વતંત્રને કર્ત્તાપણાની પ્રાપ્તિ ન થાય પત્થરના ટૂકડાની જેમ તેથી નિયતિકૃત જ છે. આ પ્રમાણે નિયતિવાદિઓ કહે છે. તેનું ખંડન કરે છે. એ વાત બરાબર નથી. કારણ કે નિયતિવાદનો આશ્રય કરવાથી પરલોકસાધિકા જે ક્રિયાઓ છે. તેમાં પ્રવૃત્ત થતી નથી. એ ભાવ છે. તેથી સુખ વગેરે કેટલીક નિયતિકૃત છે. કેટલીક આત્મપુરૂષકાર ઈશ્વર વગેરે પ્રાપ્ત કરાવેલ છે. આથી જ પુરૂષકાર કૃતપણે હોવાથી તેની વિચિત્રતાથી ફળ પણ વિચિત્ર થાય છે. વિચિત્ર કારણોના નિમિત્તથી વિચિત્ર કાર્યો થાય છે. જેનું કોઈપણ ફળાભાવ હોય તે અદૃષ્ટકૃતના પણ કારણપણાથી હોય છે. કાલકૃતપણામાં દોષ નથી. કેમકે વિશિષ્ટકાળે વિશિષ્ટકાર્યની ઉત્પત્તિ દેખાય છે. કર્મના નિમિત્તપણાથી કાળ એક જ હોવા છતાં પણ વિચિત્ર જગતની ઉત્પત્તિ સંભવે છે. તથા ત્યાં ત્યાં ઉત્પત્તિ દ્વાર વડે સકલ જગત વ્યાપેલું હોવાથી આત્મા ઈશ્વર તેના સુખ-દુઃખની ઉત્પત્તિના કર્ત્તાપણામાં પણ વિવાદ વગર જ ઈશ્વરના ભૂલનો અભાવ છે. તેથી કેવલ નિયતિ વગેરે વાદો અસભ્ય પ્રવૃત્તિવાળા હોવાથી આત્મદુઃખથી છોડાવનારા નથી. ॥૧૦॥

एवम्भूताः सर्व एव वादा अज्ञानवादा नात्मशान्तिप्रदा इत्याशयेनाह-

**स्वदर्शनानुरागिण एते संसारानुवर्त्तिनः ॥११॥**

**स्वेति,** एते नियत्यादिवादिनः कदाचिदपि संसारं नातिवर्त्तन्ते, स्वोत्प्रेक्षितासत्कल्पनापूर्णदर्शनानुरागित्वात् आत्मपरित्राणसमर्थेऽनेकान्तवादे युक्त्युपपन्ने शङ्कितत्वाच्च, ते हि बहुदोषं नियत्याद्येकान्तवादमेव निःशङ्कभावेनावलम्बमाना अत्राणे त्राणबुद्धिं विदधाना अज्ञानिनः कर्मबन्धस्थानेषु संपरिवर्त्तन्ते, अत एव तेऽनार्या मिथ्यादृशः क्षान्त्यादिसद्धर्मप्ररूपणायामसद्धर्मप्ररूपणामतिं पापोपादानभूतप्ररूपणायाञ्च सद्धर्मप्ररूपणामतिं कुर्वन्ति, परिव्राजका अपि सन्तो हेयोपादेयार्थानाविर्भावकं परस्परविरोधपरिपूर्णं छिन्नमूलमच्छिन्नमूलं वा गुरूपरम्परायातं ज्ञानं परमार्थवेदिनोऽनुसरन्ति, न तु तद्वक्तार सर्वज्ञोऽयं न वेति विमर्शयन्ति । वदन्ति च 'सर्वज्ञोऽसाविति ह्येतत्तत्कालेऽपि बुभुत्सुभिः । तज्ज्ञानज्ञेयविज्ञानरहितैर्गम्यते कथमि'ति । एते चाज्ञानिनो निजं मार्गं शोभनत्वेन परकीयञ्चाशोभनत्वेन मन्यमानाः स्वयं मूढाः परानपि मोहयन्ति तीव्रञ्च पापमनुभवन्ति ॥११॥

આવા પ્રકારના બધા જ વાદો અજ્ઞાનવાદો છે. આત્માને શાંતિ આપનારા નથી. એવા આશયથી કહે છે.

**સૂત્રાર્થ :- આ બધા પોતાના દર્શનના રાગીઓ સંસાર તરફ અનુવર્તન એટલે જનારા છે.**

**ટીકાર્થ :-** આ નિયતિ આદિ વાદિઓ ક્યારે પણ સંસારને પાર ઉતારતા નથી. પોતાની વિચારણાનું સાર અસત્ કલ્પનાનું સાર અપૂર્ણ દર્શનાનુરાગી હોવાથી આત્મરક્ષા કરવામાં સમર્થ અને અનેકાંતવાદમાં યુક્તિયુક્ત હોવામાં શંકાયુક્ત હોવાથી તે પણ બહુદોષવાળા નિયતિ વગેરે એકાંતવાદને જ નિઃશંકભાવે અવલંબન કરતા અત્રાણણમાં (અરક્ષણમાં) ત્રાણ (રક્ષણ) બુદ્ધિ ધારણ કરતા અજ્ઞાનીઓ કર્મબંધના સ્થાનોમાં પરિવર્તન કરે છે. આથી જ તે અનાર્ય મિથ્યાદષ્ટિઓ ક્ષમા વગેરે સદ્ધર્મની પ્રરૂપણામાં અસદ્ધર્મ પ્રરૂપણાની બુદ્ધિને પામેલા દાનરૂપ પ્રરૂપણામાં સદ્ધર્મ પ્રરૂપણાની બુદ્ધિને કરે છે. પરિવ્રાજકો પણ વિદ્યમાન રહેલા હેયોપાદેય આવિર્ભાવક અર્થોને પરસ્પર વિરોધથી ભરેલા છિન્નમૂળવાળા કે અછિન્નમૂળવાળા કે ગુરૂપરંપરાથી આવેલા જ્ઞાનને પરમાર્થ વેદીઓ અનુસરે છે. તેના બોલનારા આ સર્વજ્ઞ નથી જાણતો એવું વિચારે નહીં અને બોલે છે કે, 'આ કાલમાં પણ આ સર્વજ્ઞ છે. ભોગવનારાઓ વડે બોલાય છે. તે જ્ઞાન, જ્ઞેય, વિજ્ઞાન વગરના વડે કેવી રીતે જણાય છે. આ અજ્ઞાનીઓ પોતાનો રસ્તો સારો હોવાથી અને બીજાનો રસ્તો ખરાબ-અશોભનીય હોવાનું માનતા પોતે જાતે મૂરખા (મૂર્ખા) બનેલા બીજાને પણ મૂરખા બનાવતા તીવ્ર પાપનો અનુભવ કરે છે. ॥૧૧॥

अथ ज्ञानावरणादिकर्मचिन्तनविधुराणां क्रियावादिनां मतं निराकरोति–

**चतुर्विधं कर्म नोपचीयत इति केचित्तन्न, तत्रापि कर्मबन्धात् ॥१२॥**

**चतुर्विधमिति,** परिज्ञोपचितमविद्योपचितमीर्यापथं स्वप्नान्तिकञ्चेति चतुःप्रकारं कर्मबन्धं नेच्छन्ति केचित्, तत्र प्रथमं यथा यः कश्चित् क्रोधादिनिमित्तान्मनोव्यापारमात्रेण प्राणिनो व्यापादयति न तु कायेन तद्व्यापारे वर्त्तते न तस्य कर्मोपचयो भवतीति । द्वितीयं यथाऽजानानः कायव्यापारमात्रेण प्राणिनं यो हिनस्ति तत्रापि मनोव्यापाराभावान्न कर्मोपचय इति । तृतीयञ्च गमनविषयं यथा व्रजतोऽध्वनि यथाकथञ्चिदनभिसन्धेर्यत्प्राणिव्यापादनं भवति न तत्र कर्मबन्ध इति । चतुर्थञ्च स्वप्न एव लोकोत्तया स्वप्नान्तः तत्र भवं तदपि न कर्मबन्धाय, यथा स्वप्ने भुजिक्रियायां तृप्त्यभावः तथा कर्मणोऽपीति । कर्मबन्धस्तु हन्यमानो यदि प्राणी स्यात्, हन्तुश्च यद्ययं प्राणीत्येवं ज्ञानमुत्पद्येत, तथैनं हन्मीत्येवमपि यदि बुद्धिः स्यात्, एतेषु सत्सु यदि कायचेष्टा प्रवर्त्तते, तस्यामपि यद्यसौ प्राणी व्यापाद्यते ततो हिंसा ततश्च कर्मोपचयो भवतीति, एषामन्यतमाभावेऽपि न हिंसा न वा कर्मचयः । किन्तूक्तेन चतुर्विधेनापि कर्मणा स्पर्शमात्रानुभवयोग्यं कर्म भवति न तु तस्याधिको विपाकोऽस्ति, कुड्यापतितसिकतामुष्टिवत्स्पर्शानन्तरमेव परिशाटनात्, अत एवोपचयाभाव उक्तो न त्वत्यन्ताभाव इति केषाञ्चिन्मतं तन्निराकरोति तन्नेति, तत्रापीति, केवलमनःप्रद्वेषादिस्थलेऽपीत्यर्थः, मन एव हि कर्मोपचये प्रधानं कारणम्, मनोरहितकेवलकायव्यापारसत्त्वे कर्मोपचयाभावस्य तैरप्यङ्गीकृतत्वात्, तथा चान्वयव्यतिरेकाभ्यां मनः प्रधानं कारणम्, न च कायचेष्टारहितमकारणम्, भावशुद्ध्या निर्वाणमधिगच्छतीति भणता भवता मनस एवैकस्य प्राधान्यस्वीकारात्, तथा क्लिष्टमनोव्यापारः कर्मबन्धायेति च स्वीक्रियते तथा च कथं न तत्र कर्मबन्धः । ईर्यापथेऽप्यनुपयुक्तगमने क्लिष्टचित्तत्वात्कर्मबन्धो भवत्येव, उपयुक्तगमने त्वप्रमत्तत्वादबन्धक एव, स्वप्नान्तिकेऽप्यशुद्धचित्तसद्भावादीषद्बन्धो भवत्येव, तस्माच्चतुष्टये कर्मोपचयाभाववादिनो विपरीतानुष्ठानतया प्राकृतपुरुषसदृशा एव न मोक्षसुखसङ्गिनोऽनन्तमपि कालं जन्मजरामरणादिक्लेशमनुभवन्त एवासत इति ॥१२॥

હવે જ્ઞાનાવરણાદિ વગેરે કર્મના ચિંતન રહિત ક્રિયાવાદીઓના મતનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- ચારે પ્રકારના કર્મો સ્વીકારતો નથી. એ પ્રમાણે કેટલાક કહે છે - તે વાત બરાબર નથી. કેમકે ત્યાં પણ કર્મબંધ થતો હોવાથી.**

**ટીકાર્થ :-** (૧) પરિજ્ઞોપચિતમ્ (૨) અવિદ્યોપચિતમ્ (૩) ઐર્યાપથમ્ (૪) સ્વપ્નાન્તિકમ્ આ પ્રમાણે ચાર પ્રકારના કર્મબંધન ન ઈચ્છતા કેટલાક જીવ.

(૧) તેમાં પહેલો પ્રકાર આ પ્રમાણે છે. કોઈક ક્રોધ વગેરેના નિમિત્તથી મનોવ્યાપારના નિમિત્ત માત્રથી પ્રાણિનો નાશ કરે. પણ કાયાથી તે ક્રિયામાં પ્રવર્ત્તતો નથી. તો તેને કર્મનો બંધ થતો નથી. (૨) બીજો પ્રકાર જેમ કોઈક અજાણ્યો શરીરની ક્રિયા વડે પ્રાણીની હિંસા કરે તેમાં પણ મનના વ્યાપારનો અભાવ હોવાથી કર્મબંધ નથી. (૩) ત્રીજો પ્રકાર ગમનવિષયક જેમ રસ્તામાં જતાં જેમ તેમ કોઈક ઉપયોગ વગર જે કોઈક જીવનો પ્રાણનાશ કરે તેમાં તેને કર્મબંધ નથી. (૪) ચોથો પ્રકાર જેમ સ્વપ્નમાં જ લોકોકિત વડે સ્વપ્નમાં જે કંઈ ક્રિયા થાય તે પણ કર્મબંધ માટે થતી નથી. જેમ સ્વપ્નમાં ભોજન ક્રિયા કરવાથી તૃપ્તિનો અભાવ થાય છે. તેવી રીતે સ્વપ્નમાં જે ક્રિયા થાય તેમા કર્મબંધનો અભાવ હોય છે. કર્મબંધ તો જ્યારે પ્રાણિ હણાતો હોય ત્યારે થાય છે. જ્યારે આ પ્રાણી હણું છું. એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તથા આ જો હું હણું છુ આવા પ્રકારની જો બુદ્ધિ થાય, અથવા આવા પ્રકારની પરિસ્થિતિમાં જો કાયાની ક્રિયા પ્રવર્ત્તે તેમાં પણ જો એ પ્રાણી મરી જાય તો હિંસા લાગે, તેનાથી કર્મ બંધ થાય. એમાં બીજા કોઈ પ્રકારે અભાવે હિંસા થતી નથી કે કર્મબંધ થતો નથી. કર્મબંધ તો પ્રાણી હણાય ત્યારે આ જીવને હણું આ પ્રમાણેનું જ્ઞાન ઉત્પન્ન થાય. તથા આને હું હણું આવા પ્રકારની જો બુદ્ધિ થાય. આ બધા વિકલ્પોમાં જો કાયાની ક્રિયા પ્રવર્ત્તે છે. તેમાં પણ જો આ પ્રાણી મરે તો હિંસા લાગે તેથી કર્મબંધ થાય. એમને બીજા વિકલ્પોના અભાવ હોવાથી હિંસા થતી નથી. તેમજ કર્મબંધ થતો નથી. કિન્તુ કહેલા ચારે પ્રકારના કર્મના સ્પર્શ માત્રથી અનુભવ યોગ્ય કર્મ થાય છે. પણ તેનો અધિક વિપાક થતો નથી. દિવાલના આંતરાઓમાં પડેલ રેતીની મુઠ્ઠીની જેમ અડ્યા પછી તરત જ ખરી પડે છે. આથી જ (ઉપબંધઆયંભાવ) કહ્યો. ઉપચય અભાવ કહ્યો નથી. વળી અત્યંત અભાવ છે. એવો કોઈનો મત છે.

તેનું નિરાકરણ કરે છે.

તત્રાપીતિ - તે વાત બરાબર નથી. તેમાં પણ દોષ છે. ફક્ત મનઃપ્રદ્વેશ વગેરે સ્થળોએ પણ, મન જ કર્મ ગ્રહણમાં પ્રધાન (મુખ્ય) કારણ છે. મન વગર ફક્ત શરીરની ક્રિયા હોવા માત્રથી કર્મગ્રહણ અભાવનો તેઓ વડે સ્વીકારેલ હોવાથી, તથા અન્વયવ્યતિરેક વડે મન જ પ્રધાન કારણ છે. કાયાની ક્રિયા વગર અને કારણ વગર નથી થતું. ભાવ શુદ્ધિ વડે નિર્વાણની પ્રાપ્તિ થાય છે. એમ બોલતા તમારા વડે મનની એક જ પ્રધાનતા સ્વીકારેલ છે તથા ક્લિષ્ટ મનોવ્યાપાર કર્મબંધ માટે સ્વીકારેલ છે. તથા શા માટે ત્યાં કર્મબંધ થતો નથી. ઈર્યાપથિકમાં ઉપયોગ વગર જવામાં ક્લિષ્ટ ચિત્ત હોવાથી કર્મબંધ થાય છે. ઉપયોગપૂર્વક જવામાં તો અપ્રમત્ત હોવાથી અબંધક જ રહે છે. સ્વપ્નાન્તિકમાં પણ અશુદ્ધ ચિત્ત હોવાથી કંઈક કર્મબંધ થાય જ છે. તેથી ચતુષ્કમાં કર્મબંધના અભાવવાદિઓ વિપરીત અનુષ્ઠાનરૂપે પ્રાકૃત પુરૂષ જેવા જ છે. પણ મોક્ષ સુખ સંગીઓ અનંતકાળ સુધી જન્મ-મરણ વગેરે ક્લેશ અનુભવતા નથી રહેતા. ॥૧૨॥

पुनः केषाञ्चिदज्ञानिनां मतमादर्शयति-

**ब्रह्मेश्वरादिकृतो लोक इति प्रमाणविरुद्धं केचिदाहुः ॥१३॥**

**ब्रह्मेति**, केचिदेवमाहुः, ब्रह्मा जगत्पितामहः, स चैक एव जगदादावासीत्, तेन च प्रजापत्यादिक्रमेण सकलं जगत्सृष्टमिति अन्ये तु तनुभुवनादिकं बुद्धिमत्कारणपूर्वकं कार्यत्वात्, संस्थानविशेषवत्त्वाद्वा, घटादिवदिति मानमुपन्यसन्त ईश्वरकृतं जगदाहुः । अपरे च सत्त्वरजस्तमसां साम्यावस्थालक्षणया प्रकृत्या महदहङ्कारादिक्रमेण जगदुत्पत्तिमभिदधति, एवंरूपाः सर्वे वादा मृषा वादा एव, प्रमाणैर्विरुद्धत्वात् । अयं हि लोको द्रव्यार्थतया न निर्मूलतः कदापि विनश्यति, अतो नादितः केनचित् क्रियते, अपि तु लोकोऽयमभूद्भवति भविष्यति च । न हि स ब्रह्मादिभिः कृत इत्यत्र किञ्चित् प्रमाणमस्ति, किञ्चासौ ब्रह्माऽनुत्पन्नो न तं सृजति, खरविषाणस्येवासत्त्वेन कारणत्वासम्भवात् स्वत उत्पन्नो यदि सृजेत् तदा लोकोऽपि स्वतः कुतो नोत्पद्यते, यदि त्वन्यत उत्पन्नः सृजति तर्ह्यनवस्था, यदि सोऽनादिस्तर्हि लोकोऽपि तथा भवतु को दोषः । किञ्चासावनादिः सन्नित्यस्तर्हि क्रमयौगपद्याभ्यामर्थक्रियाऽसम्भवान्न कर्त्ता भवेत्, यदि चानित्यस्तदोत्पत्त्यनन्तरं विनाशित्वात्स्वस्यैव त्राणायासमर्थतया कुतोऽन्यत्करणं प्रति तस्य व्यापृतिर्भवेत् । अपि चासौ यद्यमूर्त्तस्तदाऽऽकाशस्येवाकर्त्ता भवेत् । मूर्तश्चेत् प्राकृतपुरुषस्येवोपकरणसव्यपेक्षस्य सकलजगत्कर्तृत्वं कथं स्यादिति न ब्रह्मकर्त्तृत्ववादः प्रमाणसिद्धः । ईश्वरकर्तृत्वानुमानमपि न प्रमाणम्, व्याप्त्यसिद्धेः, कार्यस्य कारणपूर्वकत्वमात्रेणैव व्याप्तेः, न तु तथाविधविशिष्टकारणपूर्वकत्वेन, कार्य-विशेषोपलब्धौ कारणविशेषप्रतिपत्तिस्तु गृहीतप्रतिबन्धस्यैव भवति, न त्वत्यन्तादृष्टे तथा प्रतीतिः, न हि सरित्समुद्रपर्वतादौ बुद्धिमत्कारणपूर्वकत्वेन हेतौ सम्बन्धो गृहीतः । एवं घटादिसंस्थानदर्शनवत् पर्वतादावपि संस्थानदर्शनान्न बुद्धिमत्कारणपूर्वकत्वस्य सिद्धिः, संस्थानमात्रस्य बुद्धिमत्कारणपूर्वकत्वासिद्धेः, अन्यथा मृद्विकारत्वाद्घटवद्वल्मीकस्यापि कुम्भकारकृतिः सिद्ध्येत्, तस्माद्यदेव संस्थानं बुद्धिमत्कारणपूर्वकत्वेन गृहीतं तदेव तथाविधकारणानुमापकं न संस्थानमात्रम्, किञ्च घटादिसंस्थानानि कुम्भकारकर्त्तृतया लक्षितानि, नेश्वरकर्त्तृतया, तत्रापि तस्य निमित्तत्वे दृष्टहानिरदृष्टकल्पना च स्यात् । अपि च घटादेः कर्त्ताऽनित्याव्यापित्वेनोपलब्धस्तद्दृष्टान्तेन साध्यमानस्तथाविध एव कर्त्ता सिद्ध्येत्, अन्यथाभूतस्य च दृष्टान्ताभावतो व्याप्तिसिद्धिर्न भवेत्, तस्मान्नेश्वरकर्त्तृकत्वं लोकस्येति तद्वादो मिथ्यावाद एव । तथा प्रधानादिकृतो लोक इत्यपि प्रमाणविरुद्धम्, तस्यामूर्त्तत्वे मूर्त्तस्य न तत

उत्पत्तिः स्यान्न हि गगनादितो मूर्त्तस्य कस्यचिदुत्पत्तिर्दृश्यते, मूर्त्तत्वे तु तस्य स्वत उत्पत्तौ लोकस्यापि तथोत्पत्तिप्रसङ्गः, न च तस्यान्यत उत्पत्तिरनवस्थाप्रसक्तेः, अनुत्पन्नस्य तस्य कारणत्वे तु लोकस्यापि कुतो नानुत्पादः, किञ्च सत्त्वरजस्तमसां साम्यावस्था प्रधानमित्युच्यते, नाप्यविकृतात्तस्मान्महदाद्युत्पत्तिरिष्यते, विकारे तु न तस्य प्रधानतेति कथं प्रधानान्महदाद्युत्पादो भवेत् । किञ्च प्रकृतेरचेतनतया न पुरुषार्थं प्रति तस्याः प्रवृत्तिरिति कथमात्मोपभोगाय सृष्टिः स्यात् । न च तस्यास्तथाविधस्वभावत्वमिति वाच्यम्, ततो बलीयस्त्वेन स्वभावादेव लोकोत्पत्तिप्रसङ्गात् । यदि तस्यैव कारणता स्वीक्रियते तदा न काचित् क्षतिः, स्वो हि भावः स्वभावः स्वकीयोत्पत्तिः, सा च पदार्थानामिष्यत एव, उत्पादव्ययध्रौव्यात्मकत्वाद्वस्तूनामिति न प्रकृतिकर्तृतावादो युज्यत इति, तदेवंवादिनो लोकस्यानाद्यपर्यवसितस्योर्ध्वाधश्चतुर्दशरज्जुप्रमाणस्य वैशाखिस्थानस्यकटिन्यस्तकरयुग्मपुरुषाकृतेरधोमुखमल्लकाकारसप्तपृथिव्यात्मकाधोलोकस्य स्थालाकारासंख्येयद्वीपसमुद्राधारमध्यलोकस्य मल्लकसमुद्गकाकारोर्ध्वलोकस्य धर्माधर्माकाशपुद्गलजीवात्मकस्य द्रव्यार्थतया नित्यस्य पर्यायापेक्षया क्षणक्षयिण उत्पादव्ययध्रौव्यापादितद्रव्यसत्त्वस्यानादिजीवकर्मसम्बन्धापादितानेकभवप्रपञ्चस्याष्टविधकर्मविप्रमुक्ताऽऽत्मलोकान्तोपलक्षितस्य तत्त्वमजानानाः सन्तो मृषा वदन्तीति ॥१३॥

વળી કેટલાક અજ્ઞાનીઓના મતને બતાવે છે.

**सूत्रार्थ :- બ્રહ્મા ઈશ્વરાદિએ કરેલ છે. એ વાત પ્રમાણ વિરૂદ્ધ છે. એમ કેટલાક કહે છે.**

**टीकार्थ :-** કેટલાક આ પ્રમાણે કહે છે. બ્રહ્મા જગત્ પિતામહ છે. જગતના દાદા છે. તે એક જ જગત્‌ની શરૂઆતમાં પહેલા હોય છે તેના વડે પ્રજાપતિ વગેરે ક્રમપૂર્વક સંપૂર્ણ જગત રચ્યું છે. કેટલાકો શરીર ભુવન વગેરેને બુદ્ધિ માને એ કારણપૂર્વક કર્યું હોવાથી સંસ્થાન એટલે આકાર વિશેષવાળા હોવાથી ઘટ વગેરેની જેમ માન જણાવતા ઈશ્વરે કરેલ જગત છે. એમ કહે છે. બીજાઓ સત્વર જો તમો એ ત્રણ ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિ વડે મહત્ અહંકાર વગેરે ક્રમપૂર્વક જગતની ઉત્પત્તિને કહે છે. આવા પ્રકારના સર્વે વાદો મૃષા એટલે ખોટા વાદો છે. કારણ કે પ્રમાણોથી વિરૂદ્ધ છે માટે. આ લોક દ્રવ્યાર્થરૂપે મૂળથી ક્યારે પણ નાશ પામશે નહીં. આથી શરૂઆત કોઈ વડે કરાયું નથી, પણ આલોક ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે. અને ભવિષ્યમાં રહેશે. તે લોક બ્રહ્મા વગેરે કોઈએ પણ કર્યો હોય એમાં કોઈપણ પ્રમાણ મળતું નથી. વળી આ અનુત્પન્નો બ્રહ્મા તેનું સર્જન કરી શકતો નથી. ગધેડાના શિંગડાની જેમ અસત્ત્વમાંથી કારણપણાનો અસંભવ હોય છે. પોતાની જાતે ઉત્પન્ન જેમ થયેલામાંથી રચે તો પછી લોક પણ પોતાની જાતે કેમ ઉત્પન્ન થાય. જો બીજાથી ઉત્પન્ન થયેલો રચે તો અનવસ્થા થાય છે.

જો તે અનાદિ હોય તો લોકપણ તેવા પ્રકારનો થાઓ તેમાં શું દોષ છે. વળી જો તે અનાદિ હોય નિત્ય હોત તો પછી ક્રમસર કે યુગપત્ એ બંને રીતે અર્થક્રિયાનો અસંભવ હોવા પછી કર્ત્તા કોઈ બની શકે નહીં. જો અનિત્ય હોય તો ઉત્પત્તિ પછી તરત જ વિનાશ થતો હોવાથી એને જ રક્ષવા માટે અસમર્થ હોવાથી શી રીતે અન્યકરણ તરફ તેનો વ્યાપાર ક્રિયા થાય છે. કદાચ જો અમૂર્ત્ત એટલે અરૂપી હોય તો આકાશની જેમ અકર્ત્તા થાય છે. જો મૂર્ત્ત એટલે રૂપી હોય પ્રાકૃત એટલે સામાન્ય પુરૂષની જેમ ઉપકરણની અપેક્ષાપૂર્વક સમસ્ત જગતના કર્ત્તાપણું શી રીતે થઈ શકે ? એ પ્રમાણે બ્રહ્મકર્તૃત્વવાદ પ્રમાણ સિદ્ધ નથી, ઈશ્વર કર્તૃત્વ અનુમાન પણ પ્રમાણભૂત નથી. કેમકે વ્યાપ્તિની સિદ્ધિ ન હોવાથી કાર્યનું કારણ પૂર્વકપણે જ વ્યાપ્તિનું વ્યાપક સાથે વ્યાપ્યપણું હોય છે.

તેવા પ્રકારના વિશિષ્ટ કારણ પૂર્વકપણાથી નહીં, કાર્યવિશેષ ઉપલબ્ધિમાં કારણવિશેષનો સ્વીકારમાં ગ્રહણ કરાયેલ પ્રતિબંધનો જ થાય છે. અત્યંત ન દેખાવાથી તેવા પ્રકારની પ્રતીતિ થતી નથી. નદી, સમુદ્ર, પર્વત વગેરેમાં બુદ્ધિમાન કારણપૂર્વકપણાવડે હેતુ સંબંધ ગ્રહણ કર્યો છે. એ પ્રમાણે ઘટ વગેરેના સંસ્થાન આકાર જોવાની જેમ પર્વત વગેરેમાં પણ સંસ્થાન (આકાર) જોવા માત્રથી બુદ્ધિમાન કારણપૂર્વક પણ સિદ્ધિ નથી થતી. સંસ્થાન માત્રની બુદ્ધિમાન કારણપણાની અસિદ્ધિ થાય છે. નહિ તો માટીના વિકારપણાથી ઘડાની જેમ વલ્મીક (રાફડો) પણ કુંભારની રચના થશે. તેથી જ સંસ્થાન બુદ્ધિમાં ન કારણપૂર્વકપણે ગ્રહણ કરેલ હોવાથી ત્યારે જ તેવા પ્રકારના કારણોનું માપક હોય છે, પણ સંસ્થા જ માત્ર નહીં. વળી ઘટ વગેરે આકારો કુંભાર વગેરેથી થયેલા જણાય છે. પણ ઈશ્વર કર્તૃત્વપણે જણાતું નથી, તેમાં પણ તેના નિમિત્તપણામાં દુષ્ટ હાનિ અને દુષ્ટ કલ્પના થાય છે. ઘટ વગેરેના કર્ત્તા પણ અનિત્ય, અવ્યાપ્તિપણા વડે ઉપલબ્ધ તેના દૃષ્ટાંત વડે સાધ્ય માન તેવા પ્રકારના જ કર્ત્તા સિદ્ધ થાય છે. અને અન્યથા ભૂતના દૃષ્ટાંતનો અભાવ હોવાથી વ્યાપ્તિ સિદ્ધિ થતી નથી. માટે ઈશ્વર કર્તૃત્વવાદ લોકનો નથી, તે વાદ મિથ્યાવાદ છે. તથા પ્રધાન વગેરે દ્વારા કરાયેલ લોક છે. એ પણ પ્રમાણ વિરૂદ્ધ છે. તે અમૂર્ત્તપણે હોવાથી તેમાંથી મૂર્તિની ઉત્પત્તિ નથી થતી. આકાશ વગેરેમાંથી કોઈપણ મૂર્તની ઉત્પત્તિ દેખાતી નથી. મૂર્તપણામાં તેની ઉત્પત્તિ થતી હોવાથી લોકની પણ તે પ્રકારની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. તેની બીજાથી ઉત્પત્તિ નથી કારણ, કારણ કે અનવસ્થાનો પ્રસંગ આવશે. અનુત્પન્ન તેનો કારણપણું હોવાથી લોકનો પણ કેવી રીતે અનુત્પત્તિ હોય. વળી સત્ત્વરજતમસ ભાવની સામ્યાવસ્થા પ્રધાન કહેવાય છે. અવિકૃતપણાથી નહીં, તેથી મહત્ વગેરેથી ઉત્પત્તિ ઈચ્છીએ છીએ. વિકારમાં તેની પ્રધાનતા નથી તો પછી શી રીતે પ્રધાનથી મહદાદિની ઉત્પત્તિ થાય. વળી પ્રકૃતિ અચેતનરૂપે હોવાથી તેનો પુરૂષાર્થ તરફની પ્રવૃત્તિ નથી તો પછી આત્મોપભોગાય સૃષ્ટિ થાય. તેનો તેવા પ્રકારનો સ્વભાવપણું છે. એમ પણ ન કહેવું. તેથી બળવાનપણાથી સ્વભાવથી જ લોકોત્પત્તિનો પ્રસંગ આવતો હોવાથી જો તેને જ કારણતા સ્વીકારશો ત્યારે કોઈપણ ભૂલ રહેતી નથી. તે જ

ભાવ, સ્વભાવ, પોતાની ઉત્પત્તિ છે. તે પદાર્થોને ઈચ્છે જ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યતારૂપ હોવાથી પદાર્થોની કર્તૃતા છે. પણ પ્રકૃતિનો કર્તૃતાવાદ (કર્તૃત્વવાદ) જોડાતો નથી. આ પ્રમાણે બોલનારા અનાદિ અનંત લોકમાં ઉર્ધ્વ, અધો, તિર્ચ્છાલોક ચૌદરાજલોક પ્રમાણના વૈશાખી સંસ્થાન આકારના, કમ્મર પર બે હાથ રાખેલ પુરૂષ આકારના, નીચા મુખવાળા (ઉંધા મોઢાવાળા) મલ્લકાકારના સાત પૃથ્વીરૂપ અધોલોક થાળી આકાર અસંખ્યાત દ્વીપ સમુદ્રના આધારરૂપ મધ્યલોકના મલ્લક સમુદ્‌ગાકારરૂપ ઉર્ધ્વલોકના ધર્માધર્મઆકાશપુદ્‌ગલજીવાત્મકરૂપ દ્રવ્યાર્થ રૂપપણે, નિત્યપણે, પર્યાય અપેક્ષાએ ક્ષણક્ષયિન એટલે અનિત્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણાને પામેલા અનાદિ જીવ કર્મસંબંધને પામેલા અનેક ભવના પ્રપંચરૂપ આઠ પ્રકારના કર્મથી મુક્ત થયેલ આત્મલોકાન્ત ઉપલક્ષિત તત્ત્વને નહીં જાણનારા એવા તે મૃષા (જૂઠ) બોલનારા છે. ॥૧૩॥

एते न दुःखपारगामिन इत्याह–

**नैते दुःखविच्छेदोपायज्ञाः, अन्यकृतदुःखाभिमानित्वात् ॥१४॥**

**नैत इति,** पूर्वोदिता अज्ञानिनो न दुःखोच्छेदाय समर्थाः, दुःखं हि निजाशोभनानुष्ठानप्रभवं नान्यस्माद्भवति, एते च तदजानाना ईश्वरादिकृतं दुःखमिति विदन्ति, एवंविधवेदिनां कथं दुःखविघातोपायपरिज्ञानं भवेत्, कारणविच्छेदे हि कार्यस्य विच्छेदो भवेत्, ते च कारणमन्यथा जानन्ति, तस्मात्तदुपायापरिज्ञानात्तैस्तदुद्देशेन विधीयमानस्य च यत्नस्यानुपायत्वान्न दुःखविच्छेदमाप्नुवन्ति, किन्तु जन्मजरामरणादिमहादुःखमये संसार एवानन्तं कालं परिवर्त्तन्त इति ॥१४॥

એઓ દુઃખનો પાર પામનારા થતા નથી. એમ કહે છે.

**સૂત્રાર્થ :- આ કહેલા બધા દુઃખના નાશનો ઉપાયને જાણનારા નથી. બીજાએ કરેલા દુઃખના અભિમાનપણાથી.**

**ટીકાર્થ :-** આગળ કહેલા અજ્ઞાનીઓ દુઃખ વિચ્છેદના ઉપાય માટે સમર્થ નથી. દુઃખ પોતાના અશુભ અનુષ્ઠાનોથી ઉત્પન્ન થયેલ છે, પણ બીજા વડે થતું નથી. આ બધા અજ્ઞાનીઓ ઈશ્વર વગેરેએ કર્યું છે. એ પ્રમાણે બોલે છે. આવા પ્રકારના જાણકારો શી રીતે દુઃખ નાશના ઉપાયને જાણકાર હોઈ શકે ? કારણનો નાશ થાય ત્યારે કાર્યનો નાશ થાય છે. તેઓ કારણને અન્યથા (નકામા) જાણે છે. તેથી તેના ઉપાયને નહીં જાણવાથી તેઓ તેના નાશના ઉદ્દેશથી કરાતા પ્રયત્નનો ઉપાય નહીં હોવાથી દુઃખ વિચ્છેદ પ્રાપ્ત થતો નથી. કિન્તુ જન્મ ઘડપણ, મરણ વગેરે મહાદુઃખમય સંસારમાં જ અનંતકાળ ભમે છે. ॥૧૪॥

गोशालकमतानुसारिणं दूषयितुमाह–

**पुनः पुनर्मुच्यते रज्यते चेति केचित्तन्न, पुनः कर्मबन्धासम्भवात् ॥१५॥**

**पुनः पुनरिति,** यो ह्यात्मा मनुजभवे शुद्धाचारो भूत्वा व्यपगतनिश्शेषकलङ्कोऽपापत्वान्मोक्षमवाप्य मोक्षस्थ एव स्वशासनपूजामुपलभ्य पुना रागं स्वशासनतिरस्कारदर्शनात् क्रोधञ्च प्राप्नोति, ततश्च क्रमेण मलीमसः कर्मगुरुत्वात्पुनः संसारेऽवतरति तत्र पुनः प्रव्रज्यया संवृतो निर्गतकल्मषो मुच्यते पुनरपि तथैव शासननिमित्तरागद्वेषाभ्यां संसारः पुनश्च शुद्धाचारादकर्मा भवतीति केषाञ्चिन्मतम्, तन्निरस्यति **नेति,** हेतुमाह **पुनरिति,** मुक्ता ह्यपगताशेषकर्मकलङ्काः कृतकृत्या अवगताशेषयथावस्थितवस्तुतत्त्वाः स्तुतिनिन्दासु च समाः अपगतात्मात्मीयपरिग्रहाः, तेषां कथं रागद्वेषानुषङ्गः, तदभावाच्च कथं कर्मबन्धः स्यात् । अत एते सम्यग्ज्ञानविधुराः कथञ्चिद्द्रव्यब्रह्मचर्यादौ व्यवस्थिता अपि न समीचीनानुष्ठानभाज इति न संसारपाशविप्रमुक्ता इति ॥१५॥

ગોશાળાના મતને અનુસરનારા દૂષિત કરતા કહે છે.

**સૂત્રાર્થ :- વારંવાર છૂટવું અને બંધાવું એ પ્રમાણે કેટલાક કહે છે, તે વાત બરાબર નથી, કારણ કે ફરીવાર કર્મબંધ થવો અસંભવ હોવાથી.**

**ટીકાર્થ :-** જે આત્મા મનુષ્યભવમાં શુદ્ધ આચારવાળો થઈને દૂર કર્યા છે સમસ્ત કર્મકલંકવાળો થઈ પાપરહિત થયેલ મોક્ષ પામીને મોક્ષમાં રહેલો જ પોતાના શાસનની પૂજાને પ્રાપ્ત કરી રાગથી પોતાના શાસનનો તિરસ્કાર જોઈને ક્રોધને પામે છે. તેથી અનુક્રમે મલીન થઈ કર્મના ભારેપણાથી ફરીવાર સંસારમાં અવતાર લે છે. ત્યાં ફરી દીક્ષા વડે સંવર ભાવને પામી પાપ રહિત થઈ મુક્ત થાય છે. ફરી પણ તેવી રીતે જ શાસન નિમિત્તે રાગ-દ્વેષ કરી સંસારને પામે છે. ફરીવાર શુદ્ધ આચાર પાળવાથી અકર્મ થાય છે. એમ કોઈકનો મત છે. તેનું નિરસન એટલે ખંડન કરે છે.

આ વાત બરાબર નથી કારણ કે મુક્ત થયેલા, દૂર થયા છે સમસ્ત કર્મકલંકો જેમના કૃતકૃત્ય જાણ્યા છે. સમસ્ત યથાવસ્થિત વસ્તુતત્ત્વો, સ્તુતિ નિંદામાં સમભાવવાળા દૂર કર્યા છે આત્મા અને પોતાના પરિગ્રહવાળા તેઓને શી રીતે રાગ-દ્વેષનો સંબંધ હોઈ શકે ? તે રાગદ્વેષનો અભાવ હોવાથી શી રીતે કર્મબંધ થાય ? આથી એ લોકો સમ્યગ્‌જ્ઞાન વગરના કંઈક દ્રવ્ય બ્રહ્મચર્ય વગેરેમાં રહેલા છતાં પણ સમ્યગ્ સારી રીતે અનુષ્ઠાન કરનારા થતા નથી એટલે સંસારના પાશ એટલે બંધનથી મુક્ત થતાં નથી. ॥૧૫॥

एतेषां सङ्गपरित्यागो विवेकिना कार्य इत्याह–

**बालानेतान् परिज्ञाय मध्यस्थः संयमं चरेत् ॥१६॥**

बालानिति, एते पूर्वव्यावर्णितास्तीर्थिका बालाः, सदसद्विवेकवैकल्याद्यत्किञ्चन कारिणो भाषिणश्च, तथा परीषहोपसर्गैः कामकोधादिभिश्च जिता अत एव च न काञ्चित्त्रातुं समर्थाः,

बालत्वादेव च धनधान्यादिभिः संयोगं विहाय वयं प्रव्रजिताः निःसङ्गा इत्युत्थायापि परिग्रहारम्भेष्वासक्ता गृहस्थयोग्यव्यापारोपदेशादिषु प्रवर्त्तन्ते तानेतान् पाखण्डिलोकानेते मिथ्यात्वोपहतान्तरात्मानः सदसद्विवेकशून्या नात्मनेऽन्यस्मै वा हितायेति सम्यगवगम्य विदितवेद्यो भिक्षुर्न तैः सम्पर्कं विदध्यात्, तीर्थिकेषु गृहस्थेषु पार्श्वस्थेषु वा परिहृतसम्बन्धो मध्यस्था रागद्वेषयोरन्तरालेन सञ्चरन् कथञ्चित् तीर्थिकादिभिः सह सत्यपि सम्बन्धे त्यक्ताहङ्कारो भावतस्तेष्वप्रलीयमानस्तेषां निन्दामात्मनश्च प्रशंसां परिहरन् धर्मोपकरण-व्यतिरेकेण शरीरोपभोगार्थमीषदपि परिग्रहं परिहरन् तपोज्ञानमदमप्यकुर्वन् संयमं चरेत् ॥१६॥

વિવેકીઓએ આ બધાનો સંગ છોડી દેવો જોઈએ એ પ્રમાણે કહે છે.

**સૂત્રાર્થ :- આ બાલોને એટલે અજ્ઞાનીઓને જાણી મધ્યસ્થ થઈ સંયમમાં વિચરે.**

**ટીકાર્થ :-** પૂર્વમાં વર્ણવેલા આ બાળતીર્થિકો એટલે સતસત્ વિવેકથી રહિત એવા જે કંઈ કરે અથવા બોલે, તથા પરિષહ ઉપસર્ગો વડે, કામક્રોધ વગેરે વડે જીતાયા હોવાથી એઓ કોઈને પણ રક્ષણ સમર્થ થતા નથી. બાળ હોવાથી જ ધનધાન્ય વગેરેનો સંયોગ છોડી અમે પ્રવ્રજિત નિઃસંગ છીએ એ પ્રમાણે ઉઠીને ? પણ પરિગ્રહ આરંભોમાં આસક્ત થયેલા ગૃહસ્થ યોગ્ય વ્યાપાર ઉપદેશ વગેરેમાં પ્રવર્તે છે. આ બધા પાખંડી લોકો મિથ્યાત્વથી હણાયેલ અંતરાત્માવાળા સદસદ્વિવેકશૂન્ય બુદ્ધિવાળા પોતાના અને બીજાના હિત માટે સારી રીતે જાણી ભોગવવા યોગ્યને સારી રીતે જાણી ભિક્ષુ તેઓની સાથે સંપર્ક કરતા નથી. (અન્ય) તીર્થિકો, ગૃહસ્થો, પાસત્થા વગેરે સાથે સંબંધ છોડી મધ્યસ્થ ભાવ ધારણ કરી રાગ-દ્વેષની મદદમાં વિચરતો કંઈક તીર્થીકાદિ સાથે સંબંધ હોવા છતાં અહંકારને છોડી ભાવથી તેમાં એકીભાવને નહીં પામેલા તેઓ નિંદા પોતાની પ્રશંસાનો ત્યાગ કરતા, ધર્મોપકરણ સિવાય શરીરના ઉપભોગ માટે થોડો પણ પરિગ્રહનો ત્યાગ કરતા, તપજ્ઞાનમદને નહીં કરતા સંયમમાં વિચરે. ॥૧૬॥

मतान्तराण्यपि सङ्गृह्य निराचष्टे-

**अत्रेवान्यत्र लोको नित्योऽनित्यो वा बहुज्ञ इश्वरो नापुत्रस्य गतिरित्यादयो वादा निष्प्रमाणाः क्रियावैफल्यात् ॥१७॥**

**अत्रेवेति,** तत्त्वविपर्यस्तमतीनां केषाञ्चिदभ्युपगम इत्थं-अस्मिन् जन्मनि जीवा यदि पुरुषास्तर्हि परभवेऽपि ते पुरुषा एव न स्त्रियो न वा त्रसाः स्थावरा वा, इह भवे स्त्रियश्चेत् परत्रापि स्त्रिय एवेति, तथा लोकोऽपि सप्तद्वीपात्मकोऽप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावः, अथवा निरन्वयं विनाशी, यद्वा द्व्यणुकादिरूपेण भवन्नपि परमाणुर्न परमाणुत्वं जहातीति नित्यः, दिगात्माकाशाद्यपेक्षया वा न विनाशी, एवं ईश्वरोऽपि बहुज्ञ एव न तु सर्वज्ञः कीटसंख्यादि-

परिज्ञानवैयर्थ्यात् । तथा नापुत्रस्य सन्ति लोकाः, ब्राह्मणा देवाः श्वानो यक्षाः, गोभिर्हतस्य गोघ्नस्य वा न सन्ति लोका इत्येवं नैर्युक्तिका वादाः केचिज्जगुः, तदेते वादाः प्रमाणरहिता इत्याह **निष्प्रमाणा इति,** अत्रेव परत्रापि जीवो यदि भवेत्तदा दानाध्ययनजपनियमतपोऽनुष्ठानादिकाः सर्वाः क्रिया अनर्थिका भवेयुरित्याह **क्रियावैफल्यादिति,** तस्मात्स्थावरजङ्गमा जीवाः निजनिजकर्मानुगुण्येन परस्परं सङ्क्रमन्तीति भावः, लोकोऽपि नाप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावः, प्रत्यक्षबाधितत्वात्, क्षणभाविपर्यायानास्कन्दितस्य कस्यापि वस्तुनः प्रत्यक्षतोऽनिश्चयात्, निष्पर्यायश्च वस्तु खपुष्पसदृशमेव । यदि तु स्वजात्यनुच्छेदान्नित्यतेत्युच्यते तर्हि सा परिणामानित्यतैवेत्यस्मन्मतप्रवेशः । आकाशादेरप्यविनाशित्वं न युक्तमुत्पादव्ययध्रौव्यात्मकत्वव्याप्यत्वाद्वस्तुत्वस्य, अन्यथा वस्तुत्वमेव तस्य न भवेत् । ईश्वरो बहुज्ञ एव न तु सर्वज्ञ इत्यप्ययुक्तम्, बहुज्ञत्वेऽपि तस्य सर्वज्ञत्वाभावे न प्रेक्षापूर्वकारिभिर्ग्राह्यता भवेत्, हेयोपादेयोपदशप्रदानवैकल्यात्, तथा तस्य कीटसंख्यापरिज्ञानमप्युपयोग्येव, एतद्विषयपरिज्ञानाभावेऽपरत्रापि हेयोपादेयेष्वपरिज्ञानत्वशङ्कया तत्र प्रेक्षापूर्वकारिणां प्रवृत्तिर्न स्यात्, तत्परिपालनमपि सम्यङ्न भवेत् तस्मात्तस्य सर्वज्ञत्वमेष्टव्यमेव । अपुत्रस्य न सन्ति लोका इत्याद्यभिधानमपि युक्तिरहितमेव, पुत्रसत्तामात्रेण यदि विशिष्टलोकावाप्तिस्तर्हीन्द्रमहकामुकगर्त्तावराहादिभिर्लोका व्याप्ता भवेयुः, तेषां बहुपुत्रत्वसम्भवात् यदि पुत्रकृतानुष्ठानविशेषात्तर्हि पुत्रेणैकेन शुभेऽनुष्ठितेऽपरेण चाशुभे तत्र का वार्त्ता, निजकृतानुष्ठानवैयर्थ्यमपि भवेत्, तस्मान्नैते वादाः प्रमाणोपपन्ना इति ॥१७॥

મતાંતરોનો પણ સંગ્રહ કરી તેનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- અહીં કે બીજા સ્થળે લોકનિત્ય હોય કે અનિત્ય હોય, અથવા ઘણું જાણનાર ઈશ્વર હોય, અપુત્રીયાની ગતિ હોય નહીં વગેરે વાદો નિષ્પ્રમાણ છે. કારણ કે ક્રિયા નિષ્ફળ જતી હોવાથી.**

**ટીકાર્થ** :- તત્ત્વવિરોધી બુદ્ધિવાળા કેટલાકો જે સ્વીકાર કરે છે તે આ પ્રમાણે છે. જેમકે આ જન્મમાં જીવો જો પુરૂષો હોય તો પરભવમાં પણ તે પુરૂષો જ થાય છે. પણ સ્ત્રી થતા નથી, ત્રસો અથવા સ્થાવરો થતા નથી. આ ભવમાં સ્ત્રીઓ હોય છે તે બીજા ભવમાં પણ સ્ત્રીઓ જ થાય છે. તથા લોક પણ સાતદ્વીપ રૂપ, અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એક સ્વભાવરૂપ માને છે. અથવા નિરન્વય વિનાશી અથવા દ્વયણુકાદિરૂપ વડે થવા છતાં પણ પરમાણુ પરમાણુપણું છોડતું નથી. એ પ્રમાણે નિત્ય છે. દિશા આત્મા આકાશ વગેરે વિનાશી નથી એ પ્રમાણે ઈશ્વરો પણ ઘણા જ છે. પણ સર્વજ્ઞ નથી. કારણ કે કીડીની સંખ્યા વગેરેનું જ્ઞાન વ્યર્થ હોવાથી તથા પુત્ર વગરનો પરલોક નથી, બ્રાહ્મણો દેવો છે. કૂતરાઓ યક્ષો છે. ગાયો વડે હણાયેલો ગોઘ્નિની પરલોકમાં

ગતિ નથી. આવા પ્રકારની યુક્તિ વગરના વાદો કેટલાકો કહે છે. તે આ વાદો પ્રમાણ વગરના છે માટે કહ્યું કે निषप्रमाण જેવી રીતે આ લોકમાં, તેવી રીતે પરલોકમાં પણ જીવ હોય તો દાન, અધ્યયન, જપ, તપ, નિયમ, અનુષ્ઠાન વગેરે સર્વ ક્રિયાઓ અનર્થ કરનારી થાય છે. માટે કહ્યું... क्रियावैफल्यादिति । તેથી સ્થાવર જંગમ એટલે ત્રસ જીવો પોતપોતાના કર્માનુસારે પરસ્પર એકબીજામાં સંક્રમે છે એવું નથી. પ્રત્યક્ષ બાધિત હોવાથી ક્ષણમાં થવાવાળા પર્યાયોને... आस्कन्दि तस्य કોઈપણ વસ્તુઓનો પ્રત્યક્ષપણે નિશ્ચય થતો નથી. નિષ્પર્યાય એટલે પર્યાય વગરની વસ્તુ આકાશના ફૂલની જેમ હોય છે. જો તમે પોતાની જાતિનો અનુચ્છેદપણ નિત્યતા કહેતા હો તો પછી તે પરિણામ અનિત્યતા જ છે. એટલે અમારા મતમાં પ્રવેશ થયો. આકાશ વગેરેનું પણ અવિનાશીપણું યોગ્ય નથી. કારણ કે વસ્તુપણાનું ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મકપણાના-વ્યાપ્યપણાથી. (અન્યથા) વસ્તુત્વ જ તેનું ન થાય. ઈશ્વર બહુજ્ઞ એટલે ઘણું જાણનાર છે. પણ સર્વજ્ઞ નથી. એ પણ યોગ્ય નથી. બહુજ્ઞપણું હોવા છતાં તેનામાં સર્વજ્ઞપણાનો અભાવ હોવાથી તેની વાત વિચારકો વડે ગ્રહણ કરવા યોગ્ય રહેતી નથી. કેમકે ગ્રાહ્ય, ત્યાજય યોગ્ય ઉપદેશ પ્રદાન યોગ્ય વિફળતાવાળી હોવાથી તથા તેમનું કીડીની સંખ્યાનું જ્ઞાનપણ યોગ્ય ઉપયોગી જ છે. આ વિષયના જ્ઞાનના અભાવમાં બીજા સ્થાને પણ હેયોપાદેય વિષયમાં અજ્ઞાન હોવાની શંકાથી તેમાં વિચારકોની પ્રવૃત્તિ થશે નહીં. તેનું પાલન પણ સમ્યક્ થશે નહીં, તેથી તેનું સર્વજ્ઞપણું ઈચ્છનીય જ છે. 'પુત્ર વગરનાની (સદ્) ગતિ નથી.' વગેરે કહેવું પણ યુક્તિ વગરનું જ છે. પુત્ર હોવા માત્રથી જો વિશિષ્ટલોક (દેવલોક)ની પ્રાપ્તિ થતી હોય તો ઈન્દ્રમહની ઈચ્છાવાળો, અખાડાના ભૂંડો વગેરેથી લોક ફેલાઈ જશે. કારણ કે તે સુવ્વરોને (ભૂંડોને) બહુ પુત્રો જન્મે છે. જો પુત્ર વિષયક અનુષ્ઠાન કરવા વિશેષથી તો એક શુભ પુત્ર વડે શુભ અનુષ્ઠાન થાય છે. બીજા વડે અશુભ થાય તેમાં શી વાત કરવી ? પોતાનું કરેલું અનુષ્ઠાન વ્યર્થ જાય છે. તેથી આ બધા વાદો પ્રમાણયુક્ત નથી. ॥૧૭॥

इत्थं समयनिरूपणमभिधाय कर्मविदारणोपायं हिताहितप्राप्तिपरिहारलक्षणं बोधं वक्तुमुपक्रमते-

**योग्यस्सद्धर्ममवेत्योत्थाय च सफलः स्यात् ॥१८॥**

**योग्य इति,** बोधयोग्यतामवाप्त इत्यर्थः, सा च मनुष्यजन्म तत्रापि कर्मभूमिः पुनरार्यदेशः तत्रापि सुकुलोत्पत्तिस्तथेन्द्रियपाटव श्रवणश्रद्धादिप्राप्तिश्च, एवंविधसामग्रीप्राप्तौ सत्यां तुच्छान् भोगान् परिहृत्यावश्यं सद्धर्मे बोधो विधेयः, अकृतधर्माचरणानां हि प्राणिनां सम्यग्ज्ञानदर्शनचारित्रप्राप्तिर्दुर्लभैव, प्रमादाद्धर्मभ्रष्टानामनन्तमपि कालं संसारपरिभ्रमणस्य दुर्वारत्वात्, आयुरप्यनेकापायपूर्णम्, त्रिपल्योपमायुष्कस्यापि पर्याप्त्यनन्तरमन्तर्मुहूर्तेनैव

कस्यचित् मृत्यूपस्थितिसम्भवात्, आयुषः सोपक्रमत्वात् । तथा स्वजनादिस्नेहाकुलितमानसस्य सदसद्विवेकविधुरस्य स्वजनादिपरिपालनाय यत्किञ्चित्कारिणो निजकृतकर्मबलादेव नरकादियातनास्थानेषु परिभ्रमणस्य दुर्निवारतया न जन्मान्तरेऽपि तस्य सुगतिः सुलभा, कर्मणामुदयमननुभूय तपोविशेषमन्तरेण तदपगमासम्भवात् । भोगेच्छुर्विषयासेवनेन तदुपशममपेक्षते, तस्य चेह परत्र केवलं क्लेश एव भवति न तूपशमावाप्तिः प्राप्तमपि सौधर्मादिस्थानमायुषः क्षये न त्राणाय समर्थमतस्तस्मादपि प्राण्यवश्यं च्यवत एव । येऽपि तीर्थान्तरीया शास्त्रार्थपारगा धर्माचरणशीला ब्राह्मणा भिक्षवो वा मायाकृतास्सदनुष्ठानमूर्च्छिताः सन्तस्तेऽप्यत्यर्थमसद्वेद्यादिभिः पीड्यन्त एव । तीर्थान्तरीयोपदिष्टैस्तपआदिभिरपि न दुर्गतिमार्गनिरोधः, आन्तरकषायापरित्यागात्, तस्मान्न मुनिर्हिताहितप्राप्तिपरिहारे भोगासक्तो मुह्येत्, किन्तु मनुष्याणां स्तोकं जीवितमवगम्य यावन्न पर्येति तावज्ज्ञानदर्शनचारित्रलक्षणधर्मानुष्ठानेन जीवितं सफलं कर्त्तव्यम्, क्लेशबहुलान् विषयानवगम्य गृहपाशबन्धनं छिन्द्यात्, यतमानः प्राणिनामनुपरोधेनोद्युक्तविहारी भवेत्, तदेवं हिंसानृतादिपापेभ्यो यस्सर्वथा विरतो भवति स एव सम्यगुत्थितः क्रोधाद्यपनेता मनोवाक्कायकर्मभिः सर्वतः सावद्यानुष्ठानेन विरतः, स चानुकूलैः प्रतिकूलैर्वा परीषहैः स्पृष्टोऽपि मनःपीडां न विदध्यात्, अनिगूहितबलवीर्योऽधिसहेत न वा मात्रादिभिः कृतैर्विविधैः संसारगमनैकहेतुभूतैरार्त्तालापैः कातरो भवेत्, एवं कर्मणां विदारणमार्गमागतो मनोवाक्कायसंवृतः सावद्यारम्भं परित्यज्येन्द्रियैः सुसंवृतः संयमानुष्ठानं विदध्यादिति ॥१८॥

આ પ્રમાણે સિદ્ધાંત નિરૂપણ કરી કર્મનાશના ઉપાયરૂપ હિતાહિતનો સ્વીકાર તથા ત્યાગરૂપ બોધને કહેવા માટે ઉપક્રમ કરે છે.

**સૂત્રાર્થ :- યોગ્ય સદ્ધર્મને જાણી અને એમાં પ્રયત્નશીલ સફળ થાય.**

**ટીકાર્થ :-** બોધની યોગ્યતા પ્રાપ્ત કરી આત્મા પ્રયત્નશીલ બને એ ભાવાર્થ છે. યોગ્ય આત્મા, મનુષ્ય જન્મ, તેમાં પણ કર્મભૂમિ, વળી આર્યદેશ, તેમાં પણ સદ્કુલમાં જન્મ તથા ઈન્દ્રિયોની પટુતા, જીનવાણી-શ્રવણ-શ્રદ્ધા વગેરેની પ્રાપ્તિ, આવા પ્રકારની ધર્મસામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ જીવે તુચ્છ ભોગોને છોડી અવશ્ય સદ્ધર્મનો બોધ કરવો જોઈએ. ધર્માચરણ નહીં કરેલ, પ્રાણિઓને સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ જ છે. ધર્મભ્રષ્ટ જીવોને પ્રમાદ અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ દુર્નિવારણીય છે. આયુષ્ય એટલે જિંદગી અનેક કષ્ટોથી ભરેલ હોય છે. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળાને પણ પર્યાપ્તિ પછી અંતર્મુહૂર્તમાં તો મૃત્યુ આવવાનો સંભવ છે. કેમકે આયુષ્ય સોપક્રમી હોવાથી તથા સ્વજન વગેરેના પર સ્નેહાકુલ મનવાલા,

સદ્વિવેક વગરના સ્વજન વગેરેના પાલન માટે થોડું ઘણું કરનારાઓ પોતાના કરેલા કર્મના બળથી નરક વગેરે જે કંઈ પીડા સ્થાનોમાં પરિભ્રમણ કરતા દુર્નિવારણીય હોવાથી જન્માંતરોમાં પણ તેમની સુગતિ સુલભ નથી. કર્મના ઉદયને અનુભવી તપોવિશેષ કર્યા વગર સદા તેનો નાશ અસંભવ હોય છે. ભોગની ઈચ્છાવાળાઓ વિષય સેવન કરવા વડે તે દુઃખની શાંતિની અપેક્ષા રાખે છે. તેનાથી ઈહલોક તથા પરલોકમાં ફક્ત દુઃખ જ થાય છે. પણ ઉપશમની પ્રાપ્તિ થતી નથી. પ્રાપ્ત થયેલ સૌધર્મ વગેરેના સ્થાનો આયુષ્ય ક્ષય થઈ જાય ત્યારે રક્ષણ માટે સમર્થ થતા નથી. આથી તે સ્થાનોમાંથી જીવોને અવશ્ય આવવું પડે છે. જે પણ અન્ય મતાવલંબીઓ, શાસ્ત્રાર્થ પારંગતો, ધર્માચરણશીલો, બ્રાહ્મણો, ભિક્ષુકો, માયા કરનારાઓ, અસત્ અનુષ્ઠાનોમાં મૂર્છિત થયેલા અથવા તેઓ પણ અત્યંત અશાતા વેદનીય વડે પીડાય જ છે. તીર્થાંતરીઓ વડે ઉપદેશાએલા તપ વગેરે વડે પણ દુર્ગતિના માર્ગનો નિરોધ થતો નથી કેમકે જ્યાં સુધી આંતરકષાયનો ત્યાગ નહીં હોવાથી તે કારણથી મુનિઓ હિતાહિતની પ્રાપ્તિ અને ત્યાગમાં ભોગાસક્ત થઈ મોહમાં મૂંઝાતા નથી. પરંતુ મનુષ્યોની થોડી જિંદગી જાણી જ્યાં સુધી પૂરી ન થાય ત્યાં સુધી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ધર્માનુષ્ઠાન વડે આયુષ્ય સફળ કરવું જોઈએ. ક્લેશ બહુલ વિષયોને જાણી ગૃહપાશ બંધનોને છેદી નાખે, સંયમમાં પ્રયત્નશીલ થઈ જીવોની અપેક્ષા વગર ઉદ્યત વિહારી થાય. તે આ પ્રમાણે હિંસા, જૂઠ વગેરે પાપોથી સર્વથા વિરત થયેલો તેજ સમ્યગ્ ઉઠેલો પ્રયત્નવાન થયેલ ક્રોધ વગેરે કષાયોને દૂર કરનારો, મન, વચન, કાયાની ક્રિયા વડે સર્વથા સાવદ્ય પાપક્રિયાઓથી વિરમે છે.

તે અનુકૂલ પ્રતિકૂલ પરિષહો વડે સ્પર્શાયેલો-ઘેરાયેલો હોવા છતાં પણ મનમાં પીડા પામતો નથી. છુપાવ્યા વગર બળ વીર્યવાળાને સારી રીતે સહન કરે, તથા માતા વગેરે સ્વજનો વડે કરેલ વિવિધ સંસારમાં લઈ જવામાં કારણરૂપ આલાપો-વાણી વડે કાતર (ડરપોક) ન થાય. આ પ્રમાણે કર્મનાશના માર્ગમાં આવેલો મન, વચન, કાયા વડે સંવૃત થયેલો, પાપકારી આરંભ સમારંભ છોડી પાંચ ઈન્દ્રિયો વડે સારી રીતે સંવૃત થઈ સંયમના અનુષ્ઠાનોને ક્રિયાઓને ન કરે, આદરે. ॥૧૮॥

बाह्यद्रव्यस्वजनारम्भपरित्यागमुक्त्वाऽथान्तरमानपरित्यागमाह-

**परिहृतमदो विदितस्वभावस्समः संयमं चरेत् ॥१९॥**

**परिहृतेति,** कर्माभावस्य कषायाभावः कारणमिति विदित्वा मुनिर्गोत्रादिमदं न यायात्, तथान्येषां निन्दामपि न कुर्यात्, तपःसंयमज्ञानेष्वपि यैर्मानो मुनिभिस्त्यक्तः ते कथं परनिन्दां कुर्युः तथापि यः कश्चिदविवेकी परं निन्दति स तत्कृतेन कर्मणा संसारेऽरघट्टघटीन्यायेन परिवर्त्तत एव, तस्मात् परनिन्दां दोषवतीं विज्ञाय विशिष्टकुलोद्भवोऽहं श्रुतवान् तपस्वी भवाँस्तु मत्तो हीन इति न प्रमादं कुर्यात्, किन्तु चक्रवर्त्तिनाऽपि संयमपदमुपस्थितेन

पूर्वमात्मप्रेष्यप्रेष्यमपि वन्दमानेन लज्जा न विधेया, इतरेण चोत्कर्ष इत्यलज्जमान उत्कर्षमकुर्वन् परस्परतो वन्दनप्रतिवन्दनादिकाः क्रियाः कुर्यात्, किमालम्ब्य तत्कार्यमित्यत्राह **विदितस्वभाव** इति, जीवानामुच्चावचस्थानगतिलक्षणमतीतमनागतं च स्वभावं सुष्ठु विदित्वा परिहृतलज्जामदो बहुप्रज्ञोऽपि सदा कषायजयकृतप्रयत्नः, कीदृशः क्व व्यवस्थितो लज्जामदौ न कुर्यादित्यत्राह **सम** इति, सामायिकादौ संयमे संयमस्थाने वा षट्स्थानपतितत्वात् संयमस्थानानामन्यतरस्मिन् संयमस्थाने छेदोपस्थापनीयादौ वर्त्तमानः समभावेन यावन्मृत्युकालं तावल्लजामदपरित्यागोपेतः संयमं चरेत्, संयमानुष्ठाने प्रवर्त्तेत, हन्यमानो वा पूज्यमानो वा कोधं मानञ्च परिहरन् संयमस्याविराधको भवेदिति भावः ॥१९॥

બાહ્ય દ્રવ્ય સ્વજન આરંભનો પરિત્યાગ કહીને હવે આંતરમાનના ત્યાગને કહે છે.

**સૂત્રાર્થ :- અભિમાન વગેરેનો ત્યાગ કરી, સ્વભાવને જાણી સમતાવાળો સંયમમાં વિહરે.**

**ટીકાર્થ** :- કર્માભાવનું કારણ કષાય અભાવ છે. એ પ્રમાણે જાણીને મુનિગોત્ર વગેરેના મદને કરે નહિ. તથા બીજાની નિંદાને પણ કરે નહિ. તથા તપ, સંયમ, જ્ઞાન વગેરેમાં પણ જેમણે અભિમાનને છોડી દીધું છે. તેઓ શી રીતે પારકી નિંદાને કરે. છતાં પણ જે કોઈ અવિવેકી બીજા નિંદાને કરે છે તે નિંદાના પાપ (કર્મ)થી સંસારમાં રેંટની (રહેંટ)ની ઘડીઓના ન્યાયે ભમે છે. તેથી નિંદાને દોષવતી જાણી વિશિષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલો હું શ્રુતવંત, તપસ્વી છું જ્યારે તમે મારાથી હીન છો. એવો પ્રમાદ (અભિમાન) ન કરવો. પરંતુ ચક્રવર્તી વડે પણ સંયમપદમાં રહેલા, પહેલા આત્મનિરીક્ષક કરવા છતાં પણ વંદન કરવા વડે લજ્જા ન કરવી-પામવી અને બીજા વડે ઉત્કર્ષપણું કરતા શરમ પામતા પરસ્પર વંદન-પ્રતિવંદન વગેરે ક્રિયાઓ કરવી જોઈએ.

શેનું આલંબન લઈને તે કાર્ય કરવું જોઈએ તે કહે છે. विदितस्वभाव :- સ્વભાવ જાણી તે આ પ્રમાણે... જીવોના ઉંચ-નીચ સ્થાનો ગતિલક્ષણ, ભૂતકાળ, ભવિષ્યકાળનો સ્વભાવ સારી રીતે જાણી, લજ્જા અને મદને છોડી દીધા છે જેણે એવો બહુજ્ઞાની હોવા છતાં પણ હંમેશાં કષાયો જય કરવાનો પ્રયત્ન કરનારો, કેવા પ્રકારનો ક્યાં રહેલો લજ્જામદ કરે નહીં. सम इति સામાયિક વગેરેમાં સંયમમાં સંયમસ્થાનમાં અથવા षड् સ્થાન પતિત હોવાથી સંયમ સ્થાનોના અને બીજા છેદોપસ્થાપનીય વગેરે કોઈપણ સંયમ સ્થાનમાં રહેલો સમભાવપૂર્વક મૃત્યુકાળ સુધી લજ્જામદના ત્યાગપૂર્વક સંયમભાવમાં વિચરે, સંયમ અનુષ્ઠાનોમાં પ્રવર્તે. કોઈ હણે કે કોઈ પૂજા કરે તો પણ ક્રોધ અને માનને છોડતો સંયમનો અવિરાધક થાય, એ ભાવ છે. ॥૧૯॥

परीषहोपसर्गादीनां सम्यगधिसहनं कार्यमित्याह–

**सहनोऽस्मृतशब्दादिर्निर्ममो विहरेत् ॥२०॥**

**सहन इति,** समीचीनभावयुतश्शीतोष्णादिरुपाननुकूलप्रतिकूलोपसर्गान् मनोवाक्कायेन सम्यगधिसहमानो लोके सर्वज्ञोक्तः क्षान्त्यादिरूपः श्रुतचारित्ररूपो वा धर्म एकान्तहितत्वादनुत्तर इति दृढं भाव्यमानो गृहस्थकुप्रावचनिकपार्श्वस्थादिभावमपहाय पूर्वमनुभूताननागतान् वा शब्दादिविषयान् स्मरणमात्रेणापि महदनर्थकराननभिलषन्नष्टविधकर्मापनयनाभिलाषुक इदं मम, अस्य स्वाम्यहमित्येवं क्वापि परिग्रहाग्रहरहित इन्द्रियनोइन्द्रियैर्विस्रोतसिकारहितस्तपोवीर्यः कदाचिदप्यनवाप्तपूर्वमात्महितं दुःखेनावाप्यत इति मन्यमानो नेषदपि संयमानुष्ठानात् प्रमाद्येत ॥२०॥

પરિષહ ઉપસર્ગ વગેરેને સારી રીતે સહન કરવા જોઈએ.

**सूत्रार्थ :- શબ્દો વગેરે વિષયોને યાદ કર્યા વગર-મમત્વ કર્યા વગર વિચરે.**

**टीकार्थ :-** સુંદર ભાવયુક્ત શીતોષ્ણ વગેરે રૂપ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો મન-વચન-કાયા વડે સમ્યગ્ પ્રકારે સહન કરતો લોકમાં સર્વજ્ઞે કહેલ ક્ષાન્તિ વગેરે રૂપ શ્રુત ચારિત્રરૂપ ધર્મ એકાંત હિતકર હોવાથી અનુત્તર છે એમ દઢ ભાવનાને ભાવતો, ગૃહસ્થ, કુપ્રાવચનિક, પાર્શ્વસ્થ વગેરેના ભાવને છોડી, પૂર્વમાં અનુભવેલા અથવા ભવિષ્યના શબ્દાદિ વિષયોને સ્મરણ માત્ર કરવાથી પણ મોટો અનર્થ કરનારા અનિચ્છનીય આઠ પ્રકારના કર્મોને દૂર કરવાની ઈચ્છાવાળો, આ મારૂં, આનો સ્વામી હું. આ પ્રમાણે કોઈપણ પરિગ્રહના આગ્રહ વગરનો ઈન્દ્રિય, નોઈન્દ્રિય વડે વિસ્રોતસિકા રહિત (વિપરીતપ્રવાહ રહિત) તપવીર્યવાળો પૂર્વમાં ક્યારેય ન મેળવેલ આત્મહિતને દુઃખપૂર્વક પ્રાપ્ત કરે છે. એમ માનતો જરાપણ સંયમની ક્રિયાઓમાં પ્રમાદ ન કરે. ॥૨૦॥

परीषहसहनादेवाज्ञानोपचितस्य कर्मणो विनाश इत्याह–

**संवृताश्रवद्वारोऽकामी सर्वसंवरमाश्रयेत् ॥२१॥**

**संवृतेति,** अज्ञानेनोपचितं हि कर्म बद्धस्पृष्टनिधत्तनिकाचितं सप्तदशविधसंयमानुष्ठानात् प्रतिक्षणं क्षयमुपयाति, यथा हि तटाकोदरसंस्थितमुदकं निरुद्धापरप्रवेशद्वारं सदा रविकरसम्पर्कादनुक्षणमपचीयते तथा संवृताश्रवद्वारस्य साधोरिन्द्रिययोगकषायं प्रति संलीनतया संवृतात्मनः संयमानुष्ठानेन चानेकभवाज्ञानोपचितं कर्म क्षीयते मोक्षञ्च स व्रजति, यश्च कामान् स्त्र्यादीन् कथमपि न कामयति तान् व्याधिरूपतया द्रष्टृत्वात् सोऽपि सन्तीर्णसमः, निष्किंचनतया शब्दादिविषयेष्वप्रतिबद्धत्वेन संसारोदन्वतस्तटोपान्तवर्त्तित्वात् । यस्तु लघुप्रकृतिः समृद्धिरससातगौरवेषु गृद्धः कामासेवने धृष्टतां गतः कर्त्तव्येष्ववसीदन् समस्तमपि संयमं मलिनीकरोति, धर्मध्यानादिकं कथ्यमानमपि नावबुध्यते, अतिभारादिभिरत्यन्तश्रमितबलीवर्दस्य विषमपथादौ प्रचोदितस्यापि गमनसामर्थ्यानुदयादिव कामादिविषयैर्जितस्य

तत्पङ्कनिमग्नस्य तत्सम्बन्धपरित्यागेनान्यत्र संयमादौ गमने सामर्थ्यानुदयात् । तदनुषङ्गाच्च भवान्तरे कुगतिप्राप्तिरविनाभाविनीति विषयासङ्गादात्मानं सर्वथा पृथक् कर्त्तव्यम्, तथैवमात्मानमनुशासितव्यं अयि जीवोऽशुभकर्मकारी हिंसानृतस्तेयादौ प्रवृत्तो दुर्गतौ पतति परमाधार्मिकैश्च स कदर्थ्यमानः क्षुधादिवेदनाग्रस्तोऽत्यर्थं रटति हा मातर्म्रियत इत्येवमाक्रन्दति, न हि तत्रास्ति कश्चित त्राता, तदेवं दुःसहानि दुःखानि सम्भवन्ति तस्मान्न त्वया विषयानुषङ्गः कर्त्तव्य इति, तथा कश्चिदज्ञलोकोऽसदनुष्ठाने प्रवृत्तः पापकर्मकारी परेण धर्मायाधर्मनिवृत्तये वा चोदितो धृष्टतया पण्डितमान्यतीतानागतौ विनष्टानुत्पन्नत्वेनाविद्यमानौ न ताभ्यां किञ्चित्प्रयोजनमस्ति प्रेक्षापूर्वकारिभिश्च तदेव परमार्थसाधकत्वेनाद्रियते यद्वर्त्तमानकालभावित्वात् परमार्थतया सद्भूतं, तथा चेह लोक एव विद्यते परमार्थतो न परलोकः न हि कोऽपि परलोकं दृष्ट्वेहायात इति परलोकं निह्नुते, स च कार्याकार्यविवेचनाविधुरः प्रत्यक्षस्यैवाभ्युपगमात्, मिथ्यादर्शनज्ञानावरणादिकर्मणाऽतीव निरुद्धदर्शनत्वाद्यथावस्थितवस्तुवेदिसर्वज्ञोदितमार्गे न तस्य श्रद्धा समुदेति, अत एव स सदसद्विवेकविकलः पौनःपुन्येन मोहमुपगच्छन्ननन्तसंसारसागरमभ्येति, तस्मान्निपुणोऽनिपुणो वा मोहमुत्सृज्य सम्यगुत्थानेनोत्थाय सर्वानपि प्राणिनो दुःखाप्रियत्वसुखप्रियत्वाभ्यामात्मतुल्यं पश्यन् पालयेत्, यदा च गृहवास्यपि मनुजः श्रमणधर्मप्रतिपत्त्याद्यानुपूर्व्या प्राणिषु यथाशक्त्या समतया वर्त्तमानः सुव्रतो देवलोकं प्राप्नोति तदा महासत्त्वतया यः पञ्चमहाव्रतधारी यतिस्तस्य किमु वक्तव्यम्, तस्माद्धेयमुपादेयञ्च भगवदाज्ञानुरूपं ज्ञात्वा धर्मैकप्रयोजनोऽनिगूहितबलवीर्यः सुप्रणिहितयोगस्सर्वसंवरलक्षणं मार्गमाश्रयेत् ॥२१॥

પરિષહ સહન કરવાથી અજ્ઞાન વડે એકઠા કરેલા કર્મોનો નાશ થાય છે. એમ કહે છે.

**સૂત્રાર્થ :- આશ્રવ દ્વારોનો સંવર કરી અકામી (કામવાસના વગરનો) સર્વસંવરનો આશ્રય કરે.**

**ટીકાર્થ :-** અજ્ઞાન વડે બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિતરૂપે એકઠા કરેલા કર્મોને સત્તર પ્રકારના સંયમની ક્રિયા વડે હરક્ષણે ક્ષય કરે છે. જેમ તળાવના ખાંચામાં રહેલા પાણીને રૂંધાયેલા બીજા પ્રવેશદ્વારવાળા હંમેશાં સૂર્યના કિરણોના સંપર્કથી હરક્ષણે ઓછું થાય છે. તેમ આશ્રવ દ્વારોનો સંવર કરી સાધુઓ ઈન્દ્રિય, યોગ કષાયને પ્રતિ સંલીનતા ધારણ કરી સંવરવાળો આત્મા સંયમના અનુષ્ઠાનો વડે અનેક ભવમાં અજ્ઞાન વડે એકઠા કરેલા કર્મનો ક્ષય કરે છે. અને મોક્ષ તરફ તે આત્મા જાય છે. જે સ્ત્રી વગેરે કામોને કોઈપણ રીતે ઈચ્છતા નથી તેઓને વ્યાધિરૂપે જોવાથી તે પણ સંસાર તરી ગયા સમાન છે. કારણ કે નિષ્કિંચનપણાથી શબ્દ વગેરે વિષયોમાં પણ અપ્રતિબદ્ધપણાથી.

**સંસારરૂપ સમુદ્રના (પાણીની)** કિનારાની નજીકમાં રહેવાથી જે તુચ્છ પ્રકૃતિવાળો, સ્વભાવવાળો, ઋદ્ધિ, રસ, શાતા, ગારવમાં આશક્ત થયેલા વિષયો સેવનમાં ધીઠ્ઠો થયેલો કર્ત્તવ્યોમાં સીદાતો સમસ્ત સંયમને મલિન કરે છે. ધર્મધ્યાન વગેરેને કહેવા છતાં પણ જાણતો નથી. અતિભાર વગેરે વડે અત્યંત થાકેલા એવા બળદને વિષે રસ્તામાં પ્રેરણા કરવા છતાં પણ ગમન કરવાની શક્તિ (તાકાત) ન હોવાથી કાય વગેરે વિષયોથી તર્જના પામેલો, માર ખાધેલો તે વિષયના કાદવમાં ડૂબેલો તેના સંબંધને છોડવાપૂર્વક બીજે સંયમ વગેરેમાં જવા માટે શક્તિ પ્રગટિ નથી, તે વિષયોના સંબંધથી કુગતિની પ્રાપ્તિ અવિનાભાવિ હોવાથી વિષય સંગથી આત્માને સર્વથા અલગ (જુદો) કરવો. તથા આ પ્રમાણે આત્માને અનુશાસન કરવો એટલે બોધ આપવો. આ અશુભ કર્મ કરનારા જીવ હિંસાઓ જુઠ ચોરી વગેરેમાં પ્રવૃત્ત થયેલો દુર્ગતિમાં પડે છે ત્યાં પરમાધામીઓ વડે કદર્થના પામતો, ભૂખ વગેરેની વેદનાથી ત્રાસ પામેલો અત્યંત રડે છે. અને આ પ્રમાણે આક્રંદ કરે છે. ઓ...મા મરી ગયો, પણ ત્યાં આગળ કોઈપણ રક્ષણ કરનાર કે બચાવનાર નથી હોતું. આ પ્રમાણે દુઃસહ દુઃખો ત્યાં હોય છે. તેથી તારે વિષયોનો સંબંધ ન કરવો. તથા કેટલાક અજ્ઞાની લોકો અસદ્ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થયેલા પાપકર્મ કરનારા બીજા વડે ધર્મ માટે, અધર્મની નિવૃત્તિ માટે પ્રેરિત કરાયેલો ધીઠ્ઠાઈથી પોતાને પંડિત માનતો ભૂતકાળ અને ભવિષ્યકાળમાં નાશ પામેલો (પ્રાયઃ) ઉત્પન્ન થયેલ ન હોવાથી વિદ્યમાન નથી ? તેથી તે બે વડે કોઈપણ પ્રયોજન નથી, વિચારકો વડે તે જ પરમાર્થ સાધકપણે આદરે છે. જે વર્તમાનકાળ સંબંધી હોવાથી પરમાર્થરૂપે સદ્ભૂત છે. તથા પરમાર્થથી આલોકમાં જ હોય છે, પરલોકમાં નહીં. કોઈપણ પરલોકમાંથી અહીં કોઈ આવતું નથી. એ પ્રમાણે પર (બીજા પાસે) કને છુપાવે છે. અપલાપ કરે છે. પ્રત્યક્ષ પ્રમાણ સ્વીકાર કરતા હોવાથી તે કાર્યાકાર્યનો વિવેક કરવામાં અસમર્થ છે. મિથ્યાદર્શન, જ્ઞાનાવરણ વગેરે વગેરે કર્મવડે અત્યંત આચરાયેલું દર્શનપણું હોવાથી યથાવસ્થિત પદાર્થને જાણનારા સર્વજ્ઞે કહેલા માર્ગને વિષે તેને શ્રદ્ધા જાગતી નથી. આથી જ સત્-અસત્ના વિવેક વગરનો તે વારંવાર મોહને આધીન થયેલો અનંત સંસારમાં જાય છે. તેથી નિપુણ કે અનિપુણ મોહને છોડી સમ્યક્પ્રકારે પ્રયત્ન કરી બધા પ્રાણિઓને હોંશિયાર હોય કે મૂરખ હોય, દુઃખ અપ્રિયપણે અને સુખ પ્રિયપણે હોવાથી પોતાના સમાન સર્વજીવોને જોતો પાળે એટલે રક્ષા કરે. ગૃહવાસી મનુષ્યો પણ જ્યારે શ્રમણધર્મનો સ્વીકાર વગેરે ક્રમપૂર્વક પ્રાણિઓ ઉપર યથાશક્તિ સમતાપૂર્વક વર્તતો સારાવ્રતવાળો થઈ દેવલોકને પ્રાપ્ત કરે છે. ત્યારે મહાસત્ત્વપણાથી જેઓ પાંચમહાવ્રતધારી સાધુ છે તેની શી વાત કરવી ? તેથી હેય અને ઉપાદેયને ભગવાનની આજ્ઞાને અનુરૂપ જાણી ધર્મ એક પ્રયોજન છે. એવો છુપાવ્યા વગરના બળવીર્યવાળો સારા પ્રણિહિત યોગવાળો સર્વસંવર લક્ષણ માર્ગનો આશ્રય કરે. ॥૨૧॥

कामिनो न कश्चिच्छरणमित्याह–

**स्वजनादिर्न त्राणायातोऽवसरो न त्याज्यः ॥२२॥**

**स्वजनादिरिति**, मातापित्रादयो धनधान्यादयः करितुरगादयो वा पूर्वोपात्तासातादिकर्मोदयेन प्राप्ते दुःखे न तत आत्मानं त्रातुं समर्थाः, अपि तु तदेकेनैवानुभूयते, उपक्रमकारणैरुपक्रान्ते स्वायुषि स्थितिक्षयेण वा भवान्तरे मरणे वा समुपस्थिते न स्वजनादयस्त्रातारः, एकाक्येव गत्यागती करोति, एवमेव संसारे सर्वेऽपि प्राणिनः स्वकृतकर्मणैव सूक्ष्मबादरपर्याप्तापर्याप्तादिभेदेन व्यवस्थिताः, तेनैव च कर्मणा नानाविधानि दुःखान्यनुभवन्तो नानायोनिषु गर्भाधानादिदुःखपीडिताः परिभ्रमन्ति एवं विदन् विवेकी द्रव्यक्षेत्रकालभावलक्षणमवसरं विज्ञाय तदुचितमाचरेत्, जङ्गमत्वपञ्चेन्द्रियत्वसुकुलोत्पत्तिमानुष्यलक्षणो द्रव्यावसरः, आर्यदेशार्धषड्विंशतिजनपदलक्षणः क्षेत्रावसरः, धर्मप्रतिपत्ति- योग्यावसर्पिणीचतुर्थारकादिः कालावसरः, धर्मश्रवणतच्छ्रद्धानचारित्रावरणकर्मक्षयोपशमाहितविरतिप्रतिपत्त्युत्साहलक्षणो भावावसरः, तदेवंविधमवसरं परिज्ञायाकृतधर्माणां दुर्लभां कृतधर्माणामपि तदतिविराधने उत्कृष्टतोऽपार्धपुद्गलपरावर्त्तप्रमाणकालेन तु सुलभां बोधिमवाप्नुयात्, तदवाप्तौ च तदनुरूपमेव कुर्यात् ॥२२॥

કામિઓને કોઈનું શરણ નથી. એમ કહે છે.

**સૂત્રાર્થ :- સગાં વગેરે સ્વજનો રક્ષણ માટે થતા નથી માટે અવસર છોડવો નહીં.**

**ટીકાર્થ :-** માતા-પિતા વગેરે સ્વજનો, ધન, ધાન્ય વગેરે હાથી વગેરે પૂર્વમાં પ્રાપ્ત કરેલ અસાતા વગેરે કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ-કરેલ દુઃખ, દુઃખમાં આત્માને જરાપણ રક્ષણ કરવામાં સમર્થ થતાં નથી. પરંતુ તે એકલાએ જ ભોગવવા-અનુભવવા પડે છે. ઉપક્રમના કારણો વડે પોતાનું આ આયુષ્ય અપક્રાન્ત (ઓછું) થવાથી સ્થિતિ ક્ષય થવા વડે અથવા ભવાંતરમાં મરણ આવ્યે છતે સ્વજન વગેરે રક્ષક નથી. જીવ એકલો જ આવ-જાવ કરે છે. આ પ્રમાણે સંસારમાં બધા જીવો પોતાના કર્મો વડે જ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત વગેરે ભેદો વડે રહેલા-કરેલા તેજ કર્મો વડે વિવિધ પ્રકારના દુઃખોને અનુભવતા વિવિધ યોનિમાં ગર્ભાધાન વગેરેના દુઃખોથી પીડાયેલો પરિભ્રમણ કરે છે.

આ પ્રમાણે જાણતો તે વિવેકી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, લક્ષણ, અવસરને જાણી તેને ઉચિત આચરે. જંગમ એટલે ત્રસપણું, પંચેન્દ્રિયપણું, સતકુલ ઉત્પત્તિ, મનુષ્યપણારૂપ દ્રવ્યઅવસર, સાડાપચ્ચીસ આર્યદેશો ક્ષેત્રાવસર ધર્મપ્રતિપત્તિ એટલે ધર્મ સ્વીકારવા યોગ્ય અવસર્પિણી ચોથો આરો વગેરે કાળ અવસર, ધર્મ શ્રવણ, તત્ત્વશ્રદ્ધા, ચારિત્રવરણકર્મક્ષયોપશમાકૃત વિરતિ પ્રતિપત્તિ સ્વીકાર પત્તિ ઉત્સાહરૂપ ભાવાવસર તેથી આવા પ્રકારના વિવિધ અવસરોને જાણી, ન કરેલા ધર્મોની દુર્લભતાને, કરેલ ધર્મોની પણ અતિવિરાધના થયે છતે ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્ત્ત પ્રમાણકાળમાં તો સુલભ બોધિને પ્રાપ્ત કરે છે. તેની પ્રાપ્તિમાં તેને અનુરૂપ જ કરે. ॥૨૨॥

अथोदीर्णाः प्रतिलोमोपसर्गाः सम्यक् सोढव्या इत्याह-

**प्रत्युपसर्गासहिष्णुः कश्चिद्भ्रश्यति निन्दति च ॥२३॥**

**प्रत्युपसर्गेति**, उपसर्गो हि द्विविधः, औघिकौपक्रमिकभेदात्, अशुभकर्मप्रकृतिजनितः औघिको भावोपसर्गः, अनुदयप्राप्तानां कर्मणामुदयप्रापणमुपक्रमः, यद्द्रव्योपयोगाद्येन वा द्रव्येणासातवेदनीयाद्यशुभं कर्मोदीर्यते यदुदयाच्चाल्पसत्त्वस्य संयमविघातो भवति स औपक्रमिक उपसर्गः, यतीनां मोक्षाङ्गसंयमस्थानां संयमस्य प्रतिबन्धकत्वादसावेवात्राधिक्रियते, स च चतुर्विधः दैविको मानुषस्तैरश्च आत्मसंवेदनश्चेति, दैविको हास्यप्रद्वेषविमर्शपृथग्विमात्रातश्चतुर्धा, मानुषोऽपि हास्यप्रद्वेषविमर्शकुशीलप्रतिसेवनातश्चतुर्धा; तैरश्चश्च भयप्रद्वेषाहारापत्यसंरक्षणतश्चतुर्धा, आत्मसंवेदनोऽपि घट्टनातो लेशनातः स्तम्भनातः प्रपाताच्चेति चतुर्धा, वातपित्तश्लेष्मसंनिपातजनिताश्चेति वा, तथा दिव्यादिश्चतुर्विधोऽप्यनुकूलप्रतिकूलभेदादष्टधा। तत्र यथा कश्चिल्लघुप्रकृतिः सङ्ग्रामे समुपस्थिते शूरंमन्य आत्मश्लाघाप्रवणो वाग्भिर्विस्फूर्जन् न मत्कल्पः परानीके कश्चित्सुभटो वर्त्तत इति तावद्गर्जति यावत्पुरोवस्थितं प्रोद्यतासिं जेतारं न पश्यति यदा च परानीकसुभटेन चक्रकुन्तादिना विक्षतो भवति तदा दीनो भङ्गमुपयाति तथाऽभिनवप्रव्रजितः परीषहैरस्पृष्टः प्रव्रज्यायां किं दुष्करमित्येवं गर्जन्नभिनवप्रव्रजितत्वादेव साध्वाचारेऽप्रवीणः शूरंमन्यो भवति यावत्संयमं रूक्षं न भजते तत्प्राप्तौ तु बहवो गुरुकर्माणोऽल्पसत्त्वा भङ्गमुपयान्ति, यथा हेमन्तमासे सहिमकणो वायुर्लगति ग्रीष्मे च महताभितापेन व्याप्तो विमनस्कः पिपासुर्दैन्यमुपयाति ततश्च तत्प्रतीकारहेतूननुस्मरति व्याकुलचेताश्च संयमानुष्ठानं प्रति विषीदति, एवं यतीनां परदत्तेनैवैषणीयेनाहारादिनोपभोगो भवति, क्षुधादिवेदनार्त्तानां यावज्जीवं परदत्तैषणा दुःखं भवति, अल्पसत्त्वस्य याञ्चापरीषहो दुःखेन सोढव्यः, अनार्यकल्पैरुक्तमेते यतय आविलदेहा लुञ्चितशिरसः क्षुधादिवेदनाग्रस्ताः पूर्वाचरितकर्मदुःखिनस्तत्फलमनुभवन्तीति तथैते कृष्यादिकर्म कर्त्तुमसमर्था यतयः संवृत्ताः-पुत्रदारादिभिः परित्यक्ता निर्गतिकाः प्रव्रज्यामभ्युपगता इति च निशम्य लघुप्रकृतयो विमनस्का भवन्ति संयमाद्वा भ्रश्यन्ति, एवं वधदंशमशकादिष्वपि भाव्यम्, महासत्त्वास्तु गताभिमाना ज्ञानाद्यभिवृद्धये महापुरुषसेवितं पन्थानमनुव्रजन्ति, मिथ्यात्वोपहतदृष्टयस्तु रागद्वेषाक्रान्तत्वात् साधुविद्वेषिणो नानाविधैरसदालापैः साधुं कदर्थयन्ति ॥२३॥

હવે ઉદયમાં આવેલા પ્રતિકૂળ ઉપસર્ગો સારી રીતે સહન કરવા જોઈએ તે કહે છે.

**સૂત્રાર્થ :- પ્રતિકૂળ ઉપસર્ગોને સહનારો કોઈક જ ભ્રષ્ટ થાય છે અને નિંદા કરે છે.**

**ટીકાર્થ :-** ઉપસર્ગો બે પ્રકારના છે. (૧) ઔઘિક (૨) ઔપક્રમિક. ભેદ વડે, અશુભ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ ઔઘિક, ભાવોપસર્ગ ઉદયમાં નહીં આવેલા કર્મોને ઉદયમાં લાવવાનો જે પ્રયત્ન વિશેષ તે ઉપક્રમને દ્રવ્ય ઉપયોગથી અથવા જે દ્રવ્યવડે અશાતા વેદનીયકર્મ અશુભકર્મની ઉદીરણા કરે છે. જેના ઉદયથી અલ્પ સત્ત્વવાળા જીવોનો સંયમથી વિઘાત થાય છે. તે ઔપક્રમિક ઉપસર્ગ છે. મોક્ષના અંગરૂપ સંયમમાં રહેલા સાધુઓના સંયમના પ્રતિબંધકપણે એને જ અહીં ગ્રહણ કરેલ છે. બતાવાય છે.

તે ઉપસર્ગ ચાર પ્રકારે છે. (૧) દૈવિક એટલે દેવસંબંધી (૨) મનુષ્ય સંબંધી (૩) તિર્યંચસંબંધી (૪) આત્મસંવેદન સંબંધી.

દૈવિક સંબંધી ઉપસર્ગ ચાર પ્રકારે છે. (૧) હાસ્ય (૨) પ્રધ્વેષ (૩) વિમર્શ (૪) પૃથગ્ વિ. માત્ર. મનુષ્ય સંબંધી ચાર પ્રકારે છે. (૧) હાસ્ય (૨) પ્રધ્વેષ (૩) વિમર્શ (૪) કુશીલ પ્રતિસેવના.

તિર્યંચસંબંધી ઉપસર્ગ ચાર પ્રકારે છે. (૧) ભય (૨) પ્રધ્વેષ (૩) આહાર (૪) અપત્ય સંરક્ષણ. આત્મસંવેદન સંબંધી ચાર ઉપસર્ગો છે. (૧) ઘટ્ટના (૨) લેશના (૩) સ્તંભના (૪) પ્રપાત એમ ચાર પ્રકારે છે.

વાયુ, પિત્ત, કફ, સંનિપાતથી ઉત્પન્ન થયેલ અથવા દિવ્ય વગેરે ચાર પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળના ભેદથી આઠ પ્રકારના ઉપસર્ગો થાય છે. તેમાં જેમ તુચ્છ સ્વભાવમાં યુદ્ધનો પ્રસંગ આવે ત્યારે પોતાને બહાદૂર માનનારો પોતાની વડાઈ કરવામાં હોંશિયાર, વાણી વડે એવું પ્રકાશતો આ પ્રમાણે ગાજતો હોય છે કે મારા જેવો કોઈપણ બીજાના સૈન્યમાં કોઈ સુભટ નથી. જ્યાં સુધી સામે દેદીપ્યમાન તલવારવાળો વિજેતા નથી દેખાતો, જ્યારે પરસૈન્યના સુભટે ચક્ર ભાલા વડે ઘાયલ થાય. (થયો હોય) ત્યારે દીન બિચારો ભાંગી પડે છે. તથા નૂતન દીક્ષિત પરિષહોથી સ્પર્શાયેલો પ્રવ્રજ્યામાં 'શું કઠીન છે ? એ પ્રમાણે ગાજતો નવી દીક્ષા લીધી હોવાથી જ સાધુના આચારમાં અકુશળ પોતાને શૂરવીર માનનારો ત્યાં સુધી થાય છે જ્યાં સુધી સંયમ રૂક્ષ (લુખ્ખુ) ન લાગે, તે સંયમ પ્રાપ્ત થતાં ભારે કર્મી અલ્પ સત્ત્વવાળા ઘણા જીવોનું સંયમ ભંગ થાય છે. (ભંગતાને) પામે છે. તથા હેમંત (શિયાળામાં) ઋતુમાં હિમયુક્ત બરફ જેવો પવન લાગે છે. ઉનાળામાં ઘણા તાપ વડે ઘેરાયેલો, દુભાયેલા મનવાળો તરસ્યો થયેલ દીનતાને પામે છે. તેથી તેના પ્રતિકાર માટેના ઉપાયો વિચારે છે અથવા સ્મરણ કરે છે અને વ્યાકુલ ચિત્તવાળો સંયમની ક્રિયાઓ પ્રત્યે વિષાદ પામે છે.

આ પ્રમાણે સાધુઓને બીજાએ આપેલા એષણીય (નિર્દોષ) આહાર વગેરે વડે ઉપભોગ થાય છે. ભૂખ વગેરેની પીડાથી દુઃખી થયેલાઓ જાવજ્જીવ સુધી બીજાએ આપેલ એષણા (ગોચરી)

વડે દુઃખી થાય છે. અલ્પ સત્વવાળા જીવો માટે યાચના પરિષહ દુઃખપૂર્વક સહવા યોગ્ય છે. અનાર્ય જેવાઓ વડે આ પ્રમાણે બોલાય છે. 'આ સાધુઓ મલિન દેહવાળા લોચ કરેલ માથાવાળા, ભૂખ વગેરેની વેદનાગ્રસ્ત, પૂર્વમાં આચરેલ કર્મથી દુઃખી થયેલા અને તેના ફલને અનુભવતા, એઓ ખેતી વગેરે કામો કરવા માટે અસમર્થ સાધુઓ સંવૃત્તા થયેલા પુત્ર, સ્ત્રી વગેરેથી ત્યજાયેલા નિર્ગતિક એટલે ઠેકાણા વગરના દીક્ષા સ્વીકારાયેલા છે. એમ સાંભળી તુચ્છ સ્વભાવવાળા, દુઃખી મનવાળા થઈ સંયમથી ભ્રષ્ટ થાય છે. આ પ્રમાણે વધ ડાંસ મચ્છર વગેરે પરિષહોમાં પણ વિચારવું. મહાસાત્ત્વિક પુરૂષો, અભિમાન વગર, જ્ઞાન વગેરેની વૃદ્ધિ માટે મહાપુરૂષે સેવેલ માર્ગ પર ચાલે છે. મિથ્યાત્ત્વથી હણાયેલ દૃષ્ટિવાળાઓ રાગ-દ્વેષથી આક્રાન્ત થયેલા હોવાથી સાધુઓના દ્વેષીઓ વિવિધ પ્રકારના અસત્ આલાપો વડે સાધુઓને કદર્થના કરે છે. ॥૨૩॥

अथानुकूलोपसर्गाश्रयेणाह-

**दुर्लङ्घ्यान्तरोपसर्गमोहितो निर्विवेको विषीदति ॥२४॥**

**दुर्लङ्घ्येति,** उदीर्णाः प्रतिकूलोपसर्गाः प्रायो जीवितविघ्नकरा अपि महासत्त्वैर्मुनिभिर्माध्यस्थ्यमवलम्ब्य सोढुं शक्याः, एते त्वनुकूलोपसर्गास्तानप्युपायेन धर्माच्च्यावयन्तीत्यतो दुर्लङ्घ्याः, **आन्तरेति,** प्रतिकूलोपसर्गा बाहुल्येन शरीरविकारकारित्वेन बादराः, एते च चेतोविकारकारित्वेनान्तराः, एवम्भूतान् स्त्र्यादिकृतानुपसर्गान् प्राप्याल्पसत्त्वो नैव स्वात्मानं संयमानुष्ठानेन वर्त्तयितुं समर्थो भवति, किन्तु संयमं त्यजति, ते हि मातापित्रादयः प्रव्रजन्तं प्रव्रजितं वा वेष्टयित्वा रुदन्तो वदन्ति त्वमस्माभिर्बाल्याद्वृद्धानामस्माकं पालको भविष्यतीति पोषितः केन हेतुना कस्य बलेनास्मान् त्यजसि, न ह्यस्माकं त्वदन्यः कश्चिद्रक्षको विद्यते, अयं तव वृद्धः पिता, इयमप्राप्तयौवना ते लघ्वी भगिनी एते च तव सहोदराः, निराधारानस्मान् किमिति परित्यजसि, वृद्धमातापितृपालनेन च तवेहलोकः परलोकश्च भविष्यति, इयं तवाभिनवोढा प्रत्यग्रयौवना भार्या त्वया परित्यक्तोन्मार्गयायिनी यदि भवेन्महान् जनापवादः स्यात्, जानीमो वयं त्वं कर्मभीरुरिति तथापि आगच्छ गृहं गच्छामः सम्प्रति किमपि कर्म मा कृथाः, उपस्थिते तु कर्मणि वयमपि सहायका भविष्याम इत्येवमादि व्युद्ग्राहयन्ति, अल्पसत्त्वश्च स गुरुकर्मा तैर्मोहितो गृहं प्रति धावति, आगतञ्च तं सर्वमनुकूलमनुतिष्ठन्तो धैर्यमुत्पादयन्ति सर्वानुकूलैरुपचरन्ति, एवमेते सङ्गा दुःखेनातिलङ्घ्यन्ते तस्माद्भिक्षुर्ज्ञातिसङ्गं संसारैकहेतुं परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया परिहरेत्, उपस्थितैरनुकूलोपसर्गैर्गृहावासपाशं नाभिलषेत्, प्रतिकूलैश्चोपसर्गैः श्रुतचारित्राख्यं धर्ममवगम्यासमञ्जसकारित्वेन जीवितं नाभिकाङ्क्षेदिति ॥२४॥

હવે અનુકૂળ ઉપસર્ગોને આશ્રયીને કહે છે.

**સૂત્રાર્થ :- દુર્લંઘ્યા અંતર એટલે અનુકૂળ ઉપસર્ગો વડે મોહિત થયેલો નિર્વિવેકી વિષાદ ખેદને પામે છે.**

**ટીકાર્થ :-** ઉદીર્ણ થયેલા પ્રતિકૂળ ઉપસર્ગો પ્રાયઃ કરી જીવિત એટલે આયુષ્યને વિઘ્ન કરનારા હોવા છતાં પણ મહાસાત્ત્વિક મુનિઓ વડે મધ્યસ્થપણાનું આલંબન ધારી લઈ સહન કરવા યોગ્ય છે. (શક્ય છે.)

આ અનુકૂળ ઉપસર્ગો છે. તેઓને પણ ઉપાય વડે ધર્મથી ભ્રષ્ટ કરે છે. માટે તે દુર્લંઘ્ય કહેવાય છે. પ્રતિકૂળ ઉપસર્ગો મોટે ભાગે બહુલતાએ શરીરમાં વિકાર કરનારા હોવાથી બાદર કહેવાય છે. આ અનુકૂલ ઉપસર્ગો મનમાં વિકાર કરનારા હોવાથી આંતર ઉપસર્ગો કહેવાય. આવા પ્રકારના સ્ત્રી વગેરે દ્વારા કરાયેલા ઉપસર્ગોને પામી અલ્પસત્ત્વવાળો જીવ પોતાના આત્માને સંયમના અનુષ્ઠાનમાં વર્તાવવા માટે સમર્થ થતો નથી. પરંતુ સંયમને છોડનારો થાય છે. તેના જ માતા-પિતા વગેરે દીક્ષાર્થીને દીક્ષિત થયેલો જોઈ વીંટળાઈને રડતા-રડતા બોલે છે 'તું જ અમારો બાલ્યપણાથી વૃદ્ધાવસ્થા (ઘરડાપણા) સુધી પાલક થશે. આ પ્રમાણે ઘોષણા કરાયેલો કયા કારણે કયા બળ વડે અમને છોડી દે છે. અમારો તારા સિવાય બીજો કોઈપણ રક્ષક નથી. આ તારો ઘરડો પિતા, આ અપ્રાપ્ત યુવાનીવાળી તારી નાની બેન, તારા ભાઈઓ, નિરાધાર એવા અમને શા માટે છોડી દે છે ? ઘરડા માતા-પિતાના પાલન વડે તારી આલોકમાં તથા પરલોકમાં સદ્‌ગતિ થશે. આ તારી નવી પરણેલી નવયૌવના સ્ત્રીને તું છોડી દેશે તો ઉન્માર્ગમાં જનારી જો થશે તો મોટા લોકોમાં નિંદા થશે. અમે જાણીએ છીએ તું કર્મથી ડરનારો છે. છતાં પણ તું આવ, આપણે ઘરે જઈએ, હમણાં તું કોઈપણ કામ કરીશ નહિ. જો કામ આવી જશે તો અમે પણ તારા મદદગાર થઈશું. આ પ્રમાણે ભરમાવેલો તે અલ્પસત્ત્વવાળો, ભારેકર્મી, સ્વજનો વડે મોહિત થયેલો તે ઘર તરફ જવા તૈયાર થાય છે. તે આવી જાય છે. ત્યારે તેને બધા અનુકૂળપણે રહે છે. ધીરતા ઉત્પન્ન કરે છે. બધા અનુકૂળપણે તેની સેવા કરે છે. આ પ્રમાણે આ સંગો બંધનો દુઃખે કરીને ઓળંગાય છે. માટે સાધુએ જ્ઞાતિ સંગને સંસારના કારણ બંધનોરૂપે જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનો ત્યાગ કરે.

તે અનુકૂળ ઉપસર્ગો વડે ઉપસ્થિત થયેલ ઘરવાસરૂપ પાશને ઈચ્છે નહીં. પ્રતિકૂળ ઉપસર્ગો વડે શ્રુતચારિત્ર નામના ધર્મને જાણી અસમંજસકારીપણા વડે જીવિતને ઈચ્છે નહીં. ॥૨૪॥

अथोपसर्गैरध्यात्मविषीदनं भवतीत्याह–

**न विचिकित्सया त्राणाय व्याकरणादौ यतते ॥२५॥**

**नेति,** अल्पसत्त्वः प्राणिनः विचित्रा च कर्मणां गतिः प्रमादस्थानानि च बहूनि विद्यन्ते, केन पराजितोऽहं संयमाद्भ्रष्टो भवेयमिति को वेत्तुं शक्नुयात्, नास्माकं किञ्चन

पूर्वोपार्जितद्रव्यजातमस्ति यत्तथाविधे समये वृद्धावस्थायां ग्लानावस्थायां दुर्भिक्षे वोपयोगाय भवेदतो व्याकरणं गणितं ज्योतिषं हस्तिशिक्षां धनुर्वेदं वैद्यकं होराशास्त्रं मंत्रादिकं वाऽधीतश्चेत्तदा परेण पृच्छ्यमानो हस्तिशिक्षा धनुर्वेदायुर्वेदादिकं कथयिष्यामीति संयमभारवहनं प्रति विचिकित्सा समापन्नौ हीनसत्त्वो व्याकरणादौ प्रयतते न च तथापि मन्दभाग्यत्वादभिप्रेतार्थसिद्धिर्भवति । महासत्त्वाश्च साधुः सुभटवत् परलोकप्रतिस्पर्धिकषायाद्यरिवर्गं जेतुं संयमोत्थानेनोत्थितो गृहपाशमवधूय न्यक्कृत्य च सावद्यानुष्ठानमात्मनोऽशेषकलङ्कराहित्याय संयमानुष्ठानक्रियायां दत्तावधानो भवति, न च स्वप्नेऽपि गृहवासमनुशोचति ॥२५॥

હવે ઉપસર્ગો વડે અધ્યાત્મપણું સીદાય છે, એમ કહે છે.

**સૂત્રાર્થ :- વિચિકિત્સા વડે (સંયમભાર પ્રતિશંકાવાળો) પોતાની રક્ષા માટે વ્યાકરણ વગેરે શાસ્ત્રોમાં પ્રયત્ન કરે.**

**ટીકાર્થ :-** અલ્પસત્ત્વવાળા જીવો, કર્મોની ગતિ વિચિત્ર છે. પ્રમાદસ્થાનો ઘણા રહેલા છે. કયા પ્રમાદ વડે હું પરાજિત થઈને સંયમથી ભ્રષ્ટ થઈશ. એમ જાણવા માટે કોણ શક્તિમાન છે. અમારી પાસે કંઈ પણ પૂર્વમાં ઉપાર્જેલું ધન-દ્રવ્ય નથી કે જેથી તેવા પ્રકારના સમયમાં, વૃદ્ધાવસ્થામાં, માંદગી અવસ્થામાં, દુકાળમાં ઉપયોગ માટે થાય. આથી વ્યાકરણ, ગણિત, જ્યોતિષ, હસ્તશિક્ષા, ધનુર્વેદ, વૈદક, હોરાશાસ્ત્ર, મંત્ર વગેરે જો ભણ્યા હોય તો બીજા અન્ય વડે પૂછાવાતા, હસ્તશિક્ષા, ધનુર્વેદ, આયુર્વેદના પ્રશ્નોના ઉત્તરો કહીશ. આ પ્રમાણે સંયમભાર વહન પ્રતિ વિચિકિત્સાને પ્રાપ્ત થયેલો હીન સત્ત્વવાળો વ્યાકરણ વગેરેમાં પ્રયત્ન કરે છે. છતાં પણ મંદભાગ્યવાળો હોવાથી ઈચ્છિત સિદ્ધિ થતી નથી.

મહાસત્ત્વશાળી સાધુ સુભટની જેમ પરલોકના હરિફ કષાય વગેરે શત્રુવર્ગને જીતવા માટે સંયમ યોગ્ય અનુષ્ઠાનોમાં ઉદ્યમી થયેલો ગૃહપાશને છોડી સાવદ્યાનુષ્ઠાનોનો તિરસ્કાર કરી આત્માના સમસ્ત બધા કલંકોથી રહિત થવા માટે સંયમાનુષ્ઠાનમાં ધ્યાન આપનારો થાય, પરંતુ સ્વપ્નમાં પણ ઘરવાસની જરા પણ વિચારણા ન કરે. ॥૨૫॥

अथाऽऽजीविकानां दिगम्बराणां वा परोपकारापूर्वकजीवनस्वभावस्य साधोराचारे आक्षेपं दूषयितुमाह–

**अन्योऽन्योपकारेण गृहीवैते मूर्च्छिता इत्युक्तिरयुक्ता, तेषां पक्षद्वयप्रसङ्गात् ॥२६॥**

**अन्योऽन्येति,** पुत्रकलत्रादिस्नेहपाशैरनुरक्ता गृहस्था यथा परस्परोपकारेण मात्रादिः पुत्रे पुत्रश्च मात्रादौ मूर्च्छितस्तथैते परस्परतो रोगिणः साधोर्भैक्षमन्वेषयत, ग्लानयोग्यमाहारमन्विष्य तदुपकारार्थं ददध्वमाचार्यादिवैयावृत्त्यकरणाद्युपकारेण वर्त्तध्वमित्येवंविधया मूर्च्छिताः,

परस्मै दानादिनोपकारो हि गृहिणां धर्मो न तु यतीनाम्, तस्मादेते गृहस्था इव सरागिणः परस्परायत्तत्वात्, यतयो हि निःसङ्गतयां न कस्यचिदायत्ता भवन्तीत्याजीविकादयो दिगम्बरा वा वदन्ति, तन्निषेधायाह **तेषामिति**, एवंवदतामात्मीयपक्षस्य सदोषस्य समर्थनाद्रागस्य निष्कलङ्कस्यास्मदभ्युपगमस्य दूषणाद्वेषस्य च प्रसङ्गः स्यात्, स्वतोऽसदनुष्ठानं सदनुष्ठायिनां निन्दनमिति वा पक्षद्वयस्य प्रसङ्गः, यद्वा बीजोदकोद्दिष्टकृतभोजित्वाद्गृहस्थाः, यतिलिङ्गाभ्युपगमात् प्रव्रजिताश्चेत्येवं पक्षद्वयस्य प्रसङ्गः, तथा हि वयमपरिग्रहतया निष्किञ्चना इत्यभ्युपगम्य गृहस्थभाजनेषु युष्माभिर्भुज्यते तत्परिभोगाच्च तत्परिग्रहोऽवश्यम्भावी, आहारादिषु मूर्च्छनाच्च कथं निष्परिग्रहाभ्युपगमो निष्कलङ्को भवेत्, भिक्षाटनं कर्त्तुमसमर्थस्यापरैर्गृहस्थैरभ्याहृतं कार्यते भवद्भिः, यतेरानयनाधिकाराभावात्, तथाच गृहस्थानयने यो दोषः स भवताम-वश्यम्भावी, गृहिभिर्हि बीजोदकाद्युपमर्देनापादितमाहारं भुक्त्वा ग्लानमुद्दिश्य यन्निष्पादितं तदवश्यं युष्मदुपभोगायावतिष्ठते, एवञ्चैते षड्जीवनिकायविराधनयोद्दिष्टभोजित्वेनाभि-गृहीतमिथ्यादृष्टितया च साधुपरिभाषणेन च तिव्रेण कर्मबन्धेनोपलिप्ताः, नैते सद्युक्तिभिर्वादं कर्तुं समर्थाः, विपर्यस्तावबोधेन व्याप्तत्वात्, केवलं क्रोधानुगा असभ्यवचनादीन्येवाश्रयन्ते, अर्थानुगतयुक्तिभिः प्रमाणभूतै- र्हेतुदृष्टान्तैः स्वपक्षसंस्थापनायां सामर्थ्याभावात् । तस्मात्तदेव वक्तव्यं वादकालेऽन्यदा वा येन येनोपन्यस्तेन हेतुदृष्टान्तादिना स्वपक्षसिद्धिलक्षणो माध्यस्थ्यवचनादिना वा परानुपघातलक्षण आत्मसमाधिः समुत्पद्यते येनाऽनुष्ठितेन भाषितेन वाऽन्यतीर्थिको धर्मश्रवणादौ वाऽन्यः प्रवृत्तो विरोधं न यायात् । तस्माद्भिक्षुः सर्वज्ञप्रणीतं धर्ममवेत्य यथा स्वस्य समाधिर्ग्लानस्य चोत्पद्यते तथा पिण्डदानादिकं कुर्यात्, न वोपसर्गैरुपसर्गितोऽसमञ्जसं विदध्यादिति ॥२६॥

હવે આજીવિકો અથવા દિગંબરોનો પરોપકાર પૂર્વક જીવવાના સ્વભાવવાળા સાધુના આચારમાં આક્ષેપપૂર્વક દૂષણ આપતા કહે છે.

**સૂત્રાર્થ :- એકબીજાને પરસ્પર ઉપકાર કરવા વડે ગૃહસ્થની જેમ મૂર્છિત થયેલા છે. એ પ્રમાણેની ઉક્તિ અયોગ્ય છે. તેમના બે પક્ષ થવાનો પ્રસંગ આવતો હોવાથી.**

**ટીકાર્થ** :- પુરૂષ-સ્ત્રી વગેરેના સ્નેહપાશમાં અનુરાગી થયેલા ગૃહસ્થો જેમ પરસ્પર એકબીજાનો ઉપકાર વડે માતા વગેરે વડે પુત્ર પર અને પુત્ર માતા વગેરે પર મૂર્છિત થયેલો તથા આ બધા પરસ્પર રોગી સાધુઓ ભિક્ષાની ગવેષણા કરે છે. બિમારને યોગ્ય આહારને શોધી તેના ઉપકાર માટે આપે, આચાર્ય વગેરેની વૈયાવચ્ચ કરવા વગેરે ઉપકાર કરવા વડે વર્તે. એ પ્રમાણે મૂર્છિત થયેલા એકબીજાને દાન વગેરેનો ઉપકાર કરવો એ ગૃહસ્થોનો ધર્મ છે. પણ સાધુઓનો

નહીં. તેથી (કારણ કે) આ લોકો ગૃહસ્થોની જેમ સરાગીઓ પરસ્પર એકબીજાને આધીન હોય છે. સાધુઓ નિઃસંગ હોવાથી કોઈને પણ આધીન હોતા નથી. આ પ્રમાણે આજીવિકો વગેરે અથવા દિગંબરો બોલે છે. એનો નિષેધ કરવા માટે કહે છે.

આ પ્રમાણે બોલતા દોષવાળા પોતાના પક્ષનો સમર્થન કરવાના રાગથી નિષ્કલંક અમારા સ્વીકારનો દૂષણ આપવાથી દ્વેષનો પ્રસંગ આવે છે. પોતાના અસત્ અનુષ્ઠાનને સદ્અનુષ્ઠાન કરવાવાળાઓ વડે નિંદા કરાય. આ પ્રમાણે બે પક્ષનો પ્રસંગ આવે છે. અથવા બીજ, પાણી, ઉદ્દિષ્ટકૃત ભોજિ (ખાનારા) હોવાથી ગૃહસ્થો સાધુલિંગ સ્વીકારનાર દીક્ષિતો એમાં બે પક્ષોનો પ્રસંગ છે. તથા અમે અપરિગ્રહીપણાથી નિષ્કિંચન છીએ. એમ સ્વીકારનારા ગૃહસ્થોના વાસણોમાં તમે ખાનારા છો. તેનો ઉપયોગ કરવાથી તેનો પરિગ્રહ અવશ્ય થાય છે. આહાર વગેરેમાં મૂર્ચ્છા કરવાથી શી રીતે નિષ્પરિગ્રહપણાનો સ્વીકાર નિષ્કલંક હોઈ શકે ? ભિક્ષાટન કરવા માટે અસમર્થને બીજા ગૃહસ્થો વડે સામે લાવીને તમને અપાય છે. સાધુઓને સામે લાવેલું લેવાનો અભાવ છે. તથા ગૃહસ્થને લાવવામાં જે દોષ છે. તે તમને અવશ્ય લાગે છે. ગૃહસ્થો વડે બીજ, પાણી વગેરેનું ઉપમર્દન કરવાથી મેળવેલ આહાર ખાઈને ગ્લાનને (બિમાર) ઉદ્દેશીને જે પ્રાયશ્ચિત આવે તે અવશ્ય તમારે ભોગવવાનું આવે છે. આ પ્રમાણે છજીવનિકાયની વિરાધના વડે બનેલ ઉદ્દિષ્ટ ભોજન કરવાથી અભિગૃહિત મિથ્યાત્ત્વપણાથી સાધુ પરિભાષણ (કહેવા) વડે તીવ્ર કર્મબંધ વડે લેપાય છે. એ લોકો સદ્યુક્તિવડે વાદ કરવા માટે સમર્થ થતાં નથી. કારણ કે વિપરીત બોધથી વ્યાપ્ત હોય છે. ફક્ત ક્રોધથી ઘેરાયેલા અસત્ય વચન વગેરેનો આશ્રય લે છે. અર્થાનુગત યુક્તિઓ વડે પ્રમાણભૂત હેતુ દૃષ્ટાંતો વડે પોતાનો પક્ષ સ્થાપવામાં સામર્થ્યનો અભાવ હોય છે. તેથી તે જ વાદના સમયે બોલવું નહીં તો જે જે હેતુ દૃષ્ટાંત વગેરે દ્વારા સ્વપક્ષ સિદ્ધિ લક્ષણની રજૂઆત કરવામાં આવી હોય તેને માધ્યસ્થભાવના આલંબન વડે બીજાને અનુપઘાત સ્વરૂપ આત્મસમાધિ ઉત્પન્ન થાય. જે આચરવાથી કે બોલવાથી અન્યતીર્થિ ધર્મીને ધર્મશ્રવણ વગેરેમાં અથવા કે અન્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હોવા છતાં વિરોધ આવતો નથી માટે સાધુ સર્વજ્ઞ પ્રણીત ધર્મને જાણી જેવી પોતાને અને ગ્લાનને સમાધિ ઉત્પન્ન થાય તે પિંડદાન એટલે ગોચરી વગેરે કરે અથવા ઉપસર્ગો વડે પરેશાન થયેલો હોવા છતાં અસમંજસ ન કરે. ॥૨૬॥

अथ स्खलितशीलस्य साधोः प्रज्ञापनामाह–

**दुःश्रवणोपसर्गेऽज्ञाः संयमे विषीदन्ति ॥२७॥**

**दुःश्रवणेति,** केचित् पञ्चाग्न्यादितपसा सन्तप्तशरीराः सिद्धिं शीतोदकन्दमूलाद्युपभोगिनोऽपि प्रापुः, यथा बाहुकनारायणासितदेवलपाराशरादयः केचिच्चाशनादिकमभुक्त्वा यथा नम्यादयः, केचिदाहारादिकं भुक्त्वैव यथा रामगुप्तादय इत्येवं केनचिदुक्तं निशम्याज्ञाः सिद्धिं नानाविधोपायसाध्यमिति निश्चित्य संयमानुष्ठाने विषीदन्ति यदि वा तत्रैव

शीतोदकादिपरिभोगे लगन्ति, किन्त्वेतन्नावधारयन्ति येषां सिद्धिगमनमभूत् तेषां कुतश्चिन्निमित्ताज्जातजातिस्मरणादिप्रत्ययानामवाप्तसम्यग्ज्ञानचारित्राणामेव वल्कलचीरिप्रभृतीनामिव सिद्धिगमनमभूत्, न तु कदाचिदपि सर्वविरतिपरिणामभावलिङ्गं विना शीतोदकाद्युपभोगेन जीवोपमर्दप्रायेण कर्मक्षयोऽवाप्यत इति ॥२७॥

હવે સ્ખલિત (અયોગ્ય) શીલવાળા સાધુને ઉપદેશ હિતશિક્ષા કરે છે.

**સૂત્રાર્થ :- દુઃખે સાંભળી શકાય એવા ઉપસર્ગોવાળા અજ્ઞાનીઓ સંયમમાં સીદાય છે. વિષાદ પામે છે.**

**ટીકાર્થ :-** કેટલાક પંચાગ્નિ વગેરે તપો વડે તપેલા શરીરવાળા, ઠંડુ પાણી, કંદમૂળ વગેરે વાપરીને સિદ્ધિને પ્રાપ્ત કરશું, જેમ બાહુક નારાયણ, સિતદેવલ, પારાશર વગેરે કેટલાક આહાર (ખોરાક) વગેરે નહીં ખાઈને - જેમ રામગુપ્ત વગેરેની જેમ, આ પ્રમાણે કોઈકે કહેલ સાંભળી અજ્ઞાનીઓ સિદ્ધિને નમિ આદિ, કેટલાક આહારાદિ ખાઈને જ જુદા જુદા ઉપાય વડે સાધ્ય છે એમ નિશ્ચય કરી સંયમના અનુષ્ઠાનમાં વિષાદ પામે છે. અથવા ત્યાં જ ઠંડા પાણી વગેરેના ઉપભોગમાં લાગે છે. કિન્તુ આ પ્રમાણે વિચારતો નથી કે જેઓનું સિદ્ધિગમન થયું છે. તેઓનું કોઈક નિમિત્તથી જાતિસ્મરણ વગેરે નિયમોના કારણે પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વ, જ્ઞાનચારિત્રથી જ વલ્કલચિરિ વગેરેને સિદ્ધિગમન થયું. ક્યારે પણ ભાવલિંગ એવા સર્વવિરતિના પરિણામ વગર ઠંડા પાણી પીવાના કારણે જીવોના નાશ પ્રાપ્ત કરવાથી કર્મનો ક્ષય થતો નથી. ॥૨૭॥

मतान्तरं निरस्यति–

**कारणसमत्वात्कार्यस्य सुखान्मुक्तिरित्येके, न विरूपादपि कार्यदर्शनाद्वैषयिकस्यासुखत्वाच्च ॥२८॥**

**कारणेति,** केचित् शाक्यादयः स्वयूथ्या वैवं ब्रुवते, सुखेनैव सुखं भवति न तु लोचादिक्लेशेन कार्यस्य कारणसादृश्यात्, शालिबीजाद्धि शाल्यङ्कुरोत्पत्तिर्न यवाङ्कुरोत्पत्तिः, तस्मान्मनोज्ञाहारविहारादेश्चित्तस्वास्थ्यं ततत्समाधिस्तस्माच्च मुक्त्यवाप्तिरतः सुखेनैव सुखावाप्तिर्न कदापि लोचादिकायक्लेशादिनेति, एते च सदा संसारान्तर्वर्त्तिनोऽज्ञाः, ज्ञानदर्शनचारित्रात्मकस्य जैनेन्द्रशासनप्रतिपादितमार्गस्य परिहरणात् । कारणसमत्वात्कार्यस्येति नियमं दूषयति **विरूपादपि कार्यदर्शनादिति,** श्रृङ्गाद्धि शरो जायते गोमयाद्वृश्चिको गोलोमाविलोमादिभ्यो दूर्वेति विसदृशादपि कारणात्कार्यस्योत्पत्तिदर्शनेन न कारणसादृश्यनियमः कार्यस्य, मनोज्ञाहारादिकमपि सुखं प्रति व्यभिचारि, विसूचिकादेरपि संभवात्, दोषान्तरमाह **वैषयिकस्यासुखत्वाच्चेति,** विषयजन्यं हि सुखं दुःखप्रतीकारहेतुत्वात्सुखाभासतया सुखमेव

न भवति, अतः परमानन्दरूपस्यात्यन्तिकैकान्तिकस्य मोक्षसुखस्य कुतः कारणं भवेत्, भवद्रित्या साम्यताया अप्यभावादिति भावः । चशब्देन विचित्रसंसारानुपपत्तिलक्षणदोषस्य समुच्चयः, यदि हि सुखेनैव सुखं तर्हि नित्यसुखिनां स्वर्गस्थानां पुनरपि सुखानुभूतेस्तत्रैवोत्पत्तिः स्यात्, नारकाणाञ्च पुनर्दुःखानुभवात्तत्रैवोत्पत्तिरिति नानागत्या संसारस्य वैचित्र्यं न भवेत्, न चैतदृष्टमिष्टञ्चेति भावः । लोचादिकमप्यल्पसत्त्वानामपरमार्थदृशामेव दुःखकारणरूपत्वं परमार्थदृशां महासत्त्वानान्तु सर्वमेतत्सुखायैव । मनोज्ञाहारादिना च न समाधिर्भवति, ततः कामोद्रेकात्तस्माच्चेतसोऽस्थिरत्वात्, तस्मादेते सावद्यानुष्ठायिनः परमसुखविलोपिनोऽनन्तसंसारा इति ॥२८॥

મતાંતરને દૂર કરે છે.

**સૂત્રાર્થ :- કારણસમ (સરખા)પણાથી કાર્યની સુખપૂર્વક મુક્તિ છે. એમ એક મતવાળા કહે છે. એ વાત બરાબર નથી. કારણ કે વિરૂપ એટલે વિરુદ્ધ કારણથી કાર્યો દેખાય છે. વિરૂપથી પણ નહીં કાર્ય દર્શનથી વૈષયિક સુખો-દુઃખપણે થવાથી.**

**ટીકાર્થ :-** કેટલાક, શાક્ય વગેરે પોતાના જુથ વગેરે સમક્ષ આ પ્રમાણે બોલે છે કે સુખવડે સુખ થાય છે. નહિ કે લોચ વગેરે કષ્ટ વડે, કાર્ય-કારણના સદશપણું હોવાથી, શાલિ (ચોખાના)ના બીજથી શાલિ ડાંગરનો અંકુરો ફૂટશે, નહીં કે જવનો અંકૂરો, તથા સુંદર આહાર-વિહારાદિથી ચિત્તની સ્વસ્થતા, તેનાથી સમાધિ, તેનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. આથી સુખ વડે સુખની પ્રાપ્તિ થાય છે. પણ ક્યારેય લોચ વગેરે કાયકલેશ વગેરે વડે સુખ પ્રાપ્ત થતું નથી. આ માન્યતાવાળા હંમેશાં સંસારમાં રહેલા અજ્ઞાનીઓ છે, જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક જિનેન્દ્રમાર્ગ પ્રતિપાદિત માર્ગને છોડનારા થાય છે. કારણ સમ (સરખું) હોય તો, કાર્યસમ હોય એ નિયમ દૂષિત છે.

શિંગડામાંથી બેસૂર નીકળે છે, ગાયના છાણમાંથી વીંછી નીકળે છે. ગોલોમા વિલોમામાંથી દૂર્વા ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે વિસદશ પદાર્થમાંથી કાર્યની ઉત્પત્તિ દેખાય છે. માટે કાર્ય પ્રતિસદશ કારણનો કારણ નિયત રહેતો નથી. મનોજ્ઞ આહાર વગેરે પણ સુખના પ્રતિ એકાંતે કારણ નથી. એમાં પણ વ્યભિચાર દોષ લાગે છે. ઝાડા થઈ જવા હોવાના કારણે બીજા દોષો કહે છે. વિષયજન્ય સુખ-દુઃખ પ્રતિકારરૂપ હોવાથી સુખાભાસરૂપ હોવાથી સુખ થતું નથી. આથી પરમાન્દરૂપના આત્યંતિક એકાંતિક મોક્ષસુખનું ક્યાંથી કારણ થાય. તમારી રીતે સામ્યતાનો પણ અભાવ થવાથી મોક્ષનો પણ એ પ્રમાણે ભાવ છે. ચશબ્દવડે વિચિત્ર સંસારની અનુપપત્તિ લક્ષણરૂપ દોષને ! સમુચ્ચય (સંગ્રહ) છે, જો સુખ વડે જ સુખ થાય તો નિત્ય સુખી એવા સ્વર્ગમાં ગયેલાઓને ફરીવાર પણ સુખના અનુભવની અનુભૂતિથી ત્યાં જ ઉત્પન્ન થાય છે. નારકોને

ફરિવાર દુ:ખોનો અનુભવ થતો હોવાથી ત્યાં જ ઉત્પત્તિ થવારૂપ વિવિધ ગતિ વડે સંસારની વિચિત્રતા ન થાય. આ ઈષ્ટરૂપ નથી. આ એનો ભાવ છે. લોચ વગેરે અલ્પ સત્ત્વવાળા અપરમાર્થ દૃષ્ટિવાળા જીવોને જ દુ:ખના કારણ રૂપપણે લાગે છે. જ્યારે પરમાર્થ દૃષ્ટિવાળા મહાસત્વશાળી જીવોને આ બધું સુખ માટે થાય છે. સુંદર આહાર વગેરે વડે સમાધિ થતી નથી. તેથી કામના ઉદ્રેકથી આકુલ-વ્યાકુલ થયેલો, અસ્થિર ચિત્તવાળો બનેલો હોવાથી એ પાપકારી ક્રિયા કરનારો પરમસુખનો વિલોપ કરનારો અનંત સંસારી થાય છે. ॥૨૮॥

मतान्तरं दूषयति–

**स्त्रीसम्बन्धो न दोषायेत्येके तन्न सर्वदोषास्पदत्वात् ॥२९॥**

**स्त्रीति,** केचित्स्त्रीवशगा रागद्वेषोपहतचेतसो जैनमार्गविद्वेषिणो युवतिप्रार्थनायां रमणीसम्बन्धे दोषाभावमङ्गीकुर्वन्ति यथा पिटकादिकस्य तदाकूतोपशमनार्थं पूर्वरुधिरादिकं निर्गाल्य मुहूर्त्तमात्रं सुखिनो भवन्ति न च दोषेणानुषज्यन्ते तथा स्त्रीप्रार्थनायां तत्सम्बन्धेऽपि न दोषो भवति न वा स्त्रीसम्बन्धेऽन्यस्य काचित् पीडा, आत्मनश्च प्रीणनं भवति, तथाऽरक्तद्विष्टतया पुत्रार्थमेव ऋतुकालाभिगामित्वे वा न कश्चिद्दोष इत्यपरे वदन्ति, तत्र दोषमाह **सर्वेति,** मैथुनं हि सर्वदोषास्पदं संसारवर्धकञ्च, तत्र माध्यस्थ्यावलम्बनमात्रेण विना तन्निवृत्तिं निर्दोषता कथं भवेत्, न हि कस्यचिच्छिरश्छित्त्वोदासीनभावावलम्बनेन नापराधी भवति, किंवा विषं पीत्वा तूष्णीम्भावावलम्बनेन न म्रियते, तस्माद्दण्डपीडनादिदृष्टान्तेन मैथुनं निर्दोषं मन्यमानाः स्त्रीपरीषहजिता विपरीततत्त्वग्राहिणो नरकादियातनास्थानेषु महादुःखमनुभवन्ति, यैस्तु महासत्त्वैः स्त्रीसङ्गविपाकवेदिभिर्नारीसंयोगाः परित्यक्तास्तत्सङ्गत्फलवस्त्रालङ्कारमाल्यादिभिः कामविभूषाः परित्यक्तास्ते स्त्रीप्रसङ्गादिकं क्षुत्पिपासादि प्रतिकूलोपसर्गकदम्बकञ्च निराकृत्य महापुरुषसेवितपन्थानं प्रति प्रवृत्ताः सुसमाधिना व्यवस्थिता नोपसर्गैरनुकूलैः प्रतिकूलैर्वा प्रक्षोभ्यन्ते नान्य इति परिज्ञाय भिक्षुर्हेयोपादेयबुद्ध्या शोभनानि प्रतिगृह्णन् संयमानुष्ठानं चरेत्, मृषावादादिकञ्च परिहरेदिति ॥२९॥

મતાંતરને દૂષિત કરે.

**સૂત્રાર્થ :- સ્ત્રી સાથેનો, સંબંધ કરવો તે દોષ માટે નથી, એવું એકમત કહે છે. એ વાત બરાબર નથી. કારણ કે સર્વદોષોનું સ્થાન હોવાના કારણે.**

**ટીકાર્થ :-** રાગ-દ્વેષથી હણાયેલા ચિત્તવાળી, જૈનમાર્ગના દ્વેષી, સ્ત્રીને આધિન થયેલા કેટલાક યુવતિને પ્રાર્થના કરવા માટે સુંદર સંબંધ રાખવામાં દોષ નથી એમ સ્વીકારનારા જેમ પેટ વગેરેની પીડા થાય ત્યારે તેને ઉપશમાવવા માટે પહેલા લોહી વિગેરે કાઢીને મુહૂર્તકાળ જેટલા માત્ર કાળમાં

સુખી સ્વસ્થ થાય છે. દોષ વડે લેપાતો નથી. તથા સ્ત્રીની પ્રાર્થનામાં તેની સાથે સંબંધમાં પણ દોષ થતો નથી. અથવા સ્ત્રીસંબંધ કરવામાં બીજા કોઈને પણ કંઈ પીડા થતી નથી. અને પોતાને આનંદ થાય છે. તથા રાગ-દ્વેષ વગર પુત્રના માટે ઋતુકાલ આવે છતે તો કોઈ દોષ નથી. એ પ્રમાણે બીજા દર્શનકારો કહે છે. એ વાત બરાબર નથી. કેમકે એમાં દોષ કહે છે.

મૈથુન એ સર્વદોષોનું સ્થાન અને સંસારવર્ધક છે. તેમાં માધ્યસ્થપણાને ધાર્યા વગર, તેની નિવૃત્તિ (ત્યાગ) નિર્દોષ શી રીતે થાય ? કોઈનું પણ માથુ કાપી ઔદાસીન ભાવના આલંબન વડે અપરાધી થતાં નથી એમ નથી. પરંતુ ઝેર પીને મૌનભાવના આલંબન વડે મરતા નથી. માટે ગુમડાને પીલવા વગેરેના દૃષ્ટાંત વડે મૈથુનને નિર્દોષ માનનારા સ્ત્રી પરિષહથી જીતાયેલા વિપરિત તત્ત્વને ગ્રહણ કરનારા, નરક વગેરે પીડાસ્થાનોમાં મહાદુઃખોનો અનુભવ કરે છે. સ્ત્રી સંગના વિપાકને જાણનારા એવા મહાસત્ત્વશાળી સ્ત્રીના સંયોગો જેઓએ છોડ્યા છે, તેના સંગનું ફલ વસ્ત્ર, અલંકાર, માળા વગેરે વડે કામભોગની વિભૂષા છોડી દેનારા તેઓ સ્ત્રી પ્રસંગ વગેરેને ભૂખ-તરસ વગેરે પ્રતિકૂળ ઉપસર્ગનો સમૂહનો સંબંધ દૂર કરીને મહાપુરૂષે સેવેલ માર્ગ તરફ પ્રવૃત્ત થયેલા સુસમાધિ વડે વ્યવસ્થિત થયેલા અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો વડે ગભરાતો નથી. એમ જાણી સાધુ હેયોપાદેયની બુદ્ધિ વડે સુંદર ગ્રહણ કરતો સંયમના અનુષ્ઠાનોને આચરે. મૃષાવાદ વગેરેને છોડી દે. ॥૨૯॥

अथ स्त्रीकृतोपसर्गस्य दुःसहत्वात्तज्जयार्थं तत्संस्तवादिपरित्यागमाह-

**कृतविविक्तचर्याप्रतिज्ञो वनिताविलासविप्रलुब्धो न स्यात् ॥३०॥**

**कृतेति,** पित्रादिपूर्वसंयोगं श्वश्र्वाद्युत्तरसंयोगञ्च विहाय स्त्रीपशुपण्डकविवर्जितस्थाने संयमं करिष्यामीति कृतप्रतिज्ञः सर्वथा स्त्रीसङ्गं विवर्जयेत्, नापि तया सह विहरेन्न वा विविक्तासनो भवेत्, यतो महापापस्थानमेतद्यतीनां स्त्रीभिरासङ्गत्वम्, तद्वर्जनेन चात्मा समस्तापायस्थानेभ्यो रक्षितो भवति, स्त्रियो हि मायाप्रधानाः, सम्यक् प्रतारणोपायं जानन्ति, इतरकार्यव्यपदेशेन समीपमेत्य शीलाच्च्यावयन्ति, अतिस्नेहमाविष्कुर्वन्त्यः समीपमागच्छन्ति नानाविधवचोभिर्मुग्धयन्ति, काममुत्पादयन्ति प्रतारणाय सम्मुखं वस्त्रं शिथिलादिव्याजेन साभिलाषं शिथिलीकृत्य पुनर्निबध्नन्ति ऊर्ध्वादिकायं प्रकटयन्ति, कक्षामादर्श्य व्रजन्ति उपभोगं प्रति प्रार्थयन्ति, उत्पाद्य विश्वासमकार्यकरणाय निमंत्रयन्ति, ईदृशान् वनिता-विलासानवेत्य विदितवेद्यः परमार्थदर्शी साधुर्न तद्दृष्टौ स्वदृष्टिं निवेशयेत्, सति प्रयोजने ईषदवज्ञया निरीक्षेत, न वा तच्चेष्टासु प्रलोभमुपगच्छेत्, स्त्रीसंसर्गापादिताः शब्दादयो हि विषया दुर्गतिगमनैकहेतवः सन्मार्गार्गलारूपा इत्येवं विजानीयात् । किञ्चानेकविधप्रपञ्चैः करुणाविनयपूर्वकं स्त्रियः समीपमुपागत्य विश्रम्भजनकानि वचांसि भाषमाणा रहस्या-

लापैर्मैथुनसम्बद्धवचोभिः साधोश्चित्तमादाय तमकार्यकरणं प्रति कर्मकरवदाज्ञापयन्ति, सोऽपि साधुः स्त्रीपाशबद्धो मृगवत् कूटके पतितः सन् कुटुम्बकृतेऽहर्निशं क्लिश्यते, तथा हि स्खलितचारित्रं कामाभिलाषुकं मद्वशग इति परिज्ञाय लिङ्गस्थोपकरणान्यधिकृत्यालाबुच्छेद्यं शस्त्रं लभस्व, येन पात्रादेर्मुखादिः क्रियते शोभनान्यलाबुकान्यानय, धर्मकथादिफलानि वस्त्रादिलाभरूपाण्याहर, पतद्ग्रहाणि लेपय येन सुखेनैव भिक्षाटनं भवेत्, अलक्तकादिना पादौ रञ्जयेत्येवंरूपेषु कर्मसु, गृहस्थोपकरणान्यधिकृत्य च कज्जलाधारभूतां नीलिकां कटककेयूरादिमलङ्कारं प्रयच्छ येनाहं सर्वालङ्कारभूषिता वीणादिविनोदेन भवन्तं विनोदयामि, मुखाभ्यङ्गार्थं संस्कृतं सुगन्धितैलमाहर, आतपवृष्टिभ्यां संरक्षणाय छत्रमुपानहञ्च मामनुजानीहि, केशसंयमनार्थं कङ्कतकं दन्तप्रक्षालनार्थं दन्तकाष्ठं मदन्तिकं प्रवेशय, रात्रौ भयाद्बहिर्गमनमसमर्था कर्त्तुमतो मम यथा रात्रौ बहिर्गमनं न भवति तथा कुरु, मत्पुत्राय क्रीडाभाजनान्युपानय, तं क्रीडय, प्रावृट्समयनिवासार्हमालयं तण्डुलादिभक्तञ्च निष्पादय येन सुखेनैव सोऽतिवाह्येतेत्येवं कर्मसु च तन्निर्देशवर्त्ती महामोहोदये वर्त्तमानोऽपहस्तितैहिकामुष्मिकापाय उष्ट्र इव परवशगो भवति, तस्माद्विषोपलिप्तकण्टकादपि महदनर्थकारिणीं स्त्रियमवेत्य स्नुषादुहितृसुताधात्र्यादिकमप्यविचिन्त्य योषिन्मात्रेण सह विवेकिना सम्पर्को न कर्त्तव्यः, विविक्ते दुहित्रादिना सार्धं हि साधुं दृष्ट्वा योषिज्जातीनामन्येषां वैवं शङ्का भवेत्, प्राणिमात्रं हीच्छामदनकामैर्गृद्धं, यत एवम्भूतोऽपि श्रमणः स्त्रीवदनालोकनासक्तचेताः परित्यक्तनिजव्यापारोऽनया सार्धं निर्ह्रीकस्तिष्ठतीति । यतोऽनर्थाय स्त्रीसम्बन्धस्तस्मादात्महितकामेन स्त्रीवसतयः परित्याज्या इति ॥३०॥

હવે સ્ત્રી વડે કરાયેલા ઉપસર્ગ દુઃસહ હોવાથી તેને જિતવા માટે સ્ત્રીના પરિચયનો ત્યાગ કરવો જોઈએ. તે કહે છે.

**સૂત્રાર્થ :- વિવિક્તચર્યાની પ્રતિજ્ઞા કરેલી છે. એવો આત્મા સ્ત્રી વિલાસમાં વિપ્રલુબ્ધ (આસક્ત) ન થાય.**

**ટીકાર્થ :-** પિતા વગેરેના પૂર્વસંબંધ, સાસુ વગેરેના ઉત્તર સંબંધો છોડી સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં હું સંયમને ચરીશ. એટલે પાળીશ, આ પ્રમાણે કરેલ પ્રતિજ્ઞાવાળો સર્વથા સંપૂર્ણ સ્ત્રીસંગને છોડી દે છે. તેની સાથે વિહરે નહીં, વિવિક્તાસનવાળો થાય નહીં જેથી આ મહાપાપ સ્થાન છે જે કારણથી સાધુઓનું સ્ત્રીઓ સાથે આસંગપણું (મહાપાપસ્થાનક છોડવાથી) તે છોડવાથી આત્મા સમસ્ત આ પાપસ્થાનોથી રક્ષણ કરાયો છે. સ્ત્રીઓ માયાપ્રધાન હોય છે, સારી રીતે તે છેતરવાના ઉપાયોને જાણતી હોય છે. બીજા કામના બહાનાથી નજીક આવી શીલભ્રષ્ટ

કરે છે. અતિસ્નેહને પ્રગટ કરતી તે નજીકમાં આવી વિવિધ પ્રકારના વચનો વડે મુગ્ધ કરતી કામવિકારને જગાડતી - ઉત્પન્ન કરતી ઠગવા માટે સામે જ વસ્ત્રને ઢીલા થઈ ગયા છે. એવા બહાના હેઠળ અભિલાષાપૂર્વક ઢીલા થયેલા વસ્ત્રોને ફરી બાંધે છે. આળસ ખાવાના બહાને શરીર ઊંચું કરી મરડે છે. બગલ બતાવી જતી ઉપભોગ માટે પ્રાર્થના કરે છે. વિશ્વાસ ઉત્પન્ન કરી અકાર્ય કરવા માટે નિમંત્રણ આપે છે. આવા પ્રકારના સ્ત્રીના વિલાસોને જાણી એના વિપાકોનો જાણકાર પરમાર્થદર્શી સાધુ તેની આંખમાં પોતાની આંખ સ્થાપે - મિલાવે નહીં. જો કોઈ કામ હોય તો કંઈક અવજ્ઞાપૂર્વક જુએ પણ તેની ક્રિયાઓમાં (ચેષ્ટાઓમાં) લોભાય (ખેંચાય) નહીં. સ્ત્રી સંસર્ગથી પ્રાપ્ત થયેલા શબ્દ વગેરે વિષયો દુર્ગતિ ગમનના મુખ્ય કારણરૂપ, સન્માર્ગના આગળા (અર્ગલા)રૂપ આવા પ્રકારની સ્ત્રીને જાણવી. વળી અનેક પ્રકારના વિવિધ પ્રપંચો વડે કરૂણા વિનયપૂર્વક સ્ત્રીઓ નજીક આવીને વિશ્વાસજનક વચનો બોલતી ખાનગીમાં આલાપો (વાતો) વડે મૈથુન સંબંધી વચનો વડે સાધુના ચિત્તને આકર્ષી તેને અકાર્ય કરવા તરફ નોકરની જેમ હુકમ કરે છે.

તે સાધુપણ સ્ત્રીના પાશમાં બંધાયેલો હરણીયાની જેમ કૂટમાં (જાળ) પડેલો પરિવારના માટે દરરોજ બંધનમાં ક્લેશ (દુઃખ) પામે છે. તથા ભ્રષ્ટચારિત્રવાળાને કાયાભિલાષુકને મારા વશમાં છે. એમ જાણીને લિંગમાં રહેલો ઉપકરણોને અધિકારીથી છેદ તુંબડાની જેમ શસ્ત્ર પ્રાપ્ત કર, જેના વડે પાત્રા વગેરેના મુખ વગેરે કરાય, સારા તુંબડા લાવી ધર્મકથા વગેરે ફળો વસ્ત્ર વગેરે લાભ રૂપ આદરે, પાત્રને લેપ કરે, જેથી સુખપૂર્વક ભિક્ષાટન થઈ શકે. આવા પ્રકારના કાર્યોમાં અળતા વગેરે વડે બન્ને પગો રંગે, ગૃહસ્થોના ઉપકરણોને લઈ કાજળના આધારરૂપ નીલિકા, કટક એટલે કડા, કેયુર એટલે બેરખા વગેરે અલંકારને આપો, જેના વડે હું સર્વ અલંકારભૂષિત થાઉં, વીણા વગેરેના વિનોદ વડે તમને હું આનંદ પમાડું, મોઢાને અભ્યંગન કરવા માટે સંસ્કારિત સુગંધી તેલ લાવો, તડકો વરસાદથી રક્ષા માટે છત્રી પગરખાની મને અનુજ્ઞા આપો, વાળ વ્યવસ્થિત કરવા માટે કાંસકી, દાંત સાફ કરવા માટે દાતણ મારી પાસે લાવો. રાત્રીના સમયે ભયથી બહાર જવા માટે અસમર્થ કરવા માટે રાત્રીમાં બહાર જવાનું ન થાય તેવું કરો. મારા પુત્રને માટે રમતના સાધનો લાવો. તેને રમાડો, તેની સાથે રમો. ચોમાસાના સમયે રહેવા યોગ્ય મકાનને, ચોખા વગેરે ભોજન ઉત્પન્ન કરો. જેથી સુખપૂર્વક તે સમય અમે પસાર કરી શકીએ. આમ આ રીતે કર્મોમાં અને તેમના બતાવેલા (નિર્દેશથી) મહામોહના ઉદયમાં રહેનારા નીચતા (અપહસ્તિતા) પામી આલોક અને પરલોકના કષ્ટોને ઉંટની જેમ પરાધીન થાય છે. તેથી વિધ્વેષથી લેપાયેલો કાંટાથી પણ મહાનર્થકારી સ્ત્રીને જાણીને, બહેન, પૌત્રી, દીકરી, માતા આદિને પણ આવી વિચારી સ્ત્રી માત્રની સાથે વિવેકીએ સંપર્ક કરવો નહીં. છોડી દીધેલ દોહિત્રી વગેરેની સાથે સાધુને જોઈ સ્ત્રીજાતિને અથવા બીજાઓને આવી શંકા થાય છે, પ્રાણિમાત્ર, ઈચ્છા, કામ, મદન વડે આસક્તા જેથી આવા પ્રકારનો પણ સાધુ સ્ત્રીને કામબુદ્ધિથી જોવામાં આસક્ત મનવાળો, છોડી દીધો છે જેણે એવો પોતાનો વ્યાપાર એની સાથે નિર્લજ્જ થઈને ઊભો રહે છે. જેથી અનર્થ માટે સ્ત્રી સંબંધ છે. તેથી આત્મહિતની કામનાપૂર્વક સ્ત્રી-પરિચય (વસતિ) છોડવો જોઈએ. ॥૩૦॥

अथ स्त्रीवशगोऽवश्यं नरकं यातीति नरकवेदनाः प्राह–

**नरकेषु तीव्रतरदुःखभाजो रौद्राः ॥३१॥**

**नरकेष्विति,** नारका देवादिनाप्युपशमयितुमशक्यं शीतोष्णरूपपृथिव्यास्तीव्रवेदनोत्पादकं स्पर्शं समनुभवन्ति, तथैकान्तेनाशुभान् रूपरसगन्धशब्दानपि, तत्राद्यासु रत्नशर्करावालुकाख्यासु तिसृषु पृथिवीषु पञ्चदशप्रकारैः परमाधार्मिकैः कृतं मुद्गरासिकुन्तक्रकचकुम्भीपाकादिकं प्रभूतकालं यावदशरणा नारका वधमनुभवन्ति, पङ्कधूमतमोमहातमःप्रभाख्यासु चतसृषु पृथिवीषु परमधार्मिकाभावेऽपि स्वत एव तत्कृतवेदनायास्तीव्रतरं वेदनासमुद्घातमनुभवन्ति परस्परोदीरितदुःखाश्च भवन्ति, तत्र ये महारम्भपरिग्रहपञ्चेन्द्रियवधपिशितभक्षणादिके सावद्यानुष्ठाने प्रवृत्ता असंयमजीवितार्थिनः प्राणिनामसदनुष्ठानैर्भयोत्पादकत्वेन रौद्राः-भयानकास्ते तीव्रपापोदयवर्त्तिनोऽत्यन्तभयानके बहुलतमोऽन्धकारे यत्रात्मापि नोपलभ्यते चक्षुषा, केवलमवधिनापि मन्दमन्दमुलूकेनेवाह्नि दृश्यते तथाविधे दुःसहखदिराङ्गार-राश्यनन्तगुणतापसन्तप्ते बहुवेदने नरके पतन्ति नानारूपा वेदनाः समनुभवन्ति च । तत्र तिर्यङ्मनुष्यभवात्सत्त्वा उत्पन्ना अन्तर्मुहूर्त्तेन निर्लूनाण्डजसन्निभानि शरीराण्युत्पादयन्ति, पर्याप्तिभावमागताश्चातिभयानकान् शब्दान् परमाधार्मिकजनितान् श्रृण्वन्ति हत मुद्गरादिना, छिन्त खड्गादिना, भिन्त शूलादिना, दहत मुर्मुरादिनेत्येवंविधान् । निशम्य च ते भयोद्भ्रान्तलोचना भीत्या नष्टचेतनाः क्व गतानामस्माकमेवंविधमहाघोरारवदारुणस्य दुःखस्य त्राणं स्यादित्याशङ्कमाना इतस्ततो धावन्तः ज्वालाकुलं भूमिमाक्रमन्तो दन्दह्यमाना आक्रन्दन्ति, एवं तेषां तत्र स्थितिरुत्कृष्टतस्त्रयस्त्रिंशत्सागरोपमाणि जघन्यतो दशवर्षसहस्राणि । तदेवं तप्ता नारकास्तापापनोदनायोदकपिपासयाऽभिषिषिक्षया वा तां भूमिं विलाय क्षारोष्ण-रुधिराकारजलवाहिनीं शरीरावयवकर्त्तकतीक्ष्णस्रोतस्विनीं दुःखदां वैतरणीं नदीं प्राप्तास्तत्रापि शरप्रतोदेनेव प्रेरिताः शक्तिभिश्च हन्यमानास्तरन्ति, दुर्गन्धेनात्यन्तक्षारोष्णेन वैतरणीजलेन सन्तप्तानायसकीलाकुलां नावमधिरोढुमुपागच्छतः पूर्वारूढाः परमाधार्मिकाः कण्ठेषु विध्यन्ति ततश्च वैतरणीजलेन नष्टसंज्ञा अप्यपगतकर्त्तव्यविवेका भवन्ति । अन्ये च नरकपाला नारकैः क्रीडमानाः शूलाभिर्नष्टसंज्ञान् तान् विद्ध्वाऽधो भूमौ कुर्वन्ति, केषाञ्चिन्नारकाणां परमाधार्मिका महतीं शिलां गले बद्ध्वा तान् महत्युदके निमज्जयन्ति समाकृष्य च तस्याः कलम्बुका-वालुकायां मुर्मुराग्नौ च समन्ततो घोलयन्ति, अन्ये च तत्र स्वकर्मपाशावपाशितान्नारकान् शूलके प्रोतकमांसपेशीवद्भर्जयन्ति केचिन्महापापोदया नारकाः परितोऽग्निज्वालामय

उष्ट्रिकाकृतौ नरके प्रवेशिनाः सन्तप्ताः स्वकृतं दुश्चरितमजानन्तोऽपगतावधिविवेकाः सदा दन्दह्यन्ते, न ह्यतिनिमेषमात्रमपि कालं तत्र दुःखस्य विरामः, केचिच्च नरकपालैः निरनुकम्पैः परशुपाणिभिर्नारका हस्तैः पादैश्च बद्धाः काष्ठशकलमिव तक्ष्यन्ते तेषाञ्च शरीरावयवा विश्लेष्यन्ते, नरकपालाः स्मारयन्ति चाक्रन्दमानान् पूर्वकृतानि, त्वया तदा हृष्टेन प्राणिनां मांसः समुत्कृत्योत्कृत्य भक्षितः, तद्रुधिरं मद्यञ्च पीतं परदारा भुक्ताः, साम्प्रतं तद्विपाकापादितेन कर्मणाऽभितप्यमानः किमेवं रारटीषीत्येवं स्मारयन्तः पुनः पुनर्दुःख-मुत्पादयन्तः पीडयन्ति, तदेवं पूर्वजन्मसु जघन्येतरादिना यादृग्भूताध्यवसायेन कर्माण्या-चरितानि तथैव नरके तस्य वेदनाः स्वतः परत उभयतो वा भवन्ति, अनृतभाषिणाञ्च तत्स्मारयित्वा जिह्वाश्छेच्छिद्यन्ते परद्रव्यापहारिणामङ्गोपाङ्गान्यपह्रियन्ते, पारदारिकाणां वृषण-च्छेदः शाल्मल्युपगूहनादि कार्यते, महापरिग्रहारम्भवतां क्रोधमानमायालोभिनाञ्च जन्मान्तर-स्वकृतक्रोधादिदुष्कृतस्मारणेन तादृग्विधमेव दुःखमुत्पाद्यते, इत्थं नरकदुःसवविशेषान् भगवदागमेन विदित्वा धीरस्सर्वस्मिन् प्राणिगणे कमपि न हिंस्यात्, जीवादितत्त्वेषु च निश्चलदृष्टिर्निष्परिग्रहमृषावादादिर्न लोकवशगो भवेत्, ध्रुवं संयमं विदित्वा तदनुष्ठानरतो यावज्जीवं मृत्युकालं प्रतीक्षेत ॥३१॥

હવે સ્ત્રીને આધિન થયેલો અવશ્ય નરકમાં જાય છે. આથી નરકની વેદનાઓ કહે છે.

**સૂત્રાર્થ :- નરકોમાં ભયંકર રૌદ્ર તીવ્રતર દુઃખોને ભોગવનારા થાય છે.**

**ટીકાર્થ :-** નારકીના જીવો દેવ વગેરેથી પણ ઉપશમાવવા માટે અશક્ય એવી ઠંડી, ગરમીરૂપ પૃથ્વીઓની તીવ્ર વેદના ઉત્પન્ન કરનાર સ્પર્શને અનુભવે છે તથા એકાંતે અશુભ રૂપ, રસ, ગંધ, શબ્દોને પણ ભોગવે છે. પહેલી રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા એ ત્રણ નરક-પૃથ્વીઓમાં પંદર પ્રકારના પરમાધાર્મિકો (પરમાધામી) વડે મુદગર, તલવાર, ભાલો, કાતર, કુંભીપાક વગેરેની વેદના ઘણા વખત સુધી અશરણરૂપે નારકો વધને અનુભવે છે. પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા નામની ચાર પૃથ્વીઓમાં પરમાધાર્મિકોનો અભાવ હોવા છતાં પણ જાતે જ તે ક્ષેત્રની વેદનાથી તીવ્રતર વેદના સમુદ્ઘાતને અનુભવે છે. અને પરસ્પર એકબીજાએ (ને) કરેલ દુઃખો થાય છે. તેમાં જેઓ મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિયવધ, માંસભક્ષણ વગેરે પાપકારી ક્રિયાઓમાં પ્રવૃત્ત થયેલા અસંયમ જીવનને જીવનારા, પ્રાણિઓના અસત્ અનુષ્ઠાનો વડે ભય ઉત્પન્ન કરનારા રૌદ્રભયાનક તેઓ તીવ્ર પાપોદયવાળા અત્યંત ભયાનક બહુલતાએ અંધકારમયમાં જ્યાં પોતાને આંખ વડે પણ જોઈ ન શકે.

ફક્ત મંદમંદ અવધિજ્ઞાન વડે પણ ઘુવડની જેમ દિવસે દેખાય તેવા પ્રકારના દુઃસહ ખેરના અંગારાના ઢગલાથી અનંતગુણા તાપની પરંપરાથી તપેલા બહુવેદનાવાળા નરકમાં પડે છે. અને

વિવિધ પ્રકારની વેદનાઓ ભોગવે છે. ત્યાં તિર્યંચ મનુષ્યભવવાળા અંતર્મુહૂર્તકાળમાં ખેંચાઈ ગયેલી પાંખોવાળી (પીંછાવાળા) પક્ષીના જેવા શરીરવાળા ઉત્પન્ન થાય છે. પર્યાપ્તિભાવને પામેલા નારકો પરમાધાર્મિકો વડે કરેલા અતિભયાનક શબ્દોને સાંભળે છે. જેવા કે મુદગર વડે હણો, તલવાર વડે કાપો, શૂલ વડે ભેદો, મુર્મુર વડે એટલે અગ્નિના કણિયા વડે આવા શબ્દો સાંભળે છે, સાંભળીને તે એ ભયભ્રાંત આંખોવાળા, ડરીને (બીને) મરેલ જેવા થયેલા વિચારે છે કે ક્યાં જવાથી અપાર આવા પ્રકારના મહાઘોર ભયંકર અવાજવાળા દારૂણ દુઃખથી રક્ષણ થાય. એમ શંકા કરતા આમ તેમ ભાગે છે. દોડે છે. જ્વાલાવાલી ભૂમિને ઓળંગતા દાઝવાથી રડે છે. આ પ્રમાણે તેમની ત્યાં ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમનું આયુષ્ય છે. અને જઘન્ય દશ હજાર વર્ષનું આયુષ્ય છે. આ પ્રમાણે તપેલા તે નારકો તાપને દૂર કરવા માટે પાણીની તરસ લાગવાથી પાણી પીવાની ઈચ્છાથી અથવા તે ભૂમિને વિલાય ખારૂ ગરમ લોહી આકારનું (જેવું) પાણીને વહનારી નદી, શરીરના અવયવોને કાપનારી તીક્ષ્ણ પ્રવાહવાળી દુઃખદાયક વૈતરણી નદીને પામ્યા તેમાં પણ બાણ વડે પ્રેરાયેલો હોય તેમ પ્રેરિત થયેલો, શક્તિ વડે હણાયેલો વૈતરણી નદી તરે છે. દુર્ગંધી અતિખારા ગરમ પાણીવાળી વૈતરણી નદીના પાણી વડે તપેલા લોખંડની ખીલાવાળી ઘેરાયેલી નાવમાં (હોડી)માં ચઢવા માટે પાસે આવે છે. ત્યારે પહેલા ચઢેલા પરમાધાર્મિકો કંઠમાં વીંધે છે. ત્યારબાદ વૈતરણીના પાણી વડે નષ્ટસંજ્ઞા એટલે ભાન વગરના થયેલા કર્તવ્ય વિવેક વગરના થાય છે. બીજા પરમધાર્મિકો નારકોની સાથે રમતા શૂલો વડે વીંધીને નષ્ટ સંજ્ઞા ભાન વગરના થયેલા તેઓને જમીન પર ઉંધા કરી દે છે. કોઈક નારકોને ગળામાં મોટી શિલા બાંધી તેઓને મોટા પાણીમાં ડૂબાડે છે. અને પછી તેમને ખેંચી કાઢી તેઓને કલમ્બુક રેતી ઉપર અને તણખા જેવી અગ્નિમાં ચારે બાજુથી વલોવે છે. ત્યાં બીજા પોતાના કર્મરૂપ પાશ વડે બંધાયેલા તે નારકોને શૂલોમાં માંસની પેશીઓની જેમ પરોવી ભુંજે છે. કેટલાક મહાપાપોદયવાળા નારકોને ચારે બાજુથી અગ્નિની જવાળાની જેમ સળગાવી ઉષ્ટ્રિકાકૃતૌ નરકમાં પ્રવેશ કરેલા, સંતાપવાળા, પોતાના કરેલા દુઃચરિત્રને નહીં જાણતા વિવેકની મર્યાદા વગરના તેઓ હંમેશાં બળતા હોય છે. આંખના પલકારા જેટલો સમય પણ ત્યાં દુઃખનો અટકાવ (રોકાણ) નથી.

કેટલાક નિર્દય પરમાધાર્મિકો હાથમાં પરશુ એટલે કૂહાડો લઈ નારકોના હાથ-પગ બાંધી લઈ લાકડાના ટૂકડાની જેમ છોલે છે. તેમના શરીરના અવયવોને જુદા જુદા કરી નાખે છે. પરમાધાર્મિકો રડતા તેમને પૂર્વભવમાં કરેલા પાપો યાદ કરાવે છે કે પૂર્વભવોમાં આનંદથી પ્રાણિઓના માંસને ઉકેરી ઉકેરી (કાપી-કાપી) ખાધું, લોહી અને દારૂ પીધા, પરસ્ત્રીઓને સેવી, હવે તેના ફળ આપનારા કર્મો વડે ચારે તરફથી તપતા આમ કેમ રાડો પાડે છે ? આવી રીતે યાદ કરાવતા વારંવાર દુઃખોને ઉત્પન્ન કરતા પીડે છે. તેથી આ પ્રમાણે પૂર્વજન્મા જઘન્ય-ઉત્કૃષ્ટ વગેરે અધ્યવસાયો વડે કર્મો કરેલા છે. એ પ્રમાણે નરકમાં જેની વેદના પોતાના તરફી કે બીજા તરફી

કે બંને તરફથી થાય છે. જૂઠ બોલનારાને તે યાદ કરાવીને જીભ કપાય છે, પરદ્રવ્યને ચોરનારાના અંગોપાંગો અપહરણ કરાય છે. પરસ્ત્રીને સેવનારાને વૃષણ એટલે લિંગ કાપે છે. શાલ્મલિ વૃક્ષની અંદર છુપાવવાનું કાર્ય કરે છે. મહાપરિગ્રહના આરંભવાળાને અને ક્રોધ, માન, માયા, લોભવાળાઓને બીજા જન્મોમાં પોતાના કરેલા ક્રોધ વગેરે પાપોને યાદ કરાવવા વડે તેવા પ્રકારના દુઃખો ઉત્પન્ન કરે છે.

આવી રીતે નરક દુઃખ વિશેષોને ભગવાનના આગમો વડે જાણી ધીરપુરૂષ સર્વ જીવો (સમૂહ)ને વિષે કોઈપણ જીવની હિંસા ન કરવી, જીવ વિગેરે તત્ત્વોને વિષે નિશ્ચલ દૃષ્ટિ, નિષ્પરિગ્રહ, મૃષાવાદ વગેરે લોકાધીન ન થાય. ધ્રુવ સંયમને જાણી તેના અનુષ્ઠાનમાં રત બની જાવજ્જીવ સુધી મૃત્યુકાલની રાહ જુએ. ॥૩૧॥

तदेवं नारकयातना धर्मश्च महावीरस्वामिनाऽऽवेदित इत्याह–

**परिज्ञाय धीरो वीरोऽनुत्तरमाचख्यौ धर्मम् ॥३२॥**

**परिज्ञायेति**, संसारान्तर्वर्त्तिनां सकलप्राणिनां कर्मविपाकजं दुःखं परिज्ञाय यथावस्थितात्मादिस्वरूपवेत्ता उपदेशदानात् प्राणिनामष्टविधकर्मोच्छेदननिपुणः सर्वत्र सदोपयोगी नानाविधोपसर्गैरुपसर्गितोऽपि निष्प्रकम्पसंयमरतित्वाद्धीरधिया राजमानत्वाद्वा धीरः समस्तभयरहित औरसबलेन धृतिसंनहनादिभिश्च वीर्यान्तरायस्य निःशेषं क्षयात् परिपूर्णवीर्यः, उत्पन्नदिव्यज्ञानो निश्शेषान्तरायक्षये सर्वलोकपूज्यत्वेऽपि च भिक्षामात्रजीवित्वाद्भिक्षुः प्रशस्तवर्णरसगन्धस्पर्शप्रभावादिगुणैर्विराजमानो जातियशोदर्शनज्ञानशीलैः सर्वातिशाय्यनुत्तरं धर्मं प्रकाश्य योगनिरोधकाले सूक्ष्मक्रियस्य ततो व्युपरतक्रियस्थ शुक्लध्यानविशेषस्य ध्याता शैलेश्यवस्थापादिततद्ध्यानानन्तरञ्च साद्यपर्यवसानां लोकाग्रव्यवस्थितां प्रधानां सिद्धिगतिं प्राप्त ऋषिश्रेष्ठो नाम्ना वर्धमानस्वामी परीषहोपसर्गैरनुकूलप्रतिकूलैरपराजितोऽद्भुतकर्मकारित्वेन गुणनिष्पन्नमहावीरापरनामा क्रियावाद्यक्रियावादिवैनयिकाज्ञानिकादीनामभ्युपगमं सम्यगवबुद्ध्य यथावस्थिततत्त्वोपदेशेनापरान् सत्त्वान् परिज्ञाप्य स्वयमपि सम्यगुत्थानेन संयमे व्यवस्थितः सरात्रिभक्तषष्ठं प्राणातिपातादिकं प्रतिषिध्य तपोनिष्टप्तदेहोऽभवत्, न हि स्वतोऽस्थितः परान् स्थापयितुमलम् । तदेवं श्रुतचारित्राख्यं सद्युक्तिकमर्हद्भाषितं सर्वधर्मप्रधानं धर्म श्रद्दधाना अनुतिष्ठन्तो लोको व्यपगतायुःकर्माणः सन्तः सिद्धि प्राप्ताः प्राप्नुवन्ति प्राप्स्यन्ति चेति ॥३२॥

આ પ્રમાણે નારક યાતના અને ધર્મને મહાવીરસ્વામી વડે જણાવાયું એમ કહે છે.

**સૂત્રાર્થ :- ધીર-વીર-પ્રભુએ જાણીને અનુત્તર ધર્મને કહ્યો છે.**

**ટીકાર્થ :-** સંસારની અંદર રહેલા સર્વજીવોને કર્મના ફલરૂપે દુઃખને જાણી યથાવસ્થિત આત્મા વગેરેના સ્વરૂપને જાણી ઉપદેશ આપવા વડે પ્રાણીઓના આઠ પ્રકારના કર્મોનો નાશ કરવામાં નિપુણ (ચાલાક) સર્વત્ર હંમેશાં ઉપયોગી જુદા જુદા પ્રકારના ઉપસર્ગો વડે ઉપસર્ગિત થવા છતાં પણ નિષ્પ્રકમ્પ (અકંપિત) સંયમમાં રતિવાળા હોવાથી ધીર, બુદ્ધિ વડે શોભાયમાનપણા વડે ધીર, સર્વે ભયોથી રહિત આત્મબળ વડે ધૃતિ, સંઘયણાદિ વડે વીર્યાન્તરાયના સંપૂર્ણ ક્ષયપૂર્ણ વીર્યવાળા, ઉત્પન્ન થયું છે. દિવ્યજ્ઞાન જેને નિઃશેષ એટલે સંપૂર્ણ અંતરાય ક્ષય થવાથી સર્વલોક વડે પૂજ્યપણે હોવા છતાં ભિક્ષા માત્રથી જીવવાના કારણે ભિક્ષુક, સુંદર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પ્રભાવ વગેરે ગુણો વડે શોભતા-વિરાજતા જાતિ યશો દર્શન, જ્ઞાન, શીલ વડે સર્વાતિશાયિ અનુત્તર ધર્મને પ્રકાશી યોગનિરોધ કાળે (સમયે) સૂક્ષ્મક્રિયા તે પછી વ્યુપરત ક્રિયા નિવૃત્તિ શુક્લધ્યાન વિશેષને ધ્યાવનાર, શૈલેશી અવસ્થાને પામનાર તે ધ્યાન પછી સાદિ અનંતકાળ સુધી, લોકના અગ્રભાગે રહેલા પ્રધાન એવી સિદ્ધિગતિને પામ્યા છે. ઋષિશ્રેષ્ઠ નામ વડે વર્ધમાનસ્વામી જે અનુકૂળ-પ્રતિકૂળ પરિષહ ઉપસર્ગો વડે અપરાજિત, અદ્ભુત કર્મ કરાવનારા, ગુણનિષ્પન્ન મહાવીર બીજું નામ ધરનારા, ક્રિયાવાદી, અક્રિયાવાદી, વૈષયિક, અજ્ઞાનિકો વગેરેના સ્વીકારને સારી રીતે જાણી યથાવસ્થિત તત્ત્વોપદેશના દાન દ્વારા (વડે) બીજા જીવોને બોધ જણાવી આપી જાતે પણ સારી રીતે ઉત્થાન વડે સંયમમાં વ્યવસ્થિત થયેલો, પ્રાણાતિપાત, વગેરે પાંચ અને છઠ્ઠું રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરી, તપોનિષ્ઠ તપ્ત દેહવાળો થાય, પોતે જાતને વ્યવસ્થિત (અવસ્થિત) કર્યા વગર બીજાઓને સ્થાપવા (સ્થિર કરવા) માટે સમર્થ થતા નથી. તેથી આ પ્રમાણે સત્યુક્તિવાળો શ્રુતધર્મ અને ચારિત્રધર્મ અર્હદ્ભાષિત સર્વધર્મપ્રધાન ધર્મની શ્રદ્ધા કરતા અને આચરતા લોકો આયુષ્યકર્મ દૂર થવા માત્રથી સિદ્ધિને પ્રાપ્ત કરી છે. કરે છે અને કરશે. ॥૩૨॥

अथ ये परतीर्थिकाः पार्श्वस्थादयो वा स्वयूथ्या अशीलाश्च गृहस्थास्ते कुशीलाः, तान् तदनुष्ठानतस्तद्विपाकदुर्गतिगमनतश्च निरूपयितुमाह-

**कायायतदण्डास्तेष्वेव ॥३३॥**

**कायेति,** कायाः पृथिव्यादिजीवनिकायाः त्रसाः स्थावराश्च, सर्वेऽप्येते सुखैषिणो दुःखद्विषश्च, एभिः कायैः पीड्यमानैरात्मा दण्ड्यते, एवञ्चैतान् कायान् ये दीर्घकालं दण्डयन्ति ते तेष्वेव पृथिव्यादिकायेषु भूयो भूयः समुत्पद्यन्ते, सुखार्थिभिर्यदि कायसमारम्भः क्रियते तदा दुःखमेवाप्यते न सुखम्, मोक्षार्थं कुतीर्थिकैरेतैः कायैर्या क्रियां कुर्वन्ति तया संसार एव भवति, सोऽयमायतदण्डः एकेन्द्रियादिषु समुत्पन्नः सन् बहुक्रूरकर्मा यस्यामेकेन्द्रियादिजातौ यत्प्राण्युपमर्दकारि कर्म कुरुते, स तेनैव कर्मणा परिच्छिद्यते, किञ्चित् कर्मास्मिन्नेव जन्मनि विपाकं ददाति, किञ्चित् परस्मिन्नरकादौ किञ्चिदेकस्मिन्नेव जन्मनि तीव्रं विपाकं ददाति,

किञ्चिच्च बहुषु जन्मसु, येनैव प्रकारेण तदशुभमाचरन्ति तथैवोदीर्यते । तदेवं कुशीलाश्चतुर्गतिकं संसारमापन्ना अरहट्टघटीयंत्रन्यायेन संसारं पर्यटन्तः प्रकृष्टं दुःखमनुभवन्ति, जन्मान्तरकृतं कर्मानुभवन्त आर्त्तध्यानोपहता अपरं बध्नन्ति वेदयन्ति च, न च स्वकृतस्य कर्मणो विनाशोऽस्ति, ये चानवगतपरमार्था धर्मार्थमुत्थितास्त्यक्तमातापित्रादयोऽप्यात्मानं श्रामण्यव्रते वर्त्तमानतया मन्यमानाः पचनपाचनादिना कृतकारितानुमत्यौद्दिशिकादिपरिभोगाच्चाग्निकायसमारम्भं कुर्वन्ति, पञ्चाग्नितपसा निष्टप्तदेहास्तथाऽग्निहोत्रादिना च स्वर्गावाप्तिमिच्छन्ति, लौकिका अपि पचनपाचनादिनाऽग्निकायं समारभमाणाः सुखमभिलषन्ति, तेऽग्निकायमपरांश्च पृथिव्याद्याश्रितान् स्थावरान् त्रसांश्च प्राणिनो निपातयन्त्येव, उदकादिना ह्यग्निकायं विध्यापयन्तस्तदाश्रितानन्यप्राणिनो निपातयेयुः, तथा शलभादयः करीषकाष्ठादीस्था घुणपिपीकाकृम्यादयो भस्मीभवन्त्येव, ततोऽग्निकायसमारम्भो महादोषाय, केचित् वनस्पतिसमारम्भादनिवृत्ता वनस्पत्यादीनाहारार्थं देहोपचयार्थं देहक्षतसंरोहणार्थं वाऽऽत्मसुखमाश्रित्य छिन्दन्ति ते बहूनां प्राणिनामतिपातिनो भवन्ति, न हि वनस्पतौ मूलादिषु सर्वेष्वपि समुदितेष्वेक एव जीवः, किन्तु मूलस्कन्धशाखापत्रपुष्पादिषु प्रत्येकं जीवा व्यवस्थिताः, तच्छेदे च संख्येयासंख्येयानन्तभेदभिन्नानां तदाश्रितानां जीवानामतिपातोऽवश्यंभाव्येव, तथा च वनस्पतिकायोपमर्दका बहुषु जन्मसु गर्भादिकास्ववस्थासु कललार्बुदमांसपेशीरूपासु म्रियन्ते, तथा व्यक्तवाचोऽव्यक्तवाचश्च परे च पञ्चशिखा कुमाराः सन्तो म्रियन्ते केचिद्युवानः, अपरे च स्थविरास्सन्तः, तदेवमनार्यकर्मकारी सुखार्थी कुशीलः प्राण्युपमर्दं कुर्वन् स्वकर्मणा दुःखमेव प्राप्नोति न सुखं नापि मुक्तिम् ॥३३॥

હવે જે પરતીર્થીકો, પાર્શ્વસ્થા વગેરે અથવા પોતાના યુથવાળા, (કુશીલવાળા)અશીલોવાળા અને ગૃહસ્થો કુશીલો છે તે પોતાના અનુષ્ઠાનથી તેના વિપાકથી દુર્ગતિગમનના ફળને નિરૂપણ કરવા માટે કહે છે.

**સૂત્રાર્થ :- ષડ્જીવનિકાયરૂપીકાયને પ્રાપ્ત કરેલા જીવો એકેન્દ્રિય વગેરે જાતિઓમાં ઉત્પન્ન થઈ તેના દંડરૂપે તેમાં જ ફળો-વિપાક ફળોને ભોગવે છે.**

**ટીકાર્થ :-** કાય એટલે પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવરકાયો અને ત્રસકાય આ બધા જીવો સુખના ઈચ્છુકો અને દુઃખના દ્વેષીઓ આ બધા જીવો વડે ષટ્જીવનિકાયને પીડવાના કારણે આત્મા દંડાય છે. આ પ્રમાણે આ કાયોને જે લાંબા વખત સુધી પીડે છે તેઓ પૃથ્વીકાય વગેરેમાં વારંવાર ઉત્પન્ન થાય છે. સુખના અભિલાષી જીવો જો ષડ્જીવનિકાયનો આરંભ-સમારંભ કરે તો દુઃખને જ પામે છે - નહિ કે સુખને. કુતીર્થિકો વડે મોક્ષને માટે આ કાર્યો વડે જે ક્રિયા કરાય છે. તેના

વડે સંસાર જ થાય છે. તે આ આયત દંડવાળો એકેન્દ્રિય વગેરેમાં ઉત્પન્ન થઈ ઘણા કર્મવાળા જે એકેન્દ્રિય વગેરે જાતિમાં જે જીવોને મર્દનકારી કર્મ કરે છે. તે તેજ કર્મ વડે પરિચ્છેદાય છે. કપાય છે. કેટલાક કર્મો આ જન્મમાં જ ફળ આપે છે. કેટલાક કર્મો પરલોકમાં નરક વગેરેમાં ફળ આપે છે. કેટલાક કર્મો એક જ જન્મમાં તીવ્ર ફળોને આપે છે. કેટલાક કર્મો ઘણા ભવોમાં જે પ્રકાર વડે તેઓ અશુભ આચરે છે. તે પ્રમાણે તેના ફળને ભોગવે છે. એ પ્રમાણે કુશીલો ચારગતિરૂપ સંસારને પ્રાપ્ત થયેલા (પામેલા) રહેંટની ઘડીભ્રમરરૂપ ન્યાય વડે સંસારમાં ભમતા પ્રકૃષ્ટ દુઃખને અનુભવે છે. જન્માંતરમાં કરેલા કર્મોને અનુભવતા આર્તધ્યાન વડે હણાયેલા બીજા કર્મો બાંધે છે. અને ભોગવે છે. પોતાના કરેલા કર્મોનો વિનાશ થતો નથી. જેઓ પરમાર્થને જાણતા નથી, ધર્મને માટે ઉઠેલા એટલે તૈયાર થયેલા માતા-પિતા વગેરેને પણ છોડી, આત્માને સાધુ ધર્મના (વ્રતોમાં) રહેલો માનતો રાંધવું-રંધાવવું વગેરે કરવું, કરાવવું, અનુમોદવું, ઔદ્દેશિક વગેરેના વાપરવાથી (પરિભોગ કરતા) અગ્નિકાયનો આરંભ-સમારંભ કરે છે, પંચાગ્નિતપ વડે તપેલા દેહવાળા તથા અગ્નિહોત્ર વગેરે વડે સ્વર્ગ પ્રાપ્તિને ઈચ્છે. લૌકિકો પણ રાંધવું, રંધાવવું વગેરે વડે અગ્નિકાયનો સમારંભ કરવા વડે સુખને ઈચ્છે છે. તેઓ અગ્નિકાયને બીજા પૃથ્વીકાય વગેરે આશ્રિત ત્રસ-સ્થાવર જીવોનો નાશ કરે છે. પાણી વગેરે વડે અગ્નિકાયને બુઝવતા તેના આધારે રહેલા બીજા જીવોનો વિનાશ કરે છે. તથા પતંગિયા વગેરે, ઢાંકેલો અગ્નિ, લાકડા વગેરેમાં રહેલા ધુણ એટલે લાકડાના કીડા, કીડી, કરમિયા વગેરે જીવો ભસ્મીભૂત થાય છે જ, માટે અગ્નિકાયનો સમારંભ મોટા દોષ માટે કહ્યો છે. કેટલાક વનસ્પતિના સમારંભથી ન અટકેલા મહાવનસ્પતિ વગેરેનો આહાર માટે, દેહને પુષ્ટ કરવા માટે, શરીરને પડેલા ઘા રૂઝવવા માટે અથવા પોતાના સુખ માટે આશ્રયીને કાપે છેદે છે. તેઓ ઘણા પ્રાણીઓના નાશ કરનારા થાય છે. વનસ્પતિમાં મૂલ વગેરે બધામાં ભેગા (મલી) થઈને એક જ નથી પણ ઘણા છે. પણ મૂળ, થડ, ડાળી, પાંદડાં, ફૂલ વગેરેમાં દરેક-પ્રત્યેક જીવો રહેલા છે. તેને કાપવામાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભેદોમાં તેને આશ્રયી જીવોનો નાશ અવશ્ય થાય જ છે.

વનસ્પતિકાયના જીવોનો નાશ કરનારા ઘણા ભવો સુધી ગર્ભાવસ્થા વગેરેમાં કલલ, અર્બુદ માંસપેશીરૂપ વગેરેમાં મરે છે. તથા પ્રગટવાણી તથા અપ્રગટવાણીવાળા અને બીજા પાંચ શીખાવાળા વગેરેમાં મરે છે. કેટલાક કુમાર અવસ્થામાં થઈને મરે છે, કેટલાક યુવાન થઈને, કેટલાક ઘરડા થઈને મરે છે. આ પ્રમાણે અનાર્ય કર્મ કરનારા, સુખાર્થી કુશીલીયા પ્રાણીઓનું ઉપમર્દન કરનારા પોતાના કર્મ વડે દુઃખને જ પ્રાપ્ત કરે છે. પણ સુખ કે મુક્તિને નહી. ॥૩૩॥

अक्षारस्नानादिना मुक्तिरिति मतविशेषान्निराकरोति-

**अक्षारस्नानादितो न मुक्तिर्व्यभिचाराद्भावस्यैव हेतुत्वाच्च ॥३४॥**

**अक्षारेति,** केचिद्वदन्ति लवणेनाहारस्य रसपुष्टिः क्रियते तद्वर्जनेन च मोक्षः, तव लवणं सैन्धवसौवर्चलबिडरौमसामुद्रभेदेन पञ्चविधम्, तद्वर्जनेन रसपरित्याग एव कृतो भवति, तत्त्यागाच्च मोक्षावाप्तिरिति । अन्ये च सचित्ताप्कायपरिभोगेन मोक्षं वदन्ति तथा ह्युदकं मलशोधकं दृष्टम्, यथा वस्त्रादेः, तथा चान्तरशुद्धिरप्युदकादेव, अन्ये हुतेन मोक्षं प्रतिपादयन्ति, ये स्वर्गादिफलानपेक्षया समिधा घृतादिभिर्हुताशनं तर्पयन्ति ते मोक्षायाग्निहोत्रं जुह्वति शेषास्त्वभ्युदयाय, अग्निर्हि सुवर्णादीनां मलं दहति तथाऽऽन्तरमपि पापमिति । मतानीमानि निराचष्टे, **व्यभिचारादिति,** पञ्चविधक्षारापरिभोगेन न मोक्षप्राप्तिः, लवणमेव रसपुष्टिजनकमित्यसिद्धेः, रसपुष्टिजनकैः क्षीरशर्करादीभिर्व्यभिचारात्, किञ्च किं द्रव्यतो लवणवर्जनेन मोक्षावाप्तिः, उत भावतः, नाद्यः, लवणरहितदेशे सर्वेषां मोक्षप्राप्तिप्रसङ्गात्, न द्वितीयः, भावस्यैव मोक्षप्राप्तौ प्रधानत्वाल्लवणवर्जनवैयर्थ्यापातात्, एवं प्रत्यूषजलावगाहनेन न मोक्षः, उदकपरिभोगेन तदाश्रितप्राण्युपमर्दनात्, न हि जीवोपमर्दान्मोक्षः, न वैकान्ततो जलं बाह्यमलस्याप्यपनयने समर्थम्, आन्तरन्तु न शोधयत्येव, भावशुद्धया तच्छुद्धेः, भावरहितस्यापि यदि तच्छुद्धिः स्यात्तदा मत्स्यादीनामपि मुक्त्यवाप्तिः स्यात्, किञ्च जलं यथाऽनिष्टं मलमपनयति तथेष्टमपि कुंकुमादिकमङ्गरागम्, एवञ्च पापस्येव पुण्यस्यापीष्टस्यापनयनादिष्टविघातकृद्भवेत्, तथा नाग्निहुतादपीष्टसिद्धिः प्राण्युपमर्दनात्, यद्यग्निस्पर्शेन सिद्धिः स्यात्तर्ह्यङ्गारदाहककुम्भकारायस्कारादीनामग्निं संस्पृशतामपि सिद्धिः स्यात्, एवञ्चैते परमार्थाविदिनः प्राण्युपघातेन पापमेव धर्मबुद्धया कुर्वन्तो नानाप्रकारैः प्राणिनो व्यापादयन्ति नरकादिगतिञ्च गतास्तीव्रदुःखैः पीड्यमाना असह्यवेदनयाऽशरणाः करुणमाक्रन्दन्ति ॥३४॥

અક્ષાર વગેરે વડે મોક્ષ છે. એ મતને વિશેષપણે નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- અક્ષાર એટલે મીઠા વગરના સ્નાન વગેરેથી મોક્ષ નથી. કારણ કે વ્યભિચાર દોષ આવે છે. મોક્ષનો હેતુ ભાવ જ હેતુ છે.**

**ટીકાર્થ** :- કેટલાક કહે છે. લવણ એટલે મીઠાથી આહારની રસપુષ્ટિ થાય છે. તે લવણ, સૈંધવ, સૌવર્ચ, લબિડ, રૌમ, સામુદ્ર ભેદ વડે પાંચ પ્રકારનું છે. તે છોડવાથી રસ ત્યાગ કર્યો છે. તેના ત્યાગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. બીજા મતવાળા કહે છે કે સચિત્ત પાણી વાપરવાથી મોક્ષ થાય છે. એમ કહે છે. તથા પાણી મલની શુદ્ધિ કરનાર છે. જેમ વસ્ત્ર વગેરેની તથા આંતરશુદ્ધિ પણ પાણીથી જ થાય છે. બીજા મતવાળા કહે છે કે હોમ-હવન વડે મોક્ષ થાય. જેઓ સ્વર્ગ વગેરે ફલની અપેક્ષા વગર સમિધ ઘી વગેરે વડે હવનના અગ્નિને તર્પણ કરે છે. તેઓ મોક્ષ માટે

અગ્નિહોત્ર (હવન) યજ્ઞ કરે છે. બાકીના બધા પોતાના અભ્યુદય માટે, અગ્નિ જ સોના વગેરેના મેલને બાળી નાખે છે. તથા આંતરમેલને એટલે પાપને પણ બાળે છે.

આ બધા મતોનું નિરાકરણ કરે છે. આ બધું પામવાથી વ્યભિચાર નામનો દોષ લાગે છે. પાંચ પ્રકારનું મીઠું ન વાપરવાથી મોક્ષ પ્રાપ્તિ થતી નથી. કારણ કે મીઠું જ રસપુષ્ટિને ઉત્પન્ન કરનારું છે. એ સિદ્ધ થતું નથી. રસ પુષ્ટિને ઉત્પન્ન કરનાર મીઠું-ખાંડ વગેરે વડે વ્યભિચાર દોષ લાગે છે. પરંતુ શું લવણ-દ્રવ્ય છોડવા માત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે કે ભાવથી થાય છે ? એમાં પહેલો પક્ષ બરાબર નથી. કેમકે મીઠા વગરના દેશમાં બધાને મોક્ષ થવાની સંભાવના થશે, બીજા પક્ષ પણ બરાબર નથી. કારણ કે ભાવ જ મોક્ષ પ્રાપ્તિમાં પ્રધાન હોવાથી મીઠું છોડવું નકામું થશે. એ પ્રમાણે પ્રભાત વખતે પાણીમાં ડૂબકી મારવાથી મોક્ષ નથી. પાણી વાપરવાથી તેના આધારે રહેલા જીવો નાશ પામે છે. જીવોનો નાશ કરવાથી મોક્ષ નથી. પાણી બાહ્યમલને દૂર કરવા માટે એકાંતે સમર્થ નથી. આંતરમલને તો શુદ્ધ કરતું જ નથી, કેમકે ભાવશુદ્ધિથી જ તેની શુદ્ધિ છે. ભાવરહિતની પણ જો તે શુદ્ધિ થતી હોય તો માછલા વગેરેને પણ મોક્ષ પ્રાપ્તિ થાય. જેમ પાણી અનિષ્ટ મેલને દૂર કરે છે. તેવી રીતે ઈષ્ટ કુમકુમના અંગરાગ શણગારને પણ દૂર કરે છે. અને એ પ્રમાણે પાપને જેમ દૂર કરે છે. તેમ ઈષ્ટ પુણ્યને દૂર કરવાથી તે શણગાર ઈષ્ટ વિઘાત કરનાર થાય છે. તથા અગ્નિમાં આહુતિ આપવાથી ઈષ્ટ ફલની સિદ્ધિ થતી નથી. કારણ કે જીવોનો નાશ થાય છે. જો અગ્નિને સ્પર્શ કરવાથી સિદ્ધિ થતી હોય તો અંગાર પાડનાર-બાળનાર કુંભાર, લુહાર વગેરે જે અગ્નિને અડનારનો પણ મોક્ષ થવો જોઈએ. એ પ્રમાણે આ પરમાર્થને જાણનાર જીવોનો ઉપઘાત કરનારને પાપ જ થાય છે. ભલે ધર્મ બુદ્ધિથી કરતા જુદા જુદા પ્રકારે જીવોનો નાશ કરે છે. અને નરક વગેરે ગતિમાં જઈ તીવ્ર દુઃખો વડે પીડાતા અસહ્ય વેદનાથી અશરણપણાથી કરૂણ આક્રંદ કરે છે. ॥૩૪॥

अथ तत्प्रतिपक्षभूतान् सुशीलान् प्ररूपयति—

**विरतोऽलुब्धोऽनाकुलः सुशीलः ॥३५॥**

**विरत इति,** एकेन्द्रियादिजीवसमारम्भेऽवश्यं कर्मबन्धो भवतीति सम्यक् परिज्ञाय यस्तद्विरतः प्रासुकोदकादिकेन यावज्जीवं प्राणान् धारयति बीजकन्दादीनभुञ्जानः स्नाना-भ्यङ्गोद्वर्त्तनादिक्रियासु निष्प्रतिकर्मशरीरतयाऽन्यासु च चिकित्सादिक्रियासु न वर्त्तते स्त्र्यादि-विरतः, अलुब्धः-आन्तप्रान्तेन लब्धेनालब्धेन वाऽऽहारेण मददीनतारहितस्तपःफलपूजा-सत्कारानभिलाष्यनुकूलप्रतिकूलरसशब्दादावासक्तिविद्वेषविधुरः, अनाकुलः-विषयकषायैरना-विलः, परीषहोपसर्गैर्हन्यमानोऽप्यप्रकम्पमना ज्ञानदर्शनचारित्रैः परिपूर्णः स एव सुशीलः, स एव चाष्टप्रकारं कर्मापनीय जातिजरामरणरोगशोकादिपूर्णं संसारं नापैति ॥३५॥

હવે તેના પ્રતિપક્ષરૂપ સુશીલોની પ્રરૂપણા કરે છે.

**સૂત્રાર્થ :- પાપથી અટકેલો વિરત, લોભ વગરનો અલુબ્ધ અને વિષય કષાયથી ઘેરાયેલો નહીં એવો આત્મા સુશીલ કહેવાય છે.**

**ટીકાર્થ :-** એકેન્દ્રિય વગેરે જીવોના સમારંભ વડે અવશ્ય કર્મબંધ થાય છે. એ પ્રમાણે સારી રીતે જાણી જે તેના વધથી અટકે તે વિરત ગણાય. પ્રાસુક અચિત્ત પાણી વગેરે વડે જીવે ત્યાં સુધી (જીવોને) પ્રાણોને ધારણ કરે છે. અને બીજ કંદ વગેરેને નહીં ખાતો, સ્નાન અભ્યંગન એટલે તેલ વગેરેની માલિશ, ઉદ્વર્તન વગેરે ક્રિયાઓમાં નિષ્પ્રતિકર્મ ટાપટીપ વગરના શરીરવાળો બીજી પણ ચિકિત્સા વગેરે ક્રિયાઓમાં વર્તે નહીં. તથા સ્ત્રી વગેરેથી વિરત થયેલ અલુબ્ધ, આન્ત પ્રાન્ત એટલે જેવા-તેવા, મળેલા ન મળેલા આહાર વડે, ગર્વ અને દીનતા છોડી તપ, ફળ, પૂજા, સત્કાર વગેરેની ઈચ્છા વગરનો અનુકૂળ પ્રતિકૂળ રસ, શબ્દ વગેરેમાં અનાસક્ત, દ્વેષ વગરનો, વિષય કષાય વડે ઘેરાયેલો નહીં એવો અનાકુલ પરિષહ ઉપસર્ગો વડે હણાતો હોવા છતાં પણ નિષ્પ્રકંપ મનવાળો (મન), જ્ઞાનદર્શન, ચારિત્ર વડે પરિપૂર્ણ થયેલો હોય તે જ સુશીલ કહેવાય છે. તે જ આઠ પ્રકારના કર્મ દૂર કરી જન્મ, જરા, મરણ, રોગ, શોક વગેરેથી ભરેલા સંસારને પામતો નથી. ॥૩૫॥

कुशीलत्वसुशीलत्वयोः संयमवीर्यान्तरायोदयात्तत्क्षयोपशमाच्च भावाद्वीर्यं निरूपयति—

**बालपण्डितवीर्या जीवास्संसारमोक्षभाजः ॥३६॥**

**बालेति,** नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदात् षोढा वीर्यस्य निक्षेपः, नामस्थापने तु प्रसिद्धे । ज्ञाताऽनुपयुक्त आगमतो द्रव्यवीर्यम्, नोआगमतस्तु ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तं सचित्ताचित्तमिश्रभेदात्त्रिधा, सचित्तद्रव्यवीर्यं त्रिविधं द्विपदचतुष्पदापदभेदात्, अर्हच्चक्रवर्त्ति-बलदेवादीनां वीर्यं द्विपदद्रव्यवीर्यम्, अश्वहस्तिरत्नादीनां वीर्यं चतुष्पदद्रव्यवीर्यम्, गोशीर्षचन्दनप्रभृतीनां शीतोष्णकालयोरुष्णशीतवीर्यपरिणामोऽपदद्रव्यवीर्यम् । आहारावरण-प्रहरणेषु यद्वीर्यं तदचित्तद्रव्यवीर्यम्, एषां मिश्रणेन मिश्रद्रव्यवीर्यम् । देवकुर्वादिक्षेत्र-माश्रित्याखिलानि द्रव्याणि तदन्तर्गतान्युत्कृष्टवीर्यवन्ति, तथा यद्दुर्गादिक्षेत्राश्रयाद्यस्य वीर्यो-ल्लासस्तत्, यस्मिन् वा क्षेत्रे वीर्यं व्याख्यायते तत्सर्वं क्षेत्रवीर्यम्, कालवीर्यमप्येकान्तसुषुमादौ द्रव्येषु यद्वीर्यं व्याख्याश्रयः कालश्च । वीर्यवतो जीवस्य वीर्यविषयेऽनेकविधा लब्धिः, तच्च वीर्यं शारीरमैन्द्रियमाध्यात्मिकञ्च, आन्तरव्यापारेण गृहीत्वा मनोयोग्यान् पुद्गलान् भाषायोग्यान् काययोग्यानानपानयोग्यान् वा तत्तद्भावेन यत्परिणामयति, तद्भावपरिणतानाञ्च मनोवाक्काया-दीनां यद्वीर्यं तद्द्विविधम्, सम्भवे सम्भाव्ये च, सम्भवे तावत्तीर्थकृतामनुत्तरोपपातिकानाञ्च

सुराणामतीव पटूनि मनोद्रव्याणि भवन्ति, तीर्थकृतामनुत्तरोपपातिकसुरमनः-पर्यवज्ञानिप्रश्नव्याकरणस्य द्रव्यमनसैव करणात्, अनुत्तरोपपातिकसुराणां सर्वव्यापारस्यैव मनसा निष्पादनात् । सम्भाव्ये तु यो यमर्थं पटुमतिना प्रोच्यमानं न शक्नोति परिणमयितुं साम्प्रतं संभाव्यते त्वेष परिकर्म्यमाणश्शक्ष्यत्यमुमर्थं परिणमयितुमिति । वाग्वीर्यमपि द्विविधं सम्भवे सम्भाव्ये च, तत्र सम्भवे तीर्थकृतां योजनविहारिणी वाक् सर्वस्वस्वभाषानुगता च, तथाऽन्येषामपि क्षीरमध्वास्रवादिलब्धिमतां वाचः सौभाग्यमिति हंसकोकिलादीनां सम्भवति स्वरमाधुर्यम् । सम्भाव्ये तु सम्भाव्यते श्यामायाः स्त्रिया गानमाधुर्यम्, तथा सम्भाव्याम् एनं श्रावकदारकमकृतमुखसंस्कारमप्यक्षरेषु पटुं यथावदभिलप्तव्येष्विति । तथा सम्भाव्याम् शुकसारिकादीनां वाचो मानुषभाषापरिणामम्, कायवीर्यमपि द्विविधं सम्भवे सम्भाव्ये च सम्भवे यथा चक्रवर्त्तिबलदेववासुदेवादीनां यद्बाहुबलादिकायबलं तद्यथा कोटिशिला त्रिपृष्टेन वासुदेवेन वामकरतलेनोद्धृता, सम्भाव्ये तु सम्भाव्यते तीर्थकरो लोकमलोके कन्दुकवत् प्रक्षेप्तुं मेरुं दण्डवद्गृहीत्वा वसुधां छत्रकवद्धर्तुमिति, सम्भाव्यते चान्यतरसुराधिपो जम्बूद्वीपं वामहस्तेन छत्रकवद्धर्तुमयत्नेनैव च मन्दरमित्यादि । इन्द्रियबलमपि श्रोत्रेन्द्रियादिस्वविषयग्रहणसमर्थं पञ्चधा, एकैकं द्विविधं सम्भवे सम्भाव्ये च, सम्भवे यथा श्रोत्रस्य द्वादश योजनानि विषयः, एवं शेषाणामपि यो यस्य विषय इति । सम्भाव्ये तु यस्य कस्यचिदनुपहतेन्द्रियस्य श्रान्तस्य क्रुद्धस्य पिपासितस्य परिग्लानस्य वाऽर्थग्रहणासमर्थमपीन्द्रियं सद्यथोक्तदोषोपशमे सति सम्भाव्यते विषयग्रहणायेति । आन्तरशक्तिजनितमाध्यात्मिकं वीर्यमनेकधा, उद्यमधृतिधीरताशौंडीर्यक्षमागाम्भीर्योपयोगतपस्संयमादिभेदात्, उद्यमो ज्ञानतपोऽनुष्ठानादिषूत्साहः, धृतिः संयमे स्थैर्यम्, धीरता परीषहोपसर्गाक्षोभ्यता, शौण्डीर्यं त्यागसम्पन्नता, आपद्यविषण्णता, विषमे कर्त्तव्ये समुपस्थितेऽविषण्णता वा, क्षमा परैराक्रुश्यमानस्यापि क्षोभानवाप्तिः, गाम्भीर्यं परीषहोपसर्गैरधृष्यत्वं, मनश्चमत्कारकारिण्यपि स्वानुष्ठानेऽनौद्धत्यम्, उपयोगवीर्यञ्च साकारानाकारभेदवत्, साकारोपयोगोऽष्टधा, अनाकारोपयोगश्चतुर्धा, योगवीर्यं मनोवाक्कायभेदतस्त्रिविधम्, अकुशलमनोनिरोधः कुशलमनसः प्रवर्त्तनं मनोवीर्यम्, अपुनरुक्तनिरवद्यभाषणं वाग्वीर्यम्, समाहितपाणिपादस्य कूर्मवदवस्थानं कायवीर्यम्, अग्लानतया तपोविधानं तपोवीर्यम्, एकत्वाद्यध्यवसायिनः सप्तदशविधसंयमप्रवृत्तिः संयमवीर्यमित्यादिरूपं भाववीर्यम् । सर्वमप्येतद्भाववीर्यं पण्डितबालमिश्रभेदात् त्रिविधम्, अनगाराणां पण्डितवीर्यम्, बालपण्डितवीर्यन्त्वगाराणाम्, तत्र यतीनां पण्डितवीर्यं सादिसपर्यवसितम्,

सर्वविरतिप्रतिपत्तिकाले सादित्वात्, सिद्धाद्यवस्थायां तदभावात्सान्तत्वात्, बालपण्डितवीर्यन्तु देशविरतिसद्भावकाले सादि, सर्वविरतिसद्भावे तद्भ्रंशे वा सपर्यवसानम्, बालवीर्यन्त्वविरतिलक्षणमभव्यानामनाद्यपर्यवसितम्, भव्यानान्त्वनादिसपर्यवसितं सादिसपर्यवसितञ्चात्र विरतिभ्रंशात्सादिता, पुनर्जधन्यतोऽन्तर्मुहूर्तादुत्कृष्टतोऽपार्धपुद्गलपरावर्ताद्विरतिसद्भावात्सान्तता, साद्यपर्यवसितस्य चतुर्थभङ्गस्याभाव एव । **बालेति**, द्विविधं वीर्यं बालपण्डितभेदात्, क्रियानुष्ठानं वीर्यमित्येके, कारणे कार्योपचारादष्टप्रकारं कर्म वीर्यमित्यन्ये, औदयिकभावनिष्पन्नं कर्म, औदयिकोऽपि च भावः कर्मोदयनिष्पन्नो, जीवस्य वीर्यान्तरायक्षयजनितं सहजं वीर्यं चारित्रमोहनीयोपशमक्षयोपशमजनितञ्च, आभ्यामेव द्वाभ्यां स्थानाभ्यां सकर्मकाकर्मकापादितबालपण्डितवीर्याभ्यां वीर्यं व्यवस्थितमिति सूत्रार्थः, एताभ्यामेव वीर्याभ्यां मर्त्यो नानाविधक्रियासु प्रवर्त्तमानो वीर्यवानयमिति व्यपदिश्यते, तदावरणकर्मक्षयाच्चानन्तबलयुक्तोऽयमिति व्यपदिश्यते । प्रमादोपहतस्य कर्म बध्यते सकर्मणश्च यत्क्रियानुष्ठानं तद्बालवीर्यम्, अप्रमत्तस्य कर्माभावो भवति, एवम्विधस्य च पण्डितवीर्यं भवति, अभव्यानां बालवीर्यमनाद्यपर्यवसितं भव्यानामनादिसपर्यवसितं सादिसपर्यवसितं वा, पण्डितवीर्यन्तु सादिसपर्यवसितमेव । तत्र खड्गादिप्रहरणलक्षणशस्त्रस्य धनुर्वेदायुर्वेदादिशास्त्रादेरभ्यसनं बालवीर्यं पापोपादानात्, सातगौरवगृद्धा हि तच्छिक्षन्ते शिक्षितं सत् प्राणिनां विनाशाय भवति, तत्र जीवव्यापादनायाऽऽलीढप्रत्यालीढादिस्थानविधानात्, क्षयिणे लावकरसस्याभयारिष्टाख्यस्य मद्यविशेषस्य च दातव्यतयोक्तेः, चौरादेः शूलारोपणादिदण्डविधानात् पशुहिंसनयागादिविधानाच्च, तदेवं तदभ्यसनात्तत्तत्कर्म मनसा वाचा कायेन कृतकारितानुमतिभिश्च कुर्वन्तो जन्मशतानुबन्धिवैरानुषङ्गिणोऽनन्तसंसारभाजो भवन्ति, भव्यस्तु अल्पकषायस्सम्यग्दर्शनज्ञानचारित्रात्मकं श्रुतचारित्रात्मकं वा धर्मं तीर्थकरोपदिष्टं गृहीत्वा मोक्षाय ध्यानाध्ययनादावुद्यमं विधत्ते, यदेतस्य वीर्यं तत्पण्डितवीर्यम्, बालवीर्यमतीतानागतानन्तभवग्रहणेषु दुःखमावासयति, यथा यथा च स नरकादिषु दुःखावासेषु पर्यटति तथा तथा चास्याशुभाध्यवसायित्वादशुभमेव प्रवर्धत इत्येवं संसारस्वरूपमनुप्रेक्षमाणस्यैतद्वीर्यवतो धर्मध्यानं प्रवर्त्तत इत्येवं धर्मभावनादिभिर्भावितो विशिष्टाभिनिबोधिकज्ञानेन श्रुतज्ञानेनावधिज्ञानेन वा धर्मसारं विज्ञायान्येभ्यो वा श्रुत्वा चारित्रं प्रतिपद्यते तत्प्रतिपत्तौ च पूर्वोपात्तकर्मक्षयार्थमुत्तरोत्तरगुणसम्पत्तये समुपस्थितो वर्धमानपरिणामोऽनगारो निराकृतसावद्यानुष्ठानोऽकर्मा भवति, तस्माद्बालपण्डितवीर्या जीवाः संसारमोक्षभाज इति ॥३६॥

કુશીલપણું અને સુશીલપણું સંયમ અને વીર્યાન્તરાયના ઉદય અને તેના ક્ષયોપશમથી ભાવથી વીર્યનું નિરૂપણ કરે છે.

**સૂત્રાર્થ :- બાલ અને પંડિત વીર્યવાળા જીવો સંસાર અને મોક્ષના ભાગી થાય છે.**

**ટીકાર્થ :-** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ છ પ્રકારે વીર્યના નિક્ષેપા છે. નામ-સ્થાપના પ્રસિદ્ધ છે, જ્ઞાતા અને ઉપયોગવાળા જીવને આગમથી દ્રવ્યવીર્ય છે. નોઆગમથી શરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત,સચિત્ત અચિત્ત મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે. સચિત દ્રવ્યવીર્ય ત્રણ પ્રકારે છે. (૧) બે પગવાળા (૨) ચાર પગવાળા (૩) અપદ એમ ત્રણ પ્રકારે છે. અરિહંત, ચક્રવર્તી, બળદેવ વગેરેનું વીર્ય દ્વિપદ દ્રવ્ય વીર્ય છે. ઘોડા, હાથી, રત્ન વગેરેનું વીર્ય ચતુષ્પદ દ્વવ્યવીર્ય, ગોશીર્ષ ચંદન વગેરેનું શીતોષ્ણકાળનો ગરમી ઠંડીનો વીર્યનો પરિણામ અપદ દ્રવ્યવીર્ય, આહાર, આવરણ, પ્રહરણ વગેરેમાં જે વીર્ય તે અચિત્ત દ્રવ્યવીર્ય એઓનું મિશ્રણ થવાથી જે વીર્ય તે મિશ્રદ્રવ્ય પરિણામ, દેવકુરૂ આદિ ક્ષેત્રને આશ્રયી સમસ્ત દ્રવ્યો તેમાં રહેલા ઉત્કૃષ્ટ વીર્યવાળા તથા જે દુર્ગા વગેરે ક્ષેત્રને આશ્રયી જેનું વીર્ય ઉલ્લાસ તે ક્ષેત્રવીર્ય અથવા જે ક્ષેત્રમાં વીર્યનું વ્યાખ્યાન ન થાય તે ક્ષેત્રવીર્ય કાળવીર્ય પણ એકાંત સુષમા વગેરે કાળ દ્રવ્યોમાં જે વીર્યની વ્યાખ્યા કરાય તે આશ્રયી કાળવીર્ય, વીર્યવાળા જીવની વીર્યના વિષયમાં અનેક પ્રકારની લબ્ધિઓ છે અને તેનું વીર્ય તે શારીરિક અને ઈન્દ્રિયજનીક, અધ્યાત્મિક એમ ત્રણ પ્રકારના છે. આંતરવ્યાપાર વડે ગ્રહણ કરી મનયોગ્ય પુદ્‌ગલોને, ભાષાયોગ્ય પુદ્‌ગલોને, કાયયોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી, શ્વાસોચ્છ્વાસયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી તે તે ભાવરૂપે જે પરિણમાવે છે. તે ભાવ પરિણામાવેલા મન-વચન-કાયાનું જે વીર્ય તે બે પ્રકારનું છે. (૧) સંભવ (૨) સંભાવ્ય.

સંભવ ભાવ વીર્યમાં તીર્થંકરો અને અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવોનું અતીવ પટુ મનોદ્રવ્ય થાય છે. તીર્થંકરના અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવોના દેવો મનઃપર્યવજ્ઞાનીના સવાલ-જવાબ દ્રવ્ય મન વડે જ કરાતા હોવાથી અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવોનો બધો વ્યાપાર જ મન વડે થાય છે જે કરતા હોવાથી સમભાવ્યમાં જેઓ અર્થને નિપુણ બુદ્ધિથી કહેવા પરિણમાવવા માટે શક્ય ન હોય. પરંતુ વર્તમાનમાં સંભાવના હોઈ શકે છે વળી, આ પરિકર્મ કરાતા આજ અર્થને પરિણમાવવા માટે સમર્થ થઈ શકશે.

વાગ્‌વીર્ય પણ બે પ્રકારે છે. (૧) સંભવ (૨) અને સંભાવ્ય. એમાં સંભવમાં તીર્થંકરોની યોજન વિહારિવાણી, બધાને પોતપોતાની ભાષાને અનુસરનારી તથા બીજાઓને ખીર મધઝરતી વગેરે વાણી નાલબ્ધિધારીઓની વાણીનું સૌભાગ્ય એવું હોય કે હંસ કોયલ વગેરેને પણ થંભાવી દે એવી સ્વરની મધુરતા હોય.

સમભાવ્ય વાગ્‌વીર્યમાં શ્યામાની સ્ત્રીના ગાયનની મીઠાશ એ એવી હોંશિયારી હોય કે જે પ્રમાણે હોય એ પ્રમાણે બોલી શકે. તે પ્રમાણે જેને મુખસંસ્કાર કરાયા નથી એવો આ શ્રાવકપુત્ર અક્ષરમાં હોંશિયાર હોય છે જે પ્રમાણે સંસ્કાર પ્રાપ્ત બાળકમાં હોય છે. તે પ્રમાણે સંભાવ્ય પોપટ-

સારિકાદિની વાણી મનુષ્યભાષામાં પરિણમે છે. કાર્યવીર્ય પણ બે પ્રકારે છે, સંભવ અને સમ્ભાવ્ય, સંભવ કાર્યવીર્યમાં જે ચક્રવર્તી-બલદેવ-વાસુદેવાદિના જે બાહુબલાદિ કાયબલ કે, જે કોટિશીલા ત્રિપૃષ્ઠ વાસુદેવ વડે જમણા હાથથી ઉંચકાઈ એ સંભાવ્યામ્ વીર્ય તથા સંભાવ્ય એટલે સંભવી શકે તે જેમકે તીર્થંકર લોકને અલોકમાં દડાની જેમ ફેંકી શકે, તથા મેરુપર્વતને દંડ જેમ પકડી પૃથ્વીને છત્રીની જેમ ધારણ કરવા સમર્થ હોય. કોઈપણ ઇંદ્ર ડાબા હાથ વડે જંબૂદ્વિપને છત્ર બનાવી મહેનત વગર ફેંકી શકે.

આ પ્રમાણે ઈન્દ્રિય બલ વગેરે શ્રોતેન્દ્રિય વગેરે પોતાનો વિષય ગ્રહણ કરવાનું બળ પાંચ પ્રકારે હોય છે. એક એક ઈન્દ્રિયનો વિષય સંભવ અને સંભાવ્ય એમ જેમ સંભવમાં શ્રોત્રનું (કાન) બાર યોજન વિસ્તારનો વિષય છે. એ પ્રમાણે બાકીની ઈન્દ્રિયોનો જેનો જે વિષય હોય તે સમજી લેવો. સંભાવ્યમાં તો જેની કોઈપણ ઈન્દ્રિય હણાયા વગરની હોય, થાકેલા, શ્રમિત થયેલા, ક્રોધીત થયેલાની, તરસ્યા થયેલાની, બિમાર પડેલાની અથવા તો અર્થગ્રહણ કરવામાં અસમર્થ પણ ઈંદ્રિયને તરત જ યથોક્ત દોષને શાંત કર્યા છતે જે વિષય ગ્રહણ કરવા શક્તિ સંભવે - હોઈ શકે તે સંભવ્ય વીર્ય કહેવાય.

આંતરશક્તિથી ઉત્પન્ન થયેલ આધ્યાત્મિક વીર્ય અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે ઉદ્યમ, ધૃતિ, ધીરતા, પરાક્રમ, ક્ષમા, ગંભીરતા, ઉપયોગ, તપ, સંયમ વગેરે ભેદોથી અનેક પ્રકારનું છે. ઉદ્યમ, જ્ઞાન, તપ, અનુષ્ઠાન વગેરેમાં ઉત્સાહ તે ઉદ્યમ કહેવાય. સંયમમાં સ્થિરતા તે ધૃતિ. પરિષહ ઉપસર્ગમાં અક્ષૌભ્યતા એટલે ગભરાટ નહીં તે ધીરતા, શૌણ્ડીર્યતા એટલે ત્યાગ સંપન્નતા, આપત્તિમાં અવિષાદીપણું, વિષય કાર્યકર્તવ્ય આવે ત્યારે અવિષાદીપણું, બીજાઓ વડે આક્રોશ કરાવા છતાં પણ ક્ષોભ પામે નહીં. તે ક્ષમા, પરિષહ અને ઉપસર્ગો વડે પાછા ન પડે તે તથા મનન્ને ચમત્કાર કરાવનારી પોતાના અનુષ્ઠાનમાં પણ અધૃષ્યતા ઉદ્ધતતા નહીં તે ગાંભીર્ય, સાકાર અનાકાર ઉપયોગ ભેદવાળો તે ઉપયોગ વીર્ય, સાકાર ઉપયોગ આઠ પ્રકારનો અને અનાકાર ઉપયોગ ચાર પ્રકારે છે. યોગવીર્ય મન-વચન-કાયાના ભેદ ત્રણ પ્રકારે છે. અકુશલ મનોયોગનો નિરોધ કરવો, કુશલ મનોયોગનું પ્રવર્તન કરવું તે મનોયોગ. પુનરુક્ત દોષ વગર નિરવદ્ય ભાષણ તે વાગ્વીર્ય, સમાધિપૂર્વક હાથ-પગને કાચબાની જેમ રાખવા તે કાયવીર્ય, અગ્લાનપણે તપ કરવો તે તપોવીર્ય, એકત્વ વગેરે અધ્યવસાયવાળા સત્તર પ્રકારના સંયમમાં જે પ્રવૃત્તિ તે સંયમવીર્ય વગેરે રૂપે ભાવવીર્ય છે. આ સર્વ ભાવવીર્ય પંડિત, બાલ અને મિશ્ર એમ ત્રણ પ્રકારનું છે. એમાં સાધુઓને પંડિત વીર્ય છે. બાલપંડિતવીર્ય ગૃહસ્થોને હોય છે. તેમાં સાધુઓને પંડિતવીર્ય સાદિ સાંત ભાગે હોય છે. સર્વવિરતીના સ્વીકાર વખતે સાદિ એટલે શરૂઆત હોવાથી સિદ્ધ વગેરે અવસ્થામાં તે સર્વવિરતિનો અભાવ હોય છે. તેથી પંડિત વીર્ય સાંત થાય છે. બાલપંડિત વીર્ય તો દેશવિરતિની વિદ્યમાનતા વખતે આદિ સર્વવિરતિની વિદ્યમાનતામાં તેનો ભંગ થાય છે. અથવા દેશવિરતિનો ભંગ થતો હોવાથી સાંતપણું છે. બાલવીર્ય તો અવિરતિ સ્વરૂપ અભવ્યોને અનાદિ અનંતરૂપ જાણવું. ભવ્યોને અનાદિ સાંતરૂપ અને સાદિ સાંતરૂપે જાણવું.

અહીં આગળ વિરતિનો ભંગ થવાથી સાદિપણુ થાય છે. બાલવીર્યનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્તનો ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તનનો કાળ છે. કેમકે સર્વવિરતિનો સદ્ભાવ હોવાથી સાંતપણું આવે છે. સાદિ અનંતભાંગો જે ચોથા ભાગે છે. તેનો અભાવ જ છે. બાલ અને પંડિત ભેદથી વીર્ય બે પ્રકારે છે. ક્રિયાનુષ્ઠાન કરવા એ વીર્ય છે. એમ કેટલાક કહે છે. કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી આઠ પ્રકારના કર્મ એ પણ વીર્ય છે. એમ કેટલાક કહે છે. કર્મ ઔદયિક ભાવથી બનેલ છે. ઔદયિક ભાવ પણ કર્મના ઉદયથી બનેલ છે. તે બાલવીર્ય. જીવના વીર્યાંતરાયના ક્ષયથી ઉત્પન્ન થયેલ સહજ વીર્ય છે. જે ચારિત્ર મોહનીયના ઉપશમ, ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ પંડિત વીર્ય છે. આ બે સ્થાનો વડે સકર્મક અકર્મક વડે પ્રાપ્ત થયેલ બાલપંડિત વીર્ય વડે વીર્યની વ્યવસ્થા થઈ આ પ્રમાણે સૂત્રનો અર્થ છે. આ બે વીર્યો વડે જ મનુષ્ય વિવિધ પ્રકારની ક્રિયામાં પ્રવૃત્ત થવાથી આ વીર્યવાળો છે. એમ વ્યપદેશ થાય છે. વીર્યાંતરાય કર્મના ક્ષયથી આ અનંત બળવાળો છે. એમ કહેવાય છે. પ્રમાદથી હણાયેલાને જે કર્મ બંધાય તે સકર્મકવાળા જે ક્રિયાનુષ્ઠાન કરે તે બાલવીર્ય. અપ્રમત્તના કર્મનો અભાવ થાય છે. આવા પ્રકારના આત્માને પંડિતવીર્ય થાય છે. અભવ્યોને બાલવીર્ય અનાદિ અનંતકાળ છે. ભવ્યોને અનાદિ સાંત અને સાદિ સાંત કાળ હોય છે. પંડિત વીર્ય તો સાદિ સાંત જ હોય છે. તેમાં ખડ્ગ વગેરે આયુધો, લક્ષણ શસ્ત્રના આયુર્વેદ-ધનુર્વેદ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરવો તે બાલવીર્ય પાપોનો સ્વીકાર કરે છે. શાતાગારવમાં આસક્ત થયેલા તે શીખે છે. શીખીને પ્રાણિઓનો નાશ કરે છે - તે પ્રાણિઓના નાશ માટે થાય છે. તેમાં જીવોના નાશ છે માટે.

સ્થાનો કહેવાથી ક્ષય કરવા માટે લાયક એટલે એક જાતના પક્ષના રસનો અભયારિષ્ટ નામનો દારૂ વિશેષ આપવા યોગ્ય કહેવું. ચોર વગેરેને શૂળી આપવા વગેરેનો દંડ કરવાથી, પશુના હિંસક યજ્ઞ કરવાથી આ પ્રમાણે તેનો અભ્યાસ કરવાથી તે તે કર્મો મન-વચન-કાયાથી કરવું-કરાવવું અને અનુમોદન વડે કરવાથી સેંકડો જન્મના અનુબંધવાળા વૈરાનુબંધવાળા અનંત સંસારનો ભાગી થાય છે. ભવ્યાત્માઓ અલ્પકષાયવાળા સમ્યગ્દર્શન, ચારિત્રાત્મક અથવા શ્રુતચારિત્રાત્મક ધર્મ જે તીર્થંકરોપદિષ્ટ છે. તેને ગ્રહણ કરી મોક્ષ માટે ધ્યાન અધ્યયન વગેરેમાં ઉદ્યમ કરે. છે તેનું આ વીર્ય છે તે પંડિતવીર્ય. બાલવીર્યથી ભૂતકાળ, ભવિષ્યકાળ, અનંતકાળ ભવગ્રહણ કરવાથી દુઃખમાં જીવ રહે છે. જેમ જેમ તે નરક વગેરે દુઃખના આવાસોમાં ભમે છે. તેમ તેમ એને અશુભ અધ્યવસાયવાળો હોવાથી અશુભની જ વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે સંસારના સ્વરૂપનું ચિંતન-મનન કરવાથી આ વીર્યવાળાનું ધર્મધ્યાનમાં પ્રવર્ત્તન થાય છે. આ પ્રમાણે ભાવના વગેરેથી ભાવિત થયેલો વિશિષ્ટ આભિનિબોધિક જ્ઞાન વડે, શ્રુતજ્ઞાન વડે, અવધિજ્ઞાન વડે ધર્મસારને જાણી અથવા બીજા પાસેથી સાંભળી ચારિત્રને સ્વીકારે છે. તેના સ્વીકારમાં પૂર્વ ઉપાર્જેલા કર્મોના ક્ષય માટે ઉત્તરોત્તર ગુણસંપત્તિ માટે તૈયાર થયેલો, વધેલા પરિણામવાળો સાધુ સાવદ્યાનુષ્ઠાનનો ત્યાગ કરી અકર્મવાળો થાય છે. માટે બાલ અને પંડિતવીર્યવાળા જીવો સંસાર અને મોક્ષના ભાગી થાય છે. ॥૩૬॥

अथ धर्ममभिधत्ते—

**त्यक्ताव्रतकषायादिरप्रमत्तचर्यः ॥३७॥**

**त्यक्तेति,** संसारस्वभावपरिज्ञानपरिकर्मितमतिर्धर्मरहितानां निजकृतकर्मविलुप्यमानानमैहिकामुष्मिकयोर्न कश्चित्त्राणायेति विचार्य जिनोक्त एव परमो धर्मोऽनन्तसुखनिदानमिति प्रत्युपेक्ष्य द्रव्यजातं पुत्रान् स्वजनांश्च विहाय प्रव्रजितः त्रसस्थावरैर्नारम्भी नापि परिग्रही मृषावादादीनां ज्ञानपूर्वकं परिहर्त्ता कषायसद्भावे महाव्रतधारणस्य निष्फलत्वेन क्रोधादीनपि जात्यादिमदप्रयुक्तान् दुर्गतिसुलभान् विज्ञाय परिहरन् संयमोपघातकं शरीरसंस्कारं गन्धमाल्यस्नानदन्तप्रक्षालनादिरूपं कर्मोपादानतया संसारकारणत्वेन परिज्ञायौद्देशिकाद्याहारमनेषणीयं विदित्वा निःस्पृहः शब्दादिविषयगाद्धर्यरहितो जीवोपघातकारिशीतोदकादिपरिभोगरहितः परित्यक्तासंयमानुष्ठानोपदेशप्रशंसोऽर्थशास्त्रद्यूतक्रीडाशुष्कवादाद्यनासेवी छत्रोपानहव्यजनादिविधुर उच्चारप्रस्रवणादिक्रियां हरितबीजस्थण्डिलेषु परिहरन् पुरः पश्चात्कर्मभयाद्धृतनष्टादिदोषसम्भवाच्च परपात्रभोजनादि परिवर्जयन् यशःकीर्त्यनभिलाषुको द्रव्यक्षेत्रकालभावापेक्षया शुद्धमन्नपानादि परिगृह्णन् संयममनुतिष्ठेत्, सदा धर्मकथासम्बन्धं भाषमाणः स्यात्, न मर्मगं वचो ब्रुवीत, भिक्षार्थं गृहादौ प्रविष्टो नोपविशेदुत्सर्गतः, जरसा रोगातङ्काभ्यां वा शक्त्यभावे उपविशेत्, अतिवेलं न हसेत्, न वाऽऽहारादिषु मनोज्ञशब्दादौ च गाद्धर्यमुपेयात्, परिषहोपसर्गैर्नादीनमनस्को भवेत्, एवं कुर्वतो भावविवेक आविर्भावितो भवति, सुतपस्विनं गीतार्थं गुरुं सदा सेवेत, इत्थं संयमं प्रतिपालयन् कर्मक्षयमभिकाङ्क्षेत ॥३७॥

હવે ધર્મને કહે છે.

**સૂત્રાર્થ :- અવ્રતકષાય વગેરે છોડી અપ્રમત્તભાવે આચાર.**

**ટીકાર્થ :-** સંસાર સ્વભાવના જ્ઞાનથી ઘડાયેલી બુદ્ધિવાળા ધર્મરહિતવાળાને, પોતાના કરેલા કર્મને ઢાંકનારાને આલોક અને પરલોકનો કોઈપણ રક્ષણ કરનાર નથી. એમ વિચારી જિનેશ્વરે કહેલો પરમ ધર્મ એજ અનંતસુખનું કારણ છે. એમ વિચારી ધન, દ્રવ્ય, પુત્રો, સ્વજનોને છોડી દીક્ષિત થઈ ત્રસ-સ્થાવર જીવોનો આરંભ-સમારંભ છોડી દે, પરિગ્રહ વગરનો, મૃષાવાદ વગેરેને જ્ઞાનપૂર્વક પરિહરનાર કષાય વિદ્યમાનતામાં મહાવ્રતને ધારણ કરવાનું નિષ્ફળ છે. ક્રોધ વગેરેને પણ જાતિ વગેરે આઠ મદોથી યુક્ત દુર્ગતિ સુલભ થાય એમ જાણીને છોડતા, સંયમને ઉપઘાત કરનાર, શરીરની વિભૂષા-સંસ્કાર, અત્તર વગેરે ગંધ, માળા, સ્નાન, દાતણ કરવું, કપડા ધોવા (પ્રક્ષાલન) વગેરે રૂપ, કર્મના ગ્રહણ કરવા કારણે સંસારના કારણરૂપ જાણીને ઔદ્દેશિક વગેરે આહારને અનેષણીય જાણી નિઃસ્પૃહ થઈ શબ્દ વગેરે વિષયોમાં આસક્તિ વગરનો જીવ નાશ

કરનાર ઠંડા પાણી વગેરેના વપરાશથી રહિત, અસંયમના અનુષ્ઠાનોનો ઉપદેશ, પ્રશંસા ન કરનાર, અર્થશાસ્ત્ર, ધૂત એટલે જુગાર રમવા, શુષ્કવદ એટલે નકામો થઈ વિવાદ ન કરનારો, છત્રી, પગરખાં, પંખા વગેરેના વાપરનારો, પેશાબ, વિષ્ટા વગેરે વનસ્પતિ બીજ વગરની સ્થંડિલ (ચોખ્ખી) ભૂમિમાં પરઠવે પુનઃ કર્મ, પશ્ચાત્કર્મ, ભયથી ધારણ કરેલ (હણાયેલો) નાશ પામેલ વગેરે (છોડે) દોષનો સંભવ હોવાથી પરપાત્રમાં ભોજન વગેરેને છોડતો, યશઃ કીર્તિને ન ઈચ્છતો, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ શુદ્ધ આહાર-પાણીને ગ્રહણ કરતો સંયમમાં સ્થિર થાય. હંમેશાં ધર્મકથા સંબંધી બોલનારો હોય, માર્મિક વચન ન બોલે, ભિક્ષા માટે ઘર વગેરેમાં પ્રવેશેલો ઉત્સર્ગ માર્ગે બેસે નહીં. ઘડપણ રોગાતંકના કારણે અથવા અશક્તિના કારણે બેસે. વારંવાર ન હસે, આહાર વગેરેમાં તથા મનોહર શબ્દ વગેરેમાં આસક્તિ રાખે નહીં. પરિષહ ઉપસર્ગ વગેરેમાં અદીન મનવાળો થાય. એટલે કે ગરીબડો ન થાય. આ પ્રમાણે કરવાથી વિવેક પ્રગટ થાય છે. સુતપસ્વી, ગીતાર્થ ગુરૂની હંમેશાં સેવા કરે. આ પ્રમાણે સંયમનું પાલન કરતા કર્મક્ષયને અભિલષે-ઈચ્છે. ॥૩૭॥

धर्मस्य समाधिं विनाऽपूर्णत्वात्समाधिमाह—

**समाहितोऽनिदानो भावभिक्षुः ॥३८॥**

**समाहित इति,** दर्शनज्ञानतपश्चारित्ररूपेषु भावसमाधिषु व्यवस्थितः समाहितः, यः सम्यक् चरणे व्यवस्थितः स चतुर्विधभावसमाधिसमाहितात्मा भवति, यो वा भावसमाधिसमाहितात्मा भवति स सम्यक्चरणे व्यवस्थितो भवति, दर्शनसमाधौ हि व्यवस्थितो जिनवचनभावितान्तःकरणो निवातशरणप्रदीपवन्न कुमतिवायुभिर्भ्राम्यते, ज्ञानसमाधिना तु यथा यथाऽपूर्वं श्रुतमधीते तथा तथाऽतीव भावसमाधावुद्युक्तो भवति, चारित्रसमाधावपि विषयसुखनिःस्पृहतया निष्किञ्चनोऽपि परं समाधिमवाप्नोति, तपःसमाधिनामपि विकृष्टतपसोऽपि न ग्लानिर्भवति तथा क्षुत्तृष्णादिपरीषहेभ्यो नोद्विजते तथाऽभ्यस्ताभ्यन्तरतपोध्यानाश्रितमनाः स निर्वाणस्य इव न सुखदुःखाभ्यां बाध्यत इत्येवं चतुर्विधसमाधिस्थः सम्यक्चरणव्यवस्थितो भवति, यद्वा धर्मसमाधिं प्राप्तः समाहितो भावसाधुः, तपोऽनुष्ठानं कुर्वत ऐहिकामुष्मिकाकाङ्क्षाभावात्, अनिदानः-भूतसमारम्भो निदानं तन्न विद्यते यस्यासावनिदानः सावद्यानुष्ठानरहितः, कर्मणो हि प्राणातिपातादीनि निदानानि, प्राणातिपातोऽपि द्रव्यक्षेत्रकालभावभेदाच्चतुर्धा, त्रसान् स्थावरान्वा ऊर्ध्वाधस्तिर्यग्रूपेषु त्रिषु लोकेषु प्राच्यादि दिक्षु विदिक्षु द्वेषाच्च दिवा रात्रौ वा प्राणिनो हस्तपादाभ्यां बध्वाऽन्यथा वा कदर्थयित्वा यत्तेषां दुःखोत्पादनं तन्न कुर्यात्, सर्वत्र मनोवाक्कायकर्मसु संयतो भवन् भावसमाधि-

मनुपालयेत्, ज्ञानसमाधियुक्तः स्वाख्यातधर्माभवेत्, चित्तविप्लुतिं विहाय तदेव च निःशङ्कं यज्जिनैः प्रवेदितमित्येवं निःशङ्कतया विद्वज्जुगुप्सां न कुर्यात्, येन केनचित्प्रासुकाहारोपकरणादिना गतो विधिनाऽऽत्मानं संयमे स्थापयेत्, आत्मवत्सर्वप्राणिनः पश्येत्, एवम्भूत एव भावसाधुर्भवति, यथा च ममाऽऽक्रुश्यमानस्याभ्याख्यायमानस्य वा दुःखमुत्पद्यते तथाऽन्येषामपीति मत्वा प्रजास्वात्मसमो भवति तथा इहासंयमजीवितार्थी प्रभूतं कालं सुखेन जीविष्यामीत्येतदध्यवसायी सन् कर्माश्रवलक्षणमाहारोपकरणादेर्धनधान्यद्विपदचतुष्पदादेर्वा परिग्रहणलक्षणं सञ्चयञ्च विकृष्टतपोनिष्टप्तदेहो भिक्षुर्न कुर्यात्, प्राणिगणञ्च समतया प्रेक्षमाणस्य न कश्चित्प्रियो नापि द्वेष्यो भवति, तथा च निःसङ्गः सम्पूर्णभावसमाधियुक्तो भवति, कश्चित्तु भावसमाधिना सम्यगुत्थानेनोत्थाय परीषहोपसर्गैस्तर्जितो दीनतामवाप्य विषण्णो भवति, विषयार्थी वा कश्चिद्गार्हस्थ्यमप्यवलम्बते रससातगौरवगृद्धो वा पूजासत्काराभिलाषी स्यात्तदभावे दीनः पार्श्वस्थादिभावेन विषण्णो भवति, श्लाघाभिमानी च व्याकरणगणितज्योतिषनिमित्तशास्त्राण्यधीते, अपरश्चाधाकर्माद्याहारोपकरणाभिलाषी संयमोद्योगे विषण्णानां पार्श्वस्थावसन्नकुशीलानां विषण्णभावमेषते, तदेवं संयमस्खलिता अल्पसत्त्वाः संसारपर्यङ्कावसन्ना असमाहिता विषमं नरकादियातनास्थानमुपयन्ति, तस्माद्विवेकी विदितमर्यादोऽखिलसमाधिगुणवेत्ता धर्ममालोच्य सबाह्याभ्यन्तरसङ्गविप्रमुक्तो मुक्तिगमनैकहेतुं संयमानुष्ठानमनुतिष्ठेत्, औदारिकं शरीरं पार्श्वस्थादिसङ्गविप्रमुक्तो विकृष्टतपसा कर्मनिर्जरामनुप्रेक्षमाणः कृशयेत्, एकत्वभावनाभावितमनाः शरीरादौ निःस्पृहो मोक्षगमनैकप्रवणः संयमेऽरतिमसंयमे च रतिमभिभूय भावसमाधिं प्राप्तः शीतोष्णादिपरीषहानभोक्ष्यतया निर्जरार्थमधिसहेत, वाग्गुप्तश्च शुद्धलेश्यामुपादायाशुद्धां परिहृत्य संयमानुष्ठाने व्रजेत्, य एवं स समाहितोऽनिदानो भावभिक्षुर्भवतीति ॥३८॥

સમાધિ વગર ધર્મ અપૂર્ણ હોવાથી હવે સમાધિને કહે છે.

**સૂત્રાર્થ :- સમાધિવાળો, નિયાણા વગરનો ભાવ ભિક્ષુક છે.**

**ટીકાર્થ :-** દર્શન, જ્ઞાન, તપ, ચારિત્રરૂપ ભાવસમાધિમાં રહેલો આત્મા સમાધિસ્થ કહેવાય છે. જે સમ્યક્ પ્રકારે ચરણમાં રહ્યો હોય તે ચાર પ્રકારની ભાવસમાધિમાં સમાહિત આત્મા થાય છે. અથવા જે ભાવસમાધિમાં સમાહિતાત્મા હોય તે સમ્યક્ચરણમાં વ્યવસ્થિત થયેલા હોય. દર્શન સમાધિમાં જે રહેલો હોય તે જિનવચનથી ભાવિત અંતઃકરણવાળો, તે હવા વગરના સ્થાનમાં રહેલા દિવાની જેમ કુબુદ્ધિ વાયુ વડે ભ્રમિત થતાં નથી. જ્ઞાન સમાધિ વડે જેમ જેમ અપૂર્વશ્રુતને ભણે તેમ તેમ અત્યંતાભાવ સમાધિમાં પ્રયત્નશીલ થાય. ચારિત્ર સમાધિમાં પણ

વિષયસુખોમાં નિઃસ્પૃહપણે નિષ્ક્રિય થયેલો પણ પરમ સમાધિને પામે છે. તપ સમાધિવાળો પણ વિકૃષ્ટ તપવાળો પણ ગ્લાનિ પામતો નથી. તથા ભૂખ તરસ વગેરે પરિષહોથી ઉદ્વેગને પામે નહિ. તથા અભ્યાસ કરેલ અભ્યંતર તપ ધ્યાનમાં આશ્રિત મનવાળા તે નિર્વાણમાં રહેલાની જેમ સુખ-દુઃખ વડે બાધિત ન થાય. એ પ્રમાણે ચાર પ્રકારની સમાધિમાં રહેલો ચરણમાં વ્યવસ્થિત થયેલો હોય. અથવા જે ધર્મસમાધિ પ્રાપ્ત કરેલ સમાધિવાળો ભાવસાધુ તપોઽનુષ્ઠાન કરતો આલોક અને પરલોકના સુખની ઈચ્છા વગરનો હોય.

અનિદાન (એટલે) ભૂત એટલે પ્રાણીઓ તેનો આરંભ સમારંભ કરવો તે નિદાન. તે નિદાન ન હોવું તે અનિદાન કહેવાય, સાવદ્યાનુષ્ઠાનરહિત. પ્રાણાતિપાત વગેરે કર્મોના કારણો છે. પ્રાણાતિપાતપણું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદથી ચાર પ્રકારે છે.

ત્રસો અને સ્થાવર એમ બે પ્રકારે જીવો છે. ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છારૂપ ત્રણ લોકમાં પૂર્વ વગેરે દિશા વિદિશામાં ક્ષેત્રથી કાળથી દિવસ અને રાત્રીમાં પ્રાણીઓને હાથ-પગ વગેરે બાંધીને અથવા કદર્થના કરીને જે તેમને દુઃખ ઉત્પન્ન કરવું નહીં. બધી જગ્યાએ મન-વચન-કાયાથી સંયમી તો ભાવ સમાધિને પાળે, જ્ઞાન સમાધિયુક્ત સ્વાખ્યાતધર્મી થાય, ચિત્તની ડામાડોળતા છોડીને... 'तदेवसच्चं निस्संकं ज जिणेहिं पविइयं ।' (તે જ સાચું છે. જે જિનેશ્વરોએ પ્રરૂપ્યું છે.) આ પ્રમાણે નિઃશંકપણાથી વિધ્યાન્ જુગુપ્સાને કરે નહિ. જેના વડે કંઈક નિર્દોષ આહાર ઉપકરણ વગેરે મેળવ્યા હોય. તેના વડે આત્માને વિધિપૂર્વક સંયમમાં સ્થાપે, બધા જીવોને પોતાના આત્મા સમાન જુવે. આવા પ્રકારનો જ ભાવ સાધુ હોય છે. જેમ મને આક્રોશ કરે કે, આક્ષેપ કરે કે, કલંક લગાવે તો મને દુઃખ ઉત્પન્ન થાય છે. તેવી રીતે બીજાઓને પણ થાય એમ માની પ્રજાઓમાં (દરેક જીવોમાં) આત્મસમ થાય. તથા અહિં અસંયમ જીવિતાર્થી ઘણો વખત સુખપૂર્વક જીવી એવા પ્રકારના અધ્યવસાયવાળો થઈ કર્મ આશ્રવ કર્મના આવવાના કારણરૂપ આહાર ઉપકરણ વગેરે ધન, અનાજ, દ્વિપદ-ચતુષ્પદ વગેરે રૂપ પરિગ્રહને એકઠું કરે. વિકૃષ્ટ તપોનિષ્ટ સાધુ ન કરે. પ્રાણિ માત્રને સમભાવે જોનારાને કોઈપણ પ્રિય કે તિરસ્કરણીય હોતું નથી. અને તે સંપૂર્ણ નિસ્સંગઃ થયેલો સંપૂર્ણ ભાવ સમાધિયુક્ત થાય છે. કોઈક ભાવ સમાધિ વડે સારી રીતે ઉત્થાન પામેલો ત્યાંથી ઉઠીને પરિષહ ઉપસર્ગોથી ઘવાયેલો દીનતા પામીને વિષાદને પામે છે. અથવા વિષયાર્થી કોઈક ગૃહસ્થપણાનો સ્વીકાર કરે છે. રસ, શાતા ગૌરવમાં આસક્ત અથવા પૂજા સત્કારનો ઈચ્છુક થાય. અને એના અભાવમાં દીનતા ધારણ કરી પાસત્થાદિ ભાવ વડે ખેદ પામે છે. પ્રશંસાનો ઈચ્છુક અને અભિમાની થયેલો વ્યાકરણ-ગણિત-જ્યોતિષ નિમિત્ત શાસ્ત્રોને ભણે.

બીજુ આધાકર્મી વગેરે આહાર, ઉપકરણનો, અભિલાષી સંયમપ્રવૃત્તિમાં વિષાદ પામેલા પાર્શ્વસ્થ, અવસન્ન કુશીલોના વિષાદભાવને સેવે છે. તેઓ આ પ્રમાણે સંયમમાં સ્ખલના પામતા અલ્પસત્ત્વવાળા સંસારરૂપી પલંગમાં બેઠેલા, અસમાધિ પામેલા વિષમ એવા નરક વગેરેની યાતના સ્થાનને પામે છે. તેથી વિવેકી મર્યાદાને જાણનારો સંપૂર્ણ સમાધિના ગુણને જાણનારો

ધર્મને વિચારી, બાહ્ય અભ્યંતર સંગ એટલે પરિગ્રહ છોડી મુક્તિ જવાના કારણરૂપ સંયમના અનુષ્ઠાનને આચરે, ઔદારિક શરીરને પાસત્થા વગેરેના સંગને છોડનારો ઘોર તપ વડે, કર્મની નિર્જરાને ચિંતવતો કર્મને પાતળા કરે. એકત્વ ભાવનાથી ભાવિત થયેલા ચિત્તવાળો શરીર વગેરેમાં નિઃસ્પૃહી મોક્ષમાં જ જવાની એક પ્રબળ ઈચ્છાવાળા, સંયમમાં અરતિ અને અસંયમમાં રતિને (થી) ભાવિત થઈ ભાવસમાધિને પામે, શીત-ઉષ્ણ વગેરે પરિષહોથી ગભરાયા વગર નિર્જરાને માટે સહન કરે. વચનગુપ્તિવાળો, શુદ્ધ લેશ્યાને સ્વીકારી અશુદ્ધ (લેશ્યા)ને છોડી, સંયમના અનુષ્ઠાનમાં ગતિ કરે. જે આ પ્રમાણે હોય તે સાધુ-સમાધિવાળો નિદાન વગરનો ભાવ ભિક્ષુક થાય છે. એ પ્રમાણે ॥૩૮॥

समाधिवद्भावमार्गोऽपीति मार्गमभिधत्ते—

**प्रशस्तभावमार्गो भवसमुत्तारकः ॥३९॥**

**प्रशस्तभावमार्ग इति,** भावमार्गो हि द्विविधः; प्रशस्ताप्रशस्तभेदात्, तत्राप्रशस्तो मिथ्यात्वाविरत्यज्ञानानि दुर्गतिफलानि, प्रशस्तश्च सम्यग्दर्शनज्ञानचारित्ररूपः सुगतिफलप्रदः, दुर्गतिफलमार्गवादिनां त्रीणि त्रिषष्ट्यधिकानि शतानि मार्गा भवन्ति, मिथ्यात्वोपहतदृष्टिभिर्विपरीततया जीवादिपदार्थनिरूपणात्, सम्यग्दर्शनं ज्ञानं चारित्रञ्चेति त्रिविधोऽपि भावमार्गः प्रशस्तफलः, तीर्थकरगणधरादिभिर्यथावस्थितवस्तुनिरूपणेन समाचीर्णत्वात्, ये केचनस्वयूथ्याः पार्श्वस्थादयोऽपुष्टधर्माणश्शीतलविहारिण ऋद्धिरससातगौरवेण गुरुकर्माण आधाकर्माद्युपभोगात् षड्जीवनिकायव्यापादनरता अपरेभ्यो मोक्षमार्गमात्मानुचीर्णमुपदिशन्ति शरीरमिदमाद्यं धर्मसाधनमिति मत्वा कालसंहननादिहानेश्चाधाकर्माद्युपभोगोऽपि न दोषायेत्येवं प्रतिपादयन्तः कुतीर्थिकमार्गाश्रिता एव । तत्र प्रशस्तभावमार्गो मोक्षगमनं प्रति प्रगुणो यथावस्थितपदार्थस्वरूपनिरूपणात् सामान्यविशेषनित्यानित्यादिस्याद्वादाश्रयणात्, तं ज्ञानदर्शनतपश्चारित्रात्मकं मार्गमवाप्य जीवः समग्रसामग्रीकः संसारसमुद्रं दुस्तरं तरति, अतः स मार्गो भवसमुत्तारकः, स च मार्गो जिनोक्त एवाशेषैकान्तकौटिल्यरहितो निर्मलः पूर्वापरव्याहतिदोषापगमात्, सावद्यानुष्ठानोपदेशाभावाच्च, तं महापुरुषाचीर्णमव्यभिचारिणमाश्रित्य पूर्वस्मिन्ननादिकालेऽनन्तास्सत्त्वा भवं तीर्णवन्तः, साम्प्रतमपि संख्येयास्तरन्ति, अपर्यवसानात्मकेऽनागते काले चानन्तास्तरिष्यन्ति । तत्र सूक्ष्मबादरपर्याप्तापर्याप्तभेदान् पृथिवीकायिकाद्येकेन्द्रियान् पर्याप्तापर्याप्तभेदान् द्वित्रिचतुरिन्द्रियान् संज्ञ्यसंज्ञिपर्याप्तकापर्याप्तकभेदान् पञ्चेन्द्रियांश्च सद्युक्तिभिरवगम्यानिष्टदुःखान् सुखैषिणो न हिंस्यात्, एतदेव सारतरं ज्ञानं यत्प्राणातिपातनिवर्त्तनम्, एतावतैव परिज्ञानेन मुमुक्षोर्विवक्षितकार्यपरिसमाप्तेः, असावेव

परमार्थतो ज्ञाता यः प्राणातिपातनिवृत्तिं सम्यक् क्रियते, एवम्भूताद्विरतिमतो नान्ये केचन बिभ्यति, नाप्यसौ भवान्तरेऽपि कुतश्चिद्बिभेति, प्राणातिपातनिवृत्तेः परेषामात्मनश्च शान्तिहेतुत्वात्, अत एवासावार्त्तरौद्रध्यानाभावाच्छान्तो निवृतश्च भवति, तस्मान्मनसा वाचा कायेन वा यावज्जीवं केनापि प्राणिना साकं विरोधं न कुर्यात्, आहारोपधिशय्यादिके एषणासमितः परीषहैरक्षुब्धः संयमं चरेत् । कूपखननसत्रदानादिप्रवृत्तिः पुण्यमपुण्यं वेति राजादिभिः पृष्टो मत्वोभयथापि महाभयं नानुमन्येत, अन्नपानदानार्थमाहारमुदकं च पचनपाचनादिक्रियया कूपखननादिकया चोपकल्पयेत्, तत्र त्रसाः स्थावराश्च व्यापाद्यन्तेऽतो भवदनुष्ठाने पुण्यमिति नो वदेत्, अन्नपानादिकं धर्मबुद्धया प्राण्युपमर्ददोषदुष्टं निष्पादयन्त्यतो नास्ति पुण्यमित्यपि न ब्रूयात्, तन्निषेधे हि आहारपानार्थिनामन्तरायो भवेत्, तदभावेन तु ते पीड्येरन्, किन्तु मौनं समाश्रयणीयम्, निर्बन्धे त्वस्माकं द्विचत्वारिंशद्दोषवर्जित आहारः कल्पते, एवंविधविषये मुमुक्षुणामधिकार एव नास्तीति ब्रूयान्, अनवद्यभाषिणां निर्वाणप्राप्तेः । इयमेव च सर्वविरत्याख्यो मोक्षगमनैकहेतुरकारणवत्सलेन परहितैकरतेन भगवता तीर्थकरेण परतीर्थिकैरनाख्यातपूर्वः प्रवेदितः, तमिमं शुद्धं परिपूर्णं धर्ममजानाना अविवेकिनो धर्मज्ञंमन्याः परतीर्थिकाः सम्यग्दर्शनाद्दूरे वर्त्तन्ते, जीवाजीवपरिज्ञानाभावेन शीतोदकौद्देशिकाद्याहाराभ्यवहरणात्, संघभक्तादिक्रियया सातर्द्धिरसगौरवावाप्त्यर्थमार्त्तध्यानवत्त्वाच्च, न ह्यैहिकसुखैषिणां दासदासीधनधान्यादिपरिग्रहवतां धर्मध्यानं भवति, ते च महाभयं संसारं परिभ्रमन्ति, तस्मादकषायी साधुः प्रतिक्षणमपूर्वज्ञानग्रहणेन ज्ञानं शङ्कादिदोषपरिहारेण सम्यग्जीवादिपदार्थाधिगमेन च सम्यग्दर्शनमस्खलितमूलोत्तरगुणसम्पूर्णपालनेन प्रत्यहमपूर्वाभिग्रहग्रहणेन चारित्रं च वर्द्धयेत्, ततश्च प्रशस्तभावमार्गो भवं ध्रुवं समुत्तरति ॥३९॥

સમાધિની જેમ ભાવમાર્ગ પણ છે. એ પ્રમાણે માર્ગને કહે છે.

**સૂત્રાર્થ :- પ્રશસ્ત ભાવમાર્ગ તે છે જે ભવથી સંસારથી સારી રીતે તારી દે છે.**

**ટીકાર્થ :-** ભાવમાર્ગ બે પ્રકારનો છે. (૧) પ્રશસ્ત (૨) અપ્રશસ્ત. તેમાં અપ્રશસ્ત મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન જે દુર્ગતિના ફળરૂપ છે. પ્રશસ્તભાવ માર્ગ સમ્યગ્ દર્શનજ્ઞાનચારિત્રરૂપ છે, જે સુગતિરૂપ ફળને આપનારો છે. દુર્ગતિ ફળ માર્ગવાદીઓના ત્રણસોત્રેસઠ (૩૬૩) માર્ગો થાય છે. મિથ્યાત્વથી હણાયેલા દૃષ્ટિવાળાઓ વડે વિપરીતપણે જીવ વગેરે પદાર્થોની પ્રરૂપણા હોવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ ત્રણ પ્રકારે પ્રશમફળને આપનારો ભાવમાર્ગ છે. તીર્થંકર ગણધર વડે યથાવસ્થિત વસ્તુ નિરૂપણ કરવાથી અને આચરવાથી ભાવમાર્ગ છે. જે કેટલાક પોતાના જુથના પાર્શ્વસ્થાદિ અપુષ્ટ ધર્મવાળા એટલે પુષ્ટ કારણ વગર શિથિલવિહારીઓ ઋદ્ધિ,

રસ, શાતાગૌરવ વડે ભારે કર્મીઓ આધાકર્મ વગેરે વાપરનારા, છ જીવનિકાયનો નાશ કરવામાં રત, બીજાઓને પણ મોક્ષમાર્ગ પોતે જે આચરતો હોય તેનો ઉપદેશ આપે. જેમકે આ શરીર પ્રથમ ધર્મનું સાધન છે. એ પ્રમાણે માની કાળ, સંઘયણ વગેરેની હાનિથી આધાકર્મ વગેરેને વાપરવામાં દોષ નથી. આ પ્રમાણે પ્રતિપાદનને કરનારા કુતીર્થિઓના માર્ગનો આશ્રય કરનારા જ છે. (તે બરાબર નથી.) પ્રશસ્ત ભાવમાર્ગ મોક્ષગમન તરફ ઘણો કાબેલ છે, કેમકે યથાવસ્થિત પદાર્થ સ્વરૂપ નિરૂપણ કરતા હોવાથી સામાન્ય, વિશેષ નિત્યાનિત્ય વગેરે સ્યાદ્વાદનો આશ્રય કરવો, તે જ્ઞાન, દર્શન, તપ, ચારિત્રાત્મક માર્ગને પામી જીવ બધી સામગ્રીવાળો દુસ્તર એવા સંસાર સમુદ્રને તરી જાય છે. આથી તે માર્ગ ભાવથી સારી રીતે તારનાર છે. તે માર્ગ જિનોક્ત જ છે, કારણ કે તે માર્ગ સંપૂર્ણ એકાંતરૂપી કૌટિલ્ય એટલે વક્રતાથી રહિત છે. નિર્મલ, પૂર્વાપર વિરોધી દોષોથી રહિત સાવદ્યાનુષ્ઠાનના ઉપદેશ વગરનો છે. તે મહાપુરૂષોએ આચરેલ છે. અવ્યભિચારીનો આશ્રય કરીને, પૂર્વમાં અનાદિકાળમાં અનંતા જીવો સંસાર તર્યા હતા, વર્તમાનમાં પણ સંખ્યાતા આત્માઓ તરે છે, અનંતકાળ ભવિષ્યકાળમાં પણ અનંતા આત્માઓ તરશે. એમાં સૂક્ષ્મબાદર પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદો પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિયને, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત, સંજ્ઞિ-અસંજ્ઞિ પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદોવાળા પંચેન્દ્રિય જીવોને સદ્યુક્તિઓ વડે જાણીને અનિષ્ટ દુઃખોને ન ઈચ્છનારો, સુખને ચાહનારો જીવ હિંસા ન કરે. આ સારભૂત જ્ઞાન છે કે પ્રાણાતિપાતથી નિવર્તન કરાવે. આજ ટબા જ્ઞાન વડે મુમુક્ષુઓનું વિવક્ષિતકાર્યની પરિસમાપ્તિ થાય છે.

આજ પરમાર્થથી સાચો જ્ઞાની છે કે જે પ્રાણાતિપાતની નિવૃત્તિ સારી રીતે કરે છે. આવા પ્રકારનો વિરતિવાળો બીજા કોઈથી ડરતો નથી. ભવાંતરમાં પણ કોઈને ડરાવતો નથી. પ્રાણાતિપાત નિવૃત્તિ બીજા આત્માને માટે શાંતિનું કારણરૂપ છે. આથી જ એ આર્ત્ત-રૌદ્રધ્યાન રહિત હોવાથી શાંત અને નિવૃત્ત થાય છે, તેથી મન, વચન, કાયાથી જાવજ્જીવ સુધી કોઈપણ પ્રાણી સાથે વેરવિરોધ ન કરવો. આહાર-ઉપધિ-શય્યા વગેરેમાં એષણા સમિતિવાળો પરિષહોથી ગભરાયા વગર સંયમમાં ચરે-પાલન કરે.

કૂવો ખોદાવવો, આહારનું દાન કરવું વગેરે પ્રવૃત્તિમાં પુણ્ય કે અપુણ્ય એમ કોઈ રાજા વગેરે પૂછે તો એમ માની બંને રીતે મહાભય છે. માટે અનુમતિ ન આપો. અન્નપાનના દાન માટે રસોઈ તથા પાણીને પકાવવું વગેરે ક્રિયાઓથી કૂવાઓ ખોદાવવા વગેરેની ક્રિયામાં કંઈક સમ્મત થાય. કેમકે તેમાં ત્રસ અને સ્થાવર જીવો ઘણા નાશ પામે છે. આથી ભયને આપનારા અનુષ્ઠાનમાં પુણ્ય થાય. એમ ન બોલે. આહાર-પાણી વગેરે ધર્મબુદ્ધિથી જીવોના નાશ કરવામાં દોષ દુષ્ટપણે બનાવવાના કારણે 'પુણ્ય નથી' એમ ન બોલવું. કારણ કે તે નિષેધ કરતા આહાર-પાણીના ઈચ્છુક જીવોને અન્નપાનનો અંતરાય થાય. અને તે આહાર-પાણી ન મલવાથી તે જીવો દુઃખી થાય. આથી મૌનનો આશરો લેવો. બહુ આગ્રહ કરીને પૂછે તો કહેવું કે અમારે બેંતાલીશ (૪૨)

દોષોથી રહિત ભિક્ષા ખપે છે. આવા પ્રકારના વિષયમાં મુમુક્ષુઓનો અધિકાર નથી. (આ વિષય સાધુઓનો નથી. ગૃહસ્થોનો છે. એમ કહે. અનવદ્યભાષી એટલે પાપરહિત બોલનારા સાધુઓને મોક્ષપ્રાપ્તિનું લક્ષ્ય હોય છે. સર્વવિરતિ નામનો મોક્ષમાં જવા માટે મુખ્ય કારણરૂપ આ માર્ગ અકારણ વાત્સલ્ય ભાવવાળા નામ બીજાના હિતમાં તત્પર એવા તીર્થંકર ભગવંતો વડે બીજા ધર્મવાળાઓ વડે આગળ પૂર્વમાં ક્યારે પણ કહેવાયેલો નહીં તેથી આ શુદ્ધ પરિપૂર્ણ ધર્મને નહીં જાણનારા, અવિવેકી, પોતાને ધર્મજ્ઞ માનનારા દર્શનીઓ સમ્યગ્દર્શનથી દૂર રહેલા છે. જીવાજીવના જ્ઞાનનો અભાવ હોવાથી ઠંડા કાચા પાણી તથા ઔદેશિક વગેરે દોષોથી દોષિત આહાર પાણી વડે વહેવાર કરનારા, સંઘ ભોજન વગેરે ક્રિયા વડે શાતા-ઋદ્ધિ-રસગૌરવની પ્રાપ્તિ માટે આર્ત્તધ્યાનવાળો હોવાથી આલોકના સુખના ઈચ્છુકોને દાસ-દાસી, ધન-ધાન્ય વગેરે પરિગ્રહવાળાને ધર્મધ્યાન હોતું નથી. તેઓ મહાભયંકર સંસારમાં પરિભ્રમણ કરે છે તેથી કષાય રહિત સાધુ દરેક ક્ષણે જ્ઞાનગ્રહણ કરવા વડે, જ્ઞાનને શંકા વગેરે દોષો છોડી સમ્યક્ જીવાદિ પદાર્થોના જ્ઞાન વડે, સમ્યક્દર્શનને અસ્ખલિત મૂલોત્તર ગુણ પાળવા વડે, દરરોજ અપૂર્વ અભિગ્રહ ગ્રહણ કરવા વડે ચારિત્રને વધારે.

તેથી પ્રશસ્ત ભાવમાર્ગ સંસારથી જીવને નક્કી પાર ઉતારે છે. ॥૩૯॥

अथ प्रतिपन्नभावमार्गेण साधुना कुमार्गाश्रिताः परवादिनः सम्यक् परिज्ञाय परिहर्त्तव्या इति तत्स्वरूपमाचष्टे—

**समवसरणानि चत्वारि, क्रियाऽक्रियावैनयिकाज्ञानवादिभेदात् ॥४०॥**

**समवसरणानीति,** जीवादयस्सन्त्येवेति वादिनः क्रियावादिनः, तदभाववादिनोऽक्रियावादिनः, ज्ञाननिह्नववादिनोऽज्ञानवादिनः विनयादेव केवलादिष्टावाप्तिरिति वादिनो वैनयिकवादिनः, एषां चतुर्णामपि सप्रभेदानामाक्षेपं कृत्वा यत्र विक्षेपः क्रियते तत्समवसरणं भावसमवसरणमिति भावार्थः । एते क्रियादिवादिनो मिथ्यादृष्टय एव, एकान्तेन जीवास्तित्वे पररूपेण सत्त्वापत्तेरेकविधत्वप्रसङ्गाज्जगतः, एकान्तेन जीवप्रतिषेधे प्रतिषेधकर्त्तुरभावेन प्रतिषेधासिद्ध्या सर्वास्तिताया दुर्वारत्वात्, ज्ञानव्यतिरेकेणाज्ञानमेव श्रेय इत्यप्यभिधानासम्भवात्तदभिधाने ज्ञानस्यावश्यकतया स्वाभ्युपगमविरोधात्, ज्ञानक्रियाव्यतिरेकेण मोक्षासम्भवाद्विनयमात्रस्याकिञ्चित्करत्वाच्चासद्भूतार्थप्रतिपादनात्, तत्र क्रियावादिनां भेदा अशीत्यधिकं शतम्, अक्रियावादिनां चतुरशीतिः, सप्तषष्टिरज्ञानवादिनाम्, वैज्ञानिकानां द्वात्रिंशदिति सर्वमेलनेन त्रिषष्ट्यधिकत्रीणि शतानि मतानि भवन्ति ॥४०॥

હવે ભાવમાર્ગને સ્વીકારેલા સાધુઓએ કુમાર્ગને આશ્રય કરેલા પરવાદીઓને સારી રીતે જાણીને છોડી દેવા જોઈએ. આથી બીજા દર્શનોનું સ્વરૂપ કહે છે.

**સૂત્રાર્થ :- સમવસરણો ચાર પ્રકારના છે. (૧) ક્રિયાવાદિ (૨) અક્રિયાવાદિ (૩) વૈનયિક (૪) અજ્ઞાનવાદિ.**

**ટીકાર્થ :-** જીવાદિ પદાર્થો છે જ એ પ્રમાણે બોલનારા ક્રિયાવાદિઓ છે. જેઓ જીવાદિ પદાર્થોનો અભાવ બોલનારા છે. તેઓ અક્રિયાવાદિઓ છે. જ્ઞાન તેનો નિહ્નવ કરનારા, છુપાવનારા અજ્ઞાનવાદિઓ છે. વિનયથી જ કેવલજ્ઞાન વગેરે ઈષ્ટ ઈચ્છિતની પ્રાપ્તિ થાય એમ બોલનારા વૈનયિકવાદિઓ છે. આ ચારે પણ વાદિનો પેટા ભેદો સહિત આક્ષેપ કરી એટલે વર્ણન કરી જ્યાં આગળ વિક્ષેપ એટલે નિરાકરણ કરાય તે સમવસરણ છે તેને ભાવ સમવસરણ કહેવાય છે એ પ્રમાણે ભાવાર્થ છે. આ ક્રિયાવાદિઓ વગેરે મિથ્યાદષ્ટિઓ જ છે. એકાંતે જીવાસ્તિત્વમાં પરરૂપ વડે સત્ત્વાપત્તિથી એકવિધપણાના પ્રસંગથી જગત છે. એકાંતે જીવનો નિષેધ કરવામાં નિષેધ કરનારનો અભાવ હોવાથી નિષેધની અસિદ્ધિ વડે સર્વાસ્તિતાનો દુનિર્વાર છે. જ્ઞાન વગર અજ્ઞાન એ જ કલ્યાણકર છે એ પ્રમાણે બોલવાનો અસંભવ હોવાથી તે કહેવામાં જ્ઞાનના આવશ્યકપણાથી પોતાના સ્વીકારેલામાં વિરોધ આવે છે. જ્ઞાન-ક્રિયા વગર મોક્ષનો અસંભવ હોવાથી ફક્ત વિનય માત્ર અકિંચિત્કર હોવાથી અસદ્ભૂ અર્થનું પ્રતિપાદન છે. ફક્ત એમાં ક્રિયાવાદિઓના એકસો એંસી (૧૮૦) ભેદો છે, અક્રિયાવાદિના ચોર્યાશી (૮૪) ભેદો છે, સડસઠ (૬૭) ભેદો અજ્ઞાનવાદિઓના છે. વૈનયિકોના બત્રીશ (૩૨) ભેદો છે. સર્વ મળીને ૩૬૩ મતો થાય છે. ॥૪૦॥

अज्ञानवादिमतमनूद्य निराचष्टे—

**ज्ञाने परस्परविरोध इति चेन्न सर्ववेत्तुस्तदभावात् ॥४१॥**

**ज्ञान इति,** अज्ञानवादिनो हि वदन्ति, ज्ञानिनः सर्वे परस्परविरुद्धवादित्वेन न यथार्थवादिनः, तथा हि केचिदात्मानं विभुमपरेऽसर्वगतमन्येऽङ्गुष्ठपर्वमात्रमितरे च श्यामाकतन्दुलमात्रमाहुः तथा मूर्त्तममूर्त्तं हृदयस्थं ललाटस्थमात्मानमूचुरित्येवं नैकवाक्यता दृश्यते, न वाऽतिशयज्ञानी कश्चिद्विद्यते यस्य वाक्यं प्रमाणं भवेत्, विद्यमानोऽप्यसौ नार्वाग्दर्शिनोपलक्ष्यते, तथा चोक्तम् 'सर्वज्ञोऽसाविति ह्येतत्तत्कालेऽपि बुभुत्सुभिः । तज्ज्ञानज्ञेयविज्ञानशून्यैर्विज्ञायते कथमि'ति । न च सर्वविषयविज्ञानसम्भवः, तदुपायपरिज्ञानाभावात्, अन्योऽन्याश्रयात्, विशिष्टज्ञानव्यतिरेकेण न तत्प्राप्त्युपायज्ञानम्, न च तदन्तरेणोपेयस्य सर्वविषयविज्ञानसम्भव इति । न च ज्ञानं ज्ञेयस्य स्वरूपं परिच्छिनत्ति, उपलभ्यमानस्यार्वाङ्मध्यपरभागत्रयवत्त्वेनार्वाग्भाव एव ज्ञानेन परिच्छिद्यते, नेतरौ, अर्वाग्भागेन व्यवधानात्, तथाऽर्वाग्भागस्यापि भागत्रयपरिकल्पनया तदेकभागस्यापि पुनस्तथाकल्पनात् परमाणुपर्यवसानता भागस्य स्यात्, तथा च तस्य स्वभावविप्रकृष्टत्वादर्वाग्दर्शिनां नोपलम्भविषयतेति

पदार्थपरिच्छेदासम्भवेन सर्वज्ञाभावादसर्वज्ञस्य यथावस्थितवस्तुस्वरूपापरिच्छेदात् सर्ववादिनां परस्परविरोधेन पदार्थस्वरूपस्याभ्युपगमाद्यथोत्तरपरिज्ञानिनां प्रमादवतां बहुतरदोष-सम्भवादज्ञानमेव श्रेयः, अज्ञानवांश्च कथञ्चित् पादेन शिरसि यदि हन्यात्तदापि चित्तशुद्धेर्न तथाविधदोषानुषङ्गीति । मतमिदं दूषयति **नेति**, असर्वज्ञप्रणीतागमाभ्युपगमवादिनामेव परस्परविरुद्धार्थवादित्वेनायथार्थवादित्वं भवेत्, सर्वज्ञप्रणीतागमाभ्युपगमवादिनान्तु नास्ति कोऽपि परस्परतो विरोधः, सर्वज्ञत्वान्यथानुपपत्तेः । सर्वज्ञो ह्यनृतकारणरागद्वेषरहितः प्रक्षीणाशेषमोहकर्मत्वात्, अतस्तद्वाक्यं कथमयथार्थं भवेत् तत्प्रणीतागमवतां च कथं विरोधवादित्वम् । न च सर्वज्ञ एव नास्तीति वक्तव्यम्, प्रत्यक्षतस्तस्यानुपलम्भेऽपि सम्भवानुमानस्य सद्भावात्तद्बाधकप्रमाणाभावाच्च तत्सिद्धेः, प्रत्यक्षतोऽनुपलम्भस्तु परचेतो-वृत्तीनां दुरन्वयत्वात्, सरागाणां वीतरागवद्वीतरागाणामपि सरागवच्चेष्टमानत्वात् । सम्भवानुमानं तु ज्ञेयावगमं प्रति प्रज्ञाया व्याकरणादिशास्त्राभ्यासेन संस्क्रियमाणाया अतिशयो दृष्टः, सोऽयमतिशयस्तारतम्येनोपलभ्यमानः क्वचिद्विश्रान्तो वाच्यो महत्परिमाणतारतम्यस्य गगनादाविव, एवञ्च कश्चित्तथाभूताभ्यासवशात्प्रज्ञायाः प्रकृष्टतारतम्यवानपि स्यात्, स च सर्वज्ञ एवेति, नास्ति च सर्वज्ञाभावसाधकं किञ्चित् प्रमाणम्, न हि प्रत्यक्षतस्तत्सिद्धिः, अर्वाग्दर्शिनां तज्ज्ञानज्ञेयविज्ञानशून्यत्वात्, अशून्यत्वे च सर्वज्ञत्वापत्तेः । नाप्यनुमानेन, तदव्यभिचारिहेत्वभावात्, न चोपमानेन, तादृग्विधसादृश्याभावात् । न वाऽर्थापत्त्या, तस्याः प्रत्यक्षादिपूर्वकप्रवृत्तिमत्तया तदभावेऽप्रवृत्तेः । नाप्यागमेन, तस्य सर्वज्ञसाधकत्वेनापि दर्शनात् । नापि प्रमाणपञ्चकाभावरूपाभावप्रमाणेन, सर्वत्र सर्वदा तद्ग्राहकप्रमाणं न सम्भवतीत्य-र्वाग्दर्शिनो निश्चयासम्भवात्, सम्भवे वा तस्यैव सर्वज्ञत्वापत्तेः, न वाऽर्वाग्दर्शिनां ज्ञानं निवर्त्तमानं तदभावसाधनक्षमम्, तस्याव्यापकत्वात्, व्यापकव्यावृत्त्यैव पदार्थव्यावृत्तेः । ज्ञानं ज्ञेयस्य स्वरूपं न परिच्छिनत्तीत्यभिधानमपि न सम्यक्, सर्वज्ञज्ञानेन देशकालस्वभाव-व्यवहितानामपि ग्रहणात्, व्यवधानासम्भवात्, अर्वाग्दर्शिज्ञानस्याप्यवयवद्वारेणावयविनि प्रवृत्त्या व्यवधानाभावात्, न ह्यवयवी स्वावयवैर्व्यवधीयते । अज्ञानमेव श्रेय इत्यपि न युक्तम्, तस्य पर्युदासरूपत्वे ज्ञानान्तररूपतया नाज्ञानवादसिद्धिः । प्रसज्यरूपत्वे ज्ञानाभावस्य नीरूपतया तुच्छत्वात्सर्वसामर्थ्यविकलतया श्रेयस्त्वासम्भवात्, तस्मान्नैते धर्मोपदेशनिपुणाः सदा मृषावादिनोऽपारसंसारसमुद्रपर्यटनशीला इति ॥४१॥

અજ્ઞાનવાદિઓના મતને જણાવી પછી તેનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- જ્ઞાનમાં પરસ્પર વિરોધ છે. એ પ્રમાણે નથી કેમકે સર્વજ્ઞે જણાવેલ હોવાથી, વર્તમાનમાં તેનો અભાવ છે.**

**ટીકાર્થ :-** અજ્ઞાનવાદિઓ કહે છે કે જ્ઞાનીઓ બધા પરસ્પર એકબીજાથી વિરૂદ્ધ બોલનારા હોવાથી યથાર્થવાદિ નથી. તથા કેટલાક આત્માને વિભુ એટલે સર્વવ્યાપી માને છે. તો કેટલાક અસર્વગત માને છે. કેટલાક અંગુઠાના પર્વ જેટલા માને છે. બીજા કેટલાક શ્યામાકતંદુલ જેટલા જ છે. એમ કહે છે. તથા કોઈક મૂર્ત્ત, અમૂર્ત્ત, હૃદયસ્થ લલાટસ્થ આત્મા છે એમ કહે છે. આ પ્રમાણે પરસ્પર એકવાક્યતા દેખાતી નથી તથા કોઈ અતિશય જ્ઞાની હોય તો જે એનું વાક્ય પ્રમાણરૂપ થાય. અર્વાગ્દર્શી એટલે સર્વજ્ઞ વિદ્યમાન હોય તો પણ તેને ઓળખી ન શકે.

તથા કહ્યું છે કે 'આ સર્વજ્ઞ છે.' એ પ્રમાણે આ કાલમાં પણ તે જ્ઞાન, જ્ઞેય, વિજ્ઞાન, શૂન્યો વડે કેવી રીતે જાણી શકાય. અને બધા વિષયોનું વિજ્ઞાન હોઈ શકે નહીં કેમકે તેના ઉપાષ્યપના જ્ઞાનનો અભાવ હોવાથી એકબીજાનો આશ્રય કરાયો હોવાથી વિશિષ્ટ જ્ઞાન વગર તેની પ્રાપ્તિના ઉપાયનું જ્ઞાન થતું નથી. વિશિષ્ટ (તે) જ્ઞાન વગર ઉપેયના સર્વવિષયના વિજ્ઞાનનો સંભવ હોતો નથી. જ્ઞાન જ્ઞેયના સ્વરૂપનું વિશ્લેષણ કરતું નથી. પ્રાપ્ત થયેલા પદાર્થનો આગળનો ભાગ, મધ્યનો ભાગ, પાછળનો ભાગ એ ત્રણ-ત્રણ ભાગવાળા પદાર્થમાં આગળનો ભાગ જ જ્ઞાન વડે જણાય છે. બાકીના બે પાછળના ભાગ જણાતા નથી. આગળનો ભાગ આડો આવતો હોવાથી, તથા આગળના ભાગની પણ ત્રણ ભાગરૂપે કલ્પના વડે તેના ત્રીજો, ફરી તેના ત્રણ ભાગની કલ્પના એમ કરતાં કરતાં છેલ્લે પરમાણુના અંત સુધી ભાગોની કલ્પના કરવી તથા તેના સ્વભાવની વિપ્રકૃષ્ટતાના કારણે અર્વાગ્દર્શીઓ એટલે વિશિષ્ટ જ્ઞાનીઓને પણ જ્ઞાનનો વિષય બનતા નથી કેમકે પદાર્થનું જ્ઞાન કરવાનો જ અસંભવ છે. માટે સર્વજ્ઞનો અભાવ હોવાથી અસર્વજ્ઞને યથાવસ્થિત વસ્તુ સ્વરૂપ જાણી શકતા નથી. આથી સર્વ વાદિઓમાં પરસ્પર વિરોધ હોવાથી પદાર્થનું સ્વરૂપને સ્વીકારવામાં યથોત્તર પરિજ્ઞાનીઓ પ્રમાદી હોવાથી ઘણા દોષોનો સંભવ હોવાથી અજ્ઞાન એ જ કલ્યાણકર છે. કારણ અજ્ઞાનીઓને કોઈક પગથી માથા સુધી હણે તો પણ મનશુદ્ધિ હોવાથી તેવા પ્રકારનો દોષનો ભાગી થતો નથી.

આ મતને દોષિત કરે છે. આ વાત બરાબર નથી. કારણ કે અસર્વજ્ઞે બનાવેલા આગમોને સ્વીકાર વાદીઓના જ પરસ્પર વિરૂદ્ધ વાદી અર્થપણા વડે અયથાર્થવાદીતા થાય. સર્વજ્ઞે બનાવેલ આગમોમાંના સ્વીકારનારા વાદીઓને પરસ્પર વિરોધ નથી. કેમકે સર્વજ્ઞપણામાં ખોટાપણાની પ્રાપ્તિ થતી નથી. સર્વજ્ઞ તે જ છે કે જે જૂઠના કારણરૂપ રાગ-દ્વેષથી રહિત હોય. મોહનીય કર્મનો ક્ષય કર્યો હોવાથી તેમનું વાક્ય શી રીતે અયથાર્થ બની શકે ? તેમના બનાવેલા આગમવાળાઓમાં કેવી રીતે વિરૂદ્ધવાદીતા હોઈ શકે ? સર્વજ્ઞ જ નથી એમ કહેવું નહીં. પ્રત્યક્ષથી તે પ્રાપ્ત થતાં નથી. છતાં પણ સંભવ અને અનુમાન પ્રમાણથી વિદ્યમાન છે. અને તેની સિદ્ધિમાં બાધકપણાનો અભાવ હોય છે. પ્રત્યક્ષથી પ્રાપ્ત ન થવા છતાં પણ બીજાના મનની વૃત્તિની ખરાબ પરંપરાપણું

હોય છે. સરાગીઓને વીતરાગની જેમ વીતરાગીઓને પણ સરાગીની જેમ આચરણ કરતા હોવાથી સંભવાઅનુમાન તો જાણવા યોગ્યની જાણકારી તરફ વ્યાકરણ વગેરે શાસ્ત્રનો અભ્યાસ વડે સંસ્કાર કરાયેલ અતિશય જુએ છે. તે આ અતિશય તારતમ્ય ભાવ પ્રાપ્ત થતો કોઈકમાં વિશ્રાન્ત થતો કહેવો મહત્ પરિણામના તારતમ્યનો આકાશ વગેરેની જેમ. એ પ્રમાણે કોઈક તેવા પ્રકારની અભ્યાસના વશથી બુદ્ધિનો પ્રકૃષ્ટ પ્રકારે તરતમભાવવાળો પણ થાય. તે સર્વજ્ઞ જ છે. સર્વજ્ઞ અભાવ સાધક કંઈ પણ પ્રમાણ નથી. પ્રત્યક્ષથી તેની સિદ્ધિ નથી. વિશિષ્ટ જ્ઞાનીઓ તેના પણ જ્ઞાન-જ્ઞેય-વિજ્ઞાન શૂન્ય હોવાથી, અશૂન્યપણામાં સર્વજ્ઞપણાની આપત્તિ આવે છે. અનુમાનથી પણ નથી. કેમકે તેને અવ્યભિચારી હેતુનો અભાવ હોવાથી ઉપમાન વડે પણ નથી. કેમકે તેવા પ્રકારના સરખાપણાનો અભાવ હોવાથી અર્થાપત્તિથી પણ નથી. કારણ કે તેની પ્રત્યક્ષાદિપૂર્વક જ પ્રવૃત્તિ થતી હોવાથી, તેના અભાવો તેની પ્રવૃત્તિ નથી. આગળ પ્રમાણ વડે પણ નથી. કેમકે તે સર્વજ્ઞની સાધકતાના દર્શન થતા હોવાથી. પ્રમાણ પંચકના અભાવરૂપ અભાવ પ્રમાણ વડે પણ નથી. બધી જગ્યાએ હંમેશાં તેના ગ્રાહક પ્રમાણ સંભવતા નથી એ પ્રમાણે અર્વાગ્દર્શીઓને નિશ્ચય સંભવતો નથી. અથવા જો સંભવે તો તેને જ સર્વજ્ઞપણાની આપત્તિ આવે. અર્વાગ્દર્શિઓનું જ્ઞાન નિવર્તમાન હોતું નથી કેમકે તેના અભાવનું સાધન સમર્થ છે. તેનું અવ્યાપકપણું હોવાથી વ્યાપકની વ્યાવૃત્તિથી જ પદાર્થની વ્યાવૃત્તિ થતી હોવાથી જ્ઞાન-જ્ઞેયના સ્વરૂપનું વિશ્લેષણ કરતું નથી. એ પ્રમાણે એનું નામ પણ સમ્યગ્ નથી. સર્વજ્ઞ જ્ઞાન વડે દેશ-કાળ સ્વભાવનું અંતર હોવા છતાં પણ ગ્રહણ કરે છે. કારણ વચ્ચે વ્યવધાન સંભવ નથી. વિશિષ્ટ જ્ઞાનવાળાને પણ અવયવ વડે પણ અવયવિની અંતરાયનો અભાવ હોવાથી અવયવિ પોતાના અવયવો વડે ઢંકાતો નથી. અજ્ઞાન જ કલ્યાણકારી છે એ પણ યોગ્ય નથી. કેમકે તે વિરોધીપણે હોવાથી જ્ઞાનાન્તરરૂપપણે અજ્ઞાનવાદની સિદ્ધિ થતી નથી. પ્રસજ્યરૂપપણો જ્ઞાનભાવની નિરૂપતાવડે તુચ્છ હોવાથી સર્વસામર્થ્ય રહિતપણે હોવાથી કલ્યાણકારીપણાનો અસંભવ છે. માટે આ લોકો ધર્મ ઉપદેશ કરવામાં નિપુણ નથી. હંમેશાં જૂઠ બોલનારા અપાર સંસાર સમુદ્રમાં ભમવાના સ્વભાવવાળા હોય છે એ પ્રમાણે. ॥૪૧॥

वैनयिकमतं निराकरोति—

**विनयादेव मोक्ष इति चेन्नासामर्थ्यात् ॥४२॥**

**विनयादेवेति,** एवशब्देन सम्यग्दर्शनज्ञानचारित्रव्युदासः, वैनयिका हि विनयादेव केवलात् परलोकमिच्छन्ति, विनयश्च सुरनरपतियतिज्ञातिस्थविराधममातृपितृषु मनसा वाचा कायेन दानेन च चतुर्विध इति वदन्ति, सर्वकल्याणभाजनं विनय इति च, तन्मतं निराकरोति **असामर्थ्यादिति,** ज्ञानक्रियाभ्यां हि मोक्षः स च केवलं विनयादेव कथं भवेत्, सम्यग्दर्शनादिसम्भव एव सत्य मोक्षसामर्थ्यात्, तद्रहितो हि विनयोपेतः सर्वस्य प्रह्वतया

न्यक्कारमेवाप्नोति, तस्मादेते मृषावादिन एवासत्ये सत्याभिमानात्, मोक्षजनकतया सत्ये सम्यग्दर्शनादौ सत्यत्वाभिमानात्, तस्माद्युक्तिविकलत्वान्न सम्यग्यथावस्थितधर्मस्यैते परीक्षका इति ॥४२॥

વૈનયિકમતનું નિરાકરણ કરે છે.

**सूत्रार्थ :- વિનયથી જ મોક્ષ છે. એ વાત બરાબર નથી. કારણ કે સામર્થ્યરહિત હોવાથી.**

**टीकार्थ :-** एव શબ્દથી સમ્યગ્, દર્શન, જ્ઞાન, ચારિત્રનો તિરસ્કાર કર્યો છે. વૈનયિકો ફક્ત વિનયથી જ પરલોક ઈચ્છે છે. વિનય દેવોનો, રાજાનો, સાધુનો, જ્ઞાતિના વૃદ્ધ વડિલનો, માતા-પિતાનો, મન, વચન, કાયા અને દાન એમ ચાર વડે કરવો જોઈએ એમ કહે છે. સર્વ કલ્યાણનું સ્થાન વિનય છે. (આ પ્રમાણે વિનય કરવો જોઈએ.)

હવે વૈનયિક મતનું નિરાકરણ કરે છે. જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ થાય છે. તે મોક્ષ ફક્ત વિનયથી જ શી રીતે થાય ? સમ્યગ્દર્શન વગેરેથી તેનો સંભવ હોવાથી સામર્થ્યથી એમ કહ્યું છે. દર્શનાદિ વગરનો વિનયયુક્ત બધાના પ્રત્યે નમ્ર હોવા છતાં તિરસ્કારને પામે છે. તેથી આ મૃષાવાદીઓ અસત્યમાં સત્યના અભિમાનથી જ રહેલા છે. મોક્ષની ઉત્પત્તિના કારણપણા સત્ય એવા સમ્યગ્દર્શન આદિમાં સત્યત્વ અભિમાન થાય છે. માટે યુક્તિ રહિત હોવાથી યથાસ્થિત (સમ્યગ્) ધર્મના આ પરીક્ષકો નથી. ॥૪૨॥

अक्रियावादिमतं निराकरोति—

**आत्मक्रियानभ्युपगमो न युक्तो विपाकात्कर्मवत्त्वादिसिद्धेः ॥४३॥**

**आत्मेति,** लोकायतिको ह्यात्मा न प्रमाणविषयोऽत एव न तत्क्रिया न वा तज्जनितः कर्मबन्धः, उपचारेण त्वस्ति बन्धः, तद्यथा 'बद्धा मुक्ताश्च कथ्यन्ते मुष्टिग्रन्थिकपोतकाः । न चान्ये द्रव्यतः सन्ति मुष्टिग्रन्थिकपोतकाः' ॥ इति वदन्ति, शाक्यानामपि मते सर्वसंस्काराणां क्षणिकत्वात्, अत एव चाक्रियत्वम्, पञ्चस्कन्धाभ्युपगमोऽपि संवृतिमात्रेणैव, न परमार्थतः, अवयविनामवयवेभ्यो भिन्नत्वाभिन्नत्वाभ्यामनुपपत्तेः, अवयवानामपि परमाणुपर्यवसायिनामतिसूक्ष्मतया ज्ञानविषयत्वासम्भवात्, तथा विज्ञानस्यापि न परमार्थतः सत्त्वम्, ज्ञेयाभावेन निराकारत्वात्, आकाररहितस्यावस्तुत्वात्, तस्य सत्त्वेऽपि क्षणिकत्वेनातीतानागतानामभावात्, वर्त्तमानस्यापि क्षणत्वेनाक्रियत्वात्तथा च कथं तज्जनितः कर्मबन्धः स्यात्, सांख्यादयोऽप्यात्मनो विभुत्वादक्रियावादिनः । अत्र दोषमाह **विपाकादिति,** नानाविधो हि कर्मविपाको दृश्यते सर्वशून्यत्वे हि जातिजरामरणरोगशोकोत्तममध्यमाधमत्वानि न स्युः, अयमेव कर्मविपाको जीवास्तित्वं कर्तृत्वं कर्मवत्त्वञ्चावेदयति, सर्वशून्यत्वे च लोकायतिकाः स्व-

शिष्येभ्यो न जीवाद्यभावप्रतिपादकं शास्त्रं प्रतिपादयेयुः, यदि प्रतिपादयेयुस्तर्हि नान्तरीयकतयाऽऽत्मानं कर्त्तारं करणं शास्त्रं कर्मतापन्नांश्च शिष्यानवश्यमभ्युपगच्छेयुः, बौद्धा अपि षड्गतीः वर्णयन्ति, असति चात्मनि कारके कथं गतयः स्युः, सन्तानस्यापि सन्तानिव्यतिरेकेण संवृतिमत्त्वेन क्षणस्य चास्थितत्वेन क्रियाभावान्न नाम गतयः स्युः, तदेवमेते नास्तित्वं प्रतिपादयन्त आत्मनोऽस्तित्वमेव प्रतिपादयन्ति । सांख्या अपि सर्वव्यापितयाऽक्रियमात्मानमभ्युपगम्य प्रकृतिवियोगात् मोक्षसद्भावं प्रतिपादयन्त आत्मनो बन्धं मोक्षञ्च स्ववाचा प्रतिपादयन्ति, बन्धमोक्षसद्भावे सक्रियतायाः सिद्धेः, न हि क्रियामन्तरेण बन्धमोक्षौ घटेते । किञ्च लोकायतिकानां सर्वशून्यत्वे न किञ्चित् प्रमाणमस्ति, प्रमाणसद्भावे न च सर्वशून्यत्वं, प्रमाणस्य सत्त्वात् । न वा प्रत्यक्षमेव प्रमाणम्, अतीतानागतभावतया पितृनिबन्धनस्यापि व्यवहारस्यासिद्धेः, ततश्च सर्वव्यवहारोच्छेदः स्यात् । बौद्धानामप्यत्यन्तक्षणिकत्वेन वस्तुत्वाभावः स्यात्, यदेव ह्यर्थक्रियाकारि तदेव परमार्थतः सत्, न च क्षणः क्रमेणार्थक्रियाकारी, क्षणिकत्वहानेः, न वा यौगपद्येन, एकक्षण एव तत्कार्याणामखिलानां भावप्रसक्तेः, न चैतद् दृष्टमिष्टं वा । न च परिदृश्यमानानामादित्यचन्द्रसरिदादीनामभावात्तदुद्गमनास्तमयह्रासवृद्ध्यादिक्रियाः कुतः स्युः सर्वमिदञ्च जगति यदुपलभ्यते तत्सर्वं मायास्वप्नेन्द्रजालकल्पमिति वाच्यम्, आगोपालाङ्गनाप्रतीतस्य समस्तान्धकारक्षयादिकारिण उद्गमनादेरपलपितुमशक्यत्वात्, सर्वाभावे सत्यस्याभावात्तत्प्रतिपक्षभूतासत्यरूपाया मायाया अप्यभावेन मायास्वप्नेन्द्रजालकल्पमिदं जगदित्यभ्युपगमस्यासम्भवाच्च, स्वप्नोऽपि हि जाग्रदवस्थायाः सद्भावे भवेत्, तस्याश्चाभावे सोऽपि कथं स्यात्, एवमिन्द्रजालव्यवस्थाप्यपरसत्यत्वे सति भवति, नान्यथा, किञ्च सर्वशून्यत्वमपि न वस्तु, अभावस्य तुच्छरूपत्वात्, शशविषाणादीनामत्यन्ताभावतया प्रसिद्धानामपि सम्बन्धस्यैव निषेधो न तु वस्तुन आत्यन्तिकोऽभावः, तस्माद्विद्यमानायामप्यस्तीत्यादिकायां क्रियायां निरुद्धप्रज्ञास्तीर्थिका अक्रियावादमाश्रिताः ॥४३॥

અક્રિયાવાદિના મતનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- આત્મક્રિયાનો સ્વીકાર ન કરવો એ યોગ્ય નથી. કેમકે વિપાકથી કર્મવાનપણાની સિદ્ધિ થતી હોવાથી.**

**ટીકાર્થ :-** લોકાયતિક એટલે નાસ્તિકોને આત્મા પ્રમાણ વિષય થતો નથી. આથી તેની ક્રિયા નથી કે તેનાથી ઉત્પન્ન થયેલ કર્મબંધ નથી. ઉપચારથી કર્મબંધ છે. તે પ્રમાણે 'બંધાયેલા અને છૂટેલા કહેવાય છે. મુઠ્ઠી અને ગાંઠ કબૂતરો. બીજા દ્રવ્યથી નથી મુઠ્ઠી અને ગાંઠ કબૂતરો' આ પ્રમાણે બોલે છે. શાક્ય એટલે બૌદ્ધના મતે બધા સંસ્કારો ક્ષણિક છે. આથી અક્રિયપણું છે.

પંચસ્કંધના સ્વીકાર કરવા છતાં પણ સંવરણ માત્ર વડે જ થાય છે. પરમાર્થથી નહીં. અવયવિઓના અવયવોથી ભિન્નપણું અભિન્નપણા વડે પ્રાપ્તિ થતી નથી. અવયવોના પણ પરમાણુના અંત સુધીના અતિસૂક્ષ્મપણાના કારણે જ્ઞાનનો વિષયપણાનો અસંભવ હોવાથી તથા વિજ્ઞાનનું પણ પરમાર્થથી સત્ત્વ નથી. કારણ જ્ઞેયનો અભાવ હોવાથી નિરાકારપણું છે. આકાર રહિત અવસ્તુપણું હોય છે. તેના હોવામાં સત્ત્વમાં પણ ક્ષણિકપણા વડે ભૂતકાળ-ભવિષ્યકાળના અભાવથી વર્તમાનકાળનો પણ ક્ષણિકપણાથી-અક્રિયપણાથી શી રીતે તેનાથી ઉત્પન્ન થયેલો કર્મબંધ શી રીતે થાય ?

સાંખ્ય વગેરે પોતાના આત્મા વિભુ એટલે સર્વવ્યાપિ હોવાથી અક્રિયાવાદિ છે.

હવે આમાં દોષો કહે છે. અનેક પ્રકારના કર્મ વિપાકો દેખાય છે. સર્વશૂન્ય હોયે છતે જન્મ, ઘડપણ, મરણ, રોગ, શોક, ઉત્તમ, મધ્યમ ને અધમપણું વગરે ન થાય. આજ કર્મવિપાક જીવનું અસ્તિત્વ, કર્ત્તૃત્વ, કર્મવત્વપણું જણાવે છે. સર્વ શૂન્યપણું હોયે છતે લોકાયતિકો એટલે નાસ્તિકો પોતાના શિષ્યોની આગળ જીવ વગેરેના અભાવ પ્રતિપાદક શાસ્ત્રોનું પ્રતિપાદન કરી ન શકે, જો પ્રતિપાદન કરે તો આંતરિકપણાથી આત્માને કર્ત્તાપણું કરણ, શાસ્ત્ર કર્મતાને પામેલા શિષ્યોને અવશ્ય સ્વીકારે છે. બૌદ્ધો પણ ષડ્ગતિનું વર્ણન કરે છે.

આત્મામાં કારક ન હોયે છતે કેવી રીતે ગતિઓ થશે. સંતાનના પણ સંતાતિ વગર સંવૃતિમાનપણાથી ક્ષણનું અસ્થિતપણા વડે ક્રિયાભાવ હોવાથી ગતિઓનું નામ રહેતું નથી. તેથી આ પ્રમાણે નાસ્તિપણાનું પ્રતિપાદન કરતાં આત્માનું અસ્તિત્વ જ પ્રતિપાદન થાય છે. સાંખ્યો પણ સર્વ વ્યાધિપણા વડે અસ્થિ આત્માને સ્વીકારી પ્રકૃતિના વિયોગથી મોક્ષના સદ્ભાવનું પ્રતિપાદન કરતા આત્માને બંધ અને મોક્ષ પોતાની વાણી વડે પ્રતિપાદન કરે છે. બંધમોક્ષનો સદ્ભાવ હોયે છતે સક્રિયતાની સિદ્ધિ થાય કે ક્રિયા વગર બંધમોક્ષ ઘટતા નથી. વળી નાસ્તિકો (બૌદ્ધો)ના સર્વશૂન્યપણામાં કોઈપણ પ્રમાણ નથી. જો પ્રમાણ હોય છે તો સર્વશૂન્યપણું હોતું નથી. કારણ કે પ્રમાણ હોવાથી પ્રત્યક્ષ જ પ્રમાણ નથી. કારણ કે ભૂતકાળ, ભવિષ્યકાળના ભાવપણાથી પિતૃનિબંધના પણ વ્યવહારથી સિદ્ધિ થતી હોવાથી તેથી બધાય વ્યવહારનો ઉચ્છેદ થાય છે. બૌદ્ધોને પણ અત્યંત ક્ષણિકપણાથી વસ્તુનો અભાવ થાય છે. જે અર્થ ક્રિયાકારી હોય તે જ પરમાર્થથી સત છે. અને ક્ષણ ક્રમપૂર્વક અર્થ ક્રિયાકારી નથી. કારણ કે ક્ષણિકપણાની હાનિ થતી હોવાથી તથા એકી સાથે પણ બનતું નથી. કારણ કે એક ક્ષણમાં જ સમસ્ત કાર્યોનો સદ્ભાવ પ્રસક્તિનો પ્રસંગ આવશે. આ વાત ઈચ્છિત (ઈચ્છનીય) નથી. દેખાતા સૂર્ય, ચંદ્ર, નદી વગેરેનો અભાવ હોવાથી તેનો ઉદય-અસ્ત-માસ-વૃદ્ધિ વગેરે ક્રિયાઓ ક્યાંથી થાય ? આ બધી વસ્તુઓ જગતમાં જે થાય છે તે બધી માયા સ્વપ્ન ઇંદ્રજાલ સમાન છે. એમ કહેવું. ગોવાલથી લઈ સ્ત્રીઓ સુધી બધાને ખાત્રી છે કે સંપૂર્ણ અંધકાર ક્ષય વગેરે કરાવનાર ઉદય વગેરેનો અપલાપ કરવો અશક્ય છે. સર્વ અભાવ થયે છતે એનો અભાવ થવાથી તેના પ્રતિપક્ષરૂપ અસત્યરૂપ માયાનો

પણ અભાવ હોવાથી માયા સ્વપ્ન ઇંદ્રજાલ સમાન આ જગત છે. એ પ્રમાણે સ્વીકારનો અસંભવ હોવાથી, સ્વપ્ન પણ જાગ્રત અવસ્થા હોવાથી થશે. તેનો અભાવ થયે છતે તે પણ ક્યાંથી (કેવી રીતે) થશે. આ પ્રમાણે ઈન્દ્રજાલની વ્યવસ્થા પણ અપરસત્યપણું હોયે છતે થાય છે. બીજી રીતે નહિ. વળી સર્વ શૂન્યપણું પણ વસ્તુ જ નથી. કેમકે અભાવ એ તુચ્છ વસ્તુ છે. સસલાના શીંગડાની જેમ અત્યંત અભાવરૂપે પ્રસિદ્ધ સંબંધનો જ નિષેધ છે. નહીં કે વસ્તુનો આત્યંતિક અભાવ. તેથી વિદ્યમાનતામાં, અસ્તિત્વાદિકમાં, ક્રિયામાં નિરૂદ્ધ થયેલું બુદ્ધિવાળા તીર્થિકો અક્રિયાવાદનો આશ્રય કરે. ॥૪૩॥

अनिरुद्धप्रज्ञाश्च यथावस्थितार्थवेदिनो भवन्ति, त्रैलोक्यवर्त्तिनश्च पदार्थानवध्यादिभिः करतलामलकन्यायेन पश्यन्ति श्रुतज्ञानिनोऽपि श्रुतबलेनातीतानागतान् जानते, अष्टङ्गनिमित्त-पारगा निमित्तेनेति स्थिते तत्र व्यभिचारमाशङ्क्य निराकरोति—

**श्रुतमपि व्यभिचारीति चेन्न, क्षयोपशमादिवैकल्यात् ॥४४॥**

**श्रुतमपीति,** अपिशब्दो भिन्नक्रमः, श्रुतं व्यभिचार्यपि भवति, आगमे चतुर्दशपूर्वविदामपि षट्स्थानपतितत्वश्रवणात्, यदा च चतुर्दशपूर्वविदां षट्स्थानपतितत्वं तदाऽष्टाङ्गनिमित्तशास्त्रविदां किमु वक्तव्यम्, अत्रेदं बोध्यमङ्गवर्जितानां निमित्तशास्त्राणामानुष्टुभेन छन्दसाऽर्धत्रयोदशशतानि सूत्रम्, तावन्त्येव सहस्राणि वृत्तिः, तावल्लक्षप्रमाणा परिभाषेति, अङ्गस्य त्वर्धत्रयोदशसहस्राणि सूत्रम्, तावत्परिमाणलक्षा वृत्तिः, अपरीमितं वार्त्तिकमिति । एतद्वेदिनामपि षट्स्थानपतितत्वेन व्यभिचारित्वम्, तत्र केषाञ्चिन्निमित्तानामुत्पातशकुनादीनां जीवितमरणादिफलजनकानां तददर्शनतो व्यभिचारात् । तत्रोत्तरमाचष्टे **क्षयोपशमादिवैकल्यादिति,** निमित्तानां केषाञ्चिदन्यथात्वं मत्वा श्रुतस्य व्यभिचारशङ्कया तत्परित्यागो भ्रान्तिमूल एव, निमित्तस्य हि कस्यचित् फलव्यभिचारित्वदर्शनं निमित्तवेदिनां तथाविध-क्षयोपशमाभावेनान्यथापरिज्ञानात्, तथाविधसामग्र्यन्तरवैकल्याद्वा । तथा श्रुतमपि सम्यग्गृहीतं नार्थाविसंवादि, षट्स्थानपतितत्वञ्च पुरुषाश्रितक्षयोपशमवशेन, न हि प्रमाणाभासव्यभिचारे प्रमाणस्य व्यभिचारशङ्का युक्ता, अन्यथा मरुमरीचिकाजलग्राहिप्रत्यक्षस्य व्यभिचारित्वेन सत्यजलग्राहिप्रत्यक्षस्यापि व्यभिचारिता स्यात् । तथा च सुविवेचितकार्यस्य कारणाव्यभिचारितया प्रमातुरेवायमपराधो न प्रमाणस्यातो निमित्तश्रुतमपि न व्यभिचारि । क्वचित्क्षुतादौ कार्यसिद्धिदर्शनन्तु मध्येऽन्यशुभनिमित्तबलात्, शोभननिमित्तदर्शनानन्तरमपि क्वचित्कार्यासिद्धिरपान्तरालेऽशुभनिमित्तान्तरत एवेति ॥४४॥

અનિરૂદ્ધ બુદ્ધિવાળાઓ યથાસ્થિત અર્થવેદિઓ થાય છે. ત્રણ લોકમાં રહેલા પદાર્થોને અવધિજ્ઞાન વગેરે વડે હાથની હથેળીમાં રહેલા આમળાની જેમ જોનારા થાય છે. શ્રુતજ્ઞાનીઓ પણ શ્રુતબળ વડે ભૂતકાળ અને ભવિષ્યકાળને જાણી શકે, અષ્ટાંગ નિમિત્તના પારંગતો નિમિત્ત વડે જાણે, આ પ્રમાણે હોયે છતે તેમાં વ્યભિચારની આશંકા કરીને તેનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ :- શ્રુતપણ વ્યભિચારી છે. એ પ્રમાણે નથી. કારણ કે ક્ષયોપશમની વિકળતા હોવાથી.**

**ટીકાર્થ :-** અપિ શબ્દ ભિન્નક્રમ અર્થમાં છે. શ્રુત વ્યભિચારી પણ હોઈ શકે. આગમમાં ચૌદપૂર્વીના જાણકારો પણ ષટ્સ્થાનપતિત સંભળાય છે. જ્યારે ચૌદપૂર્વના જાણકારો ષટ્સ્થાનપતિત હોય છે. ત્યારે અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રના જાણકારોની શી વાત કરવી ? અહિંયા બૌદ્ધ (બોધ કરવા યોગ્ય) સંગ છોડીને નિમિત્ત શાસ્ત્રોના ૧૨૫૦ (સાડા બારસો) અનુષ્ટુપ્ છંદ એટલે ટીકા છે. અને તેટલા જ એટલે ૧૨,૫૦,૦૦૦ (સાડા બાર લાખ) શ્લોક પ્રમાણ પરિભાષા છે. અંગ ૧૨,૫૦૦ (સાડા બાર હજાર) શ્લોક પ્રમાણ સૂત્ર છે. એટલા જ લાખ એટલે ૧૨,૫૦,૦૦૦ (સાડા બાર લાખ) શ્લોક પ્રમાણ વૃત્તિ ટીકા છે. વાર્તિક અપરિમિત શ્લોક પ્રમાણ છે. આ જાણકારોને પણ ષટ્સ્થાનપતિતપણા વડે વ્યભિચારીપણું આવે છે. તેમાં કોઈક નિમિત્તનું ઉત્થાન શુકન વગેરેનું જીવિત (જીવન) મરણ વગેરેનું ફળજનક કહે અને તે ન દેખાવાથી વ્યાભિચાર દોષ લાગે. આનો જવાબ આપે છે.

કોઈક નિમિત્તનું અન્યથાપણું એટલે ખોટું પડવાથી તેને જૂઠું માની શ્રુતને વ્યભિચારની શંકાથી તેનો ત્યાગ કરવો તે ભ્રાંતિમૂલક છે. કોઈ નિમિત્તનું ફલમાં વ્યાભિચારીપણું દેખાય તે નિમિત્ત જાણનારના તેવા પ્રકારના ક્ષયોપશમનો અભાવ હોવાથી વિપરીત જ્ઞાનના કારણે થાય છે. અથવા તેવા પ્રકારની સામગ્રીનો અભાવ હોવાથી તથા અપૂર્ણતા હોવાના કારણે થાય છે. શ્રુત સારી રીતે ગ્રહણ કર્યું હોય પણ અર્થ અવિસંવાદીપણે ન હોય કેમકે ષટ્સ્થાનપતિતપણું અને પુરૂષાશ્રિત ક્ષયોપશમની વિચિત્રતાના કારણે અન્યથાપણું થાય. પ્રમાણાત્મ વ્યભિચારમાં પ્રમાણના વ્યભિચારની શંકા યોગ્ય નથી. કેમકે (નહીં તો) ઝાંઝવાના જળનો નદીના પ્રત્યક્ષની જેમ વ્યભિચારીપણાથી સત્ય જલગ્રાહી પ્રત્યક્ષનું પણ વ્યભિચારીપણું થશે. તથા સુવિવેચિત કાર્યનું કારણ અવ્યભિચારીપણાથી પ્રમાતાની જેમ આ અપરાધ. પ્રમાણનો નથી. આથી નિમિત્ત શ્રુતપણ વ્યભિચારી નથી. કેટલીક વખત છીંક વગેરે થવા છતાં પણ કાર્યસિદ્ધિ થતી દેખાઈ છે.

તેમાં વચ્ચે બીજા શુભ નિમિત્તોનું બળ જાણવાથી કાર્ય થાય છે. શુભનિમિત્તના દર્શન પછી પણ ક્યારેક કામ નથી થતું. ત્યાં આગળ વચ્ચે અશુભ નિમિત્તો જ આવવાથી કામ થતું નથી. ॥૪૪॥

अथ क्रियात एव मोक्ष इति मतनिरासायाह—

**ज्ञानक्रियाभ्यां मोक्ष इति सर्वज्ञोपदेशः ॥४५॥**

**ज्ञानेति,** न हि ज्ञानरहितायाः क्रियायाः सिद्धिस्तदुपायावेदनात्, न चोपायं विना प्राप्यत उपेयम्, ज्ञानवतां क्रियाया एव फलवत्त्वात्, तस्मान्न ज्ञाननिरपेक्षा दीक्षादिलक्षणा क्रिया मोक्षफलजनिका, तथा न ज्ञानमपि प्रधानतया हेतुः, न च क्रियारहिताज्ज्ञानादिष्टसिद्धिः, क्रियारहितस्य ज्ञानस्य पङ्गोरिव कार्यसाधकत्वासम्भवात्, तस्माज्ज्ञानक्रियासाध्यं मोक्षमिति लोकालोकान्तर्गतसूक्ष्मव्यवहितविप्रकृष्टातीतानागतवर्त्तमानपदार्थव्रातप्रकाशकविशिष्टज्ञानवन्तस्तीर्थकरा उक्तवन्तः, ते हि लोकस्य चक्षुस्तुल्या वर्त्तन्ते यथावस्थितपदार्थाविष्कारकरणात्, सद्गतिप्रापकानर्थनिवारकमार्गोपदेशाश्च नायकाः, यथा यथा रागद्वेषाभिवृद्धिस्तथा तथा संसारोऽपि शाश्वतः, स च संसारसागरः स्वयम्भूरमणसलिलौघवदपारो न सम्यग्दर्शनमन्तरेण लङ्घितुं शक्यः, तत्र च मिथ्यात्वादिदोषैरभिभूताः सावद्येतरविशेषानभिज्ञाः कर्मक्षपणार्थमभ्युद्यता अपि निर्विवेकतया सावद्यकर्मण एव कारिणोऽनुसञ्चरन्ति, यथा यथा चाश्रवरोधेनापरिग्रहा लोभातीताः सन्तोषिणो वाऽसदनुष्ठानापादितकर्मानास्पदास्तथा तथा प्राणिगणानां भूतभविष्यद्वर्त्तमानसुखदुःखादीनां यथार्थतया वेत्तारः संसारोत्तितीर्षूणां भव्यानां सदुपदेशप्रदानेन नेतारो भवन्ति, तीर्थकरः स्वयम्बुद्धत्वान्नान्यनेया भवान्तकराश्च । एव एव हेयोपादेयवेदिन एषामेव च वचनं प्रमाणमिति सूचयितुं **सर्वज्ञोपदेश** इत्युक्तम्, तथा च सर्वार्थसिद्धादारतोऽधःसप्तमनरकं यावदसुमन्तस्सकर्माणः परिभ्रमन्ति, गुरुतरकर्माणस्त्वप्रतिष्ठाननरकयायिन इति, प्राणातिपातरूपं रागद्वेषरूपं मिथ्यादर्शनरूपं वाऽऽश्रवं संवरं पुण्यं पापमसातोदयं तत्कारणं सुखं तत्कारणं तपसा निर्जराञ्च यः सम्यग् जानाति स एव परमार्थतो जीवादयस्सन्ति, अस्ति च पूर्वाचरितस्य कर्मणः फलमित्येवं रूपं क्रियावादं वक्तुं समर्थ इति भावः ॥४५॥

હવે ક્રિયાથી મોક્ષ છે. એ મતનું ખંડન કરવા કહે છે.

**સૂત્રાર્થ :- જ્ઞાન ક્રિયા વડે મોક્ષ છે. એ પ્રમાણે સર્વજ્ઞનો ઉપદેશ છે.**

**ટીકાર્થ :-** જ્ઞાનરહિત ક્રિયાથી સિદ્ધિ થતી નથી. કારણ કે તેના ઉપાયોને ન જાણવાથી અને ઉપાયવિન ઉપેય મળતું નથી. જ્ઞાનવાળાને ક્રિયા જ ફળવાળી હોવાથી, માટે જ જ્ઞાનનિરપેક્ષ દીક્ષાદિ લક્ષણ ક્રિયા મોક્ષ ફલજનક થતી નથી. તથા જ્ઞાનપણ મોક્ષનું પ્રધાન મુખ્ય કારણ નથી, કેમકે ક્રિયા રહિત જ્ઞાનથી ઈષ્ટસિદ્ધિ થતી નથી. ક્રિયારહિત જ્ઞાનથી પાંગળાની જેમ કાર્યસાધના માટે તે અસમર્થ છે. માટે જ્ઞાનક્રિયા વડે સાધ્ય મોક્ષ છે. આ પ્રમાણે લોકાલોકમાં રહેવા સૂક્ષ્મ વ્યવહારમાં આવતા વિપ્રકૃષ્ટ વડે ભૂતકાળ-ભવિષ્યકાળ-વર્તમાનકાળના પદાર્થના સમૂહનો પ્રકાશક, વિશિષ્ટ જ્ઞાનવાળા તીર્થંકરોએ કહ્યું છે. તે તીર્થંકરો જ લોકમાં ચક્ષુ (આંખ) સમાન છે

કે જેઓએ યથાવસ્થિત પદાર્થો પ્રગટ કર્યા છે. સદ્ગતિ પ્રાપ્ત કરાવનાર અને અનર્થોને નિવારનાર માર્ગનો ઉપદેશ આપનાર હોવાથી નાયક છે. જેવી રીતે (જેમ જેમ) રાગ દ્વેષની વૃદ્ધિ થાય છે. તેવી તેવી (તેમ તેમ) સંસાર શાશ્વત થાય છે. તે સંસાર સાગર સ્વયંભૂરમણની પાણીના સમૂહની જેમ અપાર છે. તે કાયમી સમ્યગ્દર્શન વગર પાર ઉતરવા (ઓળંગવા) માટે શક્ય નથી. અને તેમાં મિથ્યાત્વ વગેરે દોષોથી ઘેરાયેલો સાવદ્ય-નિરવદ્ય વિશેષને નહિ જાણનારા કર્મ ખપાવવા માટે તૈયાર થયેલા પણ નિર્વિવેકપણાથી સાવદ્યકર્મોને જ કરનારાઓને અનુસરે છે. જેમ જેમ આશ્રવને રોકવાથી અપરિગ્રહ, લોભરહિત સંતોષીઓ અથવા અસદ્નુષ્ઠાન વડે પ્રાપ્ત કરેલા કર્મના સ્થાન વગરના તેમ તેમ પ્રાણીઓના સમૂહને ભૂત-ભાવિ અને વર્તમાનકાળના સુખ-દુઃખ વગેરેને યથાર્થપણે કહેનારાઓ સંસારથી પાર ઉતરવાની ઈચ્છાવાળા ભવ્યોને સદુપદેશ આપવા દ્વારા નેતાઓ થાય છે. તીર્થંકરો સ્વયંબુદ્ધ હોવાથી સંસારનો અંત કરનારા છે. એઓ જ હેય એટલે છોડવા યોગ્ય, ઉપાદેય એટલે આદરવા યોગ્ય ને જાણનારાઓને એઓના જ વચન પ્રમાણભૂત છે. એ સૂચન કરવા માટે 'सर्वज्ञोपदेशः' એ પ્રમાણે કહ્યું છે. તથા 'સર્વાર્થસિદ્ધથી લઈ નીચે સાતમી નરક સુધી' જીવો કર્મયુક્ત ભમે છે. અતિ ભારે કર્મીજીવો અપ્રતિષ્ઠાન નરકમાં જનારા હોય છે. પ્રાણાતિપાતરૂપ, રાગદ્વેષરૂપ, મિથ્યાદર્શનરૂપ અથવા આશ્રવ, સંવર, પુણ્ય, પાપ, અસાતાનો ઉદય તેનું કારણ સુખ, તેનું કારણ તપ વડે નિર્જરા આ બધાને જે સારી રીતે જાણે છે. તે જ પરમાર્થથી જીવાદિ છે. પૂર્વોમાં આચરેલા કર્મો (કર્મોના) ફળ છે. આ પ્રમાણે ક્રિયાવાદને(નો) બોલવા માટે સમર્થ છે. એ ભાવ છે. ॥૪૫॥

अथ येन प्रकारेण भगवत उपदेशस्तेनैव प्रकारेण तदर्थो व्याख्येयोऽनुष्ठेयश्च, तथैव तस्य संसारोत्तारणकारणत्वात्, नान्यथेत्येतद्दर्शयितुमाह—

**निर्गुणा धर्ममुपलभ्यापि मानादिनाऽऽत्मभ्रंशकाः ॥४६॥**

**निर्गुणा इति,** गुरुशुश्रूषादिना सम्यग्ज्ञानावगमस्ततस्सम्यगनुष्ठानं ततस्सकलकर्मक्षयलक्षणो मोक्ष इत्येवम्भूतैर्गुणैर्वियुता इत्यर्थः अथवा 'शुश्रूयते प्रतिपृच्छति श्रृणोति गृह्णातीहते चापि । ततोऽपोहते वा धारयति करोति वा सम्यगि'त्येवम्भूतगुणरहिता इति । तथा हि केचित् संसारनिस्सरणोपायं श्रुतचारित्राख्यं धर्ममवाप्यापि कर्मोदयान्मन्दभाग्यतयाऽऽत्मोत्कर्षात् तीर्थकराद्यभिहितं सम्यग्दर्शनादिकं मोक्षमार्गं सम्यगप्रतिपालयन्तः सर्वज्ञमार्गं निजरुचिविरचितव्याख्याप्रकारेण विध्वंसयन्ति ब्रुवते चासौ सर्वज्ञ एव न भवति क्रियमाणस्य कृततया प्रत्यक्षविरुद्धस्य प्ररूपणात्, पात्रादिपरिग्रहान्मोक्षमार्गप्ररूपणाच्चेति, तथा सर्वज्ञोक्तिश्रद्धावैधुर्येण संयमे विषीदन्तो वत्सलतयाऽऽचार्यादिना प्रेरिता अपि प्रेरकं परुषं वदन्ति, तदेवमेते उत्सूत्रप्ररूपका आचार्यपरम्परायातमप्यर्थमन्यथा कुर्वन्ति गूढाभिप्रायं सूत्रं

कर्मोदयाद्यथावत्प्ररूपयितुमसामर्थ्यात् । केचिच्चाभिमानिनः कस्मादाचार्याद्भवद्भिः श्रुतमधीतमिति पृष्टाः स्वकीयमाचार्यं ज्ञानावलेपान्निह्नुवते, अपरञ्च प्रसिद्धं निर्दिशन्ति, तदेवं सदनुष्ठानमानिनो मायान्विता बोधिलाभमपि निजं भ्रंशयन्तोऽसाधवोऽपि सन्तः साधुमानिनः पापद्वैगुण्यादनन्तसंसारभाजो भवन्ति, तथाऽविदितकषायविपाको यः प्रकृत्यैव क्रोधनो येन केनापि प्रकारेणासदर्थभाषणेनाप्यात्मनो जयमिच्छति कलहकारिभिर्मिथ्यादुष्कृतादिना परस्परं क्षामितेऽपि तथाविधभाषणेन पुनस्तेषां क्रोधोदयं कारयति सोऽयं लिङ्गधार्यनुपशान्तक्रोधः कर्कशभाषी चतुर्गतिकेसंसारे यातनास्थानगतो भृशं पीड्यते । तस्मादक्रोधनेनाकर्कशभाषिणा मध्यस्थेनाऽऽचार्यादीनां यथोपदेशं क्रियासु प्रवृत्तेन मौनीन्द्रमार्गे एकान्तेन श्रद्धालुना भाव्यम्, अयमेव च परमार्थतः पुरुषार्थकारी सुकुलोत्पन्नः संयमकरणशीलो यथोपदेशं प्रवृत्तोऽकषायी च नापरः । एवमहमेव संयमवान् मूलोत्तरगुणानां सम्यक्पालको विकृष्टतपोनिष्टप्तदेहश्च नान्य इति मत्वाऽपरं साधुलोकमन्यं वा नावमन्येत, तथा लाभपूजासत्कारादिना न मदं कुर्यात्, मदस्थानस्थो हि न सर्वज्ञमार्गगामी भवति, तस्मात्संयममादाय ज्ञानादिना यः परमार्थमबुध्यमानः प्रमाद्यति पठन्नपि शास्त्राणि तदर्थमवगच्छन्नपि नासौ सर्वज्ञमतं परमार्थतो जानाति, अतः प्रव्रजितोऽपरिग्रही उच्चैर्गोत्रे समुत्पन्नोऽपि नैव गर्वमुपेयात्, न हि जात्यादिमदस्थानं संसारपरित्राणक्षमम्, किन्तु ज्ञानचरणे, ज्ञानक्रियाभ्यां मोक्ष इति वचनात्, तथाऽहमेव भाषाविधिज्ञः साधुवादी न च मत्तुल्यः प्रतिभावानस्ति नापि मत्समानोऽलौकिको लोकोत्तरशास्त्रार्थविशारदो गाढप्रज्ञः सुभावितात्मा चेत्येवं मन्यमानो धर्मकथावसरे सभायां वा किमनेन वाक्कुण्ठेन दुर्दुरूढेन कुण्डिकाकार्पासकल्पेन खसूचिना कार्यमिति नान्यं जनमवमन्येत, एवं लाभादिमदोऽपि न कार्यः, परित्यक्तसर्वमदस्थाना महर्षयस्तपोविशेषशोषितकल्मषाः सर्वोत्तमां गतिं व्रजन्ति तस्मान्मदस्थानानि संसारकारणत्वेन सम्यक् परिज्ञाय धीर आत्मनः पृथक् कुर्यात्, मदस्थानरहितश्च स्नानविलेपनादिशरीरसंस्काररहितः प्रशस्तलेश्योऽवगतश्रुतचारित्रो गवेषणग्रहणैषणादिवेत्तोद्गमादिदोषतत्परिहारतत्फलाभिज्ञोऽन्नपानादावगृद्धः सम्यक् शुद्धभिक्षाग्रहणेन विहरेत्, न त्वनादिभवाभ्यासादुत्पन्नामरतिमाश्रयेत्, किन्तु संसारस्वभावं परिगणय्य तिर्यङ्नारकादिदुःखञ्चोत्प्रेक्षमाणः स्वल्पं च संसारिणामायुरित्येवं विचिन्त्य तामभिभवेत्, गच्छवासी जिनकल्पिकादिर्वा केनचित् पृष्टोऽपृष्टो वा धर्मकथावसरेऽन्यदा वा मौनी भवेदथवा संयमाबाधया धर्मसम्बद्धं किञ्चिद्ब्रूयात्, परदोषोद्घट्टनया मर्मवेधिनो वाचो न ब्रूयात् । यथार्हं धर्मदेशना विधेया, अयं जनोऽभिगृहीतो-

ऽनभिगृहीतो वेति परिज्ञाय धर्मदेशनां कुर्यात्, यथा सर्वथा तस्य श्रोतुर्जीवादिपदार्थावगमोभवेत्, मनस्तस्य न दूष्येत, अपि तु प्रसन्नतां यायात्, अन्यथा हि स्वधर्मस्थापनेच्छया तीर्थिकतिरस्कारप्रायं वचो निशम्य स्वदर्शनाग्रही तीर्थिकस्तद्वचनमप्रतिपद्यमानोऽतिकटुकं भावयन् क्षुद्रत्वं गच्छेद्विरूपमपि कुर्यात्, पालकपुरोहितवत् स्कन्दकाचार्यस्य । तथा श्लाघा-पूजासत्कारादिनिरपेक्षो पर्षदनुगुणं त्रसस्थावरेभ्यो हितं धर्ममाविर्भावयेत्, न तु श्रोतृप्रियं राजकथाविकथादिकं छलितकथादिकं तत्समाश्रितदेवताविशेषनिन्दादिकञ्च कथयेत् । तदेवं यथातथ्यमुत्प्रेक्षमाणः सर्वेषु प्राणिषूपरतदण्डो जीवितमरणानपेक्षी संयमानुष्ठानं पालयेत् ॥४६॥

હવે જે પ્રકારે ભગવાનનો ઉપદેશ છે. તેનો તે પ્રકારે અર્થની વ્યાખ્યા કરવી તથા આચરવી તથા તે પ્રમાણે જ તે સંસારથી પાર ઉતરવાનું કારણ હોવાથી બીજી રીતે નહીં એ બતાવવા માટે કહે છે.

**સૂત્રાર્થ :- નિર્ગુણી આત્માઓ ધર્મ પામીને પણ માન વગેરેના કારણે આત્મગુણોથી ભ્રષ્ટ થાય છે.**

**ટીકાર્થ :-** ગુરૂની શુશ્રૂષા વગેરેના કારણે (ગુરૂ શુશ્રૂષા એટલે ગુરૂસેવા) સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી સમ્યગ્ પ્રકારે અનુષ્ઠાન આચરી શકે છે. તેનાથી સકલ કર્મના ક્ષયરૂપ મોક્ષ થાય છે. આ પ્રમાણે આવા પ્રકારના ગુણોથી રહિત એવો અર્થ થાય છે. અથવા 'शुश्रुयते प्रति पृच्छति' એટલે ગુરુને પૂછે, સાંભળે, ગ્રહણ કરે, ઈચ્છે તથા તેમના તરફથી અપોહતે એટલે વિચારે અથવા ધારણ કરે તે સમ્યગ્ પ્રકારે આવા પ્રકારના ગુણોથી રહિત, કેટલાક સંસારથી નીકળવા ઉપાયરૂપ શ્રુતચારિત્ર નામના ધર્મને પામીને પણ કર્મના ઉદયથી મંદભાગ્યપણાથી આત્માના ઉત્કર્ષથી તીર્થંકર વગેરેએ કહેલા સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગને સમ્યગ્પ્રકારે પાળતા સર્વજ્ઞ માર્ગને પોતાની રૂચિ અનુસાર વ્યાખ્યાના પ્રકાર વડે નાશ કરી નાખે છે. અને એ બોલે છે કે 'એ સર્વજ્ઞ હોતા જ નથી' કરાતાને કરાયુ કહેવા વડે પ્રત્યક્ષ વિરૂદ્ધપણાની પ્રરૂપણા કરવાથી પાત્રા વગેરેના પરિગ્રહોને મોક્ષ માર્ગરૂપે પ્રરૂપણા કરે તથા સર્વજ્ઞે કહેલ સિદ્ધાંત ઉપર શ્રદ્ધા વગરનો સંયમમાં સીદાય છે. અને પ્રેમભાવથી આચાર્ય વગેરે પ્રેરણા કરે તો પ્રેરકને સામે કઠોરવાણીમાં બોલે છે. ત્યારે એ ઉત્સૂત્રપ્રરૂપકો આચાર્યની પરંપરાથી આવેલા અર્થને પણ ખોટા અન્યથા કરે. ગૂઢ અભિપ્રાયવાળા સૂત્રને કર્મોદયથી યથાવત્ પ્રરૂપણા કરવા માટે સામર્થ્યહીન હોય છે. કેટલાક અભિમાનીઓને કોઈક આચાર્ય પૂછે કે, 'તમે શ્રુતકોની પાસે ભણ્યા ? ત્યારે પોતાના આચાર્યને જ્ઞાનના અભિમાનથી છુપાવે છે. અને બીજા પ્રસિદ્ધ આચાર્ય વ્યક્તિનું નામ બતાવે છે. આ પ્રમાણે સારી ક્રિયા કરવાના અભિમાનીઓ માયાયુક્ત થયેલા પોતાના બોધિલાભથી ભ્રષ્ટ થાય છે. અસાધુ હોવા છતાં પોતાને સાધુ માનતા પાપના બમણાપણાથી અનંત સંસારના ભાગી થાય છે. તથા નહીં જાણતા કષાયોના વિપાકોને જે સ્વભાવથી ક્રોધી જે કોઈપણ રીતે (પ્રકારે) અસદ્

અર્થ બોલવા વડે પોતાના જયને ઈચ્છતો, ઝઘડા કરનારાઓ સાથે મિચ્છા મિ દુક્કડં આપવા વગેરે વડે પરસ્પર ક્ષમાપના કરવા છતાં પણ, તેવા પ્રકારનું બોલવા વડે ફરી તેઓને ગુસ્સો પેદા કરાવે, તે આ લિંગધારી અનુપશાંત ક્રોધવાળો, કર્કશ બોલનારો, ચાર ગતિરૂપ સંસારમાં યાતનાના (પીડામય) સ્થાનમાં જઈને ઘણો જ પીડાય છે. માટે ક્રોધ રહિત થઈ, અકર્કશ બોલનારો, મધ્યસ્થ ભાવવડે આચાર્ય, આચાર્ય વગેરેના ઉપદેશ મુજબ ક્રિયા વગેરે પ્રવૃત્ત થઈ જિનેશ્વરો માર્ગમાં એકાંતે શ્રદ્ધાળુ થવું. આજ પરમાર્થથી પુરૂષાર્થ કરનારો, સુકુલોત્પન્ન, સંયમકરણશીલ જે પ્રમાણે ભગવાનનો ઉપદેશ છે. તે પ્રમાણે પ્રવૃત્ત થયેલો અકષાયી હોય તે જ પુરૂષાર્થી છે. બીજો નહિ. આ પ્રમાણે હું જ સંયમવાન, મૂળ ઉત્તરગુણોનો સારી રીતે પાલક, વિકૃષ્ટ કઠોર તપવડે તપાવેલ શરીરવાળો હું છું બીજો નથી. એમ માની બીજા સાધુલોકને અથવા બીજાને નહિ માને તો તથા પૂજા-સત્કાર વગેરેથી મદને કરે નહીં, મદ સ્થાનમાં રહેનારા, સર્વજ્ઞના માર્ગમાં ચાલનારા થતા નથી, માટે સંયમ લઈને જ્ઞાન વગેરે દ્વારા જે પરમાર્થને જાણતા છતાં પ્રમાદ કરે છે. શાસ્ત્રોને ભણવા છતાં પણ તેના અર્થોને જાણવા છતાં પણ એ સર્વજ્ઞના મતને પરમાર્થથી જાણતો નથી. આથી દીક્ષિત, અપરિગ્રહી, ઉચ્ચગોત્રમાં ઉત્પન્ન થયેલો પણ ગર્વને પામે નહીં, જાતિ વગેરે મદસ્થાન સંસારથી રક્ષણ કરવા સમર્થ નથી. પરંતુ જ્ઞાનચરણમાં, જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ ઈતિ વચનથી તથા હું જ ભાષાવિધિને જાણનારો, સાધુવાદી, મારા સમાન પ્રતિભાવાન્ બીજો કોઈ પણ નથી. મારા સમાન અલૌકિક, લોકોત્તર શાસ્ત્રાર્થ, વિશાસ્ત્રાર્થ વિશારદ, ગાઢબુદ્ધિવાળો, સુભાવિત આત્મા છું. એમ માનતો ધર્મકથાના વખતે સભામાં વાકુણ્ઠવડે, દુર્દુરઢવડે કુણ્ડિકાર્યા સંકલન ખસૂચિવડે કરવું એ પ્રમાણે બીજા લોકોને માને નહીં. આ પ્રમાણે લાભ વગેરેનો મદ પણ કરવો નહીં, છોડી દીધા છે સર્વ મદસ્થાનો એવા મહર્ષિઓ તપ વડે વિશેષ પ્રકારે શોષી નાખ્યા છે કલ્મષો એટલે પાપો, એવા મહર્ષિઓ સર્વોત્તમ ગતિમાં જાય છે. માટે મદસ્થાનોને સંસારના કારણરૂપે સારી રીતે જાણીને ધીર આત્માઓએ અલગ કરી નાખવા. મદસ્થાન વગરનો, સ્નાન, વિલેપન વગેરે શરીર સંસ્કાર વગરનો, પ્રશસ્ત લેશ્યાવાળો, જાણ્યો છે, શ્રુતચારિત્ર ધર્મવાળો, ગવેષણ ગ્રહણૈષણાદિને જાણનારો, ઉદ્ગમ વગેરે દોષો, તેનો ત્યાગ, તેના ફળને જાણનારો, અન્ન-પાણીમાં આસક્તિ વગરનો સમ્યગ્ પ્રકારે શુદ્ધ ભિક્ષાગ્રહણ કરવાપૂર્વક વિચરે. અનાદિકાળના ભવના અભ્યાસથી ઉત્પન્ન થયેલ અરતિને આશ્રય ન કરે પણ સંસાર સ્વભાવ ગણી તિર્યંચ, નારક વગેરે દુઃખોને વિચારતો સંસારીઓનું આયુષ્ય થોડું હોય છે. તે વિચારી તેનાથી ભાવિત થાય. ગચ્છવાસી અથવા જિનકલ્પી કોઈપણ પૂછે કે નહીં પૂછે તો ધર્મકથાના અવસરે અથવા બીજા પ્રસંગે મૌન રહે. અથવા સંયમની અબાધાએ ધર્મસંબંધી કંઈક બોલે. બીજાના દોષો ખુલ્લા કરવા, મર્મવેધી વાણી ન બોલે. યથાયોગ્ય ધર્મદેશના કરવી, આ લોકો અભિગૃહિત છે કે અનભિગૃહિત તે જાણી ધર્મદેશના કરે. જેથી સર્વપ્રકારે તે શ્રોતાને જીવાદિપદાર્થોનું જ્ઞાન થાય. તેને મન દુઃખ ન થાય, પણ તેનું મન પ્રસન્ન થાય તેમ બોલવું. નહીં

તો સ્વધર્મને સ્થાપવાની ઈચ્છાથી અન્યતીર્થિકોનો તિરસ્કાર પ્રાયઃ વચન સાંભળી પોતાના દર્શનનો આગ્રહી થયેલો તીર્થિક તેના વચનને નહીં સ્વીકારતો અતિ કડવાશને ભાવતો - ધારતો તુચ્છતાને પામેલો વિરૂપ (ખરાબ)ને પણ કરે, જેમ સ્કંદકાચાર્યનું પાલક પુરોહિતની જેમ તથા પ્રશંસા, પૂજા, સત્કાર વગેરેથી નિરપેક્ષ, સભાને અનુરૂપ ગુણવાળો ત્રસ સ્થાવર જીવોને હિતકારી ધર્મને પ્રગટ કરે, પણ શ્રોતાને પ્રિય રાજકથા, વિકથા વગેરે છલિત કથા વગેરે તેને આશ્રયી દેવતા વિશેષ નિંદા વગેરેને કહે નહીં. આ પ્રમાણે તે યથાતથ્ય વિચારતો સકલ જીવો ઉપર વિરમેલ દંડવાળો જીવન-મરણની અપેક્ષા વગરનો સંયમાનુષ્ઠાનને પાળે. ॥૪૬॥

अथ सम्यक् चारित्रस्य पूर्वोदितस्य बाह्याभ्यन्तरग्रन्थपरित्यागादवदाततेत्याह—

**गुरुकुलवासी सुसाधुक्रियः ॥४७॥**

**गुर्विति,** धनधान्यहिरण्यादिग्रन्थमुत्सृज्य प्रव्रजितः शिक्षाग्राही साधुः ग्रहणलक्षणामासेवनालक्षणाञ्च शिक्षामासेवमान आचार्यान्तिके यावज्जीवं वसमानो यावदभ्युद्यतविहारं न प्रतिपद्यते तावत्सदाऽऽज्ञाविधायी ग्रहणासेवनाभ्यां विनयं सम्यक् परिपालयेत्, न तु संयमानुष्ठाने सदाचार्योपदेशे च प्रमादं कुर्यात्, यथा ह्यातुरः सद्वैद्योपदेशं कुर्वन् श्लाघां लभते रोगोपशमञ्च तथा साधुरपि सावद्यग्रन्थपरिहारी पापकर्मभेषजस्थानभूतान्याचार्यवचनानि विदधदपरसाधुभ्यः साधुकारमशेषकर्मक्षयञ्चावाप्नोति । यस्त्वाचार्योपदेशमन्तरेण स्वच्छन्दतया गच्छान्निर्गत्यैकाकिविहारितां प्रतिपद्यते उ च बहुदोषभाग् भवति, यतो ह्यसौ न सूत्रार्थनिष्पन्नो न वा गीतार्थो नापि सम्यक् परिणतधर्मपरमार्थः, तथाभूतञ्चानेके पापधर्माणः पाषण्डिकाः प्रतारयन्ति गच्छाद्बहिः कारयन्ति । विषयोन्मुखतापादिनमपगतपरलोकभयं तं निस्सारं मन्यमानाः कुतीर्थिकाः स्वजना राजादयो वा हरन्ति, तत्र पाषण्डिका नास्ति युष्मद्दर्शनेऽग्निप्रज्वालनविषापहारशिखाच्छेदादिकाः प्रत्यया अणिमाद्यष्टगुणमैश्वर्यम्, न वा युष्मद्दर्शनमनेकराजाश्रितम्, अहिंसापि दुःसाध्या, लोकस्य जीवव्याप्तत्वात्, नापि भवतां स्नानादिकं शौचमस्तीत्येवं तं प्रतारयन्ति । स्वजनाश्च भवन्तं विना नास्माकं कश्चित् पोषकः पोष्यो वाऽस्ति, त्वमेवास्माकं सर्वस्वम्, त्वया विना सर्वं शून्यमाभातीत्येवं धर्माच्च्यावयन्ति, एवं राजादयोऽपि । तस्मादेकाकित्वे बहुदोषसम्भवात् कृतप्रतिज्ञानिर्वाहाय सुरोरन्तिके तिष्ठेत्, तत्रस्थो भगवदनुष्ठानं सदनुष्ठानतोऽवभासयेत् तदन्तिके निवसन् विषयकषायाभ्यामात्मानं ह्रियमाणं ज्ञात्वा क्षिप्रमेवाचार्योपदेशात् स्वत एव वा निवर्त्तयति, स्थानशयनासनगमनादौ तपश्चरणादौ ये समाचारास्तैः समायुक्तो भवति, सुसाधुर्हि यत्र कायोत्सर्गादिकं विधत्ते तत्र सम्यक् प्रत्युपेक्षणादिकां क्रियां करोति कायोत्सर्गञ्च मेरुरिव निष्प्रकम्पः शरीरनिःस्पृहो विधत्ते, शयनञ्च कुर्वन् प्रत्युपेक्ष्य

संस्तारकं तद्ध्रुवं कायं चोदितकाले गुरुभिरनुज्ञातः स्वपेत् तत्रापि जाग्रदिव नात्यन्तम्, एवमासनादिष्वपि तिष्ठता पूर्ववत्सङ्कुचितगात्रेण स्वाध्यायध्यानपरायणेन सुसाधुना भवितव्यम् । तदेवमादिसुसाधुक्रियायुक्तो गुरुकुलनिवासी सुसाधुर्भवतीति ॥४७॥

હવે પૂર્વમાં કહેલ સમ્યક્ચારિત્રના બાહ્ય અભ્યંતર ગ્રંથના ત્યાગનો પ્રભાવ કહે છે.

**સૂત્રાર્થ :- સુસાધુ ગુરૂકુળમાં વસનારા અને સત્સાધુક્રિયાવાળા હોય છે.**

**ટીકાર્થ :-** ધન, ધાન્ય, સુવર્ણ વગેરે ગ્રંથને છોડી દીક્ષિત થયેલ શિક્ષાને ગ્રહણ કરનારા ગ્રહણરૂપ અને આસેવનરૂપ શિક્ષાને આચાર્યની પાસે જાવજ્જીવ સુધી વસતા જયાં સુધી અભ્યુદ્યત વિહારને સ્વીકારે નહીં ત્યાં સુધી હંમેશાં આજ્ઞાને કરનારા ગ્રહણ આસેવના વડે, વિનયનું સમ્યક્ રીતે પાલન કરે, સંયમાનુષ્ઠાનમાં હંમેશાં આચાર્યના ઉપદેશના આજ્ઞાપાલનમાં પ્રમાદ ન કરવો, જેમ રોગી સારા વૈદ્યના ઉપદેશનું પાલન કરવાથી પ્રશંસા અને રોગની શાંતિ મેળવે છે. તેમ સાધુ પણ સાવદ્યગ્રંથના પરિહારી (ત્યાગી) પાપ કર્મની દવાના સ્થાનરૂપ બીજા આચાર્યોના વચનો કરવાથી બીજા સાધુઓને સારૂ કરવા સમસ્ત કર્મક્ષયને પામે છે. જેઓ આચાર્યના ઉપદેશ (આજ્ઞા) વગર સ્વચ્છંદપણે ગચ્છથી નીકળી એકલ વિહારીપણું સ્વીકારે છે. તે ઘણા દોષોનો ભાગી થાય છે. જેથી તે સૂત્ર અને અર્થથી તૈયાર થતો નથી. ગીતાર્થ બનતો નથી, ધર્મ પરમાર્થથી સારી રીતે પરિણત થતો નથી. તેવા પ્રકારના અનેક પાપસ્વભાવવાળા પાખંડીઓ બીજાને ઠગે છે. અને ગચ્છથી બહાર કરાવે છે, વિષયોથી ઉન્મુખતાને પામેલા, પરલોકનો ભય નીકળી ગયો છે. તેને નિસ્સાર માનતા કુતીર્થિકો રાજા વગેરે સ્વજનોને હરી જાય છે. ત્યાં પાખંડીઓ નથી તમારા દર્શનમાં અગ્નિ સળગાવવો, ઝેર દૂર કરવું, શિખાનો છેદ કરવો વિગેરે પ્રયત્નથી અણિમાદિ આઠ ગુણનું ઐશ્વર્ય છે, અથવા તમારા દર્શનમાં અનેક રાજાઓ રહેલા છે, અહિંસા પણ દુઃસાધ્ય છે, કેમકે સંપૂર્ણ લોકમાં જીવો ફેલાયેલા હોવાથી. સ્નાન વગેરે શોચ નથી એમ કહી લોકોને ઠગો છો. સ્વજનો એમ કહે છે કે 'તમારા સિવાય અમારો કોઈ પોષનારો અથવા પોષવા યોગ્ય નથી, તું જ અમારૂં બધું છે. તારા વગર બધું સૂનું-સૂનું (શૂન્ય) લાગે છે. આ પ્રમાણે ધર્મથી પાછા ફરે છે. (પાડે છે.)

એ પ્રમાણે રાજા વગેરે પણ, તેથી એકાકીપણે વિચરવામાં ઘણા દોષોનો સંભવ છે. માટે કરેલ પ્રતિજ્ઞાઓને નિભાવવા માટે ગુરૂની પાસે રહે. તેમની પાસે રહી ભગવાનની ક્રિયાઓને જ સારી ક્રિયાઓ વડે જાણે, તેમની પાસે રહી વિષયકષાય વડે આત્માને હરણ કરાતો જાણીને જલ્દીથી આચાર્યના ઉપદેશથી અથવા જાતે જ પાછો ફરે છે. સ્થાન-શયન-આસન-ગમન વગેરેમાં, તપશ્ચરણ વગેરેમાં સામાચારી હોય તેનાથી યુક્ત થાય, સુસાધુઓ જયાં આગળ કાયોત્સર્ગ વગેરે કરે ત્યાં સારી રીતે પડિલેહણ વગેરે ક્રિયા કરે. અને કાયોત્સર્ગ મેરૂની જેમ નિષ્પ્રકંપ થઈને શરીર પ્રત્યે નિઃસ્પૃહી બની કરે. (સૂતી) શયન કરતી વખતે સંથારાને પડિલેહી

કાયા અને તેની ભૂમિને સંથારા કરવાનો સમય થાય ત્યારે ગુરૂની રજા લઈ સૂવે, સૂતી વખતે જાગતા હોય તેમ (જાગતાની જેમ) સુવે પણ ગાઢ નિદ્રાએ નહિ. આ પ્રમાણે આસન વગેરે પર રહેલા પૂર્વની જેમ સંકુચિત શરીરવાળો સ્વાધ્યાય, ધ્યાનપરાયણ સુસાધુ થવો જોઈએ. તે આ પ્રમાણે સુસાધુની ક્રિયાયુક્ત ગુરૂકુલમાં રહેનારો સુસાધુ થાય છે. ॥૪૭॥

तस्यैव फलान्तरमाह—

**स जलवाहिन्यापि चोदितो न क्रोधकृत् ॥४८॥**

**स इति,** यो गुरुकुलवासात् स्थानशयनासनसमितिगुप्तिषु प्राप्तप्रज्ञः प्रतिषिद्धसर्वप्रमादो गुरुपदेशादेवातिक्रान्तचित्तविप्लुतिरन्येषामपि तदपनयनसमर्थः स गुर्वन्तिके वसन् क्वचित् प्रमादस्खलितो यदि भवेत्तदा जलवाहिन्या दास्याऽपि क्षुद्रगृहस्थानामप्येतन्न युज्यते कर्त्तुं यद्भवताऽऽरब्धमिति चोदितो ममैवैतच्छ्रेय इत्येवम्मन्यमानो न क्रोधकारी भवति किमुत परतीर्थिकेन स्वतीर्थिकेन वयसा लघुना साधुना वयोऽधिकेन श्रुताधिकेन वा, किन्तु भवतैवंविधमसदाचरणं न विधेयं पूर्वर्षिभिरनुष्ठितमेवंविधमनुष्ठेयमिति प्रेरितस्तथा करिष्यामीत्येवं मध्यस्थवृत्त्या प्रतिश्रृणुयात्, मिथ्यादुष्कृतादिना वा निवर्त्तेत, प्रेरणमिदं ममैव श्रेयः, यत एतद्भयात् क्वचित्पुनः प्रमादं न कुर्याम्, न वाऽसदाचरणमनुतिष्ठेयमिति मन्येत, न तु कुप्येत्, दुर्वचने वा केनचिदभिहिते न क्रुध्येत्, चिन्तयेच्च 'आक्रुष्टेन मतिमता तत्त्वार्थविचारणे मतिः कार्या । यदि सत्यं का कोपः स्यादनृतं किं नु कोपेने'ति । एवञ्च यथा सजलजलधराच्छादितबहलान्धकारायां रात्रौ नायकोऽटव्यादौ स्वभ्यस्तप्रदेशोऽपि पन्थानगन्धकारावृतत्वात् स्वहस्तादिकमप्यपश्यन्न सम्यक् परिच्छिनत्ति, स एव च सूर्यस्याभ्युद्गमेनापनीते तमसि प्रकाशिते च दिक्चक्रे सम्यगाविर्भूते पाषाणदरिनिम्नोन्नतादिके विवक्षितदेशप्रापकं मार्गमभिव्यक्तचक्षुर्गुणदोषविचारणतः सम्यगवगच्छति तथैवाभिनवप्रव्रजितोऽपि सम्यगपरिज्ञातश्रुतचारीत्रधर्मा सूत्रार्थानभिज्ञत्वान्न धर्मं सम्यक् परिछिनत्ति स एव तु पश्चाद्गुरुकुलवासादभ्यस्तसर्वज्ञप्रणीतागमत्वान्निपुणो यथावस्थितान् जीवादिपदार्थान् पश्यति, शिक्षको हि गुरुकुलवासितया जिनवचनाभिज्ञो भवति तत्कोविदश्च मूलोत्तरगुणान् जानाति, अतो दिक्षु विदिक्षु च त्रसस्थावरेषु सर्वदा यतमानस्सन् संयमानुष्ठायी भवेत्, तेषु प्राणिषूपकारिष्वपकारिषु वा मनसापि प्रद्वेषं कदापि न गच्छेत्, न वाऽपकारिषु मनसाऽप्यमङ्गलं चिन्तयेत् । योगत्रिककरणत्रिकेण द्रव्यक्षेत्रकालभावरूपां प्राणातिपातविरतिं सम्यगरक्तद्विष्टतयाऽनुपालयेत्, एवं शेषमहाव्रतान्युत्तरगुणांश्च समनुपालयेत् ॥४८॥

તેના ફલાન્તર (બીજા ફળ) કહે છે.

**સૂત્રાર્થ :- તે પાણી ભરનારી દાસીના જેવી સ્ત્રીથી પ્રેરણા કરાયા છતાં (ઠપકો અપાયા છતાં) પણ ગુસ્સે ન થાય.**

**ટીકાર્થ :-** જે સાધુ ગુરૂકુળમાં રહેવાથી સ્થાન, સંથારો (શયન), આસન, સમિતિ, ગુપ્તિમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનવાળો, સર્વ પ્રમાદોને છોડનારો, ગુરૂપદેશથી જ નીકળી ગઈ છે ચિત્તની અસ્થિરતા જેની તથા બીજાની પણ દૂર કરવા સમર્થ હોય તે ગુરૂની પાસે રહેતા ક્યારેક પ્રમાદના કારણે ભૂલ કરે ત્યારે પાણી ભરનારી દાસી વડે તુચ્છ ગૃહસ્થોને પણ કરવું યોગ્ય ન હોય, જે ન શોભે 'તે તમે શરૂ કર્યું છે ? એમ ઠપકો આપે તો આ મારા જ ભલા (કલ્યાણ) માટે છે. એમ માનતો ગુસ્સે ન થાય, પરંતુ પરતીર્થિક વચનથી કે વયથી નાના સાધુ વડે કે ઉંમરમાં મોટા સાધુ વડે અથવા જ્ઞાનમાં મોટા સાધુ વડે ઠપકો અપાય તો પણ ગુસ્સે ન થાય. જો આમ કહે કે તમારા જેવાએ આવા પ્રકારનું અસદ્ આચરણ કરવું જોઈએ નહીં પણ પૂર્વના ઋષિઓએ જે પ્રમાણે આચર્યું છે એ પ્રમાણે આચરવું જોઈએ. આ પ્રમાણે પ્રેરણા કરે ત્યારે 'હું તે પ્રમાણે કરીશ' એ પ્રમાણે મધ્યસ્થતાએ સ્વીકારે અને મિચ્છા મિ દુક્કડં આપી દોષથી નિવર્તે. આ પ્રેરણા મારા જ કલ્યાણ માટે છે. જેથી ભયના કારણે ક્યારેક ફરે, પ્રમાદ ન કરે. અથવા અસદાચરણ આચરીશ નહિ એ પ્રમાણે માને, પણ ગુસ્સે થાય નહીં, કોઈક દુર્વચન બોલે કહે તો ગુસ્સો ન કરે. પણ વિચારે કે 'આક્રોશ આવ્યો હોય ત્યારે બુદ્ધિમાને તત્ત્વ વિચારણામાં બુદ્ધિ લગાવવી. જે વાત સાચી હોય તો ગુસ્સો શેનો કરવો, અને ખોટી હોય તો ગુસ્સો કરવાથી શું ?' આ પ્રમાણે પાણીવાળા વાદળોથી ઢંકાયેલ ઘણા અંધકારવાળી રાત્રીમાં નાયક એટલે રોજ લઈ જતા જંગલમાં પોતાનો પરિચિત પ્રદેશ હોવા છતાં પણ રસ્તો અંધકારથી ઘેરાયેલો-ઢંકાયેલો હોવાથી પોતાનો હાથ વગેરે પણ ન દેખાય તેથી સારી રીતે જાણી ન શકે. તે સૂર્ય ઉદય થવાથી અંધકાર દૂર થયે છતે દિશાચક્ર પ્રકાશિત થયે છતે પત્થર, ફાટ, નીચું, ઊંચું વગેરે ઈચ્છિત જગ્યાને પ્રાપ્ત કરાવનારો રસ્તો ખુલ્લો થવાથી આંખ વડે ગુણદોષની વિચારણા વડે સારી જાણી શકે છે તેવી જ રીતે નૂતન દીક્ષિત થયેલો પણ સમ્યગ્ પ્રકારે શ્રુતચારિત્ર ધર્મવાળો સૂત્ર અર્થને નહીં જાણતો હોવાથી ધર્મને સારી રીતે જાણતો નથી. તે જ પછી ગુરૂકુલવાસથી સર્વજ્ઞોએ બતાવેલ આગમનિપુણ થવાપણાના કારણે અભ્યસ્ત જીવાદિ પદાર્થોને જુએ છે શિક્ષક ગુરૂકુલવાસ વડે જિનવચનનો જાણકાર થાય છે. તેથી વિધ્વાન્ થયેલો મૂલ ઉત્તર ગુણોને જાણે છે. આથી દિશા-વિદિશામાં રહેલા ત્રસ સ્થાવર જીવોને વિષે સંપૂર્ણ યતના કરતા સંયમનું અનુષ્ઠાન કરનારો થાય, તે પ્રાણિઓ ઉપકારી હોય કે અપકારી હોય તો પણ એમના મનથી પણ દ્વેષભાવને પામે નહીં. અથવા અપકારી પ્રત્યે મનથી પણ અમંગલ વિચારે નહીં. મન-વચન-કાયારૂપ યોગત્રિક અને કરવું નહીં, કરાવવું નહીં અને અનુમોદવું નહીં રૂપ કરણત્રિક વડે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ પ્રાણાતિપાત વિરતિને રાગ-દ્વેષ વગર સમ્યગ્ પ્રકારે પાળે. એ પ્રમાણે બાકીના મહાવ્રતો અને ઉત્તર ગુણોને સારી રીતે પાળે. ॥૪૮॥

तस्यैव गुणान्तरमाह—

**शास्त्रवेत्ता विभज्यवादी भाषाविधिज्ञश्च ॥४९॥**

**शास्त्रेति,** सविनयं गुरुकुलवासी साधुराचार्याद्युपदिष्टं सम्यग्दर्शनादिमोक्षमार्गं हृदये सुव्यवस्थाप्य तत्र सुस्थितोऽप्रमादी हेयोपादेयं सम्यक् परिज्ञायोत्पन्नप्रतिभः सिद्धान्तस्य श्रोतृणां यथावत् प्रतिपादको भवति, ग्रहणासेवनारूपया द्विविधयापि शिक्षया शिक्षितत्वात्, तथा स एव स्वपरशक्तिं पर्षदं प्रतिपाद्यमर्थं च सम्यक् परिज्ञाय धर्मं प्रतिपादयितुं क्षमः, बहुश्रुतत्वात् प्रतिभावत्त्वादर्थविशारदत्वात् स्वतो धर्मे सुस्थितत्वाच्च, एवंविधः कालत्रयवेत्ता जन्मान्तरसञ्चितानां कर्मणामन्तकृद्भवति, अन्येषाञ्च कर्मापनयनसमर्थो भवति, कोऽयं पुरुषः कस्य चार्थस्य ग्रहणसमर्थोऽहञ्च किम्भूतार्थप्रतिपादनशक्त इति सम्यक् परीक्ष्य व्याकरणात्, परेण पृष्टस्यार्थस्य सम्यगुत्तरप्रदानसामर्थ्याच्च, तथाऽहं समस्तशास्त्रवेत्ता समस्तसंशयापनेता न मत्तुल्यो हेतुयुक्तिभिरर्थप्रतिपादयितेत्येवमभिमानं न सेवेत नापि बहुश्रुतत्वेन तपस्वित्वेन वा स्वात्मानं प्रकाशयेत्, शास्त्रार्थं नापसिद्धान्तेन व्याख्यानयेत् लाभपूजादि नेच्छेत् पूजासत्कारादिकं क्वचिदवाप्याप्यनुन्मादी व्याख्यानावसरे धर्मकथावसरे वाऽनाविलोऽकषायी साधुरर्वाग्दर्शित्वादर्थनिर्णयं प्रत्यशङ्कितभावोऽप्यौद्धत्यं परिहरन् विषममर्थं प्ररूपयन् साशङ्कमेव कथयेत्, परिस्फुटमप्यशङ्कितभावमप्यर्थं न तथा कथयेद्येन परः शङ्केत, अपि तु विभज्यवादी पृथगर्थं निर्णयवादं व्यागृणीयात्, स्याद्वादं सर्वत्रास्खलितं लोकव्यवहाराविसंवादितया सर्वव्यापिनं स्वानुभवसिद्धं वदेत्, नित्यवादं द्रव्यार्थतया पर्यायार्थया त्वनित्यवादं वदेत्, स्वद्रव्यक्षेत्रकालभावैः सर्वेऽपि पदार्थाः सन्ति परद्रव्यादिभिस्तु न सन्तीत्येवं विभज्यवादं वदेत्, तदपि वादं सत्यासत्यामृषाभ्यां भावाभ्यां भाषेत, तेन कथितञ्चार्थं कश्चिन्मेधावितथा तथैव सम्यगवगच्छति, अपरस्तु मन्दमेधावितयाऽन्यथैव यद्यभिजानीयात् तं यथाऽसाववबुद्ध्येत तथा हेतूदाहरणसद्युक्तिप्रकटनमुखेन कर्कशादिवचनमब्रुवन् सम्यग्बोधयेत्, स्तोककालीनं व्याख्यानं व्याकरणतर्कादिप्रवेशनद्वारेण प्रसक्तानुप्रसक्त्या न दीर्घकालिकं कुर्यात्, यत्त्वतिविषमत्वादल्पाक्षरैर्न सम्यगवबुध्यते तत् पर्यायशब्दोच्चारणतो भावार्थकथनतश्च श्रोतारमपेक्ष्य सद्धेतुयुक्त्यादिभिरस्खलितामिलिताहीनाक्षरार्थवादी भाषेत, न त्वल्पैरेवाक्षरैरुक्त्वा कृतार्थो भवेत् । एवं परस्पराविरुद्धं निरवद्यं वचनमभियुञ्जीत, उत्सर्गविषये सत्युत्सर्गमपवादविषयेऽपवादं स्वपरसमययोश्च यथास्वं वचनमभिवदेत्, तीर्थकरगणधराद्युक्तं ग्रहणशिक्षया सम्यग् गृह्णीयात्, आसेवनाशिक्षया

त्वनवरतमुद्युक्तविहारितयाऽऽसेवेत, अन्येषामपि तथैव प्रतिपादयेत्, सदा यतमानोऽपि यो यस्य कर्त्तव्यस्य कालस्तं नोल्लङ्घयेत्, परस्पराबाधया च सर्वाः क्रियाः कुर्यात्, एवंगुणविशिष्टो यथाकालवादी यथाकालचारी च सर्वज्ञोक्तं सम्यग्दर्शनज्ञानचारित्राख्यं समाधिं सम्यगवगच्छति, स एव च ग्राह्यवचनो निपुणः शुद्धसूत्रः सर्वज्ञोक्तज्ञानादिप्रतिपादने योग्यश्चेति ॥४१॥

તેના બીજા ગુણો કહે છે.

**સૂત્રાર્થ :- શાસ્ત્ર જાણકાર, વિભાગ કરીને બોલનારો અને ભાષાવિધિને જાણનારો સાધુ હોય છે.**

**ટીકાર્થ :-** વિનયયુક્ત ગુરૂકુળમાં રહેનારો સાધુ આચાર્ય વગેરેએ ઉપદેશેલ સમ્યગ્‌દર્શનાદિરૂપ મોક્ષમાર્ગ હૈયામાં સારી રીતે વ્યવસ્થિત સ્થાપી તેમાં સારી રીતે રહેલો અપ્રમાદી, હેય-ઉપાદેયને સારી રીતે જાણવાથી ઉત્પન્ન થઈ છે પ્રતિભા એવા સિદ્ધાંતને સાંભળનારાઓને સિદ્ધાંત યથાવત્ પ્રતિપાદન કરનારો થાય છે. કારણ કે ગ્રહણ અને આસેવન એમ બે પ્રકારની શિક્ષા વડે શિક્ષિત થયેલો હોવાથી તથા તે જ સ્વપર શક્તિ વડે સભાને પ્રતિપાદન કરવા યોગ્ય અર્થને સારી રીતે જાણી ધર્મને પ્રતિપાદન કરવા માટે સમર્થ થાય છે. કેમકે બહુશ્રુત, પ્રતિભાવંત, અર્થવિશારદ હોવાથી પોતાની જાતે જ ધર્મમાં સારી રીતે સ્થિર રહેલો હોય છે. આ પ્રમાણે ત્રણેકાળને જાણનારો, બીજા જન્મના (જન્માંતરના) ભેગા કરેલા કર્મોનો અંત કરનારો થાય છે. અને બીજાઓના કર્મોને પણ દૂર કરવા સમર્થ થાય છે.

એ પુરુષ કોણ છે ? ક્યા અર્થને ગ્રહણ કરવામાં સમર્થ થયેલો છે. હું કેવા પ્રકારના અર્થનો પ્રતિપાદન કરવા માટે શક્તિમાન છું. એ પ્રમાણે સારી રીતે પ્રશ્નોત્તરથી પરીક્ષા કરી. બીજા વડે પૂછાયેલ અર્થનો સારી રીતે જવાબ આપવાની શક્તિ હોવાથી તથા હું પણ સમસ્ત શાસ્ત્રનો જાણકાર, સમસ્ત સંશયોને દૂર કરનાર, હેતુ યુક્તિ વડે અર્થનું પ્રતિપાદન કરનારો બીજો કોઇ મારા જેવો કોઇ નથી એવું અભિમાન ન કરે. તથા બહુશ્રુતપણાવડે કે તપસ્વીપણાવડે પોતાની જાતને જાહેરાત ન કરે. શાસ્ત્રાર્થ ને શાસ્ત્ર વિરૂદ્ધ સિદ્ધાંત વડે વ્યાખ્યાન કરે નહીં. લાભ પૂજા વગેરે ઇચ્છે નહીં, પૂજા સત્કાર વગેરેને ક્યારે પણ વાતો મેળવીને પણ ઉન્માદી ન બને વ્યાખ્યાન અવસરે અથવા ધર્મકથા વખતે અનાવિલો (વ્યાકુળતા વગરનો) કષાય રહિત એવો સાધુવાગ્ દૃષ્ટિવાળો હોવાથી અર્થ નિર્ણય કરવા માટે શંકા વગરના ભાવવાળો ઉદ્ધતાને છોડતો, વિષમ અર્થને પ્રરૂપણ કરતો, શંકા સાથે (એ પ્રમાણે) કહે. સ્પષ્ટ શંકા વગરના ભાવના અર્થને પણ એવી રીતે ન કહે કે જેથી બીજાને શંકા થાય. પણ વિભાગ કહેવાપૂર્વક અલગ અર્થને-નિર્ણયવાદને કહે. બધી જગ્યાએ અટક્યા વગર લોકવ્યવહારપૂર્વક અવિસંવાદિપણે સર્વવ્યાપી એવા સ્યાદ્‌વાદને સ્વાનુભવસિદ્ધ બોલે, દ્રવ્યાર્થરૂપે નિત્યવાદ અને પર્યાયાર્થરૂપે અનિત્યવાદ કહે, સ્વદ્રવ્ય ક્ષેત્ર,

કાળ, ભાવ વડે બધા પદાર્થો વિદ્યમાન રૂપે છે. અને પરદ્રવ્ય વગેરે વડે સર્વ પદાર્થો સન્તિ એટલે કે છે. એ પ્રમાણે વિભજ્યવાદને કહે છે. તે વાદને પણ સત્ય, અસત્યામૃષા એ બે ભાવ વડે કહે. તેના વડે કહેવાયેલ અર્થને કોઇક બુદ્ધિશાલી વડે તેજ પ્રમાણે સારી રીતે જણાય છે. બીજા મંદબુદ્ધિપણાથી જુદી રીતે જ જાણે તેમ જે આ જાણે છે તે પ્રમાણે હેતુ ઉદાહરણ સદ્યુક્તિ વડે પ્રગટ કરવાપૂર્વક કર્કશ વચન બોલ્યા વગર સમ્યક્ પ્રકારે જાણે. થોડા વખતના વ્યાખ્યાનને વ્યાકરણ તર્ક વગેરેના પ્રવેશ કરાવવા દ્વારા પ્રસંગાનુપ્રસંગ વડે લાંબા સમયનું કરે નહીં. કારણ કે જે અતિ વિષમ હોવાથી અલ્પાક્ષર વડે સારી રીતે જાણી ન શકે તેને પર્યાયવાચી શબ્દ વડે બોલી ભાવાર્થ કહે. સાંભળનારની અપેક્ષાપૂર્વક પૂર્તિ હેતુયુક્તિ વડે અસ્ખલિત, અમિલિત, અહીનાક્ષર, અર્થવાદી (વાળુ) બોલે, થોડા અક્ષર વાળું કહીને કૃતાર્થ ન થાય, એ પ્રમાણે પરસ્પર અવિરૂદ્ધ, નિરવદ્ય વાણી પ્રયોજી ઉત્સર્ગ વિષય હોય ત્યારે ઉત્સર્ગ, અપવાદ વિષય હોય ત્યારે અપવાદને સ્વપર સિદ્ધાંતના યથાયોગ્ય વચનને બોલે, તીર્થંકર, ગણધર, વગેરેએ કહેલ ગ્રહણ શિક્ષાને સારી રીતે ગ્રહણ કરે અને આસેવન શિક્ષા વડે અનવરત (સતત) ઉદ્યુક્ત એટલે અપ્રમત્ત વિહારીપણે સેવે. અને બીજાઓને પણ તે પ્રમાણે પ્રતિપાદન કરી એમાં જોડે. હંમેશાં પ્રયત્નશીલ થયેલો તે જે કાર્યનો જે સમય હોય તે સમયને ઓળંગે નહીં અને પરસ્પર બાધાપૂર્વક બધી ક્રિયાઓ કરે. આવા પ્રકારના ગુણોવાળો યથાકાળવાદી, યથાયોગ્ય કાળમાં ક્રિયા કરનારો અને સર્વજ્ઞો વડે કહેવાયેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નામની સમાધિને સારી રીતે જાણે, અને તે ગ્રહણકરવા યોગ્ય વચનવાળો, હોશિયાર, શુદ્ધસૂત્ર સર્વજ્ઞે કહેલ જ્ઞાન વગેરેના પ્રતિપાદન કરવા માટે યોગ્ય છે. ॥૪૯॥

यस्त्रैकालिकं वस्त्ववगच्छति स एव भाषितुमर्हति नान्यः स एव च परिज्ञाता त्रोटयिता चेत्याह–

**घात्यन्तकृदनन्यसदृशज्ञः सत्यधर्मप्रणेता ॥५०॥**

**घातीति,** दर्शनज्ञानाद्यावरणकर्मणो निश्शेषं विनाशको यः स एव सर्वस्यापि वस्तुजातस्य यथावस्थितस्वरूपनिरूपणतः प्रणेता नायको भवति, कालत्रयभाविपर्यायतो द्रव्यादिचतुष्कस्वरूपतश्च द्रव्यपर्यायपरिज्ञानात्, विशिष्टोपदेशदानेन सर्वप्राणिनां संसाराद्रक्षण-शीलत्वाच्च, नास्य संशयविपर्ययादयो वर्त्तन्ते तदावरणक्षयकारित्वात्, विनष्टघाति-कर्मत्वादेवासावनन्यसदृशज्ञः, न ह्यस्य विज्ञानेन तुल्यो वस्तुगतसामान्यविशेषांशपरिच्छेदकः कश्चिद्विद्यते, अपरैर्द्रव्यपर्याययोरनभ्युपगमात्, यतश्चायं सत्यधर्मप्रणेताऽतो न केवलं हेयोपादेयमात्रपरिज्ञाता, किन्तु सर्वज्ञोऽनन्यसदृशज्ञः, न हि सर्वज्ञत्वमन्तरेणावितथभाषित्वं सत्यधर्मप्रणेतृत्वं वा सम्भवति सर्वप्राण्यादिविज्ञानाभावात्, तथा च सर्वत्रानाश्वासो भवेत् ।

**सत्यधर्मप्रणेतेति,** संयमधर्मप्रकाशक इत्यर्थः, सर्वप्राणिहितकारित्वात्तस्य, तस्मात्तपःप्रधानेन सर्वभूतहितकारिणा संयमेन सदा सम्पन्नो भूतेषु दयां कुर्यात्, तदपकारितमारम्भं दूरतः परिवर्जयेत्, असौ धर्मस्तीर्थकृत इति सम्यक् परिज्ञाय तदङ्गतया पञ्चविंशतिरूपा द्वादशप्रकारा वा भावना जीवसमाधानकारिणीर्भावयेत्, भावनायोगेन शुद्धान्तःकरणो हि परित्यक्तसंसारस्वभावः संसारसमुद्रे न निमज्जति, किन्त्वायतचारित्री जीवपोतः सदागमलक्षणकर्णधाराधिष्ठितस्तपोमारुतवशात्सर्वदुःखात्मकस्य संसाराम्बोधेः परं पारं मोक्षाख्यमधिगच्छति, भावनायोगशुद्धात्मा संसारे वर्त्तमानो मनोवाक्कायेभ्योऽशुभेभ्यो मुच्यते, सावद्यानुष्ठानलक्षणं पापं तत्कार्यमष्टप्रकारं कर्म च ज्ञपरिज्ञया परिज्ञाय प्रत्याख्यानपरिज्ञया च तदुपादानं परिहरन् ततो मुच्यते, तस्य नूतनकर्माण्यकुर्वतो निरुद्धाश्रवद्वारस्ये विकृष्टतपश्चरणवतः पूर्वसञ्चितानि कर्माणि निवर्त्तन्ते नवञ्चाकुर्वतोऽशेषकर्मक्षयो भवति, न पुनरपि स्वतीर्थनिकारदर्शनात्संसाराभिगमनं भवति, योगप्रत्ययाभावेन नूतनकर्माभावात्, तस्य स्वदर्शननिकाराभिनिवेशासम्भवाच्च, उपरताशेषद्वन्द्वत्वाद्रागद्वेषरहिततया स्वपरकल्पनाभावात् । असावेवाष्टप्रकारं कर्म कारणतस्तद्विपाकतश्च जानाति, तन्निर्जरणं तदुपायञ्च जानीते ततश्चासौ तत्करोति येनास्मिन् संसारे न पुनर्जायते न वा पुनर्म्रियते ॥५०॥

જે ત્રૈકાલિક પદાર્થોને જાણે છે તે જ (ધર્મ પ્રરૂપવા માટે) યોગ્ય છે. બીજો નહીં, તે જ શાસ્ત્ર વેત્તા (પરિજ્ઞાતા) છે. અને ત્રોટયિતા છે.

**સૂત્રાર્થ** :- ઘાતીકર્મનો અંત કરનારા એમના જેવો બીજો કોઇ જાણકાર નથી સત્યધર્મના બતાવનાર.

**ટીકાર્થ** :- દર્શનાવરણ, જ્ઞાનાવરણ, વગેરે કર્મના સંપૂર્ણ વિનાશક જે હોય તે જ બધા પદાર્થોના યથાવસ્થિત સ્વરૂપ નિરૂપણ કરવા દ્વારા પ્રણેતા નાયક થાય છે. ત્રણ કાળના ભાવિ પર્યાયોથી દ્રવ્યાદિ યા તેના સ્વરૂપથી અને દ્રવ્યપર્યાયના જ્ઞાનથી વિશિષ્ટ ઉપદેશ આપવા બધા પ્રાણિઓને સંસારથી રક્ષણ કરવાના સ્વભાવવાળા એમને સંશય વિપર્યય વગેરે થતાં નથી. તેના આવરણનો ક્ષય કર્યો હોવાથી, ઘાતીકર્મનો ક્ષય-નાશ થયો હોવાથી જ બીજો કોઇ એના જેવો જાણકાર ન હોય એવો. એમના વિજ્ઞાનના સમાન પદાર્થમાં રહેલા સામાન્ય વિશેષ અંશના જાણકાર કોઇક હોય છે. બીજાઓ વડે દ્રવ્યપર્યાયોનો સ્વીકાર થતો નથી. જેથી આ સત્યધર્મ પ્રણેતા છે. આથી તે ફક્ત હેય ઉપાદેય માત્રના પરિજ્ઞાતા (જાણકાર) નથી. પરંતુ અનન્ય સદશ સર્વજ્ઞ છે. તે સર્વજ્ઞપણા વગર અવિતથભાષીપણું એટલે સંપૂર્ણ સાચું અને સત્ય ધર્મપ્રણેતાપણું સંભવતું નથી. અપ્રામાણ્ય વગેરે વિજ્ઞાનનો અભાવ હોવાથી, તથા બધી જગ્યાએ અવિશ્વાસ થાય. સત્ય ધર્મ પ્રણેતા એટલે સંયમ ધર્મના પ્રકાશક, સર્વ પ્રાણીના હિતકારીપણાથી તે ધર્મ સત્ય

છે. તેથી તપપ્રધાન ધર્મ વડે સર્વ જીવોને હિતકારી હોવાથી હંમેશા સંયમ વડે સંપન્ન થયેલા જીવોને વિષે દયાને કરે, તે ન કરવા યોગ્ય આરંભને દૂરથી છોડી દે. આ ધર્મ તીર્થંકર છે એમ સારી રીતે જાણી તેના અંગરૂપ જીવને સમાધાનકારિણી પચ્ચીસ પ્રકારની તથા બાર પ્રકારની ભાવના ભાવે. ભાવના યોગથી શુદ્ધ અંતઃકરણવાળો, છોડી દીધો સંસાર સ્વભાવ જેણે એવો, સંસાર સમુદ્રમાં ડૂબતો નથી, પરંતુ પ્રાપ્ત કરેલ ચારિત્રવાળું જીવરૂપી વહાણ, સદ્આગમરૂપી કર્ણધાર એટલે કપ્તાન વડે, અધિષ્ઠિત તપરૂપી પવનના વશથી (કારણો) સર્વ દુ:ખમય સંસારસાગરથી પર (પાર) થવારૂપ મોક્ષ નામના સ્થાનમાં જાય છે. ભાવના યોગ વડે શુદ્ધાત્મા સંસારમાં રહેલો અશુભ મન, વચન, કાયાથી છૂટે છે. સાવદ્ય ક્રિયારૂપ પાપને અને તેના કાર્યરૂપ આઠ કર્મને પરિજ્ઞયા વડે જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞયા વડે તેના ઉપાદાનનો ત્યાગ કરતો તેનાથી છૂટે છે, તે જીવ નવા કર્મો નહીં કરતો આશ્રવ દ્વારોને બંધ કરી, કઠોર તપ ચારિત્રવાળો પૂર્વમાં એકઠા કરેલા કર્મોથી પાછો ફરે છે (વળે છે), નવા કર્મો નહીં કરતો (થકો) અને સમસ્ત કર્મોનો ક્ષય (નાશ) કરે છે. પોતાના તીર્થ એટલે ધર્મનો નાશ થતો જોઇને ફરીવાર સંસાર તરફ આવવાનું થતું નથી. યોગરૂપી કારણનો અભાવ તેમજ નવા કર્મ અભાવ હોવાથી આવવું શક્ય નથી. ભગવાનને પોતાના ધર્મની (દર્શનની) રક્ષા કરવાનો આગ્રહ અસંભવ છે કારણ કે નાશ પામી ગયું છે. સમસ્ત દ્વન્દ્વત્વપણું રૂપ તથા રાગદ્વેષ રહિતપણા વડે સ્વપરની કલ્પનાનો અભાવ હોવાથી ફરી આવાગમન થતું નથી. આ જ આઠ પ્રકારના કર્મ, તેના કારણો, તેના વિપાકો જાણે છે. અને તેની નિર્જરણા એટલે ક્ષય તે નિર્જરાનો ઉપાય જાણે છે. તેથી આ જીવ તે કરે છે. જેથી આ સંસારમાં ફરી જન્મતો નથી અને મરતો નથી. ।।૫૦।।

निरुद्धाश्रवद्वारस्य न जन्मजरामरणानीत्याह–

**परीत्यक्तस्त्रीसङ्गो धर्मी निष्ठितार्थः ॥५१॥**

**परित्यक्तेति,** आश्रवाणां प्रधानत्वात्, केषाञ्चिद्दर्शनेऽङ्गनोपभोगस्य निराश्रवत्वस्य स्वीकारेण तन्निरासाय च तथाऽस्य निरपवादत्वान्मैथुनपरित्यागः कण्ठत उक्तः, उपलक्षणतयाऽपरव्रतानामपि ग्रहणम् । स्त्रीसङ्गो हि निखिलाविनयास्पदभूतः, सूकरादिपशूनां वध्यस्थानप्रवेशनभूतो भक्षविशेषो नीवार उच्यते तत्समानं मैथुनम्, यथा हि पशुर्नीवारेण प्रलोभ्य वध्यस्थानमुपनीय नानाप्रकारा वेदनाः प्राप्यत एवमसौ जीवो नीवारतुल्येनानेन स्त्रीसङ्गेन वशीकृतो बहुप्रकारा यातनाः प्राप्नोति, येन च स्त्रीप्रसङ्गः परित्यक्तः स एव प्रधानभूतमोक्षलक्षणपुरुषार्थोद्यतो धर्मवानशेषकर्मबन्धनोन्मुक्तश्च, नासंयमजीवितमभिलषति परिग्रहादिकमपि नेच्छति, असंयमजीवितञ्चानादृत्य सदनुष्ठानपरायणो ज्ञानावरणादिकर्मणां पर्यवसानाय यतते, यतमानः संसारावतरणद्वाराण्यपनीय रागद्वेषासम्पृक्ततया विषयाप्रवृत्तेः

स्वस्थचेताः सदेन्द्रियनोइन्द्रियाभ्यां दान्तः कर्मविवरलक्षणं भावसन्धिमनन्यतुल्यं प्राप्तो न केनचित्सह विरोधं करोति, प्रशान्तमना हितमितभाषी निरुद्धदुष्प्रणिहितसर्वकायचेष्टो दृष्टिपूतपादचारी सन् परमार्थचक्षुष्मान् भवति, स एव च भव्यमनुष्याणां चक्षुः, सदसत्पदार्थाविर्भावनात्, एवंविधा महासत्त्वा इहार्यक्षेत्रे संसारस्य तत्कारणस्य वा कर्मणः क्षयकारिणः, न केवलं तीर्थङ्करादयः, किन्त्वन्येऽपि सम्यग्दर्शनज्ञानचरित्रात्मकं धर्ममाराध्य मनुष्याः कर्मभूमिगर्भव्युत्क्रान्तिजसंख्येयवर्षायुषः सन्तः सदनुष्ठानसामग्रीमवाप्य निष्ठितार्था उपरतसर्वद्वन्द्वा भवन्ति, प्रचुरकर्मतया केचित्सत्यामपि सम्यक्त्वादिकायां सामग्र्यां न तद्भव एव मोक्षं प्राप्नुवन्ति किन्तु सौधर्माद्याः पञ्चोत्तरविमानावसाना देवा भवन्तीति, सिद्धिस्तु मनुष्यभवादेव, एतेन देवा एवोत्तरोत्तरं स्थानमास्कन्दन्तोऽशेषक्लेशप्रहाणं कुर्वन्तीति शाक्यवादो निरस्तः । तस्मात् सत्संयमवीर्यं तपोवीर्यं वा लब्ध्वा तेन पूर्वानेकभवोपात्ताष्टप्रकारं कर्म धुनीयात्, अभिनवञ्चाश्रवनिरोधान्न कुर्यात्, यच्चोद्युक्तविहारिणः सदनुष्ठानमाराध्य बहवः संसारकान्तारं तीर्णाः, अपरे तु सर्वकर्मक्षयाभावाद्देवा अभूवन्, एवं कर्मविदारण-सहिष्णवोऽनेके सदा भूता भवन्ति भविष्यन्ति च, सत्संयमानुष्ठानात्संसारं तीर्णास्तरन्ति तरिष्यन्ति च ॥५१॥

જેણે પોતાના આશ્રવ દ્વારો બંધ કર્યા છે તેને જન્મ-જરા-મરણ હોતા નથી.

**સૂત્રાર્થ** :- છોડી દીધો છે સ્ત્રીસંગ એવા ધર્મીના બધા પ્રયોજનો સિદ્ધ થાય છે.

**ટીકાર્થ** :- આશ્રવોની અંદર સ્ત્રીસંગ મુખ્ય પ્રધાન હોવાથી તથા કેટલાક દર્શનોમાં સ્ત્રીના ઉપભોગને નિરાશ્રવ આશ્રવ રહિતપણે સ્વીકાર્યું છે. તે માન્યતાને દૂર કરવા માટે અને આ સ્ત્રીસંગ અપવાદ વગરનું હોવાથી મૈથુનનો ત્યાગ વચનોચ્ચારપૂર્વક કહ્યું છે, ઉપલક્ષણથી બીજા વ્રતોને પણ ગ્રહણ કરવા જોઈએ. સ્ત્રીસંગ સમસ્તઅવિનયના સ્થાનરૂપ ભૂંડ વગેરે પશુઓને વધ કરવા યોગ્ય સ્થાનોમાં પ્રવેશ કરાવવાના કારણ રૂપ, ભક્ષ્ય વિશેષ (ઘાસ વિગેરે વિશેષ) તેને નિવાર કહેવાય છે. તે નિવાર સમાન મૈથુન છે. જેમ પશુઓને નિવાર વડે લલચાવી વધ સ્થાનમાં લઈ જઈ વિવિધ પ્રકારની વેદનાઓ પમાડી પશુને મારવામાં આવે છે એ પ્રમાણે આ જીવને નિવાર (ભક્ષ્ય ભોજન) સમાન સ્ત્રીસંગ વડે લલચાવી વશ કરી ઘણા પ્રકારની વેદનાઓ પમાડે છે. જેણે સ્ત્રીસંગ છોડી દીધો છે. તે જ પ્રધાનરૂપ મોક્ષ લક્ષણ પુરુષાર્થમાં ઉદ્યત થયેલ ધર્મવાન સમસ્ત કર્મો બંધનોથી મુક્ત થાય છે. તથા અસંયમમય જીવન ઇચ્છતો નથી, પરિગ્રહ વગેરે પણ ઇચ્છે નહીં. અસંયમી જીવનનો અનાદર કરી સત્ક્રિયા પરાયણ થયેલો જ્ઞાનાવરણ વગેરે કર્મોને નાશ કરવા માટે પ્રયત્ન કરે. પ્રયત્ન કરતા સંસારમાં ઉતરવાના દરવાજા રૂપ તેને દૂર કરી, રાગ દ્વેષનો સંપર્ક ન કરવા રૂપે વિષયોમાં અપ્રવૃત્તિ કરવાથી સ્વસ્થ ચિત્તવાળો હંમેશા ઇન્દ્રિયો અને

નોઇન્દ્રિય એટલે મનને દમન કરવાથી દાન્ત થયેલો કર્મ વિવર લક્ષણ ન મળી શકે એવી ભાવસંધિને પ્રાપ્ત કરી કોઈની પણ સાથે વિરોધ ન કરે. પ્રશાંત મનવાળો હિત મિત પણે બોલનારો હોય, અટકાવી છે ખરાબ સમાધિવાળી સર્વ કાયાની ચેષ્ટાઓ એવો, આંખો વડે પવિત્ર કરેલ એટલે આંખો વડે જોઈને જમીન ઉપર પગ મૂકી ચાલે તે પરમાર્થથી એટલે વાસ્તવિકપણે આંખવાળો હોય છે. તે જ આંખો ભવ્ય મનુષ્યની છે. અને તે જ આંખો સત્-અસત્ પદાર્થોને પ્રગટ કરતા હોવાથી આવા પ્રકારના મહાસત્ત્વશાલી જીવો અહીં આર્યક્ષેત્રમાં સંસારનો અને સંસારના કારણરૂપ કર્મનો ક્ષય કરનારાઓ, ફક્ત તીર્થંકરો વગેરે નહીં. કિન્તુ બીજા જીવો પણ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાત્મક ધર્મને આરાધીને મનુષ્યો કર્મભૂમિ ગર્ભજ પંચેન્દ્રિય સંખ્યાત વર્ષના આયુષ્યવાળા થઈ, સદ્અનુષ્ઠાનની સામગ્રીઓ પ્રાપ્ત કરી સંપૂર્ણ પ્રયોજનો સિદ્ધ થયા છે. અને બધાય દ્વન્દ્વો નાશ પામ્યા છે. એવો થાય છે. કર્મની બહુલતાના કારણે કેટલાક સમ્યક્ત્વ વગેરે સામગ્રીઓ હોવા છતાં પણ તે ભવમાં જ મોક્ષ પામતા નથી. પરંતુ સૌધર્મ વગેરે દેવલોકથી લઇ પાંચ અનુત્તર વિમાનસુધીમાં દેવો કરીકે ઉત્પન્ન થાય છે. મોક્ષ તો મનુષ્યભવથી જ થાય છે. આના વડેના દેવો ઉત્તરોત્તર સ્થાન પામતા સંપૂર્ણ કલેશનો નાશ કરનારા થાય છે. આ પ્રમાણે શાક્ય (બૌદ્ધ) વાદનું ખંડન કર્યું. તેથી સત્સંયમ વીર્ય અને તપોવીર્યને પામી તેના વડે પૂર્વના અનેક ભવોના મેળવેલા આઠ પ્રકારના કર્મોને ધૂણાવે છે. આશ્રવનો નિરોધ કરવા (અટકાવવા) દ્વારા નવા કર્મ ન કરે (બાંધે) કરે. જે ઉગ્રવિહારી, અપ્રમત્ત વિહારીઓ, સદ્અનુષ્ઠાનને આરાધી ઘણા (જીવો) સંસારરૂપી વનને તરી ગયા છે. બીજાઓ સર્વ કર્મના ક્ષયનો અભાવ હોવાથી દેવો થયા એ પ્રમાણે કર્મનો નાશ કરી શકનારાઓ અનેક જણા હંમેશા થયા છે. થાય છે. અને થશે. સત્સંયમાનુષ્ઠાનોથી સંસારને તરનારા તરે છે. તર્યા છે. અને તરશે. ॥૫૧॥

पूर्वोक्तार्थानुष्ठातैव साधुरित्याह—

**स एव ब्राह्मणः श्रमणो भिक्षुर्निर्ग्रन्थः ॥५२॥**

**स एवेति,** यः स्वसमयपरसमयपरिज्ञानेन सम्यक्त्वगुणावस्थितो ज्ञानादिभिः कर्मविदारणहेतुभिरष्टप्रकाराणां कर्मणां विदारकोऽनुकूलप्रतिकूलोपसर्गसहनः स्त्रीपरीषहजेता नरकवेदनाभ्यः समुद्विजमानः श्रीवीरवर्धमानस्वामिवत्संयमं प्रति कृतप्रयत्नः कुशीलदोषपरिज्ञानेन सुशीलतावस्थायी पण्डितवीर्योद्यतः क्षान्त्यादिधर्मानुष्ठाता सम्पूर्णसमाधियुक्तः सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणमार्गानुगस्तीर्थिकदर्शनेषु दोषज्ञानेन तेष्वश्रद्दधानः शिष्यगुणदोषवेत्तृतया सद्गुणेषु वर्त्तमानः प्रशस्तभावग्रन्थभावितात्मा यथावदवदातचारित्रश्च स एव ब्राह्मणो नवब्रह्मचर्यगुप्तिगुप्तत्वात्, ब्रह्मचर्यधारणाद्वा, स एव श्रमणः, सदा तपसा श्रान्तत्वात्, सर्वत्र वासीचन्दनकल्पत्वाच्च, स एव भिक्षुर्भिक्षणशीलत्वादष्टकर्मभेदकत्वाच्च, स एव निर्ग्रन्थः,

सबाह्याभ्यन्तरग्रन्थाभावात् । यः पूर्वोक्तार्थवृत्तिः प्रेमद्वेषकलहाभ्याख्यानपैशुन्यपरपरिवादरत्यरतिमायामृषावादमिथ्यादर्शनशल्यविरतः समितः सदा ज्ञानादिमान् सत्संयमानुष्ठानपरायण आक्रुष्टो न क्रोध्युत्कृष्टतपोयुतोऽपि न मानी स साधुर्माहनो वाच्यः । पूर्वोक्तगुणविशिष्टः शरीरादावपि क्वचिदप्रतिबद्धो निराकांक्षः सम्यक् प्राणातिपातादीनां विज्ञानपूर्वं परित्यागी क्रोधादिविधुरो यतो यत इहामुत्र चानर्थहेतुमात्मनोऽपायं पश्यति ततः प्रागेवात्महितमिच्छन् विरतो दान्तः शुद्धो निष्प्रतिकर्मतया व्युत्सृष्टकायः श्रमणो वाच्यः, पूर्वोदितगुणगणपरिपूर्णो निरभिमानी सदा गुर्वादौ विनीतो वैयावृत्त्योद्यतो दान्तः शुद्धो निष्प्रतिकर्मशरीरो द्वाविंशतिपरीषहाणां दिव्याद्युपसर्गाणाञ्च सम्यगधिसोढा धर्मध्यानेनावदातचारित्रः संसारासारतायाः कर्मभूमेर्दुष्प्रापतायाः बोधेः सुदुर्लभतायाश्च परिज्ञाता सकलसंसारोत्तरणसामग्रीसम्पन्नः परदत्तभोजी भिक्षुर्वाच्यः । पूर्वव्यावर्णितगुणालङ्कृत एकस्यैव परलोकयायितया सदा भावत एकक एकान्तेन मौनीन्द्रमेव शासनं तथ्यं नान्यदिति सुदृढं विदितसंसारस्वभावतया वेत्ता परिच्छिन्नकर्माश्रवद्वारः शत्रुमित्रादिषु सम उपयोगलक्षणजीवस्थासंख्येयप्रदेशात्मकस्य संकोचविकासभाजो निजकृतकर्मभोक्तुः प्रत्येकसाधारणशरीरतया व्यवस्थितस्य द्रव्यपर्यायतया नित्यानित्याद्यनन्तधर्मात्मकस्याजीवादेश्च सुष्ठु तत्त्ववेदी सुपरित्यक्तद्रव्यभावस्रोताः पूजादिनिरपेक्षतया निर्जरार्थमेव तपश्चरणादिक्रियाविधाता शान्तो दान्तो निष्प्रतिकर्मशरीरो निर्ग्रन्थो वाच्यः सर्वेऽप्येते ब्राह्मणादिशब्दा भिन्नव्यञ्जना अपि कथञ्चिदेकार्थाश्च ॥५२॥

પૂર્વમાં કહેલ અર્થ ક્રિયાને કરનારા જ સાધુ છે એ પ્રમાણે કહે છે.

**સૂત્રાર્થ :-** તે જ બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથ છે.

**ટીકાર્થ :-** જે પોતાના સિદ્ધાંત કે બીજાના સિદ્ધાંતના જ્ઞાન વડે સમ્યક્ત્વ ગુણમાં સ્થિર રહ્યો હોય, જ્ઞાન વગેરે વડે કર્મ નાશના કારણોથી આઠ પ્રકારના કર્મનો નાશ કરનારા અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગો સહનાર, સ્ત્રી પરિષહને જીતનાર નારકની વેદનાથી ઉદ્વેગ પામનાર, શ્રી વર્ધમાન સ્વામીની જેમ સંયમ પ્રતિ પ્રયત્નશીલ, કુશીલ દોષના પરિજ્ઞાન વડે સુશીલતામાં રહેનારા, પંડિત વીર્યમાં ઉદ્યત, ક્ષાંતિ વગેરે ધર્મના અનુષ્ઠાતા, સંપૂર્ણ સમાધિ યુક્ત, સમ્યફ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ તેના અનુયાયી અન્યતીર્થિને જોવાથી દોષ જ્ઞાન થવાના કારણે તેઓમાં શ્રદ્ધા ન કરતો શિષ્યના ગુણ-દોષ જાણવાના કારણે સદ્ગુણોમાં રહેનારો, પ્રશસ્તભાવ ગ્રંથ વડે ભાવિત આત્મા, યથાવત્ પ્રસિદ્ધ ચારિત્રવાળો હોય. તે જ બ્રાહ્મણ છે. કે જે નવ બ્રહ્મચર્યની ગુપ્તિ વડે ગુપ્ત હોવાથી અથવા બ્રહ્મચર્યને ધારણ કરતા હોવાથી બ્રાહ્મણ કહેવાય છે. તે જ શ્રમણ છે જે હંમેશા

તપ વડે (તપવાવડે) શ્રાન્ત થયા છે. (થાક્યા છે) બધી જગ્યાએ વાસીચંદનકલ્પ એટલે કોઇ છીણી લઇ શરીરને છોલી નાખે કે ચંદનનું વિલેપન કરે બન્ને પ્રત્યે સમભાવ રાખે. તે જ ભિક્ષુ છે કે જેનો ભિક્ષા માંગવાનો સ્વભાવ હોય છે. આઠ કર્મના ભેદનારા હોવાથી ભિક્ષુ છે. તે જ નિર્ગ્રંથ છે કે જેઓને બાહ્ય અભ્યંતર ગ્રન્થિનો અભાવ હોવાથી. જે પૂર્વોક્ત અર્થવૃત્તિ એટલે ઇચ્છા, પ્રેમ એટલે રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન એટલે આક્ષેપ, પૈશુન્ય એટલે ઇર્ષ્યા, પરપરિવાદ એટલે નિંદા, રતિઅરતિ એટલે હર્ષશોક, માયામૃષાવાદ, મિથ્યાદર્શનશલ્ય આ બધાથી વિરત થયેલો હોય, સમિત હોય હંમેશા જ્ઞાનાદિથી યુક્ત હોય, સત્સંયમાનુષ્ઠાન પરાયણ હોય કોઇએ આક્રોશ કરવા છતાં પણ ક્રોધ ન કરે. ઉત્કૃષ્ટ તપ યુક્ત હોવા છતાં માન ન કરે તે સાધુને માહન કહેવા. પૂર્વમાં કહેલ ગુણો વડે વિશિષ્ટ સાધુ શરીર વગેરે પર ક્યારેક (કંઇક) અપ્રતિબદ્ધ આકાંક્ષા એટલે ઇચ્છા વગરનો, સારી રીતે પ્રાણાતિપાત વગેરેનો વિજ્ઞાન પૂર્વક પરિત્યાગ કરનારો, ક્રોધ વગેરેથી વિધુર એટલે રહિત, જેથી આલોક પરલોકના અનર્થના કારણ રૂપ આત્માના અપાયો કષ્ટોને જુએ. જેથી આગળ આત્મહિતને ઇચ્છતો વિરત થયેલો દાન્ત શુદ્ધ, નિષ્પ્રતિકર્મ એટલે ટાપટીપ વગરનો શરીરને વોસિરાવનારો (કાયાનો ત્યાગી) તેને શ્રમણ કહેવો, પહેલા આગળ કહેલ ગુણ સમુદ્રથી પરિપૂર્ણ, નિરભિમાની, હંમેશાગુરૂ વગેરે પ્રતિ વિનયવાળો, વૈયાવચ્ચ કરવામાં તત્પર, દાન્ત શુદ્ધ, નિષ્પ્રતિકર્મ શરીરવાળો, બાવીશ (૨૨) પરીષહો તથા દેવતાઈ વગેરે ઉપસર્ગોને સારી રીતે સહન કરનારો ધર્મધ્યાન વડે અવદાત ચારિત્રવાળો, સંસારની અસારતાથી કર્મભૂમિની દુર્બલતા, બોધિદુર્લભતાનો જાણકાર સંપૂર્ણ સંસાર સાગર ઉતરવા માટેની સામગ્રીથી યુક્ત, પરદત્ત એટલે બીજાને આપેલું ખાવાવાળો ભિક્ષુ કહેવાય છે. પૂર્વમાં વર્ણવેલા ગુણોથી અલંકૃત, એકલાને જ પરલોકમાં જવાનું હોવાથી હંમેશા ભાવથી એકલો એકાંતે મૌનિન્દ્ર શાસન એજ તથ્ય બીજું નહિ. એ પ્રમાણે સારી રીતે દૃઢતાપૂર્વક સંસારના સ્વભાવને જાણવાપૂર્વક કર્માશ્રવના દ્વારને છેદી નાખ્યા છે. શત્રુ મિત્ર વગેરે પર સમભાવવાલો, ઉપયોગ લક્ષણો જીવના અસંખ્ય પ્રદેશાત્મક સંકોચ વિકાસને કરનારો પોતાના કરેલ કર્મને ભોગવનારો, પ્રત્યેક સાધારણ શરીર રૂપે રહેલા જીવને, દ્રવ્યપર્યાય રૂપે નિત્યા નિત્ય અનંત ધર્માત્મક અજીવ વગેરેનો સારી રીતે તત્ત્વવેદી, સારી રીતે છોડી દીધા છે દ્રવ્ય ભાવ પ્રવાહોને, પૂજા વગેરેથી નિરપેક્ષપણે, નિર્જરા માટે જ, તપ ચરણ ક્રિયા કરનારા, શાન્ત, દાન્ત, નિષ્પ્રતિકર્મ શરીરવાળાને નિર્ગ્રંથ કહેવો. આ બધાયે બ્રાહ્મણ વગેરે શબ્દો ભિન્ન વ્યંજનવાળા હોવા છતાં પણ કથંચિદ્ એકાર્થવાળા છે. ॥૫૨॥

अथ पूर्वोक्तार्थानेव दृढीकर्तुं सोपपत्तिकं परसमयं निरस्यति—

**नास्ति देहभिन्नो जीवः कोशादसिवत् पृथगनुपलब्धेरित्येके ॥५३॥**

**नास्तीति**, न विद्यते शरीराद्भिन्न आत्मा, यदि भवेत्तर्हि यथा कोशात् खड्गं समाकृष्य खड्गोऽयं कोशोऽयमिति प्रदर्श्यते तथा भेदवादिमिरयं जीव इदं शरीरमित्युपदर्श्येत, न

चास्त्येवमुपदर्शयिता कश्चिदतो न कायाद्भिन्नो जीवः, किन्तु यदेवैतच्छरीरं स एव जीवो ये च शरीरस्यावस्थाविशेषास्त एव तस्यापि, यावन्तं कालं तदविकृतमास्ते जीवोऽपि न जीवति तस्मिंश्च विनष्टे जीवो विनष्ट इति कृत्वा दहनायेदं श्मशानादौ नीयते ध्मापिते च तस्मिन्नस्थीन्येव केवलमुपलभ्यन्ते न तु तदतिरिक्तः कश्चिद्विकारः समुपलभ्यते येनात्मास्तित्वशङ्का भवेत्, न वा तत्र तद्बान्धवाः शरीरान्निर्गच्छन्तं कञ्चिदात्मानं पश्यन्ति, तथा च शरीरमात्र एव जीवस्ततः परलोकिनोऽभावान्नास्ति परलोको नापि पुण्यपापे, न वा सदसदनुष्ठानभेदः, तज्जन्येष्टानिष्टफलभोक्तुरभावादिति लोकायतिका महासमारम्भिणः प्राहुः ॥५३॥

હવે પૂર્વે કહેલા અર્થોને જ દઢ કરવા માટે યુક્તિ સહિત પરધર્મ - પરદર્શનનું ખંડન કરે છે.

**સૂત્રાર્થ** :- શરીરથી અલગ જીવ નથી (ક્રિયા નથી), કોશમાંથી તલવારની જેમ, અલગ મળતો નથી, એમ એકમતવાળા કહે છે.

**ટીકાર્થ** :- શરીરથી અલગ આત્મા હોતો નથી, જો હોય તો જે મ્યાનમાંથી તલવાર ખેંચીને " આ તલવાર છે આ મ્યાન છે એમ કહી શકાય. બતાવી શકાય. તેવી રીતે ભેદવાદીઓએ આ જીવ છે. આ શરીર છે. એમ અલગ અલગ બતાવવું જોઇએ. આવો કોઇ બતાવનારો નથી. આથી શરીરથી અલગ જીવ નથી, પરંતુ જે આ શરીર છે. તે જ જીવ છે. જે આ શરીરની અવસ્થા વિશેષ છે. તે જ તેની (શરીરની) પણ અવસ્થા છે. જેટલો વખત તે અવિકૃતપણે હોય તેટલો વખત તે જીવે છે. એમ કહેવાય છે. જ્યારે તે વિકૃત થાય છે. અથવા પાંચ ભૂતોમાંથી એકપણ ભૂતમાં ફેરફાર થવાથી જીવ પણ જીવતો નથી, તેનો નાશ થવાથી જીવનો પણ જીવનો નાશ થયો એમ કહી બાળવા માટે સ્મશાન વગેરેમાં લઇ જાય છે. અને ત્યાં બાળ્યા પછી એના હાડકા જ ફક્ત બચે છે. તે હાડકાના સિવાય બીજું કંઇપણ વિકાર પદાર્થરૂપે મળતું નથી. જેના કારણે આત્માના અસ્તિત્વની શંકા થાય. ત્યાં આગળ તેના ભાઈઓ શરીરમાંથી નીકળતા આત્માને કોઇ જોતું નથી તેથી શરીર માત્રમાં જ રહેનારો જીવ છે. તેથી પરલોકમાં જનારા જીવનો અભાવ હોવાથી પરલોક પણ નથી, પુણ્ય પાપ પણ નથી, સત્-અસત્ અનુષ્ઠાનોના ભેદો પણ નથી. તેની ઉત્પન્ન થતા ઇષ્ટ અનિષ્ટ ફળનો ભોગવનારાનો અભાવ હોવાથી આત્મા નથી. આ પ્રમાણે નાસ્તિકો કહે છે. ॥૫૩॥

तदेतन्मतं निराचष्टे—

**तन्न, भिन्नतयाऽनुभूयमानामूर्त्तगुणाधारतया तत्सिद्धेरन्यथा मरणानुपपत्तेः ॥५४॥**

**तन्नेति**, आत्मा नेतिवादो न युक्तः, तथाहि कुतः समागतोऽहं कुत्र चेदं शरीरं परित्यज्य यास्यामि, इदं मे शरीरं पुराणं कृशं स्थूलमित्येवं शरीरात् पृथग्भावेनात्मनि सम्प्रत्यया

अनुभूयन्ते, इदञ्च ज्ञानं मूर्त्तिमतश्शरीरादन्यत्, तस्य चामूर्त्तेनैव गुणिना भाव्यम्, अतः शरीरात् पृथग्भूतोऽमूर्त्त आत्मा ज्ञानाधारभूतो ज्ञानमिवास्ति, अन्यथा ज्ञानमपि न भवेत्, न ह्यमूर्त्तो मूर्त्तस्य गुणो युक्तः, अतिप्रसङ्गात्, नाप्यात्माभ्युपगममन्तरेण लोकायतिकस्य कथञ्चिद्विचार्यमाणं मरणमुपपद्यते, दृश्यन्ते च तथाभूत एव शरीरे म्रियमाणा मृताश्च, इत्येवं युक्तियुक्तमप्यात्मानमेते स्वदर्शनानुरागिणस्तमसाऽऽवृतदृष्टयो धाष्टर्यान्नाभ्युपगच्छन्ति, तस्मादेतेऽजितेन्द्रियतया कामभोगाऽऽसक्ताः संसारकर्दमे भीषण एव विषण्णास्तिष्ठन्ति, न कथञ्चिदपि संसाराद्विमुच्यन्ते ॥५४॥

તેથી આ મતનું નિરાકરણ (ખંડન) કરે છે.

**સૂત્રાર્થ :-** તમે જે કહ્યું તે બરાબર નથી, કારણ કે અલગ રૂપે તેનો અભાવ થાય છે. અમૂર્ત એટલે અરૂપી, ગુણોના આધારરૂપે હોવાથી તેની એટલે આત્માની સિદ્ધિ થાય છે. જો તેની સિદ્ધિ ન થાય તો મરણની પ્રાપ્તિ ન થાય.

**ટીકાર્થ :-** આત્મા નથી એ પ્રમાણેનો વાદ યોગ્ય નથી. તે આ પ્રમાણે હું ક્યાંથી આવ્યો છું, આ શરીર છોડી હું ક્યાં જઈશ. આ શરીર પહેલા પાતળું હતું. જાડું હતું, એ પ્રમાણે શરીરથી અલગ ભાવ આત્મામાં પ્રત્યયો સહિત અનુભવાય છે. અજ્ઞાન રૂપી શરીરથી અલગ અનુભવાય છે.

તે આત્મા અરૂપીપણાના ગુણવાળો વિચારવો. આથી શરીરથી અલગ રૂપે અરૂપી આત્મા જ્ઞાનાચારમય જ્ઞાનમય છે. નહીં તો જ્ઞાન હોય જ નહીં. અમૂર્ત્ત એટલે અરૂપી કદી પણ મૂર્ત્તના ગુણોવાળો હોઈ શકે નહીં, કારણકે અતિપ્રસંગ અતિવ્યાપ્તિ આવતી હોવાથી. આત્માનો સ્વીકાર કર્યા વગર લોકાયતિક એટલે નાસ્તિક મતને કંઇક વિચારના મરણનો સ્વીકાર થશે નહીં. તેવા પ્રકારના શરીરમાં મરેલા અને મરતા દેખાય છે. આ પ્રમાણે યુક્તિ યુક્ત આત્માને પણ આ પોતાના દર્શનના રાગીઓ અજ્ઞાનરૂપ અંધકારથી ઘેરાયેલા આંખવાળા ધૃષ્ટતાથી સ્વીકારતા નથી માટે એઓ અજીતેન્દ્રિયપણાથી કામભોગોમાં આસક્ત થયેલા સંસારરૂપી કાદવમાં (ભયંકર) ભીષણપણે જ વિષાદ પામેલા રહે છે. જરાપણ (કંઇપણ) સંસારથી મુક્ત થતા (છૂટતા) નથી. ॥૫૪॥

पाञ्चभौतिकमात्रवादं निराकर्त्तुमाह—

**एतेन भूतात्मक एव लोक इति निरस्तं कर्त्तृत्वानुपपत्तेश्च ॥५५॥**

**एतेनेति,** पूर्वोक्तदोषेणेत्यर्थः, **भूतात्मक एवेति,** पञ्चभूतमात्रवादिनो लोकायतिकविशेषाः, सांख्याश्च विवक्षिताः, एवपदेनात्मनिरासः, सांख्यानामपि मत आत्मनो निर्गुणत्वेना-

कर्तृत्वेन चाकिञ्चित्कारितयाऽसत्कल्पत्वात् । तत्र पृथिव्यप्तेजोवाय्वाकाशानि भूतानि, एतानि जगद्व्यापीनि, नान्यकृतानि, किन्तु विस्रसापरिणामेन निष्पन्नानि, अनाद्यनिधनानि, स्वकार्यकर्तृत्वं प्रत्यपरनिरपेक्षाणि शाश्वतानि, सांख्यस्यापि सत्कार्यवादाङ्गीकरणात्पञ्चभूतानी-दृशान्येव, आत्मनोऽसत्कल्पत्वाल्लोकायतिकमते तदभावाच्च भूतमात्रमेव लोको नापरः कश्चित् पदार्थोऽस्तीति मतमपि निरस्तम्, स्वसंवेदनसिद्धेन ज्ञानेन धर्मिण आत्मन आवश्यकत्वात्, न हि भूतान्येव धर्मित्वेन परिकल्पयितुं युज्यन्ते, अचेतनत्वात्, न च कायाकारपरिणतानां चैतन्यं धर्म इति वाच्यम्, आत्माभावे कायाकारपरिणामस्यैव निर्हेतुकत्वेनासम्भवात्, सम्भवे तु नित्यं सत्त्वमसत्त्वं वा भवेत्, तस्माद्भूतव्यतिरिक्त आत्मास्वीकार्यः तस्मिंश्च सति सदसदनुष्ठानतः पुण्यपापे, ततश्च जगद्वैचित्र्यसिद्धिर्भवेन्नान्यथा । सांख्यमतेऽपि प्रकृतेरचेतनत्वात् कार्यकर्तृत्वं नोपपद्यते, प्रतिबिम्बितः प्रकृतावात्मैव करोतीति चेन्न, तस्याकर्तृत्वाभ्युपगमान्नित्यत्वाच्च, न ह्येकान्तनित्यस्य कार्यकर्तृत्वं सम्भवति स्वरूपापरित्यागात्, परित्यागे चानित्यताप्राप्तेः प्रकृतेश्च नित्यत्वान्महदादिविकारा न स्युः, तस्या एकत्वाच्चैकात्मवियोगे सति सर्वात्मनां वियोगो भवेत्, एकसम्बन्धे वा सर्वात्मनां प्रकृतिसंयोगो भवेन्न तु कस्यचित्, तथा चैकस्य मोक्षोऽपरस्य तु संसार इत्येवं जगद्वैचित्र्यं न स्यात् । नापि सत्कार्यवादो युक्तो मृत्पिण्डावस्थायां घटोत्पत्तेः प्राग् घटसम्बन्धिक्रियागुणव्यपदेशाभावात्, घटार्थिनाञ्च क्रियासु तदुत्पादिकासु प्रवृत्तेर्न कारणे कार्यं सदिति । एतेऽपि नानाविधैर्जलस्नानावगाहनादिकैः प्राण्युपमर्दकारिभिः कर्मसमारम्भैः कामादिभिश्च समाक्रान्ताः स्वदर्शनानुरागिणः स्वात्मा-नमनार्यमार्गे पातयन्तोऽन्यांश्च पातयन्तो नित्यसंसारिणः ॥५५॥

પાંચભૌતિકમાત્ર વાદના ખંડન માટે કહે છે.

**સૂત્રાર્થ :-** આના વડે ભૂતરૂપ જ લોક છે. એ પ્રમાણે તેનું ખંડન કર્યું. કારણ કે કર્ત્તાપણાનો સ્વભાવ ન થતો હોવાથી.

**ટીકાર્થ :-** પહેલા કહેલા દોષો વડે, પાંચ ભૂત માત્રવાદી એવા નાસ્તિકો સાંખ્યોએ આગળ એવ પદ વડે આત્માનું ખંડન કર્યુ છે. સાંખ્યોનો પણ મત આત્માને નિર્ગુણપણે, અકર્તાપણે અને અકિંચનકારીપણે છે. કારણ કે અસત્કલ્પની જેમ છે. પૃથ્વી, અપ્, તેઉ, વાઉ (વાયુ), આકાશ એ પાંચ ભૂતો. એ પાંચે જગત્ વ્યાપી છે. બીજા વડે કરાયેલા નથી. પરંતુ સ્વાભાવિક પરિણામથી બનેલી છે. અનાદિ અનંત છે. પોતાના કાર્યના કર્તવ્ય પ્રતિ બીજાની અપેક્ષા વગરના નિરપેક્ષ શાશ્વત છે.

સાંખ્યો પણ સત્કાર્યવાદ સ્વીકારવાના કારણે પાંચ ભૂતો આવા જ છે. એમ માને છે, આત્મા અસત્યમય હોવાથી લોકાયતિક મતમાં તેનો અભાવ હોવાથી લોક આખો ભૂતમાત્ર જ છે. બીજું કોઇ જ પદાર્થ નથી. એ મતનું પણ ખંડન થયું. પોતાના અનુભવ સિદ્ધ જ્ઞાન વડે ધર્મી આત્માની જરૂરીયાત (આવશ્યકતા) હોવાથી ધર્મી તરીકે ભૂતોને જ કલ્પવા યોગ્ય (યુક્ત) નથી. કેમકે તેઓ અચેતન છે. શરીરાકાર રૂપે પરિણત ચૈતન્ય એ ધર્મ છે. એમ કહેવું નહીં. આત્માનો અભાવ હોય છે તે શરીર આકાર પરીણામનો જ નિર્હેતુકપણા વડે અસંભવ હોવાથી જો સંભવ હોય તો નિત્ય સત્ત્વ અથવા અસત્ય થાય. માટે ભૂતથી અલગ આત્મા સ્વીકારવો, તે આત્મા હોવાથી સદસદ અનુષ્ઠાનથી પુણ્ય પાપ થાય, તેનાથી જગતની વિચિત્રતાની સિદ્ધિ થાય છે. બીજી રીતે નહીં. સાંખ્યમતમાં પણ પ્રકૃતિની ચેતનતા હોવાથી કાર્ય કર્ત્તત્વપણું મળતું નથી. પ્રકૃતિમાં પ્રતિબિંબ થયેલો આત્મા જ કાર્ય કરે છે. એ વાત બરાબર નથી તેનું અકર્ત્તાપણું સ્વીકારેલ હોવાથી નિત્યપણું હોવાથી સંભવતું નથી એકાંત નિત્યને પણ કાર્ય કર્ત્તૃત્વપણું સંભવતું નથી. કારણકે પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરતો હોવાથી મહદાદિ વિકારો થશે નહીં. તે પ્રકૃતિ એક હોવાથી એક આત્માનો વિયોગ હોવાથી સર્વ આત્માનો વિયોગ થાય. એકનો સંબંધ થાય તો બધા આત્માનો પ્રકૃતિની સાથે સંબંધ થાય. કોઇકની સાથે થાય એમ નહીં તથા એકનો મોક્ષ બીજાનો સંસાર એમ એમ જગત્વૈચિત્રતા ન થાય. સત્કાર્યવાદો યુક્તિ યુક્ત નથી. કારણ કે માટીના પિંડની અવસ્થામાં ઘડાની ઉત્પત્તિ પહેલા ઘર સંબંધી ક્રિયા ગુણના વ્યપદેશનો અભાવ હોવાથી ઘટાર્થીઓની પણ ક્રિયાઓમાં તેના ઉત્પાદ વગેરેમાં પણ પ્રવૃત્તિથી કારણમાં કાર્ય સત્ હોતું નથી. એઓ પણ વિવિધ પ્રકારે પાણીના સ્નાન અવગાહન વગેરે વડે વિદ્યમાન જીવોને નાશ કરનારી પ્રવૃત્તિ વડે, આરંભ સમારંભની ક્રિયાઓ વડે, કામ વગેરેની પ્રવૃત્તિઓ વડે ઘેરાયેલા પોતાના ધર્મના અનુરાગી પોતાના આત્માને અનાર્યમાર્ગે પાડે છે. બીજાઓને પણ પડાવતા નિત્ય સંસારી થાય છે. ॥૫૫॥

ईश्वरकर्त्तृतावादनिराकरणायाह—

**सर्वमीश्वरसम्बन्धीति केचित्तन्नानवस्थानात्, प्रमाणादिभेदानुपपत्तेश्च ॥५६॥**

**सर्वमिति,** चेतनाचेतनात्मकसमस्तस्यापि जगत ईश्वरः कारणम्, प्रमाणञ्च तनुभुवनादिकमीश्वरकर्त्तृकम्, संस्थानविशेषवत्त्वात्, कूपदेवकुलादिवत्, तथा च सर्वमीश्वरकारणकम्, तत्र ये जीवानां धर्मा जन्मजरामरणव्याधिरोगशोकसुखदुःखादयः, ये चाजीवधर्मा मूर्त्तिमतां द्रव्याणां वर्णगन्धादयोऽमूर्त्तिमतां धर्माधर्माकाशादीनां गतिस्थित्यादयः सर्वेऽप्येत ईश्वरकृताः, आत्माद्वैतवादे वाऽऽत्मविवर्त्ताः सर्वेऽप्येते पुरुषमेवाभिव्याप्य तिष्ठन्ति, यथा हि शरीरिणां संसारान्तर्गतानां कर्मवशगानां यो गण्डादिर्भवति स शरीरावयवभूतः शरीराभिवृद्धौ तस्याभिवृद्धिः स च शरीरं व्याप्य व्यवस्थितो न तु शरीरात् पृथग्भूतः, तदुपशमे च शरीरमेवाश्रित्य स

वर्त्तते न ततो बहिर्भवत्येवमेवामी धर्माश्चेतनाचेतनारूपास्ते सर्वेऽपीश्वरकर्तृका न त ईश्वरात् पृथक् कर्त्तुं पार्यन्ते तद्विकारापगमे चात्मानमेवाश्रित्यावतिष्ठन्ते न तस्माद्बहिर्भवन्ति, उक्तञ्च– 'पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यमि'ति, तथा 'एक एव हि भूतात्मा भूते भूते प्रतिष्ठितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवदि'ति । तथा वदन्ति च द्वादशाङ्गं मिथ्या, अनीश्वरप्रणीतत्वात्, स्वरुचिविरचितरथ्यापुरुषवाक्यवत्, नैतत्तथ्यमिति तन्मतं निराकरोति **नेति**, सर्वमीश्वरकर्तृकमित्यभ्युपगमे किमसौ परान् स्वत एव क्रियासु प्रवर्त्तयते, उतान्यप्रेरितः, आद्ये परेऽपि स्वत एव प्रवर्त्तेरन् किमीश्वरेण, द्वितीये त्वनवस्था, ईश्वरोऽन्येन प्रेर्यते सोऽप्यन्येनेत्यादि । किञ्चासावीश्वरो महापुरुषतया वीतरागोपेतस्सन्ननेकान्नरकयोग्यासु क्रियासु प्रवर्त्तयति, अपरांस्तु स्वर्गापवर्गयोग्यास्विति कथं स्यात्, न च ते पूर्वशुभाशुभचरितोदयादेव तथाविधक्रियासु प्रवर्त्तन्ते, ईश्वरस्तु निमित्तमात्रमिति वाच्यम्, प्राक्तनाशुभप्रवृत्तेरपि तदायत्तत्वात्, तत्रापि प्राक्तनाशुभाचरणान्तरस्य हेतुत्वे तत एव शुभाशुभस्थानप्राप्तिसम्भवे किमीश्वरपरिकल्पनया, संस्थानविशेषवत्त्वं हेतुरप्यसिद्धाविनाभावक इत्यसकृदावेदितमेव सम्मति सोपाने, जगत ईश्वरकर्त्तृत्वे तस्यैकरूपत्वेन जगद्वैचित्र्यस्यासिद्धिश्च । आत्माद्वैतपक्षस्त्वत्यन्तं युक्त्यसङ्गत एव, आत्मन एकत्वात् प्रमाणमिदं प्रमेयमिदं प्रतिपाद्योऽयम्, प्रतिपादकोऽयम्, हेतुरयम्, दृष्टान्तोऽयम्, तदाभासोऽयमित्यादिभेदावगमो न स्यात् ततश्च कथं जगद्वैचित्र्यं घटेत, निर्हेतुकत्वे नित्यं सत्त्वमसत्त्वं वा भवेत् । तदेवमीश्वरकर्तृकत्वमात्माद्वैतञ्च युक्तिभिर्विचार्यमाणो न कथञ्चिद्घटां प्राञ्चति, तथाप्येते स्वदर्शनमोहिता दुःखान्नातिमुच्यन्ते, विप्रतिपन्नाश्चासमञ्जसभाषितया तमेव पक्षं श्रद्दधानाः कामोपभोगेषु मूर्च्छिता न कदापि निरतिशयसुखानन्दभाजो भवन्ति ॥५६॥

ઇશ્વર કર્તૃત્વવાદનું નિરાકરણ કરવા માટે કહે છે.

**સૂત્રાર્થ** :- બધું ઇશ્વરે બનાવ્યું છે. એમ કોઇકે કહ્યું છે. તે વાત બરાબર નથી, કારણ કે અનવસ્થા થતી હોવાથી અને પ્રમાણાદિ ભેદોની પ્રાપ્તિ ન થતી હોવાથી.

**ટીકાર્થ** :- ચેતન અચેતન રૂપાત્મક સંપૂર્ણ જગતના સર્જન માટે ઇશ્વર કારણ છે. પ્રમાણ રૂપે શરીર ભુવન વગેરે વસ્તુઓના કર્તા ઇશ્વર છે. કારણ કે સંસ્થાન વિશેષ (આકાર વિશેષવાળા) હોવાથી, કુવા-દેવકુલિકા વગેરેની જેમ તથા આ બધું ઇશ્વર કારણરૂપે હોવાથી થાય છે. તેમાં જે જીવાના ધર્મો જેવા કે - જન્મ, જરા, મરણ, વ્યાધિ, રોગ, શોક, સુખદુઃખ વગેરે જે અજીવના ધર્મો રૂપી દ્રવ્યોના વર્ણ, ગંધ વગેરે અરૂપી દ્રવ્યોના ધર્માધર્મ-આકાશ વગેરેના ગતિ-સ્થિતિ વગેરે આ બધા ધર્મો ઇશ્વરે બનાવ્યા છે. આત્મા અદ્વૈતવાદ અથવા આત્મ વિવર્તો, આ બધા પણ

પુરુષને જ ફેલાઈને, ધરીને રહ્યા હોય છે. જેમકે સંસારની અંદર રહેલા, કર્માધીન શરીરધારી જીવોને જે ગુમડા વગેરે થાય છે. તે શરીરના અવયવરૂપ થાય છે. આથી શરીરની વૃદ્ધિમાં તેની પણ વૃદ્ધિ થાય છે. કેમકે શરીરને વ્યાપીને રહેલા હોય છે. પણ શરીરથી અલગ રહેલા નથી. તે શરીર વગેરે ઉતરી જાય ત્યારે તે શરીરને આશ્રયીને રહેલા હોય છે. તેનાથી બહાર હોતા નથી. એ પ્રમાણે આ ચેતન અચેતન બધા ધર્મો પણ ઈશ્વર કર્તૃક છે. (કરેલા છે) પણ ઈશ્વરથી જુદા કરી શકાય એમ નથી. તેના વિકારો દૂર થાય ત્યારે આત્માને જ આશ્રયીને રહે છે. પણ તેનાથી બહાર જતા નથી કહ્યું છેકે, "पुरुष एवेदं सर्वं यद्भूतं च्चभाव्यमिति" પુરુષ જ આ બધું છે. જે ભૂતકાળમાં હતું કે ભવિષ્યમાં હશે તથા એક જ ભૂતાત્મા ભૂતે-ભૂતે અલગ રહેલો હોય છે. એકજ આત્મા અનેક રૂપે દેખાય છે. જેમ એક જ ચંદ્રમા પાણીમાં અનેક રૂપે દેખાય છે તેમ.

તથા એ લોકો બોલે છે કે દ્વાદશાંગી મિથ્યા છે. કેમકે ઈશ્વર નહિ એવી વ્યક્તિએ બનાવી હોવાથી, જેને પોતાની ઈચ્છા પ્રમાણે બનાવતા શેરીમાં રહેતા પુરુષોના વાક્યની જેમ. આ વાક્યમાં તથ્ય (સાર) નથી. માટે તેનું ખંડન કરવામા આવે છે. બધું જો ઈશ્વરે બનાવ્યું છે. એમ સ્વીકારવામાં આવે તો શું આ ઈશ્વર ક્રિયાઓમાં જાતે જ પ્રવર્તે છે કે બીજાની પ્રેરણાથી પ્રવર્તે છે. પહેલા વિકલ્પમાં બીજાઓમાં પણ જાતે જ પ્રવર્તતા હોય છે ઈશ્વરની પ્રેરણાથી. બીજા વિકલ્પમાં તો અનવસ્થા થાય છે. ઈશ્વર બીજાથી પ્રેરાય છે. તે વળી બીજા અન્યથી પ્રેરાય છે. એમ અનવસ્થા થાય. શું આ ઈશ્વર મહાપુરુષ રૂપે વીતરાગતા યુક્ત થઈને અનેક જીવોને નરક યોગ્ય કાર્યોમાં પ્રવર્તાવે છે. અને બીજાઓને સ્વર્ગ કે મોક્ષના યોગ્ય કાર્યોમાં શા માટે પ્રવર્તાવે છે. તેઓ પૂર્વમાં શુભ અશુભ આચરેલ કર્મના ઉદયથી તેવા પ્રકારની ક્રિયાઓમાં પ્રવર્તતા નથી. ઈશ્વર તો નિમિત્ત માત્ર છે. એ પ્રમાણે કહેવું પૂર્વની પહેલાની અશુભ પ્રવૃત્તિથી પણ થાય છે. તે તો આધિન હોવાથી તેમાં પણ પૂર્વના અશુભ આચરણના પછીના કારણપણું હોવાથી તેથી જ શુભ અશુભ સ્થાન પ્રાપ્તિનો સંભવ છે. તો પછી ઈશ્વરની કલ્પના કરવા વડે શું હોય.

સંસ્થાન વિશેષવાળાપણામાં હેતુ પણ અસિદ્ધ અવિનાભાવક એ પ્રમાણે અનેક વખત જણાવ્યું છે. એમ 'સમ્મતિ સોપાન' માં જણાવ્યું છે. જગત્ ઈશ્વર કર્તૃત્વમાં તેના એકરૂપપણા વડે જગતની વિચિત્રતાની અસિદ્ધિ થાય છે. આત્મા દ્વૈત પક્ષતો અત્યંત યુક્તિથી અસંગત જ છે. આત્મા એક જ હોવાથી આજ પ્રમાણ, આજ પ્રમેય છે, આજ પ્રતિપાદ્ય, આજ પ્રતિપાદક, આજ હેતુ, આજ દૃષ્ટાંત, આજ તદાભાસ વગેરે ભેદાવગમ થાય. તેથી કેવી રીતે જગત વિચિત્રતા ઘટે છે. નિર્હેતુકપકપણામાં નિત્ય સત્ત્વ અથવા અસત્ત્વ થાય. તેથી આ પ્રમાણે ઈશ્વરકર્ત્તૃત્વપણામાં આત્મા અદ્વૈતપણાને યુક્તિવડે વિચારતા જરાપણ બેસતું નથી. છતાં પણ એ લોકો પોતાના દર્શનના રાગથી (મોહથી) દુઃખથી નથી છૂટતા વિપરીત સ્વીકારેલ હોવાથી અસમંજસ ધર્મભાષીપણાવડે તેજ પક્ષની શ્રદ્ધા કરતા કામોપભોગમાં મૂર્છિત થયેલા ક્યારે પણ નિરતિશયસુખવાળા આનંદના ભાગી થતા નથી. ॥૫૬॥

अथ नियतिवादं निराकरोति—

**नियतिकृतं सर्वमनिष्टस्यापि कर्त्तृत्वादिति चेन्न, तस्या एवाभावात् ॥५७॥**

**नियतीति,** सर्वं लोके नियतिकृतमेव, न तत्र कालो वेश्वरो वा पुरुषकारो वा प्रकृतिर्वा कारणम्, समानक्रियाणामपि कस्यचिदेवार्थसिद्धेः, यदि हि नियतिप्रेरितं जगन्न स्यात्, कश्चिन्नियतवादी कश्चिदनियतवादी कश्चित्क्रियावादी कश्चिदक्रियावादीति न तुल्यता भवेत्, कीन्तु नियतिवशेनैव तथावादाश्रयणात्समानता, पुरुषकारादिकृतत्वे च दुःखोत्पादकक्रिया-समारम्भमात्मा न कुर्यात्, न हि कस्यचित्स्वात्माऽनिष्टः, येन तस्य परितापादिजनकमनुष्ठानं विदध्यात्, किन्तु नियत्यैवासावनिच्छन्नपि तत्कार्यते येन दुःखपरम्पराभाग्भवति, तस्मात्सर्वे प्राणिनो नियतित एव तत्र तत्र नानाविधशरीरसम्बन्धं ततो वियोगं चानुभवन्ति, न तु कर्मादिनेति । नियतौ प्रमाणाभावं विचिन्त्य तन्मतं दूषयति, **तस्या एवाभावादिति,** नियतेरेव निर्युक्तिकतयाऽभावादित्यर्थः, तथा हि-किमसौ नियतिः स्वत एव नियतिस्वभावा, अन्यया वा, स्वत एवेति चेत्कुतो न पदार्थानामेव तथा स्वभावत्वम्, येन बहुदोषा नियतिराश्रयणीया भवेत् । अन्यया सा नियम्यत इति चेत्किं न पश्यति भवाननवस्थाम् । किंच नियतिर्नियतित्वादेव नियतस्वभावा, न तु नानास्वभावा, तथा च तस्या एकत्वेन तत्कार्यमप्येकाकारं स्यात्, एकाकारकारणजन्यस्यानेकाकारत्वादर्शनात्, तस्मान्न नियतिर्युक्तिभिर्विचार्यमाणा घटते, नानावादाभ्युपगन्तॄणां समानत्वमपि यदुक्तं तदपि प्रतीतिबाधितमेव, भिन्नभिन्नवादानां हि कथमेकता स्यात्, एकनियतिप्रयुक्तत्वादिति चेन्न जगद्वैचित्र्यासम्भवात्, तस्मान्न नियतिवादः श्रेयान्, तांश्च श्रद्दधानाः कामोपभोगेषु सक्ता एव दुष्पारसंसारपङ्कनिमग्ना न कदापि पारयायिन इति ॥५७॥

હવે નિયતિવાદનું નિરાકરણ કરે છે.

**સૂત્રાર્થ** :- નિયતિએ કરેલ બધુ અનિષ્ટ છે. કેમકે કર્ત્તાવડે કરાયેલ હોવાથી એ વાત બરાબર નથી કેમકે તેનો જ અભાવ હોવાથી.

**ટીકાર્થ** :- સર્વલોકમાં બધુ નિયતિ વડે જ કરાયું છે. તેમાં કાળ કે ઇશ્વર કે પુરુષાર્થ કે પ્રકૃતિ કારણ નથી. સમાન ક્રિયાઓની કોઇકથી અર્થ સિદ્ધિ થતી હોવાથી જો નિયતિ પ્રેરિત જગત ન હોય તો કોઇક નિયતવાદી, કોઇક અનિયતવાદી, કોઇક ક્રિયાવાદી, કોઇક અક્રિયાવાદી એ પ્રમાણે સમાનતા (તુલ્યતા) ન થાય. પરંતુ નિયતિના વશથી જ તથા વાદનો આશ્રય કરવાથી સમાનતા થાય છે અને પુરુષકાર એટલે પુરુષાર્થ વગેરે કરે છતે દુઃખોત્પાદક ક્રિયાનો સમારંભ

આત્મા કરે નહીં, કોઈપણ પોતાના આત્માનું અનિષ્ટ ન કરે કે જેના વડે તેને પરિતાપ વગેરે ઉત્પન્ન થાય તેવા અનુષ્ઠાન કરે પરંતુ, નિયતિથી જ એ નહીં ઇચ્છતો હોવા છતાં પણ તે કામ કરે છે કે ક્રિયા કરે છે. જેનાથી દુઃખની પરંપરાનો ભાગી થાય, તેથી બધા પ્રાણીઓ નિયતિથી જ તે તે જગ્યાએ જુદા જુદા પ્રકારના શરીરના સંબંધો અને તેનો વિયોગ અનુભવે પરંતુ, કર્મ વગેરેથી નહીં. નિયતિમાં પ્રમાણના અભાવને વિચારી તેના મતને દૂષિત કરે છે. નિયતિ જ યુક્તિ વગરની હોવાથી તેનો જ અભાવ છે. તે આ પ્રમાણે-શું આ નિયતિ પોતાની તે જ નિયતિ સ્વભાવવાલી છે કે બીજી રીતે છે ? જો એમ કહો કે પોતાની જાતે જ છે. તો શા માટે પદાર્થોને જ તથા સ્વભાવત્વપણું નથી. જેના કારણે ઘણા દોષો નિયતિનો આશ્રય કરવામાં થાય છે. બીજી રીત વડે તેનું નિયમન કરે તો પછી તેને અનવસ્થા થાય છે એને કેમ જોતા નથી ? વળી નિયતિ નિયતિપણાથી જ નિયતસ્વભાવવાળી છે. નહિ કે વિવિધ સ્વભાવવાળી તથા તેનો એકપણા વડે તેનું કાર્યપણ એકાકારવાળું થવું જોઇએ. એકાકાર જન્ય કારણનું કાર્ય અનેકાકારપણું દેખાતું નથી માટે નિયતિને યુક્તિ વડે વિચારતા ઘટતી (બેસતી) નથી. વિવિધવાદો સ્વીકારનારાઓમાં સમાનપણું છે. જે એમ કહ્યું તે પણ પ્રતિતિથી બાધિત થાય છે. ભિન્ન ભિન્ન વાદવાળાઓમાં કેવી રીતે એકતા થાય ? જો એમ કહો કે એક નિયતિનો પ્રયોજવાથી થાય એ વાત પણ બરાબર નથી. કેમકે જગતની વિચિત્રતાનો અસંભવ થઇ જતો હોવાથી માટે નિયતિવાદ કલ્યાણકારી નથી. તેની શ્રદ્ધા કરવાવાળાઓ કામોપભોગેષુ આસક્ત થઇને જ દુઃષ્પાર સંસારરૂપી કીચડમાં ડૂબેલા ક્યારે પણ પાર પામનારા થતા નથી: ॥૫૭॥

यः कामभोगेष्वसक्तः संसारपारयायी भवति तथाविधमादर्शयति—

**क्षेत्रस्वजनादयो न त्राणायेति तत्त्यागाय कृताध्यवसायो विदितवेद्यः ॥५८॥**

**क्षेत्रेति,** यो हि प्रव्रज्यां प्रतिपन्नः प्रविव्रजिषुर्वा जानीयादेवम्, यथा-जगत्यस्मिन् क्षेत्रवास्तुहिरण्यधनधान्यादिकं बाह्यतरं यद्वस्तु जातं तन्ममोपभोगाय भविष्यति, अहमप्येषां योगक्षेमार्थं प्रभविष्यामीत्येवं सम्प्रधार्य तदासक्तो भवति, ततश्च कदाचित् नितरां दुःखोपादानमनिष्टं शिरोवेदनादिदुःखं जीवितविनाशकश्शूलादिर्वा यदि तस्य समुत्पद्यते तदा हे कामभोगाः ! यूयं मया पालिताः परिगृहीताश्च ततो यूयमपीदं दुःखं रोगं वा विभागशः परिगृह्णीत, अहमनेनातीवोद्विग्नो दुःखितः, अतोऽमुष्मान्मां प्रतिमोचयतेति भृशं प्रार्थयमानोऽपि न ते क्षेत्रादयस्तस्य त्राणाय शरणाय वा भवन्ति, तथा सुलालिता अपि राजाद्युपद्रव-कारिभिर्ह्रियमाणा नेषदपि विचारयन्त्येतावन्तं कालं यावल्लालयितारमात्मानम्, तस्माद्भिन्नाः खल्वमी क्षेत्रादयस्तेभ्यश्चाहम्, एवंस्थिते किमेतेष्वन्येषु परभूतेषु विनश्वरेषु मम मूर्च्छेति, एवं मातापितृभगिन्यादयोऽपि सुलालिता अपि न दुःखान्मोचयितारः, न वाऽहं तेषां दुःखस्य

मोचनाय समर्थः, सर्वे हि संसारिणः स्वस्वकृतकर्मोदयापादितदुःखादिगन्ताः, न ह्यन्यस्य दुःखमन्यः कोऽपि प्रतिग्रहीतुं समर्थः, अन्यथा पुत्रादेर्दुःखेनासह्येनात्यन्तपीडिताः स्वजनास्त-द्दुःखमात्मनि कुर्युः, तथा च सत्यकृतागमकृतनाशौ युक्त्यसङ्गतौ प्रसज्येयाताम्, अतो यद्येन कृतं तत्सर्वं स एवानुभवति, ततश्च सर्वोऽप्यसुमानेकको जायते क्षीणे चायुष्येकक एव म्रियते, तस्मादन्ये खल्वमी मत्तो ज्ञातय इत्वराश्च, एभ्यश्चान्योऽहमस्मि, किमेषु मम मूर्च्छयेति च । तदेवं क्षेत्रस्वजनादावुत्पन्नवैराग्यो यस्तान् त्यक्ष्यामीत्येवमध्यवसायं करोति स एव विदितवेद्यो भवति ॥૫૮॥

જે કામભોગોમાં અનાસક્ત હોય છે. તે સંસાર પારગામી થાય છે. તેવા પ્રકારના જીવો બતાવે છે.

**સૂત્રાર્થ :-** ખેતર સ્વજનો વગેરે રક્ષણ માટે નથી થતા માટે તેના ત્યાગ કરવાના અધ્યવસાયવાળો જાણીને જ્ઞાની થાય.

**ટીકાર્થ :-** જેમણે દીક્ષા લીધી છે કે લેવાની ઇચ્છાવાળા છે. તે આવા પ્રકારના જાણવા, જેમકે આ જગતમાં ખેતર, મકાન, સોનું, ધન, ધાન્ય વગેરે બહાર દેખાતી જે વસ્તુઓ છે. તે મારા ઉપભોગ માટે થશે. હું પણ એમના યોગક્ષેમ માટે થઇશ. એમ વિચારી તેમાં આસક્ત થાય છે. ત્યાર બાદ ક્યારેક સતત દુઃખ ઉત્પન્ન કરનારી અનિષ્ટ માથું દુઃખવા વગેરે દુઃખ અથવા આયુષ્યના નાશરૂપ શૂલ વગેરે જો તેને ઉત્પન્ન થાય. ત્યારે હે કામભોગો ! જો તમને પાળ્યા છે. સારી રીતે ગ્રહણ કર્યા છે. તેથી તમે પણ આ દુઃખ અથવા રોગ ભાગે પડતા લો. હું પણ આનાથી ખૂબજ કંટાળી ગયો છું. દુઃખી થઇ ગયો છું. આથી તમે મને છોડાવો. આ પ્રમાણે ઘણી પ્રાર્થના કરવા છતાં પણ તે ખેતર વગેરે તેના રક્ષણ માટે કે શરણ માટે થતા નથી. તથા સારા લાલનપાલન કરાયેલા સ્વજનો પણ રાજા વડે ઉપદ્રવ કરનારાઓ વડે હરણ કરતા જરાપણ વિચારતા નથી કે 'આટલો વખત સુધી અમને લાલનપાલન કર્યા છે' તેથી ખેદ પામેલાઓએ આ ખેતર વગેરે અને તેમનાથી હું કંટાળી ગયો છું. આ પ્રમાણે હોવાથી આનાથી કે બીજાથી શું ? પર સ્વરૂપવાળા, વિનશ્વર પદાર્થો માટે મૂર્છા શા માટે ? એ પ્રમાણે માતા-પિતા, બહેન વગેરે સારી રીતે લાલનપાલન કરાયેલા છતાં પણ દુઃખથી છોડાવનારા થતા નથી. હું પણ તેમને દુઃખથી છોડાવવા માટે સમર્થ નથી. નહીં તો પુત્ર વગેરેનું દુઃખ સહન નહીં કરી શકનારાઓ ખૂબ જ પીડાતા સ્વજનો તે દુઃખને પોતાનું કરી લે. આ પ્રમાણે થવાથી અકૃતાગમ અને કૃતનાશ નામનો યુક્તિ અસંગત પ્રસજયેતા પ્રાપ્ત થાય છે. આથી જે કર્મ જેને કર્યું હોય તે તે બધું તેને જ અનુભવવું ભોગવવું પડે છે. તેથી બધા જીવો એકલા ઉત્પન્ન થાય. અને આયુષ્યનો ક્ષય થાય. એકલો જ મરે છે. તેથી બીજા ખરેખર મારા જ્ઞાતીના છે. આ બીજા છે. એમનાથી હું જુદો છું. આ બધાથી

મારે મમત્વ રાખવાથી શું ? આ પ્રમાણે ખેતર સ્વજનો વગેરેમાં ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળો તેઓનો ત્યાગ કરૂં છું એમ અધ્યવસાય પરિણામ કરે છે. તેજ વિદિતવેદ્ય થાય છે. ॥૫૮॥

अनन्तरकर्त्तव्यमाह—

**स निष्किञ्चनो भिक्षुरारम्भनिवृत्तो निराशंसः सत्यंयमी ॥५९॥**

**स इति,** यो विदितवेद्यः प्रतिक्षणं म्रियमाणे शरीरेऽपि ममतारहितः संसारासारतां विज्ञाय परित्यक्तसमस्तगृहप्रपञ्चस्संयमी कामभोगार्थिनो गृहस्थशाक्यब्राह्मणादयः, स्वत एव तदुपादानान् सचित्तानचित्तांश्चार्थान् परिगृह्णन्ति, अन्येन च परिग्राहयन्ति परिगृह्णन्तं समनुजानते, परिग्रहिण एते पापान्युपाददते त्रसस्थावरोपमर्दकं व्यापारं स्वतः कुर्वन्ति परेण कारयन्ति कुर्वन्तञ्च समनुजानन्ति, तस्मादेते सावद्यानुष्ठानेभ्योऽनुपरताः परिग्रहारम्भाच्च संयमानुष्ठानेनानुपस्थिताः, येऽपि कथञ्चिद्धर्मकरणायोत्थितास्तेऽप्युद्दिष्टभोजित्वात्सावद्यानुष्ठानपरत्वाच्च गार्हस्थ्यं नातिवर्त्तन्त इत्येवं परिज्ञाय सम्यङ् निष्किञ्चन आरम्भनिवृत्तश्च परिहृतरागद्वेषोऽनवद्यस्याहारस्य देहदीर्घसंयमयात्रार्थमेवाभ्यवहर्त्ता भिक्षुर्ममानेन विकृष्टतपसा जन्मान्तरे कामभोगावाप्तिर्भविष्यतीत्येवमाद्याशंसारहितोऽनुकूलप्रतिकूलोपसर्गाणां समभावेन सहिष्णुस्सत्संयमी भवति, सर्वपापेभ्यो विरतत्वात् ॥५९॥

વિદિતવેદ્ય થયા પછી તેનું જે કર્તવ્ય છે. તે કહે છે.

**સૂત્રાર્થ :-** તે વિદિતવેદ્ય થયા પછી નિષ્કિંચન એટલે નિષ્પરિગ્રહી ભિક્ષુક આરંભ - સમારંભથી નિવૃત્ત, નિરાશંસી, સત્સંયમી હોય છે.

**ટીકાર્થ :-** જે વિદિતવેદ્ય છે તે હરેક ક્ષણે મરાતા શરીરમાં પણ મમતારહિત સંસારની અસારતા જાણી છોડી દીધો છે. સંપૂર્ણ ઘરનો પ્રપંચ કારભાર તે સંયમી છે. કામભોગનો અર્થી, ગૃહસ્થ શાક્ય-બૌદ્ધ, બ્રાહ્મણ વગેરેની તે જ તેના ઉપાદાનથી સચિત્ત અચિત્ત પદાર્થોને ગ્રહણ કરે છે. બીજા પાસે ગ્રહણ કરાવે છે. ગ્રહણ કરતા બીજાને સારો સમજે છે, પરિગ્રહીઓ આ પાપો ગ્રહણ કરે છે. ત્રસ સ્થાવર જીવોનો નાશ કરવાનો વ્યાપાર પોતે જ કરે છે. બીજા પાસે કરાવે છે. અને કરતા હોય તેને સારો માને છે. તેથી આ બધા પાપકારી ક્રિયાથી નહિ અટકેલા પરિગ્રહ અને આરંભવાળા સંયમ અનુષ્ઠાનમાં ઉપસ્થિત નહિ રહેનારા એટલે સંયમ ક્રિયા નહીં કરનારા જેઓ પણ કંઈક ધર્મ કરવા માટે તૈયાર થયા હોય તે પણ ઉદ્દિષ્ટ ભોજિજ એટલે (સાધુ) પોતાના માટે કરેલું વાપરનારા હોવાથી સાવદ્યાનુષ્ઠાનમાં રક્ત હોય છે. તેથી ગૃહસ્થપણાને ઓળંગતા નથી. આ પ્રમાણે તેઓને સારી રીતે જાણી સારી રીતે અપરિગ્રહી, આરંભ નિવૃત્ત, રાગ દ્વેષ છોડેલો, અનવદ્ય એટલે પાપરહિત આહારને દેહ અને સંયમની યાત્રા માટે જ વાપરનારો ભિક્ષુ,

મને વિકૃષ્ટ-કઠોર તપ વડે જન્માન્તરમાં બીજા જન્મમાં કામભોગોની પ્રાપ્તિ થશે વગેરે એ પ્રમાણે પહેલાં આશંસા નિયાણા વગરનો થઇ અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગોને સમભાવે સહન કરનારો સર્વપાપોથી વિરમેલો સત્સંયમી થાય છે. ॥૫૯॥

संयमव्यवस्थितस्य कर्त्तव्यमाह—

**निर्दुष्टमिताहारभुङ्गिरुपधि शान्तिधर्मं प्रवक्ता ॥६०॥**

**निर्दुष्टेति,** एवं निखिलाशंसारहितो वेणुवीणाद्यनुकूलेषु रासभादिकर्कशेषु शब्दादिष्वरक्त-द्विष्ट आहारजातमपि परकृतपरनिष्ठितमुद्गमोत्पादनैषणाशुद्धं भिक्षाचर्यविधिना प्राप्तं केवल-साधुवेषावाप्तं सामुदायिकं मधुकरवृत्त्या सर्वत्र स्तोकं स्तोकं गृहीतं यावन्मात्रेणाहारेण देहः क्रियासु प्रवर्त्तते यावत्या चाहारमात्रया संयमयात्रा प्रवर्त्तते तन्मितं बिलप्रवेशपन्नगभूतेनात्मना तत्स्वादमनास्वादयता सूत्रार्थपौरुष्युत्तरकालं प्राप्ते भिक्षाकालेऽवाप्तं परिभोगकाल उपभुञ्ज्येत, एवं पानाद्यपि, एवमाहारादिविधिज्ञो भिक्षुः परहितार्थप्रवृत्तः सम्यगुपस्थितेष्वनुपस्थितेषु वा श्रोतुं प्रवृत्तेषु शिष्येषु स्वपरहिताय न त्वन्नपानादिहेतोर्न वा कामभोगनिमित्तं शान्तिप्रधानं धर्मं प्राणातिपातादिभ्यो विरमणरूपं रागद्वेषाभावजनितमिन्द्रियनोइन्द्रियोपशमरूपमशेषद्वन्द्वोप-शमरूपं सर्वोपाधिविशुद्धतालक्षणभावशौचरूपं कर्मगुरोरात्मनः कर्मापनयनतो लध्ववस्था-संजननलक्षणं धर्मं श्रावयेत्, एवंविधगुणवतो भिक्षोः समीपे धर्मं सुनिशम्य सम्यगुत्थाने-नोत्थाय कर्मविदारणसहिष्णवः सर्वपापस्थानेभ्य उपरताः सर्वोपशान्ता जितकषाया अशेष-कर्मक्षयं विधाय परिनिर्वृताः ॥६०॥

સંયમમાં વ્યવસ્થિતાના કર્તવ્યો કહે છે.

**સૂત્રાર્થ** :- નિર્દોષ, પ્રમાણસર, આહાર કરનારો, વાપરનારો, ઉપધિવગરનો, વિષય કષાયથી શાંત થયેલ, ધર્મને કરનારો સંયમી હોય છે.

**ટીકાર્થ** :- આ પ્રમાણે સમસ્ત આશંસા ઇચ્છા રહિત, વેણું-વાંસળી-વીણા વગેરે અનુકૂળ અને ગધેડા વગેરેના કર્કશ શબ્દ વગેરેમાં રાગ દ્વેષ વગરનો બીજા માટે કરેલો, બીજા માટે તૈયાર થયેલો, ઉદ્ગમ ઉત્પાદના એષણાના દોષોથી શુદ્ધ આહારને ભિક્ષાચર્યાની વિધિપૂર્વક મેળવેલો કેવલ સાધુવેષને પ્રાપ્ત સામુદાયિક મધુકર વૃત્તિથી થોડો થોડો બધી જગ્યાથી ગ્રહણ કરે કે જેટલા માત્ર આહારથી શરીર ક્રિયાઓમાં પ્રવર્ત્તિ શકે, જેટલા પ્રમાણ આહારથી સંયમ યાત્રામાં પ્રવર્ત્તિ શકે તેટલા પ્રમાણમાં આહાર લે, દરમાં સાપ પેસે એ પ્રમાણે જાતે તે સ્વાદને નહીં કરતો, સૂત્ર અર્થ પોરિસીનો સમય વીત્યા પછી ભિક્ષાકાળ આવે ત્યારે વાપરવાના સમયે ઉપભોગ કરે-વાપરે. એ પ્રમાણે પાણી વગેરે પ્રવાહી વાપરે. આ પ્રમાણે આહાર વગેરેની વિધિનો જાણકાર પરકલ્યાણમાં

પ્રવૃત્ત ભિક્ષુ સારી રીતે હાજર થયેલા અથવા ગેરહાજર રહેલા સાધુ સાંભળવા માટે આવ્યા હોય ત્યારે શિષ્યોને પોતાના કે બીજાના હિત માટે શિક્ષા આપે. નહિ કે આહાર પાણી માટે કે ભોગનિમિત્તે, શાંતિપ્રધાન ધર્મ પ્રાણાતિપાતવિરમણરૂપ, રાગ, દ્વેષ બનાવ નિમિત્તે ઇન્દ્રિયનો ઇંદ્રિય એટલે મનના ઉપશમ માટે સમસ્ત દ્વન્દ્વ એટલે બન્નેના ઉપશમ માટે, સર્વ ઉપાધિથી વિશુદ્ધતારૂપ ભાવશૌચરૂપ, ભારેકર્મી આત્માના કર્મદૂર થવાથી હળુકર્મી અવસ્થા ઉત્પન્ન કરવારૂપ ધર્મની ભાવના કરે. આવા પ્રકારના ગુણવાલા સાધુની પાસે ધર્મ સારી રીતે સાંભળી, સારી રીતે ઉત્થાન કરવા વડે ઉઠી, કર્મનો નાશ કરવા માટે (ને ફાડવા માટે) સહન કરવાની ઇચ્છાવાળો, સર્વ પાપ સ્થાનકોથી અટકેલો, બધી રીતે ઉપશાંત થયેલો, કષાયોને જીતનારો સમસ્ત કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય. ॥૬૦॥

अथ त्रयोदशभिः क्रियास्थानैः कर्मबन्धसद्भावात्कर्मबन्धं प्रतिपादयितुमाह—

**अर्थानर्थहिंसाऽकस्माद्दृष्टिविपर्यासमृषावादस्तेयाऽऽध्यात्मिकमानमित्रदोषमाया-लोभेर्यादण्डभेदादधर्मस्थानानि कर्मबन्धकानि ॥६१॥**

**अर्थेति,** द्वे स्थाने संक्षेपेण क्रियावतां भवतः, धर्मस्थानमधर्मस्थानञ्चेति, उपशान्तं यत्तद्धर्मस्थानमनुपशान्तञ्चाधर्मस्थानम्, उपशमप्रधाने धर्मस्थाने केचन महासत्त्वाः समासन्नोत्तरोत्तरशुभोदया वर्त्तन्ते, अल्पसत्त्वा विपर्यस्तमतयः संसाराभिष्वङ्गिणोऽधोऽधोगतयो वर्त्तन्तेऽधर्मप्रधाने स्थाने । अधर्मे स्थाने च वर्त्तमानानां नारकदेवमनुष्यतिरश्चां सातासातवेदनानुभविनां पापोपादानभूतानीमानि त्रयोदश क्रियास्थानानि भवन्ति । तत्र कश्चित् प्राण्यात्मार्थं स्वजनगृहपरिवारमित्राद्यर्थञ्च त्रसस्थावरेषु स्वपरोपघातलक्षणं दण्डं पातयत्यन्येनापि प्राण्युपमर्दनक्रियां कारयति कुर्वन्तमनुजानाति, एतत्प्रत्ययिकं यत्कर्म बध्यते तदर्थदण्डप्रत्ययिकमुच्यते । यत्किञ्चित्कारणमन्तरेणैव त्रसाणां वनस्पत्यादिस्थावराणां प्राणिनां स्वभावतः क्रीडया व्यसनादिना वा प्राणव्यपरोपणं योगत्रिकेण कृतकारितानुमतिभिश्च विधत्ते तस्यानर्थदण्डप्रत्ययिकः कर्मबन्धः । यो मामयं घातयिष्यति मदीयान् पितृपुत्रादीनन्यान् वेत्येवं मत्वा पौरुषेण परान्मनुजादीन् सर्पसिंहादीन् वा व्यापादयति कृतकारितानुमतिभिः, स हिंसादण्डप्रत्ययिकं कर्म बध्नाति । यो ह्यारण्यपशुभिर्वर्त्तनशीलः क्व मृगान् द्रक्ष्यामि हननायेति मृगाध्यवसायी तदर्थं कच्छादिषु भ्रमन् तत्र मृगानवलोक्यान्यतरस्य वधार्थं समाकृष्य शरं निसृजति, तेन यद्यन्य एव पक्ष्यादिर्म्रियेत तदाऽन्योद्देशेन निक्षिप्तेनान्यस्य मरणादकस्माद्दण्डभाग् भवति । यो मातृपितृभार्याभगिनीपुत्रादिभिर्वसन् तत्पालनकृते मित्रमेव दृष्टिविपर्यासादमित्रोऽयमिति मन्यमानो ग्रामघातादिविभ्रमे पौरुषमुद्वहन् भ्रान्तचेता अचौरमेव

चौर इति मन्यमानश्च व्यापादयेत्स च हतो भवेत्तदा दृष्टिविपर्यासप्रत्ययिकं कर्मावाप्नोति । एषां पञ्चानां क्रियास्थानत्वेऽपि प्रायः परोपघातो भवतीति कृत्वा दण्डसमादानसंज्ञा विज्ञेया । षष्ठादिषु बाहुल्येन न परव्यापादनं भवतीत्यतः क्रियास्थानसंज्ञोच्यते । यः कश्चित् स्वपक्षाभिनिवेशात् स्वस्य परस्य वा कृते सद्भूतार्थनिह्नवं चौरमपि नाहं मदीयो वा कश्चिच्चोरे इति, तथाऽसद्भूतोद्भावनं परमचौरं चौर इति मृषावादं वदत्यन्येन कथयति वदतश्च समनुजानीते स मृषावादप्रत्ययिकं कर्मार्जयति । यः कश्चित्स्वपरनिमित्तमदत्तं परद्रव्यं गृह्णीयाद्ग्राहयेत् समनुजानीयात्तदा तस्य स्तेयप्रत्ययिकं कर्म सम्बद्ध्यते । यो हि चिन्तोत्प्रेक्षाप्रधानः परेणानुद्भावितदुःखोऽपि दुष्टचित्ततया स्वयमेव चिन्ताशोकसागरप्रविष्टोऽहर्निशं करतलविन्यस्तमुख आर्त्तध्यानोपगतोऽपगतसद्विवेको निर्निमित्तमेव द्वन्द्वोपहतवद्ध्यायति क्रोधमानमायालोभप्रयुक्तत्वात् स आध्यात्मिकप्रत्ययकर्मभाक् । यश्च जात्यादिगुणोपेतो जातिकुलबलरूपतपःश्रुतलाभैश्वर्यप्रज्ञामदाख्यैरष्टभिर्मदस्थानैरन्यतरेण वा मत्तः परं जघन्योऽयं जातिकुलादिभिरित्येवं निन्दति, आत्मानं च समुत्कर्षयति स इहापि गर्हितोऽपरत्र गर्भाद्गर्भं गर्भादगर्भमगर्भाद्गर्भमगर्भादगर्भं तीव्रतरं नरकान्तरं परिव्रजति, तथाविधस्य च मानप्रत्ययिकं कर्म सम्बद्ध्यते । यः प्रभुकल्पो मातापितृसुहृदादिभिर्वसन् तेषामन्यतमेनानाभोगतया यथाकथञ्चिद्वाचिके कायिके वाऽपराधे कृते महाक्रोधाध्मातस्तस्मै गुरुतरं दण्डं पातयति, यथा प्रभूते शीते शिशिरादावुदके तं पातयति ग्रीष्मे च प्रभूतोष्णजलादौ, वेत्रादिना ताडनेन चर्माणि लुम्पयति, तापयति सन्तप्तशलाकादिना, तदेवमल्पेऽप्यपराधे महादण्डप्रदातेहपरत्र चाहितो मित्रदोषप्रत्ययिकं कर्म समाचिनोति । यो गूढचारी मायाशीलः परेषां नानाविधैरुपायैर्विश्रम्भमुत्पाद्य पश्चाद्गलकर्त्तनग्रन्थिच्छेदादिभिरपकरोति, तथा लघीयानप्यात्मानं गुरुं मन्यते, आर्यदेशोत्पन्नोऽप्यात्मप्रच्छादनार्थमपरेषां भयोत्पादनार्थञ्चानार्यभाषाः प्रयुङ्क्ते परव्यामोहनार्थमपराविदितादिभिः स्वयं कल्पिताभिर्भाषते, असाधुमात्मानं साधु मन्यते, अन्यत् पृष्टोऽन्यदाचष्टे, न च मायया यत्कृतमकार्यं तदन्यस्मै कथयति, नाप्यात्मानं निन्दति, न वाऽऽलोचनार्हायात्मानं निवेद्य तदकार्याकरणतथाऽभ्युत्तिष्ठते, न वा गुर्वादिभिरभिहितं प्रायश्चित्तमभ्युपगच्छति स इह लोकेऽविश्वास्यो भवति जन्मान्तरावाप्तौ च सर्वाधमेषु यातनास्थानेषु नरकतिर्यगादिषु भूयो भूयः प्रत्यागच्छति, तदेवमस्य मायाप्रत्ययिकं कर्मानुषज्ज्यते । ये पाषण्डिनो वयं प्रव्रजिता इति त्यक्तगृहवासाः कन्दमूलफलाहारा वृक्षमूलादौ निवसन्ति सर्वसावद्येभ्योऽनिवृत्ता द्रव्यतः कतिपयव्रतवर्त्तिनोऽपि सम्यग्दर्शनाभावादविरता

अहं ब्राह्मणत्वान्न दण्डादिभिर्हन्तव्योऽन्ये तु शूद्रत्वाद्धन्तव्याः, शूद्रं व्यापाद्य प्राणायामं जपेत् किञ्चिद्वा दद्यात्, क्षुद्रसत्त्वानामनस्थिकानां शकटभरमपि व्यापाद्य ब्राह्मणं भोजयेदित्यादीनि मृषाभूतानि वाक्यानि प्रयुञ्जन्ति, तदेवं तेषां परपीडोपदेशनतोऽतिमूढतयाऽसम्बद्धप्रलापिनामज्ञानावृतानामात्मम्भरीणां विषमदृष्टीनां न प्राणातिपातादिविरमणरूपं व्रतमस्ति, परमार्थानभिज्ञत्वात्ते तीर्थिका स्त्रीप्रधानाः प्रव्रजिता अपि न भोगेभ्यो विरताः, मिथ्यादृष्टित्वादज्ञानान्धत्वात्सम्यग्विरतिपरिणामाभावाच्च, ते च स्वायुषः क्षये कालं कृत्वा विकृष्टतपसोऽपि सन्तोऽन्यतरेष्वासुरिकेषु किल्बिषिकेषूत्पत्स्यन्ते पुनर्मूकभावेनोत्पद्यन्ते, जातिमूका वा भवन्ति, अत एते लोभप्रत्ययिककर्मभाजो भवन्ति । एतानि द्वादशक्रियास्थानानि मिथ्यादर्शनाश्रितानि संसारकारणानीति कृत्वा सम्यग्यथावस्थितवस्तुस्वरूपनिरूपणतो ज्ञपरिज्ञया विज्ञाय साधुः प्रत्याख्यानपरिज्ञया परिहरेत् । यस्य प्रवचने संयमे वा स्थितस्यात्मभावार्थं मनोवाक्कायैः संवृतस्य पञ्चसमितिभिः समितस्य त्रिगुप्तिभिर्गुप्तस्य नवब्रह्मचर्यगुप्त्युपेतब्रह्मचारिणः सोपयोगं गतिस्थितिनिषीदनत्वग्वर्त्तनादिकं कुर्वाणस्य सोपयोगमेव सर्वाः क्रियाः पतद्ग्रहग्रहणादिका विदधानस्य सूक्ष्माक्षिपक्ष्मसंचलनरूपादिका येर्यापथिका नाम क्रिया भवति या केवलिनापि क्रियते योगवतो जीवस्य क्षणमात्रमपि निश्चलत्वासम्भवात्, तया च यत्कर्म तदीर्यापथिकम्, अकषायिणस्तत्क्रियया हि यत्कर्म बद्ध्यते तत्प्रथमसमय एव बद्धं स्पृष्टञ्च, कषायाभावेन साम्परायिकस्येव स्थित्यभावात्, द्वितीयसमयेऽनुभूयते तृतीयसमये च निर्जीर्यते, तच्च कर्म प्रकृतितः सातवेदनीयं स्थितितो द्विसमयस्थितिकमनुभावतः शुभानुभावमनुत्तरोपपातिकदेवसुखातिशायि प्रदेशतो बहुप्रदेशमस्थिरबन्धं बहुव्ययञ्च । आगामिनि तृतीयसमये तत्कर्मापेक्षयाऽकर्मतापि, एवं तावद्वीतरागस्येर्याप्रत्ययिकं कर्म सम्बद्ध्यते । तदन्ये प्राणिनः साम्परायिकबन्धभाजो द्वादशक्रियास्थानेषु वर्त्तन्ते । एवं विचित्रक्षयोपशमान्नानाप्रज्ञा निजानेकविधाभिप्रायात् पापश्रुताध्ययनं परलोकनिष्पिपासवो विषयतृषिता इहलोकमात्रप्रतिबद्धाः कुर्वन्ति, ताश्च विद्या उत्पातस्वप्नान्तरिक्षाङ्गस्वरलक्षणमंत्रेन्द्रजालपाकशासनधनुर्वेदायुर्वेदज्योतिषादयः, एता अधीयाना क्षेत्रभाषार्या अपि मिथ्यात्वोपहतबुद्धयोऽनार्यकर्मकारित्वादनार्याः स्वायुषः क्षये कालं कृत्वाऽऽसुरीयकेषु किल्बिषिकादिषूत्पन्नाः कर्मशेषतया पुनरेडमूकत्वेनाव्यक्तभाषिणस्तमस्त्वेनान्धतया मूकतया वा प्रत्यागच्छन्ति ॥६१॥

હવે તેર ક્રિયાસ્થાનો (કાઠીયાઓ) વડે કર્મબંધનના સદ્ભાવથી કર્મબંધ થાય છે. એ પ્રતિપાદન કરવા માટે કહે છે.

**સૂત્રાર્થ :-** (૧) અર્થ (૨) અનર્થ (૩) હિંસા (૪) અકસ્માત્ (૫) દૃષ્ટિવિપર્યાસ (૬) મૃષાવાદ (૭) ચોરી (૮) આધ્યાત્મિક (૯) માન (૧૦) મિત્રદોષ (૧૧) માયા (૧૨) લોભ (૧૩) ઇર્યાદંડ. આ ભેદો અધર્મ સ્થાનો છે. અને કર્મબંધના કારણો છે.

**ટીકાર્થ :-** ક્રિયાવાનોના સંક્ષેપથી ધર્મસ્થાનો અને અધર્મસ્થાનો એમ બે સ્થાનો છે. જે ઉપશાંત અવસ્થા છે, તે ધર્મ સ્થાન છે. જે અનુપશાંત અવસ્થા છે, તે અધર્મ સ્થાન છે. ઉપશમ પ્રધાન ધર્મસ્થાનમાં કેટલાક મહાસત્ત્વશાલી જીવો નજીકમાં ઉત્તરોત્તર શુભોદયવાળા હોય છે. અલ્પસત્ત્વવાળા જીવો, વિપરીત બુદ્ધિવાળા જીવો સંસારની આસક્તિવાળા નીચે ગતિમાં જનારા થાય છે. તેઓ અધર્મ પ્રધાન સ્થાનમાં હોય છે. અધર્મ સ્થાનમાં રહેનારા જીવો, નારક, મનુષ્ય, દેવ, તિર્યંચો, શાતા-અશાતા વેદનીયને અનુભવનારા પાપ ગ્રહણ કરવાના આ તેર ક્રિયાસ્થાનો છે.

(૧) **અર્થ દંડ :-** તેમાં કોઇક પ્રાણિ આત્માના (પોતાના) માટે સ્વજન, ગૃહ-પરિવાર-મિત્ર વગેરે માટે ત્રસ સ્થાવર જીવોનો પોતાના કે બીજાના ઉપઘાત રૂપ દંડ થાય કે બીજા વડે પણ પ્રાણિઓનું મર્દન કરાવાય તથા કરનારને અનુજ્ઞા આપે. આ નિમિત્તે કર્મ બંધાય તે અર્થદંડ પ્રત્યયિક કહેવાય.

(૨) **અનર્થ દંડ :-** કોઇપણ કારણ વગર જ ત્રસજીવોને અને વનસ્પતિ વગેરે સ્થાવર જીવોને પ્રાણિઓના સ્વભાવથી, રમતો કરવા વડે, વ્યસનો વગેરેના કારણે જીવોનો નાશ 'મન વચન કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું વડે કરે તે અનર્થદંડ પ્રત્યયિક કર્મબંધ કહેવાય.

(૩) **હિંસા દંડ પ્રત્યયિક :-** જે મને અને આને મારશે. મારા પિતા-પુત્ર વગેરેને અથવા બીજાઓને આ પ્રમાણે પામી પુરુષાર્થ વડે બીજા મનુષ્ય આદિને સાપ-સિંહ વગેરેને મારે છે મરાવે છે. અને મારતાને અનુમોદે છે. તે હિંસાદંડ પ્રત્યયિક કર્મ બાંધે છે.

(૪) **અકસ્માત દંડ :-** જે જંગલી પશુઓના જેવું વર્તન કરવાના સ્વભાવવાળા, હરણોને મારવા માટે ક્યાં હરણો જોવું. આ પ્રમાણે હરણને મારવાના અધ્યવસાયવાળા તેના માટે કચ્છ વગેરેમાં ફરતા. ત્યાં હરણોને જોઇ કોઇકને મારવા માટે બાણને ખેંચીને છોડે. તે બાણ વડે જે કોઇ બીજા પક્ષી વગેરે મરી જાય ત્યારે બીજાને ઉદ્દેશીને નાખ્યું હોય અને બીજો મરવાથી અકસ્માત દંડવાળો થાય છે.

(૫) **દૃષ્ટિવિપર્યાસ દંડ :-** જે માતા પિતા પત્ની બહેન પુત્ર વગેરે સાથે રહેતા તેમના પાલન માટે મિત્રને જ દૃષ્ટિભ્રમથી શત્રુરૂપ માનતો ગામનો ઘાત વગેરેના ભ્રમમાં પુરુષાર્થને વહન કરતો. ભ્રાન્ત ચિત્તવાળો ચોર ન હોય છતાં ચોર છે એમ માનતો મારી નાખે, હણાય ત્યારે દૃષ્ટિ વિપર્યાસ સપ્રત્યયિક કર્મ પ્રાપ્ત કરે છે. આ પાંચે ક્રિયાસ્થાનોમાં પ્રાયઃકરી બીજાને ઉપઘાત થાય છે. માટે આ પાંચેની દંડસમાદાન ક્રિયા નામની સંજ્ઞા (નામ) જાણવી. છ વગેરેમાં મોટે ભાગે બીજા જીવોનો નાશ ન થતો હોવાથી ક્રિયાસ્થાન નામની સંજ્ઞા (જાણવી) કહેવાય છે.

(૬) **મૃષાવાદ દંડ :-** જે કોઇ પોતાના પક્ષના રાગથી આગ્રહથી પોતાના કે પારકાના માટે સદ્ભૂતાર્થ નિહ્નવ એટલે વાસ્તવિક હકીકત છુપાવવી. જેમકે પોતે ચોર હોવા છતાં પણ કહે કે 'હું ચોર નથી' અથવા મારા કોઇ વ્યક્તિ ચોર નથી. તથા અસદ્ભૂતોદ્ ભાવન એટલે ન હોય તેને તે રૂપે કહેવો. જેમકે કોઇ વ્યક્તિ ચોર નથી. પણ તેને ચોર તરીકે કહેવો. આ પ્રમાણે મૃષાવાદ બોલતો, બીજાને કહેતાં, જે જૂઠું બોલે તેને સારો માનતો તેને મૃષાવાદપ્રત્યયિક ક્રિયાનું કર્મ પ્રાપ્ત કરે.

(૭) **સ્તેયદંડ :-** જે કોઇ પોતાના કે બીજાના માટે નહીં આપેલ એવું બીજાનું દ્રવ્યને ગ્રહણ કરે, કરાવે, તથા કરનારને સારો માને તેને સ્તેનપ્રત્યયિક કર્મનો સંબંધ થાય.

(૮) **આધ્યાત્મિક દંડ :-** જે કોઇ ચિન્તા ઉત્પ્રેક્ષામાં પ્રધાન બીજા વડે દુઃખને અનુભવતો પણ દુષ્ટચિત્ત વડે શોકસાગરમાં પેસેલો (પ્રવેશેલો) દરરોજ હથેળીમાં મોઢું રાખી આર્ત્તધ્યાન યુક્ત, દૂર થયો છે સત્ વિવેક એવો કારણ વગર જ, દ્વન્દ્વ (બંને બાજુથી) હણાયેલાની જેમ વિચારતો ક્રોધ, માન, માયા, લોભ યુક્ત હોવાથી તે આધ્યાત્મિક પ્રત્યયિક કર્મનો ભાગી થાય છે.

(૯) **માન દંડ :-** જે જાતિ વગેરે ગુણયુક્ત પણ જાતિ, કુલ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્ય, પ્રજ્ઞા મદના થતા આઠ મદસ્થાનોમાંથી કોઇપણ મદથી મત્ત બનેલો બીજાને જાતિ કુલ વગેરેથી હલકો (નીચો) માનતો અને નિંદતો અને પોતાની મોટાઇ કરતો તે અહીં પણ નિંદનીય થાય છે. બીજા સ્થાને પણ એક ગર્ભમાંથી બીજાગર્ભમાં, ગર્ભથી અગર્ભમાં, અગર્ભથી ગર્ભમાં, અગર્ભથી ગર્ભમાં એમ તીવ્રતર નરકોમાં જાય છે. આવા પ્રકારના માનપ્રત્યયિક કર્મને બાંધે છે.

(૧૦) **મિત્ર દોષ દંડ :-** જે માલિક જેવો થઇ માતા, પિતા, મિત્ર વગેરેની સાથે રહેતા તેઓમાંથી કોઇથી પણ ભૂલ (અનાભોગ) થી કંઇક વચનથી કે કાયાથી કંઇક અપરાધ થઇ ગયો હોય તો મહાક્રોધથી ધમધમતો તેમને અતિભારી દંડ આપે છે. જેમકે શિયાળામાં અતિ ઠંડા પાણીમાં તેને નાખે છે. ઉનાળામાં અતિગરમપાણીમાં નાખે છે. નેતરની સોટી વડે મારવાથી ચામડી ઉખડી જાય એવો મારે, સારી રીતે તપાવેલા સળીયા વડે ડામ આપે, આ પ્રમાણે થોડા અપરાધ કરે છે. તે મહાદંડ આપનારો અહીં અને બીજી જગ્યાએ અહિત મિત્રદોષ પ્રત્યયિક કર્મ પ્રાપ્ત કરે છે.

(૧૧) **માયાદંડ :-** જે ગૂઢ આચારવાળો, માયાવી સ્વભાવવાળો બીજાઓને જુદાજુદા ઉપાયો વડે વિશ્વાસ ઉત્પન્ન કરી પાછળથી ગળુ કાપવા જેવું કે ગાંઠ છેદવા વગેરેની જેમ અપકારક કરે છે. તથા નાનો હોવા છતાં પણ પોતાને મોટો માને. આર્યદેશમાં ઉત્પન્ન થયેલો હોવા છતાં પોતાની જાતને છુપાવવા માટે કે બીજાને બીવડાવવા માટે (ડરાવવા) માટે અનાર્ય ભાષાનો પ્રયોગ કરે, બીજાને ભ્રમમાં પાડવા માટે બીજા જાણે નહિ તેવી રીત વગેરે વડે જાતે પોતે કલ્પના કરવા વડે બોલે, પોતે સાધુ ન હોવા છતાં પોતાને સાધુ માને. પૂછ્યું હોય બીજું અને જવાબ બીજો

આપે. માયા વડે જે અકાર્ય કર્યું હોય તે બીજાનું છે એમ કહે છે. પોતાના આત્માની નિંદા ન કરે. આલોચના યોગ્ય પોતાને જણાવી તે અકાર્ય અકરણરૂપે સ્વીકારી અથવા ગુરૂ વગેરેને કહી પ્રાયશ્ચિત્તને સ્વીકારતો નથી. તે આલોકમાં અવિશ્વાસુ થાય છે. જન્માન્તરમાં બધાયે અધર્મોના યાતના સ્થાનોમાં (જગ્યાઓમાં) એટલે નરક તિર્યંચ વગેરેમાં વારંવાર આવ જાવ કરે છે. આ પ્રમાણે એને માયાપ્રત્યયિક કર્મ બંધાય છે.

(૧૨) **લોભપ્રત્યયિક દંડ** :- જે પાખંડીઓ અમે પણ પ્રવ્રજિત સાધુઓ છીએ. એ પ્રમાણે ઘરવાસ છોડી, કંદમૂલ આહાર કરનારા, ઝાડના મૂળમાં નિવાસ કરે. બધી જાતના સાવદ્ય વ્યાપારોથી અનિવૃત્ત એટલે છોડ્યા વગરના, દ્રવ્યથી થોડા વ્રતમાં રહેલા હોવા છતાં સમ્યગ્દર્શનનો અભાવ હોવાથી અવિરતિધર. હું બ્રાહ્મણ હોવાથી દંડ વગેરે મારવો નહીં, બીજા શુદ્ર હોવાથી હણવા, શુદ્રને મારી-હણી પ્રાણાયામને જપે અથવા કંઇક આપે. ક્ષુદ્ર (નાના) જીવોને તથા અનસ્થિ એટલે હાડકા વગરના જીવોને ગાડું ભરીને પણ મારીને બ્રાહ્મણને જમાડે વગેરે જૂઠાણા વાક્યોનો પ્રયોગ કરે. આ પ્રમાણે તેઓનો બીજાને પીડા આપવાના ઉપદેશથી, અતિમૂઢપણાથી તથા ગમે તેમ બોલનારાને અજ્ઞાનાવૃત થયેલાને, પોતાનું પેટ ભરનારાઓને, વિષય દૃષ્ટિવાળાઓને પ્રાણાતિપાત વગેરે વિરમણ વગેરે રૂપ વ્રત હોતું નથી. કારણ કે પરમાર્થને જાણતા નહીં હોવાથી સ્ત્રી જેમાં મુખ્ય છે એવા તે તીર્થિકો દીક્ષીત હોવા છતાં પણ ભોગોથી વિરમેલા હોતા નથી. મિથ્યાદૃષ્ટિ હોવાથી અજ્ઞાનાંધ હોવાથી સમ્યક્ વિરતિની પરિણામનો અભાવ હોય છે. તેઓ પોતાના આયુષ્યનો ક્ષય થવાથી કાલ કરીને વિકૃષ્ટતપ એક, બે કઠોર તપવાલા હોવા છતાં પણ કોઇપણ આસુરિક કે કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ફરી મૂંગા તરીકે ઉત્પન્ન થાય છે. અથવા જાતિમૂક તરીકે ઉત્પન્ન થાય છે. આથી એઓ લોભ પ્રત્યયિક કર્મવાળા થાય છે. આ બાર ક્રિયા સ્થાનો મિથ્યાદર્શન આશ્રિત છે. અને સંસારના કારણો છે. એ પ્રમાણે જાણી - સારી રીતે યથાવસ્થિત વસ્તુ સ્વરૂપનું નિરૂપણ કરવા વડે જ્ઞપરિજ્ઞાવડે જાણી સાધુ પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે પરિહરે, ત્યાગ કરે.

(૧૩) **ઈર્યાપથિક દંડ સાધુ** :- પ્રવચનમાં અથવા સંયમમાં રહેલા આત્મભાવાર્થ માટે મન વચન કાયા વડે સંવૃત થઇ પાંચ સમિતિ વડે સમિત થઇ, ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત થયેલ, નવ બ્રહ્મચર્ય ગુપ્તિથી યુક્ત બ્રહ્મચારી, ઉપયોગ સહિત, ગતિત્વગ્વર્તમ એટલે પડખું બદલવું, સ્થિતિ, નિષિદન એટલે બેસવું વગેરે કરતા ઉપયોગ સહિત બધી ક્રિયાઓ જેને છે તે ઇર્યાપથિકિ નામની ક્રિયા થાય. જે ક્રિયા કેવલીઓ પણ કરે છે. યોગવાળા જીવોને ક્ષણમાત્ર પણ નિશ્ચલપણે રહેવાનો સંભવ નથી. તેના વડે જે કર્મ બંધાય તે ઇર્યાપથિક. અકષાયીઓને તે ક્રિયા વડે જે કર્મ બંધાય તે પહેલા સમયે સ્પૃષ્ટ બંધાય છે. કારણકે કષાયનો અભાવ હોવાથી સાંપરાયિક સ્થિતિનો અભાવ હોવાથી બીજા સમયે અનુભવે છે. અને ત્રીજા સમયે નિર્જરે છે. તે કર્મ પ્રકૃતિથી સાતા વેદનીય, સ્થિતિથી બે સમયની સ્થિતિવાળું, રસથી-અનુભાવથી શુભ અનુભાવ રસ કે જે અનુત્તર દેવના

સુખથી વિશેષ અતિશાયી (સુખ) છે. પ્રદેશ બહુપ્રદેશથી અસ્થિરબંધ બહુવ્યયવાળું હોય. આવતા ત્રીજા સમયે તે કર્મની અપેક્ષાએ અકર્મતા એ પ્રમાણે ત્યાં સુધી વીતરાગને ઈર્યા પ્રત્યયિક કર્મ બંધાય છે. તેના સિવાય બીજા જીવોને સાંપરાયિક એટલે કાષાયિક કર્મબંધના ભાગી બાર ક્રિયા સ્થાનોમાં હોય છે. એ પ્રમાણે વિચિત્ર પ્રકારના ક્ષયોપશમના વશથી વિવિધ બુદ્ધિથી પોતાના અનેક પ્રકારના અભિપ્રાયથી પાપશ્રુત અધ્યયનને પરલોક પ્રત્યે નિષ્પિપાસુ એટલે ઇચ્છા વગરનો વિષયોની તૃષ્ણાવાલો આલોકની માત્ર ઇચ્છાથી બંધાયેલો કરે છે. તે વિદ્યાઓ

જેમકે ઉત્પાત સ્વપ્ન, અંતરિક્ષ, લક્ષણ, મંત્ર, ઇન્દ્રનીલ, પાકશાસન, ધનુર્વેદ, આયુર્વેદ, જ્યોતિષ વગેરે આ વિદ્યાઓ ભણનાર, આ શિખેલી ક્ષેત્રભાષાવાળા હોવા છતાં પણ મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિવાળા અનાર્ય કર્મ (કામ) કરનારા હોવાથી અનાર્યો પોતાનું આયુષ્ય ક્ષય થવાથી કાળ કરીને (મૃત્યુ પામીને) આસુરીયકભાવોમાં કે કિલ્બિષિક વગેરેમાં ઉત્પન્ન થાય છે. બાકી રહેલા કર્મના કારણે બકરા જેવો મૂંગો હોવાના કારણે અવ્યક્ત એટલે અસ્પષ્ટ બોલનારો, અંધકાર હોવાથી અંધ થયેલો મૂંગા રૂપે ફરી આવે છે. ॥૬૧॥

अपराणि चतुर्दशासदनुष्ठानानि प्रकाशयति—

**अनुगामुकोपचरकप्रातिपथिकसन्धिच्छेदकग्रन्थिच्छेदकौरभ्रिकसौकरिकवागुरिकशाकुनिकमात्स्यिकगोघातकगोपालकशौवनिकशौवनिकान्तिकानि पापस्थानानि ॥६२॥**

**अनुगामुकेति,** भोगाभिलाषी संसारस्वभावानुवर्त्ती साम्प्रतापेक्षी स्वजनगृहकुटुम्बाद्यर्थं चतुर्दशासदनुष्ठानानि विधत्ते-यथा कश्चित् परस्य धनवतोऽनुगामुकभावं प्रतिपद्य तं बहुभिरुपायैर्विश्वासे पातयित्वा भोगार्थी मोहान्धो विवक्षितवञ्चनावसरापेक्षी लब्ध्वाऽवसरं तस्यासौ हन्ता छेत्ता व्यापादयिता भूत्वाऽपहृत्य सर्वस्वं भोगक्रियां विधत्ते तस्येदं कर्माऽऽनुगामुकमुच्यते । यस्त्वपकर्त्तव्याभिसन्धिना रिक्थवत उपचरकभावं प्रतिज्ञाय पश्चात्तं विनयोपचारैरुपचर्य विश्रम्भे पातयित्वा तद्द्रव्यार्थी तस्य हननछेदनव्यापादनादीनि विधत्ते तस्येदमनुष्ठानमौपचारिकम् । अपरः कश्चित्संमुखभावं प्रतिपद्यपरस्यार्थवतः प्रतिपथे स्थित्वा तस्यार्थवतो विश्रम्भतो हननादि करोति, कर्मेदं तस्य प्रातिपथिकम् । विरूपकर्मणा जीवितार्थी कश्चित् संधिच्छेदकभावं प्रपन्नः प्राणिनां हननादि करोति तस्येदं कर्म सन्धिच्छेदकम् । इतरो ग्रन्थिच्छेदकभावमवाप्य तमेवानुयाति करोति च तथा, तच्च कर्म ग्रन्थिच्छेदकम् । अपरोऽधर्मकर्मवृत्तिर्मेषादीनामूर्णया तन्मांसादिना वाऽऽत्मानं वर्त्तयामीति तद्भावमापन्नो मेषमन्यं वा त्रसं प्राणिनं स्वमांसंपुष्ट्यर्थं हननादि करोति तत्कर्मौरभ्रिकम् । योऽपि सौकरिकश्वपचचाण्डालादिः सूकरादीन् स्वपरप्रयोजनाय हननादि कुर्यात् तत्कर्म

सौकरिकम् । कश्चित्क्षुद्रसत्त्वो लुब्धकत्वं प्रतिपद्य वागुरया हरिणादिकं स्वजनाद्यर्थं व्यापादयति तत्कर्म वागुरिकम् । अधमोपायजीवी कश्चिच्छकुन्यादिमांसाद्यर्थं तस्य हननादिक्रियामारचयति तत्कर्म शाकुनिकम् । अधमाऽधमः कश्चिन्मात्स्यिकभावमापन्नो मत्स्यमन्यं वा जलचरं हन्यात्तत्कर्म मात्स्यिकम् । गोघातकभावमासादितः कोऽपि कुपितः सन् गोहननादि करोति कर्मेदं गोघातकम् । यो गोपालकभावं प्रपन्नोऽन्यां गां कुपितो हन्यात्तत्कर्म गोपालकम् । कश्चिज्जधन्यकर्मकारी सारमेयपापर्द्धिभावमवाप्य तमेव श्वानं तेन वा मृगादित्रसं व्यापादयेत्तत्कर्म शौवनिकम् । कश्चिच्च दुष्टसारमेयपरिग्रहं प्रतिपद्य मनुष्यं वा कञ्चन पथिकमभ्यागतमन्यं वा मृगसूकरादित्रसं हननादि विरचयेत्तदिदं कर्म शौवनिकान्तिकमिति । एभिः क्रूरकर्मभिरात्मानं वर्त्तयन्नधर्मपक्षपात्यनन्तसंसारं दुःसहान् क्लेशाननुभवतीत्यनार्यमिदमधर्मस्थानम् ॥६२॥

બીજા ચૌદ અસત્ અનુષ્ઠાનોના પ્રકારો છે.

**સૂત્રાર્થ :-** (૧) અનુગામુક (૨) ઉપચરક (૩) પ્રાતિ પથિક (૪) સંધિછેદક (૫) ગ્રન્થિ છેદક (૬) ઔરભ્રિક (૭) સૌકરીક (૮) વાગુરિક (૯) શાકુનિક (૧૦) માત્સ્યિક (૧૧) ગોઘાતક (૧૨) ગોપાલક (૧૩) શૌવનિક (૧૪) શૌવનિકાન્તિકા વગેરે પાપસ્થાનકો છે. એટલે પાપ બાંધવાના ધંધા છે.

**ટીકાર્થ :-** ભોગાભિલાષી, સંસાર સ્વભાવને અનુસરનાર, વર્તમાનનો જ વિચાર કરનારા, સ્વજન - એટલે સગાવ્હાલા, ઘર, કુટુંબ વગેરે માટે ચૌદ પ્રકારના અસત્ અનુષ્ઠાનો એટલે પાપકારી પ્રવૃત્તિ કરનારા જેમકે

(૧) **અનુગામુક :-** કોઈક બીજા ધનવાનનું અનુયાયીપણું સ્વીકારી તેને ઘણા ઉપાયો વડે વિશ્વાસમાં લઈ ભોગની ઈચ્છાવાળો, મોહ વડે આંધળો, વિવક્ષિત વ્યક્તિને ઠગવા માટે અવસરને જોતો અવસરને પામીને તે હણનારો, છેદનારો, મારનારો થઈ બધું અપહરણ કરી બધી પ્રકારની ભોગક્રિયાને કરે છે. તેનું આ કર્મ આનુગામુક કહેવાય છે.

(૨) **ઉપચરક :-** જે કોઈ અપકાર કરવાની બુદ્ધિથી, ખાલી થયેલાની જેમ ઉપચરક ભાવ એટલે નોકરપણાને સ્વીકારી પછી તેનો વિનયોપચાર વડે વિશ્વાસ ઉત્પન્ન કરી ખૂબ સેવા કરી દ્રવ્ય એટલે પૈસા વગેરે લેવા માટે તેણે હણવું, છેદવું, મારી નાંખવું વિ. કરે. તેનું આ અનુષ્ઠાન ઉપચારિક છે.

(૩) **પ્રાતિપથિક :-** બીજો કોઈક કોઈનું સન્મુખપણું સ્વીકારી બીજા પૈસા વાળાના માર્ગમાં રહી. તે પૈસાવાળાને વિશ્વાસ પમાડી હણવું વગેરે કરે છે. તેનું આ કર્મ (કામ) પ્રાતિપથિક કહેવાય.

(૪) **સંધિછેદક :-** જીવનનો અભિલાષી કોઇક વિરૂપ કર્મ એટલે ખોટા કાર્ય વડે સંધિ છેદક ભાવ સ્વીકારીને પ્રાણીને મારવા વગેરેનું કાર્ય કરે તે કર્મ સંધિછેદક કર્મ કહેવાય.

(૫) **ગ્રંથિછેદક :-** ગ્રંથિછેદકની જેમ જીવોને મારવા વગેરેનું કાર્ય કરે તે ગ્રંથિછેદક.

(૬) **ઔરભ્રિક :-** બીજો કોઇ અધર્મકર્મની વૃત્તિવાળો, (આજીવિકાવાળો) બકરા વગેરેના બચ્ચાઓને તેનામાંસ વગેરેથી પોતે ખાઈશ એવા ભાવને પામેલો બકરો અથવા ત્રસ પ્રાણીને પોતાના માંસની પુષ્ટિ માટે હણવું વગેરે કરે તે કર્મો ઔરભ્રિક કહેવાય.

(૭) **સૌકરીક :-** જે પણ સૌકરિક શ્વપચ ચંડાળ વગેરે ભુંડ, સુવર વગેરેને પોતાને અને બીજાને ખાવા માટે હણવું મારવું વગેરે કરે તે સૌકરિકકર્મ કહેવાય.

(૮) **વાગુરિક :-** કોઇક તુચ્છ જીવ શિકારી પશુ સ્વીકારી લુબ્ધપણાથી જાળ-પાશ વગેરે દ્વારા હરણ વગેરેને પોતાના સ્વજન વગેરે માટે મારે (મારી નાખે) તે વાગુરિકકર્મ કહેવાય.

(૯) **શાકુનિક :-** અધર્મોપાય વડે જીવનારો કોઇ પક્ષી વગેરે માંસના માટે તે પક્ષી વગેરેને, પારેવું વગેરે કર્મ કરે તે શાકુનિકકર્મ કહેવાય.

(૧૦) **માત્સ્યિક :-** અધમાઅધમ કોઈક માત્સ્યિકભાવને પામેલો મત્સ્યને અથવા જલચર જીવોને હણવું વગેરે કામ કરે તે માત્સ્યિકકર્મ.

(૧૧) **ગોધાનક :-** ગાયને ઘાત કરવાનો ભાવ પ્રાપ્ત કરી કોઇ પણ ગુસ્સે થયેલો છતો ગાયને મારવી વગેરે તે ગોધાનકકર્મ કહેવાય.

(૧૨) અથવા જે ગાયના પાલક ગોપાલક ભાવને સ્વીકારી બીજી ગાયોને ગુસ્સે થયેલો હણે તે ગોપાલકકર્મ કહેવાય.

(૧૩) **શૌવનિક :-** કોઇ નીચ કર્મ કરનારો કૂતરાના શિકારનો ભાવ પામી તેજ કૂતરાને અથવા કૂતરાવડે હરણ વિ. ત્રસ જીવોને મરાવે તે કર્મ શૌવનિકકર્મ કહેવાય.

(૧૪) **શૌવનિકાન્તિકા (સારમેયાન્તિક) :-** કોઇક દુષ્ટ ક્રુર કૂતરાનો પરિગ્રહ સ્વીકારી મનુષ્ય અથવા કોઇક મુસાફર મહેમાન કે બીજા કોઇને અથવા હરણ, ભુંડ વગેરે ત્રસ જીવોને હણવું વગેરે કરે તે કર્મ શૌવનિકાન્તિક કહેવાય છે.

આ બધા ક્રુર કર્મો વડે આત્માને હિંસામાં પ્રવર્તાવતો અધર્મનો પક્ષપાતી થઇ અનંત સંસારમાં દુ:સહો ક્લેશો દુ:ખોને અનુભવે છે. એ પ્રમાણે આ બધા અનાર્ય હોવાથી અધર્મ સ્થાનો છે. ॥૬૨॥

अथ द्वितीयं धर्मोपादानभूतं पक्षमाह—

**अनारम्भिणो यतय उग्रविहारिण एकचर्याश्च धर्मिणः ॥६३॥**

**अनारम्भिण इति**, ये सर्वसावद्येभ्यः सर्वथा विरता धर्मेणैवात्मनो वृत्तिं परिकल्पयन्ति तथा सुशीलाः सुव्रता यतयः समिता गुप्ताः सर्वगात्रपरिकर्मविप्रमुक्ता उग्रविहारिणः प्रव्रज्यापर्यायमनुपाल्याबाधारूपे रोगातङ्के समुत्पन्नेऽनुत्पन्ने वा भक्तप्रत्याख्यानं विदधति, किं बहुनोक्तेन यत्कृतेऽयमयोगोलकवन्निरास्वादः करवालधारामार्गवद्दुरध्यवसायः श्रमणभावोऽनुपाल्यते सम्यग्दर्शनज्ञानचारित्राख्यं तमर्थमनुपाल्याव्याहतमेकमनन्तं मोक्षकारणं केवलज्ञानमाप्नुवन्ति तदूर्ध्वं सर्वदुःखविमोक्षलक्षणं मोक्षमवाप्नुवन्ति, एके चैकचर्या एकेन शरीरेणैकस्माद्वा भवात् सिद्धिगतिं गन्तारो भवन्ति, अपरे तथाविधपूर्वकर्मावशेषे सति तत्कर्मवशगाः कालं कृत्वाऽन्यतमेषु वैमानिकेषु देवेषूत्पद्यन्ते, तत्रापीन्द्रसामानिकत्रायस्त्रिंशलोकपालपार्षदात्मरक्षप्रकीर्णेषु नानाविधसमृद्धिषु भवन्ति न त्वाभियोगिककिल्बिषिकादिषु । आगामिनि च काले शोभनमनुष्यभवसम्पदुपेताः सद्धर्मप्रतिपत्तारश्च भवन्ति । तदेतत्स्थानमेकान्ततस्सम्यग्भूतमार्यं सुसाध्विति धर्मस्थानम् ॥६३॥

હવે બીજા ધર્મ ઉપાદાનભૂત પક્ષને કહે છે.

**સૂત્રાર્થ** :- આરંભ-સમારંભ વગરના, ઉગ્ર વિહાર કરનારા, એકચર્યાવાળા સાધુઓ ધર્મી છે.

**ટીકાર્થ** :- જેઓ સર્વ સાવદ્ય એટલે બધા પાપોથી સર્વથા વિરમેલા છે. અને ધર્મ વડે જ પોતાની વૃત્તિ (જીવિકા) કરનારા તથા સુશીલા, સુવ્રતીઓ, યતિઓ, સમિતિથી સમિત, ગુપ્તિ વડે ગુપ્ત, સર્વગાત્ર એટલે શરીરના બધા અવયવોની સારસંભાળથી રહિત, ઉગ્રવિહારી, (પ્રવ્રજ્યા) દીક્ષાપર્યાય પાળ્યા પછી અબાધારૂપે અથવા રોગ આતંક ઉત્પન્ન થયો હોય કે ન ઉત્પન્ન થયો હોય ભક્તપ્રત્યાખ્યાન એટલે અનશન કરે... વધારે કહેવાથી શું ? જેના માટે લોખંડની ગોળાની જેમ સ્વાદ વગરના, તલવારની ધાર જેવા માર્ગની જેમ કઠીન અધ્યવસાયવાળા શ્રમણપણાના ભાવનું પાલન કરે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ તેના અર્થને એટલે પ્રયોજનને પાલન કરતો અવ્યાહત એટલે અખંડ એક અનંત મોક્ષના કારણ રૂપ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત કર્યાથી સર્વદુઃખથી છૂટકારા રૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. એક ચર્યા એટલે એક શરીર વડે એક ભવમાંથી સિદ્ધિ ગતિમાં જનારો થાય છે. બીજા આત્મા સૌ આગળના તેવા પ્રકારના પૂર્વના કર્મો બાકી હોવાથી તે કર્મને આધીન થયેલા કાળ કરીને કોઇપણ વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે. તેમાં ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, લોકપાલ, પાર્ષદ, આત્મરક્ષક, પ્રકીર્ણોમાં જુદા જુદા સમૃદ્ધિઓમાં ઉત્પન્ન થાય છે. પરંતુ આભિયોગિક દેવોમાં કિલ્બિષિક દેવોમાં નહીં, આવતા ભવિષ્યકાળમાં પણ સુશોભિત મનુષ્યભવ કે જે સંપત્તિયુક્ત હોય તેમજ સદ્ધર્મને સ્વીકારનારો થાય છે. તેથી આ સ્થાન એકાંતે સમ્યગ્ભૂત આર્ય સુસાધુઓ હોય છે. આ પ્રમાણે ધર્મસ્થાન હોય છે. ॥૬૩॥

अथ धर्मभूयिष्ठं मिश्रपक्षमाचष्टे—

**स्थूलपरिग्रहनिवृत्तास्तत्त्वज्ञाः श्रमणोपासका मिश्राः ॥६४॥**

**स्थूलेति,** एते धर्माधर्माभ्यामुपेता अपि गुणभूयिष्ठे पतितस्य दोषस्य गौणत्वाद्धार्मिकपक्षेऽवतरन्ति, एते हि शुभकर्माणो धार्मिकवृत्तयः सूक्ष्मपरिग्रहारम्भादितोऽनिवृत्ताः स्थूलाच्च संकल्पकृतान्निवृत्ता नरकादिगमनहेतुभ्यः सावद्येभ्यो यंत्रपीडननिर्लाञ्छनकृषीवलादेर्निवृत्ताः क्रयविक्रयादेरनिवृत्ताः श्रमणोपासनतोऽधिगतजीवाजीवस्वभावा अवगतपुण्यपापाः परिज्ञातबन्धमोक्षस्वरूपा धर्मादच्युता मेरुरिव निष्प्रकम्पाः सुदृढमार्हते दर्शनेऽनुरक्ताः, मौनीन्द्रदर्शनावाप्तौ सत्यां परितुष्टमानसाः सदोद्घाटितगृहद्वारा अनवरतं श्रमणानुद्युक्तविहारिणो निर्ग्रन्थान् प्रासुकेनैषणीयेनाशनादिना पीठफलकशय्यासंस्तारकादिना च प्रतिलाभयन्तः शीलव्रतगुणव्रतप्रत्याख्यानपौषधोपवासैर्बहूनि वर्षाण्यात्मानं भावयन्तस्तिष्ठन्ति, तदेवमेते प्रभूतकालमणुव्रतगुणव्रतशिक्षाव्रतानुष्ठायिनः साधूनामौषधवस्त्रपात्रादिनोपकारिणो यथाशक्ति सदनुष्ठायिन उत्पन्ने कारणेऽनुत्पन्ने वा भक्तं प्रत्याख्यायाऽऽलोचितप्रतिक्रान्ताः समाधिप्राप्ताः सन्तः कालं कृत्वाऽन्यतरेषु देवेषूत्पद्यन्ते, ततोऽपि च्युताः सुमानुषभावं प्रतिपद्य तेनैव भवेनोत्कृष्टतः सप्तस्वष्टसु वा भवेषु सिद्धयन्तीति ॥६४॥

હવે ધર્મભૂયિષ્ઠ (યુક્ત) મિશ્રપક્ષને કહે છે.

**સૂત્રાર્થ** :- સ્થૂલ પરિગ્રહ નિવૃત્ત થયેલા, તત્ત્વજ્ઞો શ્રમણોપાસકો એટલે શ્રાવકો મિશ્ર કહેવાય છે.

**ટીકાર્થ** :- એ એ પણ ધર્મા-ધર્મથી યુક્ત હોવા છતાં ગુણની વિશાળતાના કારણથી દોષોની ગૌણતાના કારણે ધાર્મિકતાના પક્ષમાં આવે છે. એઓ શુભકર્મ કરનારા, ધાર્મિક પ્રવૃત્તિવાળા, સુક્ષ્મ પરિગ્રહ આરંભ વગેરેથી અનિવૃત્ત થયેલા, સ્થૂલ સંકલ્પ કરવાથી અનિવૃત્ત નરક વગેરે ગમનના કારણોથી, પાપકારી યંત્રપીલ્લણ, નિર્લાછન, ખેતી વગેરેથી નિવૃત્ત થયેલા, ખરીદ વેચાણથી અનિવૃત્ત, સાધુની ઉપાસના કરવાથી પ્રાપ્ત કર્યા છે. જાણ્યા છે જીવ અજીવના સ્વભાવો, પુણ્ય પાપોને જાણનારા, બંધમોક્ષના સ્વરૂપના સ્વરૂપને જાણનારા, ધર્મથી ખસનારા નહીં. મેરૂની જેમ નિષ્કંપ થયેલાની જેમ અત્યંત દૃઢ થયેલા અરિહંતના ધર્મમાં અનુરક્ત, મૌનીન્દ્ર શાસન દર્શનની પ્રાપ્તિ થયે છતે તુષ્ટ મનવાલા, હંમેશાં ઉઘડેલા ઘરના બારણાવાલા, સતત ઉદ્યુક્ત વિહારવાલા શ્રમણ નિર્ગંથ સાધુઓને નિર્દોષ, એષણીય અશન વગેરે વડે તથા પીઠને અડેલવાનું પાટીયું, શય્યા, સંથારો, વગેરેનો લાભ લેતો, શીલવ્રતો, ગુણવ્રતો, પચ્ચક્ખાણ, પૌષધ, ઉપવાસ વગેરે ઘણા વર્ષો સુધી આત્માને ભાવતો રહે છે. આ પ્રમાણે તેઓ ઘણી વખત સુધી અણુવ્રતો,

ગુણવ્રતો, શિક્ષાવ્રતોની ક્રિયાઓ કરતો સાધુઓને ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરે વડે ઉપકારીને યથાશક્તિ દાન કરે. સત્ક્રિયાવાળાઓ કારણ ઉત્પન્ન થયું હોય કે કારણ ન ઉત્પન્ન થયું હોય તો પણ ભક્તપચ્ચક્ખાણ એટલે અનશન સ્વીકારી, આલોચના લઇ પ્રતિક્રમણ કરી, સમાધિ પામી - પ્રાપ્ત કરી કાળ કરી કોઇપણ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી સુમનુષ્ય ભવને પ્રાપ્ત કરી તેજ ભવમાં અથવા ઉત્કૃષ્ટથી સાત આઠ ભવોમાં સિદ્ધ થાય. ॥૬૪॥

अधर्मपक्षस्यानन्तसंसारतामाह–

**विविधप्रज्ञावादिनोऽतिदु:खिन: संसाराव्यभिचारिण: ॥६५॥**

**विविधेति,** त्रिषष्ट्युत्तरत्रिशतपरिमाणाः प्रावादुकाः सर्वेऽपि न मोक्षाङ्गभूतमहिंसां प्रतिपद्यन्ते, तेषु सम्यग्दर्शनादिकस्योपायस्याभावात् संसाराभावमिच्छन्तोऽपि न मुच्यन्ते मिथ्यावादित्वाच्च सांख्यैर्ज्ञानादेरेव शाक्यैर्दशधर्मपथानामेव नैयायिकैरभिषेचनोपवासादीनामेव वैदिकैर्हिंसाया एव मोक्षाङ्गतयोक्तेः । एते हि नानाप्रज्ञाः सर्वज्ञप्रणीतागमानाश्रयणात्, सर्वज्ञप्रणीतागमस्य हेतुपरम्परयाऽनादित्वेन तदभ्युपगन्तॄणामेकप्रज्ञत्वात्, तेषां विविधप्रज्ञता च सांख्यैरेकान्तेन नित्यवादाश्रयणात्, बौद्धैरेकान्तेनानित्यवादाश्रयणात्, नैयायिकवैशेषिकैराकाशादीनामेकान्तेन नित्यत्वस्य घटपटादीनाञ्चैकान्तेनानित्यत्वस्याश्रयणात्सामान्यविशेषयोरेकान्तभेदाश्रयणाच्च स्फुटैव । तथा चाहिंसैव यत्र सम्पूर्णा तत्रैव परमार्थतो धर्म इति निश्चिते ये केचनाविदितपरमार्था ब्राह्मणादयः प्राण्युपतापकारिणा प्रकारेण धर्मं परेषां व्याचक्षते त आगामिनि काले स्वशरीरच्छेदाया भेदाय च भाषन्ते, बहूनि जन्ममरणादीनि प्राप्नुवन्ति तेजोवायुषु चोच्चैर्गोत्रोद्वलनेन कलंकलीभावभाजो नानाविधदण्डभाजो भवन्ति न च ते लोकाग्रस्थानमाक्रमिष्यन्ति न तेऽष्टप्रकारेण कर्मणा मोक्ष्यन्ते । एवञ्च द्वादशक्रियास्थानेषु वर्त्तमाना जीवा न कदापि सिद्धाः सिद्ध्यन्ति सेत्स्यन्ति वा, न बुबुधिरे बुद्ध्यन्ते भोत्स्यन्ते वा, न मुमुचुर्मुञ्चन्ति मोक्ष्यन्ते वेति ॥६५॥

અધર્મ પક્ષવાળાઓને અનંત સંસારીપણું હોય છે. એમ કહે છે.

**સૂત્રાર્થ** :- વિવિધ પ્રજ્ઞાવાદીઓ એટલે ભિન્ન ભિન્ન પ્રકારના મતવાળા, અત્યંત દુઃખી થયેલા સંસાર અવ્યભિચારી એટલે કાયમી સંબંધવાળા થાય છે.

**ટીકાર્થ** :- ત્રણસો ત્રેસઠ પ્રમાણ વાચાળતા પાખંડીઓ બધાએ મોક્ષના અંગભૂત અહિંસાને સ્વીકારતા નથી. તેમાંથી સમ્યગ્દર્શન વગેરે ઉપાયોનો અભાવ હોવાથી સંસારનો અભાવ ઇચ્છતા હોવા છતાં પણ મિથ્યાત્વાદિ ભાવવાળા હોવાથી છૂટતા - મોક્ષ પામતા નથી. સાંખ્યોવડે જ્ઞાનવગેરેથી બૌદ્ધો વડે દશ (૧૦) ધર્મ પથો વડે, નૈયાયિકો વડે, અભિષેક ઉપવાસ વગેરે વડે,

વૈદિકો વડે હિંસાને જ મોક્ષના અંગરૂપે કહે છે. આ બધા જુદી જુદી બુદ્ધિવાળા સર્વજ્ઞે રચેલ આગમોનો આશ્રય ન કરતા હોવાથી સર્વજ્ઞે રચેલ આગમને હેતુ પરંપરાથી અનાદિપણાથી તેનો તેનો સ્વીકાર કરનારાઓ એક બુદ્ધિવાળા કહેવાય. જ્યારે તેઓની વિવિધ બુદ્ધિપણું આ પ્રમાણે છે. જેમકે સાંખ્યો વડે એકાંત નિત્યવાદનો આશ્રય કરવાથી, બૌદ્ધો વડે અનિત્યવાદ સ્વીકારવાથી - આશ્રય કરવાથી, નૈયાયિક વૈશેષિકો વડે આકાશ વગેરેનો એકાંતે નિત્યપણે ઘડા વસ્ત્ર વગેરેને એકાંતે અનિત્યપણે આશ્રય કરવાથી, સામાન્ય વિશેષનો એકાંતે ભેદનો આશ્રય હોય છે. તે પ્રગટ છે. તથા જ્યાં સંપૂર્ણ અહિંસા છે ત્યાં જ પરમાર્થથી ધર્મ છે. એ પ્રમાણે નિશ્ચિત થવાથી જેઓ પરમાર્થને નહીં જાણનારા કેટલાકો બ્રાહ્મણ વગેરે પ્રાણિઓને પીડાકારી પ્રવૃત્તિ વડે બીજાઓને ધર્મ છે. એમ વ્યાખ્યા કરી છે. અને તેઓ ભવિષ્યમાં પોતાના શરીરને છેદવા ભેદવા માટે છે. એમ કહે છે. ઘણા જન્મ-મરણોને પ્રાપ્ત કરે, તેજસ્કાય વાયુકાયમાં ઉચ્ચગોત્રની ઉદવલના કરવા વડે કલંકલીભાવનો ભાગી થાય છે. અને વિવિધ પ્રકારના દંડનો ભાગી થાય છે. તેઓ લોકાગ્ર - સ્થાન એટલે મોક્ષને આક્રમી શકાશે નહીં પામી શકે નહીં અને તેઓ આઠ પ્રકારના કર્મોથી મુક્ત થશે નહીં. આ પ્રમાણે બાર ક્રિયા સ્થાનોમાં વર્તતા રહેલા જીવો ક્યારે પણ સિદ્ધ થયા નથી સિદ્ધ થતા નથી, સિદ્ધ થશે નહિ, બોધ પામ્યા નથી, બોધ પામતા નથી, બોધ પામશે નહીં, મુક્ત થયા નથી મુક્ત થતાં નથી, અથવા મુક્ત થશે નહીં એ પ્રમાણે. ॥૬૫॥

अथ कर्मक्षपणायोद्यतेन साधुना द्वादशक्रियास्थानपरिहारेणान्त्यक्रियास्थानसेविना सदाऽऽहारगुप्तेन भवितव्यम्, धर्माधारभूतशरीरस्याहाराधारत्वात्, स चाहार उद्देशकादि-दोषरहितो ग्राह्यः, तेन च प्रायः प्रतिदिनं कार्यमिति शुद्धाशुद्धभेदेन तं निरूपयितुमाह—

**चतुर्विधा वनस्पतिकायाः पृथिव्याद्याहारिणः ॥६६॥**

**चतुर्विधेति,** अग्रमूलपर्वस्कन्धबीजलक्षणोत्पत्तिभेदविशिष्टा हि वनस्पतयः, शाल्यादीनां हि बीजमग्रे उत्पद्यते, अतस्तेऽग्रबीजाः, अथवाऽग्राण्येव येषामुत्पत्तौ कारणतामापद्यन्ते तेऽग्रबीजाः, कोरण्टादयः । आर्द्रकादयो मूलबीजाः, इक्ष्वादयः पर्वबीजाः, सल्लक्यादयः स्कन्धबीजाः, एतेषां स्वस्वबीजान्येवोत्पत्तिकारणम्, तादृशकर्मोदयवशादेषूत्पिपित्सवो वनस्पता-वुत्पद्यमाना अपि पृथिवीयोनिका भवन्ति, आधारमन्तरेणोत्पत्तेरभावात्, ते पृथिवीस्थिति-कास्तत्रैवोर्ध्वक्रमणलक्षणवृद्धिमन्तश्च, ते हि तथाविधकर्मवशगा वनस्पतिकायादागत्य तेष्वेव पुनरप्युत्पद्यन्ते, सचित्ताचित्तमिश्रादिबहुप्रकारासु भूमिषु वृक्षतया विवर्त्तन्ते, ते च तत्रोत्पन्नाः पृथ्वीनां स्नेहमाददते स एव च तेषामाहारः, एवमप्कायतेजोवायुवनस्पतीनामपि भाव्यम् । नानाविधानां त्रसानामपि प्राणिनां शरीरं स्वकायेनावष्टभ्य प्रासुकीकुर्वन्ति, एवमाहार्य स्वकायत्वेन परिणमय्य सरूपतां नीतं तच्छरीरं तन्मयतां प्रतिपद्यते, एवं तावत्पृथिवीयोनिका

वृक्षाः, वनस्पतियोनिकेष्वेवापरे वनस्पतयस्तथाविधकर्मोदयादुत्पद्यन्ते, एवं वृक्षावयवेष्वपि परे वनस्पतिरूपा भवन्ति तेषामाहारः स्वयोनिभूतं वनस्पतिशरीरं पृथिव्यप्तेजोवाय्वादीनां शरीरञ्च, एवमन्यवनस्पत्यादावपि द्रष्टव्यम् ॥६६॥

હવે કર્મ ખપાવવા માટે તૈયાર થયેલા સાધુએ બાર ક્રિયા સ્થાનો છોડવા વડે આંત્યક્રિયા સ્થાનોને સેવનારાએ હંમેશા આહાર ગુપ્તવાળા થવા જોઇએ. એટલે નિર્દોષ ગોચરી પાણીવાળા થવા જોઇએ ધર્મના આધાર રૂપ શરીર છે. તેના આધાર રૂપ આહાર છે. આથી તે આહાર ઔદેશિકાદિ દોષરહિત જ ગ્રહણ કરવો જોઇએ. આથી તે આહાર પ્રાયઃકરી દરરોજ લેવો જોઇએ. માટે શુદ્ધ-અશુદ્ધ ભેદે તેની પ્રરૂપણા કરે છે.

**સૂત્રાર્થ** :- ચાર પ્રકારના વનસ્પતિકાયો છે. તે પૃથ્વી વગેરે આહાર કરનારી છે.

**ટીકાર્થ** :- (૧) અગ્રબીજ (૨) મૂલબીજ (૩) પર્વબીજ (૪) સ્કંધબીજ રૂપ ઉત્પત્તિના ભેદથી વનસ્પતિ ચાર પ્રકારની છે. શાલી એટલે ડાંગર વગેરેના બીજ આગળ વિશિષ્ટ ઉત્પન્ન થાય એટલે તે અગ્રબીજ કહેવાય. અથવા જેમની ઉત્પત્તિમાં આગળના ભાગ કારણતા રૂપે હોય તેઓ અગ્રબીજ કહેવાય જેમ કોરંટના ફૂલો વગેરે. આદુ સૂંઠ વગેરે મૂલ બીજરૂપે હોય તે મૂળબીજ કહેવાય. શેરડી વગેરે પર્વબીજ છે. શલ્લકી એક જાતનું ઘાસ વગેરે સ્કંધ બીજો છે. એમના પોતપોતાના બીજો જ ઉત્પત્તિના કારણો છે. તેવા પ્રકારના કર્મના ઉદયના વશથી જ ઉત્પન્ન થવાની ઇચ્છાવાળા જીવો વનસ્પતિમાં ઉત્પન્ન થતા હોવા છતાં પણ પૃથ્વી યોનીવાળી થાય છે. આધાર વગર ઉત્પત્તિનો અભાવ હોય છે. તેઓ પૃથ્વીકાયની સ્થિતિવાળા ત્યાં જ ઉર્ધ્વ - ઉપરની તરફ વધવાના સ્વભાવવાળા થાય છે. તેઓ તેવા પ્રકારના કર્મવશથી વનસ્પતિ વગેરેમાં આવી તેમાં જ વારંવાર ઉત્પન્ન થાય છે. સચિત્ત-અચિત્ત-મિશ્ર વગેરે ઘણા પ્રકારની ભૂમિઓમાં વૃક્ષરૂપે તૈયાર થાય છે. તે વનસ્પતિઓમાં ઉત્પન્ન થયેલી પૃથ્વીનો સ્નેહ એટલે તેલને ગ્રહણ કરે છે. તે જ તેઓનો આહાર છે. આ પ્રમાણે અપ્‌કાય, તેઉકાય, વાઉકાય (વાયુકાય) વનસ્પતિકાયની પણ વિચારણા કરવી. વિવિધ પ્રકારના ત્રસ જીવોના શરીરો પણ પોતાની કાયોના આલંબન લઇ આહાર કરે છે. આ પ્રમાણે આહાર કરી પોતાની કાયરૂપે પરિણમાવી સ્વરૂપપણે લઇ જઇ તે શરીરને તત્રૂપપણે સ્વીકારે છે. આ પ્રમાણે પૃથ્વીયોનીવાળા વૃક્ષો વનસ્પતિયોનિકમાં જ, બીજી વનસ્પતિઓ તેવા પ્રકારના કર્મોદયના કારણે ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ઝાડના અવયવોમાં પણ બીજા વનસ્પતિ રૂપે થાય છે. તેઓનો આહાર પણ પોતાની યોનિરૂપ વનસ્પતિ શરીરને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વગેરે શરીરો થાય છે. એ પ્રમાણે બીજી વનસ્પતિ વગેરેમાં પણ વિચારવું. ॥૬૬॥

अमुमेव न्यायमन्यत्राप्यतिदिशति–

**एवं पृथिवीकायादयोऽपि स्वाधाराणां शरीरम् ॥६७॥**

**एवमिति,** पूर्वोक्तप्रकारेण स्वकृतकर्मवशगा नानाविधत्रसस्थावराणां शरीरेषु सचित्तेष्वचित्तेषु वा पृथिवीत्वेनोत्पद्यन्ते, तथाऽप्काय आगत्य नानाविधानां दर्दुरादित्रसानां हरितलवणादिस्थावराणां सचित्ताचित्तभेदभिन्नेषु शरीरेषु जीवा अप्कायत्वेनोत्पद्यन्ते, अप्कायशरीरस्य वातयोनिकत्वादूर्ध्वंगतेष्वपि वायुषूर्ध्वभागी भवत्यप्कायः, अधस्ताद्गतेषु च तद्वशादधोभागी भवति, यथावश्यायहिमादयः, तथा तेजस्काया अपि सचित्ताचित्तमिश्रेषु त्रसस्थावराणां शरीरेषु प्रादुर्भवन्ति, एवं वायुकाया अपि, ये यत्रोत्पन्नास्ते तेषां नानाविधानां त्रसस्थावराणां स्नेहमाहारयन्ति, एवं विकलेन्द्रिया अपि, एषां स्वयोनिभूतमचित्तमचित्तगतानाञ्च मांसचर्मरुधिरादिकमाहारं भवतीति ॥६७॥

આ જ પદ્ધતિ પ્રમાણે બીજી જગ્યાએ પણ વિચારવું.

**સૂત્રાર્થ :-** આ પ્રમાણે પૃથ્વીકાય વગેરે પણ પોતાનો આધારરૂપ શરીરનો આહાર કરે છે.

**ટીકાર્થ :-** આગળ કહ્યા પ્રમાણે પોતાના કરેલા કર્મને આધીન થયેલા વિવિધ પ્રકારના ત્રસ સ્થાવર જીવો પૃથ્વીપણે સચિત્ત અચિત્ત શરીરોમાં ઉત્પન્ન થાય છે. તથા અપ્‌કાય પણ આવીને વિવિધ પ્રકારના દેડકા વગેરે ત્રસ જીવો, લીલ મીઠું વગેરે સ્થાવરો જે સચિત્ત કે અચિત્ત ભેદ રૂપે હોય છે. તેમના શરીરોમાં જીવો અપ્‌કાય રૂપે ઉત્પન્ન થાય છે. અપ્‌કાયના શરીરવાળા જીવો વાયુ યોનિવાળા હોવાથી ઊંચે જઇને પણ વાયુમાં ઉર્ધ્વગામી એટલે ઉંચે જનારા અપ્‌કાય થાય છે. નીચે જવાના કારણે અધોભાગી થાય છે. એટલે નીચે જનારા થાય છે. જેમ અવશ્યાય એટલે ઝાકળ બરફ વગેરે. તથા તેજસ્કાયો પણ સચિત્ત, અચિત્ત, મિશ્ર, ત્રસ સ્થાવર શરીરો વગેરેમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે વાયુકાયો પણ જેઓ જ્યાં ઉત્પન્ન થયેલા હોય તેઓ તેમના વિવિધ પ્રકારના ત્રસસ્થાવરોનો સ્નેહ એટલે ચીકાશ તેલનો આહાર કરે છે. આ પ્રમાણે વિકલેન્દ્રિયો એટલે બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરીન્દ્રિયો પણ આહાર કરે છે, એમની પોતાની યોનિરૂપ સચિત્ત અચિત્તમાં રહેલા માંસ, ચામડી, લોહી વગેરેનો આહાર હોય છે. ॥૬૭॥

गर्भव्युत्क्रान्तमनुजानामाहारमाह—

**उभयोरेकस्याऽऽहारो नवनीतादयश्च मनुजानाम् ॥६८॥**

**उभयोरिति,** शुक्राधिकं पुरुषस्य शोणिताधिकं स्त्रियास्तयोः समता नपुंसकस्य कारणतां प्रतिपद्यते, तदुभयमप्यविध्वस्तम्, स्त्रियो वामा कुक्षिः पुरुषस्य दक्षिणा षण्डस्य मिश्राऽऽश्रयः, योनौ बीजे चाविध्वस्त एवोत्पत्तेरवकाशः, नारी यदा पञ्चपञ्चाशिका पुरुषश्च सप्तसप्तिकस्तदा तयोर्विध्वंसः । तथा द्वादशमुहूर्त्तानि यावच्छुक्रशोणिते अविध्वंस्तयोनिके भवतः, तत ऊर्द्ध्वं ध्वंसमुपगच्छत इति । तत्र वेदोदये पूर्वकर्मनिर्वर्त्तितायां योनौ रताभिलाष-

जनितेन संयोगेन तच्छुक्रशोणिते अवलम्ब्य जीवास्तैजसकार्मणाभ्यां शरीराभ्यां कर्मरज्जु-सन्दानितास्तत्रोत्पद्यन्ते तत्र जीवा उभयोरपि स्नेहमाहार्य स्वकर्मविपाकेन यथास्वं स्त्रीपुंन-पुंसकभावेनोत्पद्यन्ते, तदुत्तरकालं स्त्रियाऽऽहारितस्याहारस्य स्नेहमाददति तत्स्नेहेन च क्रमोपचयात्, कललबुद्बुदादिरूपेण निष्पद्यन्ते तदेवमनेन क्रमेण तदेकदेशेन वा मातुराहारमोजसा मिश्रेण वा लोमभिर्वाऽऽनुपूर्व्येणाहारयन्ति, क्रमेण वृद्धिमुपेता गर्भनिष्पत्ति-मनुप्रपन्नास्ततो मातुः कायात् पृथग्भवन्तस्तद्योनेर्निर्गच्छन्ति, ततस्ते पूर्वाभ्यासादाहाराभि-लाषिणो मातुः स्तन्यमाहारयन्ति क्रमेण प्रवृद्धा नवनीतदध्योदनादि भुञ्जते तथाऽऽहारत्वेनो-पानतान् त्रसान् स्थावरांश्च प्राणिन आहारयन्ति, एवं तिर्यग्योनिका अपि किञ्चिद्वीशेषेण भाव्याः ॥६८॥

(હવે) ગર્ભમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનો આહાર કહે છે.

**સૂત્રાર્થ :-** (સ્ત્રી-પુરૂષ) બન્નેમાંથી એકનો અને ઘી વિ. (નવનીતનો) આહાર મનુષ્યોને હોય છે.

**ટીકાર્થ :-** શુક્રની અધિકતાવાળા પુરુષ હોય છે. અને સ્ત્રીઓ લોહીની અધિકતાવાળા હોય છે. શુક્ર અને લોહીની સમતાવાળા સરખાપણાવાળા મનુષ્યો (જીવો) નપુંસકપણુ સ્વીકારે છે. પામે છે. તે બંન્ને પણ અવિધ્વસ્ત એટલે ખંડિત ન હોય. સ્ત્રીઓની કુક્ષી ડાબી તરફ હોય છે. પુરુષોનું દક્ષિણ એટલે જમણી બાજુ હોય છે. ષંડ એટલે નપુંસકોનું મિશ્ર એટલે ડાબી જમણી બાજુ હોય છે. યોનિમાં બીજ અવિધ્વસ્ત હોય તો જ ગર્ભની ઉત્પત્તિની શક્યતા રહે. જ્યારે સ્ત્રી ૫૫ (પંચાવન) વર્ષની અને પુરુષ સિત્યોત્તેર (૭૭) નો થાય ત્યારે વિધ્વસ્ત (ખંડિત) વીર્ય અને લોહી થાય છે. તથા બાર મુહૂર્ત્ત સુધી શુક્ર અને લોહી અવિધ્વસ્ત રહે છે. ત્યાર બાદ બંન્ને નષ્ટ બીજવાળા થાય છે. વેદોદયથી પૂર્વકર્મના ઉદય થવાથી યોનિમાં રમવાની ઇચ્છા ઉત્પન્ન થવાથી સંયોગ કરવાથી તે શુક્ર લોહીના અવલંબન લઇ જીવો તૈજસ કાર્મણ શરીર વડે કર્મરૂપી રજ્જુ દોરડીરૂપ સાણસી વડે બન્ને પ્રકારના જીવો તેમાં ઉત્પન્ન થાય છે. ત્યાં આગળ બન્ને પ્રકારના જીવો સ્નેહનો આહાર કરી પોતાના કર્મના વિપાકના ઉદયથી યથાયોગ્ય સ્ત્રી પુરુષ નપુંશકરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાર પછીના સમયે સ્ત્રી વડે ખવાયેલા આહારનો સ્નેહ ગ્રહણ કરે છે. તે સ્નેહ (તેલ) વડે અનુક્રમે ગર્ભનું પોષણ થવાથી પહેલા કલલ, બુદબુદ્ રૂપે ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે તે ગર્ભ ક્રમસર એક દેશથી અથવા માતાના આહારના તે જ ઓજસના મિશ્ર કે લોમ વડે આનુપૂર્વી ક્રમથી આહાર કરતા ક્રમસર વૃદ્ધિ પામી ગર્ભની નિષ્પતિ (ત્તી) થાય છે. ત્યાર પછી માતાની કાયાથી જુદા પડવા માટે તેની યોનિથી બહાર નીકળે છે. બહાર નીકળ્યા પછી તે પૂર્વના અભ્યાસના કારણે આહારનો અભિલાષી થયેલો માતાના સ્તનને ધાવે છે. અને આહાર કરે છે. અનુક્રમે વધતા ઘી, દહીં, ભાત વગેરે ખાય છે. તથા આહારરૂપે આવેલા ત્રસો, સ્થાવરો પ્રાણિઓનો આહાર કરે છે. આ પ્રમાણે તિર્યંચયોનિવાળા જીવોપણ કંઇક વિશેષરૂપે વિચારવા. ॥૬૮॥

तदेवमेत आहारेष्वगुप्ता अत एवैषां कर्मबन्धोऽवश्यम्भावीति तत्प्रत्याख्यानमुत्तरगुणसम्पादनाय सम्प्रति प्रदर्शयति—

**अप्रतिहतप्रत्याख्यातपापकर्मा कर्मबन्धकः ॥६९॥**

**अप्रतिहतेति,** आत्मा ह्यनादिमिथ्यात्वाविरतिप्रमादकषाययोगानुगतः स्वभावादेवाप्रत्याख्यानी भवति, स एव च कुतश्चिन्निमित्तात् प्रत्याख्यान्यपि भवति, तथाऽक्रियाकुशलो मिथ्यात्वोदयसंस्थितोऽपरप्राणिदण्डो रागद्वेषकलुषितो हिताहितप्राप्तिपरिहारविकलो भावसुप्तोऽप्रत्याख्यानक्रियत्वादेवाविचारितमनोवाक्कायश्च भवति, तदेवम्भूतो निर्विवेकतया पटुविज्ञानरहितः स्वप्नमपि न पश्यति तस्य चाव्यक्तविज्ञानस्य स्वप्नमप्यपश्यतः पापं कर्म बध्यते । नन्वव्यक्तविज्ञानस्य कथं पापं कर्म बध्यते, पापकर्म हि कर्माश्रवद्वारभूतैर्मनोवाक्कायैर्बध्यते न त्वेकेन्द्रियविकलेन्द्रियादेः कर्मबन्धसम्भवः, प्राणिघातकस्य मनोवाक्कायव्यापारस्य तत्राभावात्, अन्यथा मुक्तानामपि कर्मबन्धो भवेत्, तस्मान्नाव्यक्तविज्ञानस्य कर्म बध्यते किन्तु प्रस्फुटविज्ञानस्येति चेन्न, अप्रतिहतप्रत्याख्यातपापकर्मत्वात्, प्रतिहतं–विघ्नितं प्रत्याख्यातं–नियमितं पापं कर्म येन स तथा, अतथाविधश्चाप्रतिहतप्रत्याख्यातपापकर्मा, तत्सद्भावाच्चैकेन्द्रियविकलेन्द्रियादीनां मिथ्यात्वाविरतिप्रमादकषाययोगानुगतत्वं तद्भावात् प्राणातिपातादिदोषवन्तस्ते कथं न स्युः, तथाविधदोषवत्तया चाव्यक्तविज्ञाना अपि सन्तोऽस्वप्नाद्यवस्थायामपि कर्मबन्धका एव यथा हि वधकोऽवसरापेक्षी वध्यस्य व्यापत्तिमकुर्वाणोऽप्यमित्रभूतो भवत्यसावपि बालोऽस्पष्टविज्ञानो निवृत्तेरभावेन योग्यतया सर्वेषां प्राणिनां व्यापादको भवत्येव, तत्प्रत्ययिकेन च कर्मणा बध्यत एव । एवं मृषावादादत्तादानमैथुनपरिग्रहेष्वपि वाच्यम् । तथा चाप्रतिहतप्रत्याख्यातक्रिय आत्मा पापानुबन्धी, सदा षड्जीवनिकायेषु प्रशठव्यतिपातचित्तदण्डत्वात्, स्वपरावसरापेक्षितया कदाचिदव्यापादयन्नपि राजादिवधकवद्यथाऽऽसौ वधपरिणामादनिवृत्तत्वाद्वध्यस्यामित्रभूतस्तथाऽऽत्मापि विरतेरभावात्सर्वेष्वपि सत्त्वेषु नित्यं प्रशठव्यतिपातचित्तदण्डः, यत एवं तस्मात् पापानुबन्धीति पञ्चावयवाः । ननु सर्वे प्राणिनः सर्वेषामपि सत्त्वानां प्रत्येकममित्रभूता इत्यसिद्धम्, चतुर्दशरज्ज्वात्मके लोके प्राणिनामनन्तत्वेन देशकालस्वभावविप्रकृष्टत्वेन न दृष्टा न श्रुता न वा प्रातिभेन स्वयमेव विज्ञाता इति कथं तद्विषयस्तस्यामित्रभावः कथं वा प्रत्येकं वधं प्रति चित्तसमाधानं भवेत्, न चासौ तान् प्रति नित्यं प्रशठव्यतिपातचित्तदण्डो भवतीति चेन्मैवम्, तथापि देशकालस्वभावविप्रकृष्टेषु तेष्वमुक्तवैरत्वात्, अस्याविरतिप्रत्ययत्वात्, एवञ्च य इमे

पृथिवीकायादयोऽसंज्ञिनः प्राणिनः तेऽप्यहर्निशममित्रभूता मिथ्यासंस्थिता नित्यं प्रशठ-व्यतिपातचित्तदण्डा दुःखोत्पादनयावत्परितापनपरिक्लेदादेरप्रतिविरता असंज्ञिनोऽपि सन्तोऽहर्निशं प्राणातिपाते कर्त्तव्ये तद्योग्यतया तदसम्प्राप्तावपि ग्रामघातकवदुपाख्यायन्ते किमुत संज्ञिनः ॥६९॥

તે જીવો આ પ્રમાણે આહારમાં અગુપ્ત એટલે કાબુ વગરના થયેલા હોવાથી તેમને કર્મબંધ અવશ્ય થશે જ આથી વર્તમાનમાં તે આહારના પચ્ચક્ખાણ લેવા માટે અને ઉત્તમ ગુણો મેળવવા માટે બતાવી રહ્યા છે.

**સૂત્રાર્થ** :- નહિ અટકેલા, પચ્ચક્ખાણ વગરના, પાપકર્મવાળા કર્મ બાંધનારા છે.

**ટીકાર્થ** :- આત્મા અનાદિ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ યુક્ત સ્વભાવથી જ અપ્રત્યખ્યાન એટલે પચ્ચક્ખાણ વગરનો હોય છે. તે જ જીવો કોઇક નિમિત્તથી પ્રત્યાખ્યાની એટલે વ્રત પચ્ચક્ખાણવાળા થાય છે. તથા અક્રિયા કુશલ એટલે પાપક્રિયામાં કુશલ, મિથ્યાત્વના ઉદયમાં રહેલા બીજા પ્રાણીઓના માટે દંડ સમાન, રાગ-દ્વેષથી કલુષિત હિતાહિત પ્રાપ્તિ પરિહારનાં વિવેક વગરના, ભાવથી સૂતેલો, અપ્રત્યાખ્યાન ક્રિયાવાળો હોવાથી જ અવિચારી તે મન વચન કાયાવાળો થાય છે. આવા પ્રકારનો નિર્વિવેકીપણાવાળો, કુશળ વિજ્ઞાન વગરનો સુખના સ્વપ્નને પણ જોતો નથી. તે અવ્યક્ત વિજ્ઞાનવાળાને સ્વપ્ન ન જોતાં પાપ કર્મ બાંધે છે.

**પ્રશ્ન** :- અવ્યક્ત વિજ્ઞાનવાળાઓને પાપકર્મ શી રીતે બંધાય ? કેમકે પાપકર્મ - પાપકર્મના આશ્રવભૂત મન-વચન-કાયા વડે બંધાય છે. એમ ન હોય તો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરેને કર્મબંધનો સંભવ રહેશે નહિં, કેમકે પાણીનો ઘાત કરનારાને ત્યાં આગળ મન-વચન-કાયાના વ્યાપારનો અભાવ હોય છે. એમ ન હોય તો મોક્ષના જીવોને પણ કર્મબંધ થઇ શકે. માટે અવ્યક્તવાળાને પણ કર્મ બંધાય. પરંતુ વ્યક્ત વિજ્ઞાનવાળાને ન થાય, એ વાત પણ બરાબર નથી. કારણ કે પાપકર્મથી અટકેલા નથી. તેમજ પચ્ચક્ખાણ કરેલા નથી માટે પ્રતિહત એટલે વિઘ્નકરેલ, પ્રત્યાખ્યાન એટલે પાપકર્મને નિયમિત કરેલ છે. જેમના વડે તે, તથા તેવા પ્રકારના નહીં અટકાયલા પચ્ચક્ખાણ વગરના, પાપ કર્મવાળા જીવો તેનો સદ્ભાવ હોવાથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરેને પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ યુક્તપણાથી તેનો સદ્ભાવ હોવાથી પ્રાણાતિપાત વગેરે દોષવાળા તેઓ ન કેમ થાય ? તેવા પ્રકારના દોષવાળા હોવાથી અવ્યક્ત વિજ્ઞાનવાળા હોવા છતાં પણ સ્વપ્ન વગેરે અવસ્થામાં પણ કર્મ બંધ થાય છે. જેમ વધ કરનારો અવસરને જોતો વધ યોગ્યને મુસીબત ન કરતો હોવા છતાં પણ અમિત્ર એટલે દુશ્મનરૂપ થાય છે. એ મારનારો પણ બાલ અસ્પષ્ટ જ્ઞાનવાળો નિવૃત્તિ પચ્ચક્ખાણ ન હોવાથી યોગ્ય રૂપે બધા પ્રાણિઓને મારનારો થાય જ છે. અને તેના નિમિત્તે કર્મના બંધથી બંધાય જ છે. આ પ્રમાણે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહમાં પણ કહેવું. અને અપ્રતિહત પચ્ચક્ખાણની ક્રિયાવાળો આત્મા પાપાનુબંધિવાળો થઇ હંમેશા છ જીવનિકાયોની વિશેષ ભાવે મારવાની બુદ્ધિ પૂર્વક મનથી

દંડવાળો હોવાથી પોતાના અને પરના અવસરનો, અવસરની અપેક્ષાએ કદાચ મારનારો ન પણ થાય છતાં રાજા વગેરેને હણનારાની જેમ આ વધના પરિણામથી અનિવૃત્તિ હોવાથી વધ્યનો શત્રુરૂપે હોય છે. તેમ આત્મા પણ વિરતિનો અભાવ હોવાથી બધા જીવોનો પણ હંમેશા ઠગવાની બુદ્ધિથી મારવાના મન દંડવાળો થાય છે. જેથી આ પ્રમાણે છે. તેથી પાપનુબંધિ એમ પાંચ અવયવો છે. જે બધા પ્રાણિઓ બધા જીવોના દરેકના શત્રુ (અમિત્ર) રૂપો છે. એ અસિદ્ધ છે. ચૌદરાજરૂપ લોકમાં પ્રાણિઓ અનંત હોવાથી દેશકાળ સ્વભાવ વિપરિત હોવાના કારણે જોયા નથી કે સાંભળ્યા પણ નથી તો પછી કેવી રીતે એમના વિશેનો શત્રુભાવ. અથવા દરેકના વધને લક્ષ્ય ચિત્તને સમાધાન કેવી રીતે થાય ? એઓ તેઓના પ્રતિ હંમેશા શઠબુદ્ધિપૂર્વક મારવાની બુદ્ધિ ચિત્તદંડવાળો થાય છે. એમ નથી છતાં પણ દેશકાળ સ્વભાવનો વિરોધ હોવા છતાં તેઓમાં અમુક્ત વર હોવાથી એમને અવિરતિના કારણે થાય છે. આ પ્રમાણે પૃથ્વીકાય વિગેરે અસંજ્ઞી જીવો તેઓ પણ હંમેશા દુશ્મનરૂપે થઈ, મિથ્યાત્વમાં રહેલા કાયમ ઠગબુદ્ધિપૂર્વક મારવાની બુદ્ધિવાળા ચિત્ત દંડવાળા, દુઃખોત્પાદન સુધી પરિતાપન રીબામણ વગેરે તરફ અવિરતિ જીવો અસંજ્ઞી હોવા છતાં પણ હંમેશા પ્રાણાતિપાત કરવામાં (જીવહિંસા) તેના યોગ્ય રૂપે તેની પ્રાપ્તિ ન થવા છતાં પણ ગાયને મારનારાની જેમ ઉપાખ્યાન મતે (વર્ણવાય) છે, તો પછી સંજ્ઞીઓની શી વાત કરવી ? ॥૬૯॥

ननु संज्ञित्वमसंज्ञित्वं च भव्यत्वाभव्यत्ववन्नियतरूपम्, न तु संज्ञिनोऽसंज्ञिनः, असंज्ञिनो वा संज्ञिनो भवन्तीत्याशंकायामाह—

**संज्ञित्वासंज्ञित्वे न नियते, तथाविधकर्मपरिणामात्, एकस्मिन्नेव भवे उभयदर्शनाच्च ॥७०॥**

**संज्ञित्वेति,** पुरुषः पुरुष एव पशुरपि पशुरेव भवतीति वेदान्तिमतवन्न संज्ञित्वमसंज्ञित्वञ्च नियतम्, भव्यत्वाभव्यत्ववदनयोर्न व्यवस्थानियमः, एते हि कर्मायत्ते, तथाभूतकर्मपरिणामात् संज्ञिनोऽप्यसंज्ञिनः, असंज्ञिनोऽपि संज्ञिनो भवन्ति, एकयोनयोऽपि खलु जीवाः पर्याप्त्यपेक्षया यावन्मनःपर्याप्तिर्न निष्पद्यते तावदसंज्ञिनः, करणतः सन्तः पश्चात् संज्ञिनो भवन्ति, अन्यजन्मापेक्षया त्वेकेन्द्रियादयोऽपि सन्तः पश्चान्मनुष्यादयो भवन्ति, वेदान्तिमतन्तु प्रत्यक्षेणैव व्यभिचरितम्, संज्ञ्यपि कश्चिन्मूर्च्छाद्यवस्थायामसंज्ञित्वं प्रतिपद्यते तदपगमे च पुनस्संज्ञित्वमिति दर्शनात् । यथा प्रतिबुद्धो निद्रोदयात् स्वपिति, सुप्तश्च प्रतिबुध्यत इत्येवं स्वापप्रतिबोधयोरन्योऽन्यानुगमनं तथा संज्ञ्यसंज्ञिनोः कर्मपरतंत्रत्वादन्योऽन्यानुगतिरविरुद्धा । एवञ्चापरित्यक्तकर्मणोऽसंज्ञिकायात् संज्ञिकायं संक्रामन्ति तथा संज्ञिकायादसंज्ञिकायम्, संज्ञिकायात्संज्ञिकायमसंज्ञिकायादसंज्ञिकायम्, यथा नारकाः सावशेष-

कर्माण एव नरकादुद्धृत्य प्रतनुवेदनेषु तिर्यक्षूत्पद्यन्ते, देवा अपि प्रायशः तत्कर्मशेषतया शुभस्थानेषूत्पद्यन्ते, तदेवमप्रत्याख्यानिनः कर्मसम्भवाच्चातुर्गतिकं संसारमवगम्योत्पन्नवैराग्यः समतया सर्वान् प्राणिनो भावयन् धर्ममवगम्य सर्वाश्रवद्वारेभ्यः संवृतः संयमं सम्यक् पालयेत् ॥७०॥

શું સંજ્ઞીત્વ અને અસંજ્ઞીત્વ ભવ્યત્વ, અભવ્યત્વની જેમ નિયત છે કે અનિયત રૂપે છે ? તથા સંજ્ઞીઓ અસંજ્ઞીરૂપે અથવા અસંજ્ઞીઓ સંજ્ઞીરૂપે થાય છે કે નહીં એ શંકામાં કહે છે.

**સૂત્રાર્થ** :- સંજ્ઞીપણું તથા અસંજ્ઞીપણું નિયત નથી તેવા પ્રકારના કર્મ પરિણામથી એક જ ભવમાં બંને દેખાતા હોવાથી.

**ટીકાર્થ** :- પુરુષ-પુરુષ જ થાય અને પશુ-પશુ જ થાય એવો વેદાંતિઓનો મત છે. તે પ્રમાણે સંજ્ઞીત્વ અસંજ્ઞીત્વ નિયત નથી. ભવ્યત્વ કે અભવ્યત્વની જેમ આ બંનેનો વ્યવસ્થા નિયમ નથી. એ બંને કર્માધીન છે તેવા પ્રકારના કર્મપરિણામથી સંજ્ઞીઓ અસંજ્ઞી થાય છે, અસંજ્ઞીઓ સંજ્ઞી થાય છે. એક યોનિવાળા હોવા છતાં પણ જીવો પર્યાપ્તિની અપેક્ષાએ જયાં સુધી મન પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી અસંજ્ઞી કહેવાય છે. કારણથી અપર્યાપ્તો અપર્યાપ્તો હોય છે. પાછળથી સંજ્ઞી થાય છે. બીજા જન્મની અપેક્ષાએ એકેન્દ્રિય વગેરે પણ અસંજ્ઞી હોય છે. પાછળથી 'મનુષ્ય વગેરે પણ થાય છે. વેદાંતિનો મત તો પ્રત્યક્ષથી જ વ્યભિચારી છે. સંજ્ઞી પણ કોઇક મૂર્છા વગેરે અવસ્થામાં અસંજ્ઞીપણાનો સ્વીકાર કરે છે. તે મૂર્છા દૂર કરવાથી ફરી સંજ્ઞીપણાનો સ્વીકાર કરે (દેખાય) છે જે જાગતો ઉંઘ આવવાથી સૂઇ જાય અને સૂતેલો જાગે છે. એ પ્રમાણે જેમ ઉંઘવુ અને જાગવું એ બંને એક બીજાની પાછળ લાગેલા જ હોય છે. તેમ સંજ્ઞીપણું અને અસંજ્ઞીપણું કર્મને પરતંત્ર હોવાથી એકબીજાના અનુયાયીપણું અવિરૂદ્ધ છે. એ પ્રમાણે કર્મ ન છોડેલા હોવાથી અસંજ્ઞીકાયમાંથી સંજ્ઞીકાયમાં પરિવર્તન પામે છે. તથા સંજ્ઞીકાયમાંથી અસંજ્ઞીકાયમાં સંક્રમે છે. તથા સંજ્ઞીમાંથી સંજ્ઞીકાય અને અસંજ્ઞીકાયથી અસંજ્ઞીમાં સંક્રમે છે. જેમ બાકી રહેલા કર્મવાળા નારકો નરકમાંથી ઉદ્ધાર પામી અલ્પવેદનાવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. દેવો પણ પ્રાયઃ કરી તેમના બચેલા કર્મો પ્રમાણે શુભસ્થાનોમાં ઉત્પન્ન થાય છે. તેથી આ પ્રમાણે અપ્રત્યાખ્યાનીઓ પચ્ચક્ખાણ વગરનાઓ કર્મ હોવાથી ચારે ગતિરૂપ સંસારને જાણી ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળા સર્વ પ્રાણિઓને સમભાવે ભાવતા વિચારતા ધર્મને જાણી બધાય આશ્રવ દ્વારોને સંવૃત કરી એટલે બંધ કરી સંયમને સારી રીતે પાલે. ॥૭૦॥

परित्यक्तानाचारस्यैव प्रत्याख्यानमस्खलितं भवतीत्यनाचारस्वरूपं दर्शयति—

**मौनीन्द्रप्रवचनमाचारस्तदपरोऽनाचारः ॥७१॥**

**मौनीन्द्रेति,** मौनीन्द्रप्रवचनं मोक्षमार्गहेतुतया सम्यग्दर्शनज्ञानचारित्रात्मकम्, तथा च दर्शनाचारो ज्ञानाचारश्चारित्राचारश्चेत्याचारत्रैविध्यं विज्ञेयम्, सम्यग्दर्शनं तत्त्वार्थश्रद्धानम्, तत्त्वं जीवाजीवपुण्यपापाश्रवबन्धसंवरनिर्जरामोक्षात्मकम्, तथा धर्माधर्माकाशपुद्गलजीवकालात्मकञ्च, द्रव्यं नित्यानित्यस्वभावम्, सामान्यविशेषात्मकोऽनाद्यपर्यवसानश्चतुर्दशरज्ज्वात्मको वा लोकस्तत्त्वम्, ज्ञानन्तु मतिश्रुतावधिमनःपर्यवकेवलस्वरूपम् । चारित्रं सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातरूपं पञ्चधैव मूलोत्तरगुणभेदतो वाऽनेकधा । एतत्प्रवचनादपरोऽनाचारः, तं नाचरेत् ॥७१॥

જેમને અનાચારને છોડી દીધા છે. એવાઓનું પચ્ચક્ખાણ અસ્ખલિત ભૂલ વિનાનું - અટક્યા વગરનું હોય છે. માટે અનાચારનું સ્વરૂપ બતાવે છે.

**सूत्रार्थ :-** મૌનિન્દ્ર (એટલે જિનેશ્વરનું) પ્રવચન (એટલે જિનશાસનનો આચાર) એ જ આચાર છે. તે સિવાય બાકીનો બધો અનાચાર છે.

**टीकार्थ :-** મોક્ષમાર્ગના કારણરૂપ હોવાથી મૌનિન્દ્ર પ્રવચન એટલે જિનશાસન કે જે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ છે. તે દર્શનાચાર, જ્ઞાનાચાર ચારિત્રાચાર એ પ્રમાણે આચારની ત્રિવિધતા જાણવી. તત્ત્વાર્થની શ્રદ્ધા રૂપ સમ્યગ્ દર્શન છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ રૂપ નવતત્ત્વો છે. તથા ધર્માધર્મ-આકાશ-પુદ્ગલ-જીવ-કાળરૂપ દ્રવ્ય છે. દ્રવ્ય નિત્યાનિત્યસ્વભાવવાળા અથવા સામાન્ય વિશેષાત્મક અનાદિ અનંત ચૌદ રજ્જુરૂપ લોકતત્ત્વ છે. જ્ઞાન, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવલજ્ઞાન નામના પાંચ છે, ચારિત્ર-સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ પાંચ રૂપે છે. મૂળ ઉત્તરગુણરૂપે ભેદથી અનેક પ્રકારનું છે. એ પ્રવચનાચાર છે. એના સિવાયનો બીજો અનાચાર છે. તે આચરે નહિ. ॥૭૧॥

दर्शनाचारप्रतिपक्षमनाचारसूचनायाह—

**द्रव्यमनाद्यनन्तमन्यथा प्रवृत्तिनिवृत्त्यसम्भवात् ॥७२॥**

**द्रव्यमिति,** धर्माधर्मादिकं चतुर्दशरज्ज्वात्मकलोकस्वरूपं वा न प्राथमिकोत्पत्तिमत्, न वा निरन्वयविनाशि, अपि त्वनाद्यनन्तमिति सर्वनयसमूहात्मकेन प्रमाणेन परिज्ञातम्, तद्भिन्नमेकनयालम्बनेन शाश्वतमेव, अशाश्वतमेव वेति परिज्ञानं दर्शनाचारप्रतिपक्षभूतोऽनाचारः, एवञ्च सामान्यांशमात्रावलम्बनेन सर्वं शाश्वतमित्यवधारणं न कुर्यात्, तथा विशेषांशमात्रावलम्बनतः सर्वमशाश्वतमित्यप्यवधारणं न कुर्यात्, तथाभ्युपगमे ह्यैहिकामुष्मिककार्ययोर्लोकस्य प्रवृत्तिनिवृत्ती न सम्भवतः, एकान्तनित्यत्वे नवपुराणादिभावेन प्रत्यक्षतो

वस्तुनो दर्शनान्नित्य इति व्यवहारो बाधितः स्यात्, आत्मनो नित्यत्वेन बन्धमोक्षाभावाद्यमनियमाद्यनर्थकताप्रसङ्गः, अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावत्वात् । तथा च लोकस्य क्वापि प्रवृत्तिनिवृत्ती न स्याताम् । एकान्तानित्यत्वेऽप्यनागतभोगार्थं लोकस्य धनधान्यघटपटादिसङ्ग्रहो न घटेत, आमुष्मिकेऽपि प्रवृत्तिर्न स्यात्, आत्मन एकान्तेन क्षणिकत्वात् । कथञ्चिन्नित्यानित्ये च वस्तुनि सामान्यांशावलम्बनतो नित्यत्वव्यवहारो विशेषांशावलम्बनेन चानित्यताव्यवहारस्सूपपद्यते, तस्मादेकान्तपक्षयोरनाचारं विजानीयात् । एवञ्चोत्पादव्ययध्रौव्यात्मकान्यर्हद्दर्शनाश्रितानि वस्तूनि व्यवहाराङ्गम् नान्यदर्शनाश्रितानि, तस्याभावात्, एवमर्हच्छासनप्रतिपन्नाः सर्वे भव्याः सिद्धिं यान्ति ततश्चोच्छिन्नभव्यं जगत्स्यात्, जीवसद्भावेऽप्यपूर्वोत्पादाभावेनाभव्यस्य सिद्धिगमनासम्भवेन कालस्यानन्त्यादनारतञ्च सिद्धिगमनसम्भवेन तद्व्ययोपपत्तेरिति तथा सर्वेऽभव्या एव इति च न वक्तव्यम्, भव्यराशेर्भविष्यत्कालस्येवानन्तत्वात्, न वा सकलभव्यानां मुक्तिरवश्यम्भाविनी, तत्सामग्रीप्राप्त्यवश्यम्भावानियमात्, आगमेऽनन्तानन्तास्वप्युत्सर्पिण्यवसर्पिणीषु भव्यानामनन्तभाग एव सिद्ध्यतीत्युक्तेः । नापि सर्वेऽभव्या एव, अनेकेषां सिद्धिगमनश्रुतेः, मुक्त्यभावे च संसारस्याप्यभावप्रसङ्गात्, सम्बन्धिशब्दौ ह्येतौ, न हि मुक्तिः संसारं विना संसारोऽपि मुक्तिं विना सम्भवतीति दर्शनाचारः ॥७२॥

દર્શનાચારનો પ્રતિપક્ષી અનાચારને સૂચવવા માટે કહે છે.

**સૂત્રાર્થ** :- દ્રવ્ય અનાદિ અનંતકાળથી છે. એમ ન હોય તો પ્રવૃત્તિ નિવૃત્તિનો અસંભવ થઇ જાય.

**ટીકાર્થ** :- ધર્મ-અધર્મ વગેરે રૂપ ચૌદરજ્જુ આત્મક લોકનું સ્વરૂપ છે. તેમની પ્રથમ પહેલા ઉત્પતિ નથી. તેમજ પરંપરા વગરનો (નિરન્વય) વિનાશ પણ નથી. પરંતુ અનાદિ અનંત છે. સર્વ નય સમુહાત્મક પ્રમાણ વડે જાણવા યોગ્ય છે. તેનાથી ભિન્ન એક નયના આલંબન વડે શાશ્વત જ છે. અને અશાશ્વત જ છે. આ પ્રમાણે સામાન્ય અંશ માત્રના (નું) આલંબન વડે બધી વસ્તુ શાશ્વત એટલે સદાકાળ રહેવાવાળી એવી ધારણા ન કરવી. તથા વિશેષાંશ માત્રનો આલંબનથી બધી વસ્તુ અશાશ્વત છે, એવી ધારણા ન કરવી. કેમકે તેવા પ્રકારનો સ્વીકાર કરવાથી આલોકના અને પરલોકના કાર્યથી લોકની પ્રવૃત્તિ નિવૃત્તિ સંભવવી શક્ય નથી. એકાંત નિત્યપણામાં નવાપુરાણા વગેરેના ભાવવડે પ્રત્યક્ષથી વસ્તુઓ જોવાથી નિત્ય છે. એમ વ્યવહાર બાધિત થાય. આત્માના નિત્યપણાથી બંધ મોક્ષ વગેરેનો અભાવ થવાથી યમ નિયમ વગેરે નકામા થવાનો પ્રસંગ આવશે. કેમકે આત્મા અપ્રચ્યુત, અનુત્પન્ન સ્થિરૈક સ્વભાવવાળો છે. તથા લોકની પ્રવૃત્તિ

નિવૃત્તિ પણ થશે નહીં, એકાંત અનિત્યપણામાં પણ ભવિષ્યમાં વાપરવા માટેનો ધન, ધાન્ય, ઘટ, પટ વગેરેનો લોકો જે સંગ્રહ કરે છે. તે ઘટી શકશે નહીં વર્તમાનની પણ પ્રવૃત્તિ થશે નહિ કેમકે આત્મા એકાંતે ક્ષણિક હોવાથી કથંચિત્ નિત્યાનિત્ય વસ્તુમાં સામાન્ય અંશના આલંબનને નિત્યત્વનો વ્યવહાર કરાય છે. પ્રાપ્ત થાય છે. માટે એકાંત પક્ષોનો અનાચાર જાણવો. આ પ્રમાણે ઉત્પાદ, વ્યય, દ્રવ્યરૂપ અર્હત્ દર્શનાશ્રિત વસ્તુઓ વ્યવહારના અંગ રૂપે છે. બીજા દર્શનાશ્રિતો નહીં કારણ કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય નહીં હોવાથી આ પ્રમાણે જૈન અર્હત્ (જૈન) શાસન સ્વીકારનારા બધાજ આત્માઓ સિદ્ધિને પામે છે. અને તેનાથી રહિત (ઉચ્છિન્ન) ભવ્ય જગત હોય છે. જીવ સદ્ભાવ હોવા છતાં પણ પૂર્વમાં ઉત્પત્તિનો અભાવ ન હોવાથી અભવ્યને મોક્ષગમનનો અસંભવ હોવા વડે કામનું અનંતપણું હોવાથી અનારત સતત સિદ્ધિગમનનો સંભવ હોવાથી તેના વ્યયની પ્રાપ્તિ થતી હોવાથી બધા અભવ્યો જ છે. એમ ન બોલવું. કારણકે ભવ્ય રાશિનું ભવિષ્યકાળી જેમ અનંતપણું છે. સકલ ભવ્ય જીવોની મુક્તિ અવશ્ય થશે જ એમ નથી. કેમકે (મોક્ષ) તેની સામગ્રીની પ્રાપ્તિ અવશ્ય થશે જ એવો નિયમ નથી. આગમમાં પણ અનંતાનંત ઉત્સર્પિણી અવસર્પિણીમાં ભવ્યજીવોનો અનંતો ભાગ સિદ્ધ થશે એમ કહ્યું છે. બધા અભવ્યો જ છે. એમ પણ નથી કારણ કે અનેકો મોક્ષે ગયા છે. એ સંભળાય છે. મુક્તિનો અભાવ થાય તો સંસારના અભાવનો પ્રસંગ આવશે. સમ્બન્ધિ શબ્દોમાં આ બંને શબ્દો એક બીજા સંબંધી છે. મુક્તિ વગર સંસાર નથી. સંસાર પણ મુક્તિ વગર સંભવતો નથી. આ પ્રમાણે દર્શનાચાર છે. ॥૭૨॥

चारित्राचारमाश्रित्याह—

**अध्यवसायात् कर्मबन्धो न वध्यसादृश्यवैसादृश्यतः ॥७३॥**

**अध्यवसायादिति,** एकेन्द्रियाद्यल्पकायानां हस्त्यादिमहाकायानाञ्च व्यापादने सदृशं कर्म वैरं वा, सर्वजन्तूनां तुल्यप्रदेशत्वादिति नैकान्तेन वक्तव्यम्, प्रदेशतुल्यतायाम्पीन्द्रिय-विज्ञानकायानां विसदृशत्वात्तद्व्यापत्तौ कर्म वैरं वा न समानमित्यप्येकान्तेन न वाच्यम्, भवेत्तदा तथा कर्मबन्धो वैरं वा यदा कर्मबन्धादिर्वध्यापेक्षः स्यात्, न तु तद्वशादेव बन्धः, किन्त्वध्यवसायवशादपि, तथा च तीव्राध्यवसायिनोऽल्पकायसत्त्वव्यापादनेऽपि महद्वैरं कर्मबन्धो वा, अकामस्य तु महाकायव्यापादनेऽपि स्वल्पमिति स्थिते तथावादोऽनाचारः, जीवसाम्यात्कर्मबन्धसादृश्यासम्भवात्, न हि जीवव्यापत्त्या हिंसा, तस्य शाश्वतत्वेन व्यापादनासम्भवात्, किन्त्विन्द्रियादिव्यापत्त्या । किञ्च भावसव्यपेक्षस्यैव कर्मबन्धोऽभ्युपेतुं युक्तः, आगमसव्यपेक्षस्य वैद्यस्य हि सम्यक् क्रियां कुर्वतो यद्यप्यातुरविपत्तिर्भवति तथापि न वैरानुषङ्गो भावदोषाभावात्, अपरस्य तु सर्पबुद्ध्या रज्जुमपि घ्नतो भावदोषात् कर्मबन्धः । तथा च वध्यवधकभावापेक्षया स्यात्सदृशत्वं स्यादसदृशत्वमित्याचारः, अन्यथाऽनाचारः ।

एवमाहारविषयाचारानाचारौ वक्तव्यौ, तथा हि-आधाकर्मोपभोगेनावश्यं कर्मबन्धो भवतीत्येवं नो वदेत्, श्रुतोपदेशेन शुद्धमिति कृत्वाऽऽधाकर्मापि भुञ्जानस्य कर्मोपलेपाभावात्, न कर्मबन्धो भवतीत्यपि नो वदेत्, श्रुतोपदेशमन्तरेणाहारगृद्ध्या भुञ्जानस्य तन्निमित्त-कर्मबन्धसद्भावात्, किन्त्वाधाकर्मोपभोगेन स्यात्कर्मबन्धः स्यान्न, अन्यथाऽनाचार इति । एवं तैजसकार्मणे शरीरे औदारिकवैक्रियाहारकेभ्योऽव्यतिरिक्ते एव ताभ्यां सह तेषां युगपदनुपलब्धेरिति न वदेत्, एवमेकान्तेनाभेदे संज्ञाभेदः कार्यभेदश्च न स्यात्, तस्माद्भेद एवेति न वदेत्, किन्त्वेकोपलब्धेः स्यादभेदः, संज्ञादिभेदात्स्याद्भेद इति वक्तव्यम्, अन्यथाऽनाचार इति । तथा सर्वत्र सर्वस्य शक्तिरस्त्येव सत एव कारणात् कार्यकारणयोरभेदाच्चेति न वक्तव्यम्, सर्वथा कारणे कार्यस्य सत्त्व उत्पत्त्यसम्भवात्, निष्पन्नघटस्येव, मृत्पिण्डावस्थायामेव घटसम्बन्धिक्रियागुणव्यपदेशप्रसङ्गाच्च, न चानभिव्यक्ततयाऽस्तीति वक्तव्यम्, सर्वथा वर्त्तमानत्वासम्भवात्, कार्यकारणयोः सर्वथैकत्वे चेदं कारणमिदं कार्यमित्यादिव्यवहाराभावप्रसङ्गः, नाप्येकान्तेन कार्यं कारणेऽसदुत्पद्यत इति वक्तव्यम्, घटादेरिव मृत्पिण्डाच्छशशृङ्गादेरप्युत्पत्तिप्रसङ्गात् । तस्मात्सर्वपदार्थानां सत्त्वादिभिर्धर्मैः कथंचिदेकत्वम्, प्रतिनियतार्थकार्यतया यदेवार्थक्रियाकारि तदेव परमार्थतः सदिति कृत्वा कथञ्चिद्भेद इति सामान्यविशेषात्मकं वस्त्वित्याचारः, अन्यथाऽनाचारः ॥७३॥

ચારિત્રચારને આશ્રયી કહે છે.

**सूत्रार्थ** :- અધ્યવસાયના કારણે કર્મબંધ થાય છે. પણ વધ કરવાયોગ્ય જીવની સદૃશતા કે વિસદૃશતાના કારણે નહીં.

**टीकार्थ** :- એકેન્દ્રિય વગેરે નાના શરીરવાળાઓને અને હાથી વગેરે મોટા શરીરવાળાને મારવાથી સરખો કર્મબંધ કે વૈર થાય, કારણકે બધા જીવોના આત્મપ્રદેશો સરખા છે. એ પ્રમાણે એકાંતે બોલવું નહીં. પ્રદેશની તુલ્યતામાં પણ ઇન્દ્રિય, વિજ્ઞાન, કાયા એની વિસદૃશપણાથી તેને મારવામાં કર્મ અથવા વૈરમાં સમાનતા હોય છે. એમ એકાંતે ન બોલવું જ્યારે કર્મબંધ વગેરે વધ્યની અપેક્ષાએ થાય ત્યારે કર્મબંધ અથવા વેર તેવા પ્રકારના થાય છે. નહીં કે તેના કારણે જ બંધ થાય. પરંતુ અધ્યવસાયના કારણે પણ થાય છે. તથા તીવ્ર અધ્યવસાયવાલાઓને નાના શરીરવાળા જીવને મારવા મોટું વેર અને કર્મબંધ થાય છે. અકામ એટલે ઇચ્છા વગરનાને મોટા શરીરવાળાને મારવા છતાં પણ અલ્પ કર્મબંધ થાય છે. આમ હોવાથી તેવા પ્રકારનું બોલવું અનાચાર છે. જીવની સામ્યતાથી કર્મબંધના સરખાપણાનો અસંભવ છે. જીવના મરવા વડે હિંસા નથી. કારણ જીવ શાશ્વત હોવાથી તેનો મરવાનો સંભવ નથી. પરંતુ ઇંદ્રિય વગેરેનો નાશ થાય છે. પણ ભાવના સાપેક્ષતાથી જ કર્મબંધ સ્વીકારવો યોગ્ય છે. આગમની સાપેક્ષતાપૂર્વક વૈદને

સાચી ઉપચાર ક્રિયા કરતા કોઇક રોગીનું મરણ થાય તો પણ વૈરાનુબંધ થતો નથી. ભાવ દોષનો અભાવ હોવાથી બીજાને બુદ્ધિથી દોરીને હણવા છતાં ભાવ દોષથી કર્મબંધ થાય છે. તેવી રીતે વધ્યવર્ધક ભાવની અપેક્ષાએ ક્યારેક સરખાપણું હોય તો ક્યારેક વિષમપણું - અસરખાપણું પણ હોય એ આચાર છે. નહીં તો અનાચાર છે. આ પ્રમાણે આહાર - વિષયક આચાર - અનાચાર કહેવો તે આ પ્રમાણે આધાકર્મનો ઉપભોગ કરવાથી અવશ્ય કર્મબંધ થાય છે. એ પ્રમાણે બોલવું નહીં. શ્રુતોપદેશ વડે શુદ્ધ છે એમ માની આધાકર્મીપણ ખાવાવાળાને તે નિમિત્તે કર્મલેપ થતો ન હોવાથી કર્મબંધ થતો નથી એમ ન બોલવું. શ્રુતોપદેશ વગર આહારની આસક્તિપૂર્વક ખાનારને તેના નિમિત્તે કર્મબંધનો સદ્ભાવ હોય છે. પરંતુ આધાકર્મનો ઉપયોગ કરવાથી કર્મબંધ થાય છે. અને નથી પણ થતો. બીજી રીતે માનીએ તો અનાચાર થાય છે. આ પ્રમાણે તૈજસ-કાર્મણ શરીરો તથા ઔદારિક, વૈક્રિય-આહારક શરીરથી દાન હોવા છતાં પણ તે બંને સાથે તેઓની એક સાથે પ્રાપ્તિ થતી હોવાથી એમ ન કહેવું. આ પ્રમાણે એકાંતે અભેદમાં સંજ્ઞાભેદ અને કાર્યભેદ થાય નહીં માટે ભેદ જ છે. એમ ન કહેવું. પરંતુ એકની ઉપલબ્ધિથી ભેદ થાય છે. અને સંજ્ઞા વગેરેના ભેદથી ભેદ થાય છે. એમ કહેવું. નહીં તો અનાચાર થાય છે. તથા બધી જ જગ્યાએ બધાને શક્તિ હોય જ છે. સત જ કારણ હોવાથી કાર્યકારણનો એ ભેદભાવ હોવાથી એમ ન કહેવું. સર્વથા કારણમાં કાર્યના સત્ત્વની ઉત્પત્તિનો એ સંભવ છે. બની ગયેલા, તૈયાર થયેલા ઘટની જેમ. માટીના પિંડની અવસ્થામાં જ ઘટસંબંધી ક્રિયા, ગુણનો વ્યપદેશ કરવાનો પ્રસંગ આવતો હોવાથી અપ્રગટપણાથી છે. એમ ન કહેવું, સર્વથા વર્તમાનપણાનો અસંભવ છે. કાર્ય કારણનો સર્વથા એકત્વ ભાવ હોય તો આ કારણ છે. આ કાર્ય છે. વગેરે વ્યવહારનો અભાવ થવાનો પ્રસંગ આવશે. એકાંતે કાર્યકારણમાં અસત્ રૂપે ઉત્પન્ન થાય છે. એમ પણ ન કહેવું. કારણ કે ઘડા વગેરેની જેમ માટીના પિંડમાંથી સસલાના શીંગડાની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. માટે બધા પદાર્થોના સત્ત્વ વગેરે ધર્મોવડે કથંચિદ્ એકત્વ છે. પ્રતિનિયતાર્થ કાર્યપણાથી જે અર્થ ક્રિયાકારી હોય તે જ પરમાર્થથી એટલે વાસ્તવિકપણે સત્ છે. આ પ્રમાણે હોવાથી કથંચિત્ ભેદ છે. આ પ્રમાણે સામાન્ય વિશેષાત્મક વસ્તુ એ આચાર છે. બીજું બધું અનાચાર છે. ॥૭૩॥

किम्बहुना सर्वत्र स्याद्वाद आचार इतरत्रानाचार इत्याह—

**लोकजीवधर्माधर्मबन्धमोक्षपुण्यपापाश्रवसंवरनिर्जरादयोऽनेकान्ता आचारः ॥७४॥**

**लोकेति,** चतुर्दशरज्ज्वात्मको धर्माधर्माकाशादिपञ्चास्तिकायात्मको वा लोको नास्ति, अवयवद्वारेणावयविद्वारेण वा वस्तुनः प्रतिभासमानत्वासम्भवात्, अप्रतिभासमानस्याभ्युपगन्तुमशक्यत्वात्, अवयवो ह्यतिसूक्ष्मः परमाण्वात्मकश्छद्मस्थविज्ञानेन न द्रष्टुं शक्यः, अवयवी च विचार्यमाणो नैव सद्भावमलङ्करोति, अतो न किमपि वस्त्वात्मलाभं लभत इति तद्विशेषो लोकोऽलोकश्च कथं भवेदिति न वाच्यः, सर्वं यदि नास्ति तर्हि न कोऽपि प्रतिषेध-

कोऽस्तीति कथं सर्वाभावः सिद्ध्येत, अतोऽस्ति लोकः कथञ्चित्, तद्व्यतिरिक्तोऽलोकश्च, सम्बन्धिशब्दत्वात्, लोकव्यवस्थाऽन्यथाऽनुपपत्तेश्च, एकान्तेनैत अवयवा एव, अमी चावयविन एवेत्यनभ्युपगमेन तदाश्रितो दोषो नात्र सम्भवति । एवं प्रत्यक्षेणानुपलम्भाज्जीवो धर्मास्तिकायाद्यजीवो वा नास्त्येवेति संज्ञां न निवेशयेत्, सकलप्रमाणज्येष्ठेन प्रत्यक्षेणानुभूयमानत्वात्तद्गुणानाम् । किन्तु जीवः स्याज्जीवः, स्यादजीवः, अजीवोऽपि स्यादजीवः स्याज्जीव इति स्याद्वाद आदरणीयः । तथा श्रुतचारित्राख्यो जीवस्यात्मपरिणामः कर्मक्षयकारणं धर्मः, मिथ्यात्वादयः कर्मबन्धकारणमात्मपरिणाम एवाधर्मः, एतौ कालेश्वरस्वभावनियत्यादिमतेन न विद्येते, धर्माधर्मव्यतिरेकेण जगद्वैचित्र्यस्य कालादय एवैकान्तेन कारणमित्येवं मतिं न कुर्यात्, धर्माधर्मावन्तरेण केवलं कालादिना संसारवैचित्र्यस्यानुपपत्तेः, ततोऽस्ति धर्मः सम्यग्दर्शनादिकः, अस्त्यधर्मो मिथ्यात्वादिक इत्येवं संज्ञां निवेशयेत् । प्रकृतिस्थित्यनुभावप्रदेशात्मकतया कर्मपुद्गलानां जीवेन स्वव्यापारतः स्वीकारणं बन्धः, स चामूर्तस्यात्मनो गगनस्येव न विद्यते तदभावाच्च मोक्षस्याप्यभाव इति न मतिं कुर्यात्, आकाशस्यापि सर्वव्यापित्वेन पुद्गलसम्बन्धस्य दुर्निवारत्वात्, अन्यथा तद्व्यापित्वमेन न स्यात्, तथा विज्ञानस्य हृत्पूरमदिरादिना विकारो दृश्यते न चासौ तत्सम्बन्धव्यतिरेकेन सम्भवति, किञ्च संसारिजीवाः सदा तैजसकार्मणशरीरिणोऽत आत्यन्तिकामूर्तत्वञ्च तेषां न सम्भवति, ततोऽस्ति बन्धोऽस्ति च तत्प्रतिपक्षभूतो मोक्ष इति संज्ञां निवेशयेत् । शुभप्रकृतिलक्षणं पुण्यं नास्ति तद्विपर्ययलक्षणञ्च पापमपि नास्तीत्येवं संज्ञा न विधेया, तत्र हि कारणमित्थं वाच्यम्, पापमेवास्ति न पुण्यं, उत्कर्षावस्थपापस्यैव सुखनिबन्धनत्वात्, पुण्यमेवास्ति न तु पापम्, अपचीयमानपुण्यस्यैव दुःखनिबन्धनत्वात्, अथवोभयमपि नास्ति संसारवैचित्र्यस्य नियतस्वभावादिकृतत्वात्, तन्न युक्तम्, एकस्य सद्भावेऽपरसद्भावनान्तरीयकत्वात्, सम्बन्धिशब्दत्वात्तयोः पुण्यपापशब्दयोः, न वा द्वयोरभावः, जगद्वैचित्र्यानुपपत्तेः, नियत्यादीनामवैचित्र्येण ततोऽपि तद्वैचित्र्यासम्भवाच्च, एवं कर्मोपादानलक्षण आश्रवस्तन्निरोधः संवरः, एतौ द्वावपि न स्तः, कायवाङ्मनःकर्म हि योगः स चाश्रव इति वक्तव्यं तन्न, कायादिव्यापारेण कर्मबन्धाभावात्, आश्रवो यदि जीवाद्भिन्नस्तदा घटादिवन्नाश्रवः, अभेदेऽपि नाश्रवः, सिद्धात्मनामपि तत्प्रसङ्गात्, एवं तदभावेन तन्निरोधलक्षणसंवरस्याप्यभावः इति मतिं न विदध्यात्, केवलकायव्यापारस्य कर्मबन्धकत्वानभ्युपगमात् किन्तु निरुपयुक्तस्य, तथैकान्तभेदाभेदपक्षाश्रयदोषोऽप्यनेकान्ते न भवति, तस्मादस्त्याश्रवः संवरश्चेति विज्ञेयम् । कर्मपुद्गलपरिशाटनालक्षणा

निर्जरा, तथा कर्मानुभवलक्षणवेदना च न विद्यते, पल्योपमसागरोपमशतानुभवनीयस्य कर्मणोऽन्तर्मुहूर्त्तेन क्षयाभ्युपगमात्, क्षपकश्रेण्याञ्च झटित्येव कर्मणो भस्मीकरणात्, यथाक्रमबद्धस्य चानुभवनाभावे वेदनाया अभावस्तदभावाच्च निर्जराया अपीति नो संज्ञां निवेशयेत्, यतः कस्यचिदेव कर्मण उक्तनीत्या क्षपणात् तपसा प्रदेशानुभवेन चापरस्य तूदयोदीरणाभ्यामनुभवनमित्यतोऽस्ति वेदना, तत्सिद्धौ निर्जरापि सिद्धैवेत्यतोऽस्ति वेदना निर्जरा चेत्येवं संज्ञां निवेशयेत् । एवं क्रोधमानमायालोभादयोऽपि सन्तीत्येवं विज्ञेयम्, तदेवं भगवदुपदिष्टेष्वेषु स्थानेष्वात्मानं वर्तयन् सत्संयमी मोक्षं यावत्संयमानुष्ठाने व्रजेत् ॥७४॥

વધારે કહેવાથી શું ? સર્વ-બધી જગ્યાએ સ્યાદ્વાદ આચાર છે. સ્યાદ્વાદ સિવાયનું બીજું અનાચાર છે. એ પ્રમાણે કહે છે.

**સૂત્રાર્થ :-** લોક જીવ ધર્મ, અધર્મ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા વગેરે અનેકાંત આચાર છે.

**ટીકાર્થ :-** ચૌદરજ્જુમય લોક છે. અથવા ધર્મ-અધર્મ આકાશ વગેરે પંચાસ્તિકાયાત્મકલોક નથી. અવયવદ્વાર વડે અથવા અવયવિરૂપ વસ્તુઓ પ્રતિભાસિત થાય છે. જણાય છે. અપ્રતિભાસિત નહીં જણાતી વસ્તુનો સ્વીકાર થવો અશક્ય થાય છે. અતિસૂક્ષ્મ પરમાણુરૂપ અવયવ છદ્મસ્થ જ્ઞાન વડે જોવો શક્ય નથી. અને અવયવિને વિચારતા સદ્ભાવને અલંકૃત કરતું નથી. આથી કંઈપણ વસ્તુ આત્મલાભને પ્રાપ્ત કરી શકતી નથી. તેનો વિશેષ લોક અને અલોક કેવી રીતે થાય ? એમ ન કહેવું. જો બધું ન હોય તો કોઈપણ નિષેધ કરનારો રહેશે નહીં તો પછી સર્વાભાવ શી રીતે સિદ્ધ થશે ? આથી કથંચિત્ લોક છે. તેના સિવાય અલોક છે. સંબંધી શબ્દ હોવાથી નહિ તો લોકવ્યવસ્થાની અનુપપત્તિ થશે. એટલે પ્રાપ્તિ નહિ થાય. એકાંતે આ અવયવો જ છે. આ અવયવિઓ જ છે. એ પ્રમાણે સ્વીકાર નહિં થવા વડે તેના આશ્રવ દોષો અહીં સંભવતા નથી. એ પ્રમાણે પ્રત્યક્ષથી પ્રાપ્ત ન થતો જીવ ધર્માસ્તિકાય વગેરે અજીવો નથી જ એમ સંજ્ઞા ન સ્થાપવી. એટલે નથી જ એમ ન કહેવું. કેમ કે સકલ પ્રમાણ નિષ્ઠ વડે પ્રત્યક્ષથી તેના ગુણોનો અનુભવ કર્યો છે. પરંતુ જીવ છે. તે પણ જીવ છે. અજીવ પણ છે, અજીવ પણ અજીવ છે, જીવ પણ છે એ પ્રમાણે સ્યાદ્વાદ આદરવો જોઈએ. તથા શ્રુત અને ચારિત્ર નામના જીવના પોતાના પરિણામ છે. તે કર્મક્ષય કરવા માટેના કારણરૂપ ધર્મ છે. મિથ્યાત્ત્વ વગેરે કર્મબંધના કારણરૂપ, આત્માના પરિણામ જ અધર્મ છે. આ બંને (ધર્મા-ધર્મ) કાળ, ઈશ્વર, સ્વભાવ, નિયતિ આદિ મત વડે એકાંત કારણ છે એમ એવી બુદ્ધિ કરવી નહિ. ધર્માધર્મ વગર ફક્ત કાળ વગેરે વડે જ સંસારની વિચિત્રતાની પ્રાપ્તિ થશે નહીં. તેથી સમ્યગ્દર્શન વગેરે રૂપ ધર્મ છે, તથા મિથ્યાત્ત્વ વગેરે રૂપ અધર્મ પણ છે. આ પ્રમાણે સંજ્ઞા સ્થાપવી. પ્રકૃતિ-સ્થિતિ-અનુભાવ એટલે રસ-પ્રદેશ રૂપ કર્મ પુદ્ગલોને જીવ વડે પોતાના વ્યાપારરૂપે સ્વીકાર કરવો તે બંધ કહેવાય. તે બંધ અરૂપી

આત્માને આકાશની જેમ નથી તેથી તેના અભાવથી મોક્ષનો પણ અભાવ થાય. આવા પ્રકારની બુદ્ધિ ન કરવી - (આવા પ્રકારનો વિચાર ન કરવો) આકાશ સર્વવ્યાપી હોવાથી પુદ્ગલ સાથેનો સંબંધ દુર્નિવારણીય હોય છે. નહિંતો આકાશનું સર્વવ્યાપીપણું જ ધરી ન શકે. તથા ધત્તૂરા મદિરા વિગેરે વડે વિજ્ઞાનમાં જે વિકાર દેખાય છે. તે તેના સંબંધ વગર હોઇ શકતો નથી. વળી સંસારી જીવો હંમેશા તૈજસ કાર્મણ શરીરવાળા હોય છે. આથી આત્યંતિક અમૂર્તપણું એટલે અરૂપીપણું તેઓને હોતું નથી. તેથી બંધ છે. અને તેનો વિરોધી મોક્ષ છે. આ પ્રમાણે સંજ્ઞા સ્થાપવી શુભ પ્રકૃતિ રૂપ પુણ્ય નથી. તેનાથી વિપરિત રૂપ પાપ પણ નથી. આવી સંજ્ઞા ન કરવી. તેમાં આ પ્રમાણે કારણ કહેવું પાપ જ છે. પુણ્ય નથી. ઉત્કર્ષ અવસ્થા (ઉન્નત અવસ્થા) પાપની જ છે. સુખનું કારણ હોવાથી પુણ્ય જ છે. પાપ નથી, પુણ્યની જઘન્યતા જ દુઃખનું કારણ છે. અથવા પુણ્ય-પાપ બંને પણ નથી, સંસારની વિચિત્રતાથી નિયતસ્વભાવ વગેરે વડે કરાયેલ હોવાથી એ વાત બરાબર નથી. એકના સદ્ભાવમાં બીજાનો સદ્ભાવ આંતરીયકપણે નથી. એટલે વિઘ્નરૂપ થતો નથી. સંબંધી શબ્દ પણ હોય તે બે પુણ્ય પાપ શબ્દનો અભાવ નથી. કેમ કે જગતની વિચિત્રતાની પ્રાપ્તિ ન થતી હોવાથી નિયતિ વગેરેની પણ અવિચિત્રતા વડે તેનાથી પણ તેની વિચિત્રતાનો અસંભવ હોવાથી આ પ્રમાણે કર્મ ઉપાદાન એટલે કર્મગ્રહણરૂપ આશ્રવ છે. તે આશ્રવનો નિરોધ એટલે અટકાવરૂપ સંવર છે. એ બંને પણ ન હોય તો કાયા, વચન, મનના કાર્ય તે યોગ છે. તે આશ્રવ છે. એ પ્રમાણે કહેવું નહીં કાયા વગેરેના વ્યાપાર વડે કર્મબંધનો અભાવ થાય છે. જો આશ્રવ જીવ વગેરેથી જુદો હોય તો ઘટ વગેરે ભેદમાં પણ આશ્રવ નથી. સિદ્ધાત્માઓને પણ તેનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે તેનો અભાવ હોવાથી તેના નિરોધરૂપ સંવરનો પણ અભાવ થશે. એ પ્રમાણે બુદ્ધિ ન કરવી વિચાર ન કરવો. ફક્ત કાય વ્યાપારવાળાને કર્મબંધપણાનો સ્વીકાર નહીં કરવાથી. પરંતુ ઉપયોગ વગરનાને હોય છે. તથા એકાંત ભેદાભેદ પક્ષનો આશ્રયનો દોષ થાય છે. પણ અનેકાંતમાં દોષ નથી થતો. માટે આશ્રવ છે. અને સંવર પણ છે. એમ જાણવું. કર્મ પુદ્ગલ ખરવારૂપ નિર્જરા છે. તથા કર્મનું ભવરૂપ વેદના - ભોગવટો છે. તે ન હોય તો સેંકડો પલ્યોપમ, સાગરોપમમાં અનુભવ યોગ્ય કર્મને અંતર્મુહૂર્તમાં ક્ષય કરી નાખે છે. ક્ષપકશ્રેણીમાં એકદમ ઝડપથી કર્મને ભસ્મીભૂત કરી નાખે છે. જે પ્રમાણે ક્રમબદ્ધ કર્મનો અનુભવનો અભાવ હોય છે. તે વેદનાનો - ભોગવટાનો અભાવ હોય છે. તેનો અભાવ હોવાથી નિર્જરાનો પણ અભાવ હોય છે. એ પ્રમાણે સંજ્ઞા સ્થાપવી નહીં. જેથી કોઇક કર્મનો ઉપર કહેલી પદ્ધતિ પ્રમાણે ખપાવવાથી તપ વડે પ્રદેશાનુભવવડે બીજાનો ઉદય ઉદીરણાવડે અનુભવવાથી વેદના (ભોગવટો) છે. તેની સિદ્ધિથી નિર્જરાની પણ સિદ્ધિ થાય છે. આથી વેદના છે. નિર્જરા છે. એ પ્રમાણે સંજ્ઞા સ્થાપવી આ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ વગેરેની પણ છે. એ પ્રમાણે જાણવું. માટે આ પ્રમાણે ભગવાને ઉપદેશેલ આસ્થાઓમાં આત્માને વર્તાવતા, પ્રવર્તાવતા સત્સંયમી મોક્ષને યાવત્ સંયમાનુષ્ઠાનમાં પહોંચે. ॥૭૪॥

तदेवमाचारानाचारौ प्रतिपाद्य तदशक्यानुष्ठानं न भवतीति सूचयितुं तदासेवकं दृष्टान्तभूतमार्द्रकं भगवत्समीपमागच्छन्तं प्रति गोशालककृतप्रश्नमुपस्थापयति—

**तीर्थकृतो धर्मदेशना दम्भप्रधाना, पूर्वचर्यापरित्यागेनापरकल्पसमाश्रयादिति चेत् ॥७५॥**

**तीर्थकृतेति**, गोशालक आह–हे आर्द्रक ! भवत्तीर्थकृत् पूर्वमेकान्तचारी, तपश्चरणोद्युक्त आसीत्, साम्प्रतं तपश्चरणविशेषैर्निर्भर्त्सितो मां विहाय प्रभूतशिष्यपरिकरं कृत्वा देवादिमध्यगतो भवद्विधानां मुग्धजनानां धर्ममाचष्टे, बहुजनमध्यगतेन युष्मद्गुरुणा धर्मदेशना याऽऽरब्धा, साऽऽजीविका स्थापिता, एकाकी विहरन् लौकिकैः परिभूयत इति मत्वा, तदनेन दम्भप्रधानेनास्थिरेण जीविकार्थमिदमारब्धम्, तदेवं पूर्वचर्यापरित्यागेनापरकल्पसमाश्रयणाच्चपल, एतस्य चानुष्ठानं न पूर्वापरेण सन्धत्ते, यदि हि साम्प्रतीयं वृत्तं प्राकारत्रयसिंहासनाशोकवृक्षभामण्डलचामरादिकं मोक्षाङ्गमभविष्यत् तदा प्राक्तनी यैकचर्या क्लेशबहुलाऽनेनानुष्ठिता साऽस्य केवलं क्लेशाय भवेत्, यदि सा कर्मनिर्जरणहेतुका परमार्थभूता तर्हि साम्प्रतावस्था परप्रतारकत्वाद्दम्भकल्पा, अतो मौनव्रतिकधर्मदेशनारूपयोः पूर्वोत्तरानुष्ठानयोः परस्परतो विरोधः, यद्येकान्तचारित्वमेव शोभनं पूर्वमाश्रितत्वात्, ततः सर्वदाऽन्यनिरपेक्षैस्तदेव कर्त्तव्यम्, अथ चेदं साम्प्रतं महापरिवारावृतं साधुं मन्यते ततस्तदेवादावप्याचरणीयमासीत्, द्वे अप्ये ते छायातपवदत्यन्तविरोधिनी नैकत्र समवायं गच्छत इति ॥७५॥

તે જ આચાર અનાચારનું પ્રતિપાદન કરી તેમાં જે અશક્ય અનુષ્ઠાન ન થાય. તેનું સૂચન કરવા માટે તેનું આસેવન કરનારા દૃષ્ટાન્તરૂપ ભગવાન પાસે આવતા આદ્રકુમારને ગોશાળાએ કરેલ પ્રશ્નોનું ઉપસ્થાપન કરે છે. ગોશાળો પ્રશ્ન પૂછે છે.

**સૂત્રાર્થ** :- તીર્થંકરે કરેલ ધર્મદેશના દંભ પ્રધાન છે. પૂર્વચર્યા છોડીને બીજા આચારનો આશ્રય કરવાથી એમ હોય છે.

**ટીકાર્થ** :- ગોશાલક કહે છે હે આર્દ્રક ! તમારા તીર્થંકર પહેલાં એકાંતચારી હતા, તપ ચરણ યુક્ત હતા. વર્તમાન કાળમાં હમણાં તપ ચરણનો વિશેષ પ્રકારે તિરસ્કાર કરી મને છોડી ઘણા શિષ્ય પરિવાર કરી દેવ વગેરેમાં - દેવની વચ્ચે રહી તમારા જેવા ભોળાઓને ધર્મ કહે છે. ઘણા લોકોની વચ્ચે રહેલ તમારો ગુરુ જે ધર્મની દેશના આરંભી છે. તે આજીવિકા સ્થાપી છે. એકાકી વિચરતા લૌકિકો વડે પરાભવ થશે એમ માની તેમને દંભ-માયા પ્રધાન અસ્થિર થયેલા આજીવિકા માટે આ બધું શરૂ કર્યું છે. તેથી આ પ્રમાણે પૂર્વચર્યા એટલે પહેલાના આચારને છોડી બીજો આચાર સ્વીકારી ચપલ એટલે અસ્થિર બન્યા છે. એમના અનુષ્ઠાનોનું પૂર્વાપર અનુસંધાન મલતું નથી, જો વર્તમાન કાલિન આચાર ત્રણ પ્રકાર સિંહાસન, અશોકવૃક્ષ, ભામંડલ ચામર

વગેરે મોક્ષના તે અંગરૂપે થશે તો પહેલાની એક ચર્યા એકાકી વિહાર જે ઘણી કષ્ટવાળી હતી. જે એમણે આચરી હતી એમને ફક્ત કલેશ માટે થશે. જો તે કર્મ નિર્જરાના કારણરૂપે પરમાર્થભૂત હતી. તો વર્તમાન કાળમાં અવસ્થા બીજાને ઠગવારૂપ હોવાથી દંભ સમાન થાય છે. આથી પહેલા મૌનવ્રતી હતા. હવે ધર્મદેશના રૂપ પૂર્વોત્તર એટલે આગમમાં છળની ક્રિયાનો પરસ્પર વિરોધ છે. પહેલા આશ્રિત કરેલી એકાન્તચારીપણું એટલે એકાકી વિહારીપણું સારું હતું તો તે સદાકાળ માટે બીજાની અપેક્ષા વગર તે જ આચરવું હતું. હવે જો આ વર્તમાનકાલીન મોટા પરિવારથી આવરાયેલાઓને સાધુ માનતા હોય તો તેમને પહેલેથી જ આચરવો સેવવો હતો. આ બન્ને પણ તડકો અને છાયાની જેમ અત્યંત વિરોધી હોવા એકજ જગ્યાએ સાથે રહી શકે નહિ. ॥૭૫॥

उत्तरयत्यार्द्रकः—

**न, प्राणिहिताय धर्मोपदेष्टुः संयतत्वात् ॥७६॥**

**नेति**, पूर्वोत्तरावस्थयोरसाङ्गत्यं नास्तीत्यर्थः, तथा हि पूर्वं यन्मौनव्रतमेकचर्या च कृता सा छद्मस्थत्वाद्घातिकर्मचतुष्टयक्षयार्थम्, साम्प्रतं यद्धर्मदेशनाविधानं तत्प्राग्बद्धभवोपग्राहिकर्मचतुष्टयक्षपणोद्यतस्य विशेषतस्तीर्थकरनाम्नो वेदनार्थमपरासाञ्चोच्चैर्गोत्रशुभायुर्नामादीनां शुभप्रकृतीनाम् । अथवा पूर्वं साम्प्रतं भविष्यति काले वा रागद्वेषरहितत्वादेकत्वभावनानतिक्रमणाच्चैकत्वमेवानुपचरितं भगवानशेषजनहितं धर्मं कथयन् प्रतिसन्दधाति, केवलालोकेन हि यथावस्थितं लोकमवगम्य प्राणिहितङ्करो द्वादशविधतपोनिष्टप्तदेहो लाभपूजादिनिरपेक्षेण प्राणिहितार्थं धर्ममाचक्षाणोऽपि छद्मस्थावस्थायामिव वाक्संयत एव, उत्पन्नदिव्यज्ञानत्वाद्भाषागुणदोषविवेकज्ञतया भाषणेनैव गुणावाप्तेः, अनुत्पन्नदिव्यज्ञानस्य तु मौनव्रतिकत्वेन । देवासुरनरतिर्यक्सहस्रमध्येऽपि व्यवस्थितोऽसावेकान्तमेव साधयति, पङ्काधारपङ्कजवत्तद्दोषव्यासङ्गाभावात्, ममताविरहादाशंसादोषविकलत्वाच्च, न चैकाकिपरिकरोपेतावस्थयोरस्ति विशेषः, प्रत्यक्षेणैवोपलभ्यमानत्वादिति वाच्यम्, बाह्यविशेषस्य परिदृश्यमानस्य सत्त्वेऽपि प्रधानस्याऽऽन्तरकषायजयित्वस्योभयोरवस्थयोरविशेषात्, न ह्यसावष्टप्रातिहार्योपेतोऽप्युत्सेकं याति, न वा शरीरं संस्कारायत्तं विदधाति, निष्कलङ्कस्य भगवतो जगदभ्युद्धरणप्रवृत्तस्यैकान्तपरहितप्रवृत्तस्य स्वकार्यनिरपेक्षस्य धर्मं कथयतोऽपि दोषलेशाभावात्, छद्मस्थस्य हि बाहुल्येन मौनव्रतमेव श्रेयः, समुत्पन्नकेवलस्य तु भाषणमपि गुणायेति ॥७६॥

આર્દ્રકુમારનો જવાબ

**सूत्रार्थ** :- એમ નથી, પ્રાણિઓના હિત માટે ધર્મ ઉપદેશ આપનારા છે, સંયત હોવાથી.

**टीकार्थ :-** પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થામાં અસંગતતા નથી તથા પહેલા જે મૌન વ્રત એકાકી-ચર્યા કરી હતી તે વખતે છદ્મસ્થ અવસ્થા હતી. અને ચાર ઘાતીકર્મના ક્ષય માટે કરી હતી. વર્તમાનમાં જે ધર્મદેશનાનું વિધાન કરે છે. તે ભવોપગ્રાહી ભવસંબંધી ચાર અઘાતીકર્મના ખપાવવા માટે તૈયાર થયેલા અને વિશેષથી તીર્થંકરનામકર્મને ભોગવવા માટે અને બીજા શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, શુભાયુ, શુભનામ વગેરે શુભપ્રકૃતિઓના ભોગવવા માટે અથવા પૂર્વ એટલે ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળમાં રાગ દ્વેષ રહિતપણે હોવાથી એકત્વ ભાવનાને ઓળંગી નહીં હોવાથી એકત્વપણાને અનુપચરિત એટલે વાસ્તવિકપણે સ્વીકારેલ, સમસ્ત લોકના હિત માટે ધર્મને કહેતા અનુસંધાન કરે - મોક્ષ તરફ જોડાણ કરે છે. કેવલજ્ઞાન રૂપ પ્રકાશ વડે જ યથાવસ્થિત લોકને જાણી, પ્રાણિઓને હિતકારી બાર પ્રકારના તપોનિષ્ઠ તપેલ શરીરવાળા, લાભ-પૂજા વગેરેથી નિરપેક્ષતાપૂર્વક પ્રાણિઓના હિત માટે ધર્મને કહેતા હોવા છતાં પણ છદ્મસ્થઅવસ્થામાં જેમ વાણી સંયત જ ઉત્પન્ન થયેલ દિવ્યજ્ઞાનપણાથી ભાષાના ગુણદોષના વિવેકની જાણકારી પૂર્વક બોલવા વડે જ ગુણની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી દિવ્યજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મૌનવ્રતિપણું હોય છે. હજારો દેવો મનુષ્યો તિર્યંચોની વચ્ચે પણ વ્યવસ્થિત રહેલા એ અનેકાન્તને જ સાધે છે. સિદ્ધ કરે છે. કાદવના આધારે રહેલા કમલની જેમ દોષના સંસર્ગથી રહિત, મમતાનો વિરહ, આશંસા દોષથી વિકળ હોવાથી એકાકિ હોય, પરિવાર સાથેની અવસ્થા હોય એમાં કોઇ વિશેષતા નથી. પ્રત્યક્ષ જ પ્રાપ્તિ થતી હોવાથી એમ કહેવું બાહ્ય વિશેષતા નથી. પ્રત્યક્ષ જ પ્રાપ્તિ થતી હોવાથી એમ કહેવું બાહ્ય વિશેષ પરિદશ્યમાનપણું હોવા છતાં પણ પ્રધાનતા આંતરકષાયજયપણાથી બંન્ને અવસ્થામાં કોઇ વિશેષતા રહેતી નથી. તથા તેઓ અષ્ટપ્રાતિહાર્યયુક્ત હોવા છતાં પણ એનું કોઇ અભિમાન હોતું નથી. શરીરની પણ કોઇ સંસ્કાર કરતા નથી. કલંક રહિત ભગવાનને જગદુદ્ધારની પ્રવૃત્તિમાં પ્રવૃત થયેલા, એકાંતે પરહિતમાં પ્રવૃત થયેલા, પોતાના કાર્ય પ્રતિ નિરપેક્ષ થયેલા, એમને ધર્મ કહેવા છતાં પણ લેશમાત્ર પણ દોષનો અભાવ હોય છે. છદ્મસ્થને મોટે ભાગે મૌન વ્રત જ કલ્યાણકારી છે. અને કેવલજ્ઞાન ઉત્પન્ન થયેલ હોય એમને બોલવું પણ ગુણના માટે થાય છે. ॥૭૬॥

पुनर्गोशालाशङ्कामनूद्यार्द्रकेण निराकृतमाचष्टे—

**एकान्तचारिणस्तपस्विनस्तर्हि शीतोदकादिपरिभोगो न दोषायेति चेन्न, तथात्वे तस्याश्रमणत्वप्रसङ्गात् ॥७७॥**

**एकान्तेति,** यदि परार्थं प्रवृत्तस्याशोकादिप्रातिहार्यपरिग्रहः शिष्यादिपरिकरो धर्मदेशना च न दोषाय तर्ह्यस्मदीये धर्मे प्रवृत्तस्यारामोद्यानादावेकाकिविहारोद्यतस्य तपस्विनः शीतोदकबीजपत्रफलाद्युपभोगो न दोषाय भवेत्, ईषत्कर्मबन्धेऽपि धर्माधारशरीरप्रतिपालनार्थ-त्वादिति यदुच्यते भवता तदपि न चारु, अप्रासुकोदकपरिभोगादीनां श्रमणायोग्यत्वात्,

अप्रव्रजिता हि तानि प्रायः प्रतिसेवन्ते, श्रमणास्तु 'अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमलुब्धते'त्यादिलक्षणलक्षिताः । तच्च लक्षणं शीतोदकादिपरिभोगिनां नास्तीति न ते परमार्थानुष्ठानतः श्रमणाः, यदि शीतोदकादिपरिभोगिनोऽपि श्रमणास्तर्हि गृहस्था अपि श्रमणा भवन्तु, तेषामपि देशिकावस्थायामाशंसावतामपि निष्किञ्चनतयैकाकिविहारित्वं क्षुत्पिपासादिपीडनञ्च सम्भाव्यते, केवलं स्त्रीपरिभोग एव तैर्द्रव्यतः परित्यक्तः, शेषेण तु बीजोदकाद्युपभोगेन गृहस्थकल्पा एवेति ॥૭૭॥

ફરી ગોશાળાની શંકાઓને પૂછ્યા વગર આર્દ્રકકુમાર એનું નિરાકરણ કરે છે.

**सूत्रार्थ :-** એકાંત ચારી તપસ્વી હોવા છતાં કાચું પાણી વગેરેનો વપરાશ દોષ માટે નથી. એમ નહી તે પ્રમાણે રહેવાથી તેમને અશ્રમણપણાનો પ્રસંગ આવશે.

**ટીકાર્થ :-** જોકે બીજાના હિત માટે પ્રવૃત્ત થયેલા ભગવાને અશોકવૃક્ષ વગેરે પ્રાતિહાર્યનો સ્વીકાર, શિષ્ય વગેરે પરિવાર, ધર્મની દેશના દોષ માટે નથી. જ્યારે તમારા ધર્મમાં પ્રવૃત્ત થયેલાઓ બગીચા-ઉદ્યાન વગેરેમાં એકાકી વિહારમાં ઉદ્યત થયેલાઓ તપસ્વીને ઠંડાપાણીના બીજો, પાંદડા ફળો વગેરેનો વપરાશ દોષ માટે થતો નથી. કેમ કે એમાં થોડો કર્મબંધ હોવા છતાં પણ ધર્માધાર શરીરના પાલન માટે હોવાથી એમ જે તમે કહો છો, તે સારું યોગ્ય નથી. કારણકે સચિત્ત પાણીનો વપરાશ વગેરે શ્રમણ સાધુને માટે અયોગ્ય છે. કેમકે અપ્રવ્રજિતો પણ પ્રાયઃ (મોટેભાગે) કરીને જ વાપરે છે. શ્રમણો તો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અલુબ્ધતા વગેરે લક્ષણોથી યુક્ત (લક્ષિત) હોય છે. તે લક્ષણ સચિત્ત પાણી વગેરેને વાપરનારાઓને હોતું નથી. માટે તેઓ પરમાર્થ વાસ્તવિક ક્રિયાથી શ્રમણો નથી, જો સચિત્ત પાણી વગેરે વાપરનારાઓ પણ શ્રમણ થશે તો ગૃહસ્થો પણ શ્રમણ થાઓ. દેશી અવસ્થામાં આશંસાવાળા હોવા છતાં પણ તેઓને નિષ્કિંચનપણામાં એકાકી વિહારીપણામાં ભૂખ-તરસ વગેરેની પીડા સંભવે છે. ફક્ત સ્ત્રી પરિભોગ જ તેમને દ્રવ્યથી છોડ્યો છે. બાકીના બીજ પાણી વગેરેનો વપરાશ વડે ગૃહસ્થો સમાન જ છે. ॥૭૭॥

पुनरप्याशङ्कामुद्भाव्य दूषितमादर्शयति—

**परनिन्दाऽऽत्मोत्कर्षयोः प्रसङ्ग इति चेन्न, वस्तुस्वरूपप्रकाशने तदसम्भवात् ॥७८॥**

**परनिन्देति,** ननु पूर्वोक्तप्रकारेण वदन् सर्वानपि प्रावादुकान् गर्हसि, आत्मन उत्कर्षं प्रकटयसि चेति ते परनिन्दाऽऽत्मोत्कर्षयोः प्रसङ्गः स्यादित्यपरमुत्तरं दातुमसमर्थेन गोशालकेनान्यतीर्थिकसहायेन प्रोक्तं निषेधति **नेति,** सर्वे हि प्रावादुका यथावस्थितं स्वदर्शनं प्रादुष्कुर्वन्ति, तत्प्रामाण्याच्च वयमपि स्वदर्शनाविर्भावनं कुर्मः, अप्रासुकेन बीजोदकादि-

परिभोगेन कर्मबन्ध एव केवलं न संसारोच्छेद इत्यस्मदीयं दर्शनम्, एवं व्यवस्थिते काऽत्र परनिन्दा, को वाऽऽत्मोत्कर्षः, प्रावादुका अपि स्वदर्शनप्रतिष्ठाशयाः परदर्शनं गर्हमाणाः स्वदर्शनगुणानाचक्षते, परस्परं व्याहतं चानुष्ठानमनुतिष्ठन्ति, वयन्तु युक्तिविकलत्वादेकान्तदृष्टिं निरस्य यथावस्थिततत्त्वस्वरूपं प्रतिपादयामो न कञ्चिद्गर्हामः, केवलं स्वपरस्वरूपाविर्भावनं कुर्मः, न हि वस्तुस्वरूपाविर्भावने परापवादः । एवञ्च त्याज्यधर्मदूरवर्त्तिभिः सर्वज्ञैः पूर्वापराव्याहतत्वेन यथावस्थितजीवादिपदार्थस्वरूपनिरूपणेन च प्रतिपादितः सम्यग्दर्शनादिक एवानुत्तरो मोक्षमार्गः, यथार्थप्ररूपणाद्रागद्वेषरहितस्य न च काचिद्गर्हा, अन्यथा शीतमुदकमुष्णोऽग्निः विषं मारणमित्येवमादि किञ्चिद्वस्तुस्वरूपं केनाप्याविर्भावनीयं न स्यादिति ॥७८॥

ફરી પણ આ શંકાને ઉત્પન્ન કરી દોષો બતાવે છે.

**સૂત્રાર્થ :-** પરનિંદા આત્મોકર્ષ એટલે પોતાની વડાઇનો (મોટાઇ) પ્રસંગ આવે છે. એ વાત બરાબર નથી. કેમકે વસ્તુ સ્વરૂપ ખુલ્લી કરવાથી તેનો સંભવ નથી.

**ટીકાર્થ :-** જે આગળ કહ્યા પ્રમાણે બોલતાં બધાયે વાચાળોની તમે નિંદા કરો છો. અને પોતાનો ઉત્કર્ષ મોટાઈ પ્રગટ કરો છો. આ પ્રમાણે તમને પરનિંદા સ્વવડાઈ કરવાનો પ્રસંગ આવશે. આ પ્રમાણે બીજાને જવાબ આપવા માટે આ સમર્થ એવો ગોશાળો અન્યદર્શનીઓની મદદ વડે કહેલી વાતનો નિષેધ કરે છે. બધા વાચાલો પોતાના દર્શનને યથાવસ્થિત પ્રગટ કરે છે. તે પ્રમાણતાથી અમે પણ અમારું દર્શન પ્રગટ કરીએ છીએ. અપ્રાસુક એટલે દોષિત સચિત્ત બીજ પાણી વગેરેને વાપરવાથી ફક્ત કર્મબંધ જ છે. સંસારનો નાશ નથી. આ પ્રમાણે અમારા દર્શનનો મત છે. આ પ્રમાણે હકીકત હોવાથી અહીં એમાં કઇ પર નિંદા છે કે કઇ સ્વ વડાઈ છે, વાચાલ એવા પરદર્શનીઓ પણ પોતાના દર્શનને સ્થાપવાના આશયથી બીજા દર્શનોની નિંદા કરતા હોય છે. અને પોતાના દર્શનના ગુણો કહેતા હોય છે. અને એકબીજાને પરસ્પર બાધક અનુષ્ઠાનો ક્રિયાઓ કરતા હોય છે. અમે તો યુક્તિરહિત હોવાથી એકાંત દૃષ્ટિનું ખંડન કરી યથાવસ્થિત સ્વરૂપનું પ્રતિપાદન કરીએ છીએ. નહિં કે નિંદા. ફક્ત સ્વપરના સ્વરૂપને ખુલ્લું કરીએ છીએ. વસ્તુના સ્વરૂપને પ્રગટ કરવામાં બીજાની નિંદા નથી. આ પ્રમાણે છોડવા યોગ્ય ધર્મોથી દૂર રહેનારા સર્વજ્ઞો વડે પૂર્વાપર અબાધકપણે યથાવસ્થિત જીવાદિ પદાર્થોનું સ્વરૂપનું પ્રતિપાદન કરવા વડે બતાવેલ સમ્યગ્દર્શનાદિરૂપ જ અનુત્તર મોક્ષમાર્ગ કહ્યો છે. યથાર્થ પ્રરૂપણા કરવાથી રાગદ્વેષ વગરનાઓની કોઇપણ નિંદા નથી. નહિં તો પછી પાણી ઠંડુ હોય છે. અગ્નિ ગરમ, વિષ-ઝેર મારનાર વગેરે કોઇપણ વસ્તુના સ્વરૂપને કોઇપણ વડે પ્રગટ કરી શકાય નહીં. ॥૭૮॥

समाधानान्तरमाह—

**प्रेक्षापूर्वकारित्वेनानिच्छाकारित्वाभावात् ॥७९॥**

**प्रेक्षेति,** ननु तीर्थकरो रागद्वेषभययुक्तः, आगन्तागारादौ शयनादिक्रियाऽकरणात्, तत्र प्रभूतशास्त्रविशारदानां सम्भवेन पराजयशङ्कासद्भावात्, कदाचिन्म्लेच्छविषयं गत्वा धर्मदेशनाऽकरणात्, आर्यदेशेऽपि क्वचिदेव करणाच्च रागद्वेषभययुक्ततेति शङ्कायामाह **प्रेक्षेति,** भगवान् हि प्रेक्षापूर्वकारी, अतो नानिच्छाकारी भवति, यो ह्यप्रेक्षापूर्वकारी सोऽनिष्टमपि स्वपरनिरर्थकमपि कृत्यं कुर्वीत, सर्वज्ञः सर्वदर्शी परहितैकरतो भगवान् कथं स्वपरात्मनोर्निरुपकारकं कुर्यात्, न चासौ बालवदनालोचितकारी, न परानुरोधान्नापि गौरवाद्धर्मदेशनादिकं विधत्ते, अपि तु यदि कस्यचिद्भव्यसत्त्वस्योपकाराय तत्प्रभाषितं भवति ततः प्रवृत्तिर्भवति नान्यथा, तथा न राजाद्यभियोगेनासौ धर्मदेशनादौ कथञ्चित्प्रवर्त्तते ततः कुतस्तस्य भयेन प्रवृत्तिः स्यात्, न चासौ वीतरागो धर्मकथां किमिति करोतीति शङ्क्यम्, तीर्थकृन्नामकर्मणः क्षपणाय सर्वहेयधर्मदूरवर्त्तिनामार्याणामुपकाराय च तत्करणात् । तत्रापि विनेयासन्नं गत्वाऽगत्वा वा यथा भव्यसत्त्वोपकारो भवति तथैव धर्मदेशनाकरणान्न तु रागद्वेषाभ्याम् । अनार्यास्तु न सम्यग्दर्शिनः, असौ भगवानित्येतावन्मात्रस्यापि ज्ञानस्याभावाद्दीर्घदर्शनाभावाच्च, ते हि शकयवनादयो वर्त्तमानसुखमेवैकमङ्गीकृत्य प्रवर्त्तन्ते न पारलौकिकमतः सद्धर्मपराङ्मुखेषु तेषु भगवान्न याति न तु तद्द्वेषादिबुद्ध्या । समस्ताः प्रावदुकास्तु भगवन्मुखमप्यवलोकितुं न समर्था वादस्तु दूरोत्सारित एव, एवञ्च यत्रैव स्वपरोपकारं केवलालोकेन पश्यति तत्रैव धर्मदेशनां विधत्ते । न च तस्य वणिगिव लाभापेक्षया धर्मदेशना प्रसक्तेति वाच्यम्, दृष्टान्तानुपपत्तेः, किं स देशतो दृष्टान्तः, सर्वसाधर्म्येण वा, नाद्यः क्षत्यभावात्, वणिग्वदुपचयप्रेक्षया प्रवृत्त्यङ्गीकारात् । न द्वितीयो भगवान् हि विदितवेद्यः सर्वपरित्राणशीलः सर्वथा सर्वसावद्यानुष्ठानविधुरः, वणिक् च न तथाविधः, चतुर्दशविधजन्तुसमूहोपमर्दनक्रियाकारित्वात्, वित्तेच्छयेतस्ततः परिभ्रमणात् सातगौरवादिषु मूर्च्छितत्वात्, लाभार्थं प्रवृत्तस्यापि तदसिद्धेः सिद्धेऽपि लाभेऽचिरेणैव विनाशाच्च कथं निर्विवेकिनां वणिजां सर्वसाधर्म्यं साद्यनन्तलाभवता भगवता सङ्गच्छत इत्येवं गोशालको निरस्त आर्द्रकेण ॥७९॥

સમાધાન પછી કહે છે.

**સૂત્રાર્થ :-** ઇચ્છાકાર વગર જ (કરવાનો અભાવ હોવાથી) વિચારણાપૂર્વક જ કરતા હોવાથી.

**ટીકાર્થ :-** જો તીર્થંકરો રાગ દ્વેષ ભયથી યુક્ત હોય, મકાન વગેરેમાં આવતા સૂવા વગેરેની ક્રિયા કરવાથી ત્યાં ઘણા શાસ્ત્ર વિશારદોનો સંભવ હોવાથી પરાજયની શંકા હોવાથી કદાચ

મલેચ્છ દેશમાં જઇ ધર્મદેશના ન કરવાથી. આર્ય દેશમાં પણ ક્યારેક જ કરવાથી રાગ-દ્વેષ ભય યુક્ત છે. એમ શંકા થાય છે. તો એમાં કહે છે ભગવાન્ વિચારણાપૂર્વક જ કરનારા હોય છે. આથી ભગવાન ઇચ્છા વગરના હોય છે એમ નથી. જે વિચારણા વગર કરનારા હોય છે. તે અનિષ્ટને પણ પોતાના અને બીજાના માટે નિરર્થક કાંઈ પણ કરે છે. સર્વજ્ઞ-સર્વદર્શી બીજાના હિતમાં રત થયેલા ભગવાન પોતાના અને બીજાના આત્માને નિરૂપકારક શા માટે કરે? કેમકે ભગવાન બાળકની જેમ વિચાર્યા વગર કરનારા હોતા નથી. બીજાના આગ્રહથી નહીં તેમજ ગૌરવ - અભિમાનથી પણ ધર્મદેશના વગેરે કરતા નથી. પરંતુ જો કોઇક ભવ્ય જીવના ઉપકાર માટે તે કહેતા હોય છે, તેથી પ્રવૃત્તિ થાય છે. એમનેએમ વિના પ્રયોજન નહીં. તથા રાજા વગેરેના અભિયોગના કારણે એ ધર્મદેશના વગેરેમાં ક્યારે પણ પ્રવર્તતા નથી તો પછી ક્યાંથી તેમને ડર - ભયના કારણે પ્રવૃત્તિ હોઈ શકે ? તથા આ વીતરાગ ધર્મકથાને શા માટે કરે છે. એમ શંકા ન કરવી. કેમકે તીર્થંકર નામકર્મને ખપાવવા માટે તથા સર્વ હેય છોડવા યોગ્ય ધર્મ જેમનાથી દૂર છે. તેવા આર્યોના ઉપકાર માટે અને તે ઉપકાર કરવા માટે દેશના કરે છે. તેમાં પણ વિનેય એટલે શિષ્યોની પાસે જઇને કે નહિ જઇને જે પ્રમાણે ભવ્ય જીવોનો ઉપકાર થાય તે પ્રમાણે ધર્મદેશના કરે છે. નહિ કે રાગ-દ્વેષપૂર્વક. અનાર્યો તો સમ્યગ્દર્શની નથી. આ ભગવાન છે. એટલું માત્ર પણ જ્ઞાનનો અભાવ અને દીર્ઘ દર્શનનો અભાવ હોવાથી જાણતા નથી. તે શક યવન વગેરે અનાર્યો વર્તમાન સુખને જ સ્વીકારી પ્રવર્ત્તે છે. પણ પરલોકના સુખને લક્ષ્ય લઇ પ્રવર્ત્તતા નથી. આથી સત્ધર્મથી પરાઙ્મુખ થયેલા હોવાથી તેઓમાં (હૃદયમાં) ભગવાન જતાં નથી (પ્રવેશતા નથી.) નહી કે દ્વેષાદિ બુદ્ધિથી. સમસ્ત વાચાલ જૈનેતરો ભગવાનના મોઢાને પણ જોવા માટે સમર્થ બનતા નથી, વાદ કરવાનું તો બાજુ પર રહો - દૂર જ રહો. આ પ્રમાણે જ્યાં આગળ સ્વપરનો ઉપકાર દેખાતો હોય ત્યાં આગળ જ ધર્મ દેશના કરે છે. પણ વેપારીની જેમ લાભની અપેક્ષાએ તેમની ધર્મદેશના હોતી નથી. એમ કહેવું, કારણ કે દૃષ્ટાંતોની પ્રાપ્તિ હોવાથી, શું તે દૃષ્ટાંતો દેશથી હોય છે કે સર્વ સાધર્મ્યપૂર્વક હોય છે ? પહેલા વિકલ્પ મુજબ નહીં કેમકે ક્ષતિનો અભાવ હોવાથી વણિકની જેમ પુષ્ટિની વિચારણાવડે પ્રવૃત્તિનો સ્વીકાર થાય છે. બીજો વિકલ્પ પણ નથી. કેમકે સમસ્ત જ્ઞાનના જાણકાર છે. બધાનું રક્ષણ કરવાના સ્વભાવવાળા સર્વથા બધા સાવદ્ય ક્રિયાઓથી રહિત છે. વેપારીઓ આવા પ્રકારના હોતા નથી. કારણ કે તેઓ ચૌદ પ્રકારના, જીવ સમૂહનો નાશ કરનારી ક્રિયા કરનારા હોવાથી, ધનની ઇચ્છાથી અહીં-તહીં ભટકતા હોવાથી, શાતાગારવ વગેરેમાં મૂર્છિત થયેલા હોવાથી, લાભ માટે પ્રવૃત્ત હોવા છતાં પણ તેની સિદ્ધિની પ્રાપ્તિ ન થવાથી, જો સિદ્ધિ-લાભની પ્રાપ્તિ થાય તો પણ થોડા વખતમાં જ વિનાશ થતો હોવાથી નિર્વિવેકી વણિજોનું સર્વ સાધર્મ્યતાને સાદિઅનંત લાભવાળા ભગવાન સાથી શી રીતે સંગત થાય ? એમ આર્દ્રકુમારે ગોશાળાને પરાસ્ત કર્યો. ॥૭૯॥

एवं तस्य शाक्यादिनिरासप्रकारमाह–

**अकुशलचित्तादेव कर्मचय इति चेन्न, अविवेकिनो भावशुद्ध्यसम्भवात् ॥८०॥**

**अकुशलेति,** शाक्यः कश्चिदाह–यथा कश्चिच्छत्रुमन्वेष्टुं प्रवृत्तः पिण्याकपिण्डं वस्त्रप्रावृतं कञ्चिद् दृष्ट्वा पुरुषोऽयमिति मत्वा जग्राह, ततस्तं वस्त्रवेष्टितं पिण्याकपिण्डं पुरुषबुद्ध्या शूले प्रोतं पावके पचति, तथा कश्चिदलाबुकं कुमारोऽयमिति मत्वा वह्नौ पचति स च प्राणिवधजनितेन पातकेनाकुर्वन्नपि वस्तुतः प्राणातिपातं लिप्यते चित्तस्य दुष्टत्वात्, चित्तमूलत्वाच्च शुभाशुभबन्धस्य, तथा सत्यपुरुषमपि खलबुद्ध्या कश्चिच्छूले प्रोतमग्नौ पचेत् कुमारकञ्चालाबुकबुद्ध्या, न चासौ प्राणिवधजनितेन पातकेन लिप्यतेऽस्माकम्, एवं सर्वास्ववस्थास्वचिन्तितं कर्मचयं न गच्छति 'अविज्ञानोपचितं परिज्ञानोपचितमीर्यापथिकं स्वप्नान्तिकञ्च कर्मोपचयं न यातीत्युक्तेरिति, तदेतन्मतं दूषयति **नेति,** पिण्याकपिण्डे पुरुषोऽयमित्येवमत्यन्तजडस्यापि न बुद्धिरुदेति, तस्माद्य एवं वक्ति सोऽत्यन्तमनार्य एव, अत एव तथाविधं वचनमप्यसत्यं सत्त्वोपघातकत्वात्, ततश्च निःशङ्कप्रहार्यनालोचको निर्विवेकतया बध्यते, तस्मात् पिण्याककाष्ठादावपि प्रवर्त्तमानेन जीवोपमर्दनभीरुणा साशङ्केन प्रवर्त्तितव्यम् । वागभियोगादपि पापं कर्म भवत्यतो विवेकी भाषागुणज्ञो न तादृशीं भाषामुदाहरेत्, न हि प्रव्रजितो यथावस्थितार्थाभिधायीदृक् निःसारं निरुपपत्तिकं वचनं ब्रूयात् पिण्याकोऽपि पुरुषः पुरुषोऽपि पिण्याकः, अलाबुकमेव बालको बालक एवालाबुक इत्यादि । केवलमेवम्भाषणमज्ञानावृतमूढजनानाम्, तेषां च न भावशुद्ध्या शुद्धिः, अन्यथा संसारमोचकानामपि कर्मविमोक्षः स्यात् तथा भावशुद्धिमेव केवलामभ्युपगच्छतां भवतां शिरस्तुण्डमुण्डनपिण्डपातादिकं चैत्यकर्मादिकञ्चानुष्ठानमनर्थकमापद्यते, तस्मान्नेवंविधया भावशुद्ध्या शुद्धिरुपजायते । मौनीन्द्रशासनप्रतिपन्नाश्च तन्मार्गानुसारिणो जीवानामवस्थाविशेषं तदुपमर्दनेन पीडां पर्यालोचयन्तोऽन्नविधौ द्विचत्वारिंशद्दोषरहितेनाहारेणाहारं कृतवन्तो न तु यथा भवतां पिशिताद्यपि पात्रपतितं न दोषायेति । न चौदनादेरपि प्राण्यङ्गसमानतया मांसादिसादृश्यमिति वाच्यम्, लोकतीर्थान्तरीयमतानभिज्ञतया चोदनात् । तुल्येऽपि प्राण्यङ्गत्वे किञ्चिन्मांसं किञ्चिच्चामांसमिति व्यवह्रियते गोक्षीररुधिरादेर्भक्ष्याभक्ष्यव्यवस्था क्रियते, स्त्रीत्वे समानेऽपि भार्यास्वस्त्रादौ गम्यागम्यव्यवस्था विधीयते शुष्कतर्कदृष्ट्या, प्राण्यङ्गत्वादिति हेतुश्चानैकान्तिकविरुद्धदोषदुष्टः, प्रयोगश्च मांसं भक्षणीयं भवेत् प्राण्यङ्गत्वादोदनादिवदिति, श्वमांसादेरभक्ष्यत्वाद्दोषद्वयमेवं, यथाऽयं हेतुर्मांसस्य भक्ष्यत्वं साधयति तथा बुद्धास्थाम-

पूज्यत्वमपीति पूज्यत्वविरुद्धाव्यभिचारित्वं हेतोः, मांसौदनयोरसाम्याद् दृष्टान्तविरोधः लोकविरोधिनी च प्रतिज्ञा, तस्मान्मांसभक्षणं रसगौरवगृद्धानामनार्याणामविवेकिनामासेवनं न धर्मश्रद्धावताम्, तदुक्तं 'श्रुत्वा दुःखपरम्परामतिघृणां मांसाशिनां दुर्गतिं ये कुर्वन्ति शुभोदयेन विरतिं मांसादनस्यादरात् । सद्दीर्घायुरदूषितं गतरुजः सम्भाव्य यास्यन्ति ते मर्त्येषूत्कट-भोगधर्ममतिषु स्वर्गापवर्गेषु च' ॥ तदेवं सावद्यमारम्भं महानयं दोष इत्येवं मत्वा दयया तं परिवर्जयन्तः साधवो दानाय परिकल्पितमुद्दिष्टं भक्तपानादिकं परित्यजन्ति । एतेन यागादि-विधिना ब्राह्मणानां सहस्रद्वयं भोजयेदित्यादिवादोऽपि परास्तः, निन्द्याजीविकोपगतानां नित्यं पिण्डपातान्वेषिणामसत्पात्राणां दाने तेषां दातुश्चाऽऽमिषगृध्नुभिरभिव्याप्तबहुवेदननरक-गतिप्राप्तेः, दयाप्रधानं धर्मं निन्दन्तं प्राण्युपमर्दकारिधर्मं प्रशंसन्तमेकमपि निःशीलं निर्व्रतं षड्जीवनिकायोपमर्दनेन यो भोजयेत् स वराक नरकभूमिं याति कुतस्तस्याधमदेवेष्वपि प्राप्तिः सम्भाविनी । अतो याज्ञिकमतवादोऽपि न श्रेयान्, वेदान्तवादोऽपि न यथार्थाभि-धायी, असर्वज्ञप्रणीतत्वात्, तत्त्वश्चैकान्तपक्षसमाश्रयणात्, एकान्तपक्षश्च प्रवृत्तिनिवृत्त्यसम्पाद-कत्वात्, न ह्येकान्तक्षणिके आत्मादौ एकान्ताक्षणिके वा प्रवृत्तिनिवृत्ती सम्भवतः, तदेवं तीर्थिका लोकमजानाना धर्मं कथयन्तः स्वतो नष्टा अपरानपि विनाशयन्ति, ये तु केवलालोकेन समाधिना युक्ताः परमहितैषिणः श्रुतचारित्रं धर्मं प्रतिपादयन्ति ते महापुरुषाः स्वतः संसारसागरं तीर्णाः परं सदुपदेशदानतस्तारयन्ति यथा देशिकः सम्यग् मार्गज्ञ आत्मानं परञ्च तदुपदेशवर्त्तिनं महाकान्ताराद्विवक्षितदेशप्रापणेन निस्तारयति । तस्मात्रासर्वज्ञप्ररूपणं भावशुद्धिप्रयोजकम्, विवेकवैधुर्यात्, यस्तु सर्वज्ञागमेन सद्धर्ममवाप्य तत्र सुस्थितो मनोवाक्कायैः सुप्रणिहितेन्द्रियो न परतीर्थिकतपःसमृद्ध्यादिदर्शनेन मौनीन्द्रदर्शनात् प्रच्यवते सम्यग्ज्ञानेन च यथावस्थितवस्तुप्ररूपणतः समस्तप्रावादुकवादनिराकरणेनापरेषां यथावस्थित-मोक्षमार्गमाविर्भावयति सम्यक्चारित्रेण च समस्तभूतग्रामहितैषितया निरुद्धाश्रवद्वारस्त-पोविशेषाच्चानेकभवोपार्जितं कर्म निर्जरयति स एव विवेकी भावशुद्धः स्वतोऽन्येषाञ्च समुद्धर्त्तेति ॥८०॥

આ પ્રમાણે શાક્ય વગેરેને પરાજિત કરવાનો પ્રકાર કહે છે.

**સૂત્રાર્થ** :- અકુશલ ચિત્તથી જ કર્મનું ગ્રહણ (કર્મની પ્રાપ્તિ) થાય છે. એમ નથી, કારણ કે અવિવેકી આત્માઓને ભાવશુદ્ધિ સંભવતી નથી.

**ટીકાર્થ** :- કોઇક શાક્ય - બૌદ્ધ કહે છે. જેમકે કોઇક દુશ્મનને શોધવા માટે પ્રવૃત્ત થયેલો વસ્ત્રથી ઢાંકેલા પિણ્યાકપિંડને જોઇને આ પુરુષ છે. એમ માનીને પકડી લે - ગ્રહણ કરે. પછી

તે કપડાથી ઢાંકેલ પિણ્યાકપિંડને પુરુષની બુદ્ધિથી પકડી તેને શૂલમાં પરોવી અગ્નિમાં પકાવે છે. તેમજ કોઈક તુંબડાને આ બાળક છે એમ માનીને અગ્નિમાં પકાવે છે. તો તે પ્રાણીવધથી ઉત્પન્ન થયેલા પાપ વડે ન કરવા છતાં પણ વાસ્તવિકપણે પ્રાણાતિપાતના પાપ વડે લેપાય છે. કારણ કે ચિત્ત દુષ્ટ હોવાથી શુભાશુભ બંધનું કારણ મન-ચિત્તમૂલક હોય છે. તથા સાચા પુરુષોને પણ ઠગ બુદ્ધિથી કોઇ શૂલમાં પરોવીને અગ્નિમાં પકાવે, કુમારને તુંબડાની બુદ્ધિથી પકાવે તો અમારૂં મન પ્રાણિવધથી ઉત્પન્ન થયેલા પાપવડે લેપાતું નથી. આ પ્રમાણે બધી અવસ્થાઓમાં અચિંતિત કર્મની - (વિચારક વગરની) પ્રાપ્તિ થતી નથી, અવિજ્ઞાનોપચિત, પરિજ્ઞાનોપચિત, ઈર્યાપથિક, સ્વપ્રાન્તિક કર્મબંધ રૂપ પ્રાપ્તિ થતી નથી. એમ કહ્યું છે. હવે તે આ મતને દૂષિત કરે છે. (નથી.)

પિણ્યાકપિંડમાં 'આ પુરુષ છે' આવા પ્રકારની અત્યંત જડને પણ બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. માટે જે આવું બોલે છે તે અત્યંત અનાર્ય જ છે. આથી જ આવા પ્રકારનું વચન પણ અસત્ય જ છે. કારણકે જીવોને ઉપઘાતક છે. તેથી જ નિઃશંકપણે પ્રહાર કરનારો, વિચાર કર્યા વગરનો વિવેક વગરનો હોવાથી પાપ બાંધે છે. માટે પિણ્યાકકાષ્ઠ વગેરેમાં પણ પ્રવૃત્તિ કરવાથી જીવ વિરાધનાથી ડરનારાએ શંકાપૂર્વક પ્રવર્ત્તવું. વાણીના પ્રયોગથી પણ પાપકર્મ બંધાય છે. આથી વિવેકી ભાષાના ગુણને જાણનારો એવી ભાષા ન બોલે, દીક્ષિત થયેલો યથાવસ્થિત અર્થને કહેનારી આવા પ્રકારના નિઃસાર સ્વીકારાય નહીં એવા વચનો ન બોલે જેવાકે પિણ્યાક પણ પુરુષ છે. પુરુષ પણ (નિરુપપત્તિ) પિણ્યાક છે. તુંબડું જ બાળક છે બાળક જ તુંબડું છે વગેરે આવા વચનો ભાષા ફક્ત અજ્ઞાનાવૃત મૂર્ખા લોકોની હોય છે. તેમની ભાવશુદ્ધિ ન હોવાથી શુદ્ધિ નથી. નહીં તો સંસાર મોચક મતવાલાઓને પણ કર્મોથી મોક્ષ થઇ જાય. તથા તમારા વડે ફક્ત ભાવશુદ્ધિને સ્વીકારીએ તો, માથું, મોઢું, મુંડન, પિંડ, પાત, ચૈત્ય કર્મ વગેરે ક્રિયાઓ નિરર્થકપણાને પામશે. તેથી આવા પ્રકારની ભાવ શુદ્ધિથી શુદ્ધિ થતી નથી. મૌનીન્દ્ર શાસનને સ્વીકારનારાઓ તે માર્ગાનુસારીઓ જીવોની અવસ્થા વિશેષનો વિચાર કરી તેના નાશ વડે જે પીડા થાય છે. તેનો વિચાર કરતા અન્નવિધિમાં બેંતાલીશ (૪૨) દોષથી રહિત આહાર કરતા, તમારી જેમ પાત્રમાં પડેલા માંસ વગેરે દોષ માટે નથી એમ નહીં. લૌકીક તીર્થાન્તરીયોના મતોને નહિ જાણનારાઓની પ્રેરણાથી ભાત વગેરેને પણ પ્રાણીના અંગ સમાન માની માંસ વગેરેના સમાન ન કહેવા. પ્રાણીયોના અંગો સમાન હોવા છતાં કોઇક માંસ રૂપે તો કોઇક માંસ રૂપે નહીં એમ વ્યવહાર કરાય છે. ગાયનું દૂધ અને લોહી વગેરેમાં ભક્ષ્ય અભક્ષ્યની વ્યવસ્થા થાય છે. - કરાય છે. સ્ત્રીપણું સમાન હોવા છતાં પણ પત્નિ અને બહેનમાં ગમ્ય - અગમ્યની વ્યવસ્થા કરાય છે. શુષ્કતર્કની દૃષ્ટિએ પ્રાણિના અંગ હોવાથી એ હેતુ અનૈકાન્તિક વિરૂદ્ધ દોષથી દૂષિત છે. એમાં આ પ્રમાણે પ્રયોગ કરવો.

માંસ ભક્ષણીય થાય છે. (૧) કારણકે, પ્રાણિના અંગ રૂપે હોવાથી ભાત વગેરેની જેમ (૨) કૂતરાના માંસ વગેરેની જેમ અભક્ષ્ય હોવાથી... આ પ્રમાણે બે દોષ છે. જેમ આ હેતુ માંસના

લક્ષ્યત્વને સાધે છે. તથા બુદ્ધના હાડકાઓનું અપૂજયત્વ પણ એ પ્રમાણે પૂજયત્વ વિરૂદ્ધ અવ્યભિચારીત્વપણાના હેતુથી માંસ ઓદનના અસામ્યપણાથી દૃષ્ટાંતનો વિરોધ થાય છે. અને લોક વિરોધિ પ્રતિજ્ઞા છે. તેથી માંસ ભક્ષણ રસગારવમાં આસક્ત થયેલાઓનું અનાર્યોનું અવિવેકીઓનું આ સેવન છે. પરંતુ ધર્મ શ્રદ્ધાવાળાઓનું નહીં તેમનું કહેવું સાંભળીને "જેઓ માંસ ખાનારાઓની દુઃખ પરંપરાવાળી અતિઘૃણાજનક નિંદનીય દુર્ગતિને સાંભળી શુભોદય વડે આદર પૂર્વક માંસ નહીં ખાવાની વિરતિ એટલે પચ્ચક્ખાણ - પ્રતિજ્ઞા કરે છે. તેઓ સારું, અદૂષિત, રોગ રહિત દીર્ઘાયુષ્ય સંભવી એટલે પામી તેઓ મનુષ્ય જન્મમાં ઉત્કૃષ્ટ ભોગો અને ધર્મબુદ્ધિને ભાવિત થઈ સ્વર્ગ અને મોક્ષને પામશે." તેથી સાવદ્યારંભને આ મહાન દોષ છે. એમ માની દયાપૂર્વક તેને છોડી સાધુઓ દાન માટે કલ્પેલા - માનેલા ઉત્કૃષ્ટ આહાર પાણીને છોડી દે - ત્યજી દે. આના વડે યજ્ઞ વગેરેની વિધિવડે બે હજાર બ્રાહ્મણોને જમાડવા જોઈએ વગેરેનો વિવાદ પણ દૂર કર્યો. નિંદનીય આજીવિકા વાળાને નિત્ય-રોજ પિંડપાત શોધનારા અસત્ પાત્રોના દાનમાં તેઓના દાતાઓને માંસની આસક્તિ વડે વ્યાપ્ત થયેલો ઘણી વેદનાવાળી નરક ગતિને પ્રાપ્ત કરે છે. દયા પ્રધાન ધર્મની નિંદા કરતો પ્રાણિની હિંસા કરનારા ધર્મની પ્રશંસા કરતો એકપણ નિઃશીલ - (શીલવગરનો) વ્રત વગર છ જીવનિકાયની વિરાધના વડે જે ખાય છે. ખવડાવે છે તે બિચારા નરક ભૂમિમાં જાય છે. તેમને ક્યાંથી અધમ દેવોની પ્રાપ્તિ થવાની સંભાવના હોઈ શકે ? આથી યાજ્ઞિક મતવાદ પણ કલ્યાણકારી નથી. વેદાંતવાદ પણ યથાર્થ કહેનારો નથી. કેમકે અસર્વજ્ઞે કહેલ છે. તત્ત્વને એકાંતપક્ષનો સમાશ્રય કરવાથી અને એકાંત પક્ષ પ્રવૃત્તિ નિવૃત્તિ પ્રાપ્ત કરવા સમર્થ થતા નથી. એકાંત ક્ષણિક અને આત્મા વગેરેમાં અથવા એકાંત અક્ષણિક આત્મા વગેરેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સંભવે છે. તે આ પ્રમાણે અન્ય તીર્થિકો લોકને નહીં જાણતા, ધર્મને કહેતા, પોતે જ નાશ પામે છે અને બીજાને નાશ પમાડે છે. જેઓ કેવલજ્ઞાન રૂપી પ્રકાશ વડે સમાધિયુક્ત પરહિતેચ્છુઓ શ્રુત ચારિત્રધર્મનું પ્રતિપાદન કરે છે. તે મહાપુરુષો જાતે જ સંસારસાગરને તરી જાય છે. અને બીજાને સદુપદેશના દાન દ્વારા તારી દે છે. જેમ દેશીક સમ્યગ્ માર્ગને જાણનારો પોતાને અને બીજાને તેના ઉપદેશ મુજબ વર્તનારને મહાજંગલમાંથી વિવક્ષિત જગ્યાએ પહોંચાડવા વડે તારી દે છે. તેથી અસર્વજ્ઞ વડે માર્ગની પ્રરૂપણા ભાવશુદ્ધિની કરનારી નથી. કારણકે વિવેક વગરની છે, જે સર્વજ્ઞાગમ વડે સદ્ધર્મને પામી તેમાં સારી રીતે રહેલો મન-વચન-કાયા વડે સારી રીતે પ્રણિધાનપૂર્વકની ઇન્દ્રિયવાળો થઈને રહે છે. નહીં કે પરદર્શનીઓના તપ સમૃદ્ધિ વડે, જોવા વડે મૌનિન્દ્ર જિનશાસનથી ખસતા નથી. સમ્યગ્જ્ઞાન વડે યથાવસ્થિત વસ્તુ પ્રરૂપણા કરવા વડે સમસ્ત વાચાલ (જૈનેતર) અન્યવાદીઓના વાદનું નિરાકરણ કરવા વડે બીજાઓને યથાવસ્થિત મોક્ષમાર્ગ ખુલ્લો કરે છે. અને સમ્યક્ચારિત્ર વડે સમસ્ત જીવસમૂહના હિતને ચાહનારાપણાથી આશ્રવ દ્વારને રોકી (બંધ કરી) તપ વિશેષ દ્વારા અનેક ભવમાં ઉપાર્જેલા કર્મોને ખપાવે - નિર્જરે છે. તેજ વિવેકી ભાવથી શુદ્ધ છે. પોતાને અને બીજાનો સમુદ્ધારક છે. એ પ્રમાણે - ॥૮૦॥

अथ श्रावकगतं विधिं सूचयितुमिन्द्रभूत्युदकयोः संवादं नालन्दाया राजगृहनगरबाहिरिकायाः समीपस्थ उद्याने मनोरथाख्ये सम्भूतं दर्शयति–

**अणुव्रतदाने तदन्यप्राण्युपघातजः कर्मबन्ध इति चेत् ॥८१॥**

**अणुव्रतेति,** गौतमस्वामिसमीपमेत्योदको भगवन्नस्ति मे प्रष्टव्यः कश्चन संशयः, तस्योत्तरं यथा च भगवता सन्दर्शितं तथैव भवद्भिः प्रतिपाद्यतामिति पृष्टः प्रश्नं निशम्य गुणदोषविचारणतोऽवधार्य च सम्यगहं ज्ञास्ये तदुच्यतां भवता स्वाभिप्राय इत्युक्तोऽवादीत् यथा-गृहपतिं श्रमणोपासकं नियमायोत्थितं निर्ग्रन्था युष्मदीयं प्रवचनं प्रवदन्तः प्रत्याख्यानं कारयन्ति स्थूलेषु प्राणिषु दण्डस्य, नान्यत्र राजाद्यभियोगेन प्राण्युपघाते तस्य निवृत्तिर्भवति, तथा च स्थूलेति विशेषणात्तदन्येषामनुमतिप्रत्ययदोषो भवेदेवमेव त्रसप्राणिविशेषणत्वेनापरत्रसभूतविशेषणरहितत्वेन प्रत्याख्यानं गृह्णतां श्रावकाणां दुष्प्रत्याख्यानं भवति, प्रत्याख्यानभङ्गसद्भावात्, दुष्टप्रत्याख्यानदानञ्च साधूनां दोषः, उभावपि च स्वां प्रतिज्ञामतिलङ्घयन्ति, प्रतिज्ञाभङ्गश्च-संसारे स्थावराः सन्तोऽपि प्राणिनस्तथाविधकर्मोदयात् त्रसतयोत्पद्यन्ते त्रसा अपि स्थावरतया, एवं परस्परगमेन व्यवस्थितेऽवश्यम्भावी प्रतिज्ञाविलोपः, नागरिको हि कश्चिन्मया न हन्तव्य इत्येवं येन प्रतिज्ञा गृहीता स यदा बहिरारामादौ व्यवस्थितं नागरिकं व्यापादयेत्किमेतावता न तस्य प्रतिज्ञाविलोपः, अपि तु भवत्येव । अन्यभावेनोत्पन्नेषु च न तादृक् किञ्चिल्लिङ्गमुद्वीक्ष्यते येन स्थावरत्वेनाप्युत्पन्नास्त्रसाः परिहर्त्तुं शक्येयुः, यदि तु गृहपतिस्त्रसभूतेषु प्राणिषु दण्डं विहाय प्रत्याख्यानं करोति तदा न प्रतिज्ञाविलोपः, भूतत्वविशेषणाद्वर्त्तमानकाले त्रसत्वेनोत्पन्नेष्विति तदर्थः, एवमभ्युपगमे हि क्षीरविकृतिप्रत्याख्यायिनो यथा दधिभक्षणेऽपि न प्रतिज्ञाविलोपस्तथा न त्रसभूताः सत्त्वा हन्तव्या इत्येवं प्रतिज्ञावतः स्थावरहिंसायामपि ॥८१॥

હવે શ્રાવક સંબંધિત વિધિને સૂચવવા - બતાવવા માટે ઇન્દ્રભૂતિ અને ઉદકનો સંવાદ જે નાલંદાના રાજગૃહનગરની બહાર નજીકમાં રહેલા મનોરથ નામના ઉદ્યાનમાં થયો હતો તે બતાવે છે.

**સૂત્રાર્થ :-** અણુવ્રત દાનમાં તેના સિવાય બીજા પ્રાણિઓને ઉપઘાત થવાથી કર્મબંધ થાય છે ?

**ટીકાર્થ :-** ગૌતમસ્વામિ પાસે ઉદક (ઓહક) નામે એક વ્યક્તિ છે. તે કહે છે. ભગવન્ ! મારે કોઇ શંકા (સંશય) પૂછવી છે. તેનો જવાબ જે પ્રમાણે ભગવાને બતાવ્યો છે તે પ્રમાણે તમારે પ્રતિપાદન કરવો, પૂછેલો પ્રશ્ન સાંભળી ગુણદોષની વિચારણાપૂર્વક અવધારણ કરી સારી રીતે

જાણીશ માટે તમારો પોતાનો અભિપ્રાય કહો આ પ્રમાણે કહે છતે તે આ પ્રમાણે બોલે છે. સાધુઓ તમારા સિદ્ધાંતને કહેતા. તેને સ્થૂલ પ્રાણિઓના દંડવિષયક પચ્ચક્ખાણ કરાવે - એ સિવાયના બીજા જીવોનો રાજા વગેરેના અભિયોગ વડે જીવોનો ઉપઘાત થાય ત્યારે તેની નિવૃત્તિ નથી થતી એટલે તેનો નિયમ નથી થતો. તથા 'સ્થૂલ' એ પ્રમાણે વિશેષણથી તેના સિવાયના બીજા જીવોની હિંસાની અનુમતિપ્રત્યય દોષ થાય છે. આ પ્રમાણે ત્રસપ્રાણિ વિશેષણપણાવડે બીજા ત્રસ ભૂત વિશેષણ રહિતપણાવડે પચ્ચક્ખાણ ગ્રહણ કરતા- કરનારા શ્રાવકોને દુષ્પ્રત્યાખ્યાન થાય છે. કારણકે પચ્ચક્ખાણ ભંગ થવાનો સંભવ (સદ્ભાવ) હોય છે. અને દુષ્પ્રત્યાખ્યાનદાનનો દોષ સાધુને લાગે છે. સાધુ - શ્રાવક બન્ને જણાને પોતાની પ્રતિજ્ઞા ઉલ્લંઘન કરવાનો દોષ લાગે છે.

પ્રતિજ્ઞાભંગ થાય છે તે આ પ્રમાણે સંસારમાં રહેલા સ્થાવર પ્રાણિઓ પણ તેવા પ્રકારના કર્મોના ઉદયથી ત્રસપણે ઉત્પન્ન થાય છે. ત્રસો પણ સ્થાવરપણે ઉત્પન્ન થાય છે. એમ પરસ્પર એકબીજામાં જવાથી અવશ્ય પ્રતિજ્ઞાનો લોપ થશે. કોઈક 'મારે નાગરિકને હણવો નહીં' આવો નિયમ ગ્રહણ કર્યો હોય તે વ્યક્તિ જયારે બહાર બગીચા વગેરેમાં રહેલા નાગરિકને હણે - મારી નાખે. તો શું એનો એટલા માત્રથી પ્રતિજ્ઞાનો લોપ ન થાય ? ... થાય જ. અન્ય ભાવમાં (વડે) ઉત્પન્ન થયેલાઓમાં તેવા પ્રકારનું કંઈક લિંગ દેખાતું જણાતું નથી. જેના વડે સ્થાવરપણે ઉત્પન્ન થયેલા ત્રસો પરિહાર કરવા છોડવા શક્ય બને. જો ગૃહપતિ ગૃહસ્થ ત્રસ ભૂત પ્રાણિઓ વિષે દંડ (હિંસા) ને છોડી પચ્ચક્ખાણ કરે ત્યારે તેને (ગૃહસ્થને) પ્રતિજ્ઞાનો લોપ થતો નથી. કારણકે ભૂતત્વ વિશેષણથી વર્તમાન કાળમાં ત્રસપણે ઉત્પન્ન થયેલાઓમાં તે અર્થની અતિવ્યાપ્તિ થાય છે. આ પ્રમાણે સ્વીકારે છે. તે જ જેને ખીર વિગઈનો નિયમ પચ્ચક્ખાણ હોય તેને જેવી રીતે દહિં ખાવા છતાં પણ પ્રતિજ્ઞાનો લોપ થતો નથી. તેવી રીતે ત્રસ-ભૂત જીવો હણવા નહીં આવા પ્રકારની પ્રતિજ્ઞાવાળાને સ્થાવર હિંસામાં પણ દોષ લાગતો નથી. ॥૮૧॥

अत्रोत्तरं गौतमोक्तमभिधत्ते—

**न, असद्भूतदोषोद्भावनात्, भूतशब्दस्यानेकार्थत्वाच्च ॥८२॥**

**नेति**, भूतशब्दविशेषणत्वेन प्रत्याख्यानमन्यथा दोषप्रदर्शनं नास्मभ्यं रोचत इत्यर्थः, तत्र हेतुमाहा**सद्भूतेति**, ये हि श्रमणा ब्राह्मणा वा भूतशब्दविशेषणत्वेन प्रत्याख्यानमाचक्षते परैः पृष्टास्तथैव प्रत्याख्यानं भाषन्ते स्वतः कुर्वन्तः कारयन्तश्च तथा, किन्तु सविशेषणप्रत्याख्यान-प्ररूपणावसरे च सामान्येन प्ररूपयन्ति ब्राह्मणो न हन्तव्य इत्येवम्, तत्रापि स यदा वर्णान्तरे तिर्यक्षु वा व्यवस्थितो भवति तद्वधे ब्राह्मणवध आपद्यते भूतशब्दाविशेषणात्, तदेवं प्ररूपयन्तो न खलु ते श्रमणा वा ब्राह्मणा वा यथार्थां भाषां भाषन्ते किन्त्वनुतापिकाम्, अन्यथा भाषणे तथानुष्ठातुरपरेण जानता बोधितस्य सतोऽनुतापो भवति, तथा यथाव-

स्थितप्रत्याख्यानप्रदातॄन् साधूनभूतदोषोद्भावनतोऽभ्याख्यानं ददति, यतः संसारिकाः खलु प्राणिनः परस्परजातिसङ्क्रमणभाजोऽतस्त्रसाः स्थावरत्वेन स्थावराश्च त्रसत्वेन प्रत्यायन्ति, तेषाञ्च त्रसकाये समुत्पन्नानां स्थानमेतत्त्रसकायाख्यमघातार्हं भवति, तीव्राध्यवसायोत्पादकत्वाल्लोकगर्हितत्वाच्च, श्रावकेण च स्थूलप्राणातिपातविरमणं कृतं तन्निवृत्त्या तत्र स्थानमघात्यम्, स्थावरकायाच्चानिवृत्तः स इति तद्योग्यतयातत्स्थानं घात्यम्, तथा वर्त्तमानकालवाचिभूतशब्दोपादानमपि केवलं व्यामोहाय, भूतशब्दो ह्युपमानेऽपि वर्त्तते, देवलोकभूतं नगरमिदं न देवलोक एवेत्यादौ, तथात्रापि त्रससदृशानामेव प्राणातिपातनिवृत्ति कृता स्यात्, न तु त्रसानाम् । तादर्थ्येऽपि भूतशब्दो दृश्यते शीतीभूतमुदकमित्यादौ, तथाऽत्र त्रसभूता इत्यस्य त्रसत्वं प्राप्ता इत्यर्थः स्यात्, तथा च सति त्रसशब्देनैव गतार्थत्वात् पौनरुक्त्यं स्यात्तथापि भूतशब्दोपादाने घटभूतो घटभूत इत्यादि प्रयोगप्रसङ्गः स्यात्, नन्वेवं कतरान् प्राणिनो यूयं वदथ किं त्रसा एव ये प्राणिनस्ते त्रसा इति किं वाऽन्यथा, उच्यते यान् प्राणिनो यूयं त्रसत्वेनेदानीमाविर्भूतान्नातीतान्नाप्येष्यान् वदथ त्रसाः प्राणिन इति तानेव वयं त्रसान् वदामः केवलं यूयं त्रसभूता इति वदथ, शब्दभेद एव केवलमस्त्यत्र, न त्वर्थभेदः कश्चित्, एवं व्यवस्थिते कोऽयं भवतां व्यामोहः, एकस्य पक्षस्याभिनन्दनेऽपरस्य चाक्रोशने, उभयोरपि पक्षयोः समानत्वात्, केवलं सविशेषणपक्षे भूतशब्दोपादानं मोहमावहतीति । न वा साधोस्तदन्येषां वधानुमतिः, स्थावरपर्यायापन्नं व्यापादयतो वा व्रतभङ्गः-गुरुकर्मणां प्रव्रज्यां कर्तुमसमर्थानां तद्व्यतिरेकेण धर्मचिकीर्षूणां धर्मोपदेशप्रवणस्य साधोरग्रतः प्रथमं गृहस्थयोग्यं देशविरतिलक्षणं श्रावकधर्ममनिन्द्यमनुपालयामस्ततः पश्चादनुक्रमेण श्रमणधर्ममित्यवसायं प्रकटयतां नान्यत्राभियोगेन व्यवस्थां श्रावयन्ति ते । स चाभियोगो राजाभियोगो गणाभियोगो बलाभियोगो देवताभियोगो गुरुनिग्रहश्चैवमादिनाऽभियोगेन त्रसं व्यापादयतोऽपि न व्रतभङ्गः । तदेवं देशविरतानां त्रसप्राणातिपातविरमणव्रतं कुशलहेतुत्वात् कुशलमेव, गृहपतिचोरविमोक्षणदृष्टान्तोऽत्र भाव्यः । स्थावरपर्यायापन्नत्रसव्यापादने बहिःस्थनागरिकव्यापादन इव यो व्रतभङ्ग उक्तस्तदपि न युज्यते, त्रसत्वेन यत्परिबद्धमायुष्कं तद्यदोदयप्राप्तं भवति तदा त्रससम्भारकृतेन कर्मणा जीवास्त्रसा इति व्यपदिश्यन्ते न तदा कथञ्चित्स्थावरत्वव्यपदेशः, संभारो नामावश्यं तदा कर्मणो विपाकानुभवेन वेदनम् । त्रसकायस्थितिकं कर्म यदा परिक्षीणं भवति ततस्त्रसकायस्थितेरभावात्तदायुष्कं ते परित्यजन्ति तच्च कर्म जघन्यतोऽन्तर्मुहूर्त्तमुत्कृष्टतस्सातिरेकसहस्रद्वयसागरोपमपरिमाणम् । तथा चापराण्यपि तत्सहचरितानि कर्माणि

परित्यज्य स्थावरत्वेन प्रत्यायन्ति स्थावरा अपि स्थावरसंभारकृतेन कर्मणा तत्रोत्पद्यन्ते स्थावरादिनाम च तत्राभ्युपगतं भवति, अपराण्यपि तत्सहचरितानि कर्माणि सर्वात्मना त्रसत्वं परित्यज्य स्थावरत्वेनोदयं यान्ति, एवञ्च व्यवस्थिते कथं स्थावरकायं व्यापादयतो गृहीतत्रसकायप्राणातिपातनिवृत्तेः श्रावकस्य व्रतभङ्गः, नगरदृष्टान्तोऽप्यनुपपन्नः, सादृश्याभावात्, नगरधर्मैरुपेतो नागरिकः, स च मया न हन्तव्य इति प्रतिज्ञां गृहीत्वा यदा तमेव व्यापादयति बहिःस्थितपर्यायापन्नं तदा तस्य व्रतभङ्ग इति भवतः पक्षः, स च न घटते बहिःस्थस्यापि तस्य नगरधर्मैरुपेतत्वेन नागरिकत्वात्, अतः पर्यायापन्न इत्येतद्विशेषणं नोपपद्यते, अथ सामस्त्येन परित्यज्य स्थावरः समुत्पद्यते नासौ त्रस एव तदा भवति पूर्वपरित्यागादपरपर्यायापन्नत्वात् यथा नागरिकः पल्यां प्रविष्टस्तद्धर्मोपेतत्वात् पूर्वधर्मपरित्यागाच्च नागरिक एवासौ न भवति । न च परस्परसंसरणशीलत्वात् प्राणिनां त्रसकायात्तदायुषा विप्रमुच्यमानाः सर्वे स्थावरकाये स्थावरकायाच्च स्वायुषा विप्रमुच्यमानास्त्रसकाये यदि समुत्पद्यन्ते तदा सर्वेषां त्रसानां स्थावरकायसमुत्पन्नानां स्थानं घात्यं वर्त्तते तेन श्रावकेण स्थावरकायवधनिवृत्तेरकरणात्, तथा च निर्विषयं तस्य त्रसवधनिवृत्तिरूपं प्रत्याख्यानं भवति यथा नगरवासी न हन्तव्य इति गृहीतव्रतस्य नगरे उद्वसित निर्विषयमिति वक्तव्यम्, सर्वेऽपि त्रसा निर्लेपतया स्थावरत्वमापन्ना इत्येतस्यासम्भवात्, यद्यपि विवक्षितकालवर्त्तिनस्त्रसाः कालपर्यायेण स्थावरकायत्वेन यास्यन्ति तथाप्यपरापरत्रसोत्पत्त्या त्रसजात्यनुच्छेदान्न कदाचिदपि त्रसशून्यः संसारो भवति । अतो न निर्विषयं श्रावकस्येदं व्रतमित्यधिकं सूत्रकृताङ्गे । तदेवं ज्ञानदर्शनचारित्राणि सम्यगवगम्य पापकर्मणामकरणाय समुत्थितं श्रमणं निन्दति यः स सुगतिलक्षणस्य परलोकस्य तत्संयमस्य विघाताय तिष्ठति यस्तु महासत्त्वो रत्नाकरवद्गम्भीरो न श्रमणादीन् परिभाषते तेषु च परमां मैत्रीं मन्यते सम्यग्दर्शनज्ञानचारित्राण्यनुगम्य तथा पापानां कर्मणामकरणायोत्थितः स खलु परलोकविशुद्ध्याऽवतिष्ठत इति ॥८२॥

હવે ગૌતમસ્વામીએ કહેલો જવાબ કહે છે.

**સૂત્રાર્થ :-** આ વાત બરાબર નથી, કેમકે અસદ્દ્ભૂત દોષો કરેલા હોવાથી અને ભૂત શબ્દના અનેક અર્થો ઉત્પન્ન થતા હોવાથી.

**ટીકાર્થ :-** ભૂત શબ્દ વિશેષણપણાથી જે પ્રત્યાખ્યાન છે. તે ખોટું છે. દોષોનું જે પ્રદર્શન કરાવ્યું છે. તે અમને ગમ્યું નહીં. કેમકે તેમાં જે હેતુ કહો છો તે અસદ્દ્ભૂત છે બરાબર નથી જે શ્રમણો અથવા બ્રાહ્મણો ભૂત શબ્દના વિશેષણપણાવડે પચ્ચક્ખાણ કહે છે. લે છે. બીજાઓ પૂછે, ત્યારે તે પ્રમાણે જ પચ્ચક્ખાણ જાતે કરતા તથા બીજાને કરાવતા કહે છે. કિન્તુ સવિશેષણ

પ્રત્યાખ્યાન પ્રરૂપણાના અવસરે સામાન્યથી પ્રરૂપે છે કે બ્રાહ્મણો હણવા નહીં, આ પ્રમાણે કહે તેમાં પણ જ્યારે તે વર્ણોમાં - બીજી જાતિ અથવા તિર્યંચમાં ઉત્પન્ન થયો હોય ત્યારે તેના વધમાં બ્રાહ્મણવધની આપત્તિ આવશે. કારણ કે ભૂત શબ્દ અવિશેષણ હોવાથી. તેથી આ પ્રમાણે પ્રરૂપણા કરતા તે શ્રમણો અથવા બ્રાહ્મણો ખરેખર યથાર્થ ભાષાને બોલતા નથી. કારણ કે અનુતાપિકા હોવાથી બીજી રીતે બોલવામાં આવે તો તે પ્રમાણે અનુષ્ઠાન કરનારા વડે જાણવાપૂર્વક બોધ પામનારાઓને વાસ્તવિક અનુતાપ થાય છે. તથા યથાવસ્થિત પચ્ચક્ખાણ આપનારા સાધુઓને અભૂતદોષાદ્ ભાવનવડે અભ્યાખ્યાન આક્ષેપ કરે છે. કલંક આપે છે. જેથી સંસારી પ્રાણિઓ પરસ્પર એકબીજાની જાતિમાં જનારા-આવનારા થાય છે. આથી ત્રસો સ્થાવરપણે અને સ્થાવરો ત્રસરૂપે આવે છે. તેઓને ત્રસકાયમાં ઉત્પન્ન થયેલાઓને ત્રસકાય નામનું આ સ્થાન અઘાતને યોગ્ય થાય છે. (મારનારું થતું નથી, તીવ્ર અધ્યવસાય ઉત્પન્ન કરનારું, લોક નિંદનીય હોવાથી શ્રાવકોએ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ કર્યું હોય છે. તે નિવૃત્તિથી તે સ્થાન અઘાત્ય હોય છે. (ઘાત કરવા યોગ્ય હોતું નથી) સ્થાવરકાયથી અનિવૃત્ત તે તેના યોગ્યપણાથી તે સ્થાન હણવા યોગ્ય થાય છે. તથા વર્ત્તમાનકાલવાચી ભૂત શબ્દ ગ્રહણ કરવાથી પણ તે ફક્ત વ્યામોહ (ભ્રમમાં પાડનારો) માટે થાય છે. ભૂત શબ્દ ઉપમાન અર્થમાં પણ વપરાય છે. જેમકે આ નગર દેવલોક ભૂત છે. એટલે દેવલોક જેવું છે. પણ દેવલોક નથી. વગેરે તથા અહિં પણ ત્રસ સમાનોની જ પ્રાણાતિપાતની નિવૃત્તિ કરી હોય છે. નહીં કે ત્રસોની. ભૂત શબ્દ તાદર્થ્યમાં પણ દેખાય - વપરાય છે. જેમકે શીતીભૂતપાણી (ઉદક) ઠંડુગાર આ પાણી છે વગેરેમાં. ત્યાં અહીં ત્રસ રૂપ જમીન છે. એના પરથી આ જમીન ત્રસપણાને પામી છે. એ અર્થ થાય છે. તે પ્રમાણે હોવાથી ત્રસ શબ્દ વડે જ ગતાર્થ હોવાથી પુનરુકતતા થાય છે. છતાં પણ ભૂત શબ્દના ગ્રહણમાં ઘટભૂત ઘટભૂત એટલે ઘટરૂપ છે. ઘટરૂપ છે વગેરે પ્રયોગનો પ્રસંગ થાય છે.

**પ્રશ્ન :-** આ પ્રમાણે તમે કેટલા પ્રાણિઓને કહો છો ? શું ત્રસો જ છે ? જે પ્રાણીઓ છે. તે ત્રસો છે. બીજા છે ?

**જવાબ :-** જે જીવોને તમે ત્રસરૂપે હમણાં પ્રગટ થયા છે. તેઓને ભૂતકાળમાં તથા ભવિષ્યકાળમાં પણ ત્રસ પ્રાણિ તરીકે કહો છો. તેઓને જ અમે ત્રસો તરીકે કહીએ છીએ. ફક્ત તમે ત્રસ ભૂતો તરીકે કહો છો. અહિં ફક્ત શબ્દ ભેદ જ છે. પણ અર્થ ભેદ કશો નથી. આમ હોતે છતે તમારો આમાં વ્યામોહ શાનો હોય ? એક પક્ષના અભિનંદન અને બીજા પક્ષનો તિરસ્કાર કરવામાં બન્ને પક્ષમાં સમાન થઇ જાય છે. ફક્ત સવિશેષણ પક્ષમાં ભૂત શબ્દનો સ્વીકાર મોહ મુંઝવણ જ ઊભી કરે છે. સાધુની અથવા બીજાઓની વધમાં અનુમતિ નથી. સ્થાવર પર્યાયને પ્રાપ્ત થયેલાને મારતા વ્રતભંગ થાય છે. ભારે કર્મીઓને પ્રવ્રજ્યા કરવા માટે અસમર્થોને તેના વગર ધર્મ કરવાની ઇચ્છાવાળાઓને ધર્મોપદેશ આપવામાં સમર્થ સાધુની પાસે પહેલા ગૃહસ્થ યોગ્ય દેશવિરતિ સ્વરૂપ અનિંદ્ય શ્રાવક ધર્મને અમે પાળીશું. તે પછી અનુક્રમે સાધુ ધર્મને પાળીશું આ પ્રમાણે અધ્યવસાયને

પ્રગટ કરતા તેઓ અભિયોગના કારણે બીજી જગ્યાએ વ્યવસ્થા સંભળાવતા નથી અને તે અભિયોગ-રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવતાભિયોગ, ગુરુનિગ્રહ આ પ્રમાણે અભિયોગ વડે ત્રસ જીવોને મારતો હોવા છતાં પણ વ્રતભંગ થતો નથી. તેથી આ પ્રમાણે દેશવિરતોને ત્રસપ્રાણાતિપાત વિરમણવ્રત કુશલતાનો હેતુ હોવાથી કુશલ જ છે. અહીં આગળ ગૃહપતિએ ચોરને છોડાવ્યો એ દૃષ્ટાંત વિચારવું. સ્થાવરપણાની અવસ્થાને પામેલા ત્રસને મારવામાં નગરની બહાર રહેલા નાગરિકને મારવાની જેમ જે વ્રતભંગ કહ્યો છે. તે પણ યોગ્ય નથી કેમ કે ત્રસપણે - (રૂપે) જે આયુષ્ય બાંધ્યું છે. તે જે ઉદયમાં આવે છે. ત્યારે ત્રસ સંભારકૃત કર્મવડે જીવો ત્રસો તરીકે ઓળખાય છે તે વખતે કથંચિત્ સ્થાવરપણાનો વ્યપદેશ થતો નથી. (સ્થાવરપણાની ઓળખાણ થતી) સંભારો નામ એટલે અવશ્યપણે કર્મનો વિપાકરૂપે અનુભવવારૂપ ભોગવવું. ત્રસકાયની સ્થિતિવાળું કર્મ જ્યારે ક્ષીણ થાય છે. તે પછી ત્રસકાયની સ્થિતિનાભાવથી તેના આયુષ્યને તેઓ છોડી દે છે. તે કર્મ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક બે હજાર સાગરોપમ પ્રમાણવાળું છે. તથા બીજાપણ તેના સહચારી કર્મો છોડીને સ્થાવરપણે આવે છે. સ્થાવરો પણ સ્થાવર સંભારકૃત કર્મોવડે ત્યાં ઉત્પન્ન થાય છે. અને સ્થાવર વગેરેના મતો ત્યાં આવે ત્યારે થાય છે. બીજા પણ તેના સહચારી કર્મો સંપૂર્ણપણે ત્રસપણાને છોડી સ્થાવરપણાના ઉદયને પામે છે. આ પ્રમાણે હોવાથી સ્થાવરકાયને મારતા ત્રસકાયપ્રાણાતિપાત વિરતિને - નિવૃત્તિને સ્વીકારનાર શ્રાવકનો વ્રતભંગ કેવી રીતે થાય ? નગર દૃષ્ટાંત પણ અનુપપન્ન છે. એટલે બરાબર બેસતું નથી. કેમકે સમાનપણાનો અભાવ હોય છે. નગરના ધર્મ એટલે સ્વભાવથી યુક્ત નાગરિક તે નાગરિક છે તે માટે ન હણવો, આવી પ્રતિજ્ઞા લઈને જ્યારે તેને જ હણવામાં આવે છે. ત્યારે બહાર રહેલી અવસ્થાવાળાને તેનો વ્રત ભંગ થાય છે. આ પ્રમાણે તમારો પક્ષ છે. તે બરાબર ઘટતો નથી, કેમકે બહાર રહેતો હોવા છતાં પણ તે નગર ધર્મ એટલે સ્વભાવથી યુક્ત છે. માટે નાગરિકપણામાં કહેવાય. આથી પર્યાય યુક્તને આ વિશેષણ લાગી શકે નહીં માટે સમસ્તપણે નગરના ધર્મો છોડી દઈને રહેલો હોય ત્યારે એ વિશેષણ પ્રાપ્ત થતું નથી. અહીં જીવ ત્રસપણાને છોડી સર્વાત્મભાવથી સ્થાવરપણે ઉત્પન્ન થાય છે. તે વખતે એ જીવ ત્રસ હોતો નથી. કેમકે પૂર્વની અવસ્થા છોડી દીધી છે. અને બીજી અવસ્થા યુક્ત થઈ ગયો છે. જેવી રીતે નગરનો કોઈ માણસ જંગલમાં જંગલના ગુણયુક્ત પ્રદેશમાં પ્રવેશ કરે તે ધર્મયુક્ત હોવાથી પૂર્વ ધર્મના નગરના ગુણના પરિત્યાગથી એ નાગરિક જ રહેતો નથી. માત્ર પરસ્પર એકબીજામાં સંસરણ જીવ શીલનો સ્વભાવ હોવાથી પ્રાણિઓ ત્રસકાયામાંથી તેના આયુષ્યને છોડતા બધાનો સ્થાવરકાયમાં સ્થાવરકાયના પોતાના આયુષ્યને છોડી ત્રસકાયમાં જ્યારે ઉત્પન્ન થાય ત્યારે બધા ત્રસજીવોનું સ્થાવરકાયમાં ઉત્પન્ન થયેલ હતા. તે સ્થાન નાશ થાય છે. તેથી શ્રાવક વડે સ્થાવરકાય વધની નિવૃત્તિ ન કરવાથી, તથા ત્રસવધ નિવૃત્તિનું પચ્ચક્ખાણ તેનું નિર્વિષયથી થાય છે. જેવી રીતે નગરવાસી ન હણવો. એ પ્રમાણે વ્રત લેનારો નગરમાં રહે નહીં તે નિર્વિષય, એમ કહેવાય છે. બધા ત્રસો

નિર્લેપ થવાપૂર્વકપણે સ્થાવરપણાને પામેલા હોય એ બાબત અસંભવ છે. જો કે વિવક્ષિત કાલમાં રહેલા ત્રસો કાલપર્યાયવડે સ્થાવરકાય પણે જશે છતાં પણ એક બીજામાં ત્રસોની ઉત્પત્તિ વડે ત્રસોની જાતિનો ઉચ્છેદ ન થતો હોવાથી ક્યારે પણ ત્રસ શૂન્ય સંસાર થતો નથી. આથી શ્રાવકનું આ વ્રત સૂત્રકૃતાંગમાં નિર્વિષય અધિક નથી. તે આ પ્રમાણે સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રને સારી રીતે જાણી પાપ કર્મ નહીં કરવા માટે તૈયાર થયેલા શ્રમણને - સાધુને તે નિંદે તે સદ્ગતિ રૂપ, લોકના કારણરૂપ તે સંયમના વિઘાત માટે થયા છે. જે મહાસત્ત્વશાલી સાગર જેવા ગંભીર સાધુ વગેરેને કંઈ કહેતા નથી. તેઓની સાથે પરમ મૈત્રીભાવ માને - (રાખે) છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રને અનુસરી તથા પાપ કર્મોને નહિ કરવા માટે તૈયાર થયેલો તે ખરેખર પરલોકમાં વિશુદ્ધિપૂર્વક રહે છે. ઇતિ. ॥૮૨॥

**इत्थं सरलपदौघैः सूत्रकृताब्धेस्समुद्धृता मुक्ताः ।**
**कोमलहृदयैर्हृदये कलिताः कलयन्तु सत्सौख्यम् ॥**

આ પ્રમાણે સરળપદના સમૂહવડે સૂત્રકૃતાંગ નામના સમુદ્રમાંથી ઉદ્ધૃત કરેલા મોતીઓ કોમલ હૈયાવાળાઓ વડે હૃદયપર સત્સૌખ્યને (સુખને) જણાવતા જણાવો.

इति श्रीतपोगच्छनभोमणिश्रीमद्विजयानन्दसूरीश्वरपट्टालङ्कारश्रीमद्विजय-
कमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजय-
लब्धिसूरिणा सङ्कलितायां सूत्रार्थमुक्तावल्यां सूत्रकृत-
लक्षणा तृतीया मुक्तासरिका वृत्ता ।

ઇતિ શ્રી તપગચ્છરૂપી આકાશમાં સૂર્યસમાન શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર પટ્ટાલંકાર શ્રીમદ્વિજય કમલસૂરીશ્વર ચરણ કમલમાં રહેલા ભક્તિસભર તેમના પટ્ટધર વિજયલબ્ધિસૂરિજી વડે સંકલિત કરેલ 'સૂત્રાર્થ મુક્તાવલિ' નામના ગ્રંથમાં... શ્રી સૂયગડાંગ નામની ત્રીજી મોતીની શેર પૂરી થઈ...

પૂ. કવિકુલકીરિટ આચાર્ય શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગસુવર્ણવર્ષની સ્મૃતિમાં તેઓના પટ્ટધર પૂ. તર્કનિપુણ આ.શ્રી વિક્રમસૂરિજી મ.સા. શિષ્ય પૂ.આચાર્ય શ્રી સ્થૂલભદ્રસૂરિજી મ.સા.ના શિષ્ય વર્ધમાનતપોનિધિ પૂ.આચાર્ય શ્રી અમિતયશસૂરિજી મ. દેવ-ગુરુના ઉપકારથી, જ્ઞાનભક્તિ નિમિત્ત આ સૂયગડાંગસૂત્રના નામની ત્રીજી મોતીની માળાનો ગુજરાતી અનુવાદ પૂર્ણ કર્યો.

● ● ●

**—: પ્રથમ ખંડ સમાપ્ત :—**

## પૂજ્ય ગુરૂભગવંતોના ચરણે વંદના

### મૂળ સૂત્રકાર - ટીકાકાર

પૂ. કવિકુલકીરિટ આચાર્ય શ્રીમદ્‌વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**

### ગુજરાતી ભાવાનુવાદ

શ્રી અનુયોગદ્વાર સૂત્ર (પેજ નં. ૧૩ થી ૧૧૬) (ખંડ-૧)
**ગણિવર વિક્રમસેનવિજય મ., મુનિ સિદ્ધસેનવિજય મ.**

શ્રી આચારાંગ સૂત્ર (પેજ નં. ૧૧૭ થી ૨૯૪) (ખંડ-૧)
સાધ્વી **સુવર્ણપદ્માશ્રીજી** મ.

શ્રી સુયગડાંગ સૂત્ર (પેજ નં. ૨૯૫ થી ૪૬૦) (ખંડ-૧)
પૂ.સ્વ. આચાર્ય શ્રીમદ્‌વિજય **અમિતયશસૂરીશ્વરજી** મ.સા.

શ્રી ઠાણાંગ સૂત્ર (પેજ નં. ૪ થી ૪૩૮) (ખંડ-૨)
એકાદશાંગપાઠી સાધ્વીવર્યા **રત્નચૂલાશ્રીજી** મ.

શ્રી સમવાયાંગ સૂત્ર (પેજ નં. ૪૩૯ થી ૫૭૫) (ખંડ-૨)
પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય **અજિતયશસૂરીશ્વરજી** મ.સા.

## શ્રી લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન દ્વારા પ્રકાશિત ગ્રંથો

- દશવૈકાલિક-મૂળ-અનુવાદ સહ
- ઉત્તરાધ્યયનસૂત્ર-મૂળ-અનુવાદ સહ (પોકેટ બુક મૂળ)
- આચારાંગસૂત્ર-મૂળ-અનુવાદ સહ (પોકેટ બુક મૂળ)
- પર્યુષણા અષ્ટાહ્નિકા પ્રવચન પ્રત
- શ્રી કલ્પસૂત્ર ખીમશાહી-ગુજરાતી પ્રત
- શ્રી બારસાસૂત્ર મૂળ-ચિત્રાવલી સહ
- શ્રી બારસાસૂત્ર ગુજરાતી અનુવાદ-ચિત્રાવલી સહ
- શ્રી નવસ્મરણ-ગૌતમસ્વામી રાસ-પ્રત
- લલિત વિસ્તરા-સંસ્કૃત ટીકા, ગુજરાતી
- અધ્યાત્મસાર-સંસ્કૃત ટીકા, ગુજરાતી
- ચૈત્યવંદનો નો ચારુ ચરુ
- સ્તુતિતરંગીણી-ભાગ-૧, ગુજરાતી (સ્તુતિઓનો સંગ્રહ)
- લબ્ધિ ચોવીશી
- લબ્ધિ દેવવંદનમાળા
- લબ્ધિસૂરીશ્વર મૃત્યુક્ષણકાવ્ય-સંસ્કૃત
- શાંતસુધારસ-મૂળ-અર્થ
- અધ્યાત્મકલ્પદ્રુમ-મૂળ-અર્થ
- ચિંતનનો ચંદરવો
- ચાંદનીમાં ચિંતન
- તુ તને ફોન કર
- અમૃતાગમમ્ (૪૫ આગમપૂજા)
- મહાપુરુષની મહાનતા (પૂ. આત્મારામજી મ.સા. રચિત)
- પાલિતાણાએ મન ભાવ્યું
- જૈન બાલપોથી
- અધ્યાત્મઉપનિષત્-સંસ્કૃત ટીકા
- વૈરાગ્ય ગંગા-ગુજરાતી અનુવાદ
- દયાનંદકુતર્કતિમિરતરણી(હિન્દી)
- મૂર્તિમંડણ(હિન્દી)
- સૂરિસાર્વભૌમના શરણમાં-હિન્દી
- ચૈત્યવંદન-સ્તુતિ-ચતુર્વિંશતિકા
- તત્ત્વન્યાયવિભાકર (ભાગ-૧/૨)





KIRIT GRAPHICS
09898490091